૧૯૮૨

Regd. No. MH. By/South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૫: અંક: ૧૭

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧ જાન્યુઆરી, ૧૯૮૨, શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫ : પરદેશ માટે શિલિંગ ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
છૂટક નકલ રૂા. ૦-૭૫

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી: રમણલાલ ચી. શાહ

અંતુલે પ્રકરણ: તેના રાષ્ટ્રીય અને નૈતિક પરિણામો

['ગાર્ડિયન'ના તા. ૧૩-૧૨-૧૯૮૧ના અંકમાં, "ભારતીય સમાજની "કાળી બાજુ" શિર્ષકથી પ્રકટ થયેલ, તેના ન્યુ દિલ્હીના પ્રતિનિધિ શ્રી. પેટ્રિક ફ્રાન્સિસના લેખનો આ અનુવાદ છે. આ લેખના બધા વિચારો સાથે આપણે સંમત હોઈએ કે નહિ, પણ અંતુલે પ્રકરણના પરિણામો કેટલા ગંભીર છે તે પ્રત્યે આપણું લક્ષ દોરવા માટે વિચારણીય છે.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના તા. ૩૦-૧૨-૮૧ના અંકમાં તેના તંત્રી શ્રી ગિરિલાલ જૈને અંતુલે વિશે એક લેખ લખી કહ્યું છે કે અંતુલેએ જે કંઈ કર્યું છે તે આપણા દેશના જાહેર જીવનમાં એવી નવી ભાત પાડે છે કે ૧૯૮૧ની સાલને અંતુલે વર્ષ તરીકે ઓળખાવવું જોઈએ. તેમણે કહ્યું છે કે અંતુલેના પરાક્રમો, ઔરંગઝેબના અવસાન પછીનાં મોગલ સલ્તનતની યાદ આપે તેવાં છે. આવા વર્તનનો બચાવ કરી શ્રીમતી ઈન્દિરા ગાંધી દેશને તો ઠીક, પણ પોતાને કેટલી હાનિ કરી રહ્યા છે તે તેમને વહેલું સમજાય એમ ઈચ્છીએ.]

નવી દિલ્હી: મહારાષ્ટ્ર રાજ્યના બાવનની વયના મુખ્ય પ્રધાન અબ્દુલ રહેમાન અંતુલે ભારતીય અખબારો જેને 'સદીના કૌભાંડ' તરીકે વર્ણવે છે તેમાં મુખ્ય પાત્ર બન્યા છે. આવી બાબતોમાં ન્યાય તોળવા માટે આ ભારતીય અખબારો સારી યોગ્યતા ધરાવે છે. ગમે તેમ, શ્રીમતી ગાંધી પુનઃ સત્તા પર આવ્યાં પછીના ગાળાનું આ સૌથી મોટું કૌભાંડ છે. સપ્તાહો સુધી અંતુલેનું નામ અખબારોના પ્રથમ પાને ચમકતું રહ્યું. સંસદનું સમગ્ર શિયાળુ સત્ર 'અંતુલે સત્ર'માં પલટાઈ ગયું. નવું જોમ પ્રાપ્ત કરેલા વિરોધ પક્ષોને આમાં અંતુલેનું પતન જોવા કૃતનિશ્ચય એવા એક હકીકતનિષ્ઠ (ઈન્વેસ્ટીગેટિવ) પત્રકારનો સાથ સાંપડ્યો હતો. હજી સુધી જો કે તેઓ ધાર્યું નિશાન વીંધી શક્યા નથી.

અંતુલેના દુશ્મનો અસંખ્ય છે. તેઓ તેને નેપોલિયન યા એક 'સુલતાન' તરીકે નવાજી રહ્યા છે. અંતુલે શ્રીમતી ગાંધીના ચુસ્ત ટેકેદાર છે. જેણે એમને સત્તા બક્ષી એ મહિલા પ્રત્યેની ભક્તિને કારણે એમનો ભોગ લેવાઈ રહ્યો છે? કે પોતાની મહત્ત્વાકાંક્ષાઓના એ શિકાર બન્યા છે? ૧૯૮૦ના જૂનમાં ટોચના સત્તાના આસન પર એ આરૂઢ થઈ શક્યા તે નિઃશંક શ્રીમતી ગાંધીને આભારી હતું, પણ એથી ય વધુ કદાચ, એ સમયે એમના વારસદાર તરીકે વરાયેલા જણાતા એમના પુત્ર સંજયને એ આભારી હતું– (એ જ મહિને વિમાની અકસ્માતમાં એમનું મૃત્યુ થયું).

મહારાષ્ટ્રનું પાટનગર મુંબઈ, અંતુલેના ગહન ને અટપટા વ્યવહારના જેવું જ માયાવી મહાનગર છે: રાષ્ટ્રનું મોખરાનું બંદર, મોટું ઉદ્યોગ કેન્દ્ર, વેપાર અને નાણાંનું ધામ, ભારતના આર્થિક-ઔદ્યોગિક વિકાસની બારી અને એક વધુ વિશેષતા એ કે હિન્દી ફિલ્મ ઉદ્યોગની એ નગરી છે. સુપરસ્ટાર અંતુલે અને તેના એક-વ્યક્તિના અસ્ખલિત ચાલતા ખેલ માટે સ્વપ્નમાં જ સાંપડે એવું આ ભવ્ય સેટિંગ છે. એક સટોડિયા માટે સ્વર્ગ મનાયેલું મુંબઈ કાળાં નાણાં સર્જતા એક કારખાના સમું પણ છે. જાહેર નહિ કરાયેલી આવક એ ભારતીય અર્થતંત્રને વળગેલા કેન્સરનો રોગ છે તેમ તેનો મુખ્ય પ્રવાહ પણ છે. મૂડીરોકાણ (જેમ કે સિનેમામાં) માટે કાળું નાણું સદા ઉપલબ્ધ છે અને રાજકીય પક્ષની થેલી છલકાવી દઈને 'પવિત્ર' બનવા માટે પણ એ હમેશાં તત્પર હોય છે. દરેક છાપના રાજકારણીઓએ મુંબઈને કાયમ એક સોનાની ખાણ રૂપે જ ગણ્યું છે. તેઓ જાણે છે કે મુંબઈગરાની ઉદારતા પર તેઓ મદાર બાંધી શકે તેમ છે.

મુંબઈમાં અંતુલે એટલે યથાસ્થાને યોગ્ય વ્યક્તિ એવો તાલ થયો છે. જેમને તળપદ એવા કોઈ અનુયાયી નથી, કોઈ રાજકીય ટેકેદારો નથી, કેન્દ્ર સરકારે નવી દિલ્હીથી જેમને ઊંચકીને ઊંચે ચઢાવ્યા છે અને એ રીતે સ્થાનિક રાજકીય ચિત્ર પર લાદ્યા છે એવા 'નવા નેતાઓ'ના વર્ગમાં અંતુલેનું સ્થાન છે અને તેથી તેમને નાણાંની હમેશાં જરૂર રહે છે. ઘણીવાર પ્રાદેશિક માંધાતાઓ સામે તેમનો સાધનરૂપે કેન્દ્ર સરકાર ઉપયોગ કરે છે, જેમ કે મુંબઈ રાજ્યના ભાવિના વર્ષો થયાં નિયામક બની રહેલા મરાઠાઓ સામે, અંતુલેને મૂક્વામાં આવ્યા છે.

આમ આ મહત્ત્વાકાંક્ષી અને સાહસિક માણસને માટે નાણાં એ સત્તા માટેની ચાવી છે. એટલે અહીં અંતુલેની 'પદ્ધતિ' અમલમાં આવે છે. એનું ઘોષિત ધ્યેય (જેને અંતુલેના વિરોધીઓ સાબિતીને રૂપે લેખે છે) શ્રીમંતોને ભોગે ગરીબોને મદદ કરવાનું છે. રંક લોકોના કલ્યાણ અર્થે અથવા ગ્રામોત્કર્ષ માટેનાં પ્રતિષ્ઠાનો રચીને આમ કરવા તેમણે ઈચ્છ્યું છે. આ માર્ગ લઈને અંતુલેએ કોઈ નવી પહેલ કરી નથી. મહારાષ્ટ્રમાં ૪૫૦ જેટલાં આવાં પ્રતિષ્ઠાનો અસ્તિત્વમાં છે જ. પણ અંતુલેએ પોતાનાં પ્રતિષ્ઠાનોને નાણાં ઊભાં કરવા માટેનાં પ્રભાવક તંત્રોમાં પલટી નાખવાની સફળ યુક્તિ કરી.

કઈ રીતે? પોતાના હોદ્દાનો ખુલ્લી રીતે આક્રમ લઈને. અંતુલેએ કબુલ્યું છે: "હું જો કદી મુખ્ય પ્રધાન બન્યો ન હોત તો કોઈએ મને રોકડો રૂપિયો યે પરખાવ્યો ન હોત. પણ સત્તા, પ્રતિષ્ઠા અને તેની સાથે સંકળાયેલી તકોનો લાભ લઈને રંકજનો માટે નાણાં પ્રાપ્ત કરવાં જોઈએ." અને રજમાત્ર ક્ષોભ અનુભવ્યા વિના તેઓ પોતાની કાર્યપદ્ધતિ આ રીતે સમજાવે છે: "જ્યારે કોઈ શ્રીમંત વ્યક્તિ એક યા બીજા કારણસર મને મળવા આવે છે ત્યારે મેં સ્થાપેલાં પ્રતિષ્ઠાનોની એક નામાવલિ હું તેના હાથમાં મૂકું છું અને તેમાં આપાતા ફાળા આવકવેરાથી મુક્ત છે એ વાત તેને સમજાવું છું. પછી હું તેને દાન માટે કહું છું."

આ પદ્ધતિ સરળતાથી ચાલતી રહી હોવી જોઈએ. કારણ માર્ચમાં તેમણે શ્રદ્ધાપૂર્વક ઉદ્‌ગારો કાઢ્યા હતા કે આગામી મહિનાઓમાં ૫૫ થી ૬૬ કરોડ રૂપિયા ઊભા કરવાની તેમની અપેક્ષા છે. તેમણે લગભગ એ નિશાન પાર પાડ્યું –ત્રણ મહિનામાં ત્રીસ કરોડ જેટલી રકમ મેળવી લીધી. એક સરકારના વડાને માટે આ તો બાળકના ખેલ જેવું ગણાય, કારણ જે આર્થિક સંદર્ભમાં એને કામ કરવાનું છે તેની કેટલીક વિશેષતા છે. એક તો સર્વસત્તાધીશ વહીવટીતંત્ર

અને કેટલીક આવશ્યક ચીજોની તંગી અને સિમેન્ટ તથા ઔદ્યોગિક આલ્કોહોલની ફાળવણીથી માંડી બિલ્ડિંગ પરમિટો બક્ષવા સુધીની બધી બાબતોમાં પોતાની મનસ્વી સત્તાઓનો લાભ ઉઠાવવાની આવડત – આમાં મુંબઈના શહેરી આયોજનને લગતાં નિયંત્રણોમાં છૂટછાટ મૂકવાની સત્તાની વાત પણ આવી જાય. ભાવો ઊંચા જાય તે માટે તથા પોતે કૃપા દર્શાવી શકે તે અર્થે – એ ટ્રિવિધ નેમ પાર પાડવા કૃત્રિમપણે અછતો વધારવા માટે પણ પોતાથી બનતું કરી છૂટ્યાનો તેમની સામે આક્ષેપ થયો છે.

કેટલાક લોકો જેને ભારતનું 'વોટરગેટ' ગણે છે તેમાં અંતુલેના સહ-પાત્ર અરુણ શૌરીનો જુલાઈની ૩૧મીએ પ્રવેશ થાય છે. જેને ભારતનું એકમાત્ર વિરોધ-પત્ર ઘણા ગણે છે તે દૈનિક 'ઈન્ડિયન એક્સપ્રેસ'ના તેઓ એક તંત્રી છે. એક સ્ફોટક અને જનોઈવઢ ઘા કરનારા લેખમાં શૌરીએ અંતુલેની પદ્ધતિને ખુલ્લી પાડવા સ્તબ્ધ બનાવી દે તેવી વિગતો રજૂ કરી. અંતુલેના એક પ્રતિષ્ઠાનમાં ફાળો આપનારાનાં નામોની પૂરી યાદી પેશ કરી અને તેના શિરમોરરૂપે સંબંધ ધરાવતા બેંક ચેકોનાં નંબર સુદ્ધાં દર્શાવ્યા. લખાણના એક પેટાશીર્ષક 'ફાળા કે લૂંટ?' પરથી શૌરીના લખાણનાં સૂરનો સંકેત સાંપડે છે. અંતુલેની કાર્ય-રીતિ ગરીબોને મદદ કરવા શ્રીમંતોને લૂંટતા રોબીન હૂડના જેવી નહિ પણ 'સુલતાન'ને નજરાણાં ધરવા ખેડૂત જેવા લોકોને ફરજ પાડવાના સ્વરૂપની વધુ છે એમ શૌરીએ સૂચવ્યું છે.

અત્યાર સુધી અજેય ગણાયેલા સત્તાના ગઢમાં આ રીતે ગાબડું પડતાં સંસદમાં વિરોધ પક્ષોએ તરત જ તેનો લાભ ઊઠાવ્યો અને શૌરીને પગલે બીજાં અખબારોએ આઘાતક દસ્તાવેજી વિગતો સાદર કરીને અંતુલેના એક વિરોધીએ ઉચ્ચારેલી એ ટકોરને પુષ્ટિ આપી કે "અંતુલેની સરકાર વેચાણ–'સેલ'– માટે છે. તમારો હાથ પહોંચી શકે તેમ હોય તો તમે ઈચ્છો તે ખરીદી શકો છો."

અંતુલેએ બાણ પર ઘણાં તીર ચઢાવ્યાં હતાં. જેમ કે તેમણે એમ ઠરાવેલું કે રાજ્યની સાકર સહકારી મંડળીઓએ શેરડી ઉગાડનારાઓના નફાની રકમમાંથી રૂા. ૧.૭૫ થી રૂા. ૨.૫૦ જેટલી ફી ટન દીઠ આપોઆપ જ કાપી લેવી. સ્ટાફના એક સભ્યે આ પગલાં સામે અપવાદ ઊઠાવવાની હિમત કરી તો તરત જ તેને રુખસદ આપી દેવાઈ. આ એક લાભકારક યુક્તિ હતી, જેને પરિણામે કળાકારો અને લેખકોને પ્રોત્સાહન અને સહાય આપવાનો ઉદ્દેશ ધરાવતા એક પ્રતિષ્ઠાન માટે અઢી કરોડ રૂપિયા જેટલી રકમ એકઠી કરી શકાઈ.

અખબારો અને વિરોધ પક્ષોએ તેમનો હુમલો આ પ્રતિભા પ્રતિષ્ઠાન પર જ કેન્દ્રિત કર્યો. જૂના સમયના રાજા-મહારાજાઓની ઢબે ઉદાર નવાજેશો કરવા માટે સરકારની આ ખૂબ જ માનીતી યોજના હતી. (અંતુલેએ એ રાજા-મહારાજાઓને મધ્યયુગી ઉમરાવો અને શોષકો કહીને એક મુલાકાતમાં નવાજ્યા હતા, પણ એ સાથે દર્શાવ્યું હતું કે આ છતાં તેઓએ કળાઓને પોષી હતી.) ૧૯૮૦ના ઓક્ટોબરમાં શરૂ કરાયેલા આ પ્રતિષ્ઠાનને ઈન્દિરા ગાંધીની મંજૂરીની મહોરનો લાભ મળ્યો હતો – નાણાંની ફાટફાટ થતી થેલીઓનાં મોંની દોરી ઢીલી કરવા માટે 'ઓપન સીસેમ'ના મંત્રની એણે ગરજ સારી. એમ જણાય છે કે હકીકતમાં પ્રતિષ્ઠાનની સ્થાપનાના સમારંભનું પ્રમુખસ્થાન લેવા શ્રીમતી ગાંધી સંમત થયાં હતાં અને એની સ્થાપનાના 'પ્રતિજ્ઞાપત્રક' પર એમણે સહી પણ કરી હતી. વ્યાપક પ્રસિદ્ધિ પામેલી એક તસવીર તેમના સહયોગનો બોલતો પુરાવો બની ગઈ.

અલબત્ત, અંતુલે જાહેર વિવાદનું કેન્દ્ર બન્યા ત્યારે શ્રીમતી ગાંધીએ તેમના નાણાપ્રધાન મારફતે સંસદને એવી જાણ કરી કે પ્રતિષ્ઠાન સાથે પોતાનું નામ જોડવા દેવાની તેમણે હંમેશાં ના પાડી હતી. તેમણે માત્ર શરૂઆતમાં તેના ઉદ્દેશો પરત્વે જ પોતાની અનુમતી આપી હતી. (બીજે દિવસે શૌરીએ નાણાપ્રધાન અસત્ય ઉચ્ચારતા હોવાનો આક્ષેપ કર્યો).

આમ છતાં નુકસાન થઈ ચૂક્યું હતું. શ્રીમતી ગાંધીનું નામ એક કૌભાંડ સાથે જોડાઈ ગયું, જે કૌભાંડ શાસક ઈન્દિરા કોંગ્રેસ પક્ષના નેતાઓની ભારે મૂંઝવણ વચ્ચે દરરોજ વૃદ્ધિ પામતું રહ્યું. વિરોધ પક્ષોના પ્રહાર સામે, એકજૂથ રહી, ઝઝૂમીને તેઓએ ખુલ્લી ચર્ચા માટેની માગણીને ટાળી. (સંસદના બન્ને ગૃહોના અધ્યક્ષોના ખૂબ જ ટીકાપાત્ર ઠરેલા નિર્ણયોથી આમ થઈ શક્યું.)

નેપોલિયનને તેનું 'વોટરલૂ' બતાવી દેવા મથી રહેલા વિરોધ પક્ષોનાં ભાથામાં લગભગ દરરોજ નવાં તીર ઉમેરાતાં હતાં. પત્રકારો-વૃત્તાંતનિવેદકોએ પ્રતિષ્ઠાનોનાં ચાર્ટરોની જાંચ આદરી ત્યારે એવું જણાઈ આવ્યું કે અંતુલેએ કાર્યકારી બોર્ડો પર પોતાના મિત્રો અને સગાંઓને બેસાડ્યાં છે. એટલું જ નહિ, હકીકતમાં પોતે મુખ્ય પ્રધાનપદે ન હોય એવો દિવસ આવે ત્યારે પણ પ્રતિષ્ઠાનો પર પોતાનો કાબૂ જળવાઈ રહે તેવો પ્રબંધ તેમાં કર્યો હતો. આ સામાન્ય ખાનગી પ્રતિષ્ઠાનો જ હતાં. જો કે એમનો તો સતત એ દાવો રહ્યો હતો કે એ સરકારી પ્રતિષ્ઠાનો હતાં અને તેથી ખાસ કરીને આવક-વેરા મુક્તિ જેવા ખાસ લાભોને પાત્ર હતાં, જે લાભો ગ્રામવિકાસને ઉત્તેજન આપવાની નેમ ધરાવતાં પ્રતિષ્ઠાનોને સામાન્ય રીતે મળે છે. અખબારોએ એ હકીકતની પણ નોંધ લીધી કે ઈન્દિરા ગાંધી પ્રતિભા પ્રતિષ્ઠાન માટે રૂપિયા બે કરોડનો સરકારી ફાળો ઉદારપણે ફાળવનાર રાજ્ય સરકારનો પણ અંતે આ ભંડોળો પર કોઈ અંકુશ રહેતો નથી.

સપ્ટેમ્બરની ૮મીના રોજ અંતુલેએ જાહેર કર્યું કે તેમણે પોતાનું રાજીનામું શ્રીમતી ગાંધીને સુપરત કર્યું છે અને તેનું ભાવિ હવે વડા પ્રધાનના હાથમાં છે. ઈન્ડિયન એક્સપ્રેસે તરત જ 'લોકશાહીના વિજય' રૂપે તેને વધાવી લીધું. પણ સપ્ટેમ્બરની ૨૩મીના રોજ વડા પ્રધાન ૧૭ દિવસના વિદેશ પ્રવાસે નવી દિલ્હીથી વિદાય થયાં ત્યારે અંતુલેનો કાગળ તેમના મેજના ખાનામાં અથવા તો તેમની લેન્ડબેગમાં સલામત પડ્યો હતો. અંતુલેને આમ સલામતીનો ગાળો મળી ગયો.

આમ છતાં, બધાંને એમ લાગતું હતું કે તેમના દિવસ હવે ભરાઈ ચૂક્યા છે. રાજીવ ગાંધી સહિત તેમના જ પક્ષના કેટલાક સભ્યોએ દેખીતી રીતે જ રાજીનામું આપી દેવા વિનંતી કરેલી એમ જણાય છે છતાં આ સંજોગોમાં, લોઢું તપેલું હોય ત્યારે જ પ્રહાર કરવો જોઈએ એ ન્યાયે રાજીનામું તેમણે કેમ ન આપ્યું? એ રીતે વધુ ગંભીર મુસીબતોને આવતી કેમ ન ટાળી? શ્રીમતી ગાંધી શાંત અને સ્વસ્થપણે અને વિવાદથી અલિપ્ત રહીને આ પ્રકરણના, એક બરતરફીનાં પરિણામો સહિતના રાજકીય સૂચિતાર્થોનો અંદાજ પામી શક્યાં હોત. અખબારોની વાત માનીએ તો બરતરફીનું પગલું ઈન્દિરા કોંગ્રેસના શાસન હેઠળનાં વિવિધ રાજ્યોમાં એવો જ જુવાળ પ્રગટાવે. એ વાતનો પણ નિર્દેશ કરવામાં આવ્યો હતો કે અંતુલે મુસ્લિમ હોવાની હકીકત પણ આમાં સહાયક થતી ન હતી.

શ્રીમતી ગાંધીએ આ રીતે હળવી રીતે કામ લઈને પોતાની જાતને ટીકાપાત્ર બનાવી છે. જેમ કે એક અખબારે નોંધ્યું હતું કે ભ્રષ્ટાચાર એ કોઈ રાજકીય બૂહની બાબત ન બની શકે, તેને તો ત્વરાપૂર્વક અને સખત રીતે સજા કરવી જ જોઈએ. અન્યથા લોકોના મનમાં એવી છાપ પડવાની કે સત્તાનાં ઉચ્ચ આસનો પર બેઠેલાઓ માટે બેવડાં ધોરણ અપનાવાય છે. અંતુલે પ્રકરણ ભારતની રાજકીય પદ્ધતિ સાથે સહ-અસ્તિત્વ ભોગવતા જણાતા ભ્રષ્ટાચારના એક કારણના કરતાં તેનું એક લક્ષણવિશેષ છે કે કેમ તે પણ હજી જોવાનું રહે છે.

એકથી વધુ બાબતે આ પ્રકરણ દૃષ્ટાંતરૂપ છે. અંતુલેને દોષિત ઠરાવવા એટલે એક રાજકીય પદ્ધતિને, એક રાજકીય સમાજને– ટૂંકમાં, સમગ્ર સમાજને પણ દોષિત ઠરાવવા જેવું થશે. અંતુલે એક દર્પણ છે જેમાં આખા દેશને એના ચહેરાની ઝાંખી મળે છે– ખિન્નતા, વિષાદ અને સંશયની લાગણી સાથે, પણ આશાનું એક કિરણ એમાં એ સાંપડે કે ભયસૂચક ઘંટનો ડંકો કોઈએ બજાવ્યો છે. માનવીના અંતઃકરણની એક કટોકટી ઊભી થઈ છે. સાથે જ એ માનવ ચેતનાને ઢંઢોળનારી ઘટના પણ છે, જેમાં અખબારને માટે એ યશની બાબત ગણાય કે તે એક નિર્ણાયક તત્ત્વનો ભાગ ભજવે છે. આ પ્રકરણને લગતાં દરેક શબ્દ, કર્મ અને ટીકા-ટીપ્પણી તેના શૈક્ષણિક મૂલ્યની દૃષ્ટિએ ધ્યાનમાં લેવાને પાત્ર ઠરે છે.

ઘટનાના કેન્દ્રમાં છે તે માણસ અંતુલેના પોતાના પ્રત્યાઘાતો જ જુઓ: પોતાની વાતને વળગી રહેનારા એ એક લડવૈયા છે. વિરોધ પક્ષોએ તેમને જવાબદાર ગણવાનું ઠરાવ્યું છે ત્યારથી પત્રકારો સમક્ષ અંતુલે એક જ વાત કરે છે: 'મને કશો અફસોસ નથી.' તેમણે વળતો હુમલો પણ આરંભ્યો છે અને પોતાના કેસની માંડણી આ રીતે કરે છે: કળાકારો, ગરીબો અને ગ્રામ વિસ્તારોને મદદરૂપ થવા કંઈક કરવાની તેમની ઈચ્છા હતી. પ્રતિષ્ઠાનો દ્વારા કાર્ય કરવાનું તેમણે એટલા માટે ઠરાવ્યું કે નોકરશાહીના–તુમારશાહીના અવરોધોને ટાળવા માગતા હતા. બધું કાયદેસર, ખુલ્લી રીતે કર્યું છે, ચેકો લીધા છે અને પહોંચો આપી છે. (અલબત્ત, તેમના ટીકાકારો કહે છે કે ચેકને કારણે મેજ હેઠળ બીજાં નાણાંની આપ-લે અવરોધાતી નથી) વિરોધીઓ તેમને સકંજામાં લેવા બહાર પડયા છે કારણ કે તેઓ શ્રીમતી ગાંધીના ચુસ્ત ટેકેદાર છે અને એ કારણ પણ ખરું કે તેઓ એક પ્રભાવશાળી રાજકીય નેતા છે. તેઓ કહે છે કે હકીકતમાં તેઓ એક કાવતરાંનો ભોગ બન્યા છે. મૂડીવાદી અખબારોએ તેમની સામે શરૂ કરેલી ઝુંબેશમાં અમેરિકાનાં જાસૂસી તરવો સંડોવાયાં છે. સાબિતી તરીકે તેમનો એ દાવો છે કે પાકિસ્તાનને અદ્યતન શસ્ત્રો પૂરાં પાડવાના અમેરિકાના નિર્ણયની તેમણે જાહેરમાં ટીકા કરી (ઓગસ્ટની ૨૬મીએ) તે પછી તરતમાં જ તેમની સામે આક્રમણ શરૂ થયું. અમેરિકાનો નિર્ણય ભારતીય લોકશાહીના નાશને નોતરનારો છે એમ તેઓ માને છે. એ વાત યાદ રહે કે અંતુલે પ્રમુખશાહી શાસન પદ્ધતિના પ્રખર હિમાયતી છે અને બ્રિટિશ સંસદીય પદ્ધતિના ટેકેદારોને એકવાર તેમણે 'ગુલામી મનોદશા' ધરાવનાર તરીકે નવાજ્યા હતા.

તેમનો બચાવ તેમના ઉદ્દેશો પર નિઃશંક પ્રકાશ ફેંકે છે. મોટા ભાગના અખબારોને જો કે એ અપ્રતીતિકર લાગ્યો છે તેમ જ અલબત્ત, વિરોધ પક્ષોને પણ. વિરોધ પક્ષોને અંતુલેનું વર્તન કોંગ્રેસની વ્યૂહબાજીના પરિપૂર્ણ દૃષ્ટાંતરૂપ છે, જે અનુસાર બાહ્ય મોરચાનું જ મહત્ત્વ છે. બીજા શબ્દોમાં, ગ્રામવિકાસ, વિવિધ સામાજિક વર્ગના લોકોને સહાય, પક્ષ માટે ભંડોળ એકઠું કરવું - એ બધા ઉદ્દેશો પાર પાડવા માટે ગમે તે સાધનો ઉપયોગમાં લઈ શકાય.

શ્રીમતી ગાંધીનું વલણ એવું છે કે જનતા પક્ષના શાસન હેઠળ ભ્રષ્ટાચાર વધુ વ્યાપક હતો. ભ્રષ્ટાચાર સામે આજે જેઓ સૌથી વધુ બુલંદ પોકાર પાડી રહ્યા છે, તેમના હાથ ભૂતકાળમાં ખરડાયેલા હતા. એ ખરું કે, બહુમતી સભ્યો સંસદમાંના મુખ્ય વિપક્ષી નેતાઓનાં નામ આગળ કરે છે અને સરકારપક્ષી એક અખબાર સામ્યવાદી વર્ચસ્ હેઠળના પશ્ચિમ બંગાળમાં મુખ્ય પ્રધાન જ્યોતિ બસુએ સ્થાપેલાં ટ્રસ્ટોનો ઉલ્લેખ કરે છે.

એક સમીક્ષકે આને 'વિચિત્ર તર્કશાસ્ત્ર' કહ્યું છે. તે જણાવે છે: "આનો એવો અર્થ કરવો કે અત્યારનાં નીંદનીય કૃત્યો વાજબી ઠરે છે, કારણ ભૂતકાળમાં વિરોધ પક્ષો એ જ રીતે વર્ત્યા હતા?" છતાં, શ્રીમતી ગાંધીએ પોતે ઉચ્ચ સ્તરીય પ્રારબ્ધવાદની જે વાત કરી તે હકીકતમાં આ પ્રકરણના આરંભવેળાએ મોટા ભાગનાં અખબારોએ અપનાવેલા વલણનો મહદ્ અંશે પડઘો પાડે છે. 'બ્લીટ્ઝ' સામયિકે જેમાં ભ્રષ્ટાચાર જીવનનો એક ભાગ બન્યો છે તે રાજકીય પદ્ધતિના સંદર્ભમાં આને જોવામાં આવે તો 'સદીના કૌભાંડ'ના કરતાં 'સદીના બલિના બકરા' રૂપે એને નિહાળ્યું છે. ભારતના દરેક રાજ્યમાં સમાન એવી એક પદ્ધતિની વેદી પર એક યુવાન અને તરવરિયા સરકારી વહીવટદારનો ભોગ આ રીતે લેવાય તેનો 'બ્લીટ્ઝ'ને ખેદ છે.

અંતુલેએ રાજીનામું આપવું જોઈએ? તે દોષિત છે? 'ક્રન્ટ' સામયિકે કટાક્ષની ભાષામાં લખ્યું છે કે પાપ કર્યું ન હોય એ જ પહેલો પથ્થર ફેંકે. અંતુલેએ કશું અસાધારણ કર્યું છે? પક્ષની થેલી છલકાતી રહે તે હેતુથી પ્રતિષ્ઠાનોની સ્થાપના કરનાર એ જ એકમાત્ર રાજકારણી છે? એવા પ્રશ્નો કરીને 'ક્રન્ટ' સૂચવે છે કે અંતુલેની ભૂલ એ થઈ કે એ કૃત્ય કરતાં પકડાઈ ગયા. એમણે ઘણા દુશ્મનો ઊભા કર્યા છે, વળી શ્રીમતી ગાંધીને એમાં સંડોવ્યાં છે, એમ કરીને એમને વિરોધ પક્ષોનું સાચું લક્ષ્ય બનાવી દીધાં છે.

લગભગ દરેક જણ શ્રીમતી ગાંધીના ચુકાદાની રાહ જુએ છે. વિસ્તૃત તપાસ બાદ 'ઈન્ડિયા ટુ-ડે' સામયિક એવા તારતમ્ય પર આવ્યું છે કે આ પ્રકારના ઘણા બોધપાઠો પૈકી એક એ છે કે શ્રીમતી ગાંધીએ એમના પક્ષમાં ભ્રષ્ટાચારીઓના અડ્ડા રૂપી ઝાળાં-ઝાંખરાંની સાફસૂફી માટે સંમત થવું જ જોઈએ. ભ્રષ્ટાચારને વાજબી ઠરાવનારાઓને માટે લાક્ષણિક એવું આ વલણ છે. સત્તા લોકો પાસેથી નહિ, પાપનાં નાણાં વડે પ્રાપ્ત થાય છે એવી 'ઈન્ડિયા ટુ-ડે'ના મતે 'સડેલી' પદ્ધતિની સાર્વત્રિક રીતે સ્વીકારાયેલી અને વગોવાયેલી ક્ષતિઓ છતાં આ 'વાજબીદારો' માને છે કે શ્રીમતી ગાંધી તેનાથી પર અને બહાર છે. સામયિક એમને કોઈ જાતના ડાઘ વિનાના નેતા, ભ્રષ્ટાચારના દૈત્યને સંહારવા તત્પર બનેલાં દેવીને રૂપે જુએ છે અને એમણે આ વિષય ઉપર કરેલાં જુસ્સાદાર નિવેદનોના હવાલો આપે છે.

ભારતની જનતાનો જે વિશે સર્વાનુમત અભિપ્રાય પ્રવર્તતો હોય એવી કોઈ બે બાબતો હોય તો તે ફુગાવો અને ભ્રષ્ટાચાર છે એમ 'ઈન્ડિયા ટુ-ડે' કહે છે અને ભ્રષ્ટાચાર વિવિધ સ્તરે અસ્તિત્વમાં છે. નોકરશાહી અને રાજકારણમાં જ નહિ, વેપારી જગતમાં પણ. અને જ્યાં સુધી આ કેન્સર રહેશે ત્યાં સુધી દેશના આરોગ્ય માટે જોખમ છે એમ સામયિક માને છે.

તો પછી બધું સરળ ને સમેસૂતર ચાલે, જો 'ઈન્ડિયન એક્સપ્રેસ' તથા તેના સ્વસ્થ અને પદ્ધતિસરના પૃથક્કરણને વીસરી જઈએ ! એટલું જ કે આ પૃથક્કરણ 'ઈન્ડિયા ટુ-ડે'ના પૃથક્કરણથી જુદું પડે છે. એ અરુણ શૌરીનું જ આણિ નથી, નવા મુખ્ય તંત્રી નિહાલસિંહનો પણ તેમાં હિસ્સો છે. (એમની નિમણૂંક વેળાએ બન્ને પત્રકારો વચ્ચે થોડા તણખા ઝર્યા હતા.) શૌરી એ કંઈક રાલ્ફ નાડર જેવા છે. ઠંડી રીતે અને પદ્ધતિપૂર્વક એ આક્રોશ કરી શકે છે. સિંહ એથી થોડા જુદા, ટોકવિલે જેવા વધુ લાગે. ઘણીવાર તેજાબી ક્લમે જેનું એ વર્ણન કરે છે તે ભારતીય સમાજને તેઓ એમની સ્વચ્છ અને વિષાદભરી નજરે નિહાળતા રહે છે.

તેઓ શું કહે છે? એ કે શ્રીમતી ગાંધીની પ્રકૃતિ જ એવી છે કે એ તરવરિયા નેતાઓ પ્રત્યે અવિશ્વાસની નજરે જુએ છે અને નિર્ભેળ વફાદારીની કદર કરે છે. રાજ્ય સરકારોનાં સૂત્રો સંભાળતા પોતાના ટેકેદારોને 'સૈનિકો' કહે છે. તેમની નિમણૂંક પોતે કરે છે અને તેમની નિયતિ પર અંકુશ ધરાવે છે. એથી જ શ્રીમતી ગાંધીને ખુશ કરવાનું આ નેતાઓને વળગણ હોય છે અને તેથી જ શરમજનક પરિણામો નીપજે છે. એથી જ ક્યારેક કાર્યસાધક પણ નિંદાપાત્ર પદ્ધતિઓનો આશ્રય લેવાય છે અને એથી જ પક્ષમાં હૃદયસ્થાને રહેલા પણ સત્તાની કોર પર ફેંકાઈ ગયેલાઓ દ્વારા અસંતોષ ઉગ્ર બનાવાય છે. તેમનામાં વેરવૃત્તિ જ પ્રબળ હોય છે–સાધન ગમે તે ચાલે.

જૂજ અપવાદ બાદ કરતાં ખરેખરા વધુ રાજકીય પક્ષો નથી, એમ સિંહ કહે છે. સંસદનો હવે કશો અર્થ રહ્યો નથી. પ્રધાનોમાં જવાબદારીની ભાવના રહી નથી. વિરોધ પક્ષો વેરવિખેર છે, હતપ્રભ બનેલા છે. સંશયવાદ અને ભ્રષ્ટાચારની જ બોલબાલા છે, પણ એક આગેવાન ઢગલું ચૂકી જાય તો તેને બદલવો જ જોઈએ. શ્રીમતી ગાંધીએ માત્ર પોતાને નહિ, પોતાના પુત્ર રાજીવને પણ અંધપણે અનુસરે તેવા માણસો ગોતવા જ રહ્યા. આસપાસ જાતે જ શૂન્યાવકાશ સર્જ્યો હોય ત્યારે આ સહેલું તો નથી જ. આજે રાજકીય તખતો ખાલી થયો છે અને જેઓ ટકી રહ્યા છે તેઓ વામણા છે એમની સઘળી બુદ્ધિશક્તિ હા જી હા ભણવામાં રહેલી હોય છે. આ સંજોગોમાં દેશને પ્રગતિને માર્ગે આગળ લઈ જઈ શકે તેવા નેતાઓને શોધવા ક્યાં?

આ સાચે ખૂબ જ ગમગીન અવલોકન છે. પણ અંતિમ પૃથક્કરણમાં એવી લાગણી શેષ રહે જ છે કે પરિવર્તન માટેનો સમય ક્યારનો પાકી ગયો છે–પછી ભલે એ પરિવર્તન શ્રીમતી ગાંધી દ્વારા આવે યા કોઈ બીજી વ્યક્તિ દ્વારા.

અનુવાદક : હિંમતલાલ મહેતા

સ્વ. યજ્ઞેશભાઈ હ. શુકલ

□ ડૉ. રમણલાલ ચી. શાહ

પીઢ ગુજરાતી પત્રકાર શ્રી યજ્ઞેશભાઈ હરિહર શુકલનું ૭૩ વર્ષની ઉંમરે દુઃખદ અવસાન થયું છે.

અવસાનના થોડા દિવસ પહેલાં અંધેરીમાં બીમાનગરમાં એમના નિવાસસ્થાને હું મળવા ગયો હતો ત્યારે તેઓ સ્વસ્થ હતા. પથારીમાં બેઠાં બેઠાં એમણે મારી સાથે ઘણી વાતો કરી. તેમણે કહ્યું, 'હવે ઘરની બહાર નીકળાતું નથી. કોઈ આવે તો બહુ ગમે છે. આંખો હજી સારી છે એટલે વાંચવામાં સમય પસાર થઈ જાય છે. બારી પાસે પથારી છે એટલે રસ્તા પરની અવરજવર દેખાય છે, એથી ઘરમાં પુરાઈ રહ્યા જેવું લાગતું નથી.'

શ્રી યજ્ઞેશભાઈ 'પ્રબુદ્ધ જીવન' નિયમિત રીતે આખું વાંચી જતા. હર બે-ત્રણ અંકે એમનો મારા ઉપર પત્ર આવ્યો જ હોય. મુરબ્બી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના લેખો અને રાજકીય પ્રવાહો વિશેની એમની નોંધના તેઓ ચાહક હતા. 'પ્રબુદ્ધ જીવન' માટે તેઓ પોતાના અભિપ્રાયો અને સૂચનો લખતા. સાથે સાથે તેઓ પોતાના અંગત સ્મરણો પણ તાજાં કરતા.

શ્રી યજ્ઞેશભાઈ સાથે મારો સંબંધ ગાઢ થયો તે ફાર્બસ સાહિત્ય સભાની કારોબારી સમિતિને કારણે. તેની પ્રત્યેક મીટિંગમાં યજ્ઞેશભાઈ અચૂક સમયસર હાજર હોય. પોતે તબિયતને કારણે 'મુંબઈ સમાચાર'-માંથી નિવૃત્ત થયા અને ઘરે રહેતા ત્યારે પણ ફાર્બસની મીટિંગમાં આવવાનું ચૂકતા નહીં. એકલા ન અવાય તો સાથે કોઈક સ્વજનને લઈ આવે અને આવે ત્યારે ડૉક્ટરને પોતાની તબિયત બતાવવા માટેનો સમય પણ નિશ્ચિત કરીને આવે. ફાર્બસની મીટિંગમાં કોઈ કોઈ વખત તેઓ પોતાની મેડિકલ ફાઈલ લઈને આવતા.

યજ્ઞેશભાઈ દરેક બાબતમાં ખૂબ ચીવટ અને ચોકસાઈ ધરાવનાર એવા જૂની પેઢીના માણસ હતા. ઈ.સ. ૧૯૫૫માં એમની તબિયત બગડી. એમના પર હૃદયરોગનો ગંભીર હુમલો થયો હતો; પરંતુ પોતાના આત્મબળથી જ તેઓ તેની સામે ટકી શકયા. ત્યાર પછી ઉપચારો, ખોરાક વ્યાયામ, પ્રકૃતિ વગેરેની બાબતમાં તેઓ એટલા ચીવટવાળા રહ્યા કે પચ્ચીસ કરતાં વધુ વર્ષ તેઓ હૃદયરોગના હુમલા પછી જીવ્યા. આ જેવી તેવી સિદ્ધિ ન કહેવાય. હૃદયરોગના હુમલા પછી ઘણા લાંબા સમય સુધી હયાત રહી હોય એવી વ્યકિતઓનું સન્માન થોડાક વખત પહેલાં મુંબઈમાં એક સંસ્થા તરફથી થયું ત્યારે યજ્ઞેશભાઈએ તેમાં હાજરી આપી હતી અને સૌથી વધુ વર્ષવાળી વ્યકિત તરીકે તેમનું નામ બોલાયું હતું.

યજ્ઞેશભાઈ વલસાડના વતની. ૧૯૦૯ની ૧૩મી માર્ચે એક મધ્યમ વર્ગના કુટુંબમાં એમનો જન્મ થયેલો. આર્થિક મુશ્કેલીને કારણે કોલેજના અભ્યાસ સુધી તેઓ પહોંચી શકેલા નહીં. મુંબઈ આવ્યા અને સ્વ. ઈચ્છારામ સૂર્યરામ દેસાઈના 'ગુજરાતી' સાપ્તાહિકમાં તેઓ જોડાયા. સ્વ. અંબાલાલ બુલાખીરામ જાનીના હાથ નીચે તેઓ પત્રકારત્વની તાલીમ પામ્યા. ત્યાર પછી તેમણે સમગ્ર જીવન પત્રકાર તરીકે વિતાવ્યું. પત્રકારત્વના ક્ષેત્રનો યજ્ઞેશભાઈનો અનુભવ એટલે અર્ધી સદી કરતાં વધારે સમયનો અનુભવ. 'હિન્દુસ્તાન પ્રજામિત્ર,' 'જન્મભૂમિ', 'વંદે માતરમ્' અને 'મુંબઈ સમાચાર' એમ જુદાં જુદાં દૈનિકોમાં તેમણે વિવિધ પ્રકારની કામગીરી બજાવી. વંદેમાતરમ અને મુંબઈ સમાચારમાં ઘણા વર્ષો સુધી તેમણે અગ્રલેખ પણ લખ્યા. તેમના હાથ નીચે ઘણા પત્રકારો તૈયાર થયા. સમાચારની પસંદગી, તેનું મહત્ત્વ, તેની રજૂઆત, તેનું શીર્ષક વગેરે તમામ બાબતોને તેઓ ચીવટપૂર્વક તપાસતા. તેમની ઝીણી નજરમાંથી કશું છટકે નહીં. પત્રકાર સત્યનો ઉપાસક હોવો જોઈએ, માટે તે નીડર પણ હોવો જોઈએ. યજ્ઞેશભાઈમાં પત્રકાર તરીકે નીડરતાનો ગુણ ઘણો મોટો હતો. પોતાના અગ્રલેખોમાં તેમની નીડરતાનું, વખતોવખત આપણને દર્શન થતું.

સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી ગુજરાતી વિષય સાથે બી.એ. થયા પછી હું 'સાંજ વર્તમાન' દૈનિકમાં પત્રકાર તરીકે જોડાયો હતો. એ વખતે યજ્ઞેશભાઈને પહેલીવાર મારે મળવાનું થયેલું. એ પ્રસંગ એટલો સચોટ કે તેનું વિસ્મરણ કયારે થયું નથી. પત્રકાર તરીકે મેં હજુ શરૂઆત જ કરેલી. એક દિવસ અમારા પ્રાધ્યાપક શ્રી મનસુખલાલ ઝવેરીએ ગુજરાતી વિષયના અધ્યાપકોના સંમેલનનો અહેવાલ લખીને 'સાંજ વર્તમાન'માં છાપવા માટે મને આપ્યો અને એની બીજી નકલ કરીને 'વંદે માતરમ્'માં યજ્ઞેશભાઈને પહોંચાડવાની સૂચના કરી. સાંજ વર્તમાનમાં મેં એ અહેવાલ તરત છાપવા આપી દીધો અને બીજે દિવસે સવારે યજ્ઞેશભાઈને નકલ પહોંચાડવા ગયો. આ મારી પહેલી મુલાકાત હતી. અહેવાલ જોતાં જ યજ્ઞેશભાઈ એકદમ ઊંચા સાદે બોલી ઊઠયા, 'તમારા છાપામાં ગઈ કાલે આ અહેવાલ છપાઈ ગયો છે. આવો વાસી અહેવાલ અમને હવે કથા કામનો નથી. તમે પત્રકારત્વના ક્ષેત્રમાં આવ્યા છો અને દૈનિક-પત્રમાં કામ કરો છો, એ યાદ રાખો કે સમાચારોની બાબતમાં કોઈ પણ છાપાને વાસી રહેવું પરવડે નહીં. તમારો અહેવાલ અમારે હવે કચરા ટોપલીમાં નાખવાનો જ રહે.' એમ કહી એમણે એ અહેવાલ મારા દેખતાં જ કચરા ટોપલીમાં નાખી દીધો.

દૈનિક પત્રકારત્વમાં સમાચારો, અહેવાલો વગેરે છાપવાની બાબતમાં આવી રસમ હશે એની મને નવા પત્રકારને ત્યારે ખબર નહીં. મને મનમાં થયું કે 'એમને વંદે માતરમ્માં એ અહેવાલ ન છપવો હોય તો કંઈ નહીં, પરંતુ આટલો બધો ગુસ્સો કરવાની શી જરૂર હતી?' હું નિરાશ થઈ પાછો ફર્યો, પરંતુ તે દિવસે સાંજે વંદે માતરમ્માં જોયું તો અધ્યાપક સંમેલનનો અહેવાલ હતો. કિંતુ તે જુદા જ શબ્દોમાં, જુદી રીતે – બલ્કે વધારે સારી રીતે રજૂ થયો હતો. મને નવાઈ લાગી. હું યજ્ઞેશભાઈને ફરીથી મળ્યો. તેમનો આભાર માન્યો. એમણે કહ્યું, 'બીજા છાપાંનો વાસી અહેવાલ તો અમે છાપીએ નહીં અને છતાં તમે જાતે આવ્યા એટલે મારે તમારું લખાણ છાપવું હતું. એટલે કચરાની ટોપલીમાંથી પાછું કાઢી, તે વાંચી, નવેસરથી મેં મારી રીતે અહેવાલ લખી કાઢયો. દૈનિક વર્તમાન પત્રમાં કામ કરતા પત્રકારમાં આટલી આવડત તો હોવી જ જોઈએ કે ગમે તે લખાણને તે તરત ને તરત નવી શૈલીથી રજૂ કરી શકે.'

આ પ્રથમ પરિચયે યજ્ઞેશભાઈ વિશે મારા મનમાં ઊંડી છાપ અંકિત થઈ કે તેઓ સાચી વાત માટે કયારેક બહારથી ઉગ્ર બને છે, તેમનો અવાજ પણ મોટો થઈ જાય છે; પરંતુ હૃદયથી તેઓ અવશ્ય મૃદુ રહી શકે છે.

યજ્ઞેશભાઈએ લેખક તરીકે નિબંધો, વાર્તા, નવલકથા, ઈત્યાદિ પ્રકારના સંખ્યાબંધ પુસ્તકો લખ્યાં છે. 'તૂટેલાં બંધન', 'ગરીબની ગુહલક્ષ્મી', 'જીવતાં સોદા', 'ઈર્ષ્યાની આગ', 'ખીલતી કળી', 'એ પત્ની કોની?' વગેરે તેમનાં પુસ્તકો જાણીતાં છે; પરંતુ તેમણે છેલ્લે છેલ્લે લખેલાં પુસ્તકો: 'એક વ્યવસાયી પત્રકારની ઘડતર કથા' અને 'અર્ધી શતાબ્દીની અખબારી યાત્રા' વિશેષ જાણીતાં છે. એમાં પત્રકાર તરીકેના એમના વિવિધ પ્રકારના અનુભવો અને વ્યવહારુ સૂચનો જોવા મળે છે.

સ્વ. યજ્ઞેશભાઈ શુકલના અવસાનથી મને અંગત રીતે વડીલ માર્ગદર્શકની ખોટ પડી છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપો!

☆ સૂરતનું જ્ઞાનસત્ર ☆

☐ કૃષ્ણવીર દીક્ષિત

[૨]

તા. ૫ - ૬ ડિસેમ્બર, ૧૯૮૧ એ બે દિવસ સૂરતમાં શ્રી શત્રુંજય વિહાર ધર્મશાળા ટ્રસ્ટને ઉપક્રમે યોજાઈ ગયેલા જ્ઞાનસત્રની પ્રથમ બે બેઠકની કાર્યવાહીનો હેવાલ 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૧૨-૧૯૮૧ના અંકમાં પ્રસિદ્ધ થઈ ચૂક્યો છે. અહીં તા. ૬ઠ્ઠી ડિસેમ્બરે મળેલી જ્ઞાનસત્રની ત્રીજી તથા ચોથી બેઠકનો હેવાલ રજૂ કરવામાં આવે છે.

જ્ઞાનસત્રની ત્રીજી બેઠકના વક્તા હતા જાણીતા તત્ત્વચિંતક શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ. પ્રમુખપદે હતા ગુજરાતના માજી શિક્ષણપ્રધાન શ્રી ગોરધનદાસ ચોખાવાળા.

ટ્રસ્ટના એક ટ્રસ્ટી શ્રી અશ્વિનભાઈ સંઘવીએ વક્તાનો તથા અધ્યક્ષનો પરિચય કરાવ્યા બાદ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે, 'ભારતીય જીવનદૃષ્ટિ' એ વિશેના પોતાના પ્રવચનનો આરંભ જીવનદૃષ્ટિનું મહત્ત્વ દર્શાવતાં કર્યો હતો. તેમણે કહ્યું, 'કીટક, પશુ, પંખી, આ સકલ જીવસૃષ્ટિ સહજવૃત્તિથી વ્યવહારે છે એ, સર્વની અપેક્ષાએ માણસ વિચારવંત પ્રાણી છે. માણસ જ વિચાર કરી શકે છે. મનુષ્યને તેનું બાહ્યજીવન છે. મહદ્અંશે એ બહિર્દૃષ્ટિ રાખીને જીવે છે, પણ ક્યારેક પોતાની જાતનો વિચાર કરે છે ત્યારે માણસ અંતર્મુખ પણ થાય છે, પણ અંતર્મુખ સ્થિતિમાં એ ઝાઝો સમય ટકી શકતો નથી અને ત્યારે બીજાઓએ જે કહ્યું હોય છે તે એ સ્વીકારી લે છે. ક્ષમા અને અહિંસા એ ધર્મ છે એમ ભગવાન મહાવીરે કહ્યું એટલે માણસે તે સ્વીકારી લીધું. પણ એ ધર્મ કેટલે દરજ્જે પોતાના આચારમાં ઊતર્યો તે એ વિચારતો નથી. માણસ એ છે જે પ્રતિક્ષણ જાગ્રત છે, જે વિચારપૂર્વક જીવે છે, વિવેકપૂર્વક વિચારે છે અને તે મુજબ જ વ્યવહરે છે." 'થોટલેસ લાઈફ ઈઝ નોટ વર્થ લિવિંગ એટ ઑલ" એમ કહેનાર સોક્રેટિસનો આ સંદર્ભે દાખલો આપ્યા પછી શ્રી ચીમનભાઈએ કહ્યું: "દરેક માણસને જીવનદૃષ્ટિ તો હોય છે, તે વારસામાં મળેલી હોય અને વગર વિચાર્યે એણે સ્વીકારી લીધી હોય." આ સંબંધમાં વક્તાએ બુદ્ધને સંભાર્યા. બુદ્ધ સહુને કહેતા "હું જે કહું છું તે હું બુદ્ધ છું માટે સ્વીકારી ન લેશો. તમારા હૃદયને સ્વીકાર્ય હોય તો જ સ્વીકારશો."

બાહ્ય સૃષ્ટિ અગાધ છે એટલી જ માણસની આંતરિક સૃષ્ટિ પણ અગાધ છે અને તે એટલી બધી રહસ્યમય છે કે માણસ પોતાની જાતને સમજી શક્યો નથી. એમ કહીને વક્તાએ આ જ વસ્તુ પરત્વે કૃષ્ણમૂર્તિ અને સર રાધાકૃષ્ણનને કરેલાં વિધાનો અવતારતાં કહ્યું, "મહત્ત્વ તમે વિચારો છો કે નહિ, એનું છે." જ્યાં સુધી તમારું પોતાનું સત્ય બની રહેતું નથી ત્યાં સુધી તે આચારસ્થ થતું નથી. એક આ વસ્તુ પણ છે જેને સત્ય માન્યું હોય અથવા જે સત્ય લાગતું હોય છતાં માણસના અંતરમાં એવું કંઈક છે જે એને આચરતાં રોકે છે. 'સત્યાન્નાસ્તિ પરો ધર્મ:' સત્ય એ જ ધર્મ છે એમ આપણે ખરેખર માનતા હોઈએ તો પણ વ્યવહારમાં તે ઉતારવું શક્ય લાગતું નથી. વ્યવહાર અને સત્યના આપણે ભેદ પાડ્યા. રેલવેના બે પાટાની જેમ આપણે વ્યવહાર અને સત્યને સમાંતરે રાખ્યા, પરિણામે, એ બંનેનું મિલન થતું નથી. વ્યવહારમાં તો ચાલતું હોય એમ જ ચાલે એવું સમાધાન આપણે મેળવી લીધું છે. માણસમાં જાતને છેતરવાની શક્તિ છે એટલી કોઈની નથી. એટલે જ અહિંસા, ક્ષમા, સત્ય એ બધું સાચું હોવાનું, આચરણીય હોવાનું સમજતો હોવા છતાં માણસે એવું સમાધાન મેળવી લીધું કે વ્યવહાર એવો છે કે બધામાં થોડું મિશ્રણ કરવું પડે. વિચાર કરવો એના જેવું કષ્ટભર્યું બીજું એકેય નથી. ફરી પાછા સોક્રેટિસનો દાખલો આપતાં વક્તાએ કહ્યું: "સોક્રેટિસે માણસને એની અજ્ઞાનતાનું ભાન કરાવ્યું. શા માટે એણે એમ કર્યું?" ઓરેકલ ઓફ ડેલ્ફીએ આથેન્સમાં ડાહ્યામાં ડાહ્યો માણસ કોઈ હોય તો તે સોક્રેટિસ છે એમ કહ્યું હોવાનું સોક્રેટિસને કોઈકે કહ્યું. તો એણે કહ્યું: "આ સાચું નથી." સોક્રેટિસને ઊલટું પોતાના અજ્ઞાનનું ભાન થયું. પોતાના અજ્ઞાનનું ભાન થવું એ જ્ઞાનનું પહેલું પગથિયું છે.

અહીં વક્તાએ સત્યનું મુખ હિરણ્યમય પાત્રથી ઢંકાયેલું છે એ ઉપનિષદ્વાણીને યાદ કરી અને કહ્યું: "હિરણ્યમય પાત્ર તે આ જગતની માયા છે. આ જગતની માયાથી સત્ય ઢંકાયેલું છે. સત્યને કોઈ જીરવી શકતું નથી, પણ ખરી વાત તો માણસે પોતે અંતરથી વિચારવું જોઈએ એ છે. પોતે જે કંઈ કર્મ કરે છે તેના ઉદ્દેશની સભાનતા એનામાં હોવી જોઈએ. માણસે માનસિક શાંતિ પણ પોતે જાતે જ મેળવવાની છે. કોઈકનો ઉપદેશ કે ગ્રન્થ-વાચન માર્ગદર્શક બની શકે, પરંતુ અંતે તો માણસને પોતાનો પુરુષાર્થ જ શાંતિ આપી શકે."

માણસમાં પડેલાં દ્વંદ્વોની વાત કરતાં વક્તાએ કહ્યું: "માનવમનના મહાસાગરમાં મગરમચ્છો છે તો રત્નો પણ છે. એ કષાયોથી ભરપુર છે તે સાથે એમાં આદર્શો પણ છે. દરેક માણસમાં બે માણસ છે. એક જિજ્ઞાસા દ્વારા ઉત્થાન તરફ પ્રેરનારો અને બીજો નિમ્ન કક્ષાએ ઊતરનારો. માણસના મનમાં સંગ્રામ ચાલ્યા જ કરે છે. જીવન સ્વત: એક સાધના છે. સાધના જિન્દગીભર પ્રતિક્ષણ ચાલુ રહેવી જોઈએ. એટલું જ નહિ સાધના ભવોભવની છે તે કષ્ટમય છે તોયે તે કરવી જ જોઈએ.

પોતાના વ્યાખ્યાનનો પૂર્વાર્ધ અહીં સમાપ્ત કરતાં શ્રી ચીમનભાઈએ વિષયના ઉત્તરાર્ધમાં પ્રવેશતાં કહ્યું: "દરેક પ્રજાને એની સંસ્કૃતિ પ્રમાણે જીવનદૃષ્ટિ હોય છે. ભારતીય સંસ્કૃતિ ૫૦૦૦ વર્ષ જૂની છે. ચીનને બાદ કરતાં ભારતીય સંસ્કૃતિ સહુથી વધુ જૂની છે. એ સંસ્કૃતિ ભારતે આજ સુધી સાચવી રાખી છે. "વોટ ઈઝ ઈન્ડિયન એપ્રોચ ટુ લાઈફ?" આ પ્રશ્ન અત્યંત વિશાળ હોવાનું કહીને શ્રી ચીમનભાઈએ કહ્યું: "પ્રશ્ન વિચારતાં બે પાસા વરતાય છે. એક જ્ઞાનનું, બીજું આચારનું. આ જગત શું છે? એનો કોઈ કર્તા છે? કે નથી? આ જ્ઞાન પાસું થયું. એથિકલ કોન્ડક્ટ—નૈતિક જીવન—એ આચાર પાસું છે. નૈતિક જીવનના સિદ્ધાંતો કયા કયા? આ સંબંધમાં મહાવીરનો અહિંસાનો, બુદ્ધનો કરુણાનો અને ક્રાઈસ્ટનો પ્રેમનો આ ત્રણ પાયાના સિદ્ધાંતો આપણને મળે છે. જ્ઞાનના વિષયમાં ભારતીય દર્શનો અને ભારતીય સંસ્કૃતિ બીજાં બધાં કરતાં જુદાં પડે છે. હિન્દુ, બૌદ્ધ અને જૈન આ ત્રણે ધર્મો માને છે કે આત્મા છે, આત્મા અમર છે, આત્મા પુનર્જન્મ પામે છે. પુનર્જન્મના ચક્રમાંથી છૂટવાનો માર્ગ તે ધર્માચરણનો છે, શ્રીમદ્ રાજચંદ્ર મોક્ષપ્રાપ્તિ માટે ધર્માચરણનો મહિમા કર્યો છે.

શ્રી ચીમનભાઈએ તે પછી ગાંધીજી અને ટોલ્સ્ટોય વચ્ચેના પત્રવ્યવહારનો નિર્દેશ કર્યો હતો. ગાંધીજી પુનર્જન્મમાં માનતા એનો પણ તેમણે ઉલ્લેખ કર્યો. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. આ જગતનો મોટામાં મોટો "મિરેકલ" તે દેહ અને આત્માનો સંયોગ છે. જડ ચેતનના અર્થાત્ આત્માનો સંયોગ અહીં થયો છે. જૈન ધર્મ કીડી

કે કુંજર દરેક પ્રાણીમાં એનો આત્મા દેહવ્યાપી છે એમ માને છે. એ સર્વ કહ્યા પછી શ્રી ચીમનભાઈએ કહ્યું: "આત્મા અમર છે, એનો પુનર્જન્મ છે. આ પાયાના પ્રશ્નોની અનુભવગૂંથી પ્રતીતિ થવી અઘરી છે, પરંતુ હું માનું છું કે એમ હોવું જોઈએ" એમ ના હોય તો જીવનનો તાળો મળતો નથી. આત્મા અમર હોવો જ જોઈએ એટલું જ નહિ, જન્મમરણના ફેરામાંથી મુક્તિ પણ હોવી જ જોઈએ. આવી પ્રતીતિ થઈ હોય એવા માણસનો સમાગમ થવો જોઈએ. બુદ્ધિના ક્ષેત્રમાં જઈએ તો એ એને લિટિકા-વિશ્લેષણાત્મક ઉપગમ થયો. ચિત્તમાં વિશ્લેષણ વ્યાપાર સતત ચાલતો જ હોય છે, પણ બુદ્ધિનું રણ એ સહરાનું રણ છે. ઘણી વીરડીઓ એમાં સુકાઈ જાય છે. એ માર્ગે જવું અઘરું છે.

શ્રી ચીમનભાઈએ આ સર્વ કહ્યા પછી મહાન માનવતાવાદી વિભૂતિ આલ્બર્ટ સ્વાઈત્ઝરને યાદ કર્યા. તેઓ ધર્મશાસ્ત્રોના ઊંડા અભ્યાસી હતા. મહાન સંગીતજ્ઞ હતા. મહાન તત્ત્વજ્ઞ હતા. મહાન થિયોલોજિસ્ટ હતા. એમણે કહ્યું છે: "ટુ પરસેપ્શન્સ હેવ ઓવર શેડોઝ માય લાઈફ. વન ઈઝ ધેટ ધિસ વર્લ્ડ ઈઝ ઈન્-એક્સપ્લિકેબલ, મિસ્ટીરિયસ એન્ડ ઈટ ઈઝ ફૂલ ઓફ સફરિંગ. આઈ એમ બોર્નડ ઈન એન એઈજ ઓફ સિપરિઅુઅલ ડિકેડન્સ: એન્ડ માય ઓન્લી ટાસ્ક ઈઝ ટુ ટીચ મેન ટુ થિન્ક એન્ડ થિન્ક." વિચારવંત માણસની વેદનાનો કોઈ પાર નથી. ચારે તરફ તેને દુ:ખનો મહાસાગર ઊછળતો દેખાય છે. એ જોતાં એ વિમાસે છે અને એને સવાલ થાય છે: "વ્હાય ધિસ? આમ શા માટે?"

શ્રી ચીમનભાઈએ તે પછી ભારતીય જીવનદૃષ્ટિ અને પાશ્ચાત્ય જીવનદૃષ્ટિ વચ્ચેનો એક પાયાનો ભેદ તારવતાં કહ્યું: "ક્રિશ્ચયાનિટી—ખ્રિસ્તી ધર્મ ભારોભાર પ્રેમ ઉપર ભાર મૂકે છે: ભારતીય જીવનદૃષ્ટિનો વિચાર કરતાં જ્ઞાનને ક્ષેત્રે દ્વૈત, અદ્વૈત, દ્વૈતાદ્વૈત, શુદ્ધાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત એમ ઘણી વિવિધતા છે છતાં આચારને ક્ષેત્રે એકતા છે. આ દેશના મુખ્ય ત્રણ ધર્મો હિંદુ, જૈન અને બૌદ્ધ. ત્રણેએ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય તથા અપરિગ્રહને આચારમાં મૂકવાનો બોધ આપ્યો છે. ત્રણેયની આચારસંહિતા એક છે. શ્રીમદ્ ભગવદ્ગીતાએ અનાસક્તિ પ્રબોધી છે. ભગવાન બુદ્ધે કરુણાનો મહિમા કર્યો છે. ભગવાન મહાવીરે અહિંસાનો બોધ આપ્યો છે. એક વિચારધારા એવી છે કે આ સંસાર અસાર છે. એને છોડી જવો એ જ એકમાત્ર માર્ગ છે એમ એક દૃષ્ટિ છે. સંસારમાં રહીને લોકસંગ્રહનું કામ કરતાં કરતાં મુક્તિ મેળવવી ઘટે એમ શ્રીકૃષ્ણ કહે છે. હિંદુ ધર્મની આ બંને વિચારધારાના પાયામાં વાસનામુક્તિ અને કષાયમુક્તિનું મહત્ત્વ પ્રમાણાય છે. જ્યાં સુધી વાસનામુક્તિ, કષાયમુક્તિ થાય નહિ ત્યાં સુધી ગમે તે માર્ગ પકડો, પણ સાફલ્ય તમારાથી છેટું ને છેટું જ રહેશે. ભારતીય વિચારપ્રવાહ વાસનાને સંયમિત કરવા ઉપર ભાર મૂકે છે.

પ્રજહાતિ યદાકામાન્ સર્વાન્ પાર્થ મનોગતાન્,
આત્મન્યેવાત્મનાતુષ્ટ: સ્થિતપ્રજ્ઞસ્તદોચ્યતે

આમ શ્રીમદ્ ભગવદ્ ગીતા કહે છે, આત્મામાં જ લીન રહી કામનાઓ છોડી દેવા માટે શું કરવું? ઈન્દ્રિયોની વાસના એટલી બધી પ્રબળ છે કે એને કાબૂમાં રાખવી અત્યંત દુષ્કર છે. આત્મા રથિન છે. બુદ્ધિ એ સારથિ છે. બુદ્ધિથી વિચારીને સંયમથી વાસનાઓ ઉપર કાબૂ મેળવવાનું ભારતીય તત્ત્વજ્ઞાન કહે છે. પશ્ચિમનો વિચારપ્રવાહ વાસનાને છુટ્ટો દોર આપે છે. જૈન ધર્મ કહે છે આત્મા પોતે જ પોતાના સુખ-દુ:ખનો કર્તા છે. હું મારો મિત્ર છું અને હું મારો દુશ્મન છું. પ્રકૃતિ યાન્તિ ભૂતાનિ નિગ્રહ: કિં કરિષ્યતિ? ભારતીય સંસ્કૃતિનું પ્રધાન લક્ષણ સંયમ છે. જૈન ધર્મ પ્રબોધે છે કે સંયમ એ જ ધર્મ છે. સંયમ એ જ સર્વતોમુખી ધર્મ છે. જીવન એવી રીતે જીવવું કે કોઈને જરા પણ તકલીફ ન પડે. વાણી, વિચાર અને વર્તનથી કોઈને પણ દુ:ખ ન થવું જોઈએ. જીવનની એકેએક ક્રિયામાં પાપ કર્મનું બંધન છે. આથી જ જૈન મુનિઓ અને મહાત્માઓ જીવનના સર્વ વ્યવહારમાં જતનાનો એટલે કે વિવેકનો બોધ કરે છે. ભારતીય જીવનદૃષ્ટિમાં જીવનના સ્વીકારની સાથે કર્મ કરતાં કરતાં જ કર્મમાંથી મુક્તિ મેળવવાનું નિહિત છે. પશ્ચિમની જીવનદૃષ્ટિ કેવળ પ્રગતિલક્ષી છે. સમગ્ર ભારતીય જીવનદૃષ્ટિ પોતાના જીવનમાં કોઈએ પણ ઉતારી હોય તો તે ગાંધીજીએ ઉતારી છે. એમને જીવનના એકેએક કાર્યમાં રસ હતો. ગાંધી કુડ નોટ બી બાઈસેક્ટેડ ખાદીની પાછળ ગાંધીજીનો જે વિચાર છે તે સ્વીકારો નહિ ત્યાં સુધી ગાંધીજી થવાય નહિ. કર્મયોગનો એમણે પૂરેપૂરો સ્વીકાર કર્યો. કૃષ્ણનો કર્મયોગ અને મહાવીરની અહિંસા બંનેના સમન્વય એક ફક્ત ગાંધીજીએ કર્યો હતો. આલ્બર્ટ શ્વાઈત્ઝરે બહુ સાચું કહ્યું હતું: "હી ઈન્ઝ એ મેગ્નિફિસન્ટ પેરેડોક્સ. ધો એ સેઈન્ટ હી ઈઝ ઈન્ટરેસ્ટેડ ઈન એવરી ડિટેઈલ ઓફ લાઈફ. ગાંધીજીએ અન્યાય સહન નહિ કરવાનું જણાવ્યું પણ તે સાથે અન્યાયનો અહિંસાથી પ્રતિકાર કરવાનું શીખવ્યું. એમણે કહ્યું હતું: "અન્યાયને ટેકો આપવો તે અન્યાયીને ટેકો આપવા બરાબર છે. ગાંધીજીએ આપણને અભય શીખવાડયો હતો, પણ આપણે નિર્ભયતાનો પાઠ ભૂલી ગયા છીએ. આપણે ચિંતન, મનન કરીએ તો આપણે આપણી જાતને કદાચ ઓળખી શકીશું. ખરી જરૂર જાતને ઓળખવાની છે.

અધ્યક્ષપદેથી શ્રી ગોરધનદાસ ચોખાવાળાએ યથાર્થ કહ્યું: "આપણે સહુએ સાંભળી તે ખરેખર એક સાધકની વાણી હતી. સમય ઘણો બદલાઈ ગયો છે. પોતાને લાગે તે જ કહેલું એવી જીવનદૃષ્ટિ ધરાવતા માણસો આ ધરતી ઉપર પાક્યા હતા. સોક્રેટિસ, ક્રાઈસ્ટ, ગાંધીજી એવા માણસો હતા; પરંતુ એવા માણસો ઝાઝી સંખ્યામાં પાકતા નથી, એમની જીવન દૃષ્ટિને ધ્યાનમાં રાખીને વિચારતાં આપણું ચોક્કસ શ્રેય થાય, પરંતુ સત્યનું આચરણ કરવું મુશ્કેલ છે. સત્યના પ્રયોગો કરતાં કરતાં ગાંધીજી રાજકારણમાં પ્રવેશ્યા. સત્ય સારુ જેનો ત્યાગ કરવો ઘટે તે કરી શકે એવા નિર્ભય માણસ તેઓ હતા. આજની દુનિયાની સ્થિતિ એવી છે કે આજે ભૌતિકતા સિવાય કોઈ વિચારધારાને જાણે અવકાશ જ નથી. આજનું વાતાવરણ જોતાં મહાન પુરુષો કોઈ દેશમાં પાકવાનો સંભવ જણાતો નથી. આજે બાહ્યાચાર વધી ગયો છે. આપણે વાંચીએ અને વિચારીએ છીએ તે અમલમાં નથી મૂકતા, પરન્તુ નૈતિકતાના સંદર્ભમાં કેટલીક બાબતોમાં પશ્ચિમના લોકો આપણા દેશના લોકો કરતાં ચોક્કસ વધુ સારા છે. આપણે ત્યાં પ્રામાણિકતા નથી. આપણે ત્યાં થાય છે એટલી કરચોરી અન્યત્ર થતી નથી. પ્રામાણિકપણે જીવવાનું આજે અશક્ય થતું જાય છે.

ટ્રસ્ટના એક ટ્રસ્ટી શ્રી સોભાગભાઈ લાકડાવાળાએ આભાર વિધિ કર્યો હતો.

આ પછી ટ્રસ્ટના એક ટ્રસ્ટી શ્રી અમર જરીવાળાની વિનંતિને માન આપીને શ્રી ચીમનભાઈએ પ્રશ્નોત્તરમાં જોડકને વિસ્તરવા દીધી હતી. તેમણે પુછાયેલા અનેક પ્રશ્નોના ઉત્તર આપ્યા હતા જેનો સાર નીચે પ્રમાણે તારવી શકાય.

દેશની હાલની રાજકીય પરિસ્થિતિ આર્થિક પરિસ્થિતિથી જુદી ન પાડી શકીએ. આર્થિક પરિસ્થિતિ અત્યંત વિકટ છે. આજે પરિસ્થિતિ વણસી છે કારણ આજે સાચી લોકશાહીનું પ્રવર્તન નથી. સાચી લોકશાહીમાં નાગરિકની જવાબદારી એ પાયાની વસ્તુ છે.

આજે તે નથી દેખાતી. માથાં ગણવાની રીતમાં ભ્રષ્ટાચાર અને ગુંડાગીરી દાખલ થાય ત્યારે લોકશાહી રહેતી નથી. સારા માણસો પોતાની ફરજ અદા ન કરે તો નબળા માણસો તેમના ઉપર રાજ કરે. આજે સારા માણસો ભાગી ગયા છે. આપણે કેવા હોવા જોઈએ તે ગાંધીજીએ કહ્યું હતું. આપણે તે ભૂલી ગયા. એટલે જેવી પ્રજા તેવા રાજા!

આજે પરિસ્થિતિ વ્યાપકપણે વણસી છે.

અંતુલે પ્રકરણનો ઈન્દિરા કૉંગ્રેસ જે રીતે બચાવ કરે છે તે આઘાતજનક છે. આ હદ થાય છે; પરન્તુ આમાં દોષ કોનો કાઢવો? દુર્ભાગ્યની વાત એ છે કે આજે આપણે ત્યાં લીડરશિપ નથી. માણસ આગેવાન થાય ત્યારે એણે પોતાની આજુબાજુ કેવા માણસો ઊભા કરવા જોઈએ? ઈન્દિરાને અન્તુલે, ભજનલાલ કે ગુંડુરાજ જ મળે.

આજે સમૃદ્ધિ અને ગરીબી વચ્ચેનું અંતર વધતું જાય છે. આજે છે તેટલું અંતર કોઈ દેશમાં નહિ હોય. આપણે આજે કંઈ કરી શકતા નથી. આસપાસ જે સ્થાપિત હિતો છે તેના ઉપર સીધું આક્રમણ એ જ આજે એક માત્ર માર્ગ છે. એ આક્રમણ આજે કોઈ જ પક્ષે નથી કર્યું. વૉટ વી નીડ ટુ ડે ઇઝ ફ્રન્ટલ એટેક ઓન વેસ્ટેડ ઈન્ટરેસ્ટસ. આજે પ્રજા ઘણી જાગ્રત છે; પરન્તુ તેને માર્ગદર્શન નથી મળતું.

સરકારની આર્થિકનીતિ પાયામાંથી ખોટી છે. એ નીતિ ગરીબી ઓછી કરી શકવાની નથી. એક રીતે જોઈએ તો આર્થિકનીતિ જેવું કંઈ છે જ નહિ. સમગ્ર તંત્ર પડી ભાંગ્યું છે. જ્યુડિશિયલ બ્રેક-ડાઉન છે. ન્યાયતંત્રનું આજે કયું ગૌરવ રહ્યું નથી. આ પરિસ્થિતિ લાંબો સમય સુધી ચાલુ રહી શકે નહિ... કયાં તો એક્સપ્લોઝ ન થાય. પરંતુ આ દેશ ઊંચો આવવાનો જ છે. નેતૃત્વ ઊભું થશે જ.

આજે ઈન્દિરા ગાંધીની સજ્જડ પકડ છે કારણ બધા માટીપગા અને વામણા નીકળ્યા. એક મહાન પ્રયોગ એળે ગયો.

બીજું ખરાબ એ થઈ રહ્યું છે કે અસામાજિક તત્ત્વોનું જોર વધતું જાય છે.

પ્રમુખશાહી કે લોકશાહી બેમાંથી એકેય પદ્ધતિ કોઈને બચાવી શકવાની નથી. આ દેશ માટે પ્રમુખશાહી કોઈ પણ રીતે હિતાવહ નથી. આજે ખરી જરૂર નેશનલ ઈન્ટીગ્રિટીની છે. ચૂંટણીની અત્યારની પદ્ધતિમાં જે અનિષ્ટો છે તે ઓછાં કરવામાં આવે તો પરિસ્થિતિ સુધરે ખરી.

બપોરે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના અધ્યક્ષપદે મળેલી ચોથી બેઠકના આરંભ કુ. શૈલેજા રમણલાલ શાહે જૈન ધર્મનું મહત્ત્વ અને મહાવીર સ્વામી વિશે શુદ્ધ અને સરલ સંસ્કૃતમાં ટૂંકું વકતવ્ય રજૂ કર્યા પછી ડૉ. રમણલાલ શાહે નીતિ, ધર્મ અને અધ્યાત્મ વિશે વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે આ ત્રણેની વિભાવના તથા પ્રત્યેકનો એકબીજા સાથેનો સંબંધ દષ્ટાંતો આપીને કહ્યું હતું કે મનુષ્ય સમાજમાં રહે છે. તેનો સમાજ સાથેનો વ્યવહાર એવી રીતે ગોઠવાય કે જીવન સંવાદમય રહે તે નીતિ છે. તે નીતિનિયમોમાં ફેરફાર થતા રહે છે. કેટલાક નીતિનિયમો એકદેશીય હોય છે. કેટલાક સર્વદેશીય હોય છે. સત્ય બોલવું, પ્રામાણિક રહેવું, કર્તવ્ય અદા કરવું તે નિયમો સર્વકાલિન અને સર્વદેશીય છે.

નીતિમાંથી સદાચાર પ્રગટે છે. નીતિનો સમાવેશ ધર્મમાં થાય છે. નીતિ એ મૂળ છે. જ્યારે તત્ત્વનો પરામર્શ કરી શકે એવી એક વ્યાપક આત્મશુદ્ધિ માટેનું સાધન તે ધર્મ છે. ધર્મનું પહેલું લક્ષણ દાન છે. વકતાએ બે ઈગરાયલી ભાઈઓની કથા કહીને દાન એ ધર્મનું પ્રથમ લક્ષણ કઈ રીતે છે તે દર્શાવ્યું છે. દાન, શીલ, તપ અને ભાવ એ ધર્મનાં ચાર દ્વાર ગણાવ્યા બાદ વકતાએ ધર્મનું ક્ષેત્ર પૂરેપૂરું ગ્રાહ્ય ન હોવાને કારણે એમાં તડાં પડતાં હોવાનું તથા તેમાંથી સંકુચિતતા ઉદ્ભવતી હોવાનું જણાવ્યું. તેમણે વધુમાં કહ્યું: "સંપ્રદાયમાં એકબીજા પ્રત્યે દ્વેષ, સ્વાર્થ સારું પક્ષાંતર વગેરે અનિષ્ટો ફેલાય છે. સાચો ધર્મ તે જ્ઞાન યોગના લક્ષણવાળો ધર્મ છે અને ધર્મમાંથી અધ્યાત્મ માર્ગ તરફ ગતિ થાય છે એમ કહીને બહિરાત્મા અંતરાત્મા અને પરમાત્મા આ ત્રણ ધર્મનાં સ્વરૂપ હોવાનું જણાવ્યા બાદ અધ્યાત્મ માર્ગ તરફ જવાનું કેવું મુશ્કેલ છે તે કહ્યું: માણસ આ સંસારમાંથી વિદાય લે છે ત્યારે બીજું કોઈ નહિ પણ ધર્મ તેની સાથે આવે છે, પણ વસ્તુ જીવન આખું ધર્મપ્રણીત હોય તો જ શકય છે એમ કહીને પોતાનું વ્યાખ્યાન સમાપ્ત કર્યું હતું.

જ્ઞાનસત્રનું છેલ્લું વ્યાખ્યાન પ્રાધ્યાપક તારાબહેન શાહે આપ્યું હતું. તેમના વ્યાખ્યાનનો વિષય હતો અનેકાન્તવાદ. તેમણે અનેકાન્તવાદ તત્ત્વતઃ શું છે તે પુરાણ કથાના દષ્ટાંતથી જ સમજાવ્યું.

તેમણે કહ્યું: "કોઈ પણ વસ્તુને અનેક અંતથી જોવી, તપાસવી અને પૂર્ણ જાગ્રત મનથી વિચારી તેનો તોલ બાંધવો તે અનેકાન્તવાદી દષ્ટિ છે. વસ્તુનું એકાન્ત દર્શન એ ખંડન દર્શન છે. ખંડ દર્શન વસ્તુને પૂર્ણતયા પામવામાં સહાયક નથી નીવડતું. અનેકાન્તવાદી દષ્ટિથી જોઈએ તો વસ્તુને પૂરેપૂરી પામી શકાય.

એ પછી વકતાએ સ્યાદ્‌વાદનો નિર્દેશ કરતાં કહ્યું: "કેટલુંક જાણવા મળ્યું છે, હજી ઘણું જાણવાનું બાકી છે, તેમ જે પરિસ્થિતિ જોઈ તે એક જ સાચી નથી, બીજી પરિસ્થિતિ સંભવિત હોઈ શકે છે. આ દષ્ટિ, આ અભિગમ તે સ્યાદ્‌વાદ છે. ભગવાન મહાવીરે તમામ વાદોનો સમન્વય કરીને પૂર્ણ દષ્ટિ ખીલવી.

ગુણધર્મી દષ્ટિ અને છિદ્રાન્વેલી દષ્ટિ વિશે લાભાલાભની દષ્ટિએ કહ્યા પછી પ્રાધ્યાપક તારાબહેને અનેકાન્તવાદની દષ્ટિએ થતો વિચાર તે ધાર્મિક કરતાં વૈજ્ઞાનિક વિશેષ છે એમ જણાવીને વધુમાં કહ્યું કે પ્રમાણ અને નય વડે વસ્તુનું સ્વરૂપ પમાય છે. પ્રમાણથી કોઈ પણ વસ્તુનું પૂર્ણ દર્શન થતું નથી. નયથી પણ આંશિક દર્શન જ શકય છે. એક વસ્તુને યથાર્થ સમજવા માટે નિશ્ચય નય અને વ્યવહાર નય બન્ને જરૂરી છે. નિશ્ચય નય તે સૂક્ષ્મ અનુભવ અને વ્યવહાર નય તે સ્થૂલ અનુભવનો પ્રેરક છે. જે કર્મ ચાલુ હોય અને પૂરું ન થયું હોય તે વ્યવહાર નય; જ્યારે જેટલું કર્મ થયું છે તેટલું જ પૂરું ગણવું તે નિશ્ચય નય છે. વકતાએ આ વસ્તુ દાખલો આપીને સમજાવ્યું કે નિશ્ચય નય એ કર્મણિ એવ તવ અધિકાર, કર્મ કરવાના જ અધિકારનું મહત્ત્વ દઢાવે છે. આ સિદ્ધાંતમાં મહત્ત્વની માનસશાસ્ત્રીય દષ્ટિનું પ્રવર્તન છે એમ કહીને વકતાએ સપ્તભંગીની સમજણ આપી. તેમણે કહ્યું કે પરસ્પર વિરોધી અભિપ્રાયોમાંથી સંવાદ કેવી રીતે પ્રગટાવવો તે અનેકાન્તવાદ શીખવે છે. સપ્તભંગી એ વસ્તુનું ન્યાયપૂર્ણ સાચું મૂલ્યાંકન કરવાની દષ્ટિ બક્ષે છે. સત્ય સિવાય બીજું કંઈ પણ શોધીએ તો ધર્મ રહેતો નથી આથી મધ્યસ્થ ભાવ ધારણ કરીને બીજાના વિચાર પણ તપાસવા એ હિતાવહ છે આપણે આપણા વિરોધીઓના વિચારનો પણ આદર કરવો જોઈએ એમ નથી થઈ શકતું તેનું કારણ આપણું અભિમાન છે.

કોઈને પણ સર્વથા ખોટા કહેવા તે વૈચારિક હિંસા થઈ. હું કહું છું તે જ સાચું છે અને કાયમને માટે સાચું છે એમ માનવું તે વૈચારિક પરિગ્રહ થયો. પ્રાધ્યાપક તારાબહેને દાખલાઓ આપીને આ વસ્તુ સ્પષ્ટ કરી અને અનેકાન્તવાદ કેવી રીતે શાંતિ સર્જે છે તે મહાભારતના એક પ્રસંગનું દષ્ટાન્ત આપીને સમજાવ્યું. તેમણે કહ્યું કે અનેકાન્તવાદ એ કામનો બોજો આનંદથી ઊંચકવાનો અવકાશ સર્જે છે. સાચું મૂલ્યાંકન કરતાં શીખવે છે. વિસંવાદમાંથી સંવાદ પ્રગટાવવાની કલાનો બોધ કરે છે અને અંગત સુખ જોવા કરતાં સમદષ્ટિના સુખનો વિચાર કરવાને ઉત્તેજે છે. ધર્મ ક્ષેત્રે અનેક વાડા પ્રવર્તે છે કારણ કે અનેકાન્તવાદ આજે માત્ર સિદ્ધાંત તરીકે ટકી રહ્યો છે, પરંતુ તે વ્યવહારમાં ઊતર્યો નથી.

શ્રી ચીમનભાઈએ બંને વ્યાખ્યાનોનો યોગ્ય ઉપસંહાર કર્યો હતો.

શ્રી જગદીશભાઈ કચરાએ આભારદર્શન કર્યા પછી જ્ઞાન-સત્રની પૂર્ણાહુતિ થઈ હતી.

★ કવિઓ કે લેખકોમાં દિવ્યબુધ્ધ હોય છે? ★

[] ક્રાન્તિ ભટ્ટ

ગોર્ડન રેટ્રે ટેયલર નામના લેખકે "ધી નેચરલ હિસ્ટ્રી ઓફ ધી માઈન્ડ" નામનાં પુસ્તકમાં મનની અદ્‌ભુત શક્તિઓ વિષે લખ્યું છે. તાજેતરમાં ગ્રાનાડા પબ્લિશ હાઉસે લંડનથી પ્રસિદ્ધ કરેલા આ પુસ્તકમાં એક સરસ વાત લખાઈ છે કે કવિઓ અને લેખકોને તેમની કાવ્યરચનામાં કોઈ ગૂઢ તત્ત્વ મદદ કરે છે. કોલેરીજ નામના કવિનો દાખલો આપીને લેખક કહે છે કે "કોલેરીજ જ્યારે 'એ ડે ડ્રીમ' નામની કવિતા લખતા હતા ત્યારે આંખો બંધ રાખવા છતાં તેમને કવિતાને લગતા શબ્દો સ્પષ્ટ દેખાતા હતા." એનરીડ બ્લાયટન નામના લેખક જે બાળકો માટેની વાર્તા લખતા હતા તેણે પિટર મેકકેલર નામના મનોવિજ્ઞાનીને એક કાગળ લખીને જણાવ્યું હતું કે "હું વાર્તા લખતાં પહેલાં મારી આંખો થોડો સમય બંધ કરી દઉં છું. મારી સામે ટાઈપરાઈટર હોય છે. મારા મનને હું એકદમ કોરૂકટ બનાવી દઉં છું અને પછી પ્રેરણાની રાહ જોઉં છું અને પછી... થોડી જ ક્ષણોમાં હું મારી વાર્તાના પાત્રોને જોઉં છું. આ પાત્રો મારી સામે જાણે ઊભા હોય છે. જાણે મારી સામે કોઈ બાનગી સિનેમા હોય અને પડદા ઉપર વાર્તાની ફિલ્મ જોતો હોય તેવું લાગે છે. મને ખબર હોતી નથી કે વાર્તા આગળ કેમ વધશે, પણ પછી હું વાર્તા લખવા માંડું છું. જાણે વાર્તા વાંચવાનું અને લખવાનું એક સાથે ચાલતું હોય. ઘણી વખત તો વાર્તાનું પાત્ર કોઈ ટૂચકો સંભળાવે છે તે સાંભળીને હું હસી પણ લઉં છું ... આ બધું શું છે?"

પોતે જે કાંઈ લખે છે તે કોઈ અગમ્ય સ્થળેથી સ્રોતની જેમ ઊતરી આવે છે તેવો અનુભવ ઘણા લેખકોને થાય છે. સ્ટીવનસન નામના લેખક કહે છે કે તે ઉંઘતા હોય છે ત્યારે તેની વાર્તાનો પ્લોટ ઘડાઈ જતો હોય છે. "એન એનોટોમી ઓફ ઈન્સપીરેશન" નામના પુસ્તકમાં રોઝામન્ડ હાર્ડિંગ નામની મહિલા લેખક કહે છે કે ડિકન્સને નવલકથા લખતાં પહેલાં વિચિત્ર અનુભવ થતો. કોઈ દિવ્યશક્તિ તેમને લખાણમાં મદદ કરતી હોય તેમ લાગે છે.

વિખ્યાત સાહિત્યકાર ઠાકરે પણ "રાઉન્ડ એબાઉટ પેપર્સ" નામના પુસ્તકમાં લખે છે કે "મારા પોતાનાં પાત્રો કંઈક અવલોકન કરે છે તેનાથી મને આશ્ચર્ય થાય છે. જાણે કોઈ ગૂઢશક્તિ મારી પેનને ચલાવતી હોય તેમ લાગે છે. કોઈ અદૃશ્ય વ્યક્તિ મને કંઈક કહેતી હોય છે અને હું એમને પૂછતો હોઉં છું—ડિકન્સને જે પ્રેરણા આપનારું બળ છે તે તમે જ છો?"

'મિલ્ટન' નામની કવિતા બ્લેક એ લખી ત્યારે તેમણે થોમસ બટસ નામના મિત્રને લખ્યું કે "આ કવિતા જાણે મને કોઈએ ડિકટેટ કરી હોય તેમ લખી નાખી છે. ઘણી વખત એક ધડાકે ૧૨ થી ૩૦ લાઈનો (પંક્તિઓ) એકસાથે લખાઈ જાય છે: આમાં મારે કાંઈ જ મંથન કરવું પડતું નથી અને મારી મરજી વિરુદ્ધ પણ કંઈ લખાતું નથી."

એ પછી ગેટે પણ પોતે મહાન બુદ્ધિપ્રતિભા (જિનિયસ) ધરાવતા હોવાની વાતને સ્વીકારતાં કહે છે કે તે કોઈ ઈશ્વરી બક્ષિસ છે. એમણે કહેલું કે તેમની બધી જ કવિતાઓ ઈશ્વરની બક્ષિસ રૂપે જ મગજમાં આવે છે. તેમણે બહુ સુંદર રીતે કહ્યું છે:—

"The songs made me,
and not I them."

અર્થાત્ કવિતાએ મને ઘડયો છે મેં કવિતાને ઘડી નથી. એપોલોએ "હાયપીરોન" નામનું ત્રીજું પુસ્તક લખ્યું ત્યારે કવિ કિટસને કહ્યું હતું કે એ પુસ્તકની કવિતા જાણે જાદુઈ રીતે રચાઈ હતી. જાણે કોઈએ તેને બક્ષિસમાં આપી હતી. એપોલોએ વધુમાં કિટસને કહેલું કે "મારા કાવ્યમાં જે સુંદર અભિવ્યક્તિ થયેલી તેની સુંદરતાની મને પછીથી ખબર પડી હતી. મને આખરે એમ જ લાગ્યું કે આ કવિતા મેં નથી લખી પણ બીજા કોઈએ લખી છે."

જ્યોર્જ ઈલિયટે આ બાબતમાં એક બહુ જ વિચિત્ર વાત કરી છે: "મારાં જે ઉત્કૃષ્ટ લખાણો છે તેમાંના મેં લખ્યા હોય તેમ મને લાગતું નથી. મને કોઈએ હાથ પકડીને બીજી વ્યક્તિએ લખાવ્યાં હોય તેવું લાગે છે. મારું વ્યક્તિતત્વ માત્ર તે લખાણોની અભિવ્યક્તિમાં નિમિત્ત જ બનેલું હતું. મને કોઈ સ્પિરિટ લખાવતું હોય તેમ લાગ્યું હતું." માત્ર લેખકો જ નહિ પણ એલગર જેવા સંગીતકારો પણ આ પ્રકારની લાગણી અનુભવતા હતા. "એ ક્રિસમસ કેરોલ" લખતી વખતે તે કૃતિ ઉપર ખૂબ રડયો હતો. પાછો હસવા માંડયો હતો અને ફરી પાછો રડવા માંડયો હતો. આ કૃતિથી તેને ભારે ઉત્તેજના થઈ હતી. જ્યારે આ કૃતિ લખાઈ ગઈ ત્યારે ઉત્તેજનામાં ડિકન્સ એટલું ચાલ્યા કે લંડનના તમામ લોકો સૂતા હતા ત્યારે તે ૧૫ થી ૨૦ માઈલ જેટલું ચાલી ગયા હતા.

એ પ્રકારે લોર્ડ કેલ્વીન, એડિસન અને આઈનસ્ટીન જેવા વિજ્ઞાનીઓને પણ દૈવી પ્રેરણાનો અનુભવ થયો છે. ડાર્વિન સાથે ઉત્ક્રાંતિનો સિદ્ધાંત શોધનારા આલ્ફ્રેડ વોલેસે કહેલું: "વિચારો અને માન્યતાઓ ચોક્કસપણે પોતાની મરજીથી આવતાં નથી. પણ વિચારો આવે છે અને તે ક્યારે આવે છે તેમ જ કેવી રીતે આવે છે તે અમે જાણતા નથી." ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી પોયનકેરે કહેલું કે "હું એક વખત કોઈ મેથેમેટિકલ કોયડા વિષે મૂંઝવણમાં હતો. એ પછી તેને ઉકેલવા માટે મારી પાસે સમય નહોતો. એક ભૂસ્તરશાસ્ત્રીની પરિષદમાં ભાગ લેવા હું નીકળી ગયો. મારી સફર દરમિયાન હું મારા કોયડાને ભૂલી ગયો એ પછી અમે પરિષદની જગ્યાએ પહોંચ્યા અને પગથિયું ચડતો હતો ત્યારે મને એકાએક કોયડાનો જવાબ મળી ગયો."

ગુજરાતી લેખકોને આવા અનુભવો થતા જ હશે. આ લોકો પોતાના અનુભવો 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને જણાવે તે આપણે દેશના લેખકો અને કવિઓના દિવ્ય અનુભવને જાણીએ.

(ધી નેચરલ હિસ્ટ્રી ઓફ ધી માઈન્ડ
લેખક: ગોર્ડન રેટ્રે ટેયલરના પુસ્તકના
એક પ્રકરણને આધારે

★ અભ્યાસ-વર્તુળ ★

તારીખ : ૯-૧-૧૯૮૨ : શનિવાર
સાંજના ૬-૧૫
વક્તા : શ્રી દોલતભાઈ ભી. દેસાઈ
વિષય : "કૂવે કહ્યું : તમે સ્પર્શ્યા અને હું ખીલ્યું."
સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ,
વનિતા વિશ્રામ સામે, પ્રાર્થનાસમાજ,
મુંબઈ ૪૦૦૦૦૪, ફોન : ૩૫૦૨૯૬

સુબોધભાઈ એમ. શાહ,
કન્વીનર : અભ્યાસ વર્તુળ

❋ દામ્પત્યભાવના ❋

[અમારા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહનાં પુત્રી ચિ. અમિતાના શુભલગ્ન પ્રસંગે આશીર્વાદ અને શુભેચ્છાના જે પત્રો આવ્યા છે તેમાંથી આ એક પત્ર 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરવાયોગ્ય લાગ્યો છે. –તંત્રી]

ગાંધીનગર,
૨૦-૧૨-૮૧

ચિ. અમિતાબેન,

चतुर्णाम् आश्रमाणाम् गृहस्थस्तु विशिष्यते–જીવનના ચારે આશ્રમોમાં સહુથી ચડિયાતા એવા ગૃહસ્થાશ્રમમાં આપ પ્રવેશો છો તે શુભ પ્રસંગે હું આપને અભિનંદન અને આશીર્વાદ પાઠવું છું.

હું એવી પણ આશિષ પાઠવું છું કે સ્વભાવના સુમેળ અને સનાતન સ્નેહથી તમે બંને સંસારમાં સ્વર્ગ ઉતારો કારણ કે,

अनुकुले हि दाम्पत्ये प्रतिकुलं न किञ्चन ।

લગ્નવિધિ વખતે જે સંસ્કૃત શ્લોક બોલવામાં આવ્યા હતા તેમાંના એકમાં પણ આવો જ ભાવાર્થ છે:

વર : હે સુમુખી, હું ઐશ્વર્ય, સુસંતતિ અને સૌભાગ્યની વૃદ્ધિ માટે તારો હાથ ગ્રહણ કરું છું. તું વૃદ્ધાવસ્થા સુધી મારી સાથે સુખપૂર્વક રહે. જગતને ઉત્પન્ન કરનાર પરમેશ્વર અને આ સભામંડપમાં ઉપસ્થિત વિદ્વાનો તથા વડીલો, ગૃહસ્થધર્મના પાલનઅર્થે તારો હાથ મારા હાથમાં સોંપે છે.

વધૂ : હે ભદ્રવીર, હું આપનો હાથ ગ્રહણ કરું છું. આપણે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી પ્રસન્ન અને અનુકૂળ રહીશું.

–એકબીજાને અનુકૂળ રહેવાની આ વાત તત્ત્વવેત્તા પ્લુટાર્ક પણ સરસ રીતે કહી છે:–

A good wife according to Plutarch, should be as a looking glass to represent her husband's face and passion; If he be pleasant.
She should be merry;
If he laughs
She should smile;
If he looks sad
She should participate.

બીજું, લગ્ન પ્રસંગે લગ્ન જીવન સુખમય બને તેવા સૌ આશીર્વાદ આપે છે અને તે વિશે બે મત નથી, પણ સુખ શોધવું ક્યાંથી?

સૌ સુખની શોધમાં દોડે છે તેમ તમે પણ રખે દોડતાં, તે તો તમારી પાસે જ છે. તમારા હૃદયમાં, તમારા પતિમાં, તમારા સંસારમાં, તમારા ઘરમાં જ છે. ત્યાંથી તમે સુખ નહિ મેળવી શકો તો બીજે ક્યાંયથી તે મળવાનું નથી અને સુખ મેળવવાની ચાવી સંતોષ છે; કારણ કે,

संतुष्ठो भार्यया भर्ता
भर्त्रा भार्या तथैव च ।
यस्मिन्नेव कुले नित्यं
कल्याणं तत्र वै ध्रुवम् ।

'લગ્ન' શબ્દ લગ્ ધાતુ ઉપરથી બન્યો છે. તેનો અર્થ જોડાવું તેવો થાય છે. સંસારમાં અનેક કાર્યોની સિદ્ધિ અર્થે આવું જોડાણ હોય છે. આ જોડાણ પવિત્ર અને શાશ્વત છે. તે માટે બધા ધર્મોમાં એક મત છે. ખ્રિસ્તી લગ્ન–પ્રાર્થનામાં નીચે મુજબની યાચના છે–

"To have and to hold from this day forward, for better, for worse, for richer, for poorer, in sickness, and in health, to love and to cherish, till death us do part."

આથી, સમજી શકાશે કે પતિપત્નીનો સંબંધ ઘણી ઉચ્ચ ભૂમિકાએ છે, એક રીતે તે અદ્વિતીય છે. આ સંબંધ મહાકવિ ભવભૂતિએ તેના પ્રખ્યાત નાટક "માલતિ-માધવ"માં નીચે મુજબ વર્ણવ્યો છે.

प्रेयो मित्रं बंधुता वा समग्रा
सर्वे कामाः शेवधिर्जीवितं वा ।
स्त्रीणां भर्ता धर्मदाराश्च पुंसा
मित्यन्योन्यं वत्सयोज्ञातमस्तु ।।

આનો અનુવાદ કરવો જરા આકરો છે–તોય–

મારા મિત્રોએ પરસ્પર યાદ રાખવું કે પત્નીમાં પતિનું અને પતિમાં સદ્‌ગુણી પત્નીનું સર્વસ્વ સમાયેલું છે–પ્રિય મિત્ર, એક રૂપ પામતા બધા સંબંધો, બધી મહેચ્છાઓની તૃપ્તિ, કિમતી ભંડાર ના–ના, જીવન પોતે જ, જેના વગર જીવી શકાય નહિ.

આથી વિશેષ શું લખું?
તમારો નિશ્ચય એક હજો,
તમારા હૃદય એક હજો,
તમારા વિચાર એક હજો,
જેથી તમારું જીવન આનંદમય થાય.
જીવનઉપવનમાં યથેચ્છ વિહરો.

એજ લિ.
ભાનુભાઈ પંડ્યા

❋ સંઘ સમાચાર ❋

પ્રેમળ-જ્યોતિ

* માનવમાત્રને દયાથી નહિ, દિલથી આવકારો.
* માનવસેવા એ જ પ્રભુસેવા.
* માનવી, માનવીને સહાય કરીને પોતાનો વિકાસ કરે છે
* માનવીને ઉભો કરવા માટે જરૂર છે:-
  પ્રેમ અને હુંફની
  દવા અને દાનની
  અનાજ અને કપડાંની
  તમારા પ્રેમાળ સ્મિતની.
* માનવો પ્રત્યે હમદર્દી- એ જ એક ટેકો છે.

"પ્રેમળ - જ્યોતિ"ના કાર્યના સુંદર આવકારથી અમે ધન્ય બન્યા છીએ. અનેક લોકો પ્રેમપૂર્વક રસ લઈ રહ્યા છે અને ભેટ રૂપે કંઈક યથાશક્તિ મોકલીને પોતાનો પ્રેમ આપી રહ્યા છે. પ્રેમળ જ્યોતિનું કાર્ય પ્રેમનો વિસ્તાર કરવાનું છે. પ્રેમ, કુટુંબ પૂરતો મર્યાદિત ન રહેતાં સમસ્ત તરફ પ્રગટે ત્યારે સર્જનમાં પરિણમે છે. આ સૃષ્ટિ પણ ઈશ્વરના પ્રેમનું સર્જન છે. આવી સર્જનાત્મક પ્રવૃત્તિમાં માનવીમાત્રનું યોગદાન આવશ્યક છે. ચાલો આપણે ચાલીએ,

'હાથ'માંથી "હૈયા'માં.

"હિપ્નોટીઝમદ્વારા દર્દચિકિત્સા"

શુક્રવાર, તા. ૮-૧-૮૨ ના રોજ "પ્રેમળ જ્યોતિ"ના આશ્રયે ડૉ. એન. વી. મોદ્રીનું "હિપ્નોટીઝમદ્વારા દર્દચિકિત્સા" એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન રાખવામાં આવેલ છે–એ સમયે આ વિષયને લગતી ટૂંકી ફિલ્મ પણ બતાવવામાં આવશે. રસશ ભાઈ–બહેનોને સમયસર ઉપસ્થિત થવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

નાના બાળકોને સાથે લાવવા નહિ.

–નીરૂબહેન શાહ,
કન્વીનર, પ્રેમળ જ્યોતિ

માંસ-ભક્ષણથી થતી હાનિ

લેખક : શ્રી ટી. ડેવિડ ☐ અનુ : ગુલાબ દેઢિયા

ખ્રિસ્તીઓના સેવન્થ ડે એડવેન્ટિસ્ટ ચર્ચે હવે પોતાની એકસો નેવું શાખાઓ દ્વારા માંસ-ભક્ષણ અને જાનવરોની હત્યાઓના વિરોધમાં આખી દુનિયામાં પોતાની વાત બુલંદ રીતે રજૂ કરી છે. આ ચર્ચના આશ્રયે ૪૬૫૦ શિક્ષણસંસ્થાઓ અને ૪૨૫ આરોગ્ય-ધામો, હોસ્પિટલો અને સ્વાસ્થ્ય સેવા કેન્દ્રો છે. પોતાની આ સંસ્થાઓ દ્વારા આ દેવળે ખૂબ સફળતાપૂર્વક માંસ-ભક્ષણથી થનાર નુકસાનની જ વાત લોકો સુધી પહોંચાડી છે. એના પ્રચાર-પ્રસારમાં પણ અમૂલ્ય યોગદાન આપ્યું છે. તદુપરાંત માદક દ્રવ્યોનું સેવન ન કરવું, કોઈ પણ રૂપે તમાકુનું સેવન ન કરવું, ચા-કૉફીનું સેવન પણ ન કરવું - ઇત્યાદિ ભલામણો તે પણ આ દેવળના સ્વાસ્થ્ય અંગેના વિચાર અને મંતવ્યના એક ભાગરૂપ છે. આપણે માટે આ માત્ર કોઈ એક સિદ્ધાંત, દર્શન કે તત્ત્વજ્ઞાનની વાત નથી, એ અંતરાત્માની પુકાર અને વિશ્વાસ છે, કારણકે મનુષ્યનો દેહ તે ભગવાનનું પવિત્ર મંદિર છે.

ભોજનની પ્રાપ્તિના હેતુથી જાનવરોનો વધ કરવો એ બાબતે કેવળ ધાર્મિક, સામાજિક, માનસિક અને વાતાવરણ સંબંધી પ્રદૂષણ જ નથી ફેલાવ્યું બલ્કે સ્વાસ્થ્યને પણ ખૂબ નુકસાન પહોંચાડ્યું છે. માંસ-ભક્ષણ, સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. ખોરાકને કારણે શરીર ઉપર પડતો કોઈ પણ પ્રકારનો પ્રભાવ મસ્તક અને અંતરાત્માને પણ સ્પર્શ્યા વગર નથી છોડતો. પ્રાણીઓની હત્યા માટેની ક્રૂરતા વિશે વિચાર કરો; એની તે વખતે પ્રાણીઓ ઉપર થતી અસર વિશે વિચાર કરો. જાનવરોના માંસ-ભક્ષણની પ્રવૃત્તિને કારણે મનુષ્યના ચિત્તમાં ક્રૂરતા પેદા થાય છે. આ ક્રૂરતા સહજ દયા અને કોમળતાને નષ્ટ કરી નાખે છે. જાનવરોની હત્યા વખતનું દૃશ્ય ભયાનક હોય છે. જ્યારે કસાઈનો છરો જાનવરોના ગળા પર ફરે છે ત્યારે ભયંકર વેદનાથી તેઓ ચીસ પાડે છે; તેઓ તડફડે છે. જેમ જેમ લોહી વહેતું જાય છે તેમ તેમ રીબાય છે. જીવતા જીવની ચામડી અને માંસ નિર્દયતાથી અલગ કરી દેવામાં આવે છે. આ બધી હત્યાઓ થાય છે મનુષ્યની ક્ષુધાશાંતિ અને સ્વાદલોલુપતા માટે.

થોડા જાનવરોને તો કતલખાનામાં લાવવામાં આવે ત્યારે જ મૃત્યુનો આભાસ થઈ જાય છે. તેને કારણે તેઓ ક્રોધી અથવા પાગલ બની જાય છે. તેઓ ગભરાય છે અને ભાગવા લાગ છે, એથી એમનું માંસ ઝેરી બની જાય છે. એવું માંસ ખાવાથી મનુષ્યમાં તાણ, સન્નિપાત કે આકસ્મિક મૃત્યુ જેવા રોગ થાય છે. આ બધું થવા છતાં માંસાહારી માણસો માનવા તૈયાર નથી કે આ બધું માંસ-ભક્ષણથી થાય છે.

માંસ-ભક્ષણથી એક બાજુ મનુષ્યની પાશવતા વધતી જાય છે તેમ બીજી બાજુ બુદ્ધિથી તે હિન થતો જાય છે. માંસ-ભક્ષણ ઉત્તેજના વધારે છે, નૈતિકતા અને મનોબળને ક્ષીણ કરી નાખે છે. માંસ-ભક્ષકનું મસ્તક વિચારવામાં ક્ષીણ બનતું જાય છે. હમણાં હમણાં જાનવરોમાં બીમારીઓ ઘણી વધતી રહી છે. જાનવરોને જુદા જુદા પ્રકારની બસ્સો બીમારી થાય છે. તેમાંથી સો જેટલી તો તેનું માંસ ખાનારને પણ થાય છે. કેન્સર, ટ્યૂમર જેવી બીમારી એનાં ઉદાહરણ રૂપે છે.

એવી જાણકારી પણ મળી છે કે ગાયના ગળા, કાંધ કે પેટ પાસે જે ગાંઠ હોય છે તેને કેન્સર જેવી બીમારીએ ઘેરી લીધી હોય છે. કલકત્તાથી પ્રસિદ્ધ થતા 'સ્ટેટમેન' નામના અખબારે પોતાના ૧૬ માર્ચ, ૧૯૬૩ના અંકમાં લખ્યું હતું કે 'કલકત્તામાં દરરોજ કતલ થતાં ૬૦ હજાર ઘેટાંબકરાંમાંથી માત્ર દશ ટકા જ કોરપોરેશનના સરકારી કતલખાનામાં મારવામાં આવે છે. બાકીના નેવું ટકા કોઈ પણ પ્રકારની શારીરિક તપાસ વગર ગેરકાનૂની રીતે મારવામાં આવે છે.' જેવું કલકત્તામાં બને છે તેવું ભારતમાં અન્યત્ર પણ બનતું હશે. વળી, એવું પણ બને છે કે, માંસ પરીક્ષક કેન્સરવાળી ગાંઠને દૂર કરી બાકીનું માંસ વેચવાની છૂટ આપે છે.

વળી, પ્રાણીઓનું માંસ ખાનારાઓને કૃમિનો રોગ થાય છે. આ કૃમિ મનુષ્યના આંતરડામાં રહે છે અને પોતાની પૂંછડીવાળા ભાગને હમેશાં પોતાનાથી અલગ કરતા રહે છે. આ ભાગમાં તેના ઘણા ઈંડાં હોય છે. એ ઈંડાં મળોત્સર્ગ સાથે બહાર નીકળતાં રહે છે. ગામડાંઓમાં મળના સુકાઈ જવાથી આ ઈંડાં આસપાસના ઘાસ પર ફેલાઈ જાય છે. ગાયો વગેરે પ્રાણીઓ એ ઘાસ ખાય છે એથી એના પેટમાં જતાં જ એ કૃમિઓ નાના નાના જંતુઓનું રૂપ ધારણ કરી લે છે. પછી એ જંતુઓ પ્રાણીઓની માંસ-પેશીઓમાં અને લોહીમાં ભળી જાય છે. ત્યાં થોડો વખત આ જીવાણુઓ શિથિલ પડયાં રહે છે. જો આ સ્થિતિમાં એ પ્રાણીઓનું માંસ ખાવામાં આવે તો એના આ જીવાણુઓ મનુષ્યના આંતરડામાં અડ્ડો જમાવે છે. આ જીવાણુઓ વર્ષો સુધી આંતરડાની અંદર ખોરાક ખાઈ જઈને મનુષ્યની શક્તિ અને સ્વાસ્થ્યને હાનિ પહોંચાડે છે. આવા કૃમિઓથી માણસ મરી નથી જતો પણ રોગગ્રસ્ત જરૂર બની જાય છે.

ઘેટાં-બકરાંના લીવર અને ફેફસામાં પાણી જેવો એક પદાર્થ (Cysts) હોય છે, જે પ્રાણીઓને કષ્ટ આપ્યા કરે છે. આ પદાર્થવાળું માંસ ખાવામાં આવી જાય તો તે મનુષ્યના શરીરના અવયવોને ખૂબ નુકસાનકારક પુરવાર થાય છે.

થોડાં વર્ષ પહેલાં લંડનની એક ઈન્સ્યુરન્સ કંપનીએ શાકાહારી-ઓના વીમા માટે ૬ ટકા વળતર માટે પ્રસ્તાવ મૂકયો હતો, કારણ કે તેમનું માનવું હતું કે માંસાહારીઓ કરતાં શાકાહારીઓ સ્વસ્થ અને દીર્ઘાયુ હોય છે. માંસ-ભક્ષણથી કોઈ સંતોષ નથી મળતો, પણ દર્દ, પરેશાની અને કયારેક મૃત્યુ મળે છે.

માંસ ખાવાથી થતા નુકસાન તરફ લોકોનું ધ્યાન ખેંચવા માટે વિવિધ માધ્યમોદ્વારા પ્રચાર કરવાની જરૂર છે. એમ કરવાથી જ આપણે એક સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકીશું અને ભારતની ગ્રામીણ સંપત્તિને બચાવી શકીશું.

('જૈન જગત'માંથી સાભાર)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત

"વિદ્યાસત્ર"

વિદ્યાસત્રનું આ છઠ્ઠું વર્ષ છે. તેનો કાર્યક્રમ નીચે પ્રમાણે નક્કી થયેલ છે. તો સર્વ રસશ ભાઈ-બહેનોને સમયસર ઉપસ્થિત થવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

વકતા : શ્રી મનુભાઈ પંચોળી (દર્શક)
(ગુજરાત સાહિત્ય પરિષદના પ્રમુખ)
વિષય : "કેળવણી-વિચાર"
ઉપરોકત વિષય ઉપર ત્રણ વ્યાખ્યાનો
(૧) પ્લેટો
(૨) રૂસો
(૩) ગાંધીવિચાર અને કેળવણી
સ્થળ : તાતા ઓડિટોરિયમ, બોમ્બે હાઉસ, મૂલ્સ સ્ટ્રીટ, મુંબઈ : ૪૦૦૦૦૧
દિવસ અને સમય : સોમ-મંગળ-બુધ
તા. ૧૮-૧૯-૨૦ જાન્યુઆરી ૧૯૮૨.
રોજ સાંજના ૬-૦૦ વાગે
પ્રમુખ: ડો. રમણલાલ ચી. શાહ

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ,

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૫ : અંક : ૧૮

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧૬ જાન્યુઆરી, ૧૯૮૨, શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫ : પરદેશ માટે શિલિંગ ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
છૂટક નકલ રૂા. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

☆ અંતુલે પ્રકરણનો બોધપાઠ ☆

[] ચીમનલાલ ચકુભાઈ શાહ

જસ્ટિસ લેન્ટિનના ચુકાદાથી અંતુલે પ્રકરણનો અંત નથી આવતો, પણ શરૂઆત થાય છે. અંતુલે પ્રકરણ અંતુલે પૂરતું મર્યાદિત નથી. અંતુલે નિમિત્ત છે અથવા પ્રતીક છે. એક અંતુલે નથી. રાજ્યે રાજ્યે અંતુલેઓ છે. અંતુલેએ ટ્રસ્ટો રચી કરોડો રૂપિયાનાં "દાન" લીધાં એ હકીકતો બહાર આવી ત્યારે કોંગ્રેસ(આઈ) અને તેના પ્રમુખ શ્રીમતી ગાંધીએ તાત્કાલિક પગલાં લીધાં હોત અને અંતુલેને છૂટા કર્યા હોત તો કદાચ તે વાતનો ત્યાં અંત આવત, પણ કોંગ્રેસ (આઈ) અને શ્રીમતી ગાંધીએ અંતુલેનો જોરદાર બચાવ કરવાનું પસંદ કર્યું. મહારાષ્ટ્ર વિધાનસભાના કોંગ્રેસ (આઈ) પક્ષે અંતુલેમાં પોતાનો વિશ્વાસ જાહેર કર્યો અને અંતુલેને મુખ્યમંત્રી તરીકે ચાલુ રાખવા જોઈએ એવો આગ્રહ રાખ્યો અને તે માટે કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ સમક્ષ ડેપ્યુટેશનો લઈ ગયાં. જે હકીકતો બહાર આવી હતી તે ઉપરથી અંતુલેએ કેટલું ખોટું કર્યું છે તે દીવા જેવું સ્પષ્ટ હતું. જરૂર લાગે તો શ્રીમતી ઈન્દિરા ગાંધી વધારે તપાસ કરી શકતાં હતાં. પણ આ જવાબદારી તેમણે કોર્ટ ઉપર નાખવાનો માર્ગ લીધો. કોર્ટમાં કેસ થયો તે અકસ્માત હતો. કેસ ન થયો હોત તો કાંઈ પગલાં ન લેત? આ પ્રશ્ન રાજકીય અને નૈતિક હતો, જાહેરજીવનની શુદ્ધતાનો હતો, માત્ર કાયદાનો ન હતો. કોર્ટ તેની સમક્ષ રજૂ થયેલ પુરાવાને આધારે જ નિર્ણય આપી શકે. પુરાવા રજૂ થયા ન હોય અથવા પૂરતા ન હોય તો કોર્ટ નાઈલાજ છે. સદ્‌ભાગ્યે આ કેસમાં મૃણાલ ગોરે અને બીજાંઓ જેમણે અરજી કરી હતી તેમણે અથાક પરિશ્રમ લઈ પુરાવાઓ એકઠા કર્યા, તેમના વકીલોએ માનદ્‌ સેવા આપી અને સૌથી અગત્યનું, જજે આ પુરાવાઓ પૂરતા છે એમ સ્વીકારી હિંમતથી ચુકાદો આપ્યો. કોઈ જજને આ પુરાવાઓ પૂરતા લાગ્યા ન હોત અને તેથી અરજીનો અસ્વીકાર કર્યો હોત તો કોંગ્રેસ અને શ્રીમતી ગાંધી તેને અંતુલેનો વિજય માનત?

જસ્ટિસ લેન્ટિનનો ચુકાદો માત્ર અંતુલે સામે નથી. મહારાષ્ટ્ર વિધાનસભાના કોંગ્રેસના દરેક સભ્ય અને કોંગ્રેસ(આઈ.) પક્ષ જેમણે અંતુલેનો બચાવ કર્યો તે દરેકની સામે છે. મહારાષ્ટ્રની આ વિધાનસભાનું વિસર્જન થવું જોઈએ. આવા ધારાસભ્યો શાસન કરે તે નીભાવી ન લેવાય. બીજી-યોગ્ય વ્યક્તિઓની ચૂંટણી કરવાની પ્રજાને તક મળવી જોઈએ. અંતુલે રાજીનામું આપે તેટલું પૂરતું નથી. શ્રીમતી ઈન્દિરા ગાંધીએ કહ્યું હતું કે અંતુલેને પ્રજાનો ટેકો છે. છતાં જો તેમણે રાજીનામું આપવું પડતું હોય તો વિધાનસભાનો દરેક સભ્ય જેણે અંતુલેને ટેકો આપ્યો, તેમણે પણ રાજીનામું આપવું જોઈએ. અંતુલેએ જે કર્યું તે છૂપું ન હતું. અંતુલેએ ભ્રષ્ટાચાર પોતાના પક્ષના મોટાભાગના વિધાનસભ્યો સુધી પહોંચાડ્યો છે. દરેકને "જીતી" લીધા છે. અંતુલેએ રાજ્ય કરવાની એક નવી પદ્ધતિ જ અખત્યાર કરી છે. અમલદારોને હડધૂત કર્યા છે. ન્યાયમૂર્તિઓને નીચા પાડ્યા છે, ન્યાયતંત્ર અને વર્તમાનપત્રોની સામે આક્રમણ કર્યું છે. આવી પદ્ધતિ માત્ર અંતુલેએ જ અખત્યાર કરી છે તેમ નથી, અંતુલે વધારે સાહસિક અથવા બેપરવા હતા એટલે ઉઘાડેછોગ કર્યું છે, પણ કોંગ્રેસ શાસન નીચેનાં બીજાં રાજ્યો—બિહાર, કર્ણાટક, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને ખુદ કેન્દ્રમાં વધતેઓછે અંશે આવા જ હાલ છે.

વોટરગેટનું કૌભાંડ નિક્સન અને તેના સાથીઓ પૂરતું હતું. તેને કોઈ રાજકીય પક્ષનું બળ કે બચાવ ન હતો. અંતુલેના બચાવમાં કોંગ્રેસ પક્ષ હતો. અંતુલેની બરતરફી કોંગ્રેસ પક્ષની નામોશી છે.

અંતુલેએ કરોડો રૂપિયા ભેગા કર્યા છે તેનું હવે શું થશે? તેનો કબજો કે વહીવટ સીધી કે આડકતરી રીતે અંતુલેના હસ્તક રહી શકે જ નહિ. કોંગ્રેસ પક્ષના કોઈ સભ્ય હસ્તક રહેવો ન જોઈએ. સરકાર તેનો વહીવટ સંભાળે તે પણ યોગ્ય નથી. પ્રજાના પ્રતિષ્ઠિત નાગરિકોને સુપરત થવો જોઈએ. "દાતા"ઓને પાછા આપવાનો પ્રશ્ન નથી. તેમણે પ્રજાના ભોગે પૂરો લાભ ઉઠાવ્યો છે. તેઓ ભ્રષ્ટાચારમાં ભાગીદાર હતા. તેમની દયા ખાવાથી જરૂર નથી.

અંતુલેના રાજીનામાને મેં અંતુલે પ્રકરણની શરૂઆત કહી છે. અંતુલે પ્રકરણ એટલે આપણા જાહેરજીવનમાં, ખાસ કરી રાજ્યકર્તાઓના સત્તાના દુરૂપયોગથી વ્યાપેલ ભ્રષ્ટાચાર. તેને ડામવાનો સમય આવી પહોંચ્યો છે. હવે હદ થઈ છે. પ્રજા જાગૃતિ એટલી થવી જોઈએ કે આવો ભ્રષ્ટાચાર સહન ન થાય, ટકે નહિ. પ્રજાનો આત્મા જાગી ઉઠવો જોઈએ. આમાં રાજકર્તા પક્ષની અને શ્રીમતી ઈન્દિરા ગાંધીની મોટી જવાબદારી છે. બરફના પર્વતનું ટોપકું દેખાયું છે, જ્વાળામુખીનો લાવારસ બહાર આવ્યો છે. ચારે તરફ સત્તાના દુરૂપયોગથી વ્યાપેલ ભ્રષ્ટાચારથી શ્રીમતી ઈન્દિરા ગાંધી અપરિચિત નથી. કદાચ આપણે જાણતા હોઈએ તે કરતાં વધારે જાણે છે. જસ્ટિસ લેન્ટિનનો ચુકાદો માત્ર ચેતવણી છે, પણ તે નહિ સાંભળીએ તો વિનાશ છે. પ્રજાના બધા વર્ગો માટે આ ચેતવણી છે. ભ્રષ્ટાચાર આપણી નસેનસમાં વ્યાપી ગયો છે, તે ઝેર નીચોવવાનો અને નૈતિક મૂલ્યોની થોડે અંશે પણ પ્રતિષ્ઠા કરવાનો સમય આવી પહોંચ્યો છે. હવે ગંભીરતાથી તેની શરૂઆત થવી જોઈએ. એકલા અંતુલેને હટાવવાથી સાર્થકતા નથી. એ રીતે અંતુલે માત્ર એક નિમિત્ત કે પ્રતીક છે. જાહેર જીવનને શુદ્ધ કરવાનું એ રસાયણ બનવું જોઈએ.

જસ્ટિસ લેન્ટિનનો ચુકાદો ન્યાયતંત્ર માટે યશકલગી છે. આ દેશમાં હજી વડા પ્રધાન કે મુખ્ય મંત્રી સામે નિડરતાથી નિર્ણય આપી શકાય છે તે આપણું ગૌરવ છે. લોકશાહી માત્ર મતાધિકારમાં સમાઈ જતી નથી. કાયદાનું શાસન, એટલે કે વડા પ્રધાન અથવા મુખ્યમંત્રી પણ કાયદાને આધીન છે, મનસ્વીપણે વર્તી શકતા નથી. પ્રજાને ન્યાયતંત્રનું રક્ષણ, ન્યાયતંત્ર સ્વતંત્ર અને નિડર અને સૌથી વિશેષ વાણી સ્વાતંત્ર્ય, આ બધું હોય તેમાં સાચી લોકશાહી છે.

Rule of law, Independence of the Judiciary and freedom of speech are the essences of democracy.

આ લક્ષણો હજી મહદંશે આપણે ત્યાં જીવંત છે. તેના ઉપર આક્રમણ થઈ રહ્યું હતું. અંતુલે પ્રકરણ આપણને જાગ્રત કરે તો અંતુલેએ પ્રજાની અજાણપણે પણ સેવા કરી લેખાશે.

સરકાર અને ન્યાયતંત્ર

☐ ચીમનલાલ ચકુભાઇ શાહ

આ વિષય ઉપર થોડા સમય પહેલાં મેં એક લેખ લખ્યો હતો. તેમાં ફરિયાદ કરી હતી કે વરિષ્ઠ અદાલતોના ન્યાયમૂર્તિઓ ઉપર અંકુશો મૂકવા અથવા તેમને દમણમાં રાખવા સરકાર કેટલીક યુક્તિઓ અજમાવે છે. આમાં બે બાબત મુખ્ય હતી: ન્યાયમૂર્તિઓની ફેરબદલી અને વધારાના ન્યાયમૂર્તિઓને, સામાન્ય નિયમ પ્રમાણે બનતું આવ્યું છે તેમ, કાયમ ન કરતાં, છૂટા કરે છે અથવા બહુ ટૂંકા સમય માટે છેલ્લી ઘડીએ મુદત વધારી સંશયમાં રાખે છે. એક ત્રીજા મુદ્દાનો પણ ઉલ્લેખ કર્યો હતો. કાયદાપ્રધાન શ્રી શિવશંકરે એક પરિપત્ર મારફત, વધારાના ન્યાયમૂર્તિઓ પાસેથી લેખિત બાંયેધરી માગી હતી કે તેમની ફેરબદલી કરવામાં આવે તો તેનો સ્વીકાર કરશે. આ પરિપત્ર પાછળ એવો આશય હોવાનો આરોપ હતો કે જે વધારાના ન્યાયમૂર્તિઓ આવી બાંયેધરી ન આપે તેમની મુદત પૂરી થતાં છૂટા કરવામાં આવશે. આ બધા મુદ્દાઓથી સરકાર-ન્યાયતંત્રની સ્વતંત્રતા ઉપર આક્રમણ કરે છે એવી સરકારની આકરી ટીકા વકીલ મંડળોએ કરી હતી અને આ ત્રણે મુદ્દાઓને પડકારતી રિટ અરજીઓ આગેવાન વકીલોએ કરી હતી. આ રિટ અરજીઓની સુનાવણી લગભગ ત્રણ મહિના સુધી ચાલી. મિ. સીરવાઈ અને અન્ય વકીલોએ કાંઈ પણ ફી લીધા વિના આ કેસોમાં પોતાની સેવા આપી. ૭ જજની બનેલી સુપ્રીમ કોર્ટની ખાસ બેન્ચના ચુકાદાની આતુરતાથી રાહ જોવાતી હતી. એવી આશા હતી કે ન્યાયતંત્રની સ્વતંત્રતાની બુલંદ અવાજે સુપ્રીમ કોર્ટ ઘોષણા કરશે અને એક ઐતિહાસિક ચુકાદો મળશે. આ ચુકાદો ૩૦મી ડિસેમ્બરે આવ્યો. અસાધારણ ગણાય તેમ, સાતે જજોએ જુદાં જુદાં જજમેન્ટ આપ્યાં. ૨૦૦ થી ૩૦૦ પાનાનાં એવા કુલ ૧૫૦૦ પાનાનું પણ છેવટ એમ લાગ્યું કે ખોદ્યો ડુંગર અને કાઢ્યો ઉંદર.

મેં આ જજમેન્ટો હજી વાંચ્યા નથી કારણ કે મળ્યાં નથી, પણ વર્તમાનપત્રોમાં વિસ્તૃત અહેવાલો આવ્યા છે અને તેનો સાર જાહેર થયો છે. એટલે તેને મૂલવતાં બહુ ભૂલ થવાનો સંભવ નથી.

ત્રણે મુખ્ય મુદ્દાઓમાં અંતિમ ચુકાદો સરકારની તરફેણમાં રહ્યો છે. એટલે વર્તમાન સરકાર ન્યાયતંત્રની સ્વતંત્રતા છીનવી લેવા અથવા ન્યૂન કરવા પ્રયત્ન કરે છે એવી ફરિયાદ સરકાર સામે થઈ શકે તેમ નથી, કારણકે સર્વોચ્ચ અદાલતે જ સરકારના નિર્ણયોને બંધારણીય હોવાનું જાહેર કર્યું છે. આટલું જ હોત તો કદાચ ચુકાદા વિષે અસંતોષનું કારણ ન રહેત અને એમ માનવું પડત કે સરકારના નિર્ણયો બંધારણીય અને વાજબી છે. પણ દુર્ભાગ્યે આ દરેક મુદ્દા ઉપર સુપ્રીમ કોર્ટનો ચુકાદો ૪ વિરુદ્ધ ૩ મતનો રહ્યો છે. એટલે એમ કહેવું પડે કે એક જ જજે આ ચુકાદો આપ્યો છે અને જજો વચ્ચે તીવ્ર મતભેદ છે. તેથી આ ચુકાદાની યોગ્યતા અથવા કાયદેસરતા વિષે સંશય રહે. સામાન્ય માણસ મૂંઝવણમાં પડે કે સાચું અથવા ન્યાયી શું હશે અને સર્વોચ્ચ અદાલતમાં અગત્યના મુદ્દાઓ ઉપર આવા હાલ હોય ત્યારે ખેદ થાય. આ ચુકાદામાં બીજું એક નવીન અને વિસ્મયકારક તત્ત્વ જોવા મળે છે. સાત જજોમાં બે ભાગ પડી ગયા. ત્રણ જજ એક તરફ અને બીજા ત્રણ જજ બીજી તરફ અને દરેક મુદ્દામાં આ ત્રણની, બે પાંખો, સામસામી જ રહી છે. માત્ર એક જજ ત્રણે મુદ્દા ઉપર સરકાર તરફનો મત ધરાવતા હોવાથી ત્રણે મુદ્દામાં સરકાર તરફનો ચુકાદો આવ્યો. એમ જ લાગે કે જે ત્રણ ત્રણ જજોના બે વિભાગ થયા તેમાંના કોઈ એક પણ મુદ્દા ઉપર બીજા જજ સાથે સંમત ન થવું એવા કૃતનિશ્ચયી હતા. આવી પરિસ્થિતિમાં લોકો મૂંઝવણમાં પડે અને સુપ્રીમ કોર્ટની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેમાં આશ્ચર્ય નથી.

બીજી આશ્ચર્યજનક ઘટના એ છે કે ચાર જજોનો જ્યાં અંતિમ નિર્ણય એક જ છે અને સામે ત્રણ જજો પણ એક છે છતાં દરેકે જુદાં જજમેન્ટ લખ્યાં. દા.ત. જે ચાર જજ એકમત હતા તેમના વતી એક જજ અને જે ત્રણ એકમત હતા તેમના વતી એક જજ, જજમેન્ટ લખી શકત. ચારે અથવા ત્રણે જોઈ જાય, જરૂર લાગે ત્યાં સાથે મળી ભાષામાં કે રજૂઆતમાં ફેરફાર કરે, પણ દરેક જજ જ્યારે પોતાના નિર્ણય માટે જુદા જુદા કારણો આપે ત્યારે છેવટે આ ચુકાદાનું તારતમ્ય કાઢવું લગભગ અશક્ય થઈ પડે અને ભવિષ્યમાં વકીલોને ઠીક લાગે તેમ દરેક જજના ચુકાદામાંથી મનફાવતા ફકરા ટાંકે. આપણી કોર્ટ પૂર્વના ચુકાદાઓથી પ્રતિબદ્ધ છે. એટલે અમુક ચુકાદાનો શું અર્થ કરવો તેના ચૂંથણાં થાય.

પણ સુપ્રીમ કોર્ટ માટે આ નવું નથી. પહેલા પણ અતિ અગત્યના ચુકાદાઓ – ગોલકનાથ કે કેશવાનંદ ભારતીના કેસમાં વિભાજીત રહ્યા છે અને એક મતે બહુમતી ચુકાદો સ્વીકારવો પડ્યો છે. કાયદાનું અર્થઘટન કરવામાં સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓમાં પણ આવા તીવ્ર મતભેદો હોય તો કાં તો કાયદો સ્પષ્ટ નથી અથવા આપણે સમજી શકતા નથી અથવા જજો પોતે એકબીજાને સમજાવી શકતા નથી અને દરેક પોતાના મતને વળગી રહે છે.

ચુકાદાની રીત વિષે આટલું કહ્યા પછી હવે ચુકાદો શું છે તે જોઈએ. કોઈ જજની ફેરબદલી કરવામાં તે જજની સંમતિની જરૂર નથી તેવો અભિપ્રાય આ પહેલાં સુપ્રીમ કોર્ટે આપ્યો હતો. જજની ફેરબદલી તેને કોઈ વખત શિક્ષા કરવા જેવું થાય અને તેની લટકતી તલવાર માથા ઉપર હોય ત્યારે અજાણ્યે પણ સાવચેતીભર્યું વલણ અંગીકાર કરવાનું મન થાય. છતાં બંધારણનો આવો અર્થ હોય તો અત્યારે સ્વીકારવો જ રહ્યો. જો કે તે વિષે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજો વચ્ચે તીવ્ર મતભેદ છે.

પણ સિદ્ધાંતની વાત એક બાજુ રાખી, જે જજના કેસમાં આ મુદ્દો ઉપસ્થિત થયો તે જસ્ટિસ કુમારનો કિસ્સો અને સુપ્રીમકોર્ટનો ચુકાદો, વિચાર કરતા કરી મૂકે તેવો છે. વધારાના જજ તરીકે તેમની નિમણૂંક કરી ત્યારે તેમની લાયકાત વિષે પૂરી તપાસ થઈ જ હશે. તેમના કાયમ કરવાના મુદ્દા ઉપર દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ વચ્ચે ઉગ્ર મતભેદ હતો. સરકારે, કદાચ તે તેને ફાવતું હશે એટલે, દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસનો મત સ્વીકાર્યો. આમ કરવામાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચાડ્યો પણ આ હકીકત આ કેસમાં જાહેર થઈ અને તેના ઉપર સુપ્રીમ કોર્ટે મહોર મારી અને તેમાં પણ જસ્ટીસ ભગવતીએ કહ્યું કે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસનો અભિપ્રાય અંતિમ હોવો જોઈએ એવું કોઈ બંધન નથી, ત્યારે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસપદને કેટલે નીચું ઉતાર્યું. અધૂરામાં પૂરું, આ ચુકાદામાં પણ ચાર જજ એક તરફ અને ત્રણ જજ સામા પક્ષે.

તેવું જ પટના હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ફેરબદલીની બાબતમાં ચાર જજોએ કહ્યું વાજબી છે અને ત્રણ જજોએ કહ્યું ગેરવાજબી છે.

કાયદા પ્રધાનના સરકયુલર બાબતમાં પણ ચાર જજોને તેમાં કાંઈ ખોટું જણાયું નથી, ત્રણ જજોએ તેને ગેરબંધારણીય ગણ્યો.

આ ચુકાદાનું પરિણામ શું આવે? ફેરબદલીની તલવાર લટકતી

હોય અથવા વધારાના જજ તરીકે નિમણૂંક થાય ત્યારે કાયમ થવા વિશે શંકા હોય તો જજ થવાનું કોને મન થાય?

મારે એટલું ઉમેરવું જોઈએ કે શ્રી સીરવાઈ આ ચુકાદા વિષે એટલા નિરાશ નથી. મને તેમણે કહ્યું—અને તેઓ આ ૧૫૦૦ વાંચી ગયા છે—કે અંતિમ નિર્ણય સરકારની તરફેણમાં હોવા છતાં, જજોએ ભવિષ્ય માટે માર્ગદર્શક સૂચનાઓ આપી છે કે જેથી આવી સત્તાનો દુરૂપયોગ ન થાય. સરકાર આ સૂચનાઓનું પાલન કરે અને જે ભાવથી તે સૂચનાઓ આપાઈ છે તેનું હાર્દ જાળવી રાખે તો બહુ હાનિ થવા સંભવ નથી. મિ. સીરવાઈ આ વિષયે રોટરી ક્લબ સમક્ષ એક પ્રવચન કરવાના છે જ્યારે તેમનો અભિપ્રાય સમજાવશે.

આપણે આશા રાખીએ કે શ્રી સીરવાઈનો આશાવાદ સફળ થાય.

પણ સુપ્રીમ કોર્ટના જજોના વિભાજીત મતોની પરંપરા અત્યારે છે તેમ ચાલુ રહે તો જરૂર ચિન્તાનું કારણ છે.

આ ચુકાદામાં એક આશા-કિરણ છે. રિટ અરજીઓ ભી. તારકુંડે અને બીજા વકીલોએ કરી હતી. સરકારની દલીલ હતી કે તેમને આ બાબતમાં અંગત રીતે કાંઇ લાગનુંવળગનું નથી અને તેથી રિટ અરજી કરવાનો તેમને અધિકાર નથી. સાતે જજોએ ઠરાવ્યું છે કે જાહેર હિતમાં કોઇ પણ નાગરિક સુપ્રીમ કોર્ટને અરજી કરી શકે છે. આમજનતાના પ્રશ્નોની લડત માટે સેવાભાવી વ્યકિત કે સંસ્થા માટે કોર્ટના દ્વાર ખુલ્લા રહે છે.

નમસ્કાર મહામંત્રની આરાધના

જૈન સોશ્યલ ગ્રુપ મુંબઈએ—જૈન સમાજના જૈન યુગલોનું સત્તર વર્ષોથી સતત આકર્ષણ જાળવી રાખ્યું છે. અલબત્ત સ્થળ અને કાર્યશક્તિની મર્યાદાને ધ્યાનમાં લેતાં ગ્રુપે સભ્યસંખ્યા મર્યાદિત રાખી છે— પરંતુ, આ માટે હવે વિવિધ વિસ્તારમાં અન્ય શાખાઓ ઊભી થઈ છે. પહેલી જાન્યુઆરીએ જૈન સોશ્યલ ગ્રુપ મુંબઈએ અઢારમાં વર્ષમાં પ્રવેશ કર્યો અને આ ગ્રુપનો ૧૯૮૨ના વર્ષનો પ્રથમ મંગલ કાર્યક્રમ રવિવાર તા. ૩જીની સુંદર સવારે "નમસ્કાર મહામંત્રની આરાધના"નો એક અભિનવ અને આદ્વિતીય કાર્યક્રમ બિરલા ક્રીડા કેન્દ્રમાં રાખવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમની વિશિષ્ટતા એ હતી કે આ કાર્યક્રમ બરાબર સાડા ત્રણ કલાક ચાલ્યો, પાંચસો ભાઈબહેનોએ શાંતિથી એક ધ્યાનથી રસપૂર્વક માણ્યો. આ કાર્યક્રમમાં શ્રી બંસીભાઈનાં (સંગીતમય સ્તવનો) શ્રી શશીકાંતભાઈનું શ્રદ્ધાયુક્ત પ્રવચન, ડૉ. રમણભાઈનું શુદ્ધ તર્કયુક્ત પ્રવચન અને શ્રી ચીમનલાલ ચકુભાઈનું દૃષ્ટાભાવથી ભરેલું સ્વાનુભવયુકત 'સમાપન' સૌના ચિત્તને સ્પર્શી ગયા.

મહામંત્ર નવકાર મંત્ર વિશે શ્રી શશીકાંતભાઈએ એમની ઊંડી શ્રદ્ધા સાથે કહ્યું—"નવકાર મંત્ર એ પારસમણી છે. કલ્પવૃક્ષ છે. મંત્રાધિરાજ છે. જૈનોની ગળથૂથીમાં નમસ્કાર મંત્ર પડેલો છે. આ મંત્ર દ્વારા અહંકાર અને મોહનો નાશ થાય છે. નમસ્કારનો સ્થાઈભાવ કરુણા છે—શરણાગતિનો છે. આ મંત્ર દ્વારા બાહ્યમાંથી અભ્યંતર તબમાં જવાનું છે. નવકાર મંત્ર ઉર્ધ્વીકરણ માટે છે. નમસ્કાર મહામંત્ર કેટલીવાર કરતાં કેવી રીતે કરાય છે એનું મહત્ત્વ છે. આપ અરિહંતનું રટણ કરવાનું છે. પંચ મહાવ્રતધારી સાધુ જેવી પ્રવૃત્તિ કરવી છે. પંચ પરમેષ્ટિ સાથે અનુસંધાન કરવાનું છે. આખું વિશ્વતંત્ર પરમાત્માને આધિન છે. પરમાત્માએ આ જગતમાંથી રાજીનામું નથી આપ્યું. મોક્ષમાં જવું સહેલું છે. સંસારમાં રહેવું મુશ્કેલ છે. મૈત્રીભાવની પ્રાપ્તિ એ જ ધર્મનું મૂળ છે. આપણે બુદ્ધિજીવી નહીં પણ પ્રભુજીવી થવાનું છે. જૈન ધર્મમાં ગુણોપાસનાનું વધુ મહત્ત્વ છે, આનુષ્ઠાનોનું નહીં. જીવનની સંધ્યાકાળે આપણા સૌના જીવનમાં સમજદારીનો સૂરજ ઊગે, આપણે સૌ પ્રભુને ચરણે જઈએ કારણ એ જ પૂર્ણ છે—આપણે તો શૂન્ય છીએ."

ડૉ. રમણલાલ શાહે કહ્યું, "નવકાર મંત્ર એ શ્રદ્ધાનું ક્ષેત્ર છે. આપણે સૌએ અંધશ્રદ્ધા ન રાખવી પણ શ્રદ્ધા જરૂર રાખવી. નવકાર મંત્ર એ નવપદોનું બનેલું છે. એ અનાદિ સિદ્ધ મંત્ર છે. સર્વકાલિન છે, સર્વવ્યાપક છે, [સર્વશ્રેષ્ઠ છે તેમ છતાં એ સર્વસુલભ અને સરળ છે. નવકારમંત્ર ગમે તે માણસ, ગમે ત્યારે, ગમે તે સ્થિતિમાં બોલી શકે છે. જપી શકે છે. આ Most Democratic મંત્ર છે. આ મંત્રમાં અચિંત્યશકિત છે. એ માત્ર જૈન ધર્મનું સૂત્ર નથી. એ સર્વમાન્ય અને વિશ્વમંત્ર છે. એના પઠનમાં કોઈ વિધિ વિધાન નથી. એક વખત નવકારમંત્રનું એકાગ્રતાપૂર્વક જાપ કરાય તો મોક્ષગતિ મળે છે.

નવકાર મંત્રના પ્રથમાક્ષર 'નમો' એટલે વંદન. એ બોલવા માત્રથી અહંનો નાશ થાય છે. નમન કરવાથી સામી વ્યકિતના ગુણો આપણને પ્રાપ્ત થાય છે. નમન કરવાથી ચારે કષાયરહિત થવાય છે.

બંને પ્રવચનોનો ઉપસંહાર કરતા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે કહ્યું:

આજના બંને પ્રવચનો ખૂબ માહિતીપૂર્ણ અને હૃદયસ્પર્શી રહ્યા. બંને વકતાઓ આ વિષયના અધિકારી વકતાઓ છે. નવકારમંત્ર ઉપર આવી વિશદ સમજણ કોઈ સાધુ સાધ્વી પાસે મને હજુ સુધી મળી નથી. આ કાર્યક્રમનું આયોજન કરીને જૈન સોશ્યલ ગ્રુપ એ સાચા અર્થમાં આજે જૈન બને છે એનો મને આનંદ છે.

મારા સ્વાનુભવની વાત કરું તો મને કોઈ જાપ-સ્વાધ્યાય-ધ્યાન-સ્પર્શતા નથી. હું ધાર્મિક નથી પરંતુ નૈતિક છું. મને શ્રદ્ધા નથી માટે જે પૂજાપાઠ કરે છે, ઉપાશ્રયે મંદિરે જાય છે એ ખોટું કરે છે એમ હું કહેતો નથી. વર્ષોથી જે ચાલે છે એ ખોટું કેમ હોઈ શકે? જે ચાલે છે એનાથી વધુ સારું જો આપણે ન આપી શકીએ તો આ છોડવાનો આપણને અધિકાર નથી. આજે મને પારાવાર અદ્‌ભૂત અનુભવ થયો છે."

આમ નમસ્કાર મહામંત્રની આરાધનામાં પ્રવચનો, પ્રશ્નોત્તરી અને પ્રેક્ષાધ્યાન—પ્રસન્ન વાતાવરણ જન્માવી ગયા.

— સંકલન : ચીમનલાલ જે. શાહ

ગાંધી નિર્વાણ દિન નિમિત્તે

ગાંધીજી વિષે બે વ્યાખ્યાનો

વકતા : શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ

વિષય : "ગાંધીજીનું વિરાટ વ્યકિતત્વ"

સમય : શુક્રવાર તા. ૨૯-૧-'૮૨ સાંજના ૬-૦૦

સમય : શનિવાર : તા. ૩૦-૧-'૮૨ સાંજના ૫-૩૦

સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ,

ફાધરનું એક વ્યાખ્યાન

વકતા : ફાધર વાલેસ

વિષય : ઔપચારિકતા અને આત્મીયતા

સ્થળ : બિરલા ક્રીડા કેન્દ્ર—ચોપાટી

દિવસ : રવિવાર, તા. ૨૮ ફેબ્રુઆરી '૮૨

સમય : સવારના : ૯—૩૦ વાગ્યે

સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ

[] ડૉ. રમણલાલ ચી. શાહ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના ભૂતપૂર્વ સભ્ય અને 'પ્રબુદ્ધ જીવન'ના ભૂતપૂર્વ તંત્રી અને સુવિદિત સાહિત્યકાર શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહનું થોડા દિવસ પહેલાં મુંબઈથી અમદાવાદ જતા તા. ૧૬-૧૨-૮૧ નાં રોજ વહેલી સવારે મણિનગરનું સ્ટેશન આવ્યું ત્યારે ટ્રેનમાં અચાનક અવસાન થયું છે. તેમને હૃદયરોગની બીમારી કેટલાક સમયથી ચાલુ થઈ હતી. એમના અવસાનથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પોતાના એક ભૂતપૂર્વ સહકાર્યકર ગુમાવ્યા છે.

શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહને બેએક મહિના પહેલાં હું અમદાવાદના એમના નિવાસસ્થાને મળ્યો હતો ત્યારે એમની તબીયત સ્વસ્થ નહોતી. ઊભા થતાં તેમને ચક્કર આવતાં. તેઓ ધીમે ધીમે ચાલતા. પરંતુ એમના અવાજમાં, એમની વાત કરવાની ઢબમાં, એમની સ્મૃતિમાં કે નવાં નવાં કાર્યો કરવાના તેમના ઉત્સાહમાં અસ્વસ્થતા નહોતી.

ધીરુભાઈ એટલે સતત ઉદ્યમશીલ વ્યક્તિ. રહીશ અમદાવાદના પરંતુ મુંબઈ અને અમદાવાદ બન્ને એમનાં સરખાં કાર્યક્ષેત્ર હતાં. મુંબઈની એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સીન્ડિકેટના તેઓ સતત ત્રણ દાયકાથી વધુ સમય માટે, જીવનપર્યંત સભ્ય રહ્યા. એટલે દર મહિને એની મીટિંગ માટે અમદાવાદથી ઓછામાં ઓછું એક વાર અને ક્યારેક તો બે કે ત્રણ વાર મુંબઈ આવવાનું થતું. એને લીધે કેટલાય વર્ષ સુધી ધીરુભાઈ પંદર દિવસ મુંબઈમાં રહે અને પંદર દિવસ અમદાવાદમાં રહે. એટલા માટે એમણે ઘર પણ બન્ને જગ્યાએ રાખેલાં. મુંબઈમાં એમણે વચ્ચે થોડોક સમય વેપાર પણ ચાલુ કરેલો, પરંતુ જીવ વેપારીનો નહિ, સાહિત્યનો અને સામાજિક કાર્યક્ષેત્રનો એટલે એમણે વેપાર પાછો સમેટી લીધેલો. સાહિત્ય અને શિક્ષણ એ એમનાં મહત્ત્વનાં કાર્યક્ષેત્રો ગુજરાત સાહિત્ય સભા (અમદાવાદ)ના તેઓ પોતાના અંતિમ દિવસ સુધી મંત્રી તરીકે રહ્યા. ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી તરીકે પણ તેમણે કેટલોક વખત કામ કરેલું. મુંબઈમાં સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના મંત્રી તરીકે પણ ઘણા વર્ષો સુધી સેવા આપી. એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીની વિવિધ સમિતિઓમાં પણ તેઓ સક્રિય કાર્ય કરતા રહ્યા હતા. મુંબઈમાં સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના આદ્ય સ્થાપકોમાંના એક સ્વ. મણિલાલ મોકમચંદ શાહના સંપર્કમાં આવ્યા પછી તેઓ શ્રી મુંબઈ જૈન યુવક સંઘમાં પણ સક્રીય કાર્ય કરવા લાગ્યા હતા. તે સમયે 'પ્રબુદ્ધ જીવન' (પ્રબુદ્ધ જૈન)ના તંત્રી મણિલાલ મોકમચંદ શાહ હતા. તેઓ તંત્રી તરીકે નિવૃત્ત થયા ત્યારે તે સ્થાન ધીરજલાલભાઈને સોંપાયું. કેટલાક સમય માટે ધીરુભાઈએ તે જવાબદારી ઉપાડી. ત્યાર પછી કેટલાક સંજોગો બદલાતાં અને ખાસ કરીને ગુજરાતનું જુદું રાજ્ય થતાં અને ગુજરાતી સાહિત્ય પરિષદનું મથક મુંબઈથી અમદાવાદ ખસેડાતાં, ધીરુભાઈની પ્રવૃત્તિનું વહેણ બદલાયું. ગુજરાતમાં સહકારી મંડળીઓના ક્ષેત્રમાં તેમણે ત્યાર પછી ઘણું જ મહત્ત્વનું કાર્ય કર્યું. સહકારી મંડળીના વિષયમાં એને લગતા કાયદાઓની બાબતમાં તેઓ નિષ્ણાત જેવા હતા. એમનું માર્ગદર્શન મૂલ્યવાન ગણાતું. એ વિશે એમણે કેટલુંક લેખનકાર્ય પણ કર્યું.

સ્વ. ધીરજલાલભાઈએ સાહિત્યના ક્ષેત્રે પણ મહત્ત્વનું કાર્ય કર્યું છે. 'લાટનો દંડનાયક', 'ભાઈબીજ' જેવી કેટલીક ઐતિહાસિક કે સામાજિક નવલકથાઓ પણ તેમણે લખી છે. તેમનું એક મહત્ત્વનું કાર્ય તે 'વિમલ પ્રબંધ' અંગે તેમણે કરેલું સંશોધન છે. એ માટે ગુજરાત યુનિવર્સિટી તરફથી એમને પીએચ. ડી.ની ડિગ્રી પણ પ્રાપ્ત થયેલ.

મુરબ્બી ધીરુભાઈ સાથેનો મારો સંબંધ લાંબા સમયનો હતો. મારા સસરા સ્વ. દીપચંદભાઈ ત્રિભોવનદાસ શાહના તેઓ પરમ મિત્ર હતા. દીપચંદભાઈ જૈન યુવક સંઘમાં મંત્રી હતા ત્યારે ધીરુભાઈ કાર્યવાહક સમિતિના સભ્ય હતા. તેઓ દીપચંદભાઈને મળવા અને વિવિધ પ્રવૃત્તિઓ અંગે ચર્ચાવિચારણા કરવા માટે આવતા. આ નિમિત્તે મને પણ એમના નિકટના સંપર્કમાં આવવાની તક મળી હતી. ઈ.સ. ૧૯૫૫-૫૬માં એક વર્ષ માટે મારે અમદાવાદમાં રહેવાનું થયેલું ત્યારે ધીરુભાઈને મળવા માટે હું નિયમિત એમના ઘરે જતો. તે વખતે તેઓ માદલપુરમાં રહેતા.

થોડા સમય પહેલાં જ ધીરુભાઈ અને કમળાબહેનને મળવા માટે મુંબઈમાં સહકાર નિવાસમાં એમના નિવાસસ્થાને હું અને મારાં પત્ની ગયાં હતાં. તે વખતે કેળવણી અને સાહિત્ય જગતના એમના વિવિધ અનુભવોની ઘણી નવી નવી વાતો ધીરુભાઈ પાસેથી સાંભળવા મળી હતી. ધીરુભાઈને અમારા પ્રત્યે અપાર પ્રેમ હતો. એમના અવસાનથી અમને એક વત્સલ વડીલની ખોટ પડી છે.

શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ

[] ડૉ. રમણલાલ ચી. શાહ

શ્રી શત્રુંજય મહાતીર્થની તળેટીમાં આવેલા શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમનો અમૃત મહોત્સવ તા. ૨જી જાન્યુઆરીએ પાલીતાણામાં ઉજવાઈ ગયો.

સંસ્થાઓ ઘણી સ્થપાય છે, પરંતુ જે લોકોપયોગી કાર્યો સતત કરતી રહે છે તે જ લાંબુ આયુષ્ય ભોગવે છે. સંસ્થાના વહીવટમાં લોકશાહી પદ્ધતિ હોય અને સંસ્થાનાં કાર્યો માટે સાંનિષ્ઠ અને દીર્ઘદૃષ્ટિવાળા કાર્યકર્તાઓ હોય તો તે સંસ્થા ફૂલેફાલે છે. કેટલીક વખત મહત્ત્વાકાંક્ષી માણસો પોતાની અંગત મહત્ત્વાકાંક્ષા માટે સંસ્થાઓનો ઉપયોગ કરે છે, તો કેટલીક વખત પ્રામાણિક, નિઃસ્વાર્થ અને લોકહિતની દાઝવાળા કાર્યકર્તાઓ પોતાનાં શકિત અને સમયનો ભોગ સંસ્થાના વિકાસ અર્થે આપે છે. ભારત જેવા આર્થિક દૃષ્ટિએ પછાત અને વિકાસશીલ દેશમાં લોકકલ્યાણનાં કેટકેટલાં કાર્યોની જવાબદારી સામાજિક કે શૈક્ષણિક સંસ્થાઓએ ઉપાડી લેવાની હોય છે. એ માટે સરકાર સામે મીટ માંડીને બેસી રહેવામાં કેટલીયે પેઢીઓ વીતી જાય છે.

ગયા સૈકામાં વિદ્યાર્થીઓને ધાર્મિક અને સાંસ્કારિક કેળવણી આપવાની સાથે સાથે વ્યાવહારિક કેળવણી આપવા માટે તે સમયના સામાજિક આગેવાનોએ દીર્ઘદૃષ્ટિથી વિચાર્યું. એના પરિણામે મધ્યમ અને ગરીબ વર્ગનાં વિદ્યાર્થીઓને, આર્થિક બોજો હળવો થાય તે રીતે, એક જ સ્થળે રહી વિદ્યાભ્યાસ કરવાની તક મળે તે માટે ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા જિલ્લાઓમાં રહીને અભ્યાસ કર્યો હશે એવા સેંકડો નહિ બલ્કે હજારો વિદ્યાર્થીઓ હશે કે જે સગર્વ એમ કહી શકતા હશે કે પોતે જીવનમાં જે કંઈ પ્રગતિ કરી છે તે પોતાની માતૃસંસ્થાને આભારી છે. આવી સંસ્થાઓનાં

(અનુસંધાન પાના નં. ૧૭૮ ઉપર)

દોસ્તોયેવ્સ્કી: એક અસ્વસ્થ આત્માએ સર્જેલું કાલાતીત સાહિત્ય

□ મનુભાઈ મહેતા

૧૮૮૧ના જાન્યુઆરીની ૧૮મી તારીખ હતી. રશિયાના મહાન સાહિત્યકાર ફ્યોદોર દોસ્તોયેવ્સ્કી છેલ્લા શ્વાસ લઈ રહ્યા હતા. ખ્રિસ્તી ધર્મમાં એમને અખૂટ શ્રદ્ધા એટલે એમણે પોતાની પથારી પાસે બેઠેલી પત્નીને કહ્યું: "મને બાઇબલમાંથી કાંઈ વાંચી સંભળાવ" પત્નીએ બાઇબલમાંથી મેથ્યુનું પ્રકરણ ખોલ્યું અને વાંચવા માંડ્યું :

–"જ્યારે ઈસુને રોકવા માંડ્યો ત્યારે ઈસુએ કહ્યું: મને હવે રોક નહિ."

અને તરત જ દોસ્તોયેવ્સ્કી બોલ્યા: "બસ, હવે મને રોક નહિ." –અને થોડા જ કલાકોમાં એમણે ૬૦ વર્ષની વયે દેહ છોડ્યો.

દોસ્તોયેવ્સ્કી દિવસો સુધી મરણોન્મુખ રહ્યા હતા એટલે એક રખત તો એમની પત્નીએ એમને કહ્યું પણ હતું કે "અમે તમારી ભવ્ય સ્મશાનયાત્રા કાઢીશું." અને દોસ્તોયેવ્સ્કીની જે સ્મશાનયાત્રા નીકળી હતી તે ખરેખર ભવ્ય હતી. દોસ્તોયેવ્સ્કીનું સાહિત્ય, પ્રજામાં એવો પ્રભાવ પાડી ગયું હતું કે એમના મરણના સમાચાર ફેલાતાં જ હજારો માણસો એમના ઘર આગળ ભેગાં થયાં હતાં અને ત્રીસ હજાર માણસો તો એમની સ્મશાનયાત્રામાં જોડાયાં હતાં! જુદાં જુદાં સ્થળોના પંદર જેટલાં ભજન મંડળો સ્મશાનયાત્રાની આગળ ભજનો ગાતાં ગાતાં ચાલતાં હતાં. રશિયાભરની ૭૫ સંસ્થાઓએ, દોસ્તોયેવ્સ્કીના શબ પર પુષ્પમાળા ચઢાવી હતી અને દરેક દરેક રશિયન નાગરિકને પોતાનું કોઈ સ્વજન ગુજરી ગયું હોય એવો આઘાત લાગ્યો હતો.

આવા મહાન સાહિત્યકાર દોસ્તોયેવ્સ્કીના નિધનને સો વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે ૧૯૮૧ના જાન્યુઆરીની ૧૮મીથી ૧૯૮૨ના જાન્યુઆરીની ૧૮મી સુધીનું વર્ષ 'દોસ્તોયેવ્સ્કી વર્ષ' તરીકે ઉજવવાની ઘોષણા સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાની શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક બાબતો અંગેની પેટા સંસ્થા 'યુનેસ્કો'એ કરી હતી. સ્તાલિને તેમની નવલકથાઓ ઉપર રશિયામાં પ્રતિબંધ મૂક્યો હતો તેમની આજે રશિયામાં પુનઃ પ્રતિષ્ઠા થયેલી હોવાથી રશિયન સરકારે પણ આ ઉજવણીના એક ભાગ તરીકે દોસ્તોયેવ્સ્કીના જુદા જુદા તેત્રીસ ગ્રંથોની એક શ્રેણી પ્રગટ કરી હતી. સ્તાલિનના અંધારયુગને બાદ કરીએ તો બધી જ રશિયન સરકારોએ દોસ્તોયેવ્સ્કીના ગ્રંથોને સર્વોચ્ચ કક્ષાના ગણીને એ ગ્રંથોની આજ સુધીમાં ત્રણ કરોડ દસ લાખ નકલો પ્રસિદ્ધ કરી છે. આ ઉપરાંત એમની નવલકથાઓનું દુનિયાની અનેક ભાષાઓમાં ભાષાન્તર થયું છે. (ગુજરાતીમાં પણ) અને એ ભાષાન્તરિત નવલકથાઓનું જે વેચાણ થયું હશે તે તો જુદું! રશિયાએ જે તેત્રીસ ગ્રંથોની શ્રેણી પ્રગટ કરી છે તેમાં નવલકથાઓ, નવલિકાઓ, પત્રો, નિબંધો અને દોસ્તોયેવ્સ્કીની નોંધપોથી સહિતની સમગ્ર રચનાઓનો સમાવેશ થાય છે.

દોસ્તોયેવ્સ્કી, પોતાના પાત્રોની એવી માનસશાસ્ત્રીય માવજત કરતા કે આ ક્ષેત્રે તેમને 'ટ્રેઇલ બ્લેઇઝર' - નવી કેડી કંડારનાર તરીકે ઓળખાવવામાં આવે છે. રશિયાએ જે શ્રેણી પ્રગટ કરી છે તેમાં દોસ્તોયેવ્સ્કીની ઘણી અધૂરી હસ્તપ્રસ્તોનો પણ સમાવેશ થાય છે.

દોસ્તોયેવ્સ્કી આજે કેવળ રશિયાના જ સાહિત્ય સ્વામી રહ્યા નથી, સમગ્ર દુનિયાના સાહિત્યમાં તેમનું સ્થાન અગ્ર હરોળમાં છે. એથી જ 'યુનેસ્કો' એ એમના નિધનના સો વર્ષોને વિશિષ્ટ રીતે યાદ કર્યાં છે. આજના લેખમાં અને એ પછીના લેખમાં આ અજોડ સાહિત્યના સ્વામીની કલાની, એના જીવનની અને એ જીવનની કરુણતાની ઝાંખી કરાવવાનો પ્રયત્ન કરવામાં આવશે.

દોસ્તોયેવ્સ્કીની કૃતિઓમાંથી વાચકને "અસ્વસ્થતાનો આનંદ" મળે છે એમ એક સમીક્ષકે કહ્યું છે. તો વળી બીજા એક સમીક્ષકે એમની કૃતિઓને "ઈસેન્સ ઓફ ટ્રેજેડી"–જીવનની કરુણતાના સત્ત્વ તરીકે વર્ણવી છે. વળી એક ત્રીજા સમીક્ષકે, દોસ્તોયેવ્સ્કીની–કૃતિઓનાં દુઃખગ્રસ્ત, વ્યાધિગ્રસ્ત પાત્રોને લક્ષમાં લઈને એમને "પાગલખાનાના શેક્સપિયર"ની ઉપમા આપી છે. દોસ્તોયેવ્સ્કીનું ૬૦ વર્ષનું સમગ્ર જીવન દુઃખ અને યાતનામાં વીત્યું હતું અને આ દુઃખ તથા યાતનાની ઘેરી છાયા એમનાં બધાં પાત્રો પર છવાઈ રહેલી જણાય છે. કાળની અવધિ જેને નડતી નથી એવું અમર સાહિત્ય સર્જનાર આ સાહિત્યસ્વામીની દુઃખ અને યાતનાથી ભરેલી જિંદગી પર આપણે જ્યારે નજર નાખીએ છીએ ત્યારે આપણું મન ગ્લાનિથી ભરાઈ જાય છે.

દોસ્તોયેવ્સ્કીનું જીવન એક શોકકથા જેવું જ હતું. નાનપણમાં જ એમને ફેફરાંનો રોગ લાગુ પડ્યો હતો અને લાંબા કાળ સુધી તેઓ આ રોગથી પીડાતા રહ્યા હતા. એમનાં બે વારનાં લગ્ન પ્રસંગે લગ્નનને દિવસે જ દેવળમાં તેમને ફેફરાંનો હુમલો આવ્યો હતો. ગમે ત્યારે આ હુમલો આવે એવું હોવાથી નાનપણથી જ દોસ્તોયેવ્સ્કી ઘરકુકડી બની ગયા હતા, કોઈની સાથે રમવા કરવા પણ જતા નહોતા. પણ ઘરમાં બેઠાં બેઠાં તેમણે અફાટ વાચન કર્યું હતું. માતા તો નાનપણમાં જ મરી ગયેલાં અને પિતા ભયંકર ક્રોધી અને કંજૂસ. એની સામે બેસવાની પણ હિંમત ચાલે નહિ. આવા વાતાવરણમાં વાંચન જ એમનો એક આશરો હતો. પરિણામે તેમની મનઃસ્થિતિ એવી થઈ ગઈ હતી કે માતાના મૃત્યુ સમયે જ, રશિયાના બીજા સમર્થ સાહિત્યિક પુશ્કીનનું મૃત્યુ થયું એનો શોક એમને વધારે ઘેરી અસર કરી ગયો હતો.

વય વધતાં, દોસ્તોયેવ્સ્કીને લશ્કરી વિદ્યાલયમાં દાખલ કરવામાં આવ્યા. આ વિદ્યાલયમાં ભણતાં ભણતાં તેમને જ્યારે પૈસાની તંગી પડતી ત્યારે તેઓ એવી તો અદ્‌ભૂત ભાષામાં પિતાને પૈસા માટે વિનંતી કરતા પત્રો લખતા કે કંજૂસ પિતા પણ દ્રવી જઈને એમને પૈસા મોકલતાં.

પણ આ ક્રોધી પિતાનું કોઈ સંબંધીએ ખૂન કરી નાખ્યું અને આ ઘટનાનો આઘાત દોસ્તોયેવ્સ્કીના મન પરથી જીવનના અંત સુધી ભૂંસાયો ન હતો. એના પિતાના જીવનની કેટલીયે ઝલક દોસ્તોયેવ્સ્કીના સાહિત્યમાં મૂર્તિમંત થઈ છે. 'બ્રધર્સ કરામાઝોવ' નામની એમની જે વિખ્યાત નવલકથા છે તેમાં તેમણે પિતા-પુત્રના સંબંધને અનુલક્ષીને જ એક વિલક્ષણ ઘટનાચક્ર આલેખ્યું છે.

દોસ્તોયેવ્સ્કીના જીવનનું એક અપલક્ષણ એ હતું કે એને જુગારનો ખૂબ જ શોખ હતો અને એમાં એ ખુવાર થઈ ગયા હતા. રશિયા છોડીને તેઓ યુરોપમાં જે ચાર વર્ષ રહ્યા હતા તે દરમિયાન પણ તેમણે જુગારખાનાંઓમાં જેટલું મેળવ્યું હતું તેના કરતાં ઘણું વધારે ગુમાવ્યું હતું. પરિણામે તેઓ કરજના બોજા હેઠળ હમેશાં દબાયેલા રહેતા. ઘણીવાર તેમને ઘરમાંની વસ્તુઓ ગિરો મૂકવાના પ્રસંગો આવતા. 'ક્રાઇમ એન્ડ પનીશમેન્ટ' નામની એમની બીજી વિશ્વવિખ્યાત નવલકથાનો કરજના બોજ હેઠળ કચડાયેલો, ગિરવી રાખનારાઓની લોભવૃત્તિથી ત્રાસેલો નાયક, એક શાહુકાર વૃદ્ધાનું ખૂન કરે છે એવો પ્રસંગ આવે છે. આ શાહુકારોના ત્રાસનું જે આબાદ ચિત્રણ તેમણે ઉક્ત નવલકથામાં કર્યું છે તેમાં એમના જાત-અનુભવનું જ સંપૂર્ણ પ્રતિબિંબ છે.

દોસ્તોયેવ્સ્કી એક સંવેદનશીલ વ્યક્તિ હતા એટલે આ કે તે વિચારસરણી પ્રત્યે, આ કે તે સમયે તેઓ આકર્ષાતા રહેતા. એમના વિદ્યાર્થીકાળમાં તેઓ ઉદારમતવાદીઓના ઝારના શાસન વિરુદ્ધના સમાજવાદ પ્રત્યે આકર્ષાયા હતા અને દર શુક્રવારે આ સ્વપ્નસેવીઓની જે બેઠક મળતી તેમાં તેઓ હાજર રહેતા. આ જ અરસામાં તેમણે 'પુઅર ફોક' નામની એક લઘુ-નવલ લખી અને એ વખતના રશિયાના સર્વોચ્ચ અને પ્રતિષ્ઠિત સમીક્ષક વેલિન્સ્કીને એ બતાવી. વેલિન્સ્કી તો એ હસ્તપ્રત વાંચીને આનંદવિભોર થઈ ગયા અને જાહેર કર્યું કે 'દોસ્તોયેવ્સ્કી એક મહાન લેખક થવા સર્જાયા છે."

વેલિન્સ્કીનું સર્ટિફિકેટ મળ્યું એટલે દોસ્તોયેવ્સ્કીની બધે બોલ-બાલા થવા માંડી. આજે જે શહેરનું નામ લેનિનગ્રાડ છે તેનું નામ તે વખતે પિટર્સબર્ગ હતું અને એ રશિયાની પાટનગરી હતી. આ પાટનગરીમાં રહેતા ભદ્ર સમાજે, દોસ્તોયેવ્સ્કીના સંપર્ક, સંબંધ અને સન્માન માટે પડાપડી કરવા માંડી પણ દુઃખ અને ગરીબાઈમાં ઉછરેલા દોસ્તોયેવ્સ્કીને આ સમાજમાં ગોઠ્યું નહિ તે નહિ જ. તેમને તો કામદારો, ગુનેગારો, જુગારીઓ વચ્ચે જ વધારે ગોઠતું એથી તો એક ટીકાકારે એમને માટે કહ્યું છે કે : "દોસ્તોયેવ્સ્કી જીવનના અંત સુધી 'ઇન્ટેલેક્ચુઅલ પ્રોલિટેરિયેટ'-બુદ્ધિજીવી કામ-દાર જ રહ્યા હતા."

જીવનના આ કાળ દરમિયાન જે સ્વપ્નસેવીઓ સાથે દોસ્તો-યેવ્સ્કી હળતામળતા રહેતા હતા તેમણે ઝારના શાસન વિરુદ્ધ પ્રચાર કરવા એક છાપખાનું કાઢ્યું. એ છાપખાનું પકડાયું અને દોસ્તોયેવ્સ્કીને દેશદ્રોહ માટે ફાંસીની સજા થઈ. પણ તેમને કરાવેલી આ સજા નકલી હતી. વાસ્તવમાં તો તેમને નવ માસના સાઇબેરિયામાંના કારાવાસની સજા થઈ હતી પણ તેમના સંવેદનશીલ આત્માને ભડકાવી મારવા માટે સત્તાવાળાઓએ એવી ગોઠવણ કરી હતી કે તેમને ફાંસીની સજા થઈ છે એમ કહેવું. તેમને ઠેક ફાંસીના માંચડા પર પણ ચઢાવવા અને છેક છેલ્લી ઘડીએ તેમને કહેવું કે સરકારી જજમેન્ટમાં તેમને ફાંસીની નહિ પણ સાઇબેરિયાના નવ વર્ષના કારાવાસની સજા થઈ છે! ઝારની સરકારની આ ચાલબાજીની દોસ્તોયેવ્સ્કીના મન પર ધારી અસર થઈ. એને એવો આઘાત લાગ્યો કે મહિનાઓ સુધી એના ફેફરાંના રોગે ખૂબ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. આ ઘટના ૧૮૪૯માં બની હતી. ૧૮૪૯ માં એને સાઇબેરિયા મોકલવામાં આવ્યા હતા પણ એના ફેફરાંના રોગની ઉગ્રતા વગેરે ધ્યાનમાં લઈને એમને ૧૮૫૫માં પોતાના જન્મસ્થળ મોસ્કો ખાતે પાછા ફરવા દેવામાં આવ્યા હતા.

પણ સાઇબેરિયાના અનેક પ્રકારની યાતનાઓથી ભરેલા એના છ વર્ષના નિવાસની દોસ્તોયેવ્સ્કીના મન પર કાયમી ઘેરી અસર રહી હતી. આજે તો સાઇબેરિયામાં કારખાનાંઓ, તેલસંશોધક રિફાઇનરીઓ વગેરે ઘણું છે છતાં સાઇબેરિયાનો નિવાસ આજે પણ ઘણો દુષ્કર છે. કારણ કે એ પ્રદેશ દીર્ઘકાળ સુધી બરફથી છવાયેલો રહે છે અને ભેંકાર લાગે છે. દોસ્તોયેવ્સ્કીના જમાનામાં તો સાઇબેરિયાનો કારાવાસ એ તો મોતની સજા જેવું જ હતું. સાઇ-બેરિયાના કારાવાસ દરમિયાન તેમને ખૂનીઓ, હુમલાખોરો, વગેરેની સાથે રહેવાનું થયું અને આ બધા સાથેના નવ વર્ષના સહવાસની તથા જમરાજાના દ્વાર ઠોકીને પાછા આવવાનું થયું એ ઘટનાની એમના મન પર આમૂલ અસર થઈ. સાઇબેરિયામાં તેમને વાંચવા માટે માત્ર બાઇબલ જ મળતું અને આ બધી વસ્તુઓએ એમના મનને એવો ઝોક આપ્યો કે તેઓ એક સ્વપ્નસેવી ઉદારમતવાદીમાંથી ઈસુમાં અખૂટ શ્રદ્ધા ધરાવતા ચુસ્ત ખ્રિસ્તી અને રૂઢિચુસ્તતામાં માનનારા નાગરિક બની ગયા. પરિણામે યુરોપમાં તે વખતે જે નવોન્મેષ જાગી રહ્યો હતો તેના પ્રત્યે પણ તેમને અણગમો જાગ્યો. સાઇબેરિ-યાના કારાવાસ પછી તેઓ માનતા થયા હતા કે રશિયામાં ઝારના શાસન હેઠળ સુવ્યવસ્થા છે અને હોવી જોઈએ. ગુને-ગારોને શિક્ષા થવી જ જોઈએ અને પશ્ચાત્તાપ એ મોટામાં મોટી શિક્ષા હોવાથી ગુનેગારને પશ્ચાત્તાપ થાય એવું વાતાવરણ સર્જવું જોઈએ. આવું વાતાવરણ સર્જવામાં બાઇબલ મોટો ભાગ ભજવે છે અને બાઇબલમાંથી જ સાચી પ્રેરણા મળે છે એમ પણ તેઓ માનતા થયા હતા. માનવીમાંથી ઈશ્વર બનેલા ઈશુ-ખ્રિસ્ત તેમના આરાધ્યદેવ બની ગયા હતા અને ઈશુના ઉપદેશને ચાતરીને ભૌતિકવાદ તરફ આગળ વધતા યુરોપના દેશો અધઃ-પતનને માર્ગે જઈ રહ્યા છે એમ તેઓ માનતા થયા હતા. રશિયાને તેઓ આવાં અધઃપતનમાંથી બચાવવા માગતા હતા. દોસ્તોયેવ્સ્કી જે મિટિરિયાલીઝમથી રશિયાને બચાવવા માગતા હતા તે જ આજે તો રશિયામાં સર્વોપરી છે એ પણ કાળની ખૂબી છે!

યુરોપમાં ચાર વર્ષના નિવાસ પછી તો આ ભૌતિકવાદ પ્રત્યેનો દોસ્તોયેવ્સ્કીનો અણગમો વધી ગયો હતો. રશિયાનું પોતાનું વ્યક્તિત્વ છે, પોતાનું વિશિષ્ટ ભાવિ છે અને રશિયાને યુરોપનો કશો ઉપયોગ નથી એવી તેમની ભૂમિકા હતી. આખરે તે ઈશુ-ખ્રિસ્ત પૂર્વના જ હતા અને તેઓ રશિયામાં ફરી અવતાર લેશે એવી તેમને શ્રદ્ધા હતી. ખૂબીની વાત એ છે કે એ જ સમયે તુર્ગેનેવ જેવા બીજા સમર્થ રશિયન લેખક તથા અન્ય રશિયન વિચારવંતો યુરોપની તે સમયે અત્યાધુનિક ગણાતી ઔદ્યોગિક સંસ્કૃતિથી ખૂબ પ્રભાવિત થયા હતા અને તેઓ રશિયાએ આમાંથી બોધપાઠ લેવો જોઈએ એવો આગ્રહ કરતા હતા. સાઇબેરિયાના નિવાસથી ઘૂંધળું બનેલું દોસ્તોયેવ્સ્કીનું માનસ આ વાતનો વિરોધ કરતું. આ આત્યંતિક સંકુચિત રાષ્ટ્રવાદી ભૂમિકા, ખુશ્ચેવની પ્રતિમાના ઉદ્ઘાટન પ્રસંગેના તેમના ભાષણમાં તેમણે માંડી હતી. રશિયનોના અહંભાવને એથી ટેકો મળ્યો. આ થઈ દોસ્તોયેવ્સ્કીની ઉદારમતવાદથી શરૂ થયેલી અને સંકુચિત રાષ્ટ્રવાદમાં પરિણમે છેલ્લી માનસિક સફરની વાત. પણ ખૂબી એ હતી કે આ માનસિક સફરની કોઈ અસર એમના સાહિત્ય પર પડી નહોતી, એમની કૃતિઓના શ્રેષ્ઠત્વને એથી કશી બાધા આવી નહોતી. એમના સમયમાં જે પ્રશ્નો સમાજને અસ્વસ્થ કરી રહ્યા હતા, તે આજે પણ એવા જ અસ્તિત્વમાં છે અને એથી તો દોસ્તોયેવ્સ્કીના સાહિત્યને કાલાતીત ગણવામાં આવે છે. હવે પછીના લેખમાં મુખ્યત્વે કરીને આ સાહિત્યની ઝાંખી કરીશું અને બીજી કેટલીક વાતો પર પણ દૃષ્ટિક્ષેપ કરીશું.

(આવતા અંકે પૂરું)

(૧૭૬મા પાનાથી ચાલુ)

નિર્માણથી એકંદરે સમાજનું તેજ પણ વધ્યું છે.

આવી સંસ્થાઓમાંની એક તો બાલાશ્રમ પણ છે. પંચોતેર વર્ષ પહેલાં શ્રી ચુનીલાલ નારણદાસ કાનૂની નામના એક સજ્જનને એની સ્થાપનાનો વિચાર આવ્યો હતો. ફક્ત ચાર વિદ્યાર્થીઓ સાથે તે શરૂ થઈ. પૂજ્ય મોહનલાલજી મહારાજની પ્રેરણાથી તેનું કાર્ય આગળ ચાલ્યું. શ્રી વીરચંદ દીપચંદ શાહ, ત્રિભુવનદાસ ભાણજી કાપડિયા, દેવકરણ મૂળજી, નગીનદાસ મંછુભાઈ ઝવેરી, નરોત્તમ-દાસ ભાણજી, ભાઈચંદભાઈ નગીનભાઈ, મહારાજા શ્રી બહાદુર-સિંહજી, કુંવરજી મૂળચંદ શાહ, ચત્રભુજ મોતીલાલ ગાંધી વગેરે ઘણા બધા મહાનુભાવોએ સંસ્થાના વિકાસમાં પોતાનો મૂલ્યવાન ફાળો આપ્યો છે. ગૃહપતિ શ્રી જાદવજી નરભેરામ વ્યાસે પણ વિદ્યા-ર્થીઓનાં સંસ્કાર ઘડતરનાં કાર્યો માટે અમૂલ્ય સેવા આપી છે.

નિવાસસ્થાન, ભોજનાલય, પુસ્તકાલય, વ્યાયામશાળા હાઇસ્કૂલ વગેરે ક્રમે ક્રમે ધરાવતી આ સંસ્થાનો લાભ અઢી હજારથી વધુ વિદ્યાર્થીઓએ અત્યાર સુધીમાં લીધો છે અને આ સંસ્થા દ્વારા પોતાની કારકિર્દીને ઉજ્જ્વળ બનાવી છે. પ્રમુખ, મંત્રીઓ અને સમિતિના સભ્યો (જેમાં હાલ ઘણા ખરા સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યા-ર્થીઓ છે.) સંસ્થાના વિકાસાર્થે પોતાના સમય અને શક્તિનો સરસ સહયોગ આપી રહ્યા છે એથી સંસ્થાનું ભાવિ ઘણું ઉજ્જ્વળ છે.

શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમને અમૃત મહોત્સવ પ્રસંગે હાર્દિક અભિનંદન અને ઉત્તરોત્તર વધુ અને વધુ વિકાસ સાધે એવી શુભેચ્છા!

જૈન ધર્મ: એક બિનસાંપ્રદાયિક ધર્મ

[] ડૉ. નિજામુદ્દીન (ઈસ્લામિયા કૉલેજ, શ્રીનગર) [] અનુ.: ગુલાબ દેઢિયા

આજના યુગને વિજ્ઞાન અને ટેકનોલોજીનો યુગ માનવામાં આવે છે. એમ પણ કહેવાય છે કે વિજ્ઞાનયુગમાં ધર્મની દીવાલોનું પ્લાસ્ટર ઉખડતું રહે છે. ધર્મની દીવાલો ધરાશાયી બની જશે, પરંતુ એવું નથી. એ માની શકાય કે ભૌતિકતાનો ઝળહળાટ વધુ છે; સોના-ચાંદીની ચમકથી આપણી આંખો અંજાઈ જાય છે. ખરેખર તો ધર્મને વિજ્ઞાનને કારણે જોખમ ઊભું નથી થતું, પણ વિજ્ઞાનના આધારથી ધર્મના સ્વરૂપના દુર્ગમ રહસ્યોને સમજી, જોઈ અને પારખી શકાય છે. આપણે વૈજ્ઞાનિક દૃષ્ટિથી વસ્તુઓનું પરીક્ષણ-નિરીક્ષણ કરી શકીએ છીએ. વિજ્ઞાન આપણને જ્ઞાનની ક્ષિતિજો ઉદ્‌ઘાટિત કરવા સહાયક બને છે– ટૉર્ચ લઈને આપણી સાથે રહે છે, માર્ગ બતાવે છે. આજે ધર્મને જો કોઈ જોખમ હોય તો તે ભૌતિકતાના ઘોડાપૂરનું છે. ભૌતિકતામાં જે આકર્ષણ, મોહ, મમત્વ, લાલચ છે તે બીજા કશામાં નથી. ભોગ-વિલાસ, તૃષ્ણા-કામના, વૈભવ-સંપત્તિ બધાં એનાં જ રૂપ છે. એને મેળવવાની લાલસા નાનામોટા સૌમાં જોવામાં આવે છે. પરિગ્રહ ભૌતિકતાનું મૂળ છે, એની વિનાશકારક અને ઘાતક સ્થિતિથી સૌ પરિચિત છે, હિંસા એનું વરવું રૂપ છે. એમાં અસત્ય અને ચોરી આવીને મળીને જાય છે અને પછી માનવતાની પ્રતિમાને ખંડિત કરે છે. આજે ભૌતિકતાની આગમાં જીવનમૂલ્યો પીગળી રહ્યાં છે, ધર્મ સળગી રહ્યો છે અને સંસ્કૃતિ ઝાંખી પડી રહી છે. એ આગને ઠારવા માટે આપણને સર્વધર્મ સમભાવરૂપી જલની જરૂર છે. જો આપણે સર્વધર્મ સમભાવને અંગિકાર કરી લીધો, તો માનવતાનું રક્ષણ થશે, વિશ્વશાંતિ સ્થાપિત થઈ શકશે અને પછી સાચા અર્થમાં આ ધરતી માનવ માટે વસવા લાયક-જીવવા લાયક બની શકશે. સર્વધર્મ સમભાવનો આદર્શ આજની ભૌતિકતા-પ્રિય માનવજાતિ માટે હિતકારક છે, જરૂરી છે.

જૈન ધર્મ સર્વધર્મ સમભાવના આદર્શને રજૂ કરે છે. જો એને કોઈ જાતિ કે સંપ્રદાયના સંકુચિત વાડામાં બંધ કરી દઈશું તો દૃષ્ટિ સીમિત થશે; પછી આપણે માત્ર એક જ રીતે એક જ જગ્યાએ જોઈ શકીશું. દૃષ્ટિને ધૂંધળી ન બનાવતાં, સમ્યક દૃષ્ટા બનવું જોઈએ. કહેવાય છે કે મહાપુરુષોમાં સમ્યક્‌દૃષ્ટિ હોય છે. સમ્યકજ્ઞાન હોય છે. તેઓ સમ્યક આચરણ કરે છે; સુખ-દુઃખ, લાભ–હાનિ, પોતાનું–પરાયું બધામાં એમની દૃષ્ટિ સમાન હોય છે. સૂર્ય ઊગે છે ત્યારે અને આથમે છે ત્યારે તામ્રવર્ણી હોય છે. બન્ને સ્થિતિઓમાં તે એક સરખો નિર્વિકાર, નિર્લિપ્ત, નિર્ગ્રન્થ હોય છે. ભગવાન મહાવીર એવા જ મહાપુરુષ હતા. એમનું અહિંસાતત્ત્વ જીવનતત્ત્વ છે, બધાં પ્રાણીઓ માટે એમાં દયા, સમતા, કરુણાનો ભાવ છે, કોઈ એક માટે વિશેષ કે અલગ નથી. ડૉ. રાધાકૃષ્ણન કહે છે કે 'ભગવાન મહાવીરના અહિંસાતત્ત્વ ઉપર જ ભારતની શાસનપદ્ધતિ આધારિત છે. ભગવાન મહાવીર મહાન વિજયી હતા. ઈતિહાસના સાચા મહાપુરુષ હતા. તેઓ માનવસમાજના શિક્ષક હતા. ભગવાન મહાવીરના ઉપદેશોમાં અહિંસા અને સંયમના સિદ્ધાંતનો વિકાસ એની ચરમ સીમા સુધી થયો હતો. પ્રાચીન ભારતના નિર્માણમાં ભગવાન મહાવીરનું સ્થાન ખૂબ જ ઊંચું અને મહત્ત્વપૂર્ણ છે.' હું કહું છું કે આધુનિક ભારત, આધુનિક વિશ્વ, આધુનિક માનવના નિર્માણમાં ભગવાન મહાવીરના સિદ્ધાંત આજે પણ સહાયક સિદ્ધ થઈ ચૂક્યા છે. એમને જીવનમાં ઉતારવાની જરૂર છે. જૈન ધર્મ સંપ્રદાયગત નથી, માનવગત છે. 'જિન' શબ્દમાંથી 'જૈન' શબ્દ આવ્યો છે. જે પોતાને જીતી લે, પોતાની ઈચ્છાઓ, કામનાઓને જીતી લે છે અને જે કામ-ક્રોધ-લોભ-મોહ દ્વારા વિચલિત નથી થતો તે જ સાચો 'જિન' છે, 'જૈન' છે. આ રીતે કામને જીતનાર તૃષ્ણાને જીતનાર, ઈન્દ્રિયોને જીતનાર બધી વ્યક્તિઓને 'જૈન' કહી શકાય. ત્યાં સંપ્રદાયનો કાદવ નથી દેખાતો. સંપ્રદાયનાં કીચડમાં ધર્મ અટવાઈ જાય ત્યારે જ ભેદભાવ અને મતાગ્રહ ઊભા થાય છે.

જૈન ધર્મનો સારભૂત મંત્ર છે–નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ સાહૂણં.

અરિહંતોને નમન, સિદ્ધોને નમન, આચાર્યોને નમન, આગમ-પુરુષ ઉપાધ્યાયોને નમન અને લોકના સૌ સાધુસંતોને નમન. આ નમસ્કાર મહામંત્રમાં પંચપરમેષ્ઠીની જે વન્દના કરવામાં આવી છે તે કોઈ સંપ્રદાયની સંકુચિત સીમામાં બદ્ધ નથી. ખરેખર તો એ ગુણ અને વ્યક્તિત્વવિકાસની વંદના છે. અહીં કોઈ પણ જગ્યાએ સંપ્રદાય કે જાતિનો ઉલ્લેખ નથી કરવામાં આવ્યો. જૈન ધર્મનો પણ નામોલ્લેખ નથી કરવામાં આવ્યો, તો પછી જૈન ધર્મને સંપ્રદાયિક ધર્મ કેવી રીતે કહી શકાય? વ્યક્તિના વ્યક્તિત્વનો વિકાસ ગુણ તથા ત્યાગના આધાર પર થાય છે. સમાજ વ્યક્તિને નથી પૂજતો, વ્યક્તિત્વને પૂજે છે. ત્યાં ગુણોની આરતી ઉતારવામાં આવે છે, ત્યાગની અર્ચના કરવામાં આવે છે, આત્માની પૂજા કરવામાં આવે છે, માનવની માનવતાનો આદર કરવામાં આવે છે. ભગવાન મહાવીર આત્મવાદી હતા.

એમની સામે પ્રથમ સ્થાન આત્માનું હતું. મનુષ્યનું સ્થાન બીજું હતું. તેઓ જાતિને પ્રાધાન્ય ન આપતા. ભગવાનની વાણી સાંભળી ચંદના ત્યાં પહોંચી ગઈ હતી અને ભગવાને તેને દીક્ષા આપી. નારી જાતિને દીક્ષિત કરવામાં કોઈ ભેદભાવ ન નડ્યો. ભગવાન મહાવીરે કહ્યું, 'મેં સમતાધર્મની વાત કરી. તમે બધા સમતાના શાસનમાં દીક્ષિત થયા છો. જાતિ, કુળ અને ઐશ્વર્યનો મદ વિષમતા ઉત્પન્ન કરે છે. તમે મદ છોડી મૃદુતાના પથ પર આવ્યા, વિષમતાને છોડી સમતાના પથ પર આવ્યા.' આ રીતે મહાવીરનો ધર્મ તો સમતા-ધર્મ છે. અહીં ભેદભાવ માટે કોઈ અવકાશ નથી; અહીં તિરસ્કાર, ઈર્ષ્યા, ઘૃણા અને વિષમતા માટે કોઈ સ્થાન નથી. 'સૂત્રકૃતાંગ' (૧-૧૩-૧૦,૧૧)માં કહેવામાં આવ્યું છે, 'તમે બ્રાહ્મણ, ક્ષત્રિય, ઉગ્રપુત્ર કે લિચ્છવિ કે અન્ય કોઈ પણ જાતિ કે કુળમાં જન્મ્યા હો પણ હવે તમે સમતાના શાસનમાં દીક્ષિત છો. અહિંસક હોવાને કારણે પરદત્તભોજી છો, પછી આ જાતિ કે કુળનું અભિમાન કેવું? આ જાતિ કે કુળ તમને રક્ષણ નથી આપી શકતાં. વિદ્યા અને ચરિત્રનું આચરણ જ તમને રક્ષણ આપી શકશે.' પછી જાતિ કે કુળનું અભિમાન કેવું? પછી ઐશ્વર્ય અને વૈભવનો મદ કેવો? તેથી જૈન ધર્મને કોઈ જાતિનો ધર્મ કેમ કહી શકાય? આ તો ખરેખર માનવતાનો ધર્મ છે; સંપ્રદાય અને જાતિથી દૂર હટી જઈ રાજમાર્ગે તે જાય છે. આ રાજમાર્ગ પર બધાને ચાલવાનો સમાન રૂપથી અધિકાર છે. જૈન ધર્મ બધાને જોડનાર ધર્મ છે. આ પ્રાણીમાત્રનો ધર્મ છે, બધા પ્રાણીમાં એક સરખા સુખ-દુઃખની વાત કહેનાર ધર્મ છે. આ આંતરિક સમાનતાનો ધર્મ છે. અહિંસા ધર્મનો અનુયાયી એ જ કહી શકાય જેના આંતર–બાહ્ય બન્ને સમતા પર અવલંબિત હોય. ભગવાન મહાવીર કહે છે કે તમે અનાદિકાળથી સંસારમાં જન્મ લેતા આવ્યા છો. એવી કોઈ વ્યક્તિ નથી કે જેના તમે માતાપિતા, પુત્ર, ભાઈ વગેરે ન બની ચૂક્યા હો. પછી તમે કોને મિત્ર માનશો ને કોને શત્રુ? કોને તમે ઉચ્ચ માનશો ને કોને નીચ? કોની ઘૃણા કરશો અને કોને અપનાવી લેશો? અહિંસા

આપણને સમતા, સમભાવની જ્યોતિ પ્રદાન કરી રાગ-દ્વેષ, લોભ-મોહ, ક્રોધ-ક્રોધના ગાઢ અંધકારને નષ્ટ કરે છે; આપણી અંદર આત્માનુશાસન પેદા કરે છે.

અહીં એક પ્રશ્ન સહજ રીતે એ થાય છે કે જૈન ધર્મમાં શ્વેતામ્બર, દિગમ્બર, તેમાં વળી સ્થાનકવાસી, તેરાપંથી વગેરે કેટલાય સંપ્રદાય અને ગચ્છ છે, પછી એને બિનસાંપ્રદાયિક કેવી રીતે કહી શકાય? એનો સીધો જવાબ એ છે કે આ ભેદ કે સંપ્રદાય જૈન ધર્મના નથી પણ આ તો લોકોની, જાતિઓની દૃષ્ટિભેદ, વિચારભેદનું પરિણામ છે. જૈન ધર્મ અખંડ છે. મનુષ્ય વર્ગ, જાતિ સંપ્રદાયમાં વિભાજિત થઈ શકે છે, પરંતુ હવાને અલગ અલગ વિભાગોમાં નથી વિહેંચી શકાતી. ચાંદની કે સૂર્ય પ્રકાશને સીમાડાથી બાંધી નથી શકાતા.

જ્યાંથી જીવન મળે છે, પ્રાણશક્તિ મળે છે, પ્રકાશ મળે છે તો ત્યાં ભેદ ઉત્પન્ન નથી કરી શકાતા. આ વસ્તુઓ તો અખંડ છે, શાશ્વત છે, સનાતન છે; એ જ રીતે જૈન ધર્મ પણ અખંડ છે, શાશ્વત છે, સનાતન છે, એને ખંડિત કરી સંપ્રદાયોમાં વહેંચી ન શકાય. જો જૈનધર્માવલંબી ઉદારતાથી, વિશાળ હૃદયથી કામ લે તો જૈન ધર્મનો, જૈન સંસ્કૃતિનો અધિક પ્રચાર-પ્રસાર થઈ શકે. આ તેજપુંજને પોતાની પાસે જ રાખતાં, એનાથી મનુષ્ય જાતિના આંતરબાહ્ય પ્રકાશિત થવા દઈએ.

[ક્રીવીર નિર્વાણ વિચાર સેવા (ઈન્દોર)ના સૌજન્યથી]

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત

"વિદ્યાસત્ર"

વિદ્યાસત્રનું આ છઠું વર્ષ છે. તેનો કાર્યક્રમ નીચે પ્રમાણે નક્કી થયેલ છે, તો સર્વ રસજ્ઞ ભાઈ બહેનોને સમયસર ઉપસ્થિત થવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

વક્તા: શ્રી મનુભાઈ પંચોળી (દર્શક)
[ગુજરાત સાહિત્ય પરિષદના પ્રમુખ]
વિષય : "કેળવણીવિચાર"
ઉપરોક્ત વિષય ઉપર ત્રણ વ્યાખ્યાનો

(૧) પ્લેટો

(૨) રૂસો

(૩) ગાંધીવિચાર અને કેળવણી

સ્થળ : તાતા ઓડિટોરિયમ, બોમ્બે હાઉસ, બ્રુસ સ્ટ્રીટ, મુંબઈ: ૪૦૦૦૨૩

દિવસ અને સમય : સોમ-મંગળ-બુધ
તા. ૧૮-૧૯-૨૦ જાન્યુઆરી, ૧૯૮૨.
રોજ સાંજના ૬-૦૦ વાગે
પ્રમુખ: ડો. રમણલાલ ચી. શાહ

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

આલિંગનને કાટ ચડે છે આદતની રાતનો....

☐ વિપિન પરીખ

આમ તો આ અંકિત મંગેશ પાડગાંવકરના એક વિખ્યાત કાવ્યની છે, પણ તેમાં ઘરઘરની કથા છે, ઘરઘરની વ્યથા છે. આ કથા 'ગૃહપ્રવેશ'ના નાયક-નાયિકા અમર અને માનસીની પણ છે. વિચિત્રતા કહો કે ચિત્ર જ કથાના પ્રગાઢ આલિંગનથી શરૂ થાય છે, સ્પર્શની નજાકતથી થાય છે, ત્યારે વાતવાતમાં માનસી 'હનિમૂન' પર જવાની વાત કરે છે ત્યારે અમર હસી કાઢે છે. કહે છે જ્યારે એકબીજાથી આપણે કંટાળીશું ત્યારે આપણે હનીમૂન પર જઈશું- જ્યારે આપણે એકબીજાની માત્ર દૈહિક રીતે જ સાથે હોઈશું –પાસે નહીં હોઈએ, ધીમે ધીમે દૂર થતાં જઈશું ત્યારે આપણે કોઈ હિલ-સ્ટેશન પર જઈશું. સ્વપ્નોમાં ઓતપ્રોત અનેક પ્રેમીયુગલોની જેમ અમર-માનસીને ખ્યાલ પણ નહીં હોય કે એ સમય એમની જિંદગીમાં આવીને ઊભો રહેશે. જ્યારે પોતાનો પ્રેમ, સામી વ્યક્તિનો પ્રેમ પણ ખરેખર સાચો હતો કે કેમ એ શંકા રાતદિવસ હૃદયને કોરી ખાશે. માનસી પ્રારંભમાં પાડોશમાં રહેતા યુગલને કલહ-કલેશ બૂમાબૂમ કરતાં જોવે છે ત્યારે મનોમન સંતોષ અનુભવે છે. 'હાશ, આવું તો અમારી જિંદગીમાં નથી. કેટલા સુખી કે આ દંપતી જેવા ઝઘડા અમારા જીવનમાં નથી.' ઝઘડા નહીં પણ એક ઠંડું યુદ્ધ ઉધઈની જેમ એમની રાતોને કોરી ખાશે એનો માનસીને ત્યારે ખ્યાલ પણ ક્યાંથી હોય?

શરૂઆતમાં જ પ્રેમ-આલાપ, ક્રીડા પછી અમર માનસી માટે કૉફી બનાવી લાવે છે. દરેક હિંદી કુટુંબમાં બનતું હોય છે તેમ આ માત્ર પહેલી અને છેલ્લી વાર જ છે. પછી તો માનસી જ અમર માટે કૉફી બનાવતી હોય છે. કૉફીના કપની આજુબાજુ જ જાણે ચિત્રની કથા ગૂંથાય છે.

અમર આમ તો સજ્જન પુરુષ છે. ઑફિસના કામમાં ગળાડૂબ રહે છે. એટલે જ જ્યારે નવી, સુંદર, નટખટ ટાઈપીસ્ટ સપનાને એની કેબીનમાં બેસાડવામાં આવે છે ત્યારે એ નજર સુદ્ધાં નથી ફેંકતો. પોતાની ફાઈલ જ ઉથલાવ્યા કરે છે; પરંતુ સપના એટલે જ એના તરફ ખેંચાય છે. એને આકર્ષવા પ્રયત્ન કરે છે. પોતાની સાથે અમર માટે પણ ચા મગાવી વાતનો–આકર્ષણનો સેતુ બાંધવાની કોશિશ કરે છે. પણ અમર ચા નથી પીતો, છતાં ધીમે ધીમે થોડા દિવસોમાં ચા એને પસંદ પડવા માંડે છે. ખૂબ અણજાણ, અસાવધ રીતે એ સપના ભણી ખેંચાય છે. આ ચાનો કપ તે જ સપના. માનસી તો કૉફીની જેમ–એની આદત છે. ચાનો તો એની જિંદગીમાં નવો પ્રવેશ – ચા એની પસંદગી. માનસીને એનો ખ્યાલ પણ નથી આવતો કે અમરે ચા પીવી શરૂ કરી છે. એ પોતે ઘરકામમાં એટલી ડૂબેલી છે! અમર ધીમે ધીમે ક્યારે ખસતો ગયો તેની એને ગંધ પણ ન આવી. એક ત્રીજી વ્યક્તિનો પ્રવેશ ને દીવાલો હચમચી ઊઠે છે.

અમરને માનસી પ્રત્યેના પોતાના પ્રેમ વિષે હવે શંકા જાગે છે. સપનાએ જ ઠસાવ્યું છે. 'તમે તમારી પત્નીને પ્રેમ નથી કરતા. પ્રેમ તો તમે મને કરો છો. હવે આપણે લગ્ન કરી લઈએ. તમે તમારી પત્નીને આ વાત હવે ખુલ્લેખુલ્લી કહી દો.' અમર લગભગ માની જાય છે ત્યારે આપણને આંચકો લાગે છે.

માનસી નિર્દોષ, ભોળી છે. પોતાના માથા પર આભ તૂટી પડવાનું છે તેની તેને કલ્પના નથી. એ તો કપડાંને અસ્ત્રી કરવામાં,

મુન્નાને તૈયાર કરવામાં, પતિની કોફી બનાવવામાં વ્યસ્ત છે, ઊંચું જોવાની ફુરસદ નથી ને પીઠ પાછળ એક પ્લોટ રચાતો જાય છે. પતિને, પ્રેમને, પોતાના લગ્નજીવનને taken for granted આમ જ સ્વીકારી લીધા છે. નાવિન્ય ઓસરી ગયું છે, પતિને પણ આકર્ષણથી, વાતોથી, સહવાસથી સાચવવાનો છે તે ભૂલી ગઈ છે. એટલે સુધી કે અમર એને કહેવા જાય ને વાત બદલાઈ જાય. અમર પૂરતી હિમ્મત માંડમાંડ એકઠી કરે, ત્યારે પણ માનસીની કમર દુઃખે છે. સખત શારીરિક વેદના છે. ઊંઘવું છે. અમર એનાં દેહ પર હાથ ફેરવે ત્યારે એના સ્પર્શમાં પહેલાં જેવી સુંવાળપ, જાદુ રહ્યાં હશે? અમરના હાથ હવે જુદી જ ભાષા બોલે છે અને છેલ્લે જ્યારે અમર કહે જ છે ત્યારે માનસી કહે, 'ચાલો, આપણે હનિમૂન પર જઈએ.' યાદ છે લગ્ન પછી અમરે જ ના પાડી હતી? માનસી ફરી કહે, 'ચાલો, આપણે ક્યાં ફરવા જઈએ' બન્ને મરીનડ્રાઈવ પર ફરવા નીકળે છે. સીધી સાદી વાત, છતાં આ ફરવામાં પણ વ્યથા છે. બે જણ સાથે ને તે પણ ફરવા-કેટલા વરસો પછી નીકળ્યાં હશે? એટલે જ માનસી કહે છે, 'મુંબઈ કેટલું બધું બદલાઈ ગયું છે!' ઘરની ચાર દીવાલોમાં જ રહ્યા. બહારની હવા આવવા જ ન દીધી! અમર કહે, 'કેટલા સુંદર સરિયામ આ રસ્તા, પણ આ રસ્તા ક્યાં ય દોરી નથી જતા.' માનસી મકાનોને જોઈ જ રહે છે. 'કેટલાં' સુંદર મકાનો, ઘરો—આપણું એક પણ નહીં!' મુંબઈના અનેક નગરજનની આ વ્યથા માનસીના શબ્દોમાં છે.

માનસીને આઘાત જરૂર લાગે છે પણ એની પાસે એક આગવો સંયમ છે. ક્યાંય આક્રોશ નથી, ઈર્ષ્યાની અગ્નિઝાળ નથી, ઝઘડો નથી, વાસ્તવિક હકીકત બની છે તેના અસ્વીકારના ધમપછાડા નથી. પળભર અવાક્ થઈ જાય છે એટલું જ! છતાં સરી જતા પતિને જકડી રાખવાનો મિથ્યા પ્રયત્ન નથી. એની આંખોમાં આંસુ નથી. ક્યાંય melodrama નથી. એને કે મુન્નાને દુઃખી ચિતરી તમારી પાસે ખોટાં આંસુ ઉઘરાવાતાં નથી.

અને માનસી અમરને કહે છે, 'તમે તમારી પ્રિયતમાને એકવાર ઘરે લઈ આવો. મારે એને મળવું છે. અને એ પણ આપણું ઘર જુએ. એણે તો તમને જોયા છે ઓફિસની કેબિનમાં executive તરીકે સાફસૂથરા, અસ્ત્રીબંધ કપડાંમાં. જુએ તો ખરી તમે ઘરમાં કેવા રહો છો. કેટલા અસ્તવ્યસ્ત છો!"

અમર તૈયાર થાય છે. તે પહેલાં ખૂબ ઉતાવળથી માનસી ઘરને રંગ કરાવે છે. ત્યારે જ કેટલાં વરસોથી રંગ નથી થયો તે પોપડા-જાળાં છતાં થાય છે. ખુલ્લાં પડે છે. જાણે એમનું જ લગ્નજીવન! દીવાલોને પણ નવા રંગોની, સ્પર્શની જરૂર હતી. માનસી પોતે પણ સજાવટ કરે છે. હેરસ્ટાઈલ કરે છે. અરે ખુદ પોતાનો દીકરો પણ ચકિત થઈ જાય છે. કહે 'મમ્મી તું કેટલી સુંદર લાગે છે. રોજ આવી રીતે સુંદર સજાવટ કરતી હો તો!'

સપના ઘરે આવે છે. અમર પોતાનું જ ઘર-જાણે ઓળખી નથી શકતો. માનસી એમને માટે ચા બનાવે છે. એક વખત માનસીએ જ અમરને ચા વિષે કહ્યું હતું, "તમે તમારી આદતને ન છોડી શકો, પસંદગીને તો છોડી શકો." અમર બેચેન છે. બોલી નથી શકતો. એક બાજુના રૂમમાં ફાંફાં મારે છે. આવતો નથી. માનસી એને ઉદાર દિલે કહે છે કે તમને જચા દઉં છું. તમે ખુશીથી એને પરણજો. એ આવે છે ત્યારે સપના ઉઠવાની તૈયારી કરે છે. માનસી યાદ આપે છે, 'તમારી ચા તો પીધી નહીં." અમર કહે, 'રહેવા દે ચા ઠંડી પડી ગઈ. નથી પીવી.' આમાં ચાના અસ્વીકારમાં એના નિર્ણયનો અણસાર છે. ચાને એ જતી કરે છે.

અંત પણ સૂચક છે. અમર અને સપના જાય છે ત્યાં જ એક વરઘોડો જતો હોય છે. લગ્નના ગીત ગવાય છે. વાજાવાળાં પણ સૂચક ગીત વગાડે છે, 'ચલી જા...' તથા 'તું ગંગાકી મૌજ મેં જમુના કા પાણી.' અહીં પણ એ જ, ઘર પ્રત્યે પાછા ફરવાનો અમરના નિર્ણયનો સંદેશ છે. તો વરઘોડો બન્નેને છૂટા પાડે છે. સારિકા સામી બાજુ, બીજી ફૂટપાથ પર ચાલી જાય છે, ઊભી છે ને 'આવજો' કહી રહેજ આછું હસે છે. અમરે કશું કહ્યું નથી પણ એ પામી ગઈ છે. કશું પૂછતી નથી. ખસી જાય છે. અમરને એણે જ કહ્યું હતું, તમે પણ બીજા અનેક માણસોની જેમ સામાન્ય નીકળ્યા.' છતાં આખા ચિત્રમાં ત્યારે જ એ વધુ સુંદર લાગે છે.

આખા ચિત્રમાં એક દર્દ વહ્યા કરે છે. એ દર્દ માનસીનું છે, એ અમરનું પણ છે. અને આમ સપના ભલે આપણી મમતા ન જીને છતાં અંતે એનું પણ એક દર્દ તો છે જ! રામકૃષ્ણ પરમહંસને તોતાપુરીએ કહેલું, 'લોટો માંજતો રહેજે. કાટ ન લાગે.' વધુ પડતું લાગે છતાં આ જ વાત લગ્નજીવનને, સૌ કોઈ પ્રેમને પણ લાગુ પડે જ છે ને? કે પછી તમે કહેશો, 'પ્રેમ ક્યારે ય વાસી થતો નથી.' ચિત્ર આ જ વાત કહે છે: બહારની હવા ક્યારેક તમારા ઘરમાં વાવાઝોડું આણી મૂકે છે. દીવાલોને હચમચાવી મૂકે છે. તમારું માણસ હંમેશ તમારું જ રહે એ કલ્પના જૂઠી પણ પડે!

આ પ્રકારના ચિત્રો સહેજ મંદગતિએ ચલતા હોય છે. વસ્તુનું, વાર્તાનું, પોત કંઈક શિથિલ, ધીમે ધીમે ઉઘડતું હોય છે. ઘટનાઓ ઝડપભેર બનતી નથી. લાગણીઓના સ્પંદન તમે ઝીલી શકો, ન બોલાયેલા શબ્દોની ભીતર તમે ઊંડે ઉતરી શકો એટલી તમારી પાસે અપેક્ષા રખાય છે.

સારા કટાર લેખકે જીવવા શું કરવું પડે?

☐ કાન્તિ ભટ્ટ

દૈનિક વર્તમાનપત્રમાં નિયમિત લેખો આપનારને અંગ્રેજીમાં કોલમિસ્ટ કહે છે. આપણે તેને કટાર લેખક કહીએ છીએ. અમેરિકન વર્તમાનપત્રમાં એક કોલમ લેખકના લેખ ૨૦૦ વર્તમાનપત્રમાં છપાય છે. બકુલ ત્રિપાઠી જેવા હળવા લેખો લખનારા આર્ટ બુચવાલ્ડના હળવા લેખો જગતના ૩૫૦ વર્તમાનપત્રોમાં છપાય છે અને ભારતમાં "હિન્દુ" નામનું મદ્રાસનું દૈનિક પણ તેના લેખ રૂા. ૧૦૦૦નો (લેખ દીઠ) પુરસ્કાર ભરીને ખરીદે છે. કટાર લખવા માટે કટાર લેખકે માત્ર દૈનિક વર્તમાનપત્રો જ નહિ પણ અસંખ્ય મેગેઝિનો અને પુસ્તકો પણ વાંચવાં પડે છે. અમેરિકાના મશહૂર કટાર લેખક સિડની હેરીસના લેખો ૨૨૦ વર્તમાનપત્રોમાં છપાય છે. તે કહે છે કે "હું નવલકથા તો વાંચી જ શકતો નથી. સારી કટારો લખવા માટે એક સપ્તાહના અંદર પુસ્તકો 'જોઈ' જવાં પડે છે અને તેમાં અમુક પૂરા વાંચવા પડે છે. અમારે આત્મકથાનકો, ફિલસૂફી, વિજ્ઞાન, કર્મ અને માનસશાસ્ત્રનકો જૂનાં-નવાં પુસ્તકો ઉપર સતત ધ્યાન રાખવું પડે છે."

સારા કટાર લેખક બનવા શું કરવું જોઈએ તેવા એક વાચકના પ્રશ્નના જવાબમાં સિડની હેરીસે કહ્યું કે "સારા કટાર લેખકમાં બુદ્ધિયુક્ત જિજ્ઞાસા હોવી જોઈએ. તેણે રૂઢિવાદ અને પરિવર્તનશીલતા એ બન્નેનો સંગમ કરીને ચાલવું જોઈએ. નવા વિચારોને સ્વીકારવા જોઈએ. વાચકોને શરીરની કસરત ગમે છે પણ તે માનસિક કસરત કરવા તૈયાર નથી એટલે વાચકને માનસિક-કસરત થાય તેવું કટાર લેખકે ન લખવું જોઈએ."

સિડની હેરીસની વાત સાચી છે. વાચકો વતી માનસિક કસરત અમારે કરવી પડે છે. જ્યારે કોઈ પત્રકાર-લેખક મુક્ત પત્રકાર (ફ્રી લાન્સ જર્નાલિસ્ટ) બને ત્યારે ગુજરાતી પત્રકારીતામાં તે જાગૃત

ન રહે તો ભૂખે મરવા વારો આવે. તેણે અમેરિકન પત્રકાર કરતાં દસ ગણી મહેનત કરીને એકસોમા ભાગના મહેનતાણાથી સંતોષ માનવો પડે છે. પત્રકારમાંથી ક્ટાર-લેખક બનેલા મારા જેવા ઉપર ઘણી વખત એ જ ક્ષેત્રના લોકો કેબીજા વિદેશી પત્રો વાચનારાઓનો આક્ષેપ હોય છે કે અમે વિદેશી મેગેઝિનોના લેખોના સીધેસીધા તરજુમા કરી જઈએ છીએ. સીધેસીધા તરજુમાથી હાલના ચાલાક વાચકવર્ગને સામે રાખીને સારો ક્ટાર-લેખક જીવી શકે નહિ.

ઇલસ્ટ્રેટેડ વિકલીના ભૂતપૂર્વ તંત્રી શ્રી એમ. વી. કામથ અમેરિકામાં હતા ત્યારે સવારના ત્રણ ક્લાક તેમણે વર્તમાનપત્રોના કટિંગ કરવામાં અને ફાઇલ કરવામાં ગાળવા પડતા હતા. એક લેખ તૈયાર કરવા ઘણી વખત મારે ૦ાા ડઝન છાપાઓ, મેગેઝિનો અને રેફરન્સ બુકો જોવી પડે છે. એરીસ્ટોટલ ફિલસૂફ હતા કે કવિ હતા કે ઈતિહાસકાર હતા કે શું હતા તે જોવા માટે રેફરન્સ શોધવા પડે. "'પ્રબુદ્ધ જીવન"ના એક લેખમાં છ વર્ષ પહેલાં મેં એક ફિલસૂફને કવિ કહેલો કે એવી કંઈ ભૂલ કરેલી ત્યારે મુરબ્બી શ્રી ચીમનભાઈ શાહે તે ભૂલ શોધેલી. તુરંત મારે "પિપલ એન્ડ પ્લેસીઝ" નામની દસ હજાર વ્યક્તિઓ અને સ્થળોની જાણકારી આપતું મોંઘા ભાવનું પુસ્તક ખરીદી લેવું પડ્યું હતું. એનસાઇક્લોપીડિયા ના જૂના ગ્રંથો 'જન્મભૂમિ' ની લાઈબ્રેરીમાં છે પણ ચાર વર્ષ પહેલાં મારા સ્વાસ્થ્યને કારણે સ્ટાફમાંથી છૂટા થવું પડ્યું ત્યારે બીજા મેગેઝિનો માટે લખું ત્યારે તે એનસાઇક્લોપીડિયાનો લાભ મને મળતો નહિ, એટલે મારી બચતમાંથી માટે રૂા. ૧૧૦૦૦/-ની કિંમતથી 'એનસાઇક્લોપીડિયા બ્રિટાનીકા' અને 'એન સાઇક્લોપીડિયા અમેરિકાના' વસાવવા પડ્યાં હતાં. લખવાનો મોહ જતો કરી શકતો નથી કે મારી પત્ની પાસે એક પાઇ સુદ્ધાંનું સોનાનું આભૂષણ નથી અને મને ક્ટાર-લેખક તરીકે કોઈ પુરસ્તક રૂા. ૩૦૦/-નું હોય તો પણ તેને બીજી કરકસર કરીને નિઃસંકોચ ખરીદવું પડે છે.

ક્ટાર લેખકે અને પ્રાસંગિક લેખો લખનારે જીવનમાંથી ઘણું જતું કરવું પડે છે. સવારે ચા પીને મારી નાની બેબી રમવા આવે તો તેને ભૂલીને રોજ સવારે અંગ્રેજી દૈનિકોના શેરકાને જોઈ જવાં પડે છે. એમાંથી જે ભવિષ્યમાં કામ લાગે તેવા સમાચારો કાપીને તેની ફાઇલ બનાવવી પડે છે. માત્ર ભારતનાં જ નહિ, પણ વિદેશના મોંઘા મેગેઝિનો ખરીદવાં પડે છે. ભારતમાં અંગ્રેજી સાપ્તાહિકો-માસિકોનો રાફડો ફાટ્યો છે તે તમામ જોઈ જવા પડે છે. નહિતર જાગૃત વાચકનો આક્ષેપ સહન કરવો પડે કે: "આ લેખ તો આમાં છપાઈ ગયો છે." જે વિષય ઉપર લેખ છપાઈ ગયો હોય તે વિષયથી સારા ક્ટારલેખકે દૂર રહેવું જોઈએ. તે વિષય બહુ ઉકળતો હોય તો તે વિષયમાં બીજા લેખકોએ લખ્યું હોય તેનાથી નિરાળી સામગ્રી શોધવી પડે છે. એ માટે જુદી જુદી લાઇબ્રેરીઓમાં નિયમિત જવું પડે છે. મારે ત્રણ લાઇબ્રેરીઓના સભ્ય બનીને ત્યાં જવું પડે છે.

'હાર્પર' 'આટલાન્ટીક', 'ન્યુ સાઈન્ટીસ્ટ' 'ઓમ્ની' 'ન્યુ સ્ટેટ્સમેન', "ધી ન્યુ રિપબ્લિક", "સ્પેક્ટેટર", "ક્રિશ્ચિયન સાયન્સ મોનીટર", "ફોરબસ", "ફોરચ્યુન", "ધી સેટર ડે રિવ્યુ" "સેટર ડે પોસ્ટ", "ધી નેશન" લંડનના બે રવિવારના સાપ્તાહિકો વગેરેને નિયમિત જોવા પડે છે. તેમાં ઓછામાં ઓછા બે ક્લાક જાય. તેમાંથી ભાગ્યે જ આખા લેખના તરજુમા કરી શકાય. વાંચતી વખતે નોંધો લખવી પડે છે જે નોંધો ભવિષ્યના લેખોમાં વાપરી શકાય અને લેખને રસપ્રદ બનાવી શકાય. સારા લેખની શરૂઆત કરવા જ ઘણી વખત મારે શરૂના પેરેગ્રાફ માટે એક ક્લાક ગુમાવવો પડે. લેખને અનુરૂપ માહિતી મળે અને રસપ્રદ શરૂઆત થાય તે માટે કેટલીક વખત પુસ્તકો પણ જોવાં પડે. પુસ્તક, મેગેઝિન, દૈનિકોની કાપલીઓ અને પોતાના અનુભવો કે સ્મરણો એ બધાનું સંકલન કરીને લેખની પ્રવાહિતા જાળવવી પડે. દાખલા તરીકે "સંયુક્ત રાષ્ટ્ર સંઘની બીજી બાજુ" એ લેખ તૈયાર કરવા મેં છેલ્લા છ મહિનામાં એકઠી કરેલી માહિતી ઉપયોગી થઈ હતી. તેમાં "ઈકોનોમિસ્ટ", "યુ. એસ. ન્યુઝ એન્ડ વર્લ્ડ રિપોર્ટ" "સન-ડે ઓબ્ઝરવર" "ક્વીલ" – (પત્રકારો માટેનું જ મેગેઝિન) "ફોરચ્યુન" એ બધાં સામયિકોનાં કર્ટીંગ્ઝ અને નોંધોનો ઉપયોગ કરવો પડ્યો હતો. લેખ લખવામાં માત્ર ૪૦ મિનિટ લાગે. ઘણી વખત હું ટ્રેનમાં કે બસમાં લેખ લખું છું પણ તેની સામગ્રી એકઠી કરવામાં ૪૦ કલાક પણ નીકળી ગયા હોય છે. એ પછી તેનો પુરસ્કાર રૂા. ૨૫/- થી રૂા. ૫૦ મળે છે.

પ્રાસંગિક લેખો લખવાના હોય એટલે ફાઈલિંગનું કામ રખડી પડે. સિનેમા નાટકનો સમય જ ન રહે.

આવકની પૂર્તિ કરવા માટે જૂના લેખોનો સંગ્રહ કરીને તેને પુસ્તક રૂપે છપાવવા પ્રકાશકને ફોન કરવાની કે આંટા ખાવાની એક મિનિટ પણ બચે નહિ. પ્રાસંગિક લેખો લખીએ એટલે પોતાની સમસ્યાઓ કે માહિતી લઈને ઘરે મુલાકાતીઓ આવે તેને સાંભળવા પડે. અમુક માહિતી આવા લોકો પાસેથી મેળવવી પડે. તેણે આપેલી માહિતીને ચકાસવી પડે. પણ સમયનું દબાણ હોય અને માહિતી ચકાસાઈ ન હોય તો લેખમાં ભૂલ રહી જતા છબરડા વળે. શ્રી નાની પાલખીવાળાની કન્સલ્ટેશન ફી અંગે એક પ્રતિષ્ઠિત વ્યક્તિએ માહિતી આપી મેં જન્મભૂમિમાં છાપી અને તે ખોટી નીકળતાં તંત્રીએ માફી માગવી પડેલી. આમ સમયના અભાવનું બહાનું ન ચાલે. ક્ટાર લેખક તરીકે જીવવા "ક્રેડિબીલિટી' (વિશ્વસનીયતા) જાળવવી પડે. પોતાનો પ્રચાર કરવા માટે લેખ લખાવવા આવનારને સમજાવીને પાછા કાઢવા પડે.

ઘણા વાચકોની અપેક્ષા હોય કે રેશનિંગ, ભેગમાર્ક ખાતું, મહારાષ્ટ્રનું ઉદ્યોગખાતું, વેચાણવેરા ખાતું અને બીજા ખાતામાં ચાલતા ભ્રષ્ટાચાર વિષે અમે લેખો લખીએ. એ લોકો સાચી માહિતી પણ આપે. પરંતુ તંત્રીને માફી ન માગવી પડે તેવી સાવચેતી રાખીને ભ્રષ્ટાચારની મળેલી માહિતીમાંથી ૯૯ ટકા નકામી જાય. એટલે ભ્રષ્ટાચારની વાતો પ્રકાશમાં ન આવે. સ્ટાફ ઉપરના રિપોર્ટરોને પણ આ મૂંઝવણ હોય. પુરાવા વગરના ભ્રષ્ટાચારની વાતો છાપી શકાય નહીં. માત્ર તંત્રી અને ન્યુઝ એડીટર જોખમ ઉઠાવે અને સાહસ કરે તો છાપી શકાય. મોટે ભાગે મનુભાઈ મહેતા, જયંતી શુક્લ, રમણભાઈ શેઠ અને હરીન્દ્રભાઈ આવું જોખમ ઉઠાવતા હતા અને ઉઠાવે છે, પણ બદનક્ષીના ડરે અને તાજેતરની નવી ધમકીઓને કારણે તે સાહસ ઓછું થતું પણ જોઈ શકાય.

ક્ટાર લેખકો પીઢ બને પછી હેતુપૂર્ણ અને ઉપયોગી લેખો લખવાના અભિગમવા બને છે. પણ તે લેખોમાંથી તેની રોટી પાકે નહિ. કારણ કે ગુજરાતી દૈનિકો આર્થિક સ્થિતિને કારણે કે વ્યવહારુ કારણોને લઈને વધુ પુરસ્કાર આપી શકે નહિ. આવી રોટી મેળવવા ક્ટાર લેખકોએ મનોરંજનલક્ષી રંગીન સાપ્તાહિકોમ લખવું પડે. એવા મનોરંજનવાળા અને હેતુવિહીન લેખોની નકામી સામગ્રી ભેગી કરવામાં મુક્ત પત્રકારનો સારો એવો સમય વેડફાઇ જાય છે, પણ જીવન ચાલુ રાખવા જીવનને વેડફવું પડે છે.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. ટે. નં.: ૩૫૦૨૯૬: મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૫: અંક: ૧૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧, ફેબ્રુઆરી, ૧૯૮૨, સોમવાર
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ : પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

પોલેન્ડ

ચીમનલાલ ચકુભાઇ શાહ

૧૮ મહિનાથી પોલેન્ડમાં જે બનાવો બની રહ્યા છે તે વિષે ઘણું લખાયું છે અને હજી લખાશે. વિદેશના આગેવાન વર્તમાનપત્રો અને સામયિકોમાં સતત લખાણો આવતાં રહ્યાં છે. પરસ્પર વિરોધી અને ભિન્ન પ્રકારનાં મંતવ્યો જોવા મળે છે. માન્ચેસ્ટર ગાર્ડિયનનાં એક જ-૧૭મી જાન્યુઆરીના-અંકમાં જુદા જુદા મતો દર્શાવતા સાત લેખો છે. તે જ પ્રમાણે ઈકોનોમિસ્ટ, ન્યૂઝ વીક, ટાઈમ વગેરે સામયિકોમાં રાજકીય નિરીક્ષકોના લેખો આવે છે. બે બાબત સ્પષ્ટ થાય છે. એક, આ બનાવો દુનિયા માટે અતિ મહત્ત્વના છે. બીજું તેનું પરિણામ શું આવશે તે કોઈ નિશ્ચિત કહી શકે તેમ નથી. સામ્યવાદનું ભાવિ તોળાઈ રહ્યું છે એમ લાગે. વિશ્વયુદ્ધમાં પરિણમે તે અશકય નથી. મોટા પાયા ઉપર રાજકીય દાવો રમાય છે. આ રમત રમવાવાળા પણ જાણતા નથી કે હવે પછીનું પગલું શું હશે. પરસ્પરના દાવપેચ ઉપર ભાવિનો આધાર છે, કદાચ તેમના હાથની વાત પણ ન રહે. અકસ્માત અણધાર્યા પરિણામો આવે. નિયતિના ધકેલ્યા દોડતા હોય તેમ લાગે. રેગન કે બ્રેઝનેવ, સ્મિટ કે મીતરાં, દરેક પોતે પણ ભયભીત, વ્યાકુળ અને પરાધીન હોય તેવી લાગણી અનુભવતા હશે.

હું કાંઈ નવું કહેવાનો નથી, કહી શકું તેમ નથી. આ બધું વાંચતા દુનિયાના આ સૌથી મહત્ત્વના બનાવો વિષે મને જે સમજાયું છે તે પ્રબુદ્ધ જીવનના વાચકો માટે સંક્ષેપમાં રજ કરવા પ્રયત્ન કરું છું.

૧૩મી ડિસેમ્બર ૧૯૮૧ના દિવસે પોલેન્ડમાં માર્શલ-લો જાહેર થયો. ત્યારથી પરિસ્થિતિ સ્ફોટક બની અને વણસી. માર્શલ લો તે પૂર્વેના ૧૮ મહિનાના બનાવોનું પરિણામ છે. પોલેન્ડના મજૂરોએ સંગઠન કર્યું-સોલીડેરિટી. સ્વતંત્ર મજૂર સંઘોની માગણી કરી. પ્રજાજીવન ઉપર સામ્યવાદી પક્ષ અને સરકારનો ભરડો છે. તેમાં કેટલીક છૂટછાટો માગી - સામ્યવાદી પક્ષ અને સરકારમાં ઉગ્ર મતભેદો થયા. પક્ષની આગેવાની અને સરકારમાં ફેરફારો થયા. સોલીડેરિટીનું જોર વધતું ગયું તેમ તેની માગણીઓ વધતી ગઈ. સોલીડેરિટીના આગેવાનોમાં પણ મધ્યમાર્ગી અને અતિમવાદી એવા પક્ષો છે. પોલેન્ડનું અર્થતંત્ર સર્વથા ભાંગી પડયું છે. અબજો ડોલરનું વિદેશી દેવું છે. જીવનજરૂરિયાતની ચીજોની તીવ્ર અછત છે. સરકારને માંસ, રોટી વગેરે ચીજોના ભાવ વધારવા પડયા છે. મજૂરોએ હડતાળો પાડી છે. પરિણામે ઉત્પાદન ઘટયું અને આર્થિક વિટંબણાઓ વધી. દરેક ક્રાન્તિકારી પરિસ્થિતિમાં બને છે તેમ સંઘર્ષ ઉત્તરોત્તર તીવ્ર થતો ગયો અને આંતરવિગ્રહ જેવી સ્થિતિ થઈ. સરકાર અને સામ્યવાદી પક્ષે શરૂઆતમાં કાંઈક સમાધાનકારી વલણ લીધું અને કેટલીક છટછાટો આપી. સોલીડેરિટીના નેતા લીચ વેલેસા મધ્યમમાર્ગી, જવાબદાર વ્યકિત લાગે છે. તેઓ તો એક ઈલેકિટ્રક એન્જિનિયર છે અને આ આગેવાની તેમને માથે આવી પડી છે.

પોલેન્ડમાં એક વિશિષ્ટ તત્ત્વ છે. ૯૦ ટકા વસતિ રોમન કેથલિક છે. પોપ પોલેન્ડના વતની છે. સામ્યવાદના દમનનો સારો અનુભવ છે. સામ્યવાદને ધર્મનો વિરોધ છે, પણ પોલેન્ડમાં રોમન કેથલિક ચર્ચનું વ્યાપક વર્ચસ્વ છે. ધર્મ, હમેશાં માણસને કટોકટીમાં બળ આપે છે. મજૂરોને ચર્ચનો પૂરો ટેકો છે. તેથી તેમને નૈતિક હિંમત રહે છે. રોમન કેથલિક ચર્ચને સામ્યવાદી પક્ષ સાથેનો મુકાબલો કરવાનો સમય આવી પહોંચ્યો હોય તેમ લાગે.

પાયાનો પ્રશ્ન એ છે કે સમસ્ત સામ્યવાદી તંત્રને અને વિચારસરણીને આ મોટો પડકાર છે. સામ્યવાદ મજૂરોનું રાજ્ય ગણાય છે. મજૂરોનું કલ્યાણ કરવા સ્વતંત્ર સંગઠનની જરૂર છે એ વિચાર જ સામ્યવાદના મૂળમાં ઘા કરવા બરાબર છે. સામ્યવાદી પક્ષની સત્તામાં કોઈ હરીફ હોય તે અસ્વીકાર્ય છે.

તેથી, પોલેન્ડમાં સામ્યવાદનો પડકાર થાય તે હકીકત રશિયા કોઈ સંજોગોમાં સ્વીકારે નહિ. ૧૯૫૬માં હંગેરીમાં અને ૧૯૬૮માં ઝેકોસ્લાવેકિયામાં તેમ બન્યું ત્યારે રશિયન લશ્કરે દાખલ થઈ, પ્રજાનો બળવો સખત હાથે દબાવી દીધો.

પોલેન્ડમાં પ્રજાના અસંતોષથી અને કેથલિક ચર્ચના ટેકાથી સોલીડેરિટીનું બળ વધ્યું ત્યારે પોલેન્ડના સામ્યવાદી પક્ષ માટે બે જ વિકલ્પ હતા-કાં તો સોલીડેરિટીના બળવાને પોતે જ દબાવી દેવો અથવા રશિયન લશ્કરની દરમ્યાનગીરી નોતરવી અથવા સહન કરવી. જનરલ જેરૂઝેલ્સ્કીએ પહેલો માર્ગ લીધો અને માર્શલ-લો જાહેર કર્યો. સ્વેચ્છાએ કર્યું કે રશિયાના દબાણથી? રશિયન લશ્કરના દમન અને અત્યાચારોથી પોલેન્ડની પ્રજાને બચાવવા એક દેશભકતનું આ પગલું છે કે રશિયાનું રમકડું છે? રશિયાનું દબાણ અને પૂરો ટેકો છે તે દેખીતું છે. માર્શલ-લોમાં દમનનો કોરડો વિંઝાય, અત્યાચારો થાય, હજારોને જેલ જવું પડે, કેટલાકના મૃત્યુ થાય, ભયનું સામ્રાજ્ય વર્તે, વર્તમાનપત્રો કે પ્રજાને સ્વતંત્રતાનું નામ નિશાન ન રહે, આ બધું સ્વાભાવિક છે. પોલેન્ડની પ્રજાએ પોતાની તાકાત અને નૈતિક હિંમત ઉપર ઊભા રહેવાનું છે. પોલેન્ડનો આ આંતરિક પ્રશ્ન છે. બહારની દખલગીરી શકય નથી, ઈચ્છનીય નથી, હાનિકારક છે.

અમેરિકાએ જે વલણ હાલ અખત્યાર કર્યું છે અને પશ્ચિમ યુરોપના દેશોને તે વલણને ટેકો આપવા દબાણ લાવી રહ્યા છે તેથી પરિસ્થિતિ વધારે વિકટ થશે અને આ વલણ ૩૫ વર્ષની સ્વીકૃત નીતિથી વિરુદ્ધ છે.

આ સમજવા ભૂતકાળ તરફ થોડી દૃષ્ટિ કરવી પડશે.

બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકા, બ્રિટન, રશિયા, ફ્રાન્સ અને ચીન મિત્રરાજ્યો હતાં. બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યારે રશિયાને બચાવવા, સ્ટેલિને હીટલર સાથે સંધિ કરી. હીટલર ભાન ભૂલ્યો અને રશિયા ઉપર આક્રમણ કર્યું. આ વિશ્વયુદ્ધમાં રશિયાએ જાન-માલની ખુવારીમાં સૌથી વધારે સહન કર્યું. જર્મનીની હાર નિશ્ચિત દેખાતી હતી તે સમયે, રૂઝવેલ્ટ, ચર્ચિલ અને સ્ટેલિન, યાલ્ટામાં મળ્યા અને યૂરોપના ભાગલા સ્વીકાર્યા. પૂર્વ યુરોપના દેશો રશિયાના વર્ચસ્વમાં રહેશે તેમ નક્કી થયું. રશિયન લશ્કર બર્લિન સુધી પહોંચી ગયું. જર્મનીના ભાગલા થયા. યુદ્ધનો અંત આવતાં જ રશિયા અને અમેરિકા વચ્ચે ઠંડું યુદ્ધ શરૂ થયું. લગભગ ૧૯૬૦ સુધી ચાલ્યું. દરમિયાન, રશિયાની આર્થિક અને લશ્કરી તાકાત વધી અને અમેરિકાની બરોબરી કરી. ત્યાર પછી અમેરિકા અને પશ્ચિમ યુરોપના દેશોએ સંઘર્ષ તજી, સહઅસ્તિત્વની નીતિ અપનાવી. પોલેન્ડ રશિયાના વર્ચસ્વમાં છે, રશિયાની સલામતી માટે પોલેન્ડ ઉપર રશિયાનો કાબૂ રહે તે રશિયા માટે જરૂરનું છે. પોલેન્ડ સ્વતંત્ર થાય તો રશિયાની સલામતી જોખમાય અને સમસ્ત સામ્યવાદી તંત્રને તૂટી પડવાનો ભય પેદા થાય. રશિયા કોઈ સંજોગોમાં આવી પરિસ્થિતિ સ્વીકારે નહિ. આ ઈતિહાસની અવગણના કરી, રેગને પોલેન્ડની પ્રજાની ઉશ્કેરણી કરવાનું અને રશિયાને પોલેન્ડમાં દરમિયાનગીરી ન કરવા ચેતવણી આપવાની નીતિ શરૂ કરી છે. રેગનને પોલેન્ડની પ્રજાના માનવીય અધિકારો માટે લાગણી ઉભરાઈ આવી છે. પણ પોલેન્ડની પ્રજાને અનાજ આપવું બંધ કર્યું, એમ માનીને કે અનાજ ન મળે તો પોલેન્ડની સરકાર સામે પ્રજાનો અસંતોષ વધે અને બળવામાં જોર આવે. રેગનના ખ્યાલમાં નહિ હોય કે તેનું વિપરીત પરિણામ પણ આવે. પોલેન્ડની સરકાર તેની પ્રજાને સકારણ કહી શકે કે અમેરિકા જ તેમને ભૂખ્યે મારે છે. રશિયા સામે થોડા આર્થિક પગલાં લીધાં છે તેની કોઈ અસર થવાની નથી પણ અડપલાં કરે છે. વધારે પગલાં લેવાની ધમકી આપી છે. પણ રશિયાને અનાજ આપવાનું ચાલુ રાખ્યું છે. કાર્ટરે બંધ કર્યું હતું. પણ પરિણામે અમેરિકાના ખેડૂતોને મોટું આર્થિક નુકસાન થતું હોવાથી ચાલુ કરવું પડ્યું.

રેગન એમ માનતા લાગે છે કે રશિયા અફઘાનિસ્તાનમાં ભેરવાઈ પડ્યું છે. રશિયાને પૂરું તંગ કરવાની આ તક માને છે. ચીનને મોટી લશ્કરી સહાય કરે છે જેથી રશિયાને ચીનનો ભય રહે અને રશિયન લશ્કર ચીની સરહદે રોકાયેલું રહે. ડલસ અને મેકાર્થીનું સામ્યવાદી વિરોધી વલણ હતું તેવું રેગનનું છે.

રેગનને માનવીય અધિકારોની કાંઈ પડી નથી. પોલેન્ડની પ્રજાની કાંઈ પડી નથી. દક્ષિણ આફ્રિકામાં હબસીઓ ઉપર આથી પણ વધારે દમન થાય છે, પણ ત્યાંની સરકારને રેગન પૂરો ટેકો આપે છે.

પશ્ચિમ યુરોપના દેશો દ્વિધામાં છે. માર્ગરેટ થેચરનો રેગનને પૂરો ટેકો છે. બન્ને કટ્ટર મૂડીવાદી છે. ફ્રાન્સનો મીતરાં સમાજવાદી છે. સમાજવાદી, મૂડીવાદી કરતાં પણ સામ્યવાદનો વધારે વિરોધી છે. છતાં મીતરાં પોલેન્ડની પ્રજા માટે સહાનુભૂતિ બતાવે છે અને રેગનને ટેકો આપે છે. જર્મનીના સ્મિટની કફોડી સ્થિતિ છે. જર્મન પ્રજાને અને સ્મિટને રશિયા સાથે સંઘર્ષ જોતો નથી. પશ્ચિમ યુરોપના દેશોના આર્થિક હિતો રશિયા સાથે ખૂબ સંકળાયેલાં છે. રશિયા સામે આર્થિક નાકાબંધી કરતાં અથવા વ્યાપારના સંબંધો તોડતા પશ્ચિમના દેશોને મોટું નુકસાન થાય તેમ છે. છતાં અમેરિકન સહાય વિના રશિયન આક્રમણને પહોંચી ન વળવાની શક્તિ નથી. અમેરિકા અને પશ્ચિમ યુરોપના દેશો વચ્ચે ફાટફૂટ પડાવવા રશિયા ખૂબ પ્રચાર કરે છે.

એટલું નિશ્ચિત સમજવું કે રશિયા કોઈ સંજોગોમાં પોલેન્ડને પોતાની પકડમાંથી છૂટવા નહિ દે. જનરલ જેરૂઝેલ્સ્કી શાન્તિ સ્થાપવામાં સફળ નહિ થાય તો રશિયાની લશ્કરી દરમિયાનગીરી અનિવાર્ય છે. ગમે તે પરિણામ આવે, રશિયા તેમાંથી પીછેહઠ કરી નહિ શકે. રશિયન પ્રજાની સહનશક્તિ અસીમ છે. ઝારના સમયથી યાતનાઓ સહન કરતી જ આવી છે. સામ્યવાદી તંત્રના અસ્તિત્વનો પ્રશ્ન હોય ત્યારે ગમે તે ભોગ આપવા તૈયાર થશે. રશિયાની લશ્કરી તાકાત અને માનવી તથા સાધનસમૃદ્ધિ ઓછાં નથી. રશિયા પોલેન્ડમાં લશ્કર મોકલે તો અમેરિકા અથવા પશ્ચિમ યુરોપના દેશો, ત્રીજું વિશ્વયુદ્ધ કરવા તૈયાર ન હોય તો– અને નથી– પોલેન્ડની પ્રજાને કોઈ મદદ કરી શકે તેમ નથી. પોલેન્ડની ભૌગોલિક સ્થિતિ જોતાં પણ એવી સીધી સહાય શક્ય નથી. પોલેન્ડ પૂર્વ જર્મની અને ઝેકોસ્લાવેકિયા – બન્ને સામ્યવાદી દેશોથી ઘેરાયેલું છે.

રોમન કેથલિક ચર્ચ આ પરિસ્થિતિ સમજે છે. તેથી તેણે મધ્યમાર્ગી નીતિ સ્વીકારી છે. દમનનો સખ્ત વિરોધ કરે છે, પણ સાથે શાન્તિનો ઉપદેશ આપે છે.

અત્યારે એમ લાગે છે કે લશ્કરી તંત્ર પોલેન્ડની પ્રજાને દબાવી દેશે. નહિ તો રશિયા લશ્કર ઉતારશે. વર્તમાન સરકારો પાસે લશ્કરી તાકાત એટલી જબરજસ્ત હોય છે કે પ્રજાનો હિંસક બળવો અતિ મુશ્કેલ છે. પોલેન્ડની પ્રજા પ્રત્યે અમેરિકા કે પશ્ચિમના દેશોને ખરી સહાનુભૂતિ હોય તો મોટા પ્રમાણમાં આર્થિક સહાય કરવી જોઈએ. પણ તેમ કરવા જતાં, સામ્યવાદી તંત્ર રહે જ છે. પરિણામે, પોલેન્ડની પ્રજાની યાતનાઓ પ્રત્યે આપણી ગમે તેટલી સહાનુભૂતિ હોય તો પણ કોઈ સીધી સહાય કરી શકીએ તેમ નથી. તેની પોતાની તાકાત ઉપર જ આધાર રાખવો રહ્યો. સામ્યવાદનો અંત એમ નહિ આવે. જ્યાં સુધી દુનિયામાં ભીષણ ગરીબાઈ અને ભૂંડી સમૃદ્ધિ-પ્રજાઓ અને પ્રજાઓ વચ્ચે અથવા પ્રજાની અંતર્ગત–છે ત્યાં સુધી સામ્યવાદનું આકર્ષણ રહેવાનું. વર્તમાનમાં સહઅસ્તિત્વ એક જ ઉપાય છે. એકબીજા ઉપર સરસાઈ મેળવવાનો પ્રયત્ન મિથ્યા છે.

અમેરિકન પ્રજાના બે સ્વરૂપ છે. એક," ઉદાર, માનવતાવાદી, સ્વતંત્રતાપ્રિય અને બીજું અભિમાની, ધમંડી અને આક્રમક મૂડીવાદી. રેગન બીજા સ્વરૂપના પ્રતિનિધિ છે.

સામ્યવાદમાં સ્વતંત્રતા કે માનવીય અધિકારોની આશા રાખવી મિથ્યા છે.

રેગન કે બ્રેઝનેવ, સામ્યવાદ કે મૂડીવાદ, કોઈમાં પસંદગી કરવા જેવું નથી. બન્ને અનિષ્ટ છે.

પોલેન્ડમાં જે બની રહ્યું છે તેની ગંભીર અસર દુનિયાના બધા દેશો ઉપર પડવા સંભવ છે. પોલેન્ડની પ્રજાને શાન્તિ મળે અને સ્વતંત્રતાની તેની ઝંખના સફળ થાય તેમ જ દુનિયા ત્રીજા વિશ્વ યુદ્ધમાં ન ફસાય તેવી પ્રાર્થના કરવી રહી.

તા. ૨૪–૧–૧૯૮૨.

દેવનાર સત્યાગ્રહ

[] ચીમનલાલ ચકુભાઈ શાહ

દેવનારમાં સૌમ્ય સત્યાગ્રહ થઈ રહ્યો છે તેની બહુ થોડા મુંબઈવાસીઓને કે દેશના લોકોને ખબર છે. સંપૂર્ણ ગોવધ પ્રતિબંધ, પશ્ચિમ બંગાળ અને કેરલ સિવાય, જમ્મુ અને કાશ્મીર સહિત બધાં રાજ્યોમાં છે. સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે કે આવો પ્રતિબંધ બંધારણને અનુરૂપ છે. પણ બળદના વધનો સંપૂર્ણ પ્રતિબંધ સ્વીકાર્યો નથી. ખેતી કે વાહનવ્યવહાર માટે ઉપયોગી બળદનો પ્રતિબંધ સ્વીકાર્યો છે, પણ સર્વથા નિરૂપયોગી બળદના વધની છૂટ આપી છે.

નિરૂપયોગી બળદને નામે સારા બળદોની અવિચારી કતલ મોટા પાયા ઉપર કેવી થઈ રહી છે તે મેં એક લેખમાં બતાવ્યું છે. જનતા સરકારે ગોમાંસ-તેમાં બળદનો સમાવેશ થાય છે–ની નિકાસનો પ્રતિબંધ કર્યો હતો. આ સરકારે તે પ્રતિબંધ રદ કર્યો છે. પરિણામે

ગાય અને બળદના માંસની મોટા પાયા ઉપર, ખાસ કરી આરબ દેશોમાં નિકાસ થઈ રહી છે અને બળદની કતલ ખૂબ વધી પડી છે. ૧૯૭૮-૭૯માં રૂા. ૮૮ લાખની નિકાસ થઈ હતી. તે ૧૯૭૯-૮૦માં રૂા. ૨૭૨ લાખની થઈ છે. ૧૯૮૦-૮૧માં તેથી પણ વધી છે. વિમાન માર્ગે મોટી નિકાસ થઈ રહી છે. સ્થાનિક જરૂરિયાત પૂરતો વધ થતો ત્યાં સુધી સહન કરી લેતા. પણ ગાય-બળદના માંસની નિકાસ કરી, વિદેશી હૂંડિયામણ કમાવાનું પાપ અસહ્ય છે.

વિનોબાજી પાસે આ હકીકતો રજૂ થઈ ત્યારે તેમણે નિર્ણય કર્યો કે ગાય અને બળદનો વધ સદંતર બંધ થાય એ જ માર્ગ છે. નિરૂપયોગી બળદને નામે સારા બળદની લાખોની સંખ્યામાં કતલ થાય તે અટકાવવાનો આ એક જ માર્ગ છે.

તેથી વિનોબાજીએ આદેશ આપ્યો કે દેવનાર કતલખાના ઉપર સત્યાગ્રહ કરી બળદની કતલ સંપૂર્ણ અટકાવવી. આ આદેશ અનુસાર ૧૨મી જાન્યુઆરીથી 'શાન્તિ સેના' તરફથી દેવનાર ખાતે સત્યાગ્રહ શરૂ થયો છે.

શરૂઆતમાં શ્રી અચ્યુત દેશપાંડેની આગેવાની નીચે ૧૮ ભાઈઓ મુંબઈ આવ્યા અને ૧૧મી તારીખે સત્યાગ્રહ શરૂ કર્યો, જે ચાલુ છે. ઘાટકોપરમાં કેમ્પ કર્યો છે અને દરરોજ સત્યાગ્રહીઓ દેવનાર જઈ સત્યાગ્રહ કરે છે.

મેં આજે (તા. ૨૪-૧-૧૯૮૨) ઘાટકોપર કેમ્પની અને દેવનાર કતલખાનાની મુલાકાત લીધી. હાલ ઘાટકોપર કેમ્પમાં ૧૦ ભાઈ-બહેનો છે. ગઈકાલે થાણાથી ૧૧ આદિવાસી ભાઈઓ આવ્યા. બીજી ટુકડીઓ આવી રહી છે. બિહાર, ઉત્તર પ્રદેશ, હરિયાણા, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાંથી ભાઈઓ આવ્યા છે. ગુજરાતમાંથી વેડછી આશ્રમમાંથી ૧૦૦ વિદ્યાર્થીઓ આવી રહ્યા છે. લગભગ બધાં રાજ્યોમાંથી સ્વયંસેવકોની ટુકડીઓ આવી રહી છે. આમાંના મોટા ભાગના સર્વોદય કાર્યકર્તાઓ છે. કેટલાક બહુ શિક્ષિત છે. એક ભાઈ એમ. એ. છે. બીજા કેમ્બ્રિજ યુનિવર્સિટીના પદાર્થ-વિજ્ઞાનના ડોકટરેટ ધરાવે છે. અને ઉત્કલ યુનિવરસિટીમાં તે વિભાગના વડા હતા. મોટા ભાગના ભાઈઓએ સ્વતંત્રતાની લડતમાં ભાગ લઈ, જેલ ગયા છે. સમર્પિત ભાવવાળા યુનંદા સેવકો છે. તેમનામાં કોઈ ખોટી ઉત્તેજના નથી. વિનોબાજી પ્રત્યે પૂરી ભક્તિ ધરાવે છે. વિનોબાજીનો આદેશ તેમને શિરોમાન્ય છે. ૩૦મી ડિસેમ્બરે પાવનારમાં ગોસેવા સંમેલન હતું ત્યાં અચાનક વિનોબાજીએ આ નિર્ણય લીધો અને આ ભાઈઓને મુંબઈ જવા આદેશ આપ્યો અને તેઓ મુંબઈ આવી ગયા. કોઈ આ માટે તૈયારી કરીને પણ આવ્યા ન હતા. તેમાંના કેટલાક વર્ષોથી ગો-સેવાનું કાર્ય કરી રહ્યા છે.

ગઈ કાલ સુધી, દરરોજ પાંચ ભાઈઓ દેવનાર જતા. કતલ માટે બળદને કતલખાનાના કમ્પાઉન્ડમાં દાખલ કરવાનો દરવાજો છે ત્યાં બેસે છે અને બળદોને અંદર જતા રોકે છે. સવારે ૧૨ વાગે જાય છે. અત્યાર સુધી દિવસના ભાગમાં અને રાત્રે ગમે ત્યારે બળદોને અંદર દાખલ કરવામાં આવતા. સત્યાગ્રહ શરૂ થયા પછી, રાત્રે ૧૨-૧ વાગ્યા પછી જ દાખલ કરે છે. આ ભાઈઓ ત્યાં સુધી દરવાજે બેસી રહે છે. રાત્રે ૧૨-૧ વાગે તેમને પકડવામાં આવે છે અને પોલીસ ચોકી પર લઈ જાય છે અને સવારે ૪-૫ વાગે છોડી મૂકે છે.

આજથી (તા. ૨૪) આ ભાઈઓએ બે ટુકડી મોકલવા નિર્ણય કર્યો છે. એક ટુકડી સવારે ૭ વાગે જાય અને બીજી બપોરે એક વાગે. આજે સવારે ૭ વાગે પાંચ ભાઈઓની ટુકડી ગઈ તેમને ૯ વાગે પકડી લીધા. બીજી ટુકડી બપોરે ૧૨॥ વાગે આઠ ભાઈઓની ગઈ-હું તેમની સાથે ગયો.

દેવનાર કતલખાનાની મારી આ પહેલી મુલાકાત હતી. ભાઈ તુલસીદાસ વિશ્રામ ખીમજી, જેઓ આ સત્યાગ્રહી ભાઈઓની બધી વ્યવસ્થા સંભાળી રહ્યા છે, તેઓ મારી સાથે હતા. દેવનાર કતલખાનું ૩૦૦ એકરની જમીનમાં પથરાયેલું છે. એક ભાગમાં બજાર-માર્કેટ યાર્ડ છે. પશુઓને રાખવાનાં તેમાં ઘણાં છાપરાંઓ છે. દરરોજ ૩૦૦થી ૪૦૦ બળદની, ૫૦-૬૦ ભેંસોની અને ૮૦૦૦-૮૫૦૦ ઘેટાંબકરાંની કતલ થાય છે. તેના વેપારીઓ અને દલાલો હોય છે. પશુઓનું વેચાણ થયા પછી તેની ડૉક્ટરી તપાસ થાય છે અને સર્ટિફિકેટ મળતાં કતલ માટે જાય છે. સમસ્ત એશિયામાં દેવનારનું કતલખાનું મોટામાં મોટું છે. મુંબઈ અને મહારાષ્ટ્ર રાજ્ય કદાચ ગૌરવ લઈ શકે!

આ ભાઈઓ જે દરવાજે બેસે છે ત્યાં ગંદકી અને દુર્ગંધ અસહ્ય છે. ચારે તરફ ઝૂંપડાંઓ છે. મોટે ભાગે મુસલમાનો છે. પણ દુર્ગંધનું એક બીજું કારણ છે.

કતલખાનામાં પશુઓના મળમૂત્ર અને લોહીની નદીઓ વહે, તે બધું દરરોજ ધોવાય. તેનું પાણી એક ખુલ્લી ગટર મારફત વહે છે અને તે ગટર આ દરવાજા પાસેથી જાય છે. આ ભાઈઓએ મને કહ્યું હતું કે નરકનો અનુભવ થાય છે. એવા સ્થળે બાર કલાક બેસી રહે છે. રેંટિયો અથવા તકલી કાંતે છે, ગીતાઈનું પારાયણ કરે છે. પ્રાર્થના કરે છે. ઘાટકોપર કેમ્પમાંથી નીકળતા પ્રાર્થના કરી વિદાય લે છે. આજની પ્રાર્થનામાં હું હાજર હતો.

સેંકડો ભાઈ-બહેનો દેશના બધા ભાગમાંથી આવવાના છે. અત્યારે સર્વોદય હોસ્પિટલમાં ભાઈ શ્રી કાન્તિલાલભાઈએ ૨૦૦ માણસોને રહેવાની અને જમવાની સગવડ કરી આપી છે. વિનોબાજીનો આદેશ છે કે સત્યાગ્રહ ચાલુ રાખવો.

લાંબો વિચાર નથી કરતા તેમને, આ બધું અવ્યવહારું અથવા ધૂન લાગે. જીવદયા, પ્રેમ અને કરૂણા, માનવજીવનના પાયાના મૂલ્યો છે. ભગવાન મહાવીર અને બુદ્ધની ભૂમિમાં અહિંસા પરમ ધર્મ છે. ગોસેવા ગાંધીજીને પ્રાણસમાન પ્રિય હતી. આ પ્રશ્નની આર્થિક બાજુ ઓછી મહત્ત્વની નથી. આ દેશના અર્થતંત્રમાં ખેતી અને વાહનવ્યવહારમાં, ગાય અને બળદનું સ્થાન મુખ્ય છે. ગાય-બળદના માંસની નિકાસ કરવાનું પાપ ભારતની પ્રજા સહન ન જ કરે.

જે ભાઈઓ સત્યાગ્રહ કરી રહ્યા છે તે સમર્પણપૂર્વક, ભક્તિ-ભાવથી પ્રેરાયા છે. તેમનો ત્યાગ અને બલિદાન નિષ્ફળ ન જ જાય.

હું એમ માનું છું કે પાંચ જીવને પણ બચાવી શકીએ તે સાર્થક છે. પ્રજાનો આત્મા જાગ્રત થાય તેમાં સત્યાગ્રહની સફળતા છે.

કોઈ એમ ન માને કે આ વિનોબાની ધૂન છે. સરકારી સંત તરીકે વિનોબાની મજાક ઉડાડવાવાળા આ દેશમાં પડ્યા છે. એ સંત પુરુષની આર્ષદૃષ્ટિ ભવિષ્યને નિહાળી રહી છે. જીવદયાપ્રેમી દરેક ભાઈબહેનની આ સત્યાગ્રહ પ્રત્યે પૂર્ણ સહાનુભૂતિ હશે.

આ સત્યાગ્રહ ચાલુ રાખવામાં ખર્ચ પણ સારી પેઠે થશે. અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘે આ કામ ઉપાડી લીધું છે. શ્રી ધરમશીભાઈ ખટાઉ તેના પ્રમુખ છે અને આ કાર્યને તેમનો પૂરો ટેકો છે. જીવદયાપ્રેમી ભાઈઓ અને સંસ્થાઓને મારી સાગ્રહી વિનંતી છે. આ કાર્યના ખર્ચને પહોંચીવળવા તેઓ અખિલ ભારત કૃષિ ગો-સેવા સંઘને પોતાનો ફાળો સત્વર મોકલાવે. ભારતીય વિદ્યાભવનમાં તેની ઓફિસ છે.

જૈન ભાઈઓને મારો ખાસ અનુરોધ કે આ પૂણ્યકાર્યમાં પૂરો સાથ અને સહકાર આપે. દરેક જૈન સંઘ પાસે જીવદયાનું ફંડ હોય જ છે. તેમાંથી યથાશક્તિ ફાળો તુરત મોકલાવે.

દોસ્તોયેવ્સ્કી : એક અસ્વસ્થ આત્માએ સર્જેલું કાલાતીત સાહિત્ય

□ મનુભાઇ મહેતા

[૨]

'પ્રબુદ્ધ જીવન'ના છેલ્લા અંકમાં છપાયેલા લેખમાં આપણે દોસ્તોયેવ્સ્કીના જીવન પર દૃષ્ટિપાત કર્યો. આજે આપણે એના સાહિત્ય પર વિહંગદૃષ્ટિ ફેરવીશું.

પહેલા લેખમાં જણાવ્યું છે તેમ દોસ્તોયેવ્સ્કીએ નવલકથાઓ, નિબંધો વગેરે ઘણું બધું લખ્યું છે છતાં એની, સાહિત્યકાર તરીકેની કીર્તિ તો એની નવલકથાઓ પર જ મંડિત થયેલી છે. એની જે ઉત્તમોત્તમ નવલકથાઓ છે તેમાં પણ શિરમોર સમી "ક્રાઇમ એન્ડ પનીશમેન્ટ" છે. આ નવલકથા રશિયામાં આજે પણ એટલી જ લોકપ્રિય છે. આ ઉપરાંત "ધી ઈડિયટ", "રોયુથ", "ધી ડેવિલ્સ" અને "બ્રધર્સ કારામાઝોવ" એ પણ સમકક્ષાની નવલકથાઓ ગણાય છે. કેટલાક સમીક્ષકો "ક્રાઇમ એન્ડ પનીશમેન્ટ" કરતાં "ધી ઈડિયટ" અને "રોયુથ"ને ઉચ્ચત્તર કક્ષાની નવલકથા ગણાવે છે, તો વિખ્યાત સમીક્ષક ઈ. એચ. કાર તો "બ્રધર્સ કારામાઝોવ"ને એક મહાકાવ્યની કક્ષામાં મૂકે છે. આ બધી નવલકથાઓ કોઈ એક તત્ત્વ, કોઈ એક કલ્પનાના બીજની આજુબાજુ વણાયેલી છે. "બ્રધર્સ કારામાઝોવ"ને દોસ્તોયેવ્સ્કીના આત્મચરિત્ર તરીકે જ ગણાવી શકાય. "ક્રાઇમ એન્ડ પનીશમેન્ટ"માં જેમ શાહુકારી ત્રાસના અનુભવોનું પ્રતિબિંબ છે તેમ જ સાઈબેરિયામાં દોસ્તોયેવ્સ્કીને થયેલા કારમા અનુભવોનું પણ પ્રતિબિંબ છે. "ધી ઈડિયટ"માં ધનસંપત્તિના પ્રભાવનું વર્ણન છે અને આ સંપત્તિ નૈતિક અધઃપતનનું કારણ કેમ બની શકે છે એ પણ આ નવલમાં સુંદર રીતે બતાવવામાં આવ્યું છે. આ નવલકથાના એક પાત્રના મોંમા મૂકવામાં આવેલી ઉક્તિ તો સ્મરણીય છે. આ પાત્ર કહે છે: "પાશવી બળનો હક્ક જે આપણે માન્ય રાખીએ તો આગળ ચાલતાં વાઘ અને મગરને પણ, આપણને મારી ખાવાનો હક્ક છે એવું માન્ય કરવાનો સમય પણ આવે" દોસ્તોયેવ્સ્કીની આ ઉક્તિ કેટલી સાચી છે તેની પ્રતીતિ હજી હમણાં સુધી આપણને થતી રહી છે.

દોસ્તોયેવ્સ્કીના જમાનામાં માનવીના બુદ્ધિવાદનો નાદ ઘણો ગાજવા માંડયો હતો. પણ દોસ્તોયેવ્સ્કીએ પોતાનાં પાત્રો દ્વારા જે માન્યતા પ્રગટ કરી છે તે ઉપરથી ફલિત થાય છે કે માનવી તો બુદ્ધિવાદથી ઊંધી દિશામાં જનારું પ્રાણી છે, એને તો પાપની જાણે તાલાવેલી લાગી છે. પોતાને દુઃખીદુઃખી કરવામાં જાણે એને આનંદ આવે છે. એવું જ દોસ્તોયેવ્સ્કી માનતા, અલબત્ત, દોસ્તોયેવ્સ્કી આખરે એવું પ્રતિપાદન તો કરતા જ કે માનવી આ બધી આપત્તિ, દુઃખ, દૈન્ય વગેરે ભોગવીને જ આખરે ઉદ્ધાર પામે છે. દોસ્તોયેવ્સ્કીને ઈસુ ખ્રિસ્તના શરણમાં અટલ શ્રદ્ધા હતી એ ખરું પણ ટોલ્સ્ટોયની નવલકથાઓમાં જેમ બોધપાઠ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે તેવું દોસ્તોયેવ્સ્કીની નવલકથાઓમાં કોઈ ઠેકાણે નથી. પોતાના સાહિત્યિક સામર્થ્ય વડે સર્જેલું એક ચિત્ર તમારી સમક્ષ રજૂ કરીને એ ખસી જાય છે. જે નિષ્કર્ષ કાઢવો હોય તે કાઢવાનું એ તમારી પર છોડી દે છે. વાંચનારમાં જો માનવતાવાદ હશે તો પોતે રજૂ કરેલાં સાહિત્યિક ચિત્રમાંના માનવતાવાદને તે જરૂર પ્રતિસાદ આપશે એવું દોસ્તોયેવ્સ્કીનું કહેવું છે. આ લેખકે કૉલેજકાળ દરમ્યિાન "બ્રધર્સ કારામાઝોવ" નવલકથા જેમ તેમ કરીને વાંચી હતી. જેમતેમ કરીને એટલા માટે કે એ કૃતિમાંથી નીતરતી કરૂણતા કેવળ અસહ્ય હતી. એ પછી વર્ષો બાદ "ક્રાઇમ એન્ડ પનીશમેન્ટ" વાંચવામાં આવી. એ બે સિવાય, દોસ્તોયેવ્સ્કીની બીજી કોઈ કૃતિ આ લેખકે વાંચી નથી. હવે વ્યાવસાયિક જીવન પૂરું થતાં વાંચવાની નવરાસ છે ત્યારે નવલકથા વાંચવામાંથી રસ જ ઊડી ગયો છે.

એક સમીક્ષકે કહ્યું છે કે દોસ્તોયેવ્સ્કીના ઘણાં પાત્રો ડેમોનિઆકલ" છે, રાક્ષસી છે અને છતાં એ સમીક્ષકે એ પણ કબૂલ્યું છે કે સમાજ જીવનમાં આવાં પાત્રો હોય જ છે અને તેથી જ દોસ્તોયેવ્સ્કીનું ચિત્રણ પ્રતીતિકર બની રહે છે અને સાહિત્યના જે અમર અને અવિસ્મરણીય પાત્રો છે તેમાં સ્થાન પ્રાપ્ત કરી રહે છે. દોસ્તોયેવ્સ્કીના સાહિત્યમાં અપમાનિત, અવમાનિત પૃથ્વકજન પ્રત્યેની અપાર કરુણા સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે. વિકૃત મનોદશાવાળાં પાત્રોનું ચિત્રણ પણ જોડે અપૂર્વ રીતે કર્યું છે. દોસ્તોયેવ્સ્કીની લગભગ એકેએક નવલકથાનું અંગ્રેજીમાં ભાષાંતર થયું છે. ઉપર વર્ણવી છે તે ઉપરાંત એની બીજી નવલકથાઓ છે: (૧) ધી ગેમ્બલર, (૨) ધી ફ્રેન્ડ ઓફ ધી ફેમિલી, (૩) ઈન્જરી એન્ડ ઈન્સલ્ટ, (૪) ધી પરમેનન્ટ હસબન્ડ અને (૫) અન્કલ્સ ડ્રીપ.

દોસ્તોયેવ્સ્કીના સાહિત્યની સમાલોચના કરનારાં પણ પુસ્તકો લખાયાં છે એ પણ આ સાહિત્યની ઉદારતા અને અસરકારકતાના પુરાવા સમાન છે. સ્તાલિને દોસ્તોયેવ્સ્કીનું એકેએક પુસ્તક વાંચ્યું હતું અને એ વાંચીને એને જ્યારે પ્રતીતિ થઈ કે સમાજને હચમચાવી નાખવાની આ સાહિત્યમાં શક્તિ છે ત્યારે જ એણે દોસ્તોયેવ્સ્કીના પુસ્તકો પર પ્રતિબંધ મૂક્યો હશે એમ એક સમીક્ષક કહે છે. રશિયામાંથી હિજરત કરીને ફ્રાંસમાં આવી વસેલા આન્દ્રે જીદ, કોન્સ્તેન્તીન મોચુલ્સ્કી વગેરે મૂળે રશિયાના અગ્રણી વિવેચકોએ અને સીમેન્સ, ઈ. એચ. કાર જેવા અંગ્રેજ વિવેચકોએ દોસ્તોયેવ્સ્કીના સાહિત્ય અંગે લખેલા વિવેચનાત્મક પુસ્તકોમાં, એ સાહિત્યના ક્ષેત્રે વિચરતાં તમને કેવાં કેવાં નંદનવનો, કેવાં કેવાં સૌંદર્યધામોમાં વાસ્તવ્ય કરવાનું મળે છે તે દર્શાવી આપ્યું છે. એક બાજુ બીજા વિવેચકે તો એટલે સુધી કહ્યું છે કે દોસ્તોયેવ્સ્કીના પુસ્તકો વાંચીને સ્તાલિન પોતે અસ્વસ્થ બની ગયા હોવા જોઈએ અને તેથી જ તેમણે એમનાં પુસ્તકો પર પ્રતિબંધ મૂક્યો હોવો જોઈએ!

ગોગોલને રશિયાના પ્રથમ નવલકથાકાર ગણવામાં આવે છે. (રશિયન ભાષામાં નવલકથા રૂપી સાહિત્ય-પ્રકારનો વિકાસ ખૂબ મોડે મોડેથી થયો હતો) દોસ્તોયેવ્સ્કી પર આ ગોગોલનો પ્રભાવ થોડા સમય સુધી રહ્યો હતો. તદુપરાંત તુર્ગેનેવ, તોલ્સ્તોય વગેરે સાહિત્ય સ્વામીઓ પણ દોસ્તોયેવ્સ્કીના પહેલાં જ રશિયન સાહિત્યના આકાશમાં સિતારાની જેમ ચમકવા લાગ્યા હતા. આ બધાની કૃતિઓ તો દોસ્તોયેવ્સ્કીએ વાંચી જ હતી પણ પાશ્ચાત્ય યુરોપના સાહિત્ય સ્વામીઓમાંથી શેક્સપિયર, બાલ્ઝાક, વિકટર હ્યુગો અને ડિક્સની કૃતિઓ પણ તેમણે વાંચી હતી. ડીકન્સના "પિકવિકપેપર્સ" માંના પિકવિકનું પાત્ર અને સર્વાન્ટીસના "ડોન કિહોટે"માંના ડોન કિહોટે તથા સાન્કોપાંઝાના પાત્રો દોસ્તોયેવ્સ્કીને ખૂબ પ્રિય હતાં. દોસ્તોયેવ્સ્કીએ લખેલાં વિવિધ પત્રોમાં આ વાત તેમણે જાતે કબૂલી છે. દોસ્તોયેવ્સ્કીએ એક લેખક તરીકેના પોતાના જીવનનો પ્રારંભ પણ બાલ્ઝાકની એક નવલકથાનું રશિયન ભાષામાં ભાષાન્તર કરીને કર્યો હતો. ડિકન્સ અને સર્વાન્ટીસ એ બન્ને દોસ્તોયેવ્સ્કીના પ્રિય લેખકો ખરા, પણ ડિકન્સમાં જે વિનોદ છે, જીવનની વિસંગતીઓને ઉપહાસમુકત વિનોદીદૃષ્ટિથી જોવાની જે ખેળાડુવૃત્તિ છે તે દોસ્તોયેવ્સ્કીમાં નથી. એને તો અસ્વસ્થતામાં જ આનંદ આવે છે. સર્વાન્ટીસના જેવી કટાક્ષ કરવાની દૃષ્ટિ અને ઉપહાસ વૃત્તિ

(અનુસંધાન ૧૮૭ મા પાને)

આલોચનાના અતિચાર

□ ડૉ. રમણલાલ ચી. શાહ

'આલોચના' અને 'અતિચાર' એ બંને જૈન ધર્મના પારિભાષિક શબ્દ છે. આલોચના (અથવા પ્રાકૃત શબ્દ આલોયણા) એટલે અવલોકન, નિરીક્ષણ, વિવેચન. પોતાના સ્થૂલ કે સૂક્ષ્મ દોષોનું ઝીણવટપૂર્વક અવલોકન કરવું અને ગુરુમહારાજ સમક્ષ તેનો સ્વીકાર કરવો એ માટે જૈન પારિભાષિક શબ્દ છે 'આલોચના' અર્થાત 'આલોયણા.' આલોયણા કરવી અથવા આલોયણા લેવી એવો રૂઢ પ્રયોગ વપરાય છે.

પાપનો અથવા કોઈ દોષનો ચિત્તમાં વિચાર સ્ફૂરે ત્યારથી શરૂ કરીને તેવું પાપકાર્ય થઈ જાય ત્યાં સુધીની સૂક્ષ્મ અને સ્થૂળ ક્રિયાના ચાર તબક્કા જૈન શાસ્ત્રોમાં ગણાવવામાં આવ્યા છે: અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર. આમાં અતિચાર ન કરવા ઉપર જૈન ધર્મમાં બહુ ભાર મૂકવામાં આવ્યો છે કે જેથી અનાચારમાંથી બચી શકાય.

માણસે રોજેરોજ સવાર-સાંજ પોતાનાં પાપોની અને ખાસ તો અતિચારોની આલોચના કરવાની હોય છે. ગુરુ કે વડીલ સમક્ષ પ્રામાણિકતાથી, કશું છુપાવ્યા વગર પોતાના દોષો કે અતિચારો કહેવામાં આવે તો તે આલોચના છે. આલોચના (અથવા આલોયણા; આલોયણ) એ પ્રાયશ્ચિતનો પણ એક પ્રકાર છે. એવી આલોચના સાંભળ્યા પછી વડીલ વ્યક્તિ કે ધર્મગુરુ તે દોષોની ગંભીરતા મુજબ, પ્રાયશ્ચિત તરીકે, તેવા દોષો ફરીથી ન થાય તે માટે, શિક્ષારૂપે ઉપવાસાદિ તપ જપ કરવાનું કહે છે. વ્રતધારી સાધુઓથી થતા દોષો વધારે ગંભીર સ્વરૂપના ગણાય છે. સ્થૂળ કે સૂક્ષ્મ હિંસા, અસત્યકથન, ચોરી કરવી, ચીજવસ્તુ સંતાડવી, બ્રહ્મચર્યનું ખંડન, પાસે પૈસા કે સોનારૂપાની કે ઝવેરાતની વસ્તુઓ રાખવી ઈત્યાદિ દોષો ક્યારેક સાધુઓથી પણ જાણતાં કે અજાણતાં સહેતુક કે અહેતુક થઈ જતા હોય છે. એવા અતિચારોની આલોયણા સાધુઓએ પોતાના ગુરુ પાસે લેવાની હોય છે, પરંતુ અતિચારોની આલોચના કરતી વખતે ક્યારેક આલોચનાના અતિચારો પણ થઈ જતા હોય છે.

પોતાના દોષોનો એકરાર કરવા માટે ઘણી મોટી નૈતિક હિંમતની જરૂર છે. દોષોનો એકરાર કરવાથી કેટલીક વખત માણસની પ્રતિષ્ઠાને હાનિ પહોંચવાનો સંભવ છે. લોકનિંદાનો ડર જેવો તેવો નથી. સામાજિક પ્રતિષ્ઠા ધરાવનારા લોકનેતાઓ પોતાની ભૂલનો જાહેરમાં એકરાર કરતાં ખચકાતા હોય છે. ક્યારેક તેમને પોતાના અનુયાયીઓનું બળ ઓછું થવાનો ભય પણ રહે છે. જેમણે વ્રત અંગીકાર કર્યાં હોય એવા સાધુમહાત્માઓ પણ ક્યારેક પોતાના વ્રતભંગની કબૂલાત કરવા વિષે વિમાસણમાં પડી જાય છે. બીજી બાજુ પોતાના નાના કે મોટા એવા તમામ દોષોનો સ્વીકાર કરનાર મહાપુરુષોના ઉદાહરણો પણ ઓછાં નથી. એવા સાધુ મહાત્માઓ ચારિત્ર ધર્મની આરાધનામાં પોતાનાથી થતી તમામ ક્ષતિઓનો તરત સ્વીકાર કરી લે છે અને ચિત્તશુદ્ધિ દ્વારા આત્મશુદ્ધિ કરે છે.

જ્યારે વ્યક્તિમાં પોતાના દોષોનો એકરાર કરવાનું નૈતિક બળ થોડું ઓછું હોય છે અને બીજી બાજુ એકરાર કર્યા વગર છૂટકો નથી હોતો ત્યારે એકરારને કારણે પરિણમતી પરિસ્થિતિમાંથી જેટલા બચી શકાય તેટલા બચી જવાની વૃત્તિ તેમનામાં રહે છે. ત્યારે તેવી વ્યક્તિ પોતાના કેટલાક દોષોનો સ્વીકાર કરે છે અને કેટલાક દોષો છુપાવે છે. એવો સ્વીકાર કરતી વખતે પણ તેમનું ચિત્ત કંઈક તર્ક અને કંઈક યુક્તિથી સ્વબચાવ કરવા તરફ રહે છે.

કેટલાક સાધુઓમાં પણ ક્યારેક આવી વૃત્તિ જોવા મળે છે. આપણા શાસ્ત્રકારોએ એવા સાધુઓની મનોવૃત્તિઓનું સૂક્ષ્મ અવલોકન કરીને દોષશુદ્ધિ માટે આલોયણા લેવા તત્પર થયેલા સાધુમાં પણ કેવા કેવા દોષો પ્રવેશી જાય છે, તેનું સરસ મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ કરેલું છે.

સાધુઓ પણ જ્યારે પોતાના ગુરુ પાસે પોતાના દોષોની આલોચના કરે ત્યારે તેઓએ દસ પ્રકારના અતિચારોમાંથી બચવું જોઈએ એમ ભગવતી સૂત્રમાં લખ્યું છે.

દસ આલોયણાદોસ પણ્ણત્તા, નં જહા–
આકંપયિત્તા–અણુમાણઇત્તા, જં દિટ્ઠં બાયરં ય સુહુમં વા ।
છન્નં સદ્દાઉલયં, બહુજણ અવ્વત્ત તસ્સેવી ।

આકંપિત, અનુમાનિત, યદ્ દૃષ્ટ, બાદર, સૂક્ષ્મ, પ્રચ્છન્ન, શબ્દાકુલ, બહુજનપૃચ્છા, અવ્યક્ત અને તત્સેવી એમ દસ પ્રકારના આલોયણાના દોષ ગણાવવામાં આવે છે.

૧. **આકંપિત**-પોતાના દોષો ગુરુને કહેતાં પહેલાં, આલોયણા લેતાં પહેલાં સાધુ પોતે પોતાની ગુરુની ખૂબ સેવાચાકરી કરે, એમનાં આહારપાણીનું બરાબર ધ્યાન રાખે, એમને વંદન કરવાની વિધિનું ચીવટપૂર્વક સમયસર પાલન કરે અને ગુરુ મહારાજને બરાબર પ્રસન્ન કર્યા પછી, એમનામાં દયાભાવ પ્રગટ કર્યા પછી આલોયણા લે કે જેથી ગુરુમહારાજ ઓછું પ્રાયશ્ચિત આપે. ઓછું પ્રાયશ્ચિત લેવાના આશયથી ગુરુમહારાજને પ્રથમ પ્રસન્ન કરી લેવાની વૃત્તિ થવી તે યોગ્ય નથી. એ એક પ્રકારનો આલોચનાનો અતિચાર છે.

૨. **અનુમાનિત**–ગુરુ પોતાને કઈ રીતે ઓછું પ્રાયશ્ચિત આપશે એ વિશે પહેલાં અનુમાન કર્યા પછી જ સાધુ પોતાના અતિચારોની આલોચના કરે તે અનુમાનિત દોષ છે. પ્રાયશ્ચિતના જુદા જુદા કેવા પ્રકારો છે એ વિષે પહેલાં ગુરુમહારાજને પૂછીને અને પોતાના એકાદ નાનકડા અતિચારની પ્રથમ આલોચના કરીને ગુરુ શું પ્રાયશ્ચિત આપે છે તે જોવું અને તે ઉપરથી અનુમાન કરીને પછી પોતાના કયા કયા અતિચારોનું પ્રાયશ્ચિત લેવાનું પોતાને ફાવશે તેનો વિચાર કર્યા પછી બાકીના કેટલાક અતિચારોનું પ્રાયશ્ચિત લેવું તે અનુમાનિત દોષ છે. એ માટે શિષ્ય પોતે કોઈક વખત ઈરાદાપૂર્વક ગુરુને ખોટું કહે કે 'હે ગુરુમહારાજ! મારી તબિયત બરાબર રહેતી નથી; મારું શરીર દુર્બળ બની ગયું છે. મારી પાચનક્રિયા બગડી ગયેલી છે. મારાથી તપશ્ચર્યા થતી નથી. માટે આપ જો થોડુંક હળવું પ્રાયશ્ચિત

દોસ્તોયેવ્સ્કી (૧૮૬ મા પાનાથી ચાલુ)

પણ એનામાં નથી. દોસ્તોયેવ્સ્કીનો અસ્વસ્થ આત્મા તો કલ્પનાના વિશ્વમાં હંમેશ રમમાણ રહેતો. છતાં તુર્ગેનેવ અને તોલ્સ્તોય જ્યારે રશિયન જીવનની ભવ્યતાની ગાથા ગાતા હતા ત્યારે રશિયાનું સમાજજીવન કેવી રીતે અસ્થિરતાના પાયા પર ઊભું થયેલું છે, એ સમાજજીવનનો ભારેલો અગ્નિ ગમે ત્યારે જ્વાલામાં પલટાવાનો કેવો સંભવ છે તે દર્શાવનાર દોસ્તોયેવ્સ્કી હતા અને એ દૃષ્ટિએ તેવો તે જમાનાની વાસ્તવિકતાથી વધારે પરિચિત હતા એમ જ કહેવું પડે.

"યુનેસ્કો"એ આવા મહાન લેખકનું યોગ્ય તર્પણ કર્યું એટલું કહીને આ લેખમાળા પૂરી કરું છું. દોસ્તોયેવ્સ્કી અંગેના બન્ને લેખો તૈયાર કરવામાં રશિયન રાજદૂતાલય તરફથી પ્રાપ્ત થયેલી સામગ્રી. એનસાઈકલોપીડિયા અને વિવિધ સામયિકોમાં, દોસ્તોયેવ્સ્કી અંગે પ્રગટ થયેલા લેખોનો આધાર લીધો છે.

આપો તો હું મારા અતિચારોની આલોચના કરું. આમ કહીને પ્રથમ ગુરુનાં મનનું અનુમાન કરીને પછી પોતાના અતિચારોની આલોચના કરે તો તેથી પણ 'અનુમાનિત'ના પ્રકારનો દોષ થાય છે.

૩. **યદ્–દૃષ્ટ**:–પોતાના જે દોષો બીજા કેટલાક લોકો જોઈ ગયા છે તેની આલોચના લીધા વગર છૂટકો નથી; એમ સમજીને જે શિષ્ય પોતાના ફક્ત બીજાએ જોયેલા દોષોની આલોચના કરે છે અને જે દોષો બીજાએ જોયા નથી, તે કપટભાવથી પોતાના મનમાં સંતાડી રાખે છે તે શિષ્ય આલોચનાનો યદ્–દૃષ્ટ નામનો દોષ કરે છે.

૪. **બાદર** : કેટલીક વાર આરાધક પોતાનાથી થયેલા અતિચારોમાંથી માત્ર મોટા અને સ્થૂળ અતિચારોની આલોચના કરે છે, પરંતુ પોતાના સૂક્ષ્મ અતિચારોની આલોચના કરતો નથી. એના મનમાં એવો ભાવ હોય છે કે 'ગુરુ સમક્ષ હું મારા મોટા મોટા દોષની આલોચના કરું તો એનાથી એવી છાપ ઊભી થશે કે જે વ્યક્તિ મોટા દોષની આલોચના કરે તે નાના નાના દોષની આલોચના તો જરૂર કરે જ ને? આવી રીતે નાના દોષોની આલોચનામાંથી બચી જવા માટે ફક્ત થોડાક મોટા દોષની આલોચના કરવી તે પણ એક પ્રકારનો આલોચનાનો અતિચાર છે.

૫. **સૂક્ષ્મ** – કેટલીકવાર સાધક પોતાના નાના નાના અતિચારોની આલોચના કરે છે અને પોતાના મોટા દોષોને છુપાવે છે. 'જે વ્યક્તિ પોતાના નાનામાં નાના દોષોની આલોચના કરે છે તે મોટા દોષોની આલોચના તો અચૂક કરતી જ હોવી જોઈએ ને?' એવી છાપ ઊભી કરીને, ગુરુનો વિશ્વાસ પ્રાપ્ત કરીને જે સાધુઓ મોટા દોષો છુપાવે છે અને માત્ર નાના દોષો પ્રગટ કરે છે તે સાધુઓ ભય, મદ અને કપટને કારણે જિનવચનથી વિમુખ બને છે. કેટલીક વખત સાધકના મનમાં ભય રહેલો હોય છે કે પોતાના મોટા દોષોને માટે ગુરુમહારાજ કદાચ વધારે પડતું મોટું પ્રાયશ્ચિત આપી દેશે. એટલા માટે તે પોતાના નાના દોષોની ગુરુ સમક્ષ આલોચના કરીને શું પ્રાયશ્ચિત મળે છે તેનો અંદાજ જ કાઢ્યા પછી મોટા દોષોનો વિચાર કરે છે. એવા સાધકના મનમાં કપટભાવ રહેલો હોય છે. એટલે તેઓ સાચા સાધક બની શકતા નથી.

૬. **પ્રચ્છન્ન** : કેટલીકવાર સાધકને પોતાનાં પાપોનો એકરાર કરવામાં લજ્જા અને લોક-નિંદાનો એટલો બધો ડર રહે છે કે ગુરુ સમક્ષ પોતાના અતિચારોનો એકરાર કરતાં તેઓને સંકોચ થાય છે. બીજી બાજુ પોતાના પાપ માટે તેમનો અંતરાત્મા ડંખતો હોય છે, એવે વખતે તે બીજાનું કાલ્પનિક નામ આપી અમુક અતિચાર થયો હોય તો તેનું શું..શું પ્રાયશ્ચિત મળે એ ગુરુ પાસેથી જાણીને લઈને પોતાની મેળે ખાનગીમાં એ પ્રાયશ્ચિત કરી લે છે. (પ્રાચીન કાળમાં ચક્ષમણા નામનાં સાધ્વી જે એ પ્રમાણે કર્યું હતું.) આ પણ એક પ્રકારનો કપટ ભાવ છે. એટલે ગુપ્ત રીતે પોતાની મેળે પ્રાયશ્ચિત લઈ પોતાની પાપોની શુદ્ધિ કરી લીધી હોવા છતાં તેનું ખાસ બહુ ફળ મળતું નથી.

કેટલીકવાર સાધક તક જોઈને ગુરુ પાસે કોઈ હાજર ન હોય તેવે વખતે, પ્રચ્છન્ન સ્થાનમાં ગુરુ સમક્ષ પોતાના અતિચારો માટે આલોચના કરે છે. વળી, એ લેતી વખતે પણ પ્રચ્છન્ન રીતે, ગુરુ પણ બરાબર સાંભળી કે સમજી ન શકે તે રીતે પોતાના અતિચારોની આલોચના કરે છે. આ પણ એક પ્રકારનો આલોચનાનો અતિચાર છે.

૭. **શબ્દાકુલ** – શબ્દાકુલ એટલે મોટા અવાજ સાથે અથવા મોટા અવાજ વચ્ચે. કેટલીક વખત પોતાના અતિચારોની આલોચના કરતી વખતે સાધકના મનમાં દેખાવ કરવાની વૃત્તિ જાગે છે. પોતે કેટલા પ્રામાણિક છે અને શુદ્ધ થવાને તત્પરપર છે એ બીજાઓને બતાવવાને માટે, બધા બરાબર સાંભળી શકે, એ રીતે જોરશોરથી ગુરુ સમક્ષ તે પોતાના દોષોની આલોચના કરે છે. પોતાના અતિચારો માટે લઘુતા કે લજ્જાનો ભાવ જન્મવાને બદલે પોતાની પ્રશંસા થાય એવો ભાવ તેનામાં જન્મે છે. આત્મશુદ્ધિ માટે નહિ પણ આત્મપ્રશંસા માટે તે આલોચના કરે છે. સાધુએ કે ગૃહસ્થે એવી રીતે આલોચના ન કરવી જોઈએ.

સાધુઓમાં પાક્ષિક, ચાતુર્માસિક કે સાંવત્સરિક આલોયણા મોટા સમુદાયમાં જ્યારે લેવાની હોય છે ત્યારે સ્વાભાવિક રીતે જ ત્યાં એક સાથે ઘણા સાધુઓ પોતપોતાના અતિચારોની આલોયણા મોટેથી બોલી લેતા હોય છે. તે વખતે ત્યાં તે અવાજોની વચ્ચે પોતાના અતિચારો વિષે અસ્પષ્ટ રીતે બોલીને આલોયણા લઈ લેવી એ શબ્દાકુલ પ્રકારનો દોષ છે.

૮. **બહુજનપૃચ્છા** – કેટલીકવાર સાધક પોતાના એક દોષને માટે એક ગુરુ પાસે આલોયણા લીધા પછી પોતે કેટલા બધા સરળ, પ્રામાણિક અને જાગૃત છે એ બતાવવા અને પોતાનો યશ વધે એટલા માટે બીજા ગુરુઓ પાસે પણ એ જ દોષ માટે ફરીથી આલોયણા લે છે. આમ કરવા પાછળ સાધકનો આશય પોતાની શુદ્ધિ કરવા કરતાં પોતાના માટેની પ્રશંસા વધારવાની હોય છે.

કેટલીક વખત સાધક પોતાના અતિચારોની વાત કર્યા વગર પ્રચ્છન્ન રીતે ઘણા આચાર્યોને તેની આલોયણા વિષે પૂછે છે અને તેમાંથી જે ઓછામાં ઓછું પ્રાયશ્ચિત બતાવે તેમની પાસે જઈને પોતાના અતિચારો કહીને આલોયણા લે છે. આ પણ બહુ જન-પૃચ્છાના પ્રકારનો આલોયણાનો દોષ છે.

કેટલીક વખત સાધકને પોતાના ગુરુ મહારાજે આપેલા પ્રાયશ્ચિતમાં શ્રદ્ધા બેસતી નથી અને તેથી એ પ્રાયશ્ચિત યોગ્ય છે કે નહિ તેની ચર્ચા બીજા ઘણા વડીલ સાધુઓ સાથે કરે છે. આ રીતે ઘણાની સાથે પોતાના અતિચાર અને પ્રાયશ્ચિતની યોગ્યા-યોગ્યતાની પૂછપરછ કરવી તે યોગ્ય નથી.

૯. **અવ્યક્ત** – કેટલાક સાધુઓને કયા કયા દોષ માટે શું શું પ્રાયશ્ચિત આપી શકાય તે વિશે ઊંડો શાસ્ત્રીય અભ્યાસ હોતો નથી. કેટલાક સાધુઓ દીક્ષાપર્યાયમાં નાના હોય છે. કેટલાક સાધુઓ જ્ઞાનાભ્યાસમાં નાના હોય છે. આવા ચારિત્રબાલ અથવા આગમબાલ સાધુઓ કે જેમને આલોચના અને પ્રાયશ્ચિતની પૂરી ખબર ન હોય તેમની પાસે હેતુપૂર્વક જઈને આલોયણા લેવી અને તેમના અજ્ઞાનનો લાભ ઉઠાવવો એ અવ્યક્તના પ્રકારનો દોષ છે.

૧૦. **તત્સેવી** – તત્સેવી એટલે તેવા પ્રકારના દોષોનું સેવન કરનાર. કેટલાક મોટા સાધુઓ પોતે પતનના માર્ગે ઘસડાયા હોય છે. એવા સાધુઓ પાર્શ્વસ્થ કહેવાય છે. એમની પાસે પોતાના અતિચારોની આલોયણા લેવી એ પણ એક દોષ છે. સાધક કેટલીકવાર એવો કુતર્ક દોડાવે છે, કે જે દોષોનું સેવન પોતાનાથી થયું છે તેવા દોષોનું સેવન અમુક વડીલ સાધુ પણ કરે છે. માટે જો તેમની પાસે દોષોની આલોચના કરવામાં આવે તો તેઓ સહાનુભૂતિપૂર્વક ઓછું પ્રાયશ્ચિત આપશે, કારણ કે પોતાની મર્યાદા તેઓ પણ જાણતા હોય છે. આ રીતે પાર્શ્વસ્થમુનિ પાસે આલોયણા લેવી એ તત્સેવીના પ્રકારનો દોષ છે.

સાધુમહાત્માઓના ચિત્તમાં પણ પ્રમત્તાવસ્થામાં કેવા કેવા દોષો પ્રવેશી જાય છે તેનું સૂક્ષ્મ મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ આપણા આગમગ્રંથોમાં થયું છે. જેમ સાધુઓની બાબતમાં તેમ ગૃહસ્થોના જીવનમાં તો સવિશેષપણે પોતાની શરતચૂકથી, ભૂલ, વાંક કે દોષનો બચાવ કરવા માટે, પોતાનું ખરાબ ન દેખાય એ માટે, પોતાની માનહાનિ ન થાય એ માટે માણસ અસત્ય, અર્ધસત્ય, અલ્પસત્ય, વિકૃત સત્ય, સત્યાભાસ, કુતર્ક, વિકલ્પ, અપવાદ, આક્ષેપ, પ્રતિપ્રહાર, નિર્દોષતાનો આડંબર, મિથ્યાભિમાન, દોષદર્શિતા વગેરેનો આશ્રય લેવા લલચાય છે.

પારદર્શક વ્યક્તિત્વ કેટલું બધું વિરલ છે તે આવા પ્રસંગોએ આપણને સમજાય છે.

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્ર (વર્ષ–૬)

[તસવીરમાં ડાબી બાજુએથી શ્રીમતી શારદાબેન, સર્વશ્રી કે. પી. શાહ, ચીમનભાઈ જે. શાહ, ચીમનલાલ ચકુભાઈ શાહ, ડૉ. રમણલાલ ચી. શાહ, દર્શક, શ્રી રસિકલાલ મો. ઝવેરી, જેરમલભાઈ મહેતા].

કેળવણી વિચાર : પ્લેટો અને રૂસો–દર્શકનાં બે વ્યાખ્યાન

[આ વર્ષે વિદ્યાસત્રના ત્રણ પ્રવચનો તાતા ઓડિટોરિયમમાં તા. ૧૮–૨૦ અને ૨૧ જાન્યુઆરીના રોજ શ્રી રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને યોજાયાં હતાં. શ્રી મનુભાઈ પંચોળી–દર્શક–એ "કેળવણી વિચાર" ઉપર વ્યાખ્યાનો આપ્યાં હતાં. પ્રવચનોનો પ્રારંભ શ્રીમતી શારદાબહેન ઠક્કરના ભજનથી થયો હતો.]

☐ કૃષ્ણવીર દીક્ષિત

તા. ૧૮, ૨૦ અને ૨૧ જાન્યુઆરી, ૧૯૮૨ આ ત્રણ દિવસ તાતા ઓડિટોરિયમ (બૉમ્બે હાઉસ, બ્રુસ સ્ટ્રીટ, ફોર્ટ,–મુંબઈ ૨૩)માં પ્રસિદ્ધ કેળવણીકાર સર્વોદયવાદી ચિંતક, નવલકથાકાર અને ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી મનુભાઈ પંચોળી–દર્શક–એ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રનાં ત્રણ વ્યાખ્યાન આપ્યાં હતાં. વ્યાખ્યાનોનો વિષય હતો "કેળવણી વિચાર". પ્રમુખપદે હતા મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા ડૉ. રમણલાલ ચી. શાહ. સંચાલક હતા સંઘના એક મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહ.

પ્રથમ દિવસે શ્રી શારદા બહેન ઠક્કરના ભજન બાદ ડૉ. રમણભાઈએ દર્શકનો તેમની પ્રતિભા અને સાહિત્ય તથા કેળવણી ક્ષેત્રે તેમણે કરેલા પ્રદાન સંદર્ભે પરિચય આપ્યો. સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે દર્શકનું હાર દ્વારા સન્માન કર્યું હતું.

પ્રથમ દર્શકે મુંબઈ જૈન યુવક સંઘની વિદ્યા પ્રવૃત્તિને બિરદાવી, વિદ્યાસત્ર નિમિત્તે પોતાને નિમંત્રવા બદલ સંઘનો આભાર માન્યો હતો. પ્રથમ વ્યાખ્યાનમાં દર્શકે પ્લેટોના કેળવણી વિચારને પ્રકાશિત કર્યો હતો.

વ્યક્તિ અને સમાજ

તેમણે કહ્યું: "કેળવણી વિચારના કેન્દ્રમાં વ્યક્તિ અને સમાજ વચ્ચે ગુમેળ કેમ સ્થપાય, અને એ માટે કેવું આયોજન થવું ઘટે આ બે મુખ્ય બાબતો હોવી જોઈએ. કોઈ પણ સમાજ વૃક્ષો, પહાડો, નદી કે ઈમારતોમાંથી ઘેડા થતો નથી. સમાજનાં પોતાનાં વલણો, આદતો, સમજદારી આ બધાં કેવાં છે તેના ઉપર સમાજના સ્વરૂપનો આધાર છે. એવા પણ કેળવણીકારો છે જે કેવળ સમાજનો જ વિચાર કરે છે. સમાજ અને વ્યક્તિ વચ્ચે મૂળગત વિરોધ નથી. જે વિરોધ દેખાય છે તે ટાળવા ઘટે અને તે કેળવણીથી જ ટાળી શકાય. સમાજમાં વ્યક્તિ તિરાડ પાડે અથવા વ્યક્તિજીવનમાં સમાજ તિરાડ પાડે તે પરિસ્થિતિ નભી શકે નહિ. આ દેશમાં ઘણી બાબતોનું આયોજન થયું છે. પણ કેળવણી વિશે આયોજન થયું નથી. પરિણામે ઘણા ગંભીર કોયડા ઊભા થયા છે. સમાજમાં કેવો નાગરિક હોવો જોઈએ તે વિશે કોઈએ વિચાર કર્યો નથી. દેશમાં આટલા બધા લોકો ભણેલા હોય પછી બેકારી શા સારું હોવી જોઈએ? ગોળ ગળ્યો ના હોય એ કેવી રીતે બની શકે? દેશમાં કામ નથી એમ નથી. દેશમાં શિક્ષિતો નથી એમ નથી. અને છતાં દેશમાં શિક્ષિતો બેકાર છે. આમાં દોષ ભણેલાઓનો નથી. દોષ તેમને

ભણાવનારાઓનો છે. જે કેળવણી પાછળ અઢળક પૈસો ખરચાય છે એ વાસ્તવમાં કેળવણી છે જ નહીં. આખી કેળવણીની યોજના એક પ્રપંચ છે. કેળવણી એવી હોવી જોઈએ જે માબાપો, વિદ્યાર્થીઓ અને સમાજને અનુકૂળ હોય. કેળવણી વિચારના પાયામાં ટ્રસ્ટીશિપની ભાવના હોવી જોઈએ. કારણ બાળકો પોતે કેળવણી વિશે વિચારી શકતાં નથી.

કેન્દ્રમાં બાળક અને સમાજ

પ્લેટોના કેળવણી વિચારના કેન્દ્રમાં બાળક અને સમાજ બંને છે. આજનો બાળક આવતી કાલનો નાગરિક છે. સમાજ એ સાથે વસતા નાગરિકોનો બને છે. સમાજ સ્વસ્થ હોવો જોઈએ અને સ્વસ્થ નાગરિક વગર સ્વસ્થ સમાજ હોઈ શકતો નથી. અસ્વસ્થ સમાજમાં નાગરિક સ્વસ્થ હોઈ શકતો નથી. પણ સમાજ એટલે આપણે શું માનીએ છીએ? સમાજ વિશેની આપણી કલ્પના શી છે? સમાજનો પ્રત્યેક નાગરિક શિક્ષિત હોવો જોઈએ અને કેળવાયેલો હોવો જોઈએ. કેળવાયેલો નાગરિક જ સમાજ ઉપર સારી અસર કરી શકે છે.

પ્લેટોની વિચારધારા

'પ્લેટોના રિપબ્લિક' ને કેળવણીના એક ઉત્તમ ગ્રંથ તરીકે ઓળખાવીને કાકી મનુભાઈએ કહ્યું; 'પ્લેટો તેના જનામાથી એક સો વર્ષ આગળ હતો. એણે કેટલા બધા પ્રશ્નો વિચાર્યા છે અને કેળવણી અંગે તો એણે કેટલી બધી આતશબાજી ફોડી છે? પ્લેટો આ જગતનો એક મોટામાં મોટો તત્ત્વજ્ઞાની હતો, એટલું બધું ઊંચું શિખર કે એના પરનો બરફ ઓગળતો નથી. એની ઉપરના વાયરા અહીં વાય છે ખરા! પ્લેટોનું એમ માનવું છે કે રાજ્ય જેના હાથમાં હોય તે જો તત્ત્વજ્ઞાની હોય તો રાજ્ય સરખી રીતે ચાલે. સત્તા અને ડહાપણનું સગપણ કરો તો બધું બરાબર ચાલશે. પ્લેટોના રાજ્યતંત્રની વિભાવના પ્રમાણે કોઈ પણ કવિ મન ફાવે તેવી કવિતા લખી શકે નહિ. કારણ એ માને છે કે માણસો ઉપર સહુથી વધુમાં વધુ અસર કવિઓની થતી હોય છે. એ માને છે કે સ્વસ્થ માણસમાં સંવાદિતા હોવી જોઈએ. પ્લેટો એમ માને છે કે નાગરિક અસ્વસ્થ થયો તો તે સમાજને અસ્વસ્થ કરી મૂકશે. સ્વસ્થતા અને સંવાદિત માટે પ્લેટોએ વાસનાઓ, આવેગો અને ઈચ્છાઓને આઘાં વધવા દેવાં ન જોઈએ. દરેકને માપસર રાખવા જોઈએ. કીર્તિની આકાંક્ષા પણ માપસર જ હોવી જોઈએ અને આ સર્વ કેળવણીથી જ સિદ્ધ થઈ શકે. પ્લેટો માને છે કે કેળવણીની યોજના એ મગજને ઠેકાણે રાખવાની યોજના છે. પણ સમાજના બધા જ માણસો મગજ ઠેકાણે રાખી શકતા નથી. એટલે સામાન્ય જનની કેળવણીની યોજના જુદી અને થોડાક માણસો માટેની કેળવણીની યોજના જુદી હોવી ઘટે. પ્લેટોએ ન્યાય અને અદાલત વચ્ચેના સંબંધનો પણ વિચાર કર્યો. એ એમ કહે છે કે દરેક માણસને સુખ અને "ડિગ્નિટી" આપવાં જોઈએ. તે જો તેને નહિ મળે તો સમાજ સ્વસ્થ નહિ રહે. દરેક માણસને સુખી થવાનાં સાધનો આપવાં ઘટે તેમ દરેક માણસને એ કરી શકે તેવું જ કામ આપવું જોઈએ. દરેક માણસ કંઈ સત્યની શોધ કરવા જન્મ્યો નથી. બધા સત્ય–શોધક બની શકતા નથી. માટે જ પ્લેટોએ સામાન્ય માણસ માટેની અને થોડાક માણસ માટેની–એમ કેળવણીના બે ભેદ પાડ્યા છે. જે સત્યશોધક છે, સત્યનું જેને દર્શન થયું છે એ જ માણસ સમાજને માર્ગદર્શન કરાવી શકે અને માટે જ એ કહે છે કે જ્ઞાન હોય તેને જ સત્તા આપો. અને સત્તા જેની પાસે છે તેને જ્ઞાન આપો.

દર્શકે સોક્રેટિસ અને ગ્લુકોન વચ્ચેના સંવાદોની ડાયલેક્ટિકસના સંદર્ભે વાત કર્યા પછી કહ્યું:" નવી કેળવણીના સિદ્ધાન્તના કેન્દ્રમાં બાળક જ હોવો જોઈએ. બાળકો ઉપર જોરજુલમ કરીને કશું જ ભણાવી શકાય નહીં. પ્લેટોએ કહ્યું જ છે કે કેળવણીના ક્ષેત્રમાં ભય અને લાલચ બેમાંથી એકેય હોવું જોઈએ નહિ. બાળકની કેળવણીની શરૂઆત માના ઉદરમાં ગર્ભાધાન થાય ત્યારથી જ માને કેળવણી આપવાથી થાય છે. અને બાળક જન્મ્યા પછીનાં પહેલાં પાંચ વર્ષમાં એને જે સંસ્કાર આપો તે આખી જિંદગી દૃઢમૂલ થતા હોય છે. બેન્થામના પ્લેઝર (આનંદ) અને પેઈન (દુઃખ) ના સિદ્ધાન્તનો નિર્દેશ કરીને દર્શકે કહ્યું: અગિયાર વર્ષ સુધી બાળકને રમતગમત સિવાય કોઈ જ શિક્ષણ આપવાની જરૂર નથી.

બાળકને અનુભવ જ લેવા દેવો જોઈએ. મોટી ઉંમરે જેની પાસે અનુભવનો ખજાનો હોય છે તેની પાસે વિદ્યા દોડતી આવે છે. બાળકને સંગીત અને નૃત્ય શીખવવાં જોઈએ. તેનાથી બાળકનું ચિત્ર સંવાદમય થાય છે. બાળકને તેના આત્માની સંવાદિતા માટે સંગીત અને શરીરની સ્વસ્થતા માટે વ્યાયામ, રમત વગેરે શીખવવાં જોઈએ. કેળવણી આમ તો આખાંડ ક્રિયા છે.

કેળવણી વિચાર : રૂસો

બુધવાર, તા. ૨૮-૧-૮૨ ને રોજ સાંજે બીજું વ્યાખ્યાન આપવું દર્શક શરૂ કરે તે પહેલાં સ્વ. મંગળજી મહેતાના સુપુત્ર, શ્રી જેરમલભાઈએ દર્શકની સંસ્થા લોકભારતી માટે રૂા. ૧૦૦૧/-ની ભેટ આપી હતી. દર્શકે કૃતજ્ઞતાપૂર્વક તે ભેટ સ્વીકારીને વ્યાખ્યાન શ્રેણીનું બીજું વ્યાખ્યાન આપવું શરૂ કર્યું હતું. વિષય હતો: "કેળવણી વિચાર : રૂસો."

દર્શકે કહ્યું: કેળવણી સંબંધમાં પ્લેટોએ કરેલા વિચારને રૂસો એક ડગલું આગળ લઈ જાય છે. રૂસોનું પ્રતિપાદન એવું હતું કે નાગરિક ન્યાયી ન હોય, ન્યાય ભાવના એનામાં પ્રતિષ્ઠિત નહિ થઈ હોય તો સમાજ ન્યાયનિષ્ઠ નહિ થાય.

બાળકની કેળવણી સંબંધમાં રૂસોની વિચારણા પ્લેટોના કરતાં વધુ વ્યવસ્થિત છે. પ્લેટોના કાર્યક્રમમાં એક પ્રકારનું ઈન્ડોક્ટ્રીનેશન છે. રૂસોમાં તેવું ઈન્ડોક્ટ્રીનેશન નથી. પ્લેટોએ કેટલીક સારી વાત કેળવણી સંબંધમાં કરી છે ખરી પણ જે રીતે કરી છે તે રીત બરાબર નથી. વિગતોની બાબતમાં રૂસો વધારે વ્યવસ્થિત છે. પ્લેટોને મન બાળકનાં પહેલાં પાંચ વર્ષ તેના પાછલાં વીસ વર્ષ કરતાં વધુ મહત્ત્વનાં છે. રૂસો માણસની કેળવણી જન્મથી તે તેના અંત સુધી ચાલવી જોઈએ એમ માને છે. રૂસો કેળવણીની બાબતમાં વિચાર-શક્તિની પ્રતિષ્ઠા કરે છે. આપણે ત્યાં મોટા ભાગનું શિક્ષણ અભિ-પ્રાયોમાં સંગ્રહાયેલું છે. આપણો શિક્ષિત જન અભિપ્રાયોનો સંગ્રહ લઈને ફરે છે. આ વસ્તુ શિક્ષણની નિષ્ફળતા સૂચવે છે. રૂસો માને છે કે બાળકે અભિપ્રાય 'ડિસ્કવર' કરવાનો છે. બાળકે જે કંઈ કરવાનું છે તે એની મેળે કરવાનું છે. જાતે કરવાનું છે. પ્લેટો માને છે તેનાથી રૂસો ઊલટું માને છે. એ માને છે કે માણસ તત્ત્વત: પ્રકૃતિથી દુષ્ટ નથી. આ એની શ્રદ્ધા કેળવણીનો નવો ચીલો નિર્માણ કરે છે.

દર્શકે સમજવા જેવી એક વાત એ કહી કે આ યુરોપમાં ૧૫મી સદી પહેલાં - નવ જાગરણ પહેલાં એમ મનાતું કે આ દુનિયામાં માણસ ફકત મુસાફર છે આખર જીવન તો ઉપર દુનિયાની બહાર છે. આવા ખ્યાલને પરિણામે દુનિયા જે સુધારવાની કોશિશ થઈ નહિ. દુનિયાની અવગણના થઈ.

કેન્દ્રમાં માણસ

૧૫મી, ૧૬મી, ૧૭મી તથા ૧૮મી સદીના કાળમાં વિચા-રણાના કેન્દ્રમાં માણસ રહ્યો. બધું ધ્યાન વ્યકિત ઉપર આપ્યું. રૂસોએ એમ પ્રતિપાદન કર્યું કે કેળવણીમાં આનંદનું તત્ત્વ હોવું જોઈએ. કેળવણી આનંદને જ આનુકેન્દ્રિત હોવી જોઈએ. એ કહે છે કે બાળકને આનંદ નહિ આપો તો એ બીજાના આનંદની ઈર્ષા કરશે. જેને આનંદ નથી મળ્યો તે બીજાને આનંદ મળે તેમાં વિઘ્નો જ નાખશે. આનંદ ક્યારે મળે? વ્યકિતનો આદર થવો ઘટે, એની અસ્મિતાનો સ્વીકાર થવો ઘટે. આ જે વસ્તુનો સ્વીકાર લોકશાહીમાં થયો તેનું વ્યાકરણ રૂસોએ આપ્યું.

આદર કેવી રીતે?

રૂસો કહે છે:"તમારો છોકરો એ તમારી લઘુ આવૃત્તિ નથી. છોકરો તમારે માટે ભણતો નથી. તમારો છોકરો તમારા કરતાં વધુ સારો પણ થાય, થઈ શકે. તમારે માબાપ તરીકે છોકરાના વિકાસમાં સહાયક બનવાનું છે. બાળકનો વિકાસ તમારે કરવાનો છે એ ખ્યાલ જ ખોટો છે. બાળકની દરેક અવસ્થા તેની કક્ષાએ ઉપયોગી છે. એને જલદી જલદી હોશિયાર કરવાની વાત તે અકેળવણી છે. બાળક અંગ્રેજી વાંચે તેમાં એના બાપની પ્રતિષ્ઠા વધતી હશે પણ છોકરાની કતલ થઈ જાય છે. કેળવણીનો પાયો તૂટી જાય છે. બાળક ૧૮ વર્ષનો ન થાય ત્યાં સુધી એ ઈતિહાસ શીખી જ ન શકે. કારણ થોડોક વિવેક, થોડુંક સંશોધન, થોડીક વિચારશકિત આ સર્વ વગર ઈતિહાસ શીખી જ શકાય નહિ અને છતાં જો શીખવો તો એને સ્મૃતિની કસરત કરવી પડશે. સ્મૃતિની કસરત એ કેળવણી નથી. પાયાની વાત એ છે કે બાળકની દરેક અવસ્થા માટે આદર રાખો. બાળપણ એ સમય વીતાવવાનો, સમય લંબાવવાનો કાળ છે. બાળ-કને ઠાંસી ઠાંસીને કેળવણી આપો તો પાયામાંથી જ ખોટ છે. અતિ-ઉત્સાહ એ બાળક માટે કામનો નથી. રૂસોએ બીજું એ કહ્યું કે ૧૫ વર્ષની વય સુધી બાળકમાં રીઝન - બુદ્ધિનો સ્વતંત્ર વિકાસ

(અનુસંધાન ૧૯૨મા પાને)

"હું ઈશ્વરનો આભાર માનું છું કે પ્રભુએ મને અપંગ બનાવ્યો."

[] અનુવાદક : ગણપતલાલ મ. ઝવેરી

[નવનીત (હિન્દી, ડાઈજેસ્ટ) માં પ્રકાશિત એક વિસ્તૃત લેખ 'સાહસ કે દીપ' નો સારભાગ ગુજરાતીમાં અનુવાદ કરીને અત્રે પ્રગટ કરવામાં આવ્યો છે.]

વિકલાંગ, છિન્નાંગ અને અપંગ સાહસવીરોની આ એક અસાધારણ યશગાથા છે. એક વિસ્મયજનક સત્યકથા છે. અસંભવને સંભવિત બનાવનાર ત્રણસોથી વધુ સ્વમાની મનુષ્ય-દીપકોના ચમત્કારની અદ્‌ભુત કલાગૂથી છે.

'એબિલીટીઝ ઈન્કોર્પોરેટેડ' નામનું એક ઉદ્યોગ પ્રતિષ્ઠાન ન્યુ યોર્ક (અમેરિકામાં) છે. જેનું સમગ્ર સંચાલન અપંગ લોકો, અપંગજનો માટે જ કરે છે. સંસ્થાના અપંગ કામિકોમાંથી કેટલાક તો જન્મથી જ તો થોડાક અકસ્માતોના ભોગ બનેલા નિરાધારો છે. થોડાંક ઉદાહરણો જોઈએ:

* એક ફોરમેન છે જેને નથી હાથ કે નથી પગ, તેમ છતાં આ સંપૂર્ણ અપંગ માનવી પોતાના શરીરના શેષ અવયવો દ્વારા જે પ્રયોગ કરી રહ્યો છે તે જોઈને આપણે આશ્ચર્યચકિત થઈ જઈએ.

* સંસ્થાના વ્યવસ્થાપક ભાઈ તો બન્ને હાથથી વિહોણા છે. હાથની જગ્યાએ મૂકેલા બે હૂકો દ્વારા બધાં જ કામ–હસ્તધૂનન અને કોઈને શાબાશી આપવા સિવાયના–કરી લે છે. જે આપણે સંપૂર્ણ હાથોથી કરીએ છીએ.

* એક મહિલા છે જન્મથી આંધળી ને બહેરી છે. એને મશીન પર કામ કરતી જોઈને કોઈ કદી એમ ન માની શકે કે એ ખરેખર અંધ ને બધીર છે.

* એક કર્મચારી તે જે એવી રીતે ઘવાયો હતો કે આજે તે નથી બેસી શકતો કે નથી ઊભો રહી શકતો. એણે પોતે જ બનાવેલ એક વિશેષ ગલપટ્ટાને ગળામાં પહેરીને જ્યાં જેટલો વાંકો વળીને કોઈ પણ સ્વસ્થ કર્મચારી કરતાં વધુ ઉત્પાદન કાર્ય કરી રહ્યો છે.

* એક બીજા અપંગ ભાઇ એક ખાસ બનાવેલી ટોચીમાં ચત્તા સૂઇ રહીને આખો દિવસ કામ કરે છે.

* એક નવયુવક, આખો સિવાય જેના અંગનો પ્રત્યેક ભાગ કંઈ ને કંઈ ખોડખાંપણવાળો છે. જેના હાથ હંમેશા ધ્રુજે અને શરીર પણ કંપતું રહે. એની ચાલ પણ ખૂબ વાંકીચૂંકી અને બિહામણી, પણ પોતાનું કામ એવી નિષ્ઠાપૂર્વક કરે કે એને યાદ આપાવવી પડે કે એનો કામ કરવાનો સમય પૂરો થઈ ગયો છે, ત્યારે જ એ કામ બંધ કરે.

* એક અન્ય કર્મચારીને જુઓ. પાંચ વર્ષથી એનું કરોડનું હાડકું ભાંગી ગયેલું અને કમરની નીચેનું આખું શરીર લકવાથી નિરર્થક થઈ ગયેલું. ઓપરેશન પછી ડૉક્ટરે એકખું કહી દીધેલું કે તું હવે જીવતો તો રહી શકીશ પણ કશું કરી શકીશ નહીં. આવી અત્યંત અસહાય સ્થિતિમાં ખાટલામાં જ પડી રહેવાનું એને મંજૂર નહોતું. એક દિવસ એ પોતાની સ્વયંસંચાલિત પૈડાંવાળી ખુરશીમાં બેસીને સંસ્થામાં આવે છે અને ક્રમશ: પ્રગતિ કરતા ૬૮ની વયે આજે એ મિકેનિકલ એસેમ્બલી વિભાગનો ફોરમેન છે. કોઈએ પૂછ્યું. 'તમે રિટાયર કયારે થશો? એણે જવાબ આપ્યો 'જો હું રિટાયર થઈશ તો પાગલ થઈ જઈશ."

*એક અપંગ યુવક કારખાનામાં જોડાયો ત્યારે બોલતી વખતે ખૂબ તોતડાતો હતો. થોડા મહિનામાં એની આ ખોડ આપોઆપ દૂર થઈ ગઇ.

* એક બહેરો અને મૂગો છે. અતિનિર્ધન પરિવારમાં જન્મેલો. સાવ નિર્બળ. સ્વભાવે ખૂબ જિદ્દી, પિતાએ એને ચાકુથી ઘાયલ કર્યો. ઓ વિફર્યો અને ગુંડો બની ગયો. એ એક દિવસ આ સંસ્થામાં આવે છે. થોડુંક કામ મળે છે. ખૂણામાં બેસીને એકલો એકલો કામ કરે છે. ધીમે ધીમે કામ કરવાનું એને વ્યસન લાગ્યું. આજે એ સુદૃઢ શરીર સાથે અને સ્વસ્થ ચિત્તે ઉપયોગી કામ કરે છે અને સંસ્થાનો એક અનિવાર્ય અંગ બન્યો છે.

* એક સાંધીવા રોગથી પીડિત ભાઈ કારખાનામાં જોડાયા ત્યારે વજન હતું ખાસ્સું ૪૦૦ પૌંડ. એક જ મહિનામાં શ્રમ કરવાથી ૧૦૦ પૌંડ ઓછું થયું અને ચાલવાની ગતિ પણ વધી. આજે આ ભાઈ ખૂબ ખંતપૂર્વક કામ કરે છે.

આ સંસ્થાના પ્રમુખ શ્રી હેનરી વિસ્કાર્ડી છે. સ્વયં અપંગ છે. એમની પોતાની રોમાંચક જીવનકથા એમનાં જ મહોંએ સાંભળીએ:

"હું જન્મથી જ અપંગ છું. માશ બન્ને પગો ઠૂંઠા છે. જન્મથી ૬ વર્ષથી સુધી હોસ્પિટલ જ મારું ઘર હતું. છેવટે, ડોકટરોએ મને અપંગો માટે બનતા ખાસ જોડા મારા પગમાં ફિટ કરીને મને ઘેરે મોકલી દીધો. માશ પગો એટલા બધા ટૂંકા હતા કે માશ હાથની બાંહો, ચાલતી વખતે જમીનને સ્પર્શ કરતી અને લોકો મારી મશ્કરી કરતા - આ મને આટલું હીણું નહોતું લાગતું જેટલું મને તેઓ મારી દયા ખાતા તેનાથી લાગતું. ૨૫ વર્ષની ઉંમરે એક ચમત્કાર થયો. એક પરોપકારી ડોકટર અને એક શિલ્પી ગૃહસ્થની કૃપાથી મને એલ્યુમિનિયમના પગો મળ્યા. જે પહેરતાં મારી ૩'-૮"ની ઊંચાઈ ૫'-૮" જેટલી થઈ અને હું એક સરેશશ ઊંચાઈવાળો માણસ છું એવી મને ત્યારે પ્રતીતિ થઈ. ડોકટરનો આભાર માની મેં એમની સમક્ષ ફી ધરી. ડોકટરે લેવાની ના પાડી અને કહ્યું, હેનરી 'જો તું કયારે પણ કોઈ અપંગની કોઈ પણ પ્રકારે સહાય કરશે તો હું સમજીશ કે, મને મારી ફી મળી ગઈ છે." ત્યારથી હું એમની ફીનો બદલો વાળતો આવ્યો છું.

પ્રથમ, દ્વિતીય વિશ્વ યુદ્ધ દરમિયાન મેં રેડ-ક્રોસ સંસ્થામાં નોકરી કરી લીધી. ત્યાંના છિન્નાંગ સૈનિકોની સેવાશુશ્રૂષા કરતો અને માશ એલ્યુમિનિયમના કૃત્રિમ પગો બતાવીને એમનામાં વિશ્વાસ પેદા કરતો અને એમને ખાતરી કરાવતો કે અપંગ વ્યકિત પણ સ્વસ્થ વ્યકિતની પેઠે રહી–જીવી શકે છે. ત્યાર બાદ હું એક બ્રોડકાસ્ટ કંપનીમાં નોકરીએ રહ્યો. જ્યાં એક સુંદર અને સર્વાંગ સ્વસ્થ એવી યુવતી સાથે મારો પરિચય થયો. એણે મારી જીવન-સંગિની બનવાનું કબૂલ કર્યું અને અમે લગ્નગ્રંથિથી જોડાયાં. પછી તો મારો ભાગ્યોદય થતો જ ગયો. ન્યુયોર્કની એક મોટી સૂતરની મિલમાં મને એક બહુ સારા પગારની ઊંચા હોદ્દાની જગ્યા મળી. ઠાઠદાર ઓફિસ, બધી જ સગવડો અને સુખમય જીવન.

એવામાં એક દિવસ એક અસાધારણ ઘટના બની જે થકી મારો જીવન પ્રવાહ બદલાઈ ગયો.

જે ડૉકટરે મને એલ્યુ. ના કૃત્રિમ પગો આપેલ તેમનો ફોન આવ્યો કે, 'Just one break'. નામની અપંગોના કલ્યાણ અર્થેની એક સંસ્થા છે તેમાં તમારે વ્યવસ્થાપકના પદે જોડાઈ જવું એવી માશી વિનંતી છે. પગાર જે મને અત્રે મળતો હતો તેના કરતાં માત્ર ત્રીજા ભાગનો જ અને કામ અત્યારે હું જે કરતો હતો તેના કરતાં ત્રણ ગણું. હું વિમાસણમાં પડ્યો અને અસ્વીકાર કરવાની

આણી પર હતો. ત્યાં માટી પત્નીએ મને સમજાવ્યો, હિંમત આપી અને કહ્યું, 'આપણે બન્ને ત્યાં સાથે કામ કરશું અને જે સિદ્ધાંતનું તમે અપનાવ્યો છે ને જે વચન આપ્યું છે તેનું પાલન કરીશું'' અને અમે બન્ને એ સંસ્થામાં જોડાઈ ગયાં. નાની સરખી ઓફિસ. એક જ સહાયક. મારું કામ હતું મોટી મોટી ક્લબો કે જેના સદસ્યો મોટા ઉદ્યોગપતિઓ અને કરોડપતિઓ હતા ત્યાં જઈ તેમની સમક્ષ ભાષણો આપવાં અને એમનાં ઉદ્યોગ-પ્રતિષ્ઠાનોમાં અપંગોને નોકરીએ રાખવા માટે સમજાવવા. ઘણા ઓછા ઉદ્યોગપતિઓએ આ વાતને સમર્થન આપ્યું જેમણે થોડાક અપંગોને નોકરીએ રાખ્યા. એમણે આ નિરાધારોની વિવશતાનો ગેરલાભ લેવા માંડ્યો. પગાર ઘણો ઓછો ને કામ ઘણું. એમની આ શોષણવૃત્તિ જાણ્યા પછી અમે આવી સંસ્થાઓમાં અપંગ કામદારોને મોકલવાનું બંધ કર્યું.

પછી તો અમુક લોકોની મદદથી અને મળેલા પ્રોત્સાહનથી અમે પોતે જ એક નાના સરખા ગેરેજમાં એક નાની શી ફેક્ટરીની સ્થાપના કરી. આમ 'એબિલિટીઝ ઈન્કોર્પોરેટેડ'નો જન્મ થયો. ધીમે ધીમે આર્થિક મદદ મળતી ગઈ. વિકલાંગો કામ માટે આવતા ગયા. ઉત્પાદનનનું કાર્ય શરૂ થયું. સંખ્યા વધતી ગઈ. નફો પણ વધતો ગયો. પ્રારંભમાં જ અમે એવો નિર્ણય કરેલો કે આ સંસ્થામાં એ જ વ્યકિત સભ્ય થઈ શકે જે અપંગ હોય.

દિવસે દિવસે એવા અપંગ ભાઈ-બહેનો રોજગાર માટે અમારી સંસ્થામાં આવવા લાગ્યાં કે જેની કલ્પના પણ ન કરી શકાય. (થોડાંક ઉદાહરણો ઉપર આપ્યાં જ છે.) કૃત્રિમ અંગોપાંગોવાળાં પોતાની મેળે ટટ્ટાર ઊભા પણ ન રહી શકે એવા, રોગોથી ગ્રસ્ત, જર્જરિત દેહવાળા, ઠૂંઠાં, બહેરાં, કામ કરવાની વાતો દૂર રહી પણ જેમની જીવનની આશા પણ નહોતી એવા અને કુટુંબ તથા સમાજે જેમની ઘોર ઉપેક્ષા કરી એવા દયનીય સ્થિતિવાળા.

આવા નિરાધાર વિકલાંગોને સહારો અને હિંમત આપી ઊભા કરવા, એમને કામ આપીને કામની કમાણી કરાવી સ્વમાનપૂર્વક જીવી શકે એવી વ્યવસ્થા કરી આપવી એ આ સંસ્થાનો ધ્યેય છે. હું સ્વાનુભવથી કહું છું કે સશકતોને પણ શરમાવે એવી આ અપંગ શ્રમિકોની કાર્યદક્ષતા છે. પ્રત્યક્ષપણે દેખાતી અપંગતા પાછળ મજબૂત મનોબળ છે. તેઓ અંગોપાંગથી વિવશ પણ ચેતનાથી સભર છે. ઓશિયાળાપણાંને તેઓ ચેલેન્જ આપે છે અને ઘરને ખૂણે બેસી રહેલાં અન્ય બેકાર અપંગોને પ્રેરણા આપે છે. આ છે માનવગરિમાનો જયજયકાર.

અમારી આ સંસ્થા વિશે અને સંસ્થાના અપંગ શ્રમિકોની કેટલીક વિશેષતાઓ:

* સંસ્થાના કર્મચારીઓમાં મોટા ભાગનાં તેઓ હતા જેમને અન્ય કંપનીઓએ પોતાને ત્યાં કામે લગાડવાનો ઈનકાર કરેલો. પણ એ જ કંપનીઓ હવે અમને ઓર્ડરો આપતી.

* પ્રતિ વર્ષે અમારો નફો વધતો ગયો. રિઝર્વ ફંડ વધ્યું. સ્વાસ્થ્ય વીમો દરેક માટે લવાયો. પ્રોવિડન્ટ ફંડ આપવાનું શરૂ કર્યું.

* વર્ષાન્તે કર્મચારીઓ માટે ૩૦ ટકા જેટલો પગાર વધારો પણ અપાયો.

* અમે જ અમારી કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીની સ્થાપના કરી અને સંસ્થાના સભ્ય ભાઈઓને નામના વ્યાજ પર ઋણ આપવાનું પછી શરૂ કર્યું.

* અપંગતા નિવારણ અને અપંગો માટેનું સંશોધન કેન્દ્ર પણ શરૂ કર્યું.

* આ સંસ્થાની પ્રતિષ્ઠા એટલી બધી વધી કે દેશના અનેક પ્રતિષ્ઠાનોએ અમને લાખો ડોલર અનુદાન તરીકે આપવાની ઈચ્છા પ્રગટ કરી, પરંતુ અમે પ્રારંભમાં કરેલા નિર્ણય અનુસાર, કોઈ પાસેથી કંઈ પણ અનુદાનમાં સ્વીકાર્યું નહીં, હા, અમને કોઈ કામ આપે તે લેવા અમે તત્પર હતા.

* દેશના અગ્રગણ્ય અખબારોએ અમારી સંસ્થાની મુક્તકંઠે પ્રશંસા કરી અને અમને બિરદવતાં લખ્યું એ. ઈ. સંસ્થા અપંગોની ક્ષમતાને વિકસિત કરી છે એટલું જ નહીં પણ એમની આધ્યાત્મિક શકિતનો પણ વિકાસ કર્યો છે. વસ્તુત: સરકારે પોતે જ અપંગોના સમુત્થાન માટે આવાં કેન્દ્રોની સ્થાપના કરવી જોઈતી હતી.

* નિષ્ણાત ડોકટરોની એક પેનલ જેમણે અમારી સંસ્થાના કર્મચારીઓનું નિદાન કરેલું તેમના રિપોર્ટ મુજબ તો આ વિકલાંગો પાસેથી મશીન ઉપર આવું ઉત્પાદન કામ કરાવી જ ન શકાય. એમાં ખતરો છે, જોખમ છે. મેં એમાંના એક ડોકટરને કહ્યું, સાહેબ તમારી વાત સત્ય છે. પરંતુ અમારી સંસ્થાની સ્થાપના આવા ભયનો પ્રતિકાર કરવા માટે જ ઊભી થઈ છે કારણ વિકલાંગોને કામ કરવાની જે સુંદર અને ઉપયોગી તકો મળે છે એ એમને માટે કોઈ શકિત-વર્ધક ઔષધિ (Tonic) ની ગરજ સારે છે. કામરૂપી રસ એમને માટે સંજીવની છે અને કામ એ જ ઉત્તમ ચિકિત્સા છે.

* અમારા કર્મચારીઓ, અન્ય ફેક્ટરીઓના સ્વસ્થ કર્મચારીઓ કરતાં પ્રમાણમાં ઘણી ઓછી રજાઓ લે છે અથવા ગેરહાજર રહે છે. આંધી હો કે તોફાન, આ લોકો દૂર દૂરથી પણ યથા સમયે કામ પર હાજર થઈ જાય છે. લાંબી રજાઓ લેવા માટે તેઓ રાજી નથી હોતા. અરે! કેટલાક તો કહે છે. અમને ઘેરે પણ કામ કરવા માટે આપો! કેવી સુંદર કર્તવ્યનિષ્ઠા અને કાર્યકુશળતા!

આમ, સફળતાના શિખરો પર ચડાઈ કરવામાં જે જોખમ અને સંઘર્ષ છે તે અમે જાણીએ છીએ. છેલ્લા ત્રણ વર્ષમાં આવી કપરી ચઢાઈઓ કરતાં કરતાં અમે ઘણીવાર લપસ્યા અને ગબડી પડ્યા. છતાં સંભાળીને પાછા ઉપર ચઢ્યા અને વિજયી થયા છીએ. એટલે જ અસફળતાથી અમે નિરાશ થતા નથી.

અંતે હું ઈશ્વરનો આભાર માનું છું કે પ્રભુએ મને અપંગ બનાવ્યો અને અપંગતા સામે સંઘર્ષ કરવાની શકિત આપી. આમારા પર દયા ન કરો અમને પ્રેમ આપો, કામ આપો અને પ્રોત્સાહિત કરો.

'Work is Worship'. ના સૂત્રને મૂર્તિમંત રીતે ચરિતાર્થ કરતી તથા અપંગોની ખુમારી સાથે જીવનની કલા શિખવતી એક પુરુષાર્થ પ્રતિષ્ઠાનની આ છે એક ઐતિહાસિક યશકથા. વંદન હજો એવા વિકલાંગ સાહસવીરોને અને આવી સંસ્થાને.

(૧૯૦મા પાનાથી ચાલુ)

થતો જ નથી. બાળકમાં સહુ પ્રથમ લાગણીનો વિકાસ થવો જરૂરી છે.

લાગણીના વિકાસ પહેલાં પણ જે વિકાસ થવો જરૂરી છે તે વસ્તુ જગતનો સ્વાનુભવ અને તેના આધારે કરવાનો નિર્ણય. આ દૃષ્ટિએ વિચારતાં કેળવણીનું માધ્યમ અનુભવ જ હોવું જોઈએ; શબ્દ નહિ જ. આપણે ત્યાં કેળવણીનું માધ્યમ શબ્દ છે. તેથી આપણી કેળવણી શબ્દો દ્વારા પરપોટિયા બની છે. ઠાલી શબ્દના પરપોટા જ ઊભા થાય છે. જેને આપણે શબ્દો કહીએ છીએ તે વસ્તુત: વ્યકિતના અને સમૂહના અનુભવોના સંકેત છે. સંકેતના પાયામાં અનુભવ પડેલો છે. જેણે અનુભવ લીધો એણે અમુક સંકેતો નિશ્ચિત કર્યા. હવે પાયાનો અનુભવ જ જેને ના હોય તે બાળકને તે અનુભવના સંકેત રૂપ શબ્દો કહો તો તે સમજે શી રીતે? અનુભવ નથી એવા બધા જ શબ્દો પોલા છે. બાર તેર વર્ષની ઉંમર સુધી બાળકને ઈન્દ્રિયો દ્વારા જગતનો જે અનુભવ થાય તેને કેળવણીનો ભાગ બનાવવો જોઈએ. પંચેન્દ્રિય દ્વારા બાળક જે અનુભવ પામે તેને કમ્પોઝ કરવા જોઈએ. ઈન્દ્રિયોની શકિત ધારીએ છીએ તે કરતાં ઘણી વધારે છે. આપણી કેળવણીની પદ્ધતિ શબ્દ પ્રામાણ્ય ઉપર આધારિત છે. એ હવે જૂની થઈ. હવે અનુભવ – પ્રામાણ્ય એ જ કેળવણીના પાયામાં હોવું જોઈએ. આપણે ત્યાં અનુભવ આધારિત જ્ઞાન ૧ ટકો છે. ૯૯ ટકા અભિપ્રાય આધારિત છે.

૧૪ વર્ષની વય સુધીમાં બાળકને માટે બે જ વાતો બસ છે. એક મૈત્રી. બીજું : કોઈ એક કામ. માણસ એ સામાજિક પ્રાણી છે. વ્યકિતનો સ્વભાવ અને મનુષ્યસમાજની રચના આ બે વચ્ચે મેળ બેસાડવો હોય તો મૈત્રી જરૂરની છે.

દર્શકે એક બીજી વાત એ કહી કે પ્રતિભાસંપન્ન માણસ અને સમાજ વચ્ચે સંઘર્ષ ચાલ્યા જ કરવાનો. કારણ પ્રતિભાવાન માણસ સમાજનું શીઘ્ર પરિવર્તન થાય એમ ઈચ્છે છે. પણ સમાજની પોતાની ગતિ અત્યંત મંદ છે.

દર્શકે ફરીથી ભારપૂર્વક કહ્યું : "ભાવનો સેતુ જળવાય છે કે નહિ એ વસ્તુનું શિક્ષણમાં ઘણું મહત્ત્વ છે. ઈન્દ્રિયોની મદદથી લાગણીની કેળવણી થવી જોઈએ. આ શિક્ષણ શબ્દોને વચ્ચે લાવ્યા વગર આપી શકાય. માત્ર શબ્દોનું જ્ઞાન પોકળ છે.

ત્રીજા વ્યાખ્યાનનો સંક્ષેપ હવે પછી.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટે. નં.: ૩૫૦૨૯૬: મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ મેન પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૫: અંક: ૨૦

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧૬, ફેબ્રુઆરી, ૧૯૮૨, મંગળવાર
વાર્ષિક લવાજમ રૂ. ૨૦ : પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
છૂટક નકલ રૂ. ૧-૦૦

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી: રમણલાલ ચી. શાહ

સ્વસ્થ સમાજ

[ ] ચીમનલાલ ચકુભાઇ

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૩૦-૮-૧૯૮૧ના રોજ આપેલું પ્રવચન]

[૧]

આ વ્યાખ્યાનમાળાને આવતે વર્ષે પચાસ વર્ષ પૂરાં થશે. દર વર્ષે આકર્ષણ વધતું જાય છે. દીર્ઘ સમય માટે અનેક અગવડો વેઠી આપ સૌ અહીં આવો છો. આ આકર્ષણનું કારણ શું છે? અહીં સંતપુરુષો ઉપદેશ આપવા નથી આવતા. મારા તમારા જેવા સામાન્ય માણસો આવે છે.

જીવનની સમસ્યાઓ સદાય બધાને મૂંઝવતી રહે છે. હવે એ સમસ્યાઓ દિન-પ્રતિદિન વિકટ, જટિલ અને વધારે મૂંઝવણભરી બનતી જાય છે. અશાંતિ, માણસના મનનો કોલાહલ અને વિષાદ વધતાં જાય છે. કરોડો માણસો એવા છે જેમને આજે કે આવતી કાલે રોટી મળશે કે નહીં તેની ચિંતા છે. તેમને માટે બીજા વિચારોને અવકાશ નથી. દેહ ટકાવવો એ જ એમની ચિંતાનો વિષય છે.–બીજો ઘણો નાનો વર્ગ છે, જેને રોટીની ચિંતા નથી પણ બીજી ચિંતા છે. તેમની માનસિક અસ્વસ્થતાનું કારણ જુદા પ્રકારનું છે. તેઓ મનની કાંઈક શાંતિ મેળવવા અહીં આવે છે. શાંતિ મળે છે કે નહિ તે હું નથી જાણતો. વક્તાને પણ ખબર ન હોય કે તેના વચનની કોના પર શું અસર થશે? પણ જેનું ચિત્ત જાગૃત હોય તેને માટે તે એક એવું નમિત્ત થઈ પડે છે. પરિવર્તન થઈ જાય છે. શાંતિ મળે છે. કદાચ બહુ થોડા માણસોને થાય. અહીં આવનાર વ્યાખ્યાતાઓ કંઈક વિચાર કરીને આવે છે, કંઈક વાંચીને આવે છે.

શ્રોતાઓ અહીં અંતરની શાંતિ મેળવવા આવે છે. તેમને કોઈ કહે, 'સાચી શાંતિ મનમાંથી જ મળે છે. મનની વૃત્તિઓ પર કાબૂ મેળવવો જોઈએ. ચિત્તને સ્વસ્થ કરવું જોઈએ. મન એ જ મોક્ષ અને બંધનનું કારણ છે. મનને સમજો, વૃત્તિઓને સમજો. સાચી શાંતિ અંતરમાંથી જ મળશે. જાતને અંતર્મુખ કરો. –આ ઉપદેશની મોટી વિચારધારાઓ છે. કોઈ કહેશે "મન ખાલી કરો; મનને આમ કરો; તેમ કરો.' આ બધું સારું છે, છતાં માણસનું મન અસ્વસ્થ કેમ રહે છે?

માણસના મનની અસ્વસ્થતાનાં બે કારણો છે. એક તો તેનું પોતાનું મન, પ્રકૃતિ, સ્વભાવ–જે મનમાં અશાંતિ પેદા કરે છે. જો પોતાના મનને અને પ્રકૃતિને કાબૂમાં લાવે, સમજે તો એટલે દરજ્જે શાંતિ મળે.

અશાંતિ અને અસ્વસ્થતાના એક બીજા કારણ પ્રત્યે મારે આજે વિશેષ ધ્યાન ખેંચવાનું છે, તે છે સમાજ. માણસ સામાજિક પ્રાણી છે. મનુષ્યેત્તર પ્રાણીઓનું ટોળું હોય છે; તેઓ સમાજ નથી રચતા. પ્રાણીઓમાં માતાપિતા અને સંતાનો વચ્ચેનો સંબંધ પણ ટૂંક સમય પછી પૂરો થઈ જાય છે. પંખી-માતા ઈંડાને જન્મ આપે, એને સેવે, બચ્ચું મોટું થાય, ઊડી જાય, પછી એને કોઈ સંબંધોની ખબર નથી રહેતી.

માણસ સમાજનું સર્જન કરે છે. એ સમાજ માણસના સુખ અને દુઃખનું કારણ બને છે. માણસ અનેક સંબંધોથી બંધાય છે, વીંટળાય છે. કરોળિયાની જાળ પેઠે ચારેતરફ પોતાની જાતને ગૂંથે છે. પિતા-પુત્ર, પતિ-પત્ની, ભાઈ-બહેન, શેઠ-નોકર, કોઈ દેશનો નાગરિક, કોઈ સંસ્થાનો સભ્ય, એવા અનેક સંબંધોથી માણસ વીંટળાયેલો છે. આ ભિન્ન ભિન્ન સંબંધો કેટલા અને કેવા પ્રકારના છે એનો વિચાર કરીએ તો ખરેખર આશ્ચર્ય થાય.

આ સંબંધો અસર કરે છે, વિવિધ પ્રકારના પ્રત્યાઘાત પડે છે. કુટુંબમાં કલેશ, પતિ-પત્ની વચ્ચે ઝઘડો, સંસ્થામાં, વ્યાપારમાં, ક્યાંક ક્યાંક આ કોલાહલ વધતો રહે છે. માણસે પોતે ઊભો કરેલો આ કોલાહલ છે. માણસના દુઃખનું કારણ કુદરત કરતાં એ પોતે જ વધારે છે. માણસે ઉત્પન્ન કરેલાં દુઃખ નેવું ટકા છે અને કુદરતે તરફથી દશ ટકા છે.

સામાજિક સંબંધોથી માણસે રાજ્યની રચના કરી. પછી અર્થકારણ આવ્યું. મંદિરો બાંધ્યાં, મસ્જિદો બાંધી, સાહિત્ય, કળા અને સંગીતનું નિર્માણ કર્યું, વિજ્ઞાન આવ્યું. માણસની વિવિધતા અપાર છે, એની શક્તિઓ અપાર છે, એની બુદ્ધિમત્તા અપાર છે, પણ તે સાથે આ કોલાહલ, અશાંતિ, વર્તમાન જગતમાં ચરમસીમાએ પહોંચ્યાં છે.

આજે દુનિયા એક થઈ ગઈ છે. અમેરિકાના પ્રમુખ રેગન ન્યુટ્રોન બોમ્બ બનાવવાનો નિર્ણય કરે તેની અસર મારા-તમારા જીવન પર થાય; આપણે તેની ચિંતા સેવીએ. ઈરાનમાં ખૂનરેજી થાય તેનો પવન અહીં વાય અને આપણે ચિંતા કરવી પડે છે. અમેરિકા પાકિસ્તાનને શસ્ત્રો આપે તેની અસર ભારત પર થાય. સમસ્યાઓ વધતી જાય છે. વિજ્ઞાને માણસને આપેલાં સાધનો અદ્‌ભૂત છે. એક ક્ષણમાં અમેરિકાથી સંદેશો સેટેલાઇટ દ્વારા અહીં આવી શકે છે. દુનિયા એટલી સાંકડી અને નાની થઈ ગઈ છે જેથી મારા-તમારા મન ઉપર પ્રત્યાઘાતો વધતા જાય છે. જ્યારે કોઈ સંદેશવ્યવહારના સાધનો નહોતાં ત્યારે એક જગ્યાએથી બીજા દ્વારા અન્યત્ર સમાચાર મોકલવામાં ઘણો સમય લાગતો. તેનો જવાબ આવતાં દિવસો નીકળી જતાં. બળદગાડામાં બેસીને આઠ કે પંદર

દિવસે કથી પહોંચાતું. આજે વિજ્ઞાને સંદેશવ્યવહાર અને વાહન-વ્યવહારનાં જે અપાર સાધનો આપ્યાં છે, માણસ એને પહોંચી નથી શકતો. જેમ પેલા અલાઉદ્દીને ફાનસથી રાક્ષસ જિન ઊભો કર્યો પણ તેને પાછો કેમ પુરવો એની ખબર નહોતી. માણસની આજે એવી પરિસ્થિતિ છે.

આ સમાજ વચ્ચે તમારે–મારે રહેવાનું છે, જીવવાનું છે. જો સંન્યાસી બની, બધું છોડી દઈ હિમાલય ભણી ચાલ્યા જઈએ તો શાંતિ મળે કે નહિ, મને ખબર નથી. મન તો સાથે જ છે. ઉપાશ્રયમાં જાઓ કે મંદિરમાં જાઓ. ત્યાં મોક્ષની વાતો છે. કર્મની વાતો છે, કર્મ ખપાવવાની વાતો છે–આ ઉપદેશ આપનારને રેગનની ખબર નથી કે ન્યુટ્રોન બોમ્બની ખબર નથી. એ તો શાસ્ત્રોમાં નિરૂપેલા આત્માની વાતો તમને કહેશે.

માણસે સમાજ રચ્યો, એમાં પોતાની જાતને બાંધી, અર્થ-વ્યવસ્થાની અંદર ગરીબ-તવંગરના ભેદ ઊભા કર્યા. જેમાં લાખો માણસોને રોજીરોટી ન મળે અને થોડા માણસો સમૃદ્ધિમાં એવા મહાલતા હોય જેની કોઈ સીમા નથી. માણસે પેદા કરેલી આ વિષમતા છે. એ અર્થતંત્ર કેવું રચે છે. રાજતંત્ર કેવા પ્રકારનું રચે છે! રાજાશાહી, લોકશાહી, આપખુદશાહી કે સરમુખત્યારશાહી હોય, એ બધું આપણે પેદા કરેલું છે, આપણે આ બધાને પહોંચવું કેમ એ જ મુખ્ય પ્રશ્ન છે.

એટલે આજના વ્યાખ્યાનના વિષયને મેં 'સ્વસ્થ સમાજ' (HealthySociety) એવું નામ આપ્યું છે. આપણે કહીએ છીએ, 'Healthy mind in a healthy body'. શરીર સ્વસ્થ હોય તો મન પણ સ્વસ્થ રહે. સમાજ સ્વસ્થ હોય તો માણસ પણ સ્વસ્થ બની શકે. ધ્યાન ધરો, વિપશ્યના કરો, આઠ દિવસ શિબિરમાં જઈ આવો, પણ પછી પાછા આવીને એવા ને એવા! કારણ, બહારનો કોલાહલ ઓછો ન થાય ત્યાં સુધી તેની વચ્ચે બેઠા હો અને આગ ચારે તરફથી વિટળાતી હોય પછી મનને શાંત રાખવા ગમે તેટલા પ્રયત્ન કરો પણ શાંતિ ક્યાંથી મળે? શી રીતે મળે?

કણ્વ ઋષિના આશ્રમમાં દુષ્યંત મૃગયા કરતાં કરતાં આવી ચડ્યો હતો. શકુન્તલા સાથે પ્રણય થતાં બંનેએ ગાંધર્વ લગ્ન કર્યાં. દુર્વાસા મુનિના શાપથી દુષ્યંત પોતાની રાજધાનીમાં જતાં શકુન્તલાને ભૂલી ગયા. કણ્વઋષિને વિચાર્યું, કન્યા તો પોતાના પતિના ઘરે જ શોભે. એ માટે પોતાના બે શિષ્યો સાથે દુષ્યંતની રાજધાનીમાં મોકલે છે. કવિ કાલિદાસે શાકુન્તલમાં કણ્વના શિષ્યો રાજધાનીમાં ગયા ત્યારે નેપના પ્રતિભાવોનું ચિત્ર આપ્યું છે. કણ્વના આશ્રમમાં રહેનારી એક વ્યકિત રાજની રાજધાનીમાં આવે છે ત્યારે મનમાં કેવા ભાવ જાગે છે. શિષ્ય વિચારે છે, આ રાજા મહાભાગ્યશાળી છે. અહીં બધું જ સુંદર છે. ચાર વર્ણની વ્યવસ્થા છે, પ્રજા સુખી છે. કોઈ અપથ-ખોટા માર્ગે જતા નથી. સમાજ વ્યવસ્થિત છે. છતાં આ કોલાહલ માનો સંભળાય છે? મને તો લોકોથી ઊભરાતું આ શહેર આગ લાગેલા ઘર જેવું લાગે છે.

ક્યાં એ વખતનું શહેર અને ક્યાં આજના મહાનગરો! આજે જો કણ્વ ઋષિના એ શિષ્યો મુંબઈ કે ન્યુયોર્ક જેવાં શહેરમાં આવી ચડે અને આ મહાનગરોનો કોલાહલ, દોડધામ અને અશાંતિ–જુએ તો તેને માટે આગ શબ્દ નાનો પડે. કેટલી મોટી આગ લાગી છે, એની વચ્ચે હું અને તમે બેઠાં છીએ. આગના ફૂંફાડામાં શાંતિ ક્યાંથી મળે?

આજે સમાજ છિન્નભિન્ન થતો જાય છે. આ પ્રશ્ન નવો નથી. અનાદિકાળથી – માણસ પેદા થયો ત્યારથી 'આદર્શ સમાજ' 'Utopian Society' ની કલ્પના કરતો જ આવ્યો છે, પણ આદર્શ સમાજ રચી નથી શકયો.

સોક્રેટિસને એનો એક શિષ્ય સવાલ પૂછે છે: સોક્રેટિસ, તમે હમેશાં એમ ઉપદેશ આપો છો કે એક સદાચારી માણસ, એ ગરીબ હોય; કોઈ એને ઓળખતું ન હોય, એની પાસે કોઈ પ્રકારની સત્તા ન હોય અને બીજો એક મહાસત્તાધીશ માણસ પોતાનું ધાર્યું કરી શકે, સમૃદ્ધ હોય, સત્તા હોય, તો આ બેમાંથી સુખી કોણ? તમે પુરવાર કરી આપો કે પેલા સત્તાધીશ કરતાં સદાચારી માણસ વધુ સુખી છે.' – આ પુરવાર કરવા માટે સોક્રેટિસને આદર્શ સમાજ રચવો પડ્યો. એણે 'Republic' રચ્યું. આજથી પચીસસો વર્ષ પહેલાં રચાયેલા આ ગ્રંથમાં રાજકારણ, રાજ્યકર્તા, શિક્ષણ, સ્ત્રી-પુરુષના સંબંધો એવા બધા વિષયોને આવરી લેવામાં આવ્યા છે.

'Just man can exist in a Just Society'. નીતિ-માન માણસ ભ્રષ્ટ સમાજમાં રહેતો હોય તો તે ગમે તેટલો સદા-ચારી, નીતિમાન કે આદર્શ બનવા પ્રયત્ન કરે છતાં ઘણું મુસીબતભર્યું બને છે. આજે પણ આપણે એ જ કહીએ છીએ, શું કરીએ? કાળા-બજાર, લાંચ-રૂશ્વત વગર કોઈ કામ થતું જ નથી. એ જ આજની વિકટ સમસ્યા છે.

પ્રાચીન ભારતીય વિચારધારામાં પણ આદર્શ સમાજનો વિચાર થયો છે. મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કયસ્મૃતિ અને કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં સમાજ કેવો હોવો જોઈએ એનો વિગતે વિચાર થયો છે. ચાર વર્ણ અને ચાર આશ્રમની સંસ્કૃતિનો આદર્શ આ વાત રજૂ કરે છે.

એક જર્મન ફિલોસોફરનું એક પુસ્તક છે, 'Moral man and immoralSociety.'ની વાત છે. માણસ વ્યકિતગત રીતે સ્વાર્થરહિત થઈ શકે, પણ સમાજ સ્વાર્થી જ રહેવાનો. દેશનો વિચાર કરો. સમૂહ તરીકે વિચાર કરો. ત્યારે દરેક જગ્યાએ મારું તે સારું માનવામાં આવે છે. ટ્રેડ યુનિયનનો નેતા માત્ર મજૂરોનો જ વિચાર કરશે. જેમાં ઓછું કામ અને વધુ દામ કેમ મળે તે વિચારશે. આખા સમા-જનો વિચાર નહીં કરે. માલિકો પણ એની સામે એ જ જોશે કે ઓછું વેતન આપી વધુ કામ કેમ કરાવી શકાય. જે વ્યાજબી થતું હોય તે આપે એમ કોઈ પણ પક્ષ નહીં કહે. આ સંઘર્ષ કાયમ રહે જ છે. માણસ સમૂહમાં સ્વાર્થી બની જ જાય છે. ગ્રામ, પ્રદેશ, ભાષા, ધર્મ, જાતિ બધાના વિચાર કરો. દરેક જગ્યાએ પોતાના વર્ગના જ હિતને પ્રાધાન્ય અપાય છે. માણસને પોતે વ્યકિતગત રીતે નીતિમાન બનવું હોય તો ભલે, પણ આખા સમૂહમાં તો સ્વાર્થ જ રહે છે.

તો એક આદર્શ સમાજ કઈ રીતે રચાય? જ્યાં સુધી સમાજને બદલવામાં નહીં આવે, માનવ-સંબંધોમાં ક્રાંતિ નહીં થાય ત્યાં સુધી કંઈ જ શકય નથી. આપણા દેશના બંધારણમાં પણ આ વાતનો વિગતે વિચાર થયો છે. આપણે કેવો સમાજ રચવાનો છે તે વિચાર બંધારણની પ્રસ્તાવના (Preamble) માં થયો છે.

CONSTITUTION OF INDIA

WE, THE PEOPLE OF INDIA, having solemnly resolved to constitute India into a SOVEREIGN, SOCIALIST, SECULAR DEMOCRATIC, REPUBLIC and to secure to all its citizens:

JUSTICE, social, economic and political;

LIBERTY of thought, expression, belief, faith and worship;

EQUALITY of status and of opportunity; and to promote among them all;

FRATERNITY assuring the dignity of the individual and the unity and integrity of the nation;

IN OUR CONSTITUENT ASSEMBLY this twenty-sixth day of November, 1949, we do HEREBY ADOPT, ENACT AND GIVE TO OURSELVES THIS CONSTITION. આપણે એક સાર્વભૌમ, સ્વાયત્ત સમાજ-વાદી ધર્મનિરપેક્ષ, લોકશાહી રાજ્યની રચના કરવા બંધારણ ઘડ્યું છે. તે માટે નાગરિકોને શું મળવું જોઈએ કે જેથી એવો આદર્શ સમાજ પેદા થાય? સૌ પ્રથમ વાત ન્યાયની છે. દરેક નાગરિકને સામાજિક, આર્થિક અને રાજકીય રીતે બધા ક્ષેત્રોમાં ન્યાય મળવો જોઈએ. બીજી વાત સ્વતંત્રતાની છે, જેમાં દરેક નાગરિકને વિચાર, વાણી, અભિવ્યકિત અને માન્યતાની પૂરી સ્વતંત્રતા મળવી જોઈએ. ત્રીજી વાત સમાનતાની છે. જેમાં ઊંચનીચના ભેદ ન હોય. દરેકને પોતાના વિકાસ માટે સમાન તક મળવી જોઈએ. છેલ્લે તેમાં ભ્રાતૃભાવ જગાડવાની વાત છે. માણસનું માણસ તરીકે ગૌરવ કરવાનું છે. માનવતાના સંબંધો એવા હોવા જોઈએ કે દેશની એકતા અને અખંડિતતા જળવાઈ રહે. આઝાદી પછી આજે આટલા વર્ષે આપણે શું કરી શકયા છીએ, કયાં ઊભા છીએ?

(ક્રમશ:)

ગાંધીજીનો કેળવણી વિચાર

દર્શકનું વ્યાખ્યાન

□ કૃષ્ણવીર દીક્ષિત

[૨]

તા. ૧૮, ૨૦ અને ૨૧ જાન્યુઆરી, ૧૯૮૨ આ ત્રણ દિવસ તાતા ઓડિટોરિયમ (બોમ્બે હાઉસ, ફોર્ટ-મુંબઈ) માં શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ઉપક્રમે સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત 'વિદ્યાસત્ર'નાં ત્રણ વ્યાખ્યાનો – વિષય : "કેળવણી વિચાર : પ્લેટો, રૂસો અને ગાંધી વિચારસરણી" સુપ્રસિદ્ધ સારસ્વત, ચિંતક અને કેળવણીકાર શ્રી મનુભાઈ પંચોલી- દર્શક - એ આપ્યાં હતાં; જેમાંનાં પહેલાં બે વ્યાખ્યાનોનો અહેવાલ સારમાં આ સ્થળેથી આ અગાઉ અપાઈ ચૂક્યો છે. આજે ત્રીજું વ્યાખ્યાન સારમાં રજૂ કરવામાં આવે છે.

શ્રી અજિત શેઠ અને શ્રીમતી નિરૂપમા શેઠે આરંભમાં ઋગ્વેદના મંત્રોનું યુગલગાન કર્યા પછી દર્શકે વ્યક્તિને પોતાને વિકાસની તક મળે અને સમાજનો પણ વિકાસ થાય એવી કેળવણીની શોધ રૂપે પોતાનાં વ્યાખ્યાનોને ઓળખાવતાં ત્રીજા વ્યાખ્યાનમાં એ શોધ આગળ ચલાવી હતી. આરંભે એમણે પ્લેટો અને રૂસોના કેળવણી વિચારોમાંના સમાનતાના અંશો પ્રત્યે ધ્યાન ખેંચ્યું હતું. આ બંને નામાંકિત કેળવણીકારોએ કેળવણી એ આનંદલક્ષી અને વિકાસ-લક્ષી પ્રવૃત્તિ હોવી જોઈએ એમ કહ્યું છે. રૂસોએ બાળકના હાથપગને કોઈકને કોઈક ઉપયોગી કામમાં રોકવાની હિમાયત કરી હતી તે કહ્યું; કારણ મગજ એ જ માત્ર જ્ઞાનનો દરવાજો નથી. હાથ, પગ, આંખ, કાન એ પણ જ્ઞાનના દરવાજા છે. પંચેન્દ્રિયના ઉપયોગથી બાહ્યસૃષ્ટિના ગુણધર્મોનું જ્ઞાન થાય છે. આ સંબંધમાં ગાંધીજીની શી દૃષ્ટિ હતી તે પણ દર્શકે કહ્યું : "તેમણે કહ્યું કે ગાંધીજી એમ માનતા કે બાળક હાથપગ દ્વારા કામ કરે તો એની ઈન્દ્રિયો સક્ષમ બને અને સમાજ સાથેના એના સંબંધો સાચા સ્વરૂપના થાય. ગાંધીજી માનતા હતા કે શબ્દો એ સંકેત છે. અનુભવોના સંકેતરૂપ છે માટે અક્ષરજ્ઞાન પૂર્વે અનુભવનું જ્ઞાન જ બાળકને આપવું ઘટે. બાળકોને અનુકૂળ હોય અને સામાજિક હોય એવા અનુભવો એને લેવા દેવા જોઈએ. દર્શકે આમ કહીને શ્રીકૃષ્ણનો દાખલો આપ્યો હતો. તેઓ કેવી રીતે લોકનાયક થયા. ગોવાળિયા ભેગા રહી લોકોનાં સુખદુઃખની કેવી યથાર્થ કલ્પના તેમને આવી તે તેમણે કહ્યું. મહાભારતના યુદ્ધ કાળે; યુદ્ધ સ્થળે ટીટોડીનાં ઈંડાંની રક્ષા કરી માનવતાનો ગુણ તેમણે કેવો દાખવ્યો તે પણ કહ્યું અને આ સંદર્ભમાં વ્યાસે જે લખ્યું કે 'ટીટોડીની વેદનાનો અનુભવ જેને થાય તે ભગવાન'એ બાબતનો હવાલો આપ્યો! કૃષ્ણે વાછડાની, પંખીની, નદીની, વૃક્ષની ને લોકની વેદના અનુભવી હતી અને સમસંવેદનશીલ બન્યા હતા માટે લોકનાયક થઈ શક્યા એમ કહ્યા પછી દર્શકે "સમદુઃખિયાની સાથે સમરસ થવાય તો જ કેળવણી પામ્યા કહેવાય" એ ગાંધી આદર્શની પ્રતિષ્ઠા કરી હતી.

માણસનું કાળજું કેમ ઠેકાણે રહે, અને કેળવણી પામનાર બાળકનો ક્રમ સમાજોપયોગી કઈ રીતે નીવડે એ ગાંધી વિચારસરણીના કેન્દ્રમાં હોવાનું જણાવીને દર્શકે કહ્યું : "પ્લેટોની નજર એ દિશામાં ગઈ ન હતી. કારણ એ ગુલામોના સમાજમાં જીવતો હતો અને ઉપયોગી કામ કરવું એ ગુલામોનું કામ હોવાનું એ માનતો હતો." દર્શકે તે પછી ભાવનગરની રાજગાદી ઉપર બેસનાર કુંવરને રાજ્યારોહણને આગલે દિવસે [સર] પ્રભાશંકર પટ્ટણીએ રાજ્યની પ્રજાનાં દુઃખ સાથે સમરસ થવાની જે તાલીમ આપી હતી તેનું દૃષ્ટાન્ત આપીને કહ્યું હતું : "આપણી મુશ્કેલી એ છે કે ગાંધીને આપણે શાંતિથી બરાબર વાંચતા નથી અને તેથી આપણી શક્તિ ક્ષીણ થઈ ગઈ છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું છે કે "હું ઉદ્યોગના શિક્ષણની વાત નથી કરતો પણ શિક્ષણમાં ઉદ્યોગની વાત કરું છું." ગાંધીજીએ શિક્ષણમાં કેળવણીના એક અંગ લેખે ઉદ્યોગ દાખલ કરવાની હિમાયત એટલા માટે કરી હતી કે શિક્ષણમાં ઉદ્યોગ દાખલ કરવાથી બાળકના મનની, શરીરની અને આત્માની શક્તિ એક સાથે વધે; એ આળસુ ન થાય; એનું માનસ વર્ગાતીત થાય અર્થાત્ એનામાં વર્ગભાન ન પ્રવેશે. ગાંધીજીએ કહ્યું છે કે શિક્ષણ લેતાં લેતાં બાળક ઉદ્યોગ દ્વારા જે કામ નીપજાવે તે સામાજિક દૃષ્ટિએ ઉત્પાદનશીલ હોય. "સોશ્યલી પ્રોડક્ટિવ વર્ક" એ ગાંધીજીનો ખ્યાલ હતો. માણસો જીવે છે એકબીજાના સહકારથી. આપણી કેળવણીથી જેઓ ઘડાય છે તેઓ આત્મકેન્દ્રી - સેલ્ફ સેન્ટર્ડ - બની રહે છે. એમને અન્યના સુખદુઃખની કશી ચિંતા હોતી નથી. આ સ્વ કેન્દ્રી સમૂહ સમસંવેદનશીલ થઈ શકતો નથી. તેઓ સમાજમાં ગોઠવાઈ શકતા નથી ચોટલે બળવાખોર બને છે. ગાંધીજી તેથી એમ વિચારતા થયા કે દરેક જણ સમાજોપયોગી કામ કરતાં કરતાં પોતાના ભાવજગતનો અનુભવ કરે. તેમણે કેળવણી અંગે પહેલાં આઠ વર્ષ સુધીનો અને પછી નવથી સોળ વર્ષનો સમય ગાળો અને તે પછી આગળનો એમ સમય ગાળા સૂચવેલા. દરેક બાળક કેળવણીના ભાગરૂપે શારીરિક કામ કેળવણીકારની દેખરેખ હેઠળ વિજ્ઞાનને સાથે રાખીને કરે. આ કામ અક્ષરજ્ઞાનની પૂર્વે થવું જોઈએ. બાળકોને પરાણે કંઈ ન શીખવવું. બાળક જે કામ કરે એમાં એને રસ પડવો જોઈએ. આનંદ આવવો જોઈએ. માણસ જે કંઈ પણ કામ કરે છે તેની ત્રિવિધ અસર થાય છે. સમાજ ઉપર, પ્રકૃતિ ઉપર અને કામ કરનારના પોતાના ચિત્ત ઉપર. દર્શકે આ વાત દાખલાઓ આપીને સ્પષ્ટ કરી અને આ સંદર્ભમાં ગાંધીજીએ પોતાની કેળવણીની યોજનાને અનુબંધની કેળવણી એવું નામ આપ્યું હતું તે કહ્યું. અનુબંધ એ દૃષ્ટિ છે. કોઈ પણ કર્મ જુદ જુદી દિશામાંથી અસરો લે છે અને અસરો કરે છે. અર્થાત્ કોઈ પણ કર્મ આઈસોલેટેડ હોતું નથી. દા. ત. જંગલો કપાય તેમાં કપાનારાઓને ફાયદો થાય છે પરંતુ પ્રજાને એકંદરે નુકસાન થાય છે. કર્મ પરત્વે આ થઈ અનુબંધની દૃષ્ટિ. આ અનુબંધની કેળવણી એ કેવળ ગાંધીજીની જ દેણગી છે. ઉદ્યોગને જો અનુબંધ વિના ભણાવો તો એ ગાંધીજીની દૃષ્ટિની નઈ તાલીમ નથી. ગાંધીજીનો આ સંબંધમાં એવો દાવો હતો કે એ – અનુબંધની કેળવણી – એમની જિંદગીની મોટામાં મોટી ભેટ હતી. ગાંધીજીની પોતાની પ્રતીતિ હતી કે પોતાનું સમગ્ર જીવન વિચારપૂર્વક જીવાય છે. એમણે વારંવાર ભારપૂર્વક કહ્યું છે કે ઉદ્યોગ સમાજોપયોગી હોવો જ જોઈએ અને બુદ્ધિપૂર્વક એના વિજ્ઞાન સાથે થવો જોઈએ. શિક્ષણમાં ઉદ્યોગનો અનુબંધ ન થવો જોઈએ. કોઈ પણ કામ તેની જુદી જુદી થનારી અસરોનો વિચાર કર્યા વિના થઈ જ ન શકે. પ્રત્યેક કામ તાત્કાલિક નહિ પણ લાંબા ગાળાના લાભની દૃષ્ટિથી થવું જોઈએ. સસ્તામાં સસ્તું લેવું અને મોંઘામાં મોંઘે ભાવે વેચવું એ 'સિંગલ ટ્રેક માઈન્ડ'નો વ્યવહાર થયો કહેવાય અને તેમાંથી પાર વિનાના અનર્થ નીપજે છે. આથી જ ઈસુએ કહ્યું હતું "જો આત્મા શેતાનને ત્યાં ગિરવે મૂકાતો હોય તો સમગ્ર ત્રિભુવનના રાજ્યની પ્રાપ્તિથી પણ શો લાભ થવાનો હતો!" કર્તા, કર્મ, અધિષ્ઠાન, સાધનો અને દૈવ આ પાંચ તત્ત્વો ઉપર કર્મનાં પરિણામનો આધાર છે એ વસ્તુ ખ્યાલ બહાર રહેવી જોઈએ નહિ.

પોતે કેળવણી પ્રધાન હતા તે સમયના પોતાના અનુભવોની વાત શિક્ષણમાં ઉદ્યોગ દાખલ કરવાની ગાંધી વિચારસરણી સંદર્ભે કરીને દર્શકે કહ્યું હતું : "ગાંધીજી માનતા કે કેળવણી સ્વાવલંબી થવી જોઈએ. વસ્તુનો દુર્વ્યય થવો જોઈએ નહિ. તેમાંથી કશુંક ઉત્પન્ન થવું જોઈએ અને જે ઉત્પન્ન થાય તે સમાજોપયોગી નીવડવું જોઈએ." પરંતુ ગાંધીજીની કેળવણીની યોજના આપણે અપનાવી નહિ. આપણી કેળવણી એટલી ખરાબ છે કે કેળવણી લેનારની સ્થિતિ સમુદ્રની અંદર રહેનારી માછલી તરસી રહે એવી આપણી સ્થિતિ છે.

સમાપન

સમાપન કરતાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે દર્શકનાં ત્રણે વ્યાખ્યાનો ઉત્તમ તરીકે બિરદાવ્યાં હતાં. તેમણે કેળવણી વિષયક ગાંધીજીની વિચારસરણીનો મર્મ પ્રગટ કરતાં કહ્યું : "ગાંધીજી માનતા હતા કે બાળકને કેળવણી એવી આપવી જોઈએ કે એ સારામાં સારો નાગરિક થાય અને સમાજ સાથેનો એનો સંબંધ વધુમાં વધુ નિરામય થાય. બાળક જન્મે છે ત્યારે એ જેટલો નિરાધાર હોય તેટલો કોઈ જીવ હોતો નથી. પંખી અને પ્રાણીનાં બચ્ચાં ટૂંક સમયમાં સ્વાવલંબી થાય છે. મનુષ્ય જ એવું પ્રાણી છે જેને કેળવણીની જરૂર રહે છે. ગાંધીજીએ આખા જીવનનો વિચાર કરીને કેળવણીની વિચારણા કરી હતી. આપણા સમાજનું દુર્ભાગ્ય કે એમણે કેળવણીની જે યોજના કરી હતી તે મુજબ આપણે આપણા બાળકોને કેળવણી આપી શકતા નથી. બાળકને શિક્ષણ માતૃભાષામાં જ આપવું જોઈએ પણ લોકો પોતાનાં બાળકને અંગ્રેજી માધ્યમ દ્વારા જ અપાતી કેળવણી આપવા પ્રવૃત્ત થાય છે. બાળકનું મન કોરી પાટી જેવું છે, લખવું હોય તે એના ઉપર લખી શકાય એ વાત સાવ ખોટી છે. હકીકતમાં "ઓલ નૉલેજ ઈઝ રીકલેક્ટેડ." મનુભાઈએ પાયાની વાત એ કરી કે સાચો કેળવણીકાર સુધારક હોવો જોઈએ. પ્લેટો, રૂસો તથા ગાંધીજીએ આખા સમાજની ક્રાન્તિ કરી. ગાંધીજી કેળવણી દ્વારા માણસના મનની ક્રાન્તિ કરવા માગતા હતા. આદર્શવાદી થયા વગર, ધગશ વગર ક્રાન્તિકારી થવાતું નથી. ક્રાન્તિકારી થોડોક મતાગ્રહી પણ હોય છે. પ્લેટો, રૂસો અને ગાંધીજી ત્રણે એ કેળવણીના પાયાના સિદ્ધાન્તો સમાજ સમક્ષ રજૂ કર્યા હતા. સમાજ તે ન સમજે અને તે પ્રમાણે કરવાની તાકાત ન દાખવે તો એ સમાજનું દુર્ભાગ્ય છે. આધ્યાત્મિક તાકાત જેટલી કેળવાય અને વિકાસ થાય એટલી વાસનામુક્તિ થાય. વાસનામુક્તિ થાય એ જ સાચું અમૃત અને એટલા માટે જ કહેવાયું છે કે "નહિ જ્ઞાનેન સંદેશ પવિત્ર મિહ વિદ્યતે."

શ્રી ચીપનભાઈએ મનુભાઈનો અંતઃકરણથી આભાર માન્યો હતો.

ભગવાન મહાવીર અને યુવા અધ્યાત્મ

[] જમનાલાલ જૈન : અનુ. : ગુલાબ દેઢિયા

લગભગ છવીસ સો વર્ષ પહેલાં આ ધરતી પર એક અધ્યાત્મ-સૂર્યનો ઉદય થયો હતો; વૈશાલી ગણતંત્રના ક્ષત્રિય કુંડગ્રામના રાજા (ગણાધિપ) સિદ્ધાર્થને ત્યાં માતા ત્રિશલાની પવિત્ર કૂખે ભગવાન મહાવીરનો જન્મ ચૈત્ર સુદ તેરસને દિવસે થયો હતો. વર્ધમાન ૩૦ વર્ષની ઉંમરે પ્રવ્રજિત થયા. લગભગ ૧૨ વર્ષ સુધી એમણે સત્યની શોધમાં મૌન - ચિન્તનની સાધના કરી. લાંબી સાધના પછી એમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. જ્ઞાનની ઉપલબ્ધિ પછીનાં ૩૦ વર્ષમાં એમણે જે સમતામૃતની વર્ષા કરી, એનો એક અનોખો ઈતિહાસ છે. જે વાણી શબ્દો અને ગ્રંથોમાં જેટલી સચવાઈ છે તે પણ અતિ પ્રેરક છે.

ત્રિશલામાતાએ જે સ્વપ્નો જોયાં હતાં તે પણ મહાવીરના વિરાટ વ્યક્તિત્વના પ્રતીક રૂપ છે. સ્વપ્નમાં માતા, હાથી, સિંહ, વૃષભ, સૂર્ય, ચન્દ્ર, ફૂલ, અગ્નિ, જળ, કળશ, માળા, મીન વગેરે જુએ છે.

એથી સ્પષ્ટ છે કે એમનું વ્યક્તિત્વ ફૂલ જેવું કોમળ હતું; સાથોસાથ અગ્નિ જેવું જાજવલ્યમાન પણ હતું; ચન્દ્રની જેમ શીતળ અને સૂર્યની પેઠે તેજસ્વી હતું; હાથીની જેમ બલિષ્ઠ; વૃષભની જેમ કર્મઠ અને સિંહની જેમ નિર્ભય હતું. જ્ઞાનમાં પ્રખરતા, કરુણામાં કોમળતા, શાંતિ અને ક્રાંતિ બધાં સાથે એક જગ્યાએ આવી મળ્યાં હતાં. સાગરની ગહનતા અને હિમાલયની ઊંચાઈ એક જગ્યાએ આવી મળ્યાં હતાં.

પ્રશ્ન થાય કે, શું એમને ઘર-પરિવાર પ્રિય ન હતો? શું સુખ-વૈભવ એમને ખટકતું હતું? શું એ જીવનથી નિરાશ હતા? ખરેખર વાત એવી નથી. એમણે ખુલ્લી આંખે જોયું કે, સમાજમાં વિવિધ પ્રકારની વિષમતાઓ છે, સંકટ છે, પ્રજા ભ્રમમગ્ન છે, વર્ધમાનનું યુવાન મન બેચેન થઈ ગયું. તેઓ પ્રેમની, અહિંસાની અને ધર્મ ક્રાંતિની યાત્રાએ નીકળી પડ્યા. સમાજનો સમ્યક્ ઉત્કર્ષ-વિકાસ જ એમને મન મોટી વાત હતી.

ભગવાન મહાવીરે ન કોઈને ગુરુ બનાવ્યા; ન કોઈ ગ્રંથનો આશ્રય લીધો, ન કોઈ પાસે માથું નમાવ્યું. એમને તો આ સમગ્ર સૃષ્ટિ પ્રતિ અત્યંત સમભાવ હતો. તેમાં વ્યક્તિ, ગ્રંથ અને પંથ બધા સમાપ્ત થઈ જાય છે. એમનાં વચનો જ શાસ્ત્ર બની ગયાં; એમના પગલે નવો પથ પ્રગટ્યો.

મહાવીર ત્રીસ વર્ષની ભર યુવાનીમાં જીવન ક્રાંતિ માટે ખુલ્લા આકાશ નીચે આવી ઊભા રહ્યા. માતા-પિતા, સ્વજનો કોઈ એમને વિચલિત ન કરી શક્યા, મહાવીરનું અધ્યાત્મ એ યુવા-અધ્યાત્મ હતું. એમાં તે જ હતું, ક્રાન્તિ હતી. એ કોઈ વૃદ્ધનો સંન્યાસ ન હતો. પોતાના શિષ્ય ઈન્દ્રભૂતિ ગૌતમને જીવનનું દર્શન અને પ્રયોજન સમજાવતાં પ્રભુ વારંવાર કહેતા; 'ગૌતમ: એક ક્ષણનો પણ પ્રમાદ ન કરો (समयं गोयम मा पमायए) કેમ કે આ અલ્પકાલીન આયુષ્યમાં, અનેક સંકટોથી ભરેલા જીવનમાં પૂર્વસંચિત કર્મરજને દૂર કરવી છે, માટે ગૌતમ સમયનો પ્રમાદ ન કરો.'

કુરુક્ષેત્રના ઈષુકાર નગરના પુરોહિત ભૃગુના બે દીકરાની દીક્ષાની વાત, આપણા જીવનની વાસ્તવિકતાનાં પડ ખોલી દે છે. બન્ને દીકરા દીક્ષિત થવા પ્રવૃત્ત થાય છે ત્યારે માબાપ અનેક દલીલોથી એમને વારવા પ્રયત્ન કરે છે. અંતે પુત્રોના જીવનદર્શન પાસે માતા-પિતા નમી પડે છે. તેઓ માબાપને સ્પષ્ટ કહે છે, 'જે જે રાત વીતતી જાય છે તે ફરી નથી આવતી. અધર્મ કરનારની રાત્રિ નિષ્ફળ જાય છે અને ધર્મ કરનારની રાત્રિ સફળ થાય છે.'

અદ્‌ભુત સૌન્દર્યના ધણી એક તરુણ સાધુએ પોતાની પ્રખર તપસ્યાથી મગધ સમ્રાટ બિંબિસારને આચરજમાં નાખી દીધા. એમણે કહી દીધું; 'પોતે અનાથ નથી, રાજા અનાથ છે.'

શાસ્ત્રોમાં લખાયેલું છે કે, મહાવીર સ્વામીના ધર્મશાસનમાં, શ્રમણ સંઘમાં હજારો યુવક-યુવતીઓએ દીક્ષિત થઈ અધ્યાત્મને યુવાન બનાવી દીધું.

ભારતના ધાર્મિક ઈતિહાસનો આરંભ યજ્ઞ અને પૂજાથી થાય છે. વિવિધ દેવ-દેવીઓને પ્રસન્ન કરી, કામનાઓ પૂર્ણ કરવા યજ્ઞોના અનુષ્ઠાન કરાવવાં એ પુરોહિતોનું મુખ્ય કામ હતું. મહાવીર સ્વામીના સમય સુધી આ કર્મકાંડનું સમાજ ઉપર ખૂબ જ પ્રભુત્વ સ્થાપિત થઈ ચૂકયું હતું. મહાવીર અને એમના શ્રમણ-સાધુઓએ પ્રજાને સમજાવ્યું કે વાસ્તવિક યજ્ઞ એટલે શું? તે કેમ થઈ શકે? વાસ્તવમાં ભગવાન મહાવીરે યજ્ઞનો વિરોધ નહોતો કર્યો. એનું રૂપાંતર કર્યું હતું. એમણે પશુ-બલિ-પ્રધાન 'હિંસક યજ્ઞ'ને સ્થાને

આત્મ - જાગૃતિ - પ્રધાન 'અહિંસક યજ્ઞ'ને પ્રતિષ્ઠિત કર્યો હતો.

હરિકેશ મુનિ વિહાર કરતાં કરતાં એક યજ્ઞના સ્થળે પહોંચી ગયા. એમણે કહ્યું. 'આ યજ્ઞ એ શ્રેષ્ઠ યજ્ઞ નથી; જેમાં ઇન્દ્રિય અને મનનો સંયમ હોય, અહિંસાનું આચરણ હોય અને દેહનું વિસર્જન થાય એ શ્રેષ્ઠ યજ્ઞ છે.'

કોઈકે પૂછ્યું, 'શું આપ પણ યજ્ઞ કરો છો?' 'હરોજ કરું છું' મુનિએ સહજ રીતે કહ્યું, પછી સમજાવતાં કહ્યું, 'મારા યજ્ઞમાં તપ જ્યોતિ છે, ચૈતન્ય જ્યોતિ સ્થાન છે. મન, વાણી અને કાયાની સદ પ્રવૃત્તિઓ જ ઘી નાખવાની કડછી છે. શરીર અગ્નિ પ્રગટાવવાનું ઈંધણ છે. સંયમ શાંતિ - પાઠ છે. આ રીતે હું અહિંસક યજ્ઞ કરું છું.' આપણી સામાજિક જાગૃતિનો ઇતિહાસ એ વાતનો સાક્ષી છે કે, યજ્ઞની આ નવી વ્યાખ્યાથી પશુ બલિની વાત હચમચી ગઈ.

સમાજની રૂઢ, ખોટી માન્યતાઓનું મહાવીર સ્વામીએ અનેક રીતે અવમૂલ્યન કર્યું. એમને જન્મને કારણે રચાતી વર્ણવ્યવસ્થાની માન્યતાને જુદી રીતે સમજાવી, એમણે કહ્યું, 'કર્મથી માણસ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર હોય છે.'

એટલું જ નહીં, સાધુત્વ અને વેશના વિષયમાં પણ એમણે કહ્યું, 'માત્ર મુંડન કરાવવાથી કોઈ સાધુ નથી બની શકતો; 'ઓમ'નો જાપ કરવાથી કોઈ બ્રાહ્મણ નથી બની શકતો. જંગલમાં વસવાથી મુનિ નથી બની શકતો ને દર્ભ ઘાસનાં વસ્ત્રો પહેરવાથી કોઈ તપસ્વી નથી બની શકતો.'

'તો કેવી રીતે બની શકે? સમભાવથી સાધુ થવાય, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ થવાય, જ્ઞાનથી મુનિ થવાય અને તપથી તપસ્વી બની શકાય.'

એમની લાંબી સાધનાનો અનુભવ એ હતો કે, ભાષામાં એ સામર્થ્ય નથી કે સંપૂર્ણ સત્યને પ્રકટ કરી શકે. શબ્દને પોતાની સીમા છે. શબ્દો જડ છે. આપણા બધાં સત્ય અધૂરાં છે. અપૂર્ણ છે. એમણે કહ્યું, 'શ્રેષ્ઠ, મહાન અને જાગૃત માણસોએ નિશ્ચયાત્મક વાણી ન બોલવી જોઈએ.' કારણ કે સત્યની સર્વ અપેક્ષાથી તેવી વાણી બોલવી કે સમજવી એ ઘણી અઘરી વાત છે. એટલા માટે અનાગ્રહપૂર્ણ સમન્વયમૂલક સાપેક્ષ સત્ય જ હિતકારક છે એમ ભગવાને બતાવ્યું છે અનેકાન્ત કે સ્યાદવાદ એમના દીર્ઘકાલીન ચિંતનનું પરિણામ છે. અહિંસાની ઊંડી સાધનામાંથી જ સાપેક્ષ સત્ય ઉદ્ભવે છે.

જનજાગરણ માટે મહાવીર સ્વામીએ ભાષાના રૂપવિધાનનો કોઈ આગ્રહ ન રાખ્યો. ભાષાનો આગ્રહ આપણને મુશ્કેલીમાંથી બચાવી નથી શકતો. મહાવીર સ્વામી કોઈ ઈશ્વરીય સંદેશ લઈને નહોતા આવ્યા. એમનો સંદેશ એમની સાધનામાંથી સિદ્ધ થયેલ અનુભવોનો સંદેશ હતો. પ્રત્યેક જીવમાં ઈશ્વર બનવાની અનંત શક્તિ રહેલી છે. એટલે જ પોતાની વાત એમણે પ્રાકૃતમાં - પ્રકૃતિની ભાષામાં - લોકોની ભાષામાં રજૂ કરી. એનાથી ધર્મ સર્વસુલભ બની ગયો. મહાવીર સ્વામીના આ ઉદાર દૃષ્ટિકોણથી સ્ત્રી અને શુદ્રને ધર્મ ગ્રંથ વાંચવાનો અધિકાર મળી ગયો.

મહાવીર સ્વામી પ્રખર તપસ્વી હતા. કંટલાય દિવસો સુધી એ ધ્યાનમાં ઊભા રહી જતા; આહાર - પાણી ન લેતા. છતાં શરીરને સતાવવાથી ધર્મ થાય એમ ક્યારે પણ એમણે નથી કહ્યું. શરીરને સાધના જોઈએ, જેથી કષ્ટ આવતાં વિચલિત ન થાય. એમણે ધ્યાનને શારીરિક તપથી અધિક મહત્ત્વ આપ્યું. બે દિવસના ઉપવાસ બે ઘડીના ધ્યાનથી બરોબરી ન કરી શકે. કર્મકાંડ કરતાં સંયમને એમણે વધારે મહત્ત્વ આપ્યું.

સમ્રાટ શ્રેણિકનું મન સ્થિર રહેતું ન હતું. મહાવીર ભગવાન પાસે આવીને વાત કરી. એમણે કહ્યું, 'જાઓ, પૂનિયા શ્રાવક પાસેથી સામાયિક લઈ લો.' રાજા પાસે શું કમી હોય? જે માગશે તે આપીને રાજા સામાયિક (એકાગ્રતા) ખરીદવા તૈયાર થાય છે. ગરીબ પૂનિયા શ્રાવકની શાંતિ પાસે ધનનો ઢગલો નકામો બની ગયો. સમ્રાટનો અહંમ્ ઓગળી ગયો.

૭૨ વર્ષના આયુષ્યમાં નિર્વાણ પામી મહાવીર સ્વામી સિદ્ધ-મુક્ત બની ગયા અને અનેક લોકોને મુક્તિનો માર્ગ બતાવવા ગયા. એમણે અહિંસા, સમતા અને સ્વતંત્રતાનો રાહ બતાવી માનવ મનને હજારો ગ્રંથિઓમાંથી મુક્તિ અપાવી.

-('વીર નિર્વાણ વિચાર - સેવા - ઈન્દોર' ના સૌજન્યથી)

'નિયાણું' વિશે સ્પષ્ટતા

☐ ડૉ. રમણલાલ ચી. શાહ

'પ્રબુદ્ધ જીવન'ના ૧૬મી નવેમ્બરના અને ૧લી ડિસેમ્બરના અંકમાં 'નિયાણું' વિશે મારો લેખ છપાયો છે. તેમાંના બે-ત્રણ વિધાનો પ્રત્યે મારા મિત્ર શ્રી કીર્તિભાઈ માણેકલાલે ધ્યાન દોર્યું છે અને તે વિશે સ્પષ્ટતા કરવાની આવશ્યકતા છે. શ્રી કીર્તિભાઈ કર્મસિદ્ધાંત અને ગણિતાનુયોગના ઊંડા અભ્યાસી છે અને તે વિષયના જિજ્ઞાસુઓ માટે પોતાનો કિંમતી સમય આપીને દર અઠવાડિયે નિયમિત વર્ગ પણ ચલાવે છે.

મારા લેખમાં ચક્રવર્તીઓ વિશે મેં આ પ્રમાણે લખ્યું છે: "જૈન કર્મસિદ્ધાંત પ્રમાણે જેટલા ચક્રવર્તીઓ થાય છે તેટલા હમેશાં પૂર્વભવમાં નિયાણું બાંધવાપૂર્વક ચક્રવર્તી થાય છે અને ચક્રવર્તી થયા પછી ભવાન્તરમાં તેઓ અવશ્ય નરકે જાય છે."

અહીં ચક્રવર્તીઓ વિશે જે લખ્યું છે તે સૈદ્ધાંતિક દૃષ્ટિએ, અમુક નયની અપેક્ષાએ લખ્યું છે એટલે કે જેઓ ચક્રવર્તી થાય છે અને જીવનપર્યંત ચક્રવર્તી રહે છે તે બધા ભવાન્તરમાં અવશ્ય નરકે જાય છે, પરંતુ જો કોઈ ચક્રવર્તી, ચક્રવર્તી થયા પછી ચક્રવર્તીપણાનો ત્યાગ કરે અથવા ચક્રવર્તી તરીકેનાં તમામ કર્તવ્યનો ત્યાગ કરે તો તે ભવાન્તરમાં નરકે જાય એવું નથી. ઉદાહરણ તરીકે પ્રથમ ચક્રવર્તી ભરત મહારાજા અરીસા ભુવનમાં કેવળજ્ઞાન પામ્યા હતા અને ગૃહસ્થ લિંગે સિદ્ધ થયા હતા. એવી રીતે ૧૬મા તીર્થંકર શાંતિનાથ ભગવાન, ૧૭મા તીર્થંકર કુન્થુનાથ ભગવાન અને ૧૮મા તીર્થંકર અરનાથ ભગવાન એ ત્રણે ચક્રવર્તીઓ તીર્થંકર પદને પામી મોક્ષે સિધાવ્યા છે. વળી, વાસુદેવ અને પ્રતિવાસુદેવ પૂર્વ ભવમાં અવશ્ય નિયાણું બાંધવાપૂર્વક થાય છે, પરંતુ ચક્રવર્તીપદ માટે નિયાણાનો તેવો નિયમ નથી.

નિયાણાના પ્રકાર બતાવતાં મારા લેખમાં મેં આ લખ્યું છે: "નિયાણું ત્રણ પ્રકારના ગણવામાં આવ્યાં છે. (૧) પ્રશસ્ત નિયાણું (૨) ભોગકૃત નિયાણું અને (૩) અપ્રશસ્ત નિયાણું... તપના ફળરૂપે સાધુપણું, આચાર્યપદ, તીર્થયાત્રા, બોધિલાભ, સમાધિમરણ, ઇત્યાદિની અભિલાષા કરવી તે પ્રશસ્ત નિયાણું છે."

"પ્રશસ્ત નિયાણું પણ કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં અંતરાયરૂપ બને છે; વળી આવું શુભ નિયાણું પણ અભિમાનને વશ થઈ, માન કષાયથી પ્રેરાઈને દ્વેષ કે ઈર્ષ્યાથી અન્ય જીવોને પરાજિત કરવાના કે પાછળ પાડી દેવાના આશયથી બંધાયું હોય છે અથવા બંધાયા પછી એવો કોઈ અશુભ આશય ચિત્તમાં થવા લાગે તો તે નિયાણું પ્રશસ્ત મટીને અપ્રશસ્ત બની જાય છે." આ વિશે શ્રી કીર્તિભાઈએ ખુલાસો કર્યો છે કે "સંયમની આરાધના અર્થે બોધિલાભ, સમાધિ મરણ, ઇત્યાદિ માટેનું નિયાણું તે અલબત્ત પ્રશસ્ત નિયાણું છે, પરંતુ સંયમની આરાધના સાથે પદની અભિલાષા સહિત જો નિયાણું બંધાય તો તે અપ્રશસ્ત બની જાય છે. તીર્થંકર પદ, ગણધર પદ, આચાર્યપદ કે એવા બીજા કોઈ પણ પદ માટેનું નિયાણું માનકષાય વગર બંધાતું જ નથી, માટે તેવું નિયાણું અપ્રશસ્ત ગણાય છે."

શ્રી કીર્તિભાઈએ આ બાબતમાં મારું ધ્યાન દોર્યું છે તે માટે હું તેમનો ઋણી છું અને મારી ક્ષતિ માટે ક્ષમા પ્રાર્થું છું.

પાકિસ્તાની લશ્કર અને સંરક્ષણ ઉદ્યોગ

[] ક્રાન્તિ ભટ્ટ

પાકિસ્તાન પાસે લશ્કરી સામગ્રીની જે કોકટેઈલ હશે તેવી જગતના ભાગ્યેજ કોઈક દેશ પાસે હશે. અમેરિકા, બ્રિટન, ફ્રાંસ, રશિયા, ચીન અને સ્વિડનમાં બનેલાં શસ્ત્રો પાકિસ્તાન પાસે છે. ભારતની માફક તે પોતાનો સંરક્ષણ ઉદ્યોગ વિકસાવી શક્યું નથી જ્યાં ત્યાં સાવ સંરક્ષણ ઉદ્યોગ નથી તેમ માનવાની જરૂર નથી.

રાવળપિંડી નજીકના વાહ ગામે પાકિસ્તાનની લશ્કરી સામગ્રી, વિમાનો અને તોપોના રિપેર અને જાળવણી માટેનાં કારખાનાં છે. જ્યારે ભુત્તો સત્તા પર હતા ત્યારે સાતેક જેટલી ફેક્ટરીઓ ખોલીને તેમાં શસ્ત્રસામગ્રી બનાવવાનો નિર્ધાર હતો અને પ્રમુખ ઝિયાએ તેમાંની ઘણી ખરી ફેક્ટરી ચાલુ કરી દીધી છે. સાઉદી અરેબિયાએ રૂા. ૧૧૦૦ ક્રોડની મદદ કરી તેમાંથી ઘણી ખરી સંરક્ષણ ઉત્પાદનની ફેક્ટરી ઊભી થઈ છે.

કેમ્પબેલપુર નામના ગામે અમેરિકા અને ફ્રાંસના શસ્ત્રસામગ્રીના નિર્માતાઓના સહયોગમાં ૬૦ જેટલાં ટ્રેનર વિમાનો અને ૫૦ જેટલાં હેલીકોપ્ટરો બનાવી શકે તેવી ફેક્ટરી સ્થપાઈ છે. રાવલપિંડી નજીક ધમીયલે ખાતે પાકિસ્તાન આર્મી એવિયેશન તરીકે ઓળખાતું ખાનું, વિમાન બનાવવાનું કારખાનું તો ધરાવે જ છે. બેંગ્લોર ખાતે ભારતના "હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ" કારખાનાની લઘુ-આવૃત્તિ જેવું આ કારખાનું છે. આ કારખાનામાં ૪૦ ટકા સ્પેરપાર્ટ વિદેશથી આયાત કરીને પાકિસ્તાનમાં બનાવેલા ૬૦ ટકા ભાગો ભોળવીને નાનકડા વિમાનો બનાવાય છે. એલાઉટી-થ્રી તરીકે ઓળખાતા હેલીકોપ્ટરો પણ અહીં બને છે. દર મહિને એક હેલીકોપ્ટર આ કારખાનામાં બને છે. ઘ્રુજીસ-૫૦૦ નામના મોટા હેલીકોપ્ટરો કેમ્પબેલપુરમાં બનશે. ફ્રાંસની મદદથી ૧૯૭૪-૭૫માં મીરાજ-એફ-૧ નામના લડાયક વિમાનો બનાવવાનો પાકિસ્તાનનો ભવ્ય કાર્યક્રમ હતો. એ વિમાનો બનાવીને આરબ દેશોને વેચવાની પણ નેમ હતી પણ ભૂત્તો ગયા પછી તે યોજના પડી ભાંગી છે. તેને બદલ રાવલપિંડીથી ૪૦ માઈલ દૂરમાં આવેલા કામરા ગામે મિરાજ-થ્રી અને ફાઈવ તરીકે ઓળખાતા વિમાનોની મરામત કરવા તેમ જ ચીનમાં બનેલાં મીગ-૧૯ નામના વિમાનોની જાળવણી કરવાનો વિશાળ કોમ્પ્લેક્સ ઊભો કરાયો છે. સ્વીડનની એક કંપની પાસેથી પરવાનો લઈને આ સંકુલમાં 'માશાક' નામના ટ્રેનર વિમાનો પણ બની રહ્યા છે. પાકિસ્તાન પાસે અમેરિકાના બધાજ એફ-૮૬ વિમાનો તદ્દન નકામા હતાં એટલે જ તેમને એફ-૧૬ નામના અદ્યતન વિમાનો ખરીદવાની જરૂર પડી છે. ચીને આપેલા મીગ-૧૯ વિમાનો પણ અત્યારે ભંગાર જેવા છે. એફ-૧૬ વિમાનોમાં અણુશસ્ત્રો લઈ જઈ શકાય તેવી વ્યવસ્થા છે. જો કે અમેરિકાનું લશ્કરી ખાતું કહે છે કે પાકિસ્તાનને એફ-૧૬ નામના વિમાનો વેચતાં પહેલાં અણુશસ્ત્રો લઈ જવાની વિમાનની અંદરની ગોઠવણને ભૂંસી નખાશે પણ તે ગોઠવણી ફરીથી કરવાની ટેકનિકલ આવડત પાકિસ્તાની ટેકનોલોજિસ્ટોમાં છે.'

પાકિસ્તાનના હવાઈદળનું વડું મથક પહેલાં પેશાવર ખાતે હતું તે બદલીને ઈસ્લામાબાદ ખાતે લાવવામાં આવ્યું છે. ચિત્રલ ખાતે ચેરફોર્સનાં વિમાનોનો કાફલો રહે છે. હવાઈદળના સૈનિકોની સંખ્યા ફક્ત ૧૭૦૦૦ છે જે હાલમાં વધારવામાં આવી રહી છે. આમ તો પાકિસ્તાનનું લશ્કરી બળ ૪.૨૮ લાખ જુવાનોનું છે. તેમાં ૨૯૦૦૦ લોકો આઝાદ કાશ્મીર દળના છે. નૌકાદળમાં ૧૨૦૦૦ લોકો છે. બીજા જે અનામત લશ્કરીઓ છે તેની સંખ્યા પાંચ લાખની છે. હવાઈદળ માટેના અનામત સૈનિકોની સંખ્યા ૭૮૦૦૦ની છે.

ઉપરની લશ્કરી તાકાત ઉપરાંત જેને પારામિલિટરી ફોર્સ કહેવાય છે તેવા અર્ધલશ્કરીઓની સંખ્યા લગભગ બે લાખની છે. ભૂત્તાએ ૨૫૦૦૦ની સંખ્યાનું ફેડરલ સિક્યુરિટી ફોર્સ નામનું દળ રાખેલું તેને પ્રમુખ ઝિયાએ વિખેરી નાખ્યું છે. આ દળ ભૂત્તોએ પોતાના અંગત લાભ માટે રાખેલું. આમાંના ઘણાને જેલમાં નખાયા છે અને બાકીના પોલીસમાં ભરતી થઈ ગયા છે.

ગમે તેવી સંખ્યા હોય પણ ભારત કરતાં પાકિસ્તાનનું લશ્કરીબળ ૪૦ ટકા જેટલું જ રહ્યું છે. પાકિસ્તાનમાં હજી ફરજિયાત મિલિટરીની ભરતી નથી. ૧૭ વર્ષની ઉંમરના પાકિસ્તાની અને મુસ્લિમ જુવાનોને જ ભરતીમાં રખાય છે. ઘણાને ખબર નહીં હોય કે ભાગલા પછી પણ પાકિસ્તાનના પાંખા લશ્કરમાં ઘણા શીખો અને હિન્દુઓ હતા. હવે બહુ ઓછા રહ્યા છે. સંરક્ષણ ઉદ્યોગમાં થોડાક પારસી અને બિનમુસ્લિમો છે ખરા. ભૂમિદળ મોટેના રિકુટ પાકિસ્તાનને જલ્દીથી મળે છે પણ નૌકાદળ અને હવાઈદળ માટે પૂરતા ભણેલા લોકો મળતા નથી. ઘણા લોકો પરદેશમાં ચાલ્યા જાય છે. રાવલપિંડીમાં નજીકના કાકુલ ગામે પાકિસ્તાનની (ભારતમાં ખડકવાસલા જેવી) મિલિટરી એકેડમી ૩૩ વર્ષ પહેલાં સ્થાપાઈ હતી. અહીં ઓફિસરોને અઢી વર્ષનો મિલિટરીની તાલીમનો કોર્સ કરાવાય છે. આ એકેડમીમાં ગ્રેજ્યુએટ થયેલા ઓફિસરોને બીજી કોર્પ્સ સ્કૂલોમાં વધુ તાલીમ અપાય છે. લશ્કરી વ્યૂહની જુદી જુદી શાખાની સ્પેશિયલ તાલીમ માટેની જુદી જુદી સ્કૂલો હોય છે. દા.ત. કવેટ્ટા ખાતે "સ્કૂલ ઓફ ઈનફન્ટ્રી એન્ડ ટેક્ટીકસ, નૌશેરા ખાતે સ્કૂલ ઓફ આર્ટિલરી અને આરમર્ડ કોર્પ્સ સ્કૂલ અને રિસાલપુર ખાતે (પેશાવર પાસે) મિલિટરી એન્જિનિયરિંગની સ્કૂલ છે. મુરી, ટોપા અને અબોટાબાદ વગેરે શહેરો જે રાવલપિંડી આજુબાજુ આવેલા છે ત્યાં પણ ઘણી મિલિટરી સ્કૂલો છે. રાવલપિંડી ખાતે જ આર્મી એવિયેશન સ્કૂલ નામની સ્કૂલ વિમાનદળને તાલીમ આપે છે. અહીં પાંચ વર્ષનો ઉડ્યન અને લડાઈનો કોર્સ છે. ભારતમાં જેમ દક્ષિણ ભારતમાં એડમિનિસ્ટ્રેટીવ સ્ટાફ કોલેજ છે તેવી રીતે પાકિસ્તાનમાં કવેટ્ટા ખાતે "કમાન્ડ એન્ડ સ્ટાફ કોલેજ" નામની તાલીમ શાળા છે.

પાકિસ્તાનના નૌકાદળ માટે નેવલ એકેડમી છે અને તે 'બાબર' નામના તાલીમી જહાજમાં તાલીમ લે છે. આ તાલીમી જહાજ કરાચીનાં છે. એ પછી "બહ દૂર" નામના જહાજમાં પણ તાલીમ અપાય છે. કરાચી યુનિવર્સિટી સામે "એરફોર્સ કોલેજ ઓફ એરોનોટિકલ એન્જિનિયરિંગ" નામની કોલેજ જોડાયેલી છે. તેમાં વિમાનનું ઈજનેરી જ્ઞાન મેળવીને ઘણા પાકિસ્તાનીઓ વિદેશમાં પણ ચાલ્યા જાય છે. ૧૯૬૫માં આ કોલેજ કરાચીની કોરંગી નામની ખાડી નજીક સ્થપાઈ હતી.

પાકિસ્તાનની લશ્કરી સંસ્થામાં ભણનારાને ઉત્તમ ખોરાક અને ખાસ કરીને રમતગમતની સારી સગવડો અપાય છે. નિવૃત્ત સૈનિકોને ખેતીવાડી માટે જમીન મળી રહે તેની કાળજી રખાય છે. ૬૫૦૦૦ જેટલા ટેકરાળ વિસ્તારના ખુન્નસવાળા લોકોને પણ અફઘાનિસ્તાનની સરહદ પાસે તાલીમ આપીને અનામત રખાયા છે. ઉપરાંત પાકિસ્તાની મહિલાઓનું પણ લશ્કરી દળ છે તે ઘણાને ખ્યાલમાં નથી. મુઝાહીદ અને જાનબાઝ જેવા નામો ધરાવતા અતિ મજબૂત શરીર ધરાવનાર જવાનો અને પઠાણ વિસ્તારના લોકોનું અનામત દળ પણ છે.

ભારતમાં જેમ પરમવીર ચક્ર અને વીરચક્ર કે અશોક ચક્ર જેવા માનઅકરામ અપાય છે તે રીતે પાકિસ્તાનમાં બહાદુરી માટેની પદવીઓ સાંભળવા જેવી છે. સૌથી વધુ બહાદુરી બતાવી હોય તેને 'નિશાને હૈદર'નો ખિતાબ મળે છે અને રૂા. ૧૦,૦૦૦ ઈનામ મળે છે. એ પછીના ગ્રેડમાં હીચાલે-જુર્રત (ઈનામ રૂા. ૭૦૦૦) અને સિતારકએ-જુર્રતનો (રૂા. ૫૦૦૦) ખિતાબ અપાય છે.

[રોયલ મિલિટરી એકેડમી, સેન્ડહર્સ્ટ (ઈંગ્લાંડ)ના એક ગ્રંથના આધારે]

પ્રેમળ જ્યોતિ

પ્રેમળ જ્યોતિની માનવતાની પ્રવૃત્તિઓમાં એક નવી પ્રવૃત્તિની જ્યોત રવિવાર, તા. ૭મી ફેબ્રુઆરીએ ઘાટકોપર ખાતે તિલક રોડ ઉપર પ્રકટી છે અને ઘાટકોપર ખાતે રહેતા નેત્રહીન ભાઈશ્રી દિનકર ભોસલેને એક સ્ટોલ આપવામાં આવ્યો છે. નેશનલ એસોસિયેશન ફોર ધ બ્લાઈન્ડના પ્રમુખ શ્રી વિજય મર્ચન્ટે અનેક નેત્રહીનોને સ્ટોલો અપાવી, બેન્ક પાસેથી ચીજવસ્તુઓ માટે લોન અપાવી અનેક નેત્રહીનોને સામાજિક અને આર્થિક રીતે પગભર કર્યા છે. અત્યાર સુધી આ સંસ્થાએ ૪૧ સ્ટોલો બૃહદ મુંબઈમાં જુદે જુદે ઠેકાણે ખોલ્યા છે. ઘાટકોપર ખાતેનો આ ૪૨મો સ્ટોલ હતો. પ્રેમાળ જ્યોતિની બહેનોને શ્રી વિજય મર્ચન્ટ પાસેથી પ્રેરણા મળી અને આ દિશામાં તેઓએ પ્રવૃત્તિ શરૂ કરી. આ પ્રવૃત્તિના પ્રથમ પ્રેરણાદાતા શ્રી નવીનભાઈ કાપડિયા અમને મળ્યા. તેઓશ્રીએ બે સ્ટોલ માટે રૂપિયા સાત હજાર અમને આપ્યા – અને એમાંથી એક સ્ટોલનું ઉદ્‌ઘાટન રવિવાર ૭મી ફેબ્રુઆરીએ શ્રી વિજય મર્ચંટના વરદ હસ્તે થયું. આ પ્રસંગે મ્યુનિસિપલ કૉર્પોરેટર શ્રી ગોરધનદાસ દુતિયાએ પ્રમુખસ્થાન લીધું હતું. જ્યારે યુવક સંઘની કારોબારીના સભ્ય તથા કોર્પોરેટર શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ અતિથિવિશેષ હતા અને શ્રી પ્રતાપ ગાંધી તથા શ્રી તરુ લાલવાની માનનીય મહેમાનો તરીકે ઉપસ્થિત હતા. નેત્રહીન શ્રી દિનકર ભોસલે જેમને આ સ્ટોલ આપવામાં આવ્યો એમણે સૌનું પુષ્પમાલાથી સન્માન કર્યું હતું. શરૂઆતમાં શ્રીમતી નિરુબેન શાહે પ્રાર્થના કરી, ત્યારબાદ શ્રીમતી કમલબેન પીસપાટીએ સૌને આવકાર આપ્યો. શ્રી ચીમનલાલ જે. શાહે જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓનો અને સવિશેષ પ્રેમળ જ્યોતિ પ્રવૃત્તિને પરિચય આપ્યો. શ્રી પ્રતાપ ગાંધી, શ્રી હરિલાલભાઈ શાહ તથા શ્રી તરુલાલવાણીએ પ્રેમળ જ્યોતિની આ પ્રવૃત્તિને બિરદાવી આશીર્વાદ આપ્યા. શ્રી ગોરધનદાસ દુતિયાએ એમનો આનંદ વ્યક્ત કર્યો હતો.

સ્ટોલનું ઉદ્‌ઘાટન કરતા શ્રી વિજય મર્ચન્ટે કહ્યું કે તમે મંદિરમાં જાવ ત્યારે દિનકર ભોસલે જેવી અનેક વ્યક્તિઓ સમાજમાં સુખી થાય એવી પ્રાર્થના કરજો.

શ્રી મન્સુચીકરે આભારદર્શન કર્યું હતું.

આ સમારંભમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી પ્રભુ ચિમ્બુલકર પણ ઉપસ્થિત હતા.

સમારંભને અંતે ઉપસ્થિત પ્રેક્ષકોમાંથી ઘણા બધાએ ભાઈ દિનકર ભોસલેના સ્ટોલમાંથી ઘરવખરીની ચીજો ખરીદી હતી.

મુંબઈથી ઘાટકોપર ગયેલા ભાઈબહેનોને શ્રી પ્રતાપ ગાંધીએ રત્નચિંતામણી કૉલેજની લાઈબ્રેરીમાં હૉલમાં જમાડ્યા હતા – આ માટે અમે શ્રી પ્રતાપ ગાંધીના આભારી છીએ.

અભ્યાસ વર્તુળ

આગામી કાર્યક્રમ

વક્તા : શ્રી ચુનીલાલ મહારાજ
સમય : શનિવાર, તા. ૨૭-૨-'૮૨ સાંજે ૫ વાગે
સ્થળ : પરમાનંદ કાપડિયા હૉલ
વિષય : માનવ સેવા એ જ પ્રભુ સેવા

ગુજરાતમાં છોટાઉદેપુર પાસે આવેલા આદિવાસીઓમાં છેલ્લા લગભગ પચીસ વર્ષથી સહકુટુંબ એકધારી સતત માનવ સેવા કરી રહેલા પૂ. શ્રી ચુનીલાલજી મહારાજને સાંભળવા એ એક અનન્ય લ્હાવો છે. કારમી ગરીબી અને જંગલી જેવી પ્રજાની વચ્ચે જીવનાં જોખમે વસીને તેઓ જે કામ કરી રહ્યાં છે, તે જાતે ત્યાં જઈને જોવા જેવું છે.

સૌ મિત્રોને સમયસર ઉપસ્થિત થવાની વિનંતી છે.

સુબોધભાઈ એમ. શાહ
કન્વીનર, અભ્યાસવર્તુળ.

જે સ્ટોલથી નેત્રહીન દિનકર ભોસલે પગભર થશે



નેત્રહીન શ્રી દિનકર ભોસલેને આ સ્ટોલ રવિવાર તા. ૭મી ફેબ્રુઆરીએ ઘાટકોપર તીલક રોડ ઉપર પ્રેમળ જ્યોતિ (સૌજન્ય શ્રી નવીનભાઈ કાપડિયા) તરફથી આપવામાં આવ્યો અને જેનું ઉદ્‌ઘાટન શ્રી વિજય મર્ચન્ટના વરદ્‌ હસ્તે થયું.

સંઘ સમાચાર

ફાધર વાલેસનું એક જાહેર પ્રવચન

રવિવાર તા. ૨૮-૨-૮૨
સવારના ૯-૩૦ કલાકે
ચોપાટી – બિરલા ક્રીડા કેન્દ્ર,
વિષય : આત્મીયતા અને ઔપચારિકતા

ગાંધીજીનું વિરાટ વ્યક્તિત્વ

ઉપરોક્ત વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના બે પ્રેરક પ્રવચનો બે કેસેટો ઉપર રેકર્ડ થયા છે. આ બંને કેસેટ રૂ. ૬૦/- માં કાર્યાલયમાં પૈસા ભરવાથી મળી શકશે.

*

વસંત વ્યાખ્યાન માળા

પ્રતિ વર્ષની જેમ દેશના સાંપ્રત પ્રવાહો ઉપર ચાર પ્રવચનો ટાટા ઓડિટોરીયમમાં સોમવાર તા. ૧૨-૪-૮૨ ગુરુવાર, તા. ૧૫-૪-૮૨ સુધી સાંજના ૬ વાગે રહેશે. વિષય અને વક્તાઓ નક્કી થયે એની જાણ સૌને કરવામાં આવશે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ,

દક્ષિણ ધ્રુવ ખંડ અને તેની કાતિલ અજાયબીઓ

□ વિજયગુપ્ત મૌર્ય

એન્ટાર્કટિકા, એટલે દક્ષિણ ધ્રુવ ખંડ આપણા માટે તદ્દન નવો છે. ઘણા વાચકોને ભારત કરતાં પાંચ ગણા આ મોટા ખંડ વિશે કંઈ ખ્યાલ નહીં હોય. કેટલાકને તેના હવામાન જેવો જ ધૂંધળો ખ્યાલ હશે. ડિસેમ્બરમાં પોલર સર્કલ નામનાં જહાજ ઉપર સવાર થઈને જાન્યુઆરીમાં આપણા ૨૧ વિજ્ઞાનીઓ દક્ષિણ ધ્રુવ ખંડ ઉપર ઊતર્યા એ આપણા માટે એક ઐતિહાસિક ઘટના છે. નોર્વેના આમુન્દસને ભેંકાર ખંડ વીંધીને દક્ષિણ ધ્રુવ ખંડ ઉપર નોર્વેનો વાવટો ફરકાવ્યો તેને સિત્તેર વર્ષ થઈ ગયાં; પરંતુ આ ૭૦ વર્ષ દરમિયાન માત્ર બાર દેશોના વિજ્ઞાનીઓએ ત્યાં આવ-જા કરી છે. તે પૈકી એશિયાઈ દેશોમાં જાપાન પછી ભારત બીજો દેશ છે.

જે જમાનામાં આજ છે એવી વૈજ્ઞાનિક સગવડો ન હતી તે જમાનામાં આમુન્દસન, સ્કોટ અને શેકલટન જેવા અતિ હિંમતવાન અને અતિ ખડતલ સાહસવીરો આ ખંડની અતિ ક્રૂર કુદરતના હાથે શી યાતનાઓ ભોગવી હશે તેની આપણે કલ્પના પણ કરી ન શકીએ. બ્રિટનના કેપ્ટન સ્કોટનો આખો કાફલો પીડાઈ પીડાઈને માર્યો ગયો હતો. આજે વિજ્ઞાન અને ટેકનોલોજીએ ઘણી સગવડો કરી આપી છે તેમ છતાં દક્ષિણ ધ્રુવ ખંડ પર ઊતરવું તે એક પરાક્રમ છે. દક્ષિણ ધ્રુવ પર પહોંચવું તે એક વિશેષ પરાક્રમ છે. આપણા વિજ્ઞાનીઓને બે દિવસ ફાંફા માર્યા પછી જહાજના તૂતક પરથી હેલિકોપ્ટર વડે "ભૂમિ" પર ઊતરવામાં સફળતા મળી હતી. ખરેખર તો આ ખંડની ભૂમિ સેંકડો કે હજારો ફૂટ જાડા બરફના થર નીચે દટાયેલી છે. આ હિમરાશની સરેરાશ ઊંડાઈ હજારો ફૂટ છે.

કુદરતે જાણે માણસની ચઢાઈ સામે આ ખંડની કિલ્લેબંધી કરી રાખી હોય તેમ તેની આસપાસનો દક્ષિણ ધ્રુવ મહાસાગર ઠેરઠેર નાના-મોટા બરફ અને બરફના તરતા ડુંગરો વડે છવાયેલો છે. બરફનો તરતો ડુંગર બહાર જેટલો દેખાતો હોય તેનાથી આઠ-નવ ગણો પાણીની અંદર હોય છે. કેટલાક ડુંગરો પાણીની બહાર સેંકડો ફૂટ ઊંચા હોય છે અને ઘણા માઈલ લાંબા હોય છે. કેટલાક ધનવાન આરબ દેશો એવો પણ વિચાર કરે છે કે ટગ નૌકાઓ વડે આવા એકાદ તરતા ડુંગરને અરબસ્તાનના કાંઠા સુધી ઘસડી લાવી તેનું પાણી રણપ્રદેશને પૂરું પાડવામાં આવે તો ત્યાં હરિયાળી ખેતી થઈ શકે અને પાણીની તંગી ન રહે. બરફનો એક ડુંગર વર્ષો સુધી પાણી આપી શકે. તેનું પાણી મીઠું હોય છે.

દક્ષિણ ધ્રુવ ખંડ ઉપર જે હિમવર્ષા થાય છે તેથી જે બરફ તેની ઉપર સમાઈ ન શકે તે સરકતો સરકતો તેના ઊંચા કાંઠા પરથી સમુદ્રમાં તૂટી પડે છે. સરકવાની ગતિ ઘણી ધીમી હોય છે. પણ વારંવાર વિશાળ હિમરાશિઓ મોટા કડાકા સાથે તૂટી પડતા હોય છે, તેમાંથી બરફના તરતા ડુંગરો બનીને પવન અને પ્રવાહમાં તણાતા જાય છે. કેટલાક તરતા ડુંગરો તો પચાસ કિલોમીટર કે તેથી પણ લાંબા હોય છે. ખંડ ઉપર અને સમુદ્ર ઉપર કલાકના ૨૦૦-૩૦૦ કિલોમીટરની ઝડપથી તોફાની પવન ફૂંકાતો હોય છે. હિમ ઝંઝાવાતમાં બંદૂકની ગોળીના છરાની જેમ હિમકણીઓ વીંઝાતી હોય છે. બહારની દુનિયા સાથે આ ખંડને સંબંધ નથી. સૌથી નજીક દક્ષિણ અમેરિકાનો દક્ષિણ છેડો છે, જે એક હજાર કિલોમીટર દૂર છે.

દક્ષિણ ધ્રુવ ખંડનું હવામાન કલ્પના ન થઈ શકે તેવું ક્રૂર છે. તેથી અહીં સેવાળ સિવાય બીજી કોઈ વનસ્પતિ થતી નથી. બે જાતનાં પંખી સિવાય અને એક જાતના જીવડા સિવાય બીજી કોઈ જીવસૃષ્ટિ નથી, પણ સમુદ્રમાં મત્સ્ય સૃષ્ટિ અને બીજી જલચરસૃષ્ટિ ઘણી છે, જેમાં ફેફસાં અને આંચળવાળા સીલનો પણ સમાવેશ થાય છે.

આ વેરાન ખંડ ડુંગરાળ છે, એટલું જ નહીં પણ બે ધધુખતા જ્વાળામુખી પણ ધરાવે છે. પર્વતમાળાઓનાં શિખરોની ઊંચાઈ પંદર હજાર ફૂટથી પણ વધારે ઊંચી છે. મધ્ય ભાગ તિબેટ જેવો ઉચ્ચ પ્રદેશ છે. સમગ્ર ખંડની સરેરાશ ઊંચાઈ છ હજાર ફૂટ છે, બીજા કોઈ પણ ખંડ કરતાં બમણી. દુનિયામાં જેટલો બરફ છે તેનો નેવું ટકા બરફ એકલા આ ખંડમાં છે. દુનિયામાં આવું ખરાબ અને અસહ્ય હવામાન બીજે કશે નથી. શિયાળામાં ઉષ્ણતામાન શૂન્ય નીચે ૮૦ અંશ ફેરનહાઈટ સુધી ઊતરી જાય છે. ઉનાળામાં પણ સરેરાશ ઉષ્ણતામાન ૧૫ અંશ, એટલે ઠારબિંદુની નીચે રહે છે. આટલી ઠંડી એવરેસ્ટ ઉપર કે ઉત્તર ધ્રુવ પ્રદેશમાં પણ નથી પડતી. ઉત્તર ધ્રુવ પ્રદેશ અને દક્ષિણ ધ્રુવ પ્રદેશ વચ્ચેનો તફાવત પણ જાણવા જેવો છે. ઉત્તર ધ્રુવ પ્રદેશ એશિયા, યુરોપ અને ઉત્તર અમેરિકા એ ત્રણ ખંડોના ઉત્તર કાંઠા વડે ઘેરાયેલ મહાસાગર છે, જેમાં ક્યાંક ક્યાંક ધરતી ડોકાય છે. પરંતુ ઉત્તર ધ્રુવની આસપાસ મહાસાગરની વિશાળ સપાટી થીજેલી રહે છે અને ઉત્તર ધ્રુવ પણ એ થીજેલી સપાટીવાળા મહાસાગરના પાણીમાં છે. દક્ષિણ ધ્રુવ ખંડ તેનાથી ઊલટી આકૃતિ ધરાવે છે. તે હિંદી મહાસાગર, આટલાંટિક મહાસાગર અને પ્રશાંત મહાસાગર વડે ઘેરાયેલ અને ઊંચો ખંડ છે. તેથી ત્યાં અસાધારણ ઠંડી અને અસાધારણ પવન હોય છે.

ઈ. સ. ૧૭૭૪માં બ્રિટનના કેપ્ટન કુકે આને તે પછી અમેરિકાના નાથાનિયલ પામરે તથા રશિયાના બેલિંગસોસેને દક્ષિણ ધ્રુવ ખંડના અસ્તિત્વની શોધ કરી તે પછીનાં બસ્સો વર્ષ દરમિયાન ઘણા બહાદુરોએ તેની શોધખોળ કરવાના પ્રયાસ કર્યા હતા અને કેટલાક માર્યા પણ ગયા હતા. ધ્રુવ સર કરવાની સફળતા તો છેક તા. ૧૪-૧૨-૧૯૧૧ના રોજ નોર્વેના રોઆલ્ડ આમુન્દસનને મળી. તે પછી ૧૮-૧-૧૯૧૨ ના રોજ બ્રિટનનો કેપ્ટન રોબર્ટ સ્કોટ ત્યાં પહોંચ્યો, પણ પોતાની પહેલાં નોર્વેના આમુન્દસન આ યશ ખાટી ગયો છે એ જાણીને તે હતાશ થઈ ગયો. તેના કાફલાએ ત્યાં જે યાતનાઓ ભોગવી તે દુનિયાની ભૌગોલિક શોધખોળની તવારિખમાં એક ઘણું કરુણ પ્રકરણ છે.

દક્ષિણ ધ્રુવ ખંડ સાથે ઘણાં નામો સંકળાયેલાં છે, તેમાં આમુન્દસન અને સ્કોટ પછી અમેરિકાના એડમિરલ બાયર્ડનો ઉલ્લેખ કરવો જોઈએ. દક્ષિણ ધ્રુવ ખંડ ઉપર ચઢીને હજારો ફૂટ ઊંચા હિમાચ્છાદિત પર્વતો ખૂંદી ધ્રુવ પર પહોંચવું તે પરાક્રમની દૃષ્ટિએ બહુ મોટી વાત હતી. પરંતુ મહત્ત્વ તો વૈજ્ઞાનિક સંશોધનનું છે. એડમિરલ બાયર્ડે વૈજ્ઞાનિક સંશોધનની શરૂઆત કરી. તે આ બિહામણા ખંડ પર જેટલો સમય રહ્યો તેટલો સમય તેના કોઈ પરોગામી નહોતા રહી શક્યા. અહીં ધ્રુવ ઉપર છ મહિનાની રાત અને છ મહિનાનો દિવસ હોય છે. રાત ઘણી ભયાનક હોય છે. અહીં પહેલી રાત ગાળનાર બાયર્ડ હતો. હવે તો અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ, જાપાન, નોર્વે વગેરે દેશોએ પી-ફેબ્રિકેટેડ એસબાબની બનાવેલી અને ઠંડી તથા પવન સામે રક્ષણ આપતી કાયમી છાવણીઓ સ્થાપી છે. અમેરિકા તો આણ્વભઠ્ઠી વડે છાવણી માટે વીજળી પણ ઉત્પન્ન કરે છે. અહીં બધા દેશના વિજ્ઞાનીઓ રશિયનો અને અમેરિકનો પણ સંપીને સહકારથી રહે છે. તેમને જોઈતાં ખોરાક, કપડાં, ઔષધો, સંશોધનનાં સાધનો, પુસ્તકો-સામયિકો, મનોરંજનનાં સાધનો વગેરે

બધું વિમાન વડે લાવવામાં આવે છે. વિમાની સેવા નિયમિત રીતે કામ આપે છે.

દક્ષિણ ધ્રુવના નોર્વેજીઅન શોધક આમુન્દસનું પરાક્રમ જાણવા જેવું છે. તેનો જન્મ ૧૮૭૨માં થયો હતો. તેણે ઉત્તર ધ્રુવ પ્રદેશમાં અનુભવ મેળવ્યો હતો અને કેનેડાની ઉત્તરે થઈ આટલાંટિકમાંથી પ્રશાંત મહાસાગરમાં પહોંચાડવામાં તેણે પહેલી સફળતા મેળવી હતી. અંગ્રેજીમાં આ માર્ગને નોર્થ-વેસ્ટ પેસેજ કહે છે. આ સાહસ કરનાર તેના અનેક પુરોગામીનો અતિ ક્રૂર મોતે માર્યા ગયા હતા અને બીજા ઘણા કરુણ યાતનાઓ ભોગવીને નિષ્ફળ ગયા હતા. આમુન્દસન ઉત્તર ધ્રુવ પહોંચવા માગતો હતો. તેનો દેશબંધુ નાનસેન આ પરાક્રમમાં થોડા માટે નિષ્ફળ ગયો હતો અને નાનસેન પાસેથી તેનું જહાજ "ફ્રામ" મેળવીને આમુન્દાસને જ્યારે ઉત્તર ધ્રુવ સર કરવાનો પ્રયાસ કર્યો ત્યારે અમેરિકાનો રોબર્ટ પિયરી એક સીડી અને બીજા એસ્કિમો સાથે ઉત્તર ધ્રુવ પહોંચી ગયો. તેથી આમુન્દસને દક્ષિણ ધ્રુવ પર પહોંચવાની યોજના ઘડી, પણ આ કામ ઘણું મુશ્કેલ હતું, ઘણું વધારે જોખમી હતું. એ જમાનામાં આજના જમાનાના કેટરપીલર ટ્રેકટર જેવાં સાધનો ન હતાં અને રક્ષણ આપે અવી છાવણીનાં સાધનો પણ ન હતાં. તે રોસ સમુદ્રના ખેડેલ અખાતને કાંઠે ઊતર્યો, જ્યાં કાંઠો નીચો છે અને પહાડો, બીજો મેદાનો તથા ઉચ્ચ પ્રદેશોને ૩૫ દિવસ પસાર કરીને દક્ષિણ ધ્રુવ પર પહોંચ્યો અને ત્યાં નોર્વેનો વાવટો ફરકાવ્યો. આ ખંડની ભૂસ્તરીય રચના અને બીજા વૈજ્ઞાનિક વિષયો વિશે તેણે ઘણી માહિતી આપી.

રોબર્ટ ફોલ્કન વયમાં આમુન્દસનથી મોટો હતો, પણ તેની જિંદગી ટૂંકી નીવડી. તેનો જન્મ ૧૮૬૮માં થયો હતો. ૧૯૦૧ અને ૧૯૦૪ની વચ્ચે તેણે બ્રિટનની બે રોયલ સોસાયટીની મદદથી "ડિસ્કવરી" નામનું જહાજ તૈયાર કરીને દક્ષિણ ધ્રુવ મહાસાગરમાં શોધખોળ કરી હતી. ખંડ ઉપર ઊતરીને પણ તેણે ઘણી શોધખોળ કરી. પ્રખ્યાત સંશોધક શેકલટન પણ તેના કાફલામાં હતો. આ સફરમાં સ્કોટ ૮૨ અંશ દક્ષિણ અક્ષાંશ ઓળંગી ગયો અને દક્ષિણ ધ્રુવ ખંડનો ઘણો અનુભવ કરી લીધો. તેની કદર તરીકે બ્રિટિશ સરકારે તેને કેપ્ટનની પદવી આપી.

હવે સ્કોટ દક્ષિણ ધ્રુવ પહોંચવાનો મક્કમ નિર્ધાર કરીને "ટેરા-નોઆ" નામની નૌકાને સજ્જ કરીને હંકાર્યો. ઉત્તર ધ્રુવ સર કરવાનું માન બ્રિટનને ન મળ્યું. તેથી હવે તે દક્ષિણ ધ્રુવ સર કરવા માગતો હતો. ૧૯૧૧માં "ટેરાનોઆ" દક્ષિણ ધ્રુવ ખંડના રોસ નામના કાંઠે પહોંચ્યો. ઉત્તર ગોળાર્ધમાં જ્યારે શિયાળો હોય ત્યારે દક્ષિણ ગોળાર્ધમાં ઉનાળો હોય છે. તેણે નવેમ્બર માસમાં ખંડ ઉપર કૂચ શરૂ કરી ત્યારે ઉનાળો હતો. મહિનાઓ સુધી સૂર્ય આથમવાનો ન હતો. તેમણે પોતાનો સામાન પૈંડાં વિનાની બરફ પર સરકતી ગાડી (સ્લેજ) ઉપર લાદયો હતો અને આ ભારેખમ ગાડીઓ તેણે પોતાના હાથ વડે ખેંચવાની હતી. આમ ગાડીઓ ખેંચતા ખેંચતા તેઓ પર્વતો અને ઉચ્ચ પ્રદેશો ઓળંગતા ઓળંગતા આગળ વધ્યા. તેમણે જે પરિશ્રમ કર્યો અને યાતનાઓ ભોગવી, તેનું વર્ણન પણ ન થઈ શકે. પરંતુ તા. ૧૮-૧-૧૯૧૨ના રોજ જ્યારે તેઓ દક્ષિણ ધ્રુવ ખંડ પર પહોંચ્યા ત્યારે દૂરથી તેમણે નોર્વેનો આમુન્દસને રોપેલો ધ્વજ જોયો ત્યારે સ્કોટ અને તેના સાથીઓ હતાશ થઈ ગયા.

અહીં સ્કોટ પોતાની મુલાકાતની નોંધ દાટીને તથા બ્રિટિશ વાવટો બીજા નંબરે ફરકાવીને પાછો ફર્યો. વળતી મુસાફરી ઘણી કઠીન અને ઘણી કમનસીબ નીવડી. તેમના આવવાથી જાણે કુદરત ક્રોધે ભરાઈ હોય તેમ ભયાનક હિમ ઝંઝવાત ફૂંકાવા લાગ્યો. કાફલાના સભ્યો હિમદંખ-(ફ્રોસ્ટબાઈટ) થી પીડાતા હતા. ખોરાકની અછત હતી. પાછા વળતાં જે ખોરાક જોઈએ તે ફેરવવો ન પડે તે માટે તેઓ માર્ગમાં ખોરાક દાટી ગયા હતા. પરંતુ વિકટ હવામાન, થાક અને માંદગીને લીધે તેમની કૂચ ધીમી પડી ગઈ. તેથી સાથે લીધેલો ખોરાક ખૂટી ગયો અને દાટેલા ખોરાક સુધી તેઓ પહોંચી શક્યા નહીં. કાફલાનો એક સભ્ય એટલો માંદો પડયો કે તે આગળ વધી શક્યો નહીં. તેના માટે બીજા બધાએ પણ રોકાઈ જવું પડયું માંદા પડેલા સભ્યે માનવતાથી પ્રેરાઈને તેમને આગ્રહ કર્યો કે તમે મને અહીં છોડીને જાઓ, નહિતર તમે બધા પણ માર્યા જશો, પરંતુ સ્કોટ અને તેના સાથીઓ તેના ભોગે પોતાની જિંદગી બચાવવા માગતા ન હતા. આથી બધા ઊંચા હતા ત્યારે આ માંદો ખેલદિલ માણસ બરફ ફૂંકાતા ઝંઝાવામાં જતો રહ્યો અને કયાંક મૃત્યુમાં ગાયબ થઈ ગયો. કાફલામાં પાંચ માણસો હતા. તે પછી એક બીજો માણસ પણ માર્યો ગયો. બાકીના ત્રણ દાટેલા ખોરાકથી પૂરા બીસ કિલોમીટર પણ દૂર ન હતા ત્યારે એક ભયંકર હિમ ઝંઝાવાતનો ભોગ બન્યા. સ્કોટે છેવટ સુધી પોતાની નોંધપોથી લખી-લખી શકાયું ત્યાં સુધી લખી. આખરે તેઓ ત્રણેય પણ હિમશૈયાને પોતાની મૃત્યુશૈયા બનાવી પોઢી ગયા.

જ્યારે આ પાંચ બહાદુરોમાંથી કોઈ કાંઠા પરના મથકે પાછા ફર્યા નહીં ત્યારે તેમની શોધ ચલાવવામાં આવી. આખરે એ બધાનાં શબ મળી આવ્યાં. સ્કોટની નોંધપોથી પણ મળી. વૈજ્ઞાનિક માહિતીનો તેમણે જે સંગ્રહ કર્યો હતો તે પણ મળ્યો. સ્કોટની નોંધપોથી બ્રિટનમાં જાળવી રાખવામાં આવી છે. તેનું વાંચન વાંચનારને ગમગીન કરી મૂકે તેવું છે. સ્કોટના આ પરાક્રમનો ઈતિહાસ ગ્રંથના બે ભાગમાં લખાયો અને ૧૯૧૩માં તે પ્રગટ થયો.

છેલ્લે દક્ષિણ ધ્રુવ ખંડના ત્રીજા મહાન પ્રવાસી ઠિક બાયર્ડને પણ યાદ કરી લઈએ.

રિચાર્ડ ઈવલીન બાયર્ડ અથવા બર્ડનો જન્મ ૧૮૮૮માં થયો હતો અને ૧૯૫૭માં ૬૯ વર્ષની વયે તે ગુજરી ગયો ત્યાં સુધીમાં તેણે દક્ષિણ ધ્રુવ વિશે અમૂલ્ય જ્ઞાન મેળવ્યું અને આપ્યું. નૌકાદળમાંથી તેણે વિમાની ઉડ્ડયન શરૂ કર્યું, અને ઉત્તર ધ્રુવ ઉપર વિમાનમાં ઊડયો. ધ્રુવ પર ઉડનાર તે પહેલો સાહસવીર હતો. પછી તે દક્ષિણ ધ્રુવ ખંડના પ્રવાસે જવા હંકાર્યો. ૧૯૨૯માં તે અને તેનો એક સાથી દક્ષિણ ધ્રુવ ખંડ ઉપર વિમાનમાં ઉડયા અને વિમાનમાંથી આ ખંડના ભવ્ય, પણ ભયંકર સૌંદર્યનો ખ્યાલ મેળવ્યો. ૧૯૩૩માં તેણે દક્ષિણ ધ્રુવથી ૧૨૩ માઈલ દૂર પોતાની છાવણી સ્થાપી અને આખો શિયાળો આ છાવણીમાં તે તદ્દન એકલે। રહ્યો! ૧૯૩૯મ તે ફરીથી અને ૧૯૪૬માં એક વખત ફરીથી તેણે દક્ષિણ ધ્રુવ ખંડની વિસ્તૃત મુલાકાત લીધી. ૧૯૪૬-૪૭નો કાફલો સૌથી મોટો હતો, જાણે કોઈ દેશ ઉપર ચઢાઈ કરવાની હોય તેવી તેમાં તૈયારી હતી. અમેરિકાની સરકારે તેને દક્ષિણ ધ્રુવ ખંડ પરની બધી જ અમેરિકન પ્રવૃત્તિઓનો વડો નીમ્યો. ૧૯૫૫-૫૬માં એડમીરલ બાયર્ડે દક્ષિણ ધ્રુવ ખંડનો પાંચમો પ્રવાસ કર્યો.

એડમિરલ બાયર્ડે દક્ષિણ ધ્રુવ ખંડના એટલા બધા પ્રદેશોનું સર્વેક્ષણ કર્યું કે અમેરિકા તે બધા પર પોતાની માલિકીનો દાવો કરી શકે. પરંતુ જે બાર દેશો દક્ષિણ ધ્રુવ ખંડ ઉપર છાવણી ધરાવે છે તેમણે ચુનોમાં કરાર કર્યા છે કે કોઈ દેશ દક્ષિણ ધ્રુવ ખંડના કોઈ પ્રદેશ પર માલિકીનો દાવો નહીં કરે, અહીં આણ્વશસ્ત્રો નહીં લાવે, અને સમગ્ર ખંડ વૈજ્ઞાનિક સંશોધનો માટે આખી દુનિયા માટે ખુલ્લો રાખશે. પરંતુ આટલાં વર્ષો દરમિયાન કોઈ તેરમા દેશે વૈજ્ઞાનિક સંશોધન માટે દક્ષિણ ધ્રુવ ખંડ જવાનું સાહસ નહોતું કર્યું. હવે એ તેરમું સ્થાન ભારતે મેળવ્યું છે.

આનંદી શિક્ષકે આપેલું અક્ષરજ્ઞાન

☐ એલે. ટી. સ્ટેપન્ચેન્કો અનુ: પ્રદીપ સંઘવી

'કાલે તમે બાળકોને યે અક્ષર શીખવવાના છો?' એમ પૂછીને એન્તોન મકારેંકો વિદાય થયા. બીજે દિવસે શાળા ખૂલતાં પહેલાં એમને આવેલા જોઈને મને નવાઈ લાગી. એમણે એક પાઠ બાળકોને શીખવવા દેવાની રજા માગી.

"જરા તમારાં જૂતાંમાં પગ ઘાલી જોઉં," એમણે હસીને કહ્યું.

મને ય થયું કે જોઈએ આ અદ્‌ભુત શિક્ષક કઈ રીતે શીખવે છે.

અમે બંને પહેલા ધોરણના વર્ગમાં ગયા.

"વાર દોસ્તો! ('છોકરાઓ' કે 'બાળકો' નહિ; પણ 'દોસ્તો') તમે શું શું વાંચતાં શીખ્યા છો?"

દોસ્તો તરત સમજી ગયા કે આ કોઈ મિજાજી શિક્ષક નથી. એમનાં મોં પર હાસ્ય ફૂટી આવ્યું તે બધાં સામટા બોલવા લાગ્યાં.

"શ્ શ્ શ્!" એમણે હોઠ પર આંગળી મૂકીને કહ્યું, "બાજુમાં મોટા વિદ્યાર્થીઓને ખલેલ પડશે."

પછી છેક છેલ્લી બેંચ પાસે જઈને એમણે એક છોકરીના માથા પર હાથ મૂકી કહ્યું, "અનેચ્કા, તું જરા વાંચી બતાવ જોઈએ."

"પણ મારું નામ તો સોન્યા છે!" છોકરીએ ઊભી થતાં થતાં શિક્ષક સામે સ્નિગ્ધ દૃષ્ટિથી જોતાં કહ્યું.

"અરે! મારી ભૂલ થઈ ગઈ. અનેચ્કા તો આ તારી બાજુમાં છે એ; નહિ?"

"ના જી! મારું નામ તો વેરા છે." પેલી છોકરી બોલી.

"ઓહ, એમ કે? મેં ય ઠીક ગોટાળો કરી નાખ્યો. સારું. હવે હું યાદ રાખીશ કે તારું નામ સોન્યા, નેં તું છો વેરા. ચાલો, તમે બે આગળ આવો. અમને વાંચી સંભળાવો."

એક પછી એક બધાં બાળકોને એમણે વાંચવા બોલાવ્યાં. બધાં બાળકોએ ઉત્સાહ અને આનન્દથી આગળ આવી વાંચી બતાવ્યું.

હું જોતો હતો ને વિચારતો હતો કે નવો અક્ષર શીખવવાનો તો હવે સમય જ ક્યાં રહેશે? પણ થોડી જ વારમાં હું ખોટો પડવાનો હતો.

"વાહ દોસ્તો! તમે તો ફક્કડ વાંચ્યું હોં!" કહીને એ હસ્યા —"હા, હા, હા." પછી અચાનક એમણે પૂછ્યું, "છેલ્લે હું શું બોલ્યો?"

"હા, હા, હા." સમૂહમાં જવાબ આપ્યો.

"હં. હું ત્રણ વખત બોલ્યો, હા—હા—હા. હવે તમે બોલો જોઉ મારી સાથે." એમણે ત્રણ વાર ચપટી વગાડી ને બાળકો સાથે બોલ્યા, "હા, હા, હા."

"સરસ. હવે હું એ શબ્દ ફરીથી એકલો જ બોલીશ. પણ ધ્યાનથી સાંભળજો હોં!" પછી એમણે પહેળો ઉચ્ચાર કર્યો, "આ આ, આ, ..."

"તમે તો ખોટું બોલ્યા!"

"તમે બરાબર નથી બોલ્યા!"

"આમાં હ તો આવતો જ નથી!" બાળકો વિરોધ કરવા લાગ્યા.

"આમાં શું નથી આવતું?" એન્તોને જાણી જોઈને પૂછ્યું.

"હ!" બાળકો જોરથી બોલ્યા.

"અરે હાં! માળું આ 'હ' નું પેટ એવું મોટું છે કે મારા ગળામાં જ ભરાઈ ગયો." આખો વર્ગ ખડખડાટ હાસ્યથી ભરાઈ ગયો. એન્તોન પણ સાથે હસવા લાગ્યા. પણ હસતાં હસતાં એમણે અચૂક 'હ' પર ભાર મૂક્યો, કારણ કે તેઓ આજે અક્ષર 'હ' શીખવવા ઈચ્છતા હતા.

"વારુ દોસ્તો! આ 'હા' ને આપણે બોર્ડ પર મૂકી દઈએ ને વાંચી જોઈએ. 'આ' તો તમે જાણો છો. ને હવે આવ્યો 'હ.' વાન્યા, જરા બોર્ડ પાસે જા તો બેટા; અને લખ. અમે વાંચીશું."

બાળકો દેખીતા ઉલ્લાસથી શિક્ષકના હા - હા - પુરાણમાં મશગુલ હતા.

"જોયું?" આ તમે હસતા હતા ને હસવાનું આપણે બોર્ડ પર મૂક્યું ને વાંચી પણ લીધું. લોકો તો જાત જાતની રીતે હસે છે. કોઈ બોલે: "હા, હા, હા... કોઈ બોલશે: હી, હી, હી ... તો કોઈ બોલે: હૂ હૂ હૂ ....."

ક્લાસ રૂમમાં ઊછળતા હાસ્યને કોઈ સીમા ન હતી.

"શાબ્બાશ દોસ્તો! આપણે તો હા—હા—હા જ લખ્યું છે ને એટલું આજે બસ છે," કહીને મકારેંકો બોર્ડ પાસે ગયા. પછી એમણે પૂછ્યું, "તમારામાંથી કોઈ બોર્ડ પર લખવા માગે છે?" જવાબમાં અનેક ઉત્સુક આંગળીઓ ઊંચી થઈ. પછી હા - હા - હા બોર્ડ પર ચાલ્યું. છોકરાઓ પણ હસ્યા ને શિક્ષક પણ. પછી બધાએ એ અક્ષર નોંધપોથીમાં ઉતારી લીધો.

પિસ્તાળીશ મિનિટના પિરિયડમાં એમણે ત્રીસ જ મિનિટ વાપરી હતી. મકારેંકોએ બહાર નીકળતાં 'આવજો' કહ્યું અને બાળકો પૂછવા લાગ્યા કે, "તમે ફરી ક્યારે આવશો ને ભણાવશો?"

પાછળથી મેં એમને પૂછ્યું, "તમે આખા ક્લાસ સામે દરેકે દરેક બાળકને શા માટે વંચાવ્યું?" — કેમ કે હું તો થોડાંક જ બાળકોને વંચાવતો; અધ્યાપનશાળામાં અમે એમ જ શીખ્યા હતા. એમણે નવાઈ પામીને કહ્યું, "શા માટે નહિ, ભાઈ? કોઈ પણ બાળકનું દિલ શા માટે દુખાવવું? તમે જોયું નહિ, એમને કેટલી મજા પડી?"

"એ તો ખરું."

"આખા વર્ગની સામે વાંચવાથી બાળકના મનમાં સ્વમાન અને જવાબદારીની ભાવના જાગે છે. એ ભાવના આ ઉંમરથી જ જગાડવી ન જોઈએ શું?"

મારે કબૂલ કરવું જોઈએ કે આ પહેલાં મેં આ રીતે કદી વિચાર્યું જ ન હતું. ટ્રેનિંગ દરમિયાન અમને આવું કંઈ કહેવામાં આવ્યું ન હતું. અમારી સામે પાઠ યોજનાપૂર્વક ગોઠવાતા અને યોજના પ્રમાણે પૂરા થાય એ જ જોવાનું રહેતું. વધારે ગંભીરપણે પાઠ કે બાળકો વિષે વિચારવાનું કદી થતું જ નહિ.

એટલે મેં એમને પૂછ્યું, "એન્તોન, અક્ષરજ્ઞાન આપવાની આ વિલક્ષણ પદ્ધતિ તમે કઈ ચોપડીમાં વાંચી?"

"આ અને આ," એમણે કપાળ અને હૃદય પર આંગળી મૂકીને કહ્યું, "આપણો વ્યવસાય તો અતિશય સર્જનાત્મક છે. વિચાર- અને અનુભૂતિ — એનાં ઊંડાણ વિના કેમ ચાલે? આખરે તો આપણે માણસનું ઘડતર કરવાનું છે."

મેં એન્તોનના પાઠનું વિશ્લેષણ ન કર્યું. શુદ્ધ વ્યવસાયિક દૃષ્ટિએ પાઠ બરાબર લેવાયો હતો કે નહિ તે ન વિચાર્યું. હું તો એમની પશ્ચિમ પદ્ધતિની મૌલિકતાથી અંજાઈ ગયો હતો. ક્લાસમાં હું પાછો ગયો ત્યારે બાળકોએ પ્રશ્નોનો મારો ચલાવ્યો: એ મજાના સર કોણ હતા? પાછા કેમ ન આવ્યા? ફરી ક્યારે આવશે?

"એટલી નથી ખબર? એ 'મજાના સર' રેલવે સ્કૂલના એન્તોન મકારેંકો છે. બધા ઓળખે છે એમને. "એક છોકરીએ કંઈક મોટપથી કહ્યું. એના સ્વરમાં આદર અને પરિચયના ગર્વની છાંટ હતી.

હા જી. સહુ કોઈ એમને ઓળખતા અને ચાહતા.

શાળાજીવનના એ દૂર દૂરનાં વર્ષોને હું યાદ કરું છું ત્યારે મારી આંખ સામે છબી આવે છે. એન્તોનની — એ વિરલ પ્રતિભાશાળી શિક્ષક, જેને સહુ કોઈ ચાહતા.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટે. નં.: ૩૫૦૨૯૬: મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૫: અંક: ૨૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧ માર્ચ, ૧૯૮૨, સોમવાર
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ : પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી: રમણલાલ ચી. શાહ

સ્વસ્થ સમાજ

[] ચીમનલાલ ચકુભાઈ

[પર્યુષણ વ્યાખ્યાન માળાના વ્યાખ્યાનનો શેષભાગ]

[૨]

સ્વસ્થ સમાજ રચવા શાસ્ત્રોએ ચાર પુરુષાર્થ-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ વર્ણવ્યા છે. જેમાં અર્થ અને કામ, સામાજિક જીવનના વ્યવહારનાં તત્ત્વો છે. આપણું (Economic Organization) હમેશાં અપૂર્ણ જ રહ્યું છે. ગરીબ તવંગરના ભેદ કાયમ રહ્યા છે. ૧૧મી સદીમાં જમીન મુખ્યત્વે ઉત્પાદનનું સાધન હતું અને ત્યારે કારખાનાં ન હતાં. ઔદ્યોગિક ક્રાંતિ પછી આવી ત્યારે ખેતી અને ગૃહઉદ્યોગો જ મુખ્ય હતા. તે વખતે જમીનદારો ગુલામો રાખતા, એમની પાસે સખત કામ કરાવતા અને પેદાશનો પંચાણું ટકા ભાગ પોતે રાખી, પાંચ ટકા તેમને આપતા. તે વખતે હિન્દુસ્તાનમાં કે ઈંગ્લેન્ડમાં સર્વત્ર એવું જ હતું.

સત્તરમી સદીમાં થયેલ ઔદ્યોગિક ક્રાંતિથી માનવીનું બાહ્યજીવન એકદમ પલટાઈ ગયું. યંત્રોને કારણે ઝડપી ફેરફાર થયા. આજે મોટર આપણને દોડાવે છે. મશીન આપણને એકધારું, એક પ્રકારનું કામ કરાવી, યંત્રવત્ બનાવી દે છે. આ ટેકનોલોજી ક્યાં લઈ જશે તેની ખબર નથી પડતી. ન્યુટ્રોન બોમ્બ મિલકતને નુકસાન ન કરે પણ માણસોને મારી નાખે. તેથી રશિયાએ એને ('Capitalist Bomb') કહ્યો છે. ઔદ્યોગિક ક્રાંતિથી જથ્થાબંધ ઉત્પાદન 'Mass Production' થયું છે. પહેલાં રેંટિયાથી એક માણસ પોતા પૂરતું કે કુટુંબ પૂરતું સૂતર કાંતિ શકતો. એની જગ્યાએ એક માણસ સંખ્યાબંધ કારખાનાનો માલિક બની શકે છે. દરેક વસ્તુમાં (Multinational Corporations) બહુદેશી કંપનીઓએ આ દુનિયાને આવરી લીધી છે. માણસ માણસ નથી રહ્યો. બધાનું જીવન વેરાન બનતું જાય છે. આ Multinational ને કારણે એ પોતાના સ્વાર્થ માટે યુદ્ધ કરાવે. શકિત અને સંપત્તિને રૂંધિ રાખે; રાજ્યો ઉથલાવે, અર્થતંત્ર બદલી નાખે.

માણસ પાસે હથિયાર હોય તો વાપર્યા વગર રહી જ ન શકે, અશ્વત્થામાએ એવું અસ્ત્ર વાપર્યું કે પાંડુ સ્ત્રીઓના ગર્ભ ગળી જાય. આજે બધા નિ:શસ્ત્રીકરણની વાતો કરે છે, પણ સહેલું કામ નથી. માણસ ટેકનોલોજીનો ગુલામ બન્યો છે. સમાનતાનો ભાવ શક્ય નથી. આજે રચાયેલું અર્થતંત્ર તોડવા માટે ટેકનોલોજીએ આપેલી ઘણી વસ્તુઓ સ્વેચ્છાએ જતી કરવી પડે.

ગાંધીજીએ 'હિન્દ સ્વરાજ' લખ્યું ત્યારે એમણે રેંટિયો જોયો પણ ન હતો. છતાં 'માસ પ્રોડકશન'ના ભયને જાણી લઈને રેંટિયાને તેમણે પ્રાધાન્ય આપ્યું.

સ્થાપિત ધર્મ (સંપ્રદાય) અને મૂડીવાદને ગાઢ સંબંધ છે. આવા સંપ્રદાયો મૂડીવાદને પોષે છે. મૂડીવાદના યુગની શરૂ. કાર્લ માર્કસે બળવો કર્યો. એણે જોયું કે મૂડીવાદના પાયામાં ઉત્પાદનનાં સાધનોની ખાનગી માલિકી છે. જેની પાસે જમીન, કારખાનાં અને મિલકત હોય એ બધાં મૂડીવાદી થઈ શકે છે. તે માટે એ ઉપાય શોધ્યો કે મૂડીવાદનો નાશ કરવો તો હોય તો ઉત્પાદનનાં બધા સાધનો સમગ્ર પ્રજાના બનાવવાં જોઈએ.

વર્તમાન સમયના ત્રણ મોટા ક્રાંતિકારીઓ, કાર્લ માર્કસ, ફ્રોઈડ અને ગાંધીજી છે. કાર્લ માર્કસના વિચારોની અસર અર્ધી દુનિયા પર થઈ છે. એણે બતાવેલા અર્થશાસ્ત્ર કરતાં પણ તેમાં રહેલો સમાનતાનો આદર્શ વધારે આકર્ષણરૂપ છે. એણે એવો સમાજ રચવાની વાત કરી, જેમાં અંતે સ્વતંત્રતા, સમાનતા અને ભ્રાતૃભાવની ભાવના હોય. જ્યાં રાજ્ય ન હોય, રાજ્યની જરૂર પણ ન હોય, રાજ્ય વિલીન થઈ જશે, બધા માણસો સજ્જન, સમાજહિતચિંતક, નિર્લોભી અને અપરિગ્રહી હશે. જેથી કાયદો અને વ્યવસ્થા જાળવવા લશ્કર કે પોલીસની જરૂર નહીં પડે. આ કાર્લ માર્કસનું સ્વપ્ન હતું. યુવાનોને માર્કસનું આકર્ષણ આ આદર્શવાદનું છે. સિડની વેબ અને બ્રિઆટીસ વેબે આ જ વાતને, નવી સંસ્કૃતિનો ઉદય થયો છે એ રીતે જોયું.

ઈ.સ. ૧૯૨૦-૨૧માં એક અમેરિકન રશિયા ગયો. એને એક નિશાળ બતાવવા લઈ ગયા. એ બાળકોને પ્રશ્ન પૂછ્યો, 'મેં એક ડઝન સફરજન પાંચ શિલિંગમાં લીધા. હું એને આઠ શિલિંગમાં વેચું તો મને શું મળે? જવાબ મળ્યો, 'છ મહિનાની જેલ.'

એણે જવાબમાં ત્રણ શિલિંગના નફાની આશા રાખી હતી. પણ ત્યાં તો નફાખોરી ગુનો છે એમ શીખવવામાં આવતું. આજે પાંસઠ વર્ષ પછી સામ્યવાદ-કમ્યુનિઝમ ક્યાં ઊભો છે? માણસને માણસ રહેવા નથી દીધો. માણસનો નાશ કરી દીધો છે. કાર્લ માર્કસનું સ્વપ્ન છિન્નભિન્ન થઈ ગયું છે.

ગાંધીજી ફરીથી રેંટિયો અને ગ્રામોદ્યોગ લાવવા માગતા હતા. બાહ્ય પરિવર્તન વગર આંતરપરિવર્તન ન થઈ શકે. ગાંધીજી આંતરપરિવર્તનમાં વધુ માનતા હતા. કાર્લ માર્કસ આંતરપરિવર્તનમાં માનતા ન હતા, માત્ર બાહ્યપરિવર્તનમાં જ માનતા હતા.

ગાંધીજી માનતા કે આંતરજીવનને અનુરૂપ બાહ્યપરિવર્તન ન થાય તો, માણસને નૈતિક જીવન જીવવામાં અગવડ પડે. એમણે આખા અર્થકારણનો વિચાર કર્યો. એમણે સમાજવાદનો કે સામ્યવાદનો વિચાર ન કર્યો, પણ સર્વોદયનો વિચાર કર્યો. ભારતીય સંસ્કૃતિમાં 'સર્વે જના: સુખીનો ભવન્તુ'માં કહ્યું જ છે કે બધા સુખી થાય, તંદુરસ્ત રહે, સૌને સદ્‌વિચાર આવે, કોઈને દુ:ખ ન આવે. આ ભવ્ય આદર્શ સર્વોદય દ્વારા ગાંધીજીએ રજૂ કર્યો. એમણે મિલકત

ટ્રસ્ટની રચનાની વાત નથી કરી, જે માર્કસે કરી હતી. એમણે પોતાની મિલકતના ટ્રસ્ટી બનવાનું કહ્યું. ટ્રસ્ટીશિપની ભાવનામાં એ જ વાત છે કે લોકકલ્યાણ માટે, સદ્‌ઉપયોગ માટે પોતાની જરૂરિયાત ઘટાડવી જોઈએ. છતાં મિલકત કે પરિગ્રહ મળે તો એ બધું સમાજનું છે, પોતે એનો ટ્રસ્ટી છે એમ માનવા કહ્યું. ગાંધીજીના અર્થકારણ પાછળ ધર્મભાવના હતી, જે માર્કસ પાસે ન હતી.

કામ એ બીજો પોતે પુરુષાર્થ છે. સ્ત્રી-પુરુષોમાં આજે કામ-વાસનાનો વિસ્ફોટ થયો છે. કામ વિશે ભારતીય સંસ્કૃતિમાં વિચાર થયો જ છે. કામ એ પ્રબળ વૃત્તિ છે. માણસને રોજીરોટીની જેમ જ કામ સંતોષવા જરૂર પડે છે. તે છતાં એને અંકુશમાં લાવવાનું છે તે વગર માનવમાં માનવતા નહીં રહે. ભારતીય સંસ્કૃતિમાં લગ્નજીવનનો આદર્શ છે, મુક્તવ્યવહારનો નહીં. આજે ફ્રી સોસાયટીની વાતો થાય છે, પણ લગ્નજીવનમાં કામ-વાસનાને બાંધી લેવામાં આવી છે. એક પુરુષ અને એક સ્ત્રી લગ્નજીવનથી જોડાઈ જાય પછી બીજા એને માટે ભાઈ-બહેન સમાન છે. એને બીજો વિચાર કરવાનો જ નથી રહેતો. એનાથી મોટો બંધ પડી જાય છે. લગ્નજીવન એ સંયમનો મોટામાં મોટો પાયો છે. આજે સર્વત્ર વ્યભિચાર વધતો જાય છે. છૂટાછેડાની કોઈને શરમ નથી. છૂટાછેડા અનિવાર્ય હોય તો જ લેવાય એ નિયમ નથી પણ અપવાદ છે.

બધું આમ ચાલે તો સમાજ સુખી અને સ્વસ્થ કેમ થાય? શાંતિ ક્યાંથી મળે? આજે સમાજમાં આટલા બળાત્કાર થાય છે હોટલોમાંથી આટલી સગીર વયની બાળાઓને બચાવી એવા સમાચાર રોજરોજ સાંભળી આપણે સંવેદનહીન બની ગયા છીએ.

તો સ્વસ્થ સમાજ (Just Society, well Regulated Society.) કઈ રીતે પેદા કરવો? પ્લેટોએ કહ્યું એવો સ્વસ્થ સમાજ પેદા કરવા માટે રાજકર્તાઓ કોણ જોઈએ? લોકશાહી (ટોળાશાહી) નહીં, પણ જ્ઞાનીપુરુષ જોઈએ. Philosopher King ની કલ્પના કરી. એને બિલકુલ પરિગ્રહ ન હોય, કુટુંબ ન હોય, એની પાસે સત્તા પણ ન હોય, એ માત્ર માર્ગદર્શન આપે.

ભારતીય સંસ્કૃતિમાં ચાર વર્ણની વાત આ રીતે જ થઈ છે. બ્રાહ્મણ જ્ઞાનની ઉપાસના કરે, પણ એની પાસે સત્તા, સંપત્તિ કે પરિગ્રહ ન હોય—એને સંસ્કાર-સ્વામી બનાવ્યો. સત્તા ક્ષત્રિયને આપી પણ એને બ્રાહ્મણથી નીચે મૂક્યો. તેથી જ શિવાજી સ્વામી રામદાસને ચરણે તલવાર મૂકી દે, દિલીપરાજા વસિષ્ઠ ઋષિ પાસે બધું જ સમર્પણ કરી દે. ક્ષત્રિયને સત્તા અને કીર્તિ આપી, કીર્તિ મેળવવા એ વીર બને. સત્તાભૂખ્યા અને ધનભૂખ્યા કરતાં, કીર્તિભૂખ્યો માણસ સારો. કારણ એ કોઈનું ભલું કરશે તો કીર્તિ મળશે ને! થોડું તો સારું કરશે જ. સત્તાભૂખ્યો અને ધનભૂખ્યો માણસ તો વરુ જેવો છે. એ મેળવવા તે તૂટી જ પડશે. વૈશ્યને પૈસો આપ્યો પણ ન સત્તા આપી, ન કીર્તિ આપી અને શુદ્રને માત્ર સેવા આપી.

ચાર વર્ણની જેમ જીવનના ચાર આશ્રમ બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્થાશ્રમ બનાવ્યા. ડો. ભગવાનદાસે પ્રાચીન ભારતીય સમાજને Scientific Socialism. કહ્યો છે. ભારતીય સમાજવ્યવસ્થામાં ધર્મભાવના મુખ્ય હતી.

અર્થ અને કામ મોટા પુરુષાર્થ હોવા છતાં એમાં ધર્મ ભળે ત્યારે જ બધું સાર્થક થાય છે. વ્યાસ ભગવાને આખું ય મહાભારત લખ્યા પછી હાથ ઊંચા કરીને કહ્યું કે ધર્મ કરશો તો અર્થ અને કામ મળશે, નહીં તો એ બધું દુશ્મનની ગરજ સારશે. ગમે તેટલી લક્ષ્મી, સત્તા, બધું જ હશે પણ ધર્મ નહીં હોય તો કંઈ જ કામ નહીં આવે. આખા મહાભારતની કથા એક પતિત સમાજનું ચિત્ર છે. ધર્મ ન રહ્યો તેથી સમાજનું પતન થયું. તેથી જ અર્થ અને કામને ધર્મની સાથે જોડ્યા છે.

આજે સમાજ સ્વસ્થ નથી. આપણે નિઃસહાય નિરૂપાય છીએ, શું કરીએ? બોમ્બ સામે શું કરીએ? ભ્રષ્ટાચાર સામે શું કરીએ? મનમાં વિષાદ છે, અંતરમાં વ્યથા છે.

બધી રીતે હું સુખી છું, બધું મળે છે છતાં મનની વ્યથાનો પાર નથી, લખવા બેસું છું ત્યારે શબ્દો ઊણા પડે છે. ચારે તરફ જે થઈ રહ્યું છે તે જોતાં જીવને શાંતિ ક્યાંથી મળે? કોઈ પૂછે છે, 'તમને શું દુઃખ છે?' તો કહું છું 'દુઃખનો પાર નથી'.

સમાજપરિવર્તન નહીં થાય ત્યાં સુધી શાંતિ નહીં મળે. ધર્મ અને નીતિ સમાજના પાયામાં હોવાં જોઈએ.

એક વર્ગ એવું માને છે, આ બધું અનાદિ-અનંત સંસાર ચાલ્યા જ કરે છે માટે આત્માનું કલ્યાણ કરો. પણ મારાથી એ કઈ રીતે થઈ શકે? કરોડો માણસોને ખાવા ન મળે ત્યારે મારા મોક્ષ અને મારા આત્માની વાતો નથી થઈ શકતી. હું એ આગમાં બેઠો અને મારે એમાં સાથે સળગવાનું છે. મારે તો મારાથી બને એટલો આગ ઓલવવા પાણીનો છંટકાવ કરવો છે, જે કંઈ થઈ શકે તે.

આ સંસાર કદાચ ત્યાગ અને બલિદાન માગે છે, સતત યજ્ઞ માગે છે. દરેક ક્ષણે બત્રીસલક્ષણનો ભોગ માગે છે. ભોગ આપવો પડે છે. ઈશાવાસ્ય ઉપનિષદનમાં કહ્યું છે તેમ, 'તેન વ્યક્તેન ભુંજીથા:' ત્યાગ વગર ભોગવી શકાશે નહિ. માટે બીજા કોઈના ધનને મેળવવાનો ગીધડા જેવો વિચાર કરીશ નહિ, તારે ત્યાગ કરવાનો છે કોઈ પણ રીતે દુઃખ ઓછું કરવા પ્રયત્ન કર તો કંઈક સુખ અને શાંતિ મળશે.

સાભાર સ્વીકાર

પૂ. શ્રી પ્રાણ ગુરુ સ્મૃતિ અંક: પરામર્શક: શ્રી દુર્લભજી ખેતાણી, અનુમોદક: શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ, હીંગવાલા લેન, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ—૪૦૦૦૭૭. કિં. રૂા. ૫.

પૂ. પ્રાણલાલજી મહારાજ સાહેબની સ્મૃતિને યાદ કરી, પૂ. સાધ્વીઓ અને શ્રાવક-શ્રાવિકાઓએ પૂ. પ્રાણલાલજી મહારાજ સાહેબ વિશે પોતાના સંસ્મરણો આ પુસ્તકમાં રજૂ કરેલ છે. એમના જીવનના વિવિધ સ્મરણીય પ્રસંગો પણ લખવામાં આવેલ છે. સાથે સાથે ગોંડલ સંપ્રદાયના ૧૦૮ ક્ષેત્રો અને ગોંડલ સંપ્રદાયના પૂ. મહાસતીજીઓની નામાવલિ પણ આ પુસ્તકમાં આપેલ છે.

બાલમૂર્તિ: સંપાદક: પ્રવીણભાઈ શાહ, પ્રકાશક: લાલચંદભાઈ વોરા, નિયામક, બાલ કેળવણી મંદિર, બગસરા, જિ.: અમરેલી. દશેરા વિશેષાંક અંક ૯ અને ૧૦ તથા ૧૧. વા. લવાજમ રૂા. ૫ ઔચ્છિક રૂા. ૧૦, છૂટક નકલ ૫૦ પૈસા.

(૩) અંતરિક્ષની ઓથે—લેખક: સુશીલ ઝવેરી, નેહલ પ્રકાશન, માદલપુરા, અમદાવાદ - ૬, કિ. રૂા. ૩૬-૦૦.

(૪) અવધૂત પ્રસાદી - લે. વિમલા ઠકાર. યજ્ઞ પ્રકાશન, ગુજરાત પાગા, વડોદરા - ૩૯૦૦૦૧ કિંમત રૂા. ૧૧-૦૦.

(૫) ધન્યભૂમિ ભારત - લે: મીરાં ભટ્ટ, યજ્ઞ પ્રકાશન, કિંમત રૂા. ૧/-

(૬) જૈન દર્શન તત્ત્વ પ્રવેશ: સં. ધીરજકુમાર પી. મણિયાર જૈન સોરભ, C/o, ઉષા પ્રિન્ટરી, સાંગણવા ચોક, રાજકોટ-૩૬૦૦૦૧. કિંમત રૂા. ૩—૫૦.

(૭) જ્ઞાની પાસેથી જાણ્યું - લે.: શશિકાન્ત મ. મહેતા, ભાયાણી બુક ડેપો, ૧૫૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૨, કિં. રૂા. ૫-૦૦

(૮) વિવિધ ધર્મોના નૈતિક મૂલ્યો - ૧ (૯) સ્વસ્થ જીવન - ૨,

(૧૦) વર્ષા યોગદર્શન: ત્રણેના લે. - પ્રકા.: રતિલાલ અધ્વર્યુ. ૩, દત્ત સોસાયટી, (ભઠ્ઠા) અમદાવાદ - ૭ કિ. રૂા. (૮) ની ૧-૫૦ ૯ ની રૂા. ૩.૭૫ અને ૧૦ ની રૂા. ૨.૨૫.

એ કયાં ઓછા લાભની વાત છે?

[] ગુલાબદાસ બ્રોકર

હમણાં થોડા દિવસ પહેલાં એક જગ્યાએ "સમાજ સેવા અને સામાજિક કાર્ય" વિશે બોલવા ગયો હતો ત્યારે વ્યાખ્યાન પૂરું થયા પછી થોડી પ્રશ્નોત્તરી થઇ. તેમાં એક પ્રશ્ન જેટલો રસિક હતો તેટલો મહત્ત્વનો પણ હતો.

એક ભાઈએ પૂછ્યું:

"અહીં હું જે પૂછવા માગું છું તે કદાચ આ વ્યાખ્યાન સાથે બહુ સંબંધ ધરાવતું નહિ હોય, પણ મને-એ વિશે વારંવાર વિચાર આવે છે તેથી પૂછું છું.

ધારો કે હું રસ્તે ચાલ્યો જાઉં છું અને એક આંધળા માણસને દેખું છું. આંધળો હોવા છતાં ઉપરાંત તે થોડો અશકત પણ લાગે છે. તે કંઈક કરવા માગે છે અને તેમાં મુંઝાય છે. તેને મદદ કરવાનું મને મન થાય છે પણ વિચાર આવે છે: "ભગવાને એને એના કોઈ કર્મની સજા કરવા આંધળો બનાવ્યો હશે અને અશકિત પણ આપી હશે, એટલે ભગવાનની ઈચ્છા હશે એ કે એ હેરાન થાય. હવે હું જો એને મદદ કરવા ધસી જાઉં તો હું ભગવાનની ઈચ્છાની આડે નથી આવતો? તો મને દોષ ન લાગે?

તો મારે શું કરવું? ભગવાનની ઈચ્છાને માન આપવું કે મારી પોતાની?

આ ઉપરથી મને બીજો એક પ્રશ્ન પણ સૂઝે છે: "ભગવાન છે કે નહિ?"

પ્રશ્ન પૂછી એ ભાઈ બેસી ગયા ત્યારે શ્રોતાઓમાં હાસ્યનું મોજું ઊભરાયું. પણ મને વિચારપૂર્વક એનો જવાબ દેવાનું સૂઝ્યું. મેં કહ્યું:

"તમે આ સવાલ પૂછ્યો અને તે આંધળાને કશી જ મદદ ન કરવાનો જે ઉકેલ સૂચવ્યો એવું એવું ધર્મના અમુક પંથોમાં વિચારાય છે, એટલે એ સવાલ જેટલો દેખાય છે તેટલો બેહુદો નથી જ. પણ તમે ભગવાનને વચ્ચે રાખીને બોલ્યા છો તો હું ભગવાનની વાત કરીને જ એનો ઉત્તર આપીશ.

એ આંધળાનાં અમુક એવાં કર્મો હશે જેથી ભગવાને એને આંધળો બનાવીને અને એનામાં અમુક પ્રકારની અશકિત મૂકીને તેને સજા કરી હોય, એમ તમે ભલે માનો પણ તમે જ્યારે એ આંધળાને આ સ્થિતિમાં જુઓ છો ત્યારે તમને એને મદદ કરવાનું મન થાય છે એ તમને કોણ સૂઝાડે છે? એ આંધળાને, તમારા મત પ્રમાણે સજા કરનાર ભગવાન જ ને? તો પછી જ્યારે તમે એને મદદ કરવા દોડી નથી જતા અને ભગવાનની તમે માની લીધેલી ઈચ્છાને તમારી બુદ્ધિ સૂઝાડે છે તે રીતે માન આપવાનો પ્રયત્ન કરો છો ત્યારે એની મદદે દોડી જવા તમને સૂઝાડનાર તમારી અંદર બેઠેલા ભગવાનનો જ તમે અનાદર નથી કરતા? એવો એનો અનાદર ન થાય એવું એક ધર્મશાસ્ત્રની કથાઓમાં કહેલું દૃષ્ટાંત મને યાદ આવે છે.

એક માણસ રસ્તામાં ચાલ્યો જતો હતો, મસ્ત હતો અને બેફામ પણ હતો. ત્યાં રસ્તો આખો કોલાહલથી ભરાઈ ગયો. પેલા માણસે પોતાની મસ્તીમાંથી બહાર આવી ઊંચું જોયું તો જોયું કે એક મદમસ્ત હાથી ગાંડો બની સામેથી દોડી આવતો હતો અને લોકોના તેને બીજે વાળવાના પ્રયત્નો છતાં કેમે અટકતો નહોતો. આ માણસની નજદીક જે માણસો હતા તે તેને બાજુએ ખસી જઈ હાથીના માર્ગમાંથી દૂર રહેવલા બૂમો પાડતા હતા પણ આ માણસ તો જાણે એ કશું સાંભળતો ન હોય તેમ આગળ ને આગળ ચાલ્યો જ જતો હતો.

આખરે હાથી જ્યારે બહુ જ નજદીક આવી જશે તેમ લાગ્યું ત્યારે રસ્તે જતા એક સાધુએ રસ્તા વચ્ચે જઈ જોરથી એ માણસને એક બાજુ ખેંચી લીધો. પળ એકમાં હાથી એ જગ્યાએથી આગળ ધસી ગયો. આ માણસ જો ત્યાંથી ખસેડાઈ ન ગયો હોત તો એના છુંદેછુંદા થઈ ગયા હોત.

જરા શાંતિ થઈ અને કોલાહલ શમ્યો એટલે પેલા સાધુએ એ માણસને પૂછ્યું:

"ભલા માણસ, હાથી દેખાતો નહોતો?"

"દેખાતો" તો ને?" એ માણસે કહ્યું.

"તો પછી તું આઘો ખસી કેમ જતો નહોતો?"

"મને થતું" તું કે ભગવાનની ઇચ્છા એ હાથીને આમ દોડાવવાની હશે તે એને દોડાવતો હશે. તેની ઇચ્છા મને બચાવવાની હશે તો એ મને બચાવી લેશે."

"તને ખસી જઈને બચી જવાનું મન થયું હતું?"

"થયું હતું, પણ પછી થયું કે ભગવાનની ઇચ્છા હશે તેમ થશે."

સાધુએ કહ્યું: "મૂરખ, એ હાથીની દોટમાં તું ભગવાનની ઇચ્છા જોઈ શકયો તો તને નાસી જવાનું સૂઝ્યું તેમાં તેં ભગવાનની ઈચ્છા કેમ ન જોઈ? એ તને બચાવવા જ એવું નહોતો સૂઝાડતો?"

"હા, એ તો ખરું હોં." કહી પેલો માણસ માથું ખંજવાળવા લાગ્યો.

એટલે, આમ ભગવાનની ઈચ્છા વિશે આપણી મરજી પડે તેવો અર્થ કરી આપણે વર્તીએ તો પેલા હાથીના પગ નીચે કચડાવાનો વારો આવે એ સમજાય છે? મેં પૂછ્યું.

બધાના હાસ્ય વચ્ચે એ ભાઈએ જવાબ આપ્યો: "હા, સમજાય છે, પણ હવે મારા બીજા પ્રશ્ન વિશે કહો. ભગવાન છે કે નહિ?"

મેં કહ્યું: "એ તો મને શી રીતે ખબર પડે? હું કયાં એવો મહાત્મા છું કે એ હોય તો મેં એને જોયો હોય?

પણ એક વાત હું તમને કહું. ભગવાન છે કે નહિ તે જાણવાનું તમારે શું કામ છે? એ હશે તોયે તમારા મારા જેવા સામાન્ય માણસો એને પામવાના નથી, કેમકે આપણામાં એટલી શકિત જ નથી. આપણે નથી બુદ્ધ કે નથી મહાવીર કે નથી ગાંધી કે નથી વિનોબા કે નથી શ્રી અરવિંદ કે રમણ મહર્ષિ. આપણે તો સાદા સીધા માણસો છીએ, જે જન્મે છે, સંસાર માંડે છે, થોડુંક સાચું કરે છે, થોડુંક ખોટું કરે છે, વૃદ્ધ થાય છે. બિમાર થાય છે અને મરી જાય છે. એટલે આપણે આવા મહાન અને જેનો ઉત્તર પણ આપણને ન જડે એવો પ્રશ્નો ઊભા કરીને શું કરવું છે?

તમને ખબર છે, ઈસુ ખ્રિસ્ત ઉપર જે ન્યાયાધીશ ખટલો ચલાવતો હતો તે ન્યાયાધીશે આજથી ૧૯૮૧-૮૨ વર્ષ પહેલાં એક પ્રશ્ન પૂછ્યો હતો? એ પ્રશ્ન હતો.

"સત્ય શું છે?"

આજ સુધી એ પ્રશ્ન પ્રશ્ન જ રહ્યો છે, તેનો કોઈને સચોટ અને સાચો ઉત્તર મળ્યો નથી.

આ ઇશ્વર વિશેના પ્રશ્નનું પણ એવું જ છે.

પણ એક વાત છે. આપણે મહાપુરુષો કે મહાત્માઓ ન હોવા છતાં આપણને બધાને કંઇક સારું કરવું પણ ગમે છે અને કંઇક ખોટું કરવું પણ ગમે છે. તમે જ કહ્યું ને કે તમને પેલા

આંધળાને મદદ કરવાનું મન થયું? એવી તો અનેક ચીજો છે કે જેમાં તમને અને મને અને આપણામાંના બધાય ને એવી કંઇક ને કંઇક સારી ચીજ કરવાનું મન થાય અને એવું આપણે કરી નાખીએ તો આપણને આનંદ પણ થાય.

એ જ રીતે, આપણને બધાને ઘણીયે વાર કંઇક ખોટું કરવાનું પણ મન થતું હોય છે –કોઈકને વહેમ ન પડે આપણી પ્રામાણિકતા ઉપર તો ગમે તેવું કરીને બે પૈસા વધારે કમાઇ લેવાનું, કોઈ વાર ખોટું બોલી લેવાનું કે બીજાઓને ખબર ન પડે તેમ હોય તો કંઈક ખોટું આચરણ પણ કરી લેવાનું. તેમાં આપણે જો સફળ થઈએ તો તેમાં પણ આપણને આનંદ તો પડે જ છે; પણ વિચાર કરીએ કે કે તરત જ આપણને સમજાય છે કે આ આનંદ પેલા બીજા આનંદ કરતાં જુદા પ્રકારનો હોય છે. પેલો આનંદ એવો હોય છે કે આપણને મળે અને બીજાઓને પણ આપણું કર્યું ગમે. આ આનંદ એવો હોય છે કે એ આનંદ વિશે આપણે કોઈને વાત કરતાં પણ શરમાઈએ અને આપણે જે કરતાં હોઈએ એ બધાથી છુપાવવાને આપણે પ્રેરાઈએ. "ના, ના. એવું નહોતું હોં." "મેં એવું નહોતું કર્યું હોં." "હું એમ વધારે પૈસા મારી લઉં કે આવું આડું અવળું કરી બેસું એવો નથી હોં." એમ કહેવાનું આપણને મન થાય – જો આપણે પકડાઈએ તો.

અને ન પકડાઈએ, અને કોઈને ખબર પણ ન પડે, તો પણ આપણને પોતાને પણ જરીક ન કરાય એવું કરાઈ ગયાનો ભાવ, અને એવું ન કર્યું હોત તો સારું હતું એવી લાગણી, એ આનંદ આપણે માણતા હોઈએ, છતાં પણ, થાય. આ નથી આપણા બધાના અનુભવની વાત?

તો મારે તો એટલું જ કહેવું છે કે ઈશ્વર છે કે નહિ, અને છે તો કેવો છે ને કેવો નથી, એની માથાકૂટ કર્યા કરવા કરતાં, આપણને જેમાંથી પેલો નર્યો આનંદ જ મળે, અને જેથી જરી પણ શરમાવું કે અચકાવું ન પડે એવાં જ કામો આપણે શા માટે ન કરીએ? ને જે આનંદને અંગે આપણે શરમાવું પડે, અચકાવું પડે, ખોટું બોલવું પડે અને જે મેળવવાથી આપણું અંતર પણ આપણને ડંખે એનો આનંદ મેળવવાનાં પ્રયત્ન આપણે શા માટે કરીએ?

એ તો સાચું જ છે ને કે આપણને બધાને આ બંને વૃત્તિઓનો અનુભવ તો હરહંમેશ થયા જ કરે છે?

તો શા માટે પહેલી વૃત્તિનો આશ્રય ન લેવો અને બીજી વૃત્તિને ન ત્યજવી?

એમ કરશો તો જો ઈશ્વર હશે તો તમારા ઉપર ખુશ થશે, અને એ નહિ હોય તોયે તમે પોતે અને તમારી આસપાસના સહુ તો ખુશખુશાલ થઈ જશો જ.

એ કયાં ઓછા લાભની વાત છે?

* * *

ખબર નથી મને, બીજા બધાઓને મારી આ વાત યોગ્ય લાગી કે નહિ, પણ મને સંતોષ એ વાતનો થયો જગત અને સંસારના મૂળ કારણને શોધવાની મથામણમાં પડયા વિના પણ માણસ સુખી રહી શકે છે એ વાત, મને પોતાને, હતી તે કરતાં વિશેષ સ્પષ્ટ સ્વરૂપે આ પ્રશ્નોત્તર દ્વારા સમજાઈ.

ગુફાનો અનુભવ ફાઈવસ્ટાર હોટલમાં

□ શીલા ભટ્ટ

મુંબઈમાં રહેવાનો એક લાભ એ છે કે તમારે જગતને ચરણે જવું પડતું નથી. જગત તમારે ચરણે આવે છે. છેલ્લા ૧૫ મહિનામાં કૃષ્ણમૂર્તિ, યુ.જી. કૃષ્ણમૂર્તિ, સ્વામી સત્યાનંદ, સ્વામી મુક્તાનંદ અને મધર ટેરેસા જેવા મહાનુભાવો મુંબઈમાં આવી ગયા. થોડોક ગેરલાભ એ છે કે મુંબઈમાં ભક્તો ઘણા છે. એટલે સચ્ચાબાબા અને હઈડાખાનવાલા બાબા જેવા બાબા પણ આવે છે અને સચ્ચાબાબા તો છાપામાં જાહેર ખબર આપીને સંસારના દુ:ખોમાંથી મુક્તિ આપવાની ગૅરંટી આપે છે. તમારે ચારણી લઈને બેસવું પડે. પણ ઘણી વખત એવું થાય કે વહાનુભાવોની મહાલ્હાણીમાં અમુક વ્યકિતઓને મળવાનું ચૂકી જવાય. મુંબઈમાં ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં ટ્રાન્સપર્સનલ ઈન્ટરનેશનલ કૉન્ફરન્સ ભરાઈ તેને ખરેખર ઘણા પત્રકારો પણ ચૂકી ગયા છે અને અમુક અમુક અખબારોએ તો જાણે ટ્રાન્સપર્સનલ કૉન્ફરન્સ તેમની સમજનાં ગજા બહારની વાત હોયકે ગમે તેમ પણ તેણે આ વિજ્ઞાન અને આધ્યાત્મનો સંગમ કરનારી પરિષદનો બહિષ્કાર જ કર્યો હોય તેવો દેખાવ થયો.

જગતનાં ચાર ખંડોમાંથી વિજ્ઞાનીઓ, તાંત્રિકો, માનસચિકિત્સકો સમાજશાસ્ત્રીઓ, લામાઓ, રબ્બીઓ, સૂફીઓ, ફિલસૂફો વગેરે એટલા બધા આવ્યા હતા કે, તેમના બધાનાં વિદ્વતાભર્યા અને શ્રદ્ધાભર્યા પ્રવચનોને ટાઈમ્સ ઓફ ઈન્ડિયાથી માંડીને ડેઈલી સુધીના દૈનિકો ન્યાય આપી શકયા નહોતા. માત્ર મધર ટેરેસા ૨૦ મી ફેબ્રુઆરીએ આવ્યા ત્યારે મુંબઈનું પત્રકારગણ ઉમટયું હતું. ઈન્દિરા ગાંધીની પત્રકાર પરિષદમાં વડા પ્રધાનને 'મિસીસ ગાંધી' તરીકે સંબોધીને પ્રશ્નો પૂછનારા પત્રકારો મધર ટેરેસાને 'મધર' તરીકે સંબોધતાં હતા અને પત્રકાર પરિષદને અંતે મધર ટેરેસાએ બધાને એક મિનિટ માટે પ્રાર્થના કરવા કહ્યું ત્યારે કેલિફોર્નિયા યુનિવર્સિટીના વિખ્યાત થીયેરેટીકલ ફીઝીસીસ્ટ ડૉ. ફ્રીજોફ કાપ્રા પણ પત્રકારો સાથે એક મિનિટ પ્રાર્થનાની મુદ્રામાં ઊભા રહ્યા હતા. ડૉ. કાપ્રાએ પરિષદમાં કહેલું કે, 'વિજ્ઞાન કંઈ નવું કરી શકયું નથી. તમે લોકો ૨૫૦૦ વર્ષ પહેલાં એ બધું કરી ચૂકયા છો. "સાયન્ટીફીક નોલેજ ઈઝ એપ્રોકસીમેટીટ બટ મીસ્ટીકલ નોલેજ ઈઝ ટ્રુથ' અર્થાત્ વિજ્ઞાનનું જ્ઞાન એ માત્ર એક અનુમાન છે ત્યારે આધ્યાત્મિક જ્ઞાન એ નર્યું સત્ય છે."

આ પરિષદનો અહેવાલ આપવો એ અતિ કઠિન કામ છે. એક કસોટી છે. પરીક્ષાના પેપરો આપતી વખતે સરળ સવાલોનાં જવાબો સૌ પ્રથમ આપીને આત્મવિશ્વાસ મેળવવાની શિક્ષકો સલાહ આપે છે. તેનો અમલ ટ્રાન્સપર્સનલ કોન્ફરન્સનો ટૂંકો અહેવાલ લખવામાં હું કરું છું. મધર ટેરેસાએ જયારે કહ્યું કે વિજ્ઞાન એ તો ઈશ્વરની આપેલી ભેટ છે. ત્યારે ડૉ. કાપ્રા જેવા સૂકા માણસની આંખો વિહ્વળ થઈ ગયેલી મેં જોઈ. "આ વિજ્ઞાનનો ઉપયોગ એક બીજાની મદદ કરવામાં કરવો જોઈએ." પ્રેમની વાત જાણે મધર ટેરેસાના મોંમાંજ શોભતી હોય તેવું લાગ્યું. "ઈસુએ મને કહ્યું છે કે, હું પ્રેમ છું. માનવો તમે એકબીજાને ખૂબ પ્રેમ કરો. હું તમને જે રીતે પ્રેમ કરું છું તે રીતે પ્રેમ કરો... આજે મુંબઈની ફુટપાથ ઉપરથી બે માણસોને અમારા લોકો ઊંચકીને આશ્રમમાં લાવેલા. એક જણે છેલ્લા શ્વાસ

મારી હાજરીમાં ખેંચ્યા. તેણે મને કહ્યું – નર્કમાંથી અમને સ્વર્ગમાં લાવવામાં આવ્યા. અહીં મરીને અમે ઈશ્વર પાસે જઈશું.''

મધર ટેરેસા આટલી ઉંમરે પણ બાળકો પાસેથી કંઈક શીખે છે. અમેરિકાના પૈસાપાત્ર કુટુંબમાં અપંગ બાળક જન્મ્યો. તે અમેરિકને મધર ટેરેસાના આક્રામ માટે જગ્યા આપી. આ અપંગ બાળકના માતાપિતાએ મધર ટેરેસાને કહ્યું, 'અમારા પુત્રે અમને પ્રેમ કરતાં શીખવ્યું. એટલે અમે તેને પ્રોફેસર ઓફ લવ કહીએ છીએ.' મધર ટેરેસાએ અપંગ બાળકના માબાપને કહ્યું, ''પ્રેમ હું ઈસુ પાસેથી શીખી પણ કોઈએ અપંગ હાલતમાં પણ હસતાં રહેવાનું શીખવ્યું હોય તો આ બાળકે શીખવ્યું છે.''

મધર ટેરેસાની હાજરીમાં પત્રકારો ભાવતરબોળ થતા હોય તેવું લાગ્યું. રાજકારણીની સભામાં શ્રોતા તાળી પાડે પણ પત્રકારો તાળી પાડતા નથી. અહીં બધા અંતરની તાળી પાડતા હોય તેવું લાગ્યું. મધર ટેરેસા કહેતા હતા: 'પવિત્રતા એ થોડાક મુઠ્ઠીભર માણસો માટેની લકઝરી નથી. આપણે બધા પવિત્ર બની શકીએ. આપણે બાળકો પ્રત્યે બહુ જ બેદરકાર છીએ. સ્કૂલેથી પાછા ફરેલા બાળકનું સ્વાગત કરવા ઘરે કોઈ ન હોય તેના જેવું દુ:ખ બાળકને એક પણ નથી. બાળકને આપેલો પ્રેમ વ્યાજ સહીત પાછો મળે છે.

મધર ટેરેસા જાણે ટ્રાન્સપર્સનલ કોન્ફરન્સના કોઈ શ્રોતાને સાંભળી ગયા હોય તે રીતે બાળકોનાં પ્રેમની ભૂખની વાત કરતા હતા. ટ્રાન્સપર્સનલ કોન્ફરન્સમાં જોસેફ ચિલ્ટન પીઅર્સ નામના વિદ્વાન લેખકને સાંભળવાનો અનેરો લ્હાવો હતો. માનવતાવાદનો પ્રચાર કરનારા શ્રી પીઅર્સે 'મેજીકલ ચાઈલ્ડ' 'એક્સપ્લોરીંગ ધી ક્રેક ઈન ધી કોસ્મિક એગ' અને 'ધી બોન્ડ ઓફ પાવર' જેવા પુસ્તકો લખ્યા છે. પીઅર્સને સાંભળવાનો મોકો ગુમાવ્યો હોય તો આ ત્રણ પુસ્તકો જરૂર વસાવવા જેવા છે. અત્યારે શ્રી પીઅર્સ વર્જિનિયામાં રહે છે. આ કોન્ફરન્સ ન થઈ હોત તો ભાગ્યે જ તે ભારત આવ્યા હોત. શ્રી પીઅર્સે અમેરિકામાં બાળજન્મની પદ્ધતિમાં અને બાળકના ઉછેરમાં ક્રાંતિ આણી હતી. તેની વાતોનાં પુસ્તક જ ભરાય. પણ તેણે બાળક વિષે કહેલી મૂલ્યવાન વાત આમ છે – ''આ જગત બાળકો માટેનું રમતનું મેદાન છે. એ બાળકની રમતમાં કોઈએ કશી જ ખલેલ કરવી ન જોઈએ. બાળકનો ધંધો છે - રમત. એ રમત આડે કોઈ આવે નહિ. જો બાળકને આ રીતે રમતો - ભમતો રાખ્યો તો બાળક એક જિનીયસ બનશે અને સુખી જિનીયસ બનશે. એ પછી બાળક કંઈ પણ જ્ઞાન મેળવવા તાકાતવર બનશે.''

શ્રી પીઅર્સ બહુ જ ઝડપથી અમેરિકન ઉચ્ચારો કરે છે. તે મગજમાં ઊતરે તો ઊતરે નહીંતર હૃદયથી ઉતારવા પડે. શ્રી હરીન્દ્ર દવે આ ટ્રાન્સપર્સનલ કોન્ફરન્સમાં આવી શક્યા નહોતા તે પણ કમનસીબી છે. તેમને માટે નવલકથાનો મસાલો પુરો પાડે તેવા શ્રી પીઅર્સનના ઉચ્ચારણો આવા હતા: ''આ જગતમાં આપણે સૌ બાયોલોજીકલ બ્લુ પ્રીન્ટ સાથે જન્મ્યા છીએ. આ બ્લુ પ્રિન્ટ શું છે? આ બ્લુ પ્રીન્ટ આધ્યાત્મના જ્ઞાન અને અનુભવની છે. આ જન્મ સમયનો આલેખ ઘણો મજબૂત હોય છે અને આપણને બધાને એકસરખી દોરીએ બાંધી રાખે છે. આપણે પરસ્પર બાંધાઈએ છીએ. એટલું જ નહિ પણ આ ભૌતિક વિશ્વ સાથે ઈશ્વરની સાથે પણ એકાકાર થઈએ છીએ.'' યૌગિક ક્રિયા થતી હોય કે પ્રાણાયમ થતો હોય તે પ્રક્રિયા પ્રમાણે જ નાનું બાળક ઉછરે છે તેવી વાત આપણને કોઈ ગળે ઉતારી શકે તો શ્રી પીઅર્સ જ છે

મોટા ભાગની મહિલા માનસચિકિત્સકો અમેરિકાથી આવી હતી અને તેઓ 'એકસ્પીરીઅન્સ' ના સ્વાનુભવો કહેવાનું ચૂકતી નહિ. ટ્રાન્સપર્સનલ કોન્ફરન્સના પ્રમુખ ડો. સ્ટેનીસ્લફ ગ્રોફ સાવકીબેટીના વિષય સાથે એમ. ડી. થયેલા છે. તેમના પત્ની ક્રીસ્ટીના ગ્રોફ હઠયોગ શીખવે છે. તેમણે સ્વામી મુકતાનંદની હાજરીમાં જે 'આનુભવ' કર્યો તેનું વર્ણન કર્યું હતું. કેટલાક શ્રોતાઓ કહેતા હતા કે, 'આપણી પોતાની જ વાત આ લોકો નવી ઢબે કહે છે.'' મારા પિતા હીરાના વેપારી હતા. અમારે ત્યાં કોઈ યુરોપિયન ઘરાક જમવા આવે ત્યારે ખૂબ જ ચાહત સાથે છાશ પીવે ત્યારે અમને છાશમાં કંઈક નવો અર્થ ભાસતો અને તે પછી અમે છાશ પીએ ત્યારે છાશ નહિ પણ કંઈક વિશેષ પીએ છીએ તેમ લાગતું. ક્રિસ્ટીના ગ્રોફ જેવી જાજરમાન યુવતી પલાંઠી વાળીને ધ્યાનમાં બેસે અને તેને 'એકસ્પીરીઅન્સ' થાય તેવો એકસ્પીરીઅન્સ તો પરિક્રમણમાં બેસતી વખતે કે અઠ્ઠાઈ કરતી વખતે મને થયો હશે પણ તેનું મૂલ્ય કંઈ સમજાતું નથી.

વિજ્ઞાનીઓ અને માનસચિકીત્સકો આવા 'આનુભવ' ની વાત કરે અને રૂા. ૧૦૦૦ ખર્ચીને ઘણા આ ટ્રાન્સપર્સનલ કોન્ફરન્સમાં શ્રોતાઓ તરીકે જાય ત્યારે તેનું મૂલ્ય વધુ સમજાય છે. ગુફામાં કે સમુદ્રને કાંઠે જે 'અનુભવ' સહજ થાય તે અનુભવ કરવા હવે તો ફાઈવ સ્ટાર હોટલમાં જ જવું પડે.

એક બહુ જ મહત્ત્વનું ભાષણ લગભગ બધા જ વર્તમાન પત્રો ચૂકી ગયા છે. એ છે શ્રીમતી કેફથર્સની વાત. શ્રીમતી કેફથર્સ અમેરિકાની એક કેન્સરની હોસ્પિટલમાં સાયકોથેરપીસ્ટ છે. એમની હોસ્પિટલમાં ફેફસાના કેન્સરવાળી એક ૫૦ વર્ષની સ્ત્રી આવી હતી. આ બાઈ કેન્સરનાં દર્દથી એટલી બધી પીડાતી હતી અને મોતના ભયથી એટલી ગભરાતી હતી કે તેનું દર્દ અનેક એલોપેથીક ઉપચારો અને માનસોપચારની પશ્ચિમી ટેકનિક છતાં વધતું જતું હતું. આખરે શ્રીમતી કેફથર્સે ટ્રાન્સપર્સનલ ટેકનીક અજમાવી. આ સ્ત્રીને મૃત્યુ સાથે જ વાત કરવાનું કહ્યું. તેને ધ્યાન અને યોગની ક્રિયા શીખવવામાં આવી. કેન્સરવાળું ફેફસું એકદમ સરસ થઈ રહ્યું છે તેવી ભાવના કરવાનું કહેવામાં આવ્યું. આ આધ્યાત્મિક ચિકિત્સાથી આ બાઈને ઘણો ફાયદો થયો. ઈ. એમ. જી. યંત્ર ઉપર તેના મગજની તાણ ઓછી દેખાઈ. છેવટે 'બોડી સ્કેનર' નામના યંત્રમાં તેના ફેફસાની હાલત જોવામાં આવી તો ફેફસાનું કેન્સર 'ક્લીઅર' થઈ ગયું હતું! આ એક અદ્‌ભૂત વાત છે. કોઈ ડોકટરો ન માને તેવી વાત છે. જો કે તે પછીની વાત આપણે માટે અમુક દૃષ્ટિએ કામની નથી. છતાં હું માનું છું કે, ખૂબ કામની છે. ફેફસાનું કેન્સર દૂર તો થયું પણ તેને લીવરનું કેન્સર બોડી સ્કેનરમાં દેખાઈ આવ્યું! જે દવા ફેફસાના કેન્સરને મટાડવા કરાઈ હતી તે દવાએ જ લીવરનું કેન્સર પેદા કર્યું હતું!

અજ્ઞાનનાં જાળાં એટલાં બાજ્યાં છે કે અમુક જાળાં એ પેદા કરેલા દુ:ખના ઈલાજ તરીકે પણ અજ્ઞાનનું જ ઓજાર વપરાય છે. જ્યારે સાચું જ્ઞાન પ્રકાશ પાથરવા આવે છે. ત્યારે આ અજ્ઞાનના ઓજારો ઘણું નુકસાન કરી ચૂકયા હોય છે. ટ્રાન્સપર્સનલ કોન્ફરન્સે ઘણા અજ્ઞાનનાં જાળાં દૂર કર્યાં. ઘણા લોકો તેનો લાભ લેવાનું ચૂકી ગયા છે. તેમણે હવે આવતે વર્ષે આઠમી પરિષદ માટે સ્વીટઝરલેન્ડ જવું પડશે.''

સાભાર સ્વીકાર

ધર્મ અને વ્યવહાર : લેખક શ્રી ચમનલાલ મણીલાલ શાહ, પ્રકાશક : નવીનચંદ્ર ચમનલાલ શાહ, ૩૮, ચંદ્રપ્રકાશ સોસાયટી, વિ. ૩, કાંકરિયા, અમદાવાદ-૨૨ કિંમત રૂા. ૨-૦૦.

ધર્મને જીવનવ્યવહારમાં પરોવવા અંગેના આ લેખો 'જૈન પ્રકાશ'માં પ્રગટ થઈ ચૂકયા છે. લેખોનો આ સંગ્રહ મનનીય વાચન પૂરું પાડે છે. આ લેખોમાં વર્ણવવામાં આવેલા સિદ્ધાંતો અને વિધાનો જીવનમાં ઊતારવામાં આવે તો પરિણામ જરૂર ફળદાયી આવે એવો લેખકનો દાવો સમર્થન માગી લ્યે છે.

* માનવી : બંધન અને મુક્તિ *

[] મુનિ અમરેન્દ્રવિજયજી

આપણે એ જોયું કે વ્યક્તિની સારીનરસી ગમે તે પ્રવૃત્તિ કે વિચાર સુદ્ધાં તેની પ્રતિક્રિયા તેનાં જીવનમાં અચુક જન્માવે છે. સ્યૂ નેાર જોન્સને ઠીક જ કહ્યું છે કે ભૌતિક જગમાં સર્વત્ર સ્વીકારાયેલા 'લેા ઓફ કેાઝ એન્ડ ઈફેક્ટ ઓર એક્શન એન્ડ રિએક્શન – ક્રિયા અને પ્રતિક્રિયાના નિયમ – નેા આપણી પ્રવૃત્તિ, વિચાર, લાગણી આદિ સર્વ સ્તરે સ્વીકાર એ જ આધ્યાત્મિક જગતનેા કર્મનેા નિયમ છે. આપણે અનુભવીએ છીએ કે દરેક માણસનું જીવન અમુક મર્યાદાઓથી ઘેરાયેલું છે. પૂર્ણ સ્વતંત્ર કેાઈ નથી. બાહ્ય પરિસ્થિતિમાં અમુક પરિવર્તન લાવીને પેાતે સ્વતંત્રતાનેા આસ્વાદ માણી શકશે એવી આશામાં માનવી અનેક યુદ્ધો લડયેા છે, પરંતુ એ પછી ય સ્વતંત્રતા એને હાથતાળી દઈ દૂર જ રહી છે. એનું કારણ એ છે કે તેના બંધનનાં મૂળભૂત કારણેા બહાર નહિ પણ માનવીના હૃદયના અને મનની અંદર પડયા છે. આપણી વાસનાઓ, ટેવેા, માનસિક વલણેા, ઈચ્છાઓ, આકાંક્ષાઓ અને ગમા-અણગમાઓના આપણે દાસ છીએ. આપણી રાજકીય કે આર્થિક પરિસ્થિતિ જ માત્ર નહિ, પણ આપણી બૌદ્ધિક અને શારીરિક શક્તિઓ, આપણી આસપાસનું વાતાવરણ અને આપણું માનસિક ઘડતર પણ આપણા ઉપર અમુક મર્યાદાઓ લાદે છે. આપણે બધા જ બંદી છીએ. કેાઈના બંધનનું દેારડું બીજાનાથી જરા લાંબું હશે તેથી એ થેાડી વધુ છૂટથી હરીફરી શકતેા હશે, પણ એ દેારડાથી અંકિત વર્તુલ આપણી સ્વતંત્રતાની લક્ષ્મણરેખા બની રહે છે. મેાટા ભાગના માનવબંદીઓનું આ વર્તુળ અત્યંત નાનું છે, પણ માણસને એનું ભાન નથી.

કર્મનેા સિદ્ધાંત આપણને આપણી મર્યાદાઓના મૂળ કારણ સુધી લઈ જાય છે; ને આપણી બેડી આપણે પેાતે જ કેવી રીતે ઘડી રહ્યા છીએ તેનેા ખ્યાલ આપણને આપી, એમાં ઈચ્છિત પરિવર્તન લાવવાની ખરી ચાવી આપણા હાથમાં મૂકી દે છે.

જગતને આપણે પ્રસન્નતાનેા કે રુદનનેા જે અનુભવ આપીએ છીએ તે આપણી સામે આવવાનેા. આપણી પરિસ્થિતિમાં આપણે જો અનુકૂળ સુધારો ઈચ્છતા હેાઈએ તેા, પહેલાં, આપણા આચાર-વિચાર ઉપર આપણે એકી મૂકી દેવી પડશે. બીજાને દુ:ખ કે ગ્લાનિનેા અનુભવ કરાવે એવી કેાઈ પ્રવૃત્તિ કે વિચારથી અળગા રહેવા આપણે સજાગ બનવું પડશે. જીવનમાં સુખ-શાંતિ મેળવવાનેા ઉપાય એ છે કે બીજાને સુખશાંતિ મળે એવી રીતે આપણું જીવન ઘડવું. 'વાવેા તેવું પામેા' એ નિયમ કુદરતમાં સર્વત્ર પ્રવર્તે છે. ઘઉં જોઈતા હેાય તેા ઘઉં વાવેા ને ગુલાબ જોઈતું હેાય તેા ગુલાબ. આવળ વાવીને ગુલાબની આશા રાખવી વ્યર્થ છે, તેમ સુખ જોઈતું હેાય તેા સુખ વાવેા; સુખનેા ત્યાગ કરેા અને સુખ બીજાને આપેા ખેડૂત બીજનેા ત્યાગ કરે છે ને ધરતીને આપે છે તેમ.

આ વાત માણસ બરાબર સમજી લે તેા એને ભાન થશે કે સમૃદ્ધિનું મૂળ ઔદાર્ય અને તંગીનું મૂળ પેાતાની જ સંકુચિત સ્વાર્થવૃત્તિમાં રહેલું છે. સંઘર્ષ નહિ પણ સહકાર, દ્વેષ નહિ પણ સહાનુભૂતિ, તિરસ્કાર નહિ પણ કરુણા, ઈર્ષ્યા કે મત્સર નહિ પણ પ્રમેાદ એ માત્ર આધ્યાત્મિક ઉન્નતિના જ નહિ પણ દુન્યવી જીવનની સફળતાના પણ મૂળ સ્રેાત છે. આ વાત આજે માનસચિકિત્સકેાનાં 'પ્રિસ્ક્રીપ્શનેા'માં પણ સ્થાન પામી છે. પ્રાણીમાત્રમાં સમાન આત્મા વિલસી રહ્યો છે એ જાગૃત-ભાનપૂર્વકનેા જીવનવ્યવહાર જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે છે તથા સાધના-માર્ગમાંનાં વિઘ્નોને અળગાં રાખે છે.

કર્મનેા સિદ્ધાંત બરાબર સમજવામાં આવે તેા તે નિષ્ક્રિયતાને પેાષવાને બદલે પુરુષાર્થ પ્રેરે છે, નિરાશા ન જન્માવતાં નવી આશા પ્રગટાવે છે. ભૂતકાળની ચૂક્તિ-પ્રવૃક્તિથી આપણું વર્તમાન આપણે જ ઘડયું છે, તેમ વર્તમાનનેા સમ્યક્પૂર્વકનેા ઉપયેાગ કરી આપણે જેવું ભાવિ ઈચ્છતા હેાઈએ તેવું ઘડી શકીએ છીએ. એટલું જ નહિ, ભૂતકાળના કર્મથી ઘડાયેલી આપણી વર્તમાન પરિસ્થિતિમાં પણ, એ રીતે પરિવર્તન આણી શકીએ છીએ.

કર્મના આ નિયમના જ્ઞાનથી માણસ, પેાતાને દુ:ખરૂપ નીવડે તેવી પ્રતિક્રિયા જન્માવનાર વિચાર-વર્તનથી વેગળેા રહી, કર્મની પ્રતિક્રિયા પેાતાને અનુકૂળ બનાવી શકે; પણ એ રીતે, તે કર્મ-વિપાકની પ્રક્રિયાના દાસત્વમાંથી કે સમૂળગેા છૂટકારો તેા નથી જ મેળવી શકતેા. તેના આ દાસત્વનેા અંત કેાઈ રીતે આવી શકે ખરેા? અર્થાત્ જેનેા પ્રત્યાઘાત જ ન હેાય એવી પ્રવૃક્તિ શક્ય છે ખરી? કે ક્રિયા-પ્રતિક્રિયાની આ પરંપરા અનંતકાળ સુધી વણથંભી ચાલતી જ રહેવાની? આત્મા, પરલેાક, પુનર્જન્મ અને કર્મ જેવી મૂળભૂત બાબતેાનેા નિર્ણય થયા પછી વિમર્શશીલ માનવીને માટે મહત્ત્વનેા પ્રશ્ન એ રહે છે કે ક્રિયા-પ્રતિક્રિયાની આ ઘટમાળમાંથી મુક્ત થઈ શકાય ખરું? આ ઘટમાળ નભે છે શાથી? એનેા અંત કઈ રીતે આણી શકાય?

પદાર્થવિજ્ઞાનનેા એક નિયમ છે કે ક્રિયાની સાથે પ્રતિક્રિયા અનિવાર્ય છે. વિશ્વમાં ક્રિયા-પ્રતિક્રિયાનું ચક્ર ચાલતું જ રહે છે. પરંતુ તેમાં એક અપવાદ નેાંધાયેા છે. પદાર્થની વિભિન્ન અવસ્થાઓના નિરીક્ષણના પ્રયેાગેામાંના તાપમાનને ઘટાડતાં ઘટાડતાં, તેને પરમ શૂન્ય – 'એબ્સેાલ્યુટ ઝીરેા' (૨૭૩.૧૪ ડિગ્રી સેન્ટિગ્રેડ) સુધી લઈ જવાના પ્રયેાગ દરમિયાન વૈજ્ઞાનિકેાએ એક અદ્‌ભૂત ઘટના જોઈ. પરમ શૂન્ય તેા એક એવી અવસ્થા છે જ્યાં કદી પહેાંચી શકાતું નથી; પરંતુ ત્યાં પહેાંચવાના પ્રયેાગેામાં વૈજ્ઞાનિકેાએ એ જોયું કે પરમ શૂન્યની નજીક પહેાંચતાં એકાએક પદાર્થની પ્રતિરેાધશક્તિ અદૃશ્ય થઈ જાય છે! ભૌતિક વિજ્ઞાનના આ પરમ શૂન્યના ચમત્કારની પ્રતિકૃતિ આધ્યાત્મિક જગતમાં પણ જોવા મળે છે.

સાધના દ્વારા માણસ અહંતાનેા લેાપ કરી 'શૂન્ય' સુધી પહેાંચી જાય તેા એની પ્રવૃત્તિ પ્રતિક્રિયાથી પર બની જાય છે. પછી કર્મનાં બંધન એના ઉપર પેાતાની પકડ જમાવી શકતાં નથી ને એનાં સહજ સુખ, જ્ઞાન અને આનંદને મર્યાદિત કરનારી જૂની પાળેા તૂટી પડે છે. 'અહં' - શૂન્ય અવસ્થાએ થતું કાર્ય પ્રતિક્રિયા નથી જન્માવતું – એ શેાધ છે આંતરપ્રકૃતિના નિયમેા ખેાળી કાઢનાર આધ્યાત્મિક જગતના સંશેાધકેાની.

બાહ્ય પ્રકૃતિના નિયમેા શેાધી કાઢીને વિજ્ઞાન બાહ્ય પ્રકૃતિ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરવા મથે છે. જ્ઞાનિઓનું નિશાન છે આંતર પ્રકૃતિ ઉપર વિજય. બાહ્ય પ્રકૃતિ ઉપરનેા વિજય આકર્ષક છે, પરંતુ આંતરપ્રકૃતિનેા વિજય સર્વોત્તમ અને ભવ્યાતિભવ્ય છે. અણુથી માંડીને ગ્રહેા અને તારાઓનું નિયમન કરનાર પ્રાકૃતિક નિયમેાનું જ્ઞાન મેળવી અણુનેા વિસ્ફેાટ કરવેા કે ચંદ્રની ધરતી ઉપર પગ મૂકવેા એ ઉત્તેજનાપ્રેરક અનુભવ હશે, પણ વાસનાઓ, ઊર્મિઓ અને ચિત્તમાં ઊભરાતા સંકલ્પ - વિકલ્પનું નિયમન કરનાર કાનૂનેાનું જ્ઞાન મેળવી, અહં અને મનને પાર જઈ, સમાધિ - અવસ્થામાં પ્રવેશીને આત્મદર્શન પામવું એ એથીય વધુ રેામાંચક અનુભવ છે.

વાસના-વિજયના માર્ગે કૂચ આરંભવા ઈચ્છનારે જ્ઞાનિઓએ બતાવેલ આત્મસાક્ષાત્કારના માર્ગે ચાલ્યા વિના છૂટકો નથી એ સત્ય આજે ચિંતનશીલ વૈજ્ઞાનિકો પણ કબૂલવા લાગ્યા છે.

બાહ્ય સંયોગો અને પરિસ્થિતિઓ! વિનશ્વર છે અને જીવનમાં શાંતિ અને સુખ બાહ્ય સાધનોથી નહિ, પણ આત્મામાંથી જ મળી શકવાનાં, એ એકડો અધ્યાત્મની પાઠશાળામાં જે ન શીખે તેને કુદરત પોતાની રીતે એ પાઠ ભણાવે છે. માનવસર્જિત તોફાનો, યુદ્ધ, અણુવિસ્ફોટ કે ધરતીકંપ, પૂર, દુષ્કાળ આદિ કુદરતસર્જિત આપત્તિઓથી સંખ્યાબંધ માણસો પોતે જેને જીવનધારા માનતા હોય છે તે ઘરબાર કુટુંબ પરિવાર અને જીવનભરની મહેનતથી એકઠી કરેલી સંપત્તિ વગેરે એક પલકારામાં ખોઈ બેસે છે. 'આ બધું નશ્વર છે' એ જ્ઞાનિનું વચન સમજવાનો ઈનકાર કરનાર જગતને કુદરત આ રીતે એ પાઠ ભણાવે છે અને એમ કરીને, એની બહિર્મુખ દૃષ્ટિને અંતર્મુખ થવાની તક ઊભી કરી આપે છે.

આ પાઠ આપણે અધ્યાત્મની નિશાળમાં જ્ઞાનીઓના ચરણે બેસીને શીખી લેવા કે કુદરતની નિશાળમાં તંગી, વિયોગ, વિનાશ અને વિષાદ અનુભવીને, દીર્ઘકાળ સુધી ચિંતાની ભઠ્ઠીમાં શેકાતા રહી શીખવા, એ આપણી ઈચ્છા ઉપર છોડ્યું છે કુદરતે.

આત્મીય શક્તિનો ભૌતિક વિકલ્પ

[] ગુણવંત ભટ્ટ

માનવીય શક્તિના વિકલ્પે અત્યારે જેમ મશીનો છે, તેવી રીતે જ આજે આત્મીય શક્તિના વિકલ્પે આપણે કંઈ ભૌતિક–શક્તિને આધ્યાત્મિક સ્વરૂપે સ્વીકારી શકીએ તેમ છીએ એનું મનોવિશ્લેષણ કરવાનો અવકાશ–સમય આવી ગયો છે.

આત્મીય-શક્તિ દ્વારા ઈશ્વર સ્વરૂપ બની શકાય છે એ કથન નિર્વિવાદ, સત્ય-સ્વરૂપે સ્વીકારવા જેવું છે-તો એ અનિવાર્ય નિષ્પન્ન ભૌતિક ભાવનાનો ઉદ્‌ભવ, નિર્વિકાર સ્વરૂપે કેમ કરી શકાય એનો પણ વિચાર કરવો જોઈએ!

આ જગતનું કોઈ સ્વરૂપ નિર્વિકલ્પ હોતું નથી, સર્વ માટે કોઈકને કોઈક વિકલ્પ હોય છે, તેમ આત્મીક-આધ્યાત્મિક શક્તિનો વિકલ્પ કેમ ન હોઈ શકે?

–પરંતુ એ નિર્વિકલ્પ હોય એ સત્ય પરંતુ એ નિર્વિકાર હોવું પણ અનિવાર્ય છે-કોઈક અકલ્પીય તેજસ્ સ્વરૂપ હોવું જોઈએ; જેથી આત્મીય-સ્વરૂપ જે રીતે ઈશ્વર સ્વરૂપ બનવાનો માર્ગ નિષ્કંટક અને ટૂંકો લાગે! -કારણ કે આપણે આત્મીક ભાવથી નહીં, ભૌતિક-સ્વરૂપ દ્વારા એ માર્ગ શોધવો છે!

–જો કે ભૌતિક શક્તિ સ્વરૂપ એ માર્ગનું કોઈ નવું સ્વરૂપ સર્જવાનો અહીં વિચાર નથી-પરંપરાથી ચાલ્યો આવતો એ માર્ગ તો છે જ; પરંતુ એના વિકાસ ન નહિવત્ અને નિર્વિકાર નથી!

કર્મ અને ધર્મના ભેદ માનવીએ-માનવીએ જુદા છે, પરંતુ મૂળમાં બંનેના સ્વરૂપમાં ભેદ નથી!

ધર્મ દ્વારા ઈશ્વર સ્વરૂપ બની શકાય છે તેવી રીતે કર્મ દ્વારા પણ ઈશ્વર સ્વરૂપ બની શકાતું હોય છે - કર્મ દ્વારા પણ માણસના અંતરમાં તેજસ–સ્વરૂપ પ્રગટે છે!

'કર્મ' એ ઈશ્વર પ્રેરિત આધ્યાત્મિક સ્વરૂપનું જ એક પાસું છે! બેશક, કર્મ એ ભૌતિક સ્વરૂપ પણ છે; પરંતુ કોઈક કર્મ, ક્યારેક ધર્મ કરતાં વધુ મૂલ્યવાન અને સત્યપ્રેરક બની શકે છે!

મહર્ષિ અરવિંદ, આધ્યાત્મિક સ્વરૂપે નહોતા રંગાયા એ પૂર્વે આઝાદી ચળવળમાં હતા! જ્યારે એ મહર્ષિ બન્યા ત્યારે આઝાદી ચળવળ દરમિયાનના એક સાથી એમની પાસે ગયા અને કહ્યું:

'મને કોઈક એવો પ્રાયશ્ચિત માર્ગ બતાવો કે જેનાથી એક અંગ્રેજની હત્યાના પાપમાંથી હું મુક્તિ મેળવી શકું!'

– અને મહર્ષિએ ત્યારે એને કહેલું: 'તું આવા ભ્રમમાં શા માટે જીવે છે? તેં એ અંગ્રેજને તારા અંગત લાભ માટે નહોતો માર્યો, વળી એને મારવાનું પણ તારું પૂર્વયોજિત કર્મ નહોતું અને જ્યારે એ શસ્ત્રબદ્ધ માનવીએ તને મારવાનો પ્રયત્ન કર્યો હતો અને તું તારા દેશની આઝાદીની ભાવનાથી જંગ ખેલતો હતો. સ્વાભાવિક તારા પર શસ્ત્ર ઉગામનારને તેં માર્યો છે–તારું, એ સમયનું–કાળનું એ કર્મ હતું - અને એ તારું કર્મ નીંદ્ય નથી!' તેં કોઈ પાપ કર્યું નથી - તારો આ ભ્રમ દૂર કર!"

મહર્ષિની આ વાણીમાં, કાળ-સમયના અવકાશે થયેલી હત્યા એ પણ પાપ બનતું નથી, પરંતુ સત્યપ્રેરક 'કર્મ' બની જાય છે!

આપણા દેશમાં 'કર્મ'નું સાચું સ્વરૂપ જન્મ્યું નથી એટલે જ આપણે આધ્યાત્મિક માર્ગ માટે માત્ર આત્મીયશક્તિ ના વિકલ્પ એવા કર્મ માર્ગને સ્વીકાર્યો નથી!

કર્મ અને ધર્મના સ્વરૂપમાં સાચો ક્યો છે? ધર્મમાં દંભી છે, કર્મમાં દંભનો અવકાશ છે, પણ સદંતર ઓછો છે! ધર્મનો દંભ કળાતો નથી, કર્મનો દંભ તરત જ સત્ય સ્વરૂપે પ્રગટે છે.

– જો કર્મ અને ધર્મના આ ભેદ સાચા ભેદ આપણે પામીએ તો, આપણી આધ્યાત્મિક ભૂમિકાના લક્ષ્યવેધ સ્વરૂપ તરીકે ધર્મ કરતાં કર્મને જે સત્યસ્વરૂપે સ્વીકારે છે તે જ સત્યને સાચા અર્થમાં સમજી શકે છે!

અહીં એવું કહેવાનો અર્થ નથી કે ઈશ્વર સ્વરૂપ બનવા માટે આત્મીય શક્તિ નિરર્થક છે-પરંતુ આ સ્વરૂપ, વયાતીત અવસ્થામાં-જ્યારે કર્મ શક્તિનો સર્વાંશે ક્ષય થઈ જાય ત્યારે જ આ માર્ગ આધ્યાત્મિક શક્તિનો સાચો માર્ગ છે!

આત્મીકભાવ સત્યસ્વરૂપ છે, તેવી જ રીતે કર્મભાવ પણ સત્ય સ્વરૂપ જ છે!

કર્મ માટેનો સત્ય-સંકલ્પ એ કર્મનિષ્ઠા ભાવપ્રેરિત કર્મનો ઉદય એ ઈશ્વર પ્રતિ વધુ નિકટતાનો માર્ગ છે.

પ્રબુદ્ધ જીવન

(રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ સેન્ટ્રલ રૂલ્સ અન્વયે ૧૯૫૬ના)
(ફૉર્મ નં. ૪)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધ સ્થળ	:	ટોપીવાલા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪.
૨. પ્રસિદ્ધ ક્રમ	:	દર મહિનાની પહેલી અને સોળમી તારીખ.
૩. મુદ્રકનું નામ	:	ચીમનલાલ જે. શાહ
કયા દેશના	:	ભારતીય
ઠેકાણું	:	ટોપીવાલા મેન્શન, ૩૮૫ સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪.
૪. પ્રકાશકનું નામ	:	ચીમનલાલ જે. શાહ
કયા દેશના	:	ભારતીય
ઠેકાણું	:	ટોપીવાલા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ -૪.
૫. તંત્રીનું નામ	:	શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
કયા દેશના	:	ભારતીય
ઠેકાણું	:	ટોપીવાલા મેન્શન, ૩૮૫ સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪
૬. માલિકનું નામ અને	:	શ્રી મુંબઈ જૈન યુવક સંઘ,
સરનામું	:	ટોપીવાલા મેન્શન, ૩૮૫ સરદાર વી. પી. રોડ, મુંબઇ - ૪.

હું ચીમનલાલ ચકુભાઇ શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૩-'૮૨ ચીમનલાલ ચકુભાઇ શાહ

* બે છેડા જ્યાં મળે છે .... *

☐ અનંત કાણેકર અનુ.: જયા મહેતા

એક બીજાથી તદ્દન વિરુદ્ધ દિશામાં જતા બે છેડા જ છેવટે એકબીજાને મળે છે, એ તત્વજ્ઞાન અનેક બાબતોમાં મને સાચું લાગ્યું હતું. હવે બીજી એક નવી બાબતમાં તે સાચું લાગતું જોઈને મને મારે માટે જ આશ્ચર્ય થયું. વિભીષણ જેટલો જ રાવણ પણ રામનો નિસ્સીમ ભકત હતો એમ કોઈકે કહ્યું છે. રામની એકનિષ્ઠપણે ભકિત કરવાથી વિભીષણને મુકિત મળી; રામનો આમરણ વિરોધ કરવાથી રામને હાથે રાવણનું મૃત્યુ થયું અને રામને હાથે મૃત્યુ થવાથી તેને પણ મુકિત જ મળી! રાવણ પણ રામનો વિભીષણ જેટલો જ ભકત હતો; તેની ભકિતનું નામ વિરોધી ભકિત જેટલું જ! પુરાણની વાતો શા માટે? આ જ અનુભવ આપણને રોજના જીવનમાં નથી થતો? જે માણસને આપણે અતિશય પ્રેમ કરીએ છીએ તે માણસના વિચાર ચોવીસે કલાક આપણા મનમાં ઘોળાતા હોય છે. પણ એ જ રીતે જે માણસનો આપણે મનથી દ્વેષ કરતા હોઈએ તેને પણ ચોવીસ કલાક આપણે ભૂલતા નથી. આપણી નજર સામેથી સેંકડો માણસો આવતાં-જતાં હોય છે. સેંકડો માણસો સાથે જુદાં જુદાં કારણોસર આપણે દર ક્ષણે સંબંધમાં આવીએ છીએ પણ મનને પકડી રાખે છે બે જ માણસો, એક અતિશય પ્રેમ જેની પર છે તે અને બીજો અતિશય દ્વેષ જેની પર છે તે!

આ જ તત્વજ્ઞાન અંગ્રેજી ભાષામાં એક જુદા અનુભવના રૂપે કહ્યું છે. સાધુને ભુતકાળ હોય છે, તો પાપીને ભવિષ્યકાળ હોય છે એમ કહેવાય છે. આપણું ઉદાહરણ લેવું હોય તો વટેમાર્ગુઓને મારનાર પારધિ જ આદ્ય કવિ મુનિ વાલ્મિકી થયા. 'મરા મરા!' બોલતાં આવડતું હતું એટલે છેવટે 'રામરામ!' એવો જપ તે કરી શકયા! યુવાન વયે અવન્તિત પાપ કરનાર ટોલસ્ટોય છેવટે સંત પદે પહોંચ્યા. આ સાધુનાઓના ભૂતકાળ આવા કાળામશ હતા એટલે જ કે કોણ જાણે, તેમનો ભવિષ્યકાળ આટલો ઉજ્જવળ થયો. ભૂતકાળમાં તે પાપી એટલે જ જાણે ભવિષ્યકાળમાં તે સાધુ થયા.

બે છેડા સાથે થવાની બાબતના આ અનુભવો જૂના જ છે. મને આશ્ચર્ય થયું તે આવા જ એક નવા અનુભવનું બ્રહ્મ સત્ય, જગત એટલે માયા, અદ્વૈતવાદ, કેવળ તર્કથી સત્ય સમજાતું નથી. વગેરે વગેરે વાતો વેદાંતમાં કહી છે અને શંકરાચાર્યે વિવેચી છે. પણ ઉપનિષદો અને શંકરાચાર્ય આસન જમાવીને બેઠા બેઠા આત્માનું ધ્યાન કરતા, સાક્ષાત્કારના જોર પર આ વાત કહે છે, તે જ આજ સુધી પદાર્થવિજ્ઞાન અને આઈન્સ્ટાઈન સમગ્ર જડ વિશ્વનો તર્કશુદ્ધ વિચાર કરીને, તે પ્રયોગશાળામાં તપાસીને કહે છે. શો જોઈ કોને આશ્ચર્ય નહીં થાય? આ બે છેડા ભેગા થાય છે એ ખરેખર જ મહદ્ આશ્ચર્ય છે. પદાર્થવિજ્ઞાનમાં કાલ સુધી જડ પદાર્થ અને ચૈતન્ય આ બે મૂળભૂત બાબતો હતી. હાથમાં આવે, આંખને દેખાય તે જડ, તો જે અનુભવાય પણ દેખાય નહીં એવું તે ચૈતન્ય. જડ પદાર્થનો મૂળ ઘટક અણું. આ અણુ શું હશે તેનું સંશોધન કરતાં કરતાં, તે ચૈતન્યની જ એક લહેર હશે એવો નિષ્કર્ષ શાસ્ત્રજ્ઞોએ કાઢયો છે. એટલે કે જડ શું એવું કંઈ નથી જ. બધું જ ચૈતન્ય! શંકરાચાર્ય આ જ કહે છે, કે જડ જડ કહીને તમે જે જે જુઓ છો તે બધું માયા છે; બ્રહ્મ, આત્મા કે ચૈતન્ય એ જ ખરું, એ જ સત્ય!

આઈન્સ્ટાઈનના એક સંશોધનથી તો આ માયા સારી રીતે સિદ્ધ થાય છે- ખરેખર જ જડ વસ્તુ એ કેવી માયા છે તે દેખાય છે. એ સંશોધન એવું છે કે લાકડી જેવી એકાદ જડ વસ્તુ કોઈક ગતિમાન શકિતને જોડીએ તો ગતિ વધતી જાય તેમ તેમ તે લાકડીની લંબાઈ ઓછી થતી જશે. પ્રકાશ જેટલું વેગવાન બીજું કાંઈ જ નથી. પ્રકાશની ગતિ સેકંડના એક લાખ છ્યાંસી હજાર બસો ચોર્યાસી માઈલ જેટલી છે. લાકડીને ગતિ મળવા માંડે ને તે જો પ્રકાશની ગતિથી જવા માંડે તો તેની લંબાઇ ઓછી થતાં થતાં તે નષ્ટ જ થાય. નષ્ટ થાય એટલે - તદ્દન નષ્ટ નહીં થાય તેની લંબાઈ નહીં રહે. ચૈતન્યરૂપે તે રહેશે. કોઈ કહેશે વેગ સાથે લંબાઈ ઓછી થાય તો જુદાં જુદા વેગથી ચાલતાં યંત્રોના દાંડા સંકોચાઈને યંત્રો ભાંગી કેમ પડતાં નથી? તેનો જવાબ એ છે કે પ્રકાશની ગતિના પ્રમાણમાં જગતના કોઈ પણ યંત્રની ગતિ-ગમે તેટલી ગતિ પણ એટલી ક્ષુલ્લક છે કે તેને લીધે વસ્તુ સંકોચાય છે, પણ તે એકદમ ઉપેક્ષણીય હોય છે. લંબાઇ - પહોળાઈની જેમ જ હવે તો, આ કાળનું માપ પણ કેવાં સાપેક્ષ કે મયારૂપ છે એ પણ આઈન્સ્ટાઇને દેખાડયું છે. કેટલાક તારાઓનો પ્રકાશ આ પૃથ્વી પર આવતાં કેટલાંક વર્ષો લાગે છે. એક વિશિષ્ટ તારાનો પ્રકાશ પૃથ્વી સુધી આવતાં આડત્રીસ વર્ષ લાગે છે! એટલે કે દૂરબીનથી જોઈને આપણે જ્યારે અમુક તારો હું હમણાં જોઉં છું એમ કહીએ છીએ, ત્યારે આડત્રીસ વર્ષ પહેલાંનો તે તારો આપણે જોતાં હોઈએ છીએ, – આપણું 'હમણાં' તો કદાચ તે જગાએ બાકી રહ્યું જ નહીં હોય! લાકડીનું ચૈતન્ય અને ચૈતન્યની લાકડી એ જેમ અદ્વૈત, તેમ જ આડત્રીસ વર્ષ પહેલા હોય ને આજે કદાચ ન હોય એવા તારાને આપણે જોઈએ એ માયા! આઈન્સ્ટાઈન કોઈવાર શંકરાચાર્યને ભેટશે એમ મને લાગ્યું નહોતું; પણ મળ્યો ખરો તે આચાર્યને! જગતના સમગ્ર વિશ્વ જ ગોળ છે. સ્થળ માયા ને કાળ પણ, માયા ન ભેટે તો શું કરે!

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

અભ્યાસ વર્તુળ

-: આગામી કાર્યક્રમ :-

વકતા :- ડૉ. રમણલાલ સી. શાહ

વિષય :- ભકતામર સ્તોત્ર - બે પ્રવચનો

સમય :- તા. ૩૦-૩-૮૨ મંગળવાર સાંજે ૬-૧૫

તા. ૩૧-૩-૮૨ બુધવાર ,, ,,

સ્થળ :- પરમાનંદ કાપડિયા સભાગૃહ

નોંધ :- શ્રી માનતુંગસૂરિ રચિત ભકતામર સ્તોત્ર જિનેશ્વર ભગવંતની સ્તુતિનું મહાસ્તોત્ર છે. ૪૪ શ્લોકોમાં ગવાયેલા શ્રી અરિહંત પરમાત્માનાં ગુણોની વિશદ સમજ ડૉ. રમણભાઇ આપશે. સૌ રસજ્ઞ-મિત્રોને ઉપસ્થિત થવાનું નિમંત્રણ છે.

સુબોધભાઇ એમ. શાહ

કન્વીનર-અભ્યાસ વર્તુળ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. ટે. નં.: ૩૫૦૨૯૬: મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૫: અંક: ૨૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧૬ માર્ચ, ૧૯૮૨, મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ : પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

* વરિષ્ઠ અદાલતો, ચૂંટણીપંચ, વકીલો અને રાજકીય પક્ષો *

ચીમનલાલ ચકુભાઈ

પશ્ચિમ બંગાળની વિધાનસભાની આગામી ચૂંટણી અંગે તાજેતરમાં કલકત્તા હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં જે બનાવો બન્યા તે વિચાર કરતા કરી મૂકે તેવા છે.

પશ્ચિમ બંગાળમાં સામ્યવાદી પક્ષ સત્તા પર છે. વિધાનસભાની મુદત ૨૦મી જૂને પૂરી થાય છે. ત્યાં સુધીમાં ચૂંટણી ન થાય તો રાષ્ટ્રપતિ શાસન આવે. ચૂંટણીમાં સત્તા પર હોય તે પક્ષને કેટલાક સીધા અને આડકતરા લાભો હોય છે. સરકારી તંત્રનો ઉપયોગ કરી શકે છે, અમલદારોનું વલણ સત્તાધારી પક્ષ પ્રત્યે સામાન્ય રીતે રહે છે. એ જ પક્ષ ફરી સત્તા પર આવશે એવી માન્યતાથી અજાણપણે પણ તેને ટેકો આપવાનું મન રહે છે. પ્રજામાં સત્તાધારી પક્ષ પ્રત્યે સામાન્યપણે પક્ષપાત રહે છે. આ પરિસ્થિતિ આપણા દેશ માટે નવી નથી. ૩૨ વર્ષમાં વિધાનસભાઓ અને લોકસભાની ઘણી ચૂંટણીઓ થઈ ગઈ. વખતોવખત એવું સૂચન થતું રહે છે કે ચૂંટણી સમયે સત્તા પરના પક્ષે રાજીનામું આપવું અને રાષ્ટ્રપતિ શાસન તળે ચૂંટણી કરવી. આ સૂચનનો બધા રાજકીય પક્ષોએ ઈનકાર કર્યો છે. આ પરિસ્થિતિનો સૌથી વધારે લાભ કોંગ્રેસને મળ્યો છે.

ચૂંટણીઓ નિષ્પક્ષ અને મુકત થાય તે જોવાની જવાબદારી ચૂંટણી પંચની છે. તે માટે ચૂંટણી પંચને ન્યાયતંત્ર પેઠે, સરકારથી સ્વતંત્ર રાખ્યું છે અને સીધા રાષ્ટ્રપતિની દેખરેખ નીચે તેણે કામ કરવાનું હોય છે. આટલા વર્ષોના અનુભવે એમ દેખાયું છે કે એકંદરે ચૂંટણી પંચે પોતાની ફરજો ન્યાયપૂર્વક અદા કરી છે. ચૂંટણીની બધી બાબતો - મતદાર યાદીઓ, તેનો સમય, ચૂંટણી દરમ્યાન ઉઠતી કોઈ તકરાર - સંબંધે ચૂંટણી પંચનો નિર્ણય આખરી ગણાય છે અને તેમાં કોર્ટોની દરમ્યાનગીરીને કોઈ અવકાશ નથી. કોર્ટોની દરમ્યાનગીરી દાખલ થાય તો ચૂંટણીનું કામ ખોરંભે પડે અને ઘણાં અવરોધો ઊભા થાય. ચૂંટણી પંચનો નિર્ણય હંમેશાં ન્યાયી કે સાચો હોય જ તેમ નથી. તેની ભૂલ થવા સંભવ છે. પણ ત્વરિત કામ કરવું હોય તો અંતિમ સત્તા કોઈને સોંપવી જોઈએ, તેથી બંધારણમાં ચૂંટણીની બધી બાબતો સંબંધે ચૂંટણી પંચનો નિર્ણય આખરી રહેશે એવો પ્રબંધ કર્યો છે.

હવે કાંઈક અવનવું બની રહ્યું છે.

કેરલ અને બંગાળમાં સામ્યવાદી પક્ષ સત્તા પર છે. તેને હટાવવા ભગીરથ પ્રયત્નો થઈ રહ્યા છે. કેરળમાં સામ્યવાદી પક્ષની બહુમતી ન હતી. ત્યાં કોંગ્રેસ (આઈ) અને બીજા રાજકીય પક્ષોએ યેનકેન પ્રકારેણ સામ્યવાદી પક્ષને સત્તા પરથી હટાવ્યો અને દેડકાની પાંચોરી જેવી સરકાર કોંગ્રેસ (આઈ)ની આગેવાની નીચે રચવામાં આવી છે. બંગાળમાં સામ્યવાદી પક્ષ સ્થિર છે અને તેનું શાસન એકંદરે લોકપ્રિય હોવાની છાપ ઊભી થઈ છે. સામ્યવાદી પક્ષને હટાવવા કોંગ્રેસ (આઈ) કટિબદ્ધ થઈ છે અને તેમાં બીજા રાજકીય પક્ષોનો સાથ મેળવ્યો છે.

૨૦ જૂન પહેલાં ચૂંટણી કરવા માટે, છેવટની મતદાર યાદીઓ ૧લી માર્ચે પ્રકટ કરવાની ચૂંટણી પંચે જાહેરાત કરી, એટલે કોંગ્રેસ (આઈ) અને બીજા પક્ષોએ ચૂંટણી વિલંબમાં નાખવા રમત શરૂ કરી. મતદાર યાદીઓ અધૂરી અને ભૂલભરેલી છે એવો પ્રચાર જોરશોરથી શરૂ થયો છે. છ લાખ જેટલી ફરિયાદો નોંધાવી પણ ચૂંટણી પંચ કૃત નિશ્ચય છે એવું લાગ્યું ત્યારે છેવટ કોર્ટનો આશ્રય લીધો. કલકત્તા હાઈકોર્ટમાં રિટ અરજી કરી અને આશ્ચર્યની વાત કે જજે મતદાર યાદીઓ પ્રગટ કરવા સામે મનાઈ હુકમ આપ્યો. એટલે ચૂંટણી પંચનું સમયપત્રક ખોરવાઈ ગયું. આ હુકમ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ થઈ. આ હુકમ કામચલાઉ હતો એટલે સુપ્રીમ કોર્ટે અરજીનો તત્કાલ છેવટનો નિકાલ કરવા કલકત્તા હાઈકોર્ટને આદેશ આપ્યો. કલકત્તા હાઈકોર્ટના જજે અભૂતપૂર્વ વલણ લીધું. આવો આદેશ આપવા માટે સુપ્રીમ કોર્ટની આકરી ટીકા કરી. હાઈકોર્ટ, સુપ્રીમ કોર્ટની આવી ટીકા કરે અને તેના પ્રત્યેનો આદર ગુમાવી બેસે તે ગંભીર ઘટના હતી. સુપ્રીમ કોર્ટને આવો આદેશ આપવાનો બંધારણ પૂર્વક અધિકાર છે તે પણ કલકત્તા હાઈકોર્ટના જજ ભૂલી ગયા; છતાં તે આદેશને માન્ય રાખી, છેવટનો ચુકાદો આપ્યો અને પોતાનો મનાઈ હુકમ કાયમ રાખ્યો.

કેસ તુરત ફરી સુપ્રીમ કોર્ટ પાસે આવ્યો ત્યારે અકલ્પ્ય ઘટનાઓ બની. એ જ જજો પાસે કેસ આવ્યો. પાંચ આગેવાન વકીલોએ નિવેદન કર્યું કે, આ જજો પાસેથી તેમના અસીલોને ન્યાય મળે તેવો તેમને વિશ્વાસ નથી તેથી આ કેસ બીજી બેન્ચને સુપરત કરવો સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં આ અતિ ગંભીર ઘટના હતી. એ. કે. સેન અને સિદ્ધાર્થ શંકર રે જેવા પીઢ, આગેવાન વકીલો, ન્યાયતંત્રની બધી પરંપરા નેવે મૂકી સુપ્રીમ કોર્ટના જજો સામે આવો આક્ષેપ કરે તે બતાવે છે કે આપણે સૌ પ્રમાણભાન અને વિવેક કેટલા ગુમાવી બેઠા છીએ અને રાજકારણે આપણને કેટલું ઘેરી લીધું છે. સ્વભાવિક રીતે સુપ્રીમ કોર્ટના જજો રોષિત થયા. ચીફ જસ્ટિસ પાસે વાત ગઈ. ચીફ જસ્ટિસની સમજાવટથી વકીલોએ નિવેદન પાછું ખેંચ્યું પણ તે પ્રકટ કરવાની સુપ્રીમ કોર્ટે મનાઈ કરી. આ પણ આશ્ચર્યજનક ઘટના છે. સુપ્રીમ કોર્ટની બધી કાર્યવાહી જાહેર અને પ્રસિદ્ધિ માટે હોય છે. નિવેદન પાછું ખેંચાયું તેથી જેમના વિષે એ થયું હતું તે જજોને સંતોષ ન થયો. કોર્ટનો ગંભીર અનાદાર થયો હતો. ચીફ જસ્ટિસે વાત સંકેલી

લીધી હતી પણ બીજા જજોના દબાણથી વકીલોને પોતાની કેફીયત લેખિત આપવાની આજ્ઞા થઈ. જે ત્રણ જજો સામે પક્ષપાતનો આક્ષેપ થયો હતો. તેમણે જાહેર કર્યું કે, વકીલો માફી ન માગે ત્યાં સુધી જે કેસમાં વકીલ તરીકે આ પાંચમાંથી કોઈ વકીલ હાજર રહેશે તે કેસ આ જજો સાંભળશે નહિ. આ પણ અજબની વાત છે. જજો વકીલોનો બહિષ્કાર કરે!

વકીલોને વકીલાત કરવી ગુમાવવું પોસાય તેમ નથી. તેથી છેવટ બીજે દિવસે લેખિત માફી માગી.

આ બધા બનાવો અત્યંત ખેદજનક છે. જજો અને વકીલોને પરસ્પર આદર હોય તે ન્યાયતંત્રનો પાયો છે. આ રીતે માફી તો માગી પણ મનમાંથી દુઃખ અથવા અણગમો, ઉભય પક્ષે ગયો હશે તેમ ન કહેવાય.

રાજકારણ આપણને કેટલે દરજજે ભાન ભુલાવે છે તે આ બનાવો બતાવે છે. રાજકીય પક્ષો રમતો રમે. કોર્ટો અને તે પણ દેશની વરિષ્ટ કોર્ટો અને સૌથી આગેવાન વકીલો તેના ભોગ બને તે હીકકત ન્યાયતંત્ર માટે અને લોકશાહી માટે મોટો ખતરો છે.

ચૂંટણી પંચના નિર્ણયો આખરી લેખાય છે, તેમાં કોર્ટની દરમ્યાનગીરી થઈ, તેથી કલકત્તા હાઈકોર્ટના જજે આપેલ મનાઈ હુકમ અગત્યના બંધારણીય મુદ્દાઓ ઉપસ્થિત કરે છે. સુપ્રીમ કોર્ટે હાલ તુરત આ મનાઈ હુકમ રદ કર્યો છે અને ચૂંટણી પંચ મતદાર યાદીઓ પ્રકટ કરી શકશે. પણ સુપ્રીમ કોર્ટનો આખરી ચુકાદો બાકી છે. કેસની સુનાવણી ૧૫ મી માર્ચ પર રહી છે. સજકીય પક્ષો આ ચૂંટણી લંબાવવા કેવા દાવપેચ હવે રમે છે તે જોવાનું રહે છે.

૨૦ જૂન પહેલાં આ ચૂંટણી ન થાય તો, બંગાળમાં ચૂંટણી થાય ત્યારે જે પરિણામ આવવાનું હોય તે આવે, પણ આ બનાવોના ઘેરા પ્રત્યાઘાતો બધા રાજકીય પક્ષો ઉપર અને હવે પછી થનાર બધી ચૂંટણીઓ ઉપર પડશે જ.

ચૂંટણી સ્વચ્છ અને મુકત થાય તે માટે ચૂંટણી દરમ્યાન, સત્તાધારી પક્ષો રાજીનામું આપવું એવી માગણી જે લાંબા સમયથી થાય છે તે જોર પકડશે. અને તેમ થાય તો આવકારદાયક છે. પણ કોંગ્રેસ જ આ પરિસ્થતિ સ્વીકારશે નહિ છતાં પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાગ્યા પછી જ ચૂંટણી થાય તો કોંગ્રેસને અને બધા રાજકીય પક્ષોને તે હાથના કર્યા હૈયે વાગ્યા જેવું થશે પણ લોકશાહી માટે અને સ્વચ્છ ચૂંટણી માટે શુભ ચિહન બનશે.

૧૦-૩-૧૯૮૨

ત્રીજું વિશ્વયુદ્ધ

☐ ચીમનલાલ ચકુભાઇ

૪ ઓગસ્ટ, ૧૯૮૫ને દિવસે ત્રીજું વિશ્વયુદ્ધ શરૂ થયું. ૨૦ દિવસમાં પૂરું થયું. ત્યાર પછી ટૂંક સમયમાં તેનો અહેવાલ લખાયો અને તે પુસ્તક ૧૯૭૮માં પ્રકટ થયું. વાચક એમ ન માને કે આ લખવામાં મારી કોઈ ભૂલ થાય છે. ૧૯૭૮માં પ્રકટ થયેલા આ પુસ્તક-ધ થર્ડ વર્લ્ડ વૉર - મેં હમણાં વાંચ્યું છે. તેમાં ૧૯૮૫ માં થયેલ ત્રીજા વિશ્વયુદ્ધનો અહેવાલ આપ્યો છે. શા માટે આ યુદ્ધ થયું, કેવી રીતે લડાયું, કયાં લડાયું, તેનું પરિણામ શું આવ્યું વગેરે ખૂબ વિગતથી આપ્યું છે. તેના લેખકો સામાન્ય માણસો નથી તેમ તે નવલકથા પણ નથી. તેના મુખ્ય લેખક છે જનરલ સર જોહન હેકેટ અને તેમના જેવા બીજા જાણીતા લશ્કરી વડાઓએ આ પુસ્તક તૈયાર કરવામાં તેમને મદદ કરી છે. પુસ્તકને તેમણે ભાવિ ઈતિહાસ કહ્યું છે. ઈતિહાસ તો ભૂતકાળનો હોય છે. આ લેખકોએ ભવિષ્યમાં શું બનશે તેનો "ઈતિહાસ" આપ્યો છે. ઈતિહાસ સાચી હકીકતોનો હોય છે. આ લેખકો માને છે કે આ જ પ્રમાણે બનવાનું છે અને તેમ બન્યું છે એ રીતે રજૂ કર્યું છે.

આ લેખકો માને છે કે ત્રીજું વિશ્વયુદ્ધ થવાનું જ છે. ૧૯૭૮માં તેમણે નક્કી કર્યું કે આ યુદ્ધ ઓગસ્ટ ૧૯૮૫માં થશે અને સૌથી વિશેષ મહત્વની વાત કે તે યુદ્ધ રશિયા શરૂ કરશે અને તેમાં રશિયા હારશે.

લેખકો એમ કહેવા માગે છે કે રશિયા, દુનિયાભરમાં સામ્યવાદ સ્થાપવા કૃતનિશ્ચયી છે. માકર્સની અને સામ્યવાદીઓની માન્યતા મુજબ, મૂડીવાદ તેના આંતરિક વિરોધોથી જ તૂટી પડશે પણ તેને તોડવા સામ્યવાદી દેશોએ નિમિત્ત બનવું પડશે. તે માટે રશિયા પૂરી તૈયારી કરી રહ્યું છે.

આ પુસ્તકનો પ્રધાન સૂર આ છે કે લોકશાહી દેશો - અમેરિકા અને પશ્ચિમ યુરોપના દેશો-આ ભય પૂરો સમજતા નથી, તેને પહોંચી વળવા જોઈતી તૈયારી કરતા નથી, રશિયા સાથે કોઈ સમાધાન શકય નથી, સામ્યવાદનો, એટલે કે રશિયાનો નાશ કરવો એ જ ઉપાય છે. શાંતિવાદીઓ લોકોને ભ્રમણામાં રાખે છે, અને ગેરમાર્ગે દોરે છે.

આ લેખકોએ એ પણ બતાવ્યું છે કે તેમણે આવી ગંભીર ચેતવણી આપી તેથી અમેરિકા અને પશ્ચિમ યુરોપના દેશો જાગ્યા અને ૧૯૭૮ થી ૧૯૮૫ સુધીના સાત વર્ષોમાં સારા પ્રમાણમાં લશ્કરી તૈયારી કરી, જેને પરિણામે ૧૯૮૫ માં જયારે રશિયાએ આક્રમણ કર્યું ત્યારે, રશિયાને હરાવી શકયા. જો આવી તૈયારી કરી ન હોત તો અમેરિકા અને પશ્ચિમ યુરોપના દેશો અને તે સાથે દુનિયાના બધા દેશો, ખતમ થઈ જાત અને રશિયાના સરમુખત્યારી પંજા નીચે કચડાત.

આ પુસ્તક લખવાનો આ મુખ્ય હેતુ છે.

પુસ્તકની શરૂઆત નવેમ્બર ૧૯૮૪ થી થાય છે. અમેરિકાના પ્રમુખની નવી ચૂંટણી થાય છે. ૧૯૭૮માં લેખકોએ માન્યું હતું કે કાર્ટર૧૯૮૪ સુધી પ્રમુખ તરીકે ચાલુ રહેશે. નવા પ્રમુખ રિપબ્લિકન પક્ષના છે. પોતાની ચૂંટણી પછી તુરત જ, જાન્યુઆરીમાં સોગંદ- વિધિ થાય તે પહેલાં પણ, પોતાના સલાહકારો પાસેથી દુનિયાની શું સ્થિતિ છે તેનો અહેવાલ માગે છે અને તે અહેવાલ જોઈ ચોંકી જાય છે. યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે.

ત્યાર પછી લેખકો ૧૯૭૮ થી ૧૯૮૪ સુધી દુનિયાના જુદા જુદા દેશોમાં શું બન્યું છે- તેમના મત મુજબ જે બનશે- તેનો વિસ્તૃત અહેવાલ આપે છે. આફ્રિકા અને દક્ષિણ અમેરિકાના દેશોમાં રશિયાનો પગપેસારો વધી ગયો છે. દક્ષિણ આફ્રિકામાં ગોરી પ્રજાનું વર્ચસ્વ તૂટયું છે. ઈથિયોપ્ત રશિયાના પક્ષે આવ્યું છે. ઇરાનમાં શાહ મજબૂત છે. ચીન અને જાપાન બહુ નજીક આવ્યા છે અને ઘણાં સમૃદ્ધ થયાં છે. હિન્દુસ્તાનમાં કેન્દ્ર સરકાર તૂટી પડી છે અને જુદા જુદા રાજયો સ્વતંત્ર થયાં છે, કેટલાક જર્મનીની મૂડીવાદી છે, કેટલાક ડાબેરી સામ્યવાદી છે. કોઈ અમેરિકાની મદદ માગે છે, કોઈ રશિયાની, કોઈ ચીનની. Indian Union has disintegrated.

પૂર્વ યુરોપમાં પોલેન્ડમાં અને પૂર્વ જર્મનીમાં અસંતોષ વધતો ચાલ્યો છે, તે સાથે રશિયાનું દમન વધ્યું છે. ફ્રાન્સ અને પશ્ચિમ જર્મનીને હજી રશિયાના ભયની પૂરી સભાનતા નથી, પણ ધીમે ધીમે સભાન થતા જાય છે. ટીટોના અવસાન પછી યુગોસ્લાવિયા - નબળું પડયું છે અને તેના જુદા જુદા રાજયોમાં અસંતોષ અને અલગતા

ચલતા જાય છે. યુગોસ્લાવિયાના એવા બે રાજદ્વારોની માગણીથી રશિયા તેમની મદદે જાય છે. અમેરિકા યુગોસ્લાવિયાની મદદે જાય છે. ૨૭મી જુલાઈ, ૧૯૮૫ને દિવસે રશિયા યુગોસ્લાવિયામાં પ્રવેશ કરે છે. બે દિવસ પછી અમેરિકન લશ્કર પહોંચી જાય છે. રશિયા આને અમેરિકન આક્રમણ લેખાવે છે અને તે બહાને પશ્ચિમ જર્મની ઉપર, ૪ ઓગસ્ટે આક્રમણ શરૂ કરે છે. આ પ્રચંડ આક્રમણ છે. રશિયાની ગણતરી હતી કે ફ્રાન્સ યુદ્ધમાં જોડાશે નહિ અને રશિયા ફ્રાન્સને ખાત્રી જાહેર કરે છે કે ફ્રાન્સ ઉપર આક્રમણ નહિ થાય. પણ રશિયાની ગણતરી ખોટી પડે છે. ફ્રાન્સ યુદ્ધમાં જોડાય છે. ભૂમિદળો, નૌકાદળો અને વાયુદળોનું તુમુલ યુદ્ધ થાય છે. દરમિયાન, ચીન અને ઇરાનની દોરવણીથી રશિયાના એશિયાઈ રાજ્યો બળવો કરે છે. પોલેન્ડમાં બળવો થાય છે. પૂર્વ યુરોપના બીજા સામ્યવાદી દેશોમાં અસંતોષ જાગે છે અને રશિયાને તેમનો સહકાર મળતો નથી– દરમિયાન અમેરિકાથી વિપુલ પ્રમાણમાં યુરોપને સહાય આવી પહોંચે છે.

રશિયન હાઈકમાન્ડમાં તીવ્ર મતભેદો જાગે છે. અણુયુદ્ધ શરૂ કરવું કે નહિ તે વિવાદ પરાકાષ્ટાએ પહોંચે છે અને મર્યાદિત અણુયુદ્ધ કરવાનો નિર્ણય થાય છે. આ અણુયુદ્ધ અમેરિકા અને પશ્ચિમના દેશોને માત્ર ચેતવણી રૂપ હોઈ, અણુ હુમલા માટે એક જ શહેર પસંદ કરવામાં આવે છે– તે છે બર્મિંગહામ. અણુશસ્ત્ર ફેંકવામાં આવે તે પહેલાં અરધા કલાકે રશિયાના પ્રમુખ, અમેરિકાના પ્રમુખ ઉપર હોટલાઈન દ્વારા સંદેશો મોકલે છે. ત્યારે અમેરિકન પ્રમુખ લંડનમાં છે. ત્યાં શિખર પરિષદ ચાલુ છે. અમેરિકાને સંધી કરવા દરખાસ્ત મૂકે છે. જવાબ મળે તે પહેલાં બર્મિંગહામ ઉપર અણુ શસ્ત્ર છૂટે છે. બર્મિંગહામનો વિનાશ એ પ્રકરણમાં ક્ષણેક્ષણનો અહેવાલ આપ્યો છે. રડાર ઉપર અણુશસ્ત્ર આવતું જુએ છે. કેલિફોર્નિયામાં પણ દેખાય છે, પણ કાંઈ ઉપાય નથી. વળતો હુમલો કરવાનો સમય નથી. અરધા કલાકમાં બર્મિંગહામનો વિનાશ થાય છે. ભયંકર આગ ચારે તરફ ફાટી નીકળે છે. ૬૦૦ કિલોમીટરના વિસ્તારમાં લોકો મરે છે, બળે છે, દાઝે છે, મકાનો જમીનદોસ્ત થાય છે. બે દિવસમાં પશ્ચિમના દેશો વળતો અણુ હુમલો કરે છે. રશિયાના મિન્કસ શહેર ઉપર અણુશસ્ત્ર પડે છે અને તેનો વિનાશ થાય છે. ૨૦ ઓગસ્ટ. યુક્રેનમાં બળવો થાય છે. રશિયન લશ્કરમાં ફાટફૂટ પડે છે. અંતે પોલીટ બ્યૂરોના સભ્યોનું ખૂન થાય છે અથવા કેદ થાય છે અને એક યુક્રેનિયન સત્તા કબજે કરે છે અને તુરત યુદ્ધવિરામ જાહેર કરી અમેરિકાના પ્રમુખને શરણાગતિનો સંદેશ મોકલે છે.

આ પુસ્તકનો સંદેશ શું છે?

રશિયા ત્રીજું વિશ્વ યુદ્ધ કરવાનું જ છે. તેની પૂર્ણ તૈયારી કરે છે. રશિયા સાથે કોઈ સમાધાન શક્ય નથી. અમેરિકા અને પશ્ચિમના દેશોએ પૂર્ણ તૈયારી કરવી એ જ માર્ગ છે.

સામ્યવાદ તેના આંતરિક વિરોધથી તૂટી પડવાનો જ છે. સરમુખત્યારીનો અંતે વિનાશ જ છે. રશિયાની પ્રજા અને રશિયાની ઓડી નીચે દબાયેલ બીજી પ્રજાઓ દમન સહન નહિ કરે.

૧૯૭૮થી ૧૯૮૫ સુધી પશ્ચિમના દેશો અને અમેરિકાઓ ધીમી પણ તૈયારી કરી એટલે જ રશિયાને હરાવી શકયા. કોઈ ભ્રમમાં રહ્યા હોત અને શાંતિવાદીઓના પ્રચારનો ભોગ બન્યા હોત તો સામ્યવાદનો પંજો યુરોપ ઉપર ફરી વળત.

લેખકોએ કહ્યું છે:

If the crisis of 1985 had occurred in 1977 or even in 1978, it is scarcely conceivable that Soviet plan for an advance to the Rhine, the dismemberment of the (Nato) Alliance and the total destruction of Federal Republic of Germany could have failed, given the state of preparedness of the Allies at that time. What was done in the years 1978 and 1985 was enough to prevent this.

આ લેખકો બીજું એ કહે છે કે હવેનો યુગ ઈલેકટ્રોનિક અને કોમ્પ્યુટરનો હશે. અમેરિકા અને યુરોપના દેશોમાં આ ઉદ્યોગ ખાનગી કંપનીઓ હસ્તક હોવાથી ખૂબ જ પ્રગતિ થઈ છે. રશિયામાં સરકાર હસ્તક હોવાથી સ્થગિત થઈ ગયો. લેખકોનું કહેવું છે કે ખાનગી સાહસથી જ પ્રગતિ થાય.

આ પુસ્તક ત્રીજી બાબત એ પ્રતિપાદન કરવા માગે છે કે મર્યાદિત અણુયુદ્ધ શક્ય છે અને સર્વવિનાશનું વ્યાપક અણુયુદ્ધ જ થશે એવો ભય રાખવાની જરૂર નથી. અણુશસ્ત્રોનો વિરોધ કરવાવાળા માને છે તે મુજબ સર્વ વિનાશ જ થાય અને કોઈ મર્યાદા રહે નહિ. અમેરિકામાં પેન્ટેગોન અને બીજા કેટલાક લોકો મર્યાદિત અણુયુદ્ધની હિમાયત કરે છે. તેના સમર્થનમાં આ પુસ્તક પ્રચાર કરે છે.

આ લેખકોએ ૧૯૭૮માં એમ માન્યું હતું કે ૧૯૮૪ સુધી કાર્ટર પ્રમુખ તરીકે ચાલુ રહેશે. તેમના સદ્‌ભાગ્યે (!) રેગન પ્રમુખ થયા અને આ પુસ્તકમાં જે નીતિની ભારપૂર્વક હિમાયત કરી છે તેનો અમલ રેગન જોરશોરથી કરી રહ્યા છે.

બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીમાં અણુશસ્ત્રો વિરોધી પરિબળો સારી પેઠે સક્રિય થયા છે અને એક વર્ગ એકપક્ષી અણુશસ્ત્રોના ત્યાગની– unilateral Nuclear Disarmament. -નીતિ સ્વીકારવાના મતનો છે. તેમની સામે આ પુસ્તકમાં આકરા પ્રહાર કરે છે.

રશિયા શા માટે ત્રીજું વિશ્વ યુદ્ધ શરૂ કરે અને વિનાશ નોતરે તેનો કોઈ જવાબ નથી. સિવાય કે સામ્યવાદની એ નીતિ જ છે એમ કહેવું. સામ્યવાદનો નાશ કરવાની મૂડીવાદની નીતિ છે અને તે માટે મૂડીવાદીઓ યુદ્ધની તૈયારી કરે છે એમ કોઈ કહે તો આ લેખકો અને તેમના મતના બીજા લોકો તે વાતનો ઈનકાર કરશે. મૂડીવાદી શાંતિપ્રિય છે અને માત્ર પોતાના રક્ષણ માટે જ તૈયારી કરે છે એમ જ કહેશે.

આવા પુસ્તકો અને તેનો મૂડીવાદી પ્રચાર દુનિયાને કટોકટી તરફ દોરી રહ્યા છે તેમ કહીએ તો જવાબ મળશે કે આ લોકશાહી દેશો છે અને લોકશાહી નિર્ણય છે અને પોતાના સ્વરક્ષણ માટે જ તૈયારી કરવી પડે છે.

દુનિયાભરમાં ભયંકર ગરીબાઈ છે અને આર્થિક અસમાનતાની ખાઈ ઊંડી અને પહોળી થતી જાય છે તે હકીકત તરફ દુર્લક્ષ સેવાય છે અને તેનો કોઈ ઉપાય કરવો નથી. રશિયાનો વિનાશ થાય તો પણ ગરીબોની અસંતોષની જ્વાળાઓ શાંત થવાની નથી. રેગન પોલાન્ડમાં માનવીય અધિકારોની ચિંતા કરે પણ સાલ્વેડોર કે દક્ષિણ આફ્રિકામાં માનવીય અધિકારોને કચડવાં સહાય કરે તેવી મૂડીવાદી રચના – લોકશાહી હોય તો પણ – ટકવાની નથી. આવાં પુસ્તકોથી ગમે તેટલો પ્રચાર કરે તો પણ બે તૃતિયાંશ દુનિયા ભૂખે મરતી હશે ત્યાં સુધી અમેરિકા કે પશ્ચિમના દેશો કે કોઈ પણ મૂડીવાદી કે સરમુખત્યારી સત્તા લાંબો સમય ટકવાની નથી.

પ્રજ્ઞાપુરુષ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનો ૮૧મા વર્ષમાં મંગલ પ્રવેશ

ગુરુવાર તા. ૧૧-૩-૮૨ની વાસંતી સંધ્યાએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં એક નાનો પણ પ્રશિષ્ટ સમારંભ યોજાયો હતો. આયોજકો હતા, સંઘના ઉપપ્રમુખ શ્રી રસિકભાઈ ઝવેરી તથા અન્ય મિત્રો. પ્રસંગ હતો, મુરબ્બી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનો ૮૧ મો જન્મ દિવસ.

સૌ પ્રથમ શ્રીમતી કોકિલાબહેન વકાણીએ મધુર સ્વરે ગીતાના શ્લોકો - શંકર સ્તુતિ - રવિન્દ્રનાથ ટાગોરનું પ્રેરણાત્મક બંગાલી ગીત - ગાયાં. છેલ્લે એમણે ડૉ. સુરેશ દલાલનું કાવ્ય, "તમે વાતો કરો તો જરા સારું લાગે, આ દૂરનું આકાશ મને મારું લાગે" સ્વરબદ્ધ ગાઈને શ્રોતાજનોને મુગ્ધ કર્યા.

પ્રારંભમાં શ્રી ચીમનલાલ જે. શાહે કહ્યું કે જૈન અને જૈનેતર સમાજમાં જેઓ અતિ લોકપ્રિય છે એવા સમૃદ્ધ વિચારક અને તત્ત્વદર્શી વડીલ શ્રી ચીમનભાઈ ૮૦ વર્ષ પૂરા કરે છે ત્યારે તેમને દીર્ઘાયુષ્ય ઈચ્છવા અને બિરદાવવા માટે આજનું આ અનૌપચારિક મિલન અમે મિત્રોએ યોજ્યું છે. આ પ્રસંગે આપ સર્વેનું હું સ્વાગત કરું છું.

ત્યાર બાદ શ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ બોલતાં કહ્યું કે ભૌતિક રીતે સંપૂર્ણ સુખી હોવા છતાં શ્રી ચીમનભાઈના અંતઃસ્તલમાં ખૂબ વ્યથા ભરી પડી છે, જે એમના શબ્દેશબ્દમાંથી કરુણારૂપે પ્રગટે છે. ચારે તરફ અપાર દુઃખ, સંકટ ને વેદના પ્રસરેલાં હોય ત્યારે એમના જેવી વ્યક્તિ સુખ કેમ માણી શકે? તેઓ જાગૃત વ્યક્તિ છે અને કરુણામૂર્તિ છે. સમાજને આવા દીર્ઘદૃષ્ટિવાળા સુકાનીની ઘણી જરૂર છે. તેઓ તંદુરસ્તી સહ દીર્ઘાયુ થાઓ એવી મારી પ્રાર્થના છે.

શિક્ષણશાસ્ત્રી શ્રી અમૃતલાલ યાજ્ઞિકે શ્રી ચીમનભાઈને બીરદાવતાં કહ્યું કે તેઓ જીવનના સમીક્ષક, સમગ્ર સમાજના શિક્ષક અને સંવેદનશીલ વ્યક્તિ છે. એમનું તત્ત્વચિન્તન અને લેખન વિષદ અને સ્પષ્ટ વિચારોવાળું હોય છે. તેઓ ભલે અલ્પભાષી છે પરંતુ તેઓ જે કાંઈ બોલે તે સત્ત્વશીલ હોય છે. તેઓ સમાજના ચિકિત્સક છે. એમના લેખોનું અંગ્રેજી તથા હિંદી ભાષામાં ભાષાંતર કરાવીને પ્રચાર કરાવવાથી સમગ્ર સમાજને એક નવો પ્રકાશ મળશે.

ડૉ. શ્રી સુરેશ દલાલે પોતાની લાક્ષણિક શૈલીમાં બોલતાં કહ્યું કે મુ. શ્રી ચીમનભાઈ ભલે થોડું અંતર– Table Space રાખીને લોકો સાથે વાતચીત કરતા હોય છે, પણ એમનું હૃદય ખૂબ જ પ્રેમાળ છે. એમનું વ્યક્તિત્વ સમૃદ્ધ છે. તર્કશુદ્ધિ અને તર્ક-સિદ્ધિ એમને વરેલાં છે. એમને વધુ બોલતા કરવા એ આપણું કામ છે. પરિણામે લાભ આપણને જ થશે. એમને વંદન કરું છું અને દીર્ઘાયુષ્ય ઈચ્છું છું.

શ્રીમતી ઉષાબહેન મહેતાએ બોલતાં કહ્યું કે, "વડીલશ્રી, આપ થોડું બોલો તો સારું લાગે અને વધુ બોલો તો વધુ સારું લાગે." અમને અને સમાજને સ્વસ્થતા અર્પવા માટે આપની અત્યંત આવશ્યકતા છે. અમારા વર્ષો લઈને પણ આપ દીર્ઘાયુ થાઓ એવી મારી અંતરની અભ્યર્થના છે.

શ્રી હરીન્દ્ર દવેએ સન્માંજલિ આપતાં કહ્યું, મુ. શ્રી ચીમનભાઈની ઓછા શબ્દોમાં પણ ચાહવાની શક્તિ અદ્‌ભુત છે. એમના કથન ને વર્તનમાં જે એકતા જોવા મળે છે તે દુર્લભ છે. દેશમાં આજે જે અરાજકતા જેવી સ્થિતિ પ્રવર્તે છે, એમાંથી જનતાને કંઈક હૈયાધારણ અને માર્ગદર્શન મળે એ માટે આપણે એમની તરફ મીટ માંડીએ છીએ. આપણો દેશ દુઃખમુક્ત થાય અને સમાજ સ્વસ્થ બને ત્યાં સુધી મુરબ્બી શ્રી ચીમનભાઈ આપણી વચ્ચે રહે એવી એમની તંદુરસ્તી અને દીર્ઘાયુ માટે હું પ્રાર્થના કરું છું.

ત્યાર બાદ મુ. શ્રી ચીમનભાઈએ દિલની વાતો કરતાં કહ્યું: ઘણી બધી વ્યક્તિઓનો પ્રેમ અને આદર માણવાનું મન કોને ન થાય? મિત્રો તથા સ્નેહીજનો શુભેચ્છાઓ આપે એ મને ગમે છે.

મારા બે સ્વરૂપો છે. વ્યાવહારિક અને આંતરજીવનનું. આ વ્યવહારિક અને આંતરિક જીવનનો મેળ હું કરી શકતો નથી. આજ સુધી મને એનું કોઈ નીરાકરણ મળ્યું નથી. હું ઉપરથી સ્વસ્થ દેખાઉં છું પણ અંદરથી નથી. જગતમાં જે અનંત દુઃખો છે એનાથી હું દૂર જઈ શકતો નથી. એ દુઃખનો હું ભાગીદાર થવા પ્રયત્ન કરું છું. તત્ત્વજ્ઞાનના વિષય સાથે હું ભણ્યો એનાથી મને કોઈ પણ-વસ્તુ કે સમસ્યાના ઊંડાણમાં જઈને તેનું હાર્દ પકડવાની ટેવ પડી છે. કોઈ પણ વિષયની મુખ્ય વસ્તુને હું પકડી પાડું છું, પછી ઊંડાણથી તેનું નિરીક્ષણ કરું છું; અને જ્યારે પ્રત્યે મારો જે અભિગમ હોય તેનું વૈજ્ઞાનિક પૃથક્કરણ કરું છું, અને મારો અભિગમ સાચો છે કે ખોટો છે તેની ચિન્તન-મનન દ્વારા ખાતરી કરું છું – એના ઉપર હું અંતરની 'ફ્લડ લાઈટ' નાખું છું. – છતાં હું એમાં લુબ્ધ થતો નથી – તટસ્થ રહી શકું છું. હું અનેક સંસ્થાઓ સાથે સંલગ્ન છું. ઘણું કામ કર્યું છે અને કરું છું, પણ મને કશાનો મોહ નથી. તેમ જ તે કાર્યોમાં હું લપેટાતો નથી – અલિપ્ત રહું છું. જેટલું તમે સમાજને આપો તેનાથી હજારગણું મળે છે – એ સ્વાનુભવ છે. મેં પણ મારી રીતે અંતરથી સમાજને આપ્યું છે. એનો પ્રતિઘોષ ચારે તરફથી મને મળતો રહ્યો છે. એનો મને આનંદ છે.

આધ્યાત્મિક વિષય પર લખવાનું અને બોલવાનું મને કેટલાક લોકો કહે છે, એ જુદી જ વસ્તુ છે. એ વાણીનો નહિ પણ અનુભવનો વિષય છે. 'પ્રબુદ્ધ જીવન' સાથે સંકળાયેલો હોવાના કારણે મને, ખૂબ લાભ થયો છે. નિયમિતપણે લખવાનું પ્રાપ્ત થાય છે. અને મારા અંતરમાં રહેલી વાતોને સ્પષ્ટ રીતે પ્રગટ કરી શકું છું. મારા પર ગાંધીજીની ગાઢ છાપ છે. એમની સાદી ભાષા અને સરળ વિચાર-સરણીનું હું અનુકરણ કરું છું. આ વયે પણ મારી માનસિક સ્થિતિ અને બૌદ્ધિક સ્વસ્થતા સતેજ છે. મારા વ્યવસાયને લગતા તથા સામાજિક કામો હું ખૂબ જ ચીવટાઈથી અને આનંદપૂર્વક કરતો રહું છું. પણ કોઈમાં Involve – થતો નથી – જલકમલવત્ રહું છું. એ કારણે જ હું તટસ્થતા રાખી શકું છું. જીવનથી હું સંપૂર્ણપણે પરિતૃપ્ત છું. મૃત્યુનો મને લેશમાત્ર ભય નથી. ગમે ત્યારે આવે– અને હું આવકારવા તૈયાર છું.

આટલા બધા દુઃખો અને કષ્ટોમાંથી આપણો દેશ આખરે ઊંચો આવશે જ એવી મને પૂર્ણ શ્રદ્ધા છે. ભારત સાતત્યમય સંસ્કૃતિનો દેશ છે. તેનું ઉત્થાન જરૂર થશે. એ માટે હું આશાવાદી છું. આજે આટલા બધા સ્નેહી મિત્રોએ અહીં હાજર રહી મને પ્રેમ-પૂર્વક શુભેચ્છાઓ આપી છે એ કારણે મારું અંતર પ્રસન્ન અને પ્રફુલ્લિત થયું છે.

આપ સર્વેનો હું આભાર માનું છું.

અંતમાં શ્રી કે. પી. શાહે આભારદર્શન કરતાં કહ્યું કે આજે ખરેખર આધ્યાત્મિક વસંત ખીલી છે. મુ. શ્રી ચીમનભાઈ ભલે અલિપ્તતાની વાતો કરતા હોય, આપણે તો સંઘના, સમાજના, ધર્મના અને દેશના ઉત્કર્ષના કોઈ પણ કામમાં એમનું માર્ગદર્શન અને એમનો સક્રિય સહયોગ લેતાં જ રહીશું. અને એમને આ બધામાં Involve – કરતાં રહીશું. તેઓ ખરા અર્થમાં આપણા રાહબર છે, પથદર્શક છે.

ત્યાર બાદ ઉપસ્થિત રહેલા અને જ્ઞાતનામ સમાજ સેવકો, સાહિત્યકારો, કવિઓ અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓએ સ્નેહ-આદરપૂર્વક શ્રી ચીમનભાઈને ચંદનહાર તેમ જ પુષ્પ માળાઓથી વધાવ્યા હતા અને પ્રેમ તથા ઉષ્માપૂર્વક બીરદાવ્યા.

છેવટે આઠેસ્ત્રીમને ન્યાય આપી સભાજનો પ્રસન્ન ચિત્તે વિખરાયા.

સંકલન : ચુનીલાલ મ. ઝવેરી

* ગુજરાતી સાહિત્ય વિવેચનની સૈદ્ધાન્તિક આલોચના *

ડૉ. ઉપેન્દ્ર પંડ્યાનાં મુંબઈ યુનિવર્સિટી વ્યાખ્યાનો

સંકલન : કૃષ્ણવીર દીક્ષિત

સાહિત્ય અને વિવેચનના ઊંડા અભ્યાસી અને લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાન આચાર્ય ડૉ. ઉપેન્દ્ર સી. પંડ્યાએ મુંબઈ યુનિવર્સિટીને ઉપક્રમે તા. ૨૩-૨-૧૯૮૨ થી તા. ૨૭-૨-૧૯૮૨ સુધી યુનિવર્સિટી ક્લબ હાઉસ ('બી' રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦)ના સભાખંડમાં ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળાનાં પાંચ વ્યાખ્યાનો "ગુજરાતી સાહિત્ય વિવેચનની સૈદ્ધાન્તિક આલોચના" એ વિષય ઉપર આપ્યાં હતાં. તે પ્રસંગે પ્રમુખપદે હતા યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. રમણલાલ ચી. શાહ.

પ્રથમ દિવસે તા. ૨૩મીએ તેમના વ્યાખ્યાનનો વિષય હતો "વિવેચનમાં સાહિત્ય સિદ્ધાન્તોનું મહત્ત્વ."

આરંભમાં ડૉ. રમણલાલ શાહે આ વ્યાખ્યાનમાળા કઈ રીતે હસ્તીમાં આવી તે જણાવી ડૉ. ઉપેન્દ્ર પંડ્યાનો તેમની પ્રતિભા, તેમની વિદ્વત્તા અને તેમના વિવેચન કાર્ય સંદર્ભે પરિચય આપ્યો હતો અને તેમનું સ્વાગત કર્યું હતું.

ડૉ. ઉપેન્દ્ર પંડ્યાએ પોતાને આ યુનિવર્સિટીના જ સંતાન તરીકે ઓળખાવી વ્યાખ્યાનો આપવા માટે નિમંત્રવા બદલ યુનિવર્સિટીનો હાર્દિક આભાર માન્યા બાદ વ્યાખ્યાન વિષય ઉપર આવતાં કહ્યું હતું: "આ વિષયનો વિસ્તાર અને વ્યાપ વધી ન જાય ને ચર્ચા વિચારણા સુસ્પિષ્ટ બને એ હેતુથી આ વ્યાખ્યાનોમાં વિષય સીમિત કર્યો છે અને તેથી કવિતાને કેન્દ્રમાં રાખીને કવિતાના ઉપલક્ષ્યમાં જ ગુજરાતી વિવેચન સાહિત્યમાં સિદ્ધાન્તોની આલોચના કરવાનો ઉપક્રમ છે."

આ સ્પષ્ટતા કર્યા પછી ડૉ. ઉપેન્દ્ર પંડ્યાએ કહ્યું: "કવિતાની કલાની અન્ય કલાઓ કરતાં તેમ સાહિત્યનાં ઈતર સ્વરૂપો કરતાં ન્યારી વિશેષતા છે. માનવહૃદયના સૂક્ષ્મ સંકુલ ભાવોને લાઘવથી, ગૂંઢાણુથી અપાર સામર્થ્યથી કવિતા વ્યક્ત કરે છે; એટલે જ સઘળાં સાહિત્ય સ્વરૂપોમાં જગતની સર્વ મહાન ભાષાઓમાં પહેલું સર્જન કવિતાનું જ થયું છે. વ્યાસ, વાલ્મીકિ, હોમર, વર્જિલ, શેક્સપિયર જેવા વિશ્વ કવિઓનો પ્રભાવ પેઢી દર પેઢી પ્રજાએ અનુભવ્યો છે. માનવ જીવનને અને માનવ સંસ્કૃતિને વિકસાવવામાં એમણે અનેરો ફાળો આપ્યો છે. આવા મહાન કવિઓના અસ્તિત્વને-મહત્ત્વને કોઈ પણ ચેતનવંતી પ્રજા કદી વીસરી નથી. વીસરી શકે નહિ એવું એમનું અસાધારણ પ્રદાન છે, એવો અમૂલ્ય વારસો છે.

પણ કવિઓની ને કવિતાની જુદી જુદી કોટિઓ સંભવે છે. કવિતાની વિવિધતા અને ઊંચાવચતાનો ખ્યાલ ભાવક ન રાખે તો તે બદ્ધરુચિનો સંકુચિત ચૂત્તિનો ને કદાચ અનુદાર કે આગ્રહી, અભિનિવેશશીલ બની જાય.

આમ ન બને તે માટે સાહિત્ય વિવેચનની ને સાહિત્ય વિવેચનને પ્રેરનાર, ઘડનાર, પલટનાર સિદ્ધાન્તોની જાણકારી આવશ્યક બની રહે છે.

કવિઓ પ્રતિભા સાથે જ જન્મતા હોય છે, તેમ બધા જ ભાવકો વિવેચકો થઈ શકતા નથી. પરન્તુ કવિતાના સાચા અને સારા ભાવકો થઈ શકે. વિવેચક સર્જકની કૃતિ પરત્વેની પોતાની રસાનુભૂતિ પોતાના આનન્દાનુભવને, પોતે માણેલા સૌન્દર્યને બૌદ્ધિક ભૂમિકા ઉપર પ્રતીતિ નીપજે એ રીતે અભિવ્યક્તિ આપે છે. એથી ભાવકને પોતાનો સ્થિર માનદંડ મળી રહે છે. ક્લાસિકલ નીવડેલી કૃતિઓને હૃદયના નિકષ ઉપર કસવા માટે કોઈ ધોરણની અપેક્ષા રહે છે. આ ધોરણના પાયામાં નિયમો છે અને સિદ્ધાન્તો છે. નિયમો અને સિદ્ધાન્તો બે એક નથી. રમત તેના ચોક્કસ નિયમો પ્રમાણે જ રમવી પડે. રમત માત્રનો સિદ્ધાન્ત એ છે કે રમત રમો તે રસૌકવૃત્તિથી રમો, નિરંગતતાના ભાવથી રમો. ખેલદિલી અને ખાનદાનીથી રમો. રમતનો સિદ્ધાન્ત તે ખેલદિલીનો, ચિત્તવૃત્તિની ઉદાત્તતાનો સિદ્ધાન્ત છે. સિદ્ધાન્તથી જીવનનાં મૂલ્યો સાકાર થતાં હોય છે. સાહિત્યને સંબંધ છે જીવન સાથે. જીવન પરિવર્તનશીલ છે. પરન્તુ જીવનનાં કેટલાંક મૂલ્યો સ્થાયી છે. મૂલ્યોથી જીવન વિશેની સમજણ કેળવાય છે. સૌન્દર્ય વિશેની સમજણ પણ કેળવવી પડે છે. કારણ, કાવ્ય જે આનન્દ જન્માવે છે તે સૌન્દર્ય દ્વારા ચિત્તને મુગ્ધાવસ્થામાં મૂકીને જન્માવે છે. કવિતાનું ઉડ્ડયન ઊર્ધ્વ છે. કવિતા એ ગરુડ પંખી છે. કવિનું દર્શન પણ ઊર્ધ્વ લોકસ્થ છે. કાવ્ય સર્જનના નિયમો છે અને સિદ્ધાન્તો પણ છે. સોનેટ રચવી હોય તો તેનું બંધારણ સ્વીકારીને જ રચી શકાય. સિદ્ધાન્તો કવિના હૃદયમાં વણલખ્યા હોય છે. કવિ પોતાની અન્ત:પ્રજ્ઞાથી સિદ્ધાન્તોને વશવર્તીને ચાલે છે. કવિએ કવિએ સિદ્ધાન્ત જુદા જુદા લેઈ શકે. કવિઓ સિદ્ધાન્તનું દાસત્વ સ્વીકારતા નથી. મહાન કવિઓ સર્જનના સિદ્ધાન્તોની જાણકારી પોતાની મેળે મેળવી લે છે. તેમ કેટલાક નિયમોની જાણકારી અને એનું અનુપાલન સ્વીકારે તો એની કૃતિ સરસ થાય. અલબત્ત એ ખરું કે સર્જન પ્રક્રિયા સ્વત:અત્યન્ત ગૂઢ છે. સર્જકને પોતાને પણ સ્વાનુભવના મૂળમાંથી કાવ્યરૂપી ફળ કેવી રીતે નીપજે છે તેની ખબર નથી હોતી. કવિ કોઈક વાર નિયમોને ચાતરીને પણ ચાલે છે. નિયમો તોડે પણ ખરો. પણ તોડે છે તે જોડવા માટે. એ દ્વારા એ પોતાના કાવ્ય સર્જનને વધારે ઊંચે લઈ જાય છે.

સાહિત્યના આસ્વાદ માટે પણ સર્જન વિવેચનના સિદ્ધાન્તોની જાણકારી આવશ્યક બની રહે છે. એથી ભાવકની રુચિ ઘડાય છે. સિદ્ધાન્તની સમજ એની રસરુચિને સંસ્કારે છે, વિસ્તારે છે. વિકસાવે છે તેમ વિવેચક પણ "મને આ કૃતિ કે આ કવિ ગમે છે" એટલું જ માત્ર કહે તેથી એનો અભિપ્રાય શ્રદ્ધેય કે સ્વીકાર્ય બની જતો નથી. એની રુચિનાં મૂલ્યાંકનનાં પણ કોઈ ધોરણ હોય છે. એમાં માત્ર અંગત ગમા-અણગમા હોતા નથી. કૃતિનો આસ્વાદ સહૃદય ભાવક ઉત્તાન હૃદયે કરે છે ત્યારે તેમાં હૃદય સાથે બુદ્ધિ પણ ભાગ ભજવતી જ હોય છે, એટલે બૌદ્ધિક ભૂમિકાએ વિવેચનની સ્થિર પ્રતિષ્ઠા કરવા માટે પ્રેરક કે પૂરક બળ તરીકે પીઠિકારૂપે સાહિત્ય સિદ્ધાન્તો સહેજે મહત્ત્વના બની રહે છે. તો જ વિવેચન નિરંગત, સંગીન અને પ્રતીતિકર બની રહે. બૌદ્ધિક ભૂમિકાએ તો જ એ આસ્વાદ સચેતનના પ્રામાણ્યને પ્રાપ્ત કરે.

કવિ સર્જક માટે પણ સાહિત્યના સર્જન વિવેચનના સિદ્ધાન્તોની જાન પિછાન એટલી જ મહત્ત્વની છે. પોતાનાં ઓજારના મહત્ત્વ અને મર્યાદાનું ભાન જેમ દરેક કારીગર માટે અનિવાર્ય છે તેમ પોતાની અભિવ્યક્તિ અંગે ઉપાદનની ને સર્જકકર્મની પૂરી જાણકારી એનો સહજ ધર્મ બની રહે છે. સર્જનનો ઉદ્દેશ શો છે. નિરુદ્દેશ સર્જન હોય તો યે એ સર્જનલીલા શી રીતે પૂરા સામંજસ્યથી પૂર્ણતાને પામે, સૌન્દર્ય સર્જન દ્વારા શી રીતે સિદ્ધ થાય એ સમજવું-પ્રીછવું-પામવું સર્જક માટે પણ સ્વાભાવિક બની રહે. તેમ એમ પણ બને કે સિદ્ધાન્તાદિની કશી સભાન જાણકારી વિના ઊર્ણનાભની જેમ પ્રતિભા પોતે અંદરથી જ- અસંપ્રજ્ઞાતપણે સર્જનની આંતર પ્રક્રિયાને વશ થઈને પ્રવર્તતી હોય; એને માટે સિદ્ધાન્તો કે નિયમોનો કશો

વિનિયોગ જરૂરી ન હોય. પણ એની અંદરથી જ લતા, વૃક્ષ, પુષ્પની જેમ કાવ્ય આકારિત થતું હોય ને એમ એના સર્જન દ્વારા સિદ્ધાન્તો પણ રૂડુંરતા હોય ને રૂડું થતા હોય. તેમ છતાં સર્જકને પણ સર્જન પ્રક્રિયાનું જ્ઞાન ઉપકારક બની શકે એ દૃષ્ટિએ સાહિત્ય સિદ્ધાન્તોનું મહત્ત્વ એને માટે પણ ઓછું ન હોય. પ્રતિભા પોતે જ પોતાના નિયમો શોધી લે છે કે ઘડી લે છે તે ખરું પણ એનું કવિ કર્મ સર્વથા અતંત્ર તો નથી જ હોતું. કવિની કૃતિ 'નિયતિકૃત નિયમ રહિતા' ભલે ગણાય પણ તે સર્જનની પ્રકૃતિકૃત નિયમરહિતા હોય એમ પણ છેક સંભવતું નથી.

આમ હોઈ પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય સાહિત્ય વિવેચનના સિદ્ધાન્તોની જાણકારી સર્જક-ભાવક-વિવેચક ત્રણે માટે ઉપકારક જ નહિ, કદાચ અપરિહાર્ય ગણી શકાય. પૂર્વ પશ્ચિમની વચ્ચેનો દૃષ્ટિભેદ, મૂલ્યભેદ, તત્ત્વભેદ પણ પૂર્વ પશ્ચિમનાં સર્જનોમાં આપણને ઘણે સ્થળે જોવા મળે જે સાચી દૃષ્ટિથી પરિષ્કૃત થાય.

વિવેચનના પણ જુદા જુદા અભિગમ હોઈ શકે. જેમ કે કૃતિનિષ્ઠ અભિગમ, ભાવકનિષ્ઠ અભિગમ, પ્રકારનિષ્ઠ, સાંસ્કૃતિક સામાજિક, મનોવિશ્લેષણાત્મક, તુલનાત્મક, નૈતિક, સૌન્દર્યનિષ્ઠ ઐતિહાસિક તથા શક્ય હોય ત્યાં સૈદ્ધાન્તિક અભિગમ.

(કાવ્ય) સાહિત્યના મુખ્ય સિદ્ધાંતો: પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય.

ડૉ. ઉપેન્દ્ર પંડ્યાએ ઉકત વિષય વિશેના પોતાના વકતવ્યમાં જણાવ્યું કે: "સાહિત્યનો આસ્વાદ કરીએ તેનો કોઈ એક જ સિદ્ધાન્ત નથી. અનેક સિદ્ધાન્તો છે. બંનેના પૂર્વ અને પશ્ચિમના સિદ્ધાન્તો ઘણે અંશે એકમેકના પૂરક છે તેમ કેટલેક અંશે સમર્થક પણ છે. બંનેની ન્યારી વિશેષતા છે. પૂર્વમાં વક્રોકિતકાર કુન્તક ને આનન્દવર્ધનને બાદ કરતાં બહુધા ભાવકને–નાટક જોનાર સહૃદય પ્રેક્ષકને–કેન્દ્રમાં રાખીને કાવ્ય વિચાર પ્રકટ થયો છે.

ત્યારે પશ્ચિમમાં એરિસ્ટોટલ જેવા થોડા અપવાદ બાદ કરતાં બહુધા સર્જક કવિને કેન્દ્રમાં રાખીને કવિ વ્યાપાર વિશે, કાવ્ય સર્જનનાં પ્રેરક બળો વિશે, કવિ સૃષ્ટિની અસાધારણતા વિશે એના કવિ કર્મ વિશે, સર્જકની ઉચ્ચાવચ શકિત-પ્રતિભા ભેટ વિશે, ઐહિક જગત સાથેના જનસમાજ સાથેના એના સંબંધને ઈતિ કર્તવ્યતા વિશે વિચાર થયો છે. આ સર્જન વ્યાપાર વિશેની વિવેચન, ઊર્મિ-ચિંતન–કલ્પના શકિત એમાં શો ભાગ ભજવે છે તે વિશેનું આનુચિંતન ને મૌલિક કાવ્ય વિચારકોની સ્વતંત્ર વિચારણાશકિત પાશ્ચાત્ય સાહિત્યનું મોટું જમા પાસું છે. કાવ્યનાં વિવિધ અંગોપાંગ વિશે પણ ઊંડાણથી એમાં ચર્ચા થયેલી છે "પ્યોર પોયેટ્રી" વિશે પણ ઠીક ઉહાપોહ થયેલો છે. આજે પણ નવા નવા અભિગમ વિવેચન દાખવે છે.

તો રસ વિશે, રસની વ્યંગ્યતા (ધ્વનિ) વિશે, એમાંના એક સ્થિત્યંતર સાધારણીકરણ વિશે, શબ્દાર્થશકિત વિશે, વક્રોકિત દ્વારા કવિના કર્મ વિશે, ભારતીય સાહિત્યમાં સમર્થ વિચારણા થઈ છે. આજે પણ એ વિવેચનની તાઝગી મૌલિકતા, એમાં વ્યકત થતી દૃષ્ટિની દીપ્તિમંતતા આપણને સહેજે પ્રભાવિત કરે છે.

મુખ્ય મુખ્ય સિદ્ધાન્તો આ પ્રમાણે ગણાવી શકાય: (૧) શબ્દાર્થનું સહિતત્ત્વ (૨) રસ (૩) ધ્વનિ (૪) રીતિ (૫) વક્રોકિત (૬) ઔચિત્ય (૭) શબ્દની રમણીયાર્થપ્રતિપાદકતા.

અલબત્ત આ બધા સિદ્ધાન્તો સમાનકક્ષાના ને એક સરખી વ્યાપનશીલતાવાળા નથી.

વકતાએ તે પછી પ્લેટો, એરિસ્ટોટલ, વર્ડઝવર્થ, લોનજાઈનસ, શેલી તથા ટી. એસ. એલિયટપ્રતિપાદિત સિદ્ધાન્તોની વાત કરી હતી. અને પાશ્ચાત્ય કાવ્ય સાહિત્ય સિદ્ધાન્તો આ પ્રમાણે હોવાનું જણાવ્યું હતું:

(૧) પ્રેરણાનો સિદ્ધાન્ત (૨) અનુકૃતિનો સિદ્ધાન્ત (૩) નૈતિકતાનો સિદ્ધાન્ત (૪) રાગવિરેચન સિદ્ધાન્ત (૫) કાવ્યાનન્દનો સિદ્ધાન્ત (૬) કલ્પના વ્યાપારનો સિદ્ધાન્ત (૭) મૂલ્યબોધનો સિદ્ધાન્ત (૮) પ્રત્યાયનનો સિદ્ધાન્ત (૯) નિર્વૈયકિતકતાનો સિદ્ધાન્ત તથા (૧૦) રૂપનિર્મિતિનો સિદ્ધાન્ત.

વકતાએ તે પછી જણાવ્યું કે સાહિત્યના બે મુખ્ય સ્તંભ. એક છે કોમ્યુનિકેશન-પ્રત્યાયન. બીજો છે મૂલ્યબોધ. જગતથી જુદું એવું કાવ્યનું સત્ય નિર્દેશતો પ્લેટોનો સિદ્ધાન્ત, ચિત્તની પ્રશાન્તની પળોમાં ઊર્મિનો પુનરનુભવ તે કાવ્ય એ વર્ડઝવર્થનો સિદ્ધાન્ત શૈલીનો ભાવનામયતાનો અને અનુકૃતિનો સિદ્ધાન્ત, એરિસ્ટોટલનો કેથાર્સિસનો સિદ્ધાન્ત તથા આઇ. એ. રિચાર્ડસનો પ્રત્યાયનનો સિદ્ધાન્ત એમ ભિન્ન ભિન્ન સિદ્ધાન્તોની વાત કરતાં ફરી પૌરસ્ત્ય સાહિત્ય સિદ્ધાન્તો ઉપર આવતાં તેમણે કહ્યું: સંસ્કૃત સાહિત્યનો રસશાસ્ત્રનો સિદ્ધાન્ત ભારતીય જીવનના તત્ત્વજ્ઞાન સાથે સંબંધ ધરાવે છે. સર્વેસન્તુ નિરામયા: એ આપણી તત્ત્વજ્ઞાનની ભાવના છે. આપણે ત્યાં કરુણ રસની થઈ છે તેટલી ટ્રેજેડીની ચર્ચા થઈ નથી. આપણાં સંસ્કૃત નાટકના આરંભે નાન્દી અને અન્તમાં ભરતવાકય છે. મધુરેણ સમાપયેત એ આપણી દૃષ્ટિ રહી છે. આપણા બધા જ રસો આનન્દલક્ષી છે. વ્યાખ્યાતાએ આપણા સાહિત્યની અર્થાત્ પૌરસ્ત્ય દૃષ્ટિનો ખ્યાલ મહર્ષિ અરવિન્દના મહાકાવ્ય "સાવિત્રી"માંના એક અંશના પઠનથી આપ્યો હતો તથા સંસ્કૃત સાહિત્યમાંથી કાલિદાસના 'કુમાર સંભવ'માંની એક પંકિતથી ઔચિત્ય અને એમાંથી ફલિત થતી વ્યંજનાનો તથા "સરસ્વતીચન્દ્ર"માંના એક નાજુક પ્રસંગે સરસ્વતીચન્દ્રે કરેલા વિધાનથી શબ્દશકિત દ્વારા વ્યકત થતા કાકૂનો ખ્યાલ આપ્યો હતો. ચિત્રતુરગ ન્યાયની વાત કરતાં કલાની સૃષ્ટિ તે અલૌકિક સૃષ્ટિ છે એમ તારવી આપીને કહ્યું હતું: સ્વ સંવિત દ્વારા જે અનુભવ કરીએ છીએ તેમાં સમાશ્વાસન મળે છે. સાહિત્યના આસ્વાદથી વૃત્તિઓનું શમન થાય છે. સૌન્દર્યના અનુભવથી સ્વાભાવિક આનન્દ થાય છે. ભાવનો સ્વભાવ વ્યાપનશીલ છે. એ ભાવ પરિપુષ્ટ થાય તેની ઘણી વાર ખબર નથી પડતી.

પાશ્ચાત્ય કાવ્ય સાહિત્યના સિદ્ધાન્તોની વાત કર્યા પછી વકતાએ કાવ્યનું સત્ય, કવિતામાં ઉદાત્તતા, કવિતા અને ઊર્મિ, કલ્પના અને ભાવના તથા કવિસૃષ્ટિની લીલામયતા જેવા ગૂઢ પણ સિદ્ધાન્તની કસોટીએ મુકાયા છે ને ચર્ચાયા છે એમ કહી બીજું વ્યાખ્યાન સમાપ્ત કર્યું હતું.

"તેમનો ત્રીજા વ્યાખ્યાનનો વિષય હતો "ગુજરાતી સાહિત્ય વિવેચનની સૈદ્ધાન્તિક આલોચના-નર્મદ યુગ."

વ્યાખ્યાન આરંભે ડૉ. ઉપેન્દ્ર પંડ્યાએ કહ્યું: પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય સાહિત્ય મીમાંસાનો ઈતિહાસ લગભગ બેથી અઢી હજાર વર્ષ જૂનો છે.

એની તુલનામાં ગુજરાતી સાહિત્ય વિવેચનને માંડ સવાસો વર્ષ થયાં છે. નર્મદે ઈ. સ. ૧૮૫૭માં 'પિંગલ પ્રવેશ' પ્રકટ કર્યો. ઈ.સ.૧૮૫૮માં એણે "અલંકાર પ્રવેશ" તેમજ "રસપ્રવેશ" લખ્યાં. 'કવિ અને કવિતા' નામનો નિબંધ પણ એણે ઈ. સ. ૧૮૫૮માં લખ્યો.

વળી જ્યાં સુધી સિદ્ધાન્તને કસોટીએ ચડાવવા માટે પડકારરૂપ બોધપાત્ર, વિલક્ષણ કે વિશિષ્ટ સાહિત્ય કૃતિઓ પ્રગટ ન થાય ત્યાં સુધી સિદ્ધાન્તનો વિનિયોગ કરવાની કે સૈદ્ધાન્તિક દૃષ્ટિએ સાહિત્યવિચાર કરવાની સ્થિતિ ઉદ્ભવતી નથી. વળી નર્મદના જમાનામાં તો વ્રજ ભાષાની એવી પ્રતિષ્ઠા અને અપ્રતિમ પ્રભાવ હતાં કે કટલાક રસોજ્જ્વલ અપવાદો બાદ કરતાં કાવ્યશાસ્ત્રની સમજણ

આપતા ગ્રંથો છેક પરંપરાનુસાર રચાતા. શામળ, દયારામ ને દલપતરામ પર એની ન્યૂનાધિક અસર આપણને જોવા મળે છે. દલપતરામને સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ પાસેથી આ જ પ્રકારની સમસ્યા-ચાતુરી ને ઝડઝમકવાળી કાવ્ય રીતિની શિક્ષા મળેલી ને તેથી એમણે બહુધા આ પ્રકારની ઝડઝમક અને બાહ્ય ચારુતા ચમત્કૃતિવાળી કવિતા જ લખેલી છે. નર્મદ પણ એ પરંપરાનો પ્રભાવ તો અનુભવે છે પણ એની કાવ્યસમજ શાસ્ત્રીઓ પાસે કરેલા છંદ અને રસાલંકારના અભ્યાસથી તેમ જ વિશેષે તો અંગ્રેજી સાહિત્યના અધ્યયન પરિશીલનથી વધુ ઘડાઈ છે ને સાચી દિશા તરફ વળી છે તે જોઈ શકાય છે. નર્મદ કવિતાના બહિરંગ કરતાં અંતરંગને વધુ મહત્ત્વ આપે છે. નર્મદે કવિતાની સમજ હેઝલિટ અને એલિયટ પાસેથી મેળવી છે એટલે જ હેઝલિટથી પ્રેરિત થઈ એ કવિતામાં "પેશન" એટલે કે જોસ્સો અને ઈમેજિનેશન એટલે કે (એને મતે) તર્કનું મહત્ત્વ કરે છે. નર્મદ તો કાયદા ઘડનાર સલાટ અને સ્થપતિને પણ કવિકોટિમાં મૂકે છે. પણ પછી એ પોતાની ભૂલ સુધારીને રસજ્ઞાન વ્યક્ત કરનારને જ કવિ ગણે છે. છતાં એનામાં પ્રાયોગિક દશાની કચાશ છે. દા. ત. એ કહે છે: "નાનું બાળક માતા પાસે પેટ ભરતું ને સુખદુઃખના અનુભવ કરતું થાય ત્યારથી એ કવિ થવાની તૈયારી કરે છે." વળી કહે છે: "સાચો કવિ લાગણીઓને વશ બને છે." જો કે આદર્શ સ્થિતિ તો લાગણીઓ કવિને વશ બને તે જ હોય. નર્મદ "અંદરની મઝા"ને રસ કહે છે. પરન્તુ અન્દરની મઝા કયારે કેવી રીતે અનુભવાય તે તેણે સ્પષ્ટ કર્યું નથી. તેને સૂઝ્યું પણ જણાતું નથી. તેમ કાવ્યમાં શબ્દ સૃષ્ટિનું સામર્થ્ય શો ભાગ ભજવે છે તે પણ એણે વિચાર્યું જણાતું નથી. કોઈને દુઃખી જોતાં આપણામાં સાત્ત્વિક ભાવ જાગે તે પણ રસ છે એમ એ કહે છે. આ સર્વ દર્શાવે છે કે રસતત્ત્વની એની સમજણ બહુ પ્રાથમિક કક્ષાની લાગે છે કવિતામાં "બે ભાગ રસ અને એક ભાગ તર્ક" જોઈએ એમ એ કહે છે, પરન્તુ રસ અને તર્ક એવાં સ્થૂળ સ્વરૂપનાં નથી કે તેના આવા વિભાગ થઈ શકે પણ નર્મદ કવિતા વિશે સાચી સમજ નથી ધરાવતો એમ નહિ કહી શકાય, કારણ એ કહે છે: "કવિતા જેને વશ છે તે કવિ નથી. જે કવિતાને વશ હોય તે કવિ હોય" આ વિધાનમાં કવિ કવિતા વિશેની એની માર્મિક સમજ વ્યક્ત થાય છે. "જય જય ગરવી ગુજરાત" જેવી કવિતા આપનાર નર્મદની કવિતા વિષયક સમજ કેટલી વિકસેલી છે તે દર્શાવે છે. વક્તાએ એક સરસ એ કહ્યું: કવિમાં ભગીરથની અને શંકરની એમ બંનેની સજ્જતા-શક્તિ હોવી જોઈએ. સર્જકે પોતે જ પ્રતિભાની જટામાં કવિતાને રાખવાની છે અને પછી એને વહેતી કરવાની છે. નર્મદ ઉતાવળિયો હતો. તેની તુલનામાં નવલરામ વધારે ઠરેલ છે. એણે સ્વસ્થતાથી શાંતિથી અને ઠરેલા પણાથી કાવ્યશાસ્ત્ર વિશે વિચાર્યું છે તે એમનાં પ્રેમાનંદ મામેરું, કાન્તા, કરણઘેલો, સુબોધ ચિંતામણિ જેવા વિવેચનોમાં એનો વિનિયોગ પણ કર્યો છે.

અલબત્ત નવલરામે કોઈ નવો સિદ્ધાન્ત સ્થાપ્યો નથી તેમ રસ-સિદ્ધાન્તના પરિશીલનથી એમની રુચિ પરિષ્કૃત કે પરિશુદ્ધ થઈ હોય એવું બહુ જણાતું નથી. એમણે એરિસ્ટોટલ અને બેકનની વચ્ચે તથા એના અનુસંધાનમાં રસશાસ્ત્ર સાથે મેળ બેસાડવા પ્રયત્ન કર્યો છે પણ પરિણામ બહુ પ્રોત્સાહક આવ્યું નથી. નવલરામ રસનો અર્થ મઝા, મનોવિકારનું ચિત્ર તથા જુસ્સો એમ કરે છે. હાસ્ય અને અદ્‌ભુત રસમાં એમણે કેટલોક સ્વતંત્ર રીતે રસ વિચાર કરવાનો પ્રયત્ન કર્યો છે. પ્રેમાનન્દ વિશે પણ એમણે જે ઊંડી સમજણથી લખ્યું છે તે ઉત્કૃષ્ટ વિવેચનનો નમૂનો છે.

ચોથા વ્યાખ્યાનનો વિષય હતો: "પંડિત યુગનું સાહિત્ય વિવેચન-સિદ્ધાન્ત દૃષ્ટિએ."

"વિવેચનની" સૈદ્ધાન્તિક વિચારણામાં પંડિત યુગ કદાચ શિખર સ્થાને છે. "એ વિધાનથી પોતાના ચોથા વ્યાખ્યાનનો આરંભ કરતાં ડૉ. ઉપેન્દ્ર પંડ્યાએ કહ્યું: " નર્મદ નવલરામથી શરૂ થયેલું સાહિત્ય વિવેચન સિદ્ધાન્ત દૃષ્ટિએ મણિલાલમાં વધુ સ્થિરતા અને પકવતાને પામે છે. મણિલાલ દ્વિવેદી ભારતીય કાવ્યશાસ્ત્રના પ્રથમ ગુજરાતી તદ્‌વિદ અને વિવેચક છે. નર્મદ અને નવલરામે અનુભવી તેવી કાવ્યની પરિભાષાની મથામણ મણિલાલને અનુભવવી પડી નથી. કારણ સંસ્કૃત કાવ્યશાસ્ત્ર સહેજે એમની કુમકે આવે છે.છતાં મણિલાલે રૂઢ સંસ્કૃત કાવ્યશાસ્ત્રની પરિભાષાનો પણ અતિ અલ્પ ઉપયોગ કર્યો છે અને એટલે જ કહે છે: "માનવનામાં આનંદતા આત્માનો એક ઉદ્‌ગાર તે જ કવિતા છે." "કાવ્યશાસ્ત્રની રૂઢ પરિભાષા પણ દાસત્વભર્યું બંધન ન બનવું જોઈએ એમ મણિલાલ માને છે. કવિઓ વિશે માર્મિકતાથી મણિલાલ કહે છે: "વાચ્યાર્થને અતિક્રમીને એમની વાણી નવા નવા વિશેષો સિદ્ધ કરે છે: વળી કહે છે: સ્થૂલ પારના સંબંધો ઉપજાવી નવાં નવાં વિશ્વ કરવાની શક્તિ સહજ રીતે જેમનામાં હોય તેની ગણના કવિ વર્ગમાં થઈ શકે. મણિલાલ કવિતા અને તત્ત્વજ્ઞાન વચ્ચે અભેદ જુએ છે અને કહે છે: "કવિતા અને તત્ત્વજ્ઞાનનો સંબંધ ગૂઢ છે. કાવ્ય નીતિમય જ હોય. કાવ્યમાંથી સંસારી પુરુષને પણ વિશેષ આનન્દ પ્રાપ્ત થાય. કવિની સૃષ્ટિમાં અહંતા મમતાને સહેજે અતિક્રમી જવાતાં હોય છે. કવિતાનો આનન્દ તે લોકોત્તર છે: કવિની સૃષ્ટિમાં "અનીતિ, અસત્ય અનાચારનો સંભવ જ નથી. મણિલાલ રસનું મહત્ત્વ સ્વીકારે છે પણ રસ પર ભાર મૂકવા જતાં રસ કેવી રીતે સિદ્ધ થયો તે ઘણીવાર જોવાનું નથી ને તેથી રસનાં બાહ્ય લેબલ લગાડવા જેવું થાય છે તેનો વિરોધ કરે છે. તેમ ધ્વનિ ઉપરથી કાવ્યની ઉત્તમતા નિરપેક્ષ રીતે નક્કી કરવાને બદલે ધ્વનિ કેવા પ્રકારનો છે, ધ્વનિની જે જુદી જુદી ઊંચાવચ કક્ષાઓ સંભવે છે તેનો પણ જાગ્રત બુદ્ધિથી વિચાર કરવાનું નિર્દેશે છે.

પંડિતયુગમાં ગુજરાતી સાહિત્ય વિવેચનનો તે જ તપતો મધ્યાહ્ન આપણે જોઈએ છીએ એમ કહ્યા પછી વક્તાએ નરસિંહરાવની કાવ્ય વિવેચન વિભાવના વિશે કહ્યું: "નરસિંહરાવે જીવનભર ભાષાશાસ્ત્રનો અભ્યાસ કર્યો. તે સાથે કવિતાનાં બાહ્યાંગો, શરીર બાંધણી, છંદની ભાષાની તેમ આંતર્ય ભાવારોપણ, અસંભવ દોષ, વગેરેની ઝીણવટ-ભરી ચર્ચા કરી છે પરન્તુ એમની પ્રતિભા પૃથક્કરણમાં વિશેષ રાચે છે તેથી સૈદ્ધાન્તિક વિચારની દિશામાં તેમની કોઈ વિશેષ સ્વકીય કાંતિ દેખાતી નથી. સૌન્દર્યાભિમુખ વિવેચક નરસિંહરાવમાં પંડિતની ચોકસાઈ છે. કિન્તુ ઉદાર રુચિ નથી. મણિલાલ ભારતીય કાવ્યશાસ્ત્રના જ્ઞાતા છે તો રમણભાઈ પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્રના એવી જ ઊંચ કોટિના જ્ઞાતા છે. રમણભાઈએ ભારતીય કાવ્યશાસ્ત્રનું પણ ઠીક ઠીક ઊંડાણથી અધ્યયન કર્યું છે. અલબત્ત રમણભાઈનો વિવેચનાત્મક અભિગમ પાશ્ચાત્ય સાહિત્ય સિદ્ધાન્ત તરફનો રહ્યો છે. રમણભાઈ સર્વ કવિતાનું મૂળ અન્તઃ ક્ષોભમાં જુએ છે. રમણભાઈ માને છે કે કાવ્ય આત્મ-લક્ષી હોય એ જ સાચાં કાવ્યો. આત્મલક્ષી કાવ્યનો સર્જક જ સાચો કવિ. ચિત્તક્ષોભનું ઊર્મિના ઉદ્રેકનું કાવ્યમાં મહત્ત્વ છે. ઊર્મિકાવ્ય તેથી જ શ્રેષ્ઠ પ્રકાર છે. પ્રેરણાનું સર્જનમાં મહત્ત્વ છે. પ્રેરણા અંગત કાવ્યમાં જ પ્રવર્તે છે ને તે ટૂંકા વર્તુલમાં જ ઊડે છે માટે બિનંગત પરલક્ષી કવિતા તે ઊતરતો કાવ્ય પ્રકાર છે. રમણભાઈને મતે વ્યાસ વાલ્મીકિ ને ઊતરતી કોટિના કવિ અને ટૂંકા ઊર્મિ કાવ્યો લખનારા ઉચ્ચ કોટિના કવિ એવું ફલિત થઈ શકે. સ્વાનુભવરસિક તે કવિઓના કવિ અને સર્વાનુભવરસિક તે લોકનો કવિ. આચાર્ય આનંદશંકર ધ્રુવને મહાન વાર્તિકકાર અને પૂરેપૂરા સર્જક એવા વિદ્વાન તરીકે ઓળખાવીને વક્તાએ કહ્યું: આનન્દશંકર કોઈ પણ પ્રકારના સાહિત્યના સિદ્ધાન્તથી અભિભૂત ન થઈ જાય. તેઓ કઠોર કે કડવા

થયા વગર ક્રોચેની ભૂલ પણ બતાવે. આનન્દશંકર રમણભાઈથી પણ અભિભૂત થતા નથી. તેમનો કાવ્ય વિચાર વેદાન્ત દર્શનની પીઠિકા ઉપર સ્થિરપણે પ્રતિષ્ઠિત છે. એટલે તેઓ પોતાની સમતુલા ગુમાવતા નથી. સેઇન્ટસબરીની જેમ આનન્દશંકર માને છે કે કવિત્વના મહાભવનમાં અનેક ખંડોપખંડો છે ને તેથી રુચિને સંકુચિત કરવી ન જોઈએ. કોરિસ્ટોટલથી માંડીને ક્રોચે રુથીના અને ભરતથી માંડીને જગન્નાથ રુથીના કાવ્ય મીમાંસકોની વિચારણા એ સ્થિર સમતોલ અને સ્વચ્છ દૃષ્ટિથી તોળી તપાસી શકયા છે તે જુદા જુદા કાવ્યશાસ્ત્રના સિદ્ધાન્તોનું તોલન, પરીક્ષણ શોધન એમણે મૌલિક સૂઝથી કર્યું છે. મધુરતા અને તેજોમયતા એમના વિવેચનનાં ખાસ લક્ષણ છે.

આનંદશંકર માને છે કે કવિતા એ આત્માની અમૃતમય કલા છે કવિતા એ યજ્ઞનું હુતશેષ છે. સૌન્દર્ય સર્જન એટલે જ આત્મચેતનાનું ઉત્સ્ફુરણ કે ઉન્નયન. આનંદશંકર માને છે કે રસ ભાવકગત છે તેમ કલાકૃતિગત પણ છે. વસ્તુગત પણ છે તેને પરખવા કેળવાયેલી રસેન્દ્રિય જરૂરી છે. અન્યથા કલાકૃતિનો આસ્વાદ પૂર્ણતયા અવ્યગ્ર ચિત્તે થઈ શકે નહિ. આનંદશંકરે કોઈ સિદ્ધાન્ત સ્થાપન નથી કર્યું પણ સિદ્ધાન્ત શોધન કર્યું છે.

પાંચમા અને છેલ્લા વ્યાખ્યાનનો વિષય હતો: "ગાંધીયુગમાં સૌદ્ધાન્તિક વિવેચન અને વિનિયોગ."

પોતાના અંતિમ વ્યાખ્યાનમાં ડો. ઉપેન્દ્ર પંડ્યાએ બલવન્તરાય ઠાકોર, રામનારાયણ પાઠક અને ડો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી આ ત્રણ વિદ્વાનોની કાવ્ય વિવેચન વિભાવનાની વિચારણા કરી હતી. તેમણે ઠાકોરને કવિ, કવિતા શિક્ષક અને વિવેચક તરીકે તથા સ્વમતાગ્રહી વિચારક તરીકે ઓળખાવીને, તેમની વિચાર પ્રધાન કવિતા તે જ ત્રિજોત્તમ જાતિની કવિતા એ તેમના ગંતવ્યની વિશદતાથી ચર્ચા કરી હતી. રમણભાઈએ કવિતામાં ઊર્મિવાદનું પ્રવર્તન કર્યું તો ઠાકોરે કવિતામાં વિચાર અને બુદ્ધિની પ્રતિષ્ઠા કરી છે. બળવંતરાય પૌરસ્ત્ય કાવ્યશાસ્ત્રના અભ્યાસી પરન્તુ પાશ્ચાત્ય કાવ્ય સાહિત્ય પ્રતિ તેમનો વિશેષ ઝોક છે. ઠાકોર માને છે કે કવિતા પ્રેરણાથી જ નહિ પણ "જીવન, વિચાર અને સર્ગશક્તિના ત્રેવડા ઘર્ષણના વિશ્લેષણથી સર્જાય છે. કલાકારની સૃષ્ટિ બિનંગત વિશાલોદાર નવીન અને સંગીન હોવી ઘટે. કવિના સર્જનમાં શબ્દ પર નહિ અર્થ પર ભાર હોય. વાણીરૂપી પાર્વતી કરતાં અર્થરૂપ શિવતત્ત્વ દશાંગુલ ચડિયાતું છે જ.

રામનારાયણનો કાવ્યવિચાર પૌરસ્ત્ય સાહિત્ય મીમાંસાના અભ્યાસથી સમૃદ્ધ હોવાનું જણાવીને વકતાએ કહ્યું રામનારાયણ વિવેચનમાં તાર્કિક વિચારસરણીને આવકારે છે. તેઓ સ્વસ્થ રુચિના તત્ત્વનિષ્ઠ વિવેચક છે. તેમણે કાવ્ય વિચારમાં વ્યંજના વૃત્તિ, સાધારણીકરણ તથા રસ વિચાર વિશે કેટલુંક મૌલિક ચિંતન પ્રતિપાદન કર્યું છે એમની દૃષ્ટિએ કલાનુભવ વ્યવહારના અનુભવથી તાત્ત્વિક રીતે જુદો નથી. તેઓ જીવનના દરેક અનુભવે રસનિષ્પત્તિ થાય એમ માને છે પણ એમનું એ વિધાન અપુષ્ટ છે. વસ્તુતઃ કાવ્યાનુભવ શબ્દ સંવેદ્ય રસાનુભવ છે શબ્દ સૃષ્ટિ જન્ય ચેતોવિસ્તાર યુકત, સાત્ત્વિક પ્રકાશાનન્દ ઐહિક જીવનમાં સંભવી શકતો નથી. એમને મતે કોઈ પણ મહાન કૃતિમાં વ્યકત થતા દર્શનનો એકાદ રસમાં સમાવેશ થઈ શકે. તેથી કોઈ કૃતિ અમુક રસપ્રધાન છે એમ કહેવાથી કૃતિનો સાચો મહિમા નિર્દેશાતો નથી.

ડો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને સૌન્દર્યનિષ્ઠ વિવેચક તરકે ઓળખાવીને વકતાએ "રસાનન્દ એ જ વિવેચનનું પ્રભવસ્થાન છે" એ ડો. વિષ્ણુપ્રસાદના ગંતવ્યને તપાસ્યું હતું. તેમના વિવેચનમાં ઉજજવલ સાત્ત્વિકતા અને ઉચ્ચ સહૃદયતા છે. તેમણે આપસૂઝથી કવિતામાં પ્રતિરૂપની મહત્તા દર્શાવી. એમની દૃષ્ટિ અર્વાચીન સાહિત્ય અને વિવેચનામાં પણ કૌતુકરાગ" જુએ છે સાધારણીકરણ, રસાભાસ અને રસ સિદ્ધાન્તની સાપેક્ષતા આ ત્રણ મુદ્દા પર એમણે કેટલોક નવીન આર્થસ્ફોટ કર્યો છે અને માને છે કે" આધુનિક સંવિતલક્ષી કાવ્યોને રસસિદ્ધાન્તની કસોટીએ ચઢાવવામાં બેહુદાપણું આવે છે. આપણી રસ મીમાંસા યુગાનુરૂપ દૃષ્ટિ ટાળી વધુ વિશાલ અને ઉદાર વલણ ધરાવતી બને એ એમને અભિપ્રેત છે.

ડૉ. રમણલાલ શાહે ઉપસંહાર કરતાં ડો. ઉપેન્દ્ર પંડ્યાના સમગ્ર વકતવ્યને અનુલક્ષીને કહ્યું: "કવિતાનું સ્વરૂપ એવું છે કે એમાં કોઈ ફરફર નિયમ હમેશ માટે સ્થાપી શકાતો નથી. નવીન સિદ્ધાન્તોનું પ્રાચીન સિદ્ધાન્તોના અને પ્રાચીન સિદ્ધાન્તોને નવીન સિદ્ધાન્તોના પ્રકાશમાં તપાસવા જ રહ્યા. કારણ કવિતાની પ્રક્રિયા યાંત્રિક નથી. તે ગૂઢ અને ગહન છે. કવિતાની કોઈ પણ એક નિશ્ચિત વ્યાખ્યા સદાકાળ માટે આપી શકાતી નથી. એનું મેટાબોલિઝમ ગૂઢ છે અને પ્રત્યેક કવિતાનું મેટાબોલિઝમ જુદું જુદું છે. સર્જન, ભાવન અને વિવેચનની આ ત્રિવિધ પ્રક્રિયા સતત ચાલ્યા જ કરવાની.

આ સમગ્ર વૃત્તાન્તનું સંકલન કરવામાં વ્યાખ્યાતાની ટૂંકી નોંધનો સારો એવો આધાર લીધો છે તે ઋણ સ્વીકાર કરવો જોઈએ

એક વખત એવો આવશે

□ મેક્સિમ ગોર્કી : 'ખમધર'

હું જાણું છું, એક એવો વખત આવશે, જ્યારે લોકો એકબીજાને જોઈને રાજી થશે, એક મનુષ્ય બીજા માટે તારક સમાન બનશે. એકબીજાની વાત તે એવી રીતે સાંભળશે, જાણે તે કોઈ સંગીત સાંભળતો હોય. આ ભૂમિ ઉપર સ્વતંત્રતામાં માનવો વિચરશે અને પોતાની સ્વતંત્રતામાં તેઓ મહાન હશે. એમ તો વિહાર ખુલ્લા હૃદયથી થતો હશે. એમના શુદ્ધ અંતઃકરણમાં ઈર્ષ્યા અને લોભનો અભાવ હશે. એના પરિણામે મનુષ્ય જાતિ વૈમનસ્યરહિત બનશે અને બધી પરિસ્થિતિમાં હૃદય અને બુદ્ધિ વચ્ચે સુમેળ જાળવશે.

અને પછી મનુષ્યજાત માટે જીવન એક સેવા બનીરહેશે. મનુષ્યનું જીવન ઉચ્ચત્તમ કોટિએ પહોંચશે કારણ કે સ્વતંત્ર મનુષ્ય કોઈ પણ ઉન્નત સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે. પછી આપણે સત્યતા, સ્વતંત્રતા, સુંદરતામાં જીવીશું. દુનિયામાં ત્યારે એવા લોકો શ્રેષ્ઠ ગણાશે, જેઓ હૃદયપૂર્વક આ વિશાળ વિશ્વ સાથે એકાત્મતા અનુભવતા હોય, તેને ઊંડો પ્રેમ કરતા હોય. જીવનના દરેક પાસામાં તે સ્વતંત્ર હશે, કારણ કે એમાં જ સુંદરતા પોતાની ચરમસીમા પ્રાપ્ત કરે છે. આવી સ્થિતિ હશે ત્યારે જીવન મહાન બનશે અને જે લોકો જીવનનો અનુભવ કરશે તે લોકો પણ મહાન બનશે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

અભ્યાસ વર્તુળ

-: આગામી કાર્યક્રમ :-

વકતા :- ડો. રમણલાલ ચી. શાહ

વિષય :- ભકતામર સ્તોત્ર - એ પ્રવચનો

સમય :- તા. ૩૦-૩-૮૨ મંગળવાર સાંજે ૬-૧૫

તા. ૩૧-૩-૮૨ બુધવાર ,, ,,

સ્થળ :- પરમાનંદ કાપડિયા સભાગૃહ

નોંધ :- શ્રી માનતુંગસૂરિ રચિત ભકતામર સ્તોત્ર જિનેશ્વર ભગવંતની સ્તુતિનું મહાસ્તોત્ર છે. ૪૪ શ્લોકોમાં ગવાયેલા શ્રી અરિહંત પરમાત્માનાં ગુણોની વિશદ સમજ ડો. રમણભાઇ આપશે. સૌ રસજ્ઞ-મિત્રોને ઉપસ્થિત થવાનું નિમંત્રણ છે.

સુબોધભાઇ એમ. શાહ

કન્વીનર-અભ્યાસ વર્તુળ

જનોઈ વગરના ભૂદેવ ચુનીલાલ મહારાજ

□ સં.: ગુલાબ દેઢિયા

કોમ કરતાં કરનાં જે મળ્યું તે જ મારે કહેવું છે. ભગવાન ઘણી વખત ઘણા માટે જાત જાતના સંજોગ ઘડે છે. માણસે કંઈકને કંઈક છોડવું પડે છે. મેં જે છોડ્યું છે તે પ્રેમ અને હૈયાની સમજણથી છોડ્યું છે.

આ શબ્દો છે એક ખાદીધારીના. પણ એ ખાદીનાં વસ્ત્રોને કડકડાટ કાંજી કરેલ નથી કે જેની ધાર વાગે. કરચલીવાળી ટોપી છે, બાંડિયું ને ધોતિયું, બંડીનો રંગ પણ નહીં લીલો કે નહીં ભૂરો, એ બન્નેની વચ્ચેનો. પગમાં દોશી ચામડાંના ભારે પગરખાં, સાથે છે એક નાનકડી ગાંઠ વાળેલ પોટલી જેની થેલી. પણ જેના મનમાં ગાંઠ વાળેલ નથી એ છે 'ગાંઠ છૂટ્યાની વેળા' વાળા ચુનીલાલ મહારાજ.

અતિ સરળતાથી મહારાજ બોલતા હતા. હું વખાણ નથી કરતો પણ અમારું કુટુંબ કેવું સુખી? ઈ જમાનામાં મારા દાદા ગુજરી ગયા ત્યારે એક લાખ બ્રાહ્મણોને બ્રહ્મભોજન કરાવેલું. છ પેઢીથી પૈસે ટકે સુખી છીએ.

સાડા પંદર વરસની ઉંમરે મારા લગન થયાં. હું તેજસ્વી ઘોડી જેવો માણસ.

બાપદીનું મોઢું જોતું જોયું. એણે સામટું પેલે દિ'જ કહ્યું, 'તમારા બાપ પાસેથી એક રૂપિયો ય નથી લેવાનો તમારે.' ત્યારે હું કમીબાઈ હાઈસ્કૂલમાં ભણતો' તો. જાતે કમાવવાની શરૂઆત કરી. છ વરસ ઘરસંસાર ચાલ્યો, બીજી વખત પરણ્યો, સેવા અને ધંધો હારોહાર ચાલે. ધંધામાં ચાર મહિનામાં બે વરસ જેટલા રોટલા મળી રહેતા.

હું જનોમાં મોટો થયો છું. મેં ચૌદ અઠ્ઠાઈ કરી છે. છ વખત તો આઠ-આઠ દિવસના ઉપવાસ વગર પાણી પીધે કર્યા છે. જે કમાઉ તેમાંથી ઘણું ખરું તો ગરીબોમાં વહેંચી દઉં.

હું મહાબળેશ્વર ગયો. બાજની જેમ ફરવા નહીં. પણ પોતડીને બાંડિયું ખમીસ પહેરી, પછાત આદિવાસી પ્રદેશમાં પહોંચ્યો હતો. ત્યાં એક પાડો મારી ને માંસ શેકતા હતા. શેકેલું તીવ્ર વાસવાળું માંસ મારી સામે મૂકી કહે, 'આ તુમ્હી, તમે ખાઓ અમારી દેવીનો પરસાદ છે. મેં ના પાડી. લાકડીઓ ફટાફટ વીંઝાઈ ને માર ગુડા તોડી નાખ્યા. તું એવો કયો મોટો આવી ગયો? દેવીનો પરસાદ ન લે. તારી મદદ નથી જોઈતી. એ વખતે આદિવાસી બહેનોએ મને બચાવ્યો. મને એમના પર તિરસ્કાર ન આવ્યો. હું સોળ દિવસ એ મહાબળેશ્વરના પહાડી જંગલી પ્રદેશમાં રહ્યો.

મારી માતાનાં ચૌદ સંતાન. આઠ ભાઈઓમાં હું સૌથી મોટો. નાનાં ભાંડુઓનાં બાળોતિયાં ધોતાં તો મને બચપણથી આવડે. પ્રસૂતિ વગેરેનું કામ પણ શીખ્યો. આજે પણ વરસે દહાડે મારે હાથે સો સવાસો સુવાવડ થાય છે. નવા ભગવાનને અવતારવાના કાર્યમાં મને ક્ષોભ નથી. એમના-ગુ મૂતરની સુગ નથી. આ બધી વાતો તો સંયુક્ત કુટુંબ અને માબાપ પાસેથી શીખ્યો છું.

હું મરેલાં ઢોરનું ચામડું ઊતરતાં પણ શીખ્યો છું. મારા હાથથી ચંપલ સીવી શકું છું. ધંધાની ભાગીદારીમાંથી છૂટા પડતાં મારા ભાગીદારને મેં ચંપલની જોડી સીવીને ભેટ આપી હતી.

છ વર્ષ સુધી સતત પત્ની સાથે ઝગડા થતા રહ્યા. પૈસા છે, આબરૂ છે, સગવડો છે, આ છે છેની વચ્ચે પણ નથી નથીના ભણકારા વાગ્યા કરતા હતા. – મહારાજ શ્રોતાઓથી ખીચોખીચ ભરાયેલા સભાગૃહમાં 'જન સેવા એ જ પ્રભુ સેવા' પર બોલી રહ્યા હતા. અવાજમાં નહીં આત્મદયા કે ન આત્મ પ્રશંસાની લકીર.

મેં અગિયાર વર્ષ ચુંવી રાત્રિ ભોજન ન કરવાની પ્રતિજ્ઞા લીધી. ખાંડ, ગોળ ન ખાવાં, દરરોજ પાકા પાંચ શેર ધાન દળીશ, હાથે કાંતેલાં કપડાં પહેરીશ, આસપાસ જેનાં મેલાં લૂગડાં જોઈશ તે ધોઈશ.

કપડાં કેમ ઊજળાં થાય એ મને મદ્રાસમાં રાજાજીએ શીખવ્યું. ૧૯૫૧માં તામિલનાડુમાં હરિજનો અને સવર્ણો વચ્ચે વિખવાદ વધી પડ્યો. ત્રીસ ગામ મિલિટરીને સોંપાયાં. રાજાજીના કહેણથી હું ત્યાં પહોંચ્યો. છૂઆછૂતથી આગળ વધી અહીં તો દૃષ્ટિની આભડછેટ હતી. હરિજનોની નજર પણ સવર્ણો પર ન પડવી જોઈએ.

૪૮ કલાકનો કરફ્યુ હતો. વચ્ચે બે કલાકની છૂટ હતી. સૌ ઝપાટાબંધ બજાર નીકળી પોતપોતાનાં કામ ઉકેલતાં હતાં. મિલિટરીની ગાડીઓ ફરતી હતી.

નાનાં છોકરાંઓ રમવા લાગ્યાં. એક હરિજન બાળક પોતાના બ્રાહ્મણ દોસ્તારને મળવા ગયો. એ દોડતો દોડતો પૂજાઘર સુધી પહોંચી ગયો. "દોડો, દોડો, પકડો, પકડો, ચંડાલ બધું અભડાવી દેશે. મારો મારો. દોડો દોડો..."

સાયરન વાગી ફરી સંચારબંધી શરૂ થઈ ગઈ. પેલા હરિજન બાળકના માબાપ એની શોધાશોધ કરવા લાગ્યાં.

બ્રાહ્મણોએ તવેથા ધગધગાવી એ માસૂમ બાળકના અંગે અંગ પર ડામ દીધા. છોકરો તમીળ ભાષામાં બોલ્યા કરે, મને મારાં મા-બાપ પાસે લઈ જાઓ, મા-બાપ પાસે લઈ જાઓ. આંખના ડોળા બહાર આવી ગયા. મારી સાથે રાજાજીની ભત્રીજી હતી. એ તમીળ ભાષા સમજે હું તો સમજું નહીં. એના માબાપનું નામ જાણી લીધું. એને દવાખાને લઈ જવા પહેલાં એના માબાપને જાણ કરવા વિચાર્યું. છોકરો થોડી વારમાં જ રામશરણ થઈ ગયો. હવે એના માબાપ પાસે કેમ ઊભા રહી શકીશું?

મૃત બાળકની જનેતાએ પોતાના પતિને કહ્યું, તમે શા માટે માથાં પછાડો છો? ભગવાનને પ્રાર્થના કરો કે ભારત દેશમાં હવે ફરી જનમ ન આપે.' મને જોઈને કહે, 'હવે આ મૃત બાળકને શું કરું? તારી જનવાળાએ બાળી મારી છે, તું મને આશ્વાસન દેવા આવ્યો છે?' એ બાળકને અગ્નિદાહ દેતાં મેં ગળામાંથી મારી જનોઈ કાઢી એની સાથે બાળી દીધી. બસ ત્યારથી જનોઈ નથી પહેરતો.

મેં મુંબઈમાં ૧૭૫થી વધુ નાટકો જોયાં છે. તેમાં કેઈ કેઈ તો ૨૫ વખતથી પણ વધુ. હું હંમેશાં તીર્થક્ષેત્ર સમજી દેશી નાટક સમાજમાં નાટક જોવા ગયો છું. મુંબઈ છોડવા પાછળ આ નાટકોનો પણ સારો હિસ્સો છે.

બે દિવસનું નવજાત શિશુ, ભીંડીબજારની ગટરમાંથી મળતાં, હોસ્પિટલમાં આવ્યું. માતાના ધાવણ વગર નહીં ટકી શકે એમ લાગતાં, મારે ઘેર લઈ ગયો, પત્નીને વાત નહોતી કરી, મારી નાનકડી દીકરીને ધવડાવતી પત્ની પાસે અર્જુનની જેમ ઊભો રહ્યો. પત્નીને મેં એટલું જ કહ્યું, "તને મેં પૂછ્યું નથી, છતાં પૂરો વિશ્વાસ, છે, માત્ર તું એને સો દહાડા આપણી દીકરી સાથે ધવડાવ. એનાં બાળોતિયાં હું જાતે ધોઈશ.' પત્નીએ બાળકને નીચે મૂકી અજાણ્યા શિશુને ધવડાવ્યું. પછી કુટુંબીજનો સાથે મેં ખુલાસો કર્યો, આ

મુસ્લિમ બાળક છે. બધાંને આંચકો લાગ્યો, મેં મારી માતાને કહી દીધું, 'આ છોકરો મારે મન કરસન ભગવાન છે. મા, હું તો તારા ધાવણથી બોલું છું. પ્રતિષ્ઠાને આંચ આવતી હોય તો ભલે, મને પ્રતિષ્ઠાની કોઈ જરૂર નથી.' મારી પત્નીએ આ રીતે ત્રણ બાળકોને ઉછેરી મોટાં કર્યાં.

મારી પત્ની દરરોજ ૨૫ રોટલા કૂતરાઓને ખવડાવે. એક વાર હું પાકિસ્તાનની સરહદ પરથી સોમવારે આવ્યો. આવીને વનિતાની તબિયતના સમાચાર પૂછ્યા. એની માતાએ કહ્યું, 'એ તો ગઈ કાલે જ ગુજરી ગઈ અને કહેતી ગઈ છે બા, તારા જમાઈએ પોતાનો એક રૂમાલ પણ મને ધોવા નથી દીધો. જેને મેં ધવડાવીને મોટાં કર્યાં છે એમને પરણાવજો. હું સુખપૂર્વક હસતે મોઢે મરું છું.'—એની અંતિમયાત્રામાં માણસોની સાથે કૂતરાઓનું મોટું ટોળું હતું. ઘરમાં બે રૂપિયા પણ ન હતા. ગઈ કાલથી આ કૂતરાઓ રોટલા ખાતા નથી, સૂંઘીને છોડી દે છે.'—મેં જાતે મોટા કૂતરા, નાના કૂતરા બધાને રોટલા ખવડાવવા પ્રયત્ન કર્યો પણ વ્યર્થ. કોઈએ બચકું પણ ન ભર્યું.

હે પ્રભુ! તું કેટલો મોટો છે—માણસને વાણી આપી પણ ભાવ ન આપ્યો, કૂતરાઓને વાણી ન આપી પણ ભાવ આપ્યો.

જ્યાં બસોથી અઢીસો ખૂન થતા એવા આદિવાસીઓના વિસ્તાર કઠીવાડા, છોટાઉદેપુરની પાસે હું પહોંચી ગયો. ત્યાં જવા રાજેન્દ્રબાબુએ સૂચવ્યું હતું. મને માણહ વહલો છે. સમજાવ્યા વગર દાન લેતો નથી. તમારું દિલ જોઈએ છે. તમારા ભોજનમાં એક કોળિયો પણ ગરીબ માટે હોય તો ઘણું છે. તમારું દિલ દાઝ્યું જોઈએ.

ત્યાર બાદ ચુનીલાલ મહારાજે રાજેન્દ્ર આશ્રમ કઠીવાડાની પ્રવૃત્તિઓને ટૂંકમાં ખ્યાલ આપ્યો હતો. સાથે સાથે એમણે ગાયો અને બળદોની કતલના અવિચારી કારસ્તાનોની વાત કરી હતી. આ પશુધન નષ્ટ પામતાં કેવા કપરા દિવસ આવશે તેની વાત કરી હતી. ગોવામાં આર્ક બિશપે આ વાત સ્વીકારી છે.

એક વખત સૌ ધર્મગુરુઓ એક મંચ પર આવી ગૌહત્યાનો વિરોધ કરે એવી અપીલ પણ એમણે કરી હતી.

અભ્યાસ વર્તુળના કન્વીનર શ્રી સુબોધભાઈ એમ. શાહે ચુનીલાલ મહારાજનો પરિચય આપ્યો હતો. એમના પારદર્શક વ્યક્તિત્વની વાત કરી હતી. પ્રવચનને અંતે શ્રી ગુણવંતભાઈ ઝવેરીએ આભારવિધિ કરી હતી.

ઔપચારિકતા અને આત્મીયતા

ફાધર વાલેસ : [] સંકલન : ગુલાબ દેઢિયા

એક વખત મેં કવિ શ્રી ઉમાશંકર જોશીને એક સભામાં બોલતા સાંભળ્યા, 'આ તો રોમેરોમે જીવતો માણસ છે.' કેટલી ઉત્તમ વ્યાખ્યા છે. માણસ જીવન જીવવા માટે સર્જાયો છે. એણે ક્ષણેક્ષણ જીવતા રહેવું જોઈએ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે રવિવાર તા. ૨૮ ફેબ્રુ આરીના, બિરલા ક્રીડા કેન્દ્રમાં "ઔપચારિકતા અને આત્મીયતા' વિષે ગુજરાતના લાડીલા સવાઈ ગુજરાતી લેખક અને પર્યુષણ વ્યાખ્યાનમાળાના શ્રોતાઓના આત્મીય વક્તા ફાધર વાલેસ બોલી રહ્યા હતા.

ઔપચારિકતા એક ઢાલ છે. ઔપચારિકતાથી ક્યારેક સમય બચાવી શકાય છે. ક્યારેક કોઈને સારું લગાડી શકાય છે. જીવનમાં ઔપચારિકતા ઓછી થાય ત્યારે જ આત્મીયતા વધે છે. માણસ રોમેરોમ જીવી શકે છે.

આપણે કોઈને મળતાંની સાથે જ પૂછીએ છીએ, કેમ છો?' 'સારું છે.' ને બદલે સામી વ્યક્તિ પોતાના દુઃખની લાંબી કથા સંભળાવે તો આપણે વિચારીએ છીએ, મેં આ તો એને નહોતું પૂછ્યું! આપણો પ્રશ્ન ઔપચારિક હોય છે. આપણે ઉત્તર પણ ગોઠવેલો, ચીલાચાલુ ઔપચારિક હોય એની અપેક્ષા રાખીએ છીએ. અંગ્રેજીમાં તો 'હાઉ ડુ યુ ડુ?'ની સામે એ જ પ્રશ્ન પૂછી વાત પૂરી કરવામાં આવે છે. ઘણા જણ એક સાથે હાથ મિલાવે અને વાતો બીજા સામે જોઈને કરતા હોય છે. સોરી, થેન્કયુ જેવા શબ્દો ઘસાઈ ગયા છે. કૃત્રિમ બની ગયા છે. વાસી થઈ ગયા છે.

ઔપચારિકતાને વશ, સામેનાને ખોટું ન લાગડવા, ખોટી હા કહી દઈએ છીએ. મનમાં દબાવી રાખીએ છીએ, દબાવવું એ ઝેર છે. એ પોતાનું કામ કરે છે. એ જ વાત સરળતાથી, સહજતાથી અને સાફ શબ્દોમાં કરી શકાય તો આત્મીયતા જરૂર પ્રગટે છે.

આદર્શ સમાજનો મોટામાં મોટો શત્રુ આદર્શ સમાજની કલ્પના છે. આદર્શ સાચો છે, પણ ઘણો મોટો છે. એ પૂરો ન થતાં, કૃત્રિમતા અને ઔપચારિકતા આવી જાય છે. થાય એટલું કરીએ તો જ સહજતા આવે. આત્મીયતા આવે. વ્રતની સ્થિરતા સારી વસ્તુ છે, પણ જ્યારે એમાં જડતા આવી જાય છે ત્યારે મૂલ્ય નાશ પામે છે.

આત્મીયતા બધા સાથે, મારી જાત સાથે અને પ્રભુ સાથે રાખવાની છે. મંદિરમાં પ્રભુ પાસે આત્મીયતાને બદલે ઔપચારિકતા વિશેષ જોવા મળે છે. રવિવારે સવારે પ્રાર્થના થઈ ગયા બાદ ચર્ચામાંથી બહાર આવતાં, 'હાશ! છૂટ્યા, સારું થયું જલ્દી પતી ગયું.' ના ઉદ્‌ગાર સાંભળવા મળે છે. એનું કારણ ક્રિયાની ઔપચારિકતા છે. કરવું પડે છે માટે કરીએ છીએ. મન પરોવીએ તો આત્મીયતા જરૂર પ્રગટે.

બધા સાથે, જાત સાથે, અને પ્રભુ સાથે આત્મીયતા કેળવીએ, એ જ ખરી સાધના છે.

ફાધર વાલેસે પોતાના જીવનના પ્રસંગો, વિહારયાત્રાના પ્રસંગો લઈને આ વાતને રસિક બનાવી હતી. બીજા કોઈ વક્તા આ રીતે બોલે તો વક્તવ્ય સામાન્યતામાં ખપી જાય, પણ ફાધર વાલેસનું નિખાલસ વ્યક્તિત્વ, રોમે રોમ જીવતું પારદર્શીપણું, ભાષાની ઋજુતા અને આત્મીયતાના શીતળ સ્પર્શને કારણે જ આ પ્રવચન શ્રોતાઓ માટે મધુર સંભારણું બની રહ્યું. ફાધરને માઈક ટૂંકું પડે એવા વક્તા છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે સૌને આવકાર આપ્યો હતો. સભાના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે ફાધર વાલેસનો પરિચય આપ્યો હતો અને મોટાં શહેરોમાં ઔપચારિકતા કઈ રીતે વધુ દેખાય છે, તે જણાવ્યું હતું.

પ્રવચનના અંતે ઉપસંહાર કરતાં સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે, ગાંધીજીના જીવનના પ્રસંગો લઈ વ્યવહારમાં વિવેકનું મહત્ત્વ સમજાવ્યું હતું.

આ વ્યાખ્યાને પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ફાધર વાલેસની ગેરહાજરીને સરભર કરી દીધી હતી.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટે. નં.: ૩૫૦૨૯૬: મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ મેન પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૫: અંક: ૨૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧ એપ્રિલ, ૧૯૮૨, ગુરુવાર
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ : પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી: રમણલાલ ચી. શાહ

મુનિશ્રી સંતબાલ

☐ ચીમનલાલ ચકુભાઈ

મુનિશ્રી સંતબાલ, શુક્રવાર તા. ૨૬ માર્ચને દિને, ૭૯ વર્ષની ઉંમરે હરકીસનદાસ હોસ્પિટલમાં કાળધર્મને પામ્યા. તેમને એક મહિના પહેલાં પક્ષાઘાતનો હુમલો થયો હતો ત્યારે ચીંચણીથી મુંબઈ લાવ્યા અને હોસ્પિટલમાં દાખલ કર્યા. ત્યાર પછી તબિયત સુધારા ઉપર હતી. હું બે વખત તેમને મળ્યો. પહેલાં ગયો ત્યારે શુદ્ધિમાં હતા પણ વાચા ન હતી. મને ઓળખ્યો એટલું જ નહિ પણ તેમના મુખ ઉપર હાસ્ય હતું અને મને જોઈ તેમને ઘણી પ્રસન્નતા થઈ તે દેખાઈ આવતું હતું. બીજી વખત મારા જન્મદિન ૧૧ માર્ચે ગયો. ત્યારે મને માંગલિક સંભળાવી અને આશીર્વાદ આપ્યા. શુક્રવાર ૨૬ માર્ચને દિન સવારે પ્રસન્ન હતા, દૂધ લીધું, પ્રાર્થના કરી અને પછી અચાનક મુખ ફેરવી નાખ્યું અને બે મિનિટમાં જ દેહ છોડી દીધો. હૃદયરોગનો સખત હુમલો થયો એમ લાગે છે. ડોકટરો આવ્યા પણ નિરૂપાય હતા. દુર્લભજીભાઈ ખેતાણી, હું અને બીજા સંખ્યાબંધ ભાઈઓ અને બહેનો હોસ્પિટલમાં દર્શનાર્થે પહોંચ્યા હતાં. ત્યાંથી ઘાટકોપર ઉપાશ્રયે એમ્બ્યુલન્સમાં લઈ ગયા. આવતી કાલે (શનિવારે) સવારે ચિંચણી લઈ જશે જ્યાં તેમનાં અંતિમ સંસ્કાર થશે. તેમણે ઈચ્છા પ્રદર્શિત કરી હતી કે તેમને કોઈ થાય તો તેમની સંસ્થા ચિંચણીમાં તેમનું દેહવિસર્જન કરવું.

સંતબાલે દીક્ષા લીધી ત્યારથી હું તેમના પરિચયમાં રહ્યો છું. તેમના ગુરુ કવિશ્રી નાનચંદ્રજી મહારાજ પ્રભાવશાળી વ્યકિત હતા અને પ્રગતિશીલ વિચારો ધરાવતા. તેમની પ્રેરણાથી ઘણાં લોકકલ્યાણનાં કાર્યો થયાં છે અને સંસ્થાઓ સ્થપાઈ છે. કેળવણી, સ્ત્રીઓની પ્રગતિ, ખાદી તથા ગ્રામોદ્યોગને ઉત્તેજન વગેરે ઘણાં લોકહિતનાં કાર્યો તેમના ઉપદેશથી થતાં—ગાંધીજીના વિચારોથી પોતે પ્રભાવિત હતા અને જૈન સાધુની મર્યાદામાં રહી આ બધા વિચારોનો પ્રચાર કરતા. જૈન-જૈનેતર વિશાળ સમુદાય તેમના પ્રવચનો અને ભજનોમાં ઉત્સાહપૂર્વક ભાગ લેતો.

સંતબાલ બુદ્ધિશાળી અને વિદ્વાન હતા. જૈન દર્શન અને સાહિત્યનો તેમને સારો અભ્યાસ હતો. ઉત્તરાધ્યયન, આચારાંગ વગેરે આગમોનો ગુજરાતી અનુવાદ અને વિવેચના કરી છે. તત્ત્વાર્થસૂત્રનું શ્લોકી ગુજરાતી ભાષાંતર કર્યું છે. પણ વિદ્વત્તા ઉપરાંત, સંતબાલમાં જીવનનો તરવરાટ ઘણો હતો. તેમના ગુરુ પ્રગતિશીલ વિચારો ધરાવતા હતા પણ સંતબાલને તેથી સંતોષ ન હતો. સંતબાલ બે ડગલાં આગળ જવા ઈચ્છતા હતા. શુભકાર્યો માટે ઉપદેશ આપવો તેટલાથી તેમને શાન્તિ ન હતી. સક્રિય રીતે તેમાં પડવું એવી તેમની ભાવના હતી. જૈન મુનિ આરંભ-સમારંભના કાર્યો કરે નહિ અને કરવામાં સીધી રીતે અનુમોદન આપે નહિ- તે શ્રાવકધર્મ છે, શ્રાવક પોતાનું કર્તવ્ય કરે. જૈન ધર્મમાં અને ખાસ કરી તેના શ્રમણ વર્ગમાં, અહિંસાના પાલન વિષે અને તેમાંથી ફલિત થતા આચારવિચાર સંબંધે તીવ્ર મતભેદો રહ્યા જ છે.

સંતબાલનો તરવરાટ વધતો જતો હતો. પરિણામે, ગુરુ સાથે મતભેદ થયા અને વધતા ગયા. આ સંઘર્ષનો હું સાક્ષી હતો. કેટલીય ચર્ચાઓમાં મેં ભાગ લીધો છે. અંતે ગુરુ—શિષ્ય છૂટા પડ્યા. સંતબાલે પોતાના માર્ગે જવાનો નિર્ણય કર્યો. તીવ્ર મતભેદ હોવા છતાં, ગુરુ પ્રત્યેની ભકિતમાં જરાય ઉણપ આવી ન હતી. નાનચંદ્રજી મહારાજના જીવન પર્યંત સંતબાલની એવી જ ભકિત રહી. સંતબાલ ઉપનામ પણ એ ભકિતનું સૂચક છે. નાનચંદ્રજી મહારાજ પોતાને સંત-શિષ્ય કહેતા ને શિષ્યે સંતબાલ નામ ધારણ કર્યું.

સંતબાલને સંપ્રદાય બહાર મૂકયા. શરૂઆતમાં સંતબાલ પ્રત્યે સારો એવો વિરોધ હતો. પણ તેમની પારદર્શક પ્રામાણિકતા અને નિષ્ઠા તથા તેમના સેવાના સુંદર કાર્ય જોયા પછી, આ વિરોધ ઓછો થયો એટલું જ નહિ પણ તેમના પ્રત્યે આદર થયો.

સંતબાલે ગામડાઓમાં ખાદી, ગ્રામોદ્યોગ અને ગ્રામ ઉન્નતિનાં કાર્યો કરવાનો નિર્ણય કર્યો. ભાલ-નલકાંઠાના પછાત પ્રદેશમાં તેમણે પોતાના કાર્યનો પ્રારંભ કર્યો. આપણા દેશમાં, સત્તા, કીર્તિ કે લક્ષ્મી કરતાં, સંતપુરુષ અને ચારિત્રશીલ વ્યકિતઓનું જ વધારે સન્માન થાય છે. સંતબાલે જૈન સાધુના કેટલાક આચારમાં છુટછાટ લીધી પણ મૂળ વ્રતો અને મુનિવેષ કાયમ રાખ્યા. અપરિગ્રહ અને બ્રહ્મચર્ય, સાધુતાના પ્રધાન લક્ષણો છે. આ બે વ્રતનું પાલન નિષ્ઠાપૂર્વક થાય તો બીજા આચારો પ્રમાણમાં ગૌણ છે. સંતબાલે આ બન્ને અખંડપણે પાળ્યા અને તે સાથે જૈન મુનિના બીજા ઘણા આચારો-પાદવિહાર, ગોચરી, તપશ્ચર્યા વગેરેનું ચુસ્તપણે પાલન કર્યું. પણ આરંભ-સમારંભ કહેવાય એવા લોકકલ્યાણના કાર્યોમાં સક્રિય રીતે જોડાયા.

અમદાવાદ જિલ્લાના ધોલકા તાલુકાના ગુંદી ગામે આશ્રમ સ્થાપ્યો અને પોતાની બધી પ્રવૃત્તિઓનું તેને કેન્દ્ર બનાવ્યું. બહુ સારા નિષ્ઠાવાન કાર્યકર્તાઓનું જૂથ મળી ગયું. અંબુભાઈ, કુરેશીભાઈ, સુરાભાઈ, કાશીબહેન વગેરે સેવાભાવી ભાઈઓ અને બહેનો તેમના કાર્યમાં જોડાયાં. તે સાથે જૈન સમાજના ઘણા ભાઈઓ અને બહેનો તેમના કાર્યમાં મદદ કરતાં અને તે પ્રત્યે પૂરી સહાનુભૂતિ રાખતાં. સંતબાલની પ્રેરણાથી ભાલ—નળકાંઠાના ગામડાઓમાં સારી પેઠે લોકજાગ્રતિ આવી એટલું જ નહિ પણ મોટા પ્રમાણમાં રચનાત્મક કાર્યો થયાં. રચનાત્મક કાર્યમાં પડેલ વ્યકિતને રાજકારણના સંપર્કમાં આવવું જ પડે છે. સહકારી મંડળીઓમાં, પંચાયતોમાં ધારાસભામાં સારા માણસો ચૂંટાય, એવી જરૂરિયાત અનુભવાય છે. સંતબાલને આવી ચૂંટણીઓમાં સક્રિય રસ લેવો પડયો: સંતબાલને કોંગ્રેસ પ્રત્યે હંમેશાં શ્રદ્ધા હતી. પણ કોંગ્રેસ તંત્રમાં વિખવાદ હોય ત્યાં કોઈ વખત સંઘર્ષમાં ઉતરવું પડતું. ભ્રષ્ટાચાર હોય ત્યાં શુદ્ધિ પ્રયોગો પણ કરવા પડયા. વાદવિવાદમાં ઉતરવું પડયું. શુદ્ધ સાધ-

નોથી કામ કરવા ઈચ્છતી વ્યકિતને કેવા સંઘર્ષ નોતરવા પડે છે તે તો ગાંધીયુગનો સળંગ અનુભવ છે, સંતબાલ એક પાક્ષિક પત્ર- "વિશ્વ વાત્સલ્ય"નું સંપાદન કરતા જેમાં રાજકીય, સામાજિક, ધાર્મિક વિષયો સંબધિ સતત તેમના વિચારો પ્રકટ કરતા અને પોતાના અનુયાયીઓને માર્ગદર્શન આપતા. ગરીબ બહેનોને આર્થિક સહાય માટે "માતૃ સમાજ" સંસ્થા સ્થાપી હતી તેની શાખાઓ ઘાટકોપર, અને મુંબઈ વગેરે સ્થળે ચાલે છે અને સેંકડો બહેનોને રોજી મળે છે. છેલ્લા ૧૦/૧૨ વર્ષથી તેમણે થાણા જિલ્લામાં તારાપોર પાસે ચિચણ ગામે આશ્રમ સ્થાપ્યો હતો અને સ્થિરવાસ કર્યો હતો. તેમને ચાલવાની તકલીફ થઈ હતી તેથી સ્થિરવાસ કર્યો હતો.

સંતબાલ લાગણીપ્રધાન વ્યકિત હતા. તેમની મહત્ત્વાકાંક્ષાઓ પણ મોટી હતી. ચિચણીની સંસ્થાને આંતરરાષ્ટ્રીય સ્વરૂપ આપ્યું હતું. વિચારોની બહુ સ્પષ્ટતા ન હોય તો પણ લાગણીના પૂર વહેતા.

જૈન સમાજનો શ્રમણવર્ગ વર્તમાનમાં કોઈક અરાજક સ્થિતિમાં પસાર થઈ રહ્યો છે. અત્યંત રૂઢિચુસ્ત સાધુ-સાધ્વીઓ જોવા મળે છે તેમ પ્રગતિશીલતા કે ધર્મ પ્રચારને નામે નર્યો સ્વચ્છંદ પણ જોવા મળે છે. આ બે છેડા વચ્ચે ઘણા પ્રકાર છે અને મનફાવે તેમ વર્તન થાય છે. શ્રાવકવર્ગ ધાર્મિક બાબતમાં અજ્ઞાન અને અંધશ્રદ્ધાળુ છે અને દરેક પ્રકારના સાધુને કોઈને કોઈ શ્રાવકોનો ટેકો મળી રહે છે. ખાસ કરી, તાજા પૈસાવાળા થયેલ શ્રાવકો પોતાની નામના માટે અથવા કહેવાતા સંતોના આશીર્વાદ માટે સાધુઓ કહે તેમ વર્તે છે અને છૂટથી પૈસા વેરે છે.

સંતબાલ સાચા સાધુપુરુષ હતા. જૈન સાધુના પરંપરાગત આચારવિચારમાં તેમણે કેટલીક છૂટ લીધી પણ સાધુતાને આંચ આવી ન હતી. એ સાધુતાને કારણે જ તેમની પ્રેરણાથી ઘણાં લોકકલ્યાણનાં કાર્યો થયાં અને અનેક ભાઈ-બહેનોનાં જીવન ધન્ય થયાં.

સંતબાલને હું અંતઃકરણ પૂર્વક શ્રદ્ધાંજલિ અર્પું છું.

૨૬-૩-૧૯૮૨

કથળતી સ્થિતિ

□ ચીમનલાલ ચકુભાઈ

શ્રીમતી ઈન્દિરા ગાંધી, જાનેવારી ૧૯૮૦માં ફરી સત્તા પર આવ્યાં, ત્યાર પછીના બે વર્ષોમાં એક બાબત સ્પષ્ટ થઈ છે કે તેઓ આ દેશના બીનહરીફ નેતા છે. તેમની બરોબરી તો શું પણ તેમની નજીક આવી શકે એવી કોઈ વ્યકિત દેશમાં દેખાતી નથી. આવી અપ્રતિમ સત્તા હોવા છતાં, દેશનું નાવ દિશાશૂન્ય પ્રવાહમાં તણાઈ રહ્યું છે. એ પણ હકીકત છે. ઈન્દિરા ગાંધી તેમના દૃઢ સંકલ્પબળ માટે જાણીતાં છે. સામ્રાજ્ઞી, લોખંડી મહિલા, વગેરે ઘણાં વિશેષણો તેમને અપાયાં છે. પણ આ બે વર્ષનો અનુભવ બતાવે છે કે એ વિધેયાત્મક શકિત હવે રહી નથી. વૈકલ્પિકપ્રકારોનું પોતાની સત્તા જાળવી રાખવાની કુનેહ છે પણ દેશની સમસ્યાઓનો કોઈ ઉકેલ નથી એટલું જ નહિ પણ વધારે ગંભીર અને જટિલ થતી જાય છે છતાં, કોઈ અસરકારક નિર્ણયો કે પગલાં લેવાતાં નથી.

કોંગ્રેસ, કેન્દ્રમાં અને મોટા ભાગના રાજ્યોમાં સત્તા પર છે. પણ સંસ્થા તરીકે છિન્નભિન્ન છે, આંતરિકવિખવાદો અને ભ્રષ્ટાચારથી ખદબદે છે, પણ પોતે સર્વોપરી નેતા રહે તો કોંગ્રેસની શુદ્ધિ કે સ્થિરતા કરવાની કોઈ ચિન્તા જેવું હોય તેમ લાગે નહિ. બલ્કે એ અસ્થિરતા જ તેમના નેતૃત્વનું કારણ છે એટલે તેને નિભાવે છે, પોષે છે, કદાચ આવકારે છે. જે રાજ્યોમાં કોંગ્રેસ સત્તા પર છે ત્યાંના મુખ્યમંત્રીઓ તેમણે જ પસંદ કરેલા છે, આ મુખ્યમંત્રીઓને પક્ષનું બળ નથી, પ્રજામાં સ્થાન નથી, માત્ર ઈન્દિરા ગાંધીના ટેકાથી કે તેમની કૃપાથી નભનારા છે. પરિણામે એ દરેક મુખ્યમંત્રી સામે તેમના પક્ષમાં જ વિરોધનો વંટોળ છે. બે વર્ષમાં ચાર મુખ્ય મંત્રીઓને દૂર કરવા પડયા. રાજસ્થાનના પહાડિયા, આન્ધ્રમાં ચન્ના રેડી અને પછી અંજૈયાહ, મહારાષ્ટ્રમાં અંતુલે. તેમના અનુગામીઓની પસંદગી પણ ઈન્દિરા ગાંધીએ જ કરી. તેમાંય મહારાષ્ટ્રમાં ભોંસલેની પસંદગી થઈ એ તો હદ થઈ છે. ઈન્દિરા ગાંધીને ભોંસલેનો બહુ પરિચય નહિ હોય તે સ્પષ્ટ છે. અંતુલેના કહેવાથી અથવા બીજા કોઈ ન મળવાથી છેવટ અચાનક ભોંસલેની જાહેરાત થઈ. આ દરેક પ્રસંગે, સંભવ છે કે નિર્ણય થઈ શકતો ન હતો, છેવટ નિર્ણય કરવાની જરૂર પડી ત્યારે, છેલ્લી ઘડીએ કોઈક નિર્ણય કરવો જ પડે એટલે થઈ ગયો. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના તા. ૨૪-૩-૧૯૮૨ના તંત્રી લેખમાં લખ્યું છે:

She has not been decisive enough in dealing with her followers even when their incompetence for the office they hold and their lack of integrity, have been obvious. In the final analysis, the explanation (for her lack of decisiveness) has to be sought in terms of her psychological make-up. She is not able to be demanding enough of those who protest loyalty to her — a serious weakness in a ruler incharge of so vast and varegated a country as India.

યોગેન્દ્ર મકવાણાની રાજ્યસભા માટે પસંદગી થઈ તે પણ આવી જ અનિર્ણયાત્મક દશા સૂચવે છે. પાર્લામેન્ટરી બોર્ડે પસંદગી કરી જાહેરાત કરી, પછી એક કલાકમાં તે નિર્ણય બદલાઈ ગયો. પાર્લામેન્ટરી બોર્ડ એક ભૂતળું છે. મકવાણાની પસંદગી કરવી હતી તો બોર્ડને જણાવવા જેટલો સંદેશવ્યવહાર પણ ન હતો. મકવાણા અને ચોલાંકીના ઊંચા મન રાખવા, અડેપગે ઊભા રહે અને બધી બાજી પોતાના હાથમાં છે એમ બતાવવાનો ઈરાદો હોય તો આથી વધારે સારી રીત ન મળત. ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીમાં બે સભ્યોને પક્ષાંતર કરાવી, ચારે બેઠકો મેળવી.

કોંગ્રેસ સત્તાવાર ન હતી તેવા રાજ્યોમાં સત્તા મેળવવા પક્ષાંતરો અને કાવાદાવાનો આશ્રય લેવાયો. કેરળ અને આસામમાં આ પ્રયોગો થયા, પણ કોંગ્રેસ ટકી ન શકી. આમાં લોકશાહીનું નામનિશાન નથી. બંગાળમાં સામ્યવાદી પક્ષને સત્તા પરથી હટાવવા જે ખેલ ખેલાય છે તેમાં કોંગ્રેસની શોભા નથી. સીધી રીતે ચૂંટણી લડી લેવાની તૈયારી નથી.

પંજાબમાં દરબારાસીંગ અને ઝૈલસીંગની હરીફાઈ, બિહાર, હરિયાણા, ઉત્તર પ્રદેશ, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાત, કોઈ રાજ્ય એવું નથી કે જ્યાં આવી હરીફાઈ ન હોય. કોઈ મુખ્યમંત્રી સ્થિરતાથી કામ કરી શકે તેમ નથી, છતાં ઈન્દિરા ગાંધી આ બધું નિરપેક્ષભાવે નિહાળી રહ્યાં છે. કોઈ યોજનાપૂર્વક છે કે અસહાય સ્થિતિ છે?

સાચી પરિસ્થિતિથી તેમને વાકેફ કરે કે તેમને સાચું કહે એવી કોઈ વ્યકિત તેમની સમીપે નથી. કોઈની હિંમત નથી, શકિત નથી. તેમણે પોતાની આસપાસ જે કિલ્લેબંધી કરી છે તેમાં વાસ્તવિકતા સાથેનો સંપર્ક ગુમાવી દીધો છે.

ઈન્દિરા ગાંધીએ કેટલાક સૂત્રો નક્કી કરી રાખ્યાં છે. તેમના બધા પ્રવચનોનો એ પ્રધાન સૂર બને છે. એક, પાકિસ્તાન તરફનો ભય વધતો જાય છે. આ બાબતમાં તથ્ય નથી એમ નથી. પણ બીજી આંતરિક બાબતોની ઉપેક્ષા કરવાનું નિમિત્ત ન બનાવાય. બીજું, વિરોધપક્ષો વિનાકારણ અવરોધો ઊભા કરે છે અને તેમનું કામ મુશ્કેલ બનાવે છે. આ આરોપ અર્થહીન છે. વિરોધ પક્ષો છિન્નભિન્ન છે, તેની કોઈ પ્રતિષ્ઠા રહી નથી. અવરોધો ઊભા કરવાની શકિત પણ નથી. ત્રીજું, બુદ્ધિશાળી વર્ગ અને વર્તમાનપત્રો સરકાર વિરુદ્ધ છે. આ આરોપ સાવ ખોટો નથી પણ તેનાં સાચાં કારણો શોધવાને બદલે, આરોપની તીવ્રતા જ વધતી રહી છે. ચોથું, આર્થિક સ્થિતિ સુધરતી નથી કારણ કે જનતા સરકારે એવી ભંગાર પરિસ્થિતિ કરી મૂકી છે તેને સુધરતા ઘણો વખત થશે. આ આરોપ પાયાવિનાનો છે.

દેશનું ભાવિ એક જ વ્યકિત ઉપર અવલંબે એ કરુણ સ્થિતિ લેખાય. તે વ્યકિતની નિર્ણયાત્મક શકિત ક્ષીણ થતી જાય છે તેમ લાગે તો ગંભીર ચિન્તાનો વિષય બને. તે કારણે શુન્યાવકાશ સર્જાય ત્યારે

બીજો કોઈ આધાર ન રહે અને ઘસડાતું જાય. વહીવટીતંત્ર નિર્બળ થયું છે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસતી જાય છે, લૂંટફાટ અને હિંસક બનાવો વધતા જાય છે અને ભ્રષ્ટાચારે માઝા મૂકી છે. 'ત્રીજું વિશ્વયુદ્ધ' લેખ માં ગયા અંકમાં લખ્યો હતો તે પુસ્તકના લેખકોએ એમ ભવિષ્ય ભાખ્યું છે અને સ્પષ્ટ લખ્યું છે કે ૧૯૮૫ સુધીમાં ભારતની કેન્દ્ર સરકાર તૂટી પડી હશે અને રાજ્યો છૂટા પડી ગયાં હશે. Disintegration of Indian union. પશ્ચિમના દેશોની શું આવી મુરાદ છે અથવા આવું પરિણામે કલ્પે છે? આવી કલ્પનામાં કોઈ તથ્ય છે? આવી કલ્પના થઈ શકે તે પણ સૂચક છે.

વધારેપડતું નિરાશાજનક ચિત્ર દોરવાની મને લેશપણ ઈચ્છા નથી. પણ વાસ્તવિકતાની અવગણના કરવાથી તેમાંથી મુક્તિ મળતી નથી. તેને ઓળખી, જાગ્રત થઈ તેના ઉપાય શોધવા પ્રવૃત્ત થઈએ. એટલું જ કહેવાનું છે.

૨૬-૩-૧૯૮૨

ધ્યાનમાર્ગમાં પ્રવેશ

[] કુન્દનિકા કાપડીઆ

[૧]

(નિબેટી પદ્ધતિ)

આજકાલ ધ્યાનમાર્ગમાં જિજ્ઞાસુઓનો પ્રવેશ વધતો જાય છે. ધ્યાનની વિવિધ પદ્ધતિઓની શિબિરો યોજાય છે. ધ્યાનને લગતાં પુસ્તકો ખૂબ લખાય છે, વેચાય છે, વંચાય પણ છે. ધ્યાન કેમ કરવું અને એનાથી શો અર્થ સરે, એ વિશે ઘણા લોકોએ ઘણું કહ્યું છે, પણ 'આધ્યાત્મિક મિત્ર તરફથી સલાહ' (એડવાઈઝ ફ્રોમ મી સ્પિરિચ્યુઅલ ફ્રેન્ડ) નામના ગેશે રાબ્તેન અને ગેશે ન્ગાવાંગ ધાર્ગ્યેય—એ બે તિબેટી લામાઓએ લખેલા પુસ્તકમાં એ વિશે ઘણી વિગત અને વિસ્તારથી વાતો કરી છે, જે આ માર્ગમાં રસ ધરાવનારને ઘણી ઉપયોગી લાગે તેવી છે.

કસરત કરવાથી જેમ અક્કડ શરીર લચીલું બને છે, તે જ રીતે કેટલીક પ્રક્રિયાઓ દ્વારા મનને કેળવી ને વિકસાવી શકાય છે; ચિત્તનું રૂપાંતર કરી શકાય છે. અહીં બતાવેલી પદ્ધતિમાં વિચારોને આત્મ-કેન્દ્રી વલણોમાંથી મુક્ત કરી મનને એવી રીતે સંરચવાનું છે કે તે સર્વ જીવોના હિત અર્થે કામ કરી શકે. આ પદ્ધતિનું મૂળ બુદ્ધની વિચાર-ધારામાં છે અને તે સુમાત્રાના મહાસિદ્ધ સેરલિંગ્પાએ તેમના શિષ્ય, ભારતના મહાન પંડિત દીપંકર અતીશ દ્વારા પ્રસારિત કરી હતી.

શરૂઆતમાં, ધ્યાનનો પાયો પાકો કરવા માટે ચાર બાબતો પર મનને કેન્દ્રિત કરવાનું છે. એકાંતમાં, રોજ નિયત સમયે, બને તો ઊનના આસન પર બેસી, પદ્માસન કે તે ન બને તો પલાંઠી વાળી, હાથ ખોળામાં રાખી, પીઠ ટટ્ટાર રાખી, આંખને સહેજ ખુલ્લી રાખી નાસાગ્રે દૃષ્ટિ સ્થિર કરી, જીભને તાળવાને અડાડી શાંત થઈને બેસવાનો મહાવરો પાડતાં જ કેટલાક દિવસ નીકળી જાય છે. આમાં શરીરને જરાયે તંગ રાખવાનું નથી. જે રીતે બેસતાં શરીરને આરામ અનુભવાય તે રીતે, સ્થિર પણ તાણ વગર બેસવાનું છે.

આમ બેસતાં જ, હજુ ધ્યાન શરૂ કરીએ તે પહેલાં વિચારોનો હુમલો શરૂ થઈ જાય છે. સાવ નકામા આડાઅવળા વિચારો ગમે ત્યાંથી ધસી આવે છે અને ક્ષણવારમાં તો મનને ક્યાંનું ક્યાં ખેંચી જાય છે. શરીર સ્થિર કર્યા પછી મનને સ્થિર કરવા, આ બધા વિચારોને ટાળવા શ્વાસ વિશે જાગૃતિ કેળવવાની છે. શ્વાસ બહાર કાઢતી વખતે એક પાતળી ધૂમ્રસેર હૃદયમાંથી નીકળીને નસકોરાં વાટે બહાર જઈ રહી છે એવી કલ્પના કરો. પછી શ્વાસ લેતી વખતે આ જ ઝીણી ધૂમ્રસેર ધીમે ધીમે, એક લય સાથે અંદર પાછી પ્રવેશી રહી છે એવું દૃશ્ય કલ્પો. આ રીતે શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરતાં ચાર બાબતોનો ખ્યાલ રાખવાનો છે: ૧. શ્વાસ-ઉચ્છવાસ એટલા જોરથી ન થવા જોઈએ કે એનો અવાજ સંભળાય, ૨. એમાં આયાસ ન હોવો જોઈએ, ૩. એટલો લાંબો ઉચ્છવાસ ન કાઢવો કે પછી શ્વાસ પાછો લેતાં અધિક અડપ કરવી પડે, અને ૪. બહુ વેગપૂર્વક ન કરતાં ધીમે ધીમે શ્વાસ લેવા-કાઢવા જોઈએ. આમ, ઘોડા પર બેઠેલા માણસની જેમ, શ્વાસની હવા પર આપણી ચિત્તવૃત્તિ સવાર થવી જોઈએ.

એકાદ ભીડભરી બજારમાં તમે એક જ માણસની ક્રિયા કે ચાલ ધ્યાનપૂર્વક નિહાળો ત્યારે શું થાય છે? બીજો બધો ઘોંઘાટ, ગિરદી દૂર સરી જાય છે. અહીં પણ એવું જ થાય છે. શ્વાસની આનાપાન ક્રિયા પર મનને દૃઢતાપૂર્વક સ્થિર કરતાં, બીજા વિચારો પછી હટી જાય છે. કેટલાકને થોડા શ્વાસ લેતાં જ મન સ્થિર થવા લાગે છે, કેટલાકને લાંબો વખત લાગે છે. આ રીતે મન સ્થિર થાય પછી ચાર બાબતો પર ચિંતવન કરવાનું હોય છે.

૧: દુર્લભ મનુષ્ય—દેહ

એક વાત મનમાં પાકી કરી લેવી જોઈએ કે આ મનુષ્ય-જીવનનો આપણે યોગ્ય ઉપયોગ કરીએ તો એવું કશું જ નથી જે પ્રાપ્ત ન કરી શકાય. મનુષ્ય પાસે એક વિશેષ બુદ્ધિ છે જે બીજા જીવો પાસે નથી. એની નિહિત શક્તિને આપણે બિનજરૂરી દુન્યવી બાબતો પાછળ વેડફી નાખતાં હોઈએ છીએ. મનુષ્યની જિંદગી દુન્યવી બાબતોમાં ખર્ચાય ત્યારે, તેનો હેતુ ગમે તેટલો દૂરગામી હોય છતાં તેને મર્યાદા છે. પણ આ બુદ્ધિને આધ્યાત્મિક વિકાસ અર્થે ઉપયોજવામાં આવે ત્યારે તે દ્વિધા ને સંશયમાંથી આપણને સંપૂર્ણપણે મુક્ત કરે છે અને બોધિચિત્તની એવી અવસ્થામાં મૂકી આપે છે જે દુઃખ અને વિઘ્નોથી પર છે અને અક્ષય પારમિતાથી યુક્ત છે.

શરૂઆતમાં, દરેક મનુષ્ય પાસે મનની આ ગુપ્ત શક્તિ છે જ, એ સમજી લેવાનું ખૂબ જરૂરી છે. એક માણસની જમીનમાં ખજાનો દાટેલો હોય તો એનો ઉપયોગ કરતાં પહેલાં એ ત્યાં છે એ જાણી લેવું જરૂરી છે, તે પછી જ આપણે એને કામમાં લઈ શકીએ.

આપણે બધા જ સુખ ઈચ્છીએ છીએ અને દુઃખ ટાળીએ છીએ, પણ ભૌતિક માર્ગે સુખ મેળવવા જતાં તો ઊલટાનો અસંતોષ વધે છે. આપણે જે સુખની ઈચ્છા કરીએ છીએ તે પામવા માટે સહુથી પહેલાં એ સમજી લેવું જોઈએ કે આપણે તો ઘણા સદ્‌ભાગી છીએ કે આપણને ઘણી બાહ્ય અને આંતરિક અનુકૂળતાઓ મળી છે: જેમ કે અંધકારા ને વહેમના યુગમાં કે જંગલી જાતિમાં જન્મ્યા નથી, આપણાં શરીર-મન સાબૂત છે, સિદ્ધ ગુરુઓના ઉપદેશ આપણને લભ્ય છે, ઈ. આ બધી સગવડોનો લાભ લઈ આપણે અધ્યાત્મ-માર્ગે ન જઈએ તો ફરી આવી તક મળવી દુર્લભ બને.

૨. મૃત્યુ અને ક્ષણભંગુરતા

જીવનની ક્ષણભંગુરતા વિશે સૌ જાણે છે. આ જિંદગી આનંતકાળ ચાલવાની નથી, એટલે જ આપણે આપણી બુદ્ધિનો ઉપયોગ આંતરિક વિકાસ માટે કરવો જોઈએ. વળી આ દુર્લભ તકનો ક્યારે અંત આવી જશે તે આપણે જાણતા નથી. મૃત્યુ ઘણા માર્ગે આવે છે અને આજે તો આપણે બહુ કામ છે, પછીથી નિવૃત્ત થઈશું ત્યારે આ બધું કરીશું એમ વિચારવું તે નરી મૂર્ખતા છે. અત્યારે તંદુરસ્તી, શક્તિ ને બીજી સગવડો છે ત્યારે જ આ તકનો લાભ લઈ લેવો જોઈએ.

આપણી આસપાસનું ભૌતિક વાતાવરણ—પરિસ્થિતિ એક સમર્થ

ગુરુની ગરજ સારી શકે. સતત નિરીક્ષણ કરતાં આપણે એકેએક વસ્તુમાં રહેલી ક્ષણભંગુરતા જોઈ શકીશું. આપણે બધાં જ કતલખાને લઈ જવાતાં ઘેટાં સમાન છીએ. મૃત્યુ આવશે એ બાબત જાણવા છતાં, એ ક્યારે આવશે એની કોઈને ખબર હોતી નથી. આથી આપણે આપણા મનને મૃત્યુની ઘડીની અનિશ્ચિતતા વિશે સજાગ કરવું જોઈએ. આ જાગૃતિ એક ઉત્તમ ગુરુ છે, કારણ કે તે આપણને પ્રમાદમાં સમય ન વેડફવાની યાદ આપે છે અને આ માર્ગ પર આપણાં પગલાંને વેગ આપે છે.

૩. કર્મ અને તેનું ફળ

ધર્મ-ઉપાસના શુદ્ધ બુદ્ધત્વની સ્થિતિ પ્રાપ્ત કરવા માટે છે. આ જન્મમાં તે પ્રાપ્ત ન થાય તો જન્મોજન્મ તેને માટે સાધના કરવાની છે. આ જીવનમાં શક્ય એટલું કરીશું તો એક ચોક્કસ શક્તિ આપણને પ્રાપ્ત થશે જે બીજા જન્મમાં કામ લાગશે. આ રીતે શક્તિનો પુંજ એકત્રિત થતો જશે. બીજ વાવીએ પછી પહેલા-બીજા વર્ષમાં ખાસ કોઈ દેખાતું નથી, પણ કાળાંતરે વૃક્ષ મોટું થઈ ફળ આપે – તેના જેવી આ વાત છે.

આપણે જે કર્મ કરીએ તેનાં ફળ આપણને મળે છે. લોભ, મિથ્યાભિમાન ઈ. આવેગોમાં ખેંચાઈ આપણે બેકાબૂજીભર્યાં કૃત્યો કરીએ તો એનું એ પ્રકારનું ફળ આપણને મળશે. આધ્યાત્મિક સાધના માટે અનુરૂપ સંયોગોની આશા સફળ થશે નહિ. કર્મ તો એક બહુ ગહન અને ઊંડો વિષય છે. સાધારણતઃ આપણે શરીર, વાણી અને મન વડે કર્મો કરીએ છીએ. ભવિષ્યમાં દુઃખ અને દ્વિધા ન વેઠવાં પડે અને ફરી આ મૂલ્યવાન મનુષ્ય-જન્મ મળી રહે, એ માટે અયોગ્ય કર્મો કરતાં અટકવું જોઈએ. આવાં કર્મો દસ છે. જેમાં ત્રણ શરીરનાં અયોગ્ય કર્મો છે. જીવની હત્યા કરવી, ચોરી કરવી, વ્યભિચાર કરવો. વાણીનાં ચાર દુષ્કર્મો છે: જૂઠું બોલવું, નિંદા કરવી કે લોકો વચ્ચે ફાટફૂટ પડાવવી, ઠપકો-ગાળ કે વક્રતાથી કઠોર વચનો ઉચ્ચારવાં અને અર્થહીન વાતચીત કરવી કે ગપાટાં મારવાં. મનનાં ત્રણ દુષ્કર્મો છે: લોભ-લાલસા, બીજાઓ પ્રત્યે દુર્ભાવ કે ધિક્કાર અને કારણ પરિણામ તથા બુદ્ધત્વની પ્રાપ્તિ અંગે ખોટું દૃષ્ટિબિંદુ.

આ દસ કર્મો કરવાથી દુઃખ જન્મે છે એમ જાણ્યા પછી આપણે તેને આપણા સૌથી ભયંકર રિપુ ગણીશું. આ દસ કર્મો કરવાનું બંધ કરીશું કે સત્કર્મો સહજપણે થશે.

૪. ભવચક્રના ફેરા

ભવચક્રના સમગ્ર પ્રદેશને આવરી લેતાં દુઃખોના સાધારણતઃ છ પ્રકાર ગણાવી શકાય. ૧. સંબંધો, ધનસંપદા, સામાજિક પ્રતિષ્ઠાની અસ્થિરતા, ૨. કદી ન સંતોષાતી વૃત્તિનો સંતાપ, ૩. અનિચ્છિત પુનર્જન્મો. આપણે ઘણી જિંદગીઓ જીવ્યા છીએ અને એટલી બધી વાર આપણા શરીરનો ત્યાગ કર્યો છે કે એ ભૂત-શરીરનો ઢગલો કરીએ તો મોટો પહાડ થાય, ૪. ફરી ફરી ગર્ભસ્થ થઈ જન્મ ધારણ કરવાનું દુઃખ, ૫. પરિવર્તના ભરતી પછી ઓટ મિલન પછી વિદાય, જીવન પછી મૃત્યુ આવે જ છે, ૬. એકલા હોવાનું દુઃખ. જન્મમાં, માંદગીમાં, મૃત્યુમાં આપણે સદૈવ એકલા હોઈએ છીએ. આપણી સાથે માત્ર આપણાં કર્મ આવે છે.

આ છ દુઃખો ઉપરાંત બીજાં ત્રણ મોટા દુઃખો છે. પહેલું છે પીડા, વ્યાધિ, ગમગીની, જન્મ, જરા અને મૃત્યુનું દુઃખ જે બધાં સમાનપણે અનુભવે છે. બીજું છે વસ્તુઓના ક્ષણજીવી સ્વરૂપને લીધે જન્મતું પરિવર્તનનું દુઃખ, જેને બધા લોકો દુઃખ તરીકે અનુભવી શકતા નથી કારણ કે લોકો વસ્તુમાં સુખ જુએ છે. મોટાભાગના લોકો માને છે કે ભૌતિક સગવડો અને વસ્તુઓમાંથી આવતી સલામતી સુખ ને મનની શાંતિ આપી શકે છે. આથી લોકો તેમને કાયમી તત્ત્વ માનીને વળગે છે અને તે કાયમી સુખ-સંતોષ આપશે એમ માની રહે છે. પણ આ વસ્તુઓની અંતર્ગત અસ્થિરતાને કારણે, પ્રવાહો બદલાય તેમ માણસને બદલાવું પડે છે અને તે દુઃખનું કારણ બને છે. જે કોઈ બાબત દેખીતી રીતે સુખ આપતી હોય અને છતાં અસંતોષમાં પરિણમતી હોય તે આ બીજા પ્રકારના દુઃખમાં આવી જાય છે. માણસને ગરમી લાગે એટલે તે ઠંડી જગ્યાએ જાય અને ત્યાં પાછી ઠંડી લાગવા માંડે–તેના જેવી આ વાત છે.

ત્રીજું દુઃખ સર્વવ્યાપી છે. પહેલા બે કરતાં આ વધારે સૂક્ષ્મ અને સમજવાને અઘરું છે પણ તે દુઃખનો પાયો છે; અને તે છે સંસ્કાર; એટલે કે ચિત્ત પર પડતી છાપો દ્વારા રચાતી જન્મ-જન્માંતરની ઘટમાળ.

આ બધાં દુઃખો પર ચિંતન કરતાં ઘટમાળ પ્રત્યે વિરાગ અને વિમુખતાની લાગણી જન્મે છે અને આ ભવના ચક્રમાંથી છૂટવાનો માર્ગ શોધવા ભણી મન પ્રવૃત્ત થાય છે.

આથી આધ્યાત્મિક વિકાસ કરવા માગતા લોકોએ સૌથી પહેલાં તો દુઃખને પિછાણવું જોઈએ. દુઃખમાંથી કેમ સંપૂર્ણપણે મુક્ત થઈ શકાય તેનો માર્ગ બુદ્ધે બતાવ્યો છે, પણ તે પહેલાં આપણા અસ્તિત્વની આ યથાર્થતાઓ પ્રત્યે આપણે જાગૃત થવું જોઈએ; તો જ તેમાંથી મુક્તિ સંભવી શકે.

આ બધું માત્ર ધ્યાનથી વાંચી જવાનું કે બુદ્ધિથી સમજી લેવાનું પૂરતું નથી. એના પર ચિંતન કરવું જોઈએ અને એમાંથી મળતી દૃષ્ટિ રોજના જીવનમાં કાર્યશીલ થવી જોઈએ. પહેલાં આપણી આસપાસના વાતાવરણમાં, આ દૃષ્ટિએ, શું શું બની રહ્યું છે તે અવલોકવું જોઈએ અને પછી તેમાંથી જે સજાગતા જન્મે તે ધ્યાનમાં ઊંડી ઊતરવી જોઈએ. તેમાંથી એક આંતરદૃષ્ટિ ઊગશે અને અહીં જે કહેવાયું છે તે ખરેખર સત્ય છે, તેનો સાક્ષાત્કાર થશે. ધ્યાન વિશે માત્ર માહિતી એકઠી કરવામાં શક્તિ ખર્ચવાથી કાંઈ નહિ મળે. તો તો પેલા માણસ જેવો ઘાટ થાય જે દરેક દુકાનમાં જઈ વસ્તુઓના ભાવ પૂછે છે, તેની ગુણવત્તા તપાસે છે, પણ કશું ખરીદી શકતો નથી કારણ કે તેની પાસે પૈસા નથી. પણ અહીં જે કહેવાયું છે તેને આપણે ઊંડાણથી સાંભળીએ, અંદર ઉતારીએ અને તેની યથાર્થતા પારખવા તેને આચારમાં મૂકીએ તો આપણું કાર્ય અર્થપૂર્ણ બનશે અને તે પરિણામ પણ આપશે.

(ક્રમશઃ)

સાભાર–સ્વીકાર

(૧) પ્રેમ પારાવાર–લે. નવલભાઈ શાહ, બાલગોવિંદ પ્રકાશન ગાંધીમાર્ગ, અમદાવાદ-૧. કિંમત રૂા. ૨૫.

(૨) તત્ત્વાર્થસૂત્ર (ગુજરાતી શ્લોકો સાથે) લે. મુનિશ્રી સંતબાલજી પ. મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, હડીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ-૩૮૦૦૦૪. કિં. રૂા. ૧૦.

(૩) શ્રીગુરુ (કાવ્ય સંગ્રહ) લેખક-પ્રકાશક : નંદકલાલ સંઘવી મોટા બજાર, વલસાડ ૩૯૬૦૦૧. કિં. રૂા. ૮-૭૫ પૈ.

(૪) તને (કાવ્ય સંગ્રહ) લેખક પ્રકાશક (૩) મુજબ કિંમત રૂા. ૧૩

(૫) લોકવાહતોતી રસલહાણ–સંપાદક: જયમલ્લ પરમાર. પ્રકાશક: ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ, ઊર્મિનવરચના, ૧૩, જગનાથ પ્લોટ, રાજકોટ, કિં. રૂા. ૨૦.

(૬) ઉપાસના-(સ્તવન સંગ્રહ) શ્રી આરહંત ભક્તિ મંડળ, મહાવીર ચોક, વલસાડ-૩૯૬૦૦૧.

સ્વર્ગસ્થ આચાર્ય શ્રી વિજયધર્મસૂરિશ્વરજી

☐ ડૉ. રમણલાલ ચી. શાહ

યુગદિવાકર તરીકે જેમને બિરદાવવામાં આવ્યા હતા તે મહાન જૈન આચાર્ય પરમ પૂજ્ય શ્રી વિજયધર્મસૂરિશ્વરજી મહારાજ શનિવાર તા. ૬ઠ્ઠી માર્ચે સવારે મુંબઈમાં મળગાંવના ઉપાશ્રયમાં ૭૮ વર્ષની ઉંમરે નવકાર મંત્રનું રટણ કરતાં કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. ફાગણ સુદ તેરસનો એ પવિત્ર દિવસ હતો, જે દિવસ શત્રુંજય મહાતીર્થની છ ગાવની પ્રદક્ષિણા કરવાનો મહિમા છે.

પૂ. વિજયધર્મસૂરિશ્વરજી વિદેહ થતાં જૈન સમાજને એક મહાન આચાર્યની ખોટ પડી છે.

સ્વર્ગસ્થ આચાર્ય મહારાજની પાલખી ગોડીજીના ઉપાશ્રયેથી બીજે દિવસે સવારે નીકળવાની જાહેરાત થઈ ગઈ હતી. એમના કાળધર્મના સમાચાર મુંબઈ અને બહારગામમાં વાયુવેગે પ્રસરી ગયા અને એમના અંતિમ દર્શન માટે સવારથી જ સેંકડો માણસોની લાઈન લાગી ગઈ હતી. હું અને મારાં પત્ની એમના દર્શન કરવા ગયા ત્યારે અડધા કલાકે વારો આવ્યો. અંતિમ દર્શન માટે વ્યવસ્થા પણ સારી રખાઈ હતી. લાખો માણસોએ એમના અંતિમ દર્શન કર્યાં. ચેમ્બુર સુધીની બાવીસ કિલોમીટર જેટલી લાંબી અંતિમ યાત્રામાં લાખો માણસોએ ભાગ લીધો અને એમને માટેની ગુણાનુવાદ સભા પણ અજોડ અને યાદગાર બની.

પૂજ્ય આચાર્ય મહારાજને પાંચેક વર્ષ પહેલાં પાલીતાણામાં લકવાનો ગંભીર હુમલો થયો હતો અને તેઓ બેશુદ્ધ બની ગયા હતા, પરંતુ એ ગંભીર હાલતમાંથી તેઓ બેઠા થયા અને પોતાના આત્મબળ વડે તેમણે કેટલાંક અધૂરાં રહેલાં પોતાનાં મહત્ત્વનાં કાર્યો પાર પાડ્યાં.

પૂજ્ય આચાર્ય મહારાજનો અમારા કુટુંબ ઉપર અનહદ ઉપકાર હતો. હું છેલ્લા પંદરેક વર્ષથી તેમના ગાઢ સંપર્કમાં આવ્યો હતો. તેમના વિશેષ નિકટના સંપર્કમાં આવવાની તક મને અપાવી મારા મિત્ર શ્રી બાબુભાઈ (વ્રજલાલ) કપૂરચંદ મહેતાએ. તેઓ દર અઠવાડિયે એક કે બે દિવસ રાતને વખતે પૂ. મહારાજ સાહેબ જ્યાં હોય ત્યાં તેમની પાસે જતા. આઠદસ મિત્રો એકઠા થતા. પૂ. મહારાજજી કોઈ એક શાસ્ત્રગ્રંથનું અધ્યયન કરાવતા. આ રાત્રિવર્ગમાં બાબુભાઈ પોતાની ગાડીમાં મને નિયમિત લઈ જતા. અમારા આ રાત્રિવર્ગમાં અડધો પોણો કલાક મહારાજ સાહેબ સમજાવે અને પછી પ્રશ્નોત્તરી થાય. આવી રીતે ચારેક વર્ષ, ખાસ કરીને ચાતુર્માસ દરમિયાન પૂજ્ય આચાર્ય મહારાજ પાસે નિયમિત જવાનું બન્યું. આ રાત્રિવર્ગને કારણે પૂજ્ય મહારાજ સાહેબ સાથે મારે આત્મીયતા સંધાઈ. ચિત્ત ઉપર એક છાપ દૃઢપણે અંકિત થઈ કે પૂજ્ય આચાર્ય મહારાજે આપણા શાસ્ત્રગ્રંથોનું ઘણું ઊંડું અધ્યયન કર્યું છે. પ્રત્યેક વિષયનો તેમની પાસે તરત શાસ્ત્રીય ઉત્તર હાજર હોય. શાસ્ત્રોની સેંકડો પંક્તિઓ તેમને કંઠસ્થ હતી. અમારા દરેક પ્રશ્નોની તેઓ વિવિધ દૃષ્ટિકોણથી સવિગત છણાવટ કરતા, જેથી અમને પૂરો સંતોષ થાય. વળી તેમની દૃષ્ટિ હંમેશાં વ્યવહારનય અને નિશ્ચયનયના સમન્વયની રહેતી. તેમનું હૃદય હંમેશાં કરુણાથી છલકાતું. કેટલાક વિવાદાસ્પદ પ્રશ્નોની છણાવટમાં પણ તેમના વકતવ્યમાં અભિનિવેશ કે જુદો મત ધરાવનાર પ્રત્યે અસદભાવ જોવા મળતો નહિ.

પૂજ્ય આચાર્ય મહારાજ પાસે વંદન અર્થે આવેલાં લોકોની હંમેશાં ભીડ રહેતી. તેનું કારણ નાનામોટા સહુની સાથે તેઓ આત્મીયતા દાખવતા. એને લીધે કોઈને એમની પાસે જતાં સંકોચ થતો નહિ. આચાર્ય મહારાજ પોતે દરેકની વાતમાં રસ લઈ તેને યોગ્ય માર્ગદર્શન આપતા. સેંકડો નહિ બલ્કે હજારો માણસોને તેઓ નામથી



ઓળખતા અને એમની પાસે કોઈ જાય કે તરત તેઓ નામ દઈને બોલાવતા. તેઓ ઉંમરમાં મોટા હતા એટલે કેટલાંકને એકવચનમાં સંબોધતા. પરંતુ એથી તેમનામાં રહેલું પિતાતુલ્ય વાત્સલ્ય પ્રતીત થતું અને તેને લીધે તે વિશેષ ગમતું.

પૂ. વિજયધર્મસૂરિ મહારાજનું સમગ્ર જીવન તેજસ્વી હતું. તેમનું ગૃહસ્થ જીવન થોડાં વર્ષોનું પણ ધર્મપરાયણ હતું. તેમનો જન્મ વિ. સં. ૧૯૬૦માં વઢવાણમાં થયો હતો. તેમનું જન્મનામ ભાઈચંદ હતું. તેમના પિતાશ્રીનું નામ હીરાચંદભાઈ અને માતાનું નામ છબલબેન હતું. તેમણે છ વર્ષની ઉંમરે પોતાના પિતા ગુમાવ્યા હતા. એમનાં ધર્મપરાયણ માતાએ ભાઈચંદને પ્રાથમિક શાળાના અભ્યાસની સાથે સાથે પાઠશાળામાં પંચપ્રતિક્રમણ સૂત્રનો અભ્યાસ કરાવ્યો. બાળક ભાઈચંદની સ્મૃતિ અને ગ્રહણશક્તિ ઘણી સતેજ હતી. નવ વર્ષની ઉંમરે તો તેઓ આસપાસના ગામના લોકોને પ્રતિક્રમણ કરાવવા જતા. વધુ અભ્યાસને માટે ભાઈચંદને અમદાવાદની સુપ્રસિદ્ધ શાળા ચીમનલાલ નગીનદાસ છાત્રાલય (સી. એન. વિદ્યાવિહાર)માં દાખલ કરવામાં આવ્યા હતા. એમનો વિદ્યાભ્યાસ અમદાવાદમાં ઘણો સરસ ચાલતો હતો. બીજી બાજુ છબલબેને પાઠશાળામાં શિક્ષિકા તરીકે ક્રમ ચાલુ કર્યું હતું. ધર્મપ્રત્યે તેમની રુચિ ઉત્તરોત્તર વધતી જતી હતી. પોતાના ત્રણ પુત્રોમાંથી વચલા પુત્ર ભાઈચંદને પણ તેઓ એ જ માર્ગે વાળવા ઈચ્છતાં હતાં. નાની ઉંમરમાં જ માતાએ પોતાના આ પુત્રને દીક્ષા લેવા માટે પ્રેરણા કરી હતી. ભાઈચંદને જોઈને પૂ. વિજયમોહનસૂરિએ પણ છબલબહેનને એ જ ભલામણ કરી હતી. ૧૬ વર્ષની ઉંમરે ભાઈચંદ શાળાનો અભ્યાસ છોડી દઈને વઢવાણ પાછા આવ્યા. અને વિ. સં. ૧૯૭૬માં વિજયમોહનસૂરિ પાસે દીક્ષા લીધી. એમનું નામ મુનિ

ધર્મવિજયજી રાખવામાં આવ્યું. મુનિ પ્રતાપવિજયના શિષ્ય તરીકે તેઓને જાહેર કરવામાં આવ્યા. ચારેક વર્ષ પછી એમનાં માતુશ્રી છબલબહેને પણ દીક્ષા લીધી અને તેમનું નામ સાધ્વી શ્રી કુશળશ્રીજી રાખવામાં આવ્યું.

દીક્ષા લીધા પછી મુનિ ધર્મવિજયે પૂ. મોહનસૂરિ પાસે ઉમંગભેર શાસ્ત્રાભ્યાસ ચાલુ કર્યો. તદુપરાંત વખત મળતાં તેમણે તે સમયના મહાન જૈન આચાર્ય વિજયનેમિસૂરિ, આનંદસાગરસૂરિ, ઉદયસૂરિ વગેરે પાસે પણ વખતોવખત શાસ્ત્રાભ્યાસ કર્યો. ભગવતીસૂત્ર, કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ, બૃહતકલ્પભાષ્ય, વિશેષાવશ્યક મહાભાષ્ય, તત્ત્વાર્થસૂત્ર વગેરે શાસ્ત્રગ્રંથો ઉપરાંત કાવ્ય, નાટક, કોષ, વ્યાકરણ, ન્યાય ઈત્યાદિ વિષયોમાં પણ તેઓ પારંગત થયા. સમય જતાં તેમને ક્રમેક્રમે પ્રવર્તક, ગણિ, પન્યાસ, ઉપાધ્યાય વગેરે પદવીઓ અપાઈ અને વિ.સં. ૨૦૮૭માં મુંબઈમાં આચાર્યની પદવી આપવામાં આવી.

શ્રી વિજયધર્મસૂરિજી પ્રકાંડ પંડિત હતા. તેમણે સંખ્યાબંધ ગ્રંથો લખ્યા છે. સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી ભાષા પર તેઓ અસાધારણ પ્રભુત્વ ધરાવતા હતા. તેમણે નવતત્ત્વ પ્રકરણ ઉપર સંસ્કૃતમાં છ હજાર શ્લોક પ્રમાણ 'સુમંગલા' નામની ટીકા લખી છે. તદુપરાંત 'ભગવતી સૂત્રનાં પ્રવચનો', 'લઘુક્ષેત્રસમાસ', 'પ્રશ્નોત્તર મોહનમાળા', 'શ્રાવણ ભગવાન મહાવીર (પૂર્વભવ)' વગેરે સંખ્યાબંધ ગ્રંથો લખ્યા છે.

આચાર્ય થયા પછી શ્રી વિજયધર્મસૂરિજીની જાહેર ધાર્મિક પ્રવૃત્તિઓ વધુ વેગથી ચાલવા લાગી. નૂતન જિનાલયનું નિર્માણ, જિનાલયોનો જીર્ણોદ્ધાર, અંજનશલાકા કે પ્રતિષ્ઠા, ઉપધાન અને માળારોપણ, મંદિરોની સાલગિરિ અને ઉજમણાં ઉપરાંત ધાર્મિક શિક્ષણ અને જૈન સાહિત્ય તથા કલાના પ્રચાર માટે તેમણે ઘણાં મોટાં મોટાં કાર્યો કર્યાં છે. તદુપરાંત ધર્મશાળા, ભોજનશાળા, હોસ્પિટલ, ઉપાશ્રય, દુષ્કાળ રાહત, રેલરાહત વગેરે સામાજિક કાર્યો માટે પણ પુષ્કળ પ્રેરણા આપી છે. એમના ઉપદેશથી છેલ્લા ત્રણ દાયકામાં વિવિધ પ્રવૃત્તિઓમાં પંચાવન કરોડથી વધુ રૂપિયાની રકમ ખર્ચાઈ છે. એ ઉપરથી પણ તેમની સુવાસ, શક્તિ અને દૃષ્ટિનો પરિચય મળી રહે છે. ત્રણ વર્ષ પહેલાં વઢવાણમાં જ્યારે એમનો અમૃત મહોત્સવ ઊજવવા માટે ઘણું મોટું ફંડ એકત્રિત થયું તે વખતે મોરબીમાં રેલ આવતાં એ તમામ રકમ મોરબીના રાહતકાર્ય માટે વાપરવાની એમણે સૂચના આપી હતી, જે એમની સમયજ્ઞતા દર્શાવે છે.

શ્રી વિજયધર્મસૂરિજીનો પ્રભાવ એવો મોટો હતો કે કેટલાયે માણસો યથાશક્તિ જાહેર કાર્ય માટે પોતે જે રકમ દાન તરીકે વાપરવા ઈચ્છતા હોય તેની જાણ મહારાજશ્રીને કરી જતા. કેટલીકવાર મહારાજશ્રીની સૂચના અનુસાર એ રકમ વાપરવાને માટે કેટલાક દાતાઓને એક બે વર્ષ કે વધુ સમય રાહ જોવી પડતી. મહારાજશ્રીને કોઈ પણ નવું કાર્ય ઉપાડતાં તે પાર પડશે કે કેમ તે વિશે સંશય રહેતો નહિ, કારણ કે દાતાઓ પાસેથી લાખો રૂપિયાનાં વચનો અગાઉથી તેમને મળેલાં રહેતાં કોઈ પણ કાર્ય માટે મહારાજશ્રી ટહેલ નાખતા કે તરત તે માટે જોઈએ તે કરતાં વધુ નાણાં એકઠાં થઈ જતાં.

પૂજ્ય આચાર્ય મહારાજને પગલે પગલે ઉત્સવ થતો. તેઓ જ્યાં જ્યાં વિચરતા ઉત્સવનું વાતાવરણ આપોઆપ સર્જાઈ જતું. કેટલેક સ્થળે સ્થાનિક માણસો વચ્ચે સુમેળ હોય તો સુમેળ સ્થપાઈ જતો. સુમેળ સ્થાપવા તરફ તેમનું લક્ષ પણ રહેતું. એક પ્રસંગ યાદ છે. દહાણુ પાસે બોરડી અને ગોલવડ નામનાં બે ગામ છે. ત્યાં જૈનોની ઠીકઠીક વસ્તી છે. બોરડીમાં પ્રતિષ્ઠાનો મહોત્સવ હતો. હું અને મારાં પત્ની ત્યાં ગયાં હતાં. પ્રતિષ્ઠાના મહોત્સવ દરમિયાન પૂજ્ય મહારાજ સાહેબને એવો વહેમ પડતો હતો કે આ મહોત્સવમાં ગોલવડના આગેવાનો ઉત્સાહભેર ભાગ લેતા નથી અને કંઈક નારાજ રહ્યા કરે છે. આચાર્ય મહારાજે તેમાંના કેટલાકને બોલાવીને તેમની વાત જાણી. બંને ગામના લોકો વચ્ચે સુમેળ કરાવવા માટે એમણે જાહેર કર્યું કે પ્રતિષ્ઠાને બીજે દિવસે સવારે દેરાસરના દ્વારનું ઉદઘાટન કરવાનો લાભ ગોલવડના સંઘને જ મળવો જોઈએ. એ માટે ગોલવડના સંઘે વહેલી સાવરમાં ગોલવડથી વાજતેગાજતે બોરડી આવવું પડે. સાથે આચાર્ય મહારાજ હોય તો જ એ શોભે. પરંતુ આચાર્યમહારાજને હૃદયરોગની બીમારી હતી. એમને એ શ્રમ લેવાનું કેમ કહી શકાય? પરંતુ આચાર્યમહારાજે સામેથી પોતાની તત્પરતા બતાવી. વહેલી સવારમાં પોતે બોરડીથી વિહાર કરી ગોલવડ ગયા અને ગોલવડના સંઘ સાથે પાછા તરત જ વિહાર કરીને બોરડી પધાર્યા. પોતાની નાદુરસ્ત તબિયત છતાં બંને ગામના સંઘો વચ્ચે સુમેળ કરાવવાને માટે તેમણે વિહારનું આટલું બધું કષ્ટ ઉઠાવ્યું.

પૂજ્ય આચાર્ય મહારાજનું મનોબળ અને આત્મબળ કેવું હતું તેનો એક પ્રસંગ યાદ આવે છે. લકવાને લીધે તેમનાં જમણાં અંગો બરાબર કામ નહોતાં કરતાં. લાંબો સમય બેસી શકાતું નહિ. પરંતુ પૂજ્ય યશોવિજયજી મહારાજ અને જયાનંદવિજયજી મહારાજને આચાર્યની પદવી આપવાનો પ્રસંગ પાલીતાણામાં હતો. તે વખતના વડા પ્રધાન માનનીય મોરારજીભાઈ દેસાઈ આ પ્રસંગે આવવાના હતા. બપોર પછીનો સમય હતો. જે મંચ તૈયાર કરવામાં આવ્યો હતો ત્યાં આચાર્ય મહારાજને બેસવાનું હતું. તેમની તબિયત ઘણી નાદુરસ્ત હતી. તડકો પણ સખત હતો. તે પણ એ પ્રસંગે પૂજ્ય આચાર્ય મહારાજ પૂરી સ્વસ્થતા સાથે આખા કાર્યક્રમ દરમ્યાન મંચ ઉપર બેઠા હતા. અપૂર્વ આત્મબળ સિવાય આવું કષ્ટ ઉઠાવી શકાય નહિ.

પૂજ્ય આચાર્ય મહારાજનો અમારા પ્રત્યે સદભાવ ઘણો બધો હતો. ગમે તેટલા તેઓ રોકાયેલા હોય તો પણ અમે જઈએ કે તરત અમને સમય આપતા અને એમની શુભાશિષ દર્શાવતા. ત્રણ વર્ષ પહેલાં પૂજ્ય આચાર્ય મહારાજ વઢવાણમાં ચાતુર્માસ હતા ત્યારે હું અને મારાં પત્ની તેમને વંદન કરવા ગયાં હતાં. અમે ઉપાશ્રય પહોંચ્યાં કે તરત ચંદ્રસેનવિજય મહારાજે કહ્યું 'મહારાજજી તમને બહુ યાદ કરતા હતા. મહારાજજીને છ ઈંચની ધાતુની બે પ્રતિમાજી કોઈક આપી ગયું છે. એક મહાવીર સ્વામી અને બીજા ગૌતમ સ્વામી છે. મહારાજજી કહે આબને પ્રતિમાજી રમણભાઈ અને તારાબહેન આવે ત્યારે એમને મારે ભેટ આપવી છે.' ચંદ્રસેન મહારાજની વાત સાંભળી અમને ઘણો હર્ષ થયો. અમે મહારાજજી પાસે ગયાં. તે દિવસે ખાસ કંઈ ભીડ નહોતી. મહારાજજી હવે ધીમે ધીમે પણ સ્પષ્ટ બોલી શકતા હતા. વાતચીત કરવામાં બહુ શ્રમ પડતો નહોતો. એ દિવસે અમારી સાથે એમણે નિરાંતે ધર્મની ઘણી વાતો કરી. અમને ખૂબ આનંદ થયો. તેઓ એ દિવસે બહુ જ પ્રસન્ન હતા. મહારાજ સાહેબે બંને પ્રતિમા મંગાવી મંત્ર ભણીને તેના ઉપર વાસક્ષેપ નાખ્યો અને એ બે પ્રતિમાજી અમને આપી. અમારા જીવનનો આ એક અત્યંત પવિત્ર, મંગલમય, અવિસ્મરણીય પ્રસંગ હતો.

પૂજ્ય મહારાજશ્રી પાસે કેટલીક લબ્ધિ-સિદ્ધિ હતી. એમનું વચન મિથ્યા થતું નહિ. એમના વાસક્ષેપથી પોતાને લાભ થયો હોય એવી વાત ઘણા પાસેથી સાંભળી છે. એમના વાસક્ષેપથી એક ભાઈ પરદેશમાં અકસ્માતમાંથી બચી ગયાની વાત પણ જાણી છે. આ શ્રદ્ધાનો વિષય છે. અનેક લોકોને આવાં નિઃસ્વાર્થ કરુણાસભર મહાત્મા પ્રત્યે શ્રદ્ધા હોય એ સ્વાભાવિક છે.

શ્રી વિજયધર્મસૂરિ મહારાજનો શિષ્યસમુદાય વિશાળ છે, જેમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર સાહિત્ય કલારત્નશ્રી વિજયયશોદેવસૂરિ, શતાવધાની શ્રી વિજયજયાનંદસૂરિ, પ્રખર વ્યાખ્યાતા શ્રી વિજયકનકરત્નસૂરિ, શ્રી મહાનંદવિજય, શ્રી સૂર્યોદયવિજય, શ્રી વાચસ્પતિ વિજય, શ્રી ચંદ્રસેનવિજય, શ્રી મહાબલવિજય, શ્રી પદ્માનંદવિજય વગેરેથી જૈન સમાજ સુપરિચિત છે. તેમના શિષ્યોએ ગુરુભક્તિનું અપ્રતિમ કાર્ય કર્યું છે. લકવા થયા પછી પૂ. આચાર્ય મહારાજને બીજાની સહાયની આખો દિવસ જરૂર પડતી. એમના બધા જ શિષ્યોએ વૈયાવચ્ચનું ઉત્તમ કાર્ય કર્યું છે, પરંતુ તેમાં સવિશેષ ઉલ્લેખનીય છે. પૂ. ચંદ્રસેનવિજયજી મહારાજ. એમણે સતત પાંચ વર્ષથી રાત અને દિવસ પૂરી સંભાળ લીધી. ઊઠવા બેસવામાં ટેકો આપવો, શૌચાદિ ક્રિયા કરાવવી, મુખમાંથી ઝરતી લાળ સાફ કરવી, સમયે સમયે દવાઓ આપવી, આહારપાણીની સંભાળ રાખવી ઈત્યાદિ કરવા ઉપરાંત સતત જામતી ભકતોની ભીડને મહારાજશ્રીને શ્રમ ન ચડે એ રીતે વ્યવસ્થિત રાખવી-એ બધું અત્યંત પરિશ્રમ ભરેલું કાર્ય પૂરી નિષ્ઠાપૂર્વકની ગુરુભક્તિથી પ્રસન્નતાપૂર્વક કર્યું છે જે બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે.

પરમ પૂજ્ય વિજયધર્મસૂરીશ્વરજી મહારાજનો સમાજ ઉપર અસીમ ઉપકાર છે. તેઓ દિવંગત થયા, પરંતુ તેમની પ્રસન્ન અને પ્રભાવક સ્મૃતિ અનેક લોકોનાં હૃદયમાં ચિરકાળ સુધી અંકિત રહેશે.

આવા ધુરંધર મહાત્માને આપણાં કોટિશ: વંદન હો?

લોકવારતા

□ જયમલ્લ પરમાર

લોકવારતાનું સર્જન આદિકાળથી થતું આવ્યું છે. આદિ માનવ અરણ્યવાસી હતો અને હજી ગ્રામો, કૃષિ કે અન્ય વિકાસ નહોતો થયો ત્યાર પહેલાં માનવીમાં કુતૂહલ અને કૌતુકનો રસ ઉત્પન્ન થયો ત્યારથી વાતો કહેવાનો ભાવ જન્મ્યો હતો. હજી ચિત્ર કે લિપિનો જન્મ નહોતો થયો ત્યારે વાચા–કંઠ દ્વારા કુતૂહલ અને કૌતુક જનક રસાત્મક વતો કહેવાનું શરૂ થઈ ગયેલું. આ વાણી સાથે ધીરે ધીરે અભિનય શરૂ થયો અને ત્યાર બાદ આદિ માનવના આ રસભાવ ઝાડની છાલો અને પશ્ચરો ઉપર ચીતરાતા થયા. લિપિની શોધ થઈ ત્યાં સુધીમાં આ વાતો વારતાનું રૂપ લેતી વિચારાત્મક રૂપ ધારણ કરતી થતી ગઈ.

શરૂઆતની વાર્તાઓ સત્યઘટનાત્મક હતી પણ રસાનુભૂતિની સાથે સાથે એની કલ્પનાશક્તિનેજી વિકાસ પણ થતો ગયો અને એમાંથી અદ્‌ભુત રસની કલ્પના મિશ્રિત કથાઓનો વિકાસ થયો. આવી કથાઓનો વધુ વિકાસ બૌદ્ધકાળથી થયો કહેવાય છે.

વાત કરવામાંથી 'વાર્તા' શબ્દ આવ્યો છે અને કથા - કથવા - કહેવામાંથી 'કથા' શબ્દ આવ્યો છે. મૂળમાં કથા અને વારતા એક જ છે, પણ જ્યે દિવસે કથામાં ઉપદેશ અને પૌરાણિકતાનું તત્ત્વ આવ્યું અને એમાંથી કથા બની, વાત–વારતામાંથી આધુનિક નવલકથા સુધી એનો વિકાસ થયો. આ બધું છતાં પ્રાકૃતજન દ્વારા કંઠસ્થ કથાઓ કહેવાનું ચાલુ જ રહ્યું, જેના ઉપરથી લોકસાહિત્ય અને ચારણી સાહિત્યની મિશ્રિત એવી લોકકથા કે લોકવારતાનું આજનું સ્વરૂપ બંધાયું છે. ઘટનાઓ બદલાતી રહી છે, તેમ સ્વરૂપ પણ બદલાતાં રહ્યાં છે, પણ એનું આદિમતત્ત્વ એનું એ જ રહ્યું છે.

માનવ સંસ્કૃતિનાં મૂળ ભારતમાં નખાયેલાં જગતભરની આદિ વારતાઓનાં મૂળ પણ ભારતીય વારતાઓ સાથે જોડાયેલાં છે. આ વારતા સાહિત્ય ૬૦૦૦ વર્ષ પહેલાં લિપિબદ્ધ થયેલું, પણ ભારત વર્ષમાં એ સાહિત્ય એની સંસ્કૃતિ સાથે ૫૦૦૦ વર્ષ પૂર્વે ન થઈ ગયું, ત્યારે ઈજિપ્તનું હવામાન માફકહોઈ હજારો વર્ષ પૂર્વે ત્યાંના પેપીરસ ઝાડની ઝાલ ઉપર લખાયેલું સાહિત્ય સુરક્ષિતરૂપે મળી આવે છે.

જગતની સૌથી પ્રાચીન કથા જળપ્રલયની હોવાનું અત્યાર સુધીના સંશોધનથી કહેવાયું છે. ભારતમાંથી જ જઈને ઈરાક વસેલા આર્યોના વસવાટમાં અનરાધાર વરસાદથી આ જળપ્રલય થયેલો એમાંથી બચેલા ફરી ભારત આવી વસ્યા. આ પ્રલયકથા વિશ્વના બધા દેશોમાં ને બધી જાતિઓમાં એકસરખી કંઠસ્થ રૂપે ને ગ્રંથસ્થરૂપે મળી આવી છે તે પછીની બીજી વિશ્વવ્યાપી કથા દેવાસુર સંગ્રામની જુદા જુદા સ્વરૂપે મળી આવે છે. ભારતમાંથી પ્રસરેલી વારતાઓ જ્યાં જ્યાં પ્રચાર પામી ત્યાં ત્યાંના સ્થાનિક તત્વો અને સ્થાનિક નામો પડતાં મૂકી દઈએ એટલે એનું ભારતીય સ્વરૂપ પરખાઈ આવે. બૌદ્ધ કથાઓ, હિતોપદેશ, પંચતંત્ર અને કથાસરિત્સાગરની કથાઓ વિશ્વના દેશદેશથી સ્વરૂપાંતરે મળી આવી છે. હજારો વર્ષ પૂર્વેની પશ્ચિમ એશિયાના પહાડો અને ઈંટો તથા ઝાડની છાલ ઉપર લખાયેલી યુસુફ અને પોટીફર તથા 'બતાઉ' અને 'અનેપુ' ની કથાઓનાં કથાબીજ (મોટીફ) આપણી રાજ ભરથરી અને વિક્રમ, ઓઢો અને હોથલની લોકવાર્તામાં મળી આવે છે. 'ભાભીનો દિયર પ્રત્યેનો પ્રેમ' એ કથાબીજ આ બધી વાર્તાઓના મૂળમાં રહેલું છે.

સાગરના સામસામા બે કાંઠે ઝૂરતા સાહસિક વિજોગી યુગલોની આવી જ એક સરખી કથાઓ યુરોપ - એશિયાને જોડતી હેલે-સ્પોટની ખાડી, સિંધની સાગર સમી સરિતા અને સૌરાષ્ટ્રના શિયાળ બેટ અને ચાંચની ખાડી ઉપરથી મળી આવે છે. યુરોપીય યુગલ છે. હીરાં અને લીએન્ડર, સિંધનું યુગલ છે સુહીણી - મેહાર અને સૌરાષ્ટ્રનું યુગલ છે મોરણી અને બાવો ભભૂતગર. સિંધ - પંજાબના શશી–પુનરુની યાદ સૌરાષ્ટ્રના હાલારની બે નદીઓ સસોઈ અને પૂના સાથે જોડાયેલી છે.

કંઠસ્થ કથાઓ કે ગ્રંથસ્થ કથાઓનાં કથાબીજ એકનાં એક રહે છે, પણ પ્રદેશે પ્રદેશે તે નવાં નોખાં નામરૂપ ધરે છે અને બધી કથાઓમાં જે તે સ્થળે અને કાળની સુપ્રસિદ્ધ વ્યકિતઓ અને સુપ્રસિદ્ધ સ્થળોનાં નામો જોડાતાં જાય છે. એમાં વફાઈ અને અને બેવફાઈ, શૈતાનિયત અને ઈન્સાનિયત, ખાનદાની અને ખૂટલાઈ, શોષણ અને સમર્પણ, ઈમાની અને બેઈમાની, સૂર અને અસુરનાં દ્વંદ્વની વાતો રહેલી છે.

['લોકવારતાની રસલહાણ' : એ નામના હમણાં જ પ્રગટ થયેલા ગ્રંથમાંથી શ્રી જયમલ્લભાઈ પરમારે સંપાદિત કરેલા આ ગ્રંથમાં ગુજરાતના ત્રીસ સિદ્ધહસ્ત લેખકોની શ્રેષ્ઠ લોકવારતાઓ આપવામાં આવી છે. સ્વ. મેઘાણીના 'સૌરાષ્ટ્રની રસધાર' પછી એવી જ ઊંચી કક્ષાનો, પણ જુદા જુદા લેખકોને હાથે લોકવારતાઓ લખાયેલી હોવાને કારણે શૈલીવૈવિધ્યવાળો આ વારતાસંગ્રહ આપણા સાહિત્યમાં અનોખી ભાત પાડે છે. આવા મૂલ્યવાન સંપાદન માટે શ્રી જયમલ્લભાઈ પરમારને અભિનંદન – સહમંત્રી']

☆

★ ચિંતન કણિકાઓ ★

બીજાઓ મારે વિશે શું ધારતા હશે તેની ચિંતામાં હું રહ્યા કરતો હતો. પછી મને ખબર પડી કે બીજાઓ મારો મુદ્દલ વિચાર કરતા નહોતા. પણ હું એમને વિશે શું ધારતો હોઈશ તેની ઉપાધિ કરતા હતા – ત્યારે મારી ફિકર મેં છોડી દીધી.

–એમરસન

જમાનો બહુ ખરાબ આવ્યો છે, ભલે, પણ તમને અહીં મોકલ્યા છે તે એને સારો કરવા માટે.

–થોમસ કારલાઈલ

આચાર્ય કૃપાલાણીની સંનિધિમાં

[] ડૉ. હરીશ વ્યાસ

અમદાવાદમાં તામિલનાડુના માજી રાજ્યપાલશ્રી પ્રભુદાસ પટવારીને ઘરે ઊતરેલા આપણા મહાન દેશભક્ત, ગાંધીવાદી વિચારક અને ક્રાંતિકારી કેળવણીકાર સ્વર્ગસ્થ આચાર્ય કૃપાલાણી સાથે મળવાનો પ્રસંગ તા. ૨-૧-'૮૨ ના રોજ મારે થયો હતો. એ નિમિત્તે થયેલો વાર્તાલાપ નીચે પ્રસ્તુત કરવામાં આવ્યો છે:

સાંજનો સમય હતો. આકાશમાં ઘેરાયેલાં વાદળાંઓ વિખેરાવાથી સૂર્યનો તડકો રેલાતો હતો. પરિમલ સોસાયટીમાં આવેલા શ્રી પ્રભુદાસભાઈ પટવારીના બંગલામાં બગીચાનાં વિવિધ પુષ્પોની મીઠી પરિમલ દિલને તરબતર કરી દેતી હતી. સંગીતના સ્વરો રેકૉર્ડિંગ પરથી રેલાતા હતા: "સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ... રઘુપતિ રાઘવ રાજારામ...!" સંગીત પૂરું થતાં જ આચાર્યશ્રીને કૉફી અને બિસ્કિટ તથા મને ફળો ઘરમાંથી નિવેદિત થયાં અને ખાતાં ખાતાં અમારી વાતચીત પણ ચાલતી રહી.

શરૂઆતમાં જ આચાર્યશ્રીએ મારો પરિચય માગ્યો. અને મેં ઠેઠ ચાળીસગાંવના સર્વોદય સંમેલનથી યાદ કરીને તેમને આજ સુધીનો પરિચય આપ્યો. "ગાંધીજી કે બારેમેં આપને ડૉક્ટરેટ હાસિલ કિયા યહ ખુશી કી બાત હૈ. આપ કે જૈસે સર્વોદય કાર્યકર્તા ઔર Intellectual પ્રબુદ્ધજનકો મિલકર બહોત ખુશી હોતી હૈ. દેશ કે બારે મેં તુમ ક્યા સોચતે હો? ખુલે દિલ સે કહો." આમ કહીને તેમણે જ પ્રશ્ન પૂછીને વાતચીતનો આરંભ કર્યો.

"આચાર્યજી, મનમાં એક સવાલ પ્રતીતિ મેળવવા માટે ઊઠ્યા કરે છે કે ઔદ્યોગિક ક્રાંતિ પછી જે યંત્ર-વિજ્ઞાનની સંસ્કૃતિ આવી છે તેણે ભારતનાં ગામડાંને ગરીબી, બેકારી અને ભૂખમરાથી ભરી દીધાં છે. આ Urbanisation શહેરીકરણ, મોટા પાયાનું ઉદ્યોગીકરણ અને કેન્દ્રીકરણ ભારે ખતરનાક છે."

"દેખો હરીશજી, જબતક હમારા પ્લાનિંગ-આયોજન નહીં બદલેગા તબ તક કોઈ ચારા નહીં હૈ. આયોજન ઉપર સે નીચેકી અપેક્ષા નીચેસે ઉપર લેજાના ચાહિયે. ગ્રામ આયોજન, ગ્રામ સંકલ્પ ઔર ગ્રામસ્વરાજ્ય કે બિના યહ સમશ્યા નહીં નીપટેગી. ઔર Key-industries (ચાવીરૂપ ઉદ્યોગો) મેં ટ્રસ્ટીકરણ કરના પડેગા. બાકી સબ ઉદ્યોગ છોટે પૈમાને પર ચલાને ચાહિયે. ભારત મેં વિકેન્દ્રિત ઉદ્યોગો કે બિના લાખોં-કરોડો હાથો કો કામ નહિ દિયા જા સકેગા. યે લાલબહાદુર શાસ્ત્રી, મોરારજીભાઈ વગૈરે આયે તો થોડા કુછ બના થા. બાદ મેં તો નેહરુ કાલસે ઈન્દિરા તક વહી પુરાની રફ્તાર ચલ રહી હૈ ભગવાન જાને, ઈસ દેશ કા ક્યા હોગા!"

"આનો ઉકેલ ભારતની જનતા, પ્રબુદ્ધજનો અને લોકસેવકોએ મળીને કરવો જ પડશે. તેત્રીસ વર્ષથી દેશ રવાડે ચડી ગયો છે. અરે આચાર્યજી, હું એવાં ગામડાંમાં ઘૂમ્યો છું કે જ્યાં તેત્રીસ વર્ષની આઝાદી પછી યે પીવાનું પાણી મળતું નથી. ૭૦ કરોડની વસ્તીમાંથી ૩૦ કરોડ લોકો તો ગરીબીની રેખા નીચે જીવે છે. ગરીબી, બેકારીની સાથે કમરતોડ મોંઘવારી વધતી જ જાય છે. સામાન્ય માણસને જમા-ઉધારનાં બે પાસાં મેળવવાં યે દુષ્કર છે. આ ભાવવધારાની ચુંગાલમાંથી પ્રજાને બચાવવી જ પડશે એને માટે લોક જાગરણ દ્વારા લોકશિક્ષણ કરીને ગામેગામ અને શહેરને વૉર્ડ લોકસમિતિઓ રચવી જ પડશે."

"દેખો હરીશભાઈ, મૈં ભાવુક આદમી નહીં હું... બહોત અનુભવ પાયા હૈ. હાં મે સિર્ફ Emotions – ભાવનાઓ મે બહનેવાલા આદમી નહિ હું પક્કા Politician (રાજકારણી પુરુષ) હું. ...લોક સમિતિકી બાત અચ્છી હૈ. જરૂર બનાઓ મગર યહ લંબે અર્સેકી બાત હૈ. Voter's Council – મતદાતા મંડલ બનાના, લોક ઉમ્મિદવાર ખડા કરના- યહ સબ અચ્છી બાત હ. મગર બહુત સમય લગેગા. જરૂર કીજિયે. મના નહીં કરતા હું. મગર આજકી પરિસ્થિતિ કા તાત્કાલિક હલ ઈસ મેં નહીં હૈ! દેશ મેં જો સરકાર રાજ્ય કરતી હૈ ઉસકા વિકલ્પ ચાહિયે. સામાન્ય નહીં, મજબૂત ઔર જોરદાર એવં દૃષ્ટિ સંપન્ન વિકલ્પ ચાહિયે. સબ વિરોધ પક્ષોંકો એક હો જાના ચાહિયે. ગઈબિતી બાતેં ભૂલ જાની ચાહિયે. ભૂતકાલ કો સિર્ફ યાદ કરતે રહને સે વર્તમાન મેં એકતા નહીં બનેગી. કલ કો ભૂલ જાઓ. આજકો સંપન્ન કરો. સર્વોદય પ્રવૃત્તિયોં મેં જે. પી. ડૂબે હુએ થે... વિનોબાજી કે સાથ... !ફિકર કયોં જનતા પાર્ટી બનાને કી ઉલઝન મેં પડે? લોકઆન્દોલન ઉન્હોને ક્યોં કિયા? વહ પક્કા Politician રાજપુરુષ થા. ઉન્હોં ને વિનોબાજી કી પ્રવૃત્તિયોં મેં જરૂર તથ્ય દેખા થા. મગર વહ લંબે અરસે કી બાતથી. ઈસ મેં તાત્કાલિક પરિસ્થિતિ કા હલ નહીં થા. દેખો હરીશજી, ક્રાન્તિકારી તાત્કાલિક કા ઔર લંબે અરસેકા-દોનોંકા વિચાર કરના પડતા હૈ... ચુનાવ આ રહા હૈ, ઈસ કે પહલે ઈસ શાસકીય પાર્ટીકા જલદીસે જલ્દી વિકલ્પ દે દો... વરના લોકતંત્ર કો બડા ખતરા હોગા."

આચાર્યજી, આજે દેશમાં જે. પી. જેવું કોઈ ગતિશીલ વ્યક્તિત્વ નથી. વિનોબા છે પણ એ લાંબા અરસાની યોજનાઓના વિચાર પ્રવાહમાં છે. રાષ્ટ્રીય કક્ષાના પ્રતિભા સંપન્ન અને પ્રભાવક પુરુષ આપ છો. આપે પુનઃ સાબરમતી આશ્રમની હૃદયકુંજમાં-બાપુની છત્ર-છાયામાં વિરોધ પક્ષોના મુખ્ય નેતાઓને બોલાવીને એકતા માટે મથવું જોઈએ. તટસ્થ અને નિષ્પક્ષ તથા નિરપેક્ષ વ્યક્તિ સિવાય આ કાર્ય સંપન્ન નહીં થાય."

"મૈં પંચાનબે સાલકા બૂઢા હો ગયા હું. મૈં ક્યા કરું? અભી મુઝે રિટાયર્ડ કરો. મેરે બસકી યહ બાત નહીં હૈ, શક્તિ ભી નહીં હ... નવજવાનોં કો યહ કામ કરના ચાહિયે.

બસ, જાઓ.... દેશકો આગે બઢાવો. દૃષ્ટિ સંપન્ન નવજવાનોંકી દેશ કો બહોત બહોત જરૂર હૈ... ખૂબ ખૂબ આશીર્વાદ હૈ."

મેં કૃપાલાણીજીને પ્રણામ કર્યા. તેઓ મને ભેટી પડ્યા. મેં એમની વિદાય લીધી ત્યારે એમની આંખોમાં અનોખી ચમક દેખાતી હતી.

❋ વસંત વ્યાખ્યાનમાળા ❋

પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ કી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત વસંત વ્યાખ્યાનમાળા તા. ૧૨, ૧૩, ૧૪ એપ્રિલના રોજ સાંજના ૬-૧૫ કલાકે તાતા ઑડિટોરિયમ, બ્રુચ સ્ટ્રીટ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૨૩ ખાતે યોજવામાં આવી છે. સર્વેને પધારવા વિનંતી છે. વિષય અને વક્તાની વિગત નીચે પ્રમાણે છે.

વિષય: આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ

૧૨-૪-૮૨ પોલાન્ડ અને મહારાષ્ટ્રો આઈ. કે. ગુજરાલ
૧૩-૪-૮૨ ભારત અને તેના પડોશી પ્રો. ચી. એમ. કામથ
૧૪-૪૮૨ મહાસત્તાઓનો સંઘર્ષ પ્રો. રમેશભાઈ

લિ. મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

સ્વર્ગમાં ઝૂંપડપટ્ટી હોતી નથી

[] વિપિન પરીખ

સવારનું છાપું વાંચવું ગમતું નથી. એક દિવસ એવો હતો કે છાપું આવે નહીં ત્યાં સુધી સવારની ચા ભાવે નહીં. આજે કંઈક સૂગ ચડે છે. ઉંમરનો પ્રભાવ? ના, માત્ર ઉંમર નહીં. રોજ સવારે હેવાનિયતના, માનવતાના ધ્વંસના સમાચાર વાંચીને દુઃખ થાય છે. ક્યાંક ટ્રેનમાં એકસદ્દોકલ મહિલાનું ખૂન થયું છે, ક્યાંક લાખ્ખો રૂપિયાની દાણચોરી પકડાઈ છે, શહેરમાં-પાટનગરમાં ખુરશીઓની ખેંચાખેંચમાં ગીતા-રામાયણ બધાં ભૂલાઈ ગયાં છે. વિનોબાજી સંત પુરુષ છે. તેઓ તો કહે: હતાશ થવાની જરૂર નથી. આ છાપાંવાળાં તો અનિષ્ટને અશુભનાં જ મથાળાં બાંધે. જે શુભ છે, જે આનંદમય ઘટના બને છે તેની હેડલાઈન્સ બંધાતી નથી. જગતમાં એટલું શુભ જોવાની દૃષ્ટિ હજી તો મળી નથી. છતાં સર્વત્ર જ્યાં જીવનનો હ્રાસ, નાશ થતો હોય ત્યાં કોઈ પોતાની કોમળ હથેલીમાં ડગુમગુ થતા જીવનનું જતન કરે, જ્યાં કાળું ડિબાંગ અંધારું હોય ત્યાં કોઈ થરથરતી જ્યોત ધરે એવું વાંચવા મળે ત્યારે મન ખુશખુશ થઈ જાય છે. એવી કોમળ હથેલી મધર ટેરેસાની છે. પોતાના ભૂરા પાલવની સાદી સાડીમાં એક દીવાને સંકોરી અંધકારને ભૂંસતા ભૂંસતા તેઓ આગળ વધતા જાય છે. ના, તેઓ અંધારાને જોતાં નથી. ગાઢ તિમિરની પાર તેઓ માત્ર ઈશુની કરુણામૂર્તિ જ જુએ છે.

કેટલાંક સદ્‌ભાગી માણસો પોતાના જીવનનો નકશો જન્મની સાથે લઈને આવતા હોય છે. નહીં તો એક બાર વરસની છોકરડી 'મારે મારું જીવન ઈશ્વરને ચરણે સમર્પિત કરવું છે' એવું નક્કી કરી શકે તે તમે કેવી રીતે માની શકો? વરસો માત્ર એમના આ નિર્ણયને, સ્વપ્નને જ આકાર આપતા હોય છે. આપણે ત્યાં મોટા ભાગના લોકો ડૉક્ટર થઈને વેપારી થવાનાં, વકીલ થઈને શેરબજારમાં કમાવાનાં વેપારી થઈ સંત થવાનાં સ્વપ્નોના ભંગાર જીવનભર ઊંચકીને ફરતા હોય ત્યારે આ નાની ઉંમરે પ્રાપ્ત થતું જીવનનું સ્વપ્ન પૂર્વજનમની જ દેણ લાગે. મધર ટેરેસાની ભક્તિ જે આજે બાહ્ય સ્વરૂપે ઝળોહળાં દેખાય છે તેના મૂળિયાં છેક શૈશવમાં છે. એમની ભક્તિ જીવનથી હારી-થાકીને પાંગરી નથી. એટલે જ તેમાં આનંદનો એક સૂર વહ્યા કરે છે ને એટલે જ એમની શ્રદ્ધા બીજા માણસોની જેમ નાના મોટા પ્રસંગોના ફટકાથી વિચલિત થઈ નથી.

"પોતાને મળેલા કહેણ માટે કોઈ ચોક્કસ-નિઃશંક કેમ થઈ શકે?" એવો પ્રશ્ન જ્યારે પૂછાયેલો ત્યારે મધર ટેરેસાએ કહેલું, "આપણા હૃદયને ઊંડે ઊંડે આપણને આપણા લક્ષ્યની, કહેણની એક દૃઢ પ્રતીતિ હોય છે. આપણે જો નમ્ર અને નિષ્ઠાવાન હોઈએ તો ઈશ્વર આપણને ક્યારે છેતરી નહીં શકે. પ્રેમના આદાનપ્રદાન માટે જ એણે આપણું સર્જન કર્યું છે. આપણા અસ્તિત્વ પાછળ કોઈ એક હાથ છે, કોઈ એક ધ્યેય છે. એક ઉચ્ચત્તમ લક્ષ્ય માટે આપણને પેદા કરવામાં આવ્યા છે."

અને એ ઈશુને શોધે છે, જુએ છે દીનદુખિયામાં, રોગીઓમાં. ઈશુને જ કહે 'તું ભલે ગંદા ગોબરાં ચીંથરામાં સંતાય' હું તે છતાં તને ઓળખી શકું અને કહું, 'ઈશુ, મારા દર્દી, તારી સારવાર કરવી એ પણ કેટલું મધુર છે!' અથવા દર્દીને કહે, "તમે મને અતિ વ્હાલા છો– તમારી સેવા કરવી એ પણ મારે મન લ્હાવો છે. કારણ ઈશુ તમારું રૂપ લઈને આવ્યો છે.'

આજે આપણને આશ્ચર્ય થાય પણ કલકત્તામાં શરૂ શરૂમાં એમણે જ્યારે કાર્યનો આરંભ કર્યો ત્યારે તેમને હઠાવવાની કોશિશ થયેલી, પોલીસને ફરિયાદ થયેલી! ત્યારે પોલીસ કમિશનર આ નારી શું કાર્ય કરે છે તે જાતે જઈ તપાસ કરી. આભા થઈ ગયા. ફરિયાદ કરનાર યુવાનોને કહ્યું, "તમે કહો છો તે પ્રમાણે હું એમને હઠાવું પરંતુ તે પહેલાં આ નારી જે કામ કરે છે તે કામ તમારી મા-બહેનો પાસે તમે કરાવો. તે પછી જ હું મારી સત્તા વાપરીશ ને એમને અહીંથી ખસેડીશ."

વર્તમાન સમયમાં લોકો જ્યારે નાસ્તિક થઈ ઈશ્વરના અસ્તિત્વની શંકા કરે ત્યારે મધરની શ્રદ્ધા અડગ છે ને એટલે જ તેઓ કહી શકે કે "ઈશુ તો આજે પણ પોતાના માણસોની વચ્ચે આવે છે; પરંતુ એના જ માણસો ઈશુને ઓળખી નથી શકતા. ઈશુ આવે છે કંગાળના સડી ગયેલા દેહનું રૂપ લઈને. અરે, પોતાની જ લક્ષ્મીથી ગૂંગળાઈ જતાં શ્રીમંતોના વેશ પહેરીને પણ એ આવે છે. શ્રીમંતના હૃદયની એકલતામાં એ આવે છે. લક્ષ્મી છે છતાં એ શ્રીમંતોને પ્રેમ કરનાર કોઈ નથી હોતું. આ ઈશુ આજે પણ તમારી-મારી પાસે આવે છે અને અનેકવેળા આપણે એની બાજુએથી પસાર થઈ જઈએ છીએ."

પરંતુ સૌથી વિશેષ એમને સ્પર્શે છે લોકોનું બેઘરપણું–એકાકીપણું. આ બેઘરપણું એટલે પથ્થરની દીવાલનો જ માત્ર અભાવ નહીં. એક બેઘરપણું આવે છે જ્યારે માણસ પાસે પોતાનું કહી શકાય તેવું કોઈ હોતું નથી. એને ભૂખ હોય છે રોટીના ટુકડાની નહીં પણ પ્રેમની. 'To be somebody to some one' કોઈ પોતાનું હોય, પોતે કોઈના થઈ શકે એ પણ એક ભૂખ છે અને એના વિના માણસો તડફડે છે. મધર કહે, "આજે જગતમાં જે દુઃખ દારુણ્ય છે તેના મૂળ ઘરમાં છે, કુટુંબમાં છે. કારણ ઘર, કુટુંબમાં પ્રેમનો અભાવ છે. આપણને આપણા જ બાળકો માટે સમય નથી. એકબીજા માટે સમય નથી. ઘરને જો આપણે તીર્થ બનાવી શકીએ તો દુનિયામાં આનંદનું શાંતિનું સામ્રાજ્ય ફેલાઈ જાય. જીવનમાં જો પ્રેમનું અવતરણ કરવાનું હોય તો તેનો આરંભ ઘરથી જ કરવો પડશે."

"મેલબોર્નમાં, ઈંગ્લેન્ડમાં, કલકત્તામાં અનેક એકાકી લોકો છે જેમને એમની રૂમના નંબરથી ઓળખવામાં આવે છે. શા માટે આપણે એમની પાસે જતા નથી? જાણો છો તમારા ઘરની બાજુમાં જ, પડોશમાં જ એવી કોઈ વ્યક્તિ છે? કોઈ રાંધે છે. એને આનંદ થશે તમે જો એને છાપું વાંચીસંભળાવશો. કદાચ કોઈ શ્રીમંત છે. પુષ્કળ ચીજવસ્તુ છે એની પાસે, એ દટાઈ જાય તેટલી! પરંતુ એને મળવા કોઈ નથી આવતું. એને તમારા સ્પર્શની જરૂર છે." એક દિવસ એક શ્રીમંત ભાઈ મધર ટેરેસા પાસે આવ્યા. કહે, "તમે અથવા બીજું કોઈ પણ મહેરબાની કરી મારે ઘરે આવો. હું અર્ધ-સાંધ છું ને મારી પત્ની લગભગ પાગલ. અમારા બધાં સંતાનો વિદેશ ભર્યા છે. રોકલ-તાથી અમે ઝૂરી રહ્યા છીએ મરી રહ્યા છીએ, માણસના ઉષ્મા ભર્યા, પ્રેમભર્યા અવાજ માટે અમે ટળવળીએ છીએ."

મેલબોર્નના એક વૃદ્ધ માણસની મધર વાત કરે છે. એ જીવે છે એની પણ કોઈને ખબર નહોતી. મધરે એની રૂમ જોઈ. ભયંકર! મધરે એ રૂમને સાફ કરવાની ઈચ્છા બતાવી. ત્યારે કહે કે 'ના, જેમ છે તેમ ઠીક છે.' મધર કશું બોલ્યાં નહીં. આખરે એણે રૂમ સાફ કરવાની રજા આપી. એ રૂમમાં એક સુંદર લેમ્પ હતો વર્ષોના કચરા અને ધૂળથી ગંદો. મધરે પૂછ્યું, "તમે આ લેમ્પ કેમ પેટાવતા નથી?" ત્યારે એણે કહ્યું, 'મારી પાસે કોઈ આવતું નથી. મને લેમ્પની કોઈ જરૂર નથી.' મધરે પૂછ્યું, "જો રોજ એક સિસ્ટર તમને મળવા આવે તો તમે લેમ્પ પેટાવશો?" તો કહે, "હા, માણસનો અવાજ મને સાંભળવા મળે તો હું જરૂર પેટાવીશ" અને થોડા દિવસ પછી આ જ માણસે મધરને કહેડાવ્યું, "મારી જિંદગીમાં તમે પેટાવેલો દીવો હજી પણ જલતો રહ્યો છે."

તમને કેવા પ્રકારનું મૃત્યુ ગમે? કદાચ તમે વિચાર ન પણ કર્યો હોય, કદાચ કોઈક કલ્પનામાં મનમાં હોય, ઘરની ચાર હું ફાલી દીવાલ વચ્ચે, પોતાના પ્રિયજનનો હાથ હાથમાં લઈ, તેમના સાન્નિધ્યમાં કદાચ કોઈ તીર્થ સ્થળે પ્રભુનું સ્મરણ કરતાં...! પણ હજારો લોકો આજે એવી રીતે મૃત્યુને ભેટે છે જ્યારે તેમની નજીક પોતાનું કોઈ સ્વજન હોતું નથી. રસ્તા પર, ફૂટપાથ પર, સડતા દેહની પારાવાર વ્યથાથી કણસતા નામ વગરના આ અણજાણ લોકો લાચાર થઈને પોતાની આંખો મીંચે છે. આવા લોકોને મધર ટેરેસા શોધી શોધીને પોતાનો અમીમય સ્પર્શ આપે છે, પાલવમાં ઢબૂરે છે. ૨૬ વરસમાં કહે છે તેઓ ૨૭૦૦૦ માણસોને શેરીઓમાંથી ઊંચકી પોતાના 'હોમ ફોર ધ ડાઈંગ'માં લાવ્યા છે. સારવાર કરી છે, પ્રેમ આપ્યો છે, સ્પર્શ આપ્યો છે. કહે કે "લોકોને હું કોઈ ચીજવસ્તુ કે ભેટ આપવા નથી કહેતી. એ તો મને આમ કરતાં સહેજે ચપટીમાં મળી જાય. મારે તો એમની હાજરી જોઈએ. આ દીનદુખિયા-દર્દીઓને પોતાનો થોડોક સ્પર્શ આપે. થોડુંક હાસ્ય! તેમની પાસે થોડીક વાર જરા બેસે. બસ અમસ્તા જ, આમ જુઓ તો આ નાનકડી વાત છે; પરંતુ આ નાનકડી વાતનું પણ મારા લોકોને મન ખૂબ મૂલ્ય હોય છે."

દર્દીઓને સ્પર્શ કરવાની વાતને મધર ખૂબ મહત્ત્વ આપે છે, સિસ્ટરોને પણ એ માટે ભારપૂર્વક કહેતા હોય છે. એટલે જ એક જંતુઓથી ખવાયેલા ને ગંદા દર્દીની સારવાર કર્યા પછી એક સિસ્ટરે કહ્યું, "મધર ત્રણ કલાક સુધી હું ઈશુના દેહને સ્પર્શ કરતી રહી." મધર પોતે જ કહે, 'તમે લાખ્ખો રૂપિયા આપો તો પણ હું રક્તપિત્તિયાને સ્પર્શ ન કરું. પણ પ્રભુના પ્રેમ ખાતર હું ખૂબ આનંદથી એને સ્પર્શીશ.'

એક માણસને લાવવામાં આવ્યો છે. ત્રણ જગ્યાએથી એની કરોડરજ્જૂ તૂટી ગઈ છે. અસહ્ય યાતનાથી ચીસો અને બૂમો પાડે છે. એને મરવું નહોતું. સિસ્ટરોનું મોં પણ નહોતું જોવું. એને ભરપૂર માત્રામાં, છૂટથી, મોર્ફીન અને પ્રેમ આપવામાં આવ્યા. એને ઈશુની વેદનાની વાતો કરી. ઈશુ-જેણે માણસ જાત માટે દુ:ખ વ્હોર્યા સહ્યા! એને કહેવામાં આવ્યું: "ઈશુ આજે પણ તને પ્રેમ કરે છે." એણે ધીમે ધીમે સાંભળવા માંડ્યું. પ્રેમનો સ્વીકાર કર્યો. અંતિમ દિવસો એણે મોર્ફીન લેવાની ના પાડી. જે પરમ કૃપાળુ તત્ત્વે એને બચાવ્યો હતો તે પરમ સત્તા માં એણે શાંતિથી લીન થવું હતું!'

મધર કહે, "દરિદ્રને અંતિમ સમયે પ્રભુની પાસે જવામાં પ્રભુનું સાન્નિધ્ય અનુભવવામાં અમે મદદ કરીએ છીએ. ઈશ્વર આગળ એ પશ્ચાતાપ કરે તેમાં અમે એને સહાય કરીએ છીએ. આ વાત તેમની અને ઈશ્વર વચ્ચે જ હોય છે. બીજા કોઈની હાજરી નહીં. તે વેળાએ કોઈને ત્યાં પ્રવેશવાની રજા નથી હોતી. અંતિમ સમયે તેમણે પ્રભુ સાથે એક શાંતિની પ્રતીતિ થાય તેવો અમારો પ્રયત્ન હોય છે."

'નિર્મલ હૃદય' મધરની સંસ્થા. તેમાં કહે છે અંતિમ સમયે મારું કોઈ નથી' એવી ભાવના સાથે કે પ્રેમના અભાવ લઈ કોઈએ ત્યાં પોતાની આંખ મીંચી નથી. આ જેવી તેવી સિદ્ધિ નથી. પોતાના મૃત્યુ સમયે કોઈ શાંતિથી આંખ બીડે તે મધરને, સિસ્ટરોને કેટલી દુઆ આપીને જતા હશે? તેમના ચહેરા પર કેટલી તુષ્ટતા હશે? જીવનભર કે છેલ્લે છેલ્લે તરછોડાયલાનો કોઈ હાથ પકડે ત્યારે એ ચહેરા પર જે ધન્યતા તરવરે તેની તમે કલ્પના કરી શકો અને એટલે જ એક દર્દી જતા જતાં કહે, "પશુની જેમ હું જીવ્યો, દેવદૂતની જેમ વિદાય લઉં છું!"

મને મધરે વર્ણવેલા બે પ્રસંગો ખાસ સ્પર્શી ગયા છે. એક હિંદુ કુટુંબ હતું. કેટલા દિવસોથી પેટમાં કશું ગયું નથી. મધર થોડા ભાત લઈ- એ કુટુંબ પાસે ગયા. હજુ મધર કશી વાત કરે તે પહેલાં કુટુંબની માએ ભાતના બે ભાગ કર્યા ને બીજો ભાગ પડોશીને આપ્યો- આ પડોશી મુસલમાન કુટુંબ. મધરે પૂછ્યું, 'તો પછી તમારા સૌ વચ્ચે આટલા ભાતમાં શું આવશે? તમે તો બધું મળી દસ માણસો છો." ત્યારે એ ભૂખી મા કહે, "એ લોકોએ પણ કેટલા દિવસોથી કશું ખાધું નથી." તમે ભૂખ્યા પેટની એક દરિદ્ર નારીની આ મહાનતા, હૃદયની ઉદાત્તતા કલ્પી શકો છો?

તો બીજા એક પ્રસંગમાં મેલબોર્નમાં એક માણસને લાવવામાં આવ્યો હતો. ખૂબ માર પીટવામાં આવ્યો હતો. પોલીસે તેને વારે વારે ઉથલાવી ઉથલાવી પૂછયા કર્યું "તને આ માર કોણે માર્યો?" અનેક પ્રકારના જૂઠાણાં કહ્યાં પણ કેમે કહી એણે નામ ન જ આપ્યું. પોલીસ લાચાર થઈને ચાલી ગઈ. કેમ નામ ન આપ્યું એમ એને પૂછવામાં આવ્યું ત્યારે કહે, "પેલાને દુ:ખ પડત તેથી મારી વેદના કે મારા દુ:ખ ઓછા ન થાત" મારનાર એનો ભાઈ હતો અને પોતાના ભાઈનું નામ એણે ખુલ્લું ન કર્યું. બદલાની ભાવના જ્યારે તીવ્રતમ થઈ ઊઠે ત્યારે અસહ્ય પીડા વચ્ચે પણ પોતાના ભાંડુ માટે કેટલી સહિષ્ણુતા!

મધર કહે આ પ્રેમની સતત ધારા અમે રોજ અનુભવીએ છીએ ને એને લોકોમાં ફેલાવતા જઈએ છે. સામાજિક કાર્ય તો અનેક સરકારી, બિનસરકારી સંસ્થાઓ કરે છે. ખૂટે છે માત્ર પ્રેમ. મધર પોતાના કાર્યને પ્રેમ અને ભક્તિથી સુંદર કરી મૂકે છે. 'બ્યુટીફુલ' 'સુંદર' એ મધરનો મનગમતો શબ્દ છે. પ્રભુ માટે કશું સુંદર કરવું એ જ જાણે એમનો મુદ્રાલેખ, એમનું જીવન! જે દીનહીન છે, જે કુરુપ છે, જે મલિન છે તે સૌને પોતાના સ્પર્શથી મધર સુંદર રૂપાળો ઘાટ આપે છે. મધર કહે કે આજે પણ લોકો ભૂખથી મરતા હોય તો એનો અર્થ એવો નથી કે પ્રભુએ તેમનો ખ્યાલ ન કર્યો. પરંતુ આપણે એ ભૂખ્યામાં ઈશુને, પ્રભુને જોઈ ન શક્યા. આપણે કશું આપ્યું નહીં. સમાજને, સરકારને દીનહીન-કંગાળ લોકોની જરૂર નથી. પરવા નથી. એમને માટે કોઈને ફુરસદ નથી. સમાજ માટે તો તેઓ નકામા છે. આપણે તેમને શોધી કાઢવા પડશે ને આપણો પ્રેમ આપવો પડશે, કહે કે, "કેટલાંક માણસો કારણસર, શ્રીમંત થયા હોય છે. સુખેથી તેઓ જીવી શકે છે. તેમણે એ માટે મહેનત પણ કરી હશે પણ જ્યારે હું બગાડ જોઉં છું ત્યારે ઊકળી ઊઠું છું- અમે વાપરી શકીએ એવી ચીજવસ્તુને લોકોને ફેંકી દેતા જોઉં છું ત્યારે ચીડાઈ ઊઠું છું." હમણાં જ એમણે કહ્યું "મોટાં મકાનોને હું જ્યારે ખાલી, માણસ વિનાના જોઉં છું ત્યારે એ મકાનોને મારા માણસોથી ભરી દેવાની મને ઈચ્છા થાય છે."

મધર ટેરેસા વાચાળ નથી. શબ્દોની પણ જબ્બર કરકસર કરે છે. માત્ર પ્રભુ માટેના પ્રેમમાં જ એ કરકસર કરતાં નથી. કહે કે, "લોકોના હૈયાનો સ્પર્શ કરવા એક શાંતિની આવશ્યકતા હોય છે. આપણે શું કહીએ છીએ તે અગત્યનું નથી. આપણી દ્વારા અને આપણને પ્રભુ શું કહે છે તે અગત્યનું છે. ભીતરમાંથી શબ્દો ન નીકળતા હોય તો એ શબ્દો વ્યર્થ છે. જે શબ્દોને ઈશુનો પ્રકાશ નથી મળતો એ શબ્દો માત્ર અંધકારને જ વધારે છે. "ભાષણનું, પ્રવચનનું, શિબિરાભણનું બિંદુ એ મિલનનું બિંદુ નથી બની શકતું. "તો ત્યારે શું કરવાનું? તો કહે, 'ઝાડુ હાથમાં લઈ કોઈનું આંગણું સાફ કરજો. એ ઘણું બધું કહી જશે.' કહે કે કોઈ તમને મળીને પાછું જાય ત્યારે એ વધારે સુખી થઈને જાય તે જોજો, તમારા ચહેરા પર, આંખોમાં, તમારા સ્મિતમાં પ્રભુની દયાને, કરુણાને જીવતી કરજો. લોકોને તમારી સારસંભાળ નહીં, તમારું હૈયું પણ આપજો. નેતા માટે, કોઈ દોરે તેની વાટ જોઈને બેસી ન રહેશો. એકલા ઘડી પડો. એક માણસના નાતે બીજા માણસને હૈયેહૈયા મળો. ઈશુને, પરમેશ્વરને આપણે જોઈ ન શકીએ. પડોશીને તો હંમેશ જોઈ શકીએ! અને ઈશુ માટે આપણે જે કંઈ કરવાનું મન થાય તે પડોશી માટે કરીએ તો? પ્રભુનો આનંદ એ જ તમારી શક્તિ! એ જે કંઈ આપે તે સ્વીકારો અને જે કંઈ માગે તે ખડખડાટ હાસ્ય સાથે એને આપો, મોકળે મને તમે એના જ છો. કહો, "હું તારો છું. તું મારા કટકે કટકા કરીને ક્રાપશે તો તેનો એક એક કટકો પણ આખરે તારો જ હશે. ઈશુને તમારામાં શહીદ થવા દો અને પૂજારી પણ!"

એમની મુલાકાત લેવા ખબરપત્રી ને લેખકો આવે ને તેઓ વીંધાઈ જાય છે. હૈયાનું પરિવર્તન થાય છે. બુદ્ધિના પ્રેમ આગળ, ભક્તિ આગળ નમે છે. એક બ્રિટિશ ઉચ્ચ અધિકારી ફક્કડ કિંમતી સૂટ પહેરીને એમને મળવા આવ્યા હતા. મળ્યા પછી કહે, 'આ સૂટ મને દઝાડે છે. "તો ડેસમન્ડ ડોઈંગ એમની આત્મકથા લખે. તેઓ પૂર્વવત્ રહ્યા નહીં. કહે, 'મધરે મારી આંખોને દૃષ્ટિ આપી, જોતાં શીખ્યું." ગાંધીજી પાસે ઉકળતું લોહી લઈ, એમના કટ્ટર વિરોધી આવતા ને પછી તેમના ભક્ત બની જતા તે યાદ આવે છે?

એક દિવસ મધર માંદા પડ્યાં. મગજ પર ખૂબ તાવ ચડી ગયો. તેમાં જાણે સ્વર્ગમાં પીટરને મળવા ગયા. પણ પીટર? અંદર આવવાની જ ના પાડે. કહે, "સ્વર્ગમાં ઝૂંપડપટ્ટી નથી." ત્યારે મધર ગુસ્સે થઈ ગયાં ને પીટરને કહ્યું,' ભલે ભલે, હું સ્વર્ગને મારા ઝૂંપડપટ્ટીના માણસોથી ભરી મૂકીશ. પછી તમારે જખ મારીને મને દાખલ કરવી પડશે."આ દીનદુખિયા માટેનો એમનો પ્રેમ જ આપણને સંભળાય છે.

લીલા રેનું એક નાનકડું કાવ્ય છે:
"મને ખબર નથી ઈશ્વર છે કે નહીં,
પણ તારા અસ્તિત્વની મને જાણ છે.
ઈશ્વર તારા જેવો લાગતો હશે?"
તમે ઈશ્વરમાં માનો કે ન માનો, મધર
ટેરેસામાં એનો ચહેરો તમને તરવરતો દેખાશે.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. ટે. નં.: ૩૫૦૨૯૬: મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૫: અંક: ૨૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧૬ એપ્રિલ, ૧૯૮૨, શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ : પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર[પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

ગાંધીકુટુંબનો કલહ અને દેશની પનોતી

□ ચીમનભાઈ ચકુભાઈ શાહ

શ્રીમતી ઈન્દિરા ગાંધીએ, માર્ચ ૨૯, સોમવારની રાત્રે, તેમના પ્રિય પુત્ર સંજય ગાંધીની ૨૫ વર્ષની વિધવાને, તેના બે વર્ષના બાળક સાથે, તત્કાલ, પોતાનું નિવાસસ્થાન છોડી જવા આદેશ આપ્યો. ૨૯મી તારીખે, ૧ સફદરજંગ રોડ પર શું બન્યું તેના વિવિધ અહેવાલો વર્તમાનપત્રોમાં વિગતથી આવ્યા છે અને અફવાઓ તેથી પણ વિશેષ ફેલાઈ છે. ૨૮મી તારીખે મનેકા ગાંધી લખનૌ સંમેલનમાં હાજરી આપી દિલ્હી પાછી ફરી તે દિવસે, વડાપ્રધાનના નિવાસસ્થાને પોલીસની મોટી જમાવટ હતી. ૨૯મીનો દિવસ, ધાંધલધમાલ, શોરબકોર, કોલાહલ, આક્ષેપો અને પ્રતિઆક્ષેપોમાં વીત્યો અને છેવટે રાત્રે દસ વાગે મનેકા ગાંધીએ વિદાય લીધી. પ્રાપ્ત થતા અહેવાલો મુજબ, મનેકા ગાંધીનો ટેલિફોન કાપી નાંખ્યો હતો, તેના ભાઈ અને બહેનને આવતાં થોડો વખત અટકાવ્યા હતાં, તેના નોકરને રજા આપી હતી, ધીરેન્દ્ર બ્રહ્મચારીએ તેના સામાનની ઝડતી લેવા પ્રયત્ન કર્યો, ઉગ્ર બોલાચાલી થઈ, નોકરો, આયાઓ, પોલીસ વગેરેની રૂબરૂ આ બધું નાટક ભજવાયું. મનેકા ગાંધીને કહેવામાં આવ્યું કે તેણે તેની માને ત્યાં જવું, તેણે જવાબ આપ્યો કે મારે મનફાવે ત્યાં જઈશ. મનેકા ગાંધીએ બે દિવસનો સમય માગ્યો પણ તત્કાલ ઘર છોડી જવા હુકમ થયો. તેના પુત્ર વરૂણને તાવ હતો, તેને લઈ જતા રોકવા પ્રયત્ન થયો, અંતે ઈન્દિરા ગાંધી તરફથી મનેકા ગાંધીને એક પત્ર આપવામાં આવ્યો અને મનેકા ગાંધી મોડી રાત્રે દિલ્હીની એક હોટેલમાં જઈ રહ્યાં.

સાસુ-વહુના આવા કલહ આપણા દેશમાં સામાન્ય છે. મોટા ઘરની થોડી મોટી વાતો, પણ નવાઈ પામવા જેવું કાંઈ નથી. સૌ એ જ માટીના માનવી છે.

આ વાત કદાચ આટલેથી પતી જાત-બધે બને છે તેમ અંતે કદાચ ભુલાઈ જવાની અને ફરી મનમેળ થાય.

પણ ઈન્દિરા ગાંધીએ, લાગે છે કે ઈરાદાપૂર્વક, તેને વ્યાપક સ્વરૂપ આપ્યું. પોતે મનેકા ગાંધીને લખેલ પત્ર રાતોરાત સમાચારસંસ્થાઓને પહોંચાડયો. વર્તમાનપત્રોને પોતાનો કેસ રજૂ કરતા હોય તેમ અહેવાલો અપાયા અને બીજે દિવસે સવારે દેશના વર્તમાનપત્રોમાં આ બધા અહેવાલો પ્રકટ થયા. એક ગૃહકલહ હતો તેને રાજકીય અને રાષ્ટ્રીય સ્વરૂપ અપાયું. વર્તમાનપત્રોને ખોરાક મળી ગયો.

ઈન્દિરા ગાંધીએ આવું કેમ કર્યું? તેનાં કારણો વિચારીયે તે પહેલાં, મનેકા ગાંધીએ શું કર્યું તે જોઈએ. એ પણ ઓછી ઊતરી નહિ. ઈન્દિરા ગાંધીના પત્રનો તત્કાલ પોતાના હસ્તાક્ષરમાં સણસણતો જવાબ આપ્યો. વર્તમાનપત્રોને મોકલાવ્યો અને તેની ફોટો કોપી ઈન્ડિયન એક્સપ્રેસમાં ૩૧મી તારીખે પ્રકટ થઈ. ૨૫ જવાબનું પહેલું વાકય, ઈન્દિરા ગાંધીને ચોક ઝાટકે કાપી નાખે છે. એ પહેલું વાકય છે:

As usual you have written a letter meant for publicity and the press. In that are several statements that are quite simply not true.

ઈન્દિરા ગાંધીને કહ્યું, તમે જૂઠું બોલો છો અને પ્રચાર માટે જ પત્ર લખ્યો છે. ઈન્દિરા ગાંધીએ મનેકાના ગેરવર્તણૂંકની ફરિયાદ કરી હતી, કોઈ દિવસ તેમને આપવું જોઈતું માન આપ્યું ન હતું. તેના કુટુંબ અને કુળની પરંપરા ભિન્ન હોવા છતાં, તેને પુત્રવધૂ તરીકે લીધી, સંજય સતત તેના વર્તનની ફરિયાદ કરતો હતો વગેરે. મનેકાએ જવાબ આપ્યો. આ ઘરમાં મેં જે અપમાનો સહન કર્યા છે અને જે શારીરિક અને માનસિક ત્રાસ ભોગવ્યો છે તે કોઈ મનુષ્ય સહન ન કરી શકે તેવા હતા. બધો વખત ભાંડ્યા વિના મને મારી રીતે જીવવા દો, વગેરે.

વર્તમાનપત્રોમાં નિવેદનો અને પ્રતિનિવેદનો થયાં. આમાં કોણ સાચું અને કોણ ખોટું તે શોધવાની ભાંજગડમાં પડવાની જરૂર નથી, પણ ઈન્દિરા ગાંધીએ ઘરની આ ફજેતી જાહેર થવા કેમ દીધી (જાહેર કરી)? પોતે જાણતાં હોવા જોઈએ કે પોતાની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચશે. મનેકાને કાંઈ ગુમાવવાનું નથી, તેમણે જ બધું ગુમાવવાનું છે તે છતાં આમ કેમ કર્યું? ઈન્દિરા ગાંધીએ કહ્યું કે મનેકાને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો ટેકો છે, ભાજપનો ટેકો છે, બહુગુણા અને જયોર્જ ફર્નાન્ડિઝનો ટેકો છે, કોઈએ કહ્યું વિદેશી તત્ત્વોનો હાથ છે. ૨૫ વર્ષની આ છોકરીએ એવું શું કરી નાખ્યું કે ઈન્દિરા ગાંધી આટલાં બધા બહાવરાં બની ગયાં, મોટો બળવો થયો હોય અને ગંભીરપણે પડકાર ઝીલતાં હોય તેમ દેખાવ થઈ ગયો. ઈન્દિરા ગાંધી એટલા બધાં ભયભીત કેમ છે? અથવા ઈરાદાપૂર્વક દેખાવ કરે છે? કોંગ્રેસ પક્ષને માટે મોટો ખતરો હોય તેમ આ લખનૌ સંમેલનને પક્ષવિરોધી પ્રવૃત્તિ ગણાવી. એની ઉપેક્ષા કરી હોત, સંજય ગાંધીના પાંચસૂત્રી કાર્યક્રમને અમલી બનાવવા આ સંમેલન હતું તો હળવા દિલે સફળતાનો સંદેશો મોકલ્યો હોત, મનેકાને ઘર-આંગણે સમજાવી ઠપકો આપ્યો હોત, તેમ ન બનત? અથવા બાજી હાથની બહાર ગઈ હતી, તેને ડામવા, માખીને મારવા હથોડો ઉપાડવાની જરૂર હતી?

તેમના જ ઘરમાં રહી તેમની વિરુદ્ધ પ્રચાર કરે અથવા તેમના વિરોધીઓને આશ્રય આપે તે સહન ન થાય એ સમજી શકાય તેવું છે, પણ શાન્તિથી, અથવા થોડા સમયમાં, મનેકાને જુદા રહેવાની ફરજ પાડી શકાત. આટલી બધી ઉતાવળ અને ઉગ્રતા શાને?

આ બનાવની પશ્ચાદ્ ભૂમિ, હવે પછી બનારી તેની અસર, તેના રાજકીય અને રાષ્ટ્રીય પરિણામો, આપણા દેશ માટે ચિંતાજનક નહોત તો, આપણે આ બનાવની ઉપેક્ષા કરત. આ બનાવ ઈન્દિરા ગાંધીના વર્તમાન માનસનું પ્રતિબિંબ પાડે છે. એ માનસનો પાયો એ લાગે છે કે રાજીવ ગાંધીને પોતાના વારસદાર તરીકે સ્થાપવા છે અને તેમાં મનેકા ગાંધી આડખીલીરૂપ છે અથવા થવા સંભવ છે. માટે તેને જડમૂળથી ઉખેડી નાખવી જોઈએ. લોકશાહીની વાતો કરીએ પણ સામંતશાહી માનસમાંથી હજી આપણે બહાર આવ્યા નથી એટલું જ નહિ, પણ સામંતશાહી જ આ દેશને અનુકૂળ છે એવી માન્યતા આ બનાવનો આધાર જણાય છે. નહેરુ કુળ જ આ દેશ ઉપર રાજ્ય કરે, તેમાં જ દેશનું હિત છે, તેવી તૈયારી થાય છે તેમાં મનેકા ગાંધીએ નાનો એવો પણ પથરો નાખ્યો.

જવાહરલાલ નહેરુની ઈચ્છા કદાચ હશે કે ઈન્દિરા ગાંધી તેમના અનુગામી થાય. તે માટે આહકતરી રીતે પ્રયત્ન પણ કદાચ કર્યો હશે, પણ નહેરુ અંતે લોકશાહીમાં માનતા અને તેમના અવસાન પછી લાલબહાદુર શાસ્ત્રી તેમના અનુગામી થયા. લાલબહાદુરનું અકાળ અવસાન થયું ન હોત-પાંચ સાત વરસ વડાપ્રધાન રહ્યા હોત તો ઈન્દિરા ગાંધી કોઈ દિવસ વડા પ્રધાન થાત કે નહિ તે શંકાનો વિષય છે. લાલબહાદુરના અવસાન પછી ઈન્દિરા ગાંધી વડા પ્રધાન થયા તેનું મુખ્ય કારણ તે વખતના કોંગ્રેસના આગેવાનોની, શ્રી મોરારજી દેસાઈને દૂર રાખવાની ઈચ્છા હતી. બે વખતે મોરારજીભાઈએ પ્રયત્નો કર્યા અને આગેવાનોએ તે પ્રયત્નો નિષ્ફળ બનાવ્યાં. ત્રણ વર્ષ પછી, ઈન્દિરા ગાંધીને હિંમત આવી અને ૧૯૬૯માં પોતાનું સ્વરૂપ પ્રકટ્યું. ૧૯૭૧ના બંગલા દેશના વિજયે તેમને શિખર પર બેસાડ્યાં. ૧૯૭૫માં દેશની આર્થિક સ્થિતિ કથળી, ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસની હાર થઈ, અલ્હાબાદ હાઈકોર્ટનો ચુકાદો આવ્યો અને જયપ્રકાશનું આંદોલન થયું. આ સમયે સંજય ગાંધી આગળ આવ્યા. ત્યાર પછીનો ઈતિહાસ જાણીતો છે. સંજયમાં હિંમત અને સાહસ હતાં. શું સાધનો વાપરે છે તેની પરવા ન હતી. નવા યુવાન માણસોને પોતાની આસપાસ ભેગા કર્યા.તેમને કોઈ મૂલ્યો ન હતાં. ૧૯૮૦ની ચૂંટણીમાં સફળતા મળી પછી સંજયની સત્તા વધીપડી. પાર્લમેંટ અને ધારાસભાઓના સભ્યો, કેન્દ્રના મંત્રીઓ અને રાજ્યોના મુખ્ય મંત્રીઓ, મોટે ભાગે તેમની પસંદગીના થયા. ઈન્દિરા ગાંધીના વારસદાર તરીકે સંજય નિશ્ચિત થઈ ચુકયા, કદાચ ઈન્દિરા ગાંધીની હયાતી દરમિયાન પણ થાત, પણ કુદરતે કાંઈ જુદું જ ધાર્યું હતું. સંજય ગાંધીના અકસ્માત અવસાને નકશો પલટાવી નાખ્યો. ઈન્દિરા ગાંધી આ આઘાતમાંથી બહાર આવ્યાં ત્યારે સંજયના વારસદાર કોણ તે પ્રશ્ન ઊભો થયો. મનેકા કે રાજીવ? અમેઠીની બેઠક માટે છેવટે રાજીવની પસંદગી થઈ. રાજીવ રાજકારણમાં પ્રવેશ કરવા ઈચ્છતા નથી, રાજકારણ માટે તેમને રૂચિ નથી વગેરે વાતો કેટલેક વખત ચાલી. છેવટે ધકેલાયા અને હવે તખ્તા ઉપર બરાબર આવ્યા છે. મનેકા ગાંધી અને ખાસ કરી તેમના માતા અમતેશ્વરી કાંઈ ખટપટ કરતાં હશે કે નહિ તે તો ભગવાન જાણે પણ થોડા વખત પહેલાં એક ધડાકો થયો. સંજય ગાંધીનું માસિક 'સૂર્યા' આર. એસ. એસ.ના ડો. જૈન અને સરદાર આંગ્રેને વેચાઈ ગયું. મનેકા કહે છે, તેમને આ વાતની જાણ ન હતી, આ માનવા જેવું નથી. આ માસિક પડીભાંગ્યું હતું અને બંધ પડશે એમ લાગતું હતું. અરુણ શૌરીએ લખ્યું છે કે શરૂઆતમાં ઈન્દિરા ગાંધીએ આ બનાવની ઉપેક્ષા કરી, પણ પછી એકદમ જાગી ઉઠ્યાં. ધીરેન્દ્ર બ્રહ્મચારીએ ડો. જૈનને બોલાવી પહેલાં ધમકાવ્યો, પછી લાલચ આપી શૌરીના કહેવા મુજબ રૂા. ૭૫ લાખ આપવા કહ્યું અને જૈન અને આંગ્રે માટે રાજ્યસભાની બેઠકો આપવા કહ્યું. આટલું બધું શા માટે?

રાજીવ સક્રિય રાજકારણમાં પડ્યા પછી, સંજયના નિકટના માણસોને દૂર કર્યા હતા. આ બધા મહાત્વાકાંક્ષી ચાલાકુટ યુવાનો ધૂંધવાતા હતા. તેમાં અકબર અહમદે બીડું ઝડપ્યું. લખનૌમાં સંજયના ટેકેદારોનું સંમેલન જાહેર કર્યું અને મનેકાએ હાજરી આપવા સ્વીકાર્યું. ઈન્દિરા ગાંધીએ આને મોટું સ્વરૂપ આપ્યું ન હોત તો કદાચ તેની બહુ નોંધ લેવાત નહિ. ઈન્દિરા ગાંધીને આ બધામાં રાજકીય કાવતરું લાગ્યું એટલે વ્યાકુળ થઈ ગયાં.

મનેકા ગાંધી શું કરે છે, કેટલું કરી શકે છે તે જુદી વાત છે. કાંઈ અસરકારક કરી શકે એવો સંભવ નથી. કોંગ્રેસના માણસો એમની પડખે ચડે તેમ નથી. ઈન્દિરા ગાંધી સાથે રહેવામાં જ તેમનો સ્વાર્થ છે. સંજયના કેટલાક ફેંકાઈ ગયેલા માણસો મનેકાને પડખે ચડે તો પણ નિષ્ફળ જવાના. વિરોધ પક્ષો મનેકાને પડખે ચડશે તો ઈન્દિરા ગાંધીનો આક્ષેપ પુરવાર થશે અને વિરોધ પક્ષો ગુમાવશે. મનેકાને ઈન્દિરા ગાંધી ટૂંક સમયમાં જ બીનઅસરકારક બનાવી દેશે.

ભય મનેકાનો નથી. ભય ઈન્દિરા ગાંધીના માનસનો છે.

સત્તાધારી વ્યક્તિઓને અમુક ભ્રમણાઓ (ઓબસેશન) હોય છે, તેમનું મન આ ભ્રમણાઓથી ઘેરાઈ જાય છે અને પ્રમિત થાય છે. અત્યંત શંકાશીલ બને છે. લેશ પણ વિરોધ સહન કરી શકે નહિ. પરિણામે પ્રજાને અનહદ નુકસાન થાય છે. રાજીવને પોતાના વારસદાર બનાવવાના ભ્રમથી ઈન્દિરા ગાંધીનું મન ઘેરાઈ ગયું છે. સંજય ગાંધીના પંચસૂત્રી કાર્યક્રમમાં કાંઈ નવું નથી. વૃક્ષારોપણ કરવું, દહેજ પ્રથા બંધ કરવી, ગંદા વિસ્તારો સુધારવા, લોકોને શિક્ષણ આપવું– આ બધું સામાન્ય છે, કોઈને કાંઈ કરવું નથી. મનેકા પણ કાંઈ કરે તેમ નથી. આ બધું તૂત છે, પણ ઈન્દિરા ગાંધી તેથી ભડકે છે.

દેશની પનોતી બેઠી છે. મોગલ સામ્રાજ્યમાં અને બીજા રાજાઓમાં રાજગાદી માટે ખટપટ થતી; લોકશાહીમાં પણ એવું બને એ અસહ્ય લેખાવું જોઈએ. રાજીવને વારસદાર બનાવવા ઈન્દિરા ગાંધી શું નહિ કરે?

વિરોધ પક્ષો કાંઈ કરી શકે તેમ નથી. ઈન્દિરા ગાંધીને સદ્‌બુદ્ધિ આવે એમ ઈચ્છીએ. નહેરુ કુટુંબનો આ દેશ ઉપર મહાન ઉપકાર છે. તેમના ત્યાગ અને બલિદાન અપ્રતિમ છે. આ દેશની પ્રજાએ એ કુટુંબ ઉપર અનહદ પ્રેમ વરસાવ્યો છે. ઈન્દિરા ગાંધી દેશના હિતનો જ વિચાર કરે અને રાજીવને વારસદાર બનાવવાના સ્વપ્નાં છોડે. રાજીવનું એ ગજું નથી. આ દેશમાં ખુશામતખોરો ઘણા છે. ઈન્દિરા ગાંધી અને રાજીવ એવા માણસોથી જ વીંટળાયેલાં છે.

મનેકા ગાંધીના આ બનાવના સૂચિતાર્થો આવા પ્રકારના ન હોત તો તે વિશે મેં આટલું લખ્યું ન હોત. આવા પરિણામમાંથી બચવા પ્રજાએ ખૂબ જાગ્રત થવું પડશે.

તા. ૮-૪-૧૯૮૨

*** ભક્તામરની કેસેટો ***

ભક્તામર સ્તોત્ર અંગે ડૉ. રમણલાલ ચી. શાહે બે પ્રવચનો આપ્યા તેની કેસેટો રૂા. ૬૦-૦૦ માં મળી શકશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

દેવનારમાં સરકારી ધારાની કતલ

[] ચીમનલાલ ચકુભાઇ શાહ

દેવનાર કતલખાનામાં દરરોજ હજારો પશુઓની કતલ થાય છે તે આપણે જાણીએ છીએ. પણ આ કતલખાનામાં સરકારે ઘડેલ કાયદાની છડેચોક કતલ થાય છે તે લોકોને ખબર નથી અને સરકારને પણ ખબર ન હતી. જીવદયા મંડળી અને કૃષિ ગોસેવા સંઘ જેવી સંસ્થાઓના કાર્યકર્તાઓને આ વાતની જાતમાહિતી છે અને અનેક વખત આવી બેદરકારી પ્રત્યે લેખિત અને રૂબરૂ મળીને સરકારનું ધ્યાન દોર્યું હતું, પણ કાયદાનો થતો છેડેચોક ભંગ અટકાવવા સરકાર તરફથી કોઈ અસરકારક પગલાં લેવાતા ન હતાં. છેવટ કૃષિ ગોસેવા સંઘને કોર્ટનો આશ્રય લેવો પડયો અને ૭-૧૦-૮૧ને રોજ જસ્ટીસ પેન્ડસેએ આ બાબત તપાસ કરવા ચાર સભ્યોની સમિતિ નીમી. તેમાં બે સભ્યો સરકાર નિયુકત હતા અને બે સભ્યો કૃષિ ગોસેવા સંઘ નિયુકત હતા. સરકાર નિયુકત બે સભ્યોએ દરેકે પોતાનો જુદો અહેવાલ રજૂ કર્યો છે. કૃષિ ગોસેવા સંઘ નિયુકત બે સભ્યોએ સંયુકત અહેવાલ રજૂ કર્યો છે. આ અહેવાલો ઉપરથી સ્પષ્ટ પુરવાર થાય છે કે હજારો ઉપયોગી પશુઓની કતલ બીનકાયદેસર વર્ષોથી થતી આવી છે અને હજી થાય છે.

હું અહીં સરકાર નિયુકત સભ્યોના અહેવાલોના આધારે જ, આ કતલખાનામાં કેવી ભયંકર ગેરવ્યવસ્થા છે તેનો સંક્ષેપમાં ખ્યાલ આપીશ. સરકાર નિયુકત બે સભ્યો હતા ડો. ભાગવત - પશુપાલન વિભાગના ડેપ્યુટી ડાયરેકટર અને ડો. ઠાકુર – આરે કોલોનીના ડેપ્યુટી ડાયરેકટર. બન્ને સરકારી અમલદારો હોઈ, અતિ સંયમથી અને સંકોચથી લખે તે સ્વાભાવિક છે, પણ સાચી પરિસ્થિતિ તો છુપાવી ન જ શકે.

જે કાયદા મુજબ પશુના કતલની પરવાનગી અપાય છે તે કાયદાને પશુરક્ષણ ધારો કહે છે. કેવી વિચિત્રતા કે કતલના કાયદાને રક્ષણનું નામ છે. આ ધારાની બે કલમ અગત્યની છે. એક એ છે કે અધિકૃત અધિકારીના સર્ટિફિકેટ વિના કોઈ પશુની કતલ થઈ ન શકે. બીજું કે દૂધ માટે અથવા ખેતી કે ભારવહેવા માટે ઉપયોગી હોય એવા કોઈ પશુની કતલ માટે સર્ટિફિકેટ અપાય જ નહિ. મતલબ કે સર્વથા નિરૂપયોગી હોય એવા પશુને જ વધ લાયક ગણાય.

એટલે સર્ટિફિકેટ આપવું એ સૌથી અગત્યનું કામ છે. અધિકૃત અધિકારીઓ જ આવું સર્ટિફિકેટ આપી શકે. તેમણે દરેક પશુની પૂરી તપાસ કરી સર્વથા નિરૂપયોગી છે તેવી ખાતરી થાય તો જ સર્ટિફિકેટ આપવું એવો આદેશ છે.

કોર્ટે ચાર સભ્યોની સમિતિ નીમી તેમાં બે મુદ્દા વિશે તપાસ કરવા ફરમાવ્યું હતું. એક, સર્ટિફિકેટ કાયદા પ્રમાણે અપાય છે કે નહિ અને બીજું તેમ ન થતું હોય તો કાયદાનો અમલ બરાબર કરવા તેમની શું સૂચનાઓ છે.

સરકારે સર્ટિફિકેટ આપવા વેટરીનરી ડોકટરોની અધિકૃત અધિકારી તરીકે નિમણૂક કરી છે.

એક વસ્તુ ધ્યાનમાં લેવાની છે. સર્ટિફિકેટ સરકાર નિયુકત અધિકારી આપે છે. જ્યારે કતલખાનાનો વહીવટ મ્યુનિસિપાલીટી હસ્તક છે.

હવે દેવનારમાં શું પરિસ્થિતિ છે તે જોઈએ. કતલ માટે પશુઓનો કવોટા સરકાર નક્કી કરે છે. હું અહીં ઘેટાં-બકરાની વાત છોડી દઉં છું. માત્ર બળદ, ભેંસ કે પાડા વિષે લખીશ. આવા પશુઓનો કવોટા શરૂઆતમાં અઠવાડિયે ૧૭૫૫નો હતો તે ૧૯૭૫માં વધારી ૪૨૮૦ કર્યો અને ૧૯૭૭માં ૫૫૦૮નો કર્યો. કયા ધોરણે આ કવોટા નક્કી કરવામાં આવે છે તેની કાંઈ માહિતી નથી. આ ઉપરાંત બકરી ઈદના એક જ દિવસ માટે ખાસ વધારાનો કવોટા આપવામાં આવે છે. જે છેલ્લા બે વર્ષથી ૪૦૦૦ છે.

ડો. ભાગવતે કહ્યું છે કે એક પશુની બરાબર તપાસ કરવી હોય તો ચોછામાં ઓછી ૭ થી ૮ મિનિટ જોઈએ. વેટરીનરી ડોકટરો ૭ કલાકની રોવી બે પાળીમાં કામ કરે છે. ઉપરાંત ભેંસ હોય તો તે ગાભણી છે કે નહિ તેની તપાસ બીજો ડોકટર કરે.

ડોકટર ભાગવતે કહ્યું કે ૭ કલાકમાં એક ડોકટર વધુમાં વધુ ૫૦ પશુની તપાસ કરી શકે.

સરકારે આવા માત્ર ચાર ડોકટર નીમ્યા છે. હવે ડોકટર ભાગવતના શબ્દોમાં જ કહું.

Normally about 16000 animals are inspected per month, during thirty days. Thus four inspectors are doing the inspection each at 135 per day against 50 animals they could thoroughly examine for implementation of the Act.

આ વેધક લખાણ ઉપર કોઈ ટીકાટીપ્પણની જરૂર નથી. ૫૦ ને બદલે ૧૩૫ ને સર્ટિફિકેટ અપાય છે. ૭-૮ મિનિટને બદલે બે મિનિટમાં પતાવવામાં આવે છે. સર્ટિફિકેટ લખતાં જ એટલો સમય જાય, તપાસ બાજુએ રહી જાય. દેખીતું છે કે આંખો મીંચીને સર્ટિફિકેટ અપાય છે.

વર્ષોથી આ સ્થિતિ છે. લાખો ઉપયોગી પશુનો સંહાર થઈ ગયો અને હજી થાય છે.

ડૉ. ભાગવતે કહ્યું છે, બીજા ૧૦ વધારાના ડૉકટરો નીમવા જોઈએ. જો કાયદાનું પાલન કરવું હોય તો.

બીજા અહેવાલો પણ આજ સ્થિતિ બતાવે છે. ડૉ. ઠાકુરે લખ્યું છે કે આ પરિસ્થિતિ પ્રત્યે સરકારનું વખતોવખત ધ્યાન દોરવામાં આવ્યું છે પણ કાંઈ પગલાં લીધાં નથી. આવા કામ માટે સરકારને કયાંથી સમય હોય?

આ પરિસ્થિતિની એક બીજી વિચિત્રતા જોવા જેવી છે. દેવનાર કતલખાનામાં એક દિવસમાં વધુમાં વધુ ૬૦૦ પશુઓની કતલ કરવાની જોગવાઈ છે. અઠવાડિયામાં એક દિવસ બંધ રહે છે, એટલે છ દિવસમાં વધુમાં વધુ ૩૬૦૦ પશુની કતલ કરી શકે, પણ અઠવાડિયાનો કવોટા ૫૫૦૦ પશુ માટે છે. કોણે અને શા માટે આટલો વધારે કવોટા નક્કી કર્યો તેનો કોઈ ખુલાસો નથી.

બીજું, ઈદને દિવસે ૪૦૦૦નો વધારાનો કવોટા આપાય છે. અઠવાડિયાનો ૫૫૦૮ના કવોટા ઉપરાંત ૪૦૦૦ એટલે કે ઈદના અઠવાડિયામાં ૯૫૦૦નો કવોટા થાય - સરકાર કહે છે આ અઠવાડિયામાં વધારાના ડોકટરો મૂકે છે. કેટલા, તેની ચોક્કસ માહિતી નથી. અઠવાડિયા દરમ્યાન આ સર્ટિફિકેટો અપાય પણ ૪૦૦૦ની કતલ તો ઈદને દિવસે જ થાય. કતલખાનાની ક્ષમતા ૬૦૦ની જ છે. તે દિવસે કસાઈઓને ખાસ લાઈન્સ આપવામાં આવે છે. મોટા છરાઓ લઈને સંખ્યાબંધ કસાઈઓ હાજર હોય! ડૉકટર ભાગવત કહે છે:

Unless this scene is personally viewed by any individual, no imagination can give even a faint Picture of the whole situation.

ઈદની કુરબાની માટે ડૉ. ભાગવતના શબ્દોમાં

Best and young animals are desired to be sacrificed by the sacrificers.

કેટલા યુવાન અને શ્રેષ્ઠ બળદોની કતલ થતી હશે?

હવે આ ડૉકટરો કેવા સંજોગોમાં કામ કરે છે તે જોઈએ.

સર્ટિફિકેટના કામ માટે અગ્રાયદી જગ્યા નથી. સર્ટિફિકેટ લેવા ઈચ્છતા લોકો ડોકટરને ઘેરી વળે છે. ઝટ પતાવવા ચારે તરફથી દબાણ થતું હોય છે. તેમને પોલીસનું કોઈ રક્ષણ નથી હોતું ડૉ. ઠાકુરે લખ્યું છે કે, રક્ષણ માગ્યું તો પણ મળ્યું નહિ. ભાગવત અને ઠાકુર બન્નેએ ભારપૂર્વક કહ્યું છે કે આ ડોકટરો ભારે દબાણ અને માનસિક તાણ નીચે કામ કરે છે. એક તો આ કામ ગંદું, ઘૃણાજનક છે તેમાં આટલું દબાણ હોય, પોલીસ રક્ષણ માગવા તેમને અગ્રાયદો ટેલિફોન પણ નથી. ડોકટર ભાગવત કહે છે:

The entire scene is such that officers are crowded by the cattle and surrounded by the indiscriplined mob. i.e. Owners of these animals who are pressing very hard for the passing of the animals.

In fact the veterenary officers doing inspection duty are entirely under the heavy pressure of the duty mentally & physically surrounded by the butchers who can have their slaughtering equipment with them.

ડો. ભાગવતે કહ્યું છે It is a tempting job.

આ રિપોર્ટમાં બીજું ઘણું લખ્યું છે જેની વિગતોમાં અત્યારે હું ઉતરતો નથી. એટલું જ કહું કે, ભયંકર અને દીલ કંપાવનારી સ્થિતિ છે.

આ અહેવાલને કોર્ટ સમક્ષ રજૂ થાય ત્યારે નામદાર જજે સરકારી વકીલને પૂછ્યું કે, સરકાર હવે શું કરવા ઈચ્છે છે. દુઃખ અને ખેદની વાત છે કે સરકાર તરફથી સરકારના ડોકટરે સોગંદ ઉપર વર્તમાન પરિસ્થિતિનો બચાવ કર્યો અને અંતે કહ્યું:

All efforts are made to examine the animals brought to the Abattoer in accordance with the provisions of section 6(2) of the act.

સમ સાદામાં છોને એક પણ સૂચન સ્વીકારવાની તૈયારી ન બતાવી કેટલી નિષ્ઠુરતા?

હાઈ કોર્ટે પોતાના આદેશો - ડાયરેકશન આપવાની છે. કૃષિ જૈસેથી સંઘ તરફથી ઓછામાં ઓછું શું કરવું જોઈએ તે લેખિત આપ્યું છે.

પણ સરકારી રીત મુજબ પોતે કાંઈક કર્યું છે તેમ બતાવવા, કોઈને પૂછ્યા વિના, કોઈની સાથે સલાહ કર્યા વિના, સરકારે એક પગલું લીધું છે.

તા. ૧૯-૩-૮૨ના રોજ એક નોટિફિકેશન બહાર પાડી, કાયદાનો અમલ બરાબર થાય અને તેના અમલમાં ગેરરીતિ ન થાય તેની દેખરેખ રાખવા ૧૫ સભ્યોની એક સમિતિની નિમણૂક કરી છે. ઉપરાંત સર્ટિફિકેટ આપવા અધિકૃત અધિકારી તરીકે વેટરીનરી ડોકટરો છે તેને બદલે ચાર પાંચ વ્યકિતઓનું એક Task force. નિમાયું એમ જણાવ્યું છે.

સરકારની કામ કરવાની રીત પણ અજબ છે. ૧૫ સભ્યોની સમિતિ નીમી તેમાં આઠ સરકારી સભ્યો છે. ચાર સર્વોદય કાર્યકર્તાઓના નામ મૂકયાં છે. તેમને પૂછ્યું નથી. તેમણે પોતાની નિમણૂકનો અસ્વીકાર કર્યો છે કારણ કે તેઓ બળદની કતલ સદંતર બંધ થાય તેમ ઈચ્છે છે એટલે કતલ કાયદા પ્રમાણે થાય તેની દેખરેખ રાખવાનો તેમને માટે પ્રશ્ન નથી.

આ સમિતિ, માત્ર દેખાવ માટે નથી. પણ આખા રાજ્ય માટે છે અને ત્રણ મહિનામાં એક વખત મળશે તેમ નોટિફિકેશનમાં જણાવ્યું છે. તાત્કાલિક પગલાં લેવાનું કોઈ સૂચન નથી. દેખાવમાં હજી એ જ પરિસ્થિતિ ચાલુ છે. નથી વધારાના ડોકટરની નિમણૂક કરી કે નથી ત્યાંની પરિસ્થિતિમાં કોઈ ફેરફાર કર્યો.

મેં આ બાબત આટલી વિગતથી લખ્યું છે કારણ આવી ભયંકર બેદરકારી જોઈ કાળજું કંપે છે. સરકારનું રૂંવાડું ફરકતું નથી. આ પ્રશ્નની ગંભીરતાનું કોઈ ભાન હોય તેવું કોઈ લક્ષણ નથી. ત્રણ મહિનાથી દેખાવ ઉપર સત્યાગ્રહ ચાલે છે. જાણે કાંઈ જ થતું નથી. તેમ સરકારી તંત્ર વર્તે છે.

વિનોબાજી કહે છે તે સાચું છે કે બળદની કતલ સંદતર બંધ ન થાય ત્યાં સુધી સરકાર ગમે તેવા કાયદા કરે તો પણ ઉપયોગી બળદની કતલ અટકાવી શકવાના નહિ.

સુપ્રીમ કોર્ટે એમ અભિપ્રાય આપ્યો છે કે ૧૫ વર્ષની ઉંમર સુધી બળદ ઉપયોગી રહે છે. ગુજરાત સરકારે ૧૯૭૯નાં કાયદો કર્યો છે કે ૧૬ વર્ષની ઉંમર સુધી કોઈ બળદની કતલ કરવી નહિ. તે કાયદાને પડકારવામાં આવતાં ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યું છે કે હવે બળદની સરેરાશ આયુષ્ય અને તંદુરસ્તી વધ્યા છે. બળદને ખોરાક અને સારવારના સાધનો સુધર્યા છે. તેથી ૧૬ વર્ષની ઉંમર મર્યાદા બંધારણીય અને વાજબી છે. ખાટકીઓએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે.

હકીકતમાં બળદની ઉંમર નક્કી કરવું અઘરું કામ છે. એમ કહેવાય છે કે, તેના દાંત, ચામડી, શિંગડા વગેરે ઉપરથી બળદની ઉંમર નક્કી થઈ શકે. દેખાવમાં સર્ટિફિકેટ અપાય છે તે લગભગ બધામાં બળદની ઉંમર ૧૭, ૧૮ લખવામાં આવે છે. સાવ ખોટું લખાય છે.

દેશની ખેતી ગરીબ ખેડૂત અને દેશના અર્થતંત્રને બચાવવું હોય તો આ ઉપયોગી અને બિનઉપયોગીની વાતો છોડી દઈ બળદની કતલ સંદતર બંધ કરવી એ જ શ્રેયસ્કર માર્ગ છે. બળદનું જ માંસ જોઈએ એવું શા માટે? જીવદયાનો પ્રશ્ન અલગ રાખી, માત્ર આર્થિક દૃષ્ટિએ વિચારીએ તો પણ બળદની કતલ સદંતર બંધ કરવી એ જ દેશના હિતમાં છે.

૮-૪-૧૯૮૨

નોંધ:-આ લખાણ લખ્યા પછી કોર્ટે કેટલીક સૂચનાઓ આપી છે. ખાસ કરી, તપાસ માટે ડોકટરોની સંખ્યા વધારવાની, પોલીસ રક્ષણની, વગેરે. સરકારી વકીલે કોર્ટને ખાતરી આપી છે કે સરકાર તરફથી આ સૂચનાઓનો વિના વિલંબે અમલ થશે. તેથી કોર્ટે કોઈ હુકમ કર્યો નથી અને સરકાર ઉપર છોડયું છે.

આ સૂચનાઓના અમલથી ઉપયોગી બળદોની કતલ કેટલી અટકશે તે તો અનુભવે ખબર પડશે.

ચીમનલાલ ચકુભાઈ

અભિમાન: અપરિપકવતાનું પરિણામ

ક્રોધે આપણને એના મૂળમાં લઈ જવા જોઈએ, જ્યાં સાચો શત્રુ રતી, માયાનો સર્જક, અહંકાર બેઠો છે. ત્યાર પછી તમે તરત જ જોઈ શકશો કે અહંકાર પર બંધાયેલા બધા જ સંબંધો અનેક દુઃખ અને શોક પેદા કરે છે. એ પાયામાં જઈને આપણે શોધી શકીએ કે આપણે પ્રેમના પાયા ઉપર સંબંધો બાંધવા શકિતમાન છીએ કે નહીં. એ આપણને વિનમ્રતાના ક્ષેત્ર સુધી લઈ જાય છે. વિનમ્રતા એ સત્યની સમજણની સુગંધ છે. વિનમ્રતાનો ઉછેર કર્યા વિના માણસ માણસ વિનમ્રતા બને છે. તમે અભિમાની માણસમાંથી પરિવર્તન પામીને વિનમ્રતા ધારણ કરો છો. અભિમાન એ અપરિપકવતાનું પરિણામ છે. ત્યાર પછી વિનમ્રતા એ ક્રોધને સંભાળી લે છે. આપણે પછી એની સાથે કશું કરવાનું રહેતું નથી.

કોમી હુલ્લડોમાં નવું શસ્ત્ર : લાઉડ સ્પીકરો !

□ વિજયગુપ્ત મૌર્ય

કોમી વિખવાદ અને હુલ્લડો માટે કોમવાદીઓ કંઈને કંઈ કારણ શોધી કાઢે છે. અડધી સદી પહેલાં આર્યસમાજીઓએ શુદ્ધિની પ્રવૃત્તિ ઉપાડી હતી, તે કોમી અથડામણોનું કારણ બની. જ્યારે હિન્દની સ્વતંત્રતાની લડત ચાલતી હતી ત્યારે મુસ્લિમ લીગે પહેલાં વિશેષાધિકારોની અને પછી પાકિસ્તાનની માગણી કરીને સ્વાતંત્રતાની લડતમાં વિક્ષેપ નાખ્યો. તેના પરિણામે કોમી હત્યાકાંડ બન્યા. એક નોંધપાત્ર હકીકત એ છે કે પાકિસ્તાન મેળવવાની લડત હિન્દુસ્તાનની મુસ્લિમ લીગ લડી હતી અને જીતી હતી. પાકિસ્તાનમાંથી હિન્દુઓને ઉખેડી કાઢવામાં આવ્યા, જે ગણ્યાગાંઠ્યા રહ્યા તેમને નાગરિક અધિકારોથી વંચિત બનાવી દેવામાં આવ્યા.

પૂર્વ પાકિસ્તાનમાંથી પણ મોટા ભાગના હિન્દુઓને હાંકી કાઢવામાં આવ્યા, તેમ છતાં સ્વતંત્ર ભારતમાં મુસ્લિમ લીગ ઉપર કશા પ્રતિબંધો મૂકવામાં ન આવ્યા.

કોમવાદના પરિણામે દેશના ટુકડા થયા અને લાખો નિર્દોષ માણસોની કતલ થઈ. તેમાંથી પણ સંકુચિત અને અસહિષ્ણુ માનસના હિન્દુઓના એક વર્ગે કશો બોધપાઠ લીધો નથી. તેઓ હવે હરિજનો ઉપર અત્યાચાર કરવા લાગ્યા. તેમાં પ્રાણાલિકાગત પૂર્વગ્રહો ઉપરાંત રાજકીય અને આર્થિક કારણો પણ છે. તેનું પરિણામ એ આવ્યું છે કે હરિજનો અને ગિરિજનો સવર્ણ હિન્દુઓથી વિમુખ બની ગયા છે અને પોતે હિન્દુઓથી અલગ કોમ છે એમ માનવા લાગ્યા છે. જગજીવનરામ જેવા જે નેતા અત્યાર સુધી કોમી નહીં પણ રાષ્ટ્રીય નેતા તરીકે પ્રતિષ્ઠિત બન્યા હતા તેઓ પણ હવે સ્વ. ઝીણા અને ડૉ. આંબેડકરની ભાષામાં બોલવા લાગ્યા છે. કેટલાક હરિજનો સમૂહમાં મુસ્લિમ કે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવા લાગ્યા છે, તેથી કોમી સંઘર્ષણ વધી રહ્યું છે. ખ્રિસ્તીઓ અને મુસ્લિમો બંને પાસે વિદેશોમાંથી આવતાં અઢળક નાણાં છે તેથી તેઓ હરિજનોને પ્રલોભન આપી શકે, પરંતુ ધર્માંતર કરવાથી અછૂતપણામાંથી મુક્તિ મળવાની નથી. અછૂતપણાનાં મૂળ અજ્ઞાન, ગરીબી અને ગંદકીવાળા ધંધામાં રહેલાં છે. ખાસ કરીને મુસ્લિમોએ હરિજનોની લાગણીનો લાભ લેવાની તક ઝડપી લીધી છે, તેથી હિન્દુ-મુસ્લિમ વૈમનસ્ય વધી રહ્યું છે.

તાજેતરમાં મહારાષ્ટ્રમાં હિન્દુ-મુસ્લિમ તોફાનો થયાં. મસ્જિદ પાસેથી હિન્દુઓના સરઘસ વાજાં વગાડતાં ન નીકળવા દેવાં એવો ઘણા દાયકાઓથી મુસ્લિમોનો આગ્રહ છે. તેમની એક દલીલ એવી છે કે વાજાના ઘોંઘાટથી અમારી બંદગીમાં ખલેલ પડે છે! હિન્દુઓનો આગ્રહ એવો છે કે અમને કોઈ પણ રસ્તેથી ધાર્મિક કે સામાજિક સરઘસો વાજિંત્રો સાથે લઈ જવાનો અધિકાર છે. કાયદાની દૃષ્ટિએ તેઓ સાચા હશે, પણ વ્યવહારમાં કોમી અથડામણનું આ પણ એક કારણ છે.

હવે નવાં કારણો ઉમેરાયાં છે. કેટલાક કોમવાદી અકાલીઓ એવો પ્રચાર કરે છે કે શીખો પણ જુદી કોમ છે અને તેમના માટે ખાલિસ્તાન નામનું અલગ સ્વતંત્ર રાજ્ય અથવા વિશેષાધિકાર ધરાવતું રાજ્ય હોવું જોઈએ. તેમણે ગુરુવાણી રેડિયો દ્વારા પ્રસારિત કરવાના બહાને સુવર્ણ મંદિરમાં પોતાનું અલગ રેડિયો સ્ટેશન સ્થાપવાની માગણી કરી. જો તેમની આ માગણી સ્વીકારવામાં આવે (જે સ્વીકારવી અશક્ય છે), તો મુસ્લિમો, ખ્રિસ્તીઓ અને હિન્દુઓ પણ પોતપોતાના માટે અલગ રેડિયો સ્ટેશનો માગે. અમેરિકામાં તાર, ટેલિફોન અને રેલવેની જેમ રેડિયો સ્ટેશનો અને ટેલિવિઝન સ્ટેશનો પણ ખાનગી ક્ષેત્રે છે, પરંતુ ભારતમાં તેવી કલ્પના પણ ન થઈ શકે, કારણ કે રેડિયો અને ટી. વી. કેન્દ્ર સરકારના હાથમાં છે; જે સરકાર સત્તા પર હોય તે તેનો ગેરલાભ પણ લે છે. તેમ ખાનગી ક્ષેત્રે હોય તો ભયંકર દુરુપયોગ થાય.

કોમી કલહ માટે હજી એક વધુ બહાનું શોધાયું છે. મુસ્લિમોને મસ્જિદના મિનારા પરથી લાઉડ સ્પીકર દ્વારા બાંગ પોકારવાનો અધિકાર જોઈએ છે. તો પછી શીખોના ગુરુદ્વાર, હિન્દુઓનાં મંદિરો અને ખ્રિસ્તીઓનાં દેવળો આવા અધિકારોની માગણી કરવામાં શા માટે પાછળ રહે? પરંતુ આપણી સરકારે ઘણીવાર રાજકીય અને પક્ષીય લાભ મેળવવા માટે અયોગ્ય માગણીઓ પાસે પણ નમતું આપ્યું છે. આગળ પડતા દેશોમાં ભારત એવો દેશ છે કે જ્યાં લાઉડ સ્પીકરનો વધુમાં વધુ દુરુપયોગ થાય છે. ઘોંઘાટ મનુષ્યના મગજ અને સ્વાસ્થ્યને નુકસાન કરે તેવું એક પ્રદૂષણ છે, પણ તેના વિશે આપણી સરકારો પણ સભાન નથી હોતી, તો પોલીસ પાસેથી શી અપેક્ષા રાખવી? તેથી ધાર્મિક અને સામાજિક ઉત્સવોના બહાને લાઉડ સ્પીકરો વગાડવાની છૂટથી પરવાનગી આપવામાં આવે છે, પછી ભલે ધાર્મિક પ્રસંગે સિનેમાનાં હલકટ ગાયનો લાઉડ સ્પીકર દ્વારા ખૂબ ઘોંઘાટ થાય તેવી રીતે વગાડવામાં આવે અને આસપાસ રહેનારાઓને ભારે ત્રાસ થતો હોય.

તાજેતરમાં મહારાષ્ટ્રમાં કોમી હુલ્લડો થયાં તેમાં એક કારણ લાઉડ સ્પીકરનું હતું. ધર્મસ્થાનો પર લાઉડ સ્પીકર ગોઠવીને ભારે ઘોંઘાટ કરવામાં આવતો હતો. તે પછી તામિલનાડુમાં પણ આ જ કારણથી કોમી હુલ્લડ થયાં. અહીં પક્ષકારો હિન્દુઓ અને ખ્રિસ્તીઓ હતા. હિન્દુઓએ મંદિર ઉપર અને ખ્રિસ્તીઓએ દેવળ ઉપર લાઉડ સ્પીકર ગોઠવીને વધુ ઘોંઘાટ વડે સામા પક્ષના ઘોંઘાટને દબાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. પછી ખ્રિસ્તી માછીમારો તોફાને ચઢ્યા અને આગ લગાડી, લૂટ ચલાવી, પોલીસના એક મોટર વાહનને પણ સળગાવી દેવામાં આવ્યું. સમુદ્રમાં સ્નાન કરતી સ્ત્રીઓ પર પણ આક્રમણ કરવામાં આવ્યું, જેથી પોલીસે ગોળીબાર કરવો પડ્યો અને છ વ્યક્તિઓ મરાઈ. લાઉડ સ્પીકરનો ઉપયોગ પોલીસની રજા વિના કરવામાં આવ્યો હતો.

સત્તાવાળાઓની રજા વિના ગમે ત્યાં ફૂટપાથ ઉપર, કે રસ્તા વચ્ચે પણ ટચુકડી દેરી, પીર કે ક્રોસ સ્થાપી દેવામાં હવે હરીફાઈ થવા લાગી છે. આમ કરનારાઓને કેટલાક રાજકીય આગેવાનોનો ટેકો પણ હોય છે, જેથી માર્ગમાંથી આ અડચણ દૂર કરી શકાતી નથી. પછી આ કહેવાતું ધર્મસ્થાન જૂનું થઈ જાય ત્યારે તેને દૂર કરવાની હિમત કોઈ પણ સત્તાધીશ દાખવે નહીં.

કન્યાકુમારીમાં ખ્રિસ્તીઓ અને હિન્દુઓ વચ્ચે સંઘર્ષણ થયું તેમાં હિન્દુઓની આગેવાની રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે લીધી હતી. તેમણે એક મોરચાનું આયોજન કર્યું હતું, જેમાં હિન્દુઓ સમૂહમાં સાગર સ્નાન કર્યા પછી મંદિરમાં જાય. કાયદા અને ધાર્મિક પ્રણાલિકા પ્રમાણે તેમાં કશું અયોગ્ય ન હતું. દસ દિવસનો તે વાર્ષિક ઉત્સવ હતો અને દર વર્ષે હિન્દુઓ સાગરસ્નાન કરીને મંદિરમાં જાય છે, પરંતુ આ વર્ષે હિન્દુ મંદિર અને ખ્રિસ્તી દેવળ વચ્ચે લાઉડ સ્પીકર યુદ્ધ લડાઈ રહ્યું હતું. તેથી હુલ્લડ થયું હતું, પોલીસે ગોળીબાર કર્યા હતા અને છ ખ્રિસ્તી માછીમાર મરાયા હતા. તેથી આસપાસના વિસ્તારોમાંથી ખ્રિસ્તી માછીમારો હિન્દુઓનું પર્વ બગાડવા માટે એકઠા થઈ ગયા અને સાગરકાંઠે નહાવા જવાનો માર્ગ બંધ કરી દીધો. સદ્ ભાગ્યે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે નમતું આપ્યું

અને સમૂહમાં સાગરસ્નાનનો કાર્યક્રમ બંધ રાખ્યો. તેમાં તેનો પરાજય નથી તેમાં તેની મોટાઈ અને સમજણ દેખાય છે. અસહિષ્ણુતામાં સ્પર્ધા કરવી તેના કરતાં સહિષ્ણુતામાં સ્પર્ધા કરવી તેમાં બંને પક્ષોનું ભલું થાય છે. બધા માછીમારો ખ્રિસ્તી ન હોય તો પણ પછાત કોમ તરીકે ખ્રિસ્તી પાદરીઓએ તે બધાનો પક્ષ લીધો. દેશમાં જે વિકાસકાર્યો થઈ રહ્યાં છે અને ગામડાં સુધી પણ, પછાત કોમોમાં પણ જે રાજકીય અને સામાજિક જાગૃતિ આવી રહી છે તેને યોગ્ય માર્ગે વાળવાને બદલે સવર્ણો અને સ્થાપિત હિત ધરાવનારાઓ તેમની જાગૃતિને રોકવાનો પ્રયત્ન કરે છે. તેમાંથી પણ કોમી સંઘર્ષણ ઉત્પન્ન થાય છે. સૌથી મોટા ગુનેગાર રાજકીય આગેવાનો છે, જેઓ ધર્મ, કોમ, જાતિ, વર્ગો, ભાષા વગેરેના ભેદને પોતાના સ્વાર્થ માટે વાપરે છે અને સંઘર્ષણો પેદા કરે છે. પછી સંઘર્ષણ માટે જોઈએ તેટલાં બહાનાં મળી રહે; આગેવાનો શોધી આપે અને તે બહાને ઉશ્કેરણી ફેલાવે. દાખલા તરીકે કન્યાકુમારીની સામે સમુદ્ર વચ્ચે ખડક ઉપર વિવેકાનંદ મંદિર બાંધવામાં આવ્યું છે, જે ભારતનું એક સાંસ્કૃતિક સીમા ચિહ્ન છે. કન્યાકુમારીથી વિવેકાનંદ મંદિર સુધી નૌકા વ્યવહાર ચાલે છે. માછીમારોએ આ નૌકા વ્યવહારને અટકાવી દીધો. તેમણે એવું બહાનું આપ્યું કે કન્યાકુમારીના કાંઠા અને વિવેકાનંદના મંદિર વચ્ચે સમુદ્રનું પાણી ઊંડું કરવાથી જે કાંઠા પર અમારા ઝૂંપડાં છે તેનું ધોવાણ થાય છે. તેથી અમારાં ઝૂંપડાં જોખમમાં આવી પડ્યાં છે. જો આ કેવળ બહાનું નહીં પણ સાચું કારણ હોય તો સત્તાવાળાઓ ઝૂંપડાઓને સુરક્ષિત બનાવી શકે. પણ કાંઠા અને મંદિર વચ્ચે નૌકા વ્યવહાર અટકાવી દેવાનો કોઈને અધિકાર નથી.

આવાં ક્ષુદ્ર કારણોથી ઉત્પન્ન થતાં સંઘર્ષણો અટકાવી શકાતાં નથી અને છેવટે ખૂનરેજી, આગ, લૂટ, વગેરે અત્યાચારો થાય છે. તેનું કારણ એ છે કે કેટલાક સ્થાનિક આગેવાનોનો તેમાં સ્વાર્થ હોય છે અને રાજ્ય સરકાર તથા રાજ્યની સપાટીના આગેવાનો સત્તાની ખેંચતાણમાં અને આર્થિક તેમ જ રાજકીય લાભોની સાઠમારીમાં ગળાડૂબ હોવાથી તેમને કોમી સંઘર્ષણોનાં કારણો દૂર કરવાની ફુરસદ હોતી નથી. વળી કેટલાક રાજકીય આગેવાનોને તો મસ્તાન કે પહેલવાન તરીકે ઓળખાતા ગુંડાઓની જરૂર હોય છે.

પરિસ્થિતિનો એક ખેદજનક વળાંક એ છે કે અગાઉ હિન્દુ-મુસ્લિમો વચ્ચે જ હુલ્લડ થતાં હતાં; હવે હિન્દુઓ વિરુદ્ધ શીખો, સવર્ણો વિરુદ્ધ હરિજનો અને ગિરિજનો, હિન્દુઓ વિરુદ્ધ ખ્રિસ્તીઓ એમ સંઘર્ષણો વિસ્તરવાં લાગ્યાં છે.

ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા

—નીરુબહેન સુબોધભાઈ શાહ

શ્રી ચુનીલાલ મા'રાજને મળ્યા પછી કઠ્ઠીવાડા જવા માટે મન ઉત્સુક હતું. અમે ત્રણ બહેનો અને એક ભાઈ મુંબઈથી વડોદરા જવા રવાના થયાં. વડોદરાથી બસ પકડી છોટા ઉદેપુર પહોંચ્યાં. મધ્ય પ્રદેશની સરહદમાં આશરે ત્રીસેક માઈલ અંદર જવાનું હતું. સદ્‌ભાગ્યે એક મિત્રની જીપ મળી જતાં બપોરે દોઢ વાગે કઠ્ઠીવાડા પહોંચ્યાં.

રાજેન્દ્ર-આશ્રમના લતામંડપમાં જીપે પ્રવેશ કર્યો ત્યારે આનંદ અને આશ્ચર્યની લાગણી અનુભવી. ભરબપોરે પણ ઠંડક હતી. અમને જોઈને આશ્રમનાં બાળકો દોડતાં આવ્યાં. અમારું સ્વાગત કરવા આવ્યાં. મા'રાજ અને વનિતા-બાઓ પણ અમને આવકાર્યાં. અમારું સ્વાગત કુમકુમ અક્ષત્ અને ફૂલોથી થયું.

રાજેન્દ્ર આશ્રમ (કઠ્ઠીવાડા) મા'રાજની કર્મભૂમિ. તે પહેલાં કચ્છમાં પણ તેમણે સેવાકાર્ય કરેલું. રાજેન્દ્રબાબુની પ્રેરણાથી તેમણે મધ્ય પ્રદેશના ઝાબુઆ જિલ્લાના આ આદિવાસી ક્ષેત્રમાં વસવાનું નક્કી કર્યું. આજે બાવીસ વરસોથી શ્રી ચુનીમા'રાજ પાયાના પથ્થર બનીને આ કામમાં પોતાના કુટુંબ સાથે ખૂંપી ગયા છે. આદિવાસી પ્રજાના અનેક પ્રશ્નો તેઓ રોજેરોજ હલ કરે છે. આ પ્રજા હજી આજે પણ અજ્ઞાન અને અંધકારમાં જીવે છે. સૂર્યના કિરણો ત્યાં પહોંચે છે ખરા, પણ ત્યાં જીવન સળવળતું નથી. લોકો પાસે કામ નથી. ચોમાસામાં થોડી ખેતી કરે બાકીના આઠ મહિના આમલીના પાન યા થોડા ઘણા ભેગાં કરી રાબ જેવું બનાવીને પીએ. ગાઢ જંગલ, ખડકાળ જમીન, આળસુ સ્વભાવ અને મુખ્યપણે તાડી આ લોકોને અંધકારમાંથી બહાર આવવા દેતાં નથી.

આ આદિવાસી કેમ જીવે છે? એના ગાર-માટીના ઝૂંપડામાં પ્રવેશ કરીને અમે જોયું તો ચાર દીવાલોની વચ્ચે પ્રગટાવેલા ચુલા ઉપર માટીના હાલ્લામાં રાબ ઉકળતી હતી આ જ એમનું Menu. દરેક ઘરમાં તીરકામઠા નજરે પડે. બાળકોને ભૂખનો અનુભવ ન થાય માટે તાડી પીવડાવીને સુવડાવી દે. બાળકો બે ત્રણ દિવસ ઉઘ્યાં જ કરે. મોટાઓના પણ આ જ હાલ. આવી કારમી ગરીબીમાં પણ સરકારી અમલદારોનો અત્યાચાર. જંગલ વિભાગના અમલદારો આ લોકો પાસે કામ કરાવે. પણ ઠરાવેલું મહેનતાણું ન ચૂકવે. અંગૂઠો કરાવી લે પણ હાથમાં પૈસાને બદલે થોડી જુવાર આપે. આખૂરમાં ચૂરું આદિવાસી જુવાન સ્ત્રીઓને અમલદારોના અત્યાચારના ભોગ બનવું પડે. આવી કરૂણ પરિસ્થિતિ જોઈને દિલ રડવા માંડ્યું.

રાજેન્દ્ર - આશ્રમમાં હાલ પંચોતેર બાળકો છે. આ બાળકોને આશ્રમમાં મોકલવાનું સમજાવતાં પણ નાકે દમ આવે. આ બાળકો જ્યારે આશ્રમમાં આવે ત્યારે જંગલી ફૂલો જેવાં હોય છે. આશ્રમની કેળવણી બાળકોને દરેક ક્ષેત્રમાં તૈયાર કરે છે. ખેતી, સાફસૂફી, બાગકામ તથા રસોડાથી માંડી આશ્રમનું દરેક કામ બાળકો કરે છે. બાળકોની જુદી જુદી ટુકડીઓ ઉપર જુદા જુદા કામની જવાબદારી સોંપાયેલી છે. અથાગ પરિશ્રમ અને ત્યાગ વડે મા'રાજે અને વનિતાબાઓ આ બાળકોને જીવન જીવતાં શીખવ્યું છે. આ જ બાળકોમાંથી ચાર શિક્ષકો તૈયાર કર્યા છે, જેઓ આજે પોતાના જ ભાઈઓને કેળવણી આપી રહ્યા છે. આઠમા ધોરણ પછી પરીક્ષા આપવા છોટાઉદેપુર જવું પડે છે. આશ્રમના બાળકો રમતગમતમાં તેમ જ આશ્રમના ભણવામાં નામ મેળવે છે. આ પ્રકારનું શિક્ષણ દેશની તમામ આદિવાસી અને પછાત પ્રજાના બાળકોને આપવામાં આવે તો આવી મરુભૂમિઓમાંથી નંદનવન ઊભું થાય.

સામાન્ય રીતે આવા પ્રદેશોમાં સરકારી રસ્તે રસ્તાઓ ખોદવાનું, પુલો બાંધવાનું તથા એવા મોટા કામો ચાલતાં હોય છે જેથી આવા લોકોને રોજી મળી રહે છે, પરંતુ આ એરીયામાં સરકારી અમલદારો જ એવા ખાઉધરા હોય છે કે અહીંની પ્રજા સુધી કશું પહોંચતું જ નથી. માટે આ પ્રજાને ગરીબીની સીમારેખા સુધી પણ જો લાવવી હોય તો નાના ગૃહ ઉદ્યોગો મોટા પાયા પર ઢેર ઢેર ચાલુ કરવા જોઈએ. લોકોને આવી નાની ચીજવસ્તુઓ ઉત્પાદન કરવાની કેળવણી આપીને પોતાની રોજીરોટી મેળવતા કરવા જોઈએ અને ઉત્પન્ન થયેલા માલનું વેચાણ આશ્રમ દ્વારા થઈ શકે. મોટા પાયા પર લોક સેવકો આગળ આવે તો જ આ દિશામાં પ્રગતિ સાધી શકાય.

ધ્યાન માર્ગમાં પ્રવેશ

[] કુન્દનિકા કાપડીઆ

[૨]

ધ્યાનની આ બૌદ્ધ પદ્ધતિમાં શૂન્યતા ઉપર ઘણો બધો ભાર મૂકવામાં આવે છે, પણ જેમ નિશાન સ્પષ્ટ દેખાતું ન હોય તો તીર ફેંકવાનું નકામું જાય છે, તેમ શૂન્યતાની સાચી સમજણ ન હોય તો તેના પર ચિંતન થઈ શકતું નથી; ઊલટાનું તેમ કરવા જતાં એક આત્યંતિકતામાં સરી પડવાનું જોખમ ઊભું થાય છે. શૂન્યતા એટલે મનને તદ્દન ખાલી, વિચારોથી રહિત કરી નાખવું એટલું જ નથી, પણ પોતાની જાત અથવા 'હું' કહીને જેને આપણે ઓળખીએ છીએ, તે ઓળખમાં જ કેવું અજ્ઞાન છે અને એ અજ્ઞાન કઈ રીતે કામ કરે છે, તે ક્રમે ક્રમે સમજતાં જવાનું છે.

કેટલાક લોકોને બુદ્ધિથી એમ લાગતું હોય છે કે આ બધું —આ દુનિયા, તેના પદાર્થો, તેની ઘટમાળ વ. જેવું દેખવામાં આવે છે તેવું નથી; તેનું અસ્તિત્વ કોઈક બીજા પ્રકારનું છે. પણ છતાં મોટા ભાગના લોકોને લાગે છે કે આપણે આ જે જોઈએ છીએ તેનું એક સ્વતંત્ર અસ્તિત્વ છે. દાખલા તરીકે આ પૃષ્ઠ પર આ શબ્દો વાંચતાં આપણે અનાયાસ જ માનીએ છીએ કે શબ્દો પોતાના સ્વરૂપે સ્વતંત્રપણે હસ્તી ધરાવે છે. આપણે તેનો આપણી સાથેનો સંબંધ, આપણી ચેતના, આ શબ્દોને જોવાની આપણી રીતને કશું લક્ષમાં લેતા નથી. વસ્તુનો પરસ્પર-સંબંધ - અધીનતા પરત્વે કશી જાગૃતિ વગર જ આપણે વાંચે જઈએ છીએ. આ વસ્તુ બધી બાબતોને લાગુ પડે છે. પણ આપણે અસ્તિત્વના સ્વરૂપની ઊંડાણથી શોધ કરીએ તો, વસ્તુઓ એક સ્વતંત્ર સત્તા હોવાનો ભાસ ધીરે ધીરે ઝાંખો થતાં છેવટે અદશ્ય થઈ જાય છે.

વસ્તુઓના સ્વતંત્ર અસ્તિત્વ વિશેનો જેમ આ ખ્યાલ ખોટો છે, તેવો જ પોતાના 'હું' વિશેનો ખ્યાલ પણ અજ્ઞાનમૂલક છે. સાધારણ સંજોગોમાં આ ખ્યાલ કેવી રીતે કામ કરે છે તેના તરફ આપણું ધ્યાન જતું નથી, પણ આનંદ, ભય, ધિક્કાર કે દુઃખની તીવ્ર લાગણીઓ મનમાં જન્મે છે ત્યારે આ અહંકાર કેમ કામ કરે છે તે કહી શકાય છે. દાખલા તરીકે પોલીસ આપણને ખોટી રીતે પકડી જાય તો તરત જ મનમાં ઉગ્ર લાગણીઓ જન્મે છે. એવે વખતે બહુ પ્રબળ અહંકાર અથવા 'હું' આવી પ્રતિક્રિયા આપે છે: "મને આ રીતે પકડી જ કેમ શકાય?" પણ આવું બને ત્યારે પોલીસને ભૂંસી ઘડીભર આપણી અંદર નિહાળીએ અને શરીર અને મનથી સ્વતંત્ર હસ્તી ધરાવવાનો દાવો કરતા 'હું' ને તપાસી જોઈએ. આવી પરિસ્થિતિ આવી તપાસ માટેની સરસ તક પૂરી પાડે છે.

આ રીતે નિરંતર આપણા અહંકારની ક્રિયાઓ અવલોકતા રહીએ અને બાહ્ય પદાર્થોનું સ્વતંત્ર અસ્તિત્વ માની આપણે એને કેવી રીતે વળગીએ છીએ તેનું પૃથક્કરણ કરીએ તો સમજાશે કે આપણે આ બધી બાબતોના સ્વરૂપને સત્ય માનીને ચાલીએ છીએ. આ જ આપણું અજ્ઞાન છે. આ બધી બાબતોનું સ્વરૂપ તો સ્વપ્ન જેવું છે. અને એટલે સૂત્ર છે કે:

૧. બધી વસ્તુઓ-ઘટનાઓને સ્વપ્નસમ લેખવી

સ્વપ્નો ઘણી વાર સાવ સાચાં અનુભવાતાં હોય છે—ખાસ કરીને ભય પમાડનારાં સ્વપ્ન. એમાંની વસ્તુઓ સત્ય પદાર્થ હોય એવું લાગે છે અને તે આપણામાં ભય, દુઃખ વ. જન્માવી શકે છે. ઘણી વાર તો દુઃસ્વપ્નમાંથી જાગી જઈએ ત્યારે પરસેવો વળી ગયો હોય તેવું પણ બને છે. એમ છતાં જાગી જઈએ ત્યારે ભાન થાય છે કે એ બધું કેવળ ભ્રમણામય હતું. તેનું યથાર્થ અસ્તિત્વ હતું જ નહિ.

આ જ રીતે, મનમાં તીવ્ર લાગણીઓ જન્મે ત્યારે આપણી અંદર નિહાળવાથી સમજાશે કે આપણે અને આપણી આ અસ્મિતા અથવા આપણા આ 'હું પણા'નું સ્વરૂપ કેવી રીતે અજ્ઞાન વડે ગ્રહિત થયેલું છે. આ અજ્ઞાન એ સ્વપ્નસમ છે, પણ એ આપણામાં છેક ઊંડે સુધી મૂળિયાં નાખીને પડ્યું છે. દરેક બાબત સંબંધે જો પોતાની જાતનો વિચાર લઈને ચાલે છે, વિશેષ-સંજોગોમાં એ વધારે સ્પષ્ટતાથી સમજાય છે, કારણ કે ત્યારે તે જાતને વધુ પ્રબળતાથી પકડે છે.

શૂન્યતા પર ધ્યાન શરૂ કરતાં પહેલાં ઘણો લાંબો સમય, ઘણા મહિનાઓ તો આ અજ્ઞાન અને તે આપણા 'હું'ના ખ્યાલને કેવી રીતે પકડી રહેલું છે તે પારખવામાં જ ગાળવા પડશે. આ સમજણ મળે પછી જ આપણે અજ્ઞાનમૂલક વસ્તુની શૂન્યતાને પામી શકીએ. શૂન્યતાનો સાચો અર્થ આ છે. આ પ્રાથમિક સમજ ન આવે, વસ્તુઓને આપણે કઈ રીતે નકારવાની છે તે ન સમજાય, અને એક ખંડમાં જેમ ખાલી અવકાશ રહ્યો હોય તે રીતે શૂન્યતાનો વિચાર કરીએ તો કંઈ વળે નહિ.

કોઈ પણ વસ્તુ, આપણે તેને જે રીતે જોઈએ છીએ, માનસિક રીતે તેને જે નામ આપીએ છીએ તેનાથી સંબંધિત થયા વિના, સ્વતંત્રપણે અસ્તિત્વ ધરાવતી હોવાનું આપણને આ જે લાગે છે તે અજ્ઞાન છે. આ ભૂલભરેલા દૃષ્ટિબિંદુમાંથી ઈચ્છા, લોભ, ધિક્કાર અભિમાન વગેરે જન્મે છે. સ્વપ્નમાં દેખાતી બાબતો કાંઈ સાચી નથી હોતી. પણ સ્વપ્ન સાથેની આ સરખામણી આંશિક છે. સ્વપ્નમાં દેખાતાં રૂપોને તો વસ્તુગત અસ્તિત્વ હોતું જ નથી. જ્યારે આ સંસારમાં કોઈ જ વસ્તુનું, પ્રાણીનું, ઘટનાઓનું અસ્તિત્વ જ નથી એમ માનવું એ વિનાશક ને આત્યંતિક વિચાર છે. આપણે અસ્તિત્વનો સમૂળો ઈનકાર કરવાનો નથી. જો આપણું અસ્તિત્વ જ ન હોય તો તો ધ્યાન કોણ કરે? અને આપણું અસ્તિત્વ નથી તેમ વિચારે છે તે પણ વળી કોણ? કહેવાનું તાત્પર્ય એમ છે કે વસ્તુઓ કે આપણે જે રીતે માનતાં આવ્યાં છીએ તે રીતની નથી.

દાખલાતરીકે આપણે પીળાં ચશ્માંમાંથી હિમપર્વત ભણી જોઈએ તો બરફ પીળો દેખાશે, પણ ચશ્માં કાઢી નાખતાં તે સફેદ દેખાશે. આ જ રીતે અવિદ્યાથી ગ્રસ્ત આપણું મન વસ્તુઓને સાચા સ્વરૂપે જોઈ શકતું નથી. પીળા કાચમાંથી દેખાતો પીળો બરફ અસ્તિત્વ તો ધરાવે છે, પણ તે પીળારૂપે નહિ. તેવું જ સમગ્ર સૃષ્ટિ વિશે છે.

અનંતકાળથી આપણે અવિદ્યા કે અજ્ઞાન સાથે એવા એકરૂપ થઈ ગયા છીએ કે અસ્તિત્વનું સાચું સ્વરૂપ અને ભ્રમજન્ય સ્વરૂપ વચ્ચે ભેદ છે એની પણ આપણને ખબર નથી અને એટલે જે શૂન્યતા પર આપણે ધ્યાન કરવા માગીએ છીએ તે શૂન્યતાનો અર્થ આ છે: દરેક બાબત સ્વતંત્રપણે અસ્તિત્વ ધરાવે છે એવા ખોટા ખ્યાલથી મનને મુક્ત કરવું.

૨. મનની શૂન્યતા: આણજન્મી જાગૃતિનું સ્વરૂપ તપાસવું

શૂન્યતાને પામવાનું આધરું છે, પણ અંદરથી આપણી પોતાની પર અને બહારથી પાદાર્થિક જગત પર ઊંડો વિચાર કરતાં આ અજ્ઞાનયુક્ત દૃષ્ટિબિંદુનો ખ્યાલ આવી શકે છે. પણ એમાં એક બીજી ગૂંચ ઊભી થાય છે કે જે મન ધ્યાન કરે છે તેનું પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ છે કે નહિ? આવી મુશ્કેલી ઊભી થાય ત્યારે

આપણે ચેતના પર ધ્યાન કેન્દ્રિત કરતું જોઈએ તો જણાશે કે મન પણ એક ખાલી વસ્તુ છે ને તે સ્વતંત્રપણે હસ્તી ધરાવતું નથી.

એક મહેમાન જેમ બહારથી આવે છે તેવી રીતે મન કયાંયથી આવેલું નથી કે કશે જવાનું નથી. તેને રૂપ કે રંગ નથી કે કોઈ નિશ્ચિત સ્થાન નથી. એ માત્ર બે બાબતો પર અવલંબે છે – દશ્ય પદાર્થ અને દ્રષ્ટા અને આ દ્રષ્ટા એટલે ઈન્દ્રિયોનો પુંજ. આ રીતે મનનું લગાતાર અવલોકન કરવાથી જણાશે કે મન કોઈ એવી બાબત નથી જેને અલગ પાડીને ઓળખી શકાય કે પકડી શકાય. છતાં તે છે તો ખરું જ અને તેથી આપણે એને ધ્યાન માટે પ્રયોજી શકીએ છીએ.

૩. શૂન્યતાની ભીતર

બહારની ઘટમાળ અને ધ્યાન કરતી ચેતના પર ધ્યાન કેન્દ્રિત કર્યા પછી આપણે શૂન્યતાની ભીતર જોઈ શકતી એક આંતરદૃષ્ટિ મેળવવાની છે. શૂન્યતાનો પણ એક આધાર હોય છે, દાખલા તરીકે આ પૃષ્ઠ કે કોઈ પણ ઘટના સ્વતંત્રપણે અસ્તિત્વમાં નથી, એના મૂળ સ્વરૂપે એ શૂન્ય જ છે. લાકડાનાં બે પાટિયાં એકમેકને ટેકે ઊભાં કર્યા હોય તેના જેવું આ છે. બન્નેને એકબીજાનો ટેકો હોય છે. એક ખસેડતાં બીજું પડી જાય છે. તેવું જ શૂન્યતા અને તેના આધારનું છે.

શૂન્યતા વિશેની આ ઊંડી સમજ અજ્ઞાનતા જીર્ણ રોગને નિર્મૂળ કરવાનો અસરકારક ઉપાય છે.

આમ, શૂન્યતા પર ધ્યાન કરતાં, પહેલાં આપણા પોતાના 'હું'પણા પર ધ્યાન સ્થિર કરી પછી તેને બહારની ઘટના સાથેના સંબંધમાં આપણું અસ્તિત્વ કઈ રીતે છે તેના વિશે જાગૃત થવું જોઈએ, અને પછી ધ્યાનને શૂન્યતા પર કેન્દ્રિત કરવું જોઈએ. શૂન્યતા પર એકાગ્ર થવામાં સહાય માટે છ ઉદાહરણો અપાય છે:

૧. સૂર્ય જેમ ભૂમિને અજવાળે છે તેમ મન અંધકાર કે મંદતા-યુકત નહિ, પણ પ્રકાશિત, સ્પષ્ટ અને સજાગ બનવું જોઈએ.

૨. એક નાના ઝરણાથી કે નદીથી વિપરીત એક વિશાળ ઊંડો સમુદ્ર જેમ શાંત રહે છે, રહેલાઈથી ઉદ્વેલિત થતો નથી તેમ મન શાંત અને ઉદ્વેગરહિત બનવું જોઈએ.

૩. એક બાળક કોઈ મંદિરની દીવાલ પર અંકિત જટિલ ચિત્રને, સારા કે ખરાબનો ભેદ પાડયા વગર પહેલી વાર જુએ, તે રીતે આપણું ધ્યાન નિશ્ચલ રીતે શૂન્યતા પર સ્થિર થવું જોઈએ.

૪. ગરુડ જેમ ખાસ કશા આયાસ વગર ઊંચે આકાશમાં ઉડે છે, અને માત્ર વચ્ચે વચ્ચે પાંખ ફફડાવી લે છે તે રીતે આપણે શૂન્યતાના અવકાશમાં ઊંચે રહેવું જોઈએ અને વચ્ચે વચ્ચે ધ્યાન સરી પડે કે મનમાં મંદતા આવી જાય ત્યારે, 'હું'ના સ્વરૂપને તીવ્રપણે તપાસી લેવું જોઈએ. આ પૃથ્થકરણ પછી વળી આપણને શૂન્યતામાં અનાયાસ રહેવાની શકિત મળી આવે છે. પણ બીજી તરફ નાનાં પંખી, પાંખ ફફડાવ્યા જ કરે પણ ઊંચે ઊડી ન શકે તેમ કેવળ પૃથ્થ-કરણમાં રહેવાથી ધ્યાનનો વિકાસ કદી થયો નથી. બીજી બાજુ માત્ર શૂન્યતામાં ડુબેલો રહેવાથી ધીરે ધીરે ધ્યાનની શકિત પોતાને જ ક્ષીણ કરી નાખશે અને આપણા પર ઊંઘ ફરી વળશે. જરા પણ પાંખ ન ફફડાવનાર ગરુડ છેવટે ભોંયે પટકાય તેમ.

૫. ધ્યાન દરમ્યાન આવતા બાહ્ય વિચારોને આપણે મધ્યસ્થિએ જહાજ પર બેઠેલાં કબૂતર જેવાં લેખવા જોઈએ. જહાજ પર ઊડી જઈને પણ પાછાં તે ત્યાં જ આવીને બેસે છે. એમને દબાવી દેવાને બદલે, વિચારો ઊડે ત્યારે એમાં પરોવાઈ ગયા વગર એની ગતિ સ્વરૂપ વગેરે અવલોકવાં જોઈએ. આમ કરતાં બાહ્ય વિચારો શમી જશે અને મન જહાજ પર ધ્યાનના વિષય પર પાછું કરશે.

૬. આમ છતાં ઈચ્છા, લાલસા, ઉગ્રતા જેવા ભાવ જાગે ત્યારે ઉપરની આ રીત બધે વખત પૂરી થતી નથી. તેવે વખતે કોઈ તીરંદાજના તીરના વરસાદ સામે કુશળ તલવારધારી પોતાની રક્ષા કરે, અને એકાદ ક્ષણની પણ ગફલત થતાં પોતે વિંધાઈ જશે તેમ સમજે, તે રીતે સંપૂર્ણ સજાગતા અને કુશળતાથી આવા ભાવોથી પોતાની રક્ષા કરવી જોઈએ.

૪. અવકાશ સમાન ધ્યાન

તમારા ધ્યાનને દરેક વસ્તુને જે પાયો છે તેના સ્વરૂપ પર કેન્દ્રિત કરો.

'દરેક વસ્તુનો પાયો' એ શબ્દો અહીં શૂન્યતા પર્યાયરૂપ છે. વસ્તુ-ઓના સ્વતંત્ર અસ્તિત્વને લગતા અજ્ઞાનમય ખ્યાલની શૂન્યતા સમજ્યા પછી આપણી બધી શકિત, બધું ધ્યાન આ શૂન્યતા પર લગાડવાં જોઈએ. ઈન્દ્રિયો દ્વારા, ઈન્દ્રીયગમ પદાર્થો પર શકિત વેડફી, વિખેરી નાખવી નહિ જોઈએ.

શૂન્યતા પર મનને સ્થિર કરવાથી ધીમે ધીમે આપણી સમજ સ્પષ્ટ થતી જશે અને આપણે વૈચારિક નહિ, પણ આંતરિક રીતે શૂન્યતાના સત્યનો પામીશું, અને તેમ થતાં અજ્ઞાનનું પોત પાતળું પડતું જશે. વસ્તુઓનું સ્વરૂપ શું છે તે જેમ સ્પષ્ટ થતું જશે એમ સદ્ગુણના મિથ્યા સ્વરૂપ અને દોષોનું ભાન પણ સમજાતું જશે અને એના પરિણામે આપણાં કર્મો પણ મંદ પડતાં જશે.

અહંના અને બાહ્ય ઘટનાના સ્વતંત્ર અસ્તિત્વના ઈન્કાર પર મનને કેન્દ્રિત રાખવું, તેને અવકાશ સમાન ધ્યાનનું સમત્વ કરે છે. તે જેમ પ્રબળ બનશે તેમ આપણી દૃષ્ટિ સ્વચ્છ થતી જશે.

ધ્યાન પછી

આપણે વ્યવસ્થિતપણે ધ્યાન ન કરતાં હોઈએ અને રોજિંદા કામોમાં પરોવાયેલાં હોઈએ ત્યારે વસ્તુઓ અને ઘટનાઓને આપણે કેવી અજ્ઞાનભરી રીતે જોઈએ છીએ તેના પર ચિંતન કરતાં રહેવું જોઈએ. એક જાદુગર પોતે જાદુથી ઊભું કરેલું કબૂતર સાચું નથી એમ જાણે છે, તે રીતે આપણે બાહ્ય જગત અને આપણાં અહંને જોઈએ તો આપણાં ઘણાં દુઃખો ઓછાં થઈ જશે. કંઈ નહિ તો પહેલાં જેટલા અજ્ઞાનપૂર્ણ તો નહિ જ રહે. આવી બુદ્ધિપૂર્વકની જાગૃતિ એક મૂલ્યવાન બાબત છે અને એ આપણા અજ્ઞાનને વિખેરવામાં ઘણી મદદ કરે છે.

વસ્તુનું સાચું સ્વરૂપ

આ બધું જે દેખાય છે તેવું ન હોય તો પછી તેનું સાચું સ્વરૂપ શું છે? આપણે આપણા જ વિશે વિચારીએ. આ 'હું' કોણ છે, જે એક કાળે જન્મેલો હતો, જે મોટો થયો, ભણ્યો? અહીં આ કોણ છે? આ કોનું નામ છે? 'હું' કોણ છે?

દેખીતું જ છે કે શરીર તે હું નથી. એક પછી એક, પગના અંગુ-ઠાથી માથા સુધીના જીવતાં શરીરનાં અંગો પર વિચાર માંડતાં આપા-ણને જણાશે છે કે 'હું' ત્યાં નથી. તો પછી તે મનમાં છે? શરીર અને મન સિવાય બીજે કયાં તે હોય? મનમાં હોય તો સદ્ગુણો તો ભરેલા મનમાં કે ઈચ્છા વાસનાથી ભરેલા મનમાં? આમ વિચારતા જણાશે કે આપણું અસ્તિત્વ છે એ વાત તો ખરી, પણ બહુ મજબૂત અને સ્વતંત્ર 'હું'નો ખ્યાલ તે અજ્ઞાનયુકત અતિશયોકિત છે.

તો આપણું અસ્તિત્વ હકીકતમાં શું છે? તે કેવળ મન નથી, કેવળ શરીર નથી, બંનેનો પરસ્પર સંબંધ છે ને પરસ્પર આધારિતતા અને 'હું માંદો છું.' 'હું ભૂખ્યો છું.' જેવી લાગણીઓથી એ બંનેને એક-સૂત્રે બાંધતી ચેતના-ત્રણ મળીને 'હું'ને જન્મ આપે છે. જેમ ઘડિ-યાળનો એક-એક જુદો ભાગ તે ઘડિયાળ નથી, પણ બધા ભાગને અમુક વ્યવસ્થામાં ગોઠવવાથી જે વસ્તુ બને છે તેને આપણે ઘડિ-યાળ નામ આપીએ છીએ, તે જ રીતે ચેતના, નામ અને રૂપ એક ચોક્કસ સંબંધમાં ગોઠવાય છે ત્યારે 'હું' અસ્તિત્વમાં આવે છે.

આ એક બૌદ્ધિક સમજણ છે, પણ ધ્યાન કરતાં ધીમે ધીમે આ અજ્ઞાનને પામતી આંતરદૃષ્ટિ આપણને મળશે અને આપણે વસ્તુઓના દેખીતા અને ખરા સ્વરૂપનો ભેદ સમજી શકીશું. (ક્રમશઃ)

કેમિસ્ટમાંથી મિસ્ટીક

☐ કાંતિ ભટ્ટ

સાન્ડોઝ લિમિટેડ એ સ્વીસ ફાર્માસ્યુટિકલ કંપની છે. તેમાં એક દિવસ ડૉ. આલ્બર્ટ હોફમેન તેની લેબોરેટરીમાં કામ કરતા હતા ત્યારે તેમને એક વિચિત્ર અનુભવ થયો. તેઓ કોઈ બીજી જ દુનિયામાં પ્રવેશતા હોય તેમ તેમને લાગ્યું. અને તેમને આવો વિચિત્ર અનુભવ કરનારી દવાનું લાંબુલચક નામ હતું–લીસરજિક ઍસિડ ડીથીલેમાઈડ જેને જગતમાં એલ.એસ. ડી. તરીકે સૌ ઓળખે છે. ૧૯૪૩ એટલે કે બરોબર ૩૯ વર્ષ પહેલાંની આ વાત છે. ડૉ. હોફમેન તો મૂળમાં જુદી જ શોધ કરતા હતા. ૧૯૩૦ના દાયકાથી તે અનાજ સડી ગયા પછી તેમાં ફૂગ વળે અગર તો ઘણા અનાજમાં અને ખાસ કરીને ઘઉંમાં જે ગેરૂ નામનો રોગ થાય છે તે અનાજની ફૂગમાંથી જીવનને બચાવી શકે તેવા ઔષધની શોધ કરતા હતા. પણ તેમને અકસ્માતે લીસરજિક ઍસિડ પ્રાપ્ત થઈ ગયું. મગજની અને રકતવાહિનીની બીમારી માટે તે ઔષધ શોધી રહ્યા હતા. પણ તેમન એલ. એસ. ડી. મળ્યું અને પ્રયોગ કરતાં કરતાં અકસ્માતે તેમની ચામડી વાટે આ એલ. એસ. ડી. શરીરમાં ગયું અને તુરત ડૉ. હોફમેનને ચિત્રવિચિત્ર અનુભવ થવા માંડયા.

જો કે એ પછી તો એલ. એસ. ડી.નો ઉપયોગ અમેરિકન યુવાનોએ પોતાને જીવનનો ઝટકો આપીને અવનવા આધ્યાત્મિક અનુભવ માટે કરવા માંડયો હતો. ટિમોથી લીયર નામના એક હાવર્ડ યુનિવર્સિટીના લેકચરરે એલ. એસ. ડી.ના ૩૧ લાખ ડોઝ મંગાવીને વિદ્યાર્થીઓને અવનવા અનુભવો કરાવ્યા હતા. એ પછી એલ. એસ. ડી.નો ખૂબ દુરૂપયોગ થતાં અમેરિકન સરકારે તેના મુકત વેચાણ ઉપર પ્રતિબંધ મૂકયો છે પણ એ એલ. એસ. ડી.ના શોધક ડૉ. આલ્બર્ટ હોફમેનને પોતાને કેવા અનુભવ થયા તે તેણે "એલ. એસ. ડી–માય પ્રોબ્લેમ ચાઈલ્ડ" નામનું પુસ્તક લખ્યું છે. મેકગ્રોહીલ નામની અમેરિકન કંપનીએ તે પ્રકાશિત કર્યું છે. તે પછી "હોમની" નામના અમેરિકન વિજ્ઞાની-મેગેઝિને તેમનો ઈન્ટરવ્યુ લીધો તેમાં ડૉ. આલ્બર્ટ હોફમેને બહુ જ રસપ્રદ વાતો કહી છે તે જાણવા જેવી છે:–

પ્રશ્ન: મન ઉપર જબરજસ્ત ઝાટકા જેવી અસર કરનારી એલ. એસ. ડી. નામની દવા તમે શોધી ત્યારે તમને કેવો અનુભવ થયો હતો?

ડૉ. હોફમેન: હું અનાજની ફૂગ જેને ઓરગોટે-આલ્કલોઈડ કહે છે તેનું સંશોધન છેક ૧૯૩૮ થી કરતો હતો. ત્યારે મેં પ્રથમ વાર લીસરજિક ઍસિડ ડીથીલેમાઈડ શોધી કાઢયું પરંતુ જયારે પ્રાણીઓ ઉપર પ્રયોગો કર્યા તેના ઉપર બહુ માનસિક અસર જોવામાં ન આવી. તે પછી આ પદાર્થ ઉપર હું ૧૯૪૩માં વધુ કામ કરવા લાગ્યો ત્યારે મને શરૂમાં ધોળા દિવસે સપનાઓ જોતો હોઉં તેવાં દશ્યો દેખાવા માંડયા. પણ તેમાં મને કોઈ પ્રતિકૂળ શારીરિક પીડા જેવું થતું નહોતું. કારણ કે મે શરીરમાં એલ. એસ. ડી. નાખ્યું નહોતું. મને લાગ્યું કે આ એલ. એસ. ડી. બહુ પ્રભાવકારી દવા હોવી જોઈએ. એટલે સૌ પ્રથમ મારે તેનું ઈંજેકશન લઈને જાતે જ પ્રયોગ કરવો જોઈએ એટલે માનસિક રીતે તૈયારી કરીને મેં બહુ નાનો ડોઝ એટલે કે ૦.૨૫ મિલિગ્રામનો ડોઝ લીધો.

અડધા કલાક પછી એલ. એસ. ડી. ની અસર શરૂ થવા માંડી. હું એ અનુભવોની નોંધ મારી લેબોરેટરીની નોટબૂકોમાં લખવા માંડયો. પણ અમુક પાનાં લખ્યા પછી મને લાગ્યું કે હવે હું વધુ લખી શકીશ નહિ. આસપાસ જાણે બધું જ બદલાતું હોય તેવું લાગ્યું. એટલે મેં મારા આસિસ્ટંટને કહ્યું કે ચાલો ઘરે જઈએ પણ ઘરે જવું બહુ સહેલું તો નહોતું જ. એ સમયે બીજું વિશ્વયુદ્ધ હતું અને મોટરકાર ગમે ત્યારે મળી શકાતી નહોતી. એટલે અમે બાયસિકલ ઉપર ઘરે જવા નીકળ્યા.

પ્રશ્ન: તો શું એલ. એસ. ડી.ના અનુભવની વાર્તા આમ સ્વાટ્ઝરલેન્ડના બાસેલ શહેરની શેરી ઉપર દોડતી બાયસિકલ ઉપર જ શરૂ થઈ?

ડૉ. હોફમેન: હા, હું સાઈકલને જોરથી પેડલ મારતો હતો. મારો અનુભવ આમ હતો. જાણે મને લાગ્યું કે મને કોઈ જગ્યાએ પૂરી દેવામાં આવ્યો છે. પણ હું જેમ તેમ ઘરે પહોંચ્યો. બધું જ બદલાઈ ગયેલું લાગ્યું અને આસપાસ વિલ્વળ કરી મૂકે તેવાં દશ્યો દેખાતાં હતા. મારો પાડોશી તેના ઘરમાંથી બહાર નીકળ્યો તો તેનું સ્વરૂપ મને જુદું જ લાગ્યું. તે વિકરાળ દેખાતો હતો. એક ડાકણ જેવો લાગતો હતો. મારા આસિસ્ટંટનો ચહેરો પણ ચપટો લાગતો હતો. મને હવે ચિંતા થવા લાગી. એલ. એસ. ડી.ની અસરને કારણે જે વિચિત્ર વિશ્વ દેખાય છે તેમાંથી હું પાછો સાજો થઈ શકે નહિ તેની ફીકર ઘેરી વળી. કારણ કે મને આ પ્રથમ અનુભવ જ હતો.

પ્રશ્ન: આપને એવું લાગ્યું કે તમે આ જગતમાંથી રવાના થઈ ચૂકયા છો?

ડૉ. હોફમેન: મને જે લક્ષણો દેખાતાં હતાં તે વધુ, તીવ્ર થવા માંડયા હતાં. મારા શરીરને થતી સ્પર્શ વગેરેની લાગણીઓ બહેરી થઈ ગઈ. મનેએમ લાગવા માંડયું કે હુ મરી ગયો છું. મારા હૃદયના ધબકારા અટકી ગયા છે અને હું મારા શરીરમાંથી સંપૂર્ણપણે બહાર નીકળી ગયો છું એવું મને લાગવા માંડયું.

ખરેખર આ ભયંકર અનુભવ હતો. કારણ કે મારા બાળકો અને પત્નીનું શું થશે? તે લોકો મારે માટે શું ફીકર કરશે તેની ફીકર થવા માંડી. મને સાથે સાથે એ પણ ભાન હતું કે મેં જગતમાં આજે ક્રાંતિ મહત્ત્વની શોધ કરી છે. જગતમાં જે જાણીતા ટોકસિક પદાર્થ (ઝેર જેવી અસર કરનારા પદાર્થ) અસ્તિત્વમાં છે તેમનો કોઈ પદાર્થ આટલા નાના ડોઝમાં અસર કરતો નથી. આ બધું હું વિચારી શકતો હતો આવી સ્થિતિમાં પણ.

પ્રશ્ન: જુવાનો તો માને છે કે એલ. એસ. ડી. લેવાથી ખૂબ બુદ્ધિ કે મજેદાર અનુભવ થાય છે. આકાશમાં વિહરતા હોઈએ કે સ્વર્ગની નગરીમાં ઉડતા હોઈએ તેવું લાગે છે પણ તમને તો ભયજનક અનુભવ થયો, ખરું?

ડૉ. હોફમેન: હા બરાબર છે. એ બધું શરૂઆતમાં ભયજનક લાગ્યું. પણ પછી તો મારે માટે ડોકટર આવ્યો તે પહેલાં જ મારા વિકરાળ અનુભવો શાંત થવા લાગ્યા. હું મરી ગયો છું તેવી લાગણીમાંથી હું સજીવન થવા લાગ્યો. એ પછી હું અનંત પ્રકારના સુંદર રંગો જોવા માંડયો. જાણે હું ખૂબ જ નિરાંતમાં હોઉં તેવું લાગ્યું. મને ત્યારે પ્રથમવાર રાહતની લાગણી થઈ કે પેલા ભયંકર અનુભવમાંથી પાછા ફરવાનું હવે શકય છે.

મને એવી લાગણી થઈ કે દરેક ચીજનું મૂલ્ય બદલાઈ ગયું છે અને દરેક નાનામાં નાનો અવાજ પણ મારે માટે અર્થપૂર્ણ બની ગયો. આ બધું હું ખૂબ સુખપૂર્વક માણતો હતો. મોટરકારનો દરવાજો બંધ થાય તેનો અવાજ, (ડોકટરને મોટર ચલાવવાની છૂટ હતી) ડોકટરનો અવાજ અને પવનનો અવાજ એ બધા અવાજ સાથે તેને લગતા અજાયબ રંગોની આકૃતિઓ મને દેખાતી હતી. ન ઓળખી શકાય તેવા ચિત્રો દેખાતાં હતાં. તે રાત્રે મને બહુ જ સારી ઉંઘ આવી અને બીજે દિવસે હું જાગ્યો ત્યારે ખૂબ દારૂ પીધા પછી હેંગઓવરની અસર રહે છે તેવી કોઈ અસર નહોતી.

પ્રશ્ન: તમે આ અનુભવ સેન્ડોઝ કંપનીના બીજા મિત્રોને

કહ્યો ત્યારે તેમણે તમારી વાત માની હતી?

ડો. હોફમેન: હા પણ તે લોકો મેં લીધેલા ૦.૨૫ મિલિ-ગ્રામ ડોઝની વાતને માનતા નહોતા. કારણ કે ત્યારે ફાર્માકોલોજીમાં આટલા સૂક્ષ્મ ડોઝની આવી વિકરાળ અસરવાળું કોઈ ઔષધ શોધાયું જ ન હોતું. પ્રોફેસર રોથલીન અને બીજા એક સાથીદારે છેવટે પોતાને ભયંકર અનુભવ ન થાય તો તે માટે માત્ર ૦.૦૬ મિલિગ્રામનો ડોઝ લીધો પણ તેમને ય એલ. એસ. ડી ના આટલા સૂક્ષ્મ ડોઝની ભારે પ્રભાવકારી અસર થઈ.

પ્રશ્ન: આ શોધમાંથી તમને અંગત લાભ શું થયો?

ડો. હોફમેન: મેં તો આ દવા એક કેમિસ્ટ તરીકે જ શોધી હતી. એ પછી મને થયું કે, આ જગત અને તેની વાસ્તવિકતા કેમ બદલાઈ શકે છે, તે બાબતમાં મને રસ જાગ્યો. આ જગતનાં અનુભવો લઈને વાસ્તવિકતાને બદલાવી શકાય છે તેવું મને લાગ્યું. એ પછી મેં જર્મન નવલકથાકાર અર્નેસ્ટ યુંગર ઉપર પણ એલ. એસ. ડી. નો પ્રયોગ કર્યો. અમને બહુ નવાઈ લાગી કે આ નવલકથાકારે કોઈ દિવસ ઉત્તર આફ્રિકાની જંગલી જાતિને જોઈ નહોતી કે મોઝાર્ટનું સંગીત સાંભળ્યું નહોતું પણ તેને દૃશ્ય અને શ્રાવણનો અનુભવ થયો પણ તે અનુભવને કોઈ ધાર્મિક કે આધ્યાત્મિક અનુભવ ન કહી શકાય.

પ્રશ્ન: તો પછી તમને એલ. એસ. ડી. લીધા પછી કયારે આધ્યાત્મિક અનુભવ થયો?

ડો. હોફમેન: અલબત્ત પ્રથમવાર જ્યારે મેં એલ. એસ. ડી. લીધું અને મૃત્યુનો અનુભવ થયો ત્યારે જ આધ્યાત્મિક અનુભવની શરૂઆત થઈ. ભલે એ બિહામણો અનુભવ હતો. પણ છતાં તે ખૂબ ઊંડો અને પ્રભાવકારી હતો કારણ કે, મેં મૃત્યુનો સામનો કર્યો અને તેમાંથી પાછો પણ આવ્યો. મારી મિત્રતા નવલકથાકાર સાથે વધી. તેનું કારણ પણ કદાચ એલ. એસ. ડી. છે. કારણ કે તેમાં બે જણને સરખા ઊંડા અનુભવ થાય છે.

પ્રશ્ન: ત્યારે તમને લાગ્યું નહિ કે તમે આગ સાથે ખેલ ખેલો છો? અગર એવું લાગ્યું કે તમે કંઈક અદ્‌ભૂત શોધ કરી છે?

ડો. હોફમેન: એલ. એસ. ડી. ની ઉપર મને મોટી આશા હતી તે માનસચિકિત્સાના ક્ષેત્ર માટે હતી. મને એવું લાગ્યું કે, સાયકો એનેલીસીસ કે સાયકો થેરપી માટે એલ. એસ. ડી. એક સારું માધ્યમ બની શકે તેમ છે - માનસચિકત્સામાં તે સારું યોગદાન દઈ શકે તેમ છે. આ ઔષધ દ્વારા દર્દી તેની રોજિંદી વાસ્તવિકતાને કે સમસ્યાને બાજુએ મૂકીને ચેતનના બીજા વિસ્તારમાં આવી શકે છે. આ ઔષધનો ઉપયોગ મગજ અંગેના સંશોધનમાં પણ થઈ શકે તેમ મને લાગ્યું. જો કે એલ. એસ. ડી. ને કોઈ પ્લેઝર ડ્રગ અર્થાત્ સુખનો અનુભવ કરનાર ઔષધ તરીકે ખપાવવાની મારી બિલકુલ ઈચ્છા નહોતી. પરંતુ ૧૯૫૦ના દાયકામાં અમેરિકામાં એલ. એસ. ડી. નો આવો આનંદ મેળવવા માટે ઉપયોગ તો થયો જ. મને તો લાગે છે કે એલ. એસ. ડી. નો સાચો ઉપયોગ આર્ટીસ્ટ, લેખકો, ફિલસૂફો અને પ્રબુદ્ધ લોકો માટે જ કરી શકાય.

અસ્થિર મનવાળા લોકો માટે આ ઔષધ આડેધડ વાપરવા જેવું નથી. તેને આર્ટીસ્ટીક વાતાવરણમાં વાપરવું જોઈએ. તેની શોધ માટે હું કદી પસ્તાયો નથી. છેલ્લે મેં જાતે ૧૯૭૨ માં એલ. એસ. ડી. લીધું હતું. અને પછી છોડી દીધું હતું.

પ્રશ્ન: તો પછી તેની કેટલીક ખરાબ અસર છે તેનું શું?

ડો. હોફમેન: આમાં આજુબાજુનું વાતાવરણ મહત્ત્વનું છે. ૧૯૬૦ ના દાયકામાં દારૂના બારમાં અને બીજી અયોગ્ય જગ્યાએ લોકો એલ. એસ. ડી. લેતા હતા. મેડિકલ અને માનસિક ચિકિત્સાના ઉપયોગમાં પણ વાતાવરણ ખાસ પ્રકારનું કલામય હોવું જોઈએ. માત્ર ઓફિસ કે લેબોરેટરીમાં પણ તે ન લઈ શકાય. વળી તેનો વારંવાર ઉપયોગ ન કરાય. જોન લેનોન નામના બીટલે ૧૦૦૦ વખત લીધેલું. આ તેનો ગેરઉપયોગ છે. આ પ્રકારે નુકસાન કરી શકે છે. કોઈપણ બળવાન અનુભવ, તગડો અનુભવ કે સુંદર અનુભવ થાય તેને માન આપવું જોઈએ. તેનો વારંવાર ઉપયોગ કરીને તેની ટેવ ન પાડી શકાય.

પ્રશ્ન: ટિમોથી લીઅરી, રીચાર્ડ આલ્બર્ટ અને બાબારામદાસે એલ. એસ. ડી. લઈને પછી તુરત ભારત જેવા આધ્યાત્મિક દેશોની મુલાકાત લીધી હતી. તમે શું કરેલું?

ડો. હોફમેન: એ ખરું કે એક વખત એલ. એસ. ડી. લીધા પછી વગર દવાએ એવો જ અનુભવ આધ્યાત્મિક દૃષ્ટિથી, યોગથી કે ચિંતનથી થઈ શકે છે. તે માટેની ઉત્કંઠા વધે છે: પણ પોતાનું દૈનંદીન જીવન છોડવાની જરૂર નથી. મેં મારા બગીચામાં જ રહીને પછી આધ્યાત્મિક અનુભવ કર્યા, ભારત જવાની જરૂર પડી નહોતી. જો કે જવામાં કંઈ ખોટું નથી.

હું માનું છું કે, એલ. એસ. ડી. લીધા પછી લોકોની આંતર ચેતના જાગી ગઈ. તે લોકોને લાગ્યું કે, ઈશ્વરનું અસ્તિત્વ છે. જો તમે આ સર્જન અને સર્જનહારની અજાયબી જુઓ તો તમને લાગે કે આ બધું કંઈ અકસ્માતે પેદા થયું નથી. આ બધી બાબતની પાછળ કશું કે દૈવીબળ હોવું જોઈએ. આપણે તેને ઈશ્વર કહીએ છીએ. જો કે અમુક લોકોને નકારાત્મક અનુભવ થયા હતા.

એલ. એસ. ડી. થી કોઈ લાંબા ગાળાનું નુકસાન થતું નથી. તમે તમારી જે સ્થતિ હોય તેની વાસ્તવિકતાને જાણી શકો છો. સાથે બીજી અજાણી દુનિયાને પણ અનુભવી શકો છો. એટલે જ હું રસાયણશાસ્ત્રમાંથી મીસ્ટીલીઝમ અર્થાત્ ગુઢતત્વવાદ અને આધ્યાત્મિક વાદમાં માનતો થયો છું અને એલ. એસ. ડી. પછી મારામાં આ પરિવર્તન આવ્યું.

પ્રશ્ન: આપને એલ. એસ. ડી. નું ભવિષ્ય શું લાગે છે?

ડો. હોફમેન: મને લાગે છે કે, યોગ અને ધ્યાનમાં એક પૂરક બળ તરીકે તે માનસચિકિત્સામાં વાપરી શકાય. પછી હવે અમેરિકન સરકાર બહુ ઓછા ઉપયોગ કરવા દે છે. એલ. એસ. ડી. નો ઉપયોગ મગજના સંશોધન માટે મરવા પડેલા દર્દીની માનસિક હાલત સુધારવા પણ થઈ શકે. યોગનું અંતિમ ધ્યેય તો વાસ્તવિકતાનું સાચું દર્શન કરવાનું છે અને જે લોકોએ ખૂબ મનન, ચિંતન અને ધ્યાન કર્યું છે તે એક ડગલું આગળ જવા માગતા હોય છે અને ત્યાં તેમને એલ. એસ. ડી. મદદ કરી શકે.

પ્રશ્ન: તો પછી તમે માણસના પરિવર્તન માટે એક પ્રારંભીક એલ. એસ. ડી. ના ડોઝની ભલામણ કરો છો?

ડો. હોફમેન: હા, એક ડોઝ તો જરૂરી ખરો. અમુક લોકોના બહુમતને હલાવવા થોડું વધુ ડોઝ પણ આપવા પડે. જો કે, મ હવે તેની જરૂર નથી. હું તો મારી રીતે મેડીટેશન (ધ્યાન) કરું દરેકે પોતપોતાની રીતે ધ્યાન કરવું જોઈએ. આપણે જોઈ છીએ કે જગતનાં બીજા બધા જીવો જેવું. આપણું બંધારણ હું ધ્યાન વખતે પશુ પક્ષી, વૃક્ષ અને ઝરણાં સાથે તાદાત્મ્ય અનુ ભવું છું. હું મને આ કુદરત સાથેના તાલમેળમાં બહુ રક્ષિત જણાઉં છું. આપણે વિજ્ઞાનમાંથી જે વાસ્તવિકતા જાણી છે જુદી પણ તેના ઉપર વિચાર કરીને આપણે જીવનનો ઊં અર્થ જાણવાની જરૂર છે. એ અર્થ એટલો જ કે આ સૃષ્ટિ અજાયબીઓ છે તે આપણી અંદર જ છે અને તેને અનુભવત શીખવું જોઈએ.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઈ-૪૦૦ ૦૦૪. ટે. નં.: ૩૫૦૨૯૬: મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૬ : અંક : ૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧ મે, ૧૯૮૨, શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ : પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

ન્યાયતંત્રની અવદશા

☐ ચીમનલાલ ચકુભાઇ શાહ

દેશની બધી કોર્ટોમાં છે તેમ, સુપ્રીમ કોર્ટમાં પણ કામનો ભરાવો ખૂબ થયો છે. ૩-૩ વર્ષથી નિકાલ થયા વિનાના સેંકડો કેસો પડયા છે અને વધતા જાય છે. આ પરિસ્થિતિમાં કાંઈક રાહત લાવવા, સુપ્રીમ કોર્ટના જજોએ કેટલીક દરખાસ્તો તૈયાર કરી જેમાં મુખ્ય એ હતી કે મોટા ભાગની પરચૂરણ અરજીઓ ખુલ્લી કોર્ટમાં, વકીલોની દલીલો થાય અને સુનાવણી થાય જેમાં કોર્ટનો બહુ સમય જાય છે, તેને બદલે, આવી અરજીઓ જજો પોતાની ચેમ્બરમાં વકીલો વિના, કેસના કાગળો વાંચી, નિકાલ કરે. ચીફ જસ્ટિસે એક પત્રથી આ દરખાસ્તો સુપ્રીમ કોર્ટના વકીલ મંડળને મોકલાવી. આ બાબત સુપ્રીમ કોર્ટના વકીલ મંડળનો તત્કાળ ઉગ્ર પ્રત્યાઘાત થયો. વકીલ મંડળની સભામાં જે પ્રકારના પ્રવચનો થયા તે જોઈ, ઊંડો ખેદ અને દુ:ખ થયા વિના ન રહે. જજો પ્રત્યે અપમાનજનક, લગભગ તિરસ્કારયુક્ત ભાષા વાપરી અને આ દરખાસ્તો ૨૪ કલાકમાં પાછી ન ખેંચાય તો, કોર્ટોનો બહિષ્કાર કરવાની ધમકી આપતો ઠરાવ કર્યો. દરખાસ્તો વિષે મતભેદ સંભવી શકે, પણ વકીલ મંડળનું વર્તન અક્ષમ્ય છે. વરિષ્ઠ અદાલતના આગેવાન વકીલો, વરિષ્ઠ અદાલતના જજો પ્રત્યે આવો અનાદર દાખવે તે અકલ્પ્ય બનાવ છે. જજો અને વકીલો પરસ્પર આદર રાખે અને કોર્ટનું ગૌરવ સાચવે તેમાં ન્યાયતંત્રની શોભા છે. આવા વર્તનથી ન્યાયાસનોમાંથી લોકોનો વિશ્વાસ ઊઠી જાય, તેમાં ન્યાયતંત્રની અવદશા છે. બીજે દિવસે વકીલ મંડળના પ્રમુખ ચીફ જસ્ટિસને મળ્યાં, બન્નેએ નમતું તોળ્યું અને હાલ તુરત આ વાત પતી પણ આ ગંભીર બનાવ છે.

આપણા જાહેર જીવનમાં અને પ્રજા જીવનના બધા ક્ષેત્રોમાં ઉત્તરોત્તર અવનતિ થતી જાય છે. ન્યાયતંત્ર પણ તેમાંથી મુક્ત નથી રહી શક્યું. આ અવનતિ માટે જવાબદાર મુખ્ય તત્ત્વો છે, સરકાર, જજો, વકીલો, લોકો પોતે અને આપણી ન્યાયપદ્ધતિ.

રાજ્યના ત્રણ મુખ્ય વિભાગ છે, કારોબારી, ધારાસભા અને ન્યાયતંત્ર. લોકોની પરસ્પરની ફરિયાદો અને સરકાર સામેની ફરિયાદોમાં, લોકોને ન્યાય મળે તે જોવાનું રાજ્યનું અતિ મહત્ત્વનું અને પવિત્ર કાર્ય છે. ન્યાયતંત્રમાંથી લોકોનો વિશ્વાસ ઊઠી જાય તો પોતાની ફરિયાદો શાન્તિમય માર્ગે પતાવવાને બદલે, લોકો, હિંસક પગલાં લેતા થાય અથવા મોટા ભાગના લોકોને અન્યાય સહન કરી લેવો પડે. પરિણામે અરાજકતા જ આવે.

ન્યાયતંત્રમાં લોકોને વિશ્વાસ પડે તે માટે ન્યાયાધિશો કુશળ, પ્રામાણિક અને ચારિત્રશીલ હોવા જોઈએ. ન્યાયતંત્ર સ્વતંત્ર હોવું જોઈએ. વકીલો પ્રામાણિક અને લોકોને ન્યાય મેળવવા ઈંતેજાર હોવા જોઈએ. ન્યાય વિનાવિલંબે અને ઓછામાં ઓછા ખરચે મળવો જોઈએ. લોકો પોતે અન્યાય થાય ત્યારે જ કોર્ટ–કચેરીનો આશ્રય લે અને ખોટો લાભ ઉઠાવવાની ઈચ્છા ન રાખે, પણ વહેલામાં વહેલી તકે તકરારનો અંત આવે અથવા સમાધાન થાય તેવી વૃત્તિ રાખે. આ આદર્શ સ્થિતિ છે. તેનાથી જેટલા દૂર જઈએ તેટલું વધારે દુ:ખ ભોગવવું પડે. અત્યારે આ દરેક બાબતમાં હજારો જોજન દૂર ગયા છીએ.

આ દરેક બાબત વિષે કાંઈ લખ્યું તે પહેલાં, વર્તમાન ન્યાય પદ્ધતિ વિષે બે શબ્દો કહી દઉં. સંસદીય લોકશાહી પેઠે, આપણી વર્તમાન ન્યાયપદ્ધતિ બ્રિટન પાસેથી ઉછીની લીધેલી છે. તે વિનાશકારી રીતે ખરચાળ અને વિલંબકારી છે અને આપણા જેવા ગરીબ દેશને સર્વથા પ્રતિકૂળ છે. તેમાં ન્યાય કરતાં અન્યાય વધારે થાય છે તેમ કહું તો અતિશયોક્તિ નથી કરતો. પણ, જેમ સંસદીય લોકશાહીનો વિકલ્પ આપણે શોધી શકતા નથી, તેમ વર્તમાન ન્યાયપદ્ધતિનો વિકલ્પ પણ શોધી શક્યા નથી. અહીં–તહીંના ફેરફારો વખતોવખત કરીએ છીએ. પરિણામે કદાચ પરિસ્થિતિ વધારે વિકટ બનાવીએ છીએ.

જજોનું ધોરણ ઘણું નીચું ઊતર્યું છે. ઓછા પગાર એક કારણ આપવામાં આવે છે, પણ આ એક જ કારણ નથી. તેમાં કેટલાક બુદ્ધિશાળી છે, મહેનતુ અને પ્રામાણિક છે. પણ સામાન્ય ધોરણ નીચું છે અને લાંચ રુશ્વત અહીં પહોંચી છે, ખાસ કરી નીચલી અદાલતોમાં. હવે લાંચરુશ્વત હાઈકોર્ટ સુધી પહોંચી છે, માત્ર સ્ટાફમાં જ નહિ, જજો સુધી, એવું સાંભળ્યું છે. બધી કોર્ટોમાં કામનો ભરાવો અનહદ છે. જજોની કાર્યક્ષમતા ઓછી હોવાને કારણે આ ભરાવો વધતો જાય છે.

સ્વતંત્ર ન્યાયતંત્ર સરકાર ઉપર અંકુશરૂપ છે. કોઈ પણ સરકારને તે ખૂંચે, પણ લોકશાહીમાં ન્યાયતંત્ર સ્વતંત્ર હોય તેમ કહેવાય છે. કેટલાક સમયથી વરિષ્ઠ અદાલતોનાં જજો ઉપર પણ સીધી અથવા આડકતરી રીતે આપણી સરકાર કાબૂ મેળવવા પ્રયત્નો કરી રહી છે. ન્યાયતંત્રની સ્વતંત્રતા જોખમાય એવા પગલાં લેવાય છે.

ન્યાયતંત્રમાં વકીલોનું મહત્ત્વનું સ્થાન છે. લોકોને ન્યાય મળે તે જોવાનો વકીલોનો ધર્મ છે. વકીલો પોતાના વ્યવસાયને Noble Profession ગણાવે છે. આવી કોઈ Nobility હવે રહી નથી. સરિયામ લૂટ ચાલી છે. ગમે તે ભોગે અને ગમે તે માર્ગે પૈસો મેળવવાનો રોગ સૌને લાગુ પડયો છે, તેમાંથી વકીલો મુક્ત નથી. બલ્કે, વકીલોની મહેનત, દેશની સરેરાશ આવક અને વકીલો જે ફી લે છે, તેમાં કોઈ પ્રમાણ નથી. સુપ્રીમ કોર્ટ જે દરખાસ્તો કહી તેનો વકીલોએ ઉગ્ર વિરોધ કર્યો તેનું મુખ્ય કારણ, તેથી તેમની કમાણી ઉપર કાપ પડે તે છે. પરચૂરણ અરજીઓમાં ઓછામાં ઓછી

મહેનત વધુમાં વધુ કમાણી આગેવાન વકીલો કરી લે છે. એક દિવસના ૧૦-૧૫ હજાર રૂપિયા કમાઈ લેતા હોય એવા દાખલા છે. આગેવાન વકીલો કહે છે કે પૈસાદાર લોકો તેમની પાસે આવે છે, શા માટે ઓછું લેવું? હવે પ્રામાણિક વકીલનો અર્થ એટલો જ રહ્યો છે કે અસીલના કેસ માટે પૂરી મહેનત કરશે-બસ. ફી લેવામાં કોઈ ધોરણ કે નીતિ નથી. વધતું જ જાય છે. કેસો ચલાવવામાં પણ નીતિમત્તાનું ધોરણ રહ્યું નથી. ગમે તેમ કરી અસીલનો જીતાડી આપે તો હોંશિયારી ગણાય. અપવાદો જરૂર છે, પણ સામાન્ય ધોરણ ઘણું નીચું ગયું છે. ફોજદારી કેસોમાં ઘણું વધારે. પોલીસ કોર્ટોનું વાતાવરણ ગૂંગળાવનારું છે. મને ફોજદારી કેસોનો બહુ અનુભવ નથી. ગાંધીજીનું 'હિન્દ સ્વરાજ' મેં પહેલા વહેલું વાંચ્યું-વકીલ થયો તે પહેલાં-તેમાં વકીલો ઉપર ઉગ્ર પ્રહારો કર્યા છે ત્યારે મને થતું કે ગાંધીજીએ બહુ અતિશયોક્તિ કરી છે અથવા અન્યાય કર્યો છે. હવે એવું કહેવાય તેમ નથી.

દેશ સ્વતંત્ર થયા પછી નવી પરિસ્થિતિ પેદા થઈ છે. કાયદા વધ્યા, વકીલો વધ્યા અને કોર્ટ-કચેરી વધી. જેમ દવાઓ વધી, ડોકટરો વધ્યા અને દરદો વધ્યા-રાફડો ફાટ્યો છે. ચાલુ દીવાની, ફોજદારી કોર્ટો ઉપરાંત અનેક પ્રકારની નવી કોર્ટો થઈ છે. જમીન-સુધારણા ધારા થયા તેમાં તલાટી, મામલતદાર, કલેકટર બધે કાયદા-ઓનો અમલ જમ્યો. ગરીબ ખેડૂતો તેમાં ભોગ બન્યા. મજૂરો માટે ઘણા કાયદા થયા, નવી નવી કોર્ટો થઈ, અનેક પ્રકારની ટ્રિબ્યુનલો થઈ છે. એકસાઈઝ, કસ્ટમ્સ, ઈન્કમટેક્ષ, વિદેશી હુંડિયામણ વગેરે. કાયદા વધ્યા તેમ ગુનાઓ વધ્યા. વકીલોને મોટું કામ કાયદાની છટકબારીઓ શોધવાનું થયું. કાયદા, નિયમો, પેટાનિયમોનો બોધ વધ્યા કરે છે.

આમાં લોકોનો દોષ પણ ઓછો નથી. ત્યાં પણ અપ્રામાણિકતાનો પાર નથી. ખોટી રીતે લડવું, ખોટા બચાવ કરવા, ખોટા કેસ કરવા, કેસ લંબાવવા, આ બધી તરકીબો આજમાવાય છે. અપ્રામાણિક માણસો માટે કોર્ટો મોટું આશ્રયસ્થાન છે. વર્ષો સુધી ચલાવી શકે. રેન્ટ એકટ નીચે કેટલા ખોટા કેસ થાય છે? મ્યુનિસિપાલિટી સામે કેટલા ખોટા કેસ થાય છે? મનાઈ હુકમ મળી જાય-અને તે સહેલાઈથી મળે છે- પછી વર્ષો સુધી, ખોટું કર્યું હોય તેનો લાભ મળી જાય. મોટો ફોજદારી ગુનો હોય તો પણ વર્ષો સુધી લંબાવાય. ત્યાં સુધીમાં સાક્ષીઓ અને દસ્તાવેજી પુરાવાઓ ગુમ થઈ જાય અથવા કરી નાખવામાં આવે. માત્ર, લડવા માટે પૈસો જોઈએ.

સમગ્ર પદ્ધતિ ખોટી છે, ન્યાયની વિડંબના છે. આ સંજોગોમાં ગરીબોને ન્યાય ન મળે એ તો સ્વભાવિક છે, પણ પૈસાદાર થાકી જાય. સ્વતંત્રતા મળ્યા પછી બે પાયાની વસ્તુઓ પ્રત્યે આપણે ભયંકર બેદરકારી સેવી છે. શિક્ષણ અને ન્યાયતંત્ર. આ વિષે વિચાર કરવાની કોઈને દુરસદ નથી. દિવસે દિવસે પરિસ્થિતિ વણસતી જાય છે.

સુપ્રીમ કોર્ટમાં તાજેતરમાં જે બન્યું તે ઉપરથી આ લખવાનું મન થયું. આગેવાન વકીલોએ જે વલણ લીધું તેથી ખેદ થયો. બીજું બધું સુધરે ત્યારે પણ વકીલો ધારે તો પરિસ્થિતિની વિષમતા અનેક રીતે હળવી કરી શકે છે. દુર્ભાગ્યે, વકીલો એ વિષમતા વધારી રહ્યા છે.

કેમ છો? પુણ્ય વધે છે?

[] મકરન્દ દવે

સામાન્ય વાતચીતમાં આપણે જે વહેવાર કરીએ તે આપણું જ્ઞાન વ્યક્ત તો કરે જ છે, પણ સાથે સાથે તે આપણા વ્યક્તિત્વને ઘડે છે. અનેક પેઢીઓના આ પ્રકારના વહેવારથી એક પ્રજાનું લાઢ બંધાય છે. આપણે જાગૃત બની આ વાનગી, વહેવારનો ઢાંચો બદલાવીએ તો તે આપણને બદલાવ્યા વિના ન રહે. થોડા દાખલા જોઈએ.

આજે સામાન્ય રીતે એકબીજાની ખબર-અંતર પૂછતાં આપણે કહીએ છીએ, 'કેમ છો? મજામાં છોને?' આ પ્રશ્નમાં તબિયત, વેપાર-રોજગાર, કુટુંબ પરિવાર સારી અવસ્થામાં છે તે જાણવાનો મુખ્ય હેતુ જોઈ શકાય છે. આપણું લક્ષ્ય સ્વજન-સ્નેહીના સુખ પ્રત્યે વધારે રહ્યું લાગે છે, ઘણું આજે તો જૂનવાણી લાગતા નજીકના જમાનામાં પૂછવામાં આવતું: 'કેમ, પુણ્ય વધે છે?' આ બંને ક્ષેમ-કુશળતા પ્રશ્નોમાં કેટલું અંતર આવી ગયું?

આજે મજામાં રહેવું એ મોટી વાત બની ગઈ, પણ મુખ્ય વાત 'પુણ્ય વધે છે?' માણસ દ્વારા સત્કાર્યો થાય છે એ હોવી જોઈએ. આપણે સુખમાં હોઈએ કે દુ:ખમાં તે એટલી મહત્ત્વની વાત નથી, જેટલી આપણું પુણ્યબળ વધારવામાં છે. કારણ કે આ પુણ્યબળ હશે તો સુખ-તેની-છાછળ ખેંચાઈ આવશે. 'પુણ્ય વધે છે?' એવું જ કોઈ પ્રીતિ-સંબોધન પ્રચલિત કરવાની જરૂર છે. એ પૂછનાર અને જવાબ આપનાર બંનેને માટે પોતાનું હૃદય તપાસવાનું સાધન થઈ પડે.

ગૃહસ્થો પરસ્પર પૂછતા; 'પુણ્ય વધે છે?' ત્યારે ત્યાગીનું કુશળ પૂછવા માટે કહેવામાં આવતું! 'તપ વધે છે ને?' પુણ્યના સંચયથી એક પગલું આગળ છે તપની વૃદ્ધિ. ત્યાગીને 'શાતામાં છોને?' એમ ન પુછાય. કારણ કે શાતામાં નહીં તે સાધુ નહીં, પણ તપની અભિવૃદ્ધિ શાંત, દૃઢ આસન પરથી ઊઠતી તેજોમય જ્વાળા છે. તે પાપ અને પુણ્ય બંનેને બાળી નાખે છે. પુણ્યનું પણ એક ઝીણું બંધન બને છે. તેને છેદી નાખ્યા વિના મુક્ત થવાતું નથી. પણ જે સમાજમુક્તિની વાતો કરે. મનથી પર મનસાતિત ભૂમિકા વિશે ઝીણું કાંતે અને સામાન્ય પ્રામાણિકતા ને સચ્ચાઈ ન જાળવે તે ઊંચા આવી ન શકે. આપણું પુણ્ય વધે છે કે નહીં? આપણે કેટલા પાપભીરુ થયા? આ બાળપોથીનો પાઠ પાકો કર્યા વિના આપણને બ્રહ્મજ્ઞાનની વાતો કરવાનો કશો અધિકાર નથી.

સામાન્ય કુશળ-પૃચ્છામાં પણ ઘણે ભાગે આપણે ઔપચારિકતા અને અનુકરણથી ચલાવી લેતા હોઈએ છીએ. તેમાં અંતરનો રણકો નથી હોતો. 'કેમ છો? શું ચાલે છે?' એ તો 'હાઉ આર યુ?' અને 'હાઉડુ યુ ડુ?'નું પરચૂરણ ખખડાવવા જેવું લાગે છે. સામી વ્યક્તિના કાર્યમાં, વિકાસમાં રસ હોય તો રોજિંદા અભિવાદન એક-બીજા માટે વાટ ઉજાળતું ભાતું બની જાય. આપણે જેને માત્ર 'શિષ્ટાચાર' ગણી કોઢીએ છીએ તે ખરેખર તો શિષ્ટજનનો આચાર છે. શિષ્ટની રહેણીકરણી છે. શિષ્ટાચારની વ્યાખ્યા આપતાં કહ્યું છે:

'દાનં સત્યં તપોઽલોભો વિદ્યેજ્યા પૂજનં દમ:
અષ્ટૌ તાનિ ચરિયાણિ શિષ્ટાચારસ્ય લક્ષણમ્'

'દાન, સત્ય, તપ, નિર્લોભતા, વિદ્યા, યજ્ઞક્રિયા, પૂજન અને સંયમ એ આઠ પ્રકારના વર્તન શિષ્ટાચારનું લક્ષણ છે.'

કોઈ પણ મળે તેનું અભિવાદન કરવું, સ્વાગત કરવું તે શિષ્ટને માટે સ્વાભાવિક છે, પણ તેમાં યે સામી વ્યક્તિની કલ્યાણ-કામના કરવી તે પોતાની તથા બીજાની સીમા વિસ્તારવા જેવું છે. પોતે અને પોતાના સંબંધમાં આવતા જનો ધર્મ પથ પર આગળ વધે એ પૃચ્છા જીવનમાં મહત્ત્વની છે. આપણે 'કેમ છો?; 'તબિયત સારી?', 'મજામાં કે?' એવું પૂછવા કરતાં: 'સદ્‌વિચાર વધે છે?', 'સત્કાર્ય થાય છે?', 'શ્રેય સધાય છે ને?' એવું પ્રિયજનોને પૂછતાં થઈએ તો આપણો માનવ-પ્રેમ સાર્થક બને. આપણે મનુષ્યના માર્ગ પર સચેત બની ચાલીએ. મનુષ્ય એક પ્રવાસી છે, અહીંનો નિવાસી નથી. તેના પ્રેમમાં જો વૈકુંઠની હવા વહેતી ન થાય તો એ પ્રેમ રાખની મુઠ્ઠી, ધૂળની ઢગલી બની રહે, પણ આ પ્રેમનો સ્પર્શ આપણા મુખની વાણીમાં, આંખોના તેજમાં, હાથની ઉષ્મામાં આવી જાય તો પછી રાખમાં રગદોળાવાનું ન રહે. આપણા અંતરનો અગ્નિ સદાયે પ્રજ્વલિત રહે. મલિક મુહમ્મદ જાયસીનું વચન છે:

'માનુસ પેમ ભએઉ વૈકુંઠી
નાહિં ત કાહ છાર એક મૂંઠી
પેમ પંથ જે પહૂંચૌ પારાં
બહરિ ન આઈ મિલૈ એહિ છારાં.'

છે. તેઓ પોતે પણ સમાજના નબળા વર્ગને માટે જે ભગીરથ કાર્ય કરી રહ્યા છે તેની આછી રૂપરેખા આપતાં તેમણે જણાવ્યું કે વ્યક્તિને દાન આપીને ઓશિયાળી બનાવી તેને બદલે તેને કામ કરવા માટે આર્થિક સગવડતા કરી આપવી જોઈએ, જેથી તેનું શેષ જીવન સરળતાથી ચાલે અને અવારનવાર તેને હાથ લાંબો કરવો ન પડે.

સંઘના મંત્રીઓ શ્રી ચીમનલાલ જે. શાહ અને શ્રી કે. પી. શાહે પણ વક્તવ્યો કર્યાં હતાં અને આવા માનવતાના કામોમાં સંઘનો હંમેશાં સાથ અને સહકાર રહેશે એવી ખાતરી શ્રી વિજય મરચન્ટને આપી હતી. આના જવાબરૂપે શ્રી વિજય મરચન્ટે પ્રભાવિત થઈને સંઘને તેમ જ તેના કાર્યકરોને ખૂબ જ ઉમળકાપૂર્વક અને જોશીલી જબાનમાં ધન્યવાદ આપ્યા હતા.

આવું શુભ કાર્ય થતું હોય ત્યારે ફક્ત શબ્દોથી જ આશ્વાસન આપવું તે બરાબર ન કહેવાય – એમ કહીને સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે એક સ્ટોલ માટે, તેમના પત્ની શ્રીયુતી સવિતાબહેનના નામે રૂ. ૩૫૦૦/- આપવાની જાહેરાત કરી.

ત્યાર બાદ સંઘના બીજા મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહના પત્ની શ્રીમતી મંજુલાબહેને પણ સ્વસ્ફૂરણાથી એક સ્ટોલની રકમ આપવાની જાહેરાત કરી.

સંઘના કોષાધ્યક્ષ શ્રી પ્રવીણભાઈ કે. શાહે પણ તેમના બા શ્રીમતી ચંચળબહેન છોટાલાલ શાહના નામે એક સ્ટોલની રકમ આપવાની જાહેરાત કરી.

આમ એક દીવડાએ બીજો દીપ પ્રગટાવ્યો તેની પરંપરા ચાલુ રહી અને આ રીતે નીચે પ્રમાણે દસ સ્ટોલો માટે નવ નામો ત્યાં જ લખાઈ ગયાં.

શ્રી ગુણવંત અ. શાહ

શ્રીમતી સવિતાબહેન કે. પી. શાહ

શ્રીમતી ચંચળબહેન છોટાલાલ શાહ

શ્રીમતી મંજુલાબહેન ચીમનલાલ શાહ

શ્રીમતી મંજુલાબહેન મહાસુખલાલ કામદાર

મેસર્સ ઓટોમોટીવ એન્ટરપ્રાઈઝ

[હા. શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ]

શ્રીમતી કાન્તાબહેન ચંદુલાલ ગાંધી

[હા. શ્રી સી. એમ. ગાંધી]

શ્રી મનમોહનદાસ ડી. ગાંધી

શ્રી લલિતભાઈ એમ. શેઠ

આ પ્રસંગે જૈન સોશિયલ ગ્રુપ - માટુંગાના પદાધિકારીઓ, શ્રી મહાસુખલાલ કે. કામદાર, શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ, શ્રી સી. એમ. ગાંધી અને શ્રી નગીનભાઈ શાહે પણ હાજરી આપી હતી અને ઉપરના ૧૦ સ્ટોલોમાંથી ત્રણ સ્ટોલોનું તેમણે પણ દાન આપ્યું. તેમને ધન્યવાદ ઘટે છે. ખૂબ જ આનંદવિભોર વાતાવરણમાં સૌ વિખરાયા.

માટુંગામાં જ અગિયાર વાગી ગયા હોવાથી – "તમે અમારા ગામમાં આવ્યા છો એટલે અમારા મહેમાન કહેવાવ અને જમ્યા વિના જવાય જ નહિ." એવો કાઠિયાવાડી સંસ્કારનો આગ્રહ કરી શ્રી રસિકલાલ લહેરચંદ શાહે, દાદરની એક અદ્યતન હૉટેલના એરકન્ડિશન રૂમમાં સૌને નિમંત્રણ અને સુસ્વાદુ ભોજન આપ્યું. આના માટે શ્રી રસિકભાઈને ધન્યવાદ.

ઉપરની વિગતો વાંચ્યા પછી, કોઈને પ્રેરણા થાય તો એક અંધ માનવીના જીવનનિર્વાહ માટે એક સ્ટોલના દાનના રૂ. ૩,૫૦૦ સંઘને મોકલીને – એક કુટુંબના આશીર્વાદ મેળવી શકે છે.

❋ ધર્મ અને ધન ❋

☐ ઉપાધ્યાય અમરમુનિ ☐ અનુ. : ગુલાબ દેઢિયા

ગૃહસ્થ જીવનમાં ધનની ઘણી જરૂર હોય છે. ગૃહસ્થ પર કૌટુંબિક, સામાજિક, રાષ્ટ્રીય વગેરે જવાબદારીઓ હોય છે. જેમાં ધન સાથે અધિક અંશે સંબંધ છે. ગૃહસ્થ માટે ભિક્ષાનું અન્ન ખાવાનો નિષેધ છે. એણે પોતાની જીવનયાત્રા એણે પોતાના ઉપાર્જિત સાધનો દ્વારા કરવી જોઈએ. જે બીજાના આશ્રયે રહીને જીવન ગુજારે છે, તે જીવન પશુથી પણ બદતર છે.

ધન પોતે ખરાબ ચીજ નથી. ધન વડે તો પરોપકારના અનેક કામ થઈ શકે છે. જો ધન ન્યાયના માર્ગે મેળવ્યું હોય અને જીવનની યોગ્ય જરૂરિયાતો માટે ખર્ચીને સાથોસાથ ન્યાય માર્ગે ખર્ચવામ આવે, તો તે ધન અમૃત છ. આચાર્ય હરિભદ્રસૂરિએ કહ્યું હતું– 'ન્યાયોપાર્ત્ત હિ વિત્તમ, ઉભયલોક હિતાય' ન્યાયમાર્ગે મેળવેલું ધન આ લોક અને પરલોક બન્નેમાં હિતકારક છે.

અર્થ (ધન) જ્યારે અન્યાય, શોષણ, ત્રાસ અને વિશ્વાસઘાતથી કમાવવામાં આવે ત્યારે અનર્થ થાય છે. શોનાની લંકા આ કારણે ઈતિહાસમાં બદનામ થયેલી છે. ધનમાં માનવતા અને દેવત્વની સુગંધ આવવી જોઈએ, તે શ્રી છે, લક્ષ્મી છે, તે બધી રીતે શોભાયમાન સમૃદ્ધિની દેવી છે. આ સંદર્ભમાં લોકમંગલના પ્રતિનિધિ દેવાધિદેવ તીર્થંકરોની માતાઓ 'શ્રી દેવી'નું સ્વપ્ન જુએ છે, જે અખિલ વિશ્વના સર્વોત્કૃષ્ટ પુણ્યાવતાર મહાપુરુષોના પુણ્યની સૂચક છે.

આચાર્ય શ્રી કુન્દ કન્દ સ્વામીએ 'કુન્દ કુન્દ શ્રાવકાચાર'ના બીજા ઉલ્લાસમાં ધન વિશે જે વાત કરી છે તે રજૂ કરું છું. નિવૃત્તિમાર્ગી જૈન ધર્મ નિવૃત્તિના એકતરફી આગ્રહનાં આવેશમાં ન્યાય અનુમોદિત લોકજીવન અને એનાં સાધનોની અવહેલના નથી કરતો.

'ન્યાયથી સંચિત કરેલું ધન, અલ્પ માત્રામાં પણ દાન કરવામાં આવે તો પણ તે કલ્યાણકારક હોય છે. એને બદલે અન્યાયથી પ્રાપ્ત કરેલું ધન વિપુલ માત્રામાં દાન કરવામાં આવે તો પણ તે ફલદાયક નથી હોતું.' (૪૨)

'બુદ્ધિશાળી માણસે પોતાના કુળના ગૌરવ અને મર્યાદાને અનુરૂપ, ધર્મ અને કર્મના પરસ્પરના વિરોધથી મુક્ત બધાં વ્યવસાય પ્રમાદ રહિત બનીને કરવાં જોઈએ.' (૪૩)

'ગંધરહિત પુષ્પ, જલરહિત તળાવ, જીવરહિત શરીરની જેમ ધન રહિત દરિદ્ર પુરુષની કોણ સેવા સુશ્રુષા કરશે? કોઈ નહીં.'

'બધા પુરુષાર્થોનો હેતુ ચોક્કસ રીતે ધન છે. પણ જે પુરુષ ધન ઉપાર્જન કરવામાં આદરશીલ નથી હોતો, તે જીવતો હોવા છતાં શબ સમાન છે.' (૪૫)

'બુદ્ધિમાન ગૃહસ્થ કૃષિ, પશુપાલન, વાણિજ્ય વગેરે ન્યાયોચિત કાર્યો દ્વારા ધન કમાય છે. જેવી રીતે ધન્ય પુરુષ દયા, દાન વગેરે દ્વારા ધર્મનું અર્જન કરે છે.' (૪૬)

'જે ધન ધર્મમાં વિઘ્નકારક હોય, ચોર દ્વારા લાવવામાં આવ્યું હોય, એ લામકારી ધન પણ પવિત્ર પુણ્યના ઈચ્છુક જનોએ ગ્રહણ ન કરવું જોઈએ: (૬૪)

'ખોટા માપતોલ વગેરે છળકપટથી જે કંઈ ધન કમાવવામાં આવે, તે અગ્નિથી તપેલા તવા પર પડતા પાણીના બિન્દુની જેમ જલદી નાશ પામે છે.' (૬૫)

'સંપત્તિ ન હોવાથી બુદ્ધિશાળી પુરુષ પોતાને દીનહીન લઘુ ન સમજે પણ અર્થોપાર્જનની રીત જાણી લઈ યશાશંકિત યોગ્ય વ્યવસાય કરે.' (૭૦)

'વ્યાપારમાં કમાયેલા ધનના ચાર ભાગ કરવા જોઈએ. એક ભાગ વ્યવસાય ભંડારમાં રાખે, એક ભાગ ધર્મકાર્યમાં ખર્ચે, એક ભાગ પોતાના ચુખોપભોગ માટે રાખે અને અડ ભાગ પોતાના આશ્રિત પોષ્ય વર્ગના પોષણ માટે રાખે.' (૧૦-૮)

જીવનમાં ધર્મ અને કર્મનો સમન્વય જરૂરી છે. જીવનના વિવિધ કાર્યો માટે ધન પણ અપેક્ષિત છે.

ઉપરોક્ત સૂત્રોમાં ધનની કેટલા જોરશોરથી વકીલાત કરેલી છે. અને એટલા જ જોરશોરથી ન્યાયનીતિની પણ વકીલાત કરેલ છે. બન્નેનું સમતોલપણું અને સમન્વય ગૃહસ્થ સાધકના જીવનને પવિત્ર બનાવે છે.

(શ્રી અમર ભારતીમાંથી સાભાર)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ સંચાલિત અને ખંભાતનિવાસી સ્વ. મહાસુખભાઇ પ્રેરિત "પ્રેમળ જ્યોતિ"

ડાબેથી જમણે: શ્રી ચન્દ્રાવલભાઈ શાહ, શ્રી ચન્દ્રકાન્ત દીપચંદ શાહ, શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ, શ્રી મહાસુખલાલ કે. કામદાર, શ્રી રસિકલાલ લહેરચંદ શાહ, શ્રીમતી જયાબહેન ટોકરસી વીરા, શ્રી શાન્તિલાલ ટી. શેઠ, શ્રી વિજય મરચન્ટ, શ્રી. કે. પી. શાહ, શ્રી ચીમનલાલ જે. શાહ, શ્રીમતી નીરૂબહેન એસ. શાહ, શ્રીમતી વિદ્યાબહેન શાહ, શ્રીમતી કમલબહેન ગીસપાટી. શ્રીમતી કલ્પનાબહેન, શ્રીમતી રસિલાબહેન શાહ, શ્રીમતી ભાનુબહેન પ્રવીણભાઇ શાહ.

સંકલન : શાંતિલાલ ટી. શેઠ

"પ્રેમળ જ્યોતિ"ની કાર્યકર બહેનો છોટાઉદેપુરના અંદરના ભાગમાં આવેલા સાવ પછાત પ્રદેશ કઠિવાડાની મુલાકાત લઈ આવ્યાં તેની ટૂંકી વિગત ગતાંકમાં નીરૂબહેને જણાવી છે. ત્યાર બાદ તા. ૧૮મી એપ્રિલના રોજ, દાદર પારસી કૉલોનીમાં આવેલ "પટેલ બિલ્ડિંગ" ખાતે એક અંધ પારસી ગૃહસ્થને સામાજિક તથા આર્થિક દૃષ્ટિએ પુનર્વસવાટ કરવા માટેના સ્ટોલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. શ્રી નૌશીર ઉમરીગર નામના અંધ ભાઈ માટે શરૂ કરવામાં આવેલ આ સ્ટોલ સંઘસંચાલિત 'પ્રેમળ જ્યોતિ' દ્વારા સ્થપાયેલ બીજો સ્ટોલ છે અને "આર. એન્ડ ટી. કમિટી ઓફ નેશનલ એસોસિયેશન ફોર ધી બ્લાઈન્ડ" ની સંસ્થાદ્વારા સ્થપાયેલ આ ૪૪ મો સ્ટોલ છે.

"પ્રેમળ જ્યોતિ" દ્વારા પ્રથમ સ્ટોલ ઘાટકોપર ખાતે શરૂ કરવામાં આવ્યો હતો અને આ બીજો સ્ટોલ દાદરમાં સ્થપાય છે. આ બન્ને સ્ટોલ માટે "પ્રેમળ જ્યોતિ"ને દાન આપનાર દાતાનું નામ છે શ્રી નવિનભાઈ કાપડિયા.

સભાની કાર્યવાહી શરૂ થતાં પહેલા 'પ્રેમળ જ્યોતિ'ના કન્વીનર શ્રીમતી નીરૂબહેન શાહે પ્રાર્થનાગીત ગાયું હતું. ત્યાર બાદ ઉપરોક્ત સંસ્થાના પ્રમુખ શ્રી વિજય મરચન્ટ, જેઓ આ સભાના સંચાલક હતા, તેમણે સભાની કાર્યવાહી શરૂ કરી અને શ્રી નૌશીરને સફળતા ઈચ્છી તેમ જ આ કાર્યની માહિતી આપતું ટૂંકું પ્રવચન કર્યું.

ત્યાર બાદ પારસી પંચાયતના માજી અધ્યક્ષ શ્રી બમન બહેરામે, અંધજનોના કલ્યાણ માટેની સંસ્થાની સેવાઓને બીરદાવી, તેમ જ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યકરોને ધન્યવાદ આપ્યા.

આ સમારંભના ચીફ ગેસ્ટો હતા શ્રી નવિનચંદ્ર કેશવલાલ કાપડિયા તથા શ્રી રસિકલાલ લહેરચંદ શાહ. તેઓએ પણ પ્રાસંગિક પ્રવચનો આપ્યાં હતાં.

આ પ્રસંગે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પદાધિકારીઓ અને 'પ્રેમળ જ્યોતિ'ની સેવિકા બહેનોએ પણ હાજરી આપી હતી અને પારસી પંચાયતના કાર્યકરો અને ત્યાં વસતા પારસી ગૃહસ્થો તેમ જ સન્નારીઓ પણ સારી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. દરેકના મોઢા પર આનંદ અને ઉલ્લાસ તરવરતાં હતાં અને ઘરઆંગણે કોઈ ઉત્સવ હોય એવી લાગણીના દર્શન થતાં હતાં. આવો નાનકડો સમારંભ, રસ્તે ચાલતા નાગરિકો માટે આકર્ષણ તેમ જ કુતૂહલનો વિષય બન્યો હતો.

આ પ્રસંગે ટૂંકા, પરંતુ સારા વક્તવ્યો થયાં, તેમાં શ્રી વિજય મરચન્ટે તેમ જ અન્ય પંચાયતના વક્તાઓએ, આવા સારા કામો કરવા માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથ આપી રહ્યો છે તે માટે તેનો આભાર માન્યો અને અંતરના ધન્યવાદ આપ્યા. શ્રી વિજય મરચન્ટે કહ્યું કે આવા અસાંખ્ય સ્ટોલોની હજુ મુંબઈને જરૂર

આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ

[દર વર્ષની માફક આ વર્ષે મુંબઈ જૈન યુવક સંઘે વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન કર્યું હતું. આ વખતે વ્યાખ્યાન માળાનો વિષય 'આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ' હતો, અને ત્રણ દિવસ સુધી જુદા જુદા વક્તાઓએ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિનાં અલગ અલગ પાસાંની સમીક્ષા કરી હતી. આ ત્રણે વ્યાખ્યાનોનો મહત્ત્વનો સાર ભાગ અહીં પ્રગટ કરવામાં આવ્યો છે.]

સંકલન : રમેશ તારાહનકર

પોલેન્ડ અને મહાસત્તાઓ

☐ આઇ. કે. ગુજરાલ

પોલેન્ડ અંગેના મહાસત્તાઓના વલણ વિષે કંઈ પણ વિચારતી વખતે, પોલેન્ડમાં રશિયાના અનિશ્ચય મહત્ત્વના હિતો છે અને પોલેન્ડમાંની પરિસ્થિતિ રશિયાની સલામતી સાથે સંકળાયેલી છે, એ બાબત ખાસ ખ્યાલમાં રાખવી જરૂરી છે.

ઉપરોક્ત દૃષ્ટિએ વિચારીએ તો પોલેન્ડનો પ્રશ્ન વિશ્વશાંતિમાં બાધારૂપ ન બને તે માટે સોવિયેત રશિયા અત્યંત સંયમીતપણે વર્તી રહ્યું છે. જ્યારે પોલેન્ડના પ્રશ્ને અમેરિકાની હાલની નીતિ ડહાપણ ભરેલી નથી એમ કહેવું રહ્યું.

અમેરિકા માનવહક્કો અને લેબર્સીકી પરિષદની ગમે તેટલી વાતો કરે તો પણ એ વાત યાદ રાખવી જ રહી કે પોલેન્ડના મામલામાં તેણે ખાસ કશું જ ખોવાનું નથી.

બીજી તરફ સોવિયેત સંઘ પોલેન્ડમાં અનેક મહત્ત્વના હિતો ધરાવે છે એ હકીકત આંતરરાષ્ટ્રીય રાજકારણનું સહેજ પણ જ્ઞાન ધરાવનાર વાકેફ કહી શકે છે. આ ઉપરાંત રશિયા મનોવૈજ્ઞાનિક ભય સેવતું હોય તે પણ સાવ સ્વાભાવિક છે.

પોલેન્ડ અને સોવિયેત સંઘના ઈતિહાસમાં સહેજ ઊંડા ઊતરીશું તો જાણવા મળશે કે પંદર અને સોળમા સૈકામાં પોલેન્ડ જ્યારે અત્યંત શક્તિશાળી હતું ત્યારે આજનું રશિયન પાટનગર મોસ્કો પણ પોલેન્ડના કબજામાં હતું. આ કારણસર સોવિયેત સંઘ પરંપરાગત રીતે એવો ભય ધરાવે છે કે પોલેન્ડ જો શક્તિશાળી રાષ્ટ્ર તરીકે ઉપસી શકે તો પોતાની સલામતી અને સાર્વભૌમત્વ જોખમમાં આવી પડે. આ કારણસર રશિયા પોલેન્ડ કયારેય મજબૂત બને તેમ ઈચ્છતું નથી.

પોલેન્ડ પોતાના કબ્જામાં હોય તેમાં રશિયાનું બીજું એક હિત એ છે કે જર્મન ડેમોક્રેટીક રિપબ્લિક (પૂર્વ જર્મની) સાથેનો રશિયાનો સંદેશવ્યવહાર પોલેન્ડને માર્ગે થાય છે. રશિયા તરફથી પૂર્વ જર્મનીને મોકલાતો લશ્કરી પુરવઠો પણ પોલેન્ડમાંથી પસાર થાય છે, પોલેન્ડ જો સ્વતંત્ર બને તો આ શક્ય રહે નહિ. તેને પગલે કદાચ પૂર્વ અને પશ્ચિમ જર્મનીનું એકીકરણ થવાની સ્થિતિ પણ સર્જાય. આવું એકીકરણ રશિયા કયારેય સાંખી શકે નહિ તે સુવિદીત છે.

પોલેન્ડને પોતાની વગમાંથી સરી ન જવા દેવા માટે રશિયા પાસે બીજું એક કારણ પણ છે. અમેરિકા સહિતના પશ્ચિમી દેશોએ પોલેન્ડમાં ૨૯ અબજ ડોલરનું ધિરાણ કર્યું હોવાનો અંદાજ છે, પણ સોવિયેત રશિયાએ પોલેન્ડને કરેલા ધિરાણનો આંકડો પશ્ચિમે કરેલા ધિરાણ કરતા કંઈ કેટલાગણો વધુ છે.તેથી પોલેન્ડ રશિયાની વગમાંથી છટકી જાય કે પછી પશ્ચિમના દેશો પોલેન્ડમાં કોઈ રમત રમે તે બાબત રશિયા કયારેય ચલાવી લઈ શકે નહિ.

હકીકતે તો, રશિયા અને અમેરિકા સહિતની મહાસત્તાઓ પોતપોતાની વગના ક્ષેત્રો વહેંચી લે તે બાબત જ અતિશય વિચિત્ર લાગે છે. તેમ છતાં તેમણે અરસપરસની સમજૂતીથી આવી વહેંચણી કરી લીધી જ હોય ત્યારે એ સમજૂતીને માન આપવાની પણ તેમની ફરજ છે, આથી બંને મહાસત્તાઓએ આ અગાઉ કરેલી સમજૂતીને આંચ આવે એવું કશું જ અમેરિકાએ કરવું જોઈએ નહિ.

પોલેન્ડ અંગે સોવિયેત સંઘે ખરેખર જ પ્રશંસનીય સંયમ દાખવ્યો છે અને તેની પ્રશંસા કરવી રહી. ઉદાહરણ તરીકે જ પોલેન્ડમાં લશ્કરી કાયદાની જાહેરાત કરવામાં આવી ત્યારે પણ રશિયાએ તેનાં દળો પોલેન્ડમાં મોકલ્યા નહોતા તે ઉલ્લેખનીય છે. આમ છેલ્લાં દોઢ વરસમાં પોલેન્ડમાં કોઈ પણ પ્રકારની લશ્કરી દરમિયાનગીરી નહિ કરીને અને પરિસ્થિતિ વણસે નહિ તેની કાળજી લઈને સોવિયેત સંઘ પ્રશંસાજનક સંયમ દાખવ્યો છે.

પોલેન્ડના પ્રશ્નની વિચારણા કરતી વખતે તે દેશના ઈતિહાસ પર પણ નજર નાખવી જોઈએ. તે દેશના ઈતિહાસના કેટલાંક રસપ્રેરક મુદ્દા આ પ્રમાણે છે.

○ પોલેન્ડમાં 'રોમ'ને માર્ગે ખ્રિસ્તી ધર્મ દાખલ થયો હતો જ્યારે રશિયામાં કોન્સ્ટેનટીનોપલને માર્ગે આ ધર્મ દાખલ થયો હતો. આ કારણે પોલેન્ડની પ્રજા રોમન કેથોલીક છે અને રશિયામાં ઓર્થોડોક્સ ચર્ચ છે.

○ પોલેન્ડે અનેક ચઢતીપડતી જોઈ છે. ૧૭૭૨ થી ૧૯૧૮ના સમયકાળ દરમિયાન પોલેન્ડનું અસ્તિત્વ જ મટી ગયું હતું. અઢારમા સૈકામાં ઓસ્ટ્રીયા, રશિયા અને પ્રશિયાએ પોલેન્ડ પર આક્રમણ કર્યું હતું ત્યારે આ સ્થિતિ નિર્માણ થઈ હતી.

○ પોલેન્ડ અને જર્મનીને અરસપરસ સાથેનો સંબંધ એ પોલેન્ડના ઈતિહાસનો પાયો છે. એટલે જર્મનીમાં જે કંઈ બને છે તેની પોલેન્ડ પર અને પોલેન્ડના બનાવોની જર્મની પર ઘેરી અસર પડે છે.

ભારત અને તેનાં પાડોશી રાષ્ટ્રો

ડૉ. પી. એમ. કામથ

વ્યક્તિગત સંબંધોમાં પડોશીનું મહત્ત્વ હોય છે તે જ રીતે આંતરરાષ્ટ્રીય સંબંધોમાં પણ પડોશી રાષ્ટ્રનું મહત્ત્વ હોય છે.

પડોશી રાષ્ટ્ર સાથેના સંબંધ એટલે સાંસ્કૃતિક, આર્થિક, ધાર્મિક અને અરસપરસની સલામતી સાથે સંકળાયેલો સંબંધ એમ સામાન્ય રીતે કહી શકાય.

આ સુપરસોનિક જેટ યુગમાં પડોશીનો અર્થ ઘણો વ્યાપક બન્યો છે. તેમ છતાં તેનો મર્યાદિત અર્થ આપણી સરહદ નજીકનાં રાષ્ટ્રો એવો કરીએ તો નેપાળ, પાકિસ્તાન, બર્મા, ભૂતાન, બંગલા દેશ, શ્રીલંકા, ચીન વગેરે આપણાં પડોશી રાષ્ટ્રો છે.

આ દેશો સાથેના આપણા સંબંધો અંગે વિચારનાં એક વાત સ્પષ્ટપણે જોઈ શકાય તેમ છે તે એ કે શ્રી જવાહરલાલ નહેરુ અને શ્રીમતી ઈન્દિરા ગાંધીના શાસનકાળ કરતા શ્રી લાલબહાદુર શાસ્ત્રી અને જનતા પક્ષની સરકારના શાસનકાળ દરમિયાન પડોશી રાષ્ટ્રો સાથેના ભારતના સંબંધો વધુ મૈત્રીપૂર્ણ રહ્યા છે.

સ્વ. શ્રી જવાહરલાલ નહેરુ ભારતને અત્યંત શક્તિશાળી રાષ્ટ્ર બનાવવા ઈચ્છતા હતા. તેથી તેમણે વિશ્વરાજકારણમાં વધુ ધ્યાન આપ્યું અને પાકિસ્તાન, નેપાળ, શ્રીલંકા, બર્મા વગેરે પડોશી રાષ્ટ્રો સાથેના સંબંધો સુધારવાની બાબતને ખાસ મહત્ત્વ ન આપ્યું. આ જ કારણસર નહેરુકાળમાં ભારત વિશ્વ રાજકારણમાં અતિશય અગત્યનો ભાગ ભજવતું હોવા છતાં પડોશી રાષ્ટ્રો સાથેના તેનાં સંબંધો ખાસ સુધર્યા નહોતા.

તે પછી સ્વ. શ્રી લાલબહાદુર શાસ્ત્રીએ દેશના શાસનનો દોર સંભાળ્યો ત્યારે તેમણે પાકિસ્તાન, નેપાળ, શ્રીલંકા સહિતના બધા પડોશી રાષ્ટ્રો સાથેના સંબંધો સુધારવા ખાસ પ્રયત્નો કર્યા હતા અને સંબંધો સુધાર્યા પણ હતા.

સ્વ. શ્રી શાસ્ત્રીના શાસનકાળ દરમિયાન જ ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું હતું તે સત્ય હોવા છતાં કોઈ દેશ સાથેના સંબંધોનું મૂલ્યાંકન આ કે તે દેશ સાથેના યુદ્ધને આધારે નહિ, પણ બે દેશો વચ્ચે કેટલી સમસ્યાઓ છે અને કેટલી ઉકેલાઈ તેને આધારે જ થઈ શકે. એ દૃષ્ટિએ વિચારતા સ્વ. શ્રી લાલબહાદુર શાસ્ત્રીના શાસનકાળ દરમિયાન ભારતના પડોશી દેશો સાથેના સંબંધો સુધર્યા હતા એમ કહેવું રહ્યું. શ્રીમતી ઈંદિરા ગાંધીને શાસન કાળ ૧૯૮૦ પૂર્વેનો અને પછીનો એમ બે હિસ્સામાં વહેંચાયેલો છે. શ્રીમતી ગાંધીની સરકાર રશિયા તરફ ઢળતી હોવાની છાપ છે. બીજી બાજુ, ભારતના મોટા ભાગના પડોશી રાષ્ટ્રો અમેરિકા અને પશ્ચિમી રાષ્ટ્રોની ધરીની તરફેણ કરનારા છે. આ કારણે શ્રીમતી ગાંધી સત્તા પર હોય છે ત્યારે ભારતના પડોશી રાષ્ટ્રો સાથેના સંબંધો મૈત્રીપૂર્ણ રહેતાં નથી.

વળી, શ્રીમતી ઈન્દિરા ગાંધી પણ તેમના પિતાની જેમ ભારતને એક મહાસત્તા અને તે પણ રશિયા-અમેરિકાની સમકક્ષ સત્તા બનાવવા ઈચ્છે છે. તે માટે તેમણે આણ્વ ધડાકો કરવો, ઉપગ્રહો તરતા મૂકવા, અન્ટાર્ટીકા પ્રકારનું સાહસ હાથ ધરવું વગેરે અનેક મહત્ત્વના પગલાં લીધાં છે. આ કારણે નાનાં પડોશી રાષ્ટ્રોના મનમાં ભય જાગે તે સ્વાભાવિક છે.

ઈન્દિરા ગાંધીનું શાસન પડોશી રાષ્ટ્રોને સમકક્ષ ગણતું નથી. તેથી પાકિસ્તાન, નેપાળ બંગલા દેશ વગેરે રાષ્ટ્રો સાથેના આપણાં સંબંધો સુમેળભર્યા રહેતાં નથી.

જનતા પક્ષના શાસનકાળ દરમિયાન પડોશી રાષ્ટ્રો સાથેના ભારતના સંબંધો અત્યંત મૈત્રીપૂર્ણ હતા અને તેથી એ કાળ પડોશી રાષ્ટ્રો સાથેના સંબંધોની દૃષ્ટિએ અતિશય અગત્યનો છે.

શ્રી મોરારજી દેસાઈના નેતૃત્વ હેઠળની જનતા સરકારે આપણાં નાનાં મોટા તમામ પડોશી દેશો સાથે સુમેળભર્યા સંબંધો જાળવવા ખાસ જહેમત લીધી હતી. તેનું અત્યંત ફળદાયી પરિણામ આવ્યું હતું અને લગભગ બધા પડોશી રાષ્ટ્રો સાથે તે કાળ દરમિયાન આપણે સારા સંબંધો હતા.

પાકિસ્તાનના પ્રમુખ જનરલ ઝિયા સાથે શ્રી મોરારજી દેસાઈએ અંગત સંબંધો વિકસાવ્યા હતા. ઉપરાંત નેપાળ, શ્રીલંકા, ભૂતાન અને બંગલાદેશ વગેરેને સ્પર્શતાં પ્રશ્નોનો ઉકેલ લાવવા પણ તેમણે ખાસ તકેદારી લીધી હતી.

જનતા સરકારે (ઈન્દિરા ગાંધીની સરકારની જેમ જ) રશિયા સાથે સારા સંબંધો જાળવી રાખ્યા હતા. તેમ છતાં 'જનતા' નેતાઓ પશ્ચિમ તરફી ગણાતા હોવાથી પડોશીઓ સાથેના સંબંધો સુધારવામાં તેમની આ 'છાપ' કામ આવી હતી.

મહાસત્તાઓનો સંઘર્ષ

[] ડૉ. રમેશ ભાણુ

વિશ્વની બે સૌથી મોટી સત્તાઓ રશિયા અને અમેરિકા મિત્રાચારી કે દુશ્મનાવટમાં અંતિમ બિંદુએ ન પહોંચે તેમાં જ વિશ્વના અન્ય તમામ રાષ્ટ્રોનું હિત સમાયેલું હોય છે.

વિશ્વમાં આજે જ્યાં જુઓ ત્યાં સંઘર્ષનું પ્રમાણ વધ્યું છે. ઘરમાં વડિલની મર્યાદા લોપાય ત્યારે કંકાસ વધે છે તે જ રીતે વિશ્વરાજકારણમાં નાનાં રાષ્ટ્રો જ્યારે મહાસત્તાઓના કહ્યામાં રહેતાં નથી અને માથું ઊંચકે છે ત્યારે સંઘર્ષનું પ્રમાણ વધે છે.

મધ્ય પૂર્વ, પશ્ચિમ એશિયા અને ફોકલેન્ડ ટાપુ વગેરે સ્થળોએ સર્જાયેલી કટોકટીની પૂર્વ ભૂમિકા નિહાળતાં ઉપરની વાત સમજી શકાશે. નાનાં રાષ્ટ્રો કેટલેક અંશે હવે બે મહાસત્તાઓનું નાક પણ દબાવે છે અને ધાર્યું કામ કઢાવે છે.

આનું એક ઉદાહરણ પાકિસ્તાન છે. અફઘાનિસ્તાનમાં રશિયાએ દરમિયાનગીરી કરી તેનો ઉપયોગ કરી લઈને પાકિસ્તાન અમેરિકા પાસેથી જંગી શસ્ત્ર અને અન્ય સહાય મેળવે છે. રશિયા અને ચીન વચ્ચેના બગડેલાં સંબંધોનો લાભ ઉઠાવીને તે ચીન પાસેથી પણ ઘણી મદદ મેળવે છે.

બીજે પક્ષે, ભારત અલિપ્તતાને વરેલું છે અને ઈન્દિરા ગાંધીની સરકાર પોતે સાચા અર્થમાં અલિપ્ત છે એમ માને છે, તેમ છતાં કેટલાંક વિકસીત અને અન્ય રાષ્ટ્રો ભારતની આવી અલિપ્તતાને બ્લેકમેલ કરવાની બેવડી રમત ગણે છે.

વિશ્વની બે મહાસત્તાઓ વચ્ચે સંઘર્ષ છે તો સમજૂતી પણ છે. આ બે મહાસત્તાઓ ચાલબાજીપૂર્વક નાનાં અને ઓછા શક્તિશાળી રાષ્ટ્રોને પોતાની વગ હેઠળ રાખે છે.

ઉદાહરણ તરીકે, મહાસત્તાઓ હાલ શસ્ત્રો અને શસ્ત્રસરંજામ ઘટાડવા વાટાઘાટ કરે છે, પણ એ બંને વચ્ચે એવી ખાનગી સમજૂતી હોવાનું કહેવાય છે કે શસ્ત્રો ઘટાડવા પણ એટલી હદે ઘટાડો ન કરવો કે નાનાં રાષ્ટ્રો એ 'સરહદ'ને આંબી શકે!

મહાસત્તાઓના સંઘર્ષની પરિસ્થિતિમાં ભારતે પોતાના રાષ્ટ્રીય હિતોનો સૌ પ્રથમ વિચાર કરવો જોઈએ. શ્રીમતી ઈન્દિરા ગાંધીએ આવી જ કંઈક નીતિ અપનાવી છે અને તે પ્રસંશાજનક છે.

શ્રીમતી ગાંધીએ અવારનવાર એવી સ્પષ્ટતા કરી છે કે ભારતની નીતિ આ કે તે રાષ્ટ્રની તરફેણમાં નહિ, પણ ભારતના રાષ્ટ્રીય હિતોને નજર સમક્ષ રાખીને ઘડવામાં આવે છે.

શ્રી માનતુંગાચાર્ય વિરચિત
શ્રી ભકતામર સ્તોત્ર

આપણા સંઘના આજીવન સભ્ય, સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટી તેમ જ મહારાષ્ટ્ર રાજ્યના ભૂતપૂર્વ મંત્રી શ્રી શાન્તિલાલ હરજીવન શાહના પિતા સ્વ. હરજીવન રાયચંદ શાહે ભકતામર સ્તોત્રનો ગુજરાતી ભાષામાં ગદ્ય અને પદ્યમાં સમશ્લોકી અનુવાદ કર્યો તે ૧૯૪૮માં પ્રથમવાર પ્રસિદ્ધ થયેલો. આ પુસ્તકની દસથી વધુ આવૃત્તિ થઈ ગઈ છે. આ પુસ્તકની પ્રથમ ૩૦૦ નકલ અને ત્યાર બાદ છસો નકલ શ્રીયુત શાન્તિભાઈ શાહે સંઘને સપ્રેમ મોકલી છે. જિજ્ઞાસુઓને આ પુસ્તિકા સંઘના કાર્યાલયમાંથી વિનામૂલ્યે મળી શકશે.

સંઘ પ્રત્યેની શ્રીયુત શાન્તિભાઈની પ્રેમાળ લાગણી માટે અમો તેમના ખૂબ જ આભારી છીએ.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

ધ્યાનમાર્ગમાં પ્રવેશ

☐ કુન્દનિકા કાપડીઆ

[૩]

(તિબેટી પદ્ધતિ)

આજ્યારના યુગમાં પાંચ પ્રકારની અવનતિ ચોતરફ દેખાય છે. એક તો આજનો સમય ખરાબ છે, દેશો એકબીજા સાથે કે અંદર-અંદર લડતા રહે છે, દુષ્કાળ અને રોગ ખૂબ વ્યાપક છે. બીજું, લોકો અનૈતિક અને એકબીજા પ્રત્યે ધિક્કારની હદે પહોંચે એટલા અસહિષ્ણુ બની ગયા છે. વળી મોટા ભાગના લોકોનાં મન લોભ અને હિંસાથી ભરેલાં છે. બહારનાં જોખમો એટલાં વધ્યાં છે કે જીવનનો કઈ ક્ષણે અંત આવશે તે ભાખવું મુશ્કેલ બન્યું છે અને છેલ્લે ખોટી માન્યતાઓ અને ખોટાં દર્શનો ખૂબ ફૂલ્યાં-ફાલ્યાં છે.

અત્યારે મનુષ્યો મુંઝાયેલા છે અને જીવનનો અર્થ શો, તેની તેમને ખબર નથી, પણ મન જાગૃત બને તો આ પ્રતિકૂળ સંજોગોનો પણ લાભ લઈ શકાય. મનની જાગૃતિ માટે અહીં દર્શાવેલી પદ્ધતિ વિશેષપણે અસરકારક છે, પણ આ સૂચનાઓ વાંચની વખતે જ તે આપણી અંદર ઉતારવી જોઈએ, આ કેવળ તાત્ત્વિક કથા-ચર્ચા નથી. આ પદ્ધતિ આપણા મનોવ્યાપારનો ભાગ બની જવી જોઈએ.

દોષનું એકમાત્ર પાત્ર; આપણી જાત

કોઈ પણ મુશ્કેલી કે તકલીફ ઊભી થતાં આપણે તેનો દોષ કોઈ વ્યકિત કે વસ્તુને માથે ઢોલી દઈએ છીએ. દેશો બીજા દેશોનો વાંક કાઢતા હોય છે, કૂતરાઓ બીજા કૂતરાનો. પણ બીજાનો દોષ કાઢવો એ સદંતર ખોટું છે કારણ કે આ દોષનું પાત્ર સાચો શત્રુ તો આપણાં અંદર છે અને એ છે આપણાં આત્મ-પ્રીતિ.

આપણે આપણી જાતને બહુ મહત્ત્વની અને મૂલ્યવાન ગણી બેઠી છીએ. જાત પ્રત્યેની આ ભકિત ને આસકિત આપણી પાસે ઘણાં એવાં અકુશળ કર્મ કરાવે છે જેનો એકમાત્ર ઉદ્દેશ કામચલાઉ સુખ અને સગવડ હોય. આપણી પાસે કોઈ વસ્તુ ન હોય, તો તેની આપણે ઈચ્છા કરીએ છીએ અને આપણી કોઈ પણ પ્રિય બાબત માટે જોખમ ઊભું થાય તો આપણે ઉગ્ર અને સ્વાર્થયુકત પ્રતિભાવ આપીએ છીએ. આમ આત્મકેન્દ્રી રીતે વર્તવાથી આપણે નકારાત્મક કર્મ બાંધીએ છીએ જે આગળ જતાં દુ:ખરૂપે પ્રગટ થાય છે. સામ્રાજ્યવાદી હેતુઓથી લડતાં રાષ્ટ્રો પણ આ જ રીતે દુ:ખ ને ધિક્કાર ફેલાવે છે. અરે, બે નાનાં જંતુ પણ આ જ કારણોએ લડતાં હોય છે. આપણાં ઘણાં કૃત્યો પોતાના અહંજન્ય કેન્દ્રમાંથી અને આક્રમક કે રક્ષાત્મક હેતુઓ માટે થતાં હોય છે.

આ મનુષ્ય-જન્મમાં આપણા ચિત્ત પર ઘણા સંસ્કારોની છાપ પડેલી હોય છે અને તેથી ઉદ્ભવેલાં ઘણાં કર્મો ખપાવવાનાં હોય છે. આપણે એટલું તો મજબૂત જોઈએ કે બધા દોષો અને બધી મુશ્કેલીઓ આપણી અંદરથી જ આવે છે અને એનું મુખ્ય કારણ આપણું અજ્ઞાનયુકત આત્મપ્રિતીવાળું વલણ, જે આપણું સમગ્ર લક્ષ સંકુચિત કરીને માત્ર એક જ બાબત પર લાવી મૂકે છે: આપણી પોતાની જાત. આપણને જરા સરખી તરસ લાગે કે ગરમીથી આક્રમણ થાય કે તરત આપણે એમાંથી છૂટવા ઠંડા પીણા માટે ઝંખીએ છીએ અને આપણા કરતાં કયાંય વધુ તકલીફ ભોગવતાં અસંખ્ય જીવો માટે આપણી પાસે સમય કે સહાનુભૂતિ ભાગ્યે જ હોય છે.

બીજા લોકો પ્રત્યેનું ઋણ, જે જન્માંતરોમાં એકત્ર થાય છે તે ઊંડા ધ્યાનથી કે આ ઋણના ફળનો સ્વીકાર કરવાથી, સમાપ્ત થાય છે. આ છેલ્લી પદ્ધતિ સહેલી છે. આ પુસ્તકમાં તેની રીત દર્શાવાઈ છે.

કોઈ પણ માણસ આપણને દુ:ખ કે ઈજા પહોંચાડે ત્યારે એમ સમજવું જોઈએ કે તે આપણને આપણાં પૂર્વનાં અ-કુશળ કર્મોનાં વધુ આકરાં પરિણામ ભોગવવામાંથી મુકત કરે છે. આ રીતે, જેઓ આપણને હાનિ પહોંચાડે છે તેઓ ખરેખર તો આપણું કલ્યાણ કરે છે. આપણા આધ્યાત્મિક ગુરુની જેમ આ લોકોની કરુણા પણ આપણે સતત યાદ રાખવી જોઈએ કારણકે તેઓ આપણને દર્શાવે છે કે આપણા પર લદાયેલો બોજો તે આપણાં જ કર્મનું પરિણામ છે. આપણા પર મોટું દેવું હોય અને લેણદાર કહે કે માત્ર એક તમાચો તું ખાઈ લે તો તું દેવામાંથી છુટ્ટો—તો આપણે રાજી થઈને એ સ્વીકારી લઈએ કે નહિ? આ જ રીતે બીજાએ આપણને કરેલી હાનિ તે વધુ આકરાં ફળમાંથી આપણને મુકત થવામાં સહાયરૂપ બને છે. આ કેવળ ઘટનાઓનું સારું લાગતું અર્થઘટન માત્ર નથી, વસ્તુઓ ખરેખર આ પ્રમાણે જ છે.

સર્વ જીવોની કરુણા પર ધ્યાન કરો

આપણે બધા જીવોની કરુણા વિષ્ણુતા થઈએ તો મુશ્કેલી અને અગવડ વચ્ચે પણ આપણે આનંદમાં રહી શકીશું. એક ઉદાહરણ જોઈએ. બે માણસોને ઉગ્ર માંદગીને કારણે હૉસ્પિટલમાં જવું પડે છે તો આ રીતે જેનું મન કેળવાયું હશે તે માનસિક રીતે આ સ્થિતિમાં પણ પ્રસન્ન રહી શકશે અને એમાંથી એને માંદગીમાંથી બહાર નીકળવાનું સામર્થ્ય પણ પ્રાપ્ત થશે, જ્યારે જેનું માત્ર દુન્યવી દૃષ્ટિબિંદુ છે તે શારીરિક અને માનસિક-બન્ને રીતે દુખી થશે, એથી એની માંદગી વળી વધશે અને મનની શાંતિ લુપ્ત થશે.

આમ વિચારનું રૂપાંતર કરવાથી અને દુ:ખનું સાચું કારણ તથા અન્ય જીવોની કરુણા વિષ્ણુવાથી આપણને ઘણી મદદ મળે છે. પછી કોઈ દુ:ખ આપણને બહુ અસ્વસ્થ નહિ કરે. અત્યારે આપણે બીજા જીવોને બહુ સહાયરૂપ થઈ શકતા નથી, પણ આપણા મનનો વિકાસ કરી આત્મપ્રીતિના વલણને પરદુ:ખ ભંજકતાના વલણમાં બદલવાની જવાબદારી આપણી છે. આ માટે આપણા પ્રત્યે કરુણાવાન સર્વ જીવો પરત્વે જાગૃત બનવું જોઈએ અને તેમની જરૂરિયાતો સમજવી જોઈએ. આ અઘરું નથી, કારણ કે બધા જ જીવો દુ:ખ ટાળવા અને સુખ મેળવવા ઈચ્છે છે. તેમને જોઈતું હોય તે આપવા અને ન જોઈતું હોય તે લઈ લેવા નીચે પ્રમાણે આપણે તત્પરતા કેળવવી જોઈએ.

આપવા અને લેવાની ક્રિયાનો અભ્યાસ

આ અભ્યાસ માટે તિબેટી શબ્દ છે તોંગ-દેન : આપવું અને લેવું. પણ બરાબર ધ્યાન-પ્રકિયામાં 'લેવું' પહેલાં આવે છે, 'આપવું' પછી. આપણે બધા જ જીવોની યાતનાઓ, મુશ્કેલીઓ, મલિનતાઓ આપણા પર લઈ લેવી જોઈએ, તો જ તેઓ; એના બદલામાં આપણે તેમને જે આનંદ આપીએ, તે માણી શકશે. વાસણમાં ખાવાનું મૂકતાં પહેલાં તેની ગંદકી દૂર કરી જોઈએ, તેના જેવી આ વાત છે.

આ રીતે ધ્યાન કરવાની પૂર્વતૈયારી તરીકે આપણે એમ વિચારવું જોઈએ કે આમાંનો એકેએક જીવ, આપણા અગણિત પૂર્વજન્મોમાં કોઈક કાળે આપણી 'માતા' હશે. શુદ્ધ માતૃપ્રેમની કરુણા યાદ કરવાથી, એ કરુણાનું ઋણ ચૂકવવાની ઊંડી હાર્દિક ઈચ્છા આપણામાં જન્મશે.

બીજાઓનાં દુ:ખ-તકલીફ આપણા પર લઈ લેવા માટે આપણે કલ્પના કરવી કે એ બધું કાળા ધુમાડાના રૂપે ચારે તરફથી આપણી અંદર ઊતરે છે અને આત્મપ્રીતિના આપણા વલણનો નાશ કરે છે અને પછી બદલામાં આપણે આપણામાં જે કોઈ સદ્‌ગુણો, આનંદ હોય તે તેમને આપીએ છીએ, એવી ભાવના કરવી. સાથે આની સફળતા માટે આપણા ઈષ્ટદેવને પ્રાર્થના પણ કરવી, એ માટે આપણા શરીરના વિવિધ ભાગોમાંથી ઉજ્જવલ પ્રકાશ બહાર ફરી સર્વ જીવોને અજવાળે છે તેવું દૃશ્ય કલ્પવું. વિચારોને અસરકારક બનાવવા આ પ્રમાણે વારંવાર કરવું.

ક્રમિક ક્રિયા

અત્યાર સુધી આપણું એકમાત્ર લક્ષ આપણા જ સુખ પર રહેલું હોવાથી, બીજાઓની તકલીફ પોતે લઈ લેવાની હૃદયપૂર્વક ભાવના ભાવવાનું જરા મુશ્કેલ લાગશે. આથી શરૂઆતમાં આપણને આજે, આવતી કાલે, પછીના જન્મમાં પડનારાં દુ:ખોનો સ્વીકાર કરવો જોઈએ. 'આપવા અને લેવા'ની ક્રિયામાં બીજાનાં દુ:ખ આપણા પર લઈ લેવાનો ઉદ્દેશ છે, પણ તે માટે મનને કેળવવા પહેલાં પોતાનાં, અત્યારનાં દુ:ખોને સ્વીકારવાં જોઈએ. તેનો અભ્યાસ થયા પછી બીજાના દુ:ખો આપણે લઈ શકીએ.'

શરૂમાં આ રીતનું ધ્યાન કરવાનું અઘરું લાગશે, પણ ક્રમે ક્રમે આપણા હૃદયમાંથી આપોઆપ જ, બીજાનાં દુ:ખો લઈ તેમને આનંદ આપવાની શુદ્ધ ઈચ્છા ઊંડાણમાંથી પ્રગટ થશે. શ્વાસ અને ઉચ્છ્વાસની સાથે આ ભાવ જોડવાથી ક્રિયા સરળ બનશે. પહેલાં શ્વાસ અંદર લેવાની સાથે સર્વ જીવોની યાતનાઓ કાળા ધુમાડાના રૂપમાં આપણી અંદર પ્રવેશતી, આત્મસાત્ થતી અનુભવવી. પછી ઉચ્છ્વાસના રૂપમાં સર્વ જીવો ભણી આનંદના રૂપમાં તેજસ્વી પ્રકાશ આપણામાંથી વહેતો અનુભવવો.

કોઈક વાર આપણને શંકા થાય કે આવું કરવાનો અર્થ શો છે? એથી જીવોનાં દુ:ખ કોઈ દૂર થતાં નથી કે કશું બદલાતું નથી. પણ આ આપવા ને લેવાની પ્રક્રિયામાં મુદ્દાની વાત એ છે કે એથી બીજાઓને ફાયદો થાય કે ન થાય, આપણા પોતાનું મન વિકાસ પામે છે ને એમ કરતાં તે પૂર્ણ અનુકંપાથી યુકત, શાણપણવાળું અને સમર્થ બનતાં સંપૂર્ણપણે પ્રબુદ્ધ બને છે અને ત્યારે ખરેખર જ આપણે દુ:ખી જીવોને સહાય કરી શકીએ છીએ.

ત્રણ વિષ: ત્રણ ગુણ

સાંસારિક જીવો વસ્તુઓ પ્રત્યે ત્રણ રીતે જુએ છે. ગમતી વસ્તુઓ પ્રત્યે આસકિત અને ઈરછાના વિષથી, ન ગમતી વસ્તુઓ પ્રત્યે અણગમો કે નફરતના વિષથી અને તટસ્થ વસ્તુઓ પ્રત્યે તેમના સાચા સ્વરૂપ કે શૂન્ય સ્વરૂપ વિશેના અજ્ઞાનના વિષથી. આપણા ધ્યાનમાં જીવોના આ ત્રણે વિષ આપણી પર લઈ લેવાની કલ્પના કરવી જોઈએ કારણ કે તે જ સર્વ દુ:ખનું મૂળ છે. આ ત્રણ ખોટાં વલણોની જગ્યાએ આપણે ત્રણ સાચી બાબતો મૂકવી જોઈએ: આસકિત-રહિતતા, આક્રમણ-રહિતતા, અજ્ઞાન-રહિતતા.

આપણે 'આપવું અને લેવું'ની ક્રિયાનો ગંભીરપણે અભ્યાસ પાડીએ તો આપણે માટે હાનિ કે દુ:ખ ભાગ્યે જ આવશે અને આવશે તો તેનો સ્વીકાર કરી શકીશું અને એનું ઊંડું કારણ ભૂતકાળનાં અયોગ્ય કર્મોમાં છે એમ સમજી એનું મુકિતપથમાં રૂપાંતર કરી શકીશું. આમ બધાંનાં દુ:ખો આપણે લઈ લેવા અને તેમને અનુકંપા, સમજ વગેરે ગુણો આપવા તે બે ઉપર ઊડવા માટેની સમર્થ પાંખો છે. આ કેવળ આપણી કલ્પનામાં ન રહેવું જોઈએ, પણ સંયોગો આપણને બીજાને સહાય કરવાની તક આપે ત્યારે આપોઆપ આપણાથી તેવી સહાય થવી જોઈએ. આપણા ધ્યાનને આપણે રોજનાં કાર્યોમાં ન ઉતારીએ તો આપણે દંભ અને આત્મવંચના કરીશું.

ફરી ફરી સ્મરણ

આપણા મનને આપણે યોગ્ય રીતે કેળવી રહ્યાં છીએ કે કેમ એ વિશે આપણે સતત જાગૃત રહેવું જોઈએ. આપણાં ખોટાં વલણો ઉદ્‌ભવે ત્યારે કાળજીથી તે સમજવાં જોઈએ અને યોગ્ય વિચારોને ઓળખવા જોઈએ જેથી તેનો પૂર્ણ ઉપયોગ કરી શકાય. આપણે એક પત્ર લખવાનો હોય ને ફરીફરી જાતને યાદ આપ્યા કરીએ તેના જેવું આ છે.

બધી ક્રિયાઓમાં આ સૂચનાઓનું પાલન

આપણે ઊંઘતાં હોઈએ, જમતાં હોઈએ, ચાલતાં હોઈએ કે ધ્યાન કરતાં હોઈએ, હંમેશાં આનંદ આપવાની દુ:ખો લઈને લેવાની ક્રિયાનો આપણે અભ્યાસ કરવાનો છે. બીજું કાંઈ કરીએ કે નહિ પણ શ્વાસ તો લેતાં-મુકતાં હોઈએ જ છીએ તો તેની સાથે આપણે આ ધ્યાન જોડી દઈ શકીએ.

દરેક કૃત્ય પાછળનો ખરો હેતુ ધ્યાનમાં રાખવો જોઈએ. દાખલા તરીકે આપણું જમવાનું કેવળ ભૂખ કે સ્વાદ સંતોષવા નથી, પણ આ કૃત્ય પણ બીજાને આપવાની ક્રિયા બની શકે એમ સમજી એટલા માટે ખાવું કે શરીરમાં શકિત જળવાઈ રહે જેથી આપણે સહાય કરવાને શકિતમાન થઈએ. આમ ખાવું તે પણ ધ્યાનનો ભાગ બની શકે છે. હકીકતમાં આ પ્રમાણે મૂળ હેતુનો વિચાર કરવાથી બધાં જ રોજિંદા કાર્યો અર્થપૂર્ણ બને છે.

આપણે યુવાન અને તંદુરસ્ત હોઈએ તો, આપણી શકિત આપણે આંતરિક વિકાસ માટે વાપરવી જોઈએ જેથી આપણે કોઈક દિવસ ખરેખર જ બીજાઓને મદદ કરવાની સ્થિતિ પ્રાપ્ત કરી શકીએ. ધ્યાન કરવાની તક મળે તો નકામી પ્રવૃત્તિમાં સમય ન ગાળવો જોઈએ. આ સૂચનાઓનું આપણે હૃદયપૂર્વક, નિષ્ઠાપૂર્વક પાલન ન કરીએ તો આ વાંચ્યું-સાંભળ્યું એ સમયનો વ્યય છે. (આ લેખો 'Advice From A Spiritual Friend' લેખક: Geshe Rabten અને Geshe Ngawang Dhargyey પુસ્તકનાં પ્રથમ બે પ્રકરણોને આધારે લખાયા છે. વધુ જિજ્ઞાસા ધરાવનારને આખું પુસ્તક વાંચવા ભલામણ છે. ધ્યાન વિશે ઘણું પ્રાત્યક્ષિક માર્ગદર્શન તેમાંથી મળી રહેશે.)

સાભાર સ્વીકાર

(૧) હિમાલયની તીર્થયાત્રા—લે. નવનીત પારેખ, બાલગોવિંદ અંબાણી પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. કિં. રૂા. ૧૨

(૨) આનંદઘન એક અધ્યયન—લેખક અને પ્રકાશક: કુમારપાળ દેસાઈ, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૭. કિં. રૂા. ૩૫

(૩) જનની (એક શોકપ્રશસ્તિ—લે. રતુભાઈ દેસાઈ, પરિમલ પ્રકાશન પ્રતિષ્ઠાન, પાર્વતી, હનુમાન રોડ, વિલેપાર્લે (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૫૭. કિં. રૂા. ૧૦.

(૪) શ્રી ભદ્રંકર પ્રવચન સુધા—અવતરણકાર અને સંપાદક-કપૂરચંદ રણછોડદાસ વારૈયા, ગોરાવાડી, વારૈયા સદન, પાલિતાણા-૩૬૪ ૨૭૦. કિં. રૂા. ૪.

(૫) શ્રાવકો અને શ્રાવિકાઓનાં પ્રતિક્રમણો—લે. પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા, સંપાદક અને વ્યવસ્થાપક: આચાર્યશ્રી રત્નાકરસૂરિશ્વરજી મહારાજ, પ્રકાશક: પન્નાલાલ લાલચંદ, રાવપુરા, કોઠીપોળ, નંદકુંજ, વડોદરા કિં. રૂા. ૬.

* પશ્ચિમનું સંસારદર્શન *

□ કાન્તિ ભટ્ટ

ઈશ્વર પેટલીકરે 'પાટીદાર' નામના માસિકપત્રનું નામ બદલીને પછી "સંસાર" નામનું માસિક ચલાવીને બંધ કરી નાખ્યું તે પછી આપણા સમાજ કે સંસારનું દર્શન કરાવે તેવું કોઈ માસિકપત્ર ગુજરાતીમાં પ્રગટ થતું નથી. લંડનથી "ન્યુ સોસાયટી" નામનું માસિક નહિ, પણ સાપ્તાહિક પ્રગટ થાય છે. 'પ્રબુદ્ધ જીવન' જેવી સાદાઈથી તે છપાય છે અને તેના સવાલાખ જેટલા લવાજમો ભરાતા હતાં તે હમણાં ઓછાં થયા છે. આ 'ન્યુ સોસાયટી'માં કેટલાક ઉપયોગી સર્વેક્ષણો કરાય છે. તેના કેટલાક નમૂના :

(૧) બ્રિટનમાં જોવામાં આવ્યું છે કે ગૃહિણીઓ કરતાં કામે જનારી મહિલાઓ ઓછી બીમાર પડે છે. ૧૨૯૮૭ જેટલી ૪૫ થી ૬૪ વર્ષની વયની મહિલાઓનું સર્વેક્ષણ કરવામાં આવેલું તેમાં અમેરિકન મહિલાઓ પણ હતી. ઘરે બેસી રહેતી અપરિણીત સ્ત્રીઓ કે છૂટાછેડા લીધેલી સ્ત્રીઓ પણ વધુ બીમાર રહેતી હતી જ્યારે ગમે તેવી સામાજિક કઠણાઈ આવી ચડી હોય છતાં નોકરીએ જનારી સ્ત્રીઓ ઓછી બિમાર પડતી હતી. આ સર્વેક્ષણ કરનારી સમાજ-સેવિકા શ્રીમતી કોન્સન્ટસે તારણ કાઢ્યું છે કે બહારનું કામ કરવાથી સ્ત્રીને કશીક સિદ્ધિ મેળવ્યાનો અનુભવ થાય છે. તેના સામાજિક સંપર્કો વધે છે. પાડોશીઓની એકની એક કુથલીઓથી તે દૂર રહે છે. નોકરી કરનારી સ્ત્રીનું સ્વમાન વધે છે. આ બધી ચીજો સ્વાસ્થ્યને સારું રાખવામાં કામ કરે છે. જ્યારે ગૃહકામ કરતી સ્ત્રી સામાજિક રીતે એકલી પડી જાય છે. તેના ઘરકામમાં કુશળ હોય તે સિદ્ધિની બહુ ગણના થતી નથી; પરંતુ એવું જોવામાં આવ્યું છે કે જે સ્ત્રી માત્ર ગૃહિણી તરીકે જ કામ કરતી હોય પણ પતિની ઘણી બધી જવાબદારીઓ સ્વીકારતી હોય તે બીજી સ્ત્રીઓ કરતાં વધુ તંદુરસ્ત રહે છે. તેમને બીમાર પડવાની ફુરસદ જ હોતી નથી.

(૨) "ન્યુ સોસાયટી"માં માત્ર બ્રિટનના સમાજની જ વાતો નથી હોતી. દા.ત. મેક્સીકોના કેનકૂન ગામે ૨૨ જેટલા ગરીબ અને તવંગર દેશોની શિખર પરિષદ ભરાઈ ગઈ તેમાં પશ્ચિમ જર્મનીના ભૂતપૂર્વ વડા પ્રધાન વીલી બ્રાન્ટે તૈયાર કરેલો અહેવાલ રજૂ કરવાનો હતો. આ અહેવાલની વિગતો કોઈ ભારતીય વર્તમાનપત્રોએ પૂરેપૂરી પ્રગટ કરી નહોતી. ન્યુ સોસાયટીએ તો ગરીબ દેશોની હાલત અંગેના અહેવાલની ચર્ચા છેક ૭મી મે ૧૯૮૧ના રોજ એક લેખ દ્વારા કરી હતી. આ અહેવાલની નકલો બ્રિટનમાં રૂ. ૪૦ના ભાવે ખપતી હતી. બ્રિટનના લોકોએ ગરીબ દેશોની હાલત જાણવા ૧.૧૬ લાખ નકલો વેચાતી લીધી હતી અને તેમાંથી ૧૫૦૦૦ જેટલી ઝેરોક્સ કોપીઓ પણ તૈયાર થઈ હતી. વીલી બ્રાન્ટની એક દરખાસ્ત બહુ જ સુંદર હતી. દરેક સમૃદ્ધ દેશે તેના સંરક્ષણ ખર્ચ ઉપર અમુક સ્વૈચ્છિક કર નાખવો. આ કરની રકમ એકઠી થાય તે ગરીબ દેશોને સહાયરૂપે આપવો. આ સહાય એ રીતે આપવી કે ગરીબ દેશો પૈસાવાળા દેશોને જે કાચા માલો મોકલે છે તે કાચી ચીજોના ભાવ ટકાવી રાખવા માટે તે રકમનો ઉપયોગ થઈ શકે. આમ થવાથી ગરીબ દેશોની હૂંડિયામણની સ્થિતિ હાલકડોલક રહેવાને બદલે સ્થિર રહી શકે.

(૩) જગતમાં અંધજનો માટે બ્રેઈલી લીપીમાં અમુક છાપાઓ કે મેગેઝિનો પ્રગટ થાય છે. પણ મોટે ભાગે સરકારો કે સરકારને આશરે રહેતી ચેરીટીની સંસ્થાઓ આ મેગેઝીનોને બ્રેઈલીપીમાં પ્રગટ કરતી હોઈને જે મેગેઝિનોમાં રૂઢિગત વિચારોવાળા લેખો હોય અને સરકારના ટીકાત્મક લેખો ન હોય તે જ બ્રેઈલી લીપીમાં છપાય છે. આને કારણે જગતનાં અંધજનોને માત્ર એક તરફી વિચારો જ જાણવા મળે છે. સમાજવાદના વિચારો કે બીજા ક્રાંતિકારી વિચારો-વાળા મેગેઝિનો તેમને વાંચવા મળતાં નથી એટલે બ્રિટનની એક સંસ્થાએ ક્રાંતિકારી વિચારો કે સમાચારો હોય તેવા મેગેઝીનમાંથી બ્રેઈલ લીપીમાં લેખો તૈયાર કરવા માંડ્યા છે. તેને "ઓલ્ટરનેટીવ ટોકિંગ ન્યુઝપેપર કલેક્લીવ" નામની સંસ્થા પ્રગટ કરે છે. આ નવી જાતના વિચારોવાળું બ્રેઈલી લીપીનું મેગેઝિન વર્ષે રૂ. ૬૮ ના લવાજમથી અંધજનોને મળે છે.

(૪) ન્યુ સોસાયટીના ઓગસ્ટ ૧૯૮૧ના અંકમાં રાતપાળીનું કામ કરનારા કે રાતનો સમય ગાળનારા લોકોની વાત આપવામાં આવી છે. આ પ્રકારના રાત્રિજીવનની બુદ્ધિધર્મતાને ગમે તેવી વાત ભાગ્યે જ કર્યાય પ્રગટ થઈ હશે; શ્રી ગુરે મેલબીને લખેલા લેખનો સાર :

"જગતમાં પહેલાં આપણે દિવસના સમયમાં જ કામ કરનારા જીવો હતો. વહેલી પરોઢિયે શરૂ કરી સાંજ સુધી કામ કરતા હતા. ગામડાંના ખેડૂતો ૭ વાગે વાળુ કરીને સૂઈ જતા. જ્યારે પુરાણા માનવીએ અગ્નિ શોધ્યો ત્યારે તેનો ઉપયોગ રાંધવામાં અને પછી ભેગા મળીને તાપવામાં કર્યો. એ પછી મિલીટરીના કેમ્પમાં અગ્નિનો ઉપયોગ થતો, દેવળોમાં પણ ઉપયોગ થતો હતો. મોડી રાત્રે કોઈ મુસાફરને માર્ગદર્શન આપવા જૂની વીશીઓ પણ અગ્નિ પેટાવતી હતી. ૧લી સદીમાં રોમમાં પૈડાંના વાહનોને માત્ર રાત્રે જ ચલાવવાની છૂટ હતી જેથી દિવસના ભાગમાં ગીરદી ન થાય."

....'પણ ૧૯મી સદીમાં જેમ્સ વોટે વરાળના એન્જિન શોધ્યા. પછી મોડી રાત સુધી જાગવાના પગરણ થયાં. પ્રથમવાર ૧૮૦૩માં ગેસ વડે દીવા પ્રગટાવવાનું વિલિયમ મુરડોકે શરૂ કર્યું. એ પછી ધીરે ધીરે લંડનની શેરીઓમાં ગેસના દીવા મૂકાયા. રાત્રે દીવાઓ આવ્યા પછી ધીરે ધીરે રાતના મનોરંજનના ઉદ્યોગ ખીલ્યા."

"ગેસના દીવા અને ઔદ્યોગિકરણને કારણે ફેકટરીઓમાં પણ રાતપાળી આવી. ૧૮૮૭માં કાર્લ માર્કસે જાહેર કર્યું કે– 'રાતપાળી એ માનવીનું શોષણ કરવાની એક નવી રીત છે." એ પછી ૧૮૮૨માં થોમસ એડીસને ઈનકેન્ડેસન્ટ લેમ્પની શોધ કરી અને રાતપાળી માટે વીજળીના દીવા મળતા થયા. ૧૮૮૯માં ઓસ્ટ્રિયાના કાર્લ વેલ્સબાશ નામના કારીગરે આ દીવા માટે ધાતુના ફિલામેન્ટ તાર તૈયાર કર્યા એટલે રાત્રીને ઉજાળવાની વ્યવસ્થા જડબેસલાખ થઈ ગઈ. એ પછી રાત્રે કામ કરવાની વૃત્તિ વધવા માંડી અને જગતભરમાં ૨૪ કલાક કામ ચાલુ રહે તેવી ટેકનોલોજીની પ્રગતિ થઈ."

"મોટા ભાગની ફેકટરીઓમાં ત્રણ પાળી હોય છે. કન્ટીન્યુઅસ પ્રોસેસવાળા રિફાઈનિંગ પ્લાંટો પણ ઊભા થયા છે. જગતના ધનિક દેશોમાં ૨૪ કલાક કામ કરતી પોસ્ટ ઓફિસો, રેડીયોગૃહો, હોટલો, હોસ્પિટલો અને ૨૪ કલાક ખુલ્લી રહેતી દુકાનો પણ ઊભી થઈ છે બસ, એરલાઈનના વિમાનો, ટેક્ષની સર્વિસ પણ ઘણા દેશોમાં ૨૪ કલાક મળે છે. વીજળી તો ૨૪ કલાક મળે છે. પોલીસ પેટ્રોલિંગ રાત્રે ચાલે છે. ટેલિફોન અને કોમ્પ્યુટરનું ડેટાપ્રોસેસિંગ પણ રાતભર ચાલે છે. અમેરિકામાં બેન્કો પણ રાત્રે ચાલે છે."

"અમેરિકામાં ઈમરજન્સી અને રિપેર માટેની સેવાઓ ૨૪ કલાક મળે છે. એ ૨૪ કલાકની સેવામાં તાળા રિપેર કરનારા

ગાલિબની ફૂલપાંખડી

[] હરીન્દ્ર દવે

[૧]

મૌજે - સરાબે – દસ્તે વફાકા ન પૂછ હાલ
હર જર્રે : મિસ્લે - જૌહરે - તેગ આબદાર થા.

આ પંક્તિઓનો વાચ્યાર્થ તો બહુ સરળ છે : 'વફાદારીના રણના મૃગજળના તરંગોની હકીકત મને ન પૂછો. પ્રત્યેક રજકણ તલવારના જૌહરની માફક પાણીદાર હતું.'

પણ એનો અર્થ હૃદયને વલોવી નાખે એવો છે.

જીવનમાં સાચો પ્રેમ કે સાચી મૈત્રી વિરલ જ છે. જેને આપણે સાચો પ્રેમ કે સાચી મૈત્રી માની બેઠા હોઈએ એ સમય આવતા, કસોટીએ ચડતા મૃગજળ બની જતા હોય છે. મૃગજળનો અર્થ માત્ર આભાસ એવો તો શહેરના લોકો જ કરી શકે. જળ માનીને દોડેલા મૃગ માટે તો જળના સ્થળે વાગેલી રણની રેતીનો વીંધી નાખે એવો જે અનુભવ થયો હોય છે, તે શબ્દ કૉલમાં સ્થળ ક્યાંથી પામી શકે?

કવિ બીજી પંક્તિમાં એ મૃગજળ કેવાં છે એ કહે છે : એ કહેવા એક ધારદાર ઉપમાનો આશ્રય લે છે. એ કહે છે કે આ મૃગ જળના પ્રત્યેક રજકણમાં તલવારના જૌહર જેવું પાણી છે. આબદાર તલવારની માફક આ સ્મરણ રજકણ પણ જનોઈવઢ ઘા કરી શકે, એવા હોય છે!

અહીં 'આબદાર' શબ્દ ઘણો સૂચક છે. પાણી પાણી ઝંખતા રણના પ્રવાસીને માટે મૃગજળના તરંગોમાં રહેલું હરેક રજકણ પાણીદાર તો મળે છે, પણ એ પાણી જીવનને પોષતું નથી. એ તો તલવારનું પાણી છે. તલવારની ધાર જેવું સંહારક છે.

એક હંગામે પે મોકૂફ હૈ ઘરકી રોનક
નો હા - એ - ગમ હી સહી નગ્મ- એ – શાદી ન સહી.

આ ઘરની રોનકનો આધાર એક ઘટના પર છે. આ રોનકને ટકાવી રાખવા માટે કંઈક બનવું જોઈએ. લગ્નનાં ગીતો ન ગવાય તો કાંઈ નહીં, શોકના મરશિયા ગવાશે તો પણ ચાલશે.

બહુ સરળ રીતે કવિએ વેદનાને વાચા આપી દીધી છે. કંઈક બનવું જોઈએ. કશું નથી બનતું એનો થાક છે. કાં આ પાર, કાં એ પાર, એવું કંઈક બનવું જોઈએ. પ્રતીક્ષા આમ તો સુખની જ હોય છે. પણ એક તબક્કો એવો આવે છે કે જ્યારે આ પ્રતીક્ષાની ક્ષણ લંબાય છે એ કરતા કંઈક અણગમતું પણ બની જાય તો સારુ એવું માનવાનું મન થઈ જાય છે.

ઘરની શોભા, ઘરની રોકન જેના પર નિર્ભર છે એવી એક ઘટના કયારેક લગ્નનાં ગીત લાગતી હતી; હવે વરની પાલખીને બદલે જનાજો નીકળે તો પણ ચાલશે. સુખની ક્ષણ કે દુ:ખની ક્ષણ – એ બંને આખરી સંદર્ભમાં એક સરખી નિરર્થક છે. એ બંનેથી આગળ માણસે જવાનું છે.

ઈન આબલોંસે પાંવ કે ઘબરા ગયા થા મૈં,
જી ખુશ હુઆ હૈ રાહકો પુરખાર દેખ કર.

વેદનાના માર્ગ પરનું પ્રથમ પગલું દુ:ખદ હોય છે. પણ વેદના ઘેરી બને છે, એમ વ્યકિતનું ખમીર પણ પરખાતું આવે છે. પગમાં ફરફોલા પડી જાય એટલું બધું ચાલવું પડયું. એ પણ તાપથી દઝાડતા સંસારમાં અડવાળા પાયે. પગથીમાં ફોલ્લા ઊઠી ગયા, એ જોઈ, કવિ કહે છે, હું ગભરાઈ ગયો હતો.

પણ પછી કવિ આગળ જુએ છે, તો રસ્તો કંટકોથી ભરપૂર છે. કંટકો ફોલ્લાને વાગશે અને ફોલ્લા ફૂટી જશે. દર્દ મળ્યું, અને દર્દનાક ઈલાજ પણ ભગવાને આપ્યો. આ જોઈને મન રાજી થઈ ગયું છે.

ફોલ્લાઓ જોઈને તો ગભરાઈ જવાયું હતું કારણ કે વેદનાને પગે ઉઠાવાયેલું એ પ્રથમ ચરણ જ હતું. માત્ર હવે કંટકો પણ આવી મળ્યા. આ જ કવિએ કહ્યું છે ને કે 'દર્દ કા હદસે ગુઝરના હૈ દવા હો જાના' : દર્દ હદથી વધી જાય એટલે દવા બની જાય.

પશ્ચિમનું સંસાર દર્શન... ... ... નવમા પાનાથી ચાલુ

લુહારો, જંતુનાશક દવા છાંટનારા, ટેલિવિઝન રિપેર કરનારા અને મૃત માણસનો નિકાલ કરનારાની સેવાનો સમાવેશ થાય છે. લંડનમાં એક પુસ્તક વિક્રેતા આઉટ ઓફ પ્રિન્ટ થયેલા પુસ્તકોની નકલો વેચવા ૨૪ કલાક દુકાન ખુલ્લી રાખે છે."

છેલ્લા ૨૦૦ વર્ષથી આ રાતના રાજાઓની ઉજાણી અને ઉત્પાદન ચાલે છે. પહેલાં ઘુવડને જ રાતે જાગનારું પ્રાણી કહેતા હતા. કદાચ ઘુવડો રાત્રે સૂતા હશે, પણ વિશાળ માનવ સમુદાય રાત્રે સૂતો નથી. શરૂઆતમાં તો ઔદ્યોગિક ઉત્પાદન માટે રાત્રિ જાગરણ થતું હતું, પણ હવે મનોરંજન માટે રેસ્ટોરાં, હોટલ, નાઈટકલબો અને જુગારખાનાં ખુલ્લાં રહે છે. ઘણા લોકો સવારે ફરવાને બદલે હવે મોડી રાત્રે ફરવા નીકળે છે. રાત્રીમાં જેટલી શાંતિ મળે છે તે વહેલી સવારે પણ મળતી નથી. જુવાનોને રાત્રે લાગે છે કે શેરીઓમાં તે રાતના રાજા છે. ઘર વગરના લોકોને પણ રાતનો સમય રાહતનો સમય લાગે છે. ઘણા શરમાળ લોકો પણ રાત્રે જ બહાર નીકળે છે કે રાતપાળીનું કામ પસંદ કરે છે."

"... પરંતુ દિવસે જ કામ કરનારા માણસોને રાતપાળીમાં કામ કરનારા વિશે બહુ વિચાર આવતા નથી. એવું બને છે કે નીચલા સ્તરના લોકોને જાગવું પડે છે. અને ઉપલા દરજ્જાના લોકો સૂઈ જાય છે. તંત્રીઓ ૧૧ વાગ્યા સુધી છાપાની કચેરીમાં બેસે છે. ઉપતંત્રી કે રિપોર્ટરો રાતના ૧ વાગ્યા સુધી બેસે છે. ડોકટરો ઉંઘી જાય છે, પણ નર્સને રાત્રે જાગવું પડે છે. જો નાનકડી ફરિયાદ માટે ડોકટરને જગાડીને દર્દી પાસે જવાનું કહેવાય તો ડોકટર ગુસ્સે થાય છે."

"રાત્રિમાં કામ કરનારાનું માનસ પણ થોડું જુદું હોય છે. રાત્રે કામ કરનારા રાતપાળીના મજૂરો વધુ સહનશીલ હોય છે. એ લોકો વધુ મુકિતનો ભાવ અનુભવે છે. બીજી રીતે રાત્રિનો સમય વધુ હિંસક અને ભયજનક હોય છે. શેરીઓમાં વધુ હિંસા થઈ શકે છે. પહેલા જ્યારે લંડન કે પેરિસની શેરીઓમાં ગેસની બત્તીઓ નહોતી ત્યારે ફાનસ લઈને નીકળવું પડતું. આવાં ફાનસ લઈને ચાલનારા ભાડેથી મળતા હતા. તેને "લીંકબોય" કહેવામાં આવતા હતા. કેસમાં ફાનસ પકડનારાને 'ફેલોટ' તરીકે ઓળખવામાં આવતા હતા. અત્યારે ફાનસને બદલે કંઈક હથિયાર લઈને નીકળવું પડે છે. રાત્રિના અંધારામાં જે ગુનેગાર ન હોય તે અજાણ્યા સાથી સાથે વધુ મૈત્રીભાવ રાખે છે."

"યુરોપમાં કે અમેરિકામાં રાતપાળીનું કામ કરવું તે કેટલાક માટે હલકું કામ છે. એશિયાથી કે બીજા દેશથી આવેલા લોકો મોટે ભાગે રાતપાળીનું કામ કરે છે. અમુક આયોજન કરવું, નિર્ણયો કરવા, મેનેજમેન્ટ કરવું વગેરે કાર્યો દિવસના થાય છે, પણ ખરેખર મજૂરીનું કામ રાત્રે થાય છે. રાતપાળી કામ કરનારા તેમના શરીરની આંતરિક વ્યવસ્થામાં ગરબડ પેદા કરે છે. હૃદયના ધબકારા, શરીરનું તાપમાન અને હોર્મોનનું નિર્માણ વગેરે ગરબડમાં આવી જાય છે. પાછી રાતપાળીઓ બદલાતી હોઈને તે ગરબડ વધે છે."

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ. મુંબઈ-૪૦૦ ૦૦૪. ટે. નં.: ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૬ : અંક : ૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧૬ મે, ૧૯૮૨, રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ : પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

** મૈત્રીકરાર **

☐ ચીમનલાલ ચકુભાઈ

એક ભાઈએ મને કહ્યું કે મૈત્રીકરાર વિષે મારે કાંઈક લખવું. પહેલાં તો થયું કે શું લખું, આમાં લખવા જેવું ય શું છે? પછી થયું કે જે બાબત આટલો બધો ઉહાપોહ થયો છે અને સમાજ-જીવનને સ્પર્શે છે તે સંબંધે મારા વિચારો દર્શાવું.

સ્ત્રી-પુરુષ સંબંધના ઘણાં પ્રકાર છે. (૧) લગ્નથી જોડાયેલ—આમાં પણ ઘણાં બધા પ્રકાર છે પણ તેની વિગતમાં નથી ઊતરતો. (૨) પરિણીત પુરુષ (પત્ની હયાત હોય) અને અપરિણીત, એટલે કે કુંવારી, વિધવા, ત્યકતા—પતિએ છોડેલ અથવા તો પતિને છોડેલ અને છૂટાછેડા લીધેલ હોય, એવી સ્ત્રી. (૩) અપરિણીત એટલે કે કુંવારા, વિધુર અથવા છૂટાછેડા લીધા હોય એવો પુરૂષ અને પરિણીત (પતિ હયાત હોય) તેવી સ્ત્રી. (૪) સ્ત્રી-પુરૂષ બન્ને પરિણીત એટલે કે, એકના પતિ અને બીજાની પત્ની હયાત હોય. (૫) ઉપર જણાવ્યા પ્રમાણે બન્ને અપરિણીત. નંબર બે, ત્રણ અને ચારમાં જણાવેલ સ્ત્રી-પુરુષ વર્તમાન હિન્દુ કાયદા પ્રમાણે લગ્ન કરી શકતાં નથી છતાં પતિપત્ની તરીકે સાથે રહેવું છે. પાંચમાં જણાવેલ સ્ત્રી અને પુરુષ લગ્ન કરી શકે છે છતાં કરવા નથી અને પતિ-પત્ની તરીકે સાથે રહે છે.

સ્ત્રી-પુરુષ સંબંધનો એક છેલ્લો પ્રકાર છે, જેમાં એક સ્ત્રી અનેક પુરુષો સાથે સંબંધ રાખતી હોય અને એક પુરુષ અનેક સ્ત્રીઓ સાથે સંબંધ રાખતો હોય. આવા પ્રકારના સંબંધનો અહીં વિચાર કરવાની જરૂર નથી.

અત્યારે અમદાવાદમાં જે મૈત્રીકરારો થાય છે તેમાં મુખ્ય મુદ્દો એ છે કે એક સ્ત્રી અને એક પુરૂષ કાયદેસર લગ્ન કર્યા વિના પતિ-પત્ની તરીકે સાથે રહે છે. ઉપર જણાવેલ નંબર બે, ત્રણ, ચાર અને પાંચમાંથી કોઈપણ પ્રકારનો આ કહેવાતો મૈત્રીકરાર હોઈ શકે. પણ મારી માહિતી મુજબ મોટેભાગે એ નંબર બે-એટલે કે પરિણીત પુરૂષ અને અપરિણીત સ્ત્રીનો હોય છે. પણ નંબર ત્રણ, ચાર અને પાંચના પ્રકારો શક્ય છે અને આપણી "પ્રગતિ" થાય તો એવા મૈત્રીકરારો પણ અસંભવ નથી.

સામાન્ય રીતે એક સ્ત્રી અને એક પુરૂષ શરીર સંબંધ રાખવાના ઈરાદે સાથે રહેતા હોય તો લગ્ન કરે. લગ્ન, એ સ્ત્રી-પુરુષ સંબંધનો સર્વસ્વીકૃત નિયમ છે. પણ નંબર બેથી પાંચમાં જણાવેલ પ્રકારના સંબંધો સમાજમાં ઓછાવત્તા પ્રમાણમાં હોય જ છે. સમાજ, મોટે ભાગે તેની નિંદા કરે છે, કયાંક પ્રશંસા પણ કરે છે અને છેવટ સહી પણ લે છે. સમાજ જેમ વધારે "સુધરેલો" થતો જાય છે તેમ આવા સંબંધો વધતા જાય છે અને સમાજની સહિષ્ણુતા—ઉદારતા પણ વધતી જાય છે. પશ્ચિમના દેશોમાં આવા સંબંધો ખૂબ ફૂલ્યાફાલ્યા છે. આવા સંબંધો માટે કોઈ "કરાર"ની જરૂર નથી. આવા કરારની કોડીની પણ કિંમત નથી. જે કાગળ ઉપર લખાય છે તે કાગળ જેટલી પણ કિંમત તેની નથી. તો પછી આ મૈત્રી-કરારનું તૂત કયાંથી જાગ્યું અને તેનો આટલો બધો વિરોધ અથવા ઉહાપોહ કેમ છે?

આવા મૈત્રીકરારો વકીલો મારફત થાય છે. સ્ટેમ્પ પેપર ઉપર અને તેને રજીસ્ટર કરાવે છે. આવા વકીલો પણ જાણે છે કે આ કરાર એક ચિથરું છે. તેની અનૈતિકતા છોડી દઈએ, પણ તેમાં કાંઈ કાયદેસર નથી એ જાણવા છતાં આવા કરારો ગંભીરપણે કેમ થાય છે અને વકીલો શા માટે કરી આપે છે? કરારનો અર્થ એ છે કે કોઈ પક્ષ તેનો ભંગ કરે તો કોર્ટ મારફત તેનો અમલ કરાવી શકાય. આવા કરારો કરી આપનાર વકીલો કદાચ તેની મોટી ફી લેતા હશે, નહિ તો આવો ધંધો કોણ કરે? કેટલાક વકીલો આવા કરારનો બચાવ પણ કરતા થઈ ગયા છે. સ્ટેમ્પ પેપર ઉપર, સારા કાગળો ઉપર, ટાઈપ કરીને, વકીલો પોતે કદાચ સાક્ષી કરતા હોય અને પછી કિંમતી દસ્તાવેજ હોય તેમ રજીસ્ટર કરાવી આપે એટલે આ કરારને પ્રતિષ્ઠા મળે અથવા કરાર કરવાવાળા તેમ માની લે. વકીલોની આ કાંઈ નાનીસૂની "સેવા" નથી.

ઉપર જણાવેલ નંબર બે થી પાંચના પ્રકારના સ્ત્રી-પુરુષ સંબંધો લગ્ન બહારના સંબંધો કહેવાય. Extra-Marital relationship પ્રેમ કહીને તેની પ્રશંસા થાય, વ્યભિચાર કહીને તેની નિંદા થાય, વર્તમાન સંજોગોમાં અથવા તે તે સ્ત્રી-પુરુષોનાં વ્યકિતગત સંજોગો લક્ષમાં લઈ, તેને અનિવાર્ય ગણી, તેનો બચાવ થાય.

આવા કરારની વિશેષતા એ છે કે આ લગ્નબહારના સંબંધોને મૈત્રીકરારનું સ્વરૂપ આપી ઉઘાડે છોગ તેવા સંબંધની જાહેરાત થાય છે. રજિસ્ટર કરાવવાની મતલબ પણ એ જ છે કે વ્યાપક જાહેરાત આપવી. મૂળ કરાર ગુમાઈ જાય તો પણ તેનો પુરાવો રહે. એમાં રહેલી હિંમત, ધૃષ્ટતા કે નફ્ફટાઈ—આ મૈત્રીકરારની વિશેષતા છે. આવા સંબંધો તો સમાજમાં છે જ પણ તેની કાંઈક શરમ હતી. આ મૈત્રીકરારનો વિરોધ થાય છે તે પણ તેમાં રહેલી નફ્ફટાઈને કારણે, એમ લાગે છે કે હવે તો હદ થાય છે.

કેટલીક મહિલા-સંસ્થાઓ અને સામાજિક કાર્યકરોએ મૈત્રી-કરારનો વિરોધ કર્યો છે, એમ કહીને કે તેમાં સ્ત્રીને બહુ જ અન્યાય થાય છે અથવા થવા સંભવ છે. આવા કરારોને રજિસ્ટર થવા ન દેવા અથવા કાયદો કરી બંધ કરવા એવી માગણી થાય છે. એવું સાંભળ્યું છે કે ગુજરાત સરકારે જાહેર દબાણને વશ થઈ, આવા કરાર રજિસ્ટર ન કરવા નોટિફિકેશન બહાર પાડ્યું છે. કેટલાક

બહાદુર વકીલોએ આ નોટિફિકેશનને પડકારવાનું જાહેર કર્યું છે. સંભવ છે નોટિફિકેશન ગેરકાયદેસર ઠરે, કારણકે કોઈ દસ્તાવેજને રજિસ્ટર થતો અટકાવી ન શકાય. સિવાય કે તેને અનૈતિક ગણીને રજિસ્ટર ન થાય તેથી શું વળવાનું છે? આવા કરાર કાયદાથી બંધ ન થાય, કારણ કે ગેરકાયદેસર જ છે તેને કાયદાથી બંધ શું કરવું?

આવા કરારથી સ્ત્રીને અન્યાય થાય છે? સ્ત્રીને ભોળવીને, ફસાવીને આવા કરાર કરાવાતા હોય તો અન્યાય છે. સ્ત્રી જાણી-જોઈને, સમજપૂર્વક આવો કરાર કરે તો શું કહેવું? અભણ સ્ત્રીઓ આવા કરાર નથી કરતી. સ્ત્રીને અન્યાય થાય છે, કારણ કે પુરુષ કરારનો ભંગ કરે તો કાંઈ ઉપાય નથી, પણ સ્ત્રીની સંમતિથી કરાર થાય તો અન્યાયની ફરિયાદ કરવાનું કારણ નથી. કદાચ કોઈ સંજોગોમાં પુરુષને પણ અન્યાય થાય. સ્ત્રી આ તકનો લાભ લઈ, મિલકત મેળવી લે અથવા બીજા લાભ ઉઠાવે અને પછી પુરુષને છોડી જાય તો પુરુષ શું કરે?

આવા કરારનો એક નમૂનો ઈન્ડિયન એક્સપ્રેસમાં પ્રકટ થયો છે. તેનો અનુવાદ આ અંકમાં અન્યત્ર આપ્યો છે. નમૂનો જોવા જેવો છે. જેણે ઘડી કાઢયો છે તે વકીલોને ધન્યવાદ ઘટે છે. આવા કરારો અંગ્રેજીમાં જ થાય છે! અંગ્રેજીમાં કરવાથી કદાચ તેને ગૌરવ મળતું હશે!

કરારમાં લખ્યું છે (૧) અમો બન્ને વર્ષોથી પરસ્પરથી પરિચિત છીએ, (૨) પરસ્પરનો પ્રેમ છે, તેથી જુદા રહેવું અશકય છે. (૩) હવે પછી જીવનભર સાથે રહેવાનો નિર્ણય કર્યો છે. (૪) પરસ્પરના વિશ્વાસ અને સંમતિથી આ કરાર કરીએ છીએ તેથી (૧) આ કરાર રહે ત્યાં સુધી સ્ત્રીનું અને બાળકો થાય તેમનું પુરુષ ભરણ-પોષણ કરશે, દેખભાળ રાખશે, (૨) કરાર દરમિયાન સ્ત્રી, પુરુષને વફાદાર રહેશે, અને પુરુષની સંમતિ વિના બીજે લગ્ન નહિ કરે અથવા બીજા પુરુષ સાથે સંબંધ નહિ રાખે. (૩) આ સંબંધથી બાળકો થાય તેને પરિણીત સ્ત્રીના બાળકો જેટલો વારસાનો અધિકાર રહેશે. (૪) બેમાંથી કોઈ પણ પક્ષ આ કરારને ગમે ત્યારે રદ કરી શકશે.

પ્રેમની, વિશ્વાસની, જુદા રહેવાની અશકયતાની વાત બાજુ પર રાખું. આ કરારની કેટલીક ઉઘાડી વિસંગતિઓ જોઈએ. જીવનભર સાથે રહેવાનો નિર્ણય કરે છે પણ ગમે ત્યારે કરાર રદ કરી શકાય. સ્ત્રી-બાળકોનું ભરણ-પોષણ કરવાની જવાબદારી કરાર હોય ત્યાં સુધી જ છે. સ્ત્રીએ વફાદાર રહેવાનું, પણ પુરુષની સંમતિ હોય તો બીજા પુરુષ સાથે સંબંધ રાખી શકે – કેટલી ઉદારતા! પુરુષની વફાદારીનું કાંઈ લખ્યું નથી – તેને તો પત્ની છે અને બીજે ફરવાની પણ છૂટ છે. આ છે પરસ્પરનો પ્રેમ અને વિશ્વાસ, જેથી જુદા રહેવું અશકય છે! સંતાનને વારસાહક આપે છે તે ગેરકાયદેસર છે. ખરેખર વકીલોની બલિહારી છે. પરિણીત સ્ત્રી અથવા પુરુષ, અન્ય પુરુષ અથવા સ્ત્રી સાથે સંબંધ રાખે તો વ્યભિચાર ગણાય. હજી આપણા પીનલ કોડમાં વ્યભિચાર ગુનો છે. પશ્ચિમના કેટલાય દેશોમાં બળાત્કાર કે દગો ન હોય તો વ્યભિચાર અથવા સજાતીય સંબંધો પણ ગુનો નથી. આપણે પણ હવે સુધરેલા થયા છીએ. વ્યભિચાર હોય તો પણ સ્ત્રી અથવા પુરુષ કોર્ટે જતા નથી Permissive Society – સ્વચ્છંદી સમાજ ઉદાર હોય છે.

હવે આવા મૈત્રી-કરારો પાછળનું માનસ તપાસીએ. સ્ત્રી-પુરુષનું આકર્ષણ સનાતન છે. કુદરતે પોતાનો વંશવેલો ચાલુ રાખવા આ પ્રબળ સંજ્ઞા પ્રાણીમાત્રમાં મૂકી છે. આહાર, નિદ્રા, ભય અને મૈથુન, મનુષ્ય અને પ્રાણીઓને સામાન્ય છે. શરીરની આ એક ભૂખ છે. મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિમાં લગ્ન નથી. તેની ઋતુ હોય ત્યારે સંભોગ કરે છે. વાતનો અંત આવે છે. મનુષ્ય બુદ્ધિમાન પ્રાણી છે. તેનું ઉર્મિતંત્ર અદ્‌ભુત છે. દરેક વારસના મનુષ્યમાં અનંત સ્વરૂપ લે છે. કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, તૃષ્ણા, હિંસાને મનુષ્યમાં કોઈ મર્યાદા નથી. પણ મનુષ્ય પોતાની જાતનો વિચાર કરી શકે છે. તેની ચેતના પણ અનંત છે. પ્રેમ, કરુણા, મૈત્રી, ત્યાગ, વૈરાગ્ય, તપશ્ચર્યા – મનુષ્ય, ઉત્કૃષ્ટ કોટિના આચરી શકે છે. તેમાં જ પોતાનું શ્રેય અને કલ્યાણ માને છે.

સંભોગવૃત્તિ, કામ-વાસનાનું સ્વરૂપ લઈ વ્યાપક બને છે. માત્ર શારીરિક ન રહેતા, પરસ્પરની વફાદારી અને પ્રેમનું સ્વરૂપ ધારણ કરે છે. મનુષ્ય, સમાજ રચીને રહે છે. અનેક પ્રકારના સંબંધો બાંધે છે. મિલકત મેળવે છે. વારસો આપવો છે. મનુષ્ય જાણે છે કે કામવાસના અતિ પ્રબળ છે; વિધ્વંસકબને, તેનો સંયમ નહિ રાખીએ તો જીવન વેડફાઈ જશે. દરેક સ્ત્રી અને દરેક પુરુષે હંમેશાં વિચાર કરવાનો હોય કે આજે કોની સાથે વિચરશું, તો જિંદગીમાં બીજું કાંઈ કરી જ ન શકે. આ જ વિચારે તેનું મન સતત ભરેલું રહે. મન અતિ ચંચળ છે. સંભોગવૃત્તિ અને કામવાસના અનંતસ્વરૂપે ફૂલેફાલે છે. તેની વિકૃતિઓનો તો કોઈ પાર નથી, સજાતીય સંબંધો અને વિજાતીય સંબંધોના પ્રકારો ગણ્યા ગણાય નહિ એટલા છે.

માણસે વિચાર્યું કે આ આફતમાંથી બચવું હોય તો સ્વેચ્છાએ સ્વીકારેલ સંયમ અને મર્યાદા એક જ ઉપાય છે. તેથી તેણે લગ્ન-સંસ્થા ઊભી કરી. પુરુષ અને સ્ત્રી પરસંદગી કરી લે, ગ્રન્થીથી જોડાય અને પછી અન્ય સ્ત્રી અને પુરુષને ભાઈ-બહેન માને. મનને પાળ બાંધી દીધી. લગ્નને પવિત્રતા અર્પી. લગ્નજીવન સંયમના માર્ગે મોટું પગલું છે, તપશ્ચર્યા છે. એ સદાય સુખરૂપ નીવડે છે એવું તો નથી જ. પ્રયત્નપૂર્વક, સંબંધ કેળવવો પડે છે અને નિભાવવો પડે છે. લગ્નના અનેકપ્રકારો શોધ્યા. તેમાંથી છૂટવાના માર્ગો શોધ્યા. પણ વિચારવંત માણસ એક વાત સમજ્યો છે કે સંયમ નહિ હોય તો જીવન વેડફાઈ જવાનું છે. કોઈ વખત તેની શકિતની બહારની વાત થાય છે. કોઈ વખત તેની નિર્બળતા તેને પાડે છે. સુખના વલખાં મારે છે. સુખ એમ મળતું નથી. કેટલાક કમનસીબ કિસ્સાઓ હોય છે. સહનશકિતનો અભાવ હોય છે.

પાયાની વાત એ છે કે પોતાની કામવૃત્તિ ઉપર સંયમ રાખવો. મનની ચંચળતા ઓછી કરવી. એને છૂટો દોર આપશે તો કાબૂની વાત રહેવાની નથી. માણસ સદા પડતો–આખડતો રહ્યો છે.

હવે પવન જુદો વાય છે. વ્યકિતસ્વાતંત્ર્યને નામે, સુખને નામે, માણસ સંયમ ગુમાવે છે. સંયમને દમન કહી તેનો અસ્વીકાર કરે છે. કવિઓ અને લેખકો એને પ્રેમનું રૂપાળું નામ આપે છે. પ્રેમ છે અને હોય તે મોટું સુખ છે, પણ તે અતિ વિરલ છે. તેને નામે ઘણા પાપ થાય છે અને થયા છે.

આ મૈત્રીકરારો આપણા સમાજમાં વધતા જતા સ્વચ્છંદનું ચિહ્ન છે. આવા સંબંધો તો છે જ. પણ તેમાં અભિમાન લેવા જેવું નથી. મૈત્રીકરારની વિશેષતા તેની નફફટાઈ છે. કરાર કરીને તેમાં લખ્યું છે તેમ પરસ્પરના પ્રેમ અને વિશ્વાસથી જીવનભર નિભાવે તો ઠીક છે પણ કરાર કરનાર જાણે છે કે આવું કાંઈ બનવાનું નથી. કદાચ આવા કરાર કરીને ઉઘાડે છોગ સાથે રહીએ છીએ એવું બનાવીને, સામાજિક પ્રતિષ્ઠા મેળવવાનો ઈરાદો હોય. સમાજ પ્રતિષ્ઠા આપશે તો આ રેલા ફેલાશે. કેટલાય અસામાજિક વર્તનને આપણે પ્રતિષ્ઠા આપીએ છીએ. સમાજનો આણગમો આવા અનિષ્ટને રોકે છે.

આશ્ચર્ય છે કે ગાંધીના ગુજરાતમાં અને જૂનવાણી ગણાતા અમદાવાદ શહેરમાં આવી શરૂઆત થઈ. દેખાતી સભ્યતા નીચે કેવી આગ સળગે છે તેનો આપણને ખ્યાલ નથી.

તા. ૯-૧-૧૯૮૨

મૈત્રીકરારનો નમૂનો

આ કરાર તા. - -૧૯૮૨ના રોજ એક બાજુએ ના પુત્ર 'અ', ઉ. વ. જે હાલ સ્થળે વસે છે. (જેને હવે પછી પહેલા પક્ષકાર તરીકે વર્ણવાશે), અને બીજી તરફ ના પુત્રી કુ. 'બ', ઉ. વ. જે હાલ સ્થળે વસે છે (જેનો હવે પછી બીજા પક્ષકાર તરીકે ઉલ્લેખ કરાશે) તેઓની વચ્ચે કરવામાં આવ્યા છે.

વળી પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર છેલ્લાં વર્ષોથી એકબીજાને ઓળખે છે અને ભૂતકાળના તેમના જીવનની હકીકતો જાણે છે તથા વધુમાં તેમણે એકબીજાને તેનાથી પૂરાં માહિતગાર કર્યાં છે.

અને વળી, પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર એકબીજાં પ્રત્યે ઊંડો સ્નેહ અને ચાહના ધરાવે છે તેમજ તેમને અલગ જીવન અને અસ્તિત્વ અશક્ય જણાયું છે.

અને વળી, પ્રથમ પક્ષકારે આથી પોતાના શેષ જીવન માટે બીજા પક્ષકાર સાથે બિરાદરી અને મૈત્રીના એક સહયોગી જીવનમાં સંલગ્ન થવાનું પોતાની સ્વતંત્ર ઈચ્છા અને સમજણથી ઠરાવ્યું છે.

અને વળી, બીજા પક્ષકારે આથી તેની સાથે તેના શેષ જીવન માટે સાથીદારી અને મૈત્રીના એક સહયોગી જીવનમાં જોડાવાનું પોતાની મુકત સ્વેચ્છા અને સમજદારીથી નક્કી કર્યું છે.

અને વળી, ઉપર્યુકત ઉભય પક્ષકારોએ વિશ્વાસ અને પરસ્પર સંમતિની ભૂમિકા પર, બે પૈકી કોઈ ઈચ્છે ત્યારે અંત લાવી શકાય તેવા, તેમની વચ્ચેના એક મૈત્રીકરારમાં જોડાવાનું તેમની સ્વતંત્ર બુદ્ધિ અને સમજપૂર્વક ઠરાવ્યું છે.

હવે આ કરાર એ હકીકત નિરૂપે છે કે ઉપર્યુકત ઉભય પક્ષકારો આથી નીચે મુજબ શરતો અને નિયમો અનુસાર એક મૈત્રીસંબંધ સ્થાપવા સંમત થાય છે:

૧. આ કરારની હસ્તી દરમિયાન પ્રથમ પક્ષકાર નાણાકીય અને બીજી બધી રીતે બીજા પક્ષકારનો પૂરી રીતે નિભાવ કરશે અને તેની સંભાળ રાખશે અને તેમના મૈત્રીસંબંધમાંથી જન્મનારાં સંતાનોનો પણ નાણાકીય અને બીજી બધી રીતે સંપૂર્ણપણે નિભાવ કરશે અને તેમની સંભાળ લેશે.

૨. આ કરારના અમલ દરમિયાન બીજી પક્ષકાર પ્રથમ પક્ષકાર પ્રત્યે સંપૂર્ણ અને સુવાંગ રીતે વફાદારી દાખવશે અને પ્રથમ પક્ષકારની સંમતિ વિના બીજી કોઈ વ્યકિત સાથે પરણશે નહિ કે બીજા કોઈ પુરુષ સાથે બીજા કોઈ પ્રકારનો સંબંધ રાખશે નહિ.

૩. પ્રથમ પક્ષકાર આથી એ વિશે સંમત થાય છે, સ્વીકારે છે અને બીજા પક્ષકારને ખાતરી આપે છે કે તેમના મૈત્રીસંબંધથી જન્મનારાં સંતાનોને, તેની પત્નીથી થયેલાં તેનાં બીજાં બાળકોના જેવા જ વારસાના અધિકારો સાંપડશે.

૪. આ કરારનો બે પૈકી કોઈ પક્ષકાર ઈચ્છે ત્યારે ગમે તે સમયે અંત લાવી શકાશે.

કરારમાં ઊતરવાની કબૂલાતરૂપે ઉપર્યુકત બન્ને પક્ષકારોએ નીચે દર્શાવેલા સાક્ષીઓની ઉપસ્થિતિમાં પોતાના હસ્તાક્ષર આપ્યા છે અને નીચે ઉલ્લેખ કર્યા મુજબના સ્થળે અને દિવસે આ કરાર પર દસ્તખત કર્યા છે.

તા. - -૧૯૮૨. સ્થળ: અમદાવાદ

જૈન ધર્મની વિશિષ્ટતા

[] ડૉ. મહેન્દ્ર સાગર પ્રચંડિયા [] અનુ. : ગુલાબ દેઢિયા

વિશ્વમાં અનેક ધર્મ પ્રચલિત છે જેમાં વૈદિક, બૌદ્ધ, જૈન, ઈસ્લામ, ખ્રિસ્તી વગેરે અધિક ઉલ્લેખનીય છે. આ બધા ધર્મોમાં વ્યકિતવિશેષની સત્તાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. ઈશ્વર, બુદ્ધ, ઈશુ તથા અલ્લાહ વગેરે કોઈ પણ સંજ્ઞામાં એને વ્યકત કરવામાં આવે છે. સંસારના નિર્માણ અને સંચાલનમાં એની ભૂમિકા સર્વોપરિ માનવામાં આવે છે. વિશ્વના બધા જીવાત્મા એ શકિતને અધીન છે, પરંતુ જૈન ધર્મ આ માન્યતાનો સ્વીકાર નથી કરતો. જૈન ધર્મ કોઈ વ્યકિત-શકિતની દેન નથી અને સંસારી જીવાત્મા એને અધીન પણ નથી. જૈન ધર્મ સ્વાધીનતાપ્રધાન ધર્મ છે.

જૈન ધર્મમાં ગુણોની ઉપાસના કરવામાં આવી છે. ગુણોને જ સ્પષ્ટ રીતે ઈષ્ટ માનવામાં આવે છે. પાંચ પ્રકારના ઈષ્ટ પ્રચલિત છે—અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. પ્રત્યેક ઈષ્ટ વિશિષ્ટ ગુણોનું સમીકરણ છે. પંચપરમેષ્ઠિ એ માટે જ વંદનીય છે. આદ્ય મંત્ર નવકારમંત્રમાં પંચ પરમેષ્ઠિને જ વંદના કરવામાં આવી છે.

જૈન ધર્મની માન્યતા છે કે પ્રત્યેક જીવાત્મામાં બધા ગુણો હમેશાં અંતર્ગત રહેલા હોય છે. વિવિધ કર્મોનો ક્ષય કરી જીવ પોતાનામાં રહેલા એ ગુણો પ્રગટ કરી શકે છે. તે સ્વયં ઈષ્ટ અને પરમ ઈષ્ટ બની શકે છે. પ્રાણી સ્વયં પ્રભુ બની શકે છે. આ પ્રકારની વ્યવસ્થા કદાચ જૈન ધર્મમાં જ છે. આ રીતે દરેક જીવ પોતાના પતન અને વિકાસનો સ્વયં કર્તા અને ભોકતા છે.

કર્મ સિદ્ધાંતને બીજા ધર્મોએ પણ માન્યતા આપી છે. તેમાં જીવાત્મા દરેક કર્મ પ્રભુની કૃપાથી કરી શકે છે, કર્મ ફળ પણ એની કૃપાથી ભોગવે છે. જૈન ધર્મમાં જીવ પોતે જ કર્મ કરે છે, કર્મ અનુસાર નિમિત્ત બંધાય છે અને જીવ પોતે તે કર્મનું પરિણામ ભોગવે છે. એમાં કોઈની કૃપાની વાત નથી કરવામાં આવી.

મન, વચન અને કાયા એ કર્મના ત્રણ દ્વાર છે. સંસારી આત્મા આ ત્રણે દ્વારા પ્રતિક્ષણ કર્મ કરતો રહે છે. અનાદિ કાળથી જીવનો કર્મ સાથે સંબંધ ચાલ્યો આવે છે.

કર્મના બે ભેદ કરવામાં આવ્યા છે. દ્રવ્યકર્મ અને ભાવકર્મ.

પુદ્‌ગલના કર્મકુલ દ્રવ્યકર્મ કહેવાય છે. દ્રવ્યકર્મના નિમિત્તથી જે આત્માના રાગ-દ્વેષ, અજ્ઞાન વગેરે ભાવ હોય છે તે ભાવકર્મ કહેવાય છે. દ્રવ્ય અને ભાવ ભેદથી આત્માને જે દુ:ખ થાય છે તથા સંસારચક્રમાં ફેરવે છે તે કર્મ કહેવાય છે.

કર્મોનું એક કુલ હોય છે. કર્મ અનંતકાળથી અનંત છે. અનંત કર્મોને બે ભાગમાં વહેંચવામાં આવ્યા છે. ઘાતી કર્મ અને અઘાતી કર્મ. જે કર્મો જીવતા ગુણોનો ઘાત કરે છે તે ઘાતી કર્મ કહેવાય છે. ૧. જ્ઞાનાવરણ, ૨. દર્શનાવરણ, ૩. મોહનીય અને ૪. અન્તરાય—આ ચાર ઘાતી કર્મ છે.

જે કર્મો ગુણોનો ઘાત ન કરી શકે તે અઘાતી કર્મ કહેવાય છે. ૧. વેદનીય, ૨. આયુ, ૩. નામ અને ૪. ગોત્ર—આ અઘાતી કર્મ છે.

સંસારના અનંત કર્મો નીચે પ્રમાણે મુખ્ય આઠ કર્મોમાં સમાવેશ પામે છે:

ઘાતી કર્મ: ૧. જ્ઞાનાવરણ કર્મ—જે આત્માના જ્ઞાન ગુણને ઢાંકે છે તે જ્ઞાનાવરણ કર્મ કહેવાય છે.

૨. દર્શનાવરણ કર્મ—જે આત્માના દર્શન ગુણને ઢાંકે છે તે દર્શનાવરણ કર્મ કહેવાય છે.

૩. મોહનીય કર્મ—જેના ઉદયથી જીવ પોતાના સ્વરૂપને ભૂલી બીજાને પોતાનું સમજી લે છે, તેને મોહનીય કર્મ કહેવાય છે.

૪. અંતરાય કર્મ—જે દાન, લાભ વગેરેમાં વિઘ્ન નાખે છે તેને અંતરાય કર્મ કહેવાય છે.

અઘાતી કર્મ: ૧. વેદનીય કર્મ—જે આત્માને સુખ-દુઃખનો અનુભવ કરાવે છે, તેને વેદનીય કર્મ કહેવાય છે.

૨. આયુ કર્મ—જે જીવને નર્ક, તિર્યંચ, મનુષ્ય અને દેવ આમાંથી કોઈ એક ગતિમાં લઈ જાય છે, તેને આયુ કર્મ કહેવાય છે.

૩. નામ કર્મ—જેનાથી શરીર અને અંગ અવયવ વગેરેની રચના થાય છે તેને નામ કર્મ કહેવાય છે.

૪. ગોત્ર કર્મ—જેનાથી જીવ ઉચ્ચ કે નીચ કુળમાં પેદા થાય છે અને તેને ગોત્ર કર્મ કહેવાય છે.

અહિંસાનો વિશ્વના બધા ધર્મોએ સ્વીકાર કર્યો છે. જૈન ધર્મોનું પ્રાણભૂત તત્ત્વ અહિંસા છે. જૈન ધર્મમાં અહિંસાનો સૂક્ષ્મતા અને વિશદતાથી વિચાર થયો છે. અહિંસામાં, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ જેવા વ્રત સમાઈ જાય છે.

હિંસાના બે ભેદ પાડવામાં આવ્યા છે. ૧. ભાવ હિંસા અને ૨. દ્રવ્ય હિંસા.

પોતાના મનમાં બીજા કોઈ પ્રાણીને કોઈપણ રીતે કષ્ટ દેવાનો વિચાર આવે તે ભાવ હિંસા છે. વાણી અને શરીર દ્વારા બીજા કોઈને કષ્ટ આપવામાં આવે તે દ્રવ્ય હિંસા છે. જૈન ધર્મમાં દ્રવ્ય હિંસાના ચાર ભેદ કરવામાં આવ્યા છે. ૧. સંકલ્પી હિંસા, ૨. વિરોધી હિંસા, ૩. આરંભી હિંસા અને ૪. ઉદ્યોગી હિંસા.

જાણીબુઝીને સંકલ્પપૂર્વક કરવામાં આવે તે સંકલ્પી હિંસા છે. મન, વચન તથા શરીરથી કરવામાં આવે, બીજા દ્વારા કરાવવામાં આવે, કરનારને અનુમોદન આપવામાં આવે તે સંકલ્પી હિંસા છે. જ્યારે કોઈ આ જાણકારી સામે, પોતાની, પરિવારની, ધન, ધર્મ અને દેશની રક્ષાના હેતુથી હિંસા કરવામાં આવે તે વિરોધી હિંસા છે. સંકલ્પી હિંસા કરવામાં આવે છે. વિરોધી હિંસા થઈ જાય છે. બે વચ્ચેનો ભેદ છે.

પ્રત્યેક વ્યક્તિથી ઘરનાં અનેક કામ કરતાં હિંસા થાય છે. ઘરની વ્યવસ્થા, ભોજન, કપડાં ધોવાં, અનાજ દળાવવું, વગેરે કાર્યોમાં થતી હિંસા આરંભી હિંસા છે. અહિંસક વ્યક્તિ એવી રીતે કાર્ય કરે છે કે જેથી એમાં ઓછામાં ઓછી હિંસા થાય. દરેક વ્યક્તિ પોતાના અને કુટુંબના ભરણપોષણ માટે ધંધા-વ્યવસાયમાં જે હિંસા કરે છે તેને ઉદ્યોગી હિંસા કહે છે. અહિંસક વ્યક્તિ એવો ધંધો કરે છે જેમાં ઓછામાં ઓછી હિંસા થાય.

આ ચાર પ્રકારની હિંસા ગૃહસ્થ સમુદાય દ્વારા થાય છે. આ બધા સામે સાવધાની રાખનાર વ્યક્તિ અણુવ્રત ધારણ કરે છે.

હિંસા પર વિજય મેળવવા જે કંઈ સહન કરવું પડે તે માટે તૈયાર રહેવું. આ સિદ્ધાંત પરથી તપસ્યાનો વિકાસ થયો છે. ઈન્દ્રિયો અને મનને જીત્યા વગર અહિંસા જીવનમાં નથી આવતી. એ મેળવવા માટે બાહ્ય વસ્તુઓ અને વિષયોના ત્યાગની જરૂર છે.

જૈન ધર્મમાં આ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખી અપરિગ્રહનો સિદ્ધાંત સ્વીકારાયો છે. અહિંસક દરેક વસ્તુને મમતા નહીં પણ સમતા ભાવે જુએ છે. અહિંસક અપરિગ્રહી હોય છે. આવશ્યકતાથી વધુ સંગ્રહ તે નથી કરતો.

બીજા ધર્મોમાં અહિંસાપાલનનો નિર્દેશ છે, પરંતુ એમાં મનુષ્યને સર્વોપરિ સમજી એના હિત માટે અન્ય જીવોની હિંસા માટે સ્વીકૃતિ આપવામાં આવી છે. જૈન ધર્મમાં એવું નથી. કોઈપણ ગતિના જીવને સુખની આકાંક્ષા છે. કોઈને દુઃખી નથી થવું. જીવઘાત કર્યા વગર મનુષ્ય ગતિને સુખ-સુવિધા આપવાનો વિચાર જ જૈનધર્મમાં કરવામાં આવ્યો છે. જેમાં 'જીવો અને જીવવા દો'ની ભાવના સ્પષ્ટ છે.

આ રીતે જૈન ધર્મમાં કોઈ એક વ્યક્તિ કે કોઈ એક વર્ગ નહીં પણ પ્રાણીમાત્રના સુખનો વિચાર વ્યાપક અને ઉદાત્ત રીતે કરવામાં આવ્યો છે.

('અનેકાન્ત'માંથી ટૂંકાવીને)

માનવજીવન અને સંબંધો

☐ ગુણવંત ભટ્ટ

"જ્યારે તારા હૃદયમાંથી મારા સંબંધોનું ગીત ભૂલાઈ જાય ત્યારે તું મને કહે જે, હું મારા હૃદયમાં સંધરી રાખેલા તારા સંબંધના મધુર મધુર ગીતો તને સંભળાવીશ."

મારા હૃદયમાં જન્મેલા આ સંબંધના ગદ્ય ગીતે, મને સંબંધ વિશે લખવા પ્રેરણા આપી ને મારા હૃદયમાં ત્યારે અનેક પ્રશ્નો ઉઠ્યા:

"કયો સંબંધ સાચો? સંબંધ કોનો સાચો? કોના સંબંધની લાગણીના બળે આ શરીર, આ મન અને આત્મા જીવે છે?"

—સંબંધ વગર માણસ જીવી શકતો નથી— આ સનાતન સત્ય છે! એટલે જ માનવજીવનમાં સંબંધનું મૂલ્ય શું છે એ વિશે થોડું મનોમંથન કરું છું!

પ્રત્યેક માણસમાં સંબંધમાં સત્યનો, લાગણીનો અને પ્રેમનો આવિર્ભાવ આવતો હોય છે! આ આવિર્ભાવ ક્યારેક જીવનના છેલ્લા શ્વાસ સુધીનો હોય છે, ક્યારેક તાત્પુરતો, સ્વાર્થી હોય છે તો ક્યારેક થોડા કાળ સુધીનો—મોહસભર એટલે કે મોહિત આવિર્ભાવ હોય છે!

ઘણાં સંબંધોના તો મૂલ્ય આંકાતા હોય છે, પરંતુ સંબંધોના મૂલ્ય આંકાતા હોય એ સંબંધ સાચો હોતો નથી!

જે સંબંધ નિર્વ્યાજ હોય છે, એ જ સંબંધમાં સત્યનો આવિર્ભાવ આવે છે અને એ સંબંધ જ સાચો હોય છે!

ઘણાં સંબંધો લાગણીના બંધનથી બાંધેલા હોય છે, પણ સાંસારિક હોય છે! એમાં કોઈકના નિર્વ્યાજ હોય છે, તો કોઈકના લાગણીવાળા હોય છે પણ સ્વાર્થપરાયણ પણ હોય છે. પરંતુ આ સંબંધ લાગણીપ્રેરિત હોવાથી એમાં નર્યો સ્વાર્થ પણ નથી હોતો!

આજે અહીં 'પ્રેમ સંબંધ'ની પણ વાત કરીએ. પ્રેમની વ્યાખ્યા માણસે માણસે જુદી હોય છે: પણ પ્રેમ-સંબંધમાં સ્વાર્થનું પરિબળ મોટું છે!

અહીં એક સત્ય કહેવાનું મન થાય છે: જ્યારે સંબંધનો દંભ આદરવો હોય છે, ત્યારે 'પ્રેમ' શબ્દનો પ્રયોગ થાય છે અને 'પ્રેમ' શબ્દ જ એવો છે જેનાથી માણસને છેતરવાનો અવકાશ વધારે રહેતો હોય છે!

માનવમાં સંબંધોના આવિર્ભાવ આવવાના ચાર તબક્કા છે:

પ્રથમ: બાળવયમાં માણસ જેને પ્રેમ કરે છે, એને સાચો જ પ્રેમ કરે છે—એ સંબંધમાં સત્યનો સાચો આવિર્ભાવ હોય છે! લાગણીનું પ્રેરક બળ હોય છે, સંબંધનું બળ સહજ સ્વરૂપ અન્યને પણ નિર્દોષ ભાવે સાચા સંબંધથી ખેંચે છે!

માનવજીવનમાં 'પ્રેમ'નો સાચો આવિર્ભાવ હોય છે તો આ અવસ્થામાં હોય છે—આ સંબંધ જ નિર્વ્યાજ હોય છે!

બીજો તબક્કો હોય છે બાળ સુલભ લાગણીઓમાં પસાર થઈને યૌવનકાળમાં પ્રવેશેલા માણસનો. સત્ય વાત એ છે કે માનવ જ્યારે યૌવનકાળમાં આવે છે ત્યારે એનામાં ઘણાં પ્રકારના સંબંધનો આવિર્ભાવ આવતા હોય છે! એનામાં આવતા પ્રેમ, લાગણી અને સંબંધોનું સ્વરૂપ ખોટું નથી હોતું પરંતુ એમાં એક તરવરાટ હોય છે, એમાં પરિસ્થિતિ, વિચાર અને સમયને વિસારે પાડી દયે એવું એક પરિબળ હોય છે. પરંતુ આ કાળમાં એ પરિબળ સ્વાભાવિક આવી જતું હોય છે: જેમ બાળસહજ લાગણીનું પ્રેરક બળ હોય છે તેવી જ રીતે યૌવનકાળમાં પણ તરવરાટવાળું-યૌવન સહજ

આવી જતાં આવિર્ભાવમાંથી સંબંધોનું પોત જન્મતું હોય છે: એમાં સત્યની સહજતા હોય છે ખરી, પણ એ સહજતામાં પીઢપણું, ગણતરી કે સાચા મૂલ્યાંકનનો અભાવ હોય છે!

એટલે જ યૌવનકાળમાં, માનવના સાચા સંબંધો બંધાવવાની પળોમાં, વિચારશીલ મુરબ્બી મોભે ચિંતા કરવી પડે છે:

ત્રીજો તબક્કો—યૌવનકાળમાંથી પસાર થઈ ગયા પછીનો એની સાથે સંબંધ, લાગણી, પ્રેમ એ બધાંના સમન્વયથી એક જુદી વ્યક્તિ સાથેના સંબંધમાં એ જોડાય છે: એનામાં સાંસારિક સંબંધનું એક પરિબળ જન્મે છે. આ પરિબળમાંથી એને પ્રાપ્ત થાય છે જીવનના જુદા જુદા પ્રકારના સંબંધો!

માનવજીવનમાં સમજવા જેવો સંબંધોનો આ સાચો તબક્કો છે. અહીં માણસે પોતાના સાચા સંબંધોમાંથી જન્મતા નવા જીવનમાં પ્રવેશવાનું હોય છે: પુરુષ પતિ બને છે અને એના જીવનમાંની સંબંધોની પળેપળની લાગણીઓમાં સથવારો આપતી વ્યક્તિ એના જીવનમાં જન્મે છે. આવી જ રીતે સ્ત્રી પત્ની બને છે. આમ સંસારના પ્રારંભકાળમાં સ્ત્રી-પુરુષ પ્રવેશે છે અને એના જીવનના ત્રીજા તબક્કામાંથી પસાર થતાં હોય છે.

પુરુષ પતિ-સ્ત્રી પત્ની, બંનેના હૃદયમાં પરસ્પર માટે નવા સંબંધનો જન્મ થાય છે. આ સંબંધમાં પરસ્પરમાં પ્રેમ, લાગણી અને ભાવનાનું જે પ્રાગટ્ય થાય છે એનું અદકું મહત્ત્વ છે: સાચા સંબંધની ને સાચા જીવનની આ ગતિ છે અને એ ગતિમાંથી જ નવા નવા સંબંધો જન્મતાં હોય છે.

—અહીં એક સમજવા જેવી વાત કહી દઉં, નવા સંબંધો જન્મે છે એની સહજ ઊર્મિના અવિર્ભાવમાં માણસે એની આજુ-બાજુ જે જૂના સંબંધો છે એનાથી જરા અંશે પણ વિચલિત થવું ન જોઈએ — એને જો એ ભૂલી જાય તો નવા સંબંધોનું કોઈ મૂલ્ય રહેતું નથી!

માણસ પોતાના બાળસુલભ સંબંધોમાંથી જ્યારે પસાર થઈને, બીજા બે તબક્કામાં આવી ગયો હોય છે ત્યારે એનામાં બાળસુલભ લાગણી અને આવિર્ભાવ અવિસ્મરણ થઈ ગયા હોય છે— એ બાળસુલભ લાગણી અને આવિર્ભાવ એના જીવનમાં નવા અવતરેલાં નવા સંબંધોમાંથી ફરી વખત એ માનુભવતાં હોય છે! એનામાં થોડેઘણે અંશે એ લાગણી જન્મતી હોય છે અને એટલે જ આ સંબંધ, મનના છે— જ્યારે પરસ્પરના સંબંધોને મન ઓળખે છે ત્યારે સંબંધોની સાર્થકતા સર્જાય જાય છે.

ચોથો તબક્કો: માનવ જીવનમાં સંબંધનો આ ચોથો તબક્કો ખૂબ મહત્ત્વનો હોય છે. એની આજુબાજુ ઘણાં સંબંધો ઊગી નીકળ્યા હોય છે. એ જુદા જુદા સ્વરૂપના સંબંધોમાં એમણે જીવવું પડતું હોય છે, એ સંબંધોને પોતાના જ રાખવાની સતત મથામણ રાખવી પડતી હોય છે — પોતે, પુત્ર, પૌત્ર-પત્ની, પુત્રવધૂ અને પૌત્રી :આ બધાં જ સંબંધોનાં કડીઓને પોતાની એક કડીમાં ગોઠવવી પડતી હોય છે—આ મોટી જવાબદારી. મોટી વયે આવતી હોય છે: ભાગ્યે જ કોઈક વ્યક્તિ પોતાના સર્વ સંબંધોને પોતાના વિચારોની ભીંત ઉપર લટકાવી શકતો હોય છે — જીવનની ગહનતાના આ તબક્કામાં એ હારી પણ જતો હોય છે, જીતી પણ જતો હોય છે!

આ છે માનવજીવનના સંબંધોના ચાર તબક્કા.

આજે તો માનવજીવનમાં 'સંબંધો'નું મૂલ્ય વિસરાવા માંડ્યું છે. પહેલાં જે સંબંધો ઓતપ્રોત થઈને, એક છત્રછાયા નીચે જીવાતા હતા એનું મૂલ્ય વિસરાતા સંબંધો વેરવિખેર થવા માંડ્યાં છે—

આજે સંબંધોનો દરિયો નથી ઘૂઘવતો, કારણ કે સંબંધો જુદા જુદા વહેણોમાં વહેવા માંડ્યા છે: આનાથી માણસની અસ્મિતા ખોવાઈ જતી હોય એવું લાગે છે.

આ છે આજના માનવજીવનના સંબંધોની વાત.

મને એક વખત ગિરિશચંદ્રજી મહારાજે પૂછેલું: "તમારી દૃષ્ટિએ સંસારના સંબંધોમાં જીવતા માનવજીવનના સંબંધોનું મૂલ્ય શું છે?"

મેં કહ્યું હતું: "આજનો માનવ બહુ ઓછા સાચા સંબંધોની પળોમાં જીવે છે. અને એની જિંદગીમાં, પોતાને અને પરને સંબંધોના આવિર્ભાવ આવે છે— સહજ સંબંધનો ભાવ જાગે છે એમાં જીવવું પડતું હોય છે: સંબંધોમાં સ્થિરતા રહી નથી. આજે માણસને સંબંધ, પ્રેમ, લાગણી અને સ્મરણોના ટેકાઓ લઈ લઈને જીવવું પડતું હોય છે!"

અને ઘણી વખતે, કોઈકને તો બળબળતા રણના રજકણોમાંથી પાણીની તરસ છીપાવવા જેવા આભાસી સંબંધોમાં પણ જીવવું પડતું હોય છે!

આ છે માનવજીવનમાં આવતા-જતાં ને જીવાતા સંબંધોની વાત.

સાભાર-સ્વીકાર

(૧) ભાવના શતક. લે. ભારતભૂષણ, શતાવધાની સ્વ. પંડિત મુનિશ્રી રત્નચંદ્રજી મહારાજ. પ્રકાશક: શ્રી લાલજી વેલજી શાહ, રામ ઝરુખા, એમ. એ. હાઈસ્કૂલની સામે, ઓસ. વી રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ—૪૦૦ ૦૫૮.
કિં. રૂ. પાંચ.

(૨) શ્રાવક ધર્મ યાને મોક્ષપ્રાપ્તિનો ઉપાય. લે. સ્વ. ગુલાબચંદ પાનાચંદ મહેતા, પ્રકાશક: વીર વાણી પ્રકાશન કેન્દ્ર, C/o. નંદલાલ તારાચંદ વોરા, ૯૮, નેપિયન્સી રોડ, બી—૪૧, શાંતિનગર, મુંબઈ—૪૦૦ ૦૦૬.
બીજી આવૃત્તિ: કિં. રૂ. ૨૦/-

નવભારત સાહિત્ય મંદિર, ૧૬૨, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ—૪૦૦૦૦૨ તરફથી નીચેનાં સાત પુસ્તકો મળ્યાં છે. 'અપંગ અવસ્થાના જીવન સંગ્રામની આનંદયાત્રા' લાભુબેન મહેતા લિખિત- (૧) અમૃતભાઈ પરીખ કિં. રૂ. ૩. (૨) શકુન્તલાબહેન—કિં. રૂ. ૫, (૩) ભગવાનદાસ ભાટિયા, કિં. રૂ. ૩, (૪) મધુમાલતી ચોકસી કિં. રૂ. ૪, (૫) મનુભાઈ પટેલ, કિં. રૂ. ૫, (૬) અપંગને સંગ લેખક: અજિત પોપટ કિં. રૂ. ૫, (૭) અપંગ તનના પણ મનના નહીં. લેખક ભૂપેન્દ્ર મો. દવે, કનૈયાલાલ રામાનુજ. કિં. રૂ. ૭.

ચિન્તનિકા

જીવનનો મોટામાં મોટો આનંદ આ છે: સારું કામ છાનું-છપનું કરી નાંખવું અને પછી અકસ્માત જ તેનાથી વાકેફ થવું.

—ચાર્લ્સ લેમ્બ

વિશ્વમાં સૌથી સમર્થ માનવી તો એ છે જે સૌથી વધુમાં વધુ એકલો ઊભો રહી શકે છે.

—ઈબ્સન

કોઈને જ માફ નહિ કરવામાં જેટલી ક્રૂરતા છે તેટલી જ ક્રૂરતા દરેકને માફ કરવામાં રહેલી છે.

—સેનેકા

ભવિષ્યની અશોક્કસ ઘટનાઓથી નહિ ડરનાર કે એના પર આશા નહિ રાખનાર વ્યક્તિ શાણી છે.

—આનાતોલ ફ્રાન્સ

બીકણ લોકોથી હું જેટલો ડરું છું તેટલો બીજા કશાથી ડરતો નથી.

—રે બટ્ટ ફ્રોસ્ટ

યુ. જી.: દૈહિક પરિવર્તનની આધ્યાત્મિક યાત્રા

□ વિપિન પરીખ

કોઈ તમને સુંદર ભેટ આપે અને છતાં એ ભેટ તમને અસ્વસ્થ કરી મૂકે એવું બને ખરું? મારા મિત્ર ત્રંબકભાઈએ મને એવું જ એક સુંદર પુસ્તક આપ્યું છે. એ પુસ્તકે મને સાચ્ચે બેચેન કરી મૂક્યો. યુ.જી.ના હુલામણા નામથી જાણીતા શ્રી યુ. જી. કૃષ્ણમૂર્તિની કથા તથા વિચારો રજૂ કરતું એ પુસ્તક છે. (ધી મીસ્ટીક ઓફ એનલાઈટનમેન્ટ). આ માણસ વિચિત્ર છે. પુસ્તકનું પહેલું પાનું વાંચતાં જ આફરીન થઈ ગયો,—કંઈક આંચકા સાથે! સાધારણ રીતે લેખકો કોપીરાઈટ માટે ખૂબ જ સજાગ હોય છે, બ્રધડે છે. લખતા હોય છે 'લેખકની પરવાનગી વગર આ પુસ્તકમાંથી કશું છાપવું નહીં" વિ. ત્યારે આ વિચિત્ર માણસ લખે.

"મારા લખાણ અથવા ટીચીંગનો કોઈ કોપીરાઈટ નથી. મારી પોતાની સંમતિ વિના કે અન્ય કોઈની પરવાનગી વિના તમે આમાનું કશું પણ પુનઃ છાપી શકો, વહેંચી શકો, મનગમતું 'સવળું કે અવળું અર્થઘટન કરી શકો, મરડી શકો. ત્યારે પોતાને નામે ચઢાવી, તમારા વિચારો છે એવો દાવો પણ કરી શકો."

તો આગળ એક વખત કહે, "મારા વિશે લખાયેલા લેખો મને ગમતાં નથી. તમે મને ધર્મિષ્ઠ વ્યકિત તરીકે રજૂ કરવાનો પ્રયત્ન કરો છો—ને તે હું નથી. હું જે કહું છું તેમાં કોઈ ધાર્મિક કે ગૂઢ તત્ત્વ નથી. માણસને માનવના ઉદ્ધારકોથી બચાવવો જોઈએ. આ ધર્મિષ્ઠ લોકોએ આખી માનવજાતને છેતરી છે. એ લોકોને ફેંકી દો. આ જ ખરી હિમત છે.

રગેરગથી બળવાખોર, આખાબોલા ને નિર્ભીક છે. ધર્મના તમામ સાધના, ધ્યાન, જપ-તપ, મંત્ર સંત, ગુરુ સૌ પર આપણને અસ્વસ્થ કરી મૂકે એવા આકરા પ્રહાર કરે છે. કોઈને છોડતા નથી. જે. કૃષ્ણમૂર્તિને પણ નહીં!

જીજ્ઞાસુઓને કહે છે, "મારી પાસેથી તમને કશું મળશે નહીં. અહીં આવી તમે નાહક તમારો સમય બરબાદ કરો છો. બિસ્તરા બાંધીને ચાલવા માંડો. મારે કશું આપવાનું નથી. તમારે કશું લેવાનું નથી."

કોણ છે આ યુ. જી.? એ પોતે જ કહે, મારો ભૂતકાળ, પશ્ચાદ્‌ભૂમિ તદ્દન નકામા, બિનમહત્ત્વના છે. એ કોઈ માટે આદર્શ બની શકે નહીં, કારણ તમારી દરેકની પોતાની પશ્ચાદ્‌ભૂમિ આગવી, વિશિષ્ટ છે. તમારા જીવનનો દરેક પ્રસંગ વિશિષ્ટ છે. મારા જીવનની કથા અમુક બિંદુ હદ સુધી ચાલે છે; પછી બંધ થઈ જાય છે."

આમ તો ૯ જુલાઈ, ૧૯૧૮ની તારીખે મછલીપટ્ટમ નજીક ગુડીવડા શહેરમાં ઉપલા મધ્યમ વર્ગના કુટુંબમાં જન્મ્યા, એમના જન્મ પછી થોડાજ સમયમાં એમના મા મૃત્યુ પામ્યા. ત્યારે નામ હતું ઉપ્પાલપુરી ગોપાળ કૃષ્ણમૂર્તિ. નાના પાસે ઉછર્યા. નાના સુસંસ્કૃત શ્રીમંત વકીલ. થિયોસોફીકલ સોસાયટીના બ્લેવેટસ્કી ને ઓળકોટ વ. જોડે સારો ઘરોબો, છતાં રૂઢિગ્રસ્ત વાણી ને વર્તનમાં વિરોધ. નાનપણથી જ આ વિરોધાભાસ યુ. જી. માટે પ્રશ્નો ઉત્પન્ન કર્યા. સૌ માનતા કે નાનકડો ઉપ્પાલપુરી યોગભ્રષ્ટ આત્મા છે ને ઉજ્જવળ ભવિષ્ય લઈને જન્મ્યો છે. નાનાએ એના ઉછેર માટે વકીલાત પણ છોડી દીધી. પાંચ સાત વરસના છોકરા આગળ ઉપનિષદ્ વ.નો ગહન અભ્યાસ થતો. સાત વરસની ઉમ્મરે તો એ પોપટની જેમ બધું બોલી જતા. રામકૃષ્ણ મઠના તેમ જ અન્ય અનેક સાધુસંતોની તેમના ઘરે આવનજાવન રહેતી. યુ. જી. કહે: "નાનપણથી જ મને પ્રતીતિ થઈ હતી કે આ બધા સાધુઓ દંભી છે. એમના વાણી-વર્તનમાં મેળ નથી અને ત્યારથી જ મારી ખોજનો પ્રારંભ થયો. એમની જિંદગી પોકળ છે. ભય તેમને કોરી ખાય છે. ક્યાંક કશું ખૂટે છે. આ બુદ્ધ, ઈશુ બધા મોક્ષની વાતો કરે છે તેમાં કશું તથ્ય છે? મારે એ શોધવું છે." એ અરસામાં શિવાનંદ સરસ્વતીના સંપર્કમાં આવ્યા. ધ્યાન, યોગ, યમ-નિયમ પાળતા. એ દરમિયાન સમાધિ, નિર્વિકલ્પ સમાધિ વ. અનેક અનુભૂતિ થતી. યુ. જી.ને થયું, "વિચાર, કલ્પના કે ઈપણ જાતની અનુભૂતિને પેદા કરી શકે. હું તો છું તેવો ને તેવો જ રહ્યો છું. યંત્રવત્ બધું કરાય છે એટલું જ. મારે માટે ધ્યાનનું કશું મૂલ્ય નથી. આ બધું મને ક્યાંય લઈ નહીં જાય."

એક દિવસે શિવાનંદ સરસ્વતીને બંધ બારણે કેરીનું અથાણું ખાતા જોઈ લીધા. ત્યારે થયું, "આ માણસે કશું ઈતર પામવાની આશાએ જીવનમાં બધું નકાર્યું છે અને છતાં પોતાની જાત પર કાબૂ રાખી નથી શકતો! એ દંભી છે, આ જાતનું જીવન મારે માટે નથી."

તેમને લાગ્યું આ ઈશુ, બુદ્ધ રામકૃષ્ણ વ. સૌ પોતે ભ્રમણામાં રહ્યા અને લોકોને ભ્રમણામાં રાખ્યા. એ લોકો વાતો કરે છે અક્રોધની. મારી વાસ્તવિકતા એ છે કે હું ક્રોધી છું. વાતો કરે છે ઉદારતાની, હું છું લોભી. ક્રૂરતાના આવેગો મારી અંદર ઊછળે છે. હું જે છું તેથી વિપરીત હું જે નથી તે થવાની આ બધા વાતો કરે છે, એ નકરું જૂઠાણું છે ને મને જૂઠો બનાવે છે. વાસ્તવિકતા છે. ક્રોધની, લોભની, ક્રૂરતાની, વાસનાની, અવાસ્તવિક, અકુદરતી છે. આ અહિંસા, અક્રોધ, નિર્વાસના બધા પ્રત્યે સૂગ ચઢી, થયું "હવેથી શ્લોકો નહીં, સાધના નહીં, ધર્મ નહીં... એમાં કશું નથી." સાધુ-સંતો પાસે જવાનું બંધ કર્યું. થયું: "મારે કોઈ આધ્યાત્મિક અનુભૂતિ જોઈતી નથી. એ અનુભૂતિ જીન્સી કે જીવનના બીજા કોઈ અનુભવ જેવી જ છે, રોમાં કશો ફેર નથી. મને બ્રહ્મનો અનુભવ નથી જોઈતો."

એવામાં એક મિત્રના સૂચનથી કમને રમણ મહર્ષિ પાસે ગયા. થયું: "શાક સમારતો, કોમીક વાંચતો આ માણસ મને શું મદદ કરવાનો હતો?" છતાં પૂછ્યું, 'તમારી પાસે જે છે તે તમે મને આપી શકો?" મહર્ષિએ સામો પ્રશ્ન કર્યો, "હું તો આપી શકું. તું લઈ શકે?" યુ. જી. આભા થઈ ગયા. "અરે ભાઈ, આ તો મને સામો પૂછે છે: તું લઈ શકે?" બીજા બધા તો આપવાને તત્પર હતા. પ્રશ્ન પડઘાયા કર્યો. યુ.જી.ને થયું: "હું શું કામ ન લઈ શકું?" એમને મન મહત્ત્વનો પ્રશ્ન આ હતો: આ બધા જે અવસ્થામાં છે તે અવસ્થા શી છે? હું પોતે એ અવસ્થા શોધી કાઢીશ. કોઈ મને એ સ્થિતિ આપી નહીં શકે. મારે પોતે જ મારી કેડી કંડારવી પડશે.

થિયોસોફીકલ સોસાયટીમાં લેકચરર તરીકે જોડાયા. સારા, કુશળ વકતા હતા. દેશભરની યુનિવર્સિટીમાં વ્યાખ્યાનો આપતા છતાં અંદરથી બેચેન હતા. "પોપટની જેમ આ બોલબોલ કરવાનો શો અર્થ છે? શા માટે હું મારો સમય બરબાદ કરું છું? આ મારી જિંદગી નથી. આજિવિકા નથી. મને એમાં રસ નથી."

સોસાયટીની મસીહાની વાતોમાં દંભ જોયો. બધા છીછરાં લાગ્યા. એવામાં કૃષ્ણમૂર્તિના પરિચયમાં આવ્યા. સાત વરસ સુધી સાંભળ્યા. સીધા સાદા ઉત્તર આપવાને બદલે કૃષ્ણમૂર્તિ જાત-બચાવ કરવા લાગ્યા. પડતા મૂક્યા, છૂટા થયા. કૃષ્ણમૂર્તિને કહ્યું, "તમારું વિશ્લેષણ લોકોને મદદ નથી કરતું, પાંગળા બનાવે છે."

એમના ૪૯મા વરસ પહેલાં અનેક સિદ્ધિને અનુભૂતિ પામ્યા. પણ તે સિદ્ધિને કશું મહત્ત્વ આપ્યું નહિ. માણસને જોતાં વાર જ તેના સમગ્ર ભૂત, ભવિષ્ય, વર્તમાન નજર સમક્ષ જોઈ શકતા, વાક્‌સિદ્ધિ પણ આવી. બોલે ને તેવું જ થાય! કુટુંબ સાથે અમેરિકા ગયા. '૬૧ સુધીમાં તિજોરીનું તળિયું સાફ થઈ ગયું. તે સાલમાં જ પોતાની ભીતર એક ભયંકર, દુર્દમ્ય ઉલ્કાપાત અનુભવ્યો. તે પછી ત્રણ વરસ સુધી કશું કરવાનું સૂઝે નહીં એવી મૂંઝવણભરી સ્થિતિમાં રખડ્યા. મનોબળનો નકરો અભાવ! અને પછી એકાએક સહજ અવસ્થા, સ્વાભાવિક અવસ્થાને (નેચરલ સ્ટેટ) પામ્યા. યુ. જી. એ અવસ્થાને એક 'કેલેમીટી' ગણાવે છે. ગુલાબી ખ્યાલોમાં કલ્પેલી હોય તેથી તદ્દન વિપરીત આ સ્થિતિ છે. એકાએક જાણે શરીરના કોષેકોષમાં, જ્ઞાનતંતુઓમાં વિસ્ફોટ થાય છે. આખા દેહના જાણે ભૂક્કેભૂક્કા થઈ જાય છે. માથું-મગજ ખીચોખીચ ભરાઈ તંગ હોય એવું લાગ્યું. વિચારોને જોડનારી કડી તૂટી ગઈ. દરેક વિચાર (થૉટ) જન્મે ને તરત વિસ્ફોટ પછી વિચારોનું કોઈ સાતત્ય નહીં. વિચાર એક કુદરતી લયમાં વિરમે છે. દેહની રાસાયણિક પ્રક્રિયા બદલાઈ જાય છે. વ્યવહારિક પ્રશ્નો સિવાયના બધા પ્રશ્નો શમી ગયા. યુ. જી. કહે, "મને ક્યારે ય વિચાર નથી આવતો કે હું તમારાથી કે બીજા કોઈથી જરા પણ જુદો, ભિન્ન છું. કારણ અહીં કોઈ બિંદુ કે કેન્દ્ર નથી. પછી ઈન્દ્રિયો (સેન્સીસ) રહે છે પણ તેનો સુત્રધાર રહેતો નથી."

તે પછી સાત દિવસ દેહની ઈન્દ્રિયોમાં ફેરફાર જણાયો. કેટલોક વખત સ્મૃતિ જતી રહી. ત્વચા એકદમ સુંવાળી થઈ. એટલી સુંવાળી કે દાઢી કરતા બ્લેડ પણ લસરી જાય! દેહને એક સોનેરી આભા આવી. સ્વાદેન્દ્રિય ને ઘ્રાણેન્દ્રિયમાં પણ પરિવર્તન થયું. દૃષ્ટિમાં પણ વિચિત્ર અનુભવ થયો. આંખ સામે 'વિસ્ટાવિઝન' જેવો વિશાળ દૃશ્યપટ દેખાતો. તેમાંથી વસ્તુઓ તેમના તરફ આવતી દેખાતી ને પોતાનામાંથી બહાર જતી દેખાતી. પાંપણ જાણે ફરકવાનું ભૂલી ગઈ. બહારનો અવાજ, કૂતરાનું ભસવું કે ટ્રેનની વ્હીસલ સાંભળતા ને એ અવાજ પોતાનામાં નીકળતો હોય એવું લાગતું. એક દિવસ એવું લાગ્યું કે પોતાનો દેહ જ રહ્યો નથી. પૂછતા, "આ મારા હાથ છે? સોફા પર મારું શરીર દેખાય છે? મારી ભીતરથી કશું એમ નથી કહેતું કે એ મારું શરીર છે."

એક દિવસ ૪૯ મિનિટ સુધી મૃત્યુની પ્રક્રિયામાંથી પસાર થયા. હાથ-પગ ઠંડા પડી ગયા. શરીર જડ થઈ ગયું. હૃદયના, શ્વાસના ધબકારા ધીમા પડયા અને એકાએક બધું થંભી ગયું. મૃત્યુનો અનુભવ કરનાર પણ ત્યાં ન રહ્યો. પાછા ક્યારે અને કેવી રીતે ફર્યા તેની સભાનતા નહોતી.

આઠમે દિવસે શક્તિનો એક પ્રચંડ, રોકી ન શકાય એવો આવેગ અનુભવ્યો. આખું શરીર ફીટ આવતી હોય તેમ ધ્રૂજ્યું. રૂમ, સોફા, આખું વિશ્વ જાણે ધ્રૂજી ઊઠ્યું. દિવસો સુધી આ સ્થિતિ રહી.

તે પછી બધું જ બદલાઈ ગયું. શરીરના કોષેકોષ, રાસાયણિક પ્રક્રિયા, અંતઃસ્રાવી ગ્રંથિઓ, હલનચલન બધું જ. ત્રણ વરસ સુધી આ ચાલ્યું. ત્યાર પછી એક સહજ અવસ્થામાં હંમેશ માટે રહ્યા. ચેતનાની આ મૂળ, આદિમ, પ્રાકૃત સ્થિતિ છે. "આ સારું, આ ખરાબ' એવું તોલનારું કહેનારું, કેન્દ્ર જ વિલુપ્ત થઈ ગયું. આખો જુઓ, પણ જોનાર કોઈ નહીં. વસ્તુ ઉપર નજર મંડાય પણ તેનું નામકરણ ન થાય. ગાય, ઘોડો ગયેડો-નામથી શું ફરક? ઈન્દ્રિયો પોતાના સ્વાભાવિક લયમાં કામ કરે છે. ઈન્દ્રિયોના સંદેશનો અનુવાદ કરનાર, અર્થઘટન કરનાર ત્યાં કોઈ રહેતું નથી. ચેતના પોતાની શુદ્ધ પ્રાકૃત સ્થિતિમાં રહે છે. આ સ્થિતિમાં પાગલ અને શિશુનું જાણે સંમિશ્રણ થાય છે! ઈન્દ્રિયો ખૂબ સતેજ ને સંવેદનશીલ બની ગઈ.

યુ. જી. કહે, "અહીં સુધી મારી કથા છે. પછી તેમાં કશું ઉમેરાતું નથી. મારી પાસે આવી લોકો પ્રશ્નો પૂછે તો ઉત્તર આપું છું. ન આવે તો મારે મન કશો ફરક નથી પડતો. ભાષણો આપતો નથી. લોકોને મોક્ષ આપવાના 'પવિત્ર ધંધા'માં હું નથી પડયો. માનવજાત માટે મારી પાસે કોઈ સંદેશો નથી. મારી જાતને હું કોઈ સાથે સરખાવતો નથી. પ્રબુદ્ધ થવા માટેની બધી તરકીબો બકવાસ છે. સજાગતા કેળવવાથી માનસિક પરિવર્તન (મ્યુટેશન) સંભવે તે વાત નકામી છે. માત્ર દૈહિક પરિવર્તન જ શક્ય છે. આ દૈહિક પરિવર્તન કયાં તો આનુવાંશિક કારણોને લઈને કે કોઈ આકસ્મિક કારણે પરિણમી શકે."

"આ સહજ અવસ્થાનો તમે આદર્શ ન બનાવી શકો. એ અચાનક, અકારણ ઘટે છે. તમારી સહજ અવસ્થા બીજાની અવસ્થા કરતા તદ્દન ભિન્ન હશે. કારણ તમે પોતે વિશિષ્ટ (યુનિક) છો. એ સ્થિતિ માટે કોઈ સાધના, કોઈ મંત્ર, તંત્ર, જપ નથી; બલ્કે એ સૌ, અને તમારો મુક્ત થવાનો પ્રયત્ન પણ, એ અવસ્થાને અવરોધે છે. તમારી ચેતનાને પ્રદૂષિત કરે છે. બીજાની સાથે જાતને સરખાવવાનું છોડી તમે જ્યારે તમે જ રહો છે અને સમસ્ત માનવજાતિના બધા સંસ્કારો ને ભૂતકાળ તમે ખંખેરી નાખો ત્યારે એ અવસ્થા સંભવી શકે. તમે જે નથી તે થવાનો પ્રયત્ન, જાતનું પરિવર્તન કરવાની બધી મથામણ એ માટે બાધક બને છે. આ અવસ્થા નિર્વિચારની અવસ્થા નથી. નિર્વિચારની અવસ્થાના તૂતથી નિઃસહાય હિંદુઓને સદીઓથી છેતરવામાં આવ્યા છે. દેહ મડદું ન થાય ત્યાં સુધી વિચારવિહીન દશા સંભવી શકે નહીં. જીવવા માટે વિચારની આવશ્યકતા છે પણ આ અવસ્થામાં વિચારો તમારું ગળું ઘૂંટતા નથી. તમે જ્યારે બધા જ પ્રયત્નોથી થાકીને, લાચારીને નિઃસહાય થાઓ ત્યારે એ સ્થિતિ સંભવી શકે."

યુ. જી. પૂછે છે, "તમારી ખોજ શાની છે? શું જોઈએ છે તમને? કશું જોઈતું હોય તો પહેલી શરત એ છે કે જે કશાને તમે વળગી રહ્યા છો તે સૌને બેગણિસ્તરા સાથે ફગાવી દો. બીજું, એ પામવા માટે તમે જે કંઈ કરો છો તે બધું જ બાધક બને છે. તમે હરહંમેશ એ આશામાં જીવો છે કે આજે નહીં તો કાલે, વધુ ને વધુ પ્રયત્નથી એક યા બીજા ગુરુ પાસેથી તમને એ સ્થિતિ પ્રાપ્ત થશે. કોઈ પણ માર્ગ પર તમે (તે માર્ગ ગમે તે હોય) ચાલી રહ્યા હો તો આટલું જાણજો કે દરેક માર્ગ તમને ગેરરસ્તે દોરી જશે. મારી વાતોમાંથી પણ કશું શોધવા જશો તો ભૂલા પડશો. તમને મુક્તિ આપનાર હું કોણ? શેનાથી ? મોક્ષ જેવી કોઈ વસ્તુ નથી એ જ્ઞાન એ જ મુક્તિ છે."

એક બીજી જગ્યાએ કહે, "સીગરેટના ખોખા પર મૂકવામાં આવતી જાહેરખબરની જેમ તમને ચેતવણી આપું છું. કોઈની પણ પાસેથી તમે કશું મેળવી નહીં શકો, કારણ મેળવવા જેવું કશું જ નથી." આ બધા ગુરુઓ જાણે પોતપોતાના બ્રાન્ડની સિગારેટ વેચી રહ્યા છે. દરેક કહે છે કે પોતાની બ્રાન્ડ શ્રેષ્ઠ છે. ને કૃષ્ણમૂર્તિ આવી કહે છે તેમની સિગારેટ નીકોટીનથી મુક્ત છે. આ ગુરુઓ જેવા પ્રખર અહંવાદી (ઈગોઈસ્ટ) બીજા કોઈ નથી. ધીખતો ધર્મધીકાર ધંધો છે."

મૃત્યુ વિષે યુ. જી. કહે, "તમે તમારું મૃત્યુ અનુભવી ન શકો. તમારા જન્મ વખતે તમે હતા? જીવન અને મૃત્યુને તમે જુદા ન કરી શકો. સંચિત જ્ઞાનની ભૂમિકા પરથી અનુભવ કરતું તમારું માળખું પોતાના મૃત્યુની કે મૃત્યુ પછીની સ્થિતિનો (તેમ જ જન્મ પહેલાંની) અનુભવ નહીં કરી શકે. એટલે તે માળખું પુનર્જન્મ

સ્વર્ગ વિ.ની કલ્પના કરે છે. પણ જ્ઞાનથી તમે મૃત્યુને પામી નહીં શકો. જ્ઞાનનો, જ્ઞાનના સાતત્યનો અંત તે મૃત્યુ છે. કદાચ મૃત્યુ જેવું કશું છે જ નહીં. એવું શું છે જે મૃત્યુ પામશે. દેહ પંચમહાભૂતમાં મળી જશે એટલું જે બાળો તો તેની રાખ ભૂમિને ફળદ્રુપ કરશે. દાટશો તો ઈયળ-કીડા એને ખાશે. ડુબાડશો તો માછલીઓને ખોરાક થશે. એક જીવ બીજા જીવ ઉપર નભે છે ને એ રીતે જીવન ચાલુ રહેશે. એ અર્થમાં જીવન અમર (ઈમ્મોર્ટલ) છે. પણ લોકોને માટે મૃત્યુ ભયથી વિશેષ કશું નથી, ભય—આ 'હું'ને મરણ પામવું નથી.

એક જ વાક્યમાં તમારો ઉપદેશ શું એમ યુ. જી.ને જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું, "હું તમને કોઈ રીતે સહાયરૂપ થઈ શકું એમ નથી."

યુ. જી. આમ તો સ્વીટઝરલેંડમાં રહે છે ને ત્યાંની ઠંડીથી બચવા આપણા દેશમાં આવે છે. પ્રવચનો કરતા નથી ને વાતચીતનું માધ્યમ ઈંગ્લીશ હોવાથી આ દેશના સામાન્ય જનથી ચારપૃષ્ટને આબાજાણ જ રહ્યા છે.

આપણી માન્યતાઓના ચોકઠામાં યુ. જી. સહેલાઈથી ગોઠવાઈ શકે એવા નથી. સમજવા સરળ નથી.

આધ્યાત્મિક ખોજમાં અનેક પુસ્તકો, અનેક ગુરુસંતો આપણને મળે છે. જે. કૃષ્ણમૂર્તિએ આવી શાસ્ત્રોનો, ગુરુનો, સંસ્થાનો છેદ ઉડાવ્યો. યુ. જી. આવી હવે કૃષ્ણમૂર્તિનો પણ છેદ ઉડાવી દે છે. રજનીશજી કૃષ્ણમૂર્તિથી શરૂઆત કરી પછીથી એની કેડી પણ ઉડાવી શકે! જીજ્ઞાસુઓએ આખરે તો પોતે જ સત્ય શોધી કાઢવાનું રહે છે. ત્યારે પણ યુ. જી. તો કહેશે, "પરમ સત્ય જેવી કોઇ વસ્તુ જ નથી."

દૂર અને નજીકના ઈતિહાસના બે પાનાં

.. ▯ ક્રાન્તિ ભટ્ટ

બ્રિટન અને અમેરિકામાં વસવા ગયેલા ભારતીઓ આપણા દેશ માટે ભારતના લેખકો કરતાં વિદેશના લેખકો પાસેથી ભારતની ભવ્યતા વિષે વધુ જાણી લે છે. "ઈન્ડિયા ડિસકવર્ડ: ધી એચીવમેન્ટ ઓફ ધી રાજ" નામનું પુસ્તક લંડન ખાતેના ફેસ્ટીવલ ઓફ ઈન્ડિયાના આયોજન પહેલાં લખાયું હતું. તેમાં ૨૧૭ વર્ષ પહેલાંના ભારતની કેટલીક વાતો લખવામાં આવી છે અને ખાસ કરીને કેટલાક બ્રિટિશ વિદ્વાનોએ ભારત વિષે કેવી ઉટપટાંગ વાતો બ્રિટિશ પ્રજાના મગજમાં ભરાવી હતી તે "ઈન્ડિયા ડિસકવર્ડ" નામનાં પુસ્તકમાં લખ્યું છે. આ પુસ્તકની કેટલીક વાતો આ દૂરના ઈતિહાસમાંથી આપણે જાણીશું. ઉપરાંત તાજેતરમાં પ્રમુખ સાદતના ખૂન પછી ઈજિપ્તનાં હિમતવાન પત્રકાર અને તંત્રી હેયકલને પ્રમુખ મુબારકે જેલમાંથી છોડ્યા પછી તેણે યોહાક તાજો ઈતિહાસની વાત કરી છે તે આ લેખમાં હું આપવા માગું છું.

ઈન્ડિયા ડીસકવર્ડ:— આ પુસ્તકમાં લેખક જેન કી એ ભારતના કેટલાક જૂના બ્રિટિશ ઈતિહાસકારોએ લખેલી જૂઠી વાતોનો ભાંડો ફોડ્યો છે: ૧૭૬૫ માં મોગલ સલ્તનતના છેલ્લા બાદશાહે બંગાળનો વહીવટ ઈસ્ટ ઈન્ડિયા કંપનીને સોંપી દીધો હતો. ૧૭૭૪ માં વોરન હેસ્ટીંગ્ઝને ભારતનો ગવર્નર જનરલ બનાવવામાં આવ્યો હતો. જો કે અત્યારના વિશાળ ભારતનો તમામ ભાગ વોરન હેસ્ટીંગ્ઝના વહીવટ નીચે નહોતો છતાં તેને 'ગવર્નર જનરલ ઓફ ઈન્ડિયા' કહેવામાં આવતો હતો. વોરન હેસ્ટીંગ્ઝ અમુક દૃષ્ટિએ ઘણો ખુલ્લા મનવાળો અને ભારતની સંસ્કૃતિનો ચાહક હતો. તે ભારતની ભાષાઓ અને ભવ્ય સંસ્કૃતિથી પ્રભાવિત થયો હતો અને બ્રિટનથી આવતા દરેક શિખાઉ અંગ્રેજ ઓફિસરને તે ભારતની ભાષાઓ અને રીતરિવાજો શીખી લેવાની ફરજ પાડતો હતો. પણ તે નિષ્ફળ ગયો. કારણ કે જો તે પછીના ૧૨૫ વર્ષ સુધી ભારત વિષે ઘણી અપમાનજનક વાતો ઈતિહાસરૂપે અમુક અંગ્રેજ ઈતિહાસકારો લખવા માંડ્યા હતા.

આ ઈતિહાસકારો પૈકીના 'બદમાશ' ગણી શકાય તેવા ઈતિહાસકાર હતા જેમ્સ મીલ. આ જેમ્સ મીલે ભારતની ધરતી જોઈ નહોતી અને તેને ભારતની કોઈ ભાષાનું જ્ઞાન પણ નહોતું. તે માણસે લંડનમાં બેઠાં બેઠાં "હીસ્ટરી ઓફ ઈન્ડિયા" નામનો ગ્રંથ લખ્યો હતો. એ ઈતિહાસ દરેક બ્રિટિશ ઓફિસરોએ ભારત આવતાં પહેલાં વાંચવો પડતો હતો. જાણે જેમ્સ મીલ કોઈ ઈતિહાસ નહીં પણ તહોમતનામું લખતો હોય તેમ તેમણે આ ઈતિહાસ લખ્યો હતો: સાથે મેકોલે જેવા માણસે પણ ત્યારે લખેલું કે: "હિન્દુ ધર્મ એક એવો ધર્મ છે જે મૂર્ખતાથી ભરેલો છે, નફરત પેદા થાય તેવી વાતો હિન્દુ ધર્મમાં છે અને જગતમાં અધમમાં અધમ કહી શકાય તેવો આ હિન્દુ ધર્મ છે." મેકોલેએ વધુમાં લખ્યું હતું કે "સંસ્કૃત ભાષા સાવ મૂલ્ય વગરની છે અને ઈંગ્લાડમાં જે બાળકો માટેની પાઠમાળા છે તેના કરતાં પણ ક્ષુલ્લક વાતો સંસ્કૃત ભાષામાં લખાયેલ છે." આ પ્રકારે હિન્દુ ધર્મ અને સંસ્કૃતનું અવમૂલ્યન કરીને મેકોલે જ્યારે બ્રિટિશ પાર્લામેન્ટમાં બોલતો ત્યારે તે પુરવાર કરવા માગતો હતો કે ભારતની શાળાઓમાં સંસ્કૃત, પર્શીયન અને અરબી ભાષા શીખવવા ઉપર પ્રતિબંધ મૂકવો જોઈએ. આ ભાષાઓમાં કંઈ દમ નથી.

આ પ્રકારે મેકોલે અને જેમ્સ મીલના બકવાસને કારણે જે પણ બ્રિટિશ ઓફિસરો ભારત આવતા તેઓ ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ઉપેક્ષા સેવતા અને ભારતના લોકોને પણ દીન-હીન સમજતા હતા. ઇતિહાસકાર કોઈ દેશને અને તેની પ્રજાને કેવો અન્યાય કરી શકે છે તેના દાખલા આપીને "ઈન્ડિયા ડીસકવર્ડ"માં જેમ્સ કીએ તે સમયના ઈતિહાસકારોના કૌભાંડને ખુલ્લું કર્યું છે. બ્રિટનની કે ભારતની લાયબ્રેરીમાં જેમ્સ મીલના પુસ્તક હોય તે હટાવી દેવા જોઈએ.

બ્રિટિશ ઓફિસરો ખોટો ઈતિહાસ વાંચીને આવતા હતા એટલે તેઓ ભારતમાં પગલું ભરીને સૌ પ્રથમ તો ભવ્ય ઈમારતોને ઉડાડી દેવાની પેરવી કરતા હતા. રેલવે લાઈન નાંખતી વખતે બ્રિટિશ ઓફિસરોએ જાણી જોઈને ઉચ્ચ કલાકૃતિવાળા ઐતિહાસિક મહેલો અને ઈમારતોને કોન્ટ્રાક્ટરો દ્વારા પડાવી નાખી હતી. બ્રિટિશ ઓફિસરો કોઈ દેશી રાજ્યની જૂની ઈમારતો રહેવા માટે ભાડે રાખતા ત્યારે ભીંત ઉપર ચીતરેલા ઉત્તમ ચિત્રો ઉપર ચુનો લગાવી દેતા હતા. આવા ઘણા ઉત્તમ પેઈન્ટિંગ નષ્ટ થઈ ગયા હતા. ઘણા હિન્દુ મંદિરોને બ્રિટિશ લશ્કર માટેનો કોફીશોપમાં ફેરવી દેવામાં આવ્યા હતા અને એક વખત તો તાજમહાલની એક અટારી ઉપર એક તોછડા બ્રિટિશ ઓફિસરે બોલડાન્સ ગોઠવવાની ધૃષ્ટતા પણ કરી હતી.

આ પ્રકારે ભારતની સંસ્કૃતિને ભાંડનારી ઈતિહાસકારોની ટોળી ઊભી થઈ તેવા વાતાવરણમાં ભારતમાં જોન્સ, ફ્રીન્સેપ, કર્નીંગહામ, ફરગ્યુસન, હોજસન અને હેવેલ જેવા ઘણા તટસ્થ વિદ્વાનો આવ્યા. તે લોકોએ પોતાની આંખો ઘણી ઉઘાડી રાખી છતાં ઉપરના ઈતિહાસકારોએ તેમના મનમાં ઘણો પૂર્વગ્રહ બેસાડ્યો હતો. એટલે આ વિદ્વાનો પણ ભારતની ભવ્યતાના લખાણ પછી લખતા કે "ભારતમાં આ પુરાણી સંસ્કૃતિ ભવ્ય તો છે જ પણ ભારતના લોકો આવી મૂલ્યવાન સંસ્કૃતિ રચવા માટે બિલકુલ શકિત ધરાવતા નહોતા અને જે કાંઈ સર્જન થયું તે બધું ભારતીય લોકોએ પરદેશની સંસ્કૃતિમાંથી ઉછીનું લીધું છે કે તફડંચી કરી છે." એટલી હદ સુધી આ વિદ્વાનો કહેતા કે બુદ્ધ કંઈ ભારતના નહોતા. બુદ્ધના જન્મ-

સ્થળ માટેના પુરાવા મળ્યા અને બુદ્ધના લખાણો પ્રાપ્ત થયા ત્યાં સુધી આ વિદ્વાનોનું ગપ ચાલ્યું અને બુદ્ધને ભારતના નહિ પણ કોઈ બીજા દેશના જ માનવ માનવામાં આવતા હતા. સાંચીની એક ધડ વગરની મૂર્તિ જે અત્યારે વિક્ટોરીયા-આલ્બર્ટ મ્યુઝિયમમાં રાખવામાં આવી છે અને જે ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયામાં આપણા ક્રિકેટરો જોશે તે ભારતના કોઈ કારીગરે બનાવી નથી પણ તે કોઇ ગ્રીક કારીગરની છે તેમ પુરવાર કરવા પ્રયાસ થયો હતો. ઇન્દિરા ગાંધીએ પણ આ અત્યંત કલામય મૂર્તિ આલ્બર્ટ મ્યુઝિયમમાં જોઇ. એ મૂર્તિ તો ખરેખર ભારતે બ્રિટન પાસેથી પાછી માગવી જોઇએ કારણ કે તે મૂર્તિ ભોપાળ ખાતેના બ્રિટિશ એજન્ટ જનરલ કીનચેડ પોતાના અંગત સામાન તરીકે લંડનમાં લઇ ગયા હતા. આ મૂર્તિ આલ્બર્ટ મ્યુઝિયમે તે સમયે ૮૦ પૌંડમાં એટલા માટે ખરીદી હતી કે તે મૂર્તિ "ગ્રીક કારીગરની બનાવેલી છે" સાંચીની ટેકરીમાંથી પછી જ્યારે બોધિસત્વની મૂર્તિ તેના મૂળ સ્વરૂપે મળી આવી ત્યારે જ કેટલાક વિદ્વાનોને પ્રતીતિ થઇ કે ૯૦૦ની સાલમાં રચાયેલી આ મૂર્તિને ગ્રીક કળા સાથે કોઈ લેવા દેવા નથી. તે મૂર્તિ ભારોભાર ભારતીય કલાના દર્શન કરાવે છે.

સૌથી વધુ ગપગોળા તાજમહાલ વિશે ચલાવવામાં આવ્યા હતા. તાજમહાલનો આરસપહાણ છે તે બધા ઉપરનું કામ ઈટાલીથી આયાત કરેલા કારીગરોએ કર્યું હતું તેમ પણ આ ઈતિહાસકારોએ લખ્યું હતું. ૧૫મી સદીથી જ ભારતમાં આવું કલાકામ કરનારા કારીગરો કરતા હતા અને ઈટાલીમાં તો છેક સોળમી સદીમાં આવું કામ થતું હતું તે જાણવાની ફુરસદ આ જૂઠા ઈતિહાસકારોને નહોતી. જ્યારે હિન્દુ શીલ્પી ગોને લખેલા પુરાણા શીલ્પશાસ્ત્રના ગ્રંથો મળી આવ્યા ત્યારે જ તાજમહાલ ઉપરની કારીગરી પૂર્ણપણે ભારતીય કારીગરોની છે તે વાત સ્વીકારાઈ હતી. ઉપરાંત તાજમહાલ બાંધનારા હિન્દુ શીલ્પીનો જ હતો તે વાત પુરવાર થઈ. આ બધું પુરવાર થયું છતાં ભારતીય સંસ્કૃતિ અધમ બની ગઈ છે અને તે ધીરે ધીરે નષ્ટપ્રાય: થઈ રહી છે તેમ પણ આ કહેવાતા વિદ્વાનોએ લખ્યું હતું. બ્રિટિશ લશ્કરે શાહજહાંબાદ (જૂનું દિલ્હી) નષ્ટ કર્યું અને પછી નવી દિલ્હીમાં બ્રિટિશ આર્કિટેક્ટ લ્યુટને નવી ઈમારત બાંધી (અત્યારનું રાષ્ટ્રપતિ ભવન) ત્યાં સુધી ભારતની સંસ્કૃતિને વખોડવામાં આવતી હતી. હેવેલ નામના વિદ્વાને પછીથી ભારતીય સંસ્કૃતિની ભવ્યતા સ્વીકારીને કહેલું કે લ્યુટને બાંધેલી ઈમારત પૂર્ણપણે ભારતીય શીલ્પી ગોને સોંપાઈ હોત તો વધુ ભવ્ય બનત!

૧૮મી સદીની આખર સુધી યુરોપમાં ભારત વિશે લોકોને ખાસ કંઈ જાણ નહોતી. સંસ્કૃતિ વગરના એક જંગલી દેશ તરીકે યુરોપના લોકો ભારતના ઓળખાતા હતા. પંજાબ ઉપર ઈસ્વીસન પૂર્વે ૩૨૬માં સિકંદરે હુમલો કર્યો અને તે પછી હારીને તે પાછો આવ્યો ત્યારે જ ભારતની ભવ્યતાની યુરોપના લોકોને થોડી જાણ થઈ. બ્રિટિશ સલ્તનતે ભારતની આ સંસ્કૃતિને દબાવવા ઘણી કોશિશ કરી છતાંય બ્રિટનના ઉંગળીને જેટલા વિદ્વાનોએ આખરે ભારત વિશેની સાચી વાતો જગત સમક્ષ મૂકી અને તેના પરિણામ સ્વરૂપે અત્યારે લંડન-લાયબ્રેરીમાં ભારત વિશેના પુસ્તકો માટે જે જગ્યા ફાળવાઈ છે તે ચીનના ઈતિહાસના પુસ્તકો કરતાં પાંચ ગણી છે.

'ઇન્ડિયા ડીસ્કવર્ડ' નામના પુસ્તકમાં જોન કી એ ઉપરની બધી વાતનો સ્ફોટ કરીને ભારતની કલા, સંસ્કૃતિ અને ભારતીય લોકો વિશેની સાચી વાતો લખી છે. મેક્રોલેએ ઘણા ધમપછાડા કર્યા છતાં ભારતીય શીલ્પકામની મૌલિકતા આગે તે કાંઈ ખોટો પ્રચાર કરી શકયા નહિ. આખાને આખા પથ્થરની સળંગ કમાનો અને ઘુમ્મટવાળી હવેલીઓ સૌ પ્રથમ ભારતના જ શીલ્પીઓ બાંધી શકયા હતા તે વાત મેક્રોલેએ સ્વીકારવી પડી હતી. જગતના બે મહાન ધર્મોનું જન્મસ્થાન (જૈન અને બૌદ્ધધર્મ) ભારતમાં હતું તે વાત તેણે સ્વીકારવી પડી. ભારતમાં જ એલજબ્રાની શોધ થઈ હતી અને ભારતમાં ખગોળશાસ્ત્રનું ઊંડું જ્ઞાન લોકોને હતું તે વાત પણ છેવટે સ્વીકારવી પડી.

ખરેખર આવું સુંદર પુસ્તક લખવા માટે જોન કીના આપણે ઋણી બન્યા છીએ.

તાજેતરનો બીજો ઇતિહાસ ભારતને લગતો નથી પણ ઇજિપ્તમાં પ્રમુખ સાદતના ખૂન પહેલાંની અને પછીની વાતો મુસ્લિમ જગતમાં સૌથી વધુ પંકાયેલા પત્રકાર અને તંત્રી મોહમ્મદ હયકાલે લખી છે. ઇજિપ્તના પ્રમુખ નાસરના નિકટના મિત્ર ગણાતા મોહમ્મદ હયકાલ જ્યારે પછીથી પ્રમુખ સાદતના ટીકાકાર બન્યા ત્યારે હયકાલને બીજા પંદરેક લેખકો સાથે જેલમાં નાખ્યા હતા. "અલ અહરામ" નામનું મોહમ્મદ હયકાલનું દૈનિક આરબ જગતમાં ખૂબ પ્રતિષ્ઠિત હતું. ૩જી સપ્ટેમ્બર, ૧૯૮૧ના રોજ હયકાલને જેલમાં નખાયા પછી ૩૪મે દિવસે સાદતનું ખૂન થયું હતું. આ ખૂનની આગાહી હયકાલે કરેલ. તેમણે કહેલું "જ્યારે પણ પ્રમુખ સાદત ઇજિપ્તના વગદાર વિદ્વાનો ઉપર હાથ મૂકીને તેને જેલમાં નાખશે ત્યારે તેના જીવનનો અંત આવશે." હવે જેલમાંથી છૂટયા પછી હયકાલે બીજી આગાહી કરી છે કે આવતા ૨૦ વર્ષમાં ઇઝરાયલ તેના અણુબોંબનો ઉપયોગ આરબ દેશો સામે કરશે.

મહમ્મદ હયકાલ તેની ડાયરીમાં લખે છે કે "સાદતના ખૂન માટે ઇજિપ્તના લોકો નહિ પણ અમેરિકાના પત્રકારો અને ટેલિવિઝનવાળા જવાબદાર છે. વોલ્ટર ક્રોંકરી, બાબેરા વોલ્ટર્સ, અને ન્યુઝવીક અને 'ટાઇમ' મેગેઝિનના તંત્રીઓએ ઇજિપ્તના લોકોની લાગણી જાણ્યા વગર નાહકના સાદતને ભવ્ય બતાવવા માંડયા હતા. આ અમેરિકન પત્રકારો સાદતની ખુલ્લેઆમ ખુશામત કરતા હતા. સાદતના અહમ્‌ને પોષતા હતા કારણ કે અમેરિકન સરકાર અને અમેરિકન વેપારીઓને સાદત પાસેથી લાભો ખાટવા હતા. આ અમેરિકન પત્રકારો સાદતની નબળાઇને જાણતા હતા. સાદતને કીર્તિ અને ખુશામતનો શોખ હતો... આ ખુશ મત કેટલી હદે થતી હતી તેનો એક દાખલો જુઓ... એક વખત પ્રમુખ રેગને સાદતને કહેલું– 'સારું છે કે મારે તમારી સામે ચૂંટણી લડવાની નથી. નહિતર તમારી જેવા ભવ્ય પુરુષની સામે હું હારી જ જાઉં.' એક અમેરિકન રાજપુરુષે ખુશામત કરતાં સાદતને કહેલું: 'અમારે તમારા ડહાપણમાંથી ઘણું શીખવાનું છે!' આવું કહી કહીને અમેરિકનો સાદતનો ઉપયોગ કરતા હતા... મને થાય છે કે એક વખત સાદતે મારી સાથે સારા સબંધો હતા ત્યારે કહેલું કે- "ટાઇમના કવરપેજ ઉપર નાસરનો ફોટો ચાર વખત છપાયો છે ત્યારે મારો ફોટો છ વખત છપાયો છે.' સાદત પોતાને એક પવિત્ર રાજા તરીકે ખપાવવા માંડયા હતા."

મોહમ્મદ હયકાલે લખેલી તેની ડાયરી ઉપરથી જગતના ઘણા રાજપુરુષોએ ચેતવા જેવું છે. અમેરિકન કે બ્રિટિશ વર્તમાનપત્રો કોઈપણ રાજપુરુષનાં ભારોભાર વખાણ લખે ત્યારે તેમનાં મગજમાં ચઢ ચઢાવતાં પહેલાં જાણી લેવું જોઇએ કે આ બ્રિટિશ કે અમેરિકન અખબારો કંઈક મોટો લાભ ખાટવા માટે કે પોતાને ભ્રમમાં પાડવા માટે આ બધું કરી રહ્યા નથી ને? પાકિસ્તાનના પ્રમુખ યાહ્યા-ખાનની આવી હાલત અમેરિકા અને બ્રિટનના અખબારે કરી હતી.

ભૂલસુધાર

ગતાંકમાં "પ્રેમળ જ્યોતિ" ની પ્રવૃત્તિને સ્ટોલો માટે દાનો મળ્યા છે. તે નામોમાં એક નામ શ્રી મનમોહનદાસ ડી. ગાંધી નહિ પરંતુ શ્રી મનમોહનદાસ ડી. સંઘવી વાંચવું.

ગાલીબની ફૂલપાંખડી

☐ હરીન્દ્ર દવે

[૨]

દરપે રહેને કો કહા ઔર કહકે એસા ફિર ગયા,
જિતને અરસેમેં મેરા લિપટા હુઆ બિસ્તર ખુલા,

જીવન કેટલું ક્ષણભંગુર છે એ વાત કવિને કહેવી છે, પણ કવિ નિવેદનથી કામ નથી લેતો. સૂચનથી પણ કામ નથી લેતો. એ તો કોઈક અલગારી વાત કહી દે છે અને પછી જાણે આપણને કહે છે: તમે સમજી લ્યો, મારે જે કહેવું છે એ.

કવિ અહીં કહે છે: મને તમે તમારા દરવાજા પર રહેવાની અનુમતિ આપી. પણ તરત જ તમે તો વચનમાંથી ચલિત થયા; કહ્યું હતું એમાંથી ફરી ગયા. હજી મેં લપેટેલો બિસ્તર ખોલ્યો, ત્યાં તો તમે તમારી અનુમતિ પાછી ખેંચી લીધી.

બિછાનાને પાથરવા જેટલો સમય થાય, એટલા જ સમયની જિંદગી છે. માણસને દુનિયામાં આવવા કહેવાય છે. એ હજી પોતાનો પથરાટ પૂરો પણ ન કરે, ત્યાં તો એને દુનિયામાંથી વિદાય લેવાનો સમય આવી પહોંચે છે. એ બિછાના પર આરામ લેવાનો મોકો તો તેને મળતો જ નથી. જન્મ અને મૃત્યુ: આ બે બિંદુઓ વચ્ચે પથરાતું જીવન તો ઝાકળની માફક હજી પ્રગટે તેવું જ ઊડી જાય છે.

શાહિદે હસ્તિ-એ-મુતલક કી કમર હે આલમ,
લોગ કહેતે હે, કિ હે: પર હમે મંજૂર નહીં

ગાલિબની ગહનતા આસ્વાદ્ય હોય છે: એમાં પણ એ સરળતાના વાઘા ઓઢીને આવે, ત્યારે એની સંકુલતા ઓર દિલચશ્પ બની જાય છે. એક સરળ અતિશયોક્તિનો આધાર લઈ કવિ અહીં વાત કરે છે. આ દુનિયા પરમ પુરુષની કમર છે. લોકો કહે છે કે એ છે, પણ મને એ મંજૂર નથી

કવિઓ અતિશયોક્તિમાં પ્રિયતમાની નાજુક કમરને જાણે કમરનું અસ્તિત્વ જ ન હોય એવી બનાવી દે છે.

ગાલિબ અહીં પૃથ્વીની—આ આલમની વાત કરે છે. આ આખીયે આલમ જાણે કે કોઈ પરમ તત્ત્વની, પરમ શક્તિની કમર છે. લોકો એ છે એમ માને છે, પણ ખરેખર તો જાણે એ છે જ નહીં!

લોકોને મન આ દુનિયા છે: પણ મર્મની બરાબર જાણે છે કે આ દુનિયા જેવી કોઈ જ હસ્તી નથી. આ બધું જ એ પરમ પુરુષની લીલારૂપ છે.

વાદા આનેકા વફા કીજે, યહ કયા અંદાજ હય!
તુમને કયોં સોંપી હે મેરે ઘરકી દરબાની મુઝે?

આ શેર વાંચી તમે હસશો કે રડશો?

કવિ એક વિનોદપૂર્ણ ઉપમાથી વાત કરે છે. પણ જે કહે છે એ કરુણતમ છે.

એ પ્રિયતમાને કહે છે: 'તમે મિલનનો કૉલ આપ્યો છે, તો પૂરો કરો. આ તમારી કેવી રીત છે! તમે મારા ઘરની ચોકીદારી કરવાનું કામ મને શા માટે સોંપી રાખ્યું છે?

પ્રતીક્ષા છે. કોઈક આવવાનું છે. દરવાજા પર જ ઊભા રહેવાનું નિર્માણ છે. પણ દરવાજા પર સતત ઊભા રહેવાને કારણે પોતે જ પોતાના ઘરનો દરવાન હોય એવી સ્થિતિ થઈ ગઈ છે. એટલે પ્રિયતમાને ઠપકો આપે છે.

આ જ ઠપકો પ્રભુને આપ્યો હોય એ રીતે આ શેરને વાંચી જુઓ. પ્રભુના સાક્ષાત્કારની આશામાં દેહની તમામ પ્રકારની અશુદ્ધિઓ સામે ચોકી કરતો ભક્ત આવો ચિત્કાર કરે, ત્યારે પણ કોઈક અર્થ અવશ્ય નીકળે છે.

જી ઢૂંઢતા હે ફિર વહી ફુરસત કે રાતદિન
બૈઠે રહે તસવ્વુરે જાનાં કિયે હુએ.

તદ્દન સરળ શેર છે, પણ એમાં એક શબ્દ એવો છે જેના પર આખા યે શેરની કવિતા ટકી રહી છે. 'ફિર' શબ્દ એમાંથી કાઢો, અને આખા યે શેરની ગહનતા ચાલી જાય.

પ્રેમની મુગ્ધતાનો એક જમાનો હોય છે ત્યારે માણસને એટલી નિરાંત હોય છે અથવા માણસ આટલી નિરાંત મેળવી લે છે કે રાત દિવસ પ્રિયતમાની કલ્પનામાં કયાં વીતે એની જ ખબર પડતી નથી! પ્રિયતમાની કલ્પનામાં જ એ બેસી રહે છે.

આ મુગ્ધ દિવસો વધુ રહેતાં નથી. પ્રેમની નિર્દોષતા કાયમ રહેતી નથી હૃદયની દુનિયા પર બુદ્ધિના પહેરેગીરો ઝાઝો સમય ગાફેલ રહેતા નથી. પછી પણ પ્રેમ હોય છે. પણ પ્રેમની એ મુગ્ધતા કયાં રહી? ભવભૂતિના રામની માફક આપણે પણ નિ:શ્વાસ મૂકીએ છીએ: 'તે હિ નો દિવસા ગતા'—એ દિવસો હવે ગયા.

દુનિયાદારીની ભીડ પ્રેમની મુગ્ધતાને ટકવા દેતી નથી, ત્યારે ફરી એકવાર એ મુગ્ધતા માટેની ખોજ હૃદયમાં કોક ઊંડાણમાંથી આરંભાયા વિના રહેતી નથી. આ 'ફરી' શબ્દનો મહિમા ન સમજાય તો તમે સદ્‌ભાગી છો: હજી પ્રેમના મુગ્ધ દિવસોમાં છો. સમજાય તો આ નિસાસો તમારા હૃદયમાંથી કવિએ સવાસો વરસ પહેલાં ખેંચ્યો હતો.

દિવસે ઉકા લુત્ફ એ જલ્વા એ મ'આની,
ગે-એ-ગુલ આઈના એ બહાર નહીં હે.

હૃદયમાંથી અર્થના ચહેરાઓનો આનંદ પ્રગટ થઈ રહ્યો છે: વસંતનું દર્પણ ફૂલ વિના બીજો કોઈ અર્થ નથી.

માત્ર આટલો અર્થ વાંચ્યા પછી—માત્ર આ ભાવને મનમાં આત્મસાત્ કર્યા પછી બીજું કશું કહેવાનું મન થતું નથી.

કવિ અર્થના ચહેરાઓ જેવો શબ્દ વાપરે છે. કવિતા વાંચો ત્યારે તમે ઠંડાગાર શબ્દો નથી વાચતા, ચહેરાઓ વાંચતા હો છો, સંવેદના વાંચતા હો છો. વસંતનું દર્પણ ફૂલ એમ કહીને કવિતાનું દર્પણ મન એમ તો કવિ સૂચવે છે, પણ મન વિવિધ અર્થોને પ્રતિબિંબિત કરતા ફૂલોને સમાવી શકે એવું ઉદ્યાન હોવું જોઈએ. ☐

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટે. નં.: ૩૫૦૨૯૬: મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૬ : અંક : ૩

મુંબઈ ૧ જૂન, ૧૯૮૨, મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ : પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

ચાર રાજ્યોમાં ચૂંટણી

[] ચીમનલાલ ચકુભાઈ

ચાર રાજ્યો – પશ્ચિમ બંગાળ, કેરળ, હરિયાણા અને હિમાચલ પ્રદેશ – માં ધારાસભાઓની ચૂંટણી થઈ. તે સાથે દસ રાજ્યોમાં ૧૧ વિધાનસભા અને ૭ લોકસભાની પેટાચૂંટણીઓ થઈ. પરિણામો આશ્ચર્યજનક નથી તેમ નિરાશાજનક પણ નથી.

પશ્ચિમ બંગાળમાં સામ્યવાદી મોરચાને ૨૯૪માંથી ૨૩૮ બેઠક મળી. કોંગ્રેસ અને તેના સાથીઓને ૫૪, અન્ય ૨. પશ્ચિમ બંગાળના ચૂંટણીપ્રવાસ દરમિયાન સામ્યવાદી પક્ષ ઉપર પ્રહારો કરવામાં ઈન્દિરા ગાંધીએ બાકી રાખી ન હતી. સામ્યવાદી પક્ષ હારી જાય એવી તો કોઈ શક્યતા જ ન હતી, પણ ૩/૪ બહુમતી મળશે એવું સામ્યવાદી પક્ષે પણ ધાર્યું નહિ હોય. પશ્ચિમ બંગાળમાં સામ્યવાદના મૂળ હવે એટલા ઊંડા ગયા માનવા જોઈએ કે ત્યાં સામ્યવાદી પક્ષનું શાસન લાંબો સમય રહે એ હકીકત સ્વીકારવી જોઈએ. ચૂંટણી મારફત સામ્યવાદીઓ સત્તા પર આવે તે નવો પ્રયોગ છે. આપણે ત્યાં લોકશાહી છે તેથી જ શક્ય છે, એક રીતે આવકારદાયક છે. બીજા દેશોમાં સામ્યવાદી પક્ષના શાસન સાથે સરમુખત્યારી અને વિરોધીઓનું દમન તથા તેમના ઉપર અત્યાચારોનો અનુભવ છે. અલબત્ત, બંગાળમાં સામ્યવાદી પક્ષ આપણા બંધારણના માળખામાં રહી, શાસન કરવાનું છે. આપણા બંધારણમાં રાજ્યોની સત્તા મર્યાદિત છે, કેન્દ્રને વિશાળ સત્તાઓ છે. છતાં, પોતાની મર્યાદામાં રહી, બંગાળનું સામ્યવાદી શાસન, સામ્યવાદી નીતિને વધુમાં વધુ અમલમાં લાવવાનો પ્રયત્ન કરી શકે અને કેન્દ્ર અને રાજ્યના સંબંધો સતત તંગ અને સંઘર્ષવાળા રહે, જ્યોતિ બસુ હવે, શાસન કરશે. આ પ્રયોગ જોવા જેવો થશે.

ઈન્દિરા ગાંધીના ચૂંટણીપ્રચારનો એક મુખ્ય મુદ્દો એ હતો કે કેન્દ્રમાં જે પક્ષનું શાસન હોય તે જ પક્ષનું શાસન રાજ્યોમાં પણ હોય તે પ્રજાના હિતમાં છે. આ મુદ્દા પાછળ એક છૂપી ધમકી રહેલી છે કે રાજ્યમાં અન્ય પક્ષનું શાસન હશે તો કેન્દ્રની પૂરી સહાનુભૂતિ અને સહકાર નહિ રહે. આવી માનસિક સ્થિતિ સ્વાભાવિક છે. વિરોધ પક્ષને તંગ કરવા, કેન્દ્રનો શાસક પક્ષ બધા પ્રયત્નો કરે. સમવાયતંત્રમાં આવી શક્યતા કલ્પેલી છે, પણ અંતે સરળ શાસનનો આધાર રાજ્ય અને કેન્દ્ર વચ્ચેના સહકાર ઉપર નિર્ભર છે. કેટલાય વિષયો એવા છે કે જેમાં કેન્દ્ર અને રાજ્યને કાયદા કરવાની સમાન સત્તા છે. Concurrent list નાણાકીય પરિસ્થિતિ એટલી બધી સંકળાયેલી છે કે ડગલેને પગલે મતભેદ કે સંઘર્ષ જાગે.

છતાં, આ ચાર રાજ્યોની ચૂંટણી બતાવે છે કે કેન્દ્ર અને રાજ્યોમાં એક જ પક્ષ સત્તા પર હોય તો સારું એ મુદ્દાના પ્રશ્નો અસ્વીકાર કર્યો છે. ચારમાંથી કોઈ રાજ્યમાં કોંગ્રેસને બહુમતી મળી નથી. એટલું જ નહિ પણ કયોય સત્તા પર આવે એવો પણ સંભવ જણાતો નથી. બલ્કે, કેન્દ્ર અને રાજ્યોમાં જુદા જુદા પક્ષ સત્તા પર હોય તેવી પરિસ્થિતિ વધતી જાય છે. તામિલનાડુ અને કાશ્મીર, ત્રિપુરા અને મણિપુરમાં અન્ય પક્ષો સત્તા પર છે. આસામ લાલકઝોલક છે. પૂર્વાંચલના રાજ્યોમાં અસ્થિરતા છે.

કેરળમાં કોંગ્રેસની આગેવાની નીચેના મોરચાને બહુમતી મળી છે એટલે તે મોરચો સત્તા પર આવશે. ૧૪૦માંથી ૭૭ બેઠક આ મોરચાને મળી છે. સામ્યવાદી પક્ષની આગેવાની નીચેના ડાબેરી મોરચાને ૧૯ બેઠક મળી છે. ચાર અપક્ષો છે. કોંગ્રેસનો મોરચો ૧૧ પક્ષોનો શંભુમેળો છે. તેમાં કોંગ્રેસને ૨૦ બેઠક જ છે. દરેક પક્ષ પોતાની કિંમત માંગશે. કિંમત ન મળતા પક્ષાન્તર કરે. કેરળની અસ્થિરતા જાણીતી છે. ત્યાં સામ્યવાદી પક્ષ પણ, બંગાળ પેઠે બહુમતી મેળવી શક્યો નથી. કેરળનું દુર્ભાગ્ય છે કે ત્યાં વધુમાં વધુ- લગભગ ૧૬- રાજકીય પક્ષો છે. કેરળમાં સૌથી વધારે શિક્ષણ છે. કેથલિક ચર્ચ અને મુસલમાનોનું ઠીક જોર છે. ૧૯૭૮ માં સામ્યવાદી પક્ષને ઈન્દિરા ગાંધીએ તે વખતના કોંગ્રેસ પ્રમુખ તરીકે ઉથલાવ્યો ત્યારથી કેરળમાં અસ્થિરતા રહી છે. એ અસ્થિરતા ચાલુ રહેશે એમ જણાય છે. આવા શંભુમેળાનો મોરચો કોઈ સ્થિર કે અસરકારક તંત્ર આપી શકે તેવી શક્યતા નથી.

હરિયાણામાં, આ લખું છું ત્યારે ૯૮ માંથી ૮૯ બેઠકોના પરિણામો જાહેર થયા છે. કોંગ્રેસને ૩૬, લોકદળને ૩૨, ભાજપને પાંચ અને અપક્ષોને ૧૬. એમ લાગે છે કે ભાજપ અને અપક્ષોમાંથી કેટલાક લોકદળને ટેકો આપશે અને લોકદળ સત્તા પર આવશે. હરિયાણા, આયારામ-ગયારામ માટે પ્રખ્યાત છે. હરિયાણાના ત્રણ લાલો- ભજનલાલ, દેવીલાલ અને બંસીલાલ. - કાવાદાવામાં એકબીજાથી ઊતરે એવા નથી. ભ્રષ્ટાચારની સીમા નથી. ત્યાં હજી ચરણસિંહનું વર્ચસ છે. પણ ચરણસિંહ અને દેવીલાલ કયાં સુધી સાથે રહેશે તે વિષે શંકા છે. દેવીલાલને લોકદળમાંથી ચરણસિંહે બરતરફ કર્યા હતા. વળી પાછા લીધા અને દેવીલાલ પાછા આવ્યા. જાન્યુઆરી ૧૯૮૦માં ઈન્દિરા ગાંધી ફરી સત્તા પર આવ્યાં ત્યારે જનતા પક્ષ વતી ભજનલાલ સત્તા પર હતા. સાગમટે પક્ષાન્તર કરી, કોંગ્રેસમાં જોડાયા. દેવીલાલ તેવું નહિ કરે તેની ખાતરી નહિ. તેને કોંગ્રેસનું નેતાપદ આપે અને મુખ્ય મંત્રી થવા દે તો તેમ કરતાં ખચકાય નહિ. જો કે અત્યારે તેમ કરવાની દેવીલાલને જરૂર નથી. પણ ૧૬ અપક્ષો કયાં ઢળશે અને તે કારણે શું ખટપટ થશે તે કહેવાય નહિ.

હિમાચલ પ્રદેશમાં, આ લખું છું ત્યારે, ૬૮ માંથી ૬૬ બેઠકોનાં પરિણામો જાહેર થયાં છે. કોંગ્રેસ અને ભાજપ દરેકને ૨૯,

જનતાને બે અને ૬ આપ્યો. કયો પક્ષ સરકાર રચી શકશે તે કહેવું મુશ્કેલ છે. સંભવ છે ભાજપ બહુમતી કરે. ત્યાં પણ પક્ષાંતરનો રોગ તો છે જ. ત્યાં પણ ઈન્દિરા ગાંધી જાન્યુઆરી ૧૯૮૦ માં ફરી સત્તા પર આવ્યાં ત્યારે, જનતાનું શાસન હતું અને મોટે પાયે પક્ષાન્તરો કરાવી કોંગ્રેસે સત્તા હાંસલ કરી. કોઈ પણ પક્ષ સત્તા પર આવે, ભાજપ કે કોંગ્રેસ, સ્થિરતા નહિ હોય.

ઈન્દિરા ગાંધીના પ્રચારનો એક મુખ્ય મુદ્દો એ હતો કે માત્ર કોંગ્રેસ જ સ્થિર તંત્ર આપી શકશે. પ્રજાને આ મુદ્દાની લાલચ ખેંચી શકી નથી.

વિધાનસભા અને લોકસભાની પેટાચૂંટણીના પરિણામોની ખાસ અસર નથી. લોકસભાની ૭ બેઠકોમાંથી કોંગ્રેસને ત્રણ જ મળી છે. એક પેટા ચૂંટણી - ગઢવાલની - ખાસ ધ્યાન ખેંચે તેવી છે. બહુગુણાને હરાવવા કોંગ્રેસે બહુ ફાંફાં માર્યાં. સારી બહુમતીથી બહુગુણા ચૂંટાયા - બહુગુણાની લોકપ્રિયતા છે કે કોંગ્રેસ પ્રત્યેનો અણગમો છે તે કહેવું મુશ્કેલ છે. પણ કોંગ્રેસે આ બેઠકને પ્રતિષ્ઠાની ગણી હતી અને પોતાની બધી શકિત લગાડી હતી તો પણ હાર ખાધી તે સૂચક છે. હિમાલયની તળેટીનો આ વિસ્તાર, ખૂબ પથરાયેલ મત વિસ્તાર અને ગરીબ તથા પછાત પ્રજા, છતાં કોંગ્રેસ સફળ ન થઈ.

આ ચૂંટણીનો બોધપાઠ શું છે?

સૌથી અગત્યનો બોધપાઠ એ છે કે દેશમાં હજી લોકશાહી જીવંત છે. સારા પ્રમાણમાં મતદાન થયું. એકંદરે સ્વતંત્ર રીતે મતદાન થયું. લોકો કોઈ આવેશ કે મોજામાં તણાઈ ગયા નથી. ઈન્દિરા ગાંધીનો જાદુ રહ્યો નથી. અસ્થિરતા રહે તેની લોકોએ ચિંતા કરી નથી. કોઈ એક પક્ષને જ પસંદ કરવો એવું વલણ નથી. ભય, ધાકધમકી ને પૈસાની લાલચ બહુ કામ લાગી હોય તેમ જણાતું નથી. કોમવાદ રહ્યો છે, પણ ચિંતા કરાવે એટલો નહિ.

કોંગ્રેસના આંતરિક વિખવાદો બધે ઉપરી આવ્યા. ટિકિટ ન મળી એવા પણ બળવો કરી, અપક્ષ તરીકે ઊભા રહ્યા અને કેટલેક સ્થળે પક્ષનાં ઉમેદવારોને હરાવ્યા. ઈન્દિરા ગાંધીની ધાક નથી રહી. હવે વળી કેટલાક સાથે સમાધાન કરશે. પણ કોંગ્રેસની નિર્બળતા દેખાઈ આવી. ઉમેદવારોની પસંદગીમાં પણ કોંગ્રેસ કોઈ સારું ધોરણ જાળવી શકી નથી. લોકો આ સ્થિતિ પારખી ગયા છે. કોંગ્રેસના ગઢ-કાંગરા ખરતા જાય છે.

વિરોધ પક્ષો છિન્નભિન્ન હતા જ, છતાં હરિયાણામાં લોકદળ અને હિમાચલમાં ભાજપે સારો દેખાવ કર્યો. કેરળમાં ભાજપ સર્વથા નિષ્ફળ ગયું. લોકદળને એક પ્રાદેશિક પક્ષ જ ગણવો જોઈએ. ભાજપ, રાષ્ટ્રીય પક્ષ થવાનો પ્રયત્ન કરે છે. સફળતા મળી એમ ન કહેવાય.

રાજીવ ગાંધીને રાજકીય તખ્તા ઉપર લાવવા સારો પ્રયત્ન થયો. હરિયાણા અને હિમાચલમાં હેલિકોપ્ટરમાં ઘૂમ્યા, પણ કાંઈ છાપ પાડી હોય તેવું જણાતું નથી. કોંગ્રેસમાં ઈન્દિરા ગાંધી એક જ આગેવાન છે તે ફરી સ્પષ્ટ થયું. ઈન્દિરા ગાંધીની શારીરિક અને માનસિક શકિત પ્રશંસા માગી લે તેવી છે.

આ ચૂંટણી, પક્ષ કે કાર્યક્રમને ધોરણે થવાને બદલે, વધારે વ્યકિતગત ધોરણે થઈ છે. ચૂંટણી ઢંઢેરા બહાર પડયા હતા. કોઈએ વાંચ્યા પણ નહિ હોય. ઉમેદવાર કોઈ પણ પક્ષની ટિકિટ ઉપર ઊભો હોય, પક્ષ કે તેના કાર્યક્રમ કરતાં ઉમેદવારની પોતાની લાગવગ અને ખર્ચ કરવાની શકિત ઉપર પરિણામનો આધાર વધારે રહ્યો છે. ૧૯૭૨ માં લોકસભાની ચૂંટણી માટે હું ઊભો રહ્યો ત્યારે, મારો મતવિસ્તાર મારે માટે તદ્દન અજાણ્યો હતો. મારી લાયકાત કરતાં, કોંગ્રેસ નેતા અને કોંગ્રેસ તંત્રની મદદથી જ સફળ થયો એમ કહેવું જોઈએ. અત્યારે હવે તેવું રહ્યું નથી.

Political Fragmentation and Loss of Prestige of Political Parties and Lack of Organisations are increasing. There lies the danger.

અત્યારે અન્ય રાજ્યોમાં ચૂંટણી થાય તો આવાં જ પરિણામો આવે એમ લાગે છે-તો રાજકીય અસ્થિરતા વધતી રહે.

મેં કહ્યું કે પરિણામો અણધાર્યા નથી, નિરાશાજનક નથી, એટલા માટે કે મતદાર જાગૃત છે.

૨૩-૫-૧૯૮૨

પૂરક નોંધ

ઉપરનું લખાણ લખ્યા પછી હિમાચલ અને હરિયાણામાં કોંગ્રેસે સત્તા હાંસલ કરી છે. હિમાચલમાં કોંગ્રેસ અથવા ભાજપ કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી ન હતી. કોંગ્રેસને ૨૯ અને ભાજપને ૨૭ બેઠક મળી છે. ૨ જનતાને અને ૬ અપક્ષો છે. કોંગ્રેસ અપક્ષોને ખેંચી શકી અને જનતા તથા ભાજપ એક થઈ શક્યા તેથી કોંગ્રેસને તક મળી. આટલી પાતળી બહુમતીથી ક્યાં સુધી ટકે છે તે જોવાનું રહે છે.

હરિયાણામાં જે રીતે ભજનલાલનો મુખ્યમંત્રી તરીકે શોગંદવિધિ થયો તે ઘટના કોંગ્રેસ માટે તથા ગવર્નર તપાસે માટે શરમજનક છે. દેવીલાલને સ્પષ્ટ બહુમતી હતી અને સોમવારે સવારે પુરવાર કરવાનું દેવીલાલને આમંત્રણ આપ્યા પછી, અચાનક આણછાજતી ઉતાવળે રવિવારે સાંજે ભજનલાલ દિલ્હીથી પાછા ફર્યા અને એરોડ્રામથી સીધા રાજભવન ગયા અને ગવર્નરે ઝડપથી સોગંદવિધિનું નક્કી કર્યું તે સ્પષ્ટ પુરવાર કરે છે કે ગવર્નરે દિલ્હીના આદેશ મુજબ વર્ત્યા છે. કોંગ્રેસે અને ગવર્નરે લોકશાહીની અને બંધારણની પરંપરાને તિલાંજલી આપી ગમે તે ભોગે સત્તા હાંસલ કરવાનું કર્યું તે કલંક છે. કોંગ્રેસે વિરોધ પક્ષોનો રોષ વ્હોરી લીધો છે અને સંઘર્ષ નોતર્યો છે.

હિમાચલ અને હરિયાણા બન્ને કિસ્સામાં કોંગ્રેસ તંત્ર ઉપર ઈન્દિરા ગાંધીનો કાબૂ રહ્યો નથી તે પુરવાર થાય છે. બન્ને રાજ્યોમાં જે કોંગ્રેસીઓને ટિકિટો મળી ન હતી તે સત્તાવાર ઉમેદવારો સામે ઊભા રહ્યા અને તેમને હરાવ્યા એવા બળવાખોરોને સજા કરવાને બદલે તેમની ખુશામત કરી અને ભારે કિંમત ચુકવી, કોંગ્રેસમાં પાછા લીધા તેમાં કોંગ્રેસ તંત્ર જ ભાંગી પડયું છે અને ઈન્દિરા ગાંધીની કોઈ ધાક હવે રહી નથી. બીજું, બેશરમ રીતે પક્ષાંતરો કરાવ્યા અને તે રોગને ફેલાવ્યો. ચૂંટણીમાં ઈન્દિરા ગાંધીનો જાદુ રહ્યો નથી અને કોંગ્રેસમાં કોઈ શિસ્ત રહી નથી. સત્તાની લાલચ છે ત્યાં સુધી સ્વાર્થી માણસો કોંગ્રેસમાં રહેશે. કેટલી હલકી કોટિના માણસો ધારાસભ્યો થાય છે તે દેખાઈ આવે છે. સારા માણસો પસંદ કરવાની દુર્ભાગ્યે પ્રજાને તક જ મળતી નથી.

૨૭-૫-૮૨

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન તા. ૧૫મી ઓગસ્ટથી ૨૩મી ઓગસ્ટ સુધી - એમ નવ દિવસ માટે - ચોપાટી ઉપર આવેલ બિરલા ક્રિડા કેન્દ્રમાં કરવામાં આવ્યું છે. આમને જણાવતાં આનંદ થાય છે કે આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન ડો. રમણલાલ ચી. શાહે સ્વીકાર્યું છે.

જણાવતાં હર્ષ અનુભવીએ છીએ કે આગામી વ્યાખ્યાનમાળાના સમગ્ર ખર્ચની રકમ પાલણપુરનિવાસી સ્વ. હિમતલાલ ડાહ્યાભાઈ કોઠારીના નામે શ્રી શૈલેષભાઈ દ્વારા મળી છે. ધન્યવાદ સહ અમો તેમનો આભાર માનીએ છીએ.

-મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

☆ સ્વ. શ્રી સંતબાલજીનાં સુવાકયો ☆

□ સંકલન : કે. પી. શાહ

(૧) ભૂતકાળમાં સહન કરેલાં દુઃખોનું સ્મરણ કરી કરીને અથવા ભવિષ્યકાળની ચિંતા કરી કરીને વ્યર્થ દુઃખી થાઓ નહિ. આજનો દિવસ પ્રસન્નતામાં જ ગાળો.

(૨) શોક, ઉદ્વેગ, ચિંતા સર્વેને કાઢી નાખી પ્રસન્નતા રોવો અને વર્તમાનકાળને ઉત્તમ પ્રયત્ન વડે શોભાવો. તમારામાં જેટલું સામર્થ્ય હોય તે સર્વનો ઉપયોગ કરી વર્તમાન સમય શુભ પ્રયત્નમાં ગાળો.

(૩) ગઈ કાલના બનાવો સંભારીને આજે મોં વાળનાર અથવા આવતી કાલની ચિંતાથી આજે થરથર ધ્રુજનાર, વર્તમાનકાળના પુરુષાર્થ, તેના ઉપર પોતાને જ હાથે કુહાડો મારે છે. જો સુખી થવાનો એક જ ઉપાય છે.

(૪) તમારું જીવન ભારેમાં ભારે પ્રશંસા કરવાયોગ્ય બનાવો પરંતુ આ પ્રશંસા બીજાના મુખમાંથી નીકળવી જોઈએ. પોતાના વખાણ મનુષ્ય ત્યારે જ કરે છે કે જ્યારે બીજા કોઈને તેની સ્તુતિ કરવાનું કશું કારણ મળ્યું હોતું નથી.

(૫) યોગનો અભ્યાસ કરીને કે મંત્રની સાધના કરીને કે સંકલ્પ બળ વધારીને ચમત્કારો કરવાનું બળ પ્રાપ્ત કરવું અને તે વડે બીજાઓને ચકિત કરી નાખવા અને તેમને આપણે વશ વર્તાવવા, એવી લગભગ મનુષ્યોને ઈચ્છા હોય છે. પણ જાદુગર થવાને માટે આ મનુષ્યનો દેહ આપણને મળ્યો નથી. સર્વોત્તમ સદ્‌ગુણોથી યુકત ઉત્તમ મનુષ્ય થવા આ જગતમાં આપણું આવવું થયું છે.

(૬) જે જીવન પ્રત્યેક ક્ષણે અધિક અને અધિક સારું થતું જાય છે તે જ જીવન જીવન છે. ઊંચા અને અધિક ઊંચા ઉદ્દેશો પ્રતિ અખંડ ગતિ કરતું જીવન જ યથાર્થ જીવન છે. આવું જીવન જ જીવવાયોગ્ય છે.

(૭) તમારો કોઈ મિત્ર તમારો વિરોધી થયો હોય ત્યારે, તે નિદ્રામાં હોય ત્યારે, તમારા ઘેરમાં બેઠા બેઠા તેના કલ્યાણના સંકલ્પો કરજો. તેના પ્રતિ પ્રેમના વિચારો ફેલાવજો. તેની સાથે તમારા અંતઃકરણથી કશો જ વિરોધ નથી એવું તેને કહ્યા કરજો તો શોમાં નવાણું ટકા તેનો વિરોધ શમી જશે.

(૮) નિદ્રાપૂર્વે શાંતિથી અને અંતરમાં ઊંડા ઊતરી વિચાર કરો છો તેના બીજકો આંતર-મનમાં-મનોભૂમિના અંદરના પરમાં રોપાય છે. કાળાન્તરે તે પ્રત્યેક બીજ મોટા વૃક્ષ રૂપે થઈને તમારા શરીરમાં તથા મનમાં ઊગી નીકળે છે. તેથી નિદ્રાપૂર્વે આત્માને આનંદમય બનાવે તેવા ઉત્તમ વિચારો સિવાય બીજા વિચારો ન જ કરવા જોઈએ.

(૯) જ્યાં લગી આપણે દુઃખોને દુઃખો જ કહ્યા કરીશું ત્યાં સુધી તેઓ આપણને દુઃખ દીધા જ કરવાના. પરંતુ પ્રત્યેક દુઃખ આપણને ઉન્નતિની નિસરણી ઉપર ચઢાવનાર પગથિયું છે એમ જાણી તેનો પ્રેમથી સ્વીકાર કરીશું, ત્યારે તે દુઃખ નાશ પામશે એટલું જ નહિ, પણ ઉન્નતિમાં આપણે એક પગથિયું ઊંચા પણ ચઢીશું.

(૧૦) મનને વિશાળ રાખવું, તેનો અર્થ એવો નથી કે પ્રત્યેક વાતને વંગર વિચાર્યે માની લેવી. તેનો અર્થ એવો છે કે પ્રત્યેક વાતમાં સત્યને, શુભને અને વાસ્તવિક યથાર્થને જોવાનું મનમાં હોવું, વિશાળ મન પ્રત્યેક બાબતમાં જે સર્વોત્તમ અને સુંદર હોય છે તેના પ્રત્યે પોતાની દૃષ્ટિ ઉઘાડી રાખે છે, નિકૃષ્ટને જાણે છે ખરો પણ તેનો તે અવશ્ય ત્યાગ પણ કરે છે અને તે પણ ક્ષમાભાવથી.

(૧૧) બીજા મનુષ્યોએ તમારા માટે બાંધેલા ખોટા અભિપ્રાયને ફેરવવાનો પ્રયત્ન કરવામાં જેમ બને તેમ ઓછો સમય ગાળો; પરંતુ તમારા પોતાના જીવનને ઉત્કૃષ્ટ અને પૂર્ણ કરવામાં જેમ બને તેમ અધિક સમય ગાળો.

(૧૨) જેને આપણે આનંદથી ભોગવીએ છીએ તે આપણાં અંશ રૂપ થાય છે. આથી જે સત્ય છે, શુભ છે અને સુંદર છે તેમાંથી માત્ર આનંદ લેવાનો આપણે પ્રયત્ન કરવો જોઈએ.

(૧૩) જેણે સ્વયં (આત્મા)ને ગુમાવી બધું મેળવી લીધું તેણે ઘણો મોંઘો સોદો કર્યો છે. તે હીરા આપી પાંચીકા (સફેદ કાંકરા) વીણી લાવ્યો છે. તેના કરતાં તો તે જ માણસ સમજદાર છે કે જે બધું ગુમાવીને પણ પોતાને બચાવી લે છે.

(૧૪) તત્ત્વના દર્શન માત્ર વિચારથી થતા નથી, અનુભવથી જ થાય છે. શાંતિ ઈચ્છો છો? તો ધ્યાન રાખજો; જો તમે તમારી અંદરથી મેળવતા નથી તો ક્યાંયથી પણ મેળવી નહિ શકો. શાંતિ કોઈ બાહ્ય વસ્તુ નથી, તે તો પોતાનું જ એવું નિર્માણ છે કે પ્રત્યેક સ્થિતિમાં અન્તસ્ સંગીતપૂર્ણ બન્યું રહે. તે કંઈ ખાલી રિકત્ મનઃસ્થિતિ નથી પરંતુ અત્યંત વિધાયક સંગીતની ભાવદશા છે.

(૧૫) જગતમાં જે કંઈ પણ બહુ મૂલ્યવાન છે. જીવન, સત્ય, પ્રેમ અથવા સૌંદર્ય તેનો આવિષ્કાર પોતાને જ કરવો પડે છે. તેને બીજા કોઈ પાસેથી મેળવવાનો કશો ઉપાય નથી.

(૧૬) યાદ રાખજો જે કંઈ પણ બહારથી મળે છે તે છીનવાઈ પણ જશે, તેને પોતાનું માનવું ભૂલ છે. પોતાનું તો તે જ છે કે જે પોતાનામાં જ ઉત્પન્ન થાય છે. તે જ વાસ્તવિક સંપદા છે. તે સિવાય બીજું કંઈ પણ મળે તો સમજવું કે તેને મેળવવાની દોડમાં આખું જીવન વેડફી નાખ્યું.

(૧૭) પ્રભુ સિવાય-જેવી બીજી કોઈ ચાહ નથી; તે અસંભવ છે. કે તે તેને ન મેળવી લે. બધી ઈચ્છાઓની એક જ ઈચ્છા બનાવવી તેને અભીપ્સા કહેવાય છે. તે અભીપ્સા માણસની અંદર એવી શકિત પેદા કરે છે કે જે તેને પોતાને અતિક્રમી ભાગવત્ ચૈતન્યમાં પ્રવેશ કરવા સમર્થ બનાવે છે.

(૧૮) હું આંખોથી જોઉં છું, કાનોથી સાંભળું છું. પગથી ચાલું છું અને છતાંય હું (આત્મા) બધાથી દૂર છું. ત્યાં ચાલવું, બોલવું, સાંભળવું કંઈ નથી. ઈન્દ્રિયોથી જે કંઈ પણ અંદર આવે તેનાથી અલિપ્ત અને તટસ્થ ઊભા રહેવાનું શીખો આ પ્રમાણે અસ્પર્શિત જળમાં કમળની જેમ પ્રતિષ્ઠિત થવાનું નામ જ સંયમ છે અને સંયમ એ સત્યનું દ્વાર છે.

(૧૯) મૃત્યુથી ભયભીત માત્ર તેઓ જ થાય છે કે જે જીવનને જાણતા નથી, જેનો મૃત્યુનો ભય ચાલ્યો ગયો હોય તો જાણવું કે તે જીવનથી પરિચિત થઈ ગયો છે. મૃત્યુ વેળા જ જાણી શકાય છે કે માણસ જીવનને જાણતો હતો કે નહીં? પોતાનામાં જોવું: જો ત્યાં મૃત્યુનો ભય હોય તો સમજવું કે હજી જીવનને જાણવાનું બાકી છે.

(૨૦) જીવનની સમરસતા અને સમગ્રના પ્રત્યેનો સ્વીકારભાવ તેનું નામ જ સમભાવ છે. તે જ સમાધિ છે. તેમાં 'હું' ભાવ મટે છે અને વિશ્વસત્તાથી મિલન થાય છે. સમભાવ એ જ મોટામાં મોટી સંપત્તિ છે. આનંદ અને અમૃત તેમાંથી જ પ્રાપ્ત થાય છે. ભગવાન કૃષ્ણે ગીતામાં કહ્યું છે સમતા એ જ પરમેશ્વર છે.

(૨૧) ઈચ્છાઓ જ માણસને દરિદ્ર બનાવે છે. તેથી જ યાચના અને દાસતા પેદા થાય છે. પછી તેનો કોઈ અંત પણ નથી. તેને જેટલી છોડો તેટલી વ્યકિત સ્વતંત્ર અને સમૃદ્ધ થાય છે. જે કાંઈ પણ ઈચ્છતા નથી તેની સ્વતંત્રતા અનંત બની જાય છે.

(૨૨) ધૈર્ય એ કાળનું (સમયનું) બીજું નામ છે. કાળ ચક્રવર્તીની સમૃદ્ધિના પર્વતને અને ગરીબાઈની ઊંડી ખાણને બન્ને એકવાર સમાન બનાવી દે છે તો, નાના-મોટા અનિષ્ટ સંયોગોની ટેકરી અને ખાડાને પણ એ જ ધૈર્યરૂપી કાળ સરખા કરી દેશે, પણ તે માટે થોડી રાહ જોવાનું જરૂરી છે.

(૨૩) ક્યાં ત્યાં મનને મોકલવું નહિ. મન એ આપણાં આત્મદેવનો મહાન પ્રતિનિધિ છે. જીવન જ્યાં સુધી સાધનાને પંથે છે ત્યાં સુધી વિકૃતિના વિચારો ઘોડાવેગે આવવાના અને આત્માની પ્રગતિમાં પથ્થરા સમા બનીને પડવાના. એ વખતે વિકૃતિને જોઈ અકળાવું નહિ, બહુ જ શાંત રહેવું. ખૂબ જોરદાર અંધ-દમન ન કરવું, પણ એ વિચારોને દૂર કરવા મનને શાંતિથી સમજાવવું.

(૨૪) જીવનમાં કલહમયું વાતાવરણ દેખાતું હોય તો સમજી લેજો કે તેમાં જવાબદાર તમારી વાણી જ છે. તમારી વાણીના ઉદ્‌ગારોના કોઈક ખૂણેથી દુર્ગંધ નીકળે છે. જે વાતાવરણને પ્રફુલ્લિત રાખી શકતી નથી એટલે વચન ઉપર થોડો કાબૂ મેળવી લ્યો. મૌનીનાં જીવનમાં કલહને સ્થાન લેઈ શકે નહિ. "મૌનિન કલ હો નાસ્તિ."

(૨૫) એકવાર બહાર ફેંકાયેલો શબ્દબાણ કોઈના નાજુક મનને વિંધી નાખે છે. ફેંકી દીધેલું તીર પાછું ખેંચાતું નથી એ તો કોઈના મનને વિંધીને જ જંપે છે. માટે તીર સમી ગતિવાળા શબ્દોને તમારા મુખરૂપ ભાથામાંથી ફેંકવા માંડી પડશો નહિ.

(૨૬) નમ્રતા એ સારી વસ્તુ છે, પણ અતિ નમ્રતા એ ખોખાઈનું સ્વરૂપ છે. મૌન એ સદ્‌ગુણ છે પણ વગર કામનું મૌન એ કપટી માનસનું દ્યોતક છે.

(૨૭) આભ્યંતર તપ સુંદર મજાનો છોડવો છે, પણ તેની સંભાળ તો બાહ્યતપની કાંટાળી વાડથી જ થઈ શકે.

(૨૮) જગતમાં પ્રેમથી (નિર્દોષ સ્નેહથી) અધિક કશું ય નથી, પણ એ પ્રેમમાં વિકાર પેસે તો તેના જેવું અધમ પણ બીજું કાંઈ નથી.

(૨૯) "તૂટતું હંમેશાં સાંધવું" એ આજના પ્રત્યેક માનવનું ભીષ્મ વચન બની જવું જોઈએ. કેમ કે જગત એવું વિચિત્ર છે કે જ્યાં મિત્રનો દુશ્મન બની જતાં વાર જ્યાય લાગતી નથી. થોડી તડમાં તો મોટી ચિરાડો પડી જાય અને ભયાનક આપત્તિના ગૂંચળાં વીંટળાઈ જાય.

(૩૦) આપ્રસન્ન થવાના કરોડો નિમિત્તને લક્ષ્ય કરી નાખવાની આત્માની જે અખૂટ શકિત તે જ ક્ષમા.

(૩૧) આજની દુનિયાને મૈત્રીભાવ ખૂબ જ જરૂરી બન્યો છે. દુનિયાને સુધારવા જવાની જરૂર નથી એનામાં કોઈ ખોડ-ખાપણ નથી. આપણો જ મેળ દુનિયા સાથે ખાતો નથી. માટે જાતને જ સુધારવાની જરૂર છે. મૈત્રીની કેળવણી આત્મ-સુધારણાનો નક્કર પ્રયોગ છે.

(૩૨) દીવીમાં પ્રકાશ છે ત્યાં સુધી જ સામાના દિલમાં પ્રેમ છે. દિલમાં અંધકાર પ્રગટે તે જ ક્ષણે સામાના દિલમાં વહેમોની ભૂતાવળ જાગે છે.

(૩૩) તમે સિંહની જેમ છલાંગ મારી આગળ વધો પણ સિંહની જેમ પાછળ જોવાનું ચૂકતા નહિ. જો તમે તમારા વહી ગયેલા જીવનકાળની પળેપળની નોંધ લેતા નહિ તો તમે સિંહાવલોકન કરનાર નહિ બની શકો અને સિંહ જેવા શૂર બનીને આગળ વધી શકશો પણ નહિ.

(૩૪) માનવીની એક પ્રતિજ્ઞા તૂટે છે ત્યારે હજારો ભાવના, હજારો કામના અને કલ્પના ભાંગીને ભૂક્કો થઈ જાય છે. એક મહાબંધ તૂટે તો કેટલાં ગામ જળબંબાકાર થઈ જાય?

(૩૫) નામ બદલવાથી શું મળે? દુઃખી રહે દિનરાત,
જ્યાં સુધી મનમાં મેલ છે, સુખશાંતિની કેવી વાત?
લક્ષ્મી ઘર ભૂખે મરે, યશદાર થાય બદનામ,
વિદ્યાધર અભણ રહે નામ ન આવે કામ.

(૩૬) સુખ અનંતુ છે; નિજ ઘરમાં પર ઘર દુઃખ, આમારી અહંતા મમતા જડમાં કરે કેમ? કાં કરે જડની યારી આતમ! તું નહિ જડનો ભિખારી.

(૩૭) હંમેશાં પોતાની અંદર ઊંડા ઊતરવા પ્રયત્ન કરો કારણકે જીવન તેટલું જ ઊંચું બને છે, જેટલું તે ઊંડું હોય. જે ઊંચા તો થવા ઈચ્છે છે, પણ ગહરા નહિ, તેમની નિષ્ફળતા સુનિશ્ચિત છે.

(૩૮) પ્રેમ અભય છે. અપ્રેમ ભય છે. જેને ભયથી ઉપર ઉઠવું હોય તેણે સમસ્ત અસ્તિત્વ પ્રત્યે વાત્સલ્ય-પ્રેમથી ભરાઈ જવું પડશે. ચેતનાના આ દ્વારથી પ્રેમ અંદર આવે છે. તો બીજે દ્વારથી ભય બહાર થઈ જાય છે.

દિવસ જોયા

એક દિવસ મેં એવો જોયો
જેમાંથી મેં દિવસ જોયાં.....
હળું હળું અજવાળું લઈને
આવી રહેલા દિવસ જોયાં.....

મરણ નજીક જીવ ફંગોળાયા :
આણુઆણુમાં કંપ થયા!
કાળી રાતની આગ પછીથી
એક જીવ અજંપ થયા!

જીવનમાંથી જીવન લઈને
દૂર જનારા હવસ જોયાં.....
એક અંધારી રાતની ઓથે
કેવાં કેવાં દિવસ જોયાં.....

પ્રાણ નીકળી ગયા નહીં તો
રહી ગયા નીકળવાથી
હવે જનમભર તપતાં તપતાં
લોપ થશું ઓગળવાથી

ઓગળતા માણસની આંખે
સહજ સૂર જમય દિવસ જોયાં... હળું હળું.....

☐ પ્રફુલ્લ પંડ્યા

હોંકારો કરતા રહીએ

□ ઉમાશંકર જોશી

આજે અમે બધા અહીં આવ્યા છીએ તે લોકજાગરણને નામે.

હવે એમને જગાડવા છે કોને અને પકડે છે લોકને. જગાડવું છે રાજાને, પણ એ તો કુંભકર્ણ છે. જ્યંતભાઈ! તમે એને કેમ જગાડવાના? પણ એને એમ છે કે લોકમાં ભરમ છે હજી. છેલ્લા દાયકામાં બધાના ભરમ ઉઘડી ગયા છે. આ તારમાં? આ ઉગારમાં?—બધા ખુલ્લા પડી ગયા છે. ખુલ્લા પડ્યા નથી લોક. લોકોની આગળ બધા નટ ખેલ કરી જાય છે, પરંતુ લોકને ખબર પડી જાય છે. કેમ ન જાણે? ઢોર હોય છે તેને પણ ખબર પડી જાય છે કે તેની પાસે આવનાર કેવા ભાવથી આવે છે. અરે, ભીંતને ખબર પડે તો લોકને ખબર ન પડે? ભચભચા આવી ગયા અને લોકોએ બધાને માપી લીધા. શિક્ષક તરીકે અમે કલાસમાં જઈએ તો ગુરુના ગુરુ પેલા પાટલી ઉપર બેસે છે તે. એને ખબર પડી જાય છે કે આજે આ લેસન કર્યા વિના આવ્યા છે. આજે ઘરમાં કંઈ ગરબડ થઈ લાગે છે—બધી ખબર પડી જાય છે, તો આ તો લોક છે. એમને ખબર ન પડે? જ્યંતભાઈએ એટલે જ લોકને પકડ્યા છે. પેલા તો કુંભકર્ણની નિદ્રામાં છે. જ્યંતભાઈ! તમે શ્રીધરાણીને જગાડી શકો; પરંતુ જાગતાને શી રીતે જગાડો? એમનો તો રેડિયો વાગે, છાપાં વાગે, એક બોલે ને દસ પડઘા પાડે એને તો બધું જાગતું ને જાગતું દેખાય છે. એમને તમે જગાડવાના શી રીતે?

આ જાગે છે એ તો દેખાવ છે. આમ તો ભારે ઊંઘમાં છે. રાવણને કેટલી આંખો હતી? વીસ. પણ આપણાથી કંઈ દસ બાર વધારે જોતો હતો? આટલી આંખે પણ એને અંધાપો હતો, અહમ્‌નો. આ હું હું પેસી જાય છે ત્યારે ભલેને જાગે, બે વાર સૂરમો આંજે, ત્રણ વાર ચા પીએ પણ કશું દેખાતું નથી. એ છે અહમ્‌નો અંધાપો. સત્તામાં જાગવાને શું નામ્યું છે! લગાર પીએ અને ઘૂમ ચક્રે. અને આમાં તો કેટલાક મારા વા'લા બે ચઢાવે છે પાછા. એવો ભારે નશો છે આ કે કશું દેખાય જ નહીં. એને જ ન દેખાય એનું નહીં, એની આસપાસના લોકોને પણ ન દેખાય. સૂરજ ન દઝાડે એટલી પેચી રેતી દઝાડે. મૂળને અંધાપો હોય તે કરતાં તેની આસપાસનાંને વધારે હોય છે.

પરદેશના કોઈ એક છાપાવાળાએ જ્યારે ગમ્મત કરેલી. એ કહે કે: આ હિંદુસ્તાનમાં હું શું જોઉં છું? રાજ કરનારા મુરબ્બી કોઈક વહેલી સવારે ઊઠીને એમ કહે કે 'કેવી મઝાની રાત છે!' તો બધા બારીઓ ખોલી નાખે અને કહે: ઓહોહો! કેવા સિતારા ચમકી રહ્યા છે. કેવી ચાંદની રાત છે! ચાંદ્રની તો વાત જ શી! આ સત્તાનો કેફ છે, અંધાપો છે. આને કેમ જગાડવું તેનું નામ લોકજાગરણ.

રાજ કરનારા તો આવે છે અને જાય છે. લોક સનાતન છે. શક્તિ છે બધી લોક પાસે. લોક જાગતા હોય તો કોઈ કશું અજુગતું કરી ન શકે. એટલે લોકજાગરણ એ સાચી દિશાનો પ્રયત્ન છે, એને કોઈ પક્ષ સાથે કે રાજકારણ સાથે સંબંધ નથી. આ તો જીવવાની વાત છે.

હવે તો સેવા કરનારા પણ તરત જ મેવા મેળવવા માગે છે. જેવો પહોંચ્યો તેવો જ બનાવવા માંડે છે કારણ લોક જાગતા નથી એમ એ માને છે. આપણે જાગીરો છીએ એટલું પૂરતું નથી, વચ્ચે વચ્ચે હોંકારો " કરવો જોઈએ. પેલા ઋષિએ સાપને કહ્યું હતું કે કોઈને કરડવું નહીં. ઋષિ પાછા ફર્યા ત્યારે લોહી-લુહાણ હાલતમાં સાપ ઋષિના પગ પાસે આવીને બોલ્યો; મહારાજ લોકો પથરા મારે છે. ત્યારે ઋષિએ જવાબ આપ્યો—કરડવું નહીં કહેલું પણ ફુંફાડો ન મારવો એમ કહેલું? એટલે લોકોએ હોંકારો કરતા રહેવું જોઈએ. પોતાના સિવાય કશું ન દેખતા રાજકર્તાઓને કહીએ કે તમે આવ્યા છો તો માથાભેર છો, પણ સરખા ચાલજો. ધણીના ય ધણી હોય છે. આ પ્રજાસત્તાક રાજ્ય છે. ૨૬મી જાન્યુઆરીના પ્રજાસત્તાક દિને કોઈકે મશ્કરી કરી: પ્રજા છે? પ્રજાની સત્તા છે? તેમ છતાં સત્તા આખરે લોકોની જ છે.

૧૮૮૫માં કોંગ્રેસની સ્થાપના થઈ. જુદા જુદા પક્ષના નેતાઓ જે આજે વિરોધ પક્ષમાં છે તે બધા પહેલા કોંગ્રેસમાં હતા. એ કોંગ્રેસ એકની બે, બેની ત્રણ એમ કકડાના કકડા થતા ગયા. સૌકું દેખવા દે તો સારું. વિરોધપક્ષવાળા પણ એક થઈ શકતા નથી. એકવાર થયા તે ભરમ ભાંગી ગયો, રાજ-ચલાવતાં ય આવડવું જોઈએ. આપણા દેશમાં એક સાધુ મહારાજની પાસે સિકંદર જેવો સમ્રાટ આવ્યો અને નમ્રતા બતાવવા પૂછ્યું: આપની કંઈ સેવા કરી શકું? સાધુએ કહ્યું જરા બાજુએ ખસ, બાજુએ. પેલું સૂરજનું કિરણ આવે છે તેને આવવા દે. તું તો શું આપવાનો હતો? એ ખુમારી જોઈએ. પણ આજે તો છાપું ખોલીએ તો ચાનો સ્વાદ બગડી જાય એવી સ્થિતિ છે. ઘડીભર થઈ જાય કે આપણે લાચાર થઈ ગયા છીએ. પણ લાચાર ન થવું. આ સાડાત્રણ હાથનું પૂતળું ચંદ્ર ઉપર જઈને બેસે છે. નાનકડો માણસ ઘણો ઊંડો છે. એ શું કામ લાચાર બને? આંતુલેને કોણે કાઢ્યા? ઉપરવાળાઓ? એની ઉપરવાળાઓ? હા...કોર્ટે કર્યું એટલે ફાવતું આવ્યું. લોકોનો અવાજ હતો તો લાચાર જેવી સ્થિતિમાં પણ આ થયું. આ બળ છે તે લોકોનું છે.

છેલ્લા સો-દોઢસો વર્ષમાં કેવા માણસો થયા? હૈયું ઠરે, હિંમત આપે, ત્યાગની શક્તિ વિકસાવે. અંગ્રેજ જેવો અંગ્રેજ જેના મલક ઉપર સૂરજ આથમતો નહતો એ ય ગયો અને આપણા દેશમાં આપણું રાજ થયું. અને આપણને આવડતું નથી! સાત સાધવા જઈએ છીએ અને તેર તૂટે છે. જાતે રાજ ચલાવવું મુશ્કેલ છે. માણસમાં એક દોષ છે: એ કાં તો કોઈને ખભે લઈને ચાલે છે અથવા તો કોઈની ખાંધે ચઢી બેસીને. હાથમાં હાથ મિલાવી એ ચાલી શકતો નથી. 'કદમ મિલાકે ચલો'એમ જવાહરલાલજીએ શીખવ્યું હતું. એમ થવું જોઈએ.

આજે કંઈ ભ્રષ્ટાચાર છે! દસની નોટ, સોની નોટ, હજાર કે લાખ મનમાં વસતા જ નથી. લાખ રૂપિયા કોને કહેવાય? મારા બાપા કહેતા કે લાખ રૂપિયાના ઢગલાના છાંયામાં ઊંટ બેસી શકે. પરંતુ લાખ પણ મનમાં બેસતા નથી, કરોડોની વાત થાય છે. આટલા બધા પૈસાનું એ શું કરતા હશે? તળાઈ કરીને ઓળોટતા હશે? ખાતા હશે? શિયાળામાં તાપણું કરીને તાપતા હશે? શું કરતા હશે આટલી નોટોનું! આ ઝૂંટાઝૂંટ અને આ લૂંટાલૂંટ! ભારતમાતાની કોઠીમાં અધી દાણા છે ત્યાંય આવી ઝૂંટાઝૂંટ? જાતે રાજ કરવું સહેલું નથી. દાનત બરાબર ન હોય તો તો ઘણું મુશ્કેલ; પરંતુ એ લોકો તો માને છે કે દાનત બરાબર ન હોય તો જ ચલાવી શકાય. આવી સ્થિતિ આવી છે ત્યારે લગાર આંખો ચોળીને ખાતરી કરી લઈએ કે ઊંઘી તો નથી ગયા ને? અને પછી એકાદ હોંકારો કરીએ એટલે આંતુલે જેવા સરખા ચાલે.

આજે તો ભ્રષ્ટાચારને ભ્રષ્ટાચાર કહેતા કેટલાકને સંકોચ થાય છે, પણ પાપ તો પરગટ થાય જ. મારી અટક જોશી છે એટલે નહીં પણ મને દેખાય છે—આ વીસ વર્ષમાં આ દેશ ઘણો મોટો થવાનો છે. જે વાર્યા સમજે એવા નથી તે હાર્યા તો સમજશે. તો ય કંઈ ખોટું નથી. સારું જ્ઞાન જલ્દી જલ્દી મળતું નથી. એની કિંમત આપવી પડે છે. આ થશે તો જાગતી પ્રજાને લીધે, રાજકર્તાને લીધે નહીં. અંગ્રેજ વખતે પ્રજા બેઠી થાય તે માટે કામ કરતા હતા, હવે પ્રજા બંધાય તે માટે કરવું પડશે. તે વેળા ગાંધી જેવો માણસ પાકયો હતો. જેને દેશના માણસો માથાં આપવા તૈયાર હતા. એ સ્વતંત્રતા જાળવવી વધારે મુશ્કેલ કામ છે.

લોકોનું જીવન કસવાળું બનવું જોઈએ. બધા માણસોને ખાવાનું મળે અને પ્રમાણમાં આબરૂભેર જીવન જીવાય એવું વાતાવરણ કરવું જોઈએ. અત્યારની ઝંઝટમાં પ્રજાનું કંઈ સુધરે તે તરફ નજર જતી જ નથી. એમને ગમ શબ્દો કહ્યા કે 'ગરીબી હટાવો' પણ ગરીબી એ કોઈ ડોશી હોય તો એને ઉંચકીને ક્યાંક મૂકી આવીએ. દિલ્હીથી રૂપિયો રેલાવો તો મારે ગામ પહોંચતાં સુધીમાં એ પૈસો થઈ જાય એટલો ઘસાઈ જાય છે. એનાથી બરકત વધતી નથી. એટલે જાગતા રહીએ. ઈંગ્લેન્ડના એક રાજાએ વીસ શિલિંગનો કર નાખ્યો તો એ રાજા ચાર્લ્સ પહેલાને માથું 'ગુમાવવું' પડયું. એનો પરતાપ દેખાવો જોઈએ. તાપ હોય લોકનો, રાજનો નહીં, પણ ત્યાં તો હજુ ઠાકર-ઠકરાત જેવું વાતાવરણ જતું નથી. રાજાઓને કાઢી નાખ્યા. એ કંઈ આંસુ સારવા માટે કારણ નથી. જમાના પ્રમાણે એ બરાબર હતું. પણ જૂનું સામંતશાહી વાતાવરણ દિલ્હીમાંથી હજુ જતું નથી. રાજાનો દીકરો રાજા! બકરું કાઢયું અને ઊંટ પેસાડયું એવી દશા છે. રોમાં એક રોકથી સવાયા આંતરે, ગુંડુરાવ, સંજય્યા જેવાં પાત્રો આવે છે. હું કોઈ દ્વેષથી આ કહેતો નથી. આ બધાં નાટકનાં પાત્રો છે. જે ખેતરમાં પેસી, આનંદમાં આવી લેંચી લેંચી કરી રહ્યાં છે. આવી સ્થિતિમાં સરકાર પૈસા કાઢે તોય આપણાં ભાગમાં ક્યાંથી?

બહુ ખરાબ સ્થિતિ મેં મારા નાનપણમાં જોયેલી છે. એમાં કશું જ બદલાયું નથી એવું હું કહેતો નથી. વિજ્ઞાન અને ટેકનોલોજીમાં દુનિયામાં આપણે ત્રીજા નંબરે છીએ. ધારીએ તો આખા દેશને નંદનવન બનાવી શકીએ; પરંતુ વાઢ ચીભડાં ગળે છે એટલે જાગવાની ફરજ પડી છે.

ગોખલે કહેતા કે, ગાંધી રોક એવો માણસ છે કે જેની હાજરીમાં કશું ખોટું થઈ ન શકે. એક સાચો માણસ હોય તો કોઈ ખરાબ કામ કરવાની હિંમત કરી ન શકે. ચાટકો પાતાને માર્યો અને સોળ પડયા જ્ઞાનેશ્વરની પીઠે. ગામમાં એવા માણસો હોવા જોઈએ, તાલુકામાં એવા માણસો હોવા જોઈએ, જિલ્લામાં એવા માણસો હોવા જોઈએ કે જેથી દુર્જન માણસની ખોટું કરવાની હિંમત ન ચાલે. મારા ગામમાં ત્રણ-ચાર માણસો એવા હતા કે ગામમાં કોઈ ભૂખે મરે એની એમને શરમ આવતી. આ આપણો દેશ છે. મારા ગામમાં, મારા તાલુકામાં આવા માણસો થાય એવું તેજ પ્રગટાવવું એટલે જગ્યા કહેવાઈએ. આપણને ઈશ્વરે નૂર આપેલું છે. આપણે દેખતા થઈએ તો આ દેશને લગીરે ઈજા થવાની નથી.

['નિરીક્ષક'માંથી સાભાર]

"પ્રેમળ જ્યોતિ"ને ભેટ :

જૈન સોશ્યલ ગ્રુપ્સ ફેડરેશનના પ્રમુખ શ્રી સી. એન. સંઘવીએ તેમના પુત્ર ચિ. રાજુના લગ્નની ખુશાલીમાં "પ્રેમળ જ્યોતિ" ને રૂા. ૫૦૦૦/- પાંચ હજારની ભેટ આપી છે. એ માટે જૈન યુવક સંઘ વતી અમો તેમનો આભાર માનીએ છીએ.

"પ્રેમળ જ્યોતિ" ને બીજા રૂા. ૩,૫૦૦/ શ્રીમતી ચંપાબહેન લક્ષ્મીચંદ વોરાના નામે તેમના પુત્ર તરફથી મળ્યા છે. તેમનો પણ અમો આભાર માનીએ છીએ.

પ્રેમળ જ્યોતિ

સુખ ન જાણું, દુઃખ ન જાણું - લાભ કે હાનિ લગાર
એક હું જાણું નયણે તારા પ્રેમનો પારાવાર

મકરન્દ દવે

"પ્રેમળ જ્યોતિ" દ્વારા ચક્ષુવિહીનોને સ્ટોલ આપી એમની રોજગારીનું સાધન ઊભું કરી એમને પગભર કરવાનું કાર્ય ચાલે છે.

સ્ટોલ માટે જગ્યા અનિવાર્ય હોય છે. આજે જગ્યાની કેટલી મુશ્કેલી છે એ સૌ જાણે છે. વળી, આ સ્ટોલ માટે મ્યુનિસિપલ કમિશનર, પોલીસ કમિશનર, વગેરેની પરવાનગી પણ મેળવવી પડે છે. આમ આ કાર્ય વિકટ છે.

આ સ્ટોલ માટે દાનનો જેટલો પ્રવાહ જોરથી આવે છે એટલા જોરથી આ સ્ટોલની દિશામાં કામ શકય થતું નથી.-

દાતાઓ ચક્ષુહિન માટેના સ્ટોલનું દાન માનવતાની ઈતર પ્રવૃત્તિમાં વાપરવાની અનુમતિ આપે તો કેવું સારું એવું મનમાં આવે છે.

આ અંગે ચિંતા અને ચિંતન બંને ચાલે છે. દરમિયાનમાં એક દિવસ અમારા કમિટી સભ્ય અને કોર્પોરેટર તથા ઘાટકોપરના સામાજિક કાર્યકર શ્રી હરિભાઈ એક મૂંગા, બહેરા યુવાન બહેનને અને એ બહેનના પિતાશ્રીને લઈને મારી પાસે આવ્યા અને કહે, "જુઓ, આપણે આ બહેનને ઘાટકોપરમાં એક સ્ટોલ આપવાનો છે. જગ્યા મેં નક્કી કરી છે. આ બહેનના પિતાશ્રી રૂા. ૨૫૮૦/- સ્ટોલમાં શૌભાવસ્તુઓ વેચવા માટે આપશે. આપણે રૂા. ૩૫૮૦/- જેમ એક અંધના સ્ટોલ માટે આપીએ છીએ એમ આ રકમ મૂંગી-બહેરી બહેનને સ્ટોલ ખર્યા પેટે આપવાની છે," હરિભાઈને ના પાડવાનો પ્રશ્ન જ ન હતો; પરંતુ જે દાનો છે એ તો અંધના સ્ટોલો માટે છે તો શું કરવું એની | વિમાસણમાં હું મારી દુકાને એક સવારે બેઠો હતો - અને ત્યાં જ એક મિત્ર આવ્યા. મને કહે - 'પ્રબુદ્ધ જીવન'માં તમે દાદરમાં એક અંધ પારસીભાઈને સ્ટોલ આપ્યો એની વિગત વાંચી. મારે મારી બાના નામથી રૂપિયા ૩૫૮૮/- આપવા છે - અને લ્યો આ રૂપિયા ૩૫૮૦/-

આમ કહી મિત્રે રૂા. ૩૫૮૦/- મારા ટેબલ ઉપર મૂકયા - અને મારી વિમાસણનો અંત આવે કે કેમ એ દ્વિધા સાથે મેં મિત્રને કહ્યું: "જુઓ, આ રકમ એક મૂંગી-બહેરી બહેનને સ્ટોલ અપાવવામાં વાપરીએ તો કેમ?" અને ત્યાં પ્રત્યુત્તરમાં પ્રોત્સાહન મળ્યું- "અરે - તમારે જે કામમાં વાપરવા હોય એ કામમાં વાપરવાની છૂટ છે." ખરેખર - ઈશ્વરની કેવી કૃપા છે!

માનવતાના કાર્યમાં એ પણ કેવું તુરત સાંભળે છે.
મને મકરંદ દવેની બે પંકિતઓ યાદ આવી ગઈ -
આખો યે પંથ અમો જોયું - ન કોઈ,
પણ કોઈ હતું સાથે ને સાથે,

- ચીમનલાલ જે. શાહ
મંત્રી, મુંબઈ જૈન યુવક સંઘ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
અભ્યાસ વર્તુળ
આગામી કાર્યક્રમ

વકતા :- શ્રી રામુ પંડિત

વિષય :- તરતી વિદ્યાપીઠ [Floating University] નાં વિદેશ પ્રવાસનાં અવનવા અનુભવો

સમય :- તા. ૧૦-૬-૮૨ ને ગુરૂવાર સાંજે ૬-૧૫

સ્થળ :- પરમાનંદ કાપડિયા સભાગૃહ

સૌ મિત્રોને સમયસર ઉપસ્થિત થવાનું પ્રેમભર્યું નિમંત્રણ છે.

સુબોધભાઈ એમ. શાહ
કન્વીનર, અભ્યાસ વર્તુળ

બાળકોને સમજપૂર્વક સુધારો

મૂળ અંગ્રેજી : એલેથા લીન્ડ સ્ટોર્મ અનુવાદક શારદાબહેન બાબુભાઇ શાહ

બીજી શ્રેણીમાં મારી પાસે અભ્યાસ કરતો જતીન અને ચોથી શ્રેણીમાં વિદ્યાર્થીઓને ભણાવતા મારા શિક્ષક કુ. પંડિત–આ બંનેને કશી ઓળખાણ નહોતી. કુ. પંડિત ગુજરી ગયાં ત્યારે જતીનનો જન્મ પણ નહીં થયો હોય. છતાં પણ આ બંનેએ મને જે ઉત્તમ બોધ આપ્યો છે તે હું જીવું ત્યાં સુધી યાદ રહી જાય તેવો છે.

મારા બધા વિદ્યાર્થીઓમાં જતીન માથાભારે છોકરો હતો. શાળામાં દાખલ થયો ત્યારે એકાદ વર્ષ તો તે સમાન્ય તોફાન-મસ્તી કરતો, પરંતુ ધીમે ધીમે આગળ વધી તેણે નુકસાન થાય એ રીતે તોફાનમસ્તી કરવાનું શરૂ કર્યું. એક દિવસ તો તેણે તોફાન કરવામાં હદ વાળી. જાણીજોઈને તેણે બારી પાસે પડેલા એક છોડના કૂંડાને લાત મારી ભાંગી નાખ્યું. રૂમની અંદર બ્લેક બોર્ડ પર એક ચિત્ર હતું તે ફાડી નાખ્યું અને છુટ્ટીનો ઘંટ વાગ્યો ત્યારે રૂમનું બારણું એટલા જોરથી બંધ કર્યું કે બિચારા કુમારની આંગળી આવી ગઈ. કુમાર વેદનાથી ચિત્કાર કરી ઉઠ્યો, પણ જતીનને પોતે શું કરી રહ્યો છે તેની લેશમાત્ર પરવા નહોતી.

જતીનના આવા તોફાનથી હું ત્રાસી ગઈ હતી. જોરથી તેનો ખભો હલાવીને મેં ઠપકો આપ્યો: "જતીન! તું વિચિત્ર છોકરો છે. આજે આખો દિવસ તેં કંઈને કંઈ નુકસાન કર્યું છે" જતીન મારા ઠપકાથી ટેવાઈ ગયો હતો, પરંતુ આજે હું ભારે ગુસ્સે થઈ ગઈ હતી. આટલી ઉગ્ર તેણે મને કદી જોઈ નહોતી. તે થોડો નરમ પડી ગયો અને આંખમાં આંસુ સાથે તેણે કહ્યું: "હું જાણું છું કે હું ઘણો ખરાબ-નાલાયક છોકરો છું. મોટો ભાગ હું મસ્તીતોફાન અને ભાંગફોડ કરું છું, પરંતુ કેટલીકવાર હું કશુંક સારું કરવા પણ પ્રયત્ન કરું છું, પણ એ વખતે કોઈ મારી કદર કરતું નથી." આટલું કહી રડતો રડતો ધીમે પગલે તે વિદાય થયો. તેની રાહ જોનાર કોઈ મિત્ર તેને નહોતો.

અસ્વસ્થ દશામાં હું મારા ટેબલ પાસે ગઈ અને ગંભીરતાથી વિચારવા લાગી કે મારે જતીનનું શું કરવું? કઈ રીતે તેની પાસેથી કામ લેવું? જતીનને સુધારવા હું કેમ નિષ્ફળ જાઉં છું? શાંત ખાલી રૂમમાં હું વિચારમાં પડી ગઈ હતી અને એકાએક વર્તમાન મારી પાસેથી સરી જઈ લાંબો ભૂતકાળ મારી સમક્ષ ખડો થયો. ત્યારે હું મારા વતનની લાલ ઈંટોવાળી શાળામાં નાનકડી વિદ્યાર્થિની હતી. મારી સાથે અભ્યાસ કરતા બધા વિદ્યાર્થીઓ ઘેર ગયા હતા. રૂમમાં એક બાજુ બેસીને હું ચોધાર આંસુએ રડી રહી હતી. મારાં શિક્ષિકા કુ. પંડિત મારી પાસે બેઠાં હતાં.

તે દિવસે મેં એક અપકૃત્ય કર્યું હતું. રીસેસના સમયમાં કુ. પંડિતે રમતગમતનાં મેદાનમાં એક રૂપિયો જોયો. જ્યારે તેમણે તે લીધો ત્યારે મારા સિવાય બીજું કોઈ આસપાસ નહોતું. આ તકનો લાભ લઈ મેં કુ. પંડિતને કહ્યું કે એ રૂપિયો મારો છે. શા માટે મેં આમ કર્યું તે હું સમજી શકી નહીં. કદાચ અમે ગરીબ હતાં અને હું સારી ચીજવસ્તુ લેવાને શકિતમાન ન હોવાથી મને રૂપિયો લેવાની લાલચ થઈ હશે.

રૂપિયો તો મેં લીધો, પરંતુ ગજવામાં પડેલા એ રૂપિયાએ મને અસ્વસ્થ કરી મૂકી. મેં કંઈક ખોટું કર્યું છે, એ લાગણી મને કોરી ખાવા લાગી. અસ્વસ્થ મનોદશાને લીધે હું અભ્યાસમાં ધ્યાન આપી શકી નહીં અને સ્પેલિંગ ટેસ્ટમાં હું નાપાસ થઈ. ગમગીની મને કોરી ખાવા લાગી. બપોરની રીસેસમાં બધા વિદ્યાર્થીઓ બહાર ગયા ત્યારે હું વર્ગમાં એકલી જ બેસી રહી. કોઈની સાથે હળવા-મળવાનું મને ન ગમ્યું. હું ખરાબ હતી. રૂપિયો મારો નહોતો, છતાં હું મારા શિક્ષિકા પાસે જૂઠું બોલી હતી. મેં રીતસરની ચોરી કરી હતી અને જ્યારે કુ. પંડિતે છુટ્ટી પછી મને રોકાવાનું કહ્યું ત્યારે તો હું ફફડી ઊઠી. કુ. પંડિતને સાચી હકીકતની જરૂર જાણ થઈ ચૂકી હશે, તો જ મને રોકાવાનું કહે. હું ખૂબ ગભરાઈને અસ્વસ્થ બની ગઈ.

કુ. પંડિત આવીને મારી પાસે બેઠાં ત્યારે હું ખૂબ રડવા લાગી અને સત્ય હકીકત કબૂલ કરી કે એ રૂપિયો મારો નહોતો. શા માટે મેં આવી ચોરી કરી એ હું જ સમજી શકી નથી. મને લાગે છે કે હું તદ્દન ખરાબ છું અને ખૂબ રડવા લાગી. આના જવાબમાં કુ. પંડિતે મારા વાંસે પ્રેમપૂર્વક હાથ ફેરવ્યો. વર્ગમાં કડક દેખાતાં કુ. પંડિત મૃદુ ભાષામાં મારી સાથે વાત કરતાં હતાં તેમણે આશ્વાસન આપતાં હળવેથી મને કહ્યું: 'તારે સદા એ યાદ રાખવું જોઈએ કે તું ખરાબ નથી. અલબત્ત-! તેં ભૂલ કરી છે, પરંતુ એ ભૂલ તું ફરી કરીશ નહીં. તું પ્રામાણિક અને વિશ્વાસ મૂકવાને લાયક જરૂર છે. તારી જાતને તું ખરાબ ન માન.'

જતીનની વાત કરીએ તો બીજે દિવસે એની રીત પ્રમાણે એ મોડો આવ્યો. મેં એને ઠપકો ન આપ્યો. એક પણ ઠપકાનો શબ્દ મેં એને ન કહ્યો. રીસેસના સમયમાં મેં એને બાજુમાં બોલાવ્યો અને મૃદુતાથી કહ્યું; 'જતીન! મેં તને ગઈ કાલે ખરાબ છોકરો કહ્યો હતો. તું ઘણીવાર ખોટું કરે છે, છતાં પણ તું સારો છોકરો છે. થોડા દિવસો પહેલાં તેં બિલાડીના બચ્ચાને કોઈ ઈજા ન પહોંચાડે એ માટે તેં એને બચાવી લીધું હતું. તેં કેટલું ભલાઈનું કામ કર્યું? તું જરૂર સારો છોકરો છે.'

જતીનને સુધારવાનું કામ અઘરું પણ ઘણું જરૂરી હતું. પરંતુ મેં બીજા વિદ્યાર્થીઓની હાજરીમાં તેમ ન કરતાં આનગી રીતે તેને સુધારવાનું કામ હાથ ધર્યું. મારા શિક્ષિકા કુમારી પંડિતને યાદ કરી મેં તેના પ્રત્યે કઠોર વર્તન કરવાનું બંધ કર્યું અને તેના નાના નાના કામની પ્રશંસા કરવા લાગી. એક દિવસ તેણે નાનાના છોડને પાણી પાયું ત્યારે મેં તેની ભારે પ્રશંસા કરી. હવે જતીન આખો દિવસ સારી પ્રવૃત્તિમાં રોકાયેલો રહેતો. મેં તેના પ્રત્યે ધિક્કારની લાગણી છોડી દીધી હતી અને કોઈ વાર તેના ખભા પર પ્રેમથી હાથ મૂકી તેના કામની કદર કરતી કે તે સામે મળતો ત્યારે હસતી.

હવે જતીનના ખરાબ કૃત્યો ઓછાં થઈ ગયાં હતાં અને તેનામાં સૌજન્ય અને ભલમનસાઈ વિકાસ પામી રહ્યાં હતાં. કારણ કે કોઈક તેને ચાહતું હતું, તેના કામની કદર કરતું હતું અને પહેલાની જેમ હવે તે ઉપેક્ષિત નહોતો.

અને આ બધામાંથી મને એ પાઠ મળ્યો કે આપણા સંપર્કમાં રહેતા લોકોને આપણે આપણા સારા યા માઠા વલણથી સુધારી યા બગાડી શકીએ છીએ. દામ્પત્યજીવનમાં પતિ-પત્ની એકબીજાને સાચી રીતે ચાહીને વિશ્વાસ અને પ્રેમનું વાતાવરણ ઊભું કરી શકે છે. સંતાનોને માબાપ તરફથી સાચો પ્રેમ અને હૂંફનું વાતાવરણ મળે છે તો તેઓ ભાગ્યે જ અનિચ્છનીય વાતાવરણ અને ટેવોના ભોગ બને છે. અરે! ચીજવસ્તુ ખરીદતી વખતે આપણે સ્ટોરમાં કામ કરનાર તરફ સહેજ મલકાઈએ છીએ તો તેને પણ પોતાનું કામ સારી રીતે કરવાનો ઉત્સાહ રહે છે. બાનારો ઓવર સ્ટ્રીટ નામના એક માનસશાસ્ત્રીએ યોગ્ય કહ્યું છે કે નાની મોટી અનેક બાબતોમાં યોગ્ય યા અયોગ્ય વલણ અપનાવીને આપણે આપણા માનવ-બંધુઓના જીવનઘડતરમાં કારણરૂપ બનીએ છીએ અને કુમારી પંડિતે આ વાતને બરાબર ધ્યાનમાં રાખી હતી.

ગાલિબની ફૂલપાંખડી

□ હરીન્દ્ર દવે

[૩]

કયોં જલ ગયા ન તાબે–રૂબે–યાર દેખકર
જલતા હું અપની તાકતે – દીદાર દેખ કર.

પ્રિયતમાના ચહેરાનો તાપ એટલો પ્રબળ છે હું એ જોતાં જ ચળગી કેમ ન ઊઠયો! એ ચહેરાનો તાપ જોઈને હું ચળગી ન ઊઠયો– એ દર્શનને ઝીરવવાની મારામાં તાકાત હતી, એના ખ્યાલમાત્રથી હવે હું ચળગી રહ્યો છું. જે દુ:સહ છે એને સહન તો કરી લેવાય છે, પણ એ સહન કરવાને કારણે ઊભી થતી તાણ કેવી હોય છે?

આ સાહિત્યકારની પણ વાત જાણી શકાય. કોઈને પ્રિયતમાનો સંદર્ભ બદલી પરમાત્માના સંદર્ભમાં વાત કરવી હોય તો અવશ્ય કરી શકે. સાક્ષાત્કાર વેળાએ જ જો ચળગી જવાયું હોત તો સારું હતું, સાક્ષાત્કાર જીરવવાની શકિત છે એનું ભાન માત્ર અસહ્ય દાહ પ્રગટાવે છે.

પરતવેખુર સે હૈ શબનમ કો ફના કી તાલીમ,
મેં ભી હું, એક ઈનાયતકી નજર હોને તક.

ઝાકળને પોતાનું સ્વત્વ હોમી દેવાનો પાઠ સૂર્યના કિરણદ્વારા સાંપડે છે: સૂર્યનું કિરણ પ્રગટે છે અને ફૂલ કે પાંદડી પરનું ઝાકળ લય પામે છે. હું પણ મારા પ્રિયજનની કૃપાની એક દૃષ્ટિ પડે ત્યાં સુધી જ હું છું. એક વાર પ્રિયજન સાથે મારું તાદાત્મ્ય સધાઈ જાય, પછી મારામાંનું મારાપણું અદૃશ્ય થઈ જશે. મારો અહંકાર ઓગળી જશે. પ્રિયજનનું મિલન હોય કે પ્રભુનો કૃપાકટાક્ષ: મિલન થયું નથી, ત્યાં સુધી જ અળગાપણું છે. પછી તો ઝાકળ જેમ સૂર્યના કિરણમાં લય પામે છે, એમ જ માનવી પોતાના પ્રિયજન સાથે એકાકાર થઈ જાય છે – એકત્વ પામી જાય છે.

થી વો એક શખ્સ કે તસવ્વુરસે,
અબ વહ રાનાઈ–એ–ખયાલ કહાં?

કોઈક વ્યકિત હવે આપણી સાથે રહી નથી: એના વગરના જગતની વાત કવિને કરવી છે: એ કેટલી સાદગીથી છતાં કેટલી અસરકારક રીતે એ કહે છે!

હવે એ કલ્પનાની મુલાયમતા કયાં રહી? એનું અસ્તિત્વ તો હતું એક વ્યકિતને કારણે જ. એ વ્યકિત નથી તો હવે એની સાથે જ સંલગ્ન એવી લીલીછમ કલ્પનાભૂમિ પણ કયાં રહી?

જીવનનો સંદર્ભ પ્રેમ સાથે હોય છે. માણસ પ્રેમમાં પડે છે ત્યારે રણમાં પણ લીલાં તરણા ઊગી નીકળે છે.- માણસ પ્રેમ નથી કરી શકતો ત્યારે ઉદ્યાન પણ રણ જેવું લાગે છે!

યારબ ન વો સમઝે હૈ, ન સમઝેંગે મેરી બાત,
દે ઔર દિલ ઉનકો, જો ન દે મુજકો જબાં ઔર.

કવિ કહે છે : એ મારી વાત કયારેય સમજયા નથી. કયારેય સમજવાના નથી, જો મને વધારે વાણી ન આપે તો એમને મારી વાણીને પામવા માટે વધારે હૃદય આપ- તે કદાચ મારે શું કહેવું છે એ સમજી શકે.

આ શેર કોઈક પોતાને ન સમજી શકતા પ્રિયજન માટે હોઈ શકે: અથવા તો ગાલિબને જેમના સામે સદાયે ફરિયાદ હતી, એવા વિવેચકો માટે પણ હોઈ શકે!

કવિના આમ પણ હૃદયનો વિલય છે- એ સમજાવવા માટે વાણી કદાચ પર્યાપ્ત ન થઈ શકે: પણ જો હૃદય હોય તો એની જરૂર પણ કયાં રહે છે?

યે મેં હૈ રખ્શે–ઉમ્ર, કહાં દેખિયે થમે,
ને હાથ બાગ પર હૈ, ન પા હૈ રકાબ મેં.

આયુષ્યનો અશ્વ અત્યારે ગતિમાં છે: એ કયાં અટકશે એ જોઈએ. અત્યારે તો લગામ પર હાથ નથી કે પેંગડામાં પગ પણ નથી.

જીવનની ગતિ પર આપણો કોઈ જ કાબૂ નથી. એ વાત કવિ 'ગાલિબે' ઘણી વાર ઘણા સંદર્ભમાં કહી છે. અહીં પણ એ જ વાત છે: આયુષ્યનો અશ્વ ગતિમાં છે- પણ એની લગામ માણસના હાથમાં નથી. અશ્વ કોઈ પણ ઘડીએ માણસને પછાડી દે એ શકય છે.

માણસનો સમય પર કે જીવન પર કયારેય કાબૂ હોતો નથી. જીવનની આ પછીની ક્ષણ પર કયાં કયારેય વિશ્વાસ મૂકી શકાય એમ છે?

બાઝીચ–એ–અત્ફાલ હૈ દુનિયા, મેરે આગે
હોતા હૈ શબોરોઝ તમાશા મેરે આગે.

આ દુનિયા મારી સમક્ષ બાળકોના ખેલ જેવી છે- દિવસ રાત મારી સામે આ તમાશો થયા જ કરે છે...

દુનિયા જોવાનો આ એક ફિલ્સૂફનો અભિગમ છે – પાર્થિવ સપાટી પર જે કંઈ બને છે એનું મહત્ત્વ બાળકની રમતથી વિશેષ કંઈ જ નથી...

આ આખું યે જગત એક લીલા છે–માયાવી સૃષ્ટિનો આ તમાશો સદાયે ભજવાયા કરતો હોય છે. સૃષ્ટિના આ લીલા રૂપને જે એકવાર પામી જાય છે એને માટે આ આખું યે જગત શિશુઓની રમતથી વધારે શું છે?

હૈ ઔર ભી દુનિયા મેં સુખનવર બહોત અચ્છે.
કહેતે હૈ કિ ગાલિબ કા હૈ અંદાઝે–બયાં ઔર.

દુનિયામાં કવિઓ તો ઘણા થઈ ગયા છે– પણ કહે છે– આ 'કહે છે' શબ્દ દ્વારા 'ગાલિબ' પોતાની ખુમારી સાથે નમ્રતાનો પણ સુમેળ કરે છે: એ દાવો નથી કરતો, આ વાત ખોટી પણ હોઈ શકે એવા વિકલ્પને ટકાવી રાખે છે–જે કહેવાય છે તે વિશે ખોટી નમ્રતા પણ નથી સેવતો કે–

ગાલિબની અભિવ્યકિતની શૈલી તો કોઈક અનોખી જ છે અને આ વાતનું સમર્થન તો આ બે પંકિતઓ જે અંદાજથી કહેવાઈ છે એમાંથી પણ મળી રહે છે.

આતે હૈ ગૈબસે, યહ મઝામીં ખયાલ મેં
ગાલિબ સરી ર–એ–ખામા નવા–એ–સરોશ હૈ

ગાલિબ વિશે આપણે [આપણી ભાષામાં] જેમ એટલી વાત કરીએ, પણ એનું પૂરું ચિત્ર કયારેય ન આપી શકીએ. પણ એક ક્ષણ તમે ચૂપ રહો અને 'ગાલિબ'ને બોલવા દો: અંતરિક્ષથી આવતો હોય એવો અવાજ સંભળાય છે:

ગહનમાંથી આ એક જ વિષય મારા ખ્યાલમાં ચમકયા કરે છે. ગાલિબ એ કલમનો નાદ છે; એ ખુદાનો પયગામ લાવતા ફરિશ્તા જિબ્રિલનો અવાજ છે.

ગાલિબના અવાજમાં દૈવી નાદ ભળ્યો છે- પ્રત્યેક સાચા કવિનો અવાજ આ દૈવી સૂરથી સમૃદ્ધ થયેલો હોય છે.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટે. નં.: ૩૫૦૨૯૬: મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૬ : અંક : ૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧૬ જૂન, ૧૯૮૨, બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ : પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

જીત તે હાર બરાબર

ચીમનલાલ ચકુભાઈ શાહ

બ્રિટન અને આર્જેન્ટિના વચ્ચે ફોકલેન્ડનું યુદ્ધ ચાલે છે તે અનેક રીતે અસાધારણ અને વિચિત્ર છે. કેટલીક સર્વસ્વીકૃત હકીકતો ધ્યાનમાં રાખીએ તો આ યુદ્ધની નિરર્થકતા દેખાઈ આવશે. ફોકલેન્ડ ટાપુ બ્રિટનથી ૮૦૦૦ માઈલ દૂર છે. ત્યાં અત્યારે ૧૮૦૦ માણસોની વસતિ છે. ૧૫૮ વર્ષ પહેલાં, સામ્રાજ્યનો જમાનો હતો ત્યારે, કેટલાક સાહસિક બ્રિટનોએ 'યુનિયન જેક' ત્યાં લહેરાવ્યો. ત્યારે આર્જેન્ટિના સ્પેનને તાબે હતું. આ ઉજ્જડ ટાપુઓની કોઈને પડી ન હતી. આર્જેન્ટિનામાં લશ્કરી શાસન છે. ફોકલેન્ડની નજીક મોટો દેશ આર્જેન્ટિના છે. ચારપાંચ દાયકાથી આર્જેન્ટિના ફોકલેન્ડ ઉપર માલિકી હક—સાર્વભૌમ સત્તાનો દાવો કરે છે. તે સંબંધે બે દાયકાથી બ્રિટન સાથે વાટાઘાટો થઈ રહી છે પણ કોઈ નિર્ણય કે સમાધાન થયું નહિ. આર્જેન્ટિના કોઈક લશ્કરી પગલાં લેશે એવા ભણકારા કેટલાક સમયથી વાગતા હતા. પણ બ્રિટનની વિદેશ કચેરીએ તેની ગંભીરપણે નોંધ લીધી નહિ. આર્જેન્ટિનાનું લશ્કરી શાસન લોકપ્રિય તો નથી જ. કોઈક છમકલું કરી, પ્રજાનું ધ્યાન બીજે દોરવું એ જાણીતી રીત છે. અચાનક એપ્રિલની રજી તારીખે સાત-આઠ હજારનું લશ્કર ફોકલેન્ડ ઉપર ઉતારી આર્જેન્ટિનાએ કબજો લીધો. બ્રિટનને આઘાત લાગ્યો. વિદેશમંત્રી લોર્ડ કેરિંગ્ટનને રાજીનામું આપવું પડ્યું. બ્રિટનમાં આર્જેન્ટિના સામે રોષનું મોજું ફેલાયું. બ્રિટિશ સિંહની પૂંછડી કોઈ પટપટાવે તે સહન ન થાય. બ્રિટનને વર્તમાનમાં એક અવા નેતા છે જે દૃઢ મનોબળ અને આગ્રહ માટે જાણીતા છે. વર્તમાનપત્રો અને પાર્લામેન્ટમાં બ્રિટનના ગૌરવ અને સ્વમાનની હાકલ થઈ. સખ્ત હાથે કામ લેવા ઉત્તેજનાભર્યાં લખાણો અને ભાષણો થયા. મીસીસ થેચરને તેમની પ્રકૃતિને અનુકૂળ પ્રજાકીય ટેકો મળ્યો. મોટો નૌકાકાફલો, હવાઈદળ અને લશ્કર રવાના થયું. ફોકલેન્ડ પહોંચતાં થોડા દિવસ લાગે તે દરમિયાન અમેરિકાએ સમાધાનના પ્રયત્નો કર્યા. અમેરિકાએ શરૂઆતમાં તટસ્થ વલણ લીધું. બ્રિટન સાથેની મૈત્રી તો છે જ. રેગન અને મીસીસ થેચર સમસ્વભાવી છે. આર્જેન્ટિના સાથે પણ અમેરિકાના સંબંધો મૈત્રીભર્યા છે. દક્ષિણ અમેરિકામાં સામ્યવાદ પ્રસરે છે અને રશિયાની લાગવગ વધી છે તે રોકવામાં આર્જેન્ટિનાની અમેરિકાને સહાય જોઈએ છીએ. પણ બન્ને પક્ષો વલણ કડક હતું અને અમેરિકાના વિદેશમંત્રી એલેકઝાન્ડર હેગના પ્રયત્નો નિષ્ફળ ગયા. ત્યારબાદ રાષ્ટ્રસંઘના મહામંત્રીએ દોર હાથમાં લીધો. તેમના પ્રયત્નો પણ નિષ્ફળ ગયા. બન્ને પક્ષો સિદ્ધાંતની વાત કરી. સિદ્ધાંત આવે ત્યાં સમાધાન મુશ્કેલ થાય છે. બાંધછોડને અવકાશ રહેતો નથી. વખત જતાં બન્ને પક્ષનું વલણ વધારે સખ્ત થતું ગયું. છેવટે અમેરિકાએ બ્રિટનને ટેકો આપવાનું જાહેર કર્યું. બ્રિટન અને આર્જેન્ટિના વચ્ચે પસંદગી કરવાની હોય તો અમેરિકા બ્રિટનનો જ પક્ષ લે તે સ્વાભાવિક છે. બ્રિટન સિદ્ધાંત ખાતર લડે છે એમ જાહેર થયું. એ સિદ્ધાંત એટલે આંતરરાષ્ટ્રીય વ્યવહારમાં બળજબરીનો સામનો કરવો અને પોતાના નાગરિકો —ભલે ૧૮૦૮ અને ૮૦૦૦ હજાર માઈલ દૂર—તેમનું રક્ષણ કરવાનો પોતાનો ધર્મ છે એટલે આર્જેન્ટિના પોતાનું બધું લશ્કર પાછું ખેંચી ન લે ત્યાં સુધી કાંઈ સમાધાન ન કરવું. આર્જેન્ટિનાએ કહ્યું, પોતે સિદ્ધાંત ખાતર લડે છે. ફોકલેન્ડ ઉપર તેના સાર્વભૌમત્વનો અધિકાર છે. ૨૦ વર્ષથી વાટાઘાટ ચાલે છે પણ બ્રિટન વિલંબ જ કરે છે એટલે લશ્કરી પગલાં લીધાં વિના ઉપાય જ ન હતો.

બન્ને પક્ષ પોતાનું લશ્કર પાછું ખેંચી લે અને સમાધાનની મંત્રણા દરમિયાન તટસ્થ તંત્ર, —રાષ્ટ્રસંઘનું અથવા બ્રિટન-આર્જેન્ટિનાનું સંયુક્ત—રહે એવી ઘણી દરખાસ્તો થઈ પણ, કોઈ પક્ષે નમતું ન મૂક્યું. દરમિયાન, બ્રિટનનું નૌકાદળ ફોકલેન્ડ નજીક પહોંચી ગયું અને હુમલા શરૂ થયા. બન્ને પક્ષે ખુવારી થઈ અને વાતાવરણ વધારે તંગ થતું ગયું. બ્રિટનની લશ્કરી તાકાત ઘણી વધારે છે. બ્રિટને છેવટ ફોકલેન્ડ ઉપર લશ્કર ઉતાર્યું અને આર્જેન્ટિનાના સૈન્યને ઘેરી લીધું. અંતિમ હુમલો થવો બાકી છે. આ લખાણ પ્રકટ થાય તે પહેલાં કદાચ આર્જેન્ટિનાનો પૂરો પરાજય થયો હશે. જાનહાનિ વધતી બચાવવા બ્રિટને આર્જેન્ટિનાને શરણાગતિ માટે આવાહન કર્યું છે. આર્જેન્ટીનાના લશ્કરી વડાએ હજી તો લડવું ચાલુ રાખ્યું છે. ૨-૩ હજાર માણસોની જાનહાનિ થાય તેની કદાચ તૈયારી હશે. સામે એટલી જાનહાનિ કરવાની ઉમેદ હશે. ગણતરીના દિવસોમાં બ્રિટનનો વિજય થશે તે નિશ્ચિત લાગે છે. યુદ્ધ માટે વધારે ભીષણ થાય તો બ્રિટન કદાચ આર્જેન્ટિનાની તળભૂમિ ઉપર હુમલો કરે તે અસંભવ નથી. તો મામલો ઘણો વધારે વીફરે.

બ્રિટનની જીત થશે પણ પછી શું? શેને માટે આ યુદ્ધ? સિદ્ધાંત બરાબર છે. બ્રિટન કહે છે ૧૮૦૦ બ્રિટિશ નાગરિકોને આત્મનિર્ણયનો અધિકાર છે. લોકશાહીનું રક્ષણ કરવાનું છે. આર્જેન્ટિનાનું સાર્વભૌમત્વ બળજબરીથી દોડી બેસાડાય નહીં. આવા આક્રમણને તાબે થઈએ તો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે બીજા આવા આક્રમણો થાય. બ્રિટન વિશ્વશાંતિ માટે લડે છે.

સિદ્ધાંતો બરાબર છે. પણ સિદ્ધાંતોને દેશકાળની મર્યાદા હોય છે. તેમાં પ્રમાણભાન અને વિવેકબુદ્ધિની જરૂર છે. યુરોપના દેશો અને અમેરિકા જે અત્યારે બ્રિટનને ટેકો આપે છે તે બધાને

ચિંતા છે કે ફોકલેન્ડ પર ફરી બ્રિટિશ ધ્વજ ફરકાવ્યા પછી શું? આઠ હજાર માઈલ દૂર આ ટાપુનો બ્રિટન કાયમ કબજો રાખે તે અશક્ય છે. આખું સામ્રાજ્ય વિલીન થયું અને આ ટપકું પકડી રાખે તે બને જ નહિ. બ્રિટન પણ જાણે છે કે તે ન બને. ૧૮૦૦ માણસોનો આ નાનો ટાપુ સ્વતંત્ર દેશ કેવી રીતે થઈ શકે? તેની સ્વતંત્રતાનું રક્ષણ કોણ કરે? આ ૧૮૦૦ માણસોને એવી સ્વતંત્રતા જોઈએ છીએ?

દક્ષિણ અમેરિકાના બધાં દેશોનો આર્જેન્ટિનાને ટેકો છે. આ નાનો ટાપુ આર્જેન્ટિનાની નજીક છે અને તેનો અધિકાર છે. ભારતે ગોવાનો કબજો લીધો ત્યારે કાંઈક આવું જ બન્યું હતું. બન્ને પરિસ્થિતિમાં ઘણો ફેર છે. ગોવા ભારતનું ભૌગોલિક અંગ છે.

અમેરિકાના વર્તમાન વલણથી દક્ષિણ અમેરિકાના દેશોમાં રોષ છે. આ દેશોનું વલણ રશિયા તરફ વધે એવો ભય છે. યુરોપના દેશો જેણે અત્યારે બ્રિટનને ટેકો આપ્યો છે અને આર્જેન્ટિના સાથે વ્યાપારી સંબંધો બંધ કર્યા છે તે પણ આવી પરિસ્થિતિ લાંબો વખત સહન કરવા તૈયાર નથી. ઈટલી અને આયર્લેન્ડે તો જાહેર કરી દીધું છે. ફ્રાન્સ અને જર્મનીએ પણ આડકતરી રીતે બ્રિટનને કહ્યું છે કે વિનાવિલંબે સમાધાન કરવું જોઈએ.

બ્રિટન જીતશે પણ એ જીત હાર બરાબર છે. શું પ્રાપ્ત કરવાનું છે? પ્રતિષ્ઠા? તેને માટે આટલી જાનમાલની ખુવારી? આ યુદ્ધમાં બ્રિટન જેટલું ખરચ કરશે તેનો અરધો ભાગ પણ આ ૧૮૦૦ માણસોને વહેંચી આપ્યો હોત તો દરેકને બેત્રણ લાખ પાઉન્ડ મળત. આ ૧૮૦૦ માણસોને બ્રિટન સાથે ઘણી પેઢીથી કાંઈ સંબંધ નથી. બ્રિટિશ નાગરિક કહેવાય છે એટલું ખરું. આર્જેન્ટિનાના શાસન નીચે જવાનું મન નહિ હોય તે પણ સમજી શકાય છે. પણ ભૌગોલિક અને ઐતિહાસિક પરિસ્થિતિની અવગણના થઈ શકે તેમ નથી. જેને ફોકલેન્ડ રહેવાની ઈચ્છા ન હોય તેમને બ્રિટનમાં અથવા અન્યત્ર વસવાટની સગવડ કરી આપવી. પણ આવા ટચુકડા ઉજજડ ટાપુ માટે આટલું મોટું યુદ્ધ, માનવબુદ્ધિનું દેવાળું છે. આ ૧૮૦૦ માણસોના રક્ષણ માટે બ્રિટન કાયમ ત્યાં લશ્કર અને નૌકાદળ રાખે તે અશક્ય છે. બ્રિટનની હવે એવી શક્તિ પણ નથી. બ્રિટન કદાચ ઈચ્છે છે કે અમેરિકા અથવા રાષ્ટ્રસંઘ આ જવાબદારી લે. શા માટે?

દુર્ભાગ્યે શરૂઆત જ ખોટી થઈ છે. બ્રિટને મોટો નૌકાકાફલો, હવાઈદળ અને લશ્કર મોકલ્યું, એમ માનીને કે આર્જેન્ટિના ડરી જશે અને યુદ્ધ કરવું નહિ પડે. ગણતરી ખોટી પડી. આર્જેન્ટિના હારી જાય તો પણ તેણે શું ગુમાવવાનું છે? કદાચ એક-બે હજાર માણસો મરી જશે અને મોટું ખર્ચ થઈ જશે. પાંચ-છ હજાર આર્જેન્ટિનાના સૈનિકો બ્રિટનના યુદ્ધકેદી થશે. તેમને પાછા મેળવવા આર્જેન્ટિનાને ઉતાવળ નહીં હોય. ભલે બ્રિટન એમને સાચવે. આ નાના ટાપુ પર ૧૦-૧૨ હજાર માણસો ટકાવવા બહુ મુશ્કેલ છે. આ ટાપુનો પ્રદેશ અને હવામાન અતિ પ્રતિકૂળ છે. ત્યાં વસવાટ કરવો ગમે તેવું નથી. પણ આર્જેન્ટિના હોડશે નહિ અને બ્રિટનને કાયમ શિરોવેદના રહેશે. વર્ષો સુધી લડવા તૈયારી છે? શું મેળવવા? એટલે સમાધાન કરવું જ પડશે.

દેશને શક્તિશાળી નેતા મળે તે કોઈ વખત દુર્ભાગ્ય થઈ પડે છે. બ્રિટનમાં અત્યારે મીસીસ થેચરની ચર્ચિલ સાથે સરખામણી થાય છે. ક્યાં બીજું વિશ્વયુદ્ધ અને ક્યાં આ છમકલું? ચર્ચિલને પણ એટલો મોટો વિજય મેળવ્યા પછી, પ્રજાએ ફેંકી દીધા હતા.

યુદ્ધમાં કાંઈ વિચારપૂર્વક થતું જ નથી. આવેશ અને ઉત્તેજના જ કામ કરે છે.

સદ્‌ભાગ્યે બ્રિટનમાં જ એવા આંગેવાન વર્તમાનપત્રો અને વ્યક્તિઓ છે કે જે આ યુદ્ધની નિરર્થકતા પૂરી સમજે છે. ખુદ બી.બી.સી. આ પ્રવાહમાં ખેંચાયું નથી. બી.બી.સી. સામે સરકારનો રોષ છે, માન્ચેસ્ટર ગાર્ડિયન જેવા પત્રો તો શરૂઆતથી જ સરકારના આવા આવેગપૂર્ણ પ્રત્યાઘાતનો વિરોધ કરી રહ્યા છે. લંડન ઈકોનોમિસ્ટ જેવા, જે સરકારી નીતિને પૂરો ટેકો આપે છે તે પણ હવે કહે છે કે યુદ્ધ પૂરું થાય કે તુરત જ સમાધાનની ભૂમિકા તૈયાર કરવી જોઈએ. નશો ઊતરી જશે એટલે પ્રજાને પણ આ યુદ્ધની નિરર્થકતાનું ભાન થશે.

દુનિયામાં ચારે તરફ હિંસાનું વાતાવરણ છે. મારે તેની તલવાર એવું થઈ પડ્યું છે. ઈરાક, ઈરાન પર આક્રમણ કરે, રશિયા અફઘાનિસ્તાન પર, ઈઝરાઈલ લેબેનાને પર, વિયેટનામ કમ્બોડિયા પર. રાષ્ટ્રસંઘ ઠરાવો કરે, તેને કોઈ દાદ ન આપે.

પીટર જેન્કીન્સે લખ્યું છે :

There is an awful feeling that it has been too serious a business to have been left to Margaret Thacher.

બે લઘુકથા

ડૉ. ગુણવંત શાહ

કલિંગના પ્રિય પ્રિયદર્શી અશોકના મનમાં ગડમથલ ચાલી રહી હતી. કલિંગની કત્લેઆમથી ખરડાયેલા વિજય પછી રાજ્ય-વૈભવનો ત્યાગ કર્યાને અને બુદ્ધનું શરણ સ્વીકાર્યાને વર્ષો વીતી ગયાં હતાં.

પોતાના મનની બેચેનીનું કારણ અશોકને સમજાતું ન હતું. 'ત્યાગથી નિરંતર શાંતિ' એ ગીતા વાક્ય જાણે ખોટું પડી રહ્યું હતું. એક દિવસ એણે પોતાનો મુંઝારો શ્રમણ ઉપગુપ્ત સમક્ષ ઠાલવી દીધો અને કહ્યું: "બધું ત્યજી દીધા પછીય મારા મનને શાંતિ કેમ નથી, ભગવાન?"

તરસ્યો માણસ પાણી પીએ એમ શ્રમણના મોંમાંથી નીકળતાં વાક્યોને અશોક સાંભળી રહ્યો:

"રાજન્! તમારો ત્યાગ ભવ્ય છે; પરંતુ હજી એક ચીજ છોડવાની બાકી રહી ગઈ છે."

"કઈ ચીજ ભગવન?"

"હવે તમારે ત્યાગની સભાનતાનો ત્યાગ કરવાનો છે."

ઉપગુપ્તનું આ વાક્ય અશોકના હૃદયમાં સોંસરવું ઊતરી ગયું.

○ ○ ○ ○

ઘાણીએ જોડાયેલો બળદ ગોળગોળ ફરીને કંટાળી ગયો હતો. છેલ્લા સાત વર્ષમાં માત્ર એક જ દિવસ એને રજા મળી હતી. તે દિવસે એના માલિકની વહુ ગુજરી ગઈ હતી. નજીકના ભવિષ્યમાં કોઈ મરે એવી શક્યતા ન હતી તેથી એ ઘણા દિવસથી ઉદાસ રહેતો હતો.

એક વાર માલિકનો મૂડ જોઈને એણે વાત મૂકી: "કૃપા કરી મને એક વાર ગામની બહાર આવેલા ખેતર પર જવા દો. બસ એક જ વાર મારી આટલી વિનંતી સ્વીકારો."

માલિકને દયા આવી અને એણે સંમતિ આપી. બળદ તો વહેલી સવારે ખેતરે પહોંચી ગયો. ખુલ્લું આકાશ અને લીલાંછમ ખેતરો જોઈને એ આનંદવિભોર બની ગયો. રાત્રે લોથપોથ થઈને એ ઘરે પાછો વળ્યો.

બીજે દિવસે સવારે માલિકે એને પૂછ્યું: "કેમ? ખેતરમાં મજા પડી કે?"

"મજા તો પડી પણ ફાવટ ન આવી." બળદે મોં બગાડી કહ્યું.

"કેમ? શાની ફાવટ ન આવી?"

"ખેતરો બધાંય ચોરસ કે લંબચોરસ હતાં, ગોળ ન હતાં!"

અમૃતા પ્રીતમની કવિતા

☐ જયા મહેતા

અમૃતા પ્રિતમ પંજાબી સાહિત્યનું સુખ્યાત નામ છે. કવિતા, વાર્તા, નવલકથા, નિબંધ, પ્રવાસવર્ણન, આત્મકથા, અનુવાદ, સામયિક, 'નાગમણિ'નું સંપાદન... વિવિધક્ષેત્રે એમનો ફાળો છે. એમનાં ગીતો અને નવલકથા ચિત્રપટોમાં પણ સ્થાન પામ્યાં છે.

ભારતીય જ્ઞાનપીઠનો ઈ. સ. ૧૯૮૧નો એવોર્ડ એમને મળ્યો. એ પહેલાં ઈ. સ. ૧૯૫૭માં સાહિત્ય અકાદમીનો એવોર્ડ પણ એમને મળ્યો છે. આ એવોર્ડોના નિમિત્ત કાવ્યસંગ્રહો છે, અનુક્રમે 'કાગજ તે કેનવાસ' (કાગળ અને કેનવાસ) અને 'સુનહડે' (સંદેશા).

ઈ. સ. ૧૯૧૯માં એમનો જન્મ. માતા રાજબીબી અને પિતા કરતારસિંહ. પિતા કવિતા લખતા. તેમણે અમૃતાને રદીફ-કાફિયા શીખવ્યા, કવિતા લખતાં શીખ્યું. પિતાની ઈચ્છા હતી કે અમૃતા ધાર્મિક કવિતા જ લખે. એટલે આરંભમાં તો અમૃતા ધાર્મિક સિવાયની કવિતા લખતાં ખરાં, પણ ફાડી નાખતાં. સોળ વર્ષની વયે પરંપરાગત રીતે અમૃતાનાં લગ્ન થયાં. બે સંતાનો થયાં, તેમ છતાં અમૃતાને પતિ સાથે ભીતરનો મેળ નહોતો. જો કે કોઈ બાહ્ય ઝઘડો પણ નહોતો. વિચારોનું, ભીતરનું અંતર બંને વચ્ચે બહુ મોટું હતું અને અમૃતાને લાગતું કે પોતે પોતાના પતિને એનો હક આપતાં નથી. એની છાયા મેં બળવાના માલની જેમ ચોરેલી છે. એ પાછી આપવી છે... પાછી આપવી છે... અને ઈ.સ. ૧૯૬૦માં બંને પરસ્પર સમજણપૂર્વક છૂટાં પડ્યાં.

સાહિર, સજ્જાદ અને ઈમરોઝ: અમૃતાનો આ ત્રણ પ્રિય દોસ્તો. સાહિરનો પ્રેમ ટકયો નહીં. સજ્જાદ પાકિસ્તાનના વતની થયા. ઈમરોઝ સાથેની દોસ્તી આત્મીયતામાં ઠરીઠામ થઈ. ઈ. સ. ૧૯૬૪થી ઈમરોઝ અમૃતા સાથે રહેવા ગયા. અમૃતાએ પતિથી છૂટાછેડા લીધા નથી, ઈમરોઝ સાથે લગ્ન કર્યાં નથી. ઈમરોઝ ચિત્રકાર, અમૃતા સાહિત્યકાર. આ બંને કલાકારનું દેહજીવન હિંદુ સમાજની વિરલ ઘટના છે.

અમૃતા એક સ્ત્રી, સુંદર અને વળી કવિતા લખે. અંગત જીવનમાં પણ સમાજમાન્ય નહીં એવી ઘટનાઓ. કેટલાક પંજાબી સાહિત્યકારો અને સમાજે અમૃતા પર વિતાડવામાં બાકી રાખ્યું નથી. છતાં ભીતરની સચ્ચાઈએ એમને ટકાવી રાખ્યાં છે.

અમૃતાને એનો પુત્ર ઊઠીને પૂછે કે 'મા, સાચું કહે, હું કોનો દીકરો છું?' ને આવા પ્રશ્નોના ઉત્તર પણ અમૃતા દંભ વગર, જૂઠાણાનો આશરો લીધા વગર, સચ્ચાઈપૂર્વક આપે છે, ને એ સત્યનું બળ એનાં સંતાનોનો વિશ્વાસ પણ ટકાવી રાખે છે.

ઈ.સ. ૧૯૭૯-૮૦માં અમૃતાની આત્મકથા રેવન્યૂ સ્ટૅમ્પનો ગુજરાતી અનુવાદ કર્યો. તેમાં એમના જીવનની આ બધી હકીકતો વિગતે જાણી, તે અહીં જરાક રજૂ કરી. હવે એમની કવિતા જ જોઈએ.

અમૃતા કહે છે કે એમની ભીતરની સ્ત્રી એમની ભીતરના લેખકથી બીજા સ્થાન પર રહી છે. કેટલીક વાર તો એટલે સુધી કે એમની ભીતરની સ્ત્રી તરફ એમને ધ્યાન દોરવું પડે છે. 'કેવળ લેખક'નું રૂપ હંમેશા એટલું જાજવલ્યમાન હોય છે કે એમની પોતાની આંખોને પણ એમની ઓળખાણ એમાં જ મળે છે અને એટલે જ કદાચ, એમને લાગે છે કે લેખકની પહેલી નિષ્ઠા પોતાની કલમનાં મૂલ્ય-માનદંડ પ્રત્યે હોય છે.

'રેવન્યૂ સ્ટેમ્પ' તો અમૃતાની જિંદગીની ખુલ્લી કિતાબ છે જ. એમની કેટલીયે કવિતામાં પણ આત્મકથાના અંશો વણાઈ ગયા છે. 'સફરનામું' એમના જીવનનું ખૂબ સૂચક કાવ્ય છે. એમાં કહે છે :

ગંગાજળથી વોડકા સુધી,
એક સફરનામું છે મારી પ્યાસનું

અમૃતાની આ પ્યાસમાં છે : રેતીને પાણી સમજવાની તીવ્રતા અને સચ્ચાઈ. એટલે જ :

કોઈ પ્રિય ચહેરાને કોઈ એક
છલકાતા પ્યાલામાં જોવાનો પ્રયત્ન

o o o

અને કેટલા ત્રિકોણું પથ્થરો
કોઈ પાણીને ઘૂંટડે ઘૂંટડે ગળે ઉતાર્યા છે.

કેટલીયે વેદનામાંથી આ પંક્તિઓ આવી હશે–

વેદનાની રેખાઓથી અંકિત
મારી હથેળીમાં સૌગંદનું શિવાલય છે.

* * *

પ્રેમને પાણીની ટેવ ન પાડો,
કારણ કે હજી લગી સાંભળતા કોને આવડ્યું છે?

પ્રેમનો પડઘો પડતો ન હોય ત્યારે એની અભિવ્યક્તિ કરતાં મૌન જ બહેતર. ચાહવું, ચૂપચાપ ચાહ્યા કરવું એ જ પ્રેમનો ધર્મ અને મર્મ.

જીવનમાં કોઈ પણ તબક્કે છૂટાં પડવું એ કેટલું વસમું હોય છે! એ સમયનું ઘણું કયારેય યાદ નથી આવતું એમ કહીને પણ કવયિત્રી તે યાદ કરી લે છે:

તું અને હું જ્યારે વિદાય લઈ રહ્યાં હતાં
અને આપણું ઘર વેચાઈ રહ્યું હતું.
રસોઈનાં ખાલી વાસણ આંગણામાં પડ્યાં હતાં.
કદાચ મારી કે તારી આંખોમાં જોતાં હતાં,
કેટલાંક ઊંઘ્યાં પણ હતાં–
કદાચ મોં છુપાવતાં હતાં!
બારણા પરથી એક લતા, લગભગ કરમાયેલી,
કદાચ મને અને તને કંઈક કહેતી હતી
—અથવા પાણીના નળને ફરિયાદ કરતી હતી.

મોં છુપાવતાં વાસણો અને કરમાયેલી વેલનાં પ્રતિકોથી કવિયત્રીએ ભાવની સચોટતા સાધી છે.

પોતાનો ક્રોસ પોતાને જ ખભે ઉપાડવાની પળ પણ જિંદગીમાં આવતી હોય છે. દોસ્તી હોવાનો ભ્રમ ભાંગતી એ પળ છે:

દોસ્તીને મરવાનું હતું, મરી ગઈ
અને દોસ્ત!
હવે એની નિંદા કે સ્તુતિ?
તું કર્યે જા, જે મનમાં આવે તે, મનને ફાવે તે,
હવે એનું કફન
એક મેલી શેતરંજી હોય કે જરિયાન વસ્ત્ર

એમાં શો ફરક પડે છે?
હું એની વ્યથા સાંભળું?
ના, આ કયામતનો દિવસ નથી કે એની લાશ
કબરમાંથી ઊઠે.

પંજાબ અમૃતાની માતૃભૂમિ. 'પંજાબનો ચહેરો એમને માટે પ્રિયતમનો ચહેરો છે. પણ પંજાબે એમના પર એટલું ગુજર્યું છે કે એમને માટે એ ચહેરો એવા પ્રિયતમનો છે કે જે પરાયાની મહેફિલમાં બેઠો હોય. એટલે તેને 'અલવિદા' આપતાં એક નજ્મમાં અમૃતા કહે છે:

ખુદા તારી નજ્મ જેટલી તને જિંદગી આપે
હું એ નજ્મનો મિસરા નથી,
કે બીજા મિસરાઓ સાથે ચાલ્યા કરું
અને તને એક કાફિયાની જેમ મળતી રહું.
* * *
પણ નજ્મ આ જગતમાં સલામત રહે
અને ખુદા તારી નજ્મ જેટલી તને જિંદગી આપે.

આમ, કેટલીયે રચનાઓમાં અમૃતાનું અંગત જીવન પ્રતિબિંબિત થયું છે; પણ અમૃતા કેવળ આત્મરત નથી. એમની સંવેદનાનો વ્યાપ 'હું'થી વિશ્વ સુધી વિસ્તરે છે. સમકાલીન ઘટનાઓ એમને અકળાવી મૂકે છે. એના આઘાત-પ્રત્યાઘાત ઝીલતી એમની સંવેદનાના તાર ઝણઝણી ઊઠે છે. સામાજિક, ધાર્મિક, રાજકીય વેરઝેર એમને ઉદાસ કરી દે છે:

આજે શેલ્ફ પર જેટલાં પુસ્તકો હતાં
અને જેટલાં છાપાં
તેઓ એકબીજાનાં પાનાં ફાડીને, પૂંઠા ઉખેડીને
કંઈક એવી રીતે લડ્યાં
કે મારા 'ખયાલો'ના કાચ તડતડ તૂટતા રહ્યા
પ્રદેશોના નકશા, બધી હદો-સરહદો
એકબીજાને હાથ ને પગથી ઘસડીને ફેંકતાં રહ્યાં
અને દુનિયાના જેટલા વાદ હતા, વિશ્વાસ હતા,
એ બધા જ એકબીજાનું ગળું દબાવતા રહ્યા.
ભીષણ યુદ્ધ - લોહીની નદીઓ વહી
... પણ કેવી અચંબાની વાત
કે કેટલાંક પુસ્તકો, છાપાં, વાદ ને નકશા એવા હતા
જેમના શરીરમાંથી
શુદ્ધ લોહીને બદલે એક કાળું વિષ વહેતું રહ્યું.

અને યુદ્ધ તો દુનિયાના કોઈ પણ ખૂણે હોય, આ કવયિત્રીને વ્યથિત કરે છે:

વિએટનામની ધરતી પરથી પવન પણ પૂછી રહ્યો છે,
ઈતિહાસના ગાલ પરથી આંસુ કોણે લૂછ્યાં?
* * *
આદેશ દેનાર હે દોસ્તો!
ગોળીઓ, બંદૂકો અને એટમ ચલાવતાં પહેલાં
આ પત્ર વાંચી જજો...
વૈજ્ઞાનિકો, દોસ્તો!
ગોળીઓ, બંદૂકો અને એટમ બનાવતાં પહેલાં
આ પત્ર વાંચી જજો...
* * *
આ જલિયાંવાલા
અને એની દીવાલમાં છુપાઈને ભેટેલા ગોળીઓનાં છિદ્ર
આ સાયબિરિયા
અને એની જમીન પર ચીસના ટુકડા બરફમાં જામેલા
આ હિરોશીમા છે
જે એક ખૂણામાં એક ફાટી ગયેલા દસ્તાવેજની જેમ પડ્યું છે.
* * *
અને ઈઝરાયલની તાજી માટી
કે અરબસ્તાનની જૂની રેતી લોહીથી ભીંજાય છે
અને તેની ગંધ વ્યર્થ શહીદીના જામમાં ડૂબી જાય છે...
* *
બહાદુર લોકો મારા દેશના
બહાદુર લોકો તારા દેશના
એ બધા મરવું-મારવું જાણે છે
ફક્ત આ વાત જુદી છે -
કે માથું કદીયે પોતાનું નથી હોતું

અને આવા બહાદુરોને ચંદ્રકો મળે છે ત્યારે:

સમય હસે છે -
અને એમની છાતી પર ચોડે છે
નપુંસક બહાદુરીના કેટલાયે ચંદ્રકો

દેશના ભાગલા વખતે જે અત્યાચારો થયા તેનો ભોગ વિશેષ કરીને સ્ત્રીઓ જ બની. એ સ્ત્રીઓની કૂખે જન્મેલાં 'લાચાર' બાળકોની જાત અમૃતાની કવિતામાં આમ ખૂલે છે:

હું એ ધિક્કારું છું, જે ઈન્સાન પર વરસી રહ્યો છે.
જ્યારે તારાઓ તૂટી રહ્યા'તા
અને સૂરજ બુઝાઈ ગયો'તો
એ વખતની હું પેદાશ છું.

જન્મતાંની સાથે જ કેવળ અંધકારમય જિંદગીનો મુકાબલો કરવાનો જેમને ભાગે આવ્યો હતો, એવાં બાળકોની વેદના અહીં અમૃતાએ સાકાર કરી છે.

અમૃતાએ ભલે પૂરેપૂરી વેદનાથી એક જમાનામાં કહ્યું હોય કે સ્ત્રી હોવું અને કવિ હોવું એ ગુનો છે, પણ આવા ગુનાઓ થતાં રહે એમ આપણે ઈચ્છીએ, કારણ કે એ પ્રજા માટે શુકનિયાળ હોય છે.

પ્રેમળ-જ્યોતિદ્વારા "એકયુપ્રેસર"ના મફત વર્ગો

એકયુપ્રેસરના નિષ્ણાત શ્રી ચીમનભાઈ દવેની પ્રેરણાથી તેમના જ માર્ગદર્શન હેઠળ એકયુપ્રેસરના ફ્રી વર્ગો સંઘના કાર્યાલયમાં ચાલુ કરવામાં આવ્યા છે. દર બુધવારે સાંજે સવા ચારથી સાડા પાંચ સુધી આ વિષયની તાલીમ આપવામાં આવે છે. આ થેરેપી શીખવાની ઊંડી ધગશ હોય અને શીખ્યા પછી લોકોની સેવા કરવાની ઈચ્છા હોય એવા જિજ્ઞાસુ અને તત્પર ભાઈ-બેનોને આ વર્ગોમાં જોડાવાનું નિમંત્રણ છે. તાલીમ માટેની કોઈ પણ જાતની ફી રાખવામાં આવી નથી. તેમજ સમગ્ર કોર્સ પૂરો થતાં ચોવીસથી ત્રીસ સેશન થવાની ગણતરી છે.

એકયુપ્રેસરની ટ્રીટમેન્ટ કોઈ પણ જાતની દવા વગર માત્ર પગના તળિયાના પોઈન્ટ ઓળખીને તથા તેના પર પદ્ધતિસરનું અને પ્રમાણસરનું દબાણ આપીને કરવામાં આવે છે. શ્રી ચીમનભાઈ દવેએ આ થેરેપીનો ઊંડો અભ્યાસ કર્યો છે. તેમજ એકયુપ્રેસરની ટ્રીટમેન્ટ આપતાં તેમના છ કેન્દ્રો હાલ મુંબઈમાં ચાલે છે. સુરતમાં તેમની પ્રેરણાથી એ કાર્ય સુંદર રીતે ચાલી રહ્યું છે. અનેક લોકોને આ ટ્રીટમેન્ટથી લાભ થયો છે.

જે ભાઈ-બેનોને આ વર્ગોમાં જોડાવું હોય તેમણે કાર્યાલયનો તાત્કાલિક સંપર્ક સાધવાની વિનંતી કરવામાં આવે છે.

નીરુબેન શાહ
કન્વીનર પ્રેમળ જ્યોતિ

સંસારની વિકટતા વિ. સૃષ્ટિની સુંદરતા

□ લલિત શાહ

આ સંસાર વિષમ છે અને એની અનેક સમસ્યાઓ છે; એ સમસ્યાઓનું પરિણામ હતાશા છે અને તેથી એ અસાર છે, ખારો સાગર છે. સાગર છે તેથી દુસ્તર છે, ત્યાજ્ય છે. સાસુની બદનામીના સંસ્કાર ઉછરતી કન્યા પર પાડવામાં આવે છે તેમ સંસારની બદનામીના સંસ્કાર ઉછરતા બાળક પર પાડવામાં આવે છે. તે અનુસાર આપણા કાન પર આ વાક્યો પડેલા છે, આપણા મન પર આ વાક્યો સવારી કરીને બેઠેલાં છે. કાન પર પડેલું અને મન પર ચડી બેઠેલું યથાર્થ છે કે કેમ અથવા કઈ દૃષ્ટિએ યથાર્થ છે અને કઈ દૃષ્ટિએ અયથાર્થ છે તેની તુલનાત્મકતા આપણામાં હોવી જરૂરી છે.

સંસાર એટલે મનુષ્ય-મનુષ્ય વચ્ચેના સંબંધમાંથી સર્જાતી પરિસ્થિતિ. લગ્ન એનું તરત નજરમાં આવતું દૃષ્ટાંત છે. એનું પ્રેરકબળ છે કામવૃત્તિ અને તંતુવૃત્તિ. તંતુવૃત્તિ એટલે વંશવેલો ચાલુ રાખવાની મહેચ્છા, પુત્રેષણા (સંતાનની ઈચ્છા), જ્યાં આપણે સંસાર માંડ્યો, ઘર માંડ્યું કહીએ છીએ તે.

બે મનુષ્ય વચ્ચેનાં લગ્ન નિમિત્તે અન્ય મનુષ્યો પણ સગા-સંબંધી ગણાય છે અને એ રીતે સગા-સંબંધીનો વિસ્તાર વધતો જાય છે. એ પ્રકારે વ્યાપારી સંબંધો પણ હોય છે. સહકાર્યકરના સંબંધો પણ હોય છે, એક કાર્યક્ષેત્રના સંબંધો હોય છે. એ પ્રકારના તમારા સંબંધોમાંથી સર્જાતી કડવી-મીઠી પરિસ્થિતિ તે સંસાર. કોઈ એમાં રચ્યાપચ્યા-રમમાણ રહે છે, કોઈ કિનારે બેસી રહે છે અથવા કિનારે કિનારે ચાલે છે તો કોઈ તેની ઉપેક્ષા કરી તે તરફથી મોં ફેરવી લે છે.

આવા સંબંધો વિસ્તારવાની નિમિત્તો સ્નેહભાવ અને એ સ્નેહભાવથી ફલિત થતી ક્રિયાઓ છે જેને આપણે 'વ્યવહાર' એ નામે ઓળખીએ છીએ. એ વ્યવહારમાં વ્યક્તિની, ઉદારતા સ્નેહ-ભાવની સજ્જનતા, નિઃસ્વાર્થતા જોવા મળે છે તેમ મોહાંધતા, સ્વાર્થ, વક્રતરની નાવતા, કૃત્રિમ મીઠાશ, અહંકાર આદિ પણ જોવા મળે છે. આ સઘળું સામાન્યપણ હોય છે ત્યારે તો ઠીક પણ તીવ્રપણ હોય છે ત્યારે કામ, ક્રોધ, માન, માયા અને લોભ જેવા મહાનામથી ઓળખાય છે.

ટૂંકમાં સંસારને અસાર કરી મૂકનારાં આ પાંચ પરિબળો હોય છે અને એ પાંચનું ઉદ્ભવસ્થાન આપણું મન છે. એ પાંચ દૂષણોમાંથી મુક્ત થવું એ ધર્મસાધકોની ઈચ્છા અને પ્રવૃત્તિ હોય છે. સંસારમાં રહીને કે સંસાર તજીને એમ બંને રીત એ સાધના માટે માન્ય ગણવામાં આવી છે. એ સાધનાના માર્ગે વળવામાં હતાશા, રોષ, ઘૃણા કે કાયરતાની ભૂમિકા ન હોવી જોઈએ. સંસારમાં રહીને કે સંસાર તજીને ઉપરોક્ત પાંચ દૂષણોથી મુક્ત બનવાની આરાધનામાં વીરતાનો ગુણ મહત્ત્વના પરિબળ તરીકે, પાયાના લક્ષણ તરીકે હોવા જોઈએ. વીરતા વિના, ખમીર વિના સાધના થઈ શકતી નથી, સાધનાનો અંચળો ઓઢી શકાય છે.

એ જોવા જેવું છે કે પ્રચલિત ધાર્મિક અનુષ્ઠાનોમાં પણ માનવચિત્તમાં પડેલા માન, માયા, મોહ જેવા પરિબળો કાર્યશીલ બનેલાં હોય છે અને જ્યાં જ્યાં આ પરિબળ છે ત્યાં ત્યાં સંસાર છે. મોહપાશ એ સંસારનું પાયાનું લક્ષણ છે અને એનું કાર્ય આપણી આંખોને પાટા બાંધવાનું છે, પ્રતિષ્ઠાબુદ્ધિ માટે થતાં તમામ ધાર્મિક અનુષ્ઠાનો આવી 'સંસારલીલા' જ છે. કેમ કે તેમાં ભેળાં પાંચ પરિબળો એક યા બીજા રૂપે કામ કરી જતાં હોય છે. આજકાલનું કોઈ પણ ધાર્મિક અનુષ્ઠાન આત્મોન્નતિને પૂરક કે પોષક નિવડતું હોય એમ લાગતું નથી. આત્મામાનની જ એ વધિ છે એટલું જ નહિ, પણ આવતા ભવે મળનારા સુખના, લોભની એમાં ગંધ પણ છે. સુખ વિશેનો આપણો ખ્યાલ મોક્ષસુખનો નથી પણ ભૌતિક સુખનો છે અને એ ભૌતિક સુખની લાલસા જ્યાં છે ત્યાં સંસાર જ છે. મુક્તિસુખની ભાવના એક વાત છે, ભૌતિક સુખની અભીપ્સા અલગ વાત છે. આવતા ભવના સુખની ગણતરી એટલે માન-માયા-લોભનું તે ભવે વળગણ એ વાત આપણે ભૂલી જઈએ છીએ. જો માન-માયા-લોભ ત્યાજ્ય, સંવરણીય ગણતા હોઈએ તો આવતા ભવના ભૌતિક સુખની અભીપ્સા પણ ત્યાજ્ય જ ગણવી જોઈએ. કષાય મુક્તિની સાધનામાં જ સુખ છે એના બાહ્યાચારની બક્ષિસરૂપે મળતી ગણાતી ભૌતિક સુખની ભેટમાં નહીં.

આવતા ભવની વાત છોડી દઈએ, આ ભવની વાત કરીએ. સંસારના કડવા-મીઠા અનુભવો આપણને થાય છે તેમ બીજાને એવા કડવા-મીઠા અનુભવો આપણે આપીએ પણ છીએ. સવાલ એ છે કે સંસારના કડવા અનુભવથી હતાશ થવું આવશ્યક છે? સંસારને ઘૃણાભરી નજરે જોવો આવશ્યક છે? તે મુજબ સંસારમાં જે પ્રેમ છે, જ્યાં મીઠાશ છે તેનાથી બંધાયેલા રહેવું, તેમાં બદ્ધ કે મગ્ન રહેવું હિતાવહ છે?

મને લાગે છે કે સંસારને જેમ લોભ દૃષ્ટિથી જોવાની જરૂર નથી, તેમ ઘૃણાથી પણ જોવાની જરૂર નથી, સંસારલોલુપતા માનવીની માનવતા લજવે છે તેમ સંસાર વિશેની નફરત કંઈ માણસની માણસાઈને શોભાવતી નથી. સંસારની વિકટતાથી ત્રાસી જઈ સંસાર વિશે એવો અભિપ્રાય સેવવો હિતકારી નથી. માણસાઈ ખીલવવામાં એ માન્યતા અવરોધ લાવે છે.

પરલોક કરતાં આ લોક પ્રથમ પસંદગી યોગ્ય છે. પરભવ કરતાં આ ભવ વધુ વાસ્તવિક છે. પરભવ કે પરલોક વિશેની શ્રદ્ધા એવી ન હોવી ઘટે કે જેથી આ ભવ કે આ લોક વિશે તુચ્છકાર સેવાય. પરભવ અને પરલોક માન્યતા પારબુદ્ધિનું, પરાદર્શનનું પરિણામ હશે જેની સત્યતા અપનાવવા આ લખનારની બુદ્ધિ સમર્થ ન પણ હોય. અનેકાનેક લોકો એ માન્યતાથી જીવે છે અને શાસ્ત્રકારો એમ કહી ગયા છે એટલે એની અસત્યતા પ્રતીત કરાવવા ઘણી સમર્થ બુદ્ધિ જોઈએ. પુનર્જન્મ, પુનર્જીવન છે કે નહિ એ વાત એટલી અગત્યની નથી જેટલી આ જન્મ તો છે જ. આ જીવન તો છે જ એ અગત્યની વાત છે. મુદ્દો એ જ છે કે સંસારની જે વિકટતાઓ, વિષમતાઓ છે તેમાં વધારો કરનાર તરીકે આપણે જીવવું છે કે ઘટાડો કરનાર તરીકે? આપણામાં રહેલી હિંસા, દુષ્ટતા આદિ વિકારો પર વિજય મેળવી આ માનવ સંબંધોમાં સ્નેહ-સૌંદર્યનો ઉમેરો કરી જીવનના પૂર્ણવિરામને વધારી લેવામાં મજા નથી? કૃતાર્થતાનો આનંદ નથી?

આપણે વ્યક્તિગત રીતે અંત (અવસાન) પામીએ છીએ. પણ એ પહેલાં આપણે અહીં કંઈક એવું મૂકતાં જઈએ છીએ જે માનવવિકાસમાં, માનસંબંધોમાં પ્રાણપોષક હોય છે. આ માનવસમાજના પરિમિત કે અપરિમિત સમૂહ માટે પ્રાણપૂરક કંઈક કરી જવું એ જીવનની ધન્યતા છે, સાર્થકતા છે.

આ જગતમાં માત્ર ઉજાસ નથી. અંધકાર પણ છે. સર્વત્ર ઉદાસીનતા નથી, આનંદ પણ છે. અહીં માત્ર ઈશ્વરના જ પ્રતિનિધિ

જન્મે છે એવું નથી. શયતાનના પ્રતિનિધિ પણ જન્મે છે. આખી રાત અંધકારમાં ગાળ્યા પછી સવારે આપણને સૂર્યસ્તોત્ર યાદ આવે છે. સૂર્યનો મહિમા સવારે ગવાય છે તેટલો સાંજે નહિ. સોક્રેટિસ, ઈશુ, ગાંધીનો મહિમા ઝેરનો કટોરો, ક્રોસ અને બંદૂકની ગોળીને કારણે વધુ ઉજાગર થયો. આ વીરતા એ વીરતા છે. સંસારના મનુષ્યને ઊંચે લાવવા મહાવીરબુદ્ધે જીવનભર સાધના કરી હતી. આપણે એમની વાણીનો અનર્થ કરી સંસારને ઉગારવા, આપણી આત્મશક્તિને સતેજ કરી પવિત્ર રાખવાને બદલે ક્રિયાકાંડ કે અનુષ્ઠાનના વૈભવમાં તણાઈ જઈ સમાજમાં કંઈક ઊંચા છીએ એમ બતાવવા જીવન અને ધર્મ વચ્ચે બે ભાગલા પાડી દઈએ છીએ.

ધર્મ પળે પળ જિવાતો જીવનવિધિ છે. જે ઘડીએ જ્યાં હોઈએ ત્યાં સર્વ ઘડીએ ને સર્વસ્થળે આચરાતો માર્ગ છે. દૃષ્ટિપૂતં ન્યસેત્ પાદમ્! પ્રત્યેક પગલું દૃષ્ટિપૂર્વકનું હોવું જોઈએ. એ દૃષ્ટિ તે ધર્મદૃષ્ટિ. ધર્મદૃષ્ટિ એટલે માનવ પ્રત્યેની, સૃષ્ટિ પ્રત્યેની, સંસાર પ્રત્યેની દ્વેષબુદ્ધિ કે તુચ્છકારવૃત્તિ નહિ, પણ સમરસતાથી રસાયેલી આત્મબુદ્ધિ. જેમાં તે વસે છે, તે વસનારું મૂળતત્ત્વ મારામાં પણ છે એવી અભેદ બુદ્ધિ. સંસાર પ્રત્યેના દ્વેષભાવ પર મંડાયેલી મોક્ષસાધના મુક્તિપથ પર નહિ લઈ જાય.

મુક્તિપથ પર જનાર સંસારની વિકટતાથી ગભરાતો-અકળાતો નથી તેમ સંસારની લોભામણી બાજુથી ખરડાતો નથી, લપેટાતો નથી. આ સંસારની લલચામણી બાજુ પ્રેમ માર્ગ તરીકે ઓળખાય છે. સાધક આત્મા પ્રેમ માર્ગ છોડી ક્રોય માર્ગ તરફ વળે છે.

આ ક્રોય માર્ગ સૃષ્ટિમાં ફેલાયેલી સ્વયંસિદ્ધ સુંદરતાથી દૂર જતો માર્ગ નથી એમ મારું કહેવું છે. આકાર-રૂપ-રંગ-આભાથી વિભૂષિત સજીવ નિર્જીવ પદાર્થના દર્શનને બાળક કુતૂહલવૃત્તિથી તેમ ભક્ત-મુગ્ધ બનીને ઘડીભર નિહાળે છે. એ નિર્દોષ સૌંદર્યદર્શન સાધકના શ્રેયોમાર્ગમાં અવરોધ નહિ લાવે, જો સાધકની સાધના સહજ સાધના હશે તો.

વળી જગત આખાનું અને સઘળા માનવોનું આપણે ભલું કરી શકતા નથી. આપણે એવા વિરાટ નથી. બીજાને માટે આપણે ઘસાઈ છૂટીએ, તન-મન-ધનથી કર્તવ્ય પાર પાડવાનો સંતોષ અનુભવીએ તે માટે પ્રેરક બળ જોઈએ છે પ્રેમ. આ પ્રેમ સૌંદર્યદર્શન વગર પાંગરતો નથી. માતાને પોતાનું બાળક સુંદર લાગે છે, વહાલું લાગે છે. આ વહાલપ અને સુંદરતાનું દર્શન એક સિક્કાની બે બાજુ છે.

રક્તપિત્તના દર્દીની શુશ્રૂષામાં દર્દીનું બાહ્યદર્શન સેવક કરતો નથી. આંતરદર્શન કરે છે અને એ આંતરદર્શન એકતાનો એવો અભિગમ રજૂ કરે છે કે આ દર્દનો ભોક્તા અને એ દર્દીનો સેવક એ બે જુદા નથી પણ એક જ છે. દંપતી પણ આવા ઐક્યની અનુભૂતિ કરે છે અને માટે જ એકબીજાનું અર્ધાંગ ગણાય છે. લાંબી બીમારીથી હાડપિંજર સમી બની ગયેલી કાયા ધરાવતી માતાની શુશ્રૂષા તેનાં સંતાનો કરે છે કેમ કે તે સંતાનો એ માતાના પ્રેમાળ હૃદયમાંથી પાંગરતા સૌંદર્યનો અનુભવ કરી ચૂક્યા છે.

તપસ્વી, વિતરાગ મહાત્માઓની મુક્તિસાધનાથી આપણે બહુ દૂર છીએ. આપણા જેવા સામાન્ય સંસારી મનુષ્યોએ કર્તવ્યકર્મ પાર પાડવા માટે સૌંદર્યનું, પ્રેમનું, મમતાનું આલંબન લેવું જોઈશે. પણ એ આલંબન એવું ન હોય કે જ્યારે નિષ્ફળતા સાંપડે ત્યારે ઘેરી હતાશામાં કે નરી ઈર્ષ્યામાં આપણે સરી જઈએ. સમતા અને મમતા એ સમાંતર ચાલતી રેખાઓ વચ્ચે આપણો કર્તવ્ય પથ કંડારાયેલો છે. વીતરાગદશા અને નફરતદશા એકબીજાના પર્યાય નથી, એક સિક્કાની બે બાજુ નથી. સંસારમાંથી રાગ ઊડી જવો એનો અર્થ એવો માનવામાં આવે છે કે સંસાર પ્રત્યે નફરત સેવવી.

જેઓ જીવનથી દાઝ્યા છે. તેઓ સંસાર પ્રત્યે નફરત સેવી પોતાના જીવનને ટૂંકાવે છે. આમ જીવાદોરી ટૂંકાવી દેવી તેમાં વીરતા નથી. સંસારથી અળગા રહીને, વેગળા રહીને અનેક સાધકોએ આ સંસારને દોરવવા માટે પોતાની આંગળી આપી છે. પિતાની આંગળી ઝાલીને બાળક આગળ ચાલતો રહે તેમ.

આમ સંસાર પ્રત્યે સદ્‌ભાવભરી ભલમનસાઈ દાખવી તેને દોરવો એની ચીવટ દરેક સંત-મહાત્માઓએ રાખી છે અને એમ કરવા જતાં પોતાની જાતને તેમણે ગૌણ ગણી છે. આવું આત્મવિલોપન વિરલ હોય છે અને એ સંસારને પ્રેમભરી, અમીભરી નજરે નિહાળીને જ સાધવાનું હોય છે. માતાની બાળક પ્રત્યેની જે દૃષ્ટિ હોય છે તે જ દૃષ્ટિ સાધકની સંસાર પ્રત્યેની હોવી ઘટે છે. બાળક પોતાનું છે માટે વહાલું લાગે છે, માટે સુંદર લાગે છે. માતા બાળક સાથે એકાકાર છે છતાં અળગીની અળગી છે. આવી વાત્સલ્યદૃષ્ટિ આપણે ખીલવવી એ તપસ્યા જ છે.

આથમતી સંધ્યાએ

□ રંભાબહેન ગાંધી

આ વર્ષ ઘરડા વર્ષ તરીકે જાહેર કર્યું છે ત્યારે આપણે ઘરડા તથા "ઘરડાના ઘર" નો થોડો વિચાર કરીએ તે જરૂરી છે. "ઘરડાના ઘર" ની માગ આ યુગની છે. આગળના જમાનામાં જ્યારે સંયુક્ત કુટુંબો હતા, બાપદાદાના ધંધા હતા ત્યારે માતા-પિતા તો શું અરે ઘરડા ફોઈ-માસી-કાકા-કાકીને પણ ઘરમાં રાખતા અને એમની સેવા કરતા.

વિજ્ઞાને ઉમ્મર વધારી દીધી તેથી ઘરડા થવાનું તો નસીબમાં આવેજ પરંતુ આજની પેઢીને ઘરડાં ગમતાં નથી. એ કહે છે કે હવે તમે આદર્શમય કુટુંબની વાત ભૂલા થઈને છોડો. એવું આદર્શમય કુટુંબ હવે રહ્યું છે ખરું?

સંયુક્ત કુટુંબની સંસ્થા જ ભાંગી પડી છે. શહેરમાં નોકરી કરવા આવવું પડે છે. નાના ઘર છે ત્યાં ઘરડાંને ક્યાં રાખવા? અને સંયુક્ત કુટુંબ એટલે કજીયા ને કંકાસ. એવા કુટુંબે તો કેટલા યુવાનોનાં જીવન રૂંધી નાખ્યાં છે; આજે દહેજનો પ્રશ્ન પણ એમણે જ ઊભો કર્યો છે અને એમને કારણે જ તો કેટલી આશા ભરી યુવતીઓને બાળી નાખે છે. આ યુવાન પેઢી એમ પણ કહે છે કે: "ઘરડાના ઘર"માં એમને એમની ઉમ્મરના સાથીદારો મળશે તેથી વધુ આનંદમાં રહી શકશે અને એમને જોઈતો ઓરાક આનંદપ્રમોદના સાધનો' અને ડોકટરી સારવાર પણ ત્યાં જ સારી મળશે. ટૂંકમાં યુવાનો ઘરડાના લાભાર્થે જ એમને "ઘરડાના ઘર" માં મોકલે છે.

એ યુવાનોને પૂછીએ કે આપણા બાપદાદાઓને "ઘરડાના ઘર" કરવાનું કેમ ન સૂઝ્યું? આપણા મહાન ઋષિઓ ઘરડા જ હતા છતાં યુવાનો એમને માન આપતા, ઘરડાં થતાં બુદ્ધિ ગાંડી જાય છે તે ખોટું છે; કારણ કે આપણને મહામૂલા ગ્રંથો ઘરડા પાસેથી જ મળ્યા છે.

એ મહાત્માઓએ, એ પૂજનીય ઋષિઓએ પુંડરિક પાસે મા-બાપની પૂજા કરાવી, અર્થાત્ ભગવાનનું પણ ઘડીક ઊભા રાખી દીધા. ધ્રુવે માતપિતાને તાર્યા. જુવાન શ્રવણે માતપિતાને

કાવડમાં બેસાડી જાત્રા કરાવી અને પેલા કાર્તિકેય બિચારા પૃથ્વીની પ્રદક્ષિણા કરીને આવ્યા ત્યાં ગણપતિએ માતપિતાની પ્રદક્ષિણા કરીને વરદાન મેળવ્યું એ બધી વાતો શું વાહિયાત માનવી?

આગળની વાત જવા દઈએ, આ યુગના ગાંધીજી બધા જ વિષયોને સ્પર્શ્યા પરન્તુ એમને પણ "ઘરડાના ઘર" નું કેમ ન સૂઝ્યું!

નોઆખલીમાં ગયા ત્યારે એ શું યુવાન હતા, જીવનના અંત લગી એ કાર્યરત રહ્યા જ છે? તો કેમ કહી શકીએ કે ઘરડા નકામા છે અને બીજી વાત એ ઘરડા થયા, ઘરડાના ઘરમાં મોકલવા જેવા થયા એ કઈ ઉમ્મરે નક્કી કરીશું?

શિવાજી હરઘડી, હરપળ માતાના આશીર્વાદ લેવા દોડતા, ગાંધીજીએ પણ માતાનું ગૌરવ કર્યું છે, તો શું...

અને મારી વાત પૂરી થયાં પહેલા યુવાન પેઢી જવાબ આપે છે કે એ વખતના ઘરડા ડાહ્યા હતા, સમય થતા વાનપ્રસ્થાશ્રમમાં જતા. ત્યારે આજના ઘરડાઓ તો ઘરમાં ચીટકી જ રહે છે. અરે ફક્ત ચીટકી રહેતા હોય તોયે નિભાવી લઈએ, પરંતુ એમનો ચોવીસ કલાકનો ટકટકારો સહેવાતો નથી.

કબૂલ છે એમની વાત. પરંતુ મા-બાપે એમની ફરજ બજાવી હવે તમારો વારો છે, તો શું તમે ફક્ત અધિકારની જ વાત કરશો, ફરજનો વિચાર પણ નહિ કરો?

જવાબ આપે છે કે ફરજ કોને કહો છો? જીવનભર એમનો ટકટકારો સાંભળ્યા કરીએ તેને? અમને પરંપરાની સાંકળે બાંધી રખે તેને? અમારું વ્યક્તિત્વ મૂરઝાવી દે તેને? અમારી સ્વતંત્રતા છીનવી લે તેને? આ વિજ્ઞાનના યુગમાં પણ તમે શું અમારી પાસેથી એવી આશા રાખો છો કે પેલા શ્રવણની જેમ અમે અમારા બાપને કાવડમાં લઈ જઈને જાત્રા કરાવીએ; એવું કરીએ તો જ આદર્શમય દીકરા, બાકીના દીપડા?

આ બધા હોંશિયાર છે, એમની દલીલોનો આપણી પાસે જવાબ નથી એમ નથી. જવાબ છે પરંતુ એ જવાબ આપવાનો કશો જ અર્થ નથી તે વિચારીને મારા જ કાકા કે જેને "ઘરડાના ઘર"માં મૂક્યા છે તેનો પત્ર આવ્યો છે તે જ અહીં રજૂ કરું છું:

"આજે તો તારી પાસે હૈયું ખાલી કરવા જ બેઠો છું તો કંઈ છુપાવીશ નહિ. તેં મને મારી યુવાનીમાં જોયો છે, મારી ચારે કોર ધાક વાગતી; પરન્તુ આજે તો તદ્દન લાચાર બની ગયો છું. મારાં બાળગોપાળ મારાં રહ્યાં નથી. એમને મન હું નકામા ઢોર જેવો બની ગયો છું, જેથી પાંજરાપોળ જેવા "ઘરડાના ઘર"માં ધકેલાઈ ગયો છું.

શરીર જર્જરિત થઈ ગયું છે, ઈન્દ્રિયો શિથિલ થતી ગઈ, કાને જરા બહેરાશ આવવા લાગી, ઉધરસને કારણે કફ થતાં કાઢવો પડતો તે બધાની પુત્રવધુને ચીડ તેથી હુકમ થતો કે તમારી ઓરડીમાં જ જમી લ્યો. કેમ સમજાવું એમને કે હું માણસ ભૂખ્યો છું, મને બાળગોપાળ વચ્ચે ગમે છે, એકલતા મને કોરી ખાય છે.

બધા કંઈક રમત રમતા અને હું ત્યાં ખુરશીમાં પડીને એમને રમતા, આનંદકિલ્લોલ કરતાં જોતો, ખૂબ ખુશી થતો ત્યાં કોઈ વાર આંખ મળી જતી, નસકોરાં બોલી જતાં કે વહુનો હુકમ થતો, જાઓ તમારા રૂમમાં, ત્યાં જઈ નસકોરા બોલાવો.

દુઃખી હૃદયે ઊઠતો, મારા રૂમમાં જતો અને ઊંડો નિસાસો નાખીને ખાટલામાં પડતો. પરંતુ ત્યાં ઊંઘ આવતી નહિ. બધા બેઠા હોય ત્યાં જરા બેસું ત્યાં જ પેલી વેરણ ઉધરસ આવે અને થૂંકદાની દૂર હોય, લેવા ઊઠવાની તાકાત ન હોય; શું કરવું, ત્યાં જ વહુ બોલી ઊઠે કે અહીં હોક-થૂ, હોક-થૂ કર્યા કરો છો ને બધું ભરી મૂકો છો. એના કરતાં તમારા રૂમમાં જ પડી રહેતાં તમને થાય છે શું? કહેવાનું મન થાય છે કે વહુમા, એકવાર હું તમારા કરતાં યે ચોખલીયો હતો, પણ આજે વૃદ્ધાવસ્થાએ અને શરીરની કમજોરીએ લાચાર બનાવી દીધો છે. દીકરાને એક વાત કહેવી છે તે વિચારું છું અને તક મળતાં કહું છું ત્યારે ભૂલી ગયો હોઉં છું કે એ વાત તો મેં એને કહી છે. પરંતુ યાદ નથી તેથી ફરી કહું છું અને એ પુત્ર કે જેની એકની એક વાત મેં અનેકવાર સાંભળી છે તે બરાડી ઊઠે છે કે એકની એકવાતનું પીષ્ટપેષણ છોડશો?

આ બધાને અંતે ભાઈ હું આજે "ઘરડાના ઘર"માં છું. કહે કે મારા મૂળીયામાંથી મને ઊખેડીને અહીં અજાણી ધરતીમાં આજાણ્યા વચ્ચે ધરબી ગયા છે.

નથી ગમતું, યાદ આવે છે ઘર, બાળકો, નાનપણની વાતો, દીકરાને કેવી હોંશ અને આશાથી મોટા કરેલા તે અને એ યાદ આવતાં આંખોમાં આંસુ આવી જાય છે તે જોઈને પાસે જ બેઠેલા વૃદ્ધ કહે છે, "ભાઈ મને પણ શરૂઆતમાં તમારા જેવું જ થતું, પરંતુ શું થાય, વૃદ્ધ થવાનો ગુનો કર્યો છે તો સજા ભોગવવી જ રહી ને? એ જ વૃદ્ધ કહે છે કે આપણે તો દીકરા વહુનો આભાર માનવો જોઈએ કે મોહદશામાંથી મુક્ત કર્યા, હવે તો નિરાંતે મોતને આવકારી શકીશું ને?

બેટા, ઢોરને પણ માયા હોય છે, ગાય-ભેંશને પણ માલિકની માયા લાગે છે, કૂતરા તો માલિક જતાં મરતા જોયા છે ત્યારે આપણે તો માનવી. આમે ઘરડા થયા એટલે શું માયા જ ન હોય!

પડું પડું થતાં ઘર પણ લોકો છોડતા નથી. એને ઘરની પણ માયા હોય છે, પાડોશની હોય છે, સગાની-વહાલાની હોય છે, એમની જ ઉમરના મિત્રોની હોય છે. એ બધાથી વિખૂટી પડીને અહીં રહેવું પડે છે તે શું એમને મીઠું લાગે છે? ના, જરાયે ગમતું નથી, મારા જ વડલાની છાંયાથી દૂર આજાણી ધરતી અને આજાણ્યા મરવા વાંકે જીવતા માનવીની વચમાં રહેતાં જીવ ખૂબ જ મૂંઝવણ અનુભવે છે છતાં શું થાય! રહેવું જ પડવાનું કારણ કે ઘરડા થવાનો ગુનો કર્યો છે ને?

આ પત્ર પ્રભાતથી લખવાનો શરૂ કર્યો છે ત્યારે માંડ આથમતી સંધ્યાએ પૂરો કરી શક્યો છું, સંધ્યા ઢળે છે પણ મારા જીવનની સંધ્યા કેમ ઢળતી નથી! આટલી વ્યથા વેદનામાંયે હજી શ્વાસ કેમ ચાલ્યા કરે છે! પત્ર બહુ લાંબો થઈ ગયો, પરંતુ કદાચ આ પહેલો અમે છેલ્લો જ પત્ર હશે. પ્રભુ પાસે રોજ માગું છું પ્રભો હવે તો મોત દે અને એ માનવી જેવો ક્રૂર નથી જ. જરૂર મારી પ્રાર્થના સાંભળશે. ઘરનાને સૌને આશીર્વાદ, જો કે આશીર્વાદની પણ કોઈ કિંમત યુવાનોને મન રહી નથી છતાં અમારાથી અપાઈ જ જાય છે.

ઓજ લિ. તું જાણે છે તે જ, અર્થાત્ વહાલાથી વિખુટો પડેલો અને મૃત્યુની રાહ જોતો બેઠલો એક અભાગી વૃદ્ધ.

માનવીના મનની આત્મકથા

□ પન્નાલાલ આર. શાહ

ધર્મ અને નીતિશાસ્ત્ર પ્રણિત આચારધર્મ નિષેધાત્મક ગણવામાં આવે છે અને આપણો અભિગમ વિધેયાત્મક હોવો જોઈએ એવું આધુનિકો કહે છે. મનના ઊંડાણનો સહેજે પાર પામી શકાય એમ નથી અને એટલે જ આવેગોનું દમન ન કરવું. કારણ કે કૃત્રિમ દમનથી મનમાં અને પરિણામે જીવનમાં વિકૃતિ સર્જાય છે એવું આધુનિક મનોવૈજ્ઞાનિકો કહે છે. આધુનિક મનોવિજ્ઞાન જે કહે છે અને આપણો ધર્મ કે નીતિશાસ્ત્ર જે પ્રબોધે છે તેમાં મને વિરોધ લાગતો નથી; બન્ને એકબીજાના પૂરક જણાય છે. મનોવિજ્ઞાન કહે છે તે માનવીના મનની આત્મકથાનો પ્રારંભ અગર પૂર્વાર્ધ છે, અને ધર્મ કે નીતિશાસ્ત્ર જે પ્રરૂપે છે તે એના ઘડતરના અને અનુભવના આર્ક રૂપે એનો ઉત્તરાર્ધ છે!

બાહ્ય રીતે દબાયેલી લાગણી કે આવેગ આંતર મનમાં ધકેલાઈ જાય છે અને પછી તે કેવા કેવા માર્ગે બહાર આવે છે તેની આપણને ખબર નડતી નથી અગર તે સમજાતું નથી. માનસશાસ્ત્રના આ નિષ્કર્ષ અને તર્ક પર આધાર રાખીને તન-મનનું દમન કરવાનો વિરોધ છે. કિશોરાવસ્થાને અનુરૂપ કુતૂહલવૃત્તિને યોગ્ય રીતે વાળવામાં ન આવે તો સર્જાતી વિકૃતિના ઈલાજ તરીકે જાતીય શિક્ષણની હિમાયત થાય છે, પરંતુ જાતીય શિક્ષણ આપવું એ એક વાત છે; એનાં પ્રત્યે ઊભી કરવામાં આવેલી સૂગ એ જુદી જ બાબત છે અને એ અંગેની પાત્રના એ વળી જુદો જ પ્રશ્ન છે. જાતીય શિક્ષણ, જાતીય વૃત્તિ પરત્વેની સૂગ અને વ્યક્તિની પાત્રતા કે વિવેક – આ બધા વચ્ચે સૌ કોઈના મનમાં ગૂંચવાડો છે. આ બધી બાબતોને અયોગ્ય રીતે સાંકળીને એમાંથી છૂટવાના ઉપાય લેખે સંયમ અને વિવેક, ધર્મ અને નીતિશાસ્ત્રની શિસ્તને બદલે નિયંત્રણ વિહીન આવેગોની અભિવ્યક્તિનો ઈલાજ આજે સૂચવાય છે તે યોગ્ય કે વ્યવહારું છે ખરો?

જાતીય શિક્ષણની વાત કરીએ તો જાતીય શિક્ષણ પુરુષ અને સ્ત્રીની શારીરિક રચના, એનો ઉપભોગ અને એની મર્યાદા અંગે શિક્ષણ આપે એટલે જાતીય વૃત્તિની સ્વાભાવિકતા માનવીને સમજાય. બ્રહ્મચર્યના આદર્શ અને મુક્તિગામી થવાની દૃષ્ટિએ વ્યક્તિ વાસનાથી વિમુખથી બને એ માટે જાતીય ઉપભોગને નિંદવામાં શાસ્ત્રોએ પરાકાષ્ટા વટાવી છે અને જાતીય ઉપભોગનાં બે પાત્રો પૈકી એક-સ્ત્રીને નરકની ખાણ ગણાવી એ તરફ આનુષંગિક પૂર્વગ્રહ ઊભો કરવાનો ભ્રૂણ આપણા શાસ્ત્રોએ અપનાવ્યો છે. આપણા કથાસાહિત્યમાં રાજકુંવરીના શિક્ષણ માટે પંડિતોની નિમણૂક થતી. આવા પંડિતોના પ્રેમમાં રાજકુંવરી પડે નહિ એ માટે રાજા અથવા પંડિતને ત્યાં અભ્યાસ માટે આવતા મંત્રીપુત્રના પ્રેમમાં રાજકુંવરી સપડાય નહિ એ માટે પંડિત દ્વારા બન્નેના મનમાં એકબીજા માટે શારીરિક ખોડખાંપણનો પૂર્વગ્રહ ઊભો કરવામાં આવતો, અને બન્ને વચ્ચે પડદો રાખવામાં આવતો. અન્યોન્ય દર્શનના અભાવમાં પરસ્પર અનુરાગ ઉદ્ભવે નહિ એવી તકેદારી એમાં હતી. પરંતુ કોઈ પણ શ્લોક કે મૂદ્દાની ચર્ચામાં કયારેક પોતાની સચ્ચાઈ વિષે તીવ્રતા આવે ત્યારે પરસ્પર દોષારોપણની હદે મામલો વિફરે અને બન્ને એકબીજાની કહેવાતી શારીરિક ખોડખાંપણ પ્રત્યે અંગુલિનિર્દેશ કરે. બન્ને આ બાબતની ખાતરી કરવા પડદો હઠાવે અને રહસ્ય સ્ફોટ થાય અને બન્નેના શારીરિક સૌંદર્ય અને સૌષ્ઠવ વચ્ચેની પૂર્વગ્રહની દીવાલ કડડભૂસ થાય અને બન્ને પ્રેમમાં પડે. અહીં મને સ્વ. ધૂમકેતુના એક સરસ વાક્યનું સ્મરણ થાય છે: 'આઘાત અને પ્રત્યાઘાતમાંથી ઉદ્ભવેલો પ્રેમ વધુ બલવત્તર હોય છે.' આવું જ જાતીયવૃત્તિના આપણા શાસ્ત્રોનાં બ્યૂહ અંગે મને લાગે છે. જાતીયવૃત્તિ અંગે ઊભા કરવામાં આવતા પૂર્વગ્રહનો એના ઉપભોગ વખતે પાર્યો જ ન રહેતાં માનવીની જાતીયવૃત્તિ વધુ પ્રબળ બનતી હોવી જોઈએ. એ દૃષ્ટિએ જાતીય શિક્ષણ વાસ્તવિકતાનું સુરેખ ચિત્ર દોરે અને શરીર ધર્મની માગ ([Biological Needs] સમજાવે એવી જરૂરિયાત આપણે ઊભી કરેલી છે, જાતીયવૃત્તિ અંગે ઊભા કરવામાં આવતા પૂર્વગ્રહની દિશા બંધ કરીએ અને જાતીય ઉપભોગની જરૂરિયાત અને સામે પક્ષે બ્રહ્મચર્યની સાહજિક સ્થિતિએ પહોંચવાની પ્રક્રિયાની સમજણ આપવામાં આવે તો જાતીય શિક્ષણની આવશ્યકતા કેટલી એ મારે મન પ્રશ્ન છે.

જાતીયવૃત્તિ અંગે પરંપરા અને શાસ્ત્રોથી દોરાયેલાં ચિત્રના સંદર્ભમાં જાતીય શિક્ષણની આવશ્યકતા સ્વીકારીએ તો પણ રોથી જાતીય વૃત્તિનું દમન નહીં જ થાય અથવા એ વૃત્તિનું શમન થશે જ એવું વિશ્વાસપૂર્વક કહી શકાય ખરું? બન્ને પ્રશ્નોનો માનસશાસ્ત્ર અને અધ્યાત્મની દૃષ્ટિએ પણ વાસ્તવિક ભૂમિકાના સંદર્ભમાં અભ્યાસ કરવાનો અને ઉત્તર શોધવાનો છે. અહીં બે પ્રશ્નો છે: (૧) દમનથી વિકૃતિ આવે જ આવે એવું ખરું? અને (૨) દમન અહીં કરવાથી શું પરિણામ આવે?

જાતીયવૃત્તિ પરથી વાત કરીએ તો એવા અમર્યાદ ઉપભોગથી લાંબે ગાળે શારીરિક શક્તિના હ્રાસમાં અને માનસિક નબળાઈમાં એ નહિ પરિણામે એની ખાતરી મનોવિજ્ઞાન આપી શકતું નથી. બીજું એના ઉપભોગમાં બે પાત્રો છે એ પૈકી એક પાત્રની ઈચ્છા, લગ્ન કે લગ્ન બહારના બીજા પાત્ર પર લાદવામાં આવે તો નયશયનખંડમાં સ્વપત્ની પર બળાત્કાર જેવી સ્થિતિ સર્જાય. એથી વિકૃતિ ન આવે? પ્રત્યેક વ્યક્તિમાં ચોક્કસ સમયે એવા ઉપભોગની શારીરિક, માનસિક કે પરિસ્થિતિજન્ય તત્પરતા હોતી નથી, અગર હોય છે તો એની તીવ્રતા એક સરખી હોતી નથી. આવા સંજોગોમાં થતાં જાતીય ઉપભોગથી – મહદંશે યંત્રવત્ ઉપભોગ – – પણ વિકૃતિ આવે, અસંતોષ રહે અને લગ્ન જીવનમાં 'માનસિક કજોડાં' જોવા મળે. આપણી લગ્નસંસ્થાનું આ પરિણામ નથી, પરંતુ પુરુષપ્રધાન સમાજવ્યવસ્થાનું આ પરિણામ છે. અહીં પણ બન્ને પક્ષ સમજ કેળવે, વિવેક દાખવે તો આવા સંજોગોમાં વિખૂટા પડવાને બદલે આવા યુગલોમાં લાંબે ગાળે સુમેળ સાધી શકાય છે એવું ઘણા કિસ્સામાં જોવા મળશે.

મુક્ત સહચારની ભાવના જ્યાં પ્રવર્તે છે અને એવું ચલણ હોવા છતાં ત્યાં પણ જાતીયવૃત્તિથી થતી હેરાનગતિ [Sexual Harrasement] અને બળાત્કારના કિસ્સાઓ અવારનવાર બને છે. "News Week" ના તા. ૧૭-૩-૧૯૮૦ ના અંકમાં પુરુષ કે સ્ત્રી અધિકારી સુદ્ધાં સામા પાત્રને પોતાની સાથે જાતીય ઉપભોગમાં પ્રવૃત્ત કરવાની અનેકવિધ તરકીબો અજમાવતા હોવાનું નોંધ્યું છે અને પોતાના સ્થાનનો – સત્તાનો એ રીતે લાભ ઉઠાવે છે. આ એક છૂપો બળાત્કાર છે. 'જન્મભૂમિ-પ્રવાસી' ના તા. ૯-૨-૧૯૮૦ ના અંકમાં શ્રીમતી સુવર્ણા રાયે "બળાત્કાર: એક વૈશ્વિક સમસ્યા" એ લેખમાં ખુલ્લા બળાત્કારની વિગતો ટાંકી છે. એ જ રીતે તા. ૯-૩-૧૯૮૦ ના 'સંદેશ' દૈનિકમાં 'લોક સાગરને તીરે તીરે' વિભાગમાં શ્રી ઈશ્વર પેટલીકરે પણ એ અંગે વિસ્તૃત છણાવટ કરીને પશ્ચિ-

મપાં મુજબ સદાચાર હોવા છતાં બળાત્કાર થતાં હોવાનું ત્યાંના સામયિકોના અહેવાલો સાથે નોંધે છે અને ત્યાંના માનસશાસ્ત્રીઓનું 'બળાત્કાર કરનાર માનસિક દર્દી' હોવાનું તારણ હોવા છતાં ૯૭ ટકા લોકોમાં એ ગુનાનું પુનરાવર્તન થતું નથી એ બાબતને તેઓ સૂચક લેખે છે. શ્રીમતી નયન તારા સહગલે ફીલાડેલ્ફીયાના ૧૪૦૦ બળાત્કારોના કેસોનું તારણ 'ઇન્ડિયન એક્સપ્રેસ'માં ટાંકયું છે અને સ્ત્રી સામયિક 'માનુષી'નો હવાલો પણ આપ્યો છે.

દમનથી થતી વિકૃતિની સમજણ પણ સાપેક્ષ છે. મુક્ત સહચારની પ્રણાલિકાના વાતાવરણમાં પણ વિકૃતિ આવે જ છે. એ આપણે ઉપર જોયું. જાતીયવૃત્તિ ઉપરાંત માનવીમાં અન્ય વૃત્તિઓ જેમ કે શૌર્ય અને વેરવૃત્તિ, વગેરે. એ વૃત્તિ પર સંયમ કેળવવાનું કે એનું દમન કરવાનું સ્વીકારીએ છીએ ને? દમનથી થતી વિકૃતિના તારણ લેખે એવી વૃત્તિઓને છૂટો દોર આપવામાં આવે તો? ચોક્કસ સમાજ વ્યવસ્થાનો એક એક ભાગ છે અને એ વ્યવસ્થા નિભાવવામાં આપણો હિસ્સો અને હિત છે એવી સ્પષ્ટ સમજણ આપણે કેળવી છે અને એટલે એવી વૃત્તિ પર સંયમ રાખવામાં આપણને દમન લાગતું નથી અને પરિણામે જીવનમાં વિકૃતિ પણ આવતી નથી. લગ્ન કે લગ્ન બહારના જાતીય જીવનમાં એક પાત્રની અનિચ્છાથી જાતીય વૃત્તિનું દમન થાય તો એથી વિકૃતિ આવશે ખરી? હકીકત એ છે કે કોઈ ચોક ચોક્કસ બિંદુએ ફરજિયાત કે મરજિયાત માનવીએ સંયમ રાખવાની સ્થિતિ તો આવવાની જ.

જાતીયવૃત્તિના દમનની વાત કરતાં મને જૈનોની તપશ્ચર્યાનું સ્મરણ થાય છે. જૈનેતર સમાજ અને સમાજશાસ્ત્રીઓ એ ધર્મને દેહદમનનો ધર્મ ગણે છે. એવા દેહદમનથી ધાર્યું પરિણામ ન આવે તો કેવી પ્રક્રિયા થાય એ અંગે ભગવાન બુદ્ધનું ઉદાહરણ આપણી સમક્ષ છે. એમના જ સમકાલીન ભગવાન મહાવીરે ઉત્કટ તપની સાધના કરી અને અંતિમ ધ્યેય પ્રાપ્ત કર્યું. એ બન્ને મહાપુરુષોની આ બાબતોનું પૃથક્કરણ કરતાં પં. સુખલાલજીએ નોંધ્યું છે કે "બુદ્ધ તપની ઉત્કટ કોટિ સુધી પહોંચ્યા અને જ્યારે એનું પરિણામ એમને સંતોષ ઉપજાવે એવું ન આવ્યું ત્યારે તેઓ મુખ્યપણે ધ્યાન માર્ગ તરફ વળ્યા, અને તપને નિરર્થક માનવા-મનાવવા લાગ્યા. કદાચ આ એમના ઉત્કટ દેહની પ્રતિક્રિયા હોય. પણ ગોશાલક અને મહાવીરની બાબતમાં એમ નથી. એમણે ઉગ્ર તપ સાથે પહેલેથી જ ધ્યાન જેવા આંતરતપ તરફ પૂરું લક્ષ આપેલું અને તેમણે એમ પણ કહ્યું કે બાહ્ય તપ ગમે તેટલું કઠોર હોય છતાં એની સાર્થકતા આંતરતપ પર અવલંબિત છે. તેથી તેમણે બાહ્ય તપને આંતરતપના એક સાધન તરીકે જ સ્થાન આપ્યું. આને લીધે કદાચ તેમનામાં પ્રતિક્રિયા ન થઈ."

ભગવાન બુદ્ધના જીવનમાં દેહદમનની પ્રતિક્રિયા થઈ પણ વિકૃતિ ન આવી. દમનથી જો વિકૃતિ જ થતી હોત તો તેઓ ધર્મથી વિમુખ અને વિરુદ્ધ થાત. એટલે દમનથી હંમેશાં વિકૃતિ આવે એવું તો નથી જ. ભગવાન બુદ્ધ કે મહાવીરના જીવનમાં દમનથી પ્રતિક્રિયા ન થઈ એ માટે એવો તર્ક થઈ શકે ખરો કે બોધનું લક્ષ્ય અગર ધ્યેય નિશ્ચિત હતું અને એ માર્ગે જવા કૃતનિશ્ચય હતા. આ મુદ્દાના બીજા અંતિમ પરથી એમ પણ તર્ક થઈ શકે દમનથી થતી વિકૃતિને લક્ષમાં રાખી જાતીયવૃત્તિનું દમન ન કરવું જોઈએ એવી માન્યતા ધરાવનારનું ધ્યેય જાતીય વૃત્તિના ઉપભોગનું છે એટલે જ વિકૃતિની વાત આગળ ધરવામાં આવે છે. માનવીનું મન એવું અવળચંડું છે કે કેવા કેવા માર્ગે એ એનો રસ્તો શોધી લે છે એ ન આપણને ખબર જ પડતી નથી!

સૃષ્ટિ શરૂઆતમાં જાતીયવ્યવહાર નિર્બંધ હશે. કેટલીય મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા અને અનુભવમાંથી પસાર થયા બાદ આજની સમાજ અને કુટુંબ વ્યવસ્થા તેમ જ લગ્ન સંસ્થા અસ્તિત્વમાં આવી હશે. આ બધી પ્રક્રિયાના પરિણામે વ્યક્તિને કેટલાંક સામાજિક અને કૌટુંબિક સંસ્કાર વારસા રૂપે મળે છે અને એટલે અંશે સમાજ વ્યવસ્થા અને તેના નિયમો પૂરતી એની માનસિક તૈયારી હોય છે. જેટલી માનસિક તૈયારી અને સામાજિક વાતાવરણની ભૂમિકા હોય એટલે અંશે વૃત્તિના દમનનો પ્રશ્ન અસ્થાને રહે છે. અહીં દમન અને સમજણપૂર્વકના ત્યાગ કે સંયમ વચ્ચેનો ભેદ સમજવો જરૂરી છે. નિર્બંધ જાતીયવ્યવહારના પ્રાથમિક કે પૂર્વ પ્રાથમિક તબક્કામાંથી પસાર થયા બાદ લગ્ન અને સમાજ વ્યવસ્થા સ્વીકારી એમાં જેમ સમજણપૂર્વક જાતીયવૃત્તિ અને ઉપભોગનું મર્યાદિતપણે નિયમન કર્યું અથવા લગ્ન જીવનમાં પણ બન્ને પાત્રની શારીરિક, માનસિક કે પરિસ્થિતિજન્ય સાનુકૂળતા મુજબ જાતીયવ્યવહાર નિયંત્રિત રહે છે તેમ જાતીયજીવનની સાહજિકતા સમજી સ્વીકારીને પણ સ્વેચ્છાથી સંયમ સ્વીકારવામાં આવે તો દમનનું આરોપણ હરગીજ થઈ શકે નહીં. આ બધા તબક્કામાંથી પસાર થઈને માનવી મનને કેળવે અને સતત જાગૃત રહે અગર વિશિષ્ઠ સંજોગોમાં વ્યક્તિ જાતીય ઉપભોગ વિના પણ આ બધી પ્રક્રિયાને સમજીને એથી પર રહી શકે ખરી.

પ્રારંભિક તબક્કામાં જાતીયવૃત્તિની સાહજિકતા સ્વીકારીને પણ જો મર્યાદામાંથી બહાર આવવાની દૃષ્ટિ અગર દમનની એ રીતની કેળવણી અને એ અંગેની સતત જાગૃતિથી માનવી પૂર્ણત્વ તરફ ગતિ કરે છે, કરી શકે છે, (અથવા ઉચ્ચ આત્મા તદ્દન સ્વાભાવિક રીતે પહેલેથી જ એવી વૃત્તિથી પર અગર ઔદાસીન્ય ભાવ ધરાવે છે.) આ રીતે માનસશાસ્ત્ર અગર મનોવિજ્ઞાન જે કહે છે તે માનવીના મનની આત્મકથાનો પૂર્વાર્ધ છે અને ધર્મ કે નીતિશાસ્ત્ર જે પ્રબોધે છે તે જીવનના ઘડતર અને અનુભવતા અર્ક રૂપે મનની આત્મકથાનો ઉત્તરાર્ધ છે.

શિક્ષણ અંગે દત્તક બાળકો લેવા વિશે-

"પ્રેમળ જ્યોતિ"દ્વારા– અભ્યાસ કરતા સામાન્ય વર્ગના બાળકોને દત્તક લેવામાં આવે છે અને તેમને આખા વર્ષની સ્કૂલફી, સ્કૂલ-ડ્રેસ, પુસ્તકો તેમજ એક્સરસાઈઝ બુકો આપવામાં આવે છે. આવા 30 બાળકોને ગયા વર્ષે દત્તક લેવામાં આવ્યા હતા. 30 ગૃહસ્થો તરફથી રૂા. ૪૦૦, લેખે રકમો મળેલી. આ વખતે પણ 30 બાળકોને ઉપર મુજબની સગવડ આપણે આપવાની છે. તો જેમની ઇચ્છા આ પુણ્યકાર્યમાં જોડાવાની હોય અને તેમને જેટલા દત્તક બાળકો માટે ભેટ મોકલવાની ઇચ્છા હોય તેઓ એક બાળક દીઠ રૂા. ૪૦૦ મોકલે અને કાયમ માટે દત્તક લેવા માટે ૪૦૦૦ મોકલે, તો તેના વ્યાજમાંથી કાયમ એક બાળકને તેમના તરફથી ઉપરની બધી જ સગવડો આપવામાં આવશે.

ચેક મોકલો તો "Bombay Jain Yuvak Sangh" એ નામનો મોકલવા વિનંતિ.

નિરુબેન શાહ
કન્વીનર "પ્રેમળ જ્યોતિ"

ચિંતન

○ મનુષ્યનું કર્તવ્ય છે કે એ દુઃખ આપનારને પણ પ્રેમ આપે.
– એન્ટોનિયન

○ જો તમે ભૂલોને રોકવા માટે દ્વાર જ બંધ કરી દેશો તો સત્ય પણ બહાર રહી જશે. – રવીન્દ્રનાથ ઠાકુર

ગાલિબની ફૂલપાંખડી

☐ હરીન્દ્ર દવે

[૪]

કહેતે હૈ જીતે હૈ ઉમ્મીદપે લોગ,
હમકો જીને કી ભી ઉમ્મીદ નહીં.

બહુ સરળ વાત છે. પણ સરળતાની વેધકતા જ અહીં ગજબનું કામ કરી ગઈ છે! લોકો ઝંખના પર જીવી જાય છે એવું તો આપણે સૌએ સાંભળ્યું છે—પણ જેને જીવવાની પણ ઝંખના ન હોય એનું શું? અહીં માત્ર ચાતુરી નથી; 'ઉમ્મીદ' શબ્દ સાથે કરાયેલી રમત નથી. વ્યથાનો સાગર આ નાનકડી સરળ પંક્તિઓમાં સમાવાયો છે. 'કહેતે હૈ' એ શબ્દ પણ આ સંદર્ભમાં એ વેદનાને ઠંડી ધાર આપે છે.

આશાને ભરોસે જીવી નાખીશું એમ કહેનારા લોકો હોય છે, પણ જેને જીવવાની પણ આશા ન હોય એ શું કરે? એનો ઉત્તર ઘણો વિકટ છે અને આ સદીમાં હેમિંગ્વે, મિશિમા, સિલ્વિયા પ્લાથ, જૉન બેરીમેન, કાવાબાટા વગેરે સર્જકોએ જરા જુદી રીતે એનો ઉત્તર આપવા પ્રયત્ન કર્યો છે. પણ એ સાચો ઉત્તર છે ખરો? કોણ જાણે છે?

'ગાલિબ', તેરા અહવાલ સુના દેંગે હમ ઉનકો,
વહ સુનકે બુલા લેં, યહ ઈજારા નહીં કરતે!

જીવનમાં આપણે કોઈકને પરિસ્થિતિ સમજાવી શકીએ, પણ પછી શું કરવું એનો ફોડ પાડી નથી શકતા. પરિસ્થિતિ જાણ્યા પછી કેમ વર્તવું એ વ્યક્તિની મુન્સફી પર હોય છે.

ગાલિબ, તારી દશાનો ચિતાર તો અમે તારા પ્રિયજનને પહોંચાડ્યું—પણ એ સાંભળીને તેઓ ગાલિબને બોલાવી જ લેશે એવો કોઈ કોલ આપી શકતા નથી.

સંદેશવાહકના આ શબ્દો પ્રભુને સંબોધીને પણ કહેવાયેલા હોઈ શકે અથવા પ્રિયતમાને હોઈ શકે અને 'ગાલિબ'ના વાચકો જોગ પણ હોઈ શકે.

સંદેશવાહકના મોંમાં મુકાયેલી આ ઉક્તિ આમ કેટલી અર્થ-સભર છે?

તેરે વાદે પર જિએ હમ, તો યહ જાન જૂઠ જાના,
કિ ખુશીસે મર ન જાતે, અગર એતબાર હોતા!

'ગાલિબ'નો આ શેર ઘણો જ પ્રચલિત છે.

પ્રિયજને મિલનનો કોલ આપ્યો છે; છતાં જો અમે જીવીએ છીએ, તો નક્કી માનજે કે અમને એ કોલમાં વિશ્વાસ જ બેઠો નથી. અમને એ વચનની સચ્ચાઈ વિશે ઈતબાર હોત તો ખુશીના અતિરેકથી જ અમારું મૃત્યુ થયું હોત!

—આ કયા મિલનની વાત છે?

દુન્યવી મિલનમાં અતિશયોક્તિ સમી લાગે એવી આ વાત પરમ મિલનના સંદર્ભમાં કેટલી સાચી છે?

ઈશ્વરના સાક્ષાત્કારની ક્ષણ સભાનની ક્ષણ છે—ત્યારે દુનિયા પૂરતા આપણે મૃત્યુ પામી ચૂક્યા હોઈએ છીએ.

મુઝસે મત કહ, તૂ હમેં કહતા થા અપની જિન્દગી,
જિંદગીસે ભી મેરા જી ઈન દિનોં બેજાર હૈ.

અહીં કથનની નાટ્યાત્મક રજૂઆત બોધપાત્ર છે. કોઈક ઉદાસીનતાની વાત કવિને કરવી છે. એને વધુ વેધક બનાવવા માટે એની પ્રથમ પંક્તિને જરા જુદી રીતે ઘાટ અપાયો છે.

કવિનો નાયક પ્રિયજનને કહે છે: 'તમે તમારું જીવન કહેતા હતા એ વાત હવે ન કહો: આજકાલ તો જીવનથી પણ મારું દિલ ઊઠી ગયું છે...'

અહીં પ્રથમ પંક્તિમાં જીવનનો અર્થ 'પ્રાણપ્રિય' એવો થાય છે જ્યારે બીજી પંક્તિમાં એ વાચ્યાર્થમાં જ આવે છે. જ્યારે આપણા શ્વાસ—પ્રાણ સમાન પ્રિયજન આપણાથી દૂર થઈ જાય ત્યારે જીવનમાં પણ કેમ કોઈને ય રસ રહે?

ઈશરતે-કત્લગહે અહલે-તમન્ના મત પૂછ
ઈદ નજારા હૈ શમશીર કા ઉરિયાં હોના.

વધસ્થાનકમાં પ્રેમપંથીઓની પરમ પ્રસન્નતાની કથા તમે મને ન પૂછો. તલવાર મ્યાન બહાર નીકળે એટલે ઈદના ચાંદના દર્શનનો દિવ્ય તહેવાર બની જાય!

'હરિનો મારગ છે શૂરાનો' એ પંક્તિઓનું જ સ્મરણ આપણને થાય એવી ખુમારી આ પંક્તિઓમાં રહી છે. મૃત્યુનો ભય કાયર માણસોને જ હોય છે.

વધસ્તંભ પર કોઈ સામાન્ય માણસ જાય અને પ્રેમપંથનો યાત્રી જાય એમાં ફેર પડે છે: સામાન્ય માણસ મૃત્યુથી ડરે છે. પ્રેમ-પંથના યાત્રી માટે મરણ પણ તહેવાર બની જાય છે. પ્રભુના પરમ મિલનનો ઉત્સવ ઉજવવાની તક મળે તો મૃત્યુનો ભય કોને રહે?

આયે હૈ બેકસિ-એ-ઈશ્ક પે રોના 'ગાલિબ',
કિસ કે ઘર જાયેગા સૈલાબે-બલા મેરે બાદ?

કનૈયાલાલ મુનશીએ 'પૃથ્વીવલ્લભ'માં મુંજના છેલ્લા ઉદ્‌ગાર રૂપે યોજેલા શ્લોકનું અહીં સ્મરણ થાય છે: ત્યાં કહે છે કે યશપુંજ સમો મુંજ જતા સરસ્વતી નિરાધાર બની જશે.

ગાલિબ જરા જુદી ભૂમિકા પરથી વાત કરે છે: એ કહે છે, પ્રણયની આ અસહાયતા પર મને રડવું આવે છે. હું નહીં હોઉં ત્યારે આ આપત્તિઓનો પ્રવાહ બીજા કોને ત્યાં જશે? આ આપત્તિઓને સહન કરનાર અને એમાંથી વાણીની આવી મોટી મરાત ઊભી કરનાર કોઈ બીજો માણસ એને મળશે પણ ખરો?

યાતનાઓનો બોજો કવિ જ સહન કરી શકે: વાલ્મીકિએ જે વ્યથા-શોક અનુભવ્યા, તેમાંથી જ શ્લોક પ્રગટ્યો: કુરુક્ષેત્રની આર્ત સૃષ્ટિમાંથી જ ગીતા અને મહાભારત રચાયાં.

શોકનો સંબંધ શ્લોક સાથે હંમેશાં રહ્યો છે!

બેખુદી બે સબબ નહીં, 'ગાલિબ'
કુછ તો હૈ જિસકી પર્દાદારી હૈ.

ગાલિબની કવિતામાં બેખુદી—આત્મભાન ભૂલાઈ જતું હોય એવી અવસ્થાનો ઉલ્લેખ ઘણી વાર આવે છે. પણ આ આત્મવિસ્મૃતિ સાવ અકારણ છે એમ તો કેમ કહી શકાય!

પડદો પડી ગયો છે. પણ એની પશ્ચાદ્‌ભૂમિકામાં કંઈક તો છે જ. મજનુની સ્મૃતિ પર પડદો પડી ગયો ત્યારે એની પશ્ચાદ્‌-ભૂમિકામાં પ્રેમ હતો. દીવાનગીના પડદાઓ અને આત્મવિસ્મૃતિના પડદાઓ.

'ગાલિબ' એવી વાતો કરે છે જે વીસમી સદીના મનો-વૈજ્ઞાનિકોએ ઉચ્ચારી છે.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટે. નં.: ૩૫૦૨૯૬: મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 87

પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૬ : અંક : ૧

મુંબઈ ૧ જુલાઈ, ૧૯૮૨, ગુરુવાર
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ : પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

નવા રાષ્ટ્રપતિ

[] ચીમનલાલ ચકુભાઈ

રાષ્ટ્રપતિપદ માટેના કોંગ્રેસના ઉમેદવાર ગ્યાની ઝૈલસિંહ અને વિરોધ પક્ષોના ઉમેદવાર જસ્ટિસ ખન્ના વચ્ચે સીધો મુકાબલો થશે. આ મુકાબલાના પરિણામ વિષે શંકાને અવકાશ નથી. ગ્યાની ઝૈલસિંહનો વિજય નિશ્ચિત લાગે છે.

પણ જે રીતે ઉમેદવારોની પસંદગી થઈ છે તેથી રાજકીય વિરોધની તીવ્રતાઓ વધી છે અને હજી વધશે. તેમ જ અંતે રાષ્ટ્રપતિ બનનાર કોંગ્રેસના ઉમેદવાર ઝૈલસિંહની તે મહાન પદ માટેની લાયકાત ઉપર શંકાના વાદળ ઘેરાશે.

વિરોધ પક્ષોએ સર્વસંમત ઉમેદવાર પસંદ કરવાની હીલચાલ કરી. શ્રીમતી ઇન્દિરા ગાંધીએ તે હીલચાલ ચાલવા દીધી. તે બાબત પત્રવ્યવહાર કર્યો અને સર્વસંમત ઉમેદવાર થઈ શકે એવી આશા આપી. છેવટે કહ્યું કે વિરોધ પક્ષોની આ હીલચાલ એક રાજકીય રમત હતી અને તેમાં શુદ્ધ દાનત ન હતી. પોતાના પક્ષના ઉમેદવારની પસંદગી છેલ્લી ઘડી સુધી મુલતવી રાખી, વિરોધ પક્ષોને વમળમાં રાખ્યા. છેવટે વિરોધ પક્ષોએ કહ્યું કે ઇન્દિરા ગાંધીની આ એક રાજકીય રમત હતી.

હકીકતમાં બન્ને પક્ષો રાજકીય રમત હતી. વિરોધ પક્ષો જાણતા હતા અથવા જાણતા હોવા જોઈએ કે સર્વસંમત ઉમેદવાર શક્ય નથી. ઇન્દિરા ગાંધી જાણતાં હતાં કે વિરોધ પક્ષોને માન્ય એવો કોઈ ઉમેદવાર તેમને માન્ય ન જ રહે. વિરોધ પક્ષો જાણતા હતા કે ઇન્દિરા ગાંધીને માન્ય એવો કોઈ ઉમેદવાર વિરોધ પક્ષોને માન્ય ન જ રહે. છતાં બન્ને પક્ષો સર્વસંમત ઉમેદવાર શોધવાનો દંભ કર્યો.

હકીકતમાં સર્વસંમત ઉમેદવાર શક્ય ન હતો, કારણકે બન્નેના દૃષ્ટિબિંદુમાં આકાશપાતાળનું અંતર હતું. વિરોધ પક્ષોને એવો ઉમેદવાર જોઈતો હતો જે સ્વતંત્રપણે વર્તે. ઇન્દિરા ગાંધીને એવો ઉમેદવાર જોઈતો હતો જે સંપૂર્ણપણે તેમને વફાદાર હોય. હવે પછી આવનારા વિકટ સંજોગોમાં, ઇન્દિરા ગાંધી કોઈ જોખમ લેવા તૈયાર ન થાય તે સ્વભાવિક છે. તેમના પક્ષની સ્પષ્ટ અને મોટી બહુમતી છે તો એવું જોખમ શા માટે લે? બંધારણ મુજબ રાષ્ટ્રપતિએ મંત્રીમંડળની એટલે કે વડા પ્રધાનની સલાહ અને નિર્ણય મુજબ વર્તવાનું છે. છતાં શકિતશાળી રાષ્ટ્રપતિ માટે કટોકટીના સમયે અસરકારક ભાગ ભજવવાનો અવકાશ છે. રાષ્ટ્રપતિ સર્વથા રબર સ્ટેમ્પ નથી. મોરારજીભાઈ અને ચરણસિંહ વચ્ચેની લડાઈમાં, રાષ્ટ્રપતિ, સાચી રીતે કે ખોટી રીતે, શું કરી શકે તે સંજીવ રેડ્ડીએ બતાવ્યું. જૂન, ૧૯૭૫માં ઇન્દિરા ગાંધીએ પોતાની કેબિનેટને પણ પૂર્વ જાણ કર્યા વિના, રાષ્ટ્રપતિ પાસે કટોકટી જાહેર કરાવી તેવી, ફખરુદ્દીન અહમદને સ્થાને બીજા કોઈ રાષ્ટ્રપતિ હોત તો કદાચ ન બનત. ઇન્દિરા ગાંધી બંધારણમાં મહત્ત્વના અને પાયાના ફેરફારો કરવા ઇચ્છે છે એવી વાત જોરશોરથી ચાલે છે. બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરવાનો પાર્લામેન્ટને પણ અધિકાર નથી એવું અત્યારે તો સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે. એટલે પાર્લામેન્ટ અને સુપ્રીમ કોર્ટ વચ્ચે સંઘર્ષ ચાલવા મડાગાંઠ પડે એ ચારસંભવ નથી. હિદાયતુલ્લા જેવા એક વખતના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ રાષ્ટ્રપતિ હોય તો પોતાનો અંગત અભિપ્રાય અથવા બંધારણીય જોગવાઈઓ નેવે મૂકી, પાર્લામેન્ટ એટલે કે મંત્રીમંડળ એટલે કે વડા પ્રધાન ઇચ્છે તે જ પ્રમાણે સ્વીકારી લે તે કદાચ ન બને. વિરોધ પક્ષો, વડા પ્રધાન સાથેની વાટાઘાટના પરિણામની રાહ જોયા વિના, એકપક્ષી રીતે હિદાયતુલ્લાનું નામ, તેમની સંમતિ લીધા વિના, જાહેર કર્યું તેમાં રાજકીય રમત હતી, ઇન્દિરા ગાંધીને વિકટ પરિસ્થિતિમાં મૂકવાની ચાલ હતી અને હિદાયતુલ્લા માટે લેશ પણ અવકાશ હોત તો પણ નિર્મૂળ કર્યો. હિદાયતુલ્લાએ વાજબી રીતે વિરોધ પક્ષોનો હાથો બનવાનો ઇનકાર કર્યો. ૩૦ વર્ષના ગાળામાં રાષ્ટ્રપતિપદ માટે સર્વ સંમત ઉમેદવાર થયો નથી અને રાજકીય દૃષ્ટિએ એવી કોઈ શકયતા હતી નહિ. રાજકર્તા પક્ષ, પોતાની બહુમતી હોય ત્યારે, પોતાની પસંદગીનો ઉમેદવાર જ નિયત કરે તે સ્વાભાવિક છે.

વિરોધ પક્ષોને પોતાને પણ, તેમની વચ્ચે સર્વમાન્ય હોય તેવો ઉમેદવાર શોધતાં મુશ્કેલી પડી. પ્રો. હિરેન મુકરજી જાણીતા સામ્યવાદી છે. વિદ્વાન અને અનુભવી પાર્લામેન્ટરિયન છે, પણ જનતા પક્ષને કે ભાજપને માન્ય થાય એ શક્ય ન હતું. બંગાળનો અને કેરળના મતો મેળવવાની ગણતરીએ જ એ નામ સૂચવાયું પણ છબરડો થયો. જસ્ટિસ ખન્નાએ, લોકશાહીમાં વિરોધ હોવો જોઈએ, એવા સિદ્ધાંત ખાતર, હાર નિશ્ચિત હોવા છતાં, પૂર્વ જસ્ટિસ સુબારાવે કર્યું હતું તેમ પોતાનું નામ આપ્યું જણાય છે.

રાજકારણનો જેને બિલકુલ અનુભવ નથી એવી વ્યકિત ભલે જજ તરીકે ઉચ્ચ કોટિની હોય તો પણ, રાષ્ટ્રપતિપદ માટે યોગ્ય છે તેમ ન કહેવાય.

હવે કોંગ્રેસે પસંદ કરેલ ઉમેદવારની લાયકાત વિચારીએ. આ પસંદગી ઇન્દિરા ગાંધીની જ છે અને પાર્લામેન્ટરી બોર્ડનું નામ જ છે એ ભાગ્યે જ કહેવાની જરૂર હોય. એક વાત સ્પષ્ટ અને સર્વ સ્વીકૃત છે કે આ પસંદગીમાં, ઇન્દિરા ગાંધી પ્રત્યેની સંપૂર્ણ વફાદારી એ મુખ્ય કારણ રહ્યું છે. ઇન્દિરા ગાંધીનું પસંદગીક્ષેત્ર ઘણું મર્યાદિત હતું. પંજાબની ફ્લોટક પરિસ્થિતિ જોતાં, શીખ રાષ્ટ્રપતિ હોય તો સારું એવું એક કારણ સંભવે છે. પણ શીખની પસંદગી કરવી હતી તેમાં પણ ઝૈલસિંહ શ્રેષ્ઠ પસંદગી છે.

એમ ન જ કહેવાય. બીજાના રાજકારણમાં ઝૈલસિંહ વિવાદાસ્પદ વ્યક્તિ છે અને વર્તમાન સ્ફોટક પરિસ્થિતિ માટે ઘણે દરજ્જે જવાબદાર છે તે સુવિદિત હકીકત છે. બીજી કોમ માટે પણ ઝૈલસિંહ સર્વમાન્ય વ્યક્તિ નથી. નિષ્પક્ષ કે સજ્જન તરીકે તેમની ગણના થઈ શકે તેમ નથી. તેમની સામે ઘણા આક્ષેપો હતા અને તેની તપાસ માટે એક કમિશન નીમાયું હતું. તે કમિશનનો રિપોર્ટ ઝૈલસિંહ સામે આરોપનામા જેવો છે. વિરોધ પક્ષો ઝૈલસિંહ સામેના પ્રચારમાં તેનો પૂરો ઉપયોગ કરશે, તેના નિર્દેશ મળી રહ્યા છે.

રાષ્ટ્રપતિપદના ગૌરવનો વિચાર કરીએ અને પુરોગામી રાષ્ટ્રપતિઓની યાદી જોઈએ તો ઝૈલસિંહ ભાગ્યે જ તે પદ માટે લાયક ગણાય. ઝૈલસિંહ સંસ્કારપૂર્ત કે પ્રભાવશાળી વ્યક્તિ છે એવું કોઈ કહેશે નહિ. બલ્કે એમ લાગે કે સૌથી ઊતરતી કોટિએ પહોંચ્યા છીએ. રાજેનબાબુ અને રાધાકૃષ્ણથી ઉત્તરોત્તર ઊતરતી પાયરી રહી છે અને તે ઉતરાણને રોકી શક્યા નથી એટલું જ નહિ પણ બે કે પાંચ ડગલાં આગળ લઈ ગયા છીએ. સર્વનો મુખી અધોગતિ છે, તેમાં બાંજી આવ્યા શું રખાય? કેન્દ્રના ગૃહમંત્રી તરીકેની ઝૈલસિંહની કારકિર્દી ઉજ્જવળ રહી નથી. રાષ્ટ્રપતિ તરીકે વધારે સારી નિપજે એવી આશા રાખવી વ્યર્થ છે. ભારતના રાષ્ટ્રપતિનું વિશ્વમાં અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જે ગૌરવપૂર્ણ સ્થાન હોવું જોઈએ તે પ્રાપ્ત કરવાની ઝૈલસિંહની શક્તિ નથી. રાષ્ટ્રીય ક્ષેત્રે પણ તેમની એવી પ્રતિષ્ઠા નથી. સર્વસંમત ઉમેદવારની વાત કરીને, ઝૈલસિંહ સામેનો વિરોધ વધાર્યો છે. શરૂઆતથી જ ઈન્દિરા બાંધીએ સર્વસંમત ઉમેદવારની દરખાસ્તનો ઈનકાર કર્યો હોત તો તેમને કોઈ દોષ ન દેત. વિરોધ પક્ષો આશા રાખે છે કે, ઝૈલસિંહની લાયકાતની ખામી જોતાં, કોંગ્રેસ પક્ષના મનોમાંથી સંભવ પક્ષો સારા એવા મનો પડશે તે આશા વ્યર્થ છે. પક્ષની શિસ્તની વાત જવા દઈએ તો પણ કોંગ્રેસ પક્ષનું એ ખમીર રહ્યું નથી. લોકો પણ કદાચ માની બેઠા છે કે આથી વધારે સારી પરિસ્થિતિની આશા રાખવી વ્યર્થ છે.

૨૪-૬-૧૯૮૨

અકબર અને જૈન ધર્મ

[] ડૉ. ઓમપ્રકાશ સિંહ [] અનુ. : ગુલાબ દેઢિયા

અકબરનો જયપુરના રાજવંશ સાથે સંબંધ સ્થાપિત થતાં અને એમની પ્રારંભની અજમેરની યાત્રાઓને કારણે એવી પ્રતીતિ થાય છે કે બાદશાહ અકબર જૈન ધર્મના વિદ્વાનોના સંપર્કમાં ઘણા વહેલા આવ્યા હતા. કહેવાય છે કે ધર્મસભાની ચર્ચાઓની શરૂઆત થઈ તે પહેલાં અકબર પરમસુંદર (અથવા પદ્મસાગર) અને બુદ્ધિસાગર નામના જૈન મુનિઓના સંપર્કમાં આવી ચૂક્યા હતા. ખરતરગચ્છના મુનિ સાધુકીર્તિ સાથે ઈ.સ. ૧૫૫૮માં અકબરે ચર્ચા કરી હતી. સાધુકીર્તિ પ્રસિદ્ધ જૈનાચાર્ય દયાકલશના શિષ્ય હતા. ધાર્મિક બાબતોમાં અકબરને વિશેષ રુચિ હોવાથી, બચપણથી જ તેઓ વિભિન્ન સંપ્રદાયના ધર્મનિષ્ઠ લોકો સાથે પરિચય અને વિચારવિમર્શ કરવા તત્પર રહેતા. ઈ.સ. ૧૫૭૮થી ધર્મસભા ગેરમુસ્લમાનો માટે ખુલ્લી કરી દેવામાં આવી હતી ત્યારથી થોડા જૈન વિદ્વાનો એમાં હાજર રહેતા હતા. અબુલ ફજલ ઈ.સ. ૧૫૭૮-૭૯ના વર્ષોમાં ધર્મસભાની બેઠકોમાં શ્વેતામ્બર જૈનો અને યતિઓની ઉપસ્થિતિનો ઉલ્લેખ કરે છે. અબુલ ફજલ એવા ત્રણ જૈન ગુરુઓનાં નામ લખે છે જેનો અકબર બાદશાહ બહુ આદર કરતા હતા, તેમનાં નામ હતા હીરવિજયસૂરિ, વિજયસેનસૂરિ તથા ભાનુચન્દ્ર ઉપાધ્યાય. અકબરના દરબારમાં ધર્મ ઉપદેશકોની પાંચ શ્રેણી હતી, જેમાં હીરવિજયસૂરિની પ્રથમ શ્રેણીમાં, ગણતરી થતી હતી.

ઈ.સ. ૧૫૮૨માં અકબરે ગુજરાતના સૂબેદાર શિહાબુદ્દીન અહમદખાંને આદેશ આપેલો કે તે હીરવિજયસૂરિને બાદશાહ તરફથી નિમંત્રણ આપી ફતેહપુરી સીકરી મોકલવા વ્યવસ્થા કરે. જૈન મુનિઓએ નિમંત્રણનો સ્વીકાર કર્યો. તેઓ ગામેગામ ઉપદેશ આપતા વિહાર કરતા હતા. સિદ્ધપુરમાં એમણે પોતાના પટ્ટશિષ્ય વિજયસેનસૂરિને પોતાની ગેરહાજરીમાં કાઠિયાવાડમાં કાર્ય કરવા મોકલ્યા હતા.

જૈન ધર્માચાર્ય ૬૭ ભિક્ષુઓ સાથે ૭ જૂન ૧૫૮૩માં ફતેહપુર સીકરી આવી પહોંચ્યા. બહુમાન સહિત શોભાયાત્રા કાઢી તેમને જૈન ઉપાશ્રયમાં લાવવામાં આવ્યા. તેમની પ્રથમ મુલાકાત અબુલ ફજલ સાથે થઈ. શહેનશાહ અકબરે જૈન આચાર્યશ્રી હીરવિજયસૂરિના ગહનજ્ઞાન અને ઉચ્ચ કોટિના ચારિત્ર્યથી પ્રભાવિત થઈ, તેમને 'જગત ગુરુ' ની ઉપાધિ આપી. હીરવિજયસૂરિના પાછા ફર્યા બાદ એમના શિષ્યો ભાનુચંદ્ર તથા શાન્તિચંદ્ર ઘેાડા વર્ષ મોગલ દરબારમાં રહ્યા. એમની વિદ્વત્તાથી પ્રભાવિત થઈને બાદશાહે એમને 'ઉપાધ્યાય' ની પદવી આપી. જૈન વિદ્વાનોના પ્રભાવથી અકબરે અહિંસા અને દયાના સિદ્ધાંતોનો સ્વીકાર કર્યો અને અનેક કેદીઓને મુક્ત કર્યા. મોગલ સામ્રાજ્યના છ સૂબામાં, જ્યાં જૈનો વધુ રહેતા હતા ત્યાં પર્યુષણ પર્વના સમયે પશુવધનો નિષેધ ફરમાવ્યો હતો. એમણે ગુજરાત અને કાઠિયાવાડના હિન્દુ અને જૈનો પરથી જજિયા અને યાત્રાવેરો નાબૂદ કરવાના ફરમાનનો ફરીથી આદેશ આપ્યો.

૧૬મી ફેબ્રુઆરી ૧૫૯૦નું એક ફરમાન અકબર બાદશાહે ગુજરાતના સૂબેદાર અને આજમને લખ્યું. એમાં લખ્યું હતું કે કોઈ પણ જૈન મંદિરમાં બીજા કોઈને હસ્તક્ષેપ ન કરવા દેવામાં આવે અને મંદિરના જિર્ણોદ્ધારમાં કોઈ અડચણ કરવા દેવામાં ન આવે. ઈ.સ. ૧૫૯૨માં સમ્રાટ અકબરે સૌરાષ્ટ્રના શત્રુંજય પહાડ ઉપર આવેલ જૈન મંદિરોનો કબજો હીરવિજયસૂરિને સોંપી દીધો. ફરીથી ઈ. સ. ૧૫૯૨માં માળવા, આગરા, લાહોર, મુલતાન, અમદાવાદ વગેરે પ્રાંતોમાં એક બીજું ફરમાન કાઢવામાં આવ્યું હતું. આ ફરમાન દ્વારા જણાવવામાં આવ્યું કે, સિદ્ધાચલ ગિરનાર, તારંગા, કેશરીઆજી (કેશરિયાનાથ) અને આબુ, ગુજરાતના પહાડો, રાજગિરિની પાંચ ટેકરીઓ અને સમ્મેત (સમ્મેત) શિખરનો પર્વત તથા જૈનોના અન્ય તીર્થસ્થાનો (તળેટીમાં આવેલ નિવાસ, સ્થાનો સહિત) જૈનોને પાછાં સોંપી દેવામાં આવે. તપાગચ્છ સંપ્રદાય ઉપરાંત ખરતરગચ્છ સંપ્રદાયના આચાર્ય જિનચંદ્રસૂરિએ પણ અકબરને પ્રભાવિત કર્યા હતા. એમણે ઈ. સ. ૧૫૮૧, ૧૫૯૨ અને ૧૫૯૩માં એમ ત્રણ વખત મોગલ દરબારમાં ભાગ લીધો અને જૈન ધર્મના સિદ્ધાંતોથી અકબરને પરિચિત કર્યા. એમના પાંડિત્યથી પ્રભાવિત થઈ બાદશાહે એમને 'યુગ-પ્રધાન'ની પદવી પ્રદાન કરી. એની સાથે જ અકબરે આષાઢ સુદ નોમથી આષાઢ સુદ પૂનમ સુધી આખા સામ્રાજ્યમાં પશુવધ પર પ્રતિબંધ જાહેર કર્યો હતો.

ઈ. સ. ૧૫૯૩માં તપાગચ્છ શાખાના વિજયસેનસૂરિએ પોતાના સો શિષ્યો સાથે લાહોરની યાત્રા કરી, જ્યાં બાદશાહે એમનું સ્વાગત કર્યું. આ સમયે તપાગચ્છના ભાનુચંદ્ર પણ મોગલ દરબારમાં ઉપસ્થિત હતા. વિજયસેનસૂરિને અકબરે 'કાલ સરસ્વતી' અને તેમના શિષ્ય નન્દીને 'ખુશફહમ'ની ઉપાધિ આપી. ઈ. સ. ૧૫૯૫માં જૈન પરંપરા અનુસાર હીરવિજયસૂરિએ અનશન કરી આયુષ્ય પૂર્ણ કર્યું. ઉનાનગર અથવા ઉન્નતનગરમાં જે સ્થળે એમના અગ્નિસંસ્કાર થયા હતા ત્યાં સ્તૂપ અથવા સમાધિની રચના કરવામાં આવી.

એનાથી એ પ્રતીત થાય છે કે, જૈન સાધુઓના સત્પ્રભાવથી સમ્રાટ અકબરે શું શું કર્યું. વી. એ. સ્મિથ લખે છે કે, અકબરે માંસ ખાવાનું છોડી દીધું હતું અને એવાં ફરમાન બહાર પાડયાં હતાં કે જે મનોકલ્પી આજ્ઞાઓને મળતાં આવતાં હતાં. આ રીતે અકબરે પશુઓની હિંસા સીમિત કરી દીધી હતી.

મુસ્લમાન સમ્રાટ અકબર ઉપર જૈન ધર્મનો કેટલો બધો પ્રભાવ પડયો હતો તે આ બધી ઘટનાઓ ઉપરથી જોઈ શકાય છે.

[આ લેખ માટે નીચેના ગ્રંથોનો ઉપયોગ સંદર્ભ માટે થયો છે. આઈન-એ-અકબરી, જૈનિઝમ અન્ડર મુસ્લિમ રૂલ, ધી હાર્ટ ઓફ જૈનિઝમ, ભાનુચંદ્ર ચરિત્ર, મહાન મુગલ અકબર, અકબરનામા, યુગપ્રધાન જિનચંદ્રસૂરિ]

– 'શ્રમણ' માંથી સાભાર

આત્માનો અગ્નિ

□ ડા. યશવંત ત્રિવેદી

જ્ઞાન, માણસના અસ્તિત્વને પ્રકાશથી ભરી દે છે. જો આપણને એટલી ખબર પડે કે માણસ આ વિશ્વમાં શા માટે છે – તો ઘણા પ્રશ્નો શાણપણપૂર્વક ઉકલી જાય. માણસની પ્રકૃતિ શી છે; તેની ચેતના શું છે; તે જેને સ્વતંત્રતા કહે છે તે શું છે - આ સર્વ વિશે વિચારવા જેવું છે. આત્મતત્ત્વ એટલે કે જુસ્સો (સ્પિરિટ) એ જ સ્વતંત્રતા છે. આ આત્મતત્ત્વ એ જ કાર્ય છે; કહો કે સર્જનાત્મક કાર્ય છે.

માણસ દર ક્ષણે કાર્યાન્વિત કેવી રીતે રહે છે? જીવનનો અગ્નિ પ્રદીપ્ત કેવી રીતે થાય છે? છાંદોગ્ય ઉપનિષદમાં અને યાકોબ બોહમેના સિદ્ધાંતમાં જીવનના અગ્નિ વિશે મર્મપૂર્ણ વાત થઈ છે. છાંદોગ્ય ઉપનિષદમાં ગાર્ગ્ય ભગવાન પિપ્પલાદને પૂછે છે કે હે ભગવન્, આપણે સૂઈ જઈએ છીએ ત્યારે શું થતું હશે? ત્યારે ભગવાન પિપ્પલાદ તેને ઉત્તર આપે છે: 'પ્રાણાગ્નય એવ એતસ્મિનપુરે જાગ્રતિ. ગાર્ગ્ય.' એટલે કે હે ગાર્ગ્ય, આપણે સૂઈ જઈએ છીએ ત્યારે આ શરીરમાં પ્રાણાગ્નિ જાગે છે. અગ્નિ વાયુ, પાણી, પ્રકાશ અને માટી, આદિ તત્ત્વો છે. આ પંચ-ભૂતોનો દેહ બને છે. ભગવદ્ગીતાએ પરમાત્માનું શરીર પણ આ તત્ત્વોનું વર્ણવ્યું છે. અગ્નિ જીવનનું ચાલક બળ છે. મીણબત્તીના શાંત સૌમ્ય પ્રકાશથી માંડીને વિશ્વરૂપદર્શનયોગમાં વર્ણવાયેલા, સહસ્ર અગ્નિજ્વાલામાં ભભૂકતા, અગ્નિના અનેકવિધ રૂપ જાણીતાં છે.

આપણે ત્યાં વૈશ્વાનર–અગ્નિ વિશે વિચારણા થઈ તેમ પશ્ચિમમાં પણ થઈ છે. યાકોબ બોહમેના મત પ્રમાણે અગ્નિ વિશ્વરૂપ છે. તેના પ્રવાહો સમગ્ર બ્રહ્માંડમાં વહે છે. આપણા અસ્તિત્વગીય ઊંડે 'અનગ્રન્ડ' એટલે કે 'મૌલગરની મહેચ્છા' રહેલી હોય છે. આ 'અનગ્રાઉન્ડેડ વિલ'માં – 'ભૂમિવિહીન મહેચ્છા'માં આદિમ સ્વાતંત્ર્ય રહેલું હોય છે. આ 'અનગ્રન્ડ' શૂન્યતા છે; અનંતતાની આંખો છે અને સાથોસાથ તે મહેચ્છા પણ છે.; સ્વતંત્રતા પણ છે. આ 'અનગ્રન્ડ'ના અંધકારમાં અગ્નિની જ્વાલાઓ ભભૂકવા લાગે છે તે જ સ્વતંત્રતા છે. સ્વાતંત્ર્યની ઝંખના આ અગ્નિમાંથી પ્રગટે છે.

આમ આપણે જોયું કે માનવીના અસ્તિત્વના મૂળમાં આ અગ્નિ રહેલો છે; સ્વાતંત્ર્ય માટેની ઝંખના રહેલી છે; મહેચ્છા રહેલી છે. આને લીધે આપણને કશુંક થવાની પ્રબળ ઝંખના રહે છે. અંધકારમાંથી અગ્નિ અને પ્રકાશની ઝંખના જાગે છે. સ્વાતંત્ર્ય પ્રકૃતિ કરતાં વધારે સઘનતામાંથી અને વધારે ઊંડાણમાંથી આવે છે. ઈશ્વર દરેક સ્થળે અને સદાસર્વદા મોજૂદ છે.એ મૂળવાળો અને મૂળવગરનો એમ બન્ને છે. આપણે જોઈશું તો ભગવદ્ગીતાએ પણ ઈશ્વરના આવા જ રૂપનું વર્ણન કર્યું છે. ટૂંકમાં, અંધકારમાં જ રહેલી સ્વાતંત્ર્યની ઝંખનાને ઈશ્વર કે પ્રકાશની ચેતનારૂપે આપણે ઓળખવાની છે.

જડ-પદાર્થ કે પશુ-પંખી કરતાં મનુષ્ય જુદો પડે છે તે આ અર્થમાં. મનુષ્યમાં સ્વાતંત્ર્યની ઝંખનાનો અગ્નિ પ્રજ્વલિત રહે છે; પદાર્થમાં કે પશુમાં આ અગ્નિની ઝંખના નથી.

અગ્નિ બે પ્રકારનો છે. બધું નષ્ટ કરી મૂકે એવો સંહારાત્મક અને શુદ્ધિ કરનારો તથા સર્જનાત્મક. પવિત્ર અને સર્જનાત્મક અગ્નિને સ્વર્ગમાંથી મનુષ્યજાતિ માટે પૃથ્વી પર લાવવા ઈશુ જન્મ્યા છે એમ તે કહેતા. અગ્નિ માનવજીવનનું આદિમ પ્રતીક છે. ઈશુ અને પ્રોમીથ્યુસ મનુષ્ય જાતિ માટે સ્વર્ગમાંથી અગ્નિ અને પ્રકાશ લાવ્યા. બન્નેને અપાર યાતના સહેવી પડી એ સાચું; પણ બળવાન સ્વાતંત્ર્ય-ઝંખનાને લીધે તેઓ આમ કરી શક્યા. જે મનુષ્યોમાં અગ્નિજ્વાલાઓનું રૂપ વધારે હોય છે તેઓ તેમની અપ્રતીમ ચેતનાથી બળવાન કાર્ય કરે છે. મહાન ફ્રેંચ સંશોધક લેવી સ્ટ્રાઉસે તેમના 'કાચી અને રાંધેલી સામગ્રી' ગ્રંથમાં કહ્યું છે કે અગ્નિની શોધે અને રાંધવાની કળાએ માનવજાતિની સ્વર્ગ અને પૃથ્વીના સંબંધની વિભાવનાને ધરમૂળથી બદલી નાખી છે. આને લીધે તે આત્મતત્ત્વસંબંધી, જ્ઞાન વિજ્ઞાનસંબંધી અને માનવિક રીતે પુષ્કળ પરિવર્તનશીલ બની રહ્યો છે; તેનો સાંસ્કૃતિક સંદર્ભ જ બદલાઈ ગયો છે.

સમગ્ર વિશ્વ અગ્નિથી આલિંગિત છે. દોસ્તોયેવ્સ્કી જોવાને તો જગત માત્ર પ્રજ્વલિત નહિ, પણ જ્વાળામુખીથી ભરભરતું લાગેલું. સમગ્ર બ્રહ્માંડમાં અને મનુષ્યના ઊંડાણમાં આ અગ્નિ રહેલો છે. આ અગ્નિ જ મનુષ્યને કાર્ય-ઉન્મુખ કરે છે; તેનામાંથી માનવસંસ્કૃતિનો ઉદય થાય છે. પ્રાથમિક વાસ્તવિકતા, મૌલિક જીવન એ સર્જનાત્મક ઇચ્છા છે, સર્જનાત્મક અગ્નિ છે.

જે માણસમાં આ સર્જનાત્મક અને વિશુદ્ધ અગ્નિ ઓછી માત્રામાં હોય છે તે ઠંડો, ઉપાદીન અને કાયદાબાજ હોય છે. પણ જે અગ્નિથી પ્રદીપ્ત હોય છે તે ઉપાસકવર અને ઈશ્વરપરાયણ હોય છે. માણસના અંતરાલમાં પ્રેમ અને સહાનુભૂતિની સર્જનાત્મક લાગણીનો આવેશ છૂપો પડેલો હોય છે. જાણવાનો અને વસ્તુઓને નામ આપવાનો સર્જનાત્મક આવેશ પણ મનુષ્યમાં પડેલો હોય છે. આદમે પ્રથમવાર વસ્તુઓનાં નામ પાડ્યાં હતાં. આ વૃત્તિમાં સૌંદર્ય અને સત્તાની અભિવ્યક્તિ રહેલી છે; આત્મીયતા પણ રહેલી છે. માણસના અંતરાલમાં ન્યાય માટેની ઝંખના પણ પડેલી હોય છે. પ્રકૃતિ પર પ્રભુત્વ વધારવાની પ્રબળ ઇચ્છા પણ રહેલી હોય છે. સમાધિના પરમ રહસ્ય સુધી પહોંચવાની મહેચ્છા પણ તેના ઊંડાણમાં રહેલી હોય છે.

ચિંતા માણસને સમયની સભાનતામાં પૂરી દે છે અને સમય તથા સ્થળમાં બદ્ધ માણસ સતત કારાગારમાં સબડે છે. એકલતા, અનાત્મીકરણ, મૃત્યુ આ બધું જ માણસને હરાવે છે. અર્થકારણની કે રાજ્યસત્તાની બીક કે યુદ્ધોની ભિતિ ભિક્ષા માણસને પામર બનાવે છે.

આ તમામ દીવાલોને તોડવાનો માણસ પાસે એક ઉપાય છે: જીવનની અગ્નિશિખાઓને શતશઃ પ્રજ્વલિત રાખવી. પીપળાનું મૂળ આકાશમાં અને ડાળીઓ નીચે પ્રસરેલી છે એવું વર્ણન ઉપનિષદે અને ભગવદ્ગીતાએ કરેલું છે. અગ્નિ પણ પિપ્પલવૃક્ષ જેવું દ્રવ્યમય અને આદિમતત્ત્વ છે. એ કશાય આધાર વગર બ્રહ્માંડમાં અને મનુષ્યમાં નિવસેલો છે. આ લીલામય સૃષ્ટિનો આવિર્ભાવ ભારે વિસ્મયપૂર્ણ છે.

ખુદ માણસમાં રહેલી અગ્નિની જ્વાલાઓને– આત્મતત્ત્વને– માણસે ખોળી કાઢવાનું છે. તેની ચેતનાને વધુ પ્રદીપ્ત કરવાની છે. મહેચ્છાને જગાડવાની છે. સ્વાતંત્ર્યની ઝંખનાને વિહ્વળતાથી વધુ પ્રદીપ્ત કરવાની છે. આપણે ત્યાં ઋષિઓએ એટલે તો 'બ્રહ્માસ્મિ'નું ગૌરવસૂત્ર આપ્યું હતું. જેનામાં ચેતનાનો મહાઅગ્નિ પ્રજ્વલિત હોય તે જ બોલી શકે કે 'હું જ બ્રહ્મ છું.' ભારતના આ ગૌરવાન્વિત આત્મસૂત્ર પર જર્મન વિદ્વાન મેક્સમૂલર વારી ગયેલા હતા. આપણા દેશકાળ પ્રમાણે આપણે ચેતનાના આ અગ્નિની ખોજ કરવાની છે.

જે પ્રજાઓ મહા બળવાન પ્રજા બનવું હશે તેણે આ અગ્નિને ઓળખવો પડશે. સંસ્કૃતિની યાત્રાને ગતિ આપવી હોય તો અગ્નિ-શિખાઓથી મશાલો પ્રગટાવવી પડશે. વિશ્વને પ્રકાશ આપવો હશે તો સદાસર્વદા અગ્નિ પ્રગટેલો રાખવો પડશે. પ્રેમ, ન્યાય અને સચ્ચાઈની વિહ્વળતા હશે તો એ સમાજ આર્દ્ર સમાજ બનશે. આપોઆપ પ્રભુની કરુણા તેના પર વરસશે. એ બાહ્ય અર્થમાં સુખી હશે કે નહિ, આનંદપૂર્ણ જરૂર હશે. જે પ્રાંત, જે પ્રજા 'અગનનો શણગાર' પહેરે છે તે તેના આનંદદ્રષ્ય પ્રિયતમને પામે છે.

ઝીરો ડિફેક્ટ

□ રંભાબેન ગાંધી

આપણે કરોળિયાની વાત ઘણીવાર વાંચી છે, સાંભળી છે કે એકવાર પડો તો નિરાશ ન થતાં પેલા કરોળિયા જેમ પ્રયત્ન ચાલુ જ રાખવો, એ છ છ વાર પડ્યો; પરંતુ નિરાશ ન થતાં સાતમી વાર ચઢ્યો અને સફળ થયો.

આ દાખલો એકરીતે સારો છે; પરંતુ ભારતે જો ઔદ્યોગિક પ્રગતિ કરવી હશે અને અન્ય દિશામાં પણ પશ્ચિમ જેટલી પ્રગતિ કરવી હશે તો આપણે કરોળિયાનો દાખલો નહિ; પરંતુ "ઝીરો ડિફેક્ટ"નો સિદ્ધાંત અપનાવવો પડશે.

આ ઝડપી યુગમાં ફરી ફરી ભૂલો કરીને આગળ વધવાનો અવકાશ જ નથી; ઝીરો ડિફેક્ટ તો એ કહે છે કે પહેલા પ્રયત્ને જ સફળ થાઓ અને ન થાઓ ત્યાં સુધી એ વસ્તુને છોડો નહિ.

આ ઝીરો ડિફેક્ટ વિષે એક જણાવો ભાષણ આપ્યું હતું અને એ એક કંપનીના મેગેઝિનમાં છપાયું હતું, તે વાંચ્યું અને થયું કે આ આપણે પણ વિચારવા જેવું છે તેથી જ આનો અનુવાદ આપ્યું છું.

આ ઝીરો ડિફેક્ટનો સિદ્ધાંત માર્ટિન કંપનીએ શરૂ કર્યો છે. આ કંપનીને સંરક્ષણ વિભાગે મિસાઈલ બનાવવાનો મોટો ઓર્ડર આપ્યો.

આ બનાવવાનું કામ ઘણું વિકટ છે અને ઘણું જ ગૂંચવાડા ભર્યું છે. એમાં નાના મોટા થઈને લગભગ પચીસ હજાર ભાગ હોય છે અને એ દરેક ભાગ સ્વતંત્ર હોય છે અને તેથી એ દરેકે દરેક ભાગ સંપૂર્ણ અને જરાયે ભૂલ વિનાના થવા જોઈએ અને એમ થાય પછી જે જોડાણ થાય તે પણ કશીયે ભૂલ વિનાનું થવું જોઈએ.

માર્ટિન કંપનીએ આવા કામનો ઓર્ડર લીધો હતો. પહેલાં તો બધા જ જુદા જુદા ભાગ બનાવ્યા, ભેગા કર્યા અને મિસાઈલ ફાયરિંગના ટેસ્ટ માટે મોકલ્યું ત્યારે એમાં ૧૭ થી ૧૮ ખામીઓ માલૂમ પડી.

કંપનીના હોદ્દેદારને લાગ્યું કે આ તો નામોશી કહેવાય, આવું તે કેમ સાંખી લેવાય! આટઆટલી મહેનત, આટલાં નાણાંનો અને આટલા માણસોના સમયનો વ્યય તે કેમ નિભાવી લેવાય? અને એમણે તે જ સમયે ઝીરો ડિફેક્ટનો સિદ્ધાંત સૌની સામે રજૂ કર્યો.

એમણે કારખાનામાં કામ કરતા બધા જ નાના-મોટાને બોલાવ્યા, નાનામાં નાનો સ્ક્રૂ તૈયાર કરનારને પણ બોલાવ્યા અને સૌને મિસાઈલમાં થયેલ ભૂલ વિષે કહ્યું અને એમાં કંપનીની કેટલી નામોશી થઈ તે પણ વ્યથિત હૃદયે સમજાવ્યું. આર્થિક નુકસાનની પણ વાત કરી અને પ્રતિજ્ઞા લેવરાવી કે કહો કે એમાં હવે એક પણ ભૂલ થવા દઈશું નહિ એટલું જ નહિ, પહેલા પ્રયત્ને જ સંપૂર્ણ ઝીરો ડિફેક્ટવાળું જ મિસાઈલ બનાવીશું.

પ્રતિજ્ઞા લીધા પછી પંદર દા'ડામાં જ મિસાઈલ તૈયાર કરવાનું હતું, એની કસોટી થવાની હતી અને બધા જ પ્રતિજ્ઞા પ્રમાણે કામે લાગી ગયા હતા. બધાએ નક્કી કર્યું હતું કે ઝીરો ડિફેક્ટ આપવા "Right the first time" થવું જ જોઈએ. બીજી વાર માટે આ યુગમાં સમય નથી. નિયત સમયે મિસાઈલ તૈયાર થયું, પછી ૨૩ કલાક અને ત્રીસ મિનિટે ફાયરિંગના સ્થળ પર ગોઠવાઈ ગયું અને એમાં એક પણ ભૂલ રહી નહોતી, એ સંપૂર્ણ બન્યું હતું.

જેમિની ૬"માં પણ આવું જ બન્યું હતું. એ ત્રણ દિવસ પછી જરૂર છોડવાનું છે અને આકાશમાં ઘૂમવાનું છે તે નક્કી થયું હતું, તે માટે હજારો માણસો કામે લાગ્યા હતા અને એની રિહર્સલ વગેરેમાં ખૂબ નાણાં પણ ખર્ચાયાં હતાં.

પરંતુ શું થયું? ત્યાં ઝીરો ડિફેક્ટનો સિદ્ધાંત નહોતો તેથી એનું બટન દાબ્યું; પરંતુ એ આકાશમાં ન ગયું અને નિષ્ફળતાનું કારણ એક જ માણસની ભૂલ, એણે બનાવેલ એક નાનકડા જ ભાગમાં નાની ભૂલ રહી ગઈ હતી પરિણામે આખી યોજના ધૂળમાં મળી ગઈ.

પહેલાં "જેમિની ૬" પછી ૭-એમ ક્રમ હતો; પરંતુ પેલી ભૂલને કારણે બન્ને સાથે ગયા, ટૂંકમાં જરાક જેટલી ભૂલથી હજારોની મહેનત અને નાણાં નકામા જાય છે અને આબરૂના કાંકરા થાય છે.

આ વિષે જેણે ભાષણ કર્યું તેમણે પોતાના જીવનનો દાખલો આપતાં કહ્યું કે આ બધું વાંચીને મને મારા નાનપણની વાત યાદ આવી અને એ કે માર્ટિન કંપની પહેલા આમારા વૃદ્ધ શિકારીઓ આ ઝીરો ડિફેક્ટનો સિદ્ધાંત શોધી કાઢ્યો હતો. જો કે એ વખતે આમને એ શબ્દ કે સિદ્ધાંતની જાણ નહોતી.

મારા દાદા જબરા શિકારી. મને પણ શિકારનો શોખ. દાદાએ ખુશ થઈને એક બંદૂક ભેટ આપી, એ ઓટોમેટિક હતી, એમાં ફરી ગોળીઓ ભર્યા વિના પંદરેક ગોળીઓ છૂટી શકતી હતી.

એ બંદૂક લઈને હું પાસે જ રહેતા વૃદ્ધ શિકારી પાસે ગયો, ધાર્યું હતું કે એ બંદૂક જોઈને ખૂશ થશે; પરંતુ એણે તો ડોકું 'ધૂણાવ્યું, મેં પૂછ્યું કાકા, કેમ ડોકું ધૂણાવ્યું, બંદૂક ન ગમી'.

બંદૂક તો સારી છે; પરંતુ તમે આવી બંદૂક પસંદ કરી તે મને ન ગમ્યું.

પણ શા માટે ન ગમ્યું?

એટલા માટે કે તમે ફરી વગર ભર્યે આમાંથી પંદર વાર ગોળી ચલાવી શકો છો એ વાત તમારા મનમાં રહેવાની જ. તમને થશે કે એક વાર નકામો ગયો તો બીજો, પછી ત્રીજો, ચોથો, પાંચમો, અને આવો વિચાર એક અચ્છા શિકારી માટે બરાબર નથી.

તો અચ્છા શિકારીએ કેવી બંદૂક લેવી જોઈએ અને અચ્છા બનવા માટે શું કરવું જોઈએ? મેં જરા કટાક્ષમાં પૂછ્યું.

ભાઈ, અચ્છા શિકારીએ અચ્છા નિશાનબાજ બનવું જોઈએ અને એણે એવી બંદૂક લેવી જોઈએ કે એક જ વાર ગોળી છૂટે, પછી ભરવી જ પડે, આમ બને તો જ એ સાવધ રહે, જાણે કે પહેલી વાર નિશાન ચૂકયા તો કદાચ શિકાર જ શિકારીનો શિકાર કરી જશે; અર્થાત્ પેલા મિસાઈલ જેમ પહેલે પ્રયત્ને જ સફળતા મળવી જોઈએ, એમાં ભૂલ ન ચાલે, એમાં "ઝીરો ડિફેક્ટ જ" જોઈએ.

શિકારીએ નાનપણમાં શીખેલી વાત આ સિદ્ધાંત વાંચતાં તાજી થઈ અને મેં પણ નિશ્ચય કર્યો કે હવેથી બીજી-ત્રીજી-ચોથી વારે સફળતા મળે તે સફળતા ન કહેવાય, નામોશી કહેવાય, માટે મારે કરોળિયાની વાત જોઈતી નથી, જોઈએ છે "ઝીરો ડિફેક્ટ"ની વાત. આપણા ભારતમાંથી પરદેશમાં ઘણો માલ જાય છે તેનાં ચૂકવણ જળવાતાં નથી તે માટે શરમ, સંકોચ પણ આપણે અનુભવતા નથી તો તેમાં દેશનું નામ બગડે છે કે નહિ?

આપણે પણ "ઝીરો ડિફેક્ટ"નો સિદ્ધાંત અપનાવીએ તો? અપનાવી શકીશું! તે દિશામાં પ્રયત્ન કરીશું?

સામુદાયિક જવાબદારી

[] મકરન્દ દવે

આપણે સહુ જાણીએ છીએ કે આપણું ઘર વ્યવસ્થિત નથી. સામાજિક અન્યાય, આર્થિક અસમાનતા અને રાજકીય પક્ષાંધતાથી તે ઘેરાયેલું છે. દિવસે દિવસે પરિસ્થિતિ વણસતી જાય છે અને સમયસર નહીં ચેતીએ તો આપણે સહુને માટે કલ્પના પણ થથરી જાય એવા કારમા દિવસો આવી રહ્યા છે. વિચારશીલ માણસોએ સત્વર જાગીને, ગઢ ઘેરાય અને ઘાણ વળી જાય તે પહેલાં કાંઈક ઊંજળો માર્ગ કાઢવો જ રહ્યો.

લોકશાહી ધોંધાટ મચાવતી અને મંદ ગતિએ આગળ વધતી રાજ્યપ્રણાલી છે. પણ તે પ્રમાણમાં ઓછી ખરાબ છે ને આપણે તેને વરેલાં છીએ. વ્યક્તિની સ્વતંત્રતા, તેને યોગ્ય લાગતી વિચારસરણી ને કાર્યપદ્ધતિને આ માળખામાં રહી વ્યક્ત કરવાની છૂટ આ પદ્ધતિના પાયામાં છે. દરેકને જુદા જુદા ઉપાયો સૂઝે, ને તે માટે એ ચર્ચાના મેદાનમાં ઊતરે, લોકમતને જગાડે તે સ્વાભાવિક જ નહીં જરૂરનું પણ છે. એક જ દિશામાં વિચારનારા પણ ઉદ્દેશ એક જ હોવા છતાં કાર્યપદ્ધતિને કારણે સામસામે ટકરાય એવું યે બને. પણ આ એક રમતનો ભાગ છે. વૈવિધ્ય અને વિરોધના બળ વિના લોકશાહી બે-લગામ બની જાય, પણ તેને ગતિશીલ રાખવા માટે માત્ર રાજસત્તા પર જેની નજર નથી એવા તંદુરસ્ત અભિગમો, કાર્યક્રમો, પ્રયોગો ઘડવા જોઈએ અને કયાંક તો પક્ષાનાં ત્રાજવાં પડતાં મેલી આ નરવા પ્રયોગોમાં સહુએ હાથ મિલાવવા જોઈએ. રાષ્ટ્રને જીવતું રાખવા અને લોકશાહીની જીવાદોરી લંબાવવા માટે આવા પક્ષાતીત સર્વસંમત કાર્યક્રમો લોકોના હૃદયમાં સ્થાન પામે, રાષ્ટ્રની ધોરી નસોમાં નવા પ્રાણરૂપે વહેતા થાય તે આજની ખાસ જરૂર છે. બેથાર ક્ષેત્રે તો એવાં રહેવાં જ જોઈએ, જ્યાં આપણે સહુ ખુલ્લા દિલે મળી શકીએ, ખભા મિલાવી કૂમાન કરી શકીએ અને સ્વતંત્ર, સ્વસ્થ અને દરેક રીતે સમૃદ્ધ ભારતના નિર્માણ માટે બધું જ કરી છૂટીએ.

આવા વિધેયાત્મક અને અવિરોધી કાર્યનાં જુદાં જુદાં ક્ષેત્રો ને પ્રકારો હોઈ શકે. તેમાંનું એક છે, મોટાં ને ગીચ શહેરી વિસ્તારોમાં કેન્દ્રિત થયેલી માનવશક્તિ અને મૂડીને ગ્રામપ્રદેશ ભણી વાળવાનું. જે વ્યક્તિઓ આજે આવી ભીંસમાંથી છૂટી શકે તેમ હોય અને પોતાના સમય તેમજ શક્તિનો ઉપયોગ સારી રીતે કરવા માગતી હોય તેમણે આ દિશામાં પહેલું કદમ ભરવું જોઈએ અને આવી વ્યક્તિઓ નાના નાના જૂથમાં, ચોક્કસ કાર્યપ્રદેશને સામે રાખી નીકળે તો વધુ સારું. કારણ કે તેનાથી એક સંગઠિત બળ ઊભું થાય છે અને સામે આવતા પ્રશ્નોને હલ કરવા માટે સુયોજિત પ્રયાસો થઈ શકે છે. આવી વ્યક્તિઓ બહાર પડે તો તેમને મિત્રો મળી જ રહે છે. સમસ્ત ગ્રામસમાજને સામે રાખી, તેમની સાથે રોજિંદા જીવનમાં ઓતપ્રોત થઈ આવાં નાનાં એકમો પણ જાગતું રાખે તો આ દેશની તૂટતી કમર ફરી બેઠી થઈ શકે. સામુદાયિક જવાબદારી ભણીનું પહેલું પગલું આ બહુ મોટા સમુદાય સાથે સુખદુઃખમાં ભાગીદાર થવાનું છે. તે તેમની વચ્ચે બેસી જવાથી જ થઈ શકે.

આપણી સામે પ્રશ્નો ઘણા જટિલ છે. પણ ચોક્કસ દિશાનું ચોખ્ખું પગલું ભરવામાં આવે તો ઉકેલનો દોર હાથમાં આવતો જાય છે. સામુદાયિક જવાબદારીનો પહેલો સ્પષ્ટ ખ્યાલ તો એ છે કે આ કોઈ વર્ગ સામે, વાદ સામે, જગાડવામાં આવતો જંગ નથી, પણ આપણા સહુના હિત માટે સહિયારા ઘરનું સમારકામ છે. જે હાથ સ્વાર્થની ખેંચતાણમાં સમગ્રને ભૂલી જાય છે તે પોતાનું જ હિત ગુમાવે છે. મનુષ્યોને વાડાઓમાં વહેંચી નાખવાને બદલે તેને એક નિરાળી ને અજોડ વ્યક્તિ તરીકે સ્વીકારવાની દૃષ્ટિ પાંગરે ત્યારે જ વાડાઓની દીવાલ ભાંગી શકાય. પોતે જન્મના, જ્ઞાતિના, શિક્ષણ અને દરજ્જાના વાડામાંથી પહેલાં બહાર આવવું પડશે અને પછી સામી વ્યક્તિને એક સમાન માનવ તરીકે માત્ર સ્વીકારવી જ નહીં; સત્કારવી પડશે. તેનું દૃષ્ટિબિંદુ ગમે તેટલું વિરોધી લાગે તો પણ મનુષ્યની પોતાની અંદરની જ જાત ઓટલી વિખરાયેલી પડી છે કે તેને એકત્ર કરવાનું અને સાથે સાથે વિશ્વ સંબંધ સ્થાપવાનું આ કાર્ય ઉત્તમ સાધના બની શકે તેમ છે. દરેક વ્યક્તિ સાથે, દરેક પ્રસંગે નવા અને તાજા અભિગમ માટે મનને તૈયાર અને સ્વચ્છ કરતા રહેવું પડશે. નવા માનવના નિર્માણ માટે તમામ પૂર્વગ્રહો, આગ્રહો, પ્રક્ષેપો અને વિક્ષેપોથી દોરવાયા વિના નિર્ભેળ સંબંધોની ખુલ્લી હવામાં આવવા જેવી વાત છે. આ ખુલ્લી હવા જ આજના બંધિયાર વાતાવરણમાં નવો પ્રાણ પૂરી શકે. સામુદાયિક જવાબદારીના પ્રદેશમાં કોઈ સામે હરીફાઈ કે કોઈ સાથે સસાખામણીનો તો સવાલ જ નથી. જેને પોતાને એમ લાગે કે મારે ભાગે પણ આ વ્યાપી રહેલાં દૂષણો ને દુરિતોને અંશ આવ્યો છે ને તેને મારો હાથ પહોંચે ત્યાં સુધી દૂર કરવાની મારી ફરજ છે તે આ કાર્યમાં આપમેળે જોડાશે. જ્યાં સુધી મારો ભાઈ ભૂખે મરે છે ત્યાં સુધી મારી સુખની નીંદર હરામ થઈ જાય તો મને જગાડવાની કોઈને જરૂર ન રહે. સામુદાયિક ઉત્તરદાયિત્વની ખૂબી એ છે કે તેની વાતો કરનારાઓ જ તેની પહેલ કરવી જોઈએ, નહીં તો પેલી લોકકથામાં આવતા દૂધના કુંડ જેવી જ વાત આવીને ઊભી રહે. એક રાજાએ હુકમ કરેલો કે તેના નગરજનોએ દૂધની એક એક લોટીથી કુંડ ભરી દેવો. દરેકને થયું કે બીજાઓ તો દૂધ લાવવાના છે ત્યારે પોતે એકાદ લોટી પાણી રેડી આવશે તો કોઈને ખબર નહીં પડે અને પછી તો આપરખા સ્વભાવના દરેક માણસના મનમાં આવો જ વિચાર આવ્યો. પરિણામે દૂધને બદલે કુંડ પાણીથી ભરાઈ ગયો. સામુદાયિક જવાબદારી પર આવી વૃત્તિથી જ પાણી ફરી વળે એમ છે. જે પોતાની જાતને બચાવશે એ તો મરશે પણ બીજાઓને યે મારતો જશે, પણ જે પોતાનું આયુ ખર્ચી શકશે તેનું કુળ આખા ગામનો ખળા સાથે ભરાશે. સમગ્રને જીવન આપવાનો આથી બીજો રસ્તો આત્યારે દેખાતો નથી.

સામુદાયિક જવાબદારીનો રસ્તો ઋણ મુક્તિનો છે. આમાં કોઈ બીજા માટે કાર્ય કરે છે ત્યારે પાડ નથી કરતું પણ પોતા ઉપર સમાજનું ચડેલું કરજ ચૂકવે છે. આજની પરિસ્થિતિમાં દેવું ચૂકવવાની વાત તો બાજુએ રહી પણ આપણે પોતાનો ભાગ, અધિકાર, હકદાવો ઊંચો રાખી એકબીજાને પછાડી, લૂંટી, ખાઈ જવાની ઝૂંટાઝૂંટમાં પડ્યા છીએ. આપણી રોજની વાતોમાં ચોરી, લાંચ, ખૂન, અત્યાચારના બનાવો જ વધુ હોય છે અને અત્યારે તો પોતાનું સાચવી બેઠા રહે એ જ ડાહ્યા લાગે છે. પણ આ આપઘાતનો રસ્તો છે. હવે જે બહાર નહીં આવે તે બચી નહીં શકે. પોતાના સ્વાર્થ, સંકુચિત અને ટૂંકી દૃષ્ટિના ઘેરાવામાંથી નીકળી, જે સમગ્રના હિતનો વિચાર નહીં કરે તે અનર્થ અને અત્યાચારના ચારે તરફ ફેલાતા ચેપી રોગનો ભોગ થયા વિના નહીં રહે. હવે જે પોતાના અભાગી ભાઈ-બહેનો માટે હાડ નહીં હલાવે, હાથ નહીં લંબાવે, હૈયું નહીં મોકળું મૂકે તો પોતે જ આક્રોશભેર

ધસી આવતા દાવાનળમાં ભરખાઈ જશે.

આપણે રાજા, વેપારી, ખેડૂત, કામદાર વગેરેને એકબીજા સામે ઊભા રાખી ફરિયાદ ને આક્ષેપોના ઢગલા કરીએ છીએ પણ આપણે આમાંના જ કોઈક છીએ અને આપણી જાત સામે કોઈ રજા છાતી પર વાર હાથ રાખી પૂછ્યું છે કે હું શું કરું છું? આ પરિસ્થિતિ ઊભી કરવામાં કોનો દોષ છે? કેટલો દોષ છે? એના ધાંટા પાડી એકબીજાનું ગળું પકડવાથી શું વળશે? સ્વતંત્ર દેશને જરૂર લાગે ત્યારે તે રાજકર્તાને ફગાવી શકે છે. મૂળભૂત અધિકારો માટે લડત આપી શકે છે. પણ કેટલુંક પાયાનું કામ પડ્યું રહે અને ઉપરથી ફેરફાર થાય ત્યારે ખાસ કંઈ વળતું નથી. એટલા માટે માણસના મૂળને પાણી પાવા જેવું કાર્ય આપણામાંથી કોઈએ ઉપાડી લેવું જોઈએ. આવું એક પગલું જાગૃત નાગરિકોએ પછાત ગણાતા વિસ્તારમાં જઈ વસવાનું છે. આવી નાની નાની વસાહતો સમાજમાં તંદુરસ્ત લોહી વહેતું રાખવાનું કાર્ય અપનાવી લે તો આખું શરીર પ્રાણવાન બને. આ વસાહતીઓ ભાષણ આપીને ભાગી જનારા નહીં હોય. દયાનો ટુકડો ફેંકી હૃદય ઉપર હાથ ફેરવનારા નહીં હોય. પોતાને જુદા માની સુધારાનો ધજાગરો ફરકાવનારા નહીં હોય. પણ લોકો વચ્ચે જ લોકોના જિગરજાન દોસ્ત બની ચુપચાપ બેસી જશે. પ્રાથમિક સ્વચ્છતા, આરોગ્ય, શિક્ષણ, ગૃહઉદ્યોગો જેવા હાથવગાં ને સ્વયં સ્ફૂરી આવતાં કાર્યોને તે આ મોટા કુટુંબની જરૂરિયાત પ્રમાણે હાથ પર લેશે અને તેમાં લોકોનો પોતાનો હાથ પરોવાયેલો હોય એની ખેવના રાખશે.

ભારત ધર્મપ્રાણ દેશ છે. ઋષિમુનિઓ, ત્યાગી–તપસ્વીઓ, સંત–યોગીજનોનો આપણને ભવ્ય વારસો મળ્યો છે. ભારતની દરિદ્રતા આ વારસાને જીવનમાં ન ઉતારવાને કારણે છે. ભારતની આધ્યાત્મિક દૃષ્ટિ, સાંસ્કૃતિક એકતા અને મનુષ્યજીવનની સાર્થકતા –આ ત્રણેને અખંડ દર્શનથી ઉજાળતી દીપમાળ આ દેશે યુગોથી પેઢાવી છે. તેના પર ધુમાડો છવાય છે, વાટ ચવાણે છે ને દીપમાળમાં જ કાંઈક ખોટું છે એમ ઘણાને લાગી આવે છે. પણ આ દીપમાળમાં દિવેલ પૂરવામાં આવે ને તેની પૂરી કાળજી લેવામાં આવે તો આજે અંદર અને બહાર વ્યાપેલું અંધારું ઉલેચી શકાય એમ છે. માત્ર રાજકીય સત્તા અને આર્થિક સમૃદ્ધિ પાછળ જે દોડણો ચાલ્યા આવે છે તેને રોકવાં હોય તો આવા દીના દીવાને તુલસીના છોડની ફરી પ્રતિષ્ઠા કરવી રહી. ગ્રામ સમાજ વચ્ચે જે વસાહતીઓ બેસી જાય તેમણે આવી સક્રિય આધ્યાત્મિક–ઊર્જા પ્રગટાવી જોઈએ. યોગ, કર્મ, ભક્તિ અને જ્ઞાનના અભ્યાસ અને આચાર દ્વારા એવું વાતાવરણ દેશમાં ઊભું થાય, જે શરીરને સ્વસ્થ કરે, ચિત્તને નિર્મળ કરે અને આત્માને સહજ આનંદથી ભરી દે. સ્વેચ્છાએ નગરનો મોહ છોડીને ગામડામાં ગયેલા લોકો ગ્રામજનોને પણ નગરની મોહનીમાંથી છોડાવશે અને પોતે ઊભા છે ત્યાંથી ક્રૌંચત અને દેવત જગાડવાનો દાખલો પૂરો પાડશે.

એકાદ નાનું સરખું કામ ઉપાડનાર પણ જાણે છે કે તેને કેટલી મુશ્કેલીઓ પડે છે. આ કામ પણ સહેલું નથી. તેમાં ડગલે ને પગલે મુશ્કેલીઓ આવવાની જ છે તે અગાઉથી નોંધી રાખવું. આ કામ જ ઢાળમાં દોડી જવાનું નથી પણ ટેકરી ચડવાનું છે. એમાં ધાર્યાં પરિણામોની આશા રાખશે તે વહેલો થાકશે. માણસની ધીરજ અને સહિષ્ણુતાની કસોટી કરતું આ નવપ્રયાણ છે. પણ આ પગલું હવે હું નહીં ભરું તો મારી નજરે જ હું ઊણો ઊતરીશ –એમ અંતરાત્મા કહે તો નીકળી પડવું જોઈએ. પછી મારગમાં આવતા અવરોધો તો આગળ વધતા ઝરણાનું ગાન જગાડતા પથ્થરો બની જશે. અંતરાત્માની વફાદારી અને મનુષ્ય પરનો વિશ્વાસ આ પ્રવાસનું અખૂટ ભાથું છે. એક વૈદિક મંત્ર છે:

'સૂર્યસ્ય પન્થાઃ અનુચરેમ!'

અમે સૂર્યના માર્ગનું અનુસરણ કરીએ.

સૂર્ય કાંઈ ઉછીના અજવાળાથી આગળ વધતો નથી. રાત્રીનો ગાઢ અંધકાર ભેદી નાખવાના ઉચાટમાં ઉતાવળો થતો નથી. પોતાના જ અંતરમાં નિત્ય પ્રકાશતા સૂર્યને પામવાનો આ માર્ગ છે. અંદર અને બહારના તાલ મિલાવતાં જ્ઞાનેશ્વરે કહ્યું છે: 'ભીતરી, જ્ઞાને ઊજળિલા, બાહિર કર્મે ક્ષાળિલા'–અંદર જ્ઞાનથી ઉજ્જ્વળ, બહાર કર્મથી શુદ્ધ–આ બંને પાસાં એકબીજાનાં સહાયક અને પૂરક છે. જે પોતાના વ્યક્તિગત જીવનમાં આ સંવાદ સાધતો આવે છે તેને માટે દુઃખ, વિપદ, આઘાતમાંથી પણ ભૂવનનું સંગીત ઝરે છે. મનુષ્ય જીવનની ઝીણી ચાદર આપણે અહીં, આ મૃત્યુદેડૂમાં સૂરજનાં કિરણોથી વણવા આવ્યા છીએ. એને જે ઊજળી ચખે છે. તેને માટે સદાય ઉજસ છે.

'એક પગલું આગળ' માંથી

સમયની ભાગદોડનાં ચાઠાં

[] ક્રાન્તિ ભટ્ટ

'તમારો સમય લીધો' 'સમય ગુમાવ્યો' 'સમય વેડફ્યો' 'સમય ચોરી લીધો' 'સમય બચાવ્યો' અને સમયને કાપ્યો–માર્યો' વગેરે પ્રકારના શબ્દોના પ્રયોગ આપણે સમય માટે કરીએ છીએ. સમય પણ એક ચીજ બની ગયો છે. અમેરિકામાં તો સમય એક સોનાની ચીજ હતી જ. અમેરિકન ઘરોમાં, સ્કૂલોની રૂમોમાં, દુકાનોમાં, ઓફિસોમાં, રેસ્ટોરામાં, મોટરકારમાં અને દેવળોમાં પણ જ્યાં ત્યાં ઘડિયાળો લટકાવ્યાં હોય છે. રેડિયો અને ટેલિવિઝનના કાર્યક્રમો વચ્ચે સમયની જાહેરાત થાય છે. ટેલિફોન ઘુમાવીને તમે ગમે ત્યારે સાચો સમય જાણી શકો છો. કાંડા ઘડિયાળમાં એલાર્મ આવી ગયાં છે. સ્ટેડિયમોના સ્કોરબોર્ડ અને રેડિયો ઉપર પણ ઘડિયાળો લગાડાઈ ગયાં છે. દરેક જાહેર સ્થળે એક ઘડિયાળ તો નજરે ચઢે જ છે. સમય વેડફાઈ જતો હોય કે સમય ગુમાવાતો હોય છે તે બતાવે છે કે જાણે સમયને વેચી શકાય છે અને સમયને ખરીદી શકાય છે. આપણા આખા શરીર અને મનનું તંત્ર સમયના ભાનથી ભરાઈ ગયું છે.

પરંતુ શહેરોમાં ઘડિયાળ અને તેના સમયનું વર્ચસ્વ ભારે છે. સમયનું આ દબાણ ઘણા માણસોને બીમાર પાડી દે છે. ઘણા લોકો એટલે જ કાંડે ઘડિયાળ રાખતા નથી. ડૉક્ટરો તેમને ઘડિયાળ પહેરવાની ના પાડે છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના કાર્ટૂનિસ્ટ કૃષ્ણી આર. કે. લક્ષ્મણ પોતાના કારણોસર ઘડિયાળ પહેરતા નથી. સમયનું પાલન ન કરી શકનારા શહેરીઓ પોતે જ ઊભા કરેલા આ સમયના શિસ્તના ઘાઓના ભોગ બને છે. સમયનું ચુસ્તપાલન મન ઉપર એક અદૃશ્ય તાણ ઊભી કરે છે. એ તાણ સતત રહે તે પછી શરીર ઉપર પણ અસર કરે છે. અમેરિકાના એક તબીબી ડૉ. ઈ. એમ. ઘેરમને સમય ઉપર એક સુંદર પુસ્તક લખ્યું છે "સ્ટ્રેસ એન્ડ બોટમ લાઈન." વિવિધ કંપનીઓના ઉચ્ચ અધિકારીઓ અને મેનેજિંગ ડિરેક્ટરોને તપાસતાં વિવિધ રોગોને જોઈને ડૉ. ઘેરમને તારણ કાઢ્યું કે સમયના વધુ પડતા દબાણને કારણે ઘણી કંપનીના અધિકારીઓને તેમની જાણ વગરના આ રોગો થયા છે.

શહેરની દરેક વ્યક્તિ એક દિવસમાં ઘણા કામો કરી નાખવા માગતી હોય છે. જેના ઉપર કામનું દબાણ છે તે તો ડરના માર્યે કામ કરે છે અને સમયનું પાલન કરવા અને વિવિધ એપોઈન્ટમેન્ટો પાળવા દોડાદોડ કરે છે, પણ જેને ઉપરનું કે બહારનું દબાણ નથી તેવા મહત્ત્વાકાંક્ષી લોકો પણ સમયના પાલન માટે મન ઉપર બોજ

વધારતા જાય છે. સમય ન પાળી શકે ત્યારે એક પ્રકારની નાસીપાસી થાય છે. તેણે વધુને વધુ કંઈક કરવું હોય છે. કોઈ પડકારને ઝીલવાનું કે તેના કંટાળાને મારવા તે અનેક કાર્યક્રમો કે કાર્યો હાથ ધરી લે છે. રોજ પત્રિકામાં ટ્રેન, બસ, ટેકસી, પોતાનો ડ્રાઈવર, રાજ સરકારી નોકર કે બીજા લોકો થોડોક વિલંબ કરે ત્યાં તેનો પિત્તો જાય છે. પોતે જેટલી ઉતાવળમાં હોય છે તેટલી જ ઉતાવળ બીજા કેમ કરતા નથી તે વાતનો તેને ગુસ્સો હોય છે. આમ સમયનો મારેલો માણસ આખો દિવસ ગુસ્સામાં રહે છે.

સમયનું મૂલ્ય બધાને જ હોય છે. પણ એ સમયની સાથે તાલ-મેલ કરવા માટેની સૌની પદ્ધતિ સ્વભાવ પ્રમાણે ઘડાય છે. છાપા-ઓમાં અમુક સમાચારો કે અહેવાલો પહોંચાડવાની ડેડલાઈન હોય છે. એટલે કે અમુક સમય સુધીમાં જ બધું પૂરું કરવાનું હોય છે. આ ડેડલાઈનનો હાઉ દરેક ક્ષેત્રે છે. કારખાનાવાળાઓ અમુક ડેડલાઈન સુધીમાં માલની ડિલિવરી આપવાની હોય છે. વિદેશની નિકાસની વરદીમાં પણ જે લેટર ઓફ ક્રેડિટ (વિદેશી ભરણાની ખાતરી આપતો દસ્તાવેજી પત્ર) હોય છે. તેમાં ડેડલાઈન હોય છે. અમુક તારીખ સુધીમાં માલની નિકાસ કરવી પડે છે. દરેક ક્ષેત્રે આ ડેડલાઈન છે. એ ડેડલાઈને પહોંચવા માણસ મરતો મરતો જીવે છે. આને કારણે દરેક શહેરી માનવ સાંજ પડયે થાકેલો રહે છે.

બીજા બોજની તાણ હોય છે તેના કરતા સમયના દબાણની તાણ નિરાળી હોય છે. ડૉ. ઈ. એમ. ઘેરમન કહે છે કે "ટાઈમ સ્ટ્રેઈન્સ ઈટ મે ઓન રપેશ્યલ મેન્ટલ આસપેકટસ. વન ફીચર્સ રેસપરેટ, ટ્રેપ્ડ, મીઝરેબલ એન્ડ ઓફન હેલ્પલેસ" અર્થાત્ સમયનું દબાણ અને તાણ ખાસ પ્રકારની માનસિક સ્થિતિ પેદા કરે છે. તમારે સમયનું પાલન કરવાનું હોય છે પણ બીજા લોકો સમય ન પાળે અને તમે તેને કંઈ ન કરી શકો કે કહી શકો ત્યારે તમે સપડાઈ ગયાનો ભાવ અનુભવો છો, તમારી સ્થિતિ દયામણી થાય છે. તમે લાચાર બની જાઓ છો. આવી સ્થિતિને કારણે પછી ગમગીની (ડિપ્રેશન) નો ભોગ બનવું પડે છે અને તે પછી માનસિક રોગો આવે છે. માણસ કાયમ માટે એ સ્થિતિમાં રહે છે. હૃદયનો રોગ થાય છે. ઊંચા દબાણવાળા કામો લોહીનું ઊંચું દબાણ પણ આપે છે. કેટલીક વખત દારૂ કે દવાઓ આ તણાવને કામચલાઉ રીતે દૂર કરે છે પણ એ કામચલાઉ ઉપાયો લાંબે ગાળે પોતે જ સમસ્યારૂપ બને છે.

જે વ્યકિત શહેરમાં રહેતી હોય અને સમયના આવા દબાણથી માનસિક રીતે વ્યગ્ર રહેતી હોય તેને ડો. ઘેરમન નીચેના પ્રશ્નો પૂછે છે. ડોકટર કહે છે કે તમારે પોતે જ તમારી જાતને પ્રશ્નો પૂછવા જોઈએ. તમારું પોતાનું મૂલ્યાંકન કરવા તમારે નીચેના પ્રશ્નો તમને પૂછવા જોઈએ :-

(૧) તમે કોઈ વ્યકિતને મળવા જાઓ ત્યારે થોડી મિનિટોમાં ઘણી બધી વાતો કહી દેવાની ઉતાવળ કરો છો? કયાંય ભાષણ કરવા જાઓ તો ઝડપ તમારા ભાષણને પૂરું કરો છો?

(૨) બીજા લોકો તેનું ભાષણ જલદીથી પૂરું કરે કે તેની વાત જલદીથી પૂરી કરે તેવી ઉતાવળ કરાવો છો?

(૩) જમતી વખતે વધુ પડતી ઉતાવળ કરો છો?

(૪) 'કયુ'માં ઊભા રહેવાનો સખત અણગમો છે?

(૫) તમને એમ લાગ્યા કરે છે કે કોઈ પણ વસ્તુ સમયસર થતી નથી. તમે સ્ટેશને આવો છો ત્યારે જ લોકલ ટ્રેન ઉપડી જાય છે તેવું લાગ્યા કરે છે?

(૬) તમારી પાસે સમય હોય તેના કરતાં એક દિવસમાં વધુ કામો હાથમાં લો છો?

(૭) 'સમયને વેડફવાનું મને ગમતું નથી' એમ કહ્યા કરો છો?

(૮) ઘરનું વાહન હોય કે સાઈકલ હોય તેને લગભગ રોજ ઝડપથી હાંકો છો?

(૯) એક સાથે ઘણી ચીજો એકદમ કરવા માગો છો?

(૧૦) બીજા લોકો મંદ હોય ત્યારે ગુસ્સો કરો છો?

(૧૧) હળવા ફૂલ થવા માટે (રિલેકસ થવા માટે) તમારી પાસે સમય નથી?

(૧૨) તમારી આજુબાજુનો સમુદ્ર, આકાશ, વૃક્ષો કે બીજી ચીજોને મહાણવાનો સમય નથી? અને કોઈની સાથે આત્મિયતા બાંધવાનો સમય નથી?

જો કે આપણામાંના મોટા ભાગના લોકો કાયમ ઉતાવળમાં હોતા નથી. કેટલાક અમુક દિવસ ખૂબ જ ઉતાવળમાં હોય છે અને પછી પાછા આરામમાં પડી જાય છે; પરંતુ ઉપર જે બાર જેટલા પ્રશ્નો તમે તમારી જાતને કરો તે પ્રશ્નોના જવાબ જો મોટે ભાગે 'હા'માં આવે તો જાણવું કે તમારા ઉપર કામનો વધુ પડતો બોજો છે અને ટૂંક સમયમાં તમે શારીરિક કે માનસિક વ્યાધિનો ભોગ બનવાના છો.

વધુ પડતી ભાગદોડ તાણ અને રોગ પેદા કરે છે. શરદી, દમ, છાતીનો દુઃખાવો, ઊંચું લોહીનું દબાણ, પીઠનું દર્દ અને ગરદનનો દુઃખાવો આ બધા દર્દો સમયની ભાગદોડવાળાને થઈ શકે છે. બહુ ટૂંકા સમયમાં વધુ પડતું કામ કરનારાને આવા દર્દોની ભેટ મળે છે. તેમ ડો. ઘેરમન કહે છે: જીવનની ઝડપ સાથે અમુક આરામનો સમય પણ માનવી એ કાતરી લેવો જોઈએ. જો આમ થાય તો અત્યંત ઝડપી જીવનમાં પણ સ્વસ્થતાથી જીવી શકાય છે. ડો. ઘેરમન આ આરામના ગાળાને "કમ્ફર્ટ ઝોન" કહે છે. ભાગદોડવાળા માણસોએ આખા દિવસમાં બે-ત્રણ 'કમ્ફર્ટ ઝોન' અનામત રાખવા જોઈએ.

આપણે જેટલા આધુનિક બનીએ તેટલા આપણે આપણી લાગણીઓ ઉપર મર્યાદા મૂકીએ છીએ. જ્યારે માનવીને લાગણી વ્યકત કરવાનો સમય ન મળે ત્યારે જ આફત ઊભી થાય છે. સતત ભાગદોડમાં રહેનાર માણસ તેની લાગણીઓ સરસ રીતે વ્યકત કરી શકતો નથી. તેથી તેના મિત્રો પણ ઓછા હોય છે. હાલના સ્પર્ધા-ત્મક યુગમાં અધૂરું રહેલું કામ કે અડધેથી છોડાયેલું કામ માણસને બહુ જ ડરાવે છે. જેટલા કામો અધૂરા હોય તેટલી તમારી નાસીપાસી વધે છે. ભલે અધૂરાં કામો વ્યકિતગત રીતે ક્ષુલ્લક હોય પણ તેનો સરવાળો તમને ડરાવે છે. મુંબઈ અને મોટા શહેરોમાં માનવીને નિરાંત નથી કારણ કે તેની સામે પૂરા કરેલાં કાર્યો કરતાં મુલતવી રાખેલાં અધૂરાં છોડેલા કામોનો મોટો ગંજ હોય છે. જે માણસને અધૂરાં કામો છોડવાનો સ્વભાવ નથી તે જ શહેરમાં જંગ જીતી જાય છે. કાં તો તે કેમ પૂરા કરવા અગર તો તે અધૂરાં કામ ને દરિયામાં ફેંકીને આગળ વધવું. તો જ આ અધૂરાં કામના દબાણ અને ત્રાસ છૂટી શકે. ઘણા લોકો વધુ પડતી ફરજો અને મિત્રોએ આપેલા કામ હાથમાં લે છે. તેમાં સપડાઈ જાય છે અને પછી એ કામ ન કર્યાનો અપરાધભાવ અનુભવ્યા કરે છે.

ડો. ઘેરમન કહે છે કે "જીવનની ઝડપને તમે તમારા કમ્ફર્ટ ઝોન સાથે બરાબર મેળ બેસાડીને નક્કી કરો. એમ કરશો તો ઉત્પાદકતા વધશે અને આરોગ્ય જળવાશે." જીવનની ઝડપ ઉપર નિયમન રાખતાં તમારે શીખવું જ પડશે..... તમારે રોજ સાંજે નિરીક્ષણ કરવું પડશે. તમારો સમય એ તમારો છે કે એ બધો સમય બીજા બધા માટે જ હોય છે. જો ૨૪ કલાકના સમયમાંથી મોટા ભાગનો સમય એ તમારો સમય નહીં હોય તો તમારે તે વાતને સુધારી લેવી પડશે... આધુનિક જગતની જે તાકીદો છે તે તાકીદ ત્રાસ ગુજારનાર છે. તમારે દરેક કામની અગ્રતાને નક્કી કરવી જોઈએ. નકામા કામોને રદ કરવા જોઈએ. તમારે 'ના' પાડતા પણ શીખવું જોઈએ. જો તમે ના પાડતા શીખી જાઓ તો અડધો જંગ જીતી જાઓ છો કારણ કે તમે બીજા ઉપરવટ કામ માથે લો છો ત્યારે તમે એક ગુલામ બની જાઓ છો અને પછી તમારી નીચેના માણસોને પણ ગુલામ બનાવો છો. તમે હંમેશા વધુ પડતા હાથ ધરેલા કામને પૂરું કરવા આતુર હો છો. તે માટે બીજાને પણ તગડો છો તમારે ઘડિયાળની દયા ઉપર જીવવું ન જોઈએ. તમારા ભવિષ્યને ઘડવા માટે સમય સાથે કેમ કામ લેવું તે તમારે શીખવું જોઈએ."

(પુસ્તકનું નામ:-સ્ટ્રેસ એન્ડ બોટમ લાઈન-એ ગાઈડ પર્સનલ વે: બીઈંગ. લેખક; ડો. ઈ. એમ. ઘેરમન પ્રકાશક: અમેરિકન મેનેજમેન્ટ એસોસિયેશન્સ - ન્યુયોર્ક.)

ગાલિબની ફૂલપાંખડી

[] હરીન્દ્ર દવે

[૫]

નક્શ ફરિયાદી હૈ, કિસકી શોખિ-એ-તહરીરકા
કાગ્ઝી હૈ પૈરહન, હર પૈકર-એ-તસ્વીરકા.

ચિત્ર કોની લખાવટ, કોની રેખાઓની સુંદરતા કે બંકિમતા સામે ફરિયાદ કરે છે? પ્રત્યેક ચિત્રના આકાર પર કાગળનું જ પહેરણ હોય છે.

ઈરાનમાં બાદશાહના દરબારમાં ફરિયાદ કરવા આવનારાઓ કાગળનાં વસ્ત્ર પહેરવાં પડતાં. કાગળ પર દોરેલી તસવીરમાં જે કોઈ આકાર હોય એનું પહેરણ તો કાગળનું જ હોય. તસવીરમાંની આકૃતિનાં 'કાગ્ઝી પૈરહન'ને જોઈ કવિને થાય છે કે આ ચિત્ર ફરિયાદી તરીકે હાજર થયું છે. એ ચિત્ર ફરિયાદ કોની કરે છે? જે રળિયામણી, બંકિમરેખાઓથી એ દોરાયું છે એની જ એ ફરિયાદ છે? કે પછી કોઈ બંકિમ પાર્થિવ સૌંદર્ય દ્વારા ગુંજારાતા હસીન સિતમની આ ફરિયાદ છે?

કવિ પ્રશ્ન પૂછીને અટકી ગયા છે. જવાબ આપવા નથી રોકાયા.

* * *

જરાફત તોઅક્ક્રા, અલ્માસ આર્મુગાં, દાગ-એ-જિગર હદિયા,
મુબારકબાદ અસદ, ગમખ્વાર-એ-જાન-એ-દર્દમન્દ આયા.

જખમ નજરાણું છે: હૃદયને કાયે એવો હીરો તારો ઉપહાર છે: જિગરનો દાગ એ તારી ભેટ છે: ગાલિબ, મુબારક હો, દુ:ખી પ્રાણના દુ:ખ પ્રત્યે સમભાવ રાખનારો કોઈક તો આવ્યો.

દુ:ખ માટે, દર્દમન્દ માટે સમભાવ રાખવાનો બદલો શું મળે? જખમ, ક્રાપ અને દાગ. 'અસદ' ગાલિબનું પહેલાંનું ઉપનામ છે. એ પોતાને જ મુબારક આપતા કહે છે: 'તારા જેવો દર્દમન્દના જાન માટે ગમખ્વાર એવો માણસ આવ્યો: એનેં મુબારકબાદ આપવાની સાથે નજરપાણું, ઉપહાર, ભેટ બધું જ અપાય છે. કવિને મન આ જખમની ભેટનો જ મહિમા છે.

લેતા હું મકતબ-એ-ગમ-એ-દિલમેં સબક હનોજ,
લકિન યહી કિ, રફ્ત ગયા, ઔર બૂદ થા.

હું દિલના દુ:ખોની શાળામાં હજી તો પાઠ ભણું છું, પણ પાઠ તો આટલો જ છે: રફ્ત એટલે 'ગયું' અને બૂદ એટલે 'હતું'!

ગાલિબના એક શેરમાં આપણે જોઈ ગયા કે દુ:ખનો પ્રવાહ હવે 'ગાલિબ' નહીં હોય ત્યારે ત્યાં જશે, એવી ચિંતા હતી. આમ છતાં કવિ કહે છે: હું તો હજી દુ:ખોની શાળામાં પહેલો પાઠ ભણું છું: એ પાઠ માત્ર ફારસી ભાષાના બે શબ્દોથી બનેલો છે: 'ગયું' અને 'હતું', રફ્ત (ગયું) તથા બૂદ (હતું) એ અર્થ સમજવા એટલે અલિફ-બે શીખવા જેટલું જ છે.

કશુંક વીતી ગયું છે. કશુંક હવે 'હતું' એમ જ કહેવું પડે એમ છે.

હજી તો દુ:ખનીશાળાના પ્રથમ બે અક્ષર શીખું છું અને આવી પારાવાર વેદના આવી મળી છે, તો આગળ ભણવાનું આવશે ત્યારે શું થશે?

* * *

મેરે દિલમેં હૈ 'ગાલિબ' શોક-એ-વસ્લ ઔર શિકવ-એ-હિજરાં,
ખુદા વહ દિન કરે, જો ઉસસે મૈં યહ ભી કહું, વહ ભી.

મારા હૃદયમાં મિલનની પ્રસન્નતા પણ છે: વિરહની ફરિયાદ પણ; એવો સમય આવે કે હું એમને આ પ્રસન્નતાની વાત કરું; આ ફરિયાદ પણ કરું.

પ્રત્યેક વ્યકિતના હૃદયમાં આ બે લાગણીઓ હમેશાં સમાઈ હોય છે: સુખ અને દુ:ખ એ બંને લાગણી સૌ કોઈના હૃદયમાં હોવા છતાં એ બંને વચ્ચેની સમતુલા કોઈક વિરલા જ જાળવી શકે છે.

હૃદયમાં મિલનની પ્રસન્નતા હોય એ પણ કહેવી જોઈએ. મિલનની પ્રસન્નતાની વાત કહેનાર એ વિરહની ફરિયાદ કરે ત્યારે એમાં આરત પ્રકટયા વિના ન રહે.

જિક્ર મેરા બ-બદી ભી, ઉસે મંજૂર નહીં,
ગૈરકી બાત બિગડ જાય, તો કુછ દૂર નહીં.

બુરાઈ કરવાના નિમિત્તે પણ મારો ઉલ્લેખ એમને ગમતો નથી; મારી બુરાઈ કરવાથી એ રાજી થશે એવી કલ્પના કરી મારો હરીફ એમની આગળ ગમે તેમ બોલી રહ્યો છે- પણ ઓની બાજી બગડી જાય તો કંઈ નવાઈ નહીં. કારણ કે મારું નામ સાંભળતાં જ એ ભડકી ઊઠશે અને મારા પ્રતિસ્પર્ધી પર પણ એ ખફા થઈ જશે.

કવિએ આ જગતમાં અન્યની બુરાઈ કરીને પોતાનું સ્થાન નક્કી કરનારાઓ પર ગજબનો કટાક્ષ કર્યો છે – આવા માણસો આખરે તો કોઈ સ્થાન મેળવી જ શકતા નથી.

○ ○ ○

કમ નહીં વહ ભી ખરાબી મેં, પ' વુસઅત માલુમ,
દશ્તમેં, હૈ મુઝે વહ ઐશ, કિ ઘર યાદ નહીં.

ઘર પણ આમ તો આ રણ જેવું જ વેરાન છે: છતાં રણની વિશાળતામાં મને ઘર યાદ આવતું નથી. ઘરને દીવાલોની મર્યાદા છે – રણને નથી.

કવિ અહીં વ્યથાના વિસ્તારની વાત કરે છે. માણસ પોતાની જ વ્યથામાં રત રહે તો એનો ખટકો રહે છે: પણ આ જગતમાં અંગત વ્યથાથી પર પણ બીજી વ્યથા છે-એ વ્યથાના પારાવારમાં એ જો રમમાણ બને તો પોતાની અંગત વ્યથાનો ખટકો ચાલ્યો જાય. 'ગમે યારાં' (પ્રિયતમાનું દુ:ખ) તથા 'ગમે દોરાં' (જમાનાનું દુ:ખ)ની વાત ઉર્દૂ કવિતામાં વારંવાર આવે છે.

અહેલે બીનિશ કો, હૈ તૂફાને હવાદિસ, મકતબ,
લતમ-એ-મૌજ, કમ અજ સૈલિ-એ-ઉસ્તાદ, નહીં.

કવિ અહીં જુદા જ પ્રકારના રૂપકનો આકાર લે છે. આપણે ત્યાં કહેવત છે- 'ચોટી વાગે ચમચમ વિદ્યા આવે રમઝમ' અને એ જ રીતે આ સંકટોનો જુવાળ આપણા પર ધસી આવે ત્યારે તત્ત્વદર્શકો તો એને નિશાળ જેવો ગણે છે. નિશાળમાં જેમ ગુરુનો માર ખાવાથી આપણી બુદ્ધિ ઊઘડે છે- એમ જીવનની પાઠશાળામાં પણ સંકટો રૂપી તમાચા ઝીલીને જ માણસની શાન ઠેકાણે આવે છે.

સંસાર-સાગરમાં જે સંકટોના મોજાઓ માણસને વાગે છે એ ગુરુજીના તમાચાથી ઓછા ઉપયોગી નથી, માત્ર એ સંકટના મોજાઓ ઝીલ્યા પછી આસહાય આકોશ પ્રગટ કરવાને બદલે એ મોજાંનું તથા આસપાસની દુનિયાનું ભીતર સમજવું જોઈએ.

* * *

આગહી દામે-શુનીદન જિસ કદર ચાહે બિછાય,
મુદ્દઆ અન્કા હૈ અપને આલમે તકરીરકા.

કવિતા બુદ્ધિથી નહીં, હૃદયથી જ ગ્રહી શકાય છે. મસ્તિષ્કમાં ચાલતા અનેક અર્થના જગત સામે હૃદયનું એક સ્પંદન બસ થઈ પડે છે.

કવિ અહીં આ જ વાત કહે છે: જ્ઞાન અને શ્રુતિની જાળ તમે ગમે તેટલી બિછાવો, પણ મારી વાતોની દુનિયાનો જે મર્મ છે એ તો અન્કા પંખી જેવો છે. અન્કા એ કાલ્પનિક પંખી છે. એ જાળમાં પકડાઈ ન શકે. તમે કલ્પનામાં એ પંખીની પ્રતીતિ કરી શકો, પણ એને જાળમાં પકડી ન શકો.

સાચે જ, દુનિયાની શ્રેષ્ઠ કવિતાનું આ અન્કા પંખી જેવું જ છે: એ વિતંડાવાદની જાળમાં પકડાતું નથી, પણ હૃદય દ્વારા એને સમજી શકાય છે.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટે. નં.: ૩૫૭૨૯૬; મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૬: અંક: ૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧૬ જુલાઈ, ૧૯૮૨, શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ : પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

ઈઝરાયલનું આક્રમણ

[ ] ચીમનલાલ ચકુભાઇ શાહ

યહૂદી કોમે બે હજાર વર્ષોથી એટલી બધી યાતનાઓ સહન કરી છે કે તેના પ્રત્યે સહજ સહાનુભૂતિ રહે. આ કોમ બુદ્ધિશાળી, ખડતલ, મહેનતુ અને જ્યાં જાય ત્યાં પોતાનું સ્થાન જમાવે એટલી શકિત ધરાવે છે. દુનિયાના લગભગ બધા દેશોમાં ફેલાયેલ આ કોમ, ભટકતી અને ઘરબાર વિનાની હતી. કંજૂસાઈ માટે પ્રખ્યાત, ધર્મમાં અતિ સ્થિતિચુસ્ત, જીવનના દરેક ક્ષેત્રમાં પ્રભાવશાળી વ્યકિતઓ ધરાવતી આ કોમ, આવા બધા ગુણ છતાં, બીજાનો પ્રેમ સંપાદન કરી શકતી નથી, પણ તેના પ્રત્યે સદા શંકાની નજર રહે એવું તેનું વર્તન હોય છે. યહૂદી કોમને શાપિત જાતિ કહી છે. જ્યાં રહે ત્યાં પોતાનો ચોકો જુદો કરે છતાં સારી લાગવગ ધરાવે. અમેરિકામાં યહૂદીઓનું ઘાણું જોર છે. પહેલા વિશ્વયુદ્ધમાં યહૂદીઓનો સાથ મેળવવા, મિત્ર રાજ્યોએ જાહેર કર્યું કે યહૂદીઓને પોતાનો કહેવાય એવો દેશ સ્થાપવામાં સહાય કરવામાં આવશે, પણ તેવું બન્યું નહિ. હિટલરે યહૂદી કોમને પોતાના વિરોધનું મુખ્ય લક્ષ બનાવ્યું અને દુનિયાના ઈતિહાસમાં અભૂતપૂર્વ એવો હત્યાકાંડ કરી ૬૦ લાખ યહૂદીઓનો વિનાશ કર્યો. યહૂદી કોમની સહનશકિત અદ્‌ભુત છે. છેવટે ૧૯૪૮માં પેલેસ્ટાઈનના ભાગલા કરી, ઈઝરાયલની સ્થાપના થઈ. પણ તેની સ્થાપના થઈ ત્યારથી સંઘર્ષમાં ઘેરાયેલ રહ્યા છે. પેલેસ્ટાઈનના જે ભાગને ઈઝરાયલ બનાવ્યો તેમાંથી લગભગ દસ લાખ આરબો નિર્વાસિત થયા અને હજી નિર્વાસિત છે. ઈઝરાયલને ઘેરી નિર્વાસિત છાવણીઓમાં પડયા છે. આરબ રાજ્યોનો ઈઝરાયલ પ્રત્યે સતત વિરોધ રહ્યો છે. ઈઝરાયલની ભૌગોલિક સીમાઓ બીજા આરબ પ્રદેશો સાથે આડીઅવળી ગૂંથાયેલ છે. ઈઝરાયલના જન્મ પછી ત્રણ યુદ્ધો લડયાં.

ઈઝરાયલની લશ્કરી તાકાત બધા આરબ રાજ્યોથી પણ વધારે છે. અમેરિકાની અને દુનિયાભરના યહૂદી કોમની અઢળક સહાય ઈઝરાલયને છે. ૩૦ લાખની વસતિનો આ નાનો દેશ બધા આરબ રાજ્યોને લંકાવે છે.

કાર્ટરની દરમિયાનગીરીથી ઈઝરાયલે ઈજિપ્ત સાથે સુલેહ કરી. ઈજિપ્તે આરબ રાજ્યોથી જુદા પડી, પોતાની સલામતી અને પોતાના દેશના હિતનો વિચાર કરી, ઈઝરાયલ સાથે જુદી સંધિ કરી.

છેલ્લા યુદ્ધમાં ઈઝરાયલે જોર્ડનની પશ્ચિમનો પેલેસ્ટાઈનનો પ્રદેશ કબ્જે કર્યો અને તે ઉપરાંત ગાઝાપટ્ટી અને થોડા સમય પહેલાં સીરિયાની ગોલન ટેકરીઓનો કબજો કર્યો. પોતાની ભૌગોલિક સલામતીને નામે ઈઝરાયલ આક્રમક રહ્યું છે. ઈઝરાયલે આ રીતે કબ્જે કરેલ પ્રદેશ તે તે રાજ્યોને પાછો સોંપી દેવો જોઈએ એવો વિશ્વમત અને રાષ્ટ્રસંઘના નિર્ણયો છતાં ઈઝરાયલે તે પ્રદેશોનો વિશેષ દઢ કબ્જો કર્યો છે અને યહૂદીઓની વસાહતો વસાવી છે.

પેલેસ્ટાઈનના આરબો મોટી સંખ્યામાં જોર્ડનમાં છે. કેટલાય સિરિયા અને લેબેનોનમાં છે. પેલેસ્ટાઈનના આરબોનો એક વર્ગ-પેલેસ્ટાઈન મુકિત દલ, (લિબરેશન ઓર્ગેનાઈઝેશન) લડાયક છે અને ઈઝરાયલ સાથે વર્ષોથી ગેરીલા યુદ્ધ ખેલે છે. અસંખ્ય હિંસક અથડામણો થઈ છે. તેની માગણી પેલેસ્ટાઈનના સ્વતંત્ર દેશ માટે છે. આ મુકિતદળ ઈઝરાયલનું અસ્તિત્વ સ્વીકારતું નથી અને તેની જાહેર નીતિ ઈઝરાયલનો નાશ કરવાની છે. આવી નીતિ સાથે બીજા આરબ રાજ્યો સંમત નથી, પણ જાહેર રીતે તેઓ ઈઝરાયલના અસ્તિત્વનો સ્વીકાર કરતા નથી. માત્ર ઈજિપ્તે તેનો સ્વીકાર કર્યો છે.

પેલેસ્ટાઈન મુકિતદળ અને તેના ગેરીલાઓની હિંસક પ્રવૃત્તિને કારણે આરબ રાજ્યોનો તેને પૂરો ટેકો નથી. મૌખિક સહાનુભૂતિ દાખવે છે. સાઉદી અરેબિયા જેવા આર્થિક સહાય કરતા હશે, પણ તેને સંઘરવા કોઈ તૈયાર નથી. છેવટે લેબેનોનમાં આ મુકિતદળે સ્થાન મેળવ્યું અને પોતાનું મુખ્ય મથક લેબેનોનમાં સ્થાપ્યું.

લેબેનોનની પણ બૂરી હાલત છે. મુસ્લિમ અને ખ્રિસ્તી એવા બે વિભાગમાં વહેંચાયેલી તેની પ્રજા વચ્ચે પાંચ વર્ષથી આંતરવિગ્રહ ચાલે છે. ખ્રિસ્તી પ્રજાને ઈઝરાયલનો ટેકો છે. મુસ્લિમ વિભાગને સીરિયાનો ટેકો છે.

પેલેસ્ટાઈલ મુકિતદળ લેબેનોનમાંથી ઈઝરાયલ વિરોધી પોતાની પ્રવૃત્તિ અને છૂટાછવાયા હુમલાઓ કરે છે. ઈઝરાયલ અને લેબેનોનની સરહદ ઉપર સતત આક્રમણના બનાવો બનતા રહે છે.

ઈઝરાયલના વર્તમાન વડા પ્રધાન અત્યંત ધર્મઝનૂની વ્યકિત છે. તેના સંરક્ષણપ્રધાન સાહસિક, મરણિયા આક્રમક છે. અંતે છ અઠવાડિયાં પહેલાં ઈઝરાયલે લેબેનોન ઉપર મોટા પાયે લશ્કરી, હવાઈદળ અને નૌકાદળનું આક્રમણ કર્યું. શરૂઆતમાં ઈઝરાયલે એમ જાહેર કર્યું હતું કે આ આક્રમણનો ઉદ્દેશ માત્ર તેની ઉત્તરની સરહદની સલામતી પૂરતો જ છે અને તેથી લેબેનોનનો ૨૫ માઈલનો વિસ્તાર જ કબ્જે કરી, સલામતી મેળવવી છે. પણ એમ લાગે છે કે આ જાહેરાત ઈરાદાપૂર્વક જુઠ્ઠી હતી અને આક્રમણ ઘાણું આગળ વધી છેવટ બૈરુત સુધી લઈ ગયા અને બૈરુતને ઘેરી લીધું. બૈરુતમાં પેલેસ્ટાઈન મુકિતદળના ૮૦૦૦ ગેરીલાઓ અને તેના નેતા અરાફતને ચારેતરફથી ઘેર્યા. થોડા સમયમાં એ સ્પષ્ટ થયું કે મુકિત દળનો સંપૂર્ણ વિનાશ કરવાનો આ આક્રમણનો હેતુ છે. મુકિત-દળનો વિનાશ કરવા જતાં લેબેનોનની પ્રજાના હજારો માણસોની હત્યા થઈ અને લેબેનોનની ખુવારી થઈ અને હજી થાય છે.

આ આક્રમણનો કોઈ પણ રીતે બચાવ થઈ શકે નહિ. ઈઝરાયલે કરેલ અત્યાચારો ભયંકર અને અમાનુષી છે. લેબેનોનમાં રહી પેલે-

સ્ટાઈન મુક્તિદળ ઈઝરાયલ ઉપર હુમલા કરે છે તે કારણે લેબેનોનનો વિનાશ કરવાનો કોઈ અધિકાર ઈઝરાયલને નથી.

લેબેનોનનો ૨૫ માઈલનો વિસ્તાર સલામત કરવા સુધી આ આક્રમણ ક્ષમ્ય ગણાય પણ તેને અતિક્રમી આક્રમણ આગળ વધ્યું એનો કોઈ પણ બચાવ થઈ શકે નહિ. રાષ્ટ્રસંઘના ઠરાવોને અને વિશ્વમતને ઠુકરાવી, ઈઝરાયલ પાશવી બળ ઉપર આધાર રાખી પોતાની સલામતી શોધે છે તેમાં તેના જ વિનાશના બીજ રોપે છે. ખુદ ઈઝરાયલની પ્રજામાં આવાં આક્રમણનો વિરોધ છે. ઈઝરાયલના અપરાધને માત્ર અમેરિકા જ રોકી શકે તેમ છે પણ એમેરિકાની વિદેશનીતિ ઉપર ત્યાંના યહૂદીઓનો ભરડો છે અને પ્રેસિડન્ટ રેગનની અવળી નીતિ આ યુદ્ધિને પોષક બની છે.

આરબ રાજ્યોમાં એકતાનો અભાવ છે અને ભયભીત છે. મુક્તિદળના ૮૦૦૦ ગેરીલાઓ અને તેના આગેવાન અરાફતને ક્યાંય જવા સ્થાન નથી. કોઈ તેમને આશ્રય આપવા તૈયાર ન આ બધા આરબો પેલેસ્ટાઈન જાય તેમાં ઈઝરાયલને જ ખતરો છે.

યહૂદી કોમે ઘણું સહન કર્યું છે, પણ પોતાના ઈતિહાસને ભૂલી જઈ, પડોશીઓ સાથે શાંતિથી રહેવાની ભાવના કેળવી નથી. લશ્કરી તાકાત ઉપર મુસ્તાક રહેવામાં તેના વડા પ્રધાન માને છે, પણ તેમાં ઈઝરાયલનું નૈતિક પતન તો છે જ પણ સલામતી પણ નથી. આ પાપનાં ફળ ભોગવવાં જ પડશે. આ પાપમાં અમેરિકા ભાગીદાર છે. આ પ્રશ્નનો ઉકેલ સહેલો નથી પણ ઈઝરાયલે લીધેલ માર્ગે તેનો ઉકેલ નથી જ. બે હજાર વર્ષ પૂર્વેનો ઈતિહાસ યાદ કરી, સમસ્ત પેલેસ્ટાઈનને પોતાનું બનાવવા પ્રયત્ન કરવો તેમાં સદીઓથી પેલેસ્ટાઈનમાં વસેલ લાખો આરબોને અન્યાય છે. પેલેસ્ટાઈન મુક્તિદળને વેરવિખેર કરવામાં ઈઝરાયલ સફળ થાય તો પણ શાન્તિથી રહી શકશે નહિ. યહૂદીઓ પોતે આ હકીકત સમજી ગયા છે. હવે ઈઝરાયલમાં યહૂદીઓની ભરતી લગભગ બંધ થઈ છે. બલ્કે કેટલાય યહૂદીઓ ઈઝરાયલ છોડી જાય છે. આરબોની સંખ્યા પેલેસ્ટાઈનમાં ઈઝરાયલના ભાગ તરીકે વધે તેમાં ઈઝરાયલનું યહૂદીપણું જ મટી જશે. લાખો આરબોને ગુલામ તરીકે રાખી નહિ શકે. યહૂદીઓ લઘુમતીમાં થાય એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવી ઈઝરાયલનાં હિતમાં નથી. પણ તેના વડા પ્રધાન બેગીન અને તેના સંરક્ષણપ્રધાન અત્યંત ઝનૂની છે તેથી અત્યારે વિજય મેળવશે તો પણ ઈઝરાયલ કાયમ માટે શાન્તિ ગુમાવશે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત અને ખંભાતનિવાસી સ્વ. મહાસુખભાઇ પ્રેરિત "પ્રેમળ જ્યોતિ"

"પ્રેમળ જ્યોતિ"દ્વારા અત્યાર સુધીમાં બે અંધ વ્યક્તિઓનો સામાજિક તેમ જ આર્થિક દૃષ્ટિએ પુનર્વસવાટ કરવાના આશયથી-એક ઘાટકોપર અને બીજો દાદર એમ બે સ્ટોલો કરી આપવામાં આવ્યા છે. તા. ૧૧-૭-'૮૨ રવિવારના રોજ ઘાટકોપર વેસ્ટમાં, આવેલા મહાત્મા ગાંધી રોડ બેંક ઓફ બરોડાની બાજુમાં એક બહેરી-મૂગી બહેન-અરુણાબહેન પટેલનો તેમના સામાજિક-આર્થિક પુનર્વાસ માટે ઘાટકોપરના સેવાભાવી કોર્પોરેટર અને મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય શ્રી હરિલાલ ગુલાબચંદ શાહના પ્રમુખસ્થાને એક વધારાના એટલે કે ત્રીજા સ્ટોલનું મંગલ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ઉદ્‌ઘાટક તરીકે જાણીતા શાહસોદાગર શ્રી વસનજી લખમશી શાહ હતા.

આ પ્રસંગે સારી એવી હાજરી હતી. આ સ્ટોલના ખર્ચ પેટે શ્રી ચંપાબહેન લક્ષ્મીચંદ વોરાના પરિવાર દ્વારા રૂ. ૩૫૦૦ની રકમ ભેટ મળી છે તે માટે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

ઉદ્‌ઘાટન વખતે વર્ષાના અમીછાંટણા પડયા હતા. તેને આશીર્વાદરૂપે લેખાવીએ. પ્રથમ પ્રેમળ જ્યોતિના કન્વીનર શ્રીમતી નીરુબહેને તેમના મધુરકંઠે પ્રાર્થના ગાઈ હતી.

ઘાટકોપરના વોર્ડ ઓફિસર શ્રી બાપટસાહેબે ઘાટકોપરમાં આવો સ્ટોલ કરવા માટે પોતાની ખુશી વ્યક્ત કરી હતી અને સૌને પ્રેમપૂર્વક આવકાર આપ્યો હતો.

સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે પ્રેમળ જ્યોતિના કન્વીનરો શ્રીમતી નીરુબહેન શાહ તથા શ્રીમતી કમલબહેન પીસપાટીના આત્મીયતાસભર કામની પ્રસંશા કરતાં જણાવ્યું કે કોઈ પણ પ્રવૃત્તિને સારા કાર્યકરો ન મળે તો તેનો વિકાસ થતો નથી. આપણું પરમ સદ્‌ભાગ્ય છે કે અમોને આવા નિષ્ઠાવાળા કાર્યકરો મળ્યા છે. તેમ જ જેમની અનેકવિધ ક્ષેત્રે સેવાઓ મહેંકી રહી છે એવા શ્રી વસનજીભાઈ અમને ઉદ્‌ઘાટક તરીકે મળ્યા તેને પણ અમે અમારું સદ્‌ભાગ્ય ગણીએ છીએ. અને તેમનો આભાર માન્યો હતો. અતિથિવિશેષ શ્રી ચંદ્રકાન્ત દામજી શાહ તેમના અન્ય રોકાણને કારણે આવી ન શકયા તે કારણે દિલગીરી દર્શાવતા અને આયોજનને સફળતા ઈચ્છતો આવેલો તેમનો પત્ર વાંચી સંભળાવવામાં આવ્યો હતો.

ત્યાર બાદ ઉદ્‌ઘાટક શ્રી વસનજીભાઈએ બોલતાં જણાવ્યું કે નીરુબહેનની ઝોળી હમેશાં છલકાતી જ રહી છે. આવા કાર્યકરો હોય ત્યાં નાણાંની મુશ્કેલી કયારેય પડતી નથી. આજે "પ્રેમળ જ્યોતિ"માં એક જ્યોતનો ઉમેરો થાય છે. આ સ્ટોલ જેઓ ચલાવવાનાં છે તે અરુણાબહેનની પ્રગતિ થાય એવી ઈશ્વરને પ્રાર્થના.

શ્રીમતી કમલબહેન પીસપાટીએ બોલતાં જણાવ્યું કે અરુણાબહેનને યોગ્ય જીવનસાથી મળી રહે તે માટે મેરેજ બ્યુરો મારફતે મારા પ્રયત્નો ચાલુ છે અને તેમાં સફળ થવામાં ઈશ્વરનો સહારો મળી રહેશે એવી મારી શ્રદ્ધા છે.

ઘાટકોપરના અગ્રગણ્ય નાગરિક શ્રી ઉપેન્દ્રભાઈ પારેખે કહ્યું કે આ તો ખરેખર કરુણાનું કામ છે. અમુક ઓછી ઈન્દ્રિય ધરાવતી વ્યકિતઓને મદદ કરવી તે આપણા જેવા બધી જ ઈન્દ્રિયો ધરાવતા માણસોની ફરજ બની રહે છે. અમારા ઘાટકોપરના આંગણે આપે પધારીને આવી શુભ પ્રવૃત્તિ શરૂ કરી તે માટે અમો આપ સૌના ઋણી છીએ અને આવી પ્રવૃત્તિમાં ઘાટકોપરની પ્રજાનો હમેશાં સહકાર મળી રહેશે એવી ખાતરી આપવાની આ તકે હું રજા લઉં છું, એમ કહીને તેમણે કાર્યકરોને ધન્યવાદ આપ્યા હતા. ઘાટકોપરના ડૉકટરશ્રી એલ. એમ. શાહે જણાવ્યું કે આવા અન્ય સ્ટોલો પણ અહીં ઊભા કરવા મારી વિનંતી છે અને તેમાં અમારો સાથસહકાર મળી રહેશે તેની હું ખાતરી આપું છું. ઘાટકોપરના બીજા એક અગ્રગણ્ય નાગરિક શ્રી ગીરધરભાઈએ પણ ડૉકટરની વાતમાં સૂર પુરાવીને તેને સમર્થન આપ્યું હતું.

સમારંભના પ્રમુખ અને ઘાટકોપરના મ્યુ. કોર્પોરેટર શ્રી હરિભાઈ ગુલાબચંદ શાહે બોલતાં જણાવ્યું કે આ ઘણી જ સુંદર પ્રવૃત્તિ છે, આને જેટલો સહકાર આપીએ એટલો ઓછો છે. યુવક સંઘે હવે તેમની પ્રવૃત્તિ ઘાટકોપરમાં પણ શરૂ કરી છે એમ હું સમજું છું. ભારતની સમગ્ર વસ્તીનો એક ટકો-લોકો વિકલાંગ છે. તેમને પગભર કરવાની પ્રવૃત્તિ કરવી તે દરેક નાગરિકની પવિત્ર ફરજ બની રહે છે. ઘાટકોપરમાં આવા વધારે સ્ટોલો ઊભા થાય તે માટેના મારા પ્રયત્નો ચાલુ રહેશે. કોઈ પણ સંસ્થામાં વ્યવસ્થાપકોના અભાવે પ્રવૃત્તિ ઢીલી પડતી હોય છે, જ્યારે યુવક સંઘને ઉત્તમ કોટીના સારા કાર્યકરો મળ્યા છે એ કારણે તેની પ્રવૃત્તિ ફૂલીફાલી રહી છે અને શોભી રહી છે. આને માટે કાર્યકરોને ધન્યવાદ આપું છું અને સહકાર માટે આભારની લાગણી વ્યક્ત કરું છું.

ત્યારબાદ શ્રી વસનજીભાઈના શુભ હસ્તે સ્ટોલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. છેલ્લે ફૂલહારવિધિ કરવામાં આવી હતી અને સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી ગુણપતભાઈ ઝવેરીએ આભારવિધિ કરતાં જણાવ્યું કે કોઈએ લખ્યું છે કે, "પ્રાર્થનામાં રોકાયેલા બે હાથ કરતાં દાનમાં રોકાયેલો એક હાથ વધુ શ્રેયસ્કર છે" અને આ પ્રવૃત્તિ અંગે સહકાર આપનાર સૌ કોઈનો તેમણે આભાર માન્યો હતો.

સ્ટોલમાંથી સૌએ વસ્તુઓની ખરીદી કરી હતી અને ઠંડુ પીણું લઈ આનંદસભર વાતાવરણમાં સૌ વિખરાયા હતા.

મહેમાનો માટે ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

સંકલન : શાન્તિલાલ વી. શેઠ.

ભગવાન મહાવીરની અનેકાન્ત-દૃષ્ટિ

☐ ડૉ. નિજામઉદ્દીન ☐ અનુ. : ગુલાબ દેઢિયા

ભગવાન મહાવીર સ્વામીએ એમની પ્રથમ દેશનામાં કહ્યું– ઉપ્પણ્ણેઈ વા વિણસ્સેઈ વા ધુવેઈ એટલે કે દરેક વસ્તુમાં ત્રણ ગુણ હોય છે: ઉત્પત્તિ, વ્યય અને ધ્રૌવ્ય. ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ વસ્તુનાં ત્રણ લક્ષણ છે. મહાવીર સ્વામીનું આ વસ્તુ-સ્વરૂપ જૈન આગમોમાં સ્પષ્ટ અને વિશદ્ રૂપથી રજૂ થયેલું છે. એમણે સંસારને સ્વયમેવ (પોતાની મેળે) નિર્માણ થયેલું માની એની રચનામાં છ મુખ્ય દ્રવ્યોની વાત કરી છે – જીવ, અજીવ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. આમાં જીવ સિવાયના બીજાં બધાં દ્રવ્ય અજીવ અથવા જડ છે. ઈશ્વરને એમણે સંસારનો કર્તા નથી માન્યો. અહીં મનુષ્ય કર્તવ્યપરાયણ અને સ્વાવલંબી બની જાતે ઈશ્વર બની શકે છે. એમનો કર્મવાદનો સિદ્ધાંત વ્યકિતના કર્તૃત્વ (કાર્યો) માટે શ્રદ્ધા જગાડે છે, તે પોતે જ પોતાનાં કર્મોનો કર્તા અને ભાગ્યનો નિર્માતા છે. સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર્ય વડે વ્યકિત મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ: (તત્ત્વાર્થ સૂત્ર ૧,૧). એને 'રત્નત્રયી' કહે છે. બીજા શબ્દોમાં ભકિત, જ્ઞાન અને કર્મ પણ કહી શકાય છે.

મહાવીર સ્વામીએ વસ્તુમાં અનેક ગુણ-પર્યાયો જોયા છે. વસ્તુના સમ્યક્ જ્ઞાન માટે અનેકાન્ત દૃષ્ટિ જરૂરી છે. એક વખતે અથવા એક સાથે વસ્તુના બધા ગુણો અને એના બધા પર્યાયોનું વર્ણન થઈ શકતું નથી. વસ્તુના કોઈ એક અંશ કે એક રૂપને પૂર્ણ ન માની શકાય. જે કોઈ પોતાના મતને જ પૂર્ણ કે સાચો માની લે છે તે મતાગ્રહી છે અને મતાગ્રહ સંઘર્ષ ઉત્પન્ન કરે છે. અનેકાન્ત દૃષ્ટિ બધા પ્રકારના સંઘર્ષો અને દ્વંદ્વોનો વિનાશ કરનાર છે. મધ્યસ્થભાવ, સમતા અથવા સર્વધર્મ સમભાવ અનેકાન્તવાદ છે.

વિનોબાજી કહે છે કે ભગવાન બુદ્ધે મધ્યમ માર્ગનો નિર્દેશ કર્યો. અને ભગવાન મહાવીરે અનેકાન્તનો નિર્દેશ કર્યો. અનેકાન્ત એટલે અંતરની ઉદારતા. 'આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાન્ત' એ જ જૈન ધર્મ અને જૈનદર્શનનો સાર છે. આજે આપણે જોઈએ છીએ કે, ચારે બાજુએ અશાન્તિ, હિંસા અને લૂંટફાટ છે. સંસાર અણુયુદ્ધની તરફ-સર્વનાશની તરફ આગળ વધી રહ્યો છે. લોકોના વિચારોમાં, મતોમાં, દૃષ્ટિકોણોમાં અંતર છે, તેથી સંઘર્ષ છે. હિંસા અને અત્યાચાર છે. આવા અશાન્ત અને સંઘર્ષમય સંસારને શાંતિ તરફ લઈ જવામાં મહાવીર સ્વામીનો અનેકાન્તવાદ બહુ સહાયક બની શકે છે. આ અજ્ઞાનજન્ય મતાગ્રહના અંધકારને ચીરી નાખી સાપેક્ષભાવ અથવા સમાનતાના વિચાર પ્રકાશ આપી શકે છે. આપણને નવું જ્ઞાન અને નવી દૃષ્ટિ પ્રદાન કરી શકે છે.

'અનેકાન્તવાદ'માં ત્રણ શબ્દ છે; અનેક, અંત અને વાદ. અનેક= ઘણા બધા; અંત=ગુણ, ધર્મ; વાદ=અભિવ્યકિત, વર્ણન; એટલે કે વસ્તુના અનેક ગુણધર્મોનું વર્ણન. સત્ય અનેકધર્મી હોય છે; વસ્તુમાં અનેક ગુણ હોય છે. 'અનન્તધર્માત્મકમ્ વસ્તુ' વસ્તુતત્ત્વ અનેક ધર્માત્મક કે ગુણાત્મક છે. વસ્તુના સ્વભાવ ગુણને 'ધર્મ' કહેવામાં આવ્યું છે- 'ધમ્મો વત્થુ સહાવો.' પ્રત્યેક વસ્તુમાં ઘણા બધા ગુણધર્મ હોય છે, દરેક વસ્તુ, ગુણોનો આકર (ખાણ) છે.

મહાવીર સ્વામીના આ સિદ્ધાંતને અનેક દૃષ્ટાંતો દ્વારા સમજી શકાય છે. 'હાથી અને આંધળા માણસો'ની વાત જાણીતી છે. એક વખત પાંચ આંધળા માણસો હાથી જોવા ગયા. એક જણે હાથીની સૂંઢને પકડી. તેને હાથી અજગર જેવો લાગ્યો. બીજાએ પગને સ્પર્શ કર્યો. તેને હાથી થાંભલા જેવો લાગ્યો. ત્રીજા આંધળાએ હાથીના કાનને સ્પર્શ કર્યો. તેને હાથી સૂપડા જેવો લાગ્યો. ચોથાએ પૂંછડી પકડતાં તેને દોરડા જેવો લાગ્યો. પાંચમાએ પેટ પર હાથ ફેરવતાં તેને હાથી દીવાલ જેવો લાગ્યો; પરંતુ એક દેખતો માણસ આ આંધળાઓની વાતો અને વ્યવહારને જોઈ-સાંભળી રહ્યો હતો. તે બોલ્યો, 'તમે બધા જ હાથીના એક એક અંગને પકડી તેને જ હાથી સમજી રહ્યા છો. હાથી તો એ બધાથી બન્યો છે.'

એવી રીતે બીજા એક ઉદાહરણ દ્વારા આ વાત સમજાવી શકાય.

કરમચંદ એક વ્યકિત છે, તે કોઈનો પિતા, કોઈનો દીકરો, કોઈનો પતિ, કોઈનો દાદા તો કોઈનો કાકા છે. આ રીતે એક કરમચંદનાં ઘણાં રૂપ છે. આ બધા વિરોધી દેખાતા હોવા છતાં સાચા છે.

એવી રીતે જે અગ્નિ બધું બાળી નાખે છે, તે જ અગ્નિ ગરમી પણ આપે છે, પ્રકાશ પણ આપે છે અને એના વડે રસોઈ પણ થઈ શકે છે.

દરેક વસ્તુ અનન્ત ધર્માત્મક છે. એના ધર્મો, ગુણો અને સ્વરૂપને વ્યકત કરવા માટે વ્યાપક અને ઉદાર દૃષ્ટિની જરૂર છે. વસ્તુના આ અનન્ત ગુણ સાપેક્ષ ભાવે હાજર હોય છે. અહીં વિરોધ શમી જાય છે. મહાવીર સ્વામીએ પોતાના અનેકાન્તવાદને બાળપણમાં સાબિત કરી દીધો હતો. જ્યારે એમના મિત્રો એમને બોલાવવા ઘરે આવ્યા ત્યારે માતાએ કહ્યું કે વર્ધમાન ઉપર છે, મિત્રોએ ઉપર જઈને પિતાને પૂછ્યું તો તેમણે કહ્યું કે વર્ધમાન નીચે છે. જ્યારે મિત્રોને વર્ધમાન ઉપર નીચે ન દેખાયા ત્યારે ફરી વર્ધમાને વચલે માળેથી આવીને કહ્યું કે માતા-પિતા બન્નેનું કહેવું સાચું છે. હું બન્નેની દૃષ્ટિએ–સાપેક્ષ દૃષ્ટિએ-ઉપર-નીચે હતો.

મહાવીર સ્વામીનો અનેકાન્તવાદ વિચારોમાં વિરોધ નહીં, સમતા પ્રકટ કરે છે. આ સિદ્ધાંતને સ્યાદ્વાદની ભાષામાં વ્યકત કરવામાં આવે છે. જો એ ભાષા-શૈલીને અપનાવવામાં ન આવે તો વસ્તુનું સ્વરૂપ-નિરૂપણ એકાન્તિક-આગ્રહયુકત થઈ જશે. જ્યારે વસ્તુના કોઈ એક પક્ષ અથવા સ્વરૂપનું પ્રતિપાદન કરવામાં આવે ત્યારે તે સ્વરૂપને નજર સામે રાખવું જોઈએ. એક સ્ત્રી દહીં વલોવે છે, બન્ને હાથમાં પકડેલી દોરીને વારાફરતી આગળ પાછળ ખેંચીને તે વલોવવાનું ચાલુ રાખે છે. એક હાથની દોરીને ખેંચતા બીજા હાથની દોરીને તે ઢીલી છોડે છે. આ સાપેક્ષતા છે.

ઘણીવાર સ્યાદ્વાદને સંશય અને અનિશ્ચિતની નજરે ભૂલથી જોવામાં આવે છે. ખરેખર તો અનેકાન્ત દૃષ્ટિ બધા પ્રકારના વિરોધોને નાબૂદ કરી સમદૃષ્ટિનું પ્રતિપાદન કરે છે.

જૈન દર્શન અનુસાર સત્યની અભિવ્યકિતને નિરપેક્ષ ન માની સાપેક્ષ માનવામાં આવી છે. સત્ય તે વખતે અસત્ય બને છે જ્યારે આપણે, જેના વડે કહેવામાં આવ્યું છે તેને ભૂલી જઈએ છીએ. આધુનિક વિજ્ઞાન અનેકાન્ત દર્શનને સ્વીકારે છે. આજે કોઈ વૈજ્ઞાનિક એવો દાવો નથી કરતો કે એણે વસ્તુતત્ત્વનું પૂર્ણ જ્ઞાન થઈ ગયું છે, અથવા એણે સૃષ્ટિના બધા રહસ્યોની જાણકારી મેળવી લીધી છે. આલ્બર્ટ આઈન્સ્ટીનએ અનેકાન્ત વાદનો એમ કહીને સ્વીકાર કર્યો હતો કે આપણે માત્ર સાપેક્ષિક સત્ય (રિલેટીવ ટ્રુથ)ને જાણી શકીએ છીએ, નિરપેક્ષ સત્ય (એબ્સોલ્યૂટ ટ્રુથ) કોઈ વિરલ પૂર્ણ દ્રષ્ટા, પૂર્ણ જ્ઞાની જ જાણી શકે છે. એટલે કે આપણી જાણકારી સાપેક્ષિત સત્ય સુધી મર્યાદિત હોય છે. અનેકાન્ત વિચાર દૃષ્ટિથી પરસ્પર વિરોધી દેખાતા બે સાપેક્ષ સત્ય અપેક્ષાભેદે સત્ય હશે. અહીં બધા વિચારભેદ અને મતમતાંતર નષ્ટ પામે છે.

આધુનિક સંદર્ભમાં મહાવીર સ્વામીની દૃષ્ટિ મહત્ત્વપૂર્ણ અને ઉપયોગી છે. આજના સંઘર્ષ અને વિવાદના તાંડવને રોકવા અનેકા-

ન્તને શરણે જવું પડશે; મહાવીર સ્વામીની આ ક્રિયારકાન્તિને સમજીને તેને વ્યાવહારિક રૂપ આપવું પડશે. એમણે સમતા ધર્મની વાત કરી. જાતિ, કુળ અને સંપત્તિનું અભિમાન વિષમતાના કાંટા પેદા કરે છે. ગર્વિષ્ઠ મનુષ્ય બીજાને તણખલા જેવા ગણે છે. જે બીજાનો તિરસ્કાર કરે છે તે વિષમતાના સંસારમાં ભમ્યા કરે છે. 'જો પરિભવઈ પરં જણં, સંસારે પરિવત્તઈ મહં' (સૂત્રકૃતાંગ). એ જ ગ્રંથમાં આગળ કહ્યું છે–

જે માહણે ખત્તિય જાયએ વા, તહુગ્ગપુત્તે તહ લેચ્છઈ વા,
જે પવ્વઈએ પરદત્તભોઈ, ગોત્તેણ જે થબ્ભઈ માણબદ્ધે,

અર્થાત્ તમે બ્રાહ્મણ, ક્ષત્રિય, ઉગ્રપુત્ર કે લિચ્છવિ ચાહે ગમે તે જાતિ-કુળમાં જન્મ્યા હો પણ હવે સમતાના શાસનમાં પ્રવ્રજિત (દીક્ષિત) થઈ, અહિંસક થવાને કારણે પરદત્તભોજી (બીજાનું આપેલું ખાનાર) છો, પછી જાતિ-કુળનું આ અભિમાન કેવું? મહાવીર સ્વામીની અનેકાન્ત-દૃષ્ટિ જાતિ-કુળના મદને દૂર કરી સમતાની ભાવના, જાતીય એકતા, ધાર્મિક સહિષ્ણુતા અને સર્વધર્મ સમભાવની સરિતા વહેતી કરી સર્વજનનું કલ્યાણ કરનાર છે. સામાજિક, ધાર્મિક, આર્થિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બધા પ્રકારના ભેદભાવને, વિષમતાને, સંઘર્ષને દૂર કરવાનો ઉપાય અનેકાન્ત દૃષ્ટિમાં શોધી શકાય છે. અહીં સમન્વયવાદના દ્વાર ખૂલે છે, આપણે આપણા દૃષ્ટિકોણની સાથે બીજાના દૃષ્ટિકોણને પણ ઉદારભાવે સમજી શકીએ છીએ. બધા સંઘર્ષો અને યુદ્ધોના મૂળમાં દુરાગ્રહ, પોતાના દૃષ્ટિકોણને શ્રેષ્ઠ સમજી બીજાના દૃષ્ટિકોણને તુચ્છ સમજી અનાદર કરવાની વૃત્તિ કામ કરતી હોય છે. આજે દુરાગ્રહી અને એકાંગી ન બનતાં વિચારોમાં નિષ્પક્ષપાતી અને ઉદાર બનવાની જરૂર છે.

વ્યાવહારિક રૂપમાં અનેકાન્તનો સિદ્ધાંત વિશ્વશાંતિ માટે ત્રણ પ્રકારે સહાય કરી શકે છે.

(૧) વૈચારિક સંઘર્ષોનું નિરાકરણ
(૨) વૈચારિક સમન્વય-સત્ય-વિષે વ્યાપક દૃષ્ટિકોણ
(૩) વૈચારિક ઉદારતા.

મનુષ્ય સ્વભાવે અહમ્‌વાદી છે, તે પોતાના વ્યક્તિત્વ અને પોતાના વિચારોને જરા પણ ઠેસ પહોંચવા નથી દેતો, એમને ઠેસ લાગતાં તરત તે પોતાનો અલગ અખાડો કે સંપ્રદાય બનાવી લે છે. ઈર્ષ્યા-દ્વેષ, કીર્તિની લાલસા, મતાગ્રહ, વિચારભેદ, અપમાન વગેરેનાં કારણે સંપ્રદાય રચાતા રહે છે. સામાજિક સ્તર પરમ, કૌટુંબિક સ્તર પર અનેક ઘર્ષણોના મૂળમાં વિચારોનો સંઘર્ષ રહેલો હોય છે.

આર્થિક ક્ષેત્રમાં જેમ અપરિગ્રહ એક મહાન સિદ્ધાંત બની શકે છે તેમ અનેકાન્ત માનવ એકતાનો મહાન સિદ્ધાંત બની શકે છે. મહાકવિ દિનકરજીએ 'સંસ્કૃતિ અને ચાર અધ્યાય'માં લખ્યું છે– 'એમાં કોઈ સંદેહ નથી કે અનેકાન્તનું અનુસંધાન ભારતની અહિંસા સાધનાનું ચરમ ઉત્કર્ષ છે અને આખું જગત જેટલું જલદી એને અપનાવશે, વિશ્વમાં શાંતિ એટલી જલદી સ્થપાશે.' બધાને સમાન રૂપથી જીવવાનો અધિકાર છે, આ સહ-અસ્તિત્વનો સિદ્ધાંત છે. મહાવીર સ્વામીએ સ્પષ્ટ કહ્યું છે– જેને તમે શત્રુ સમજો છો તેને પણ સહન કરો અને જેને તમે મિત્ર સમજો છો તેને પણ સહન કરો. 'હું બધા જીવોને સહન કરું છું, તેઓ બધા મને સહન કરે. સૌ તરફ મારો મૈત્રીભાવ છે, કોઈ તરફ વૈરભાવ નથી.'

મહાવીર સ્વામીની અનેકાન્ત દૃષ્ટિ પ્રાસંગિક છે, વ્યાવહારિક છે, ઉપયોગી અને લાભદાયક છે. વિભિન્ન ધર્મો અને સંપ્રદાયોની ઉપસ્થિતિ અટલ અને જરૂરી છે, પરંતુ એમના પરસ્પરના દ્વેષ-ભાવને દૂર કરવો જોઈએ. ઉપાધ્યાય યશોવિજયજીએ કહ્યું છે, 'સાચો અનેકાન્તવાદી કોઈ પણ દર્શનનો દ્વેષ નહીં કરે, તે સંપૂર્ણ દૃષ્ટિ-કોણથી, વાત્સલ્ય દૃષ્ટિએ એવી રીતે જુએ છે જે કોઈ પિતા પોતાના પુત્રને જોતો હોય. વાસ્તવમાં મધ્યસ્થભાવ શાસ્ત્રોનું ગૂઢ રહસ્ય છે, તે જ ધર્મવાદ છે. મધ્યસ્થભાવના રહેવાથી શાસ્ત્રના એક પદનું જ્ઞાન પણ સફળ છે, અન્યથા હજારો શાસ્ત્રોનું જ્ઞાન ફોગટ છે.'

('તીર્થંકર'માંથી સાભાર)

ભોજનવિધિ

☐ વાચક ઋષભદાસજી

[વાચક ઋષભદાસ સત્તરમા સૈકામાં થઈ ગયેલા એક સમર્થ કવિ છે. તેઓ ખંભાતના વતની, બાર વ્રતધારી શ્રાવક હતા. એમણે ઘણા રાસ લખ્યા છે. એમાં 'હિતશિક્ષા રાસ' નામના રાસમાં ગૃહસ્થજીવન વિશે ઘણી ઉપયોગી સલાહ વિવિધ વિષય પરત્વે આપી છે. એમાંથી નમૂનારૂપે અહીં ભોજનવિધિ વિશે આપવામાં આવે છે. ધાર્મિક, નૈતિક, આચાર, સંસ્કાર, આરોગ્ય, વિજ્ઞાન વગેરે વિવિધ દૃષ્ટિએ આપેલા નિયમો કેવા કેવા છે તેનો ખ્યાલ આ વાંચવાથી આવશે.]

૧. દરેક મનુષ્યે જમવાને વખતે જે કોઈ ભિક્ષુક વગેરે આવેલ હોય તેને આપીને પછી જ જમવું.

૨. હૃદયમાં વિવેક ધારણ કરવો. ઘરમાં રહેલા સર્વ જીવોની ખબર લીધા પછી જ ઉત્તમ પુરુષે જમવું.

૩. જમવાના પ્રારંભમાં દેવગુરુ વગેરે તથા પોતાના સ્વામીને નમસ્કાર કરીને પછી જમવું. તેઓ ભૂખ્યા હોય ત્યાં સુધી પોતે ન જમવું.

૪. વળી માતા, પિતા, બાળક, સગર્ભા સ્ત્રી તેને જમાડીને જમવું; તેઓ ભૂખ્યાં હોય ત્યાં સુધી ગુણી–પુરુષે ન જમવું.

૫. રોગી, સજ્જન, વૃદ્ધ અને બાળક ભૂખ્યાં હોય ત્યાં સુધી કૃપાળુ મનુષ્યે ન જમવું.

૬. ઘરનાં દાસદાસી–નોકરચાકર તથા જાનવર એ સર્વની ચિંતા કર્યા પછી–સર્વની ખબર લીધા પછી જ જમવું.

૭. જે માણસ ભૂખ લાગે ત્યારે જ જમે છે તેને શારીરિક દુઃખ પ્રાપ્ત થતું નથી. દિવસના પહેલા પહોરમાં જમવું નહીં અને બીજો પહોર વ્યતિત થવા દેવો નહીં. પહેલા પહોરમાં જે જમે તેને અગ્નિ મંદ હોવાથી રસવૃદ્ધિ થાય. બીજો પહોર વ્યતિત કરીને જમે તેના બળનો ક્ષય થાય.

૮. તૃષા લાગી હોય ને જમે તો ગોળો ચડે. ટાઢું અનાજ જમે તો વાયુ થાય.

૯. લઘુશંકા થઈ હોય ને તે ટાળ્યા સિવાય પાણી પીવે તો તેને ભગંદરનો વ્યાધિ થાય.

૧૦. અજીર્ણ થયા છતાં જમે તેને અન્ન વિષપણે પરિણમે.

૧૧. પરોઢીએ, સંધ્યાકાળે અથવા રાત્રે જમે તે બાળક અથવા મૂર્ખ કહેવાય.

૧૨. ઉત્તમ પુરુષે હાથમાં અન્ન લઈને ખાવું નહીં, પાત્રમાં લઈને ખાવું.

૧૩. ડાબા પગ ઉપર હાથ રાખીને ખાવું નહીં.

૧૪. તડકે, અગાસીમાં, અંધારામાં અને ઝાડ નીચે બેસીને ખાવું નહીં.

૧૫. જમવામાં હાથની તર્જની આંગળી ટાળવી નહિ.

૧૬. મોઢું ને હાથ–પગ ધોઈને પછી જમવું.

૧૭. નાગા ન જમવું તથા મેલું વસ્ત્ર પહેરીને ન જમવું, કેમ કે નગ્ન જમનારના ને મેલાં વસ્ત્રો પહેરીને જમનારના ઘરમાં લક્ષ્મીનો વાસો રહેતો નથી.

૧૮. થાળી હાથમાં લઈને ખાવું નહીં.

૧૯. ભીનું વસ્ત્ર માથા પર બાંધીને ખાવું નહીં. એક વસ્ત્રે આહાર ન કરવો, અર્થાત્ બીજું વસ્ત્ર ઓઢીને ભોજન કરવું.

૨૦. અપવિત્ર શરીરે આહાર ન કરવો.

૨૧. લોલુપીપણાથી, વેધ/પાડીને અને પગમાં પગરખાં પહેરીને ન જમવું, એ ત્રણ મોટાં અપલક્ષણ છે.

૨૨. કેવળ ભૂમિ પર બેસીને ન જમવું, પાટલા પર બેસીને જમવું.

૨૩. પૂર્વ દિશા અથવા ઉત્તર દિશા સામે પાટલો નાખી તેના પર બેસીને જમવું.

૨૪. જમતી વખતે થાળી મૂકી હોય તે પાટલા ઉપર પગ ન મૂકવો.

૨૫. મેલાં, ભુંડા કે ભાંગેલા થાળ યા થાળીમાં ન જમવું, વિશાળ બુદ્ધિવાળાએ એ રીતે જમવાનું વર્જવું.

૨૬. ડાકણ અને માઠી નજરવાળી સ્ત્રી કે ભારે નજરવાળા પુરુષની અને શ્વાનની દૃષ્ટિએ ન જમવું.

૨૭. ઋતુવતી સ્ત્રીએ પીરસેલો આહાર ઉત્તમ પુરુષે કરવો નહીં.

૨૮. પક્ષી, ગાય કે શ્વાને સૂંઘેલું અનાજ ન ખાવું.

૨૯. ભૂખ્યાની કે પાપીની નજરે પડેલું અન્ન ન ખાવું.

૩૦. એનું એ ખાવાનું બીજીવાર રાંધેલુ અથવા ફરીથી ઉખા કરેલું ન ખાવું.

૩૧. જમતાં શબ્દ કરવો નહીં, તેમ બોલવું નહીં - આણુબોલ્યા જમવું. (જમતાં જમતાં પણ મનમાં નવકાર ગણવાનો નિષેધ નથી.)

૩૨. સરખે આસને બેસીને, સ્થિર ચિત્તે જમવું. ડગમગતા આસન પર બેસીને ન જમવું.

૩૩. સર્વ ભોજન પ્રથમ સૂંઘીને પછી ખાવું કે જેથી કોઈની દૃષ્ટિ ન લાગે.

૩૪. ભોજનના પ્રારંભમાં પાણી ન પીવું. પ્રારંભમાં પાણી પીવાથી અગ્નિ મંદ થઈ જાય છે.

૩૫. મધ્યમાં પાણી પીવું અમૃત સમાન કહ્યું છે. છેલ્લે પાણી પીવું તે વિષ અથવા શિલા સમાન કહ્યું છે - આવી તે વિષયના જ્ઞાતાની વાણી છે.

૩૬. ખાવામાં પ્રથમ ગળી ને ચીકણી વસ્તુ ખાવી, વચ્ચે ખાટું ખારું ખાવું અને છેલ્લે તીખું ને કડવું ખાવું–એ ગુણકારક કહ્યું છે.

૩૭. શૂળના વ્યાધિવાળાએ દ્વિદળ (કઠોળ) ન ખાવું.

૩૮. કુષ્ઠ રોગવાળાએ માંસની સામે પણ ન જોવું.

૩૯. જ્વરવાળાએ ઘી ન ખાવું તેમ જ ધાણું પાણી ન પીવું.

૪૦. જમતી વખતે લઘુશંકા ને વડીશંકા દબાવી ન રાખવી.

૪૧. ગ્રહણ સમયે ન જમવું.

૪૨. વર્ષાઋતુમાં ખારું વધારે ખાવું.

૪૩. શરદ ઋતુમાં પાણી વધારે પીવું.

૪૪. હેમંતઋતુમાં દૂધ વધારે પીવું. એમ કરવાથી પ્રાયે રોગ ઉદ્‌ભવતો નથી.

૪૫. શિશિર ઋતુમાં કડવું ને ખાટું વધારે ખાવું, વસંત ઋતુમાં ઘી વધારે ખાવું અને ગ્રીષ્મ ઋતુમાં ગળ્યો પદાર્થ વધારે ખાવો, તેથી રૂપ, કાંતિ ને બળ વધે છે.

૪૭. અતિશય ગરમ ગરમ ખાવાથી બળ નાશ પામે છે.

૪૮. અતિ ટાઢું ભોજન વાયુ કરે છે.

૪૯. અતિ ખાટું અને ખારું ભોજન તેજ હણે છે.

૫૦. અતિશય પૌષ્ટિક ખાવાથી કામવાસના વધે છે અને કામસેવનથી જીવિત નાશ પામે છે.

૫૧. અતિસારના વ્યાધિવાળાએ નવું ધાન્ય ન ખાવું.

૫૨. નેત્રરોગીએ મૈથુનનો ત્યાગ કરવો અને તરતની વિંયાયેલ ગાય કે ભેંસનું દૂધ ન ખાવું.

૫૩. ધર્મના માર્ગે ચાલવાના ઈચ્છુકે બનતાં સુધી એકવાર જમવું અને તેમાં પણ નિરવદ્ય તેમ જ અચિત્ત આહાર લેવો. એ પ્રમાણે ન બની શકે તો પછી પ્રભાતે નવકારશી તો અવશ્ય કરવી.

૫૪. સાંજે વાળુ કરીને પચ્ચખ્ખાણ કરવું. તેમાં ચારે આહારનો ત્યાગ કરવો. કદિ તેમ ન બની શકે તો પાણીની છૂટ રાખવી. પણ ત્રણ આહાર તો અવશ્ય ત્યજવા; બનતાં સુધી દરરોજ કાંઈક પણ પચ્ચખ્ખાણ કરવું; ચૌદ નિયમ દરરોજ ધારવા; કાંદા, બટાટા વગેરે અનંતકાય ને અભક્ષ્યનો અવશ્ય ત્યાગ કરવો, કારણકે અનંતકાય ને અભક્ષ્યનું ભક્ષણ કરવાથી અનંત ભવમાં ભમવું પડે છે.

૫૫. બહુ ખાવું ને બહુ બોલવું એ બંને હાનિકારક છે. તેથી પ્રમાણસર બોલવું અને પરિમિત ખાવું.

૫૬. ચિંતાને વખતે ન જમવું. મન શાંત કરીને તે શાંત થાય ત્યારે જમવું; કારણકે ચિંતામાં ખાધેલું અમૃત પણ વિષરૂપે પરિણમે છે.

૫૭. વમન કરીને એટલે ઊલટી થયા પછી તરત ન જમવું.

૫૮. ડાબા હાથે ન ખાવું.

૫૯. થાળી વધુપડતી ઊંચી કે નીચી રાખીને કે નબળે આસને બેસીને ન ખાવું.

૬૦. ચારે વિદિશા સામે બેસીને ન જમવું.

૬૧. પગ ઉપર પગ ચઢાવીને ખાવા ન બેસવું.

૬૨. ખાતાં બચબચ શબ્દ મોઢેથી ન કરવો.

૬૩. ખાડાવાળી કે વાંકીચૂંકી ભૂમિ પર બેસીને ન ખાવું.

૬૪. જમતાં ઓઠીંગણ ન દેવું.

૬૫. માતા કે ઘરની સ્ત્રીઓ વગેરે પ્રીતિવાળાએ રાંધેલું જ જમવું.

૬૬. જે થાળીમાં કોઈ પાપી પુરુષ જમેલ હોય તે પાત્રમાં ઉત્તમ પુરુષે ન ખાવું.

૬૭. ઋતુવતી સ્ત્રી જે પાત્રમાં જમી હોય તે પાત્ર ન લેવું.

૬૮. ગરમ ગરમ વાસણમાં ન જમવું.

૬૯. અજાણ્યા પાત્રમાં ન ખાવું.

૭૦. ગાય કે ઘોડાએ કે કૂતરા વગેરે જાનવરોએ ચાટયું કે સૂંઘ્યું હોય કે પંખી વગેરેએ ચાટયું કે બોટયું હોય તેવા પાત્રમાં ન ખાવું.

૭૧. જમણી નાસિકા વહેતી હોય ત્યારે જમવું.

૭૨. અતિ ખારું, અતિ ખાટું, અતિ ઊનું ન ખાવું. અતિ ખારું ખાવાથી શરીરને હાનિ થાય છે.

૭૩. શાક ઘણું ન ખાવું, તેમ જ શાક વિના પણ ન ખાવું.

૭૪. દૂધ જેટલું વધારે ખાવું અને ચોખા જૂના ખાવા તેથી શરીરમાં તેજ વધે છે.

૭૫. જમ્યા પછી તરત દોડવું નહિ. વાહનમાં પણ બેસવું નહિ. થોડો વખત ભારે શ્રમ કરવો નહીં.

૭૬. જમી રહ્યા પછી નિર્મળ જળનો એક ચળુનો કોગળો ગળે ઉતારી જવો. બીજા કોગળા મુખશુદ્ધિ માટે બહાર કરવા.

૭૭. પશુની જેમ નીચું મુખ કરીને પાણી ન પીવું. પીધા પછી પાત્રમાં પાણી વધે તો તે માટલામાં કે બીજા કોઈ ઠામમાં ન નાખતાં નિર્જીવ જગ્યાએ ઢોળી નાખવું.

૭૮. પાણી ઝાઝું ન પીવું અને પાણીની બોખ મોઢે ન માંડવી.

૭૯. ભોજન કરી રહ્યા પછી નવકાર ગણવો અને બની શકે તો ચૈત્યવંદન કરવું.

૮૦. ભોજન કરી રહ્યા પછીનો ભીનો હાથ બીજા હાથ સાથે ન ઘસાવો, પગે ન ઘસવો, મોં સાથે ન લગાડવો, પણ ઢીંચણ સાથે ઘસવો.

૮૧. ભોજન કરીને તરત આળસ ન મરડવું.

૮૨. ભોજન કરીને તરત દિશાએ ન જવું. એટલે કે શૌચક્રિયા ન કરવી.

૮૩. ભોજન કરીને તરત ઉઘાડે શરીરે ન બેસવું.

૮૪. ભોજન કરીને તરત સ્નાન પણ ન કરવું.

૮૫. જમ્યા પછી ધીમે ધીમે સો ડગલાં ભરવાં કેમ કે જમીને બેસી રહેવાથી પેટ વધે છે.

૮૬. થોડુંઘણું ચાલ્યા પછી ડાબે પડખે થોડો વખત જાગતાં સૂવું, તે પણ ચીત્તા ન સૂવું. ચીત્તા સૂવાથી કફ ઉત્પન્ન થાય છે– બડખો આવે છે અને ડાબે પડખે સૂવાથી આયુષ્ય વધે છે. આ પ્રમાણે ભોજનવિધિ સમજીને સુજ્ઞ મનુષ્યે તદ્‌નુસાર યથાશક્તિ અવશ્ય વર્તવું.

૮૭. ઉત્તમ પુરુષે સાધુની જેમ ભોજન કરવું એટલે કે સાધુની જેમ પેટ સહેજ ઊણું રાખીને જમવું તથા જમતી વખતે ભોજનને વખાણવું કે વખોડવું નહીં.

[ઋષભદાસે આ રાસ પદ્યમાં લખ્યો છે. એના ઉપરથી ગદ્યમાં ભોજનવિધિના આ નિયમો આપ્યા છે. કવિની ભાષા કેવી હતી તે નીચેની એમની પંકિતઓ ઉપરથી જોઈ શકાશે :

તરસ્યો જિમે તો ગોલો વાય, ટાઢું જિમે તો હોયે વાય;
લઘુશંકાએ પાણી પીએ, ભગંદર રોગ તે અંગે લિયે
અજીર્ણ માંહે ભોજન જેહ, વિષ સમાન નર કહિયે તેહ;
વળી પરોઢિયે, સંધ્યાકાળ, રાતે જમે તે મૂરખ બાલ.
અતિ ઊનું તે બલને હરે, અતિ ટાઢું તે વાયુ કરે.
ખારું ખાટું તેજ અવગણે, અતિ કામી જીવિતને હણે.]

અમૃતા પ્રીતમ વિશે

તંત્રીશ્રી,

'પ્રબુદ્ધ જીવન'ના અમૃતા પ્રીતમ વિશેના મારા લેખમાં એક બહુ જ ભયંકર છાપભૂલ થઈ ગઈ છે. 'પ્રબુદ્ધ જીવન' પૃ. ૩૧ ઉપર ચોથા ફકરામાં છેલ્લી બે લીટીમાં 'ઈમરોઝ ચિત્રકાર અને અમૃતા સાહિત્યકાર, આ બંને કલાકારનું સહજીવન હિંદુ સમાજની વિરલ ઘટના છે.' અહીં છપાયું છે દેહજીવન. તે બહુ જ ખરાબ લાગે છે તો આ સુધારો અવશ્ય મૂકશો.

જયા મહેતા

[૨]

તંત્રીશ્રી,

૧૬ જૂન, ૧૯૮૨ના 'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં શ્રી જયા મહેતાનો 'અમૃતા પ્રીતમની કવિતા' ઉપરનો લેખ વાંચીને ઘણો ક્ષોભ થયો. અમૃતા પ્રીતમની કવિતા ઉપર જ માત્ર લખ્યું હોત તો ય 'પ્રબુદ્ધ જીવન' સાથે સુસંગત લાગત; પરંતુ લેખિકાએ ઉકત લેખમાં પ્રારંભમાં અમૃતા પ્રીતમના જીવનને 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરીને હદ કરી નાખી.

લેખિકાએ અમૃતાના જીવનને જે દષ્ટિએ બિરદાવ્યું છે તે માટે 'પ્રબુદ્ધ જીવન' જેવા સાત્ત્વિક સામાયિકને બદલે બીજા કોઈ સામાયિકને પસંદ કર્યું હોત તો સારું હતું. અમૃતાને પતિ સાથે ભીતરનો મેળ નહોતો અને તેને 'બળવાના માલની જેમ ચોરેલી છાયા' તરીકે રહેવું પડતું હતું. એટલે એ 'ભાગ્યશાળી' પતિના લાભાર્થે અમૃતા પતિથી છૂટા પડ્યાં! એટલેથી ન અટકતાં તેણે સાહિર, સજ્જાદ અને ઈમરોઝ જેવા મહાનુભાવોની મૈત્રી કેળવી. સાહિરને મનભરીને ચાહવા છતાં તે તેનાથી દૂર જ રહ્યા. વતન પરસ્ત સાચા 'પાક' મુસ્લિમ બચ્ચાની માફક સજ્જાદ આ મહાન મૈત્રિણીની મૈત્રીની કદર ન કરતાં માદરે વતનને અમૃતાના પ્રેમથી મહાન ગણીને મિત્રધર્મમાંથી ફારેગ થઈ પાકિસ્તાન ચાલ્યો ગયો. હવે રહ્યો માત્ર ઈમરોઝ. તેની સાથે પણ લગ્ન ન કરતાં લગ્નજીવનનો પાછો લ્હાવો તો લીધો જ. શ્રી જયા મહેતા આ અનૌતિક ઘટનાને અહોભાવથી આ રીતે બિરદાવે છે. "ઈમરોઝ ચિત્રકાર, અમૃતા સાહિત્યકાર આ બન્ને કલાકારનું દેહજીવન ('સહજીવન' જોઈએ 'દેહજીવન' નહિ. એ છાપ ભૂલ છે) હિંદુસમાજની વિરલ ઘટના છે!"

અમૃતા પ્રીતમ સ્વચ્છંદી જીવનમાં આટલેથી જ અટકયા નથી. શરાબ, સિગારેટ આદિ લતો એમને વળગેલી જ છે.

લેખિકા આવી ઘટના સંબંધે લખે છે: "અમૃતા એક સ્ત્રી. સુંદર અને વળી કવિતા લખે. અંગત જીવનમાં પણ સમાજમાન્ય નહીં એવી ઘટનાઓ. કેટલાક પંજાબી સાહિત્યકારો અને સમાજે અમૃતા પર વિતાડવામાં બાકી રાખ્યું નથી: છતાં ભીતરની સચ્ચાઈએ એમને ટકાવી રાખ્યાં છે!"

તો આ ભીતરની સચ્ચાઈ શું? શું ભીતરની સચ્ચાઈ હોય એટલે માણસના બધા જ દોષો, બધાં જ સ્વચ્છંદો અને બધાં જ પાપો ક્ષમ્ય ગણાય? ચોર ચોરી કરતો જાય અને પછી કબૂલ કરતો જાય તો એની ભીતરની સચ્ચાઈ માટે શું આપણે પુષ્પહાર પહેરાવીશું? ભીતરની સચ્ચાઈ તો મહાત્મા ગાંધીની હોય—જે સચ્ચાઈ ભૂલો માટે પારાવાર પશ્ચાત્તાપ કરીને તેના પાવકમાં બળી બળી અંતે શુદ્ધ બને. ભીતરની સચ્ચાઈ જે જીવન હોય, એથી દિવ્ય કે ઉચ્ચ જીવનને ઝંખતી ન હોય તો તેનું મૂલ્ય કેટલું? મહાત્મા ગાંધીની ભીતરની સચ્ચાઈ વધારે ઉચ્ચ જીવનને ઝંખે છે, જ્યારે અમૃતાની ભીતરની સચ્ચાઈ છે એવા જ પામર જીવનમાં રાચવા મથે છે. વાસ્તવિક રીતે આવી સચ્ચાઈ તો સમાજને છેતરવા માટે હોય છે—પોતે જે કાંઈ અયોગ્ય કર્મો કરે છે તેને યોગ્ય પરિપ્રેક્ષ્ય પૂરો પાડવા માટે! —અને એ રીતે પોતાનાં સારાં-ખોટાં કર્મોને સચ્ચાઈની છાપ દ્વારા 'આદર્શ' ઠેરવવા માટે! એટલે જ ભીતરની સચ્ચાઈ કોઈ સંયમસિદ્ધ મોહનદાસ ગાંધી માટે હોય; સ્વચ્છંદી અમૃતા પ્રીતમ માટે નહિ.

'પ્રબુદ્ધ જીવન'ને બદલે આજનું કોઈ કહેવાતું સાહિત્યિક સામાયિક લેખિકાએ ઉકત લેખ માટે પસંદ કર્યું હોત તો ત્યાં તેનું યોગ્ય પ્લેટફોર્મ ગણાત. કેમકે આજનાં કેટલાંક કહેવાતાં 'સાહિત્યિક' સામાયિકો સાચા અર્થમાં 'સાહિત્યિક' મટીને હવે "ગંગાજળને બદલે વોડકા"થી પ્યાસ બુઝાવનારા જ બની ગયાં છે. (સાંભળવા પ્રમાણે મુંબઈમાં એમના સન્માનના આયોજકોએ પણ અમૃતા અને બીજા કેટલાક કવિ-સાહિત્યકારોની પ્યાસ બુઝવવા સન્માનના કાર્યક્રમ પછી વોડકાની-શરાબની મહેફિલ એક મોટી હોટેલમાં યોજી હતી.)

પણ 'પ્રબુદ્ધ જીવન' તો ધર્મ, સંસ્કૃતિ, ચિંતન અને સમાજ-ઘડતરનું પત્ર છે. મારા જેવા વાચકો આજના સાહિત્યથી ઊબાઈને માંડ 'પ્રબુદ્ધ જીવન' સુધી પહોંચ્યા છે. તેમાં પણ જો આવી જ કલમ-પ્રસાદી પીરસાતી રહેશે તો તેમની મુકિત માટે કોઈ સ્થાન નહિ રહે.

ડૉ. હસમુખ દોશી
મહિલા કોલેજ,
રાજકોટ

એકયુપ્રેશર કલાસ અંગે

પ્રેમળ જ્યોતિ દ્વારા મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં ચાલતા એકયુપ્રેશરના કલાસમાં નવા એડમિશનો હવે બંધ કર્યા છે. હવે છ માસ બાદ નવા નામો લેવામાં આવશે.

કન્વીનર, પ્રેમળ જ્યોતિ

વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૩૧-૭-૧૯૮૨ના રોજ સાંજના ૫-૦૦ વાગે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે, જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત્ વર્ષના વૃત્તાંતને તથા સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબોને મંજુર કરવા.

(૨) નવા વર્ષના અંદાજપત્રો મંજુર કરવા.

(૩) સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી.

(૪) સંઘ તેમ જ વાચનાલય-પુસ્તકાલય માટે ઓડિટરોની નિમણુંક કરવી.

વાર્ષિક સભાના ઉપર જણાવેલા સમયે ઉપસ્થિત થવા વિનંતી.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ

"પ્રેમળ જ્યોતિ"

પ્રેમળ જ્યોતિની પ્રવૃત્તિમાં કાર્યકરો જ્યાં જાય છે ત્યાં સાડીઓ માટે માંગણી થાય છે. તો સારી ગણાય તેવી-જૂની નહિ—સાડીઓ સંઘના કાર્યાલયમાં મોકલવા વિનંતી—કન્વીનર, પ્રેમળ જ્યોતિ

સંઘના કાર્યાલય મંત્રી શ્રી શાંતિલાલ ટી. શેઠની S. E. M. તરીકે થયેલી નિમણુંક

સંઘના કાર્યાલયમંત્રી શ્રી શાંતિલાલ ટી. શેઠની મહારાષ્ટ્ર સરકારે એસ.ઈ.એમ. તરીકે નિમણુંક કરી છે તેથી અમો હર્ષ અનુભવીએ છીએ.

તા. ૧૦-૭-૮૨ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિમાં આ અંગે ખુશી વ્યકત કરવામાં આવી હતી અને ડૉ. રમણલાલ સી. શાહ તથા શ્રી ગુણવંતભાઈ ઝવેરીએ શાન્તિભાઈની કાર્યનિષ્ઠા માટે તેમની પ્રસંશા કરી હતી, જેને સૌ સભ્યોએ વધાવી લીધી હતી.

સંઘના કાર્યાલયમાં કામ કરતાં કરતાં પણ સેવાની ધગશ અને ભાવનાથી ભિન્ન ભિન્ન સામાજિક સંસ્થાઓ સાથે સંકળાઈને કામની સૂઝ અને દષ્ટિથી સામાજિક ક્ષેત્રે તેઓ ઉપયોગી થતા રહ્યા છે. જેમ કે :-

* ૧૯૩૭-૩૮ના રાજકોટના સત્યાગ્રહમાં તેમની નાની ઉંમરમાં પણ તેઓએ છ માસ સુધી—એટલે કે લડતના અંત સુધી—સેવા આપેલી.
* જૈન સોશ્યલ ગ્રુપ—મલાડની સ્થાપનામાં તેઓએ અગ્રીમ ફાળો આપ્યો હતો અને તેના સ્થાપનાકાળથી પાંચ વર્ષ સુધી મંત્રી તરીકે કામ કર્યું અને હાલ તેઓ ગ્રુપના ઉપપ્રમુખનો હોદ્દો ધરાવે છે.
* મલાડના ઝાલાવાડી સ્થાનકવાસી મિત્રમંડળના બે વર્ષ સુધી તેઓ મંત્રી હતા—હાલ કમિટીના સભ્ય છે.
* મલાડની મહિલા કૉલેજની કમિટીના સભ્ય છે.
* તાજેતરમાં, બે વર્ષથી શરૂ થયેલ શ્રી ચીમનલાલ દવે એકયુપ્રેશર ફાઉન્ડેશન—જેની છ શાખાઓ મુંબઈમાં અને એક શાખા સુરતમાં ચાલે છે તેની એડવાઈઝરી કમિટીમાં પણ તેઓ છે.
* ફાધર વાલેસના લખાણોથી પ્રભાવિત થઈને તેમના પુસ્તકો અડધી કિંમતે વેચવાને લગતી તેમણે યોજના ઘડી અને બે વર્ષના ટૂંકા ગાળામાં તેમણે ફાધરના ૧૦,૦૦૦ દસ હજાર પુસ્તકોનું વેચાણ કરીને એક વિક્રમ સ્થાપ્યો.
* જૈન સોશ્યલ ગ્રુપ ફેડરેશનની માસીક પત્રિકા "મંગલયાત્રા"નું સહતંત્રીપદ પણ છેલ્લા બે વર્ષથી તેઓ સંભાળી રહ્યા છે.
* તેઓ એક સારા ચર્ચાપત્રી અને ઉગતા લેખક પણ છે.

સંઘની બધી જ પ્રવૃત્તિઓમાં જેવી કે, પર્યુષણ વ્યાખ્યાનમાળા, "પ્રબુદ્ધ જીવન", નાનીમોટી સભાઓ, આજીવન સભ્યો તેમ જ પેટ્રન સભ્યો બનાવવા-આ રીતે સંઘની દરેક પ્રવૃત્તિનો વ્યાપ વધારવામાં હંમેશા તેઓ સક્રીય રીતે રસ ધરાવતા રહ્યા છે અને રાત-દિવસ જોયા વિના સમયનો ભોગ આપતા રહ્યા છે તેના અમો સાક્ષી છીએ. તેમના આણુએઆણુમાં સંઘના શ્રેયના અને વિકાસના સ્પંદનો કાયમ ચાલતા જોવા મળે-સંઘ માટેની તેમની આત્મીયતા અદ્‌ભૂત કહી શકાય એવી છે. આ રીતે સંઘના કાર્યોનો વ્યાપ વધારવામાં તેઓ હંમેશા સક્રિય રહ્યા છે. એકયુપ્રેસરની પ્રવૃત્તિ તેમના કારણે જ આપણે શરૂ કરી શકયા એમ કહેવામાં જરા પણ અતિશયોકિત થતી નથી.

આવી તેમની અનેકવિધ સેવાઓની કદર કરીને મહારાષ્ટ્ર સરકારે તેમને એસ. ઈ. એમ. તરીકે નિયુકત કર્યા છે તે માટે અમો ગૌરવ અનુભવીએ છીએ.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

☆

સંઘઆયોજિત આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું, રવિવાર તા. ૧૫-૮-૮૨ થી સોમવાર તા. ૨૩-૮-૮૨ સુધી બિરલા ક્રીડા કેન્દ્રમાં આયોજન કરવામાં આવ્યું છે. તેમાં નીચે મુજબ વ્યાખ્યાતાઓ નક્કી થયા છે.

પૂજ્ય સાધ્વીશ્રી ધર્મશીલાજી	શ્રી કુમારપાળ દેસાઈ
પૂજ્ય મુનિશ્રી વાત્સલ્યદીપ	પ્રો. તારાબહેન ર. શાહ
પૂજ્ય મોરારીબાપુ	ડૉ. નરેન્દ્ર ભાનાવત
શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	ડૉ. કાન્તિલાલ કાલાણી
શ્રી કિરણભાઈ	શ્રી શૈલેષભાઈ મહાદેવિયા
ડૉ. રમણલાલ સી. શાહ	શ્રી વસંતભાઈ ખોખાણી
શ્રી શશિકાન્તભાઈ મહેતા	શ્રી કૃષ્ણકાન્ત મહેતા
શ્રીમતી ધૈર્યબાળા વોરા	જસ્ટિસ ધર્માધિકારી
ડૉ. સુરેશ દલાલ	શ્રી અશોકકુમાર

વ્યાખ્યાતાઓની તારીખ તેમ જ વિષયો સાથેનો સમગ્ર પ્રોગ્રામ આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

* શોકપ્રસ્તાવ *

સંઘની તા. ૧૦-૭-૮૨ના રોજ મળેલી કાર્યવાહક સમિતિમાં નીચે પ્રમાણેના ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

"સંઘના કાર્યાલય સાથે છેલ્લા સાત વર્ષથી સંકળાયેલાં અને શ્રી મણીલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના લાઈબ્રેરિયન તરીકે સેવા આપી રહેલા શ્રીમતી રાજુલબહેન જોષીનું ટૂંકી માંદગી બાદ તા. ૯-૭-૮૨ ના રોજ ૨૯ વર્ષની નાની ઉમરે દુ:ખદ અવસાન થયું. એથી આ સભા આઘાત અનુભવે છે. કાર્યાલય સાથે ઓતપ્રોત થઈને નિષ્ઠા અને આત્મીયતાપૂર્વક કામ કરવાની એમની પદ્ધતિથી સૌ કોઈના મનમાં એમના પ્રતિ આદરની લાગણી તેમણે જન્માવી હતી. વાલ્વના સફળ ઓપરેશન બાદ અચાનક તબિયત લથડતાં એમનું અકાળ અવસાન થયું. તેમના કુટુંબીજનો પર આવીપડેલાં દુ:ખમાં સહભાગી થતા આ સભા શોકની લાગણી વ્યકત કરે છે અને તેમના આત્માને પરમ શાન્તિ મળે એવી પ્રાર્થના કરે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

શ્રી ચીમનલાલ જે. શાહ તથા શ્રી હરિભાઇને અભિનંદન

સંઘના મંત્રી અને અમારા સાથી શ્રી ચીમનલાલ જે. શાહ અને વ્યવસ્થાપક સમિતિના સભ્ય તેમજ બૃહદ મુંબઈ મહાનગરપાલિકાના ઘાટકોપર વિભાગના કોર્પોરેટર શ્રી હરિભાઈ ગુલાબચંદ શાહને મહારાષ્ટ્ર સરકારે એસ. ઈ. એમ. તરીકે પુન: નિયુકત કર્યા છે. એ બન્ને સાથીઓને અભિનંદન આપતાં અમે આનંદ અનુભવીએ છીએ. શ્રી ચીમનલાલ જે. શાહ સંઘ ઉપરાંત જૈન સોશ્યલ ગ્રુપ, સુમંગલમ્, ઋતંભરા વિદ્યાપીઠ અને બેન્ક ઑફ પ્લેઝર વગેરે અનેક સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલાં છે. એ જ રીતે શ્રી હરિભાઈ પણ ઘાટકોપરની એચ. જે. દોશી સાર્વજનિક હોસ્પિટલ અને અન્ય સંસ્થાઓ સાથે સંકળાયેલાં છે. આ બન્નેનું મહારાષ્ટ્ર સરકારે સાર્વજનિક સેવાનું બહુમાન કર્યું છે એમાં અમે અમારો સૂર પ્રસારીએ છીએ.

— તંત્રીઓ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ – મુંબઈ

તા. ૩૧–૧૨–૧૯૮૧ દિવસનું સરવૈયું

૧૯૮૦ રૂ.	પૈ.			૧૯૮૧ રૂ.	પૈ.
		ફંડો અને દેવું :			
		રિઝર્વ ફંડ			
૫૫૪૮૧૦-૧૮		ગયા સરવૈયા મુજબ બાકી		૮૨૯૩૮૩-૧૮	
૨૭૪૫૭૩-૦૦		**ઉમેરો :** વર્ષ દરમિયાન પેટ્રન-મેમ્બર સભાસદ ફીના		૬૪૧૫૩-૦૦	
૭૭૦૦૦-૦૦		શ્રી પ્રેમળ જ્યોતિ રિઝર્વ ફંડ		૧૨૭૦૦૦-૦૦	
૧૦૦૦-૦૦		પ્રભુજીવન કાયમી ગ્રાહક ફંડ		૧૦૦૦-૦૦	
૯૦૭૩૮૩-૧૮					
		શ્રી સંઘ હસ્તકના ફંડો :			
૨૪૦૧૯-૧૯		**શ્રી મકાન ફંડ**			
		ગયા સરવૈયા મુજબ બાકી		૨૪૦૧૯-૧૯	
૨૨૭૩-૨૫		**શ્રી પુસ્તક પ્રકાશન ખાતું :**			
		ગયા સરવૈયા મુજબ બાકી		૨૨૭૩-૨૫	
૧૨૬-૪૮		**શ્રી ભાવજત ખાતું :**			
		ગયા સરવૈયા મુજબ બાકી		૧૨૬-૪૮	
૧૫૬૯૨-૪૭		**શ્રી પ્રેમળ જ્યોતિ પ્રવૃત્તિ ખાતું :**			
		ગયા સરવૈયા મુજબ બાકી		૨૦૬૬૭-૨૨	
૭૫૩૭૪-૭૫		**ઉમેરો :**			
		ભેટના		૯૫૮૮૪-૦૦	
૯૧૦૬૭-૨૨				૧૧૬૫૭૧-૨૨	
		બાદ :			
૨૦૪૦૦-૦૦		વર્ષ દરમિયાન ખર્ચના	૪૭૫૭૩-૨૪		
૫૦૦૦૦-૦૦		રિઝર્વ ફંડમાં લઈ ગયા	૫૦૦૦૦-૦૦	૯૭૫૭૩-૨૪	
૭૦૪૦૦-૦૦				૧૮૯૭૭-૯૮	
૨૦૬૬૭-૨૨					
		શેઠ દીપચંદ ત્રી. શાહ ટ્રસ્ટ :			
૩૮૪૩૬-૨૮		ગયા સરવૈયા મુજબ બાકી	૪૦૩૦૪-૨૮		
		ઉમેરો :			
૪૧૬૯-૦૦		ભેટ તથા વ્યાજના	૩૯૫૫-૦૦	૪૪૨૫૯-૨૮	
૨૩૦૧-૦૦		**બાદ :** ખર્ચના		૦૦૦૦-૦૦	
૪૦૩૦૪-૨૮				૪૪૨૫૯-૨૮	

૧૯૮૦ રૂ.	પૈ.			૧૯૮૧ રૂ.	પૈ.	રૂ.	પૈ.
			ઈન્વેસ્ટમેન્ટ (ચોપડા પ્રમાણે)				
		૫૧૦૧૩-૧૫	રસધારા કો. ઓ. હા. સો. લિ. મુંબઈ	૫૧૦૧૩-૧૫			
			ઉમેરો : વર્ષ દરમિયાન કેપીટલ ખર્ચના	૨૧૭-૨૫			
			રસધારી કો. ઓ. હા. સો. લિ.ના			૫૧૨૩૦-૪૦	
		૫૦૦-૦૦	શેર ૧૦ દરેક રૂ. ૫૦નો	૫૦૦-૦૦			
			૨૦૦ ડિબે. દરેક રૂ. ૧૦૦નો				
		૨૦૦૦૦-૦૦	તાતા ઓઈલ કું.	૨૦૦૦૦-૦૦			
		૧૧૦૦૦-૦૦	૧૧૦ ડિબે. દરેક રૂ. ૧૦૦નો બોમ્બે ડાઈંગ કું.	૧૫૦૦૦-૦૦			
		૧૫૦૦૦-૦૦	૧૫૦ ડિબે. દરેક રૂ. ૧૦૦નો ૧૫૦ ડિબે વોલ્ટાઝ લિ.ના દરેકના રૂ. ૧૦૦નો	૧૫૦૦૦-૦૦			
		૨૨૫૦૦-૦૦	(ડિબ. તાતા લોકોમોટીવ)	૫૮૫૮-૦૦			
		૭૩૦૦૦-૦૦		૫૫૮૫૮-૦૦			
			યુનિટ ટ્રસ્ટ ઓફ ઈં. યુનિટ	૧૦૨૦૦૦-૦૦			
			ઈન્ડિયન ટેલિફોન ઈન્ડસ્ટ્રીઝ લિ.	૫૦૦૦૦-૦૦			
			હિન્દુસ્તાન ઝીંક લિમિટેડ	૩૫૦૦૦-૦૦			
			ઈન્ડિયન ઓઈલ કોપેરેશન લિ.	૫૦૦૦૦-૦૦			
			ભારત હેવી ઈલેકટ્રીક લિ.	૫૦૦૦૦-૦૦			
				૧૮૫૦૦૦-૦૦			
						૩૪૩૩૫૦-૦૦	
			ફર્નિચર અને ફિકચર : (ચોપડા પ્રમાણે)				
		૯૬૬૦-૨૪	ગયા સરવૈયા મુજબ બાકી	૧૦૧૬૦-૨૪			
		૫૦૦-૦૦	**ઉમેરો :** વર્ષ દરમિયાન ખરીદીના	૦૦૦૦-૦૦			
		૧૦૧૬૦-૨૪					
		૧૬૧૯-૨૪	**બાદ :** કુલ ઘસારાના	૩૮૬૯-૨૪			
		૨૨૫૦-૨૪	ચાલુ વર્ષના	૬૨૯-૦૦	૪૪૯૮-૨૪		
						૫૬૬૨-૦૦	

	ડિપોઝીટ :		
૧૨૫-૦૦	પોસ્ટ ઓફિસમાં	૧૨૫-૦૦	
૪૮૦-૦૦	બી. ઈ. એસ. ટી. માં	૬૩૦-૦૦	
૩૬૦-૦૦	ટેલિફોન અંગે	૩૬૦ ૦૦	
૯૬૫-૦૦			૧૧૧૫-૦૦
	લેણું :		
૯૮૨-૫૦	ઇન્કમટેક્ષ રીફંડ અંગે	૧૫૭૯-૧૬	
૧૫૭૯૫-૩૧	ખર્ચ અંગે અગાઉથી આપેલ	૧૩૨૮૮-૧૧	
૨૨૧૩૨-૦૦	સ્ટાફ પાસે	૧૬૯૦૨-૦૦	
૫૪૪૨૯-૨૨	શ્રી મ. મો. શાહ સા. વા. અને પુસ્તકાલય	૭૯૬૬૫-૦૨	
૩૫૭૫-૦૦	વ્યાજના લેણા ડિબેન્ચર ૨૭૫૦-૦૦		
	ડિપોઝીટ પર ૩૭૦૩-૨૫	૬૪૫૩-૨૫	
૯૬૯૧૩-૦૩			૧૧૭૮૭૭-૫૪
	રોકડ તથા બેંક બાકી :		
૩૩૦૩૫-૨૯	બેંક ઓફ ઈ.ના ચાલુ ખાતે	૨૧૬૨૧-૪૭	
૧૨૬૦૦-૦૦	બેંક ઓફ. ઈ.ના રિકરિંગ ખાતે	૦૦૦૦-૦૦	
૫૧૧૫૮૦-૦૦	બેંક ઓફ ઈ.ના ફિક્સ ડિપોઝિટ ખાતે ૩૭૧૫-૮૦		
૧૧૫૦૦૦-૦૦	બેંક ઓફ બરોડા ફિક્સ ડિપોઝિટ ખાતે ૧૪૦૦-૦૦		
૧૨૫૦૦૦-૦૦	યુનિયન બેં. ઓ ઈ. ફિક્સ ડિપોઝિટ ખાતે ૧૨૫૦-૦૦	૬૩૬૫૮૦-૦૦	
૨૪૩-૫૫	રોકડ પુરાંત	૫૦-૩૧	
૯૭૪૫૮-૮૪			
	શ્રી જનરલ ફંડ ખાતું :		૬૫૮૨૫૧-૬૮
૧૩૫૭૫-૮૮	ગયા સરવૈયા મુજબ બાકી		
૪૬૫૨-૨૮	બાદ : વર્ષ દરમ્યાન આવકનો વધારો		
૮૯૨૩-૬૦			
૨૫૫૫૬-૧૮	પ્રબુદ્ધ જીવનમાં ખર્ચનો વધારો		
૩૪૪૭૯-૭૮			
૧૦૬૦૧૨૧-૮૦			૧૧૭૭૪૮૬-૭૨

ઓડિટરોનો રીપોર્ટ : અમોએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુંબઈનું ૩૧-૧૨-૮૧ના રોજનું ઉપરનું સરવૈયું મજકુર સંઘના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને અમારા ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એકટ અનુસાર જુદા રિપોર્ટ આધીન બરોબર છે.

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઑડિટર્સ

તા. ૨૯-૫-૮૨

૨૧૦૦૫-૦૦	**શ્રી વિદ્યાસત્ર પ્રવૃત્તિ ફંડ ખાતું :**		૨૧૦૦૫-૦૦
	વિદ્યાસત્ર પ્રવૃત્તિ ખાતું :		
૧૦૭૨૮-૯૫	ગયા સરવૈયા મુજબ બાકી (ઉધાર)	૯૨૩૫-૫૫	
૨૧૦૦-૦૦	બાદ : વ્યાજનો	૧૬૮૦-૦૦	
		૭૫૫૫-૫૫	
૧૦૫૯-૫૦	ઉમેરો : ખર્ચના	૫૬૯૧-૦૫	
૨૧૦૦૫-૦૦	હવાલો નાખ્યો	૧૩૨૪૬-૬૦	
		૦૦૦૦-૦૦	
૯૨૩૫-૫૫			૧૩૨૪૬-૬૦
	જીવન ઘડતર લક્ષી પ્રવૃત્તિ ફંડ :		
૨૯૭૪-૮૦	ગયા સરવૈયા મુજબ બાકી	૩૨૭૪-૮૦	
૩૦૦-૦૦	ઉમેરો : વ્યાજના	૨૫૬-૦૦	૩૫૩૦-૮૦
૩૨૭૪-૮૦			
૧૬૪૦૧-૧૩	દેવું : સ્ટાફ પ્રો. ફંડના		૨૦૩૪૫-૧૩
૧૧૦૦-૦૦	લવાજમના અગાઉથી આવેલા		૧૪૫૦-૦૦
૩૨૮૦૨-૮૨	અન્ય દેવું :		૩૦૭૧૧-૯૨
૧૦૬૦૧૨૧-૮૦			૫૨૫૦૭-૦૫
	શ્રી. જનરલ ફંડ :		
	વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકમાં વધારો		૩૫૨૩૧-૧૪
	વર્ષ દરમિયાન પ્રબુદ્ધ જીવનમાં આવકમાં વધારો		૧૭૪૬-૪૮
			૩૬૯૭૭.૬૨
	બાદ : ગયા સરવૈયા મુજબ ઉધાર બાકી		૩૪૪૭૯-૭૮
	ઉમેરો : સરવૈયા ફેરનો		૨૪૯૭-૮૪
			૦-૨૭
			૨૪૯૮-૧૧
			૧૧૭૭૪૮૬-૭૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મુંબઈ

તા. ૩૧-૧૨-૮૧ના રોજ પૂરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

૧૯૮૦	આવક	૧૯૮૧ રૂ.	પૈ.	રૂ.	પૈ.
				૨૭૦૬૫-૯૦	
૧૩૨૮૮-૦૦	ભેટના				
૩૮૪૨-૦૦	સભ્ય લવાજમના	૪૧૭૧-૦૦			
	બાદ : શ્રી મુંબઈ જૈન યુવક				
	સંઘના સભ્યોને 'પ્રબુદ્ધ જીવન'ની				
	કોપી મફત મોકલવામાં	૧૮૫૦-૦૦			
૧૮૫૧-૦૦	આવે છે તેના			૨૩૨૫-૦૦	
૨૦૯૧-૦૦					
૫૧૦૦-૦૦	વ્યાજના :				
	ડિબેન્ચરોના	૫૧૦૦-૦૦			
	બેંકના ખાતાઓનાં તથા ફિક્સ				
૪૪૫૯૨-૧૬	ડિપોઝિટના	૫૬૩૭૬-૬૦			
	બોંડના	૬૨૪-૯૬			
	કંપનીઓમાં ડિપોઝિટ પર	૩૮૮૮-૧૫			
			૬૬૩૮૯-૭૪		
	બાદ : લાઈફ મેમ્બર શીપ ફંડના				
	વ્યાજના શ્રી પ્રબુદ્ધ જીવનના				
૧૩૨૦૦-૦૦	લવાજમ ખાતે	૧૪૬૬૦-૦૦			
૮૨૪૦-૦૦	અન્ય અંકિત ફંડોને	૫૧૬૦-૦૦			
			૧૯૮૨૦-૦૦		
				૪૬૫૬૯-૭૪	
૨૧૪૩-૦૦	પરમાનંદ કાપડિયા સભાગૃહ ભાડાના				
૪૫-૦૦	પરચૂરણ આવક			૨૪૬૫-૦૦	
૫૦૧૧૯-૧૬				૭૮૪૨૫-૬૪	

૧૯૮૦	ખર્ચ	૧૯૮૧ રૂ.	પૈ.	રૂ.	પૈ.
	વહીવટ તથા વ્યવસ્થા ખર્ચ				
૮૭૧૨-૫૦	પગાર બોનસ વગેરે	૧૦૨૦૦-૦૦			
૯૭૩-૧૭	બ્લોક મેન્ટેનન્સ તથા વીજળી ખર્ચ	૧૦૬૧-૧૮			
૧૮૧૬-૧૦	પ્રિન્ટિંગ તથા સ્ટેશનરી	૧૭૦૯-૩૬			
૧૧૮૧-૯૦	ટેલિફોન ખર્ચ	૧૩૫૭-૩૦			
૧૫૭૯-૫૦	પોસ્ટેજ	૪૫૯-૦૦			
૧૧૪૨-૫૦	સ્ટાફ પ્રો. ફંડને ફાળાના તથા વ્યાજ	૧૩૯૬-૦૦			
૫૯૬૬-૭૧	પરચૂરણ ખર્ચ	૧૨૮૨૯-૮૬			
	પબ્લિક ટ્રસ્ટ એક્ટ ફંડને	૨૬૮૮-૦૦			
	પરમાનંદ કાપડિયા સભાગૃહ	૪૩૦-૦૦			
૩૧૦-૦૦	અંગે માણસને મહેનતાણાના				
૫૦૦-૦૦	ઓડિટરોને ઓનરેરિયમના	૫૦૦-૦૦			
				૩૬૬૩૦-૭૦	
૨૨૨૨૬-૩૮	ફર્નિચર વસાવાના			૬૨૬-૦૦	
૨૩૨૩૯-૬૦	વસંતવ્યાખ્યાનમાળા ખર્ચ			૧૯૩૪-૮૦	
૦-૯૦	સરવૈયા ફેરના				
૪૬૧૨-૨૮	વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો વધારો			૩૧૨૩૧-૧૪	
૫૦૧૧૯-૧૬				૭૮૪૨૫-૬૪	

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને અમારા ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એક્ટના કાયદા અનુસારના જુદા રિપોર્ટ આધીન બરાબર છે.

મુંબઈ, તા. ૨૯-૫-૮૨

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર

27-6-82 મો. ૧૬૬૬૬૬ પ્રકાશ ૨૭૬૫ કાર્યાલય

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ – મુંબઈ

તા. ૩૧-૧૨-૧૯૮૧ના રોજ પૂરા થતાં વર્ષનો શ્રી 'પ્રબુદ્ધ જીવન'નો આવક તથા ખર્ચનો હિસાબ

૧૯૮૦	આવક :	૧૯૮૧ રૂ. પૈ.	૧૯૮૧ રૂ. પૈ.
૧૬૪૨૦-૫૦	વર્ષ દરમ્યાન લવાજમના આવ્યા	૧૮૫૨૨-૦૦	
	ઉમેરો : શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને મફત પ્રત મોકલવામાં આવે છે તેના, લાઈફ મેમ્બરોને 'પ્રબુદ્ધ જીવન'ની પ્રત મોકલવામાં આવી છે તેના ૧૮૫૦-૦૦ તથા આજીવન સભાસદના		
૧૩૨૦૦-૦૦	લવાજમ ફંડના વ્યાજમાંથી ૧૪૬૬૦-૦૦	૧૬૫૫૦-૦૦	
			૩૫૦૩૨-૦૦
	ભેટના :		
૫૦૦૦-૦૦	પરમાનંદ કાપડિયા સ્મારકનિધિ		૨૯૮૫૯-૫૦
૨૮૫૪-૦૦	અન્ય રોકડ ભેટના		૫૦૦૦-૦૦
	વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો શ્રી ગનરલ		
૨૫૫૫૬-૧૮	ફંડ ખાતે લઈ ગયા		
૬૩૦૩૦-૬૮		કુલ રૂ.	૬૯૮૯૧-૫૦

૧૯૮૦	ખર્ચ	૧૯૮૧ રૂ. પૈ.	૧૯૮૧ રૂ. પૈ.
	વહીવટ તથા વ્યવસ્થા ખર્ચ :		
૮૪૬૨-૫૦	પગાર તથા બોનસ		૧૧૮૫૭-૦૦
૧૬૬૪૦-૨૦	પેપર ખર્ચ		૧૫૮૮૫-૪૦
૩૨૭૪૭-૨૨	છપામણી ખર્ચ		૩૩૪૬૬-૦૨
૨૭૦૭-૨૬	પોસ્ટેજના		૩૫૪૦૭-૬૦
૧૩૩૧-૦૦	પુરસ્કાર ખર્ચ		૨૦૩૩-૦૦
૧૧૪૨-૫૦	પ્રો. ફંડના ફાળાના તથા વ્યાજના		૧૩૯૬-૦૦
	વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો વધારો		૧૭૪૬-૪૮
૬૩૦૩૦-૬૮			૬૯૮૯૧-૫૦

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને અમારા ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એક્ટ અનુસારના જુદા રિપોર્ટ આધીન બરાબર છે.

મુંબઈ, તા. ૨૯-૫-૮૨

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર

27-6-82 પ્રબુદ્ધ જીવન

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય – મુંબઈ

તા. ૩૧–૧૨–૧૯૮૧ના દિવસનું સરવૈયું

૧૯૮૦		રૂ. પૈ.	૧૯૮૧ રૂ. પૈ.	૧૯૮૦		રૂ. પૈ.	૧૯૮૧ રૂ. પૈ.
	ફંડો અને દેવું :				**મિલકત અને લેણું :**		
	સ્થાયી ફંડ				ઈન્વેસ્ટમેન્ટ (ચોપડા પ્રમાણે)		
૧૦૭૮૯૪-૦૦	ગયા સરવૈયા મુજબ બાકી	૧૦૭૮૯૪-૦૦		૬૦૦૦૦-૦૦	બેંક ઓફ ઈ. ફી. ડિપોઝિટ	૦૦૦૦-૦૦	
	શ્રી પુસ્તક ફંડ :				ફર્નિચર (ખરીદ કિંમતે)		
૫૫૦૦-૦૦	ગયા સરવૈયા મુજબ બાકી ૫૫૦૦-૦૦			૧૦૬૯૫-૯૩	ગયા સરવૈયા મુજબ બાકી	૧૦૬૯૫-૯૩	
	શ્રી ફર્નિચર ફંડ :			૪૭૮૫-૯૩	બાદ : કુલ ઘસારાના ૫૩૭૬-૯૩		
૨૪૦૦-૦૦	ગયા સરવૈયા મુજબ બાકી ૨૪૦૦-૦૦			૫૯૧-૦૦	વર્ષ દરમિયાન ઘસારાના ૫૩૨-૦૦		
	શ્રી રિઝર્વ ફંડ :					૫૯૦૮-૯૩	
૩૧૬૭૩-૪૨	ગયા સરવૈયા મુજબ બાકી ૩૧૬૭૩-૪૨						૪૭૮૭-૦૦
		૩૯૫૭૩-૪૨			હિન્દુસ્તાન ઓર્ગેનિક કેમી. લી.	૩૦૦૦૦-૦૦	
			૧૪૭૪૬૭-૪૨		એચ. એમ. ટી. લી.	૩૦૦૦૦-૦૦	
							૬૦૦૦૦-૦૦
	દેવું :				**પુસ્તકો : : ખરીદ કિંમતે)**		
				૮૧૮૩૮-૨૦	ગયા સરવૈયા મુજબ બાકી ૯૩૦૫૬-૧૫		
				૧૧૨૧૭-૯૫	ઉમેરો: વર્ષ દરમિયાન ૧૮૩૨૯-૧૦		
					ખરીદીના	૧૧૧૩૮૫-૨૫	
૧૫૨૨૬-૦૦	પુસ્તકો અંગે ડિપોઝીટ	૧૬૨૨૬-૦૦		૩૩૫૫૬-૧૫	બાદ : કુલ ઘસારાના તથા ૩૩૫૫૬-૧૫		
૧૦૭૩૪-૦૮	સ્ટાફ પ્રો. ફંડના	૧૪૧૦૫-૩૬			જૂના પુસ્તકોના લખી વાળ્યા ૧૧૨૭૩-૧૦		
૫૪૪૨૯-૨૨	શ્રી મુંબઈ જૈન યુવક સંઘના	૭૯૬૫૫-૦૨				૪૪૮૨૯-૨૫	
૩૬૮૨-૦૦	પુસ્તક ખરીદ અંગે	૮૦૦૪-૩૦					૬૬૫૫૬-૦૦
			૧૧૭૯૯૦-૬૮		**લેણું :** ઈન્કમટેક્ષ રીફંડના	૧૦૪-૦૦	
૨૩૧૫૩૮-૭૨					સ્ટાફ પાસે	૧૨૮૭-૦૦	
			૨૬૫૪૫૮-૧૦				૧૩૯૧-૦૦
				૫૫૬૦-૮૨	બેંક ઓફ ઈ.ના બચત ખાતે	૩૫૪૩-૩૨	
				૨૬૫૦૦-૦૦	બેંક ઓફ ઈ.ના રીકરિંગ ડિ.	૨૯૪૫૦-૦૦	
				૧૪૬-૪૦	રોકડ પુરાંત	૪-૬૦	
							૩૨૯૯૭-૯૨
					શ્રી આવક ખર્ચ ખાતું :		
				૫૩૫૨૫-૦૧	ગયા સરવૈયા મુજબ બાકી	૭૪૩૦૪-૫૦	
				૨૦૦૦૦-૦૦	બાદ : મુંબઈ મ્યુનિસિપલ ૨૫૦૦૦-૦૦		
					કોર્પોરેશનમાંથી ગ્રાંટ		
						૪૯૩૦૪-૫૦	
					ઉમેરો : વર્ષ દરમિયાન આવક		
				૪૦૭૭૯-૪૯	કરતાં ખર્ચનો વધારો	૫૦૪૨૧-૬૮	
							૯૯૭૨૬-૧૮
				૨૩૧૫૩૮-૭૨		કુલ રૂ.	૨૬૫૪૫૮-૧૦

ઓડિટરનો રિપોર્ટ :

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય મુંબઈનું તા. ૩૧-૧૨-૧૯૮૧ના રોજનું ઉપરનું સરવૈયું મજકૂર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને અમારા ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એકટ અનુસારના જુદા રિપોર્ટને આધીન બરાબર છે.

મુંબઈ : તા. ૨૯મી મે, ૧૯૮૨

સહી : **શાહ મહેતા એન્ડ કું.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,
ઓડિટર્સ

પબ્લિક લાઈબ્રેરી
તા. ૧૬–૭–૮૨

શ્રી મ. મો. શાહ. સાર્વજનિક વાચનાલય–પુસ્તકાલય

તા. ૩૧-૧૨-૧૯૮૧ના રોજ પૂરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

૧૯૮૦		રૂ. પૈ.	૧૯૮૧ રૂ. પૈ.
	આવક :		
	વ્યાજના :		
	રીકરીંગ ડિપોઝીટ	૨૪૫૦-૦૦	
૨૨૪-૪૮	બેંકના વ્યાજના	૨૮૩-૬૧	
૬૦૦૦-૦૦	મંથલી ઈન્કમ સર્ટિફિકેટનું	૦૦૦૦-૦૦	
	હિન્દુસ્તાન ઓર્ગેનિક કેમી. લિ.માં ડિપોઝીટનું	૯૬૧-૩૪	૩૬૯૮-૯૯
૧૯૨-૦૦	ભેટના :		
૬૬૫૦-૦૦	પુસ્તક લવાજમના	૩૫૪૦-૦૦	
		૬૩૮૧-૦૦	
			૯૯૨૧-૦૦
	પરચુરણ આવક :		
૪૦૪-૫૫	પસ્તી વેચાણના	૫૧૬-૯૦	
૨૪૫-૨૦	પાસ-બુક વેચાણના	૨૧૩-૨૦	
૫૫-૪૦	દંડના	૬૭-૩૦	
			૩૬૭-૪૦
૪૦૭૭૯-૪૯	વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો		૧૦૪૨૧-૬૮
૫૪૫૫૧-૧૨		કુલ રૂ.	૬૪૮૪૩-૦૭

૧૯૮૦		રૂ. પૈ.	૧૯૮૧ રૂ. પૈ.
	ખર્ચ :		
	વહિવટી તથા વ્યવસ્થા અંગે ખર્ચ		
૩૩૯૧-૫૦	પેપર લવાજમ	૪૨૮૯-૧૦	
૨૭૮૩૪-૧૫	પગાર તથા બોનસ વગેરે	૩૧૮૨૮-૦૦	
૧૦૧૨-૫૦	બુક બાઈન્ડિંગ	૭૬૫-૦૦	
૧૨૧૦-૦૦	પ્રોવિડંડ ફંડફાળાના તથા		
૮૨૬-૦૦	પ્રોવિડંટ ફંડને વ્યાજના	૨૪૯૭-૬૦	
૬૧૫-૦૦	વીમાના પ્રીમીયમના	૬૧૫-૦૦	
			૩૯૯૬૪-૭૦
	વ્યવસ્થા ખર્ચ :		
	મકાન મેન્ટેનન્ટસ તથા		
૨૯૧૯-૦૦	વીજળી ખર્ચ :	૩૧૮૦-૦૦	
૧૧૮૫-૯૦	ટેલિફોન ખર્ચ		
૫૦૦-૦૦	ઓડિટરોને ઓનરેરિયમના	૧૩૭૫-૦૦	
	ગાડીભાડું, પાસ ; નિફોર્મ	૫૦૦-૦૦	
૫૮૨૧-૧૯	તથા સ્ટાફને ચા અને અન્ય ખર્ચ	૭૪૭૯-૯૦	
	પ્રિન્ટીંગ અને સ્ટેશનરી	૫૨૬-૩૭	
			૧૩૦૪૩-૨૭
૫૯૧-૦૦	ફર્નિચર પર ઘસારાના ૧૦ %	૫૩૨-૦૦	
૮૬૦૦-૪૮	પુસ્તક પર ૧૫ %	૧૧૨૭૩-૧૦	
			૧૧૮૦૫-૧૦
૫૪૫૫૧-૧૨			૬૪૮૪૩-૦૭

અમોએ ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરોબર છે.

મુંબઈ : તા. ૨૯મી મે, ૧૯૮૨

સહી : શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,
ઓડિટર્સ

તા. ૧૬-૭-૮૨ પુસ્તકાલય -પત્ર

ગાલિબની ફૂલપાંખડી

[] હરીન્દ્ર દવે

[૫]

ઘર હમારા જો ન રોતે ભી તો વીરાં હોતા,
બહ્ર અગર બહ્ર ન હોતા તો બયાબાં હોતા!

વેરાની એક જ પ્રકારની હોય એવું નથી. વિષાદ એક જ રીતે પ્રગટ થતો નથી. એ રીતે જ મનુષ્યની એકલતા પણ અલગ-અલગ રીતે પ્રગટ થતી હોય છે.

અમે રડ્યા : અને ઘરમાં સાગર છલકાઈ ઊઠ્યો. પણ ન રડત તો કંઈ ઘરમાં બગીચો ખીલી ઊઠવાનો ન હતો.

દરિયો જો દરિયો ન હોય, એનું તમામ પાણી શોષાઈ જાય તો પણ એની રેતીને કારણે એ માત્ર રણ બનીને રહે.

* * *

દિલ મેં, જૌક-એ-વસ્લ-ઔ-યાદ-એ-યાર તક,
બાકી નહીં

આગ ઈસ ઘર મેં લગી ઐસી કિ જો થા જલ ગયા.

જે કંઈ હોય એ બધું જ નામશેષ થાય એવી પણ ક્ષણ આવે છે. મિલનનો ઉત્સાહ ચાલ્યો જાય એ આવી જ એક ક્ષણ છે. મિલનની ક્ષણ આવે અને હૃદયમાં એ માટેનો ઉત્સાહ પણ ન હોય, પ્રિયતમની સ્મૃતિ પણ શેષ ન હોય તો એના જેવી કરુણ ક્ષણ એકે ય નથી. એવું બને તો નક્કી જાણવું કે કોઈક એવી આગ લાગી હશે જેમાં બધું જ ભસ્મીભૂત થઈ ગયું. મિલનનો ઉત્સાહ કે પ્રિયતમાની સ્મૃતિ.

હૃદયની આગની આ વાત જેટલી ચોંકાવનારી છે, એટલી ઉદ્દામ પણ છે.

* * *

અર્જ કીજે જૌહર-સે-અંદેશકી ગરમી કહાં
કુછ ખયાલ આયા થા વહશતકા કિ સહરા જલ ગયા.

અતિશયોક્તિ દ્વારા વેદનાની વાત કરવી એ ગાલિબનો પ્રિય અંદાજ છે. અહીં પણ પ્રથમ વાચ્યાર્થ જ જોઈએ. : 'અંદેશાના રત્નની ગરમી કેટલી હશે એનો વિચાર કરો; જરાક પાગલપણાનો વિચાર આવ્યો કે રણ સળગી ઊઠ્યું!

અંદેશાનું જૌહર-એની ગરમી, વહશતનો વિચાર અને સળગતું રણ.

'વસ્લ ફાડતી મહોબ્બત' સાથે રણમાં ફરી રહેલા કેસની કથા યાદ આવે છે? કથાનું અર્થઘટન આ શેરરૂપે કરવા બેસો તો તમને જેવી તમારી કલ્પના એવું અર્થઘટન થઈ શકે એટલી વિશાળતા આ વિચારમાં છે.

* * *

તાલીફ-એ-નુસ્ખહા-એ-વફા કર રહા થા મેં
મજમૂ અ-એ-ખયાલ અભી ફર્દ ફર્દ થા.

વફાદારી, નિષ્ઠા, પ્રેમ વગેરે આ દુનિયાની વિરલ સંપત્તિ છે. વફાદારી પ્રાપ્ત કરવી કે આપવી એ બંને ઘટના બને તો અદ્‌ભુત કહી શકાય એવી ઘટના જ કહેવાય.

કવિ કહે છે કે હું વફાદારીની કિતાબનું હજી તો સંકલન જ કરી રહ્યો હતો : મારી કલ્પનાનું સંકલન હજી ટુકડા ટુકડા જ રહ્યું છે. વફાદારીનો એક સતત પ્રવાહ ક્યાંય જોવા મળ્યો નથી. વફાદારીની આ કિતાબ ક્યારેક કોઈ પૂરી સંપાદન કરી શકે તો ગમે – પણ એ સંપાદન વિકટ છે. એટલું જ કદાચ અશક્ય પણ છે.

* * *

આહબાબા ચારા સાઝિ-એ-વહશત ન કર સકે
ઝિન્દા મેં ભી ખયાલ, બયાબાં નવર્દ થા.

કોઈ માણસ પાગલ થઈ જાય તો આપણે એને કોટડીમાં પૂરી દઈએ.

ઉર્દૂ કવિતામાં પાગલપણાનો સંબંધ મજનૂ સાથે, મજનૂની રણમાંની – સહરામાંની રઝળપાટ સાથે છે.

આ બેનો આધાર લઈ કવિ એક સરસ અંદાજથી કહે છે : મિત્રોએ મારી વહશતનો (પાગલપણાનો) ઉપચાર કરવા મને પૂરી દીધો, પણ તેઓ નિષ્ફળ ગયા. મારો વિચાર તો બયાબાંમાં-રણમાં, વેરાનમાં ભટકી રહ્યો છે.

તમે માણસને બાંધી શકો, માણસના વિચારને નહીં.

* * *

બા ફૈજ-એ-બેદિલી, નોમીદિ-એ-જાવેદ સાસાં હૈ
કશાઈશ કો હમારા ઉકદા-એ-મુશ્કિલ પસંદ આયા.

ઉદાસીનતાની ઉદારતાથી ચિરકાલીન નિરાશા, નાઉમ્મીદી હવે આસાન થઈ ગઈ છે; બોલવાના પ્રયત્નોને અમારી સરળતાથી ન ખૂલે એવી કઠણ ગાંઠ જ પસંદ આવી.

'ગાલિબ કા હૈ અંદાજે-બયાં ઔર' એ પંક્તિની સાર્થકતા એકેએક શેરમાં થાય છે. ઉદાસીનતાની ઉદારતાને કારણે હવે શાશ્વત ના ઉમ્મીદી હવે હાથવગી બની ગઈ છે : મારી ગૂંચ સરળતાથી ન ખૂલે એવી છે. ભાગ્યને એ ગૂંચ જ વધારે પસંદ આવી ગઈ છે.

પોતાની નિરાશા માટે અને પોતાની ઉકેલાઈ ન શકે એવી સંકુલ સમસ્યા માટે આટલી હળવાશથી ગાલિબ જ કહી શકે.

ચિંતન

તમને ભલે ગમે તેટલી ખાતરી હોય, પણ એ વાત ખચિત માનજો કે તમે ભાંકરા રીતે બીજા લોકો જેવા જ છો.

– જેમ્સ આર. લોવેલ

પોતાના અજ્ઞાન વિશે અજ્ઞાત હોવું એ જ છે અજ્ઞાનીનો રોગ. – ઓ. બી. આલકોટ

હું એવા માણસોને જાણું છું કે જે જૂઠું ન બોલવા વિષે બહુ જ કાળજી રાખતા હતા, પરંતુ તેઓ જ્યારે સમૂહમાં હોય ત્યારે સત્ય બોલવાને બદલે આપોઆપ તેમનાથી તરત જ જૂઠું બોલાઈ જતું. એમનો એમ કરવાનો ઈરાદો તો નહોતો જ રહેતો, પણ એ 'એમ' બદલાઈ જતું શા માટે? કારણ કે તેઓ જૂઠા માણસોની સોબતમાં હતા. ત્યાં એક અસત્યનું વાતાવરણ રહેતું અને એમને માત્ર એ રોગ લાગુ પડી જતો!

– શ્રી માતાજી

જ્યારે જ્યારે આપણે આપણા હૃદયમંદિરના દરવાજા સર્વોત્કૃષ્ટ પ્રેરણાઓને પ્રવેશ કરવા માટે ખુલ્લા રાખીએ છીએ ત્યારે ત્યારે તે પ્રેરણાઓ જરૂર પ્રવેશ કરે છે અને જો તેમ કરવામાં ભૂલ થવા પામે તેનું પરિણામ સારુ નહિ આવે.

– રાલ્ફ વાલ્ડો ટ્રાઈન

લોકો ક્રૂર છે, પણ મનુષ્ય માયાળુ છે.

–ટાગોર

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. ટે. નં.: ૩૫૦૨૯૬: મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 87

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૬ : અંક : ૭

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧ ઓગસ્ટ, ૧૯૮૨, રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ : પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

અતીતને આરે

(આકાશવાણી ઉપર તા. ૧-૪-'૮૨ના રોજ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહની ડૉ. સુરેશ દલાલે લીધેલી મુલાકાત).

સુરેશભાઈ : ચીમનલાલ ચકુભાઈ શાહ માત્ર વ્યકિત નથી, સંસ્થા છે. એમના જીવનવૃક્ષે પ્લેટો અને સોક્રેટિસનું જળ પીધું છે અને શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજીનો પ્રકાશ ઝીલ્યો છે. ધર્મ અને રાજકારણ વિશે તેમણે મૌલિકતાથી વિચાર્યું છે અને એને પ્રગટ કર્યું છે. ચિંતનપ્રધાન નિબંધો દ્વારા, એમની ભાષા માત્ર શબ્દોથી નહીં પણ વિચારોથી ઘડાયેલી છે. આજે આવા સંસ્કારપુરુષ ચીમનભાઈ ચકુભાઈની આપણે મુલાકાત લઈએ.

પ્ર. ૧ : ચીમનભાઈ તમારા બચપણની સૌથી પહેલી સ્મૃતિ કઈ?

જ. ૧ : હું એક ગામડામાં જન્મ્યો છું, એ ગામડું એવું હતું કે જ્યાં પાણી પણ પીવા મળતું નથી - હજી પણ એ દશા છે, દોઢથી બે માઈલ દૂરથી પાણી લાવવું પડતું, મારા દાદાની નાની દુકાન હતી. ત્યાં જઈ સવારે સંજવારી કાઢવી, એમની ગાદી સરખી કરવી, રાત્રે હરીકેન લેમ્પ લઈ એમની સાથે ઉપાસરે પ્રતિક્રમણ કરવા જવું, એની પ્રાથમિક શાળા હતી. તો એમાં અમે બધા વિદ્યાર્થીઓ બધી કોમના, એ વખતે પણ ખોજાઓ હતા... બીજા પણ હતા... એવી રીતે રમતગમતથી રમતા કે મારું ગામડાનું જીવન એ વખતે ઘણું આનંદપ્રદ અને સુખી હતું. ત્યાં અમારા જે એક શિક્ષક હતા- મણિશંકર રતનજી ભટ્ટ કરીને-આદર્શ શિક્ષક હતા. એક જ વખત જમે અને એવા ચારિત્ર્યશીલ હતા કે હું એ સદ્‌ભાગ્ય માનું છું કે મારા પ્રાથમિક શિક્ષણમાં એવા શિક્ષક મને મળ્યા.

પ્ર. ૨ : તમારા ગામનું નામ?

જ. ૨ : પાણસીણા, લીંબડી (સૌરાષ્ટ્ર)થી ચૌદ માઈલ દૂર થાય અને અમે પરોઢિયે વહેલા નીકળી અને લીંબડી જવું હોય તો ગાડામાં બેસીને ૪ વાગે નીકળીએ ત્યારે આઠ વાગે પહોંચીએ. એ ધૂળીયા રસ્તાઓ એ વખતના પણ એ આનંદ અને એ મોજ કોઈ જુદા પ્રકારની હતી.

પ્ર. ૩ : તમારા ઘડતરકાળની મથામણો અને એ વખતનો સમાજ એના વિશે કંઈક વાત કરો?

જ. ૩ : મારું પ્રાથમિક શિક્ષણ મારા ગામડામાં થયું પણ ત્યાર પછી બાકીનું શિક્ષણ મુંબઈમાં થયું. મારા પિતાશ્રી મુંબઈમાં હતા અને બહુ જ સામાન્ય સ્થિતિ હતી. એક રૂમ હતી કે જેમાં માતાપિતા સૂઈ રહે. મારે બહાર ચાલીમાં સૂઈ રહેવાનું હોય. હરીકેન લાલટેનથી વાંચવાનું હોય અને હું નમ્રતાથી કહું, એમ.એ.,એલ.એલ.બી. સોલિસીટર પાસ થયો ત્યાં સુધી મારે ટેબલ નહોતું ખુરશી નહોતી, ઈલેકિટ્રકની બત્તી નહોતી. અમે એક એવી રૂમમાં રહેતા'તા કે જેને કાતરિયું કહીએ. ઊભા થઈએ તો માથું ભટકાય બંને બાજુ, એક વચ્ચે જ ફકત ઊંચું હતું. સામાન્ય સ્થિતિ પણ એવી હતી કે કાલબાદેવીથી એલ્ફિન્સ્ટન કોલેજ સુધી જવાને માટે બનતા સુધી ટ્રામનો ૧ આનો પણ ન ખર્ચવો. પણ જે સૌથી વધારે મૂંઝવણ થઈ એ કે હું ફર્સ્ટ ઈયરમાં પાસ થયો. પછી આગળ અભ્યાસ કરાવવાની મારા પિતાશ્રીની સ્થિતિ નહોતી એટલે મને નોકરીએ બેસાડી દીધો. પણ સદ્‌ભાગ્યે મને ૧૦ રૂપિયાની સ્કોલરશીપ મળી અને જૂનની ૨૦મી તારીખે કોલેજ ઉઘડી એટલે સીધું નામ લખાવી આવ્યો. ત્યાર પછી ઠીક ઠીક સ્કોલરશીપો મળી. ફ્રેલોશીપ મળી એટલે મારો અભ્યાસ એ રીતે આગળ ચાલ્યો. ખરી મથામણ થઈ હોય તો એ હતી કે ગાંધીજીની અસહકારની ચળવળ એ વખતે ચાલતી હતી. ૧૯૨૦-૨૧-૨૨ના એ દિવસો હતા. શાળા અને કોલેજ છોડવાની એમણે હાકલ કરેલી અને મહાપુરુષોના વ્યાખ્યાનો અમે સાંભળતા ને મારા મનની મૂંઝવણ વધતી જ જતી. કોલેજ છોડવી કે નહીં? અને નમ્રતાથી હું કહું તો એ વખતે મેં નિર્ણય કર્યો કે "ના મારે કોલેજ છોડવી નથી." હું ગાંધીજીના વિચારોથી અને એમના વ્યકિતત્વથી ત્યારેય પ્રભાવિત થયેલો પણ સ્વતંત્ર વિચાર કરી અને મારો પોતાનો નિર્ણય કરવાની શકિત ત્યારે પણ થોડીક હતી અને મેં જોયું કે મારી ગરીબાઈ અને મારી સ્થિતિ હતી, તેમાં અભ્યાસ અધૂરો મૂકીને હું જઈશ તો મારી જિંદગી વેડફાઈ જશે. એટલે ખૂબ મૂંઝવણ અનુભવવા છતાંયે મેં મારો અભ્યાસ એમ.એ. એલએલ.બી. સુધી પૂરો કર્યો.

પ્ર. ૪ : તમે સરસ વાત કીધી ચીમનભાઈ, એમાં તમારી મહત્તા છે કે ઈલેકિટ્રસિટી ન હોય અને છતાં પણ આટલો મોટો અભ્યાસ કરી શકો. એ તમારું પોતાનું અંદરનું અજવાળું છે. એમાં મને ગાંધીજીની વાત બહુ ગમી. કારણ કે એ વખતે પૂરમાં બધાં જ તણાતા હતાં ત્યારે એ પૂરમાં ન તણાવું એ મહત્ત્વની વાત છે. સોલિસીટર તરીકેની તમારી કારકિર્દીના અનુભવ વિશે અમારે જાણવું છે.

જ. ૪ : એ તો ઘણાં અનુભવો છે. સોલિસીટર તરીકેની જિંદગી શરૂ કરી ત્યારે પહેલો કેસ રેસકોર્સનો હતો. એક ટ્રેનર અને ઘોડાના માલિક મી. લેન્ગલી કરીને હતો અને ટ્રેનર ડારસી હતો. ઓસ્ટ્રેલિયન - બેની વચ્ચે એવી સમજણ હતી કે જે વીનીંગ્સ આવે એના ૧૦ ટકા કમિશન એને આપવામાં આવે. લેંગલી એવું કરતા કે પુનામાં રેસકોર્સ પર ઘોડાઓને ખોટી રેસમાં મૂકે એટલે લોંગ ડીસ્ટંસનો હોય - તો શોર્ટ ડીસ્ટંસ પર મૂકે. શોર્ટનો હોય તો લોંગમાં મૂકે. એટલે ઘોડાનું ફોર્મ પબ્લિક ન જાણી શકે અને પછી મુંબઈમાં રેસકોર્સ પર આવે ત્યારે એનાં સાચા ફોર્મમાં મૂકે. એનું કમિશન એને પૂરું મળે. એ બે વચ્ચે થોડી તકરાર પડી અને સ્મોલ કોઝ કોર્ટમાં પેલા માણસે દાવો માંડ્યો. એમાં

એણે કાગળમાં કહ્યું કે મને કમિશનમાં છેતર્યો અને પુનાના રેસકોર્સમાં તે પબ્લિકને છેતરી છે. લેંગલી બહુ મોટો કોટન મરચંટ હતો. એટલે બદનક્ષીનો ડારસીની સામે દાવો કર્યો. ડારસી તો ગરીબ માણસ હતો. તેનું કામ કોઈ લે એવું ન હતું. કામ મારી પાસે આવ્યું અને રેસકોર્સ પર પગ મૂકયા વિના એ કેસ મેં ચલાવ્યો. એક મહિનો ચાલ્યો અને મોટાં મોટાં વકીલો, એક બાજુ સર ચીમનલાલ સેતલવડ, આ બાજુ સર ટોમસ, આ બાજુ ભુલાભાઈ દેસાઈ અને મારે એ બતાવવાનું કે આ ઘોડાની પેડીગ્રી શું છે? એના માબાપ કોણ હતાં. એને હેન્ડીકેપ કેટલો આપ્યો. એને ખોટી રેસમાં કેવી રીતે મૂકયો. સદ્ભાગ્યે ડારસીએ કેટલાંક કાગળો લેંગલીના લંડનથી લખેલા સાચવી રાખેલા અને એમાં ત્યાંથી લખેલું – કે આ ઘોડો મેં પંદરસો પાઉન્ડમાં લીધો છે પણ જો કેપ્ટન ફ્રીંડલે એટલે કે લેંડીકેપર તને જો પૂછે તો કહેજે કે પાંચસો પાઉન્ડમાં લીધો. એટલે જ્યારે લેંગલીની ક્રોસ એકઝામીનેશન સર ટોમસે કરી ત્યારે એને ફાડી નાખે એવી ક્રોસ એકઝામીન થઈ. અને લેંગલી કેસ હારી ગયો. આવા તો બીજા પણ ઘણા અનુભવો છે. બીજો એક કેસ એવો હતો કે એક બહુ પૈસાવાળા માણસને ૩ દીકરા હતા અને પત્ની હતી અને તે ગુજરી ગયાં. એણે વીલ નહીં કરેલું ને એની પત્નીએ એના ભાઈઓના સહકારથી ખોટું વીલ ઊભું કર્યું એવો આક્ષેપ હતો. અને એના દીકરાઓએ એની સામે ક્રિમિનલ કંપ્લેન્ટ કરી. બહુ જ ચિંતાનો વિષય મને હતો કે આ કેસનો નિકાલ કેવી રીતે લાવવો. સદ્ભાગ્યે એવા મોટાં શાણાં વકીલો હતાં કે જેમાં એણે માર્ગ કાઢી આપ્યો. વકીલોનાં ધંધામાં ભાતભાતના પ્રકૃતિના માણસોના અનુભવ થાય છે અને આપણે સલાહ આપવામાં કેવી મર્યાદા જાળવવી જોઈએ. દા.ત. એને ઉપદેશ આપવા બેસીએ તો એ આપણી પાસે ઊભો જ ન રહે. પણ એક મર્યાદા જરૂર જાળવવી જોઈએ કે એને ખોટી સલાહ ન આપવી. કોઈ ખોટા સાક્ષી ઊભા કરવાનું એને કહેવું નહીં. જે કંઈ લઈને આપણી પાસે આવ્યો હોય એના આધારે એનો કેસ સારામાં સારો કેવી રીતે ચલાવી શકાય એનો આપણે પ્રયત્ન કરવો અને બને ત્યાં સુધી સમાધાન કરી આપવાનો પણ આપણે પ્રયત્ન કરવો. વકીલાત તરીકેની કારકિર્દીને મને ૫૪ વર્ષ થઈ ગયાં અને બહુ ભાતભાતનાં અનુભવો થયાં છે. એમાં મોટાં મોટાં બેરિસ્ટરો ઝીણા, ભૂલાભાઈ, સર ટોમસ, મોતીલાલ, કાંગા દફ્તરી આવાં બધાં ય મોટાં વકીલોના પરિચયમાં આવવાની તક મળી છે.

પ્ર. ૫: પણ તમારા પ્રશ્નમાંથી જ મને બીજો એક પ્રશ્ન સૂઝે છે કે સામાન્ય રીતે તમારી પાસે એક વ્યકિત આવે કે કાંઈક કોઈ સાથે ખટરાગ થયો હોય એટલે આવે તો મનુષ્યનાં સંબંધમાંથી શ્રદ્ધા ન ઊઠી જાય, આ આટલું બધું જોઈએ તો ?

જ. ૫: એવું છે કે ખટરાગ લઈને આવે છે ત્યારે એના મનને પોતાને પણ એનો રંજ હોય છે અને એને એમ થાય છે કે આ પતી જાય તો સારું. ખાસ કરીને જ્યારે ભાઈઓ–ભાઈઓ વચ્ચે કે કુટુંબીઓ વચ્ચે આવા ખટરાગ થયા હોય ત્યારે કોઈક વખતે મનને એમ થાય કે માણસનો સ્વભાવ જ આવો છે ને એ સીધું કરતો જ નથી, પણ જ્યારે આપણે મહેનત કરીને સમાધાન કરાવી આપીએ છીએ ત્યારે સંતોષ થાય છે. કોઈ વખત એવું બને છે કે કેસનું પરિણામ આપણા ધાર્યા કરતાં અવળું આવ્યું હોય અને ખોટું આવ્યું હોય ત્યારે મનને દુ:ખ થાય પણ એકંદરે મેં જોયું છે કે ન્યાય મળે છે અથવા ન્યાય થાય છે.

પ્ર. ૬: ભૂતકાળમાં કયાંક તો ખોવાઈ જતા હશો તો તમારી કંઈ સ્મૃતિને મનમાં વાગોળ્યા કરો છો?

જ. ૬: હું ફિલોસોફીનો સ્ટુડન્ટ છું અને અંતર નિરીક્ષણ કરવું એ એક મારી પ્રકૃતિ છે. સારી પેઠે કરું છું અને હું કોઈ વિશિષ્ટ સ્મૃતિને વાગોળવા કરતાં મારી પોતાની જાતને તપાસવી, જે કંઈ મેં કર્યું હોય તે વૈજ્ઞાનિક જેટલી ઝીણવટથી એના પદાર્થનું વિશ્લેષણ કરે એવી રીતે મારા મનની વૃત્તિઓનું વિશ્લેષણ કરીને, એનો સાચો રીયલ મોટીવ શું હતો, મેં જે કર્યું એનો બહાર દેખાવનો નહિ, મારા મનમાં સમજી લેવો કે] ભાઈ મારો હેતુ તો આ હતો – લોકો એમ માને છે કે સેવા કરી છે. હવે એનો એક દાખલો આપું છું. હું ગવર્મેન્ટ સોલિસીટર હતો. પહેલી ખેર મિનિસ્ટરી થઈ ત્યારે ૧૯૩૭માં અને ત્યાર પછી ૮મી ઓગસ્ટ, ૧૯૪૨ કવીટ ઈન્ડિયા મુવમેન્ટ શરૂ થયું અને ૯મી તારીખે જઈને મેં રાજીનામું આપ્યું. હવે ઘણી વાહ વાહ થઈ. આટલા મોટા હોદ્દાનું રાજીનામું આપ્યું અને કેટલી ત્યાગવૃત્તિ; મને તો આનંદ હતો કે આ જેલમાંથી છૂટયો. કારણ કે ખેર અને મુનશી મને પરાણે લઈ ગયેલા ને મને છસો રૂપિયા જ પગાર આપતા હતા. એટલે મને અહીંયા રહેવાની પણ ઈચ્છા નહોતી મારા મનને. એ વાતનું મેં જોયું કે લોકો વાહ વાહ બોલે છે. પણ મને તો એ આનંદ છે કે હું જેલમાંથી છૂટયો. આવા પ્રકારનું અંતરનિરીક્ષણ કરવું.

પ્ર. ૭: જીવનનો કયો પ્રસંગ એવો છે કે તમે અંદરથી હચમચી ઉઠયા હોવ.

જ. ૭: ૧૯૨૮મા એપ્રિલમાં હું સોલિસીટર થયો. દેવું કરીને આર્ટીકલ કરેલા ને એના ૮ મહિના પછી જ મને ક્ષયરોગ લાગુ પડેલો અને ડો. મુલગાવકરે ઓપરેશન કર્યું. ઓપરેશન કરીને એમણે મને કહ્યું: મુંબઈમાં રહેશો તો જીવવાનાં નથી. તમારે મુંબઈ છોડવું જોઈએ. આ આબોહવા તમને માફક નહીં આવે. મેં ડોકટરને કહ્યું, સોલિસીટરનો ધંધો મુંબઈ સિવાય બીજે કયાંય ન થાય અને દેવું કરીને પાસ થયો છું તો આ મુંબઈ છોડવા સિવાય જે કંઈ કહેશો એ કરવા તૈયાર છું. બહુ જ મૂંઝવણ અનુભવી અને એ મારી માંદગી ૧૫ થી ૬ વર્ષ રહી અને મુંબઈ છોડવું એ માટે, સબ–જજ થવા માટે મેં અરજી કરી.

ચીફ જસ્ટિસે ઈન્ટરવ્યુ માટે બોલાવ્યો તો મને કહે, આટલી બ્રિલીયન્ટ કેરિયર તમારી છે તો આવી સામાન્ય નોકરી માટે શું કરવા જાવ છો? મેં કહ્યું સાહેબ આ સ્થિતિ છે, મારી શારીરિક. એટલા માટે જવું પડે છે. તો ભલે હું તમારી ભલામણ કરું જ છું, પણ સદ્ભાગ્યે એ ૧૯૩૦માં હતું કે જ્યારે ગાંધીજીની લડત ચાલતી હતી ને મુંબઈ સરકારે નિર્ણય કર્યો હતો કે કોઈ ગુજરાતી સબ–જજ તરીકે નીમવો નહીં અને હું બચી ગયો.

પ્ર. ૮: તમે અહીંયા રહ્યા ને અમે બચી ગયાં.

જ. ૮: એવા તો ઘણાં પ્રસંગો આવે છે:– ૧૯૪૦માં ગવર્મેન્ટ સોલિસીટર હતો ત્યારે મ્યુનિસિપાલિટીમાં કોંગ્રેસ પાર્ટી પહેલવહેલી સત્તામાં આવી અને એમની ઈચ્છા હતી કે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરની પોસ્ટ ખાલી પડી હતી એમાં મારે અરજી કરવી. એટલે જેલમાંથી મને કહેવડાવેલું કે તમે અરજી કરો. મેં અરજી કરી. પણ હું સરકારી નોકરી કરતો હતો એટલે ખાતાં મારફત અરજી જવી જોઈએ. એટલે એ વખતે અહીંયા ગવર્નર શાસન હતું કારણ કે ખેર મિનિસ્ટરીએ રાજીનામું આપેલું અને મિ. નાઈટ કરીને એના એડવાઈઝર હતાં. આખાય સેક્રેટરીએટમાં તે વખતે ખાદીનો વેશ પહેરીને જવાવાળો હું એકલો હતો અને આંખમાં કણાની પેઠે એને ખૂંચતો હતો. મને બોલાવીને એણે કહ્યું કે મિ. શાહ તમારે અરજી કરવી હોય તો તમે અહીંથી રાજીનામું આપી દો ને પછી ખુશીથી જાવ. એણે બીજા છ જણને એ રીતે રજા આપેલી. મને રજા નહોતી આપવી કારણ કે હું રાજીનામું આપું એમ ઈચ્છતો હતો અને એના મનને હતું કે આ પોસ્ટ બહુ સારી છે એટલે હું અહીંથી જઈશ. હું પણ ગુસ્સે થયો.

અને મેં કહ્યું. મિ. નાઈટ, આય એમ ગોઈંગ ટુ રીઝાઈન બટ નોટ એટ યોર કન્વીનીયન્સ. બટ માય કન્વીનીયન્સ.

પ્ર. ૯: તમને શું ખૂબ ગમે? અને શું જરી કે ન ગમે?

જ. ૯: એ કહેવું સહેલું નથી – કારણ કે મારી જિંદગીમાં મોજશોખ જેવી વસ્તુ છે જ નહીં. હું પ્રકૃતિથી જ સાદી રીતે જીવવાનું શીખ્યો છું. એટલે શું ગમે એ જો તમે શારીરિક દૃષ્ટિથી પૂછતા હો તો હું કહી શકું એમ નથી. પણ મને કોઈ પણ વસ્તુમાં વધુમાં વધુ રસ હોય તો ફિલોસોફીનું વાંચન છે. દા.ત. પ્લેટોના ડાયલોગ્સ અને સોક્રેટિસની એપોલોજી – સો વખત વાંચી હશે. ટોલ્સટોય, રાજચંદ્ર અને ગાંધીજીના લખાણો વારંવાર વાંચું છું અને મને સૌથી વધુ ગમતી વસ્તુ ચિંતન અને મનન છે અને મને ન ગમે એવું ખાસ કંઈ નથી.

પણ, બેસીને ખોટા ગપ્પા મારવા કે સમય બરબાદ કરવો કે માત્ર આનંદપ્રમોદમાં જ સમય કાઢવો એવું હું બહુ ઓછું કરું છું, પણ મને પોતાને બહુ સખત ગમા-અણગમા નથી, મારી પ્રકૃતિ એ રીતે બહુ સ્વસ્થ છે. જે લોકોને જે કરવું હોય – એને કરવા દેવું. એમાં હું મારા ગમા–અણગમા વચ્ચે લાવતો નથી.

પ્ર. ૧૦: ના, તમે હમણાં એક વાત કરી કે ગપ્પા મારવા એ બહુ ના ગમે. પણ ચીમનભાઈ કેટલીક વખત એવું ન બને માણસો કારણ વગર મળે અને હલેસાં વગર હોડી ચાલતી હોય તો?

જ. ૧૦: એ વાત ખરી છે. એમાં કોઈ વખત આનંદ આવે, પણ પ્રકૃતિથી હું એકલવાયો છું. એટલે મારી કોટીની વ્યકિત હોય અને મને ગમતી વાત થતી હોય તો હું એની પછવાડે સમય કાઢું, પણ નહિ તો લોકો જાણે છે, ચીમનભાઈ પાસે જઈશું તો પાંચ મિનિટમાં થતું કામ છઠ્ઠી મિનિટ થવા નહીં દે ને ટેલિફોનમાં વાત કરતાં હશે તો ૨ મિનિટમાં પતશે તો ઉજી મિનિટ થવા નહીં દે. એ તો એક પ્રકૃતિનો પ્રશ્ન છે.

પ્ર. ૧૧: તમારી પાસે વિચાર, મૌલિકતા અને સ્વચ્છતા છે અને સમાજમાં એક સારા અને સફળ વકતા તરીકે પણ તમે પ્રસિદ્ધ છો. તેનું રહસ્ય શેમાં છે?

જ. ૧૧: વકતા તરીકે પ્રસિદ્ધ છું, એ તો બહુ મોડું થયું. હું બહુ તોતડું બોલતો અને બે વાકય પણ બોલી ન શકું, એટલી મારી જીભ ઝલાતી અને જાહેરમાં બોલવાનો તો મને બહુ ભય હતો. માણસમાં વકૃત્વ આવે છે, જો વિચારધન એની પાસે હોય તો જ. નહિ તો એ વકતૃત્વમાં કૃત્રિમતા આવે છે અને એ વકતૃત્વમાં આડંબર અને દંભ દેખાય છે. એટલે મારામાં વકતૃત્વ છે એમ નથી, પણ વિચારધન પ્રમાણમાં એટલું છે અને મારે જ્યારે કંઈ બોલવું હોય ત્યારે એટલી પૂર્વતૈયારી કરીને જાઉં છું કે આઠ કલાકમાં બોલવાનું હોય ત્યારે અર્ધો કલાકમાં એ પૂરું કરું છું. માણસને જે કહેવાનું હોય તે મુદ્દાસર સંક્ષેપમાં કહીએ તો એની અસર લાંબા ભાષણ કરતાં વધારે થાય છે એવો મારો અનુભવ છે. બાકી તો મુખ્ય કારણ મારું ચિંતન અને મનન છે.

પ્ર. ૧૨: તમે સ્વસ્થ છો. વધુ પડતા સ્વસ્થ છો. પ્રજાજીવન સાથે સંકળાયેલા છો. છતાં પણ તમે તમારા વ્યકિતત્વને ખુલ્લી કિતાબની જેમ કેમ જાળવી શકયા છો?

જ. ૧૨: સ્વસ્થ દેખાઉં છું અને મારી લાગણીઓને બહુ પ્રદર્શિત થવા દેતો નથી, એના પર સારી પેઠે મારો કાબૂ છે પણ અંતરનું મનોમંથન નથી એમ નહીં. ઘણી મૂંઝવણ હોય ત્યારે બહારથી હું સ્વસ્થ દેખાઉં અથવા ગભરાઈ જતો નથી, ગમે તે પરિસ્થિતિ હોય. તેમાંથી માર્ગ કાઢવો અને એ માર્ગ કાઢવાની આપણને સૂઝ હોય, તો આપણે સ્વસ્થ દેખાઈએ છીએ. પણ એમાં સ્વસ્થતાનું ખરું કારણ એ છે કે એક જાતની એવી શ્રદ્ધા કે અંતે જે થશે તે સારા માટે છે માટે બહુ ઉદ્વેગ કરવો રહેવા દો. આપણાથી જેટલો વિચાર થાય, એટલો વિચાર કરીને – જે કંઈ થાય તે કરો ને પછી પરિણામની બહુ ચિંતા ન કરવી. એટલે અત્યારે જે પ્રજાજીવનમાં બની રહ્યું છે. એથી હું ઘણો જ અસ્વસ્થ હતો. આમ જુઓ તો બધી રીતે સુખી છું. પૈસે ટકે, સમાજમાં કંઈક સ્થાન છે. વ્યવસાયમાં ઘણો સફળ છું. એંસી વર્ષની ઉંમરે આરોગ્ય પણ પ્રમાણમાં સારું કહેવાય, એ છતાં હું અત્યંત અસ્વસ્થતા અનુભવું છું અને એ મારા લેખોમાં ઘણીવાર પ્રગટ કરી છે. જે પ્રજાજીવન છે એ હું સહન નથી કરી શકતો અને આવું જોવા મારે જીવવું પડે એ પણ મને ભારે પડે છે, એમ કહું તો હું જરાય હું અતિશયોકિત નથી કરતો.

પ્ર. ૧૩: જાહેર જીવનમાં કયારેય કંટાળો આવ્યો છે ખરો? અને જે માણસ પ્રજામાં પહોંચે છે, એ કુટુંબમાં પૂરતો સમય આપી શકતો નથી. તો એ વિશે તમારી શું લાગણી છે અને કુટુંબીજનોના શાં પ્રતિભાઓ અને પ્રત્યાઘાત છે?

જ. ૧૩: આ સવાલ બે ભાગમાં વહેંચી દઉં છું કે જાહેર જીવનનો કંટાળો કોઈ દિવસ આવ્યો છે કે નહીં? મેં ૧૯૨૭મ જાહેર જીવન શરૂ કર્યું. આજે એને બાવન, ત્રેપન કે પંચાવન વર્ષ થયાં અને મારું જાહેરજીવન વધતું જ રહ્યું છે, પણ મારી પ્રકૃતિ એવી છે કે બનતા સુધી હું નવું કામ માથે નથી લેતો. પણ માથે આવી પડે તો પછી અંત સુધી એને પૂરેપૂરું સંભાળું છું એ મારી પ્રકૃતિ છે. એટલે જાહેરજીવન મારું વિસ્તરતું જ રહ્યું છે. સદ્‌ભાગ્યે મારા અનુભવો જાહેરજીવનના સુખદ છે. એટલા માટે હું લગભગ પચાસ સંસ્થાઓ કે ટ્રસ્ટોમાં કામ કરતો હોઈશ – મોટી મોટી સંસ્થાઓ પણ ચલાવું છું, પણ સાથીઓ એવા મળી રહ્યા છે કે જે મારી સાથે કામ કરવામાં આનંદ અનુભવે છે અને મને ઓછામાં ઓછી તકલીફ આપે છે. મારા માર્ગદર્શનમાં એ લોકો કામ કરે છે. પણ કંટાળો ત્યારે આવે છે કે જ્યારે ઘણું કર્યું હોય છતાં પણ કાં તો એનું પરિણામ નથી આવતું, એવું લાગે કે લોકોને એની જેટલી કદર થવી જોઈએ એટલી થતી નથી. એવું લાગે ત્યારે એક ક્ષણભર કંટાળો આવે છે. પણ મારી એ દૃઢ માન્યતા છે કે જે કંઈ સેવાકાર્ય કરીએ, એનું સારું પરિણામ અચૂકપણે આવે જ છે. એટલે હું જાહેરજીવનથી કંટાળ્યો નથી. આજે એંશી વર્ષે પણ હજી મારી પ્રવૃત્તિઓ જરાય ઓછી થઈ નથી. કુટુંબીજનો વિષે કહું તો મારા પરીણિત જીવનની વિષમતા જાણીતી છે. મારી પત્ની અભણ હતી અને મારું જાહેરજીવન શું છે એની એને પોતાને પૂરી ખબર ન હતી અને એને બહુ ગમતું પણ ન હતું. વધારે સમય બહાર આપતો અને એને હું પૂરો સમય આપી શકતો ન હતો. એને કારણે અમારી વચ્ચે જેટલો મનમેળ થવો જોઈએ, એટલો ન હતો. પણ એને મારાથી આપી શકાય એટલું આપ્યું છે એમ હું માનું છું અને એથી વિશેષ એણે અપેક્ષા રાખવી નહોતી જોઈતી એમ પણ હું માનું છું. કુટુંબજીવનમાં મારી પત્ની આ મારા જાહેરજીવનમાં સહભાગી હતી, એમ ન કહી શકું. જ્યારે મારા પુત્રોએ મને પૂરી રીતે સાથ એમાં આપ્યો છે. મારે બે જ પુત્રો છે. મોટું કુટુંબ નથી ને કોઈ જંજાળ રહી નથી. વકીલાતના ધંધામાં પડયા પછી સારી પેઠે કમાયો છું એટલે એ મને બીજી ફરિયાદનું કોઈ કારણ નથી.

પ્ર. ૧૪: તમારા સિવાય તમારો પરમ મિત્ર કોણ?

જ. ૧૪: આ એક બહુ અંગત પ્રશ્ન છે અને મિત્રની વ્યાખ્યા કેવી કરવી અને પરમમિત્ર કોને કહેવા એ સહેલું કામ નથી. મેં મિત્રતા બહુ કરી છે એમ કહી ન શકું. મેં કહ્યું એમ મારો સ્વભાવ એકલવાયો છે. ઘણા ભાઈઓ સાથે બહુ જ મોટા પ્રમાણમાં મારે બહુ જ સારા સંબંધો છે પણ જો મિત્રનો અર્થ

એમ કરતા હો કે અંતરની બધી વાતો એની સાથે સહભાગે કરું તો એવું કોઈ નથી એમ કહેવું પડે. તો પણ, એ મારું દુ:ભાગ્ય લેખું– કે સદ્‌ભાગ્ય એ જુદી વાત છે. પણ મારા મનની વાતો મારાં મનમાં જ રહે છે. સાથીઓ ઘણાં છે જેને હું સાચા અર્થમાં મિત્ર કહું કે જેના ખોળામાં માથું મૂકું–અથવા તો મારી મૂંઝવણ પણ જેને હું કહું એવું કોઈ છે એમ ન કહી શકું.

પ્ર. ૧૫: પણ હતું ખરું?

જ. ૧૫: ખરી રીતે કહું તો મને એવી જરૂર જ નથી પડી એમ કહું તો અતિશયોક્તિ નથી.

પ્ર. ૧૬: કોઈની સાથે મતભેદમાંથી મનભેદ થાય–તો પછી એની સાથે તમે કયો અભિગમ અપનાવો છે?

જ. ૧૬: આ બાબતમાં ગાંધીજીની અસર મારા જીવનમાં વધારે છે એટલે મતભેદને બનતા સુધી મનભેદમાં કયાંય જવા દીધું નથી.

પ્ર. ૧૭: તમારા જીવનની ધન્યતાની પળ કઈ? અને જીવનનો સૌથી વધુ વસવસો કયો?

જ. ૧૭: મારું જીવન એકધારું રહ્યું છે. મેં માંદગી ઘણી ભોગવી છે. મને કેન્સર કહ્યું ને ૧૯૫૯માં ઓપરેશન કર્યું ત્યારે હવે અંતિમ પળ છે એમ સમજીને મેં મારે બધું ય સંકેલી લઈને ઓપરેશન માટે ગયો હતો. જીવનની ધન્યતા મેં સતત અનુભવી છે એમ કહું તો હું અતિશયોક્તિ નથી કરતો. કારણ કે સદ્‌ભાગ્યે મારા હાથે સારા પ્રમાણમાં સમાજસેવાનાં કાર્યો થયાં છે. વસવસો તો એટલો જ છે કે અત્યારનું જે જીવન છે સામાજિક, રાજકીય-એ હું સહન નથી કરી શકતો. અસહ્ય લાગે છે.

પ્ર. ૧૮: એક છેલ્લો સવાલ છે કે ઈશ્વર તમને પુન: જન્મ આપે તો ફરીફરીને જીવાયેલું જીવન જીવવું તમને ગમે? એટલે મારે તમને એમ કહેવું છે કે રીપીટેડ પરફોર્મન્સમાં તમને રસ ખરો?

જ. ૧૮: ના, ના, કારણ કે અત્યારનું જે જીવન છે એની સાધના, જો એ શબ્દ વાપરું તો કષ્ટમય રહી છે, પણ એટલું ખરું કે જીવનથી કંટાળો નથી. મનુષ્યભવને હું ઉત્તમ માનું છું એટલે મોક્ષની મને ઉતાવળ નથી, પણ જો પુનર્જન્મ હોય તો મનુષ્યભવ મળવો દુર્લભ છે અને એની અધૂરી સાધના પૂરી કરવાને માટે ફરીથી એ જન્મ મળે એમ હું ઈચ્છું ખરો!

પ્ર. ૧૯: ચીમનભાઈ તમારી નિખાલસ મુલાકાત બદલ હું તમારો હૃદયપૂર્વક આભાર માનું છું અને તમે જે વિચારધનની વાત કરી. એ વિચારધન આ મુલાકાતમાંથી અમને પૂરતું મળી રહે, એટલી અઢળક સંપત્તિ તમે આપી.

ચીમનભાઈ: હું પણ તમારો ખરેખર આભાર માનું છું.

માત્ર કષ્ટમાં ધર્મ નથી

□ મુનિશ્રી કીર્તિયશવિજયજી

'જ્ઞાનનું મહત્ત્વ ભલે હોય, પરંતુ જ્ઞાનીને જ ધર્મ હોય અને અજ્ઞાનીને ધર્મ ન જ હોય એવું કેમ બની શકે? શું કષ્ટ ભોગનું કાંઈ ફળ જ નથી? કષ્ટ ભોગથી પણ આત્મકલ્યાણ સાધી શકાય છે.' આવું માનનારની માન્યતા અને તેના ઉત્તરને રજૂ કરતાં, સ્તવનકાર પરમર્ષિ શ્રી યશોવિજયજી મહારાજ સીમંધર સ્વામીના સ્તવનમાં જણાવે છે કે–

કોઈ કહે લોચાદિક કષ્ટેં। મારગ ભિક્ષાવૃત્તિ
તે મિથ્યા નવિ મારગ હોવે। જન મનની અનુવૃત્તિ રે ।।

(કેટલાક પરમાર્થને નહિ જાણનારા કહે છે કે 'લોચ, વિહાર વગેરે કષ્ટો સહન કરવાં, તેમ જ ભિક્ષા દ્વારા આજીવિકા ચલાવવી તે પણ માર્ગ છે, અર્થાત્ તે પણ ભગવાનનો ધર્મ છે.' પરંતુ ઉપર કહેલ આ વાત ખોટી છે. કારણ કે શાસ્ત્રજ્ઞાનને આંખ સામે રાખ્યા વિના લોકોના મનને જ અનુસરવું તે કદિ માર્ગ=ધર્મ હોય નહિ.)

જે જીવો અજ્ઞાની છે, જેને શાસ્ત્રમાં શું કહ્યું છે તેનો લેશ પણ ખ્યાલ નથી, જેને ઉત્સર્ગ આચારણા શું અને અપવાદ આચારણા શું? એનું જ્ઞાન નથી અને જેને ગુરુ–લાઘવ (લાભ-હાનિની, નફા-તોટાની) દોષની પિછાણ નથી, એવા કેટલાક અજ્ઞાનીઓ કાંઈ પણ સમજ્યા વિના કેવળ દેહદમનનો આશ્રય લઈ અનેક કષ્ટો સહન કરે છે અને કહે છે કે અનેક પ્રકારનાં કષ્ટો સહન કરવાં તે શું ધર્મ નથી? લોચ કરાવવો, વિહાર કરવો, સ્નાનાદિ ન કરવું, ઠંડી–ગરમી વગેરે અનેક પ્રકારનાં કષ્ટો સહન કરવાં એ પણ ધર્મ જ છે."

વળી તેઓ કહે છે, "અનેકવિધ કષ્ટો સહન કરવાથી પણ કર્મોનો નાશ થઈ શકે છે અને કર્મનાશથી મોક્ષ પ્રાપ્ત થાય છે. આથી 'કષ્ટ ભોગ'ને પણ મોક્ષમાર્ગ માની શકાશે. શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે 'कष्टार्थं दीक्षा' દિક્ષા કષ્ટ માટે છે. આથી શાસ્ત્રોની, સિદ્ધાંતની, આજ્ઞા વગેરેની વાતમાં ઊંડા ઊતરવાની જરૂર રહેતી નથી."

વળી તેઓ એમ પણ કહે છે, "શાસ્ત્રો વિશાળ છે, સિદ્ધાંતો ગહન છે, આજ્ઞાપાલન માટે ઊંડો વિવેક આવશ્યક છે. બધાનું એ સામર્થ્ય ન હોય કે તેઓ આ બધી વાતમાં ઊંડા ઊતરી શકે અને સમજી શકે, આથી કષ્ટ સહન કરવા રૂપ મોક્ષમાર્ગને આરાધી અમે તરી જઈશું."

આવી વાત કરનારે સમજવું જોઈએ કે 'મોક્ષમાર્ગ તેને જ કહેવાય કે જેના દ્વારા આત્મશુદ્ધિ થાય.'

માત્ર કષ્ટ સહન કરવાથી કદી આત્મશુદ્ધિ થઈ શકતી નથી. બહુ બહુ તો સારા આશયને કારણે થોડો પુણ્યબંધ અને સામાન્ય કોટિની નિર્જરા પ્રાપ્ત કરી શકાય, પરંતુ આત્મશુદ્ધિકારક મોક્ષમાર્ગને તો કદી પ્રાપ્ત કરી શકાતો નથી અને આશય જો અશુદ્ધ હોય તો તે કષ્ટભોગ, મહાઅનર્થનું કારણ પણ બને છે.

આત્મશુદ્ધિરૂપ મોક્ષમાર્ગ માટે તો, સૂક્ષ્મ વિવેક અગર સૂક્ષ્મ વિવેકી પ્રત્યેના શુદ્ધ સમર્પણભાવની આવશ્યકતા રહે છે.

'જેનામાં તે ન હોય, તેવો જીવ, ગમે તેટલાં કષ્ટો સહન કરે, તો પણ તે નિરર્થક જ નીવડે છે.' એવું જ્ઞાનીઓએ ફરમાવ્યું છે.

વિવેક વિનાનો કષ્ટભોગ, માત્ર જનમનનું રંજન કરી શકે, પરંતુ આત્મરંજન તો ન જ કરી શકે. એ કષ્ટ ભોગથી જગતની દૃષ્ટિએ ધર્મી બની શકાય; પરંતુ જ્ઞાનીની દૃષ્ટિએ ધર્મી બની શકાતું નથી.

માટે જ શ્રી આનંદઘનજી મહારાજે શ્રી શ્રેયાંશનાથ ભગવાનના સ્તવનમાં ગાયું છે કે–

'નિજ સ્વરૂપ જે કીરીયા સાધે, તેહ અધ્યાત્મ લહીયે રે ।
જે કીરીયા કરી ચઉગતી સાધે, તે ન અધ્યાતમ કહીયે રે ।।'

મહામહોપાધ્યાયશ્રીજીએ પણ ૧૨૫ ગાથાના સ્તવનની ત્રીજી ઢાળમાં કહ્યું છે કે–

'કષ્ટ કરો સંજમ ધરો, ગાળો નિજ દેહ,
જ્ઞાનદશા વિણ જીવને, નહિ દુ:ખનો છેહ.'

૧૮મા પાપસ્થાનકની સજ્ઝાયમાં પણ તેમણે કહ્યું છે કે
'કષ્ટ કરો, પરિ પરિ દમો અપ્પા, ધર્મ અર્થે ધન ખરચોજી.
પણ મિથ્યાત્વ છતે તે જૂઠું, તિણે તેહથી તુમે વિરમોજી.'

O O O

'કિરિયા કરતો ત્યજતો પરિજન, દુ:ખ સહતો મન રીઝેજી,
અંધ ન જીતે પરની સેના, તિમ મિથ્યા દૃષ્ટિ ન સીઝેજી.'

અન્ય શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે–

'જે તીવ્ર કષ્ટને સહન કરે છે, લોકવૃત્તિને અનુસરીને ધર્મને ધારણ કરે છે અને યથેચ્છ પ્રવૃત્તિ કરે છે, તે શાસનનો વૈરી છે.'

વળી આ જ વાતને સ્પષ્ટ કરતાં 'સંબોધ સિત્તરિ' નામના ગ્રંથમાં લખ્યું છે કે– 'હે આત્મન્! તું કષ્ટ કરે છે, દેહદમન કરે છે અને ધર્મને માટે ધનનો ત્યાગ કરે છે, પરંતુ, એ મિથ્યાત્વરૂપ વિષ બિન્દુનો ત્યાગ કરતો નથી, જેથી તું ભવસાગરમાં ડૂબી જઈશ.'

આ જ વાતને સિદ્ધ કરવા માટે યુક્તિ આપતાં સ્તવનકાર શ્રી યશોવિજયજી એ જ સ્તવનમાં જણાવે છે કે–

જો કષ્ટે મુનિ મારગ પાવે । બલદ થાએ તો સારો ।
ભાર વહે જે તાવડે ભમતો । ખમનો ગાઢ પ્રહારો રે ।।

(જો કષ્ટ સહન કરવાથી જ સાધુને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી હોય તો, બળદ અને ઉપલક્ષણથી તિર્યંચ માત્ર સારાં ગણાય, કારણ કે તે વજન ઉપાડે છે, તડકા-તાપમાં ભમે છે અને તીવ્ર પ્રહારોને સહન કરે છે.)

આની પહેલાંની ગાથામાં, 'કષ્ટ સહન કરવું તે પણ માર્ગ છે એમાં વળી આજ્ઞા વગેરે જોવાનું શું કામ છે?' એવું જે આજ્ઞાની જીવો કહે છે, તે મિથ્યા છે એમ કહેવું. હવે તેનું કારણ દર્શાવતાં ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે જો સર્વ ભગવંતોની આજ્ઞા વિના જ માત્ર કષ્ટ ભોગવવાથી મુનિને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થઈ જતી હોય તો બળદ વગેરે તિર્યંચોને જ તે પ્રાપ્ત થવી જોઈએ.

તમે કયા કષ્ટના ઉપભોગને ધર્મ માનો છો?

શું મૂંડન કરાવવામાં જ ધર્મ છે? તો તો ગાડરિયા (ઘેટાં)ને પણ ધર્મપ્રાપ્તિ થવી જોઈએ કારણ કે તે પણ મુંડાવે છે.

જો તમે વનવાસથી ધર્મ માનતા હો તો હરણિયાંઓને જ ધર્મપ્રાપ્તિ થવી જોઈએ.

જો તમે જટા ધારણ કરવામાં ધર્મ માનતા હો તો, વડને જ ધર્મની પ્રાપ્તિ થવી જોઈએ. જો તમે ભસ્મ ચોળવામાં ધર્મ માનતા હો તો, ગધેડાઓને ધર્મપ્રાપ્તિ થવી જોઈએ.

જો તમે નિર્દોષ ભીક્ષાને જ ધર્મ માનતા તો તો, શુકરો (ભુંડો)ને ધર્મપ્રાપ્તિ થવી જોઈએ.

પરંતુ આવું કદી બન્યું નથી, બનતું નથી અને કદી બનશે પણ નહિ માટે જ મહામહોપાધ્યાયશ્રીજીએ 'મનસ્થિરતા'ના પદ્યમાં ગાયું છે કે–

'મુંડ મુંડાવત સબહિ ગડરિયા, હરિણ રોજ વનધામ!
જટાધાર વટ, ભસ્મ લગાવત, રાસભ સહેતુ હૈ ધામ.'
'એ તે પર નહિ યોગકી રચના જો નહિ મન વિશ્રામ,'

આ જ વાતને જ્ઞાનસારમાં જણાવતાં તેઓ શ્રીમદ્ લખ્યું છે કે–

'દેહ ઉપર રાખ ચોળવી, માથાના વાળનો લોચ કરવો, શરીર ઉપર મેલ ધારણ કરવો, આ બધી ક્રિયાઓ દ્વારા બાહ્ય દૃષ્ટિવાળા જીવો, 'આ આત્મા મહાન છે.' એવું સમજે છે. જ્યારે તત્ત્વવેત્તા તો પરિણત જ્ઞાનના સામ્રાજ્ય વડે 'આ આત્મા મહાન છે.' એવું સમજે છે.'

તમે ગમે તેટલું કષ્ટ સહન કરતા હો તો પણ તિર્યંચો જે કષ્ટ સહન કરે છે તેની અપેક્ષાએ તમારા કષ્ટની શું ગણતરી થઈ શકે?

એક બળદનો જ દાખલો લઈએ તો, તે આખો દિવસ મજૂરી કરે છે. એના ઉપર જેટલું મૂકવામાં આવે તેટલું વજન ઉપાડે છે, ગમે તેવો તડકો હોય તો પણ એ તડકામાં ભમે છે, ઉપરથી એને ચાબુક મારવામાં આવે, પરોણાની ધારથી વીંધવામાં આવે, તો પણ સહન કરે છે. પાણી ન મળે તો તરસ્યો તરસ્યો કામ કરે છે. અંતે કતલખાનામાં કપાઈ પણ જાય છે. તમે આમાંનું શું સહન કરો છો? આ આટલું સહન કરવા છતાં એ બળદ કે તેના જેવા બીજા કોઈ પણ તિર્યંચને ભગવાને કહેલ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી નથી, તો પછી અલ્પ કષ્ટ સહન કરનારને ધર્મની પ્રાપ્તિ ક્યાંથી થાય? ધર્મપ્રાપ્તિ તો સૂક્ષ્મ બોધપૂર્વક સર્વજ્ઞ ભગવાનની આજ્ઞાનું પાલન કરવાથી જ થાય. માટે જ શાસ્ત્રોમાં કહ્યું છે કે–

'આજ્ઞામાં ધર્મ છે.'

'હે આત્મન્! ખરેખર આજ્ઞામાં જ ચારિત્ર ધર્મ રહેલો છે. તેથી આજ્ઞાનો ભંગ કરવાથી કયા કયા ધર્મનો નાશ નથી થતો? અર્થાત્ આજ્ઞાભંગ થતાં સર્વ ધર્મનો નાશ થાય છે, આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર, સઘળાય અનુષ્ઠાનો કોના આદેશથી કરશે?'

તેથી જ આ વાત ઉપર વિચાર કરીને, હે ભવ્ય જીવો! તમે અજ્ઞાનનો ત્યાગ કરી, આજ્ઞાનો વિચાર કરી, આજ્ઞા મુજબની જ પ્રવૃત્તિમાં જ યત્ન કરો, જેથી મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય.

કદાચ એવો પ્રશ્ન થશે કે–

"બળદ વગેરે તિર્યંચો જે કષ્ટ સહન કરે છે, તે કાંઈ ઈચ્છાપૂર્વક સહન નથી કરતાં, જ્યારે અમે તો ઈચ્છાપૂર્વક કષ્ટ સહન કરીએ છીએ. અમે જે કષ્ટભોગને ધર્મ કહ્યો છે, તે ઈચ્છા વિનાના કષ્ટભોગને ધર્મ નથી કહ્યો, પરંતુ ઈચ્છાપૂર્વકના કષ્ટભોગને ધર્મ કહ્યો છે. આથી વિપુલ વિટંબણાઓ વેઠતા તિર્યંચોને ઈચ્છાના અભાવે કષ્ટભોગ ધર્મરૂપ ન બને, પરંતુ ઈચ્છાપૂર્વકનો અલ્પ કષ્ટભોગ પણ ધર્મ જ છે."

આવી વિચારધારા ધારણ કરનારે પણ સમજવું જોઈએ કે હજી પણ તેઓ શાસ્ત્ર કથનના હાર્દને સમજ્યા નથી, કારણ કે શાસ્ત્રકારોએ સ્પષ્ટ કહ્યું છે કે વિવેક વિના ઈચ્છાપૂર્વક કરાયેલો કષ્ટભોગ પણ ધર્મરૂપ બની શકતો નથી.

જે કષ્ટભોગ વિવેકપૂર્વકનો હોય, જેમાં આશય-શુદ્ધિ ભળેલી હોય, જે આજ્ઞાને અનુસરતો હોય અને એ જ કારણે અનુબંધ શુદ્ધ હોય તે કષ્ટભોગ આત્મ કલ્યાણકર બની શકે છે.

જેમાં વિવેક ન હોય, આશયશુદ્ધિ ન હોય, સર્વજ્ઞકથિત આજ્ઞાનું અનુસરણ ન હોય અને એ કારણે જેનો અનુબંધ અશુદ્ધ પડતો હોય, તેવો કષ્ટભોગ ધર્મરૂપ નહિ, પરંતુ અધર્મરૂપ જ બને છે. આથી જ મહોપાધ્યાયશ્રીજીએ 'ચડ્યા પડ્યાની સજ્ઝાય'માં ગાયું છે કે–

'બાહ્ય કષ્ટથી ઊંચું ચડવું, તે તો જડના ભામા;
સંયમિ શ્રેણિ શિખરે ચડવું, અંતરંગ પરિણામા રે.'
'તિહાં નિમિત્ત છે બાહિર કિરિયા, તે જો સૂત્રે સાચી;
નહિ તો દુઃખદાયક પગ સાહમું મોર જુએ જિમ નાચી રે.'

આવા આજ્ઞાનતા ભરેલાં કષ્ટ સહન કરનારને વિવેકના અભાવ આદિના કારણે, ભયંકર કોટીના અનુબંધો પડે છે.'

('સન્માર્ગદર્શન'–ભાગ-૧માંથી')

સુધારો

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૭-૮૨ના અંકમાં સંઘ તથા પુસ્તકાલયના હિસાબો પ્રગટ થયા છે, તેમાં નીચે મુજબની ભૂલો રહી ગઈ હતી, તે દર્શાવેલા સુધારા પ્રમાણે વાંચવી.

વિગત	પૃષ્ઠ	છપાયેલી રકમ	સાચી રકમ
૧. સંઘનું સરવૈયું: મિલકત અને લહેણામાં			
શ્રી મ.મો. શાહ સાર્વજનિક વાચનાલય તથા પુસ્તકાલય ખાતે	૫૧	૭૯,૬૬૧–૦૨	૭૯,૬૧૧–૦૨
૨. રોકડ તથા બેન્ક બાકીમાં:			
બેન્ક ઓફ ઈન્ડિયા ફિક્સ્ડ ડિપોઝિટ ખાતે	૫૧	૩,૭૧૧–૮૦	૩,૭૧,૧૮૦–૦૦
બેન્ક ઓફ બરોડા ફિક્સ્ડ ડિપોઝિટ ખાતે	૫૧	૧,૪૦૦–૦૦	૧,૪૦,૦૦૦–૦૦
યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા ડિપોઝિટ ખાતે	૫૧	૧,૨૧૦–૦૦	૧,૨૧,૦૦૦–૦૦
૩. 'પ્રબુદ્ધ જીવન'નું આવક ખર્ચનું ખાતું:			
ભેટના - પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ તરફથી	૫૩	૨૯,૮૧૯–૧૦	૫,૦૦૦–૦૦
અન્ય રોકડ ભેટના	૫૩	૫,૦૦૦–૦૦	૨૯,૮૧૯–૧૦
૪. વહીવટી તથા વ્યવસ્થા ખર્ચ:			
પોસ્ટેજના	૫૩	૩૫,૪૦૩–૬૦	૩,૫૦૩–૬૦

અહિંસા : અખંડની સ્વીકૃતિ

☐ મુનિ સુખલાલ ☐ અનુ: ચુનીભાઈ દેઢિયા

અધ્યાત્મ ચરમ કોટિનો વ્યક્તિવાદ છે, કેમ કે અંતિમ સચ્ચાઈ વ્યક્તિ જ છે. પરિવાર, સમાજ કે રાષ્ટ્રના જે વર્તુળ વિસ્તરે છે એ બધાના કેન્દ્રમાં વ્યક્તિ છે. કેન્દ્રમાં જો વ્યક્તિ ન હોય તો એ બધાં વર્તુળ બની જ ન શકે. વ્યક્તિ જો સ્થિર બને છે તો એની ચારે બાજુ વિસ્તરતાં પરિધ સ્થિર બની શકે છે. જો વ્યક્તિ અસ્થિર બની જશે તો બધા પરિધ એકબીજાને છેદવા લાગશે એટલે અધ્યાત્મ એ વ્યક્તિને સુસ્થિર આત્મકેન્દ્રિત બનાવનાર વિજ્ઞાન છે.

વ્યક્તિવાદનાં જોખમો: કુટુંબ, સમાજ કે રાષ્ટ્રની દૃષ્ટિથી વિચાર કરનારને લાગે છે કે જ્યારે જીવન વ્યક્તિમાં સીમિત થઈ જાય છે તો તે એટલું બધું સ્વાર્થમય બની જાય છે એને માટે બાકીનું બધું ગૌણ બની રહે છે. તે કેવળ પોતાને માટે જ જીવવા ઈચ્છે છે. પોતાને માટે જે કંઈ પણ કરવું પડે તે કરવા માટે તૈયાર હોય છે. એનાથી એક અવ્યવસ્થા ફેલાય છે. ગાંધીજીએ કહ્યું છે, 'અફાટ વ્યક્તિવાદ વન્ય પશુઓનો નિયમ છે.' દુનિયામાં અનેક વખત એવી વ્યક્તિઓ પેદા થઈ છે, જેમણે પોતાને ચિત્રિત કરવા માટે બાકીની બધી રેખાઓ ભૂંસી દીધી હોય.

ચંગિઝખાન, નાદિરશાહ, અંગૂલીમાલ વગેરે એનાં ઉદાહરણો છે. એકને સુરક્ષિત રાખવા બીજાનો નાશ કરવો એ જંગલનો ન્યાય છે. સભ્યતા અને સંસ્કૃતિના ફૂલ બીજાની સ્વીકૃતિની ડાળી ઉપર જ ખીલી શકે છે. કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર બીજાની સ્વીકૃતિનું જ પરિણામ છે.

અહીં અહિંસા એક વ્યાપક અર્થ ધારણ કરે છે. એની નજરમાં કુટુંબ, સમાજ કે રાષ્ટ્ર પણ અંતિમ સ્વીકૃતિ નથી. અંતિમ સ્વીકૃતિ મનુષ્ય પણ નથી. પશુ, કીડી-મંકોડા અને એકેન્દ્રીય જીવોને પણ અહિંસાની નજરે જીવવાનો અધિકાર છે. અહિંસાનું ચિંતન સમાજ અને રાષ્ટ્રથી પણ ઉપર છે એટલે કે તે માત્ર આત્મલોલુપી નથી.

અહિંસાની દૃષ્ટિ સમસ્ત સાથે જોડાયેલી છે. જો તે સમસ્તથી તૂટીને સમાજ અને રાષ્ટ્રનો વાડો બનાવે છે તો તે અહિંસા નથી કહેવાતી; અલબત્ત તે વ્યક્તિવાદ કે સ્વાર્થનો વિસ્તાર તો છે પણ અધ્યાત્મ એ વિસ્તારમાં મર્યાદાઓ જુએ છે. અધ્યાત્મની સામે કોઈ સીમા-મર્યાદા નથી, તે નિ:સીમ છે. સીમિત સમાજવાદ અને રાષ્ટ્રવાદે આજે ઘણી સમસ્યાઓ ઊભી કરી છે. આજે દુનિયા માત્ર અલગ અલગ વાદોમાં વહેંચાઈ ગઈ છે અને એક જ વાદમાં માનનાર આપસમાં હિંસામાં રચ્યાપચ્યા રહે છે. એક જમાનામાં સામ્યવાદે સામ્રાજ્યવાદ સામે અવાજ ઉઠાવ્યો હતો. સામ્યવાદ અસલમાં મનુષ્યમાત્રની ભલાઈની સ્વીકૃતિ છે. પણ જ્યારે તે સંકુચિત રાષ્ટ્રવાદમાં ફસાઈ ગયો તો રશિયા અને ચીન જેવા મિત્રદેશ પણ શસ્ત્ર લઈને સામસામા આવી ગયા છે. આજે સામ્યવાદી જ સામ્યવાદીને મારી રહ્યા છે. આ અહિંસાની ખંડ સ્વીકૃતિનું પરિણામ છે.

અખંડની સ્વીકૃતિ: અહિંસાની સ્વીકૃતિ અખંડની સ્વીકૃતિ છે; એટલે તે સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ થતાં થતાં સમસ્ત સુધી પહોંચી જાય છે. તે સંકુચિત વ્યક્તિવાદ નથી પરંતુ વ્યાપક સમષ્ટિવાદ છે. તે સમાજ અને રાષ્ટ્રથી પણ ઉર્ધ્વમુખી ચિંતન છે, એટલે અહિંસાને 'સર્વભૂત ખેમંકરી' બધા જીવો માટે કલ્યાણકારી કહેવામાં આવી છે.

અહીં એક સવાલ પેદા થાય છે – શું પરિવાર, સમાજ અને રાષ્ટ્રની દૃષ્ટિથી ઊભી થતી અહિંસા શું સાચી અહિંસા નથી? અહીં અહિંસાને સત્ય સાથે જોડવામાં આવે છે. ભગવાન મહાવીરે સત્ય ઉપર ખૂબ ભાર મૂક્યો છે. એને માટે તેઓ સમ્યક્‌ત્વ શબ્દનો ઉપયોગ કરે છે. ભગવાન મહાવીરે જ નહીં, બધા જ તત્ત્વદૃષ્ટાઓએ આ વાત પર ભાર મૂક્યો છે.

જીવહાનિ અને અહિંસા: ખરેખર હિંસા માત્ર જીવહાનિથી જ નથી થતી. જીવહાનિ સાથેસાથ તે ઊંડા મનોભાવો સાથે જોડાયેલી છે. જો માત્ર જીવહાનિ જ હિંસા હોય તો એનાથી આપણે સહજ રીતે ઘણી વાર બચી શકીએ છીએ, પરંતુ કોઈની જીવહાનિ ન કરવી તેટલા માત્રથી અહિંસક ચિત્તદશા નથી બની જતી. મૌનનો અર્થ માત્ર 'ન બોલવું' તે નથી. બધા વખત કોઈ પણ માણસ બોલી જ ન શકે. વધુ વખત તો તે મૌનમાં જ રહે છે. ઊંઘમાં મૌન રહે છે; પરંતુ તે મૌનની ચિત્ત-દશા નથી. મૌન તો ત્યારે શરૂ થાય છે, જ્યારે માણસ સંકલ્પપૂર્વક નથી બોલતો. એવી રીતે દરેક ક્ષણે કોઈ પણ માણસ હિંસામાં પ્રવૃત્ત નથી રહી શકતો; મોટા ભાગના સમયમાં તો તે હિંસાથી દૂર જ રહે છે, પરંતુ એનું હિંસાથી દૂર રહેવું 'હિંસા-વિરતિ' નથી કહી શકાતું. કેમ કે, તે વિરતિ એની મનોદશા સાથે જોડાયેલી નથી હોતી.

એને નકારાત્મક રૂપથી જોઈએ તો પણ જીવહાનિને સર્વથા હિંસાની સાથે ન જોડી શકાય; કેમ કે જો જીવહાનિ જ હિંસા છે તો અનાથી બચવું સર્વથા સંભવ નથી. વ્યક્તિ ભલે દરેક ક્ષણે હિંસા ન કરે, પરંતુ આખા જીવનમાં સંપૂર્ણ અહિંસા કઈ રીતે સંભવી શકે? ખાવાપીવા અને ઊઠવા બેસવા સુધી પ્રત્યક્ષ-પરોક્ષ રીતે જીવહિંસા જોડાયેલી જ છે, પણ જો ચિત્તવૃત્તિ એની સાથે જોડાયેલી ન હોય તો તે હિંસા નથી કહેવાતી; એટલે સમાજ અને રાષ્ટ્રના સંદર્ભમાં થનાર હિંસા ઉપર પણ સાપેક્ષ દૃષ્ટિએ વિચાર કરવો જોઈએ.

અહિંસા અને સત્ય: જો વ્યક્તિની દૃષ્ટિમાં સમ્યક્‌ત્વ છે અને તે અનિવાર્ય કોટિની કોઈ હિંસા કરે છે તો એ હિંસાને અહિંસા તો નહીં કહી શકાય, પણ એમાં અહિંસાનો મનોભાવ જોડી શકાય છે. અહિંસા નિ:સ્વાર્થ મનોવૃત્તિ છે. જ્યાં એને સ્વાર્થ ઘેરવા લાગે કે તે તરત હિંસા બની જાય છે. વ્યક્તિ જો સમસ્ત સાથે જોડાઈને પોતાની અક્ષમતાને કારણે કોઈ સીમા સુધી હિંસા કરે, પણ મનોભાવથી તે વ્યાપક અહિંસક બની શકે છે. આ સૂક્ષ્મ વિવેચના અહિંસાને ઉદાર દૃષ્ટિકોણ આપે છે. અધ્યાત્મ હિપ્પીઓ જેવો નિરંકુશ વ્યક્તિવાદ નથી; વાસ્તવમાં તે પરિપૂર્ણ સમાજવાદ છે.

પોતાના 'હું'ને સંપૂર્ણ રૂપમાં ભોગવવો તે ચરમ અધ્યાત્મ છે. જ્યારે તે સમષ્ટિની સાથે જોડાઈ જાય છે ત્યારે વ્યાપક બની જાય છે. આ વાતને વધુ સ્પષ્ટતાથી કહેવી હોય તો એમ કહેવું જોઈએ કે, તે માત્ર પોતાને માટે જ નહીં જીવી શકે, જ્યાં પણ અનાથી બીજાઓને હાનિ થશે કે તરત એ પોતાનો હાથ ત્યાંથી લઈ લેશે. સૂક્ષ્મ જીવોની હિંસા માટે પણ એની મનોદશામાં સ્થાન નહીં હોય. આ દૃષ્ટિએ અહિંસા ક્ષુદ્ર સ્વાર્થવાદ નથી, પરંતુ સમષ્ટિની સાથે જીવવાનું વિજ્ઞાન છે. વિશુદ્ધ વ્યક્તિવાદ જ સંપૂર્ણ સમષ્ટિવાદ છે. સંપૂર્ણ વ્યક્તિવાદમાં જીવનાર વ્યક્તિ જ સંપૂર્ણ સમષ્ટિવાદમાં જીવી શકે છે.

–('તીર્થંકર'માંથી સાભાર)

પ્રતિસેવના

[] ડૉ. રમણલાલ ચી. શાહ

કોઈકના માંદગીના સમાચાર સાંભળતાં આપણાથી સહજ પુછાઈ જાય છે, 'શું થયું છે?' સામાન્ય રીતે રોગનું નામ કહેવાય છે અને દાકતરે રોગનું બરાબર નિદાન કર્યા પછી ઉપચાર થાય છે. કોઈક વખત એવું પણ સાંભળીએ છીએ, 'છેલ્લી ઘડી સુધી શું રોગ હતો તે જ ખબર ન પડી. યોગ્ય નિદાન થયું નહિ અને માણસ મૃત્યુ પામ્યો.' કોઈક વખત એવું સાંભળીએ છીએ, 'નિદાન બરાબર હતું, પરંતુ દવા બરાબર નિયમિત થઈ નહિ.' તો કોઈ વખત સાંભળીએ છીએ કે 'દવા લાગુ પડી નહિ, કારણ કે રોગ ઘણો આગળ વધી ગયો હતો.'

રોગ થવો, એનાં કારણોની તપાસ થવી, યોગ્ય નિદાન થવું, ઉપચાર નક્કી થવો, ઉપચારનો બરાબર અમલ થવો અને દર્દી સાજો થવો – આ બધા તબક્કામાં જેઓ અત્યંત સાવધ રહી ચીવટપૂર્વક વર્તે છે તે રોગથી મુકત થઈ શકે છે.

જેમ શરીરના રોગ હોય છે એમ મનના અને આત્માના રોગ પણ હોય છે. શરીરના રોગનાં ચિહ્નો તરત નજરે પડે છે, પરંતુ મન અને આત્માના રોગનાં ચિહ્નો જણાતાં વાર લાગે છે. કયારેક જણાતાં પણ નથી. વળી, તેના ઉપચારો પણ સૂક્ષ્મ હોય છે અને તેનું પરિણામ પણ વિલંબિત હોય છે.

રોગના નિરાકરણ માટે દર્દી પોતાની વાત જો પ્રામાણિકપણે કહી દે તો દાકતરને નિરાકરણ કરવામાં અનુકૂળતા રહે છે. જો તે છુપાવે તો કેટલીકવાર ઉપચાર ઊંધા પણ પડે. પ્રાચીન સમયનું એક સરસ દૃષ્ટાંત છે. એક તાપસ વનમાં ખૂબ તપશ્ચર્યા કરતો અને ફળફળાદિ ખાઈને પોતાનો નિર્વાહ કરતો. એક દિવસ એક સ્થળેથી બીજે સ્થળે એ જતો હતો. એને કકડીને ભૂખ લાગી હતી; પરંતુ આસપાસ કયાંય કશું ખાવાનું મળ્યું નહિ. એમ કરતાં કરતાં તે એક નદી પાસે આવ્યો. તેની ભૂખ વધી ગઈ હતી. એણે કેટલાક માછીમારોને નદીમાંથી માછલી પકડતા જોયા. માછીમારો પછી માછલી રાંધીને ખાવા બેઠા. તાપસને બહુ ભૂખ લાગી હતી. એટલે માછીમારોએ આપેલી માછલી એણે પેટ ભરીને ખાધી, પરંતુ એણે પહેલાં કયારેય માછલી ખાધી નહોતી. એટલે અજીર્ણના દોષને કારણે તાવ આવ્યો. આશ્રમમાં એ પહોંચ્યો ત્યારે એની તબિયત ઘણી બગડી ગઈ. સામાન્ય ઉપચારોની કંઈ અસર ન થઈ. એટલે વૈદ્યે કહ્યું, 'મારો ઉપચાર ઊંધો પડયો છે. માટે તમારાથી જરૂર કોઈ એવી વસ્તુ ખવાઈ ગઈ હશે જે તમને યાદ આવતી નહિ, હોય માટે બરાબર યાદ કરો.' પરંતુ તાપસે ફરીથી કહ્યું કે પોતે ફળાહાર સિવાય કશું જ ખાધું નથી. વૈદ્યના જુદા જુદા બધા ઉપચારો ઊંધા પડવા લાગ્યા. હવે કદાચ પ્રાણ બચશે નહિ, એમ તેણે તાપસને જણાવ્યું. વૈદ્યે ફરી એક વખત તાપસને કહ્યું, 'તમે જે ખાધું હોય તે હજુ બરાબર યાદ કરો, કારણ મારા બધા ઉપચારો ઊંધા પડે છે ને તમારો જાન હવે જોખમમાં છે.' એટલે તાપસે કબૂલ કર્યું કે પોતે માછલી ખાધી છે. વૈદ્યે તરત જ એ પ્રમાણે ઉપચારોમાં ફેરફાર કર્યા અને થોડા દિવસમાં તાપસ સાજો થઈ ગયો.

જેમ તાપસની બાબતમાં તેમ પોતાના જીવનની બાબતમાં માણસ જો પોતાના દોષોનો સમયસર પ્રામાણિકપણે એકરાર કરી લે છે તો તે ભૌતિક, નૈતિક અને આધ્યાત્મિક નુકસાનમાંથી બચી જઈ શકે છે.

સ્નાન, પ્રક્ષાલન, દંતધાવન ઈત્યાદિ દ્વારા પ્રતિદિન પોતાના દેહની શુદ્ધિ માટે મનુષ્ય જેટલો પ્રયત્નશીલ હોય છે તેટલો ચિત્તની શુદ્ધિ કે આત્માની શુદ્ધિ માટે હોતો નથી. આત્માનું સ્વરૂપ કેવું છે, આત્માના ગુણો કયા કયા છે, આત્માને કયા દોષોથી બચાવવાનો હોય છે તે જે જાણે છે તે આત્માની વિશુદ્ધિ માટે પ્રયત્નશીલ રહે છે.

દોષોનું સેવન કરવાથી આત્મા અશુદ્ધ બને છે. આ પ્રકારના સેવનને શાસ્ત્રીય પરિભાષામાં 'પ્રતિસેવના' કહેવામાં આવે છે. પ્રતિસેવના થવાનાં દસ મુખ્ય કારણો છે. ભગવતીસૂત્રમાં કહ્યું છે: 'દસવિહા પડિસેવણા પણ્ણત્તા.' આ દસ પ્રકારની પ્રતિસેવના નીચે પ્રમાણે છે:

(૧) **દર્પ પ્રતિસેવના:** અહંકારને કારણે થતી સંયમની વિરાધના.

(૨) **પ્રમાદ પ્રતિસેવના:** મદ્યપાન, વિષય, કષાય, નિદ્રા, અને વિકથા એ પાંચ પ્રકારના પ્રમાદના સેવનથી જીવનમાં આવતી અશુદ્ધિ.

(૩) **અનાભોગ પ્રતિસેવના:** અનાભોગ એટલે અજ્ઞાન. એને કારણે થતાં દુષ્કર્મો.

(૪) **આતુર પ્રતિસેવના:** ક્ષુધા, તૃષા વગેરેની પીડાથી વ્યાકુળ થઈ મનુષ્ય જે પાપનું સેવન કરે તે.

(૫) **આપત્પ્રતિ સેવના:** આપત્તિ આવી પડતાં થતી ચારિત્રની શિથિલતા. ચાર પ્રકારની મુખ્ય આપત્તિ ગણાવાય છે: (૧) દ્રવ્યાપત્તિ (યોગ્ય આહાર આદિ ન મળે) (૨) ક્ષેત્રાપત્તિ (ભયંકર જંગલ કે અનાર્ય પ્રદેશમાં સંયમ ન સચવાય) (૩) કાલાપત્તિ (દુકાળ, રેલ, ધરતીકંપ વગેરે કુદરતી સંકટોમાં વ્યાકુળ થઈ મનુષ્ય અકાર્ય કરે) (૪) ભાવાપત્તિ–(માંદગી, અસ્વસ્થતા વગેરેને કારણે મનુષ્ય ચિત્ત ઉપરનો સંયમ ગુમાવી બેસે તે).

(૬) **સંકીર્ણ પ્રતિસેવના:** આહાર વગેરેમાં દોષની શંકા થવા છતાં તેનો ઉપયોગ કરવાથી થતી વિરાધના.

(૭) **સહસાકાર પ્રતિસેવના:** અચાનક વગર વિચાર્યે થઈ જતું અનુચિત કાર્ય.

(૮) **ભય પ્રતિસેવના:** અપમાન, લોકનિંદા, સજા, મૃત્યુ ઈત્યાદિના ભયને કારણે મનુષ્ય અસત્ય વગેરેનો આશ્રય લે તે.

(૯) **પ્રદ્વેષ પ્રતિસેવના:** ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયો કે દ્વેષ અથવા ઈર્ષ્યાને કારણે મનુષ્ય અસત્ય બોલે, બીજા ઉપર આળ ચડાવે અથવા નિંદા કરે તેવું અકાર્ય.

(૧૦) **વિમર્શ પ્રતિસેવના:** કોઈની પરીક્ષા કે કસોટી કરવાના ઈરાદાથી જાણી જોઈને ખોટો આરોપ મૂકવામાં આવે તેવું કાર્ય.

ચિત્તશુદ્ધિ માટે આ દસ પ્રકારની પ્રતિસેવનાથી બચવાની આવશ્યકતા છે. જીવન એટલું બધું સંકુલ અને ગહન છે કે પ્રતિસેવના રૂપી સૂક્ષ્મ રોગ કયારે ચિત્તમાં પેસી જાય છે તેની ખબર પડતી નથી. એ રોગનું નિદાન વ્યકિતએ પોતે કરવાનું રહે છે અને નિદાન થયા પછી તેનો ઉપચાર પણ તરત કરવાનો રહે છે. પોતાના જીવનમાં આવી જતી ત્રુટિ કે અશુદ્ધિનાં શોધન અને શુદ્ધિ માટે માણસ જો વિલંબ કરે તો જંગલમાં પગમાં વાગેલા કાંટા તરત દૂર ન કરનાર શિકારી જેમ સિંહના હુમલા વખતે દોડી ન શકયો અને સિંહનો ભોગ બન્યો તેના જેવી સ્થિતિ થાય. દોષરૂપી કાંટાના તત્કાલ શોધનની આવશ્યકતા ઉપર એટલા માટે જ શાસ્ત્રકારોએ ભાર મૂકયો છે. રોગની જેમ દોષોની બાબતમાં પણ મનુષ્ય પ્રમાદી બની જાય છે. એટલા માટે જ પોતાના જીવન વ્યવહારનું પ્રતિક્ષણ અવલોકન કરવું અને દોષોનું તત્ક્ષણ શોધન કરવું એ ઉત્તમ પુરુષોનું લક્ષણ ગણાયું છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ વાર્ષિક અહેવાલ

વ્યક્તિના જીવનની ઉલ્લાસમય પ્રવૃત્તિનું એક વર્ષ પૂરું થાય તો પણ એની મર્યાદા છે, જ્યારે સંસ્થાની પ્રવૃત્તિઓના ધબકારાનું એક વર્ષ પૂરું થતાં એને નવું બળ મળે છે. સંઘની પ્રવૃત્તિનું ૫૩મું વર્ષ પૂરું કરતાં અમારી સાથે આપ સૌને પણ આવી જ અનુભૂતિ થતી હશે, એવી શ્રદ્ધા સાથે ૫૩મા વર્ષનો અહેવાલ અમે રજૂ કરીએ છીએ.

વહીવટી અને આર્થિક દૃષ્ટિએ તા. ૧-૧-૧૯૮૧થી તા. ૩૧-૧૨-૮૧ સુધીનો અને કાર્યવાહીની દૃષ્ટિએ છેલ્લી વાર્ષિક સામાન્ય સભા તા. ૭-૧૧-૧૯૮૧ના રોજ મળી ત્યારથી આજ સુધીનો એટલે કે તા. ૩૧-૭-૮૨ સુધીનો છે. સંઘના સભ્યોની સંખ્યા આજે નીચે મુજબ છે :

૧૨૫ પેટ્રન સભ્યો
૧૩૯૪ આજીવન સભ્યો
૩૦૦ સામાન્ય સભ્યો
૧૧૦૫ પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો

"પ્રબુદ્ધ જીવન" અને તેની આર્થિક બાજુ

"પ્રબુદ્ધ જીવન" એક વૈચારિક પત્ર છે અને પ્રથમ હરોળના સામયિકોમાં એનું વિશિષ્ટ સ્થાન છે. ગાંધીજી જેવું સરળ ગદ્ય અને ન્યાયયુક્ત, તટસ્થ તેમ જ અભ્યાસપૂર્ણ વર્તમાન રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય પ્રવાહોની "પ્રબુદ્ધ જીવન"ના તંત્રી અને સંઘના પ્રમુખ શ્રી ચીમનભાઈ ચકુભાઈ શાહની સમીક્ષા વાચકવર્ગને જકડી રાખે છે અને ઉત્તરોત્તર અંકોની પ્રતીક્ષા જગાવે છે. સહતંત્રી ડૉ. રમણભાઈ સી. શાહનું પ્રદાન "પ્રબુદ્ધ જીવન"ની યાત્રા સરળ બનાવે છે.

વર્ષ દરમિયાન "પ્રબુદ્ધ જીવન"ને રૂા. ૬૯૮૯૧-૫૦ની આવક થઈ અને રૂા. ૬૮,૧૪૫-૦૨નો ખર્ચ થયો. પરિણામે વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો વધારો રૂા. ૧૭૪૬-૪૮નો થયો. છાપકામના ભાવમાં થયેલો ૧૦૦ % વધારો અને કાગળના ભાવમાં થયેલા ૪૦ % ના વધારાને લક્ષમાં રાખી અમે સંઘની ઝોળી આપ સમક્ષ ધરી. આપ સૌ ભાવુક શુભેચ્છકોએ વર્ષ દરમિયાન રૂા. ૩૪૮૫૯-૫૦નું અર્થ-સિંચન કર્યું. પરિણામે બન્ને પાસાં સરભર થયાં છે. વધતી જતી મોંઘવારી અને ખર્ચને લક્ષમાં રાખી ઉત્તરોત્તર આપ સૌના પ્રેમાળ અને મમતાભર્યા સહકારની અમે અપેક્ષા રાખીએ છીએ. શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ તરફથી પણ રૂા. ૫૦૦૦/- ભેટ મળ્યા છે તે માટે તેમના અમો આભારી છીએ.

'શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય'

પુસ્તકાલયમાં વર્ષ દરમિયાન રૂા. ૧૮,૩૨૯-૧૦નાં પુસ્તકો વસાવવામાં આવ્યાં, વાચનાલય અને પુસ્તકાલયના સંચાલન પાછળ વર્ષ દરમિયાન રૂા. ૬૪૮૪૩-૦૭નો ખર્ચ થયો અને આવક ૩૯૪૨૧-૩૯ની થઈ, જેમાં બૃહદ મુંબઈ મહાનગરપાલિકા તરફથી મળેલ ગ્રાંટના રૂા. ૨૫૦૦૦-૦૦નો સમાવેશ થાય છે. એટલે વર્ષ આખરે આવક કરતાં ખર્ચનો વધારો રૂા. ૨૫૪૨૧-૬૮નો થયો. આગલા વર્ષોના આવક-ખર્ચ ખાતાની ખાધના રૂા. ૭૪૩૦૪-૫૦માં આ રકમ ઉમેરતાં અત્યાર સુધીની ખાધ રૂા. ૯૯૭૨૬-૧૮ થઈ.

બૃહદ મુંબઈ મહાનગરપાલિકાએ વાચનાલય–પુસ્તકાલયને ગત વર્ષમાં રૂા. ૨૦૦૦૦ની ગ્રાંટ ચાલુ વર્ષમાં વધારીને રૂા. ૨૫૦૦૦/-ની કરી. તે માટે અમો તેમના આભારી છીએ. ગ્રાંટ વધારી આપવાનો યશ કાર્યવાહક સમિતિના સભ્ય અને ઘાટકોપર વિભાગના કોર્પોરેટર શ્રી હરિભાઈ ગુલાબચંદ શાહને ઘટે છે, જેની નોંધ લેતાં અમે એમના પણ આભારી છીએ.

પુસ્તકાલયનું ફંડ રૂા. ૫૫૦૦-૦૦ છે. હાલ પુસ્તકાલયમાં ૧૨૪૨૫ પુસ્તકો છે. પુસ્તકાલયમાંથી ફાટી ગયેલાં અને રદ્દી થયેલાં અતિ જૂનાં એવાં ૭૨૫ પુસ્તકો રદ કર્યાં છે. પુસ્તકો વાંચવા માટે ઘેર લઈ જનાર પાસેથી ડિપોઝિટ રૂા. ૨૦-૦૦ અને વાર્ષિક લવાજમના રૂા. ૧૫-૦૦ તેમ જ અર્ધ-વાર્ષિક રૂા. ૧૦-૦૦ લેવામાં આવે છે.

વાચનાલયમાં ૬ દૈનિક, ૨૮ સાપ્તાહિક, ૧૪ પાક્ષિક, ૪૧ માસિક અને ૯ વાર્ષિક સહિત ૯૮ સામયિકો આવે છે. ભાષાકીય દૃષ્ટિએ ૮૧ ગુજરાતી, ૮ હિન્દી, ૭ અંગ્રેજી અને ૨ મરાઠી સામયિકો આવે છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા :

ડૉ. રમણલાલ સી. શાહના પ્રમુખસ્થાને યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૨૬-૮-૧૯૮૧ થી ૩-૯-૧૯૮૧ સુધી એમ નવ દિવસ માટે ચોપાટી પર આવેલા બિરલા ક્રિડા કેન્દ્રના સભાગૃહમાં યોજવામાં આવી હતી. વિશાળ જગ્યા અને પટાંગણ હોવા છતાં શ્રોતાઓની ભીડને લક્ષમાં લેતાં આ જગ્યા પણ સાંકડી પડે એવો સંભવ છે.

વ્યાખ્યાનમાળાના ખર્ચ માટે સ્વ. મહાસુખભાઈ શાહના સ્મરણાર્થે શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઈ શાહ તરફથી રૂા. ૧૫૦૦૦/-ની ભેટ મળી હતી. સંઘ પ્રત્યેની એમની મમતા માટે એમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. આ વર્ષની વ્યાખ્યાન-માળાનો ખર્ચ રૂા. ૨૧૨૩૪-૭૫ થયો હતો.

વ્યાખ્યાનમાળાના વક્તાઓ અને તેમના વ્યાખ્યાનના વિષયોની વિગત આ પ્રમાણે છે:

વક્તાઓ	વ્યાખ્યાનનોવિષય
શ્રી શશિકાંત મહેતા	ઈરિયા વહિ-મૈત્રી અને મનોગુપ્તિનો રોગ
શ્રી કિરણભાઈ	જપ અને અજપા
ડૉ. કુમારપાળ દેસાઈ	દુ:ખની શોધ
મુનશ્રી વાત્સલ્યદીપ	એકાંતે કોલાહલ
પ્રા. અશ્વિનભાઈ કાપડિયા	સાવિત્રી : શ્રી અરવિંદનું યોગદર્શન
ડૉ. સાગરમલજી જૈન	जैन धर्म की मनोवैज्ञानिकता:
ડૉ. નરેન્દ્ર ભાનાવત	क्षमा: स्वरुप और प्रक्रिया
આ. જયેન્દ્ર ત્રિવેદી	માણસ, માળખું અને મૂલ્ય.
ડૉ. ગુણવંત શાહ	અર્જુનનો નહિ, આપણો વિષાદયોગ
શ્રી પુરુષોત્તમ માવળંકર	એકલો જાને રે!
કુ. ઈન્દુબહેન ધાનક	ભક્તિ–ગીતો
શ્રી હરીન્દ્ર દવે	સ્વપ્ન અને અવતારસ્વપ્નો
પૂ. મોરારીબાપુ	રામાયણમાં સંસ્કૃતિ દર્શન
ડૉ. હીરાબહેન બોરડિયા	જૈન સાહિત્યમેં માતાકા સ્થાન
શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	સ્વસ્થ સમાજ
ડૉ. રમણલાલ ચી. શાહ	નિયાણું
શ્રી મોરારજી દેસાઈ	ધર્માંતર
શ્રીમતી સુમતિબહેન થાણાવાળા	ભક્તિસંગિત
„ બિન્દુબહેન મહેતા	ધર્મનો પાયો-તપ
મુનિશ્રી અરૂણવિજયજી	જૈન ધર્મમાં મોક્ષનું સ્વરૂપ

વસંત વ્યાખ્યાનમાળા :

છેલ્લા ચૌદ વર્ષથી યોજવામાં આવતી આ વ્યાખ્યાનમાળા ૮૧ વસંત વટાવી ચૂકેલા અને છતાં વસંતઋતુ જેવી તાજગી ધરાવતા મુ. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખસ્થાને તા. ૧૨-૪-૮૨થી

તા. ૧૪-૪-૮૨ એમ ત્રણ દિવસ માટે યોજવામાં આવી હતી. તેમાં 'આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ' (International Situation) એ વિષય રાખવામાં આવ્યો હતો.વકતાઓ અને એમના વ્યાખ્યાનના વિષયો નીચે પ્રમાણે રાખવામાં આવ્યા હતા.

શ્રી આઈ. કે. ગુજરાલ	પોલેન્ડ અને મહાસત્તાઓ
ડૉ. પી. એમ. કામઠ	ભારત અને તેના પડોશી રાષ્ટ્રો
ડૉ. રમેશ બાબુ	મહાસત્તાઓનો સંઘર્ષ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત અને ખંભાત નિવાસી શ્રી. મહાસુખભાઈ પ્રેરિત " પ્રેમળ જ્યોતિ "

તા. ૨૦-૧૦-૧૯૭૬ થી શરૂ થયેલી આ પ્રવૃત્તિના કન્વીનર તરીકે શ્રી નીરૂબહેન સુબોધભાઈ શાહ તથા તેમના સાથી તરીકે શ્રીમતી કમલબહેન પીસપાટી ખૂબ જ સારી રીતે કામગીરી બજાવી રહ્યાં છે. ઉત્તરોત્તર આ પ્રવૃત્તિને વ્યાપક સાથ મળી રહ્યો છે.

વર્ષ દરમિયાન બે અંધજનોને અને એક બહેરામૂંગા બહેનને આવકનાં સાધનો ઊભાં થાય અને એ રીતે પગભર થાય એ માટે સ્ટોલ આપવામાં આવ્યા. આ રીતે બે સ્ટોલ ઘાટકોપરમાં અને એક સ્ટોલ દાદર ખાતે ઊભા થયા. એક સ્ટોલ માટે રૂ. ૩૫૦૦/-નો ખર્ચ થાય. એ માટે ઘાટકોપરના બે સ્ટોલ માટે શ્રી નવિનભાઈ કેશવલાલ કાપડિયા અને શ્રીમતી ચંપાબેન લક્ષ્મીચંદ વોરાના પરિવાર તરફથી એકેક સ્ટોલ માટે અને દાદર ખાતેના સ્ટોલ માટે શ્રી નવિનભાઈ કેશવલાલ કાપડિયા તરફથી ઉમદા સહકાર મળ્યો. આ ઉપરાંત દાદર સ્કૂલ ફોર ધ બ્લાઈન્ડની અંધ બહેનોને રૂ. ૪૪૫૦/-ની આર્થિક સહાય આપવામાં આવી. વિવિધ સંસ્થાઓની મુલાકાત લઈને તેમની તાત્કાલિક જરૂરિયાતો મુજબ આપણે યોગ્યતા પ્રમાણે પ્રદાન કરીએ છીએ. આ ઉપરાંત બે અંધજનોના લગ્ન માટે રૂ. ૫૦૦ આપવામાં આવ્યા અને એક બહેનને સીવવાનો સંચો આપવામાં આવ્યો.

એકયુપ્રેસરના વર્ગો : 'પ્રેમળ જ્યોતિ'ની પ્રવૃત્તિમાં એક નવું પ્રસ્થાન :

જુદા જુદા રોગોની દબાવ પદ્ધતિથી સારવાર થાય છે. આ ઉપચાર પદ્ધતિ 'એકયુપ્રેસર' [Accupressure] તરીકે ઓળખાય છે. આ વૈજ્ઞાનિક પદ્ધતિની તાલીમ આપવા માટે 'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે તાલીમ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે, જેમાં સારી એવી સંખ્યામાં ભાઈઓ–બહેનો નિયમિત લાભ લે છે. દર બુધવારે બપોરના ૪-૦૦ કલાકે સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં તાલીમ અપાય છે. શ્રી ચીમનલાલ દવે આ વર્ગોનું સંચાલન કરે છે. સેવાભાવી શ્રી ચીમનભાઈ દવેના અમે આભારી છીએ.

"પ્રેમળ જ્યોતિ"ના ખાતામાં ગયે વર્ષે રૂ. ૨૦૬૬૭-૨૨ની પુરાંત હતી. વર્ષ દરમિયાન રૂ. ૯૫૮૮૪-૦૦ની ભેટ મળી. એટલે કુલ રકમ રૂ. ૧૧૬૫૫૧-૨૨ ની થઈ. એ પૈકી રૂ. ૫૦૦૦૦/-રિઝર્વ ફંડ ખાતે લઈ ગયા અને વર્ષ દરમિયાન રૂ. ૪૭૫૭૩-૨૪નો ખર્ચ થયો. તે બાદ કરતાં વર્ષ આખરે રૂ. ૧૮૯૭૭-૯૮ની પુરાંત રહી. રિઝર્વ ફંડ ખાતે વર્ષની શરૂઆતમાં ૭૭૦૦૦/- હતા. તેમાં ઉપર જણાવ્યા મુજબ રૂ. ૫૦૦૦૦/- ઉમેરાતાં રિઝર્વ ફંડમાં વર્ષ આખરે રૂ. ૧૨૭૦૦૦/- જમા રહ્યા.

શ્રી દીપચંદ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટ

આ ટ્રસ્ટમાં વર્ષની શરૂઆતમાં રૂ. ૪૦૩૦૪-૨૮નો પુરાંત હતી. વર્ષ દરમિયાન "મહાવીર વાણી" અને "નિહ્નવવાદ" પુસ્તકના વેચાણના રૂ. ૭૩૧-૦૦ અને વ્યાજના રૂ. ૩૨૨૪-૦૦ જમા થતાં વર્ષ આખરે રૂ. ૪૪,૨૫૯-૨૮ જમા રહ્યા.

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત અને સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્ર પ્રવૃત્તિ

વિદ્યાસત્રના છઠ્ઠા વર્ષની વ્યાખ્યાનમાળા તા. ૧૮, ૧૯ અને ૨૦મી જાન્યુઆરી, ૧૯૮૨ના રોજ તાતા ઓડિટોરિયમ, કોટ ખાતે ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને યોજવામાં આવી હતી. "કેળવણી વિચાર" એ વિષય હેઠળ (૧) પ્લેટો (૨) રૂસો અને (૩) ગાંધી વિચારસરણી એ વિષે ત્રણ વ્યાખ્યાનો શ્રી મનુભાઈ પંચોળી "દર્શક" એ આપ્યાં હતાં.

વર્ષ દરમિયાન વ્યાજના રૂ. ૧૬૮૦-૯૦ જમા થયા અને ખર્ચ રૂ. ૫,૬૯૨.૬૦ થયો.

અભ્યાસ વર્તુળ

સંઘની આ પ્રવૃત્તિ સારી રીતે ચાલે છે અને કન્વીનર તરીકે શ્રી સુબોધભાઈ એમ. શાહ એનું સંચાલન સફળતાપૂર્વક કરી રહ્યા છે. તેમનો આ તકે આભાર માનીએ છીએ. અભ્યાસ વર્તુળના ઉપક્રમે વર્ષ દરમિયાન યોજાયેલાં પ્રવચનો અને વ્યાખ્યાતાની વિગતો આ પ્રમાણે છે.

દિવસ	વિષય	વકતા
તા. ૨-૩-૪-૧૦-૮૧	સાવિત્રી: શ્રી અરવિંદનું યોગદર્શન	પ્રો. અશ્વિનભાઈ કાપડિયા
તા. ૯-૧૨-૮૧	આણુવ્રતો	ડૉ. રમણલાલ ચી. શાહ
તા. ૧૦-૧૨-૮૧	ગુણવ્રતો	"
તા. ૧૧-૧૨-૮૧	શિક્ષાવ્રતો	"
તા. ૯- ૧-૮૨	ફૂલે કહ્યું : તમે સ્પર્શ્યા અને હું ખીલ્યું	ડૉ. દોલતભાઈ દેસાઈ
તા. ૨૭- ૨-૮૨	માનવ સેવા એ જ પ્રભુસેવા	શ્રી. ચુનીલાલજી મહારાજ
તા. ૩૦- ૩-૮૨	ભકતામર સ્તોત્ર	ડૉ. રમણલાલ ચી. શાહ
તા. ૩૧- ૩-૮૨	"	"
તા. ૧૦- ૬-૮૨	તરતી વિદ્યાપીઠના વિદેશ પ્રવાસના અવનવા અનુભવો	શ્રી. રામુ પંડિત

વર્ષ દરમિયાન યોજાયેલાં સંમેલનો :

દિવસ	વિષય	વ્યાખ્યાતા
તા. ૨૯-૧-૮૨	ગાંધીજીનું વિરાટ વ્યકિતત્વ	શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
તા. ૩૦-૧-૮૨	" "	" "
તા. ૨૮-૨-૮૨	ઔપચારિકતા અને આત્મીયતા	ફાધર વાલેસ

આ ઉપરાંત

* પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડૉ. રમણભાઈ ચી. શાહનું અભિવાદન તા. ૫-૯-૮૧ના રોજ શ્રી વનેચંદભાઈ ઘેલાણીના નિવાસસ્થાને કરવામાં આવ્યું. શ્રી વનેચંદભાઈએ કરેલાં આતિથ્ય માટે અમો અમના આભારી છીએ.

* સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના ૮૧મા જન્મદિન નિમિત્તે તા. ૧૧-૩-૮૨ ના રોજ પરમાનંદ કાપડિયા હોલમાં શુભેચ્છા સમારંભ યોજવામાં આવ્યો હતો. ત્યારબાદ શ્રી રસિકભાઈને ત્યાં ભોજન સમારંભ યોજવા આવ્યો હતો.

શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ

સંઘના નિયમ પ્રમાણે આ સભાગૃહ નામના ભાડાથી વિવિધ સંસ્થાઓને આપવામાં આવે છે. આથી ઘણી સંસ્થાઓની પ્રવૃત્તિ-

ઓને પ્રોત્સાહન મળે છે. વર્ષ દરમિયાન સભાગૃહ અંગેની આવક રૂા. ૨૦૩૫-૦૦ થઈ.

સંઘની કાર્યવાહી તેમ જ આર્થિક પરિસ્થિતિ

વર્ષ દરમિયાન કાર્યવાહક સમિતિની ૪ સભાઓ મળી. વર્ષ દરમિયાન સંઘને રૂા. ૭૮૪૨૫-૬૪ની આવક થઈ અને રૂા. ૪૩૨૯૪-૫૦નો ખર્ચ થયો. એકંદરે ખર્ચ કરતાં આવકનો વધારો રૂા. ૩૫૨૩૧-૧૪ થયો. ટ્રસ્ટોને વ્યાજના રૂા. ૫૧૬૦-૦૦ ચુકવ્યા, તેનો થયેલા ખર્ચમાં સમાવેશ થઈ જાય છે. સંઘના પેટ્રન, લવાજમ અને આજીવન સભ્યોના લવાજમોની આવક ઉત્તરોત્તર વધતાં રિઝર્વ ફંડમાં વધારો થયો અને પરિણામે રોકાણમાં વધારો થયો. ચેરિટી કમિશનરની પરવાનગીથી વ્યાજની વધારે આવક થાય એવી ડિબેન્ચર્સ અને ડિબેન્ચર્સમાં રોકાણ કરવામાં આવ્યું, પરિણામે વ્યાજની આવકમાં સારો એવો વધારો થયો. ઉપરાંત વર્ષ દરમિયાન સંઘને ૨૩૩૦૧-૨૫ની અને પર્યુષણ વ્યાખ્યાનમાળાને રૂા. ૨૪૯૯૯-૦૦ ભેટ મળતાં કુલ રૂા. ૪૯૫૫૦-૨૫ ભેટ મળ્યા, જેમાંથી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો ખર્ચ રૂા. ૨૧૨૩૪-૩૫ બાદ કરતાં રૂા. ૨૭૦૬૫-૯૦ ભેટની ચોખ્ખી આવક થઈ. આ રીતે ભેટની અને વ્યાજની આવક થતાં સંઘના ખર્ચ કરતાં આવકનો વધારો થયો. આ રીતે આપ સૌનો પ્રેમાળ સહકાર મળશે એવી આશા અસ્થાને નથી.

રિઝર્વ ફંડ ખાતે રૂા. ૮,૨૯,૩૮૩-૧૮ જમા હતા તેમાં વર્ષ દરમિયાન મળેલાં આજીવન સભ્યોનાં લવાજમના રૂા. ૩૬,૬૫૩-૦૦ અને પેટ્રન લવાજમના રૂા. ૨૭,૫૦૦-૦૦ ઉમેરાતાં વર્ષ આખરે રિઝર્વ ફંડ રૂા. ૮,૯૩,૫૩૬-૧૮ જમા રહે છે.

સંઘના જનરલ ફંડ ખાતે રૂા. ૩૪,૪૭૯-૫૧ લેણા હતા તેમાંથી વર્ષ દરમિયાન સંઘના ખર્ચ કરતાં આવકનો વધારો રૂા. ૩૫,૨૩૧-૧૪ અને 'પ્રબુદ્ધ જીવન'નો ખર્ચ કરતાં આવકનો વધારો રૂા. ૧૭૪૬-૪૮ એટલે કે કુલ રૂા. ૩૬૯૭૭-૬૨નો વધારો બાદ કરતાં જનરલ ફંડ ખાતે વર્ષ આખરે બાકી દેવા રૂા. ૨૪૯૮-૧૧ રહે છે.

કાર્યવાહક સમિતિના દરેક સભ્યોનો પ્રેમાળ સહકાર મળતો રહે છે. તેમ જ સંઘના પ્રમુખ મુ. શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહનું માર્ગદર્શન સતત મળે છે એટલે આ બધી પ્રવૃત્તિઓ સારી રીતે થઈ શકે છે, એ માટે એમના અમે આભારી છીએ.

લિ.

ચીમનલાલ જે. શાહ

કે. પી. શાહ

મંત્રીઓ

એકયુપ્રેસર

[૧]

(શ્રી મુંબઈ 'જૈન યુવક સંઘ' સંચાલિત 'પ્રેમળ જ્યોતિ' દ્વારા એકયુપ્રેસરના વર્ગો મુ. શ્રી ચીમનભાઈ દવે ચલાવી રહ્યા છે. તેમના પ્રવચનોનું સંકલન કરીને નીચેની નોંધ તૈયાર કરવામાં આવી છે.)

એકયુપ્રેસર એક એવી વૈજ્ઞાનિક ઉપચાર–પદ્ધતિ છે કે જેનો લાભ ઘણા લોકો સરળતાથી લઈ શકે અને ફાયદો મેળવી શકે. આ પદ્ધતિમાં કશો ખર્ચ નથી તેમ જ કોઈ પણ જાતની દવા ખાવાની કે પીવાની હોતી નથી પરિણામે જલદ ઔષધિઓની –after effects– નો પ્રશ્ન રહેતો નથી.

એકયુપ્રેસર એટલે શું? એકયુ એટલે સોય અને પ્રેસર એટલે દબાણ અર્થાત્ એકયુપ્રેસરનો શાબ્દિક અર્થ થાય છે સોયનું દબાણ. વાસ્તવિક રીતે એકયુપ્રેસરમાં હાથના અંગુઠા અને આંગળીઓ વડે ચોક્કસ પ્રકારનું અને પદ્ધતિપૂર્વકનું દબાણ પગના તળિયાના વિશિષ્ટ બિંદુઓ પર આપવાનું હોય છે. એટલે ભાષાની દૃષ્ટિએ "એકયુપ્રેસર" એ એક Misnomer છે એમ કહેવાય. ('એકયુ'નો અર્થ જો બહાર કાઢવું લેવામાં આવે તો દર્દને તે બહાર કાઢે છે માટે એ શબ્દ સાર્થક છે.) આવી જ એક બીજી ચીનની ઉપચાર પદ્ધતિ 'એકયુપંકચર' કહેવાય છે, જેમાં સોય વડે ઉપચાર કરવામાં આવે છે; પરંતુ આ લેખનો વિષય એકયુપ્રેસર છે.

જાપાનમાં એકયુપ્રેસરને shi-atsu કહે છે. 'શિ' એટલે 'આંગળા' અને 'આત્સુ' એટલે 'પ્રેસર'. સામાન્ય રીતે શરદી થાય કે માથું દુ:ખે ત્યારે માથા પર બામ લગાવતા હોઈએ છીએ. જ્યારે એકયુપ્રેસરમાં માથાના દુ:ખાવાને લગતો જે પોઈંટ હાથના કે પગના તળિયામાં (અંગુઠાની તળેટીમાં) આવેલો છે તે પોંઈટ ઉપર પદ્ધતિસરનું અને પ્રમાણસરનું દબાણ આપવાનું હોય છે. આવું દબાણ આપવાથી શરીરનું જે અવયવ બરાબર કામ કરતું ન હોય તે કામ કરતું થાય છે. દા. ત ડાયાબિટીસના દરદીનું 'પ્રેન્ક્રિયાસ ગ્લેંડ' પૂરતા પ્રમાણમાં ઈન્સ્યૂલીનનો સ્રાવ કરીને સાકરનું રાસાયણિક રૂપાંતર કરતું નથી. એકયુપ્રેસરમાં પેન્ક્રિયાસના પોઈંટ પર દબાણ આપીને તેને કાર્યાન્વિત કરી શકાય છે.

આ રીતે પગના તળિયા અને આજુબાજુના ભાગ કે હાથની હથેલી અને આજુબાજુના ભાગ પર દબાણ આપવાની પદ્ધતિને અનુક્રમે 'Foot-reflexology' અને 'Hand — reflexology' કહેવામાં આવે છે. એકયુપ્રેસરના પ્રણેતા વિલિયમ ફ્રિટઝિરોલ્ડ તેને ઝોનોલોજી કહેતા હતા. તે નામ ફિટ્ઝિમારડના સાથી ડો. એડવીન બોવર્સે આપેલું કારણ કે તે વખતે 'રીફ્લેક્સ' શબ્દનો ઉપયોગ થયો ન હતો.

માથાથી પગ સુધીના માણસના શરીરને બરોબર વચ્ચેથી લાઈન દોરીને જમણી બાજુ પાંચ અને ડાબી બાજુ પાંચ એમ કુલ દસ ઝોનમાં વહેંચવામાં આવેલું છે અને તે રીતે દસ ઝોન બને છે તેથી આ વિજ્ઞાનને 'ઝોનોલોજી' પણ કહેવામાં આવે છે.

આ લખાણ પગના તળિયા પર દબાણ આપવાની પદ્ધતિ પૂરતું મર્યાદિત છે. માનવ શરીરના દરેક અંગોનું પ્રતિનિધિત્વ પગના તળિયામાં રહેલાં બિંદુઓ દ્વારા થાય છે. પગના તળિયામાં તેમ જ ઘૂંટી વિસ્તાર સુધીમાં શરીરના તમામ અંગોના પોઈન્ટસ આવેલા છે. આ પોઈન્ટસને 'ડીજીટ', 'બટન', 'સ્વીચ' 'રીફ્લેક્સ' અથવા 'દાબ-બિંદ' એમ ઘણી રીતે ઓળખવામાં આવે છે. કોઈ પણ રીફ્લેક્સ બગડેલો હોય એટલે જ્યારે તેના કાર્યમાં કોઈ પણ પ્રકારની ખામી હોય ત્યારે તેને દબાવવાથી તે ભાગ દુ:ખશે. આ દુ:ખાવાને Tenderness કહેવામાં આવે છે, તથા તે ઉપરથી પેશન્ટને શું દરદ છે તે જાણી શકાય છે તેમ જ તેના નિવારણ માટે પણ તે જ બિંદુ પર ચોક્કસ પ્રકારનું દબાણ આપવાથી દરદીને થોડા જ સમયમાં રાહત થવા લાગે છે. માટે જ આ પદ્ધતિને 'Foot — reflexology' કહેવાય છે. ઘણી વાર તો પેશન્ટના પગના આંગળા તથા નખ જોઈને અથવા તેના બૂટ-ચંપલના શેઈપ પરથી પણ રોગનું સામાન્ય નિદાન કરી શકાય છે કારણ કે આપણો પગ આપણા શરીરની આરસી છે.

(ક્રમશ:)

– નીરૂબેન સુબોધભાઈ શાહ

ગાલિબની ફૂલપાંખડી

[] હરીન્દ્ર દવે

દહરમેં નક્શ-એ-વફા વજહ-એ-તસલ્લી ન હુઆ,
હૈ યે વો લફ્ઝ, કિ શર્મિન્દાએ-માની ન હુઆ.

કોઈ પણ શબ્દ તેના અર્થ સાથે અકબંધ ઊતરી આવે એનો જ મહિમા છે, પણ મોટા ભાગના શબ્દોના અર્થ ક્યારેય સાર્થક હોતા જ નથી.

કવિ અહીં 'વફા' શબ્દની વાત કરે છે.

આ સંસારમાં વફા નામના શબ્દથી કોઈને ચેન ન મળ્યું. વફા શબ્દ કોઈનાયે ચેનનો નિમિત્ત ન થયો. વફા તો ચેન, રાહતનું નિમિત્ત હોવી જોઈએ. પણ આ તો એવો શબ્દ છે જે એના અર્થને સાર્થ કરતો જ નથી. અર્થની શરમ એને પહોંચતી નથી.

* * * *

બૂ-એ-ગુલ, નાલા-એ-દિલ, દૂદ-એ-ચરાગ-એ-મહેફિલ,
જો તિરી બઝ્મસે નિકલા, સો પરીશાં નિકલા.

ફૂલની સુવાસ; દિલનો ચિત્કાર, મહેફિલના દીપનો ધુમાડો: જે પણ તારી મહેફિલમાંથી નીકળ્યું એ ત્રસ્ત થઈને, વિખેરાઈ જઈને નીકળ્યું.

પ્રિયતમાની મહેફિલમાંથી નીકળવું એ કંઈ જેવી તેવી સજા છે?

એ મહેફિલમાંથી નીકળે ત્યારે માણસ પરીશાં થઈ જાય: વેરવિખેર થઈ જાય. ત્રસ્ત થઈ જાય.

મહેફિલમાંથી બહાર નીકળતી સુવાસ: આ ગતિ કોણે જોઈ છે? હોઠથી નીકળતો ચિત્કાર સૌ સાંભળે છે: દિલનો ચિત્કાર કોને ખબર છે? આ બે ન દેખાય એવી બાબતો સાથે મહેફિલના ચિરાગમાંથી નીકળતા ધુમાડાની વાત આવે છે.

પોતાને નીકળવું પડે છે એની વાત કવિ નથી કરતા, એ પ્રતીકોથી જ કામ લે છે.

પૂછતે હૈ વહ કિ 'ગાલિબ' કૌન હૈ
કોઈ બતલાઓ કિ હમ બતલાયે ક્યા!

માણસ માટે સૌથી વિકટ પ્રશ્ન એ જ હોઈ શકે કે એ કોણ છે?

ગાલિબ કોણ છે, એવું કોઈ પૂછે છે. ગાલિબને તો સમજાતું નથી કે એ કઈ રીતે આ સમજાવે!

એક મિત્રને ત્યાં આપણા એક જાણીતા સુગમ સંગીતના ગાયિકા ભજનો ગાવાનાં હતાં. તેમના કાર્યક્રમમાં હું મોડો મોડો પહોંચ્યો. તેઓ સૂર મેળવી રહ્યા હતા ત્યારે કોઈકે મારી ઓળખાણ આપી. તેમના મનમાં બરાબર ઊતરી નહીં. તેમણે સૂર મેળવાઈ રહ્યા પછી મારી સામે જોઈને પૂછ્યું: 'તમે હરીન્દ્ર દવેને ઓળખો છો?' હું એક ક્ષણ સ્તબ્ધ થઈ ગયો અને પછી કહ્યું: 'તમે પૂછો છો ત્યારે લાગે છે કે નથી ઓળખતો.' મિત્રો હસી પડ્યા, પણ વાત ગંભીર હતી.

ગાલિબની આ બે સરળ પંક્તિમાં આ જ મૂંઝવણ છે.

* * * *

બનાકર ફકીરોંકા હમ ભેસ 'ગાલિબ',
તમાશા-એ-અહલે-કરમ દેખ તે હૈ!

કવિ આ જગતના વિવિધ રંગોને જુએ ત્યારે એને શું થતું હશે?

ગાલિબ કહે છે: અમે તો ફકીરોનો વેશ ધારણ કરીને એ કૃપાળુએ ઘડેલા આ તમાશો જોયા કરીએ છીએ!

'ફકીરી હાલ મારો છે' એમ કલાપીએ પણ ગાયું છે.

જીવનને જોવું હોય તો જીવનથી દૂર થઈને જોવું જોઈએ. જીવનમાં ઓતપ્રોત થનારાને એના રંગો સમજાતા નથી, પણ જે ફકીરની તટસ્થતાથી બધાને 'તમાશો' માનીને જોઈ શકે છે એ જ કદાચ જીવનને સાચા અર્થમાં જોઈ શકે છે.

* * * *

રેખતે કે તુમ્હી ઉસ્તાદ નહીં હો 'ગાલિબ'
કહેતે હૈ અગલે જમાને મેં કોઈ મીર ભી થા!

ગાલિબનો એક શેર આપણે જોઈ ગયા: એમાં ગાલિબની અભિવ્યક્તિની શૈલીની વાત હતી, પણ 'ગાલિબ'માં પોતાનું માપ છે. પોતાનો જ અહંકાર પોતાને ભરખી ન જાય એ માટે કવિ સાવધ છે. એ કહે છે: 'તું જ આ રેખાનો (એટલે કે કવિતાનો) ઉસ્તાદ નથી! આટલું કહેવામાં પોતાની ઉસ્તાદીનો દાવો તો આગળ કરે છે, પણ એ વાત 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવી નથી એ પણ જાણે છે. એ કહે છે: 'સાંભળ્યું છે કે આગલા જમાનામાં કોઈ મીર પણ થઈ ગયો!' અહીં 'કહેતે હો' શબ્દ દ્વારા અને એક પણ વિશેષણ વિના કવિ મીરના ઉલ્લેખ દ્વારા ગાલિબે જે કહ્યું છે એ મીરના દીવાનના આલોચકો પાનાંનાં પાનાં ભરી કવિતા લખે ત્યારે પણ કહી શકતા નથી.

* * * *

દિયા હૈ ખલ્કકો ભી, તા ઉસે નજર ન લગે,
બના હૈ ઐશ તજમ્મુલ હુસૈન ખાં કે લિયે.

એક મીઠી અતિશયોક્તિ!

દરેક કવિની એકાદ લાચારી હોય છે. એકાદ માનવીનો મહેલાત એણે પાછો વાળવાનો હોય છે.

કોઈ નવાબ, કોઈ શ્રીમંત છે આ તજમ્મુલ હુસૈન ખા.

એમની સમૃદ્ધિનું વર્ણન આ તજમ્મુલ હુસૈન ખા રાજી થઈ જાય એ રીતે કરવાનું આવ્યું ત્યારે ગાલિબે આ શેર લખ્યો છે.

'ઐશ' વૈભવ ખરેખર તો આ એક જ ઈન્સાન માટે બન્યો છે, પણ એને નજર ન લાગે એટલા માટે દુનિયાને પણ થોડો થોડો ઐશ ભગવાને વહેંચી આપ્યો છે.

* * *

કોઈ મેરે દિલ સે પૂછે તેરે તીરે-નીમકશ કો,
યહ ખલિશ કહાંસે હોતી, જો જિગર કે પાર હોતા!

એકના એક કથનને કવિઓ જુદા જુદા અંદાજથી કહે છે. 'દર્દકા હદસે ગુઝરના હૈ દવા હો જાના' એ ગાલિબની જ પંક્તિ છે. અહીં પ્રિયતમાના હસીન સીતમનું વર્ણન છે અને ભગવાન આ સંસારમાં સૌને દુઃખી બનાવી રાખે છે તેનું વર્ણન છે એ તો ભગવાન જાણે!

પણ કવિ કહે છે:

કોઈ મારા દિલને પૂછે: તારું આ અધું ખૂતેલું તીર કેવું છે એ બીજા શું જાણે? જો એ તીર મારા જીગરને વીંધીને ચાલી ગયું હોત તો તો પ્રાણ પણ નીકળી ગયા હોત. આ ખલિશ, આ ખટકા સાથેનું દર્દ ક્યાંથી હોય મને?

* * * *

મિલના તેરા અગર નહીં આસાં, તો સહલ હૈ,
દુશ્વાર તો યહી હૈ, કિ દુશ્વાર ભી નહીં.

આમ જુઓ તો શબ્દોની રમત છે: આસાં, સહલ કે દુશ્વાર વગેરે શબ્દોનો સિફતથી ઉપયોગ થયો છે. પણ એ શબ્દોની રમતમાંથી જે અર્થ નીકળે છે એ મર્મવેધી છે.

તારું મિલન કદાચ આસાન નહીં હોય છતાં સહેલ છે!

મુશ્કેલી તો એ વાતની છે કે આ મિલન મુશ્કેલ પણ નથી!

પ્રિયતમાનું મિલન કે ભગવાનનો સાક્ષાત્કાર આસાન નથી. એ માટે સાધના કરવી પડે છે; પરંતુ આ સાધના પછી બધું સહેલ બની જાય છે.

જરાક મથીએ તો એ મુશ્કેલ નથી અને કવિને એ જ મુશ્કેલી છે. ધારું તો હમણાં તારા સુધી પહોંચી જાઉં પણ...

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૧૧-૮-૮૨ રવિવારથી તા. ૨૩-૮-૮૨ સોમવાર એમ નવ દિવસની વ્યાખ્યાન-સભાઓ ચોપાટી પર આવેલા 'બિરલા ક્રીડા કેન્દ્ર'ના સભાગૃહમાં યોજવામાં આવી છે. આ નવે દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦થી ૯-૨૦ અને ૯-૩૦થી ૧૦-૨૦ એમ રોજ બે વ્યાખ્યાનો રહેશે. તા. ૧૫-૮- રવિવાર તેમ જ તા. ૨૨-૮ રવિવારના દિવસે ભક્તિ-સંગીત રાખેલ છે. તે બન્ને દિવસે ૧૦-૩૦ થી ૧૧-૧૫ સુધી ભક્તિ-સંગીત રહેશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે:–

તારીખ		વ્યાખ્યાતા	વ્યાખ્યાન-વિષય
તા. ૧૫-૮-૮૨	રવિવાર	શ્રી શશિકાન્ત મહેતા	જિનભક્તિ
,,		પૂ. શ્રી ધર્મશીલાશ્રીજી	મિત્તિ મે સવ્વ ભૂએસુ
,,		શ્રી અનુપ જલોટા	ભક્તિસંગીત
તા. ૧૬-૮-૮૨	સોમવાર	શ્રી વસન્તભાઈ ઓખાણી	શ્રીમદ્ રાજચન્દ્ર
,,		પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ	આત્મદીપ બનો
તા. ૧૭-૮-૮૨	મંગળવાર	ડૉ. કાન્તિલાલ કાલાણી	સંતો મેરે પ્રેમઘરા ઝૂક આઈ
,,		પ્રિ. શ્રીમતી ધૈર્યબાળા વોરા	વિવિધ પ્રચારમાધ્યમો અને સ્ત્રી
તા. ૧૮-૮-૮૨	બુધવાર	શ્રી કૃષ્ણકુમાર મહેતા	ગીતામાન્ય જીવનધારા
,,		શ્રી કિરણભાઈ	પ્રકાશનો પંથ
તા. ૧૯-૮-૮૨	ગુરુવાર	શ્રી શૈલેશ મહાદેવિયા	મારી કૈલાસયાત્રા
,,		ડૉ. કુમારપાળ દેસાઈ	અહમ્‌ની ઓળખ
તા. ૨૦-૮-૮૨	શુક્રવાર	ડૉ. નરેન્દ્ર ભાનાવત	જૈન ધર્મ और જીવનમૂલ્ય
,,		ડૉ. સુરેશ દલાલ	શ્રી રામકૃષ્ણ પરમહંસ
તા. ૨૧-૮-૮૨	શનિવાર	જસ્ટિસ ધર્માધિકારી	भगवान सो गया, इन्सान खो गया।
,,		પૂ. મા યોગશક્તિ સરસ્વતી	आधुनिक संदर्भ में मानव जीवन
તા. ૨૨-૮-૮૨	રવિવાર	પ્રો. તારાબહેન શાહ	સમતા
,,		શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	મારી જીવનદૃષ્ટિ
,,		શ્રી અરુણકુમાર સેન	ભક્તિસંગીત (ગીત મહાવીર)
તા. ૨૩-૮-૮૨	સોમવાર	પૂ. શ્રી મોરારીબાપુ	સાધકની દૃષ્ટિ
,,		ડૉ. રમણલાલ ચી. શાહ	પરચક્ખાણ

પર્યુષણ વ્યાખ્યાનમાળાને ભેટ

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાના ખર્ચના અનુસંધાનમાં સ્વ. હિંમતલાલ હાલ્લાભાઈ કોઠારીના સ્મરણાર્થે શ્રી શૈલેશ એચ. કોઠારી દ્વારા રકમ મળેલ છે. તે માટે અમો તેમના આભારી છીએ.

★ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના પેટ્રન સભ્યો, આજીવન સભ્યો,સભ્યો, શુભેચ્છકો તથા સૌ મિત્રોને પ્રેમભર્યું નિમંત્રણ છે. ★

* નમ્ર વિનંતી *

પ્રતિ વર્ષ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન આપ સૌના પ્રેમાળ આર્થસિંચનથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ એની પ્રવૃત્તિઓ નિશ્ચિંત-પણે હાથ ધરી શકે છે. એથી અમારા હાથ તો મજબૂત થાય છે, એટલું જ નહિ, પરંતુ સંઘની આ પ્રવૃત્તિઓ આપ સૌના હૈયે કેવી વસી ગઈ છે એની પ્રતીતિથી અમે ભાવવિભોર થઈએ છીએ.

ગત્ વર્ષ એમાંય ખાસ કરીને–પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન વ્યાખ્યાનમાળા અને સંઘને રૂા. ૨૭,૦૬૧-૯૦ અને 'પ્રબુદ્ધ જીવન'ને રૂા. ૩૧,૮૧૯-૫૦ની ભેટ મળી. આ રીતે કુલ રૂા. ૬૨,૯૨૧-૪૦ની ભેટ મળી. સંઘના વાર્ષિક રૂા. બે લાખના બજેટમાં આ ભેટ મહત્ત્વનું પાસું છે.

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયમાં ઈ. સ. ૧૯૮૧ના વર્ષમાં રૂા. ૫૦,૪૨૧-૬૮ની બાધ છે. અગાઉના વર્ષોની રૂા. ૪૯,૩૦૪-૫૦ની બાધમાં આ રકમ ઉમેરતાં અત્યાર સુધીમાં કુલ બાધ રૂા. ૯૯,૭૨૬-૧૮ની થઈ.

દિન-પ્રતિદિન વધતી જતી મોંઘવારીના કારણે પ્રતિવર્ષ ખર્ચ વધતો જ જાય છે. તદુપરાંત સંઘે તાજેતરમાં બીજી નવી પ્રવૃત્તિઓ હાથ ધરવાનું પણ નક્કી કર્યું છે–એટલે એ માટે પણ નાણાંકીય સાધનો ઊભાં કરવાની આવશ્યકતા રહે છે.

સંઘ પ્રત્યેની આપ સૌની મમતાથી અમે નિશ્ચિંત છીએ. પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન આ વર્ષે પણ વિશેષ ઉમળકાભર્યો આર્થિક સહકાર આપવા આપને વિનંતી છે. સંઘના કારોબારીના સભ્યોથી શરૂઆત કરી છે. આપ પણ એમાં આપનો સૂર પુરાવશો એવી અમને શ્રદ્ધા છે.

લિ. ભવદીય
ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

ચીમનલાલ ચકુભાઈ શાહ–પ્રમુખ
રસિકલાલ મોહનલાલ ઝવેરી–ઉપપ્રમુખ
પ્રવીણભાઈ કે. શાહ–કોષાધ્યક્ષ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટે. નં.: ૩૫૦૨૯૬: મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 87

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૬ : અંક : ૮

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧૬ ઓગસ્ટ, ૧૯૮૨, સોમવાર
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ : પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

શ્રીમદ્ રાજચંદ્ર

☐ ચીમનલાલ ચકુભાઈ શાહ

દરેક ધર્મમાં ક્રિયાકાંડો, વિધિનિષેધો હોય છે. કાળક્રમે, આ ક્રિયાકાંડો ધર્મનું સર્વસ્વ છે એવો ભાવ અથવા માન્યતા આમજનતામાં પેદા થાય છે. તેનું રહસ્ય અથવા હાર્દ વિસારે પડે છે. પરિણામે ક્રિયાકાંડોમાં યાંત્રિકતા અથવા જડતા આવે છે, તેનો પ્રાણ ઊડી જાય છે. વિચારવંત વ્યકિતને આવા ક્રિયાકાંડોમાં શ્રદ્ધા રહેતી નથી અને તેનો વિરોધ થાય છે. પછી એવો વર્ગ ઊભો થાય છે જે સર્વ પ્રકારના ક્રિયાકાંડોનો સર્વથા વિરોધ કરે છે. આવો વર્ગ માત્ર જ્ઞાનની જ વાતો કરે છે અને જ્ઞાન જાણે સહજપણે પ્રાપ્ત હોય એવો ભાસ ઊભો કરે છે. આત્માનો વિચાર કરો અને આત્મજ્ઞાન થઈ જશે. બીજું કંઈ કરવાની જરૂર નથી એમ કહે છે. જપ, તપ, વ્રત, યમ, નિયમ, સર્વ નિરર્થક છે. માત્ર આત્મભાવ કેળવો, કોઈ કષ્ટ વેઠવાની, ત્યાગ, વૈરાગ્ય, કોઈ આવશ્યકતા નથી. પ્રબુદ્ધ જીવનના ગયા અંકમાં (તા. ૧-૮-૮૨) મુનીશ્રી કીર્તિયશવિજયજીનો એક લેખ પ્રકટ થયો છે. "માત્ર કષ્ટમાં ધર્મ નથી." તેમાં યશોવિજયજી, આનંદઘનજી અને અન્ય અવધૂતોના લખાણો ટાંકી એમ બતાવ્યું છે કે કષ્ટભોગમાં ધર્મ નથી. આનંદઘન અને યશોવિજયજીની કોટિએ પહોંચ્યા હોય એવી વ્યકિતઓ માટે એ કથન સત્ય છે અથવા ક્રિયા-જડતા બતાવવા સત્ય છે, પણ તેમાં તપ, જપ, વ્રત, યમ, નિયમનો સંપૂર્ણ નિષેધ નથી.

આ બન્ને પ્રકારની વિચારણાઓ એકપક્ષી છે. શ્રીમદ્ રાજચંદ્રે આ વિષયમાં જે માર્ગદર્શન આપ્યું છે તે સંક્ષેપમાં અહીં બતાવવા ઈચ્છું છું. શ્રીમદ્‌ના લખાણો છૂટાછવાયા વખતોવખત મેં વાંચ્યા છે, પણ હમણાં તેમનો ગ્રંથ "શ્રીમદ્ રાજચંદ્ર" – જેમાં તેમના ઉપલબ્ધ બધા લખાણોનો સંગ્રહ છે તે સળંગપણે પૂરો વાંચી ગયો અને ઘણું નવું જાણવાનું મળ્યું. તે સંબંધે એક લેખ-માળા લખી શકાય. બનશે તો અવકાશે લખવા ઈચ્છા છે. આ લેખમાં જ્ઞાન અને ક્રિયા વિષે શ્રીમદ્‌ે શું કહ્યું છે તે રજૂ કરું છું. તે પહેલા એક વાત જણાવી દઉં. જૈન સોશ્યલ ગ્રુપ તરફથી નવકારમંત્રની આરાધના વિષે શ્રી શશીકાન્ત મહેતાનું પ્રવચન ગોઠવ્યું હતું. અંતે મેં બે શબ્દો કહ્યા હતા. ત્યારે મેં કહ્યું હતું કે ધાર્મિક ક્રિયાઓ– સામાયિક, પ્રતિક્રમણ, તપ, જપ, વ્રત વગેરે હું કરતો નથી; મારાથી થતી નથી, તે ક્રિયાઓ વર્તમાનમાં જે રીતે થાય છે તેથી મને સંતોષ નથી. પણ તેને સ્થાને જ્ઞાનમય ક્રિયાઓ સ્થાપી ન શકીએ ત્યાં સુધી હજારો વર્ષથી જે ક્રિયાઓ ચાલે છે તેનો નિષેધ અથવા વિરોધ કરવાની મારી વૃત્તિ નથી. જનસાધારણની તેમાં શ્રદ્ધા છે, તેમાંથી તેને કાંઈક બળ મળે છે, તેના અંતરમાં કાંઈક શાંતિ થાય છે; તેને હું અટકાવું નહિ, તેમ કરવાનો મને અધિકાર નથી. આવો અભિગમ જૂનવાણી ગણાતો હોય તો જૂનવાણી ગણાવામાં મને નાનમ નથી લાગતી, બલ્કે તેનો ઉચ્છેદ કરવાની પ્રગતિશીલતા મારે નથી જોઈતી.

મુનિશ્રી લલ્લુજી ઉપર, અસાડ સુદી ૧, ગુરુ ૧૯૫૧ના રોજ લખેલ એક પત્ર (ગ્રંથનો ક્રમાંક ૯૩૭)માં શ્રીમદે લખ્યું છે:

"અશુદ્ધ ક્રિયાના નિષેધક વચનો ઉપદેશરૂપે ન પ્રવર્તાવતાં, શુદ્ધ ક્રિયામાં જેમ લોકોની રૂચિ વધે તેમ ક્રિયા કરાવ્યે જવી."

"ઉદાહરણ દાખલ કે, જેમ કોઈ એક મનુષ્ય તેની રૂઢિ પ્રમાણે સામાયિકવ્રત કરે છે, તો તેનો નિષેધ નહિ કરતાં, તેના તે વખત ઉપદેશના શ્રવણમાં કે સત્શાસ્ત્ર અધ્યયનમાં અથવા કાર્યોત્સર્ગમાં જાય તેમ તેને ઉપદેશવું. કિંચિત્માત્ર આ ભારો પણ તેને સામાયિક વ્રતાદિનો નિષેધ હૃદયમાં પણ ન આવે એવી ગંભીરતાથી, શુદ્ધ ક્રિયાની પ્રેરણા કરવી. ખુલ્લી પ્રેરણા કરવા જતાં પણ, ક્રિયાથી રહિત થઈ ઉન્મત્ત થાય છે અથવા તમારી આ ક્રિયા બરાબર નથી એટલું જણાવતાં પણ તમારા પ્રત્યે દોષ દઈ તે ક્રિયા છોડી દે એવો પ્રમત્ત જીવોનો સ્વભાવ છે અને લોકોની દૃષ્ટિમાં એમ આવે કે તમે જ ક્રિયાનો નિષેધ કર્યો છે માટે મતભેદથી દૂર રહી, મધ્યસ્થવત્ રહી, સ્વાત્માનું હિત કરતાં જેમ જેમ પર આત્માનું હિત થાય તેમ પ્રવર્તવું અને જ્ઞાનીના માર્ગનું, જ્ઞાન ક્રિયાનું સમન્વિતપણું કરવું એ જ નિર્જરાનો સુંદર માર્ગ છે.

"સ્વાત્મ હિતમાં પ્રમાદ ન થાય અને પરને અવિક્ષેપપણે આસ્તિકયવૃત્તિ બંધાય તેવું તેનું શ્રવણ થાય, ક્રિયાની વૃદ્ધિ થાય, છતાં કલ્પિત ભેદ વધે નહિ અને સ્વ પર આત્માને શાન્તિ થાય એમ પ્રવર્તવામાં ઉલ્લસિત વૃત્તિ રાખજો, સશાસ્ત્ર પ્રત્યે રૂચિ વધે તેમ કરજો."

જ્ઞાનક્રિયાનું સમન્વિતપણું એ મોક્ષમાર્ગ છે. ज्ञान क्रियाभ्याम् मोक्षः એ સિદ્ધાંત, શ્રીમદ્‌ે અનેક રીતે વારંવાર સમજાવ્યો છે.

જ્ઞાન એટલે દ્રવ્યના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન. દ્રવ્ય મુખ્યત્વે બે છે, જડ અને ચેતન. આ જ્ઞાનને જૈન પરિભાષામાં દ્રવ્યાનુયોગ કહ્યો છે. દ્રવ્યાનુયોગ શ્રેષ્ઠ છે અને અંતિમ છે, પણ શ્રીમદ્‌ે વારંવાર ભારપૂર્વક કહ્યું છે કે દ્રવ્યાનુયોગનું જ્ઞાન અતિ વિરલ છે, અતિ વિકટ છે. સંત સમાગમે જ પ્રાપ્ય છે. ચિત્તશુદ્ધિ અને કષાયની ઉપશાંતતા વિના આ જ્ઞાન શકય નથી. તેમના કેટલાક વચનો ટાંકું છું:

"પ્રત્યક્ષ સત્સમાગમથી, ભકિત વૈરાગ્યાદિ સાધનસહિત, મુમુક્ષુએ સદ્‌ગુરુ આજ્ઞાએ, દ્રવ્યાનુયોગ વિચારવાયોગ્ય છે."

"સિદ્ધાંતનો વિચાર ઘણાં સત્સંગથી તથા વૈરાગ્ય અને ઉપશમનું બળ વિશેષપણે વધ્યા પછી, કર્તવ્ય છે. જો એમ નથી કરવામાં આવતું તો જીવ બીજા પ્રકારમાં ચડી જઈ વૈરાગ્ય અને ઉપશમથી હીન થાય છે."

શ્રીમદ્‌ે કહ્યું છે કે શાસ્ત્રોમાં બે પ્રકારના જ્ઞાન કહ્યા છે-સિદ્ધાંત-જ્ઞાન અને ઉપદેશજ્ઞાન. સિદ્ધાંતજ્ઞાન અંતિમ લક્ષ છે, ઉપદેશ-

જ્ઞાન તેનું સાધન છે. વૈરાગ્ય અને ઉપશમ, એટલે કે કષાયો જેવા કે કામ, ક્રોધ, મોહ, લોભ વિગેરેની ઉપશાંતતા વિના આત્મજ્ઞાન પ્રાપ્ત થતું નથી. જીવનની તે સાધના છે. આવી સાધના વિના, જેઓ માત્ર આત્મજ્ઞાનની વાતો જ કરે છે અથવા મૌખિક રટણ કરે છે, તેઓ શુષ્ક જ્ઞાની છે. જેઓ જ્ઞાન વિનાની માત્ર ક્રિયાનો જ આશ્રય લે છે તે ક્રિયાજડ છે.

શ્રીમદ્‌ના, આત્મસિદ્ધિ ગ્રંથમાંથી કેટલીક ગાથાઓ ટાંકી આ બાબત વધારે સ્પષ્ટ કરું.

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ,
માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ.
બાહ્યક્રિયામાં રાચતા, અંતર્ભેદ ન કાંઈ,
જ્ઞાન માર્ગ નિષેધતા, તેહ ક્રિયા જડ આંઈ.
બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહિ;
વર્તે મોહાવેશમાં, શુષ્ક જ્ઞાની તે આંહી.

ક્રિયાજડ અને શુષ્ક જ્ઞાનીના લક્ષણો બતાવ્યા પછી, જીવનસાધનામાં ત્યાગ, વૈરાગ્યનું શું સ્થાન છે અને આત્મજ્ઞાન માટે તેની કેટલી આવશ્યકતા છે તે બતાવે છે.

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમ જ આતમજ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન.
ત્યાગ વિરાગ ન ચિત્તમાં, ઉપજે ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.
જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.

આ ત્રણે ગાથા ઉપર શ્રીમદ્‌ પોતે વિવેચન લખ્યું છે. તે પૂરું અહીં આપી શકતો નથી. જીજ્ઞાસુએ જોઈ લેવું. ત્યાગ, વૈરાગ્ય, અને આત્મજ્ઞાનનો કેટલો ગાઢ સંબંધ છે તે બતાવ્યું છે. ત્યાગ અને વૈરાગ્ય વિના આત્મજ્ઞાન સંભવે નહિ. ત્યાગ, વૈરાગ્ય, અંતિમ લક્ષ નથી, સાધના છે, તેથી ત્યાં અટકવાનું નથી. આત્મજ્ઞાન વિના ત્યાગ વૈરાગ્ય સફળ નથી, ત્યાગ વૈરાગ્ય વિના આત્મજ્ઞાન શક્ય નથી. પરસ્પર અવલંબિત છે, પણ પ્રથમ ત્યાગ અને વૈરાગ્ય, તે ન હોય તો પાયો જ નથી. ત્યાગ વૈરાગ્યમાં, તપ અને દેહકષ્ટ સમાયેલ છે. દેહની આળપંપાળ કરવાવાળા, ભોગોપભોગમાં રાચતા, પરિગ્રહ મોહમાં ડુબેલા, આત્મજ્ઞાનની વાતો કરવાવાળા શુષ્ક જ્ઞાનીઓ આત્મઘાતી છે. આ અતિ કઠીન અને દીર્ઘકાળની સાધના છે. ચપટી વગાડે અને આત્મજ્ઞાન કરાવી દે, એક કલાકમાં મોક્ષ અપાવી દે એવા ભગવાનોથી સાચો ભગવાન આપણને બચાવે. ભગવાન મહાવીરને પણ સાડાબાર વર્ષની ઘોર તપશ્ચર્યા કરવી પડી હતી, સર્વસ્વનો ત્યાગ કર્યો હતો.

ભાષા બેધારી તલવાર છે. સંપૂર્ણ સત્ય ભાષામાં આવતું નથી. આંશિક સત્યને સંપૂર્ણ માની, માણસ ભ્રમમાં પડે છે. જૈન પરિભાષામાં નિશ્ચય નય અને વ્યવહાર નય બતાવ્યા છે. અંગ્રેજીમાં જેને Absolute point of view and relative Point of view કહીએ. અપૂર્ણ માણસ માટે બધાં દૃષ્ટિબિન્દુ Relative વ્યવહારના છે. પણ માણસને નિશ્ચયની ભાષા વાપરતા આવડે છે. એટલે મિથ્યાને સત્ય બતાવે અને સત્યને મિથ્યા બતાવે એવી તેની બુદ્ધિ છે. શ્રીમદ્‌ આવા ભ્રમ સામે ગંભીર ચેતવણી આપી છે.

ફરી આત્મ સિદ્ધિની કેટલીક ગાથાઓ ટાંકું:

મુખથી જ્ઞાન કથે અને, અંતર છૂટયો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનનો દ્રોહ.
નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાનો'ય
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવા સોય.

નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ,
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ.
અથવા નિશ્ચય નયગ્રહે માત્ર શબ્દની માંય,
લોપે સદ્‌વ્યવહારને, સાધનરહિત થાય.

શ્રીમદે પોતે વિવેચન કરતાં કહ્યું છે:

'સમયસાર' કે 'યોગવાસિ' જેવા ગ્રંથો વાંચી, માત્ર નિશ્ચયનયને ગ્રહણ કરે. આત્મા અસંગ છે, અબંધ છે, વગેરે. માત્ર કહેવા રૂપે. અંતરંગમાં તથા રૂપ-ગુણથી કશી સ્પર્શના ન હોય અને સદ્‌ગુરુ સત્શાસ્ત્ર તથા વૈરાગ્ય, વિવેકાદિ સાચા 'વ્યવહાર'ને લોપે તેમ જ પોતાને જ્ઞાની માની લઈને સાધનરહિત વર્તે.

સદ્‌વ્યવહાર જીવનસાધનાનો પાયો છે, પ્રાથમિક ભૂમિકા છે. શુદ્ધ વ્યવહાર પણ જેનામાં નથી તે જીવનસાધનાના પંથે છે એમ માનવાની ભૂલ ન કરવી. ૮-૭-૧૯૮૨

સંઘના ૧૯૮૨-'૮૩ના વર્ષ માટેના પદાધિકારીઓ અને કારોબારી સમિતિ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૩૧-૭-૮૧૯૮૨ના રોજ સંઘના કાર્યાલયમાં મળી હતી, જેમાં ૧૯૮૨-'૮૩ના વર્ષ માટે નીચે મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી:

૧. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ–પ્રમુખ
૨. શ્રી રસિકલાલ એમ. ઝવેરી–ઉપપ્રમુખ
૩. „ ચીમનલાલ જે. શાહ.....મંત્રી
૪. „ કે. પી. શાહ.....મંત્રી
૫. „ પ્રવિણચંદ્ર કે. શાહ.....કોષાધ્યક્ષ

કારોબારી સમિતિમાં પદાધિકારીઓ ઉપરાંત ૧૫ સભ્યોની ચૂંટણી માટે ૨૧ સભ્યોની ઉમેદવારી થતાં ગુપ્ત મતદાનથી ચૂંટણીનું કામ હાથ ધરવામાં આવ્યું. મતદાનમાં નીચે મુજબના ૧૫ સભ્યો કારોબારી સમિતિના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે. ચૂંટાયેલા સભ્યોને હાર્દિક અભિનંદન!

૧. ડો. રમણલાલ ચીમનલાલ શાહ
૨. પ્રો. તારાબેન રમણલાલ શાહ
૩. શ્રીમતી નીરૂબહેન સુબોધભાઈ શાહ
૪. „ સુબોધભાઈ એમ. શાહ
૫. શ્રી અમર જરીવાલા
૬. શ્રીમતી કમલબહેન પીસપાટી
૭. શ્રી પન્નાલાલ રસિકલાલ શાહ
૮. „ હરિલાલ ગુલાબચંદ શાહ
૯. „ એ. જે. શાહ
૧૦. „ ગણપતભાઈ એમ. ઝવેરી
૧૧. „ ટોકરશી કે. શાહ
૧૨. „ પ્રવીણભાઈ મંગળદાસ શાહ
૧૩. „ દામજીભાઈ વેલજી શાહ
૧૪. „ મફતલાલ ભીખાચંદ શાહ
૧૫. „ રસિકલાલ લહેરચંદ શાહ

ચૂંટણીની કાર્યવાહી ઓડિટર મે. શાહ મહેતા એન્ડ કું.ના શ્રી ઉત્તમભાઈ શાહ અને સભ્યોમાંથી શ્રી શિરીષ સાકરચંદ વસાએ સંભાળી હતી.

સંઘ સમાચાર

અભ્યાસ વર્તુળ:–

સપ્ટેમ્બરની તા. ૧૦-૧૧-૧૨ (શુક્ર, શનિ અને રવિવાર) ત્રણ દિવસ માટે શ્રી નારાયણ દેસાઈનાં પ્રવચનો ગોઠવવામાં આવ્યા છે. વિષય તથા સમયની જાહેરાત હવે પછીના અંકમાં કરવામાં આવશે. લિ.
મંત્રીઓ

અહિંસકની પહેલી કસોટી–પોતાનો પરિવાર

[] અગરચંદ નાહટા

અહિંસાના મહત્ત્વ અને ઉપયોગિતાના સંબંધમાં લગભગ બધા જ જાણે છે અને પ્રચાર પણ એ વિશે થતો રહે છે. કયારેક પુનરાવર્તન એટલું થાય છે કે તેનો હૃદયસ્પર્શી સ્થાયી પ્રભાવ નથી પડતો. ખરેખર એ ખૂબ ચિંતનનો વિષય છે કે અહિંસાને પરમધર્મ માનવામાં આવે છે; પરંતુ જીવનમાં એની પ્રતિષ્ઠા કેમ નથી થતી. એ વિશે અહિંસાના પ્રચારકોએ પોતાના નવા ચિંતનને પ્રકાશમાં લાવવું જોઈએ. જીવનમાં હિંસા કયાં, કયા રૂપમાં વિદ્યમાન છે, એની બારીકાઈથી શોધ કરી તે હિંસાના નિવારણ અથવા હિંસા ઓછી કરવાના ઉપાય વિશે વિચારવું જોઈએ.

હિંસા કેવળ બીજાની જ નથી થતી, પોતાની પણ થાય આપણે બધાં બધો વખત પોતાની હિંસા કરતા રહીએ છીએ. કેમ કે રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, વિષય, કષાય અને પ્રમાદમાં આપણું જીવન પસાર થઈ રહ્યું છે. આત્માના સ્વભાવ કે ગુણો ઉપર કર્મોનું આવરણ આવે તે હિંસા છે. શ્રીમદ્ દેવચંદજીએ 'આધ્યાત્મ ગીતા'માં હિંસા અને અહિંસા શું છે એનું સ્પષ્ટીકરણ કરતાં લખ્યું છે:

આત્મગુણને હણતો, હિંસક ભાવે થાય.
આત્મધર્મનો રક્ષક, ભાવ અહિંસક કહેવાય.
આત્મગુણ રક્ષણા તેહ ધર્મ, સ્વગુણ વિધ્વંસણા તે અધર્મ.

બીજા જીવોને દુ:ખ દેવું કે મારવું એ દ્રવ્યહિંસા છે, પણ પોતાના ગુણોને હણવા તે ભાવ–હિંસા છે. આત્માને કર્મથી રક્ષવો એ જ માત્ર અહિંસા છે. વ્યવહારમાં કોઈને કષ્ટ ન દઈએ એ પણ જરૂરી છે; પરંતુ રાગ, દ્વેષ અને પ્રમાદદ્વારા આત્માથી હિંસા કરવી એ મોટું પાપ છે.

મનુષ્યમાં કરુણા, દયા, અનુકંપા વગેરે કોમળ અને નિર્મળ ભાવ છે, એ જો સમાપ્ત થઈ જાય કે ઓછા થઈ જાય તો આ વિશ્વની વ્યવસ્થા ચાલી ન શકે. બીજા જીવોની હિંસાથી બચવું ત્યારે મુશ્કેલ બની જશે. એક પ્રાણી બીજા પ્રાણીને મારવા અચકાશે નહિ; ત્યારે કોઈનું પણ જીવન સુરક્ષિત નહિ રહી શકે. હિંસાનો ભાવ પહેલાં મનમાં ઊઠે છે, પછી વચન અને કાયાદ્વારા હિંસા થાય છે. એટલા માટે જૈન સાધુ-સાધ્વીઓના અહિંસા-વ્રતમાં મન, વચન અને કાયાથી હિંસા કરવી નહિ, કરાવવી નહિ અને કરનારને અનુમોદના ન આપવું એવું વિધાન કરવામાં આવ્યું છે. શ્રાવક માટે પણ સંયમપૂર્વક કોઈની પણ હિંસા નહિ કરવી જરૂરી છે. આપણે સ્થૂળ હિંસા તો ઓછી કરીએ છીએ, પરંતુ પળે પળે આપણા વ્યવહારથી બીજાને કષ્ટ આપીએ છીએ, કટુ અને મર્મઘાતી વચન બોલીએ છીએ, અશુભ ચિંતન કરીએ છીએ. આ હિંસા તરફ આપણું ધ્યાન નથી જતું. થોડી સાવધાની રાખીએ તો જરૂર એમાંથી બચી શકીએ. સૌ પ્રથમ આપણું ધ્યાન કૌટુંબિક સંબંધો તરફ જવું જોઈએ. આપણા પરિવાર અને ઘરના લોકો સાથે આપણે કેવો વ્યવહાર કરીએ છીએ? મહાપુરુષોએ કહ્યું છે કે બીજાને કંઈ પણ કહેતાં પહેલાં પોતાની જાતને ઢંઢોળો. કોઈ પણ સારા કામનો પ્રારંભ પોતાના ઘરથી જ કરવો જોઈએ ત્યારે બીજા પર પ્રભાવ પડશે. પરિવારમાં સૌથી પહેલું અને સૌથી ઊંચું સ્થાન છે માતા-પિતાનું. આજ કાલ આપણે સૌ અનુભવીએ છીએ કે માતા, પિતા અને ગુરુજનોની બહુ અવહેલના થાય છે. જેમના સૌથી વધુ ઉપકાર છે એમના તરફ પોતાના કર્તવ્યનું પાલન વિરલ વ્યકિતઓ જ

[] ગુલાબ દેઢિયા

કરે છે. મોટા ભાગની વ્યકિતઓ તો એમને ઠેસ પહોંચે એ પ્રકારનો વ્યવહાર કરે છે. એ હિંસા છે. એમાંથી બચીએ. વૃદ્ધાવસ્થાને કારણે શિથિલ થયેલ મા-બાપની ઉપેક્ષા ન કરીએ. એ મહાઉપકારીઓ પ્રત્યે દુર્વ્યવહાર કરી હિંસા ન કરીએ.

માતા-પિતા પછી પરિવારમાં મુખ્ય સ્થાન છે ભાઈ, પત્ની અને સંતાનોનું. ભાઈ ભાઈ વચ્ચે આજે વિરોધ અને કટુતા વધ્યા છે, એક ભાઈ ધનનો અપવ્યય કરે છે જ્યારે બીજો ગરીબીમાં સબડે છે.

મહિલાઓ તરફ વ્યવહાર દુર્લક્ષ્યભર્યો છે. એમની અપેક્ષાઓનો ખ્યાલ નથી રાખવામાં આવતો. ઘણા કામ જબરદસ્તીથી કરાવવામાં આવે છે. એમને કેટલું દુ:ખ પહોંચતું હશે! સંતાનો પ્રત્યે પણ કયારેક એવો વ્યવહાર રાખવામાં આવે છે.

ઘરના નોકર-ચાકરો પાસેથી વધુ કામ લેવાની ભાવના રહે છે. ગમે તેવું સારું કામ કરે તો પણ આપણે કદર નથી કરતા. એ પણ મનુષ્ય છે, એનો પરિવાર કેટલી મુશ્કેલી ભોગવતો હશે તે વિચારવું જોઈએ.

શું આપણી કરુણા અને દયાનો સ્રોત સુકાઈ ગયો છે? આત્મીયતાની સુગંધ ઓસરી ગઈ છે? શું આપણે કુટુંબીજનો અને પડોશીઓના દુ:ખોમાં સહભાગી થવા તૈયાર નથી?

આપણા મહાપુરુષોએ એક મોટી કસોટી આપણને આપી છે કે, બીજાઓ સાથે એવો વ્યવહાર કયારે ન કરો, જે આપણા તરફ બીજા કરે તો આપણને ન ગમે, દુ:ખ પહોંચે. જેવો વ્યવહાર બીજાઓ પાસેથી ઈચ્છીએ છીએ તેવો જ વ્યવહાર એમની સાથે આપણે કરીએ. નીચેના વાકયમાં એ વાત કહેવામાં આવી છે.

'આત્મનામ્ પ્રતિકૂલાનિ, પરેષામ્ ન સમાચરેત્.'

પારિવારિક જીવનમાં સૌથી મોટી હિંસા દહેજના કારણે થાય છે. આખરે જીવનભરનો સંબંધ તો સુશીલ કન્યા પર આધાર રાખે છે. ધન તો અનેક વખત આવે છે અને જાય છે. એની તૃષ્ણા મટતી જ નથી.

આ રીતે આપણે ધ્યાનથી જોઈએ તો આપણા પારિવારિક જીવનમાં હિંસા કેટલી બધી વ્યાપ્ત છે. અહિંસક બન્યા છતાં આપણે એક વખત નહિ દરરોજ અનેક વખત હિંસા આચરતા રહીએ છીએ. કૌટુંબિક કલહ તો સર્વત્ર હોય છે. બધાંની પ્રકૃતિ એકસરખી નથી હોતી. બધાં આપણા કહ્યા પ્રમાણે કરે એ શકય નથી, તેથી સદ્‌ભાવ અને સહિષ્ણુતાની જરૂર છે. આપણે આત્મનિરીક્ષણ કરતા રહીએ અને સર્વ પ્રકારની હિંસાથી બચતા રહીએ.

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય ટ્રસ્ટીઓની વરણી

શ્રી મણીલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના આગામી પાંચ વર્ષ માટે ટ્રસ્ટીઓની ચૂંટણીનું કાર્ય સંઘની વાર્ષિક સામાન્ય સભામાં હાથ ધરવામાં આવ્યું. જેમાં નીચે મુજબ પાંચ ટ્રસ્ટીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

૧. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
૨. „ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી
૩. „ રસિકલાલ મો. ઝવેરી
૪. „ ચીમનલાલ જે. શાહ
૫. „ સુબોધભાઈ એમ. શાહ

લિ. મંત્રીઓ, **શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

વૃદ્ધોને અપીલ

□ 'સત્સંગી'

ઘરડાંઓનાં વર્ગમાં ઘરડાંઓનું સુખ ઈચ્છવું એ દરેક રીતે ઉચિત જ છે. આપણા બાપદાદાના સમયમાં ઘરડાંઓને સાચવવાનો પ્રશ્ન જ થતો નહોતો, કારણકે સંયુક્ત કુટુંબનું પાવિત્ર્ય લોકહૈયે વસી ચૂકયું હતું તેમ જ માતૃદેવો ભવ:! પિતૃદેવો ભવ:! ની ભાવના આ દેશના લોકોનાં લોહીમાં પરંપરાથી ધબકતી હતી. આજે સંયુક્ત કુટુંબની પ્રથા છિન્નભિન્ન થવા પામી છે અને તેનાં અનેકવિધ કારણો આપણે સૌ જાણીએ છીએ. પરિણામે આજે પિતા અને પુત્ર વચ્ચે, સાસુ અને વહુ વચ્ચે તેમ જ યુવાનો અને ઘરડાંઓ વચ્ચે વિસંવાદિતા સવિશેષ બનવા પામી છે. આજના સમાજનું ચિત્ર ઘણું દુ:ખદાયક હોવા છતાં, આમાં માત્ર પુત્ર કે પુત્રવધૂના જ દોષ જોવા એ ન્યાયની બાબત નથી.

માતાપિતાની સેવા કરવી એ સંતાનોનો પ્રથમ ધર્મ છે જ અને શ્રવણ જેવા બનવું એનાથી વિશેષ રૂડું પુત્ર માટે શું હોય? પરંતુ વાસ્તવિક સ્થિતિ એ છે કે મા-બાપ પોતાનાં સંતાનોની સેવા લઈ શકતાં નથી. માણસ માટે પિતા બનવું એ સ્વાભાવિક છે, પરંતુ પિતા થવું આકરું છે– એ કડવું સત્ય ખૂબ વિચારવા જેવું છે. સંતાનોને મોટાં કરવા, ભણાવવાં અને પરણાવવાં એટલી જ મા-બાપની ફરજ નથી, પરંતુ પોતાના સંતાનોને 'માનવ' બનાવવાં એ ખરી ફરજ ભૂલાય તો સમાજનું ચિત્ર કેવું બને? જ્યારથી મા-બાપ પોતાનાં સંતાનોને 'માનવ' બનાવવાની ફરજ ભૂલતાં રહ્યાં છે ત્યારથી સમાજની અધોગતિ શરૂ થઈ છે. તેથી ઊલટું જે માણસો પહેલાં કે આજે 'માનવ' તરીકે બહાર આવ્યા છે તેમનાં ઘડતરમાં તેમનાં મા-બાપનો ફાળો મહત્ત્વનો છે. એ સૌના પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભવની બાબત છે.

પુત્ર પિતાને 'દેવ' ગણે તેવી શાસ્ત્રાજ્ઞા છે એ સાચું; પરંતુ પિતા માટે પણ શાસ્ત્રની આજ્ઞા છે કે પુત્ર ૧૬ વર્ષનો થાય એટલે પિતાએ તેને મિત્ર ગણવો. પિતા પુત્રનું છત્ર છે અને છત્ર અટલે માત્ર પોષણ અને આશ્રય નહિ; પરંતુ છત્ર એટલે પિતાએ મિત્ર, તત્ત્વજ્ઞાની અને માર્ગદર્શક — a friend, philosopher and guide — બનવું એ અર્થ અભિપ્રેત છે. હક કાયદાની બાબત છે, જ્યારે પ્રેમ અને વાત્સલ્ય હૃદયની બાબતો છે અને તે જ સર્વોપરી છે. સંતાનો પતિ-પત્નીના પ્રેમનું સર્જન છે, છતાં સંતાનોને ખોટા લાડનાં સ્વરૂપમાં પ્રેમ અને વાત્સલ્ય મળે એ માનવીની મોટી કરુણતા જ છે. જે પિતા પુત્રની બાલ્યાવસ્થા પુત્રને સર્વસ્વ લાગે છે તે જ પિતા પ્રત્યે જ્યારે પુત્ર પુખ્ત બને છે, પરિણીત જીવન ગાળે છે ત્યારે પુત્રનો આદર ઘટવા લાગે છે. આનું કારણ પુત્રને માટે પોતાની પત્નીનો મોહપાશ નથી, પરંતુ પુત્રને પિતામાં મિત્ર, તત્ત્વજ્ઞાની અને માર્ગદર્શકનાં દર્શન થતાં નથી એ કારણ હોય છે. પોતાનો પુત્ર આગળ વધે અને આધુનિક સમાજમાં પ્રવર્તતી ઢબમાં આનંદથી રહે એ પિતાને માટે લહાવો બનવો જોઈએ. પુત્ર બીજી વ્યકિત નથી, પણ પોતાનું જ પ્રાકટય પુત્ર દ્વારા છે એમ માનવું એ પિતાને માટે ગૌરવની વાત નથી? આ માન્યતા સંવાદિતાની મૂળભૂત ભૂમિકા છે. ઉદ્ધત પુત્રનું હૃદય પણ નિ:સ્વાર્થ માતૃપ્રેમ પ્રત્યે પીગળે છે એ સત્ય પિતાએ વિચારવા જેવું નથી?

માતા હર્ષવિભોર બનીને પુત્રને પરણાવે છે; પરંતુ પોતાના જ લાડકવાયાનાં પ્રેમપાત્રને તે પ્રેમ આપી શકતી નથી એ 'સાસુ'નાં અજ્ઞાન અને અણસમજ જ પ્રકટ કરે છે. પુત્રવધૂની સમગ્ર રહેણી-કરણી પર પુત્રનાં જીવન અને પ્રગતિનો આધાર છે એ સત્ય પુત્રની માતાને 'સાસુ' બન્યા પછી સમજમાં આવતું નથી એ નારી જાતિની કરુણતા જ છે. આખરે તો સાસુએ પુત્રવધૂને વહીવટ સોંપવાનો જ છે તો પછી 'સાસુ' બનવા કરતાં પ્રેમાળ માતા શા માટે ન બનવું? માતાપિતા, પુત્ર અને પુત્રવધૂનાં પ્રેમાળ માર્ગદર્શક બને તેમાં તેઓને વૃદ્ધાવસ્થામાં સાચવવામાં આવે તેની ખુશામત નથી પણ પોતાનો ધર્મ છે અને સમાજ પ્રત્યે પોતાનું ઋણ અદા કરવાની બાબત છે.

આ પાયાનાં મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક સત્યો વડીલો સ્વીકારે અને આચરે તો તેમનું જીવન સુંદર થવાની સાથે તેમના અંગત પ્રશ્નો તેમ જ સમાજના અનેક પ્રશ્નો ઉકેલાય એ નિર્વિવાદ બાબત છે. આ રજૂઆતમાં ઘરડાંઓના ભૂતકાળના દોષો બતાવ્યા ગણાય અને પ્રશ્ન એ થાય કે આજે સંતાનો ઘરડાંઓને વૃદ્ધાશ્રમોમાં મોકલી આપે તેનું શું? આજના ઘરડાંઓ પોતાની ભૂતકાળની આવી ભૂલોને યોગ્ય પ્રકાશમાં સમજે અને પોતાનાં સંતાનો પ્રત્યે વાત્સલ્યભાવ સાચા અર્થમાં લાવી શકે તો સંતાનો ઘરડાંઓને વૃદ્ધાશ્રમોમાં મોકલતા અટકી જાય અને મોકલ્યા હોય તો પાછા પોતાની પાસે તેડી લાવે અથવા તો યથાશકિત ફરજ પ્રેમભાવથી અદા કરે એવી પૂરતી શકયતા રહેલી છે. સંતાનોને માત્ર મા-બાપની મિલકત જ કે કમાણી જોઈએ છીએ એવું હોતું નથી; સંતાનોને તેમનો પ્રેમ જોઈતો હોય છે. પ્રેમનાં વાતાવરણમાં અટપટા પ્રશ્નો ઉકેલાતા હોય છે એ સત્ય ખૂબ સમજવા જેવું છે. ફરીને સંયુક્ત કુટુંબની પ્રથા સ્થપાય એ પ્રશ્ન આજની સ્થિતિમાં મહત્ત્વનો બની શકે તેમ નથી, પરંતુ મહત્ત્વનો પ્રશ્ન એ છે કે પિતા અને પુત્ર વચ્ચે તેમ જ સાસુ અને વહુ વચ્ચે જે અંતર છે તે ઘટવું જોઈએ. આ અંતર પૈસા કે વ્યાવહારિક મદદથી ઘટે તેમ નથી, પરંતુ પ્રેમથી જ ઘટે તેવી બાબત છે. આ પ્રેમની પહેલ તો મોટેરાંઓએ જ કરવી ઘટે; આમાં 'ગરજ'નો પ્રશ્ન નથી, પણ પોતાના 'ધર્મ'નો પ્રશ્ન છે. આમાં વડીલોની નાનમ નથી, પણ ગૌરવયુકત મોટાઈ છે. તેમ જ હાર નથી, પણ યોગ્ય અર્થમાં જીત છે અને તેમાં યોગ્ય સમાજરચનાનાં બી વવાય છે એ ખૂબ મોટી બાબત છે.

ઘરડાંઓએ સમજવું જ જોઈએ કે પોતાનાં સંતાનો પ્રત્યે પ્રેમ અને માર્ગદર્શન સિવાય તેમણે ભગવાનની ભકિત અને યથાશકિત સાચા અર્થમાં સમાજસેવાનું કાર્ય અપનાવવું એ સર્વથા ઉચિત અને બંધબેસતું છે. મનોવૈજ્ઞાનિકો અને ડોકટરો કાર્ય અને પ્રવૃત્તિને સારી તંદુરસ્તી અને દીર્ઘાયુષ્ય બક્ષનારા ગણે છે. ઘરડાંઓની આવી દષ્ટિ બનવા પામે તો તેઓ 'અણખપતા'ની લાગણી અનુભવવાને બદલે તેઓની 'જરૂર' છે અને કોઈ તેમના પર આધાર રાખે છે એવી લાગણી અનુભવશે. આ કાલ્પનિક બાબત નથી; પરંતુ પ્રખ્યાત બ્રિટિશ બોમ્બર પાયલોટ લીઓનાર્ડ ચેશાયરનાં જીવનમાં બીજા વિશ્વયુદ્ધની ભયંકરતાઓથી પરિવર્તન આવ્યું અને તેણે અસાધ્ય રોગથી પીડાતા વૃદ્ધ દર્દીઓની સેવાનું કાર્ય ઉપાડયું. તેણે જગત સમક્ષ સાબિત કરી આપ્યું છે કે પ્રેમ અને સહવાસથી અસાધ્ય રોગથી પીડાતા વૃદ્ધ દર્દીઓ પણ તેઓની 'જરૂર છે' અને કોઈ તેમના પર આધાર રાખે છે એવી લાગણીના અનુભવથી તેમના જીવનના છેલ્લા દિવસો પણ સુખ-શાંતિથી વીતાવવા શકિતમાન બને છે. વૃદ્ધાશ્રમો આ વિચારસરણી પર ચાલવા જોઈએ અને જેમની કોઈ જ દેખભાળ કરનાર ન હોય તેમને માટે જ આ વૃદ્ધાશ્રમો હોવા ઘટે.

અફસોસની વાત તો એ છે કે આટલા વિશાળ દેશમાં પ્રૌઢ શિક્ષણનો મર્મ સમજાતો નથી. પ્રૌઢ શિક્ષણ અક્ષરજ્ઞાનથી માંડીને કેમ જીવવું ત્યાં સુધીના પ્રશ્નો આવરી લેનાર જબ્બર, ઉમદા સાધન છે. પ્રૌઢશિક્ષણ દ્વારા સમાજની વિચારભૂમિકા યોગ્ય બનાવી શકાય તેટલી પ્રૌઢ શિક્ષણમાં તાકાત છે. તેવી જ રીતે આ દેશમાં સંખ્યાબંધ ધર્મોલયો છે, પરંતુ તેમાં વૃદ્ધોને કથાવાર્તા અને વિસામો ખાવા પૂરતો જ આશ્રય મળે છે. વૃદ્ધોને યોગ્ય દષ્ટિબિંદુ મળે તેવા ઉત્સાહભર્યા પ્રયાસો આ ધર્મોલયોમાં થતાં નથી એ પણ વિધિની વિચિત્રતા ગણાય તેવી બાબત છે. ધર્મોલયનો એક હેતુ માનવપ્રેમ વિકસાવવાનો છે એ સત્ય સમજવાનો સમય પાકી ગયો છે.

ઈતિહાસ વિષેની બે દૃષ્ટિ

[] યશવંત દોશી

ઈતિહાસ વિષે વિદ્વાનોમાં અનેક ભિન્ન મતો પ્રવર્તે છે. આપણે ત્યાં સ્વ. કિશોરલાલ મશરૂવાળાએ એમના સુપ્રસિદ્ધ પુસ્તક 'સમૂળી ક્રાન્તિ' માં ઈતિહાસ વિષેની એમની દૃષ્ટિ વ્યકત કરીને વાચકોને સ્તબ્ધ કરી દીધા હતા. ઈતિહાસને નવલકથા કરતાં વધુ મહત્ત્વ નહિ આપવાનો એમનો મત અતિશય ચર્ચાસ્પદ બન્યો છે. મને કિશોરલાલભાઈના મંતવ્યમાં ઘણું બધું તથ્ય જરૂાય છે, પણ એ વિષે ભવિષ્યમાં કયારેક લખવાનો ઈરાદો છે. આજે ઈતિહાસ વિષે એક એવા જ બીજા તાત્ત્વિક મુદ્દાની ચર્ચા કરવી છે.

મુદ્દો એ છે કે ઈતિહાસ શું છે? એક મત એવો છે કે સમાજના મોવડીઓ જેવા મોટા માણસોનાં જીવન અને કાર્ય તે ઈતિહાસ. આનો અર્થ એ થયો કે રાજાઓ, મોટા સેનાપતિઓ, મહાન સંતમહંતો વગેરેનાં જીવનચરિત્રો તે જ ઈતિહાસ. ઈતિહાસની આવી સ્પષ્ટ વ્યાખ્યા આપ્યા વિના પણ આપણને જે ઈતિહાસ ભણાવવામાં આવ્યો છે તે આવો જ છે. આપણે જે ઈતિહાસ ભણ્યા તેમાં રાજવંશો, રાજાઓ અને રાજાઓનાં સારા-ખોટાં કાર્યોનો જ સમાવેશ થયો હતો. જ્યારે રાજાઓને બદલે એમના પ્રધાન પેશવાઓનું શાસન ચાલવા લાગ્યું ત્યારના સમયનો ઈતિહાસ પેશવાઓને પગલે ચાલ્યો અને અંગ્રેજોના રાજ્ય દરમિયાનનો ઈતિહાસ ગવર્નર જનરલો અને વાઈસરોયોની નામાવલીને અનુસર્યો.

ઈતિહાસ વિષેની આ દૃષ્ટિને પરિણામે ઈતિહાસ એટલે રાજકીય ઈતિહાસ એવી વ્યાવહારિક પ્રણાલિકા નીપજી. આ જાતનો ઈતિહાસ ખોટો તો ન કહેવાય, પણ અધૂરો, એકપક્ષી, પૂર્વગ્રહયુકત કહેવાય. ઈતિહાસ વિષેની આ દૃષ્ટિ એકાંગી ગણાય.

આની સામેનો મત 'ઈતિહાસ એટલે મોટા માણસોનાં જીવન અને કાર્ય નહિ, પણ સમગ્ર સમાજનું જીવન' એવો છે. સમ્રાટ અશોકના જીવનના અભ્યાસથી તે સમયના સમાજજીવનનો સાચો કે પૂરો ખ્યાલ આવે એવું આ દૃષ્ટિ ધરાવનારાઓ માનતા નથી. એમને એમ નથી લાગતું કે ભારતનો સોળમી અને સત્તરમી સદીનો ઈતિહાસ બાબરથી ઔરંગઝેબ સુધીના મોગલ સુલતાનોનાં જીવનની કથામાં સમાઈ જાય.

આમ, ઈતિહાસ વિષેનો એક મતભેદ વ્યકિતની વાત કે સમાજની વાત એ પ્રશ્ન પરત્વેનો છે. બીજો મતભેદ બનાવો અને પ્રવાહો-વલણો-વાતાવરણ વચ્ચેનો છે. આપણને ભણાવાતો ઈતિહાસ બનાવ ઉપર ઘણો વધુપડતો ભાર મૂકે છે. ઈતિહાસમાં બનાવ જેટલું જ એ બનાવ પાછળની ભૂમિકાનું, એનાં કારણોનું મહત્ત્વ હોય છે અને બનાવ બન્યા પછી એનાં શાં પરિણામો આવ્યાં એ પણ એટલું જ મહત્ત્વનું હોય છે. કારણો અને પરિણામોના અભ્યાસ માટે વિચારના પ્રવાહો, સમાજના વલણો અને સમાજનું વાતાવરણ-એ સર્વ જોવું.,–તપાસવું પડે છે.

ઈતિહાસને જ્યારે આપણે વ્યકિત જીવનરૂપે કે કથારૂપે જોઈએ છીએ ત્યારે ઈતિહાસ રોમાંસ જેવો, કથાવાર્તા જેવો બની જાય છે. એક વાત સાચી કે બાળકોને ઈતિહાસ શીખવવાનો પ્રારંભ ઈતિહાસની વાર્તાઓ દ્વારા થાય તો તેમને એ વિષયમાં રસ ઉત્પન્ન થાય. ઈતિહાસશિક્ષણનો ક્રમ પહેલાં વાર્તાઓ કહેવી, પછી સમયાનુક્રમ પ્રમાણે બનાવો શીખવવા અને છેલ્લે ઉચ્ચ કક્ષાએ સામાજિક પ્રવાહનું પૃથક્કરણ શીખવવું, એવો વાજબી છે. મુદ્દો એ છે કે, પ્રવાહોનું પૃથક્કરણ અને અર્થઘટન એ જ ખરું–ઈતિહાસ ચિંતન છે અને આગળના તબક્કા આ ઈતિહાસદર્શનની ફકત તૈયારી છે.

વ્યકિત કે બનાવો કરતાં પરંપરા, વિચારપ્રવાહો, રીતરિવાજો, રૂઢિઓ વગેરેનું પૃથક્કરણ કદાચ વધુ સાચો પ્રજાકીય ઈતિહાસ આપી શકે એવો પણ સંભવ છે. કોઈ એક સમયે રાજાએ મેળવેલા વિજય કરતાં તે સમયની પ્રજાના જીવનનું ચિત્ર વધુ સાચો ઈતિહાસ પૂરો પાડી શકે.

ઈતિહાસ સર્વવ્યાપી શબ્દ છે. કોઈ એક સમયે, કોઈ એક સ્થળે વસતા સમાજની પૂરેપૂરી માહિતી તે ઈતિહાસ. એ સમાજની રાજકીય, આર્થિક, ધાર્મિક, સમાજશાસ્ત્રીય, કળાવિષયક, શૈક્ષણિક સાહિત્યિક, મનોવૈજ્ઞાનિક, ટેકનોલોજિકલ - એમ બધી જાતની માહિતીની અપેક્ષા ઈતિહાસ પાસે રખાય. અલબત્ત, કેટલાંક શાસ્ત્રો પોતપોતાનાં ક્ષેત્રો પૂરતો અલગ ઈતિહાસ તૈયાર કરે છે. બધાં ક્ષેત્રોના આવા ઈતિહાસો ભેગાં કરીએ ત્યારે જ ખરો સામાજિક ઈતિહાસ, સંપૂર્ણ ઈતિહાસ પ્રાપ્ત થાય. બાકી બધા જુદા જુદા ઈતિહાસો આંશિક, એકાંગી ઈતિહાસ ગણાય. એ હિસાબે પરંપરાગત ઈતિહાસ એ કેવળ રાજકર્તાઓનો ઈતિહાસ છે.

ઈતિહાસની રજૂઆત હંમેશાં ઈતિહાસના નામે જ થાય એવું પણ નથી. ઘણીવાર રીતસરના ઈતિહાસ કરતાં કોઈ નવલકથા, કોઈ આત્મકથા, કોઈ જીવનચરિત્ર ઈતિહાસની વધુ નજીક આવે એવી કૃતિ હોય છે. નવલકથાઓમાં પણ ઐતિહાસિક ગણાવાયેલી નવલકથા હંમેશાં ઐતિહાસિક હોય એવું નથી બનતું. આથી ઊલટું સામાજિક ગણાઈ ગયેલી નવલકથા ઘણીવાર વધુ ઐતિહાસિક હોય છે. એનું કારણ પણ એમાં તે વખતની પ્રજાનું જીવન અનેક બાજુએથી બતાવવામાં આવ્યું હોય છે તે જ છે.

બે નવલકથાઓની તુલના કરી શકાય. મુનશીની નવલકથા 'ગુજરાતનો નાથ' ઐતિહાસિક નવલકથા તરીકે પ્રગટ થઈ હતી અને ઐતિહાસિક નવલકથા ગણાતી આવી છે. બીજી બિમલ મિત્રની 'સાહેબ, બીબી, ગુલામ' લઈએ. એ એક કાલ્પનિક સામાજિક નવલકથા ગણાઈ છે. 'ગુજરાતનો નાથ, ખરી રીતે તત્કાલીન રાજકર્તાઓની કાલ્પનિક કથા છે. એમાંનાં ઘણા બધાં પાત્રો ઈતિહાસમાં નોંધાયેલાં પાત્રો છે. એટલા પૂરતી એ ઐતિહાસિક નવલકથા કહેવાઈ છે તે વાજબી છે. પણ તેમાં પ્રજાના કોઈ પણ સમુદાયનું જીવન તો પ્રતિબિંબિત નથી થતું પણ ખુદ સોલંકી રાજકર્તાઓનું પણ સામુદાયિક જીવન, સામાજિક જીવન, કૌટુંબિક જીવન પ્રતિબિંબિત નથી થતું. એમાં કેવળ વ્યકિતઓ છે, સમાજ નથી એટલે સમગ્ર કૃતિ વાંચ્યા પછી એ યુગનું કોઈ વાસ્તવિક ચિત્ર આપણા મનમાં બંધાતું નથી.

મુનશીને અન્યાય ન થાય તે ખાતર એ યાદ કરવું જોઈએ કે એમણે પોતે ઈતિહાસ આપવાનો નહિ પણ નવલકથા આપવાનો જ હેતુ રાખ્યો છે અને નવલકથામાં સૌથી વધુ મહત્ત્વ પાત્રોના પરસ્પર વ્યવહારનું અને એમનાં આંતરિક સંચાલનોનું છે. સમાજજીવનનું દર્શન કરાવવું એ નવલકથા માટે અનિવાર્ય નથી, પણ ઈતિહાસ માટે અનિવાર્ય છે. આથી 'ગુજરાતનો નાથ' નવલકથા છે, પણ સાચા અર્થમાં ઐતિહાસિક નથી એમ કોઈ કહી શકે.

અને એ જ ધોરણે 'સાહેબ, બીબી, ગુલામ' ઐતિહાસિક છે એમ પણ કહી શકે. એ નવલકથાનાં પાત્રો તો બધાં કલ્પિત છે, ઐતિહાસિક નથી. પણ એ પાત્રોમાં એ વખતનો વાસ્તવિક સમાજ રજૂ થયો છે. પાત્ર કેવળ પાત્ર નથી રહેતું, સમાજના એક વર્ગનું અથવા એક સમૂહનું પ્રતિનિધિત્વ બની જાય છે. એમાં

આવતો જાગીરદાર કોઈ એક ચોક્કસ જાગીરદાર તરીકેનું નામ ભલે ધરાવતો હોય, પણ એની જેવા એ સમયે અનેક જાગીરદારો હતા અને એ દરેકની સ્થિતિ લગભગ સરખી જ હતી. ઘસાઈ ગયેલી, સત્વ ગુમાવી બેઠેલી તે કાળની જાગીરદારીને ખસેડી તેનું સ્થાન લેવા એક નવો મૂડીદારોનો વર્ગ ઊભો થઈ રહ્યો હતો એ આ કથાનું સામાજિક સત્ય છે. એમાં બનતા બનાવોનું કેવળ બનાવ તરીકે ઓછું મહત્ત્વ છે. વધુ મહત્ત્વ એ બનાવો સમાજની ગતિ કઈ દિશામાં થઈ રહી છે તે બતાવે છે એ હકીકતનું છે. આ દૃષ્ટિએ જોતાં આ કાલ્પનિક પાત્રોની કથામાં ઈતિહાસનાં તત્વો વધુ છે.

વ્યક્તિને લગતા બનાવો, વ્યક્તિનાં અંગત મનોમંથનો એ કથાનાં તત્ત્વો છે; સામાજિક પ્રક્રિયાઓ ઈતિહાસનું તત્ત્વ છે. આનું કારણ એ છે કે વ્યક્તિની વિલક્ષણતાઓ વ્યક્તિની સાથે ચાલી જવાની છે. એણે પ્રજાજીવન ઉપર જે અસર પાડી હશે તે જ લાંબા સમય સુધી રહેવાની છે. વ્યક્તિઓ આવે ને જાય, પણ પ્રજાજીવન શાશ્વત છે.

મહાભારતને કેટલાક વિદ્વાનો ઈતિહાસ ગણાવે છે તો કેટલાક એને પરંપરાગત દંતકથાઓને આધારે રચાયેલી એક કલ્પિત કાવ્ય-કૃતિ માને છે. એને ઈતિહાસ ગણીએ તો તે રાજકર્તા કુટુંબોની કથા તરીકે જ ગણી શકાય, પ્રજાજીવનના ચિત્ર તરીકે, સમાજજીવનના દર્શન તરીકે, સામાજિક પરંપરાઓના અર્થઘટન તરીકેનો ઈતિહાસ જોવો હોય તો મહાભારત એ દૃષ્ટિએ અધૂરું નીવડે.

દ્રૌપદીના પાંચ પતિ થયા એ દૃષ્ટાંત જુઓ. એમાં એક હકીકત રૂપે પાંચ પતિની વાત આપણે સ્વીકારી. એનું મહાભારતમાં અપાયેલું કારણ બાળવાર્તામાં જ ચાલે તેવું છે. પણ એનું કોઈ સામાજિક અર્થઘટન ખરું? જો અનેક પતિની કથા જ પરંપરા પાંડવકુળમાં કે એની કક્ષાનાં અન્ય કુળોમાં ન જ હોય તો આવી બેહુદી વાત કોઈ કુળ કે સમાજને સ્વીકાર્ય બને ખરી? પાંડવશ્રેષ્ઠ યુધિષ્ઠિર પણ આ યોજનાને બેહુદી નથી ગણતા. કુળનાં મોટેરાંઓ પણ જરાક જુદી વાત તરીકે એને સ્વીકારી લે છે.

પાંચ પતિની આવી કૌટુંબિક અને સામાજિક સ્વીકાર્યતાનું રહસ્ય શું? મહાભારતમાંથી એ મળતું નથી. બહુપતિત્વનાં અન્ય દૃષ્ટાંતો મહાભારતમાં નથી. આજે હિમાલયના વિસ્તારમાં કે મધ્ય પ્રદેશમાં બહુપતિત્વની પ્રથાવાળી આદિવાસી જાતિઓ છે એમ કહેવાથી મહાભારતના આ પ્રસંગનો સામાજિક ખુલાસો નથી મળતો. આ એક બાબત પૂરતું તો મહાભારત ઈતિહાસ નહિ, પણ કાવ્ય જ રહે છે.

શિવાજી વિષે એક સરસ વાત કહેવાય છે. એક હારેલા મુસ્લિમ સરદારની સુંદર યુવાન પત્નીને શિવાજી પાસે ભેટ તરીકે લાવવામાં આવી ત્યારે એમણે એક અત્યંત ઉમદા અને ગૌરવભર્યું ભવ્ય-વાક્ય કહ્યું: "આ મારી મા હોત તો હું યે આવો સુંદર હોત." શિવાજીના અંગત ગુણનાં દર્શન કરાવવા માટે આ અદ્‌ભુત પ્રસંગ છે. એનું અમુક ઐતિહાસિક મહત્ત્વ પણ છે. પણ શિવાજીને લગતી એક બીજી ઉક્તિ ચર્ચાસ્પદ છતાં ઈતિહાસની દૃષ્ટિએ વધુ મહત્ત્વની છે. ઘણું કરીને કવિ ભૂખણની કે પછી એમને નામે ચડેલી એક ઉક્તિ છે: "કાશી કી કલા ગઈ, મથુરા મસીદ ભઈ, શિવાજી, ન હોત તો સુન્નત હોત સબકી." શિવાજીએ સમગ્ર દેશને મુસ્લિમોના શાસન તળે આવતો અટકાવ્યો, નહિ તો આ દેશ કેવળ મુસ્લિમોનો દેશ બની જાત એવો આ કડીનો ભાવાર્થ થયો. સવાલ એ છે કે તે વખતના ઈતિહાસનું આ અર્થઘટન સાચું છે કે ખોટું? એ નક્કી કરવા માટે તત્કાલીન સમાજનાં વિવિધ પાસાં લક્ષમાં લેવાં જોઈએ અને એ બધાં પાસાંનું દર્શન એ જ ખરો ઈતિહાસ છે.

રશિયાનો સરમુખત્યાર સ્ટાલિન અને જર્મન સરમુખત્યાર હિટલર એ બન્ને વ્યક્તિ તરીકે કેવો સ્વભાવ ધરાવતા હતા એનું મહત્ત્વ જરૂર આંકી શકાય. પણ ખરી ઐતિહાસિક મહત્ત્વની વાત તો તો આ છે: સામ્યવાદી સમાજરચનામાં જ એવું કંઈક છે ખરું જેને પરિણામે ત્યાં સ્ટાલિન જેવા શાસકો વધુ ટકી શકે? જર્મનીની તત્કાલિન સામાજિક સ્થિતિ કેવી હતી જેણે હિટલર જેવો શાસક પ્રગટાવ્યો? આ પ્રશ્નો ઈતિહાસકારોએ ઉઠાવ્યો જ છે અને એની ઘણા વિસ્તારથી ચર્ચા કરી છે. અહીં કહેવાનો મુદ્દો એટલો જ છે કે સ્ટાલિન-હિટલરના ગુણ-દુર્ગુણ કરતાં આ બાબતોનું ઐતિહાસિક મહત્ત્વ વધુ છે.

એક દિવસ પંડિત સુખલાલજી પાસે અમદાવાદના પ્રખ્યાત સંગીતકાર ભાઈલાલભાઈ શાહ કબીરનું એક ભજન ગાતા હતા. ગીતમાં આ કડી આવી:

માડી રુવે આસો માસો,
બહેન રુવે બાર માસ;
ઘર કી જોરુ તીન દિન રુવે
ઘર સે નિકલે બહાર.

પંડિતજી કહે: "મને લાગે છે કે આમાં તે સમયની અમુક રૂઢિ અને પ્રણાલિકાની વાત છે. જેનો પતિ મરી ગયો હોય તે સ્ત્રીને પણ ગરીબીને લીધે ત્રણ દિવસ શોક પાળીને ચોથે જ દિવસે મજૂરીએ જવું પડતું હશે." પંડિતજીની આ દૃષ્ટિ એ ખરી ઈતિહાસદૃષ્ટિ હતી.

ઈતિહાસ ફક્ત ઐતિહાસિક ગણાતી સામગ્રીમાંથી જ નથી મળતો. એ સામાજિક રૂઢિઓ અને પરંપરામાંથી, કહેવતોમાંથી, આખા ભગતના છપ્પામાંથી અન્ય સાહિત્યમાંથી, લોકસાહિત્યમાંથી એવી એવી અનેક રીતે મળે છે. આ લેખ પૂરતો મુદ્દો એ છે કે વ્યક્તિના ઈતિહાસ કરતાં સમાજનો ઈતિહાસ વધારે મહત્ત્વનો છે.

નવા ઘરમાં વસવાટ

□ કુન્દનિકા કાપડિયા

'પ્રબુદ્ધ જીવન'ના ૧૬-૬-'૮૨ ના અંકમાં પ્રગટ થયેલો 'આથમતી સંધ્યાએ' લેખ ખેદ અને નિરાશા પ્રેરનારો, નિર્બળ લાગણીઓને પંપાળનારો લેખ છે. પરિસ્થિતિ ગમે તેવી હોય, પણ માણસે, તેનો ખમીરથી મુકાબલો કરવો જોઈએ. રોદણાં રડવા, બીજાઓ વિશે ફરિયાદ કરવી, જીવનમાંથી જે કાંઈ ચાલ્યું જાય તેના માટે બળાપા કાઢવા તે કોઈ પરિપકવ, સમજદાર માણસને શોભતું નથી. માણસ જીવનના કાર્યકાળ દરમિયાન કુટુંબનું સર્જન કરે છે, સંવર્ધન કરે છે, સાંપત્તિ એકઠી કરે છે, સાંપત્તિ વડે એક પ્રકારની સલામતી મેળવવાનો પ્રયત્ન કરે છે અને આ બધામાં તે પોતાના જીવનનાં ઉત્તમોત્તમ વર્ષો વાપરે છે, પોતાની કાર્યની, બુદ્ધિની, વિચારની શક્તિઓ વાપરે છે. પણ જીવન કેમ જીવવું, વિવિધ પરિસ્થિતિઓને આંતરશક્તિથી કેમ જવાબ આપવો, વધુ ને વધુ આત્મનિર્ભર, સામર્થ્યવાન કેમ બનવું, તે તરફ લક્ષ અપાતું નથી, પરિણામે વૃદ્ધત્વને તે 'ગુનો' માને છે. એક વખત 'ચારે કોર ધાક વગાડી હોય' પણ શરીર-શક્તિ ઘટતાં તે લાચાર બની જાય છે અને સંતાનોની માબાપ પ્રત્યેની વર્તણૂક વિષે ટીકા કરતો થઈ જાય છે. પણ તેણે પોતે વૃદ્ધાવસ્થા અવશ્યંભાવી છે એમ સમજીને એ માટે તૈયારી કયારે ય કરી હોય છે ખરી?

પહેલી વાત તો એ કે સંતાનોની આટલી ટીકા કરનાર માબાપોએ સંતાનો સાથેનો પોતાનો વ્યવહાર તપાસ્યો છે ખરો? 'ચારે કોર ધાક વગાડવા ઈચ્છતા' લોકોએ પોતાના ઘરમાં પણ પ્રેમનું નહિ, ધાકનું જ સામ્રાજ્ય ચલાવ્યું હશે. પ્રેમ આપીએ તો પ્રેમ મળે છે.

દીકરાની વહુને દીકરી કરીને રાખી હોય તો એ ચોક્કસ સાસુ-સસરાને માબાપ ગણીને સેવા કરી શકે, પણ આપણને સત્તા ચલાવવાનો શોખ હોય છે. રાજકર્તાઓ જ નહિ, બધા જ સત્તાનો દુરુપયોગ કરે છે. જ્યાં જ્યાં જેના હાથમાં જે કાંઈ નાની મોટી સત્તા હોય, તેનો માણસ દુરુપયોગ કરે જ છે. એક સ્ત્રી વહુ હોય ત્યારે તેણે સાસુના અત્યાચારો સહ્યા હોય; તે જ સ્ત્રી પોતે સાસુ બને ત્યારે વહુ સાથે કેવી રીતે વર્તે છે? આપણે આપણા થકી બીજાઓનું આપણી હેઠળના લોકોનું મન કેટલું દુભવીએ છીએ, આપણાં શબ્દો ને કાર્યોથી તેમને કેટલાં વીંધીએ છીએ તેનો આપણને ખ્યાલ હોય છે ખરો?

ત્રણ દિવસ પહેલાં જ એક યુવાન, દોઢ વર્ષ પહેલાં પરણેલી સ્ત્રી મળી હતી. છ કે સાત મહિનાની ગર્ભાવસ્થામાં હતી. મેં તેના સહજ ખબર પૂછયા કે તેની આંખમાં આંસુ આવી ગયાં. તે ક્રીમંત કુટુંબમાં પરણી છે. ઘરમાં નોકરો છે, તો પણ સાસુનો આગ્રહ કે પોતે ચીંધે તે કામ તો વહુએ કરવું જ જોઈએ. સાસુએ વહુને સ્ટુલ પર ચડી અભરાઈ પરથી વજનદાર ડબ્બો ઉતારવાનું કહ્યું. છોકરીને કંઈક તકલીફ હતી. જેના માટે તે ડોકટર પાસે ગઈ હતી. ડોકટરે કહેલું કે વજનદાર વસ્તુઓ ઊંચકવી નહિ. તેણે સાસુને નમ્રતાથી કહ્યું કે મને ડોકટરે આવું કામ કરવાની ના પાડી છે. સાસુ ગુસ્સે થઈ ગયાં. 'ઉતાર ડબ્બો, હું કહું છું ને તને! જોઉં છું તને શું થાય છે?' છોકરી રડી પડી ને પોતાના રૂમમાં ચાલી ગઈ.

જે લોકો પોતાનાં સંતાનોના વ્યવહાર વિશે ફરિયાદ કરે છે તેઓ પોતાના હૃદયને પૂછી જુએ: તેમણે સંતાનો પ્રત્યે માયા-મમતાનો. સહાનુભૂતિ ને સમજનો વ્યવહાર કર્યો છે? પોતાનું વર્ચસ્વ ચલાવવાને બદલે પોતાનો પ્રેમ વહાવ્યો છે ? છોકરાંઓના વ્યકિતત્વનો આદર કર્યો છે?

એક ભાઈની ફરિયાદ હતી કે છોકરાંઓને પોતે ધંધામાં પલોટયા પણ હવે તેઓ પોતાની સાથે ધંધા વિશે કોઈ વાત કરતા નથી, પણ છોકરાઓ જ્યારે વાત કરતા ત્યારે આ ભાઈ હંમેશાં પોતે કેટલું વધારે સારી રીતે એ જ કામ કરી શકે છે તેની સાચી ખોટી બડાઈ હાંકતા; 'તને તો કાંઈ આવડતું જ નથી, કહી દીકરાને ઉતારી પાડતા. 'હું ત્યાં ઊભો હોઉં ને તો ફટ દઈને કામ થઈ જાય, તને કાંઈ સમજ જ પડતી નથી, એમ કહી છોકરાઓને અપમાનિત કરતા અને તેમને ખબર પણ પડતી નહિ કે તેઓ છોકરાઓનું અપમાન કરી રહ્યા છે.

માબાપોનો એક મોટો દોષ એ હોય છે કે તેઓ સંતાનોની ઉંમરનો, સંતાનોની સમજનો, સંતાનોના વ્યકિતત્વનો આદર નથી કરતાં. બાળકોના જીવનમાં પરિવર્તન થઈ રહ્યું હોય છે, જે વૃદ્ધિ-વિકાસ તેમની બુદ્ધિ ને સમજમાં થઈ રહ્યાં હોય છે તે જોવાની દૃષ્ટિ જ તેમની પાસે નથી હોતી. તેમને મન તો છોકરાંઓ નાનાં ને નાના જ હોય છે, કયારેય ઊગતાં જ નથી હોતાં. આવું મુખ્યત્વે બાપ અને દીકરાના સંબંધમાં બને છે. દીકરી તો પરણીને સાસરે ચાલી ગઈ હોય છે એટલે મા માટે દીકરાની વહુ પોતાનું નિશાન રહે છે. આપણને નવાઈ લાગે, પણ આ જમાનામાં યે, મુંબઈ જેવા શહેરમાં પણ એવી સ્ત્રીઓ છે જે પુત્રવધૂને કહે, "તું ભલે વૈષ્ણવ કુટુંબમાંથી આવી, પણ હવે અમારું આ જૈન કુટુંબ છે તો તારે અગિયારશ ફગિયારશ નહિ કરવાની. હવેથી એકાસણાં આંબેલ કરવાનાં" એક સ્ત્રીને પોતાની ધાર્મિક માન્યતા ધરાવવાનો અધિકાર નથી. કારણ? તે પરણેલી છે. તેનો હવે તેના પોતાના વિચારો, પોતાની બુદ્ધિ, પોતાની માન્યતા પર કશો અધિકાર નથી. પોતાની રીતે ધર્મઉપાસના કરવાની સાદી સ્વતંત્રતા પણ છીનવી લેનાર સ્ત્રી કયા અધિકારે એમ અપેક્ષા રાખી શકે કે હું વૃદ્ધ થઈશ ત્યારે મારી બધી સ્વતંત્રતાઓ જળવાશે?

માણસનું હૃદય કેટલું તો સાંકડું, પોતાનાં ખ્યાલોમાં બંધિયાર નાની નાની સત્તાઓમાં તૃપ્તિ શોધવાની ક્ષુદ્રતાથી ભરેલું હોય છે! તેણે કયારેય આત્મનિરીક્ષણ કર્યું નથી હોતું, પોતાના વ્યવહાર તપાસ્યા નથી હોતા. જે સૌથી નજીકનાં છે, પોતાનાં ઘરનાં છે તેની પોતે કેવી વિવિધ રીતે ઉપેક્ષા કરી છે તેનો તેને ખ્યાલ જ નથી આવતો. પ્રેમ ને માયાળુતાથી તેણે સંતાનોનાં હૃદયનાં ઊંડાણનો સ્પર્શ કર્યો નથી હોતો. વૃદ્ધાવસ્થામાં આ બધાંનો તેમને બદલો મળે છે, પરંતુ મેં એવા માબાપ પણ જોયાં છે જેમણે તેમનાં સંતાનો સાથેના સંબંધમાં પ્રેમ, સમજદારી અને વિશ્વાસ દાખવ્યાં હોય છે. તેમના પર પોતાનું વર્ચસ્ ઠોકી બેસાડયું હોતું નથી. આવા એક પિતાના પુત્રે કમાવાની શરૂઆત કરી ત્યારે પિતાને કહ્યું હતું: 'બાપુજી નિવૃત્ત થયા પછી હવે તમારે કાંઈ જ કામ પૈસા માટે કરવાનું નથી. તમે નિરાંતે તમને જે ગમે તે પ્રવૃત્તિ કરજો. આર્થિક બાજુ બધી હું સંભાળી લઈ. તમે જો કમાવાની ચિંતા હવે કરશો તો મને લાગશે કે તમને અમારામાં અવિશ્વાસ છે."

આમાં તો 'વાવીએ તેવું લણીએ'ની જ વાત છે. આપણે પ્રેમ આપ્યો હશે તો ચોક્કસ પ્રેમ મળશે. પણ જો 'ધાક' જમાવી હશે તો આપણી ઉપર પણ ધાક જમાવવામાં આવશે.

આ સંતાનો સાથેના વ્યવહારની વાત થઈ. બીજો મુદ્દો એ છે કે આવી લાચાર પરાધીન સ્થિતિમાં મૂકાવું ન પડે એ માટે આગળથી કોઈ વ્યવસ્થા વિચારી ન શકાય? એ માટે મન અને શરીરને આગળથી તૈયારી કરી ન શકાય?

જીવનની કોઈ અવસ્થા નિરુપયોગી નથી. બાલ્યાવસ્થા અનેકવિધ શકયતાનો ઉઘાડ છે; યુવાવસ્થા સ્વપ્નો, આવેગો સાહસ, અને અજાણ્યાં શિખરો સર કરવાની શકિત છે; પ્રૌઢાવસ્થા જીવનના કડવા - મીઠાં અનુભવોનું તારણ કાઢીને સમજ અને શાણપણ મેળવવાનો તબક્કો છે, તો વૃદ્ધાવસ્થા આંતરિક સ્તર પર કામ કરવાનો, સંગ્રહ અને આસકિતનાં જાળાં વિખેરી નાખવાનો, પુનર્જન્મમાં માનતાં હોઈએ તો નવા જીવન માટે બીજ વાવવાનો સમય છે. યુવાવસ્થામાં યોગ્ય આહાર વિહાર - યોગાસનો - ધ્યાનનો અભ્યાસ કેળવ્યો હોય તો વૃદ્ધાવસ્થામાં પણ શરીરસ્વાસ્થ્ય ઘણે અંશે જાળવી શકાય. ૭૫ - ૮૦ વર્ષે પણ સ્ફુર્તિથી કામ કરતા ઘણા મહાનુભાવોને આપણે જાણીએ છીએ જેમાં પ્ર. જીવનના આદરણીય તંત્રીશ્રી પણ છે. ગાંધીજી આપણને કયારેય વૃદ્ધ લાગેલા? માણસની વૃદ્ધાવસ્થાની અપંગતા ને નિર્બળતા સર્વાંશે નહિ તો ઘણા અંશે, તેની યુવાનકાળની જીવન-રીતિનું જ પરિણામ હોય છે.

છતાં શરીર જર્જર થાય, હાથપગની શકિત શિથિલ થઈ જાય, તે વૃદ્ધાવસ્થાનું અનિવાર્ય લક્ષણ છે, પણ તેથી મનની શકિત આત્મશકિત ક્ષીણ જ થાય તે અનિવાર્ય નથી. ગૃહસ્થ-જીવનનાં કર્તવ્યો નિભાવતાં, સંસારની જટિલ પરિસ્થિતિઓનો સામનો કરતાં માણસને પોતાની અંદર જોવાની ફૂરસદ મળી હોતી નથી. વૃદ્ધાવસ્થા એ સમય આપે છે જ્યારે આપણે આપણી અંદર ડોકિયું કરીએ, આપણાં દુન્યવી વળગણોને ખંખેરી નાખીએ. થોડા વખતમાં છેવટની વિદાય લેવાની જ છે. તો જરા આગળથી આસકિતનાં બંધન ઢીલાં કરી શકાય? છોકરાંનાં છોકરાં, તેમની માયા તેમના પ્રત્યેનો મોહ - એ બધાંમાંથી હળવેકથી જાતને ખેંસવી લઈ પોતાનાં આંતર-વિકાસ માટે વિચારવાનો સમય માણસ માટે શું કયારેય આવતો જ નથી?

'ઘરડાં - ઘર' ને હું તો આવકારું છું. જિંદગીભર આપણે થોડાક લોકોના સ્નેહમાં જાતને પૂરી રાખી હોય છે. આ નવા ઘરમાં અજાણ્યાં

મનુષ્યોને ચાહવાની, આપણી પ્રેમની શક્તિનો વિસ્તાર કરવાની આપણને તક મળે છે. કેવળ પોતાના જ દુ:ખને વાગોળવાને બદલે બીજાનાં દુ:ખમાં આપણે ભાગ લઈ શકીએ છીએ. જીવનભર જે કાંઈ માનસિક સંપત્તિ, વિચાર સંપત્તિ, અનુભવ સંપત્તિ એકઠી કરી હોય તેનો બીજાઓના લાભાર્થે વિનિયોગ કરી શકીએ છીએ. સંસારની જવાબદારી ને ચિંતા ન હોવાથી મોકળા મને હસી-આનંદી શકીએ છીએ. અહીં આપણને મિત્રો મળી શકે છે, સહાનુભૂતિ મળી શકે છે. પ્રાર્થના અને શ્રદ્ધાને બળ પણ મળી શકે છે. અહીં પણ માણસ પોતાની ઉચ્ચ આત્મશક્તિ દાખવીને પ્રતિકૂળતામાં પ્રસન્ન કેમ રહી શકાય તીવ્ર શારીરિક પીડાઓ વચ્ચે હસતાં પ્રફુલ્લ કેમ રહી શકાય તેનું ઉદાહરણ પૂરું પાડી શકે છે. ઘર અને ઘરની મમતાને છોડીને જવાની ઘડી તો આમ પણ આવવાની જ છે. એ વિદાયને કોઈ ટાળી શકવાનું છે? તો પરાણે જ્યાં વિચ્છેદ કરવો જ પડવાનો છે ત્યાં સમજથી, શાણપણથી વિદાય લઈ લેવામાં વાંધો શો છે? આપણે માગણીઓ, આગ્રહો, અપેક્ષા, ફરિયાદ નહિ પણ પ્રેમનો ભાવ રાખતાં હોઈશું તો આ નવા ઘરમાં પણ આપણાં સ્નેહી-સંબંધીઓ મળવા આવવાના જ છે. તેમને મળીને પ્રસન્ન થવાની વધારે આશા શા માટે રાખવી જોઈએ?

પણ ઘરડાં-ઘર એ નામ બદલવાની બહુ જરૂર છે. એ નામ એવું તો સોગિયલ છે! એને બદલે અમે નંદિગ્રામ રાખવા ધાર્યું છે, તેમ 'વિસામો' નામ રાખી શકાય અથવા 'સંધ્યાઘર' કે કે 'નવું ઘર' બીજું ઘર' અથવા માત્ર "ઘર" - એટલું જ નામ રાખીએ તો પણ ચાલે. આ ઘરો વધારે વિશાળ હેતુવાળાં, વધારે સગવડ-વાળા, સાધનોવાળા હોવાં જોઈએ. બધાં જ વૃદ્ધો કંઈ અશક્ત હોતાં નથી. જેમનામાં શક્તિ છે, તેમને અહીં કામ કરવાની તક પણ મળે છે. તેવું ગોઠવાવું જોઈએ. અહીં તેઓ સ્વાર્થ માટે નહિ સર્વજનના લાભાર્થે પોતાની શક્તિઓનો વિનિયોગ કરી શકે. તેઓ વૃક્ષો વાવી શકે, બાળકો-પ્રૌઢોને ભણાવી શકે. ડોકટરો વકીલો વગેરે પોતાની વ્યાવસાયિક આવડતનો આસપાસના લોકોને લાભ આપી શકે, એક નાના મર્યાદિત કુટુંબને બદલે વિશાળ કુટુંબ રચીને પારકાંને પોતાના બનાવીને તેઓ અહીં રહી શકે. આવા ગૃહો વધારે ને વધારે પ્રમાણમાં, વધુ વ્યવસ્થિત, વધુ આયોજન-પૂર્વક ચારે તરફ ઊભા થવા જોઈએ. જ્યાં જેમને સંતાનો નથી, તેવા લોકો પણ વૃદ્ધ થાય ત્યારે રહી શકે. પોતે ઘરમાંથી હાંકી કઢાયા છે એવો ભાવ સેવવાને બદલે વધુ ઊંચા જીવન માટેની સગવડ જ્યાં મળી શકે છે તેવા નવા ઘરમાં પોતે વસવાટ કરવા જઈ રહ્યા છે તેવો ભાવ મનમાં જાગવો જોઈએ અને પશ્ચિમ કરતાં આપણને એક સૌથી મોટો લાભ એ છે કે આપણી પાસે સમયને સાર્થક કરવા માટે હજી પ્રભુભક્તિનો ઉત્તમ સર્વમાન્ય માર્ગ છે! જે સમય-આપણને પ્રભુ ભણી ઉન્મુખ થવાની તક આપે અને જે નિવાસ એ તકનો ઉપયોગ કરવાની સગવડ આપે, તેના પ્રત્યે ફરિયાદ શાની? તેના માટે તો આપણે કૃતજ્ઞતા જ અનુભવવી જોઈએ.

સિદ્ધિ

ફળે મારાં સ્વપ્નો તદપિ હૃદયે ફાળ પડતી!
મળી આ સિદ્ધિ શું ક્રામમુજબથકી, માત્ર ક્રામણી?
કિંવા ભાગ્યે મારા યશ વિજય તેથી જ જીત શું?
હસ્યો હું તે હાસ્યે રુદન વરસ્યું કૈં અવરનું?

મને આવી શંકા પ્રતિદિન રહે ને દમી રહે,
મને સિદ્ધિ પૂંઠે ઘણી બળતરા ડંખતી રહે,
મને લાધ્યું તે તો હતું અવરનું, શેં મુજ થયું?
ગયું જેનું તે તો દડ દડ રહે ને હસું જ હું?

કહો આ સિદ્ધિ શું, આગર નથી જો હાર પરની,
મને આવી સિદ્ધિ લગીર ન ગમે, છો નહિ મળે!
ભલે, કર્મે કે'જો આસફળ મને, એ જ ગમશે!
નથી એ સિદ્ધિ જો જગતભરમાં કૈં ન વધતું!

મને રિદ્ધિમાંહી સકળ રસ છો સિદ્ધિ પરની!
વધે સિદ્ધિ ત્યારે ખૂબ જ ગમતી સિદ્ધિ મુજની!

— ચંપકલાલ સંઘવી

આજીવન સભ્યોની નામાવલી

શ્રી સુરેશ સુરજમલ ચૌધરી
„ જગદીશ અર્જુન ઠક્કર
„ મોર્ડન મશીન ટુલ્સ કું.
„ વલ્લભદાસ રામજી ઘેલાણી
„ સતીશભાઈ આર. શાહ
„ ભારતીબેન આર. કોઠારી
„ હરકીશન પારેખ
„ રમણલાલ કેશવલાલ ગાંધી
„ શાંતિલાલ નાગરદાસ શાહ
„ ધારસીભાઈ ગણપત દેઢિયા
„ પ્રભુદાસ વી. પુંજાણી
„ ખુશાલચંદ સોજપાર ગડા
ડૉ. પ્રિયદર્શીબેન એચ. ડોકટર
શ્રી જવાહર મોહનલાલ શાહ
„ પ્રવિણ એમ. શાહ
„ આઈ. જી. મહેતા
„ પ્રતાપરાય બેચરદાસ શેઠ
„ મુકેશચંદ્ર બળવંતરાય દોશી
„ એચ. એલ. સંઘવી
„ નરેન્દ્ર સી. હેકડ
ડૉ. એચ. ટી. મહેતા
શ્રી સતીશભાઈ રસિકલાલ શાહ
„ મનસુખલાલ ચી. શાહ
„ પ્રદીપ સેવંતીલાલ શાહ
„ ઝલીબેન નાખુદા
„ અરુણ સી. શાહ
„ સેવંતીલાલ લહેરચંદ શાહ
„ ચીનુભાઈ મંગળદાસ શાહ
„ ચંદ્રકાંત લખમશી ગાલા
„ નવિનચંદ્ર જે. વીરા
„ મીલન બારોટ
„ નવિન સી. મણિયાર
„ રમણિકલાલ શાંતિલાલ શાહ
„ હર્ષદ મણિલાલ સંઘવી
„ એસ. એન. ચોકસી
„ અનિલ આર. પરીખ
„ દીપચંદ ઘેલાભાઈ શાહ
„ કાંતિલાલ એસ. સંઘવી
„ કીરીટકમાર કોઠારી
„ ધીરજબેન કાંતિલાલ વોરા
„ કિશનભાઈ કે. કાપડિયા
„ અનંત જે. ધામી
„ સુંદરજી એમ. પોપટ
„ શશીકાંતભાઈ કે. મહેતા
„ શરદબહેન દામોદરદાસ મહેતા
„ મનહરલાલ ગોવિંદજી શાહ
„ પ્રવિણચંદ્ર એન. જોબાલિયા
„ કસ્તુરચંદ મહેતા
„ શૈલેશકમાર કસ્તુરચંદ ઝવેરી
„ મુકુંદરાય લક્ષ્મીચંદ દોશી
„ પ્રવિણભાઈ એ. પુંજાણી

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ. મુંબઈ-૪૦૦ ૦૦૪. ટે. નં.: ૩૫૦૨૯૬: મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ. ફોર્ટ. મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૬ : અંક : ૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧ સપ્ટેમ્બર, ૧૯૮૨, બુધવાર
વાર્ષિક લવાજમ રૂ. ૨૦ : પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂ. ૧-૦૦

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

મારી જીવનદૃષ્ટિ

[] ચીમનલાલ ચકુભાઈ શાહ

આ વર્ષની મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આ વિષય ઉપર હું બોલ્યો હતો. તેનો સંક્ષેપ સાર અહીં આપું છું.

જીવનદૃષ્ટિ એટલે સમગ્ર જીવન પ્રત્યેનો અભિગમ Approach to life જરા વ્યાપક કહેવું હોય તો જીવનદર્શન Philosophy of life.

દરેક વ્યક્તિને કોઈને કાંઈ જીવનદૃષ્ટિ અથવા જીવનદર્શન હોય જ છે. અવ્યક્તપણે તેના મનના ઊંડાણમાં પડેલ છે, તેના બધા વર્તનનું મૂળ (મોટીવેશન) આ જીવનદૃષ્ટિમાં રહ્યું છે. પણ બહુ થોડી વ્યક્તિઓ તેને ચેતનાની સપાટી પર લાવી, તેનું નિરીક્ષણ, પૃથક્કરણ અથવા શોધન કરે છે, જીવનવ્યવહારમાં અને જીવનની જરૂરિયાતો પ્રાપ્ત કરવામાં, માણસ એટલો બધો ડૂબેલ રહે છે કે આવો વિચાર કરવાની તેને તક નથી કે અવકાશ નથી. બધાની એવી શક્તિ પણ નથી. પરંપરાગત માન્યતાઓ સ્વીકારી, પ્રવાહપતિત જીવન જીવ્યે જાય છે.

છતાં, માણસ વિચારવંત પ્રાણી છે. જીવનના રહસ્યનો તાગ પામવા દરેક વ્યક્તિ કોઈક વખત અને થોડી વ્યક્તિઓ ઊંડાણથી વિચાર કરે છે. માણસ અભણ હોય કે શિક્ષિત, ગરીબ કે તવંગર, કોઈક માન્યતાઓ તેણે સ્વીકારી હોય છે અને તે પ્રમાણે વર્તે છે. માણસની વિશેષતા એ છે કે તે પોતાની જાતનો વિચાર કરી શકે છે. હું કોણ છું, આ જગત શું છે, તેમાં મારું સ્થાન શું છે, મારી અંતિમ ગતિ શું છે, ઈશ્વર છે, પુનર્જન્મ છે, કર્મ છે, પોતે કર્મનો કર્તા-ભોક્તા છે, પુણ્ય છે, પાપ છે, કર્મમાંથી મુક્ત થવાય છે અને તે જીવનનું ચરમ ધ્યેય છે. આવી માન્યતાઓનો આપણો વારસો છે.

માણસને મુખ્યત્વે બે પ્રકારનાં વિચારો કરવાના પ્રાપ્ત થાય છે. જ્ઞાનના અને આચારના, ઉપર જણાવ્યા તે પ્રશ્નો જ્ઞાનના છે. આવું જ્ઞાન પ્રાપ્ત કરવા માણસ મથે છે. પણ પોતાના અસ્તિત્વનું અને આ બ્રહ્માંડનું રહસ્ય પામી શકતો નથી ત્યારે છેવટ ઈશ્વરની લીલા કહી સંતોષ માને છે. કેટલાક સંતો અને મહાપુરુષો આ રહસ્યને પામ્યા છે તેવી માન્યતા છે અને તેવા સંતોએ કહ્યું હોય તે આપણે સ્વીકારીયે છીએ.

આચારના પ્રશ્નો દરેક વ્યક્તિએ વિચારવા પડે છે. દરેકે પોતાનો આચાર–ધર્મ (વર્તનનો માપદંડ) નક્કી કરવાનો રહે છે. તેમાં પણ પરંપરાગત આચાર પ્રણાલિકાઓ સ્વીકારીયે છીએ. સ્વતંત્ર ચિંતન ઓછું હોય છે.

જ્ઞાનની માન્યતાઓ આચારધર્મનો નિર્ણય કરવામાં કારણભૂત રહે છે. ઈશ્વર છે, આત્મા છે, પુનર્જન્મ છે, કર્મ છે, કર્મના ફળ ભોગવવા પડે છે એવી માન્યતાઓ હોય તેનું વર્તન અને એવી માન્યતા ન હોય એવી વ્યક્તિનું વર્તન, ભિન્ન પ્રકારના રહે છે. છતાં, આવી માન્યતાઓ ન હોય અથવા તે વિષે ઉપેક્ષા હોય તો પણ સદાચાર હોય તે અસંભવ નથી. ઈહલોકમાં સુખેથી કેમ રહેવું એવી વ્યવહારબુદ્ધિથી પણ માણસ એકંદરે સદાચારી રહે. સામ્યવાદીને કે ઉપયોગિતાવાદીને આવી કોટિમાં મૂકી શકાય.

પ્રથમ વિચાર કરીએ ઈશ્વરનો. જગતના કર્તા અને નિયંતા તરીકે અને મનુષ્યને કર્મફળ આપનાર ન્યાયાધિશ તરીકે, ઈશ્વરની કલ્પના વ્યાપક છે. સામાન્ય માણસ ઈશ્વરની કલ્પના વ્યક્તિ તરીકે જ કરી શકે છે. Personal God –સંતો અને ભક્તો પણ આવી જ રીતે માને છે. વિસ્તારથી ન લખતાં, મારી માન્યતા હું સંક્ષેપમાં કહું છું.

જગત અનાદિ અને અનંત છે. તેનો કોઈ કર્તા નથી. આ જીવધારી દેહ, જડ-ચેતનનો સંયોગ છે. પિંડે તે બ્રહ્માંડે–એ ન્યાયે આ વિશ્વ પણ જડ-ચેતનથી ભરપૂર છે. ચેતનની અનંત શક્તિ છે. મનુષ્યની શક્તિ, વિજ્ઞાનમાં, આધ્યાત્મમાં, સાહિત્ય, સંગીત, કળામાં, પરોપકાર, કરુણા, પ્રેમમાં, અસીમ વિકાસ પામે છે તે આપણા અનુભવનો વિષય છે. મનુષ્ય અને જીવમાત્રમાં રહેલું ચેતન તત્ત્વ, વિશ્વચૈતન્યનો એક અંશ છે. વિશ્વચૈતન્ય વિશ્વનું ધારણ, પોષણ, નિયમન કરે છે. એ આણું એ આણુમાં વ્યાપેલ છે. તે જ ઈશ્વર છે. એ શક્તિ મંગળમય અને કલ્યાણકારી છે. એનું શરણ પ્રાપ્ત કરવું, તેમાં લીન થવું, તેની સાથે એકતાર થવું, તે જીવનનું અંતિમ ધ્યેય છે. તે માટે પ્રાર્થના અને ભક્તિ કરવી. તેથી અંતરશુદ્ધિ પ્રાપ્ત થાય છે, કોઈ બાહ્ય વસ્તુની પ્રાપ્તિ માટે નથી.

આ જગતમાં અનિષ્ટ છે, દુઃખ છે. આવું વ્યાપક અનિષ્ટ અને દુઃખ જોઈ, સંવેદનશીલ વ્યક્તિ, અત્યંત વ્યથિત થાય છે અને ઈશ્વરની મંગલમય અને કલ્યાણકારી શક્તિમાં શ્રદ્ધા ડગી જાય છે. સહેલો આશાવાદ શક્ય નથી. આ અનિષ્ટ અને દુઃખના કારણ અને નિવારણ તરીકે પુનર્જન્મ અને કર્મનો સિદ્ધાંત સ્વીકારીએ તો જ જીંદગીનો તાળો મળે છે. કર્મનો સિદ્ધાંત અવિચળ છે છતાં ઈશ્વરની અસીમ દયા છે. એ બેમાં વિરોધ નથી. પ્રાર્થના અને ભક્તિ, અપૂર્ણ આત્માની પૂર્ણતા પ્રાપ્ત કરવાની ઝંખના અને તાલાવેલી છે. આ બધા અનિષ્ટ અને દુઃખમાં પણ, આપણી પ્રાર્થના અને શ્રદ્ધા, અસત્યમાંથી સત્યમાં જવાની, અંધકારમાંથી પ્રકાશમાં જવાની, મૃત્યુમાંથી અમૃત પ્રાપ્ત કરવાની જ છે.

Life persists amidst death, light shineth amidst darkness, Truth triumphs amidst untruth.

આ શ્રદ્ધા અનુભવે આવે છે, સંતસમાગમે આવે છે. આવી શ્રદ્ધા વિના જીવન ભારરૂપ થાય છે, અર્થહીન બને છે. આ શ્રદ્ધાથી

જીવન ઉન્નત બને છે, પ્રસન્નતાનો, સાચા સુખનો અને શાંતિનો, અનુભવ થાય છે. આવી શ્રદ્ધા પ્રયત્નપૂર્વક, વિચારપૂર્વક, સતત પુરુષાર્થથી કેળવવી પડે છે, સહજ નથી. તેને માટે જીવનસાધના કરવાની છે અને તે આચારધર્મ છે જેનો હવે વિચાર કરીએ.

ભારતના ત્રણે ધર્મો-વૈદિક, જૈન અને બૌદ્ધ-માં જ્ઞાનના ક્ષેત્રે મતભેદ છે અને રહેવાનો જ. અદ્વૈત, દ્વૈત, આત્મવાદી, અનાત્મવાદી, ઈશ્વરવાદી, અનિશ્વરવાદી વિગેરે રહેશે. પણ આચારધર્મમાં અને જીવનસાધનાની બાબતમાં, ત્રણે ધર્મોમાં મહદંશે એકતા છે. ત્રણે ધર્મો દૃઢપણે માને છે અને ઉપદેશે છે કે મનુષ્યજીવનની સાર્થકતા માટે વાસનાઓ ઉપર વિજય મેળવવો, તેનું દમન કરવું, એ જ એક માર્ગ છે. વાસનાઓને છૂટો દોર આપવો તેમાં વિનાશ છે. દેહ અને આત્માનો આ સંયોગ મનુષ્યને વિરોધી દિશાઓમાં ખેંચે છે. કામ, ક્રોધ, મદ, મોહ, લોભ આ બધી દેહની વાસનાઓ છે. પ્રેમ, કરુણા, મૈત્રી, પ્રમોદ, આત્માના ગુણ છે. એકને છોડવાથી બીજું પ્રાપ્ત થાય છે. આ અતિ વિકટ અને દીર્ઘકાળની સાધના છે, દેખીતી રીતે કષ્ટમય છે, પણ સાચું સુખ, શાંતિ અને આનંદ આપનાર છે.

જીવનમાં સ્વાર્થનો સંઘર્ષ છે. પ્રત્યેક વ્યક્તિ, પોતાનો સંકુચિત સ્વાર્થ જુએ છે, તેમાં સુખ માને છે. તેમાં મતાગ્રહ અને ઝનૂન પ્રવેશે છે. રાગ-દ્વેષનો સંગ્રામ છે. સ્વાર્થ આત્મઘાતી છે. સર્વ જીવો સાથે મૈત્રીભાવ અને અભેદ અનુભવીયે તેમાં જ આત્મકલ્યાણ છે. તેથી માણસની માનવતા પણ ચારે દિશામાં પાંગરે છે. પ્રેમ, કરુણા, મૈત્રી, પરોપકાર, ભ્રાતૃભાવ, દયા, માણસના અંતરમાં છે જ અને અનેકવિધ પ્રકટે છે. માણસની માનવતામાં શ્રદ્ધા ગુમાવવી એ મોટું પાપ છે. એ માનવતા જ આ જીવનને ટકાવી રાખે છે. જ્યાં જ્યાં માનવતા જોઈએ કે આચરીયે ત્યાં ચિત્ત પ્રસન્નતા અનુભવે છે. માણસ સમાજમાં બેઠો છે, અનેક સંબંધોથી વીંટળાયો છે. કેટલાક સંબંધો પરસ્પરવિરોધી છે. માણસ પોતાની પ્રકૃતિથી દુઃખી થાય છે અને બીજાને દુઃખી કરે છે. સ્વાર્થને માટે અસત્ય, હિંસા, અનીતિનો આશ્રય લે છે.

સામાન્ય માણસ નથી સંત કે નથી દુષ્ટ. પોતાના સામાન્ય સ્વાર્થમાં ન નીતિમય કે ન અનીતિમય, એવું જીવન જીવે છે. એ સદાચારી થવા ઈચ્છે છે. સંજોગો અને પ્રકૃતિ તેને સ્વાર્થમાં ખેંચે છે. છતાં માનવતા સર્વથા ગુમાવી બેઠો નથી. શકિતશાળી વ્યકિતઓ સત્તા, કીર્તિ કે પરિગ્રહના મોહમાં અનીતિ આચરે છે અને જનસમાજને ખેંચે છે. સંતપુરુષો માનવતાને પોષે છે અને તે દિશામાં જનસમાજને માનવતાની પ્રેરણા આપે છે. આ રીતે સંસાર ચાલ્યા કરે છે.

વિચારવંત વ્યકિત શું કરે?

પોતાનો આચારધર્મ નક્કી કરે. વ્યકિતગત જીવનમાં વાસનાઓ અને કષાયો ઉપર બને તેટલો કાબુ મેળવે. સામાજિક જીવનમાં બને તેટલું નીતિમય, પરોપકારી જીવન જીવે. બીજાને દુઃખ થાય તેવું વર્તન ન કરે અને પોતાની શકિત પ્રમાણે બીજાનું દુઃખ ઓછું કરવાનો પ્રયત્ન કરે. બધા સંતપુરુષો થાય એમ બનવાનું નથી પણ બધા સદાચારી થાય એટલું જરૂર બને. છતાં સંસાર સ્વાર્થથી એટલો બધો ભરપૂર છે કે કેટલીક વ્યકિતઓએ સર્વ ત્યાગ કરી, પરમાર્થમાં જીવન સમર્પણ કરવું પડે. તે માટે બલીદાન આપવું પડે.

પોતે બને ત્યાં સુધી આવું જીવનઘડતર કરે પણ બીજાઓ પોતાના સ્વાર્થે અન્યાય કરે તેનું શું કરવું? પ્રતિકાર કરવો? કેવી રીતે? તેથી રાગ-દ્વેષ વધે તેનું શું? જીવનની આ સમસ્યાઓ છે.

કોઈએ આત્મકલ્યાણ માટે સંસાર ત્યાગ ઉપદેશ્યો છે. કોઈએ અન્યાયનો બદલો અન્યાયથી વાળવાનું કહ્યું છે. જેવાની સાથે તેવા થવું એ માર્ગ બતાવ્યો છે. આ માર્ગ વિનાશકારી છે. કોઈએ સંસારને અસાર કહી. તેને સુધારવાનો પ્રયત્ન મિથ્યા છે એમ કહ્યું છે.

આ બધી વિકટ સમસ્યાઓમાં, મારી જીવનદૃષ્ટિ, ગાંધીજીને બધી રીતે આદર્શ તરીકે સ્વીકારે છે. પ્રકૃતિથી હું પ્રવૃત્તિમય છું, નિવૃત્તિ મારા સ્વભાવમાં નથી. સાધનશુદ્ધિ અને અન્યાયના પ્રતિકારમાં માનું છું. મારી ચિત્તવૃત્તિઓ ઉપર સારીપેઠે મારો કાબુ છે. જીવનમાં સંયમ મને સ્વાભાવિક છે. ચિન્તન અને મનન મારા જીવનનું અંગ છે. સતત વિચારશીલ રહું છું. મારા ધ્યેયથી લાખો જોજન દૂર છું. ગાંધીજીને આદર્શ તરીકે માન્યા છે, એ માટે નહીં કે તેઓ અવતારી કે પૂર્ણ પુરુષ હતા. તેમની અપૂર્ણતાઓ જ તેમના પ્રત્યેનું આકર્ષણ છે. તેમાં રહેલી જીવનસાધના મને માર્ગદર્શક છે.

શરીર હવે થાકયું છે. નિર્બળતા વધતી જાય છે. દેહ હવે સાધન રહેવાને બદલે બંધન હોય એમ લાગે છે. સ્મૃત્તિ અને બુદ્ધિ ઉપર ઉંમરની અસર થઈ નથી. બન્ને વધારે સતેજ થયા છે એમ અનુભવું છું. મનની સ્થિરતા, સ્વસ્થતા અને નિર્મળતા વધતા રહે છે. મનના અતલ ઊંડાણમાં જોઈ શકું છું. બધી બાહ્ય પ્રવૃત્તિઓ કર્યે જાઉં છું પણ કયાંય ખુંપ્યો નથી. અલિપ્તતા વધતી રહે છે. કૌટુંબિક, વ્યવસાયાત્મક અને સામાજિક પ્રવૃત્તિઓ પ્રવાહપતિત કર્મ રૂપે ચાલે છે. પારમાર્થિક પ્રવૃત્તિઓનો પણ હવે મોહ રહ્યો નથી. કોઈ તૃષ્ણા નથી, અતૃપ્તિ નથી, અસંતોષ નથી. જીવનની ધન્યતા અને કૃતકૃત્યતા અનુભવું છું. વિદાયની પૂરી તૈયારી છે. કાંઈ બાકી રહી જતું હોય તેવો લેશ ભાવ મનને નથી. ઈચ્છા મૃત્યુનું વરદાન હોત તો, પરાવલંબી થઉં તે પહેલાં આ દેહને છોડી દેવા ઈચ્છું, પણ કદાચ પ્રારબ્ધકર્મ ભોગવ્યે જ છૂટકો છે.

આટલું આત્મનિવેદન કરતાં અને લખતાં મને ઘણો સંકોચ થતો હતો. બાહ્યવ્યવહાર અને અંતરદશાની એકતા ન હોય ત્યારે આવું આત્મનિવેદન સંશય પેદા કરે છે. મારો બાહ્ય વ્યવહાર સામાન્ય માનવીનો છે. કાંઈ છોડ્યું નથી. અંતરદશા જુદી છે. તેનું મનોમંથન મારી વ્યથા છે. ઉપદેશ કોઈ દિવસ આપ્યો નથી, આપવાની મારી લાયકાત નથી. જીવનના રહસ્યનો તાગ પામી શકયો નથી, પણ જે કાંઈ ઝાંખી થઈ છે તે આચરણમાં મૂકવા નમ્ર પ્રયત્ન કર્યો છે. ૮૦ વર્ષની ઉંમરે, દીર્ઘજીવન ઉપર દૃષ્ટિપાત કરું છું ત્યારે જે જાણ્યું અને અનુભવ્યું છે તે છેવટે શબ્દોમાં મૂકવા પ્રયત્ન કર્યો છે. માત્ર પ્રકટ ચિંતન. બધું કહી શકાતું નથી, કહેવાની જરૂર પણ નથી.

I have Cultivated a spirit of resignation.

નરસિંહ મહેતાનું ભજન મને ગમે છે.

જે ગમે જગતગુરુદેવ જગદીશને
તે તણો ખરખરો ફોક કરવો.

અંતમાં મારી પ્રાર્થના છે.

न त्वमहम् कामये राज्यम्, न स्वर्गम् ना पुनर्भवम्
कामये दुःखतप्तानाम्, प्रणिनाम् आर्तिनाशनम् ।

આ મારો જીવનમંત્ર રહ્યો છે.

૨૯-૮-૧૯૮૨

ગુસ્સો થવું એટલે બીજાઓના દોષનું પોતાની જાત પર વેર લેવું. – એલેકઝાન્ડર પોપ

શબ્દોની જરૂર નથી; કાર્યોનો વિશ્વાસ રાખો.

– ઓવીડ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

☐ ડૉ. રમણલાલ ચી. શાહ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી રવિવાર તા. ૧૧મી ઑગસ્ટથી સોમવાર તા. ૨૩મી ઑગસ્ટ સુધી એમ નવ દિવસ માટે બિરલા ક્રીડા કેન્દ્ર (ચોપાટી)માં પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી. પ્રતિ વર્ષ આ વ્યાખ્યાનમાળાનો લાભ વિશેષ લેવાતો જાય છે. શ્રોતાઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે અને યુવક સંઘને દાતાઓ તરફથી તે માટે પ્રોત્સાહન પણ મળતું જાય છે. આ વર્ષની વ્યાખ્યાનમાળાના સમગ્ર ખર્ચની રકમ શ્રી શૈલેશ કોઠારી તરફથી ભેટરૂપે મળી છે. તદુપરાંત આવતા વર્ષથી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો ખર્ચ વ્યાજની રકમમાંથી નીકળી રહે એ દૃષ્ટિએ શ્રી સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ તરફથી રૂપિયા દોઢ લાખની રકમનું દાન મળ્યું છે, જે માટે શ્રી જૈન યુવક સંઘ એમનો અત્યંત ઋણી છે.

આ વર્ષે શ્રોતાઓની સંખ્યાને લક્ષમાં રાખી છેલ્લા બે દિવસ હૉલની બહાર બેઠેલા શ્રોતાઓ માટે ક્લોઝ સર્કિટ ટી. વી. ની વ્યવસ્થા કરવામાં આવી હતી. બહુ સસ્તા દરે આ વ્યવસ્થા કરી આપવા માટે "વિશાલ ઈલેક્ટ્રોનિક્સ"ના અમે આભારી છીએ.

પ્રથમ દિવસે પ્રથમ વ્યાખ્યાન શ્રી શશિકાંત મહેતાનું હતું. એમનો વિષય હતો 'જિનભક્તિ.' જિનભક્તિનો મહિમા સમજાવતાં તેમણે કહ્યું કે ધ્યાનયોગમાં પણ ક્યારેક અહંકારનો તંતુ રહી શકે છે. પરંતુ જિનભક્તિમાં અહંકારનું વિસર્જન થાય છે. જિનેશ્વરની ભક્તિ કૃતજ્ઞતા અને વિનય વગર સંભવિત નથી. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર પ્રકારે અર્હત્‌ની ભક્તિ કરવાની હોય છે. અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા એ ત્રિવિધ પ્રકારની પૂજા દ્વારા દર્શન, જ્ઞાન અને ચારિત્ર્યની આરાધના થાય છે. દુઃખરહિત થવી માટે નહિ પણ પાપરહિત થવા માટે જિનભક્તિ કરવાની હોય છે.

એ દિવસે બીજું વ્યાખ્યાન 'મિત્તિ મે સવ્વ ભૂએસું'એ વિષય, ઉપર પૂજ્ય મહાસતીજી શ્રી ધર્મશીલાશ્રીજીનું હતું. એમણે પર્વના દિવસોનું માહાત્મ્ય સમજાવી, ધર્મપ્રધાન અને પર્વપ્રધાન એવી ભારત પાસે રહેલી આધ્યાત્મિક શક્તિનો પરિચય કરાવી, મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ એ ચાર ભાવનાઓને તથા ક્ષમાપનાની ભાવનાને જીવનમાં ઉતારવા ઉપર ભાર મૂક્યો હતો, જેથી જીવનમાં સંવાદ સ્થપાય અને વિશ્વમાં શાંતિ પ્રસરે.

બીજે દિવસે પ્રથમ વ્યાખ્યાન શ્રી વસંતભાઈ ખોખાણીનું હતું. 'શ્રીમદ્ રાજચંદ્ર' એ એમના વ્યાખ્યાનનો વિષય હતો. એમણે આરંભમાં શ્રીમદ્ રાજચંદ્રના જીવનનો પરિચય કરાવ્યો હતો. તેત્રીસ વરસનું શ્રીમદ્‌નું આયુષ્ય હતું. પરંતુ એટલી નાની વયમાં એમણે કરેલી સાધના બહુ ઊંચી કોટિની હતી. નાની ઉંમરમાં જાતિ, સ્મરણ, જ્ઞાન, વેપારમાં પ્રામાણિકતા અને ઉદારતા, લોકપ્રસિદ્ધિથી દૂર રહેવાની વૃત્તિ, શાસ્ત્રાભ્યાસ તથા આધ્યાત્મિક સાધનાને કારણે ગાંધીજીએ પણ એમને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા હતા. શ્રીમદ્ રાજચંદ્ર કોઈ ગચ્છ કે સંપ્રદાયમાં માનતા નહોતા. તેઓ કહેતા કે 'હું કોઈ ગચ્છમાં નથી. હું તો આત્મામાં છું.'

એ દિવસે બીજું વ્યાખ્યાન પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપનું હતું. એમનો વિષય હતો: 'આત્મદીપ બનો.' એમણે મનુષ્ય-જન્મની દુર્લભતા સમજાવી અને મનના વિવેક ઉપર ભાર મૂક્યો. આજે માણસ દુનિયાની પંચાતમાં પડી ગયો છે; પરંતુ આત્મહિત કરવાનો પોતાનો સ્વાર્થ જો એ ભૂલી જશે તો બધું જ ગુમાવશે. બાહ્ય પ્રલોભનો પાછળ દોડવાનું છોડીને માણસે આત્મનિરીક્ષણ કરવું જોઈએ. જેથી આત્માને દુર્ગતિ લાગી ન જાય.

ત્રીજા દિવસે 'સંતો મેરે પ્રેમઘટા ઝુક આઈ' એ વિષય ઉપર ડૉ. કાન્તિલાલ કાલાણીનું વ્યાખ્યાન હતું. એમણે મીરાંબાઈ, આણંદાલ, રાબિયા, વ્રજની ગોપીઓ વગેરેના પ્રસંગો ટાંકીને કહ્યું કે પ્રેમ એ પરમાત્માનું પૃથ્વી ઉપર વામન સ્વરૂપ છે. એ પ્રેમનો પ્રાણ સુધી પ્રવેશ થવો જોઈએ. એ થાય તો અહમ્‌નું વિસર્જન થાય છે અને જડતાનું ચૈતન્યમાં રૂપાંતર થાય. દિવ્ય પ્રેમનાં ક્ષેત્રમાં બુદ્ધિ અને તર્કથી કશું માપી શકાય નહિ. પ્રભુ પ્રત્યેનો પ્રેમ આપણને આપણામાં રહેલા સૂક્ષ્મ બંધનોમાંથી છોડાવે છે અને અજર, અમર, અવિનાશી એવા પદની ઝાંખી કરાવે છે.

એ દિવસે બીજું વ્યાખ્યાન શ્રીમતી ધૈર્યબાળા વોરાનું હતું. એમનો વિષય હતો: 'વિવિધ પ્રચારમાધ્યમો અને સ્ત્રી.' એમણે કહ્યું કે આધુનિક વૈજ્ઞાનિક શોધખોળોની આપણા જીવન ઉપર ઘણી મોટી અસર પડતી જાય છે. આપણા સામાયિકો, છાપાંની જાહેરખબરો, રેડિયો, ટી. વી., સિનેમા વગેરેમાં સ્ત્રીનો ઉપયોગ દેહપ્રાધાન્યની દૃષ્ટિએ થાય છે. આપણા પરંપરાગત મૂલ્યોની અવગણના થાય છે. સ્ત્રીઓને સામાજિક ન્યાય મળવાને બદલે સામાજિક અન્યાય વિશેષ થાય છે અને દેહસૌંદર્ય ઉપર એટલો બધો ભાર મુકાય છે કે જેથી સ્ત્રીઓ ખોટી ભ્રમણામાં રહે છે.

ચોથે દિવસે પ્રથમ વ્યાખ્યાન શ્રી કૃષ્ણકુમાર મહેતાનું હતું. એમનો વિષય હતો: 'ગીતામાન્ય જીવનધારા' એમણે કહ્યું કે ગીતા એ ઉપનિષદોનું અમૃત છે. મૃત્યુથી જીવન પૂરું થતું નથી અને કરેલું કાર્ય ફોગટ જતું નથી. આપણે જ આપણો ઉદ્ધાર કરવાનો છે. એ માટે અસ્મિતા, નમ્રતા, કૃતજ્ઞતા અને મુમુક્ષુતાની આવશ્યકતા છે. ઘટકાર અને શિલ્પકાર એ બંનેની જીવનધારા ગીતાને માન્ય છે. જન્મનું બીજ એ વાસના છે તો મુક્તિનું બીજ જ્ઞાન છે. આપણે વિષય, વિકાર, યમભય અને ભવરોગથી મુક્ત થવાનું છે.

એ દિવસે બીજું વ્યાખ્યાન શ્રી કિરણભાઈનું હતું, એમનો વિષય હતો: 'પ્રકાશનો પંથ'. જર્મન કવિ ગેટેના મૃત્યુ સમયના પ્રકાશની ઝંખના માટેના શબ્દો યાદ કરી એમણે પ્રકાશના પંથની પાત્રતા કેળવવા ઉપર ભાર મૂક્યો. દ્રવ્યપ્રકાશ, ભાવપ્રકાશ અને પરમપ્રકાશ એમ ત્રણ પ્રકારના પ્રકાશ છે. સમ્યક્‌દર્શન રૂપી ભાવપ્રકાશ પ્રગટાવ્યા પછી લોગસ્સ સૂત્રમાં જેમની સ્તુતિ કરવામાં આવી છે એવા ચોવીસ તીર્થંકરોની પરમજ્યોતિના પરમપ્રકાશના આપણે દર્શન કરવાના છે.

પાંચમા દિવસે પ્રથમ વ્યાખ્યાન હતું શ્રી શૈલેશ મહાદેવિયાનું. એમનો વિષય હતો: 'મારી કૈલાસયાત્રા'. શ્રી શૈલેશભાઈ થોડાં દિવસ પહેલાં જ ભારત સરકારની અનુમતિ મળતાં ચીનના કબજા હેઠળના તિબેટના પ્રદેશની કૈલાસ અને માનસરોવરની યાત્રા કરીને આવ્યા છે. એમણે હિમાલયમાં નવાધાટથી કૈલાસ અને માનસરોવર સુધીની પોતાની યાત્રાનું વિગતવાર રસિક વર્ણન, કાલિગંગાના અને માનસરોવરના પાણીના મોજાંઓના અવાજના રેકૉર્ડિંગ સંભળાવવા સાથે કર્યું હતું.

એ દિવસે બીજું વ્યાખ્યાન ડૉ. કુમારપાળ દેસાઈનું હતું. એમનો વિષય હતો: 'અહમ્‌ની ઓળખ.' એમણે કહ્યું કે માણસ અને ઈશ્વર વચ્ચે અહમ્‌ની દીવાલ છે. ધન, જ્ઞાન, પદ, કીર્તિ વગેરે દ્વારા માણસનો અહમ્ પોષાય છે. અહમ્‌ને કારણે ઈશ્વરનો અવાજ સંભળાતો નથી. અહમે મનુષ્યનું ઘણું અહિત કર્યું છે. છેલ્લા ત્રણ હજાર વર્ષમાં અહમ્‌ને કારણે પંદર હજાર યુદ્ધો થયાં છે. બહારની સમૃદ્ધિ વધતાં અંતર શૂન્ય બનતું જાય છે અને સત્યનું દર્શન થતું નથી. અહમ્‌નું વિસર્જન આપણને પૂર્ણચેતના સુધી પહોંચાડે છે.

છઠ્ઠા દિવસે પ્રથમ વ્યાખ્યાન હતું ડૉ. નરેન્દ્ર ભાનાવતનું. 'જૈનધર્મ ઔર જીવન મૂલ્ય' એ વિષય ઉપર એમણે વ્યાખ્યાન આપ્યું હતું. એમણે કહ્યું કે કિંમત અને મૂલ્ય વચ્ચે ફરક છે. મૂલ્યમાં સ્વાર્થ-ત્યાગ હોય છે. જૈન ધર્મ આત્માના શત્રુઓ સાથે સંગ્રામ કરવાનો ઉપદેશ આપે છે. અહિંસાની સાથે સમાનતા અને સ્વતંત્રતાની આવશ્યકતા છે. જ્યાં સુધી કષાય ઉપર વિજય મેળવાતો નથી ત્યાં સુધી આત્મા પરમાત્મા બની શકતો નથી. જૈન ધર્મ જેમ આત્મ-લક્ષી છે તેમ સમાજલક્ષી પણ છે. જ્યાં સુધી જીવન મૂલ્યોનું નિર્માણ થતું નથી અને આત્મમૂલ્યોની ઓળખ થતી નથી ત્યાં સુધી મનુષ્ય-જીવન પ્રબુદ્ધ થતું નથી.

એ દિવસે બીજું વ્યાખ્યાન ડૉ. સુરેશ દલાલનું હતું. 'શ્રી રામ-કૃષ્ણ પરમહંસ' વિશે બોલતાં એમણે કહ્યું કે રામકૃષ્ણને સમજવા માટે બુદ્ધિ કામ ન લાગે, કારણ કે તેઓ અતીન્દ્રિયના માણસ છે. રામકૃષ્ણે નાની ઉંમરમાં ભાવસમાધિના અનુભવો કર્યાં હતાં. ગદા-ધરમાંથી તેઓ રામકૃષ્ણ બન્યા કારણ કે તેમની સાધના ઘણી ઊંડી હતી. તેઓ સર્વત્ર ઈશ્વરનાં દર્શન કરતા હતા. તેઓ ચમત્કાર કે વિવિધ સિદ્ધિઓથી આકર્ષાયા નહોતા કારણ કે ચમત્કારોથી લોક-માન્યતા મળે; પરંતુ પ્રભુમાન્યતા ન મળે.

સાતમા દિવસે પ્રથમ વ્યાખ્યાન હતું જસ્ટિસ ધર્માધિકારીનું. એમનો વિષય હતો: 'ભગવાન સો ગયા, ઈન્સાન ખો ગયા.' એમણે આપણા ધર્મનાં ક્ષેત્રમાં જે આડંબર અને જડતા પેસી ગયાં છે તેનાં ઉદાહરણો આપીને કહ્યું હતું કે આપણે રાજકીય ગુલામીમાંથી મુક્ત થયા છીએ; પરંતુ ધર્મના ક્ષેત્રે આડંબરની ગુલામીમાંથી મુક્ત થયા નથી. આપણા સામાજિક જીવનમાં ભ્રષ્ટાચાર વધતો જાય છે અને ખોટાં મૂલ્યોની પ્રતિષ્ઠા થતી જાય છે.

એ દિવસે બીજું વ્યાખ્યાન પૂ. માતાજી યોગશક્તિ સરસ્વતીનું હતું. એમનો વિષય હતો: 'આધુનિક સંદર્ભ મેં માનવ જીવન.' એમણે કહ્યું કે ધર્મ માનવને સાચો માનવ બનાવે છે. આપણે સંપ્રદાયવાદી થઈ ગયા છીએ. આપણી માનસિક કૃપણતાને કારણે આપણું જીવન કલિષ્ટ બનતું જાય છે. ધન અને વૈભવ પાછળ આપણે દોટ મૂકવા લાગ્યા છીએ. સુંદરતમ કલ્પનાનું ઉચ્ચત્તમ્ શિખર તે ભગવાન છે. તેનાં દર્શનને માટે જીવનમાં સત્યની પ્રતિષ્ઠા કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ. સત્યરૂપી બાળક નાજુક હોય છે એની માવજતમાં પૂરી કાળજી રાખવાની જરૂર છે.

આઠમા દિવસે પ્રથમ વ્યાખ્યાન હતું પ્રો. તારાબેન ર. શાહનું. એમનો વિષય હતો: 'સમતા.' એમણે કહ્યું કે વ્યવહારમાં સામાન્ય રીતે સમતાનો અર્થ આપણે ધીરજ, ખામોશી, શાંતિ, સ્વસ્થતા એવો કરીએ છીએ. 'સમતા'માં 'સંમ' શબ્દ છે. સમ એટલે સરખાપણું. રાગ અને દ્વેષથી મુક્ત થઈ ચિત્ત જ્યારે સમતા ધારણ કરે છે ત્યારે તે મુક્તિની નજીક આપણને લઈ જાય છે. ભગવાન પાર્શ્વનાથે કમઠ અને ધરણેન્દ્ર બંને પ્રત્યે તુલ્ય મનોવૃત્તિ ધરાવી હતી એવી જ રીતે ભગવાન મહાવીરે ચંડકૌશિક સર્પ પ્રત્યે પણ સમતા ધારણ કરી હતી. સમતાની સાથે ક્ષમા, ઉદારતા વિવેકબુદ્ધિ ઈત્યાદિ સંકળા-યેલાં છે. જૈન ધર્મ અહમ્ અને સ્વાર્થના વિસર્જન ઉપર ભાર મૂકે છે. વ્યવહારમાં સમતાથી સદાચાર, પ્રેમભાવ, અભય, અદ્વેષ અને અખેદ પ્રગટે છે. સામાયિક એટલે બે ઘડી માટે સર્વ પાપકર્મ છોડી સર્વ જીવો પ્રત્યે સમતાનો ભાવ ધારણ કરવો. તે સમતા સાધનાની તળેટી પણ છે અને સાધનાનું શિખર પણ છે.

એ દિવસે બીજું વ્યાખ્યાન શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું હતું. એમનો વિષય હતો: 'મારી જીવનદૃષ્ટિ.' એમણે કહ્યું કે મનુષ્ય વિચારવંત પ્રાણી છે. દરેક માણસને પોતાની જીવનદૃષ્ટિ હોવી જોઈએ. ઘણાં લોકો વાતવાતમાં બોલતા હોય છે કે જેવી ભગવાનની મરજી, પરંતુ માણસે પોતે કોણ છે? ક્યાંથી આવ્યો છે? આ જીવનનું ધ્યેય શું છે? કર્મ શું છે? પુનર્જન્મ શું છે? વગેરે પ્રશ્નોનો વિચાર કરવો જોઈએ. કર્મ અને પુનર્જન્મ ન હોય તો આ સંસારની ઘણી વાતોનો તાળો મળતો નથી. માણસને પ્રતીતિ થવી જોઈએ કે પાપનું ફળ ભોગવ્યા વગર છૂટકો નથી. માણસે દેહની વાસનાઓ અને કષાયો ઉપર વિજય મેળવવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

છેલ્લે દિવસે પ્રથમ વ્યાખ્યાન પૂ. શ્રી મોરારીબાપુનું રાખેલું હતું, પરંતુ અમદાવાદથી વિમાનમાં આવતાં તેમને મોડું થયું એટલે મારું વ્યાખ્યાન પ્રથમ રાખી લેવામાં આવ્યું હતું. મારા વ્યાખ્યાનનો વિષય હતો 'પચ્ચક્ખાણ.' સંસ્કૃત શબ્દ 'પ્રત્યાખ્યાન' ઉપરથી 'પચ્ચ-ક્ખાણ' શબ્દ આવેલો છે. આત્માને માટે જે પ્રતિકૂળ છે એની પ્રતિજ્ઞારૂપે કથન કરવા રૂપ મર્યાદા બાંધવી એટલે પચ્ચક્ખાણ. ભગવાન મહાવીરે 'પચ્ચક્ખાણ' ઉપર ઘણો ભાર મૂક્યો, કારણકે એ આશ્રવ અને સંવર રૂપ ધર્મ છે. અર્થાત્ પચ્ચક્ખાણથી પાપનાં દ્વાર બંધ થાય છે અને નવાં કર્મો બંધાતાં અટકે છે. સાધુઓએ અને ગૃહસ્થોએ અહિંસા, સત્ય ઈત્યાદિ પાંચ મહાવ્રતો કે અણુવ્રતો રૂપી મૂલ ગુણના પોષણને માટે ઉત્તમ ગુણોનું સેવન કરવાનું હોય છે. એ પચ્ચક્ખાણ દ્વારા થાય છે. ગૃહસ્થોએ અને સાધુઓએ વ્રતોના અતિચારના, અઢાર પાપસ્થાનકર્તા પચ્ચક્ખાણ યથાશક્તિ લેવાનાં હોય છે અને તેમાં ક્રમે ક્રમે અધિક ત્યાગ કરવાનો હોય છે. શાસ્ત્રોમાં અનાગત, અતિક્રાન્ત વગેરે દસ પ્રકારનાં પચ્ચક્ખાણ ગણાવ્યાં છે. તેમાં કાળને લગતા પચ્ચક્ખાણના પણ ખાવાપીવાના નિયમોની દૃષ્ટિએ દસ પ્રકાર બતાવવામાં આવ્યા છે. જેમાં નવકારશી, પોરસી, એકાસણું, આયંબિલ, ઉપવાસ વગેરે છે. જેઓ પચ્ચક્ખાણ દ્વારા વિરતિમાં હોય છે તેની સદ્ગતિ થાય છે. પચ્ચક્ખાણ પાળ છે જે મુક્તિ અપાવે છે.

આ દિવસે બીજા વ્યાખ્યાનમાં 'સાધકની દૃષ્ટિ' વિશે બોલતાં પૂ. મોરારીબાપુએ કહ્યું કે વિશ્વમાં ત્રણ પ્રકારના લોકો હોય છે. વિષયી, સાધક અને સિદ્ધ. વિષયીને દુઃખ ગમતું નથી. તે સુખ પાછળ દોડે છે. સાધક દુઃખને ઈચ્છતો નથી, પણ દુઃખ આવી પડે તો તેને પ્રભુને અનુગ્રહ માને છે. સાધકના જીવનમાં બાધક તત્ત્વો ઘણાં આવે છે, પરંતુ એથી તો એની સાધના દૃઢ થાય છે. સાધક ધ્યાન, તપ કે યોગ દ્વારા પોતાના અહમ્‌નું વિસર્જન કરે છે. તુલના, તર્ક અને ટીકા એ ત્રણ પ્રકારે માણસનું વર્તન વ્યક્ત થાય છે. સામાન્ય માણસો તર્ક અને ટીકા વિશેષ કરતા હોય છે. સાધક તુલના કરશે, કયારેક તર્ક કરશે, પરંતુ ટીકા કયારેય નહિ કરે.

આમ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા સરસ રીતે યોજાઈ હતી. રોજે રોજ આરંભમાં અડધો કલાક ભક્તિસંગીતનો કાર્યક્રમ રહેતો. બંને રવિવારે વ્યાખ્યાનો પછી પણ ભક્તિ સંગીતનો કાર્યક્રમ હતો.

વ્યાખ્યાનમાળાની સફળતામાં સૌનો સહકાર હતો. એ દરેકના અત્યંત ઋણી છીએ. ★

પર્યુષણ વ્યાખ્યાનમાળા

૧૦૧	શ્રી	એક બેન તરફથી
૨૫૧	,,	દેવકુંવરબેન જે. શાહ
૧૦૧	,,	રાજુબેન જે. શાહ
૧૦૦	,,	કોકિલાબેન જ. શાહ
૧૦૦	,,	એક બાઈ
૫૧		સ્વ. અંબાલાલ ચતુરભાઈ શાહના સ્મરણાર્થે
૫૧		સ્વ. પાર્વતીબેન અંબાલાલ શાહના સ્મરણાર્થે
૫૧	શ્રી	ગજેન્દ્ર આર. કપાસી
૩૧	,,	પ્રદિપકુમાર મંગળદાસ તલસાણિયા

ગાલિબની ફૂલપાંખડી

☐ હરીન્દ્ર દવે

ઉગ રહા હૈ દરો-દીવારપે સબ્ઝા 'ગાલિબ'
હમ બયાંબામેં હૈ, ઘરમેં બહાર આઈ હૈ.

'ગાલિબ'ના અંદાઝે-બયાં (અભિવ્યકિતની રીતિ) માટે ઘણું કહેવાયું છે. એ રૂદનની વાત હસતાં હસતાં કરે છે. વેદનાની વાત કરે છે ત્યારે પ્રફુલ્લિતતાનું પ્રતિક લે છે.

મજનૂ પાગલ બની રણમાં ભટકતો હતો એ એની વેદનાની ક્ષણ હતી. ઘર ઉજ્જડ પડ્યું છે: કાવ્યનાયક રણમાં ભટકે છે:. ઉજ્જડ ઘરના દરવાજા પર, દીવાલ પર ઘાસ-પાન ઊગી ગયા છે. કોઈ ધ્યાન રાખનારું રહ્યું નથી. બીજા શબ્દોમાં કહીએ તો ઘર ઉજ્જડ થઈ ગયું છે. આ વાત કવિ કઈ રીતે કહે છે તેની જ ખૂબી છે: એ કહે છે; 'સાંભળ્યું છે કે, દરવાજા-દીવાલ પર ઝાડપાન ઊગી રહ્યા છે; અમે રણમાં છીએ અને ઘરમાં વસંત આવી છે.' વાત કરવી છે જીવનની પાનખરની: પ્રતીક લીધું છે વસંતનું.

○ ○ ○ ○

હૈ સબ્ઝાઝાર હર દરો-દીવાર-એ-ગમકદા
જિસકી બહાર યહ હો, ફિર ઉસકી ખિઝાં ન પૂછ.

ઉપર વસંતનું પ્રતીક જોયું, એની જ વાત ફરી જુદી રીતે ઉપરની પંકિતઓમાં છે. દુ:ખના આલયના દરેક દરવાજા તથા દીવાલ પર ઝાડપાન ઊગી નીકળ્યા છે. જેની વસંત આ છે, એની પાનખર કેવી હોય એ તો પૂછતા જ નહીં!

વસંતમાં યે ઉજ્જડ ઘર છે: કોઈ સંભાળ લેનારું નથી: એટલે દીવાલ પર ઘાસ ઊગી નીકળ્યું છે.

આ ઘર શોકનું ઘર છે, 'ગમકદા' છે.

વસંતમાં એની આ હાલત છે: તો પાનખરમાં તો એનું શું થશે?

ગિરયા ચાહે હૈ ખરાબી મેરે કાશાને કી
દરો-દીવારસે ટપકે હૈ બયાબાં હોના.

અશ્રુબિંદુઓ મારા નિવાસની ખરાબી ઈચ્છતા હોય એમ લાગે છે. દરવાજા તથા દીવાલ પરથી રણ થવાની ઘટના ટપકી રહી છે.

કોઈ આધુનિક કવિની અભિવ્યકિત જેવું લાગે છે ને? સામાન્ય રીતે આંસુ આંખથી ટપકે.

અહીં દરો-દીવારથી રણ હોવાની ઘટના આંસુની માફક ટપકી રહી છે. દરો-દીવાર પર ઊગતા ઘાસ-પાનની જ વાત છે. પણ વળી ત્રીજી જ રીતે અહીં વ્યકત થઈ છે.

પકડે જાતે હૈ ફરિશતોં કે લિખે પર, નાહક,
આદમ કોઈ હમારા દમે-તહરીર ભી થા?

પાપ-પુણ્યની આચારસંહિતા સામે જ અહીં કવિ સવાલ ઉઠાવે છે. પાપની સીમારેખા કોણ નકકી કરે? ચિત્રગુપ્ત એના ચોપડામાં માનવોનાં કર્મોનો હિસાબ માંડે છે, પણ એ તો દેવદૂત છે. ફરિસ્તાઓ કે દેવદૂતોને માનવીના જીવનની વેદના અને સમસ્યાઓની ગમ શી રીતે પડે? માણસ શું શું સહન કરે છે, કેવી લાચારથી એને જીવવું પડે છે કે કઈ અસહાયતાથી તેને આચરણ કરવાં પડે છે એમાં દેવદૂત શું સમજે? એટલે કવિ ભગવાનને પૂછે છે: ફરિશ્તાઓ અમારાં કર્મોનો હિસાબ લખે છે. એના આધારે તમે અમને અપરાધી ઠરાવો છો, પણ અમારા કર્મના લેખ માંડતા હતા ત્યારે કોઈ મનુષ્યને હાજર રાખ્યો હતો ખરો? માણસ જો હોય તો કયું પાપ અસહાયતાથી કરાયું અને કયું પાપ જાણીબૂઝીને થયું તે વચ્ચે વિવેક કરી શકે.

પુસ્તક

☐ પ્રા. અરુણ જોશી

બધાં જ પુસ્તકો સારાં હોય એવો દાવો કોઈ કરી શકે નહીં. બેકન કહે છે તેમ કેટલાંક જ પુસ્તકો ચાવવા જેવાં અને પચાવવા જેવાં હોય છે. કેટલાંક પુસ્તકો તો માત્ર પાનાં ફેરવી જવા જેવાં હોય છે; તો કેટલાંક સાવ નકામાં હોય છે. જેનાથી આપણી સ્થૂળવૃત્તિઓ સ્પંદિત થાય એવાં પુસ્તકો જરાય મહત્ત્વનાં ગણાય નહીં. માર્ક ટવેઈન જણાવે છે કે જે માણસ કચરા જેવું પુસ્તક વાંચે છે તે સાવ અભણ માણસના કરતાં કોઈ રીતે ચડિયાતો નથી. જો કે આવાં નકામાં પુસ્તકો વાંચનારાનો વર્ગ ઘણો મોટો છે. એવાં પુસ્તકોમાં કંઈ વિચારવા જેવું હોતું નથી. કોલ્ટન નામના લેખક આ અંગે યોગ્ય રીતે કહે છે કે 'આવાં ઘણાં પુસ્તકોનાં વાચનારાઓને વિચારશકિતની જરૂર પડતી નથી. તેનું કારણ સાવ સાદું છે. એના લખનારાઓને પણ એવી કોઈ ચીજની જરૂર પડેલી હોતી નથી." પરિણામે બન્યું છે એમ કે એવા પુસ્તકો થોકબંધ લખાયે જાય છે અને એક જ દિવસમાં તે તૈયાર થયાં હોય એવી છાપ પાડે છે. આ કારણે, જેમ સારાં ચલચિત્રો ટિકિટબારી ઉપર નિષ્ફળ જાય છે તેમ સારાં પુસ્તકો પણ પ્રકાશકને ખોટ ખવરાવે છે. આ હકીકતને સુંદર રીતે વાચા આપતાં થોમસ ફુલર યોગ્ય રીતે જણાવે છે કે 'પ્રકાશકોને જે પુસ્તકોથી વધુમાં વધુ નુકસાન થયું છે તે પુસ્તકોથી જ્ઞાન-પિપાસુઓને સૌથી વધારે લાભ થયો છે.' નઠારાં પુસ્તકો લખવા પાછળ, માનવની સ્થૂળવૃત્તિને પોષી પૈસા પડાવવા સિવાય બીજો કોઈ હેતુ હોતો નથી. પુસ્તક ન લખવાથી કોઈ અધર્મ થતો નથી કે એવા કારણ માટે કોઈ સજા પણ થતી નથી, પણ ભામહ 'કાવ્યાલંકાર'માં કવિઓ માટે કહે છે તેમ કુલેખક થવું એ તો સાક્ષાત્ મૃત્યુને નોતરવા સમાન છે, કલંક લગાડવા બરાબર છે અમ જો સમજાય તો જ ખરાબ સાહિત્ય લખાતું અટકે. પણ, વો દિન કહાં? લખનારાઓને સુંદર માર્ગદર્શન મળી રહે એવા શિખામણના બે બોલ કેનાક નામાની વ્યકિતએ આ રીતે વ્યકત કર્યા છે: તમે કોઈ પુસ્તક લખો તે પહેલાં એટલું વિચારજો કે તમારું પુસ્તક વાંચવામાં માણસ જે સમય ગાળશે તેનો સદુપયોગ તે કોઈ વધુ સારું પુસ્તક વાંચવામાં કરી શકયો હોત કે નહિ?

સારાં પુસ્તકોનો એકમાત્ર સાચો ઉપયોગ વાચકને જાતે વિચાર કરતો કરવામાં અને તેની વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ કરવામાં રહેલો છે. જે પુસ્તક આમ ન કરી શકે તેની કિંમત અભરાઈ પર તે પુસ્તકે રોકેલી જગા જેટલી પણ નથી.

જેમ મિત્રોથી મનુષ્યની પરખ થાય છે તેમ પુસ્તકોથી પણ તેના વાંચનારની પરખ થાય છે. મોરીઆક નામના લેખક કહે છે, 'તમે શું વાંચો છો એ મને કહો અને તમે કોણ છો એ હું કહી દઈશ.' સારાં પુસ્તકો સન્મિત્રની ગરજ સારે છે એ હકીકતને રજૂ કરતાં યોશીદા કેનાક કહે છે કે "દીપને અજવાળે એકલા બેઠા હોઈએ અને સામે એક પુસ્તક ખુલ્લું પડેલું હોય-એ આનંદની તોલે બીજું કંઈ ન આવે.' તે કારણે જ જે પુસ્તકો આપણને અધિક વિચારતા કરી મૂકે તે જ આપણા સર્વશ્રેષ્ઠ સહાયકો છે. આવાં સારાં પુસ્તકો સુજ્ઞ વાચકોએ અવશ્ય વસાવવાં જોઈએ. થોરો નામનો લેખક કહે છે કે 'વસ્ત્ર ભલે જૂનાં પહેરવાં પડે, પણ સારું પુસ્તક ખરીદવાની તક જવા ન દેવી જોઈએ."

સારાં પુસ્તકોથી સજ્જ પુસ્તકાલય એ શાળા અને વિદ્યાપીઠનું એક આવશ્યક અંગ છે. આપણને સાચી કેળવણી કૃપી ચાવી મળે તો જ એવાં પુસ્તકાલયના દરવાજામાં પ્રવેશવાની વૃત્તિ થાય. શિક્ષિત માનવો માટે જો કોઈ મંદિર કે યાત્રાધામ હોય તો તે સારું પુસ્તકાલય જ હોઈ શકે.

સંબંધોના સથવારે

[] પન્નાલાલ આર. શાહ

ઊંચો ગૌર દેહ, પ્રભાવશાળી પણ નમ્ર અને પારદર્શક વ્યક્તિત્વ એટલે ફાધર વાલેસ. એમનું ગદ્ય પણ ગાંધીજી જેવું સરળ. આપણી સાથે અંતરંગ વાતચીત થતી હોય એવું. ફાધર વાલેસે બંધાતા અને ગાઢ બનતાં, ઔપચારિક અને તૂટતાં સંબંધ વિષે હમણાં એક સરસ પુસ્તક આપ્યું છે: 'સંબંધશાસ્ત્ર.' એની થોડી ઝાંખી આપણે અહીં કરીએ.

O O O O O

સંબંધ એ જીવનનો પાયો છે. જેવા આપણા સંબંધો હોય એવું આપણું જીવન બને. રોજના સંબંધો, ઔપચારિક સંબંધો અને દિલના સંબંધો—આ બધામાં આનંદ છે અને કસોટી પણ. એ સંબંધો સ્વીકારવા, સમજવા, સુધારવા જેટલું કરીએ તેટલું આપણું જીવન ઊંચું આવે.

આવા સંબંધનો પાયો શું? પરસ્પરના સંબંધોમાં હું કેવો છું અને એ કેવો છે એ મહત્ત્વનું નથી, પરંતુ એ બન્ને પાત્રો એકબીજાને કેવા માને છે તે મહત્ત્વનું છે અને એ જ તો સંબંધ બાંધવા-ટકાવવા-તોડવાનું કારણ છે. એથી આગળ વધીને ફાધર કહે છે: 'મારા વિશે એ શું માને છે એ વિશે વળી હું પાછું શું માનું છું' એ પણ સંબંધમાં મુખ્ય છે. એથી માનવ-વ્યવહારમાં રહેલાં જોખમ તરફ તેઓ આંગળી ચીંધે છે. કોઈકે તમારી પ્રશંસા કરી તો તે કરનાર સાથે તમારા સંબંધો સુધરે. એથી ઊલટું તમારી ટીકા કરનાર સાથે તમારા સંબંધો બગડવાનો પૂરો ભય છે. નિંદા કે પ્રશંસાનો અહેવાલ આપનાર સહેજ અતિશયોક્તિથી, કટાક્ષથી કે અદેખાઈથી અહેવાલ આપે એટલે વાત મોટી લાગે. તેની સારી-નઠારી અસર થાય. એટલે એવા અવિચારી અહેવાલનો અને ટીકા કરનારનો સંદર્ભ અને હેતુ તપાસવો જોઈએ અને 'ફલાણાએ તમારા વિશે આમ કહ્યું' એમ કહેતાં પહેલાં પણ જરા વિચાર કરવો ઘટે, જેથી કદાચ એક સારો સંબંધ તોડવાનું પાપ આપણા માથે ન આવે. માનવીના અટપટા મનનો આટલો ખ્યાલ આપીને ફાધર ઉમેરે છે: 'અને સૌથી નાજુક—ને સૌથી સમૃદ્ધ—સંતોષ પ્રેમનો જ... પણ પ્રેમની પરસ્પરની પ્રતીતિ વિના પ્રેમ લાંબો ન ટકે એ વાત પણ સાચી, એટલે એની સહજ ખાતરી કરવાની કળા પણ શીખવી જોઈએ.'

લગ્ન સંબંધે છોકરી સાથે મુલાકાત ગોઠવાય છે ત્યારે યુવાનને વિચાર આવે છે: 'હું એને કેવા પ્રશ્નો પૂછું?' જીવનભરનો સંબંધ બાંધવાનો છે એટલે સભાનતા છે. ખરેખર તો મુલાકાતની કૃત્રિમતા દૂર કરવાની જરૂર છે. મુંઝાતા યુવાનને આ વાત સમજાવતાં ફાધર કહે છે: 'વાતાવરણ હળવું બનાવો, એનું મોં હસતું કરો. એને પણ મન ફાવે તેવી વાત કરવા દો. બધું સ્વાભાવિક રીતે, પૂર્વ-તૈયારી વગર.' આથી મુલાકાત લેનાર યુવાનના દિલમાં કેવો સહજ પ્રતિભાવ ઊગે એ તટસ્થ રીતે વિચાર શકાય અને યોગ્ય નિર્ણય પણ લઈ શકાય.

એક યુવતીની સગાઈ એક ડાકતર યુવાન સાથે થાય છે. આ યુવતીના ફેફસાંમાં ડાઘ છે અને એ ક્ષય રોગની નિશાની છે એ વાતની ઘરના વડીલોને ખબર છે. પરંતુ વ્યવહારકશળ વડીલો એ વાત છુપાવે છે. યુવતીને પોતાને પણ આ રોગની માહિતી છે અને હકીકત છુપાવવાથી એનું અંતર ડંખે છે. વેવિશાળ બાદ બન્ને એકાંતમાં આત્મીયતાથી મળ્યા ત્યારે યુવતીએ આ વાત પોતાના પ્રિયતમને જણાવી. યુવાનને છેતરાયાનો ભાવ થયો; પરંતુ પોતાના હાથમાં જિંદગી મૂકતી આ યુવતીના વિશ્વાસ અને પ્રેમનો પડઘો યુવાનના દિલમાં પણ પડ્યો. એણે યુવતીને અભયદાન, વિશ્વાસ અને પ્રેમ આપ્યો, સંબંધ ચાલુ રાખ્યો અને રોગને જીતવાનો મનસૂબો ઘડ્યો. 'કન્યાની સચ્ચાઈથી અને વરની સહૃદયતાથી' એ સંબંધ ગાઢ બન્યો અને લગ્નજીવન પણ સફળ બનશે એવી શ્રદ્ધા પ્રગટી.

યુવક-યુવતી વચ્ચે ભાઈ-બહેન જેવા સંબંધની સમાજ ટીકા કરે છે. અપરિણીત-ભાવુક યુવકોનો પ્રત્યાઘાત છે કે સમાજ ખરાબ છે. સમાજની ટીકાનો પાયો યુવક-યુવતીનું વર્તન છે. સ્કૂટર પર બન્નેનું ફરવું, સિનેમા જોવા જવું અને લાંબા પત્રોની પરસ્પર આપ-લે એ ચકોર અને જાગૃત સમાજની નજર બહાર રહેતું નથી. તદુપરાંત સમાજની ટીકાનું કારણ આપતાં ફાધર નોંધે છે: 'સમાજનો અનુભવ છે કે પવિત્ર ભાવથી એવો વ્યવહાર શરૂ કરનાર યુવક-યુવતીની પવિત્રતા સામાન્ય રીતે લાંબી ટકતી નથી.' મિત્રપ્રેમ, લગ્નપ્રેમ અને શરીરપ્રેમ—એમ ભિન્ન ભિન્ન તબક્કા અને ભાઈ-બહેન અને પતિ-પત્નીના લક્ષણ સમજાવી ફાધર સ્પષ્ટ કરે છે કે આવા યુવક-યુવતી લગ્નના ઉમેદવારો છે. એમાં ખોટું પણ નથી, પરંતુ ભાઈ-બહેનના સંબંધના અંચળા હેઠળ લગ્નના ઉમેદવાર રહેવું એ યોગ્ય નથી.

તૂટતા સંબંધોની વાત કરતાં પ્રેમમાં પડેલાં યુવક-યુવતી પૈકી યુવક કોઈ કારણ વગર યુવતીને તરછોડે છે એથી ઘોર હતાશામાં સપડાતી યુવતી બીજે કયાંય લગ્ન કરવાની ના પાડે—આ અંક અંતિમ છે અને બીજા છેડામાં જે યુવકે એને તરછોડી એના ઉપર વેર વાળવાની વૃત્તિથી બીજો યુવક લાયક છે કે નહીં એ વિચાર્યા વિના એની સાથે જીવન જોડવાની વાત કરે છે. એકમાં પ્રકૃતિના ધર્મનો ઈનકાર છે તો બીજામાં વસંતને કૃત્રિમ રીતે લંબાવવાની વ્યર્થ કોશિશ છે. ફાધર બહુ સૂચક અને સરસ રીતે ઉમેરે છે: "પ્રેમમાં અને લગ્નમાં સાચી સફળતા લાવીને જ પહેલાં પ્રેમમાં આવેલી નિરાશા આ સૌને ભૂલાવી શકશે અને પોતે ભૂલી શકશે." સંબંધ તોડવાથી યુવક પક્ષનું અહમ્ ઘવાય અને યુવતીના બીજે બંધાતાં સંબંધમાં આડખીલીરૂપ થવાનો પ્રયત્ન કરતાં યુવક પક્ષ વિષે પણ ફાધરનું સરસ અવલોકન છે. ફાધર કહે છે: "સંબંધ તોડવો હતો તો સારી રીતે તોડવો જોઈતો હતો."

સ્ત્રીની લાગણીમાં રહેલી ગ્રાહકવૃત્તિ, પોતાનું બનાવવાનો આગ્રહ અને ઈજારાના લક્ષણની રજૂઆત કરતાં ફાધર કહે છે: "સાચી મિત્રતા ખુલ્લી છે, વ્યાપક છે, જાહેર છે. એમાં સ્વાર્થ નથી, ઈજારો નથી, માલિકપણું નથી." સ્ત્રી-મિત્રોની વિટંબણાઓની રમૂજી, રસિક ને બીજી રીતે કરુણ—ગંભીર ઘટનાઓ તેમણે આલેખી છે. યુવકની સ્ત્રી-મિત્રો પૈકી દરેક સ્ત્રી-મિત્ર તે યુવક માત્ર પોતાની સાથે જ મૈત્રી રાખે એવો આગ્રહ ધરાવે અને એવું ન થાય તો આ યુવક સાથે સ્ત્રી-મિત્રો બોલવાનું બંધ કરે ત્યારે યુવક અકળાઈને નિઃસાસા સાથે કહે છે: "શું એ છોકરીઓ આટલું ન સમજી શકે કે હું એ સૌનો મિત્ર છું?" સ્ત્રીની ગ્રાહકવૃત્તિને કૌટુંબિક સ્તરે લઈ જતાં બહારગામ નોકરી અર્થે રહેતાં પતિએ લખેલાં પત્રો પત્નીને મળે એ પહેલાં એની બા આ પત્રોને આંતરે છે. દીકરાને પત્નીથી વિમુખ કરવા બા દીકરાને લખે છે: "વહુના આવવાથી ઘરનું મારું કામ ઓછું થયું નથી, પણ ભગવાનની કૃપા છે એટલે કરી શકું છું." બાની ગણતરી હોય છે કે દીકરાને પત્ની માટે જેટલો પ્રેમ થાય તેટલો પોતાને માટે ઓછો થાય. એક પુરુષ બે સ્ત્રીનો હોઈ ન શકે—માતાનો અને પત્નીનો પણ નહીં. એટલે સુખી અને સંસ્કારી ઘરમાં, માતાના આજ સુધીના અજેય કિલ્લામાં સંઘર્ષ-ત્રિકોણ રચાય. પોતે પણ હારી જાય અને ઘર નાશ પામે. પરંતુ સહકારની નીતિ અપનાવે તો? તો તો સંઘર્ષ ત્રિકોણ સર્જક-ત્રિકોણ બની શકે.

બે પેઢી વચ્ચે અંતર તો હોય જ. ફાધર એમાં આનંદ પ્રગતિ જુએ છે. બે પેઢીના અંતરથી સર્જાતી સમસ્યા અને તેના નિરાકરણ માટે સમજણનો સેતુ જોઈએ. બાપની સાથે અંગત વાતો ન કરવામાં મર્યાદા અને વિવેક જોવો એ અવિવેક છે અને ખોટી મર્યાદા છે. બાપને સાચું માન આપવાની રીત એમના પર વિશ્વાસ રાખીને પોતાનું દિલ એની આગળ ખોલવામાં છે. બોર્ડિંગમાં રહીને ભણતાં વિદ્યાર્થીએ ચોરેલા રેડિયો માટે બાપને વિશ્વાસઘાતની કળ વળે છે; પરંતુ પથ ભૂલેલાં માનવી માટેની ભગવાનની દયા અને પ્રેમ અને ક્ષમા આપીને પિતા એને સ્વીકારે છે! પિતાના સ્વીકારના જોરે એ એની વિકાસયાત્રા ચાલુ રાખશે.

O O O O O

ફાધર વાલેસે રચેલાં સંબંધશાસ્ત્રમાં સંબંધ બાંધવા, ટકાવવા, સ્વીકારવા, સમજવા, સુધારવા કે તોડવામાં આપણે, સમાજ કે અન્ય લોકો શું વિચારશે એ વિષેની આપણી માન્યતા પર જ વધુપડતો આધાર રાખીએ છીએ, એને બદલે જે કાંઈ પરિસ્થિતિ ઊભી થાય અમાં 'મારે શું કરવું જોઈએ?' એ પ્રશ્નના પ્રત્યુત્તર અનુસાર આપણું વર્તન હોય તો સંબંધોની મીઠી મહેક માણી શકાય. સૂક્ષ્મ વિવેકશક્તિ પર આધાર રાખતી આ બાબતને ફાધર વાલેસે હૃદયસ્પર્શી પ્રસંગોથી યથાસ્વરૂપ સમજાવી છે. વહાણમાં પૂરો ભાર ન હોય ત્યારે સમતુલા જાળવવા તેમાં બિનજરૂરી માલ ભરવામાં આવે છે, પરંતુ વહાણ ડૂબવાનું થાય ત્યારે એવા માલને વામી દેવામાં આવે છે. બીજા શું કહેશે? એની ચિંતામાં સંબંધો નાજુક કક્ષાએ પહોંચે

પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘની પ્રવૃત્તિઓને મળેલી ભેટો

"પ્રેમળ જ્યોતિ"

૧૪૮૫૦ જોડીમાં આવ્યા.

૧૦૦૧ શ્રી લીનાબેન જિતેન્દ્રભાઈ શેઠ
૧૦૦૧ „ દેવરાજ ગોવિંદ
૧૦૦૧ „ ચારૂબેન કિશોરભાઈ મહેતા
૨૦૦૦ „ શાંતાબેન મનુભાઈ શેઠ
૫૦૧ „ ચંપાબેન
૫૦૧ „ રમેશભાઈ વી. શેઠ
૫૦૧ „ વલ્લભજી ખીમજી સાવલા
૫૦૦ „ સુરજબેન મહેતા ટ્રસ્ટ
૫૦૦ „ રમાબેન જયંતિલાલ શાહ
૫૦૦ „ રસિકભાઈ દોશી
૪૦૧ „ એક સદ્‌ગૃહસ્થ
૩૦૧ „ નર્મદાબેન ઠાકોરલાલ શાહ
૨૫૧ „ હસમુખલાલ હરખચંદ દોઢીવાલા
૨૫૧ „ નિયતીબેન કોઠારી
૨૫૧ „ હિરેન નવીનભાઈ શાહ
૨૫૦ „ સવિતાબેન કોઠારી
૨૦૧ „ ઈન્દિરાબેન સોનાવાલા
૧૧૧ „ રેણુકાબેન મહેતા
૧૦૧ „ પ્રભાવતીબેન શાંતિલાલ નન્દ
૧૦૧ „ કાંતાબેન પી. વી. શાહ
૧૦૧ „ ઉર્મિલાબેન જયંતિલાલ શાહ
૧૦૧ „ તારાબેન ચીમનલાલ શ્રોફ
૧૦૧ „ સુધમાબેન ઠક્કર
૧૦૧ „ પુષ્પાબેન ભાણશાળી
૧૦૧ „ હેમલત્તાબેન એલ. શાહ
૧૦૧ „ સરસ્વતીબેન ડાહ્યાભાઈ ઝવેરી
૧૦૧ ડૉ. કીશન એફ. શેઠ
૧૦૫ શ્રી એક બેન તરફથી
૧૦૧ „ નીરંજન હરગોવિંદદાસ ભાણશાળી
૧૦૧ „ પૂર્ણા નિરંજન ભાણુશાળી
૧૦૧ „ રૂપાલી અમીચંદ શાહ
૧૦૧ „ પ્રભાવતીબેન એમ. શાહ
૧૦૧ „ ઉષાબેન મહેતા
૧૦૦ „ એક ભાઈ
૧૦૦ „ સોહનરાજ એમ. વર્ધન
૭૫ „ અનુભાઈ અમૃતલાલ ઝવેરી
૬૧ „ શારદાબેન ઠક્કર
૫૧ „ ગુણવંતીબેન ચોકસી
૫૧ „ અરુણાબેન મૂળચંદ
૫૧ „ સિદ્ધાર્થ લાભુભાઈ સંઘવી
૫૧ „ અંબાબેન લક્ષ્મીચંદ સંઘવી
૫૧ „ રેખાબેન હર્ષદરાય શાહ
૫૧ „ રતનચંદ ભોગીલાલ પારેખ
૫૧ „ જયમતીબેન રતનચંદ પારેખ
૫૧ „ ગજેન્દ્ર આર. કપાસી
૫૦ „ સંપટબેન દીપચંદ
૩૧ „ પ્રદિપકુમાર મંગળદાસ તલસાણિયા
૨૫ „ એક સદ્‌ગૃહસ્થ
૨૧ „ રમેશચંદ્ર સી. તોલાટ
૨૧ „ જયંતિલાલ ચુનીલાલ
૧૧ „ સુશિલાબેન ચંદ્રકાંત

૨૬,૩૩૧

"પ્રબુદ્ધ જીવન"

૧૦૦૧ સ્વ. શ્રી ડાહ્યાભાઈ દફ્તરીના સ્મરણાર્થે

૫૦૧ શ્રી જયશ્રીબેન દોશી
૫૦૧ „ એક સભ્ય
૨૫૧ „ દેવકુંવરબેન જે. શાહ
૨૫૦ „ સવિતાબેન કોઠારી
૨૦૧ „ એક સદ્‌ગૃહસ્થ
૧૧૧ „ લખમશી નેણશી છેડા
૧૦૧ „ સુવર્ણબેન દલાલ
૧૦૧ „ સુરજબેન કોઠારી
૧૦૧ ડૉ. એમ. ડી. પારેખ
૧૦૧ શ્રી વિનુભાઈ ચીમનલાલ પરીખ
૧૦૧ „ પ્રવિણ અસલાલ
૧૦૧ „ વિજયાબેન દુર્લભજી પરીખ
૧૦૦ „ સોહનરાજ એમ. વર્ધન
૮૦ „ શૈલેષભાઈ એસ. શાહ
૫૧ „ મે. એલ. એ. વોરા
૫૧ શ્રી વિદ્યાબેન ચંપકલાલ
૫૧ „ સુખલાલ એમ. મહેતા
૫૧ „ ડાહ્યાભાઈ છગનલાલ
૫૧ „ શાંતિલાલ ટી. મહેતા
૫૧ „ જયકિસનભાઈ ભાટીયા
૫૧ „ એક બેન તરફથી
૫૧ „ રમાબેન ઝવેરી
૫૧ „ કાંતિલાલ પારેખ
૫૧ „ જયવંતીબેન નથુભાઈ પારેખ
૫૧ „ મોહનલાલ નગીનદાસ જરીવાલા
૫૧ „ હીરાલક્ષ્મી દીપચંદ સંઘવી
૫૧ „ હરકુંવરબેન નરસીદાસ શેઠ
૫૧ „ હસમુખ નરશીદાસ શેઠ
૫૧ „ ગજેન્દ્ર આર. કપાસી
૫૧ „ મહેન્દ્રભાઈ શાંતિલાલ શાહ
૫૧ „ ગુણવંતીબેન ચોકસી
૨૫ „ સુશિલાબેન ચંદ્રકાંત
૨૫ „ ખેતશી માલશી સાવલા
૨૧ „ પ્રદિપકમાર મંગળદાસ તલસાણિયા
૧૧ „ હસમુખ શાહ

૪૫૯૧

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય

૧૦૧ શ્રી રમેશભાઈ વી. શેઠ

મુંબઇ જૈન યુવક સંઘ

૩૦૧ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
૩૦૧ „ રસિકભાઈ ઝવેરી
૩૦૧ „ પ્રવિણચંદ્ર કે. શાહ
૩૦૧ „ ચીમનલાલ જે. શાહ
૩૦૧ „ એ. જે. શાહ
૩૦૧ „ ગણપતલાલ મગનલાલ ઝવેરી
૩૦૧ „ કે. પી. શાહ
૩૦૧ „ પન્નાલાલ કે. છેડા
૩૦૧ „ ટોકરશી કે. શાહ
૩૦૧ „ રસિકલાલ લહેરચંદ શાહ
૨૫૧ શ્રી એ. આર. શાહ
૨૦૧ „ દામજીભાઈ વેલજી શાહ
૨૦૧ „ સુબોધભાઈ એમ. શાહ
૨૦૧ „ મફતલાલ ભીખાચંદ શાહ
૧૫૧ ડૉ. રમણલાલ ચી. શાહ
૧૫૧ શ્રી અમર જરીવાલા
૧૫૧ „ નીરુબેન શાહ
૧૫૧ „ કમલબેન પીસપાટી
૧૫૧ „ શાંતિલાલ દેવજી નન્દૂ
૧૫૧ „ હસમુખભાઈ હરખચંદ દોઢીવાળા
૧૫૧ „ સિદ્ધાર્થ લાભુભાઈ સંઘવી
૧૦૧ પ્રો. તારાબેન આર. શાહ
૧૦૧ શ્રી પ્રવિણભાઈ મંગળદાસ શાહ
૧૦૧ „ હરિલાલ ગુલાબચંદ શાહ
૧૦૧ „ પન્નાલાલ આર. શાહ
૧૦૧ „ લક્ષ્મીચંદ કે. શાહ
૧૦૧ „ દુર્લભજી ઉમેદચંદ પરીખ
૧૦૦ „ સોહનરાજ એમ. વર્ધન
૫૧ „ મૂળચંદ નાનાલાલ
૫૧ „ ગજેન્દ્ર આર. કપાસી
૫૧ „ એન. એમ. જૈન

૫૭૮૦

એ પહેલાં અથવા ત્યારે એવા વિચારોને વામી દેવાનો વિવેક જાળવવો જોઈએ. ફાધર વાલેસે દર્શાવેલાં કેટલાંક પ્રસંગોમાં પૂરી નિખાલસતા, નિષ્ઠા અને સચ્ચાઈના વ્યવહાર છતાં દુન્યવી દૃષ્ટિએ નુકસાન થવા સંભવ પણ ખરો. પરંતુ એ તો સમગ્ર સમાજ એ રીતે વિચારતો ન થાય ત્યાં સુધી! એવો જીવનવ્યવહાર સ્થાપિત કરવા માટે એવી પ્રક્રિયામાંથી પસાર થવું પણ આવશ્યક છે.

પ્રણાલિકાભંજન અને પ્રયોગશીલતાને નજરમાં રાખીને ફ્રાંસના કલાપ્રવાહો વિષે એવું કહેવાય છે કે સવારે અદ્યતન ગણાતું સર્જન સાંજે જૂનવાણી ગણાય છે. એમાં રહેલી અતિશયોક્તિ દ્વારા સહૃદય ભાવકની સતત નવું પામવાની અપેક્ષા અને પોતાની અભિવ્યક્તિના માધ્યમ દ્વારા કંઈક નવું પ્રગટ કરવાની સર્જકની સિસૃક્ષા છતી થાય છે. આ વાત એટલા માટે યાદ આવી કે ફાધર વાલેસે રજૂ કરેલા સંબંધો અંગેના વિચારોમાં નૂતનતા છે એટલું જ નહિ, પરંતુ ચોક્કસ માન્યતાઓથી બદ્ધ અને એથી દોરવાતા રહેતાં માનવી અને સમાજને એથી પર થઈને સાચી દિશા અને દૃષ્ટિથી વિચારવંત કરે અને એના આધારે સંબંધનો આનંદ માણે અને એમાં રહેલી કસોટીમાંથી પાર ઊતરે એવી ભૂમિકા તેઓ આપે છે. પેઢી-દર-પેઢી આ વાત લાગુ પડતી હોવાથી આ પુસ્તક નિત્ય-નૂતન રહેવાનું અને ઉપયોગી પણ! ફાધર જ્યાં વાત પૂરી કરે છે ત્યાંથી જ એ વાચકના મનમાં શરૂ થાય છે એ એની ખૂબી છે.

[સંબંધનું શાસ્ત્ર: લે.: ફાધર વાલેસ. પ્રકા. ગુર્જર ગ્રંથરત્ન, કાર્યાલય રતનપોળના નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. પ્રથમ આવૃત્તિ, પૃષ્ઠ ૧૪૮. કિંમત રૂા. ૧૦-૦૦]

★ અન્યત્ર યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ ★

(૧) શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, દાદર.

સ્થળ : ૧૨, જ્ઞાનમંદિર રોડ, દાદર. સમય : રાત્રિના ૮-૩૦થી ૯-૩૦.

તારીખ	વિષય	વ્યાખ્યાતા
રવિવાર, તા. ૧૧	ઈરિયાવહી	શ્રી શશીકાન્ત મહેતા
સોમવાર, તા. ૧૬	શ્રીમદ્ રાજચંદ્ર	શ્રી વસંતભાઈ ઝોખાણી
મંગળવાર, તા. ૧૭	સમતા	પ્રા. તારાબહેન શાહ
બુધવાર, તા. ૧૮	ઋણાનુબંધ	ડૉ. મનહરલાલ શાહ
ગુરુવાર, તા. ૧૯	આસકિતની અકળામણ	ડૉ. કુમારપાળ દેસાઈ
શુક્રવાર, તા. ૨૦	અપરિગ્રહ: સિદ્ધાંત અને વ્યવહાર	ડૉ. નરેન્દ્ર ભાનાવત
શનિવાર, તા. ૨૧	ધર્મ અને વ્યવહાર	શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ

વ્યાખ્યાનમાળાના પ્રમુખ : ડૉ. રમણલાલ ચી. શાહ હતા.

(૨) શ્રી ગુજરાતી કેળવણી મંડળ, માટુંગા, જૈન સોશ્યલ ગ્રુપ-માટુંગા અને શ્રી માનવ સેવા સંઘ, સાયનના સંયુકત ઉપક્રમે.

સ્થળ: શ્રી વાડીલાલ નથુભાઈ સવાણી સભાગૃહ, સાયન. સમય: રાત્રિના ૯-૦૦ કલાકે.

તારીખ	વિષય	વ્યાખ્યાતા
શનિવાર, તા. ૧૪	જૈન ધર્મનું મનોવિજ્ઞાન	ડૉ. રમણલાલ ચી. શાહ
રવિવાર, તા. ૧૫	માનવ તો છે ઊભી રેખા	શ્રી હરિભાઈ કોઠારી
સોમવાર, તા. ૧૬	ધ્યાનમાતા નવકાર	શ્રી શશીકાન્તભાઈ મહેતા
મંગળવાર, તા. ૧૭	વ્યવહારમાં ધર્મ	આચાર્ય શ્રી અમૃતલાલ યાજ્ઞિક
બુધવાર, તા. ૧૮	વ્યકિત: પરિવાર: સમાજ	આચાર્ય જયેન્દ્ર ત્રિવેદી
ગુરુવાર, તા. ૧૯	જૈન ધર્મમાં જયણા	ડૉ. મનહરભાઈ શાહ
શુક્રવાર, તા. ૨૦	શું આપણે જીવીએ છીએ?	ડૉ. કુમારપાળ દેસાઈ
શનિવાર, તા. ૨૧	સમૂળી ક્રાંતિ	ડૉ. ઉષાબહેન મહેતા

(૩) શ્રી તરુણ મિત્ર મંડળ, ચીંચપોકલી,

સ્થળ : શ્રી વેલજી લખમશી નપુ હાઈસ્કૂલ, ડૉ. આંબેડકર રોડ, વોલ્ટાસાગારની સામે, ચીંચપોકલી. સમય : રાત્રે ૯-૦

તારીખ	વિષય	વ્યાખ્યાતા
શનિવાર, તા. ૧૪	મહામંત્રની જીવન સૌરભ	શ્રી શશીકાન્ત મહેતા
રવિવાર, તા. ૧૫	તપસ્વીજીવનના તેજસ્વી પ્રસંગો	પંડિત શ્રી દેવેન્દ્ર-વિજયજી
સોમવાર, તા. ૧૬	ધર્મનો પાયો	શ્રી કિરણભાઈ
મંગળવાર, તા. ૧૭	વિરાટ પ્રેમ	શ્રીમતી મૃણાલિની દેસાઈ
બુધવાર, તા. ૧૮	જીવનનો આનંદ	શ્રી કે. પી. શાહ
ગુરુવાર, તા. ૧૯	તહેવારો – આજના સંદર્ભમાં	શ્રી પુરુષોત્તમ માવળંકર
શુક્રવાર, તા. ૨૦	કઃ અસ્મિ (હું કોણ?)	ડૉ. રમેશ ભટ્ટ
શનિવાર, તા. ૨૧	થોભ, નહીં તો થાકી જઈશ.	શ્રી હરિભાઈ કોઠારી

(૪) શ્રી જનસેવા સમિતિ અને જૈન સોશ્યલ ગ્રુપ-મલાડના સંયુકત ઉપક્રમે

સ્થળ : શ્રી એમ. ડી. શાહ મહિલા કોલેજ, મલાડ
સમય: રાત્રિના ૯-૦ થી ૧૦-૩૦ કલાક

તારીખ	વિષય	વ્યાખ્યાતા
રવિવાર, તા. ૧૧	ધર્મજીવન	પ્રા. યશવંત ત્રિવેદી
સોમવાર, તા. ૧૬	શાંતિપાઠ અને આરોગ્ય	ડૉ. ચંદ્રશેખર ઠક્કુર
મંગળવાર, તા. ૧૭	માનવ તો છે ઊભી રેખા	શ્રી હરિભાઈ કોઠારી
બુધવાર, તા. ૧૮	જીવન મૃત્યુંજયી	આચાર્યશ્રી ચીમનભાઈ દવે
ગુરુવાર, તા. ૧૯	વ્યકિત: પરિવાર: સમાજ	આચાર્ય જયેન્દ્ર ત્રિવેદી
શુક્રવાર, તા. ૨૦	આપણું ગાણું સાવ પુરાણું	પ્રા. બકુલ રાવળ
શનિવાર, તા. ૨૧	સંત જ્ઞાનેશ્વર	શ્રીમતી મૃણાલિની દેસાઈ

વ્યાખ્યાનમાળાના પ્રમુખ: આચાર્યશ્રી ચીમનભાઈ દવે.

(૫) મે. અલકેશ, દિનેશ મોદી એન્ડ કું. ઉપક્રમે.

સ્થળ: ભારતીય વિદ્યાભવન, ચોપાટી. સમય: સવારના ૮-૩૦થી ૧૦-૩૦

તારીખ	વિષય	વ્યાખ્યાતા
રવિવાર, તા. ૧૧	જૈન દર્શનમાં, ધર્મનું સ્વરૂપ	શ્રી દિનેશભાઈ મોદી
સોમવાર, તા. ૧૬	ભગવાન મહાવીર અને અહિંસા	ડૉ. હુકમચંદજી ભારિલ્લ
સોમવાર, તા. ૧૬	નમસ્કાર મહામંત્રમાં જીવનદર્શન	શ્રી શશીકાંત મહેતા
,, ,,	અને કાન્ત–સ્યાદ્વાદ	ડૉ. હુકમચંદજી ભારિલ્લ
મંગળવાર, તા. ૧૭	આત્મસાક્ષાત્કાર	શ્રી સાધુ રામભાઈ ચૌધરી
,, ,,	ક્રમબદ્ધ પર્યાય	ડૉ. હુકમચંદજી ભારિલ્લ
બુધવાર, તા. ૧૮	નિશ્ચય વ્યવહાર:	શ્રી લાડચંદભાઈ મોદી
	મોક્ષમાર્ગ સમ્યક્ત્વ-મિથ્યાત્વ અને અન્યમત	શ્રી શશીભાઈ શેઠ
ગુરુવાર, તા. ૧૯	નવતત્ત્વ	શ્રી લાલચંદભાઈ મોદી
,, ,,	જૈન ધર્મ	પં. શ્રી અભય-કુમારજી જૈન કેસરીચંદજી ધવલ
શુક્રવાર, તા. ૨૦	મનુષ્યભવની સફળતા	શ્રી ગોકુળભાઈ શાહ
,, ,,	ધ્યાનયોગનો પાયો	શ્રી કિરણભાઈ પારેખ
શનિવાર, તા. ૨૧	સુખ: પુણ્યથી કે ધર્મથી?	શ્રી શશીભાઈ શેઠ
,, ,,	સમ્યક્‌દર્શન-સમ્યક્‌જ્ઞાન.	પં. શ્રી અભય-કુમારજી જૈન કેસરીચંદજી ધવલ
રવિવાર, તા. ૨૨	પુરુષાર્થ અને કર્મ	શ્રી સાધુભાઈ રામભાઈ ચૌધરી

(૬) જૈન જાગૃતિ સેન્ટર, વિલેપાર્લા

સ્થળ: સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ હોલ, વિલેપાર્લા (વેસ્ટ)
સમય: રાત્રિના ૮-૪૫ કલાકે

સોમવાર, તા. ૧૬	માનવીય મૂલ્યો અને સાંપ્રત જીવન	શ્રી રમુ પંડિત
મંગળવાર, તા. ૧૭	જ્ઞાન ભકિત અને કર્મમાર્ગ	શ્રી મીનોચેર હોમજી દસ્તુર

તારીખ	વિષય	વ્યાખ્યાતા
બુધવાર, તા. ૧૮	ગીતાનો સંદેશ	શ્રી પ્રવીણભાઈ વાઘાણી
ગુરુવાર, તા. ૧૯	જીવન અને ધર્મ	ડૉ. રાજ આનંદ
શુક્રવાર, તા. ૨૦	ધર્મ અને રાજકારણ	શ્રી મધુ મહેતા
શનિવાર, તા. ૨૧	સ્તવનો અને ભક્તિગીતો	શ્રી સુમતિબહેન થાણાવાલા
	ઉપસંહાર	ડૉ. વી. અન. બગડિયા

વ્યાખ્યાનમાળાના પ્રમુખ: ડૉ. વૃજલાલ એન. બગડિયા

તા.ક.: મુંબઈની પરિસ્થિતિ થોડા દિવસ ખરાબ થઈ એના કારણે અમુક વ્યાખ્યાનો રદ કરવામાં આવ્યા હતા તેની નોંધ લેવા વિનંતી.

ઘોંઘાટના દરિયામાં ડૂબી ગયેલી પ્રાર્થનાનો ઉકળાટ

□ મુનિ શીલચંદ્રવિજય

ઋતુઓનું તંત્ર વર્ષે વર્ષે નવનવી વિચિત્રતાઓ દર્શાવતું જાય છે. અત્યાર સુધી ભરચોમાસામાં ઉનાળાનો અનુભવ તો થતો હતો. હવે એમાં ફેરફાર થયો હોય એમ આ વખતે ભરઉનાળામાં થયેલા ચોમાસું અનુભવ ઉપરથી લાગે છે. ચોમાસામાં ઉનાળાનો ઉકળાટ થાય તો તેને વરસાદની પૂર્વભૂમિકા ગણવામાં આવે છે. પણ ઉનાળામાં વરસાદ આવે તો તેને કશાકની ચેતવણી સમજવી કે ઋતુચક્રના તંત્રે કરેલો બફાટ જ સમજવો, એ નક્કી કરવું મુશ્કેલ લાગે છે. જો કે ઉનાળાના દિવસોમાં વરસાદ પડી જાય તે પછી કે વાદળાં વરસ્યાં વિના ગોરંભાયેલાં જ રહે તો આપણે ફાળે તો નર્યો ઉકળાટ જ શેષ રહે છે.

ઉનાળો એટલે જ ઉકળાટ. 'ઉકળાટ' ની સામે મૂકી શકાય એવા શબ્દો ઘણા હશે, છતાં અત્યારે તો એક જ શબ્દ માનસપટ પર અથડાય છે: 'ઘોંઘાટ.' એ બન્નેનું મિશ્રણ થાય ત્યારે તેમાંથી જે નીપજે તેને આપણે કકળાટ કહી શકીએ. 'ઉકળાટ+ઘોંઘાટ=કકળાટ'– આ સમીકરણના પ્રત્યક્ષ – પ્રાયોગિક અનુભવ માટે ઘણે દૂર જવું પડે તેમ નથી. સારે માઠે પ્રસંગે ગોઠવાતાં લાઉડસ્પીકરો અને ઘરઘરના અંગ બનીને પોતાના અસ્તિત્વનું પ્રદર્શન કરતા રેડિયો–ટી. વી. દ્વારા આ અનુભવ હવે સતત થતો જ રહે છે. ઉનાળો ઉકળાટનું કરે તેટલી જ નિયમિતતાથી લાઉડસ્પીકરો અને રેડિયો–ટી. વી. ઘોંઘાટનું પ્રસારણ કરતા રહે છે. આમ છતાં, ઉકળાટનું પર્યવસાને વરસાદમાં આવે છે અને એથી સાવ વિપરીત, ઘોંઘાટનું પરિવર્તન નર્યો કકળાટ રૂપે જ થતું રહે છે, એ અલગ બાબત છે.

ઘોંઘાટના આ કકળાટનો શોખ હવે તો આપણાં ધર્મસ્થાનકોને પણ લાગુ પડી ગયો છે. આની પાછળ, સર્વત્ર જો ઘોંઘાટ થયેલ જતો હોય તો ઘોંઘાટ કરવાના આપણા અધિકારને અમેય શા માટે જતો કરીએ, એવો કાંઈક આશય હોય તો ના નહિ.

ધર્મસ્થાનકો ધર્મની સાધના કરવા માટે છે એમ આપણને સમજાવવામાં આવે છે. પણ જ્યાં ઘોંઘાટ એ જ ધર્મ બની બેઠો હોય ત્યાં બીજા કયા ધર્મની સાધના થઈ શકે અને શી રીતે થઈ શકે એ નથી સમજાતું. વળી, એમ પણ જાહેર કરવામાં આવે છે કે સંસારની વિષમતાઓથી અશાંતિ અને અજંપ બનેલા માનવને સાચી શાંતિની અનુભૂતિ, આ ધર્મસ્થાનકોમાં જ થઈ શકે છે. જેણે મંદિરોમાં સતત પ્રવર્તતો રહેતો વિવિધ પ્રકારનો ઘોંઘાટ સાંભળ્યો અનુભવ્યો હશે, તેને ગળે શાંતિની અનુભૂતિની આ વાત ઉતારવાનું કામ ઘણું કઠિન છે.

મંદિરમાં જઈને પ્રભુની ઉપાસના કરવાનું ઉત્કટ મન હોવા છતાં ત્યાં પ્રવર્તતા કલબલાટ અને ઘોંઘાટના સામ્રાજ્યને લીધે, એ આપણા માટે શક્ય નથી – એવી ફરિયાદ ધીરે ધીરે વ્યાપક બનતી જાય છે. પણ અવિરત ચાલતા ઘોંઘાટમાં આ ફરિયાદનો અવાજ, નગારખાનામાં તનૂરીના અવાજ જેવો જ બની રહેવાનો, એમ જણાય છે.

આપણા એક સમકાલીન વિચારકે કહ્યું છે કે "શબ્દો વિનાની પ્રાર્થના સારી, પણ પ્રાર્થના વિનાના શબ્દો ખોટા" એનો મર્મ હવે બરાબર સમજાય છે. આપણી પ્રાર્થના કેટલી શબ્દાળુ બની ગઈ છે! આપણી ધર્મોપાસના એટલે ઘોંઘાટની જ ઉપાસના? શું મંદિરોમાં લાઉડસ્પીકર ગોઠવીને આપણા ઝીણા પણ મીઠા અવાજને જીણા અને ધીમા–કર્કશ અવાજમાં પરિણમાવીએ તો જ પ્રભુ–ભક્તિમાં રંગ આવે?

હવે આપણે ત્યાં લગભગ એવી માન્યતા સ્થિર થઈ ચૂકી છે કે જેમ ઘોંઘાટ વધુ, તેમ જમાવટ વધુ, જેમ અવાજ વધુ તેમ આનંદ વધુ ઉત્સવનો કાર્યક્રમ કેવો ગયો, તેનો અંદાજ હવે અવાજ કરવાની (અવાજ સહન કરવાની નહિ) આપણી તાકાત ઉપરથી નીકળતો હોય તેમ લાગે છે.

શાંત ભક્તિ એટલે ભક્તિનો લય.

ઘોંઘાટભરી પ્રાર્થના એટલે શાંતિનો પ્રલય.

ઉકળાટ અને ઘોંઘાટ એ બે વચ્ચે પસંદગી કરવાની આવે, તો બેશક, હું ઘોંઘાટથી દૂર રહેવાનું જ પસંદ કરું.

ઘોંઘાટભરી પ્રાર્થનામાં જે દિવસે ઉનાળાના ઉકળાટનો અનુભવ કરીશું, તે દિવસે શાંત ધર્મોપાસનાનો મહિમા આપણને સમજાઈ જશે.

વ્યાખ્યાનમાળાને મળેલું પ્રેરણારૂપ માતબર દાન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત પર્યુષણ વ્યાખ્યાનમાળા છેલ્લા ૪૭ વર્ષથી ચાલે છે. તેનો વ્યાપ દિવસાનુદિવસ વધતો ચાલ્યો છે. સારા વિદ્વદ્વર્ય વક્તાઓને દૂર-સુદૂરથી વ્યાખ્યાન આપવા માટે નિમંત્રવામાં આવે છે. દર વર્ષે ખર્ચમાં પણ સારો એવો વધારો થતો જાય છે. આ વ્યાખ્યાનમાળાએ શ્રોતાઓના દિલમાં ઉચ્ચસ્થાન પ્રસ્થાપિત કર્યું છે, એ કારણે છેલ્લા પાંચ વર્ષથી અલગ અલગ વ્યક્તિઓ કે ટ્રસ્ટો દ્વારા દરેક વર્ષને લગતો ખર્ચ મળતો રહ્યો છે, પરંતુ આ વર્ષે સાનંદાશ્ચર્ય થાય એવો બનાવ બન્યો. આ વ્યાખ્યાનમાળાથી પ્રભાવિત થઈને, તેનો ક્રમ કાયમ માટે ચાલુ રહે અને ભવિષ્યમાં આર્થિક કારણે તેના સ્વરૂપમાં ન્યૂનતા ન આવે એવા શુભ આશયથી, શ્રી શેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ દ્વારા –આ રકમનું વ્યાજ ખર્ચ માટે વાપરવું–એ શરતે રૂપિયા દોઢ લાખનું માતબર દાન મળ્યું. આ ટ્રસ્ટના દાતાઓની આવી ઉદારતા માટે અને આવું માતબર દાન તેમણે આપ્યું તે માટે તેઓ આપણા સૌના અંતરના અભિનંદનના અધિકારી બને છે. અનેક ધન્યવાદ સાથે અમો તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

★ એ ક યુ પ્રે શ ર ★

[] નારુબહેન સુબોધભાઈ શાહ

[૨]

એક્યુપ્રેશરનો સમગ્ર સંદર્ભ:

કોઈ પણ ઉપચારપદ્ધતિમાં ઉપચાર ઉપરાંત દરદીની શ્રદ્ધા, તેનું માનસિક વલણ અને તેનો પોતાનો સહકાર મહત્ત્વનો ભાગ ભજવે છે. આપણને સહુને ઈન્સ્ટન્ટ દરદ-મુક્તિ જોઈએ છે. પણ તેને માટે જરૂરી પુરુષાર્થ કરવો નથી. ઉપચારની સાથે સૂચવાયેલી આહાર-વિહારની મર્યાદા અથવા આસન-વ્યાયામ ઈત્યાદિનું યથોચિત પાલન અનિવાર્ય છે. એક્યુપ્રેશરમાં પણ માત્ર દાબ-બિંદુઓ પર દબાણ આપવાની જ વાત નથી; પરંતુ સ્વસ્થ જીવન જીવવા માટે તેના સમગ્ર સંદર્ભનો પણ વિચાર કરવાનો છે. જેમ કે, આપણી બેસવા ઉઠવાની, સૂવાની, ચાલવાની અયોગ્ય રીતોને કારણે જ કમરનાં કે સાંધાના કેટલાક દરદો થતાં હોય છે. એક્યુપ્રેશરની સાથે દશેક મિનિટ યોગનાં સરળ આસનો, દશેક મિનિટ ધ્યાન તથા પ્રાણાયામ મળી ત્રીસેક મિનિટનો એક સંકલિત કાર્યક્રમ નાની ઉંમરથી જ જો બાળકોને શીખવવામાં આવે અને તેનો સતત અભ્યાસ રહે તો તેમાં ઉત્તરોત્તર વિકાસ થતાં સામાન્ય પ્રકારનાં દરદોથી પ્રાયે: કરીને આપોઆપ બચી શકાય.

એક્યુપ્રેશરની 'પ્ર-ત્રયી'

પ્રસ્થાનત્રયી અને રત્નત્રયી માફક શ્રી ચીમનભાઈએ એક્યુ-પ્રેશર પદ્ધતિના પાયારૂપ ત્રણ પ્ર વડે આવરી લઈને પ્રેશરનો પ્રદેશ, પ્રકાર અને પ્રમાણ—એમ પ્રત્રયીને એક્યુપ્રેશરનાં હાર્દ રૂપ ગણાવી છે. પ્રેશરનો પ્રદેશ એટલે ચોક્કસ કઈ જગ્યાએ પ્રેશર આપવાનું છે તે. પ્રેશરનો પ્રકાર એટલે સ્ટેડીપ્રેશર, રોલીંગ પ્રેશર વગેરે ઘણી જાતનાં પ્રેશરમાંથી કયા પ્રકારનું પ્રેશર આપવાનું છે તે. પ્રેશરનું પ્રમાણ એટલે કેટલા પ્રમાણમાં પ્રેશર આપવું જરૂરી છે તેનું જ્ઞાન.

આ 'પ્ર-ત્રયી'ને લક્ષમાં લઈને પ્રેશર આપવાથી શરીરનાં નિષ્ક્રિય બનેલા કોષો ફરી કામ કરતાં થાય છે. દાબ-બિન્દુ પર પ્રેશર દ્વારા રક્તના પ્રવાહનું યોગ્ય અભિસરણ થવું અને કોષોની ફરી વખત જીવંત થવાની શક્તિ એ જ આ વિજ્ઞાનનો પાયો છે.

પ્રેશરનાં પ્રકારો :

જાપાનની શિઆટ્સુ નામે ઓળખાતી દાબ-પદ્ધતિનો પણ આપણે સહયોગ કરતાં હોવાથી આ પ્રકારોમાં શિઆટ્સુનાં પ્રકારોનો પણ સમાવેશ કર્યો છે. પ્રેશરનાં મુખ્ય પ્રકારો નીચે મુજબ છે: (૧) સ્ટેડીપ્રેશર અથવા સ્ટાન્ડર્ડ-ફીક્સ્ડ પ્રેશર. (૨) સરકયુલેટરી પ્રેશર અથવા રોટેટીંગ કે જાયરેટીંગ પ્રેશર, (૩) રોપીંગ પ્રેશર, (૪) માઉન્ટેડ પ્રેશર, (૫) પામ પ્રેશર, (૬) કેલીપર પ્રેશર, (૭) વાયબ્રેટરી પ્રેશર, (૮) હોવરીંગ પ્રેશર, (૯) ટ્વીસ્ટીંગ પ્રેશર, (૧૦) કલર્યીંગ પ્રેશર, (૧૧) પ્લકીંગ પ્રેશર, (૧૨) સ્લાઈડીંગ પ્રેશર અથવા રબીંગ પ્રેશર, (૧૩) પુશ એન્ડ પુલ.

આવા પ્રકારનાં પ્રેશરનો લખાણ દ્વારા ખ્યાલ આપવાનું સ્વાભાવિક રીતે જ મુશ્કેલ હોય છે માટે એને પ્રત્યક્ષ રીતે શીખી લેવાનું જરૂરી છે. આવા પ્રેશર જુદા જુદા પ્રમાણમાં આપવાનું હોય છે; પરંતુ સામાન્ય રીતે એક થી દશનાં કાઉન્ટ સુધી આપવાથી શરૂઆત કરીને પછી દાબ-બિન્દની ટેન્ડરનેસ તપાસીને યોગ્ય નિર્ણય કરવો જોઈએ.

જનરલ ઓઈલ: G. O.

શુદ્ધ 'એક્યુપ્રેશર'નો વિચાર કરીએ તો તેલ કે એવા કોઈ પદાર્થની તેમાં આવશ્યકતા નથી. પુસ્તકોમાં કોઈ જગાએ G. O. નો ઉલ્લેખ થયો નથી; પરંતુ અનુભવે સમજાયું છે કે સરસવના તેલનો ઉપયોગ ઘણો ફાયદો કરે છે. ૧૦૦ ગ્રામ સરસવનાં તેલમાં એક મોટી અથવા ચાર-પાંચ નાની કપૂરની ગોટી નાંખીને ગરમ કર્યા વિના બાટલીમાં ભરી લેવું. સાત-આઠ દિવસે કપૂરની ગોટી ઊમેરતાં જવું જેથી કપૂરની અસર ચાલુ રહે. સરસવનું તેલ ગરમાટાની દૃષ્ટિએ ઉત્તમ તેલ છે. તેમજ કપૂરની ગંધ તથા તેનાં જંતુનાશક અન્ય ગુણોને લીધે લાભદાયક છે.

રૂની મદદ વડે હાથનાં તેમજ પગનાં નખમાં આ તેલ પૂરવું તથા હાથ-પગના આંગળા પર, મૂળમાં અને પગનાં તળીયા તેમજ એડીનો ભાગ ઉપર-નીચે બધે તેલ ઘસવું. નખની માલીશ કર્યા બાદ આ જ તેલ હથેળીની તેમજ પગની આંગળીઓ જોડતો પ્રદેશ— Webs પર માલીશ કરવું. બે આંગળીની વચ્ચેની ચામડીને જરા મસળીને ખેંચવી. બધી જ આંગળીઓને વારાફરતી હલાવવી તથા અંગુઠો ગોળગોળ ફેરવવો. હાથની બે આંગળીઓ વડે કેલીપર જેવું બનાવીને બધી જ આંગળીઓ જરીક અંદર પૂથ કરી અને પછી ખેંચવી. ઘૂંટીની આજુબાજુ પણ થોડાક પ્રેશર સાથે ચારે આંગળીઓ ગોળગોળ ફેરવવી.

આ બધ' ક્રિયાઓ કરતાં ખાસ સમય જતો નથી છતાં સામાન્ય રીતે સ્વસ્થ માણસને નિરોગી રહેવામાં આનાથી મદદ થાય છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

-: અભ્યાસ વર્તુળ :-

* આગામી કાર્યક્રમો *

(૧)

વિષય :- "વિશ્વ-શાંતિ આંદોલન"

વક્તા : શ્રી નારાયણ દેસાઈ

તા. ૧૦-૯-૮૨ શુક્રવાર સાંજે ૬ વાગે

"ગાંધી દૃષ્ટિએ અશાંતિનાં મૂળ"

તા. ૧૧-૯-૮૨ શનિવાર સાંજે ૫॥ વાગે

"પશ્ચિમમાં શાંતિ આંદોલનનો છેલ્લો તબક્કો"

તા. ૧૨-૯-૮૨ રવિવારે સવારે ૧૦ વાગે

"વિશ્વનાં કેટલાંક અસામાન્ય ગાંધી-જનો."

(૨)

વિષય :- "કૈલાસ-માનસરોવર દર્શન"

(સ્લાઈડો સાથે)

વક્તા :- શ્રી શૈલેષભાઈ મહાદેવિયા

તા. ૩૦-૯-૮૨ ગુરુવારે સાંજે ૬ થી ૮

બન્નેનું : સ્થળ :- પરમાનંદ કાપડિયા સભાગૃહ વનિતા વિશ્રામની સામે, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

શ્રી નારાયણભાઈ દેસાઈ તાજેતરમાં જ વિશ્વશાંતિ સેના [World peace Brigade] નાં ચાર પૈકી એક ડાયરેકટર તરીકે હોલેન્ડમાં કાઉન્સિલની મિટીંગમાં હાજરી આપીને તથા ઈટલી, ગ્રીસ અને ફ્રાન્સનો પ્રવાસ કરીને પાછા ફર્યા છે. કેટલીક શાંતિવાદી સંસ્થાઓની મુલા-કાત પણ લીધી છે. વિશ્વભરમાં શાંતિ અંગે જે પ્રવાહો ચાલી રહ્યાં છે તેનો તેઓ વિસ્તૃત પરિચય આપશે.

શ્રી શૈલેષભાઈ મહાદેવીયા, કૈલાસ—માનસરોવરની યાત્રા હમણાં જ કરી આવ્યાં છે. તેમના પ્રવાસની લગભગ ૨૪૦/૨૫૦ સ્લાઈડો બતાવશે. તથા પ્રવાસનું વર્ણન કરશે.

મિત્રોને સમયસર ઉપસ્થિત થવા પ્રેમભર્યું આમંત્રણ છે.

—સુબોધભાઈ એમ. શાહ

કન્વીનર

અભ્યાસ વર્તુળ

☆ દક્ષિણ ધ્રુવખંડની સમૃદ્ધિમાં ભારત પણ ભાગ માગી શકે ☆

☐ વિજયગુપ્ત મૌર્ય

આવતા ડિસેમ્બરમાં ભારત એન્ટાર્ટીકા અથવા દક્ષિણ ધ્રુવખંડ ઉપર વિજ્ઞાનીઓની એક બીજી ટુકડી મોકલશે. આ વખતે ત્યાં એક કાયમનું સંશોધન મથક સ્થાપવાની યોજના છે. દક્ષિણ ધ્રુવખંડ પણ વિપુલ ખનિજ તેલ અને ગેસ ઉપરાંત બીજા કિંમતી, ખનિજો ધરાવે છે. કોઈ દેશે હજી તે કાઢવાનો પ્રયાસ કર્યો નથી; પરંતુ વિકાસ પામેલા દેશોની નજર આ અખૂટ ખનિજ સમૃદ્ધિ ઉપર છે. બ્રિટને આર્જેન્ટિના સામે યુદ્ધ કરીને ફોકલેન્ડ ટાપુઓ અને છેક દક્ષિણ ધ્રુવખંડ નજીકના વેરાન અને નિર્જન ટાપુઓ પણ પાછા મેળવ્યા તે આ દૃષ્ટિએ મહત્ત્વની ઘટના છે. દક્ષિણ ધ્રુવ-ખંડ નજીકના સમુદ્રમાં અને ટાપુઓમાં પણ પુષ્કળ અને બીજા ખનિજો હોવાની માન્યતા છે તેથી ફોકલેન્ડ અને તેની નીચેના બીજા ટાપુઓમાં અમેરિકા ઘૂસવા માગે છે.

દક્ષિણ ધ્રુવખંડ ઉપર સૌથી વધુ પ્રદેશ ઉપર ઓસ્ટ્રેલિયાનો દાવો છે. તે પછી નોર્વે, બ્રિટન, આર્જેન્ટિના, ન્યુઝીલેન્ડ, ફ્રાંસ, રશિયા વગેરેના દાવા છે. તેમ છતાં અમેરિકા અને રશિયા આ સમગ્ર ખંડ વૈજ્ઞાનિક સંશોધન માટે સૌ માટે ખુલ્લો રાખવા સંમત થયા છે અને એન્ટાર્ટીકા-કરાર તરીકે ઓળખાતા આ કરારમાં આ બધા દેશો પણ સામેલ થયા છે. તેમણે કાંઠા પર દક્ષિણ ધ્રુવ તથા નજીક પોતપોતાની સંશોધન છાવણી રાખી છે.

અમેરિકાની છાવણી ધ્રુવ ઉપર ૯૨૦૦ ફીટની ઊંચાઈએ આવેલી છે અને રશિયાની છાવણી તેનાથી બહુ દૂર નથી. પૃથ્વીના હવામાનનો અભ્યાસ કરવા દક્ષિણ ધ્રુવ એક શ્રેષ્ઠ સ્થળ છે. કારણ કે અહીંના હવામાનની અસર પૃથ્વી પર બીજે બધે પણ થાય છે. માણસે એકાંતવાસ ગાળવો પડે કે અતિ કઠોર ઠંડા વાતાવરણમાં રહેવું પડે તેની મન અને શરીર ઉપર શી અસર થાય છે તે જાણવા આ પ્રયોગશાળાઓ ઉપયોગી છે. અમેરિકાનો એડમિરલ ડીક બાયર્સ એકલો અહીં શિયાળાના છ માસ લાંબી રાત દરમિયાન રહ્યો હતો! શિયાળા દરમિયાન વિમાન વડે પણ બહારની દુનિયા સાથે સંપર્ક રહેતો નથી. દક્ષિણ ધ્રુવ નજીક વિમાનીમથક બાંધવામાં આવ્યું છે. પછી બહારની દુનિયા સાથેનો સંબંધ રેડિઓ દ્વારા જ રહે છે.

અહીં અતિ ખડતલ અને લોખંડી હિંમતવાળા માણસોને જ શિયાળા દરમિયાન રહેવા દેવામાં આવે છે. આવા ખડતલ માણસો-માંથી અવકાશયાત્રા માટે પસંદગી કરવામાં આવે છે. આપણા દેશમાં દક્ષિણ ધ્રુવ ખંડની કઠોરતાની યાદ આપે એવો પ્રદેશ કાશ્મીરમાં લડાખ છે. દક્ષિણ ધ્રુવ ખંડ જનારા વિજ્ઞાનીઓને અહીં તાલીમ અપાય છે અને આવા કઠોર હવામાનથી ટેવાઈ જવાની આદત પાડવામાં આવે છે.

અમેરિકનો એમ માને છે કે ભૂ-ભૌત્તિક અને ભૂ-રાજકીય દૃષ્ટિએ ખુદ ધ્રુવ ઉપર અમેરિકાનો પગદંડો મહત્ત્વનો છે. કારણ કે અહીંથી ખંડના કાંઠા તરફ કોઈ પણ દિશામાં જઈ શકાય તેથી કોઈના પણ દાવાને પડકારી શકાય. આ વૈજ્ઞાનિક છાવણીના નિભાવ માટે અમે-રિકા દર વર્ષે પોણાસાત કરોડ ડોલરનો ખર્ચ કરે છે, પરંતુ પ્રમુખ રેગનને આવા વૈજ્ઞાનિક સંશોધન કરતા લડાઈની તૈયારીમાં વધારે રસ છે. જે વૈજ્ઞાનિક સંશોધનને લડાઈની તૈયારી સાથે સીધો સંબંધ નથી તેમાં રેગનને રસ નથી તેથી તેમણે દક્ષિણ ધ્રુવ ખંડમાં બજેટ ઉપર ૧૦ ટકાનો કાપ મૂકયો છે ત્યારે રશિયા પોતાન પ્રવૃતિ વધારતું જાય છે. તેણે આ ખંડ ઉપર સાત વૈજ્ઞાનિક છાવણીઓ સ્થાપી છે.

અમેરિકા અહીં ૬ વિમાનો અને ૩ હેલિકોપ્ટરોનો કાફલો ધરાવે છે. તેની છાવણીમાં ૧૦૦૦ માણસોની વસતિ છે અને વીજળી માટે આણુવીજળીનું કારખાનું પણ બાંધ્યું છે, તેની ઉપરથી ખ્યાલ આવશે કે તેની છાવણી સુખસગવડ અને સંશોધનનાં એવાં અદ્યતન સાધનોથી સજજ હશે.

દક્ષિણ ધ્રુવ ખંડ પર દાવો કરનારા વચ્ચે દેખિતી રીતે ખેંચતાણ થતી નથી, કારણ કે હજી તેનું આર્થિક ઉપાર્જન શરૂ થયું નથી. શરૂઆતમાં ત્રણ દાવાદાર હતા તે ચૈકી બ્રિટન, આર્જેન્ટિના અને ચીલીના દાવા એકબીજા સાથે અથડાય છે.

અમેરિકા અને રશિયા વચ્ચે અહીં સંઘર્ષ નથી. તેઓ પોતાના દાવા આગળ પણ ધરતાં નથી. એટલું જ નહિ; પણ તેઓ બીજા દાવાદાર દેશોનો દાવો માન્ય પણ રાખતા નથી. ઈ.સ. ૧૯૬૧માં એન્ટાર્ટીક ટ્રીટી નામના કરાર થયા હતા. તેમાં રશિયા અને અમેરિકા સહિત ૧૪ દેશો સંમત થયા હતા કે દક્ષિણ ધ્રુવ ખંડ આણુશસ્ત્રોથી મુકત રાખવો. આ ખંડ ઉપર કોઈએ લશ્કરી પ્રવૃત્તિ ન કરવી અને આ ખંડ વિષે વૈજ્ઞાનિક માહિતીની મુકત રીતે આપલે કરવી, તેથી કોઈ દેશ પોતાના દાવાના સમર્થનમાં એક તરફી પગલું ભરી શકે નહિ. આ ચૌદ દેશોની એન્ટાર્ટીકા કલબમાં હવે ભારતે પ્રવેશ કર્યો છે, પરંતુ ભારત હજુ તેનું સભ્ય નથી થયું. એન્ટાર્ટીકા કરાર પુન-રાવલોકનને પાત્ર છે. જેમ જેમ આ ખંડની સમૃદ્ધિ ઉપર પ્રકાશ પડતો જાય છે તેમ તેમ આ દેશો પોતાની હદના ખંડની ખનિજ સમૃદ્ધિ ઉપર દાવો કરવા લાગ્યા છે. તેઓ તેના પ્રાદેશિક સમુદ્રની સમૃદ્ધિ ઉપર પણ દાવો કરે છે. આ સમુદ્રમાં પ્રોટિનથી ભરપુર નાના જીવો એટલા વિપુલ જથ્થામાં છે કે તેની કલ્પના ન થઈ શકે. રશિયન, જાપાની, જર્મન અને પોલિશ મત્સ્ય જહાજો ઉનાળામાં આ દરિયાઈ જીવોને લઈ જાય છે.

અહીં અમેરિકાની ચાર છાવણીઓ છે. અમેરિકનોને જોઈતી અસંખ્ય ચીજોના ગોદામ રોસ ટાપુ ઉપર બાંધવામાં આવ્યા છે. ઉનાળામાં આ એક છાવણીમાં ૮૦૦ માણસો કરતા વધુ વસતિ હોય છે.

દક્ષિણ ધ્રુવ ખંડના હવામાનની કઠોરતાની કલ્પના ન થઈ શકે. કલાકના ૧૬૦ કિલોમીટરની ઝડપથી પવન વાતો હોય અને ઉષ્ણતા-માન શૂન્ય નીચે ૧૦૦ અંશ ફેરનહાઈટ ઊતરી જાય એ તો સામાન્ય કહેવાય. હવામાન સ્વચ્છ હોય ત્યાં અચાનક તોફાન અને આંધી આવી ચડે, હિમ ઝંઝાવાત ફુંકાવા માંડે અને જમીન તથા આસમાન એકબીજામાં ભળી જાય ત્યારે વિમાન જાણી શકે નહિ કે ધરતી કયાં છે અને તેના માર્ગમાં ડુંગર આવે છે કે નહિ–તેથી વિમાની અકસ્માતો પણ થયા છે.

કેટલેક ઠેકાણે બરફનો થર બે માઈલ કરતાં વધુ જાડો છે. હિમ-સરિતાઓની ઝડપ વર્ષમાં માત્ર બે માઈલ જેટલી હોય છે! સહરાના રણ કરતાં દક્ષિણ ધ્રુવ ખંડ ઉપર ઓછો વરસાદ પડે છે. વર્ષે બે ઈંચથી પણ ઓછો. તેમ છતાં દુનિયામાં જેટલું મીઠું પાણી છે તેના ૨/૩ ભાગ દક્ષિણ ધ્રુવ ખંડ ઉપર બરફ રૂપે પુરાઈ રહ્યો છે! આવા ઠંડા અને વિકટ પ્રદેશમાં પણ કાંઠા ઉપર અસંખ્ય પેંગ્વીન નામનાં પક્ષીઓ અને સીલ નામના સસ્તન પ્રાણીઓ વસે છે અને સમુદ્રમાં અસંખ્ય વ્હેલ વસે છે. આશ્ચર્યની વાત એ છે કે શિયાળામાં જ્યારે સમુદ્ર અતિ તોફાની હોય અને તેનું પાણી બરફ કરતાં પણ ઠંડું હોય ત્યારે તેઓ અહીં શિયાળો ગાળવા આવે છે!

તા. ૧૧-૭-૮૨ના રોજ "પ્રેમળ જ્યોતિ" દ્વારા ઘાટકોપરમાં એક સ્ટોલની સ્થાપના કરવામાં આવી, તેનો આહેવાલ તા. ૧૬-૭-૮૨ના "પ્રબુદ્ધ જીવન"માં પ્રગટ કરવામાં આવેલ. તેને લગતો ફોટોગ્રાફ મોડો મળવાને કારણે તે હાલ નીચે પ્રગટ કરવામાં આવે છે.



ડાબેથી જમણે: ઘાટકોપરના વોર્ડ ઓફિસર શ્રી બાપટ સાહેબ, ઘાટકોપરના કોર્પોરેટર અને સમારંભના પ્રમુખ શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ, ઉદ્‌ઘાટક શ્રી વસનજી લખમશી શાહ, પ્રેમળજ્યોતિના કન્વીનર શ્રીમતી નીરુબેન શાહ, સંઘના મંત્રી શ્રી કે. પી. શાહ અને આ સ્ટોલના ડોનર શ્રી ચંપાબહેન લક્ષ્મીચંદ વોરાના પરિવારના સભ્ય શ્રી. રજનીકાન્તભાઈ વોરા.

વિજ્ઞાનીઓ કહે છે કે દક્ષિણ ધ્રુવ ખંડની ધરતીમાં કદાચ દુનિયાનું સૌથી મોટું કોલસાક્ષેત્ર છે, જે દોઢ હજાર માઈલ લાંબુ છે. તદુપરાંત લોહ, પેટ્રોલિયમ વગેરે ખનિજો છે. ૨૦ કરોડ વર્ષ પહેલાં ખંડો છૂટા પડીને સરકવા લાગ્યા ત્યારે દક્ષિણ ધ્રુવ ખંડ ભારતખંડને તથા ઓસ્ટ્રેલિયા, આફ્રિકા અને દક્ષિણ અમેરિકાને જોડાયેલ હતો. આ ખંડસમૂહને વિજ્ઞાનીઓએ આપણી ગોંડ નામની આદિવાસી પ્રજાના નામ પરથી ગોંડવાના ખંડ નામ આપેલ છે. દક્ષિણ ધ્રુવ ખંડમાં આટલો વિપુલ કોલસો છે તે બતાવે છે કે ત્યાં તે જમાનામાં સઘન જંગલ હતાં અને ગરમ ભેજવાળું હવામાન હતું. આજે ત્યાં ઘાંસનું તણખલું પણ ન ઊગે એવી ઠંડી છે. તેમાં યુરેનિયમ હોવાની પણ શકયતા છે. બીજી દુર્લભ ધાતુઓ પણ મળી આવી છે જેમાં લીથિયમ, ક્રોમિયમ, વગેરેનો સમાવેશ થાય છે. ૧૯૭૨–૭૩માં સમુદ્રમાં સારકામ કરવાથી ગેસ મળી આવ્યો હતો તેમાં ઈથેન, મિથેન અને એથિલીન ગેસનો સમાવેશ થાય છે જે સૂચવે છે કે અહીં ખનિજ તેલ છે. તે પછી અમેરિકાની ગલ્ફ ઓઈલ કંપનીએ એવો અંદાજ કાઢયો છે કે પાંચ અબજ પીપ જેટલું તેલ વેડેલ અને રોસ સમુદ્રના તળિયા નીચે છે.

પરંતુ સવાલ એ છે કે આવા વિકટ પર્યાવરણમાં અને વિષમ હવામાનમાં આ ખનિજ સમૃદ્ધિ કાઢવી કેવી રીતે? વિજ્ઞાનીઓ એમ માને છે કે આ મુસીબતોનો પણ સામનો કરી શકે અને ખનિજ સમૃદ્ધિ કાઢી શકે એવી ટેકનોલોજીનો વિકાસ થશે અને ભવિષ્યમાં આ અલભ્ય સમૃદ્ધિ સુલભ બનશે. એન્ટાર્ટીકા કલબના ૧૪ સભ્યો આ દિવસની રાહ જોઈને અત્યારે ચુપ બેઠા છે. જેઓ ટેકનોલોજીમાં મોખરે છે તેઓ મોટો ભાગ પડાવી લેવાની આશા રાખે છે. દુનિયાના મહાસાગરોમાં ધાતુના ગઠ્ઠાનો અતિ વિપુલ જથ્થો છે તેના વિશે પણ અમેરિકાનો આવો જ અભિગમ છે, જેને ભારત સહિત વિકાસ પામતાં દેશો પડકારે છે.

રે અંતર!

[] ગીતા પરીખ

(પૃથ્વી – સોનેટ)

હવે બહુ થયું, તું ચૂપ, જરી થા, અરે અંતર!
તું વ્યર્થ બકવાસથી ફરી ફરી મને રોકતું
શું કામ મુજ કાર્યમાં કરી દ્વિધા સદા ટોકતું?
"ન આમ કરવું ભળે તવ રચેલ આદર્શને"
– કહી મનમહીં નકામી ઝડભાંજ શાને કરે?
મને બધું જ્ઞાન છે જગતમાં – શું છે યોગ્ય ને
અયોગ્યતાણું, દુન્યવી થવું ગમે છે છતાં.
તને ખબર ના અસત્ય–સતના નવા ભેદની
મને ખબર સૌ, પરંતુ કયમ કહેવું મારે તને?
કરે, જીવન-મૂલ્ય સૌ જગતમાંહિ શીર્ષાસન.
થવું "સફળ" હોય તો તવ ચીકાશ શેં ચાલશે?
હવે બહુ થયું, મને મુજ રીતે જરી જીવવા
તું દે – બસ ચહું – મને ન વચમાં તું આવે કદી
(ચહે કદિક આવવા, પણ નહીં તું ફાવે કદી!)

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪, ટે. નં.: ૩૫૭૨૯૬૬: મુદ્રણસ્થાન: શ્રી જૈનેન્દ્ર પ્રિન્ટિંગ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૧૦

પ્રબુદ્ધ જીવન

મુંબઇ ૧૬ સપ્ટેમ્બર, ૧૯૮૨, ગુરૂવાર
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ : પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ સહતંત્રી : રમણલાલ વી. શાહ

★ અપરિગ્રહ અને દાન ★

❖ ચીમનલાલ ચકુભાઇ શાહ

ભાઇ સૂર્યકાન્ત પરીખે તેમના તા. ૪-૯-૮૨ ના પત્રમાં નીચે જણાવેલ વિચારો દર્શાવ્યા છે અને હું તેનો જવાબ 'પ્રબુદ્ધ જીવન'માં આપું તેમ ઇચ્છા વ્યકત કરી છે.

જૈન ધર્મના મૂળમાં અહિંસા અને અપરિગ્રહ છે, અને તે તરફ ગતિ થાય તે માટે આપણા પર્વના દિવસોમાં ખાસ ચિંતન-મનન થાય તે રીતે વ્યાખ્યાનો સાંભળવા તથા તપની આરાધના માટેનું આયોજન થાય છે.

'પરંતુ આર્થિક-વ્યવહારને દરેક ક્ષેત્રમાં બાજુ પર મૂકવામાં આવે છે, તે મુંબઇની મહાનગરીમાં પર્વની ઉજવણીમાં ધનનું મહત્વ જાણે-અજાણે વધી રહ્યું છે, જેઓ મોટું દાન આપે છે, તેઓનું ધન કયા માર્ગે પ્રાપ્ત કર્યું છે, તેની પૂછપરછ કોઇના પણ મનમાં થતી નથી, અને તે ધનની પ્રતિષ્ઠા વધે છે. એક રીતે જોઇએ તો અપરિગ્રહના મૂલ્યની પ્રતિષ્ઠા થતી દેખાતી નથી, પરંતુ તે મૂલ્યની વાહવાહ ફકત જીભથી જ થાય છે. જેમ અત્યારના રાજકારણમાં પણ ધનના વધેલા મહત્વને કારણે ગાંધીજીએ ધર્મને રાજકારણનું જે જોડાણ કરેલું, તે કયાંય દેખાતું નથી. તેમ શુધ્ધ ધર્મના ક્ષેત્રમાં પણ ધનનું ઘણું મહત્વ વધતું રહ્યું છે.

'ધન સૌને ગમે છે, અને ધન એ એક મોટી શકિત છે, પરંતુ શુદ્ધ ધર્મના ચોગાનમાં-ખાસ કરીને જૈનધર્મના ફેલાવામાં ધનનું મહત્વ જે રીતે વધી રહ્યું છે, તે કેટલું યોગ્ય છે, તે વિચારજો, તેનાથી ધર્મના મૂળભૂત મૂલ્યોની અશાતના શું નથી થતી ? હું તો એમ ઇચ્છું કે સમાજમાં અપરિગ્રહવ્રતને પાળીને જીવનાર સંસારી લોકોને શોધીને તેમનું બહુમાન આવા પર્વના દિવસોએ કરવું જોઇએ.'

અપરિગ્રહ શ્રેષ્ઠ માર્ગ છે. પરિગ્રહને પાપનું મૂળ કહ્યું છે. પણ સમાજમાં પરિગ્રહ રહેવાનો અને થવાનો. એટલે પરિગ્રહ-મોહ છોડવા કહ્યું છે. પરિગ્રહમોહ છુટવો એટલે પોતાની જરૂરીયાત પુરતું રાખી, વધારે હોય તે પરમાર્થે-સમાજ કલ્યાણ માટે વાપરવું, આનું નામ દાન.

બધા ધર્મોમાં અને ખાસ કરીને જૈન ધર્મમાં દાનનો મહિમા ખૂબ ગવાયો છે. દાન, શીલ, તપ અને ભાવને ધર્મના ચાર પાયા કહ્યા છે. પરિગ્રહને કારણે સમાજમાં વિષમતા, ઇર્ષા, સંઘર્ષ, અસમાનતા પેદા થાય છે. કોઈ વ્યકિત, પરિગ્રહ કરે છે. કોઈ કોમ, કોઇ દેશ કે પ્રજા, પરિગ્રહ એટલે માત્ર પૈસો જ નહિ પણ દરેક પ્રકારની મીલ્કત, અર્થોપાર્જન સામાજીક વ્યવહારના પાયામાં છે. ચાર પુરૂષાર્થોમાં અર્થ એક છે. માણસ પોતાની જરૂરીયાતો ઓછામાં ઓછી રાખે અને તેટલું મળી રહે તો સંતોષ માને અને વિશેષ મેળવવા પ્રયત્ન ન કરે એ એક માર્ગ છે. પોતાની ઓછામાં ઓછી જરૂરિયાતો પુરતું અર્થોપાર્જન પ્રમાણિકપણે જ કરે. પણ માણસને ભવિષ્યની ચિન્તા રહે છે તેમજ કુટુમ્બ માટે પ્રબંધ કરવાની તૃષ્ણા રહે છે. તેને કોઈ મર્યાદા નથી. આજનું મળ્યું છે તો આવતી કાલનું ઇશ્વર આપી રહેશે એવી શ્રદ્ધા હોતી નથી. કેટલાકની પરિગ્રહલાલસા અમર્યાદ હોય છે. કેટલાક પોતે ઉભી કરેલી જાળમાં જ એવા ફસાઇ જાય છે કે પછી તેમાંથી છુટી શકતા નથી. ઉદ્યોગપતિઓ ઉદ્યોગોનો વિસ્તાર કર્યે રાખે, વેપારી વેપારનો વિસ્તાર કર્યે જ રાખે. એક દેશ બીજા દેશ ઉપર આધિપત્ય મેળવવા યુદ્ધ પણ કરે. આમાં દેશપ્રેમ ગણાય, પણ આ બધી મોટી વાતો થઈ. તેની ચર્ચામાં અહિં ન ઉતરૂં.

પરિગ્રહની વિષમતા ઓછી કરવા બે માર્ગ બતાવ્યા છે. જૈનધર્મે પરિગ્રહ પરિમાણવ્રત શ્રાવક માટે બતાવ્યું છે. આ વ્રત આદરનાર બહુ ઓછા શ્રાવક હોય છે. એક ભાઇને હું જાણું છું, જેણે વર્ષો પહેલા, ૧૯૨૬ કે ૧૯૨૮ માં આ વ્રત અંગીકાર કર્યું. મને યાદ છે ત્યાં સુધી રૂા. ૨૮૦૦૦ની મર્યાદા બાંધી; ૧૯૭૪ માં તેમનું અવસાન થયું ત્યાંસુધી આ મર્યાદા પુરેપુરી પાળી, મોંઘવારી વધી, પૈસાની કીંમત ઘટી તો પણ તેમણે આ મર્યાદા જ જાળવી રાખી. પોતાના ખર્ચમાં પુરી કરકસર કરી, વધુમાં વધુ બચાવે અને ૩૧ મી માર્ચે પોતાની મર્યાદાથી જેટલું વધારે હોય તે તુરત ધર્માદે વાપરી નાખે. તેમના પત્ની અને પુત્રી માટે પણ પોતાની મર્યાદાથી વધારે સંગ્રહ ન કર્યો. પોતાના વ્રતપાલનમાં કોઇ છટકબારી શોધવા કોઇ દિવસ પ્રયત્ન પણ ન કર્યો.

આવું વ્રત જેઓ આદરી નથી શકતા તેમને માટે દાન બીજો માર્ગ છે. દાનનો બહુ મહિમા ગવાય છે. કારણકે વ્રત આદરવા કરતા, તે વધારે સરળ માર્ગ છે. કેટલાક ધર્મોમાં પોતાની આવકના અમુક ટકા ધર્માર્થે વાપરવા એવો આદેશ હોય છે. સમાજહિતાર્થે પોતાની મિલ્કતના અમુક હિસ્સાનો ઉપયોગ કરવો જ જોઇએ એવી ભાવના માણસમાં હોય જ છે.

પોતાની સામાજીક જવાબદારીના ભાનથી દાન આપે અથવા કેટલેક દરજ્જે સમાજમાં પોતાનું સારું લાગે, કીર્તિ મળે એવા હેતુથી પણ દાન આપે. મોટા ઉદ્યોગપતિઓ કરોડો કે લાખો રૂપિયાના ટ્રસ્ટો કે ફાઉન્ડેશન કરે છે. ખરી રીતે, દાન એ પરિગ્રહના પાપનું પ્રાયશ્ચિત છે. આદર્શ સ્થિતિ એ છે કે સમાજમાં દાનની જરૂરિયાત ન રહે તેમજ દાન આપી શકે તેટલો પરિગ્રહ ન હોય. દાન, શરીર માટે દવા જેવું છે. રોગ હોય તો દવાની જરૂરત પડે. સમાજમાં અસમાનતા અને વિષમતા હોય ત્યાં દાનની જરૂર પડે. પણ આવી આદર્શ સ્થિતિ કોઇ કાળે હતી નહિ અને થવાની નથી. એટલે દાનની સદા જરૂર રહેવાની. સામ્યવાદી દેશો એવી સમાજરચના કરવા ઇચ્છે છે કે જેમાં દાનની જરૂર ન રહે અને દાન આપી શકે એટલો પરિગ્રહ કોઇ પાસે ન હોય. પણ આવી સમાજવ્યવસ્થા બળજબરીથી ઉત્પન્ન કરેલી અને બળજબરીથી ટકાવી રાખવાની હોવાથી અનેક અનિષ્ટો પેદા કર્યા છે. તેથી જ ગાંધીજીએ ટ્રસ્ટીશીપની ભાવના બતાવી કે જેમાં વ્યક્તિ સ્વેચ્છાએ પોતાની જરૂરીયાત કરતા વધારે હોય તેટલી મીલ્કતનો પોતાની જાતને સમાજ માટે ટ્રસ્ટી માને અને તે રીતે તેનો વહીવટ અને ઉપયોગ કરે.

ભાઈ સૂર્યકાન્તે બે પ્રશ્નો રજુ કર્યા છે. ધનનું એટલે કે દાતાનું વધારેપડતું ગૌરવ થાય છે અને દાનમાં મળતું ધન કેવી રીતે અને કયાંથી મેળવ્યું છે તેનો આપણે વિચાર કરતા નથી. બન્ને પ્રશ્નો પ્રસ્તુત છે અને વિચારવા જેવા છે.

૫૦ વર્ષના મારા જાહેર જીવનમાં મેં લાખો રૂપીયાનાં દાન મેળવ્યા છે. મારો એવો અનુભવ છે કે સમાજમાં – ખાસ કરી જૈન સમાજમાં અને ગુજરાતીમાં–દાનની ભાવના વધી છે. મોટી રકમના દાનો સરળતાથી મળ્યા છે. કાર્યકર્તાઓ પ્રતિષ્ઠિત અને પ્રામાણિક હોય અને દાનનો સદુપયોગ થશે એવી દાતાને ખાત્રી હોય તો દાન આપવાની ઉત્સુકતા મેં જોઇ છે. યુવાન પેઢીમાં આ ઉત્સુકતા સારા પ્રમાણમાં છે. એક જાતની તંદુરસ્ત હરિફાઇનો અનુભવ થાય છે, કોણ વધારે દાન આપે છે એવી ભાવના જોઉં છું. સામાજિક ભાન–Social Consciousness વધ્યું છે. દાન આપનારની યોગ્ય કદર કરવી એ દાન લેનારની ફરજ છે. તેમાં અતિશયતા થવી ન જોઇએ. એવા દાતાઓ હું જાણું છું કે જેઓ પોતાના દાનની વધારેપડતી જાહેરાત કે પોતાનું વધારે પડતું સન્માન ઇચ્છતા નથી. પણ યોગ્ય જાહેરાત કે સન્માન થાય તેવી ઇચ્છા રહે છે અને તે સ્વાભાવિક છે. તેથી બીજાને પણ પ્રોત્સાહન મળે છે.

દાન લેવામાં લાચારી ન ભોગવવી. યોગ્ય રજુઆત કરી દાતાની ઇચ્છા થાય તેમ કરવું. કેટલીકવખત વધારેપડતું સન્માન કે જાહેરાત થાય છે. સમાજમાં એટલી જાગ્રતિ છે કે લોકોને આવી અતિશયતા ગમતી નથી અને દાતાઓ પણ તે જાણે છે. દાન આપનાર જેટલો સન્માનને પાત્ર છે તેટલો જ દાન લેનાર અને તેનો સદુપયોગ કરી બતાવનાર પણ સન્માનને પાત્ર છે. બલ્કે દાન આપનાર દાન આપી છૂટી જાય છે. તેની ફરજ પૂરી થઇ, લેનારની શરૂ થાય છે અને જીવનભર રહે છે. ગમે તેમ કરી દાન મેળવવાની ઇંતેજારી રાખવી નહિ અથવા અયોગ્ય શરતો હોય તો પણ નહિ. ધનની ભોલભાલા ન થાય.

સર્વેગુણા: કાંચનમાશ્રયન્તે એમ નથી જ. પણ તે સાથે સર્વે દુર્ગુણા: કાંચનમાશ્રયન્તે તેમ માનવાની પણ જરૂર નથી, યોગ્ય પણ નથી. દાન લેનાર અને આપનાર બન્નેનું ગૌરવ સચવાય તે દાન લેવાની સાચી રીત છે. બન્ને પક્ષે પ્રમાણભાન જાળવવું.

ભાઇ સૂર્યકાન્તનો છેલ્લો પ્રશ્ન છે કે દાન લેતા આ ધન કયાંથી આવ્યું તેનો વિચાર કરવો. આ નાજુક પ્રશ્ન છે. વધારેપડતી મિલ્કત જેની પાસે છે તે બધી સર્વથા પ્રામાણિક માર્ગે જ મેળવી છે એવું કહી શકાય તેમ નથી. મારૂં વલણ એવું છે કે તેના મૂળિયા શોધવા ન જવું. દાતાનું વધારેપડતું ગૌરવ ન કરીયે પણ તેણે ધન કયાંથી અને કેવી રીતે મેળવ્યું તે શોધવાનું કામ દાન લેનારનું નથી. અત્યારે સમાજમાં એવું બને છે કે કેટલીક વ્યક્તિઓએ અનીતિને માર્ગે ધન મેળવ્યું છે. એવી બહુ જાહેર જાણ હોવા છતાં, તે વ્યક્તિ મોટું દાન આપે ત્યારે તેનું વધારેપડતું સન્માન થાય છે તે થવું ન જોઇએ. આવી વ્યક્તિ ચારિત્રહીન હોય તો દાન આપે તે તો લઇએ પણ તેથી તેને વધારેપડતી પ્રતિષ્ઠા ન આપીયે. દાન આપે છે તેટલી માનવતા તેનામાં છે તે આવકારીયે. પાપી માણસમાં પણ કાંઇક સદ્‌ભાવના હોય છે તેને ઉત્તેજન આપીયે.

આ તે ભાઈ સૂર્યકાન્તે કહ્યું છે કે સમાજમાં અપરિગ્રહવ્રતને પાળીને જીવનારા સંસારી લોકોને શોધીને તેમનું બહુમાન પર્વના દિવસોમાં કરવું જોઇએ. આ વિષે બેમત હોવાનો સંભવ નથી ચારિત્રશીલ વ્યક્તિઓનું સન્માન સમાજ કરે તેમાં સમાજનું કલ્યાણ છે અને સમાજમાં એ થાય છે પણ ખરૂં. રવિશંકર મહારાજ જેવી વ્યક્તિઓ સમાજનો પૂરેપૂરો આદર મેળવે છે. પર્યુષણ પર્વમાં તપસ્વીઓનું પણ સન્માન થાય છે.

ભાઇ સૂર્યકાન્તે રજુ કરેલ પ્રશ્નો ઘણાના મનમાં ઘોળાતા હશે એટલે તે વિષેના મારા વિચારો પ્રબુદ્ધ જીવનમાં રજુ કર્યા છે.

૮–૯–૮૨

અભ્યાસવર્તુળના ઉપક્રમે
શ્રી અશ્વિન કાપડિયાનું પ્રવચન

★

ગયા વર્ષે ઓકટોબર માસમાં ત્રણ દિવસ માટે 'સાવિત્રી' એ વિષય ઉપર શ્રી અશ્વીન કાપડિયાનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું, ત્યારે શ્રોતાઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા.

આગામી તા. ૭–૮–૯ ઓકટોબરના રોજ 'શ્રી અરવિંદનું જીવનદર્શન' એ વિષય ઉપર, પરમાનંદ કાપડિયા સભાગૃહમાં તેમનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું છે.

બીજું, સંઘના પેટ્રનો, આજીવન સભ્યો, સભ્યો બધા મળીને બે હજાર લગભગની સંખ્યા થતી હોઇ, બધાને કાર્ડ મોકલવાનું શકય રહ્યું નથી, માટે આવા વ્યાખ્યાનોમાં હાજર રહેવા ખાસ ઉત્સુક હોય એવી વ્યક્તિઓને વિનંતિ કરવામાં આવે છે કે પોતાના નામ–સરનામા કાર્યાલય પર સત્વર મોકલી આપે, જેથી નવા મેઇલીંગ લીસ્ટમાં તેમના નામો લખીને તેમને કાર્ડો મોકલવાની વ્યવસ્થા કરી શકાય.

સુબોધભાઇ એમ. શાહ
કન્વીનર, અભ્યાસવર્તુળ

ગાંધીજી, સ્થૂલિભદ્ર અને થાણુસિંગ

યશવંત દોશી

આ લેખની શરૂઆત થાણેસિંગથી કરવી જોઇએ. એનું કારણ એ છે કે થાણેસિંગના પ્રસંગ પરથી જ આ લેખમાં વ્યક્ત થનારા વિચારો આવ્યા. મધ્ય પ્રદેશની એક કોલસાની ખાણની માલિકી ધરાવતી કંપનીનો એ ડ્રાઇવર હતો, દરરોજ સવારે મારી પાસેથી ગાડીની ચાવી અને સૂચના લઇ જતો.

એક દિવસ એ આવ્યો ત્યારે હું નાહવા ગયો હતો. નાહીને આવ્યો ને જોઉં છું તો થાણેસિંગના મુખ પર એક જાતની અકળામણ છવાયેલી. એકદમ બે હાથ જોડીને મને કહે : "સાહેબ, ગરીબ માણસ છું, મારી કસોટી ન કરો સાહેબ." મને સમજાયું નહિ. પણ પછી ધ્યાન ગયું. હજાર – પંદરસો રૂપિયાની નોટો ભૂલથી ટેબલ પર દબાવીને હું નાહવા જતો રહેલો. મેં એની માફી માગીને નોટો ટ્રેઝરીએ મૂકી દીધી. પણ એની વાતથી હું વિચારમાં પડી ગયો.

આ અભણ માણસે મારી સમક્ષ ઘણી માર્મિક વાત કરી હતી એવું મને લાગ્યું. એક ગરીબ માણસ આગળ આવું પ્રલોભન મેં મૂકયું એ બદલ એણે મને ઠપકો આપ્યો. આવા પ્રલોભન સામે ગરીબ માણસનું મન ચળી જતાં શી વાર લાગે? આ માણસ માનવીના મનની નિર્બળતા સમજતો હતો. પોતાનું મન પણ કદાચ કોઇક અમંગળ ક્ષણે ચળી જાય એવો ડર પણ એને હશે. એટલે શાણા માણસો જેને સુરક્ષિત માર્ગ ગણે છે તે જ માર્ગ પર એણે મદાર બાંધ્યો : પ્રલોભનથી દૂર રહેવું એ જ સલામત માર્ગ છે.

ઘણા માણસોને તમે આવું બોલતા સાંભળતા હશો : 'અમારો ગોવિંદ એટલો પ્રામાણિક નોકર છે, હાથનો એવો ચોખ્ખો છે, કે હજાર રૂપિયા ખુલ્લા પડયા હોય તોયે એક રૂપિયો આઘો પાછો ન થાય.' એ માણસોને કહેવું જોઇએ કે એ ગરીબ માણસની પ્રામાણિકતાને કસોટીએ ન ચડાવશો. એને પ્રામાણિક રહેવામાં મદદ કરજો.

માણસની આસપાસ પ્રલોભનો પડયાં હોય અને છતાં માણસ એમાં ફસાયા વિના હેમખેમ બહાર આવે એવી અપેક્ષા રાખવાને બદલે એને પ્રલોભનોથી જ દૂર રાખવો એ જગતની પ્રજાઓનું દુન્યવી, વ્યવહારુ ડહાપણ છે. ધર્મપંથોએ અને અન્ય માનવ-સંગઠનોએ આ જ ડહાપણ અપનાવ્યું છે. દાખલા તરીકે જૈન ધર્મે મૈથુનવિરમણ એટલે કે બ્રહ્મચર્ય ઉપર અને અપરિગ્રહ ઉપર ભાર મૂકવાના જરૂર જોઇ એટલે એને માટે આકરા નિયમો કર્યા. બ્રહ્મચર્યની જે નવ વાડો સાધુઓ માટે નક્કી કરી છે તે કદાચ વધુપડતી કડક અને વિચિત્ર લાગે, તોય એની પાછળનો હેતુ તો સાધુને આ બાબતના કોઇપણ પ્રલોભનથી દૂર રાખવાનો છે. અપરિગ્રહ માટે પણ ઘણા કડક નિયમો કર્યા. સાધુથી દ્રવ્યને સ્પર્શ પણ ન થાય એટલે સુધીના નિષેધો મૂકયા.

હજારો વર્ષોના ઇતિહાસ દરમિયાન આ નિષેધોએ કામ આપ્યું પણ છે. જૈન સાધુઓ ઘણા મોટા પ્રમાણમાં આવા પ્રલોભનોથી મુક્ત રહેવાથી ધર્મધ્યાન અને વાચન-લેખન ઉપર વધુ લક્ષ આપી શકયા છે એમ જણાય છે. જૈનોનું તો અહીં દૃષ્ટાંત જ લીધું છે. દરેક ધર્મપંથે પોતપોતાના મુખ્ય હેતુઓ સિદ્ધ કરવા એ હેતુને બાધક નીવડે એવા પ્રલોભનોથી પોતાના અનુયાયીઓ અને સાધુઓને દૂર રાખવાના નિયમો કર્યા છે.

ધાર્મિક બાબતોની જેમ સંસારી બાબતોમાં પણ સમાજ આ રીતે જ વિચારતો અને વર્તતો હોય છે. દારૂબંધી શા માટે કરાય છે? જૂના વખતમાં શાળા-કોલેજના છોકરાઓને એક અંગ્રેજી નવલકથા ભણાવવામાં આવતી. મિસિસ હેન્રી વુડની લખેલી એ પ્રચારાત્મક નવલકથાનું નામ 'ડેઇન્સબરી હાઉસ'. ઇંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાન્તિને પગલે જે ઘણાં સામાજિક દૂષણો વ્યાપક બન્યાં તેમાનું એક શરાબીપણું. શરાબની ટેવને પરિણામે એક આખા સમૃદ્ધ કુટુંબનો સર્વનાશ કેવી રીતે થાય છે તેની એ કથા છે. નવલકથા શૈલી અને સ્વરૂપની દૃષ્ટિએ સાધારણ છે અને અંગ્રેજી સાહિત્યના ઇતિહાસમાં એનું કોઇ વિશિષ્ટ સ્થાન નથી. પણ આપણે માટે મહત્ત્વની વાત એમાંથી ફલિત થતો બોધ છે. એ બોધ કથામાંથી ફલિત તો થાય છે જ પણ તે ઉપરાંત એમાંનાં પાત્રોને મુખે એ ખુલ્લી રીતે પણ વ્યક્ત થાય છે. તમે માણસોને દારૂ નહિ પીવાનું સમજાવો તે સારી વાત છે. દારૂનાં નુકસાન એટલાં બધાં છે કે સામા માણસને દારૂની અયોગ્યતા સમજાય પણ ખરી. પણ ઘરની બહાર નીકળતાંવેંત જુવાન માણસ દારૂની દુકાન જુએ, તેમાં પોતાના મિત્રોને બેઠેલા જુએ, પછી એ ત્યાં જવાનું પ્રલોભન કેમ ટાળી શકે? એ જુવાન માણસને આ રીતે ખેંચવા માટે દસ-વીસ ડગલે એક એક દારૂની દુકાન એના માર્ગે ઊભી હોય તો તમારી સમજાવટ કયાં સુધી કારગત નીવડે? એટલે ઉત્તમ માર્ગ એ છે કે માણસોને વિમાર્ગે લઇ જતું આ પ્રલોભન એમના રસ્તા પરથી હઠાવો. એક બાજુ સમજાવટ, બોધ, પ્રચાર અને બીજી બાજુ સતત ઊભેલાં પ્રલોભનો એ બેની વચ્ચે માણસના મનમાં તાણ ઊભી કરવાથી માણસ વધુ દુઃખી થાય છે.

મને એ વાતની નવાઇ લાગે છે કે દારૂબંધીનો પ્રચાર કરતી ગુજરાત-મુંબઇની સંસ્થાઓને આ નવલકથાનું ગુજરાતી ભાષાંતર કે રૂપાંતર કરાવી તેનો પ્રચાર કરવાનું સૂઝયું નથી. જૂના વખતમાં ઘણું કરીને ભોગીન્દ્રરાવ દિવેટિયાએ એનું એક રૂપાંતર કરેલું, પણ એનો ખાસ પ્રચાર થયો નથી. કોઇ ગુજરાતી પ્રકાશકે પણ આ કામ નવી રીતે કરવા જેવું છે.

આપણે નવલકથાની વાતે ચડી ગયા. પણ મૂળ મુદ્દો મનુષ્યને દૂષણમુક્ત રાખવો હોય તો બને ત્યાં સુધી એ વિષયનાં પ્રલોભનથી એને મુક્ત રાખવો જોઇએ તે હતો. ભારતમાં પણ ગાંધીજીએ દારૂબંધીની હિમાયત કરી તેની પાછળ આ જ વ્યવહારૂ દૃષ્ટિ કામ કરતી હતી. અનેક ભણેલ-ગણેલ માણસોની દલીલોનો જવાબ આપીને, જિદ્દી અને જકી એવાં વિશેષણો વહોરીને પણ ગાંધીજીએ દારૂબંધીનો આગ્રહ રાખ્યો, એનો સતત પ્રચાર કર્યા કર્યો અને કોંગ્રેસી સરકારોને એના અમલની તાકીદ કર્યા કરી. ઘણા માણસો એવી દલીલ પણ કરતા હતા કે દારૂબંધી કાયદાથી કરવી એ બોટું છે અને લોકોને દારૂ નહિ પીવા માટે સમજાવવા એ જ સાચો રસ્તો છે. ગાંધીજીને લોકોને સમજાવવાની વાત માન્ય હતી પણ કાયદાથી દારૂબંધી કરવાનો એમનો મત પણ એટલો જ દૃઢ

હતો. લોકોને એ પ્રલોભનમાં પડવાના સંજોગોથી જ મુક્ત રાખવા વિષે ગાંધીજી મક્કમ હતા.

દારૂબંધીની આ હિમાયતની સાથે ગાંધીજીનો એક અન્ય આગ્રહ જોઈએ ત્યારે જરા વિચિત્ર લાગે છે, અથવા કહો કે એ ઝટ ગળે ઉતરતો નથી. પોતાના આશ્રમમાં કે પોતાની હાજરીમાં થતાં લગ્ન સમયે ગાંધીજી વરકન્યાને અમુક સમય સુધી કે આજીવન બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા લેવરાવતા. એક બાજુ સ્ત્રી-પુરુષને સહજીવનમાં દાખલ કરવા અને સહજીવન જીવવા છતાં એ યુવાન વયે બ્રહ્મચર્યનો આદેશ આપવો એ એનો મેળ કેવી રીતે થાય એવો પ્રશ્ન ઘણાને થતો હતો. બ્રહ્મચર્ય પળાવવું જ હોય તો લગ્ન જ શા માટે કરાવવું? લગ્ન કેવળ જાતીય જીવન માટેની વ્યવસ્થા નથી એ સ્વીકારીએ, પણ તે સાથે એ લગ્નજીવનનો અત્યંત મહત્ત્વનો અંશ છે એ સ્વીકાર્યા વિના પણ ચાલે નહિ. પણ એક બાજુ જાતીય જીવનનું પ્રલોભન થાય તેવા સંજોગો અને બીજી બાજુ એ સંજોગોની વચ્ચે પ્રલોભનથી પર રહેવાનો આગ્રહ વિનાકારણ માનસિક તાણ ન સર્જે? અને આખરે એનાથી લાભ શો?

આમ વ્યવહારુ ડહાપણથી ધર્મપંથોએ અને અન્ય માનવ સમૂહોએ મનુષ્યને બને ત્યાં સુધી પ્રલોભનથી દૂર રાખવાની જે પ્રણાલિકા પાડી હતી તેનાથી ગાંધીજીની ઉપર જણાવેલી રીત સાવ ઊલટી હતી. આ બધું અહીં લખવાનું કારણ એ છે કે આ બે વલણોમાં કયું સાચું એની મારી જેમ ઘણાને મૂંઝવણ થતી હશે.

પ્રલોભનથી દૂર રહેવું કે પ્રલોભનથી વીંટળાયા છતાં એનાથી પર રહી શકાય એવો પ્રયત્ન કરવો એ સમસ્યાની બાબતમાં એક અસાધારણ દૃષ્ટાંત સ્થૂલિભદ્રનું છે. ગુરુની આજ્ઞાથી સાધુ સ્થૂલિભદ્ર પૂર્વજીવનની પરિચિત કોશા નામની વેશ્યાને ત્યાં જઈ ધ્યાનસ્થ થયા અને વેશ્યાના હજાર પ્રયત્નો છતાં એ કામાસક્ત ન થયા અને સંપૂર્ણ નિર્વિકાર રહ્યા.

કથા તરીકે આ બહુ ભવ્ય ગણાય પણ દૃષ્ટાંત તરીકે, બોધક પ્રસંગ તરીકે એનું શું મહત્ત્વ? એ જાતની કસોટીમાં મુગ્ધવું સામાન્ય મનુષ્ય માટે સારું ખરું? કે પ્રલોભનથી દૂર રહેવું તે જ સારું? માનવ-સમુદાયો માટે અનુકરણ કરવા જેવું વલણ કયું?

ગાંધીજીએ પોતાના જીવનના છેલ્લા વર્ષ દરમિયાન પોતાની જાતને જાતીય પ્રલોભનની વચ્ચે મૂકીને એ કસોટીમાંથી પોતે પાર ઉતરી શકે છે એનો અખતરો શરૂ કર્યો હતો. સાથીઓના વિરોધને લીધે એ પડતો મૂક્યો. સ્થૂલિભદ્રે ગુરુના આદેશથી પોતાનું નિર્વિકારીપણું સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો. ગાંધીજીએ પોતાની મેળે પોતાની વૃત્તિઓ પરના અંકુશની કસોટી કરી જોવા ધાર્યું.

ગાંધીજી અને સ્થૂલિભદ્રનો માર્ગ સાચો ગણવો કે થાણે-સિંગની વાત વધુ વાજબી ગણવી? ગાંધીજી અને સ્થૂલિભદ્રને અસાધારણ વ્યક્તિઓ અને લોકોત્તર પુરુષો ગણી કાઢી એમનો અને આપણો માર્ગ જુદો, એમ માનવું? ગાંધીજીનો પોતાનો આગ્રહ સાધારણ રીતે એવો હતો કે એ જે કરી શકે છે તે બધા માણસો કરી શકે. પણ ઉપવાસ કરીએ ત્યારે સામે પકવાન્ન રાખવાની જરૂર ખરી? અથવા ઉપવાસીની કસોટી કરવા એની સામે પકવાન્નના થાળ ધરવા એ વાજબી ખરું?

પ્રલોભનથી દૂર રહેવું કે પ્રલોભનોની વચ્ચે જઈને લડવું? આ વિવાદાસ્પદ પ્રશ્ન છે. પણ એટલે જ એ વિષે લખવા જેવું લાગ્યું છે.

★ સંઘ સમાચાર ★

સંઘની કાર્યવાહક સમિતિમાં સભ્યોની પૂરવણી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ૧૯૮૨ના વર્ષ માટેની ચૂંટાયેલી કાર્યવાહક સમિતિની પ્રથમ સભા શુક્રવાર, તા. ૩-૯-૮૨ના રોજ સાંજના, પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે મળી હતી. ત્યારે નિયમ પ્રમાણે પાંચ સભ્યોમાંથી હાલ તુરત નીચેના ત્રણ સભ્યોની કાર્યવાહક સમિતિના સભ્યો તરીકે પૂરવણી કરવામાં આવી હતી. બાકી રહેતા બે સભ્યોની નિમણૂંક હવે પછી કરવામાં આવશે.

(૧) શ્રી શાન્તિલાલ દેવજી નન્દુ
(૨) ,, જયન્તિલાલ પી. શાહ
(૩) ,, પન્નાલાલ છેડા

સંઘના બે મંત્રીઓ ઉપરાંત સહાયક મંત્રી તરીકે શ્રી પન્નાલાલ આર. શાહની નિમણૂંક કરવામાં આવી હતી.

શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય સમિતિ

તા. ૩-૯-૮૨ના રોજ મળેલી સંઘની નવી ચૂંટાયેલી કાર્યવાહક સમિતિની પ્રથમ સભાએ નીચે પ્રમાણે પાંચ સભ્યોને લાયબ્રેરી સમિતિના સભ્યો તરીકે ચૂંટ્યા હતા.

(૧) શ્રી શાન્તિલાલ દેવજી નન્દુ મંત્રી
(૨) ,, ગણપતલાલ મગનલાલ ઝવેરી સભ્ય
(૩) ,, હરિલાલ ગુલાબચંદ શાહ ,,
(૪) ,, પ્રવિણભાઈ કે. શાહ ,,
(૫) ,, પન્નાલાલ આર. શાહ ,,

ઉપરના પાંચ સભ્યો ઉપરાંત નીચેના પાંચ ટ્રસ્ટીઓ અધિકારની રૂએ વાચનાલય – પુસ્તકાલય સમિતિના સભ્યો ગણાય છે.

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
(૨) ,, રતિલાલ ચીમનલાલ કોઠારી
(૩) ,, રસિકલાલ મોહનલાલ ઝવેરી
(૪) ,, ચીમનલાલ જે. શાહ
(૫) ,, સુબોધભાઈ એમ. શાહ

આ રીતે વાચનાલય-પુસ્તકાલય સમિતિ નવ સભ્યોની બને છે. આ સમિતિના મંત્રી તરીકે શ્રી શાન્તિલાલ દેવજી નંદુની નિમણૂંક કરવામાં આવે છે.

-ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

માનવી રોજ ઝેર ખાઇને જીવે છે

❀ મનુભાઇ મહેતા

અમેરિકન એસોસિએશન ફૉર ધ એડવાન્સ ઑફ સાયન્સ નામની, અમેરિકાના વિજ્ઞાનીઓની એક પ્રતિનિધિ સંસ્થા છે અને આ સંસ્થા એક પ્રતિષ્ઠિત સાપ્તાહિક પ્રગટ કરે છે, જેનું નામ છે, 'સાયન્સ': આ સામયિકમાં હમણાં જ, આપણા પંચમહાભૂતના બનેલાં શરીરનું સ્વાસ્થ્ય જુદી જુદી ધાતુઓના સૂક્ષ્મ છતાં ચોક્કસ પ્રમાણની હાજરી પર કેવો આધાર રાખે છે તેની રસપ્રદ વિગતો આપવામાં આવી છે.

દા. ત. આર્સેનિક એટલે કે સોમલને આપણે કાતિલ ઝેર ગણીએ છીએ પણ આ તત્ત્વનું અત્યંત સૂક્ષ્મ પ્રમાણ, શરીરની ચયાપચયની પ્રક્રિયાઓને સમતોલ રાખવા માટે શરીરમાં હોવું જરૂરી છે એ શોધી કાઢવામાં આવ્યું છે. એ જ પ્રમાણે શરીરમાંના રક્તકણોને-લોહીમાંના લાલ કોષોને તંદુરસ્ત રાખવા માટે લોહનું તત્ત્વ જરૂરી છે એ વાત તો તબીબો ઘણા સમયથી જાણે છે અને પાંડુરોગથી પીડાતા-એટલે જેમના લોહીમાં રક્તકણોની સંખ્યા ઓછી થઇ જવાથી જેમનું શરીર ફિક્કું પડી ગયું હોય એવા-'એનિમિક' દરદીઓને લોહના સંયોજન-વાળાં ઔષધો આપવાની વાત તો બધી તબીબી પદ્ધતિઓમાં સ્વીકૃત થયેલી છે.

ઘણીવાર, કોઇકને આપણે ફરિયાદ કરતા સાંભળીએ છીએ કે એના મોંમા કશો સ્વાદ આવતો નથી. સંભવતઃ આ વ્યક્તિના શરીરમાં જસતનું પ્રમાણ ઘટી ગયું હશે, કારણકે શરીરમાંના જસતનું સૂક્ષ્મ પ્રમાણ સ્વાદેન્દ્રિયના કોષોને તંદુરસ્ત રાખવાનું કામ કરે છે. આ જ પ્રમાણે તાંબ્ર, કોબાલ્ટ, નિકલ, સેલેનિયમ વગેરે વીસ જેટલી ધાતુઓ શરીરમાં હોવી અત્યંત જરૂરી છે. આપણી ચોક્કસ ધાતુઓ, શરીરના ચોક્કસ અવયવોના સ્વાસ્થ્ય પર નજર રાખતી હોય છે એટલે આ વીસે વીસ ધાતુઓનું સૂક્ષ્મ પ્રમાણ શરીરમાં જળવાઇ રહે એ જરૂરી છે.

આજે અત્રે સેલેનિયમ વિષે સવિશેષ વાત કરવાની છે, કારણકે આ ધાતુ વ્યવહારમાં, પૃથક્જનની નજરે ઝાઝી ચઢતી નથી પણ આધુનિક યુગમાં એનો અનેક રીતે ઉપયોગ થાય છે. દા. ત. ઇલેક્ટ્રોનિક ઉદ્યોગમાં તો સેલેનિયમ એક પાયાની ધાતુ છે. સૂર્યની શક્તિ ભેગી કરીને એને વીજળીમાં ફેરવી નાખવા માટેની જે સોલર સેલ્સ બનાવવામાં આવે છે તેમાં સેલેનિયમનો ઉપયોગ થાય છે. તદુપરાંત વિમાનો બનાવવા માટેની મિશ્ર ધાતુમાં પણ સેલેનિયમ વપરાય છે.

આ બધી ધાતુઓ માનવીને સૂક્ષ્મ પ્રમાણમાં જમીનમાં પાકતાં ધાન્યમાંથી અને પાણીમાંથી મળી રહે છે પણ કેટલીક જમીન એવી હોય છે કે જેમાં આ ધાતુઓનું પ્રમાણ પુરતું ન હોવાથી, એ જમીનમાં પાકતાં ધાન્યમાં પણ એનું પ્રમાણ ઓછું હોય છે અને આવા કિસ્સામાં માનવીઓને આવી ધાતુઓ બહારથી ઔષધરૂપે આપવી પડે છે.

નિકલ અને કોબાલ્ટ જેમ સાથે જ જમીનમાંથી નીકળે છે તેમ તાંબુ અને સેલેનિયમ પણ સાથે જ નીકળે છે. તાંબુ ગાળવાની ભઠ્ઠીઓમાં તાંબુ છૂટું પડ્યા પછી સેલેનિયમ એક આડ પેદાશ તરીકે બાકી રહી જાય છે. (સીસું અને ચાંદી એ પણ સામાન્યતઃ સંયુક્ત રીતે જ જમીનમાંથી બહાર નીકળે છે અને ચાંદી ગાળવાની ભઠ્ઠીમાં, જમીનમાંથી નીકળેલાં ખનીજમાંથી ચાંદી છૂટી પાડ્યા પછી સીસું આડપેદાશ તરીકે રહી જાય છે) ૧૯૫૭ સુધીનો સેલેનિયમ અને માનવીના સ્વાસ્થ્ય વચ્ચે કશો સીધો સંબંધ હોવાની વાત વિજ્ઞાનીઓ અને તબીબો જાણતા નહોતા, પણ એ વર્ષમાં થયેલાં સંશોધને, સેલેનિયમ તો કિડની હાર્ટ વગેરે જેવાં માનવીનાં અગત્યનાં આંતરિક અંગોની સાચવણી કરે છે એવું માલમ પડ્યું હતું. વળી એ પણ જણાયું હતું કે કેન્સરની ગાંઠનો વિકાસ અવરોધવામાં પણ સેલેનિયમ અગત્યનો ભાગ ભજવે છે. આ અંગે ઊંદરો પર થયેલા એક પ્રયોગની વાત રસિક છે.

હમણા જ, ઊંદરોના બે જૂથોમાં કેન્સરની ગાંઠનું આરોપણ કરવામાં આવ્યું હતું અને એ પછી એક જૂથને સેલેનિયમ ધાતુનો મોટો ડોઝ આપવામાં આવ્યો હતો. જ્યારે બીજા જૂથને એવો ડોઝ આપવામાં આવ્યો નહોતો. થોડા સમય પછી એ ઊંદરોની પરીક્ષા કરવામાં આવી તો જણાયું હતું કે સેલેનિયમ ધાતુનો મોટો ડોઝ જે ઊંદરોને આપવામાં આવ્યો હતો તેમના શરીરમાંની કેન્સરની ગાંઠ અદૃશ્ય થઇ ગઇ હતી, જ્યારે જેમને સેલેનિયમનો ડોઝ આપવામાં આવ્યો નહોતો તેમના શરીરમાંની કેન્સરની ગાંઠ ઘણી વધી ગઇ હતી.

આ પછી બીજી રીતે ઊંદરો પર પ્રયોગ કરવામાં આવ્યો હતો. કેન્સરની ગાંઠનું જેમનામાં આરોપણ કરવામાં આવ્યું હતું તેમને સેલેનિયમનો પહેલાં કરતાં નાનો ડોઝ આપવામાં આવ્યો હતો અને સમયાન્તરે એ ઊંદરોની પરીક્ષા કરવામાં આવી હતી તો જણાયું હતું કે મોટા ડોઝની અસરથી નવી કેન્સરની ગાંઠ પહેલાં પ્રયોગમાં અદૃશ્ય થઇ ગઇ હતી તેમ આ બીજા પ્રયોગમાં અદૃશ્ય તો નહોતી થઇ પણ એ ગાંઠનો ઝાઝો વિકાસ થયો નહોતો.

સેલેનિયમનો પ્રયોગ ઘેંટા, કુકડા વગેરે પ્રાણીઓ પર પણ કરવામાં આવ્યો હતો અને એ બધાં પ્રાણીઓ પર પણ સેલેનિયમની ઉપકારક અસર જણાઈ હતી.

ઉપર જણાવ્યું છે તેમ, વ્યક્તિના હાર્ટ ઉપર પણ સેલેનિયમ નજર રાખે છે અને ખાસ કરીને બાળકોને એક વિશિષ્ટ પ્રકારનો હૃદયનો રોગ થાય છે તે અંગે તો આ સેલેનિયમ ઘણું અસરકારક પુરવાર થયું છે. ચીની વિજ્ઞાનીઓએ જણાવ્યું છે કે ચીનમાં જે બાળકોને આ રોગ માલુમ પડ્યો હતો તેમને સેલેનિયમનો મોટો ડોઝ આપવાથી ઘણો ફાયદો જણાયો હતો.

આગળ જણાવ્યું છે તેમ ધાન્ય અને પાણીમાંથી માનવીને જોઇતી વિવિધ ધાતુઓનું સૂક્ષ્મ પ્રમાણ મળી રહે છે. આ પ્રમાણ જો માનવીના શરીરને ન મળે તો કોષોમાં મોલેકયુલ્સનાં સંયોજન અને વિભાજનની જે ક્રિયા થાય છે તે અને એન્ઝાઇમ્સના ઉપયોગની જે પ્રક્રિયા સતત થયા કરે છે તે ન થાય. આમ છતાં આ ધાતુઓનું પ્રમાણ જો વધી જાય તો તે પણ માનવીના શરીરને નુકસાન કરે અને આજકાલ તો ફેક્ટરીઓ, નદીઓ વગેરેમાં પાણી છોડતી હોવાથી એ ફેક્ટરીઓમાંની ધાતુઓ પાણીમાં વિવિધ ધાતુઓનું પ્રમાણ વધારી દે છે. પરિણામે, પ્રજાનું સ્વાસ્થ્ય જોખમાય છે.

આપણા શરીરમાં જાત જાતની ગ્રન્થિઓ હોય છે. એ બધી જ ગ્રન્થિઓમાંથી સ્રાવ થતો હોય છે. દા. ત. 'સ્વેટગ્લેન્ડ્ઝ' એટલે કે પ્રસ્વેદ ગ્રન્થિમાંથી જે સ્રાવ થાય છે તે પસીનો. આપણે આ સ્રાવ જોઇ શકીએ પણ બીજી કેટલીક એવી ગ્રન્થિઓ છે જે શરીરના ઢોઠ અંદરના ભાગમાં હોઇને એમાંથી જે સ્રાવ થાય છે તે આપણે જોઇ શકતા નથી છતાં આ સ્રાવ શરીરનાં સ્વસ્થ સંચાલન તથા ચયાપચયની પ્રક્રિયા માટે અત્યંત જરૂરનો છે. આ સદીની શરૂઆત સુધી તો આ સ્રાવની કોઇને ખબર નહોતી પણ હવે જણાયું છે કે આ સ્રાવ તે વિવિધ પ્રકારના હોરમોન્સ છે અને એ હોરમોન્સ માનવ શરીરના વિકાસ, પ્રજનન પ્રવૃત્તિ, ગર્ભાવસ્થા, પ્રસવ અને શરીરની વિવિધ પ્રકારની ચયાપચયની પ્રક્રિયાઓનુ નિયમન કરે છે. શરીરની અંદર હોરમોન્સનો સ્રાવ છોડતી ગ્રન્થિઓની સંખ્યા આઠની છે અને એને એન્ડોક્રીન ગ્લેન્ડ્ઝ-અંતઃસ્રાવી ગ્રન્થિઓ કહેવાય છે. આ બધી ગ્રન્થિઓના કાર્યમાં પણ ઉપર જણાવેલી વીસ જેટલા ધાતુઓમાંની કેટલીક હિસ્સો પુરાવે છે એટલે એ ધાતુઓની શરીરમાંની હાજરી કેટલી જરૂરી છે એ સ્પષ્ટ થાય છે. (આ આઠ ગ્રન્થિઓની વાત, વાચકો રસ બતાવશે તો કોઇક વાર કરીશ) શરીરમાંની એક અગત્યની ગ્રન્થિ છે થાઇરોઇડ ગ્લેન્ડ'. આ ગ્રન્થી ગળાની બન્ને બાજુએ આવેલી છે. અને આ ગ્રન્થી જો બરાબર કામ ન કરે તો માનવીને ગોઇટરનો રોગ થાય છે. આ રોગને ગંડમાળા કહેવામાં આવે છે. આ રોગમાં થાઇરોઇડની ગ્રન્થિ મોટી થઈ જાય છે. આવું થવાનું કારણ એ છે કે આયોડીન નામનું જે તત્ત્વ છે તે થાઇરોઇડ માટે ખૂબ જરૂરનું છે અને એ તત્ત્વ જો માનવ-શરીરમાં ઓછું જતું હોય તો એને ગોઇટર થાય છે. દરિયાના પાણીમાંથી નીકળતાં નમકમાં થોડું આયોડીન હોય જ છે એટલે એ મીઠું ખાનારને આયોડીન મળી રહે છે પણ ડુંગરાળ પ્રદેશમાં રહેતા માનવીઓને આયોડીન ઓછું મળતું હોય છે એટલે તેમને ગોઇટરનો રોગ વધારે થાય છે. થાઇરોડ ગ્રન્થિમાંથી જે બે હોરમોન ઉત્પન્ન થાય છે તેમાં આયોડીનના અણુઓ હોય છે અને આ હોરમોન શરીરનું ઉષ્ણતામાન સમતોલ રાખવામાં અને ચયાપચયની પ્રક્રિયામાં સહાયભૂત થાય છે. આ બે હોરમોન વધારેપડતા ઉત્પન્ન થાય તે પણ શરીરને માટે નુકસાનકર્તા છે. આ હોરમોનના વધારેપડતાં ઉત્પાદનને કારણે જે રોગ થાય છે તેને થાઇરોટોક્સીકોસીસ કહેવાય છે અને એને અંકુશમાં રાખવા જીવનભર દવા લેવી પડે છે.

આ ઉપરાંત સોડિયમ, પોટાશિયમ અને કેલ્શિયમ નામની જે ધાતુઓ છે તે પણ શરીરને માટે અત્યંત જરૂરની છે. કેલ્શિયમ તો હાડકાં માટે અને હૃદય માટે જરૂરનું છે, તો સોડિયમ અને પોટાશિયમ લોહી માટે જરૂરના છે. વધારે પડતું મીઠું ખાવાથી લોહીનું દબાણ વધે છે એ ખરું પણ મીઠું શરીરને માટે જરૂરી છે જ અને જેટલું જરૂરી છે તે આપણને કાચાં શાકભાજી અને ખુદ ઘઉંની રોટીમાંથી મળી રહે છે. આપણા શરીરમાં જે પ્રવાહીઓ છે-બોડીફ્લુઇડ્ઝ જે તેના કોષોમાં અંદર અને બહાર સોડિયમ અને પોટાશિયમ બન્ને હોય છે, અને કોષની અનુતત્વચા-મેમ્બ્રેઇન-આરપાર બન્ને તત્વોની કાયમી આવજા થતી રહે છે.

છેલ્લે વિહંગાવલોકન કરીએ તો એ સ્પષ્ટ થશે કે માનવી જેમ જાણીબુઝીને રોજ નમક ખાય છે તેમજ એ આરસેનિક જેવું ઝેર પણ ખાય છે પણ તે જાણી બૂઝીને નહિ! અને માણસના શરીરને આરસેનિક (સોમલ)ની પણ જરૂર છે એ તો સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રમાણ માપવાની કળા વિકસ્યા પછી, તાજેતરમાં જ માલમ પડ્યું છે. કોબાલ્ટ, તાંબુ, મોલિબ્ડેનમ વગેરે પણ એવાં જ સૂક્ષ્મ પ્રમાણમાં માનવીના સ્વાસ્થ્ય માટે જરૂરનાં છે. ફ્લોરફરસ પણ ફ્લોરફ્રેટના સ્વરૂપમાં જરૂરનો છે.

એટલે એમ જોઇએ તો, કુદરતનાં જે બધાં તત્વો છે – પાણી, પ્રકાશ, ધરતી, હવા – એ બધાંની સાથે માનવશરીરને તાદાત્મ્ય છે.

માનવશરીર પંચમહાભૂતનું બનેલું એવી જે આપણા પ્રાચીનોની કલ્પના છે તેમાં કાંઇ તથ્ય હતું એવું નથી લાગતું? પંચમહાભૂતમાં અગ્નિનો પણ સમાવેશ કરાયો છે. એ અગ્નિ જઠરાગ્નિ તો નહિ?

પર્યુષણ વ્યાખ્યાનમાળાના સંદર્ભમાં યોજાયેલું સ્નેહમિલન

□ સંકલન : શાન્તિલાલ ટી. શેઠ

પર્યુષણ વ્યાખ્યાનમાળાની સમાપ્તિ પછીનું સ્નેહમિલન આ વર્ષે શ્રી સી. એન. સંઘવીના નિમંત્રણથી, તેમના નિવાસસ્થાને તા. ૨૭-૮-૮૨ના રોજ રાખવામાં આવ્યું હતું. તેમાં સ્થાનિક વક્તાઓ, મેનેજિંગ કમિટિના સભ્યો, સંઘના શુભેચ્છકો તેમજ મિત્રોને નિમંત્રવામાં આવ્યા હતા. લગભગ ૧૪૦ વ્યક્તિઓથી હોલ ખીચોખીચ ભરાઇ ગયો હતો.

પ્રથમ શ્રી કોકીલાબેન વકાણીએ તેમના કોકિલકંઠ દ્વારા આગવી પદ્ધતિથી સુમધુર અને અર્થસભર એવી ચાર રચનાઓ રજુ કરીને શ્રોતાઓને ડોલાવ્યા હતા.

ત્યારબાદ સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે સૌને આવકાર આપ્યો હતો અને બોલતા જણાવ્યું કે આ વર્ષની વ્યાખ્યાનમાળા દરમિયાન ઘણા સુખદ અનુભવો થયા.

વ્યાખ્યાનમાળાને શ્રી સેવંતીલાલ કાન્તીલાલ ટ્રસ્ટ તરફથી રૂપિયા દોઢ લાખની માતબર રકમનું દાન મળ્યું. તે માટે આપણે તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. સંઘવતી હું તેમને મારાં હાર્દિક અભિનંદન આપું છું અને મારો હર્ષ વ્યક્ત કરું છું.

છેલ્લા બે દિવસ માટે કલોઝ સર્કીટ ટી. વી.નો પ્રયોગ કરવામાં આવ્યો તેને સારી સફળતા સાંપડી. શ્રોતાઓ ખૂબ જ પ્રભાવિત થયા.

આપણે ત્યાં જે નિર્ભયતા અને પ્રેમનું વાતાવરણ છે તે અનન્ય કોટીનું છે અને તેનો યશ આપણા સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહને ફાળે જાય છે.

વધુમાં તેમણે કહ્યું કે શ્રી સી. એન. સંઘવીના પ્રતાપી અને સફળ કાર્યનો હું સાક્ષી છું, તેમના વ્યક્તિત્વની તેજસ્વિતાના કેટલાક પાસાઓએ અમો મિત્રોને ખૂબ જ પ્રભાવિત કર્યા છે. આ તકે હું તેમનો આભાર માનું છું.

ડૉ. રમણલાલ શાહે વ્યાખ્યાનમાળાના આયોજન ઉપરાન્ત આ વખતે મોટી રકમનું દાન મેળવવામાં તથા કૉલેજ સર્કીટ ટી. વી. ની વ્યવસ્થા કરવામાં પણ અગ્રતમ ફાળો આપ્યો તે માટે હું તેમને અભિનંદુ છું.

શ્રી શૈલેશભાઇ ઝવેરી, જેમણે અંતરના ઉમળકાથી આ વખતની વ્યાખ્યાનમાળાના સમગ્ર ખર્ચ માટે આર્થિક પ્રદાન કર્યું તે માટે હું તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનવાની તક લઉં છું.

આ વ્યાખ્યાનમાળાથી આકર્ષાઇને આવતા વર્ષના ખર્ચ માટે શ્રી જગશીભાઇએ પણ વ્યાખ્યાનમાળા માટે સારી રકમ આપવાની તત્પરતા દાખવી છે, તેને માટે આપણે તેમને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

વ્યાખ્યાનમાળાના આ બન્ને દાતાઓ યુવાન વર્ગમાંથી આવે છે તે વિશેષ ગૌરવની વાત છે.

વ્યાખ્યાતાઓ અને વિષયોમાં હજુ પણ ઊંડાણ અને ગહરાઇ પ્રાપ્ત કરતા રહીએ. એવી ભાવના આ તકે વ્યક્ત કરૂં છું અને ડૉ. રમણભાઇ તેના માટે કમર કસે અને તેનો વ્યાપ અને વિસ્તાર વધારે એવી તેમને વિનંતિ કરૂં છું.

ત્યારબાદ કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી ગણપતભાઇ ઝવેરીએ રજૂઆત કરતા જણાવ્યું કે પર્યુષણ વ્યાખ્યાનમાળાના વક્તાઓ તથા તેમના વિષયોનું ધોરણ એકંદરે ઉચ્ચતર હતું. ભજનિક બહેનોએ પણ ખૂબ જ મધુર કંઠે ભજનો રજુ કર્યા. ભક્તિસંગીતનો શ્રી અનુપ જલોટાનો કાર્યક્રમ અત્યંત લોકપ્રિય નીવડ્યો. હંમેશની જેમ શ્રીમતી નીરુબહેન શાહ તથા ઉષાબહેન મહેતાએ સસ્મિત વદને ઝોળી દ્વારા પ્રેમળ જ્યોતિ માટે રૂા. ૧૫૦૦૭ જેટલી રકમ ભેગી કરી આપી એ માટે તે બન્ને બહેનો અભિનંદનને પાત્ર છે. મંત્રી શ્રી કે. પી. શાહ તથા સ્ટાફનાં અન્ય ભાઇબહેનોએ નિષ્ઠાપૂર્વક અને નિયમિતતાપૂર્વક જે સેવા આપી તે માટે તેઓને સૌને અભિનંદન આપું છું.

ડૉ. રમણલાલ શાહે અતિ શાન્ત અને ગંભીર રહી વિદ્વતાપૂર્વક પ્રમુખપદ શોભાવ્યું. વિવિધ વક્તાઓના પ્રવચનોના અંતની તેમની સમીક્ષા ટૂંકી છતાં પૂરક અને ઉપકારક બની રહી. શ્રોતાવર્ગની હાજરી નવેનવ દિવસ ચિક્કાર રહી. વરસાદ, શહેરમાં તોફાનો છતાં શ્રોતાજનોની શિસ્ત અને શાન્તિ અભૂતપૂર્વ હતી. આવા સુજ્ઞ શ્રોતાજનોને આપણે વંદન કરીએ. છેલ્લા બે દિવસ કૉલેજ સરકીટ ટી. વી. ની વ્યવસ્થા થવાથી છેલ્લા બે ત્રણ વર્ષથી અનુભવાતી એક ખામી નિવારી શકાઇ તેનો આપણને સૌને સંતોષ થયો.

છેલ્લે આજના આ આનંદમિલન માટેના યોજક અને યજમાન દંપતી શ્રીમતી હંસાબેન તથા શ્રી સી. એન. સંઘવીનો હૃદયપૂર્વક આભાર, કે જેમણે એમના આ પ્રાસાદ જેવા સુશોભિત અને વિશાળ ફ્લેટમાં આપણને આમંત્રણ આપી આપણો સત્કાર કર્યો.

આખું જગત પ્રેમમય છે અને વિશ્વ ભાવસભર છે. એને અનુરૂપ સંસ્કૃત સુભાષિતનો ભાવાર્થ નીચે મુજબ છે તે કહીને હું વિરમીશ.

'પરમાત્મા કાંઇ કાષ્ટમાં, પથ્થરમાં કે માટીની આકૃતિઓમાં વસતા નથી, પ્રભુ તો મનુષ્યોના 'ભાવ'ની અંદર વસેલા છે, માટે 'ભાવ' એ જ મુખ્ય વસ્તુ, કારણ કે સાધન છે.'–અસ્તુ.

ત્યાર બાદ સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય તેમજ અભ્યાસવર્તુળના કન્વીનર શ્રી સુબોધભાઇ એમ. શાહે આ પ્રસંગે પોતાનો આનંદ વ્યક્ત કરતા જણાવ્યું કે, જન્મભૂમિના એક તંત્રીલેખમાં શ્રી હરીન્દ્રભાઇએ મુંબઇ જૈન યુવક સંઘની આ વ્યાખ્યાનમાળાનો તથા સ્વ. પરમાનંદભાઇનો જે રીતે ઉલ્લેખ કરેલો તેથી હું ગૌરવ અનુભવું છું. કારણકે જે મૂલ્યો માટે આપણે વ્યાખ્યાનમાળા વરસોથી યોજીએ છીએ તે જ



ડાબેથી જમણે : પ્રો. તારાબહેન શાહ, શ્રી કાન્તિભાઈ – સેવન્તીલાલ કાન્તિલાલ ટ્રસ્ટના ટ્રસ્ટી, સંઘના મંત્રી શ્રી કે. પી. શાહ, વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડૉ. રમણલાલ સી. શાહ, સંઘના ઉપપ્રમુખ શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી, સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, યજમાન શ્રી. સી. એન. સંઘવી, ભ્યુબંડીવાળા પૂજ્ય ચુનિલાલજી મહારાજ.

મૂલ્યનું એક સ્વતંત્ર વિચારસરણીના પત્રકારે કરેલા સમર્થનદ્વારા ગુજરાતની સમગ્ર પ્રજાને સંદેશ પહોંચાડી શકાયો હતો. વ્યાખ્યાનમાળા ઉત્તરોત્તર વધુ ને વધુ સમૃદ્ધ બનતી જાય એવો અમારો સતત પ્રયત્ન હોય છે અને બધાં કાર્યકરોમાં સંઘભાવના હોવાને કારણે આ જવાબદારી આનંદપૂર્વક વહન કરી શકાય છે. ડો. રમણુલાલ શાહ વિષે બોલતાં તેમણે જણાવ્યું કે આ વરસે તો તેઓ સમગ્ર વ્યાખ્યાનમાળા પર છવાઈ ગયાં હોય તેમ લાગ્યું. એક તો પુણ્યશાળી આત્મા ને જસરેખા પાકી એટલે વ્યાખ્યાનમાળાનું આયોજન અને પ્રમુખસ્થાન શોભાવવા ઉપરાન્ત આટલું મોટું દાન તેમજ ટી. વી.ની વ્યવસ્થા વગેરે નાનાં મોટાં વ્યવસ્થાનાં પ્રશ્નો પણ તેમને હાથે ઉકલી શકયાં હતાં.

ત્યારબાદ સંઘના કોષાધ્યક્ષ શ્રી પ્રવીણચન્દ્ર કે. શાહે બોલતાં જણાવ્યું કે, સંઘની આ વ્યાખ્યાનમાળા ૪૮ વર્ષ પૂરાં કરે છે. એના ૫૦ વર્ષ પુરાં થાય ત્યારે તેની ભવ્ય ઉજવણી કરવી જોઇએ. તે આયોજન સુંદર અને વિશિષ્ટ પ્રકારનું બને તેના માટે શ્રોતાઓ તેમજ વકતાઓ પાસેથી સૂચનો માગવા જોઇએ, સમગ્ર ભારતભરમાં કદાચ આટલો લાંબાગાળો સુધી એકધારી રીતે, વ્યવસ્થિત રીતે ચાલતી હોય એવી આ એક જ વ્યાખ્યાનમાળા હશે એમ મારું માનવું છે. હા, યુનિવર્સિટીમાં મેમોરિયલ વ્યાખ્યાનો થતાં હોય છે તે કદાચ ઘણા વર્ષોથી ચાલતા હશે, પરંતુ એ વ્યાખ્યાનો મોટે ભાગે ઔપચારિક જ ગણાય. કારણ, તેમાં શ્રોતાઓની હાજરી કદાચ પચીશ-પચાસથી આગળ નહિ વધતી હોય! જ્યારે આજથી ૪૮ વર્ષ પહેલાં ફકત ૫૦ જ શ્રોતાઓની હાજરીથી શરૂ થયેલી વ્યાખ્યાનમાળામાં શ્રોતાઓની સંખ્યા ૨૫૦૦ થી ૩૦૦૦ સુધી પહોંચી છે અને અન્ય ધર્મીઓ પણ સાંભળવા આવે છે. આટલી મોટી હાજરી રહેતી હોવા છતાં પીનડ્રોપ સાયલન્સ જેવી સંપૂર્ણ શાન્તિ રહે છે. આ રીતે આ વ્યાખ્યાનમાળાએ શ્રોતાઓના દિલમાં અનોખું કહી શકાય એવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ વ્યાખ્યાનમાળાના શ્રોતાઓનો એવો ચોકકસ અભિપ્રાય જાણવા મળે છે કે, આ વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનો સાંભળવાથી ખોટે રસ્તે જનાર માણસને સાચો રાહ પ્રાપ્ત થાય છે અને માણસને તે સુસંસ્કારી, વિચારવંત અને વિનયી બનાવવામાં કારણભૂત બને છે- દિશાસૂચન કરે છે.

આ વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડો. રમણુલાલ વિષે ઘણું કહેવાઇ ગયું છે-તેમાં મારી સંમતિ છે, એટલે તેમાં નવો કોઇ ઉમેરો કરતો નથી, પરંતુ આ વ્યાખ્યાનમાળાના સંચાલન પાછળ એક અગોચર પ્રેરણા-વ્યકિતનું પીઠબળ કામ કરી રહેલ છે, જેમને આ તકે આપણે બીરદાવવા જોઇએ. તે છે ડો. રમણભાઇના પત્ની પ્રો. તારાબહેન. કારણ, કોઇપણ સામાજિક કે જાહેર કાર્યકર્તાને એની કાર્યની સફળતા માટે પત્નીનો સહકાર ખૂબ જ આવશ્યક બને છે. એટલા માટે આપણે ડો. રમણભાઇ સાથે પ્રો. તારાબહેનનો પણ આ તકે આભાર માનીએ. આપણી વ્યાખ્યાનમાળાએ મારા દિલમાં ખૂબ જ ઉંચી છાપ અંકિત કરી છે અને હું તેનાથી ખૂબ જ પ્રભાવિત છું.

ત્યારબાદ આ વખતની વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતા ડો. સુરેશ દલાલે બોલતા જણાવ્યું કે જેને સાચા અર્થમાં અપૂર્વ કહી શકાય એવી આ વ્યાખ્યાનમાળા છે. ખરી રીતે મોટા વિશેષણો વાપરવાની મને આદત નથી. મારું એક નમ્ર સૂચન છે કે વ્યાખ્યાનમાળા શરૂ થઇ ત્યારથી એટલે કે ૧૯૩૪ થી આજ સુધીના વકતાઓ અને તેમના વિષયોની વિગતોની સૂચિનો એક ગ્રંથ તૈયાર કરવો જોઇએ. તે અન્યો માટે ખૂબ જ ઉપયોગી બની રહેશે.

ડો. રમણભાઈ જેવા પ્રમુખ વ્યાખ્યાનમાળાને મળ્યા છે તેની પણ મહત્તા છે. મારા વિષે કહું તો એમ કહી શકાય કે આજે હું જે છું તે ડો. રમણલાલ શાહ અને સ્વ. મનસુખલાલ ઝવેરીને આભારી છે. આ વ્યાખ્યાનમાળા ઉત્તરોત્તર ખૂબ જ વિકાસ સાધે એવી મારી પ્રાર્થના છે.

બીજા વકતા શ્રી ક્રાન્તિભાઇ કાલાણીએ કહ્યું કે, આ વ્યાખ્યાનમાળાનું પચાસમું વર્ષ નજીક આવે છે ત્યારે આ વ્યાખ્યાનમાળા ભારતવ્યાપી બને એવું કંઇક આયોજન કરવું જોઇએ. મારું બીજું એવું સૂચન છે કે દર વર્ષે અઢાર વકતાઓમાંથી બે વકતાઓને પસંદ કરીને તેમનાં વ્યાખ્યાનો અગાઉથી લખાવીને તેને પુસ્તક આકારે પ્રગટ કરવા જોઇએ- આના માટે કોઇ દાતાએ આગળ આવવું જોઇએ. આ રીતે આવા સુંદર વ્યાખ્યાનોનો સંગ્રહ સચવાય. આ ઉપરાંત આગલા દિવસના દરેક પ્રવચનોનો સાર સાયકલોસ્ટાઇલ કરાવીને બીજે દિવસે શ્રોતાઓને મળે એવી પણ વ્યવસ્થા થાય તો તેની પણ ઉપયોગિતા રહેશે. મારા આ સૂચનોનો અમલ કરવામાં આવશે તો તેને હું એક ઇષ્ટ પગલું ગણીશ.

ત્રીજા વકતા શ્રી શશિકાન્ત મહેતાએ જણાવ્યું કે, આવી વ્યાખ્યાનમાળાઓ સાત્વિકતાનું વાતાવરણ ઉભું કરે છે. આવી વ્યાખ્યાનમાળાઓ અલગ અલગ શહેરોમાં ૫૦-૧૦૦ જગ્યાએ યોજવી જોઇએ અને તેમાં સંઘે મદદરૂપ બનવું જોઇએ. પર્યુષણ પર્વ એ જૈન ધર્મની આરાધનાના દિવસો છે, તો શકય હોય ત્યાં સુધી જૈન દર્શનને લગતા વિષયો પસંદ કરવામાં આવે તો ઘણા શ્રોતાઓને ધર્મવિષયક જ્ઞાન મળી શકે.

વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડો. રમણલાલ સી. શાહે બોલતા જણાવ્યું કે મારું સૂચન સ્વીકારીને આ વખતે મને ઋન્માનમાંથી મુકિત આપી તેથી મને ખૂબ જ આનંદ થયો છે.

આપ બધાની અને સંઘના અધિકારીઓની તેમજ પૂજ્ય કાકાની પ્રેમભરી લાગણીનો મને સતત અનુભવ થતો રહ્યો છે-મારા વિષે જે કહેવામાં આવ્યું તેમાં ઘણી અતિશ્યોકિત લાગે છે, પરંતુ જ્યારે મિત્ર, મિત્ર વિષે બોલે ત્યારે થોડી અતિશયોકિત થાય તે સ્વાભાવિક છે.

આપણે વ્યાખ્યાનમાળાના દાતાઓનો ખૂબ આભાર માનવો જોઇએ. વ્યાખ્યાનમાળાનો ખર્ચ દર વર્ષે વધતો રહ્યો છે અને એ પ્રકારના દાતાઓ પણ આપણને મળતા રહ્યા છે. સામાન્ય રીતે દાન આપવાની વૃત્તિ ક્રમે ક્રમે ઘટતી જતી હોય છે, તેમાં ન્યૂનતા આવતી હોય છે. ન્યૂનતાને માટે 'માર્કટવેન'નો તેમણે રમૂજી શૈલીમાં દાખલો આપતા જણાવ્યું કે સામાન્ય રીતે લાંબાગાળે દાનોમાં ન્યૂનતા આવે. તેને બદલે આપણે ત્યાં અધિકતા આવતી જાય છે. આ રીતે આપણને આ બાબત જુદો અનુભવ થયો છે આપણને વકતાઓ તો સારા મળે જ છે પરંતુ આવો શ્રોતાવર્ગ પણ ભાગ્યે જ કયાંય મળે. ચાલુ વરસાદે છત્રી ઓઢીને અને રેઇનકોટ પહેરીને ઉભા ઉભા વ્યાખ્યાનો સાંભળે એવા ઉચ્ચ કોટીના શ્રોતાઓ પણ આપણને પ્રાપ્ત થયા છે. આવા ઉચ્ચસ્તરના શ્રોતાઓને કારણે વધારે

સારા વક્તાઓ મેળવવાને લગતી આપણી જવાબદારી પણ વધતી જાય છે.

આનંદની વાત તો એ છે કે વ્યાખ્યાતાઓને પુરસ્કાર આપવાની કે તેમને વ્યાખ્યાનસ્થળે લાવવાની કોઇપણ જવાબદારી આપણા શીરે રહેતી નહિ હોવા છતાં દરેક વ્યાખ્યાન બરાબર તેના નિયત સમયે શરૂ થાય છે અને પુરું થાય છે. વક્તાઓનો આવો અદ્‌ભૂત કહી શકાય એવો આપણને સહકાર સાંપડતો રહ્યો છે.

વ્યાખ્યાન પછીના સમાપન માટે પણ હંમેશા હું સભાન રહેતો હોઉં છું.

આ રીતે આ સમગ્ર આયોજનમાં બધાનો પ્રેમભર્યો સહકાર મળે છે. બધા વ્યાખ્યાનો તાત્ત્વિક હોય છે. વ્યાખ્યાનોનું સત્ત્વ શ્રોતાઓના જીવનમાં અમુક અંશે ઉતરે તે આપણો અંતિમ આશય છે.

દરેક વર્ષે બે-પાંચ ટકા પણ આપણે આગળ વધીએ એવો પ્રયત્ન ને આશય છે. બાકી, વ્યાખ્યાનમાળા સમૃદ્ધ બનતી રહે તેમાં હું તો નિમિત્તમાત્ર છું, સહકાર માટે સૌનો હું આભારી છું.

અંતે સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે બોલતાં જણાવ્યું કે સંઘની વ્યાખ્યાનમાળા આ રીતે ઉત્તરોત્તર વિકાસ સાધી રહી છે એ મારો વિશેષ આનંદ છે.

સતત નવ દિવસ સુધી ખડે પગે ઉભા રહીને આ વ્યાખ્યાનમાળાને સફળ બનાવવા માટે મારા સહકાર્યકરો જે જહેમત ઉઠાવે છે તે માટે એ બધાનો હું આભાર માનું છું. આજે જે થોડા વક્તાઓ હાજર છે તેમનો પણ હું આભાર માનવાની તક લઉં છું. સૌથી વિશેષ આનંદ મને એ વાતનો છે કે નવા નવા લોકોનું આકર્ષણ આ વ્યાખ્યાનમાળા બની રહી છે.

આજના યજમાન શ્રી સી. એન. સંઘવી વિષે મારા મનમાં ઘણો જ આદર છે. તેમનામાં રહેલી વિનમ્રતાના કારણે મને વિશેષ આનંદ થાય છે. જૈન સોશ્યલ ગ્રુપોનો તેમની રાહબરી નીચે જે વિકાસ થયો અને વ્યાપ વધ્યો તેનાથી હું ખૂબ જ પ્રભાવિત થયો છું. તેમને હું અંતરના ધન્યવાદ આપું છું.

મારા જીવનઘડતર દરમિયાન હું હંમેશા ગાંધીજીનો વિચાર કરતો હોઉં છું. કરોડો લોકોનું એમના પ્રત્યે આકર્ષણ કેમ થયું? ભક્તિભાવ કેમ થયો? તેમની પોતાની એવી કોઇ વૃત્તિ ન હોવા છતાં? અને તેમને કેવા ધુરંધર કાર્યકરો મળ્યા! આનું મૂળ શોધતા મને માલુમ પડ્યું કે તેનું મૂળ હતું તેમની 'સત્યની આરાધના.'

તેમના પગ હંમેશા ધરતી પર મંડાયલા રહેતા. વાસ્તવિકતાને તેમણે કયારેય છોડી નહોતી. નમ્ર ભાવે કહું તો મારો પણ આ ભાવ રહ્યો છે-હું કયારેય અતિશયોક્તિ સહી શકતો નથી. આવી બાબતમાં હું તરત જ ખુલાસો કરતા જરા પણ સંકોચ અનુભવતો નથી.

આના દાખલા તરીકે ફાધર વાલેસના વ્યાખ્યાન-વિષય 'ઔપચારિકતા અને આત્મીયતા' વિષે પણ મારે ત્યાં જ ખુલાસો કરવો પડ્યો.

હમણા એક સૂચન કરવામાં આવ્યું કે 'જૈન દર્શનને લગતાં વિષયો પસંદ કરવા જોઇએ.' એના વિષે મારે કહેવાનું છે કે જે વિષયો પસંદ કરીએ છીએ એનો ભાવ જૈન ધર્મથી જરાય જુદો નથી હોતો. માનવધર્મ અને બધા જ ધર્મો પ્રત્યેનો સદ્‌ભાવ એ આપણો દૃષ્ટિકોણ છે. સ્થાપિત હિતોના પ્રચારનું આ પ્લેટફૉર્મ નથી. જીવનના સનાતન મૂલ્યોની પ્રતિષ્ઠા કરવા માટેનું આ પ્લેટફૉર્મ છે.

આપણો કુટુંબ-વિસ્તાર ખૂબ વધતો જાય છે તેનો મને આનંદ છે. આ જ્ઞાનગંગામાં સૌ પાવન થાય એવી મારી ભાવના છે.

ત્યાર બાદ યજમાન શ્રી સી. એન. સંઘવીએ બોલતા કહ્યું કે, સૌને હું 'મિચ્છા મિ દુક્કડમ' કરું છું. શ્રીમદે કહ્યો એવો અપૂર્વ અવસર કયારે આવશે તેની મને ખબર નથી, પરંતુ મારે ત્યાં આપ બધા પધાર્યા છો અને મને જે લાભ મળ્યો છે તેને, મારે માટે આજે દુર્લભ અવસર આવ્યો છે એમ હું ગણું છું અને આપ સૌનો આભાર માનું છું. મુરબ્બી શ્રી ચીમનભાઇની મારા પ્રત્યેની લાગણી અને પ્રેમ છે એ કારણે જ હું આ પ્રવૃત્તિમાં વધારે રસ લેતો થયો છું અને ખાસ કરીને ડૉ. રમણભાઇએ પ્રમુખસ્થાને બેસવાનું શરૂ કર્યું ત્યારથી હું વ્યાખ્યાનમાળામાં વધારે રસ લઉં છું.

આપ સર્વેનું એક વાત તરફ લક્ષ્ય દોરવાની રજા લઉં છું કે ૧૯૩૭માં વ્યાખ્યાનમાળા શરૂ કરવામાં આવી ત્યારથી આજે ૧૯૮૨નું વર્ષ ચાલે છે ત્યાં સુધીની દરેક વ્યાખ્યાનમાળામાં શ્રીયુત ચીમનલાલ ચકુભાઇ શાહે પોતાનું વ્યાખ્યાન આપ્યું છે. એક પણ વર્ષ ગુમાવ્યા સિવાય આટલા લાંબા કાળ સુધી વ્યાખ્યાન આપવાને લગતો ભારતનો જ નહિ પરંતુ કદાચ વિશ્વનો આ રેકૉર્ડ ગણાય. તેને માટે આપણે મુરબ્બીને વંદન કરીએ.

છે એક

છે એક. આમ તો સીધું સાદું, પણ નિજમાં અનંતતાને સમાવીને બેઠું છે. 'હું છું.' બોલો, કેટલું સાદું, ટૂંકું ને ટચ! પણ એ 'મારા હોવાની' ઘટનાનું પૃથક્કરણ તો કરી જૂઓ. કેટકેટલી જ્ઞાન-વિજ્ઞાનની શાખાઓને એ આવરી લે છે! આટલું બધું વૈવિધ્ય અને અનંતતા પોતાના ગર્ભમાં હોવા છતાં જે એક સ્વરૂપે વ્યક્ત થયું છે તે ખૂંચું કેમ રહી શકે? તેથીસ્તો એ પ્રતિક્ષણ સર્જનનો-આવિષ્કારનો-ખેલ ખેલ્યા કરે છે. એ લીલયા (લીલા વડે) એ એક ને બહુ થવું છે. એ અનંત, અખંડ સર્જનલીલા એ એનો Pastime છે. એટલે કે જાણે એ, એ લીલાવડે પોતાનો ખાલી સમય ભરી દે છે.

એ આંતરિક ઐક્ય પૂર્ણ છે. એ પૂર્ણતાને પણ પોતાના વિવિધ પણ પૂર્ણ સ્વરૂપો-છટાઓ છે. એ ભીતરી ઐક્યના પોતાના વિવિધ સ્વરૂપોની પૂર્ણતા કાવ્ય, ચિત્ર, સંગીત વગેરે સર્જન-માધ્યમોમાં ઝીલાય છે અને તેથી જ તેમાં અલૌકિક આનંદ આવે છે.

અનેકમાંના-'એક'ને પામવા માટે તે કોઈ એક સંવાદ (Harmony)માં ગુંથાઈ જવું જોઇએ. તેથી જ પ્રેમમાં ઐક્યને પામવા માટે બે મટીને એક થવું જ જોઇએ અને તે માટે પ્રેમમાત્ર પાસે કોઇ અપેક્ષા ન રખાય. સ્વને અનામત રાખીને એનો કોઇ 'વેપલો' ન મંડાય! એટલે પોતાની આહુતિ આપીને-પોતાને જ ઓગાળી નાખીને-સ્વને ભૂંસી નાખીને જ એ એક પમાય. પછી જે અભિનવ સ્વ તેમાંથી પ્રગટશે તે મૂળ ઓગળી ગયેલાં સ્વનું વ્યાપક રૂપાંતર હશે. પૂર્ણાત્ પૂર્ણ મદાચ્યતે-એ પૂર્ણના વિસર્જનમાંથી પ્રગટેલા નવા વ્યાપક વિભૂમય સ્વનું એ પૂર્ણ સ્વરૂપ હશે. અને આ એકની અભિવ્યક્તિ એ જ છે વ્યક્તિ અને સમષ્ટિનું ધ્યેય.

(ટાગોરના 'Creative unity'ના આધારે)

-ચીમનભાઇ દવે

ગાલિબની ફુલપાંખડી

□ હરીન્દ્ર દવે

દેખા અસદકો ખલ્વત–ઓ–જલ્વત મેં બારહા,
દીવાના ગર નહીં હૈ, તો હુશિયાર ભી નહીં.

ગાલિબ જુદી પંગતમાં બેઠો છે. દુનિયામાં તો સ્વસ્થ, હુશિયાર માણસો હોય છે; અથવા તો દીવાના માણસો હોય છે. પણ ગાલિબને મનના એકાંતે જુઓ કે મિત્રોની મહેફિલમાં; એ જો પાગલ ન હોય તો સ્વસ્થ પણ નથી લાગતો.

માણસો કાં એકાંતે ઓળખાઇ જાય; કાં મહેફિલમાં બોલે કે એની પ્રતિભા પ્રગટ થઇ જાય, પણ ગાલિબને સમજવાનું એટલું સહેલું નથી. ખલ્વત કે જલ્વતમાં એને વારંવાર જોયા પછી પણ એના માટે દીવાનો કે હુશિયાર બેમાંથી કોઇ વિશેષણ લાગુ પાડી શકાય એમ નથી.

દીવાનાની હરોળમાં ન બેસતો હોય, છતાં શાણાઓની પંગતમાં પણ જેને સ્થાન ન હોય એવા આ કવિને કયાં આસન આપીશું? એને હાફિઝ કે ખૈયામ સાથે જ બેસાડવો પડે.

'તોડ જૈઠે જબ કિ હમ જામો–સુબૂ ફિર હમકો કયા?
આસમાંસે બાદ–એ–ગુલફામ ગર બરસા કરે.'

આ શેર ગાલિબે મીર મેહદી હસન 'મજરૂહ' પર બીજી ડિસેમ્બર ૧૮૫૮ ના રોજ લખેલા એક પત્રમાં ટાંકયો છે, એ જોતાં એનો સંદર્ભ ૧૮૫૭ની ક્રાંતિ પછીની પરિસ્થિતિ સાથે જોડી શકાય. 'ગાલિબે' આ પત્રમાં લખ્યું છે :

'દિલ્હીનું અસ્તિત્વ કેટલીક પરિસ્થિતિઓ પર આધારિત હતું. કિલ્લો, ચાંદની ચોક, જુમ્મા મસ્જિદનો બજાર, જમનાના પૂલની સફર, વરસોવરસ મળતો ફૂલવાળાનો મેળો : આ પાંચે વાત આજે નથી, તો કહો, દિલ્હી કયાં રહ્યું? હા, કોઇ શહેર ભારત વર્ષની તવારીખમાં આ નામનું હતું.

ગવર્નરજનરલ ૧૫ ડિસેમ્બરે અહીં પ્રવેશ કરશે; જોઇએ, કયાં ઊતરે છે અને કેમ દરબાર ભરે છે?

તોડ બૈઠે જબ કિ હમ જામો સુબૂ ફિર હમકો કયા?
આસમાંસે બાદએ ગુલફામ ગર બરસા કરે.

તારે આવવું છે? આવ ભાઇ, જોનિસારખાંની છતરીની સડક તથા ખાનચન્દની ગલી જોઇ જા...ગાલિબના બુઝાયેલા દિલને જોઇ જા.'

આ શેરનો અર્થ સાદોસીધો છે: 'અમે તો અમારી સુરાહી તથા સુરાપાત્રને તોડી બેઠા છીએ. હવે અમારે શું? આકાશથી ભલેને પુષ્પવર્ષા સુરાનો વરસાદ વરસ્યા જ કરે...

આઝાદીના પાત્રને તોડી દેનારાની સ્થિતિ પણ આ બે પંક્તિઓમાં વાંચી શકાય.

થી ખબર ગર્મ કિ 'ગાલિબ' કે ઉડેંગે પુરઝે,
દેખને હમ ભી ગયે થે કિ તમાશા ન હુઆ.

ગાલિબના જીવનનો મુખ્તસર નકશો જોઇ જઇએ તો એમાં વિનોદ અને શાણપણના સંખ્યાબંધ પ્રસંગો મળે તો માનના અને માનહાનીના પણ પારાવાર પ્રસંગો મૂકી શકાય.

વાસ્તવમાં ગાલિબજીવનની આ બધી જ સ્થૂલ ઘટનાઓથી પર થઇ જીવતા હતા. એમની મનોસૃષ્ટિમાં જિવાતી વાસ્તવિકતાની બુલંદીમાંથી જ આ કાવ્યપંક્તિઓ પ્રગટી છે; 'અમે તો ગરમાગરમ ખબર સાંભળ્યા હતા કે ગાલિબની બદનામી થવાની છે–સૌ એના કુરચેકુરચા ઉડાવી દેવાના છે. એ જોવા હું પોતે પણ ગયો. પણ એ તમાશો જ ન થયો. એ ખેલ ન ભજવાયો.'

એ હકીકત છે કે 'ગાલિબ' ના સ્થૂલ જીવનમાં ઘણા તમાશાઓ થયા: એની માનહાનીના અવસરો પણ આવ્યા. પણ એના કાવ્યજીવનની ઉન્નતના કાંગરાની એક કણી પણ કોઇ ખેરવી શકયું નથી.

હું ગમીં–એ–નિશાતે તસવ્વુરસે નગ્માસંજ
મેં અંદલિબે–ગુલશને–ના આફરીદા હું.

ગાલિબે એક વાર 'પૂછતે હૈ વહ કિ ગાલિબ કૌન હૈ?' નો પ્રશ્ન અને એનો ઉત્તર આપવાની વિમાસણ રજૂ કરી હતી. અહીં હવે પોતે જ, પોતે કોણ છે એની વાત કહી છે.

'હું ભાવનાભૂતિની પ્રસન્નતાની ઉષ્માથી ગીતો ગાવાની પ્રેરણા પ્રાપ્ત કરું છું, જેનું નિર્માણ હજી થયું નથી એવા ઉપવનનું હું બુલબુલ છું.'

પ્રત્યેક સાચો સર્જક આ પરિસ્થિતિમાંથી પસાર થતો હોય છે. એ જે વાતાવરણનો ભાગ બનવા ઇચ્છતો હોય છે, એનું અસ્તિત્વ માત્ર એની ભાવસૃષ્ટિમાં જ હોય છે. વાસ્તવિક જગતમાં એની હયાતી ન જોતાં એ સંઘર્ષમાં મુકાયા છે.

નિર્માણ ન પામેલા ઉપવનનું બુલબુલ : હજી જે યુગ આવ્યો નથી એ યુગનો પ્રતિનિધિ.

કવિ હંમેશાં યુગથી બે ડગલાં આગળ ચાલે છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘદ્વારા શરૂ કરવામાં આવે છે–કેસેટ લાયબ્રેરી

★

આથી જણાવવામાં આવે છે કે ૧લી ઓકટોબરથી સંઘદ્વારા કેસેટોની લાયબ્રેરી શરૂ કરવામાં આવે છે. તેમાં, વ્યાખ્યાનમાળામાં વકતાઓએ આપેલા વકતવ્યોની તેમ જ પૂજ્ય મોરારીબાપુની કેસેટો મળશે.

દરેક કેસેટ દીઠ રૂપિયા પચાસ ડીપોઝીટ લેવામાં આવશે. ઘસારાના કારણે દરરોજનો એક રૂપિયો ચાર્જ લેવામાં આવશે. આ ચોજનાનો લાભ લેવા સહુને વિનંતિ છે.

બીજું, આપને ત્યાં જે વધારાની કેસેટો પડી હોય તે આપ સંઘને ભેટ પણ મોકલી શકો છો, જેથી અન્ય સભ્યોને તેનો લાભ મળે.

લિ. આપના
ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૭૨૫૬ : મુદ્રણસ્થાન : ધી રટલ્સ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઇ ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૧૧

મુંબઈ ૧-૧૦-૮૨ ઑક્ટોબર, ૧૯૮૨, શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ : પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ સહતંત્રી : રમણલાલ સી. શાહ

પ્રલોભનો અને સદાચાર

* ચીમનલાલ ચકુભાઈ શાહ

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૯-૮૨ના અંકમાં યશવંત દોશીએ એક લેખ લખ્યો છે, જેમાં એક વિવાદાસ્પદ પ્રશ્ન રજુ કર્યો છે. 'પ્રલોભનોથી દૂર રહેવું કે પ્રલોભનોની વચ્ચે જઈને લડવું?'

એમાં બે દાખલા આપ્યા છે :

ઘરના નોકરને (કદાચ ઘરના માણસોને પણ) પ્રલોભનોથી દૂર રાખવા કીંમતી વસ્તુઓ રઝળતી ન મૂકવી અને સાચવીને રાખવી. માણસનું મન એટલું ચંચળ છે કે પ્રામાણિક થવાની ઇચ્છા હોય તો પણ તક આવે ત્યારે, ક્યારે લપસી પડે એનું કાંઇ કહેવાય નહીં. તેથી વ્યાવહારિક બુદ્ધિએ એ માર્ગ હિતાવહ છે કે પ્રલોભનોથી દૂર રહેવું.

એમણે બીજો દાખલો 'બ્રહ્મચર્ય'નો-ગાંધીજી અને સ્થૂલિભદ્રનો આપ્યો છે. જૈનધર્મે બ્રહ્મચર્યના પાલન માટે નવ વાડ બાંધી છે કે જેથી તક મળતા માણસ પ્રલોભનને વશ ન થાય અને એવી તકથી દૂર રહે. દાખલા તરીકે પોતાની પત્ની સિવાય બીજી સ્ત્રી [સાથે એકાન્ત સેવવું એ એક મોટું પ્રલોભન છે.

પણ, ગાંધીજી અને સ્થૂલિભદ્ર એથી આગળ ગયા. ગાંધીજી વિષે લખ્યું છે કે આશ્રમવાસીના લગ્ન કરાવી આપે ત્યારે પણ અમુક સમય સુધી બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા લેવરાવે. જયપ્રકાશના પત્ની પ્રભાદેવીનો કિસ્સો જાણીતો છે. જયપ્રકાશજીની ગેરહાજરીમાં પ્રભાદેવી પાસે બ્રહ્મચર્યવ્રત અંગિકાર કરાવ્યું અને જયપ્રકાશજીએ તે પાળ્યું, પણ પોતાની જાત સાથે બહુ લડવું પડ્યું.

ગાંધીજી તો એથી પણ આગળ ગયા. ૩૬ વર્ષની ઉમ્મરે આજીવન બ્રહ્મચર્યવ્રત લીધું. પણ, ત્યાર પછી વિકારો સતાવતા રહ્યા. પ્રેમાકંટક સાથેના પત્રવ્યવહારમાં નિખાલસપણે તેનું આલેખન કર્યું છે. જીવનના અંત સમયે, પોતે સંપૂર્ણપણે નિર્વિકારી થયા છે એની ખાત્રી કરવા અતિ જોખમી પ્રયોગ કર્યો. એમના બધા જ સાથીઓ આવા પ્રયોગથી વિરુદ્ધ હતા. ગાંધીજીએ કહ્યું કે, પોતે આવો પ્રયોગ કરી રહ્યા છે એવું જાહેર નિવેદન કરવા તેઓ તૈયાર છે, અને તેમ કરતાં એમનું મહાત્માપણું જતું હોય તો તેની ચિન્તા નથી. સાથીઓએ એવું જાહેર નિવેદન કરતા રોકયા.

સ્થૂલિભદ્રનો કિસ્સો[1] પણ એવો જ છે. શ્રમણધર્મ અંગિકાર કર્યા પછી પોતાની પૂર્વજીવનની પ્રિયતમા કોશાને ત્યાં ચાતુર્માસ રહ્યા અને લેશપણ વિકારનો અનુભવ થયો નહિ.

માણસના મનની ચંચળતા જોતાં પ્રલોભનોથી દૂર રહેવું એમાં ડહાપણ છે. પણ, પ્રલોભનોથી દૂર રહેવાનો અભિગમ ભય ઉપર આધારિત છે. પોતાની જાતનો પૂરો વિશ્વાસ નથી અને નૈતિક બળ પણ નથી એટલે લપસી પડવાના ભયે દૂર રહે છે, પણ પોતાની કસોટી કરવી હોય તો પ્રલોભનોથી માત્ર દૂર રહી સદાચારી હોવાનો દાવો કરવો તેના કરતાં પોતાની કસોટી કરીને તેમાંથી પાર ઉતરવું એમાં નૈતિક બળ છે. અલબત્ત, આવો માર્ગ લેતાં પડવાનો ભય છે, પણ વ્યક્તિ જાગૃત હોય તો પડતાં આથડતાં પણ આ કસોટીમાંથી પાર ઉતરવું એ શ્રેષ્ઠ માર્ગ છે. કાંઠે ઉભો રહીને કોઇ માણસ એમ કહે કે હું ડૂબતો નથી, પણ પાણીમાં પડ્યા વિના એને તરતા આવડે છે કે નહિ એ કોણ કહી શકે?

વિનોબાજીએ એક જગ્યાએ કહ્યું છે કે 'હું આજીવન બ્રહ્મચારી છું એટલે મારા માટે બ્રહ્મચર્ય સહજ છે પણ ગૃહસ્થી માણસ બ્રહ્મચર્ય પાળે તેમાં વધારે ગૌરવ છે. શ્રાવકો ચોથા વ્રતની બાધા લે છે ત્યારે આવી કસોટીમાંથી પાર ઉતરવાનો કાંઇક પ્રયત્ન હોય છે. એમાં સદા જાગૃત રહેવું પડે અને માત્ર શારીરિક બ્રહ્મચર્ય નહિ પણ સર્વતોમુખી સંયમ ન હોય અને સ્વાદેન્દ્રિય ઉપર વિજય મેળવ્યો ન હોય તો એ બ્રહ્મચર્ય પણ ટકે નહિ.

પણ, પ્રલોભનોથી હંમેશાં દૂર રહેવાતું જ નથી. સંસારમાં મેલાં માણસને ડગલે ને પગલે પ્રલોભનો આવ્યા જ કરે છે. ચોરી ન કરવી, બ્રહ્મચર્ય વ્રત પાળવું એ જ માત્ર સદાચાર નથી. જીવનના બધા જ વ્યવહારમાં સદાચાર આવવો જોઈએ. તેમ કરવા જતાં ચારેતરફથી પ્રલોભનોથી વીંટળાયેલા જ છીએ અને સ્ખલન કયાં નહિ થાય એની પોતાને પણ ખબર હોતી નથી.

આ ચર્ચાને થોડીક વધારે તાત્ત્વિક ભૂમિકા ઉપર લઇ જવી જોઇએ. ભારત વર્ષના ત્રણે ધર્મો-વૈદિક, બૌધ્ધ અને જૈન-મોક્ષને જીવનનું અંતિમ લક્ષ્ય માને છે. મોક્ષ એટલે રાગદ્વેષથી સંપૂર્ણપણે મુકત થવું. સંસાર એટલે રાગદ્વેષનો સાગર. એટલા માટે મોક્ષપ્રાપ્તિની બે સ્પષ્ટ અને ભિન્ન વિચારધારાઓ

આપણી ભારતીય સંસ્કૃતિમાં પ્રવર્તે છે. શ્રમણસંસ્કૃતિની વિચારધારા મોટે ભાગે કહે છે કે સંસારનો ત્યાગ કર્યા વિના રાગદ્વેષથી મુક્ત થવાય જ નહિ. જ્યારે વૈદિક વિચારધારામાં જીવનના ચાર આશ્રમો છે, અને ક્રમિક વિકાસનો પ્રબંધ છે, અને જીવનના અન્ત ભાગે સન્યાસઆશ્રમ આવે છે. શ્રમણ સંસ્કૃતિ માને છે અને ખાસ કરીને જૈન ધર્મ કે અન્ત સમય સુધી રાહ જોવામાં બધું ય ગુમાવી બેસીએ, માટે શરૂઆતથી જ જેટલા બને તેટલા વહેલા એ માર્ગે જવું જોઇએ.

શ્રીમદ્ રાજચન્દ્રે વખતોવખત કહ્યું છે કે 'સર્વસંગપરિત્યાગ' એ જ મોક્ષનો માર્ગ છે–સર્વ સંબંધનું બંધન તિક્ષ્ણ છેદીને, એ માર્ગે જવાનું છે.

ગીતા, સમન્વયકારી ગ્રન્થ છે. એમાં અનાસક્તિયોગનો ઉપદેશ છે. એટલે કે સંસારમાં રહીને આસક્તિ તજવી અને રાગદ્વેષ રહિત થવું. નિયત કર્મ છોડી દેવાથી મુક્તિ મળે છે જ એમ નથી. માણસ હિમાલયની ગુફામાં જઇને બેસે તો પણ એનું મન એની સાથે જ હોય છે અને જ્યાં સુધી ચંચળતા ઉપર કાબુ ન મેળવ્યો હોય ત્યાં સુધી સંસારથી દૂર થવાથી જ રાગદ્વેષ જતા નથી. પણ, એ વાત પણ ખરી છે કે જેટલે દરજ્જે રાગદ્વેષના પ્રસંગોથી દૂર હોઇએ એટલે દરજ્જે મનની સ્થિરતા રહે છે. આ વસ્તુ જ જીવનની સમસ્યા છે. એનાથી દૂર જવાતું નથી અને દૂર ગયા વિના એ માર્ગે પ્રયાણ થતું નથી. જીવન, વિરોધીતત્ત્વોનો સમન્વય છે.

જ્યાં સ્વાર્થની પ્રવૃત્તિ છે ત્યાં તો રાગદ્વેષ છે જ, અને તેનો ત્યાગ કર્યા વિના રાગદ્વેષ જાય જ નહિ, એને ઓછા કરી શકાય. પણ પારમાર્થિક પ્રવૃત્તિ કરતા હોઇએ તેમાં પણ રાગદ્વેષ નથી હોતા એમ નથી. કદાચ વધારે સૂક્ષ્મ હોવાના કારણે વધારે મોહમાં ડૂબાડે છે.

જનક વિદેહીનો દાખલો આપવામાં આવે છે. પણ, શ્રીમદે સ્પષ્ટ કહ્યું છે કે એવી અવસ્થા શક્ય નથી.

શ્રીકૃષ્ણ સંપૂર્ણપણે અનાસક્ત હતા? અહીં, શ્રીકૃષ્ણનો પરમાત્મા તરીકે નહિ, પણ યુગપુરૂષ તરીકે હું વિચાર કરું છું. નિઃસ્વાર્થ જરૂર હતા, પોતાને કાંઇ જોઇતું નહોતું, પરંતુ એમ માનતા હતા કે પાંડવોને અન્યાય થાય છે–એમને ન્યાય મળવો જોઇએ. અને આર્યાવર્તમાં એ વખતે બીજા પણ જે આતતાયીઓ હતા એમનો વિનાશ કરવો જોઇએ. ગીતામાં, અનેક વિરોધીતત્વો સમયે સમયે ઉભેરવામાં આવ્યા છે. શ્રીકૃષ્ણનો અર્જુનને મુખ્ય ઉપદેશ-અર્જુનને એના ક્ષત્રિય ધર્મની યાદ દેવડાવવાનો હતો, જે એનો સ્વધર્મ હતો એમ લાગે. એટલે અનાસક્તિનો અર્થ નિઃસ્વાર્થપણે સ્વધર્મનું પાલન એમ કહેવાય. પણ, ગાંધીજીએ અનાસક્તિનો જુદો જ અર્થ કર્યો છે. સાધનશુદ્ધિ ન હોય ત્યાં અનાસક્તિ કે વીતરાગ દશા શક્ય નથી એમ ગાંધીજી દ્રઢપણે માનતા. શ્રીકૃષ્ણનો અહીં પણ યુગપુરૂષ તરીકે વિચાર કરતાં સાધનશુદ્ધિનો આગ્રહ રાખ્યો છે એવું નહિ કહી શકાય. કદાચ એ સમયમાં એ પ્રશ્ન પણ નહોતો. ગાંધીજીએ જ કહ્યું છે કે અહિંસા એ ગીતાનો પ્રતિપાદ્ય વિષય નથી.

ગાંધીજીનો સાધનશુદ્ધિ માટે આટલો આગ્રહ હોવા છતાં તેઓ સંપૂર્ણપણે રાગદ્વેષ રહિત રહી શકયા હતા? સુભાષ બોઝ, ગાંધીજીની મરજી વિરૂદ્ધ કોંગ્રેસના પ્રમુખ થયા, ગાંધીજીનો નિર્ણય હતો કે એ પદેથી એમને હટાવવા જ જોઇએ અને અહિંસક માર્ગે, એટલે કે કોંગ્રેસના બધા આગેવાનોના સંપૂર્ણ અસહકારથી. બોઝને રાજીનામું આપવાની ફરજ પડી. પાકિસ્તાનને પંચાવન કરોડ રૂપિયા આપવા એવો ગાંધીજીનો આગ્રહ હતો. સરદાર પટેલ વિરૂધ્ધ હતા, અને ઘણું મનદુઃખ થયું. ગાંધીજીને સરદાર પ્રત્યે જરાય અણગમો નહિ થયો હોય? જનરલ સ્મટસ, જનરલ ડાયર, વીરાવાળા કે ઝીણા પ્રત્યે નર્યો પ્રેમ જ હશે? ગાંધીજી કહેતા કે અન્યાયનો પ્રતીકાર કરવો, પરંતુ અન્યાયી પ્રત્યે પ્રેમ કરવો અને પોતે એમ કહેતા કે બ્રિટિશરો પ્રત્યે એમને પ્રેમ છે–તેમના મિત્ર છે. એમનો આગ્રહ હતો કે શુધ્ધ સત્યાગ્રહ મનમાં કોઇપણ પ્રકારના દ્વેષ વિના એ થવો જોઇએ. આ કેટલે દરજ્જે શક્ય છે?

પ્રલોભનો, સદાચાર માટે માણસની કસોટી છે. જેટલે દરજ્જે કસોટીમાંથી એ પાર ઉતરે એટલે દરજ્જે સાચા સદાચારનું આચરણ થાય છે.

ભાઇ યશવંત દોશીએ જે પ્રશ્ન રજુ કર્યો છે તે દરેક વ્યક્તિની ગંભીર વિચારણા માગે છે અને અંતે દરેક વ્યક્તિ પોતાની પ્રકૃતિ પ્રમાણે એનો નિર્ણય કરે છે. શ્રીમદ્ રાજચન્દ્રને સમાજકલ્યાણની કે પારમાર્થિક પ્રવૃત્તિમાં પડતા હું કલ્પી શકતો નથી. અંતરમાં દયા અને કરૂણા અપાર હતા પણ સર્વસંગ પરિત્યાગ એ જ એમનું ધ્યેય હતું.

ગાંધીજી સંસાર ત્યજી આત્મકલ્યાણમાં પડે એવું પણ હું કલ્પી શકતો નથી. એમની પ્રકૃતિ એ માર્ગે એમને જવા દે એમ નહોતી. ૨૩-૯-૮૨

સાભાર સ્વીકાર

(૫) **દેશના મહિમા દર્શન** (૬) **પર્વ મહિમા દર્શન** : પ્રવચનકાર પ. પૂ. આગમોદ્ધારક શાસન શાર્દૂલ આચાર્ય દેવેશ શ્રી આનંદસાગર સૂરિશ્વરજી મ. સા. પ્રેરણાદાતા : પ. પૂ. શ્રી દર્શનસાગરસૂરિશ્વરજી મ. સા. સંપાદક : પ. પૂ. શ્રી નિત્યોદય સાગરજી મ. સા. પ્ર. શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ ટે. અમરચંદ રતનચંદ ઝવેરી ૭૭ એ, વાલકેશ્વર રોડ, મુંબઇ–૬ કિ. દરેકની રૂા. ૨૫.

(૭) **૧૦૦ વર્ષ નીરોગી રહો** : લે. માણેકલાલ એમ. પટેલ પ્ર. સુંદરમ્ પબ્લિકેશન્સ અમદાવાદ–૨૧ કિ. રૂા. ૧૦.

(૮) **અમારા પપ્પા** : પ્ર. નલિની યજ્ઞેશ શુક્લ, એ૨/૮ બીમાનગર, સર એમ. પી. રોડ, અંધેરી (પૂર્વ) મુંબઇ–૬૯.

(૯) **ભારતીય ધર્મોમાં કર્મવાદ** : **સંકલનકાર** : મુનિ શ્રી કીર્તિચન્દ્રવિજયજી, પ્ર. ભારતીય પ્રાચ્યતત્ત્વ પ્રકાશન સમિતિ પિંડવાડા સિરોહી રોડ, રાજસ્થાન કિ. ૫૦ પૈસા.

(૧૦) **યોગક્ષેમ** લે. શશીકાન્ત મ. મહેતા પ્ર. અરુણા-બહેન જયસુખલાલ મહેતા ૩૬, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ મુંબઇ–૩ કિ. રૂા. ૩.

(૧૧) **શ્રી નવકાર મહામંત્ર** (૧૨) **શ્રી મોટી સાધુ વંદના** લે. રસિકલાલ શેઠ–પ્રાપ્તિ સ્થાન : વીરવાણી પ્રકાશન કેન્દ્ર C/o. નંદલાલ તારાચંદ વોરા, ૯૮, નેપીયન્સી રોડ, શાંતિનગર મુંબઇ–૬.

સુખનું મૂળ સમત્વ, દુઃખનું મૂળ મમત્વ

અગરચંદ નાહટા અનુ: ગુલાબ દેઢિયા

વિશ્વના બધા જીવો સુખની આકાંક્ષા રાખે છે અને એની પ્રાપ્તિ માટે નિરન્તર પ્રયત્નશીલ છે. પરંતુ હજાર પ્રયત્ન કરવા છતાં પણ તેઓ હમેશાં દુઃખની વિષમ જવાળામાં સંતપ્ત દેખાય છે, એમની અશાંતિ ઘટવાને બદલે વધતી રહે છે. એનું કારણ શું છે? વિચાર કરવાથી બે ત્રણ પ્રશ્નો આપણી સામે આવે છે. શું સુખ કોઇ વાસ્તવિક સત્ય નહિ પણ કલ્પના માત્ર છે? અથવા શું સુખના સાચા સ્વરૂપ અને માર્ગથી આપણે અપરિચિત છીએ? આપણે આપણા બુદ્ધિ અને શક્તિ અનુસાર પૂર્ણ પ્રયત્ન કરતાં રહીએ છતાં ઇચ્છિત પ્રાપ્ત કેમ નથી કરી શકતા?

પ્રાચીન સમયના ઋષિમુનિઓએ આનંદનો અનુભવ કર્યો છે. આજે પણ ઘણા જીવો એવા દેખાય છે, જેમના દર્શન, વચન, શ્રવણ અને સત્સંગથી પરમ શાંતિનું સુખ પ્રાપ્ત થાય છે. આ પરથી કહી શકાય કે સુખ એક વાસ્તવિક સત્ય છે. આપણા માર્ગ કે માન્યતામાં ભ્રાંતિ હોઇ શકે છે. ઘાણીના બળદની આંખે પાટો બાંધેલો હોવાથી ઘાણી આસપાસ આંટા મારી એ થાકી જાય છે ત્યારે વિચારે છે કે મેં ખૂબ પંથ કાપ્યો છે, પરંતુ પાટો છૂટતાં જ પોતાને ઘાણીને પાસે જોઇને એને વેદના થાય છે. બસ, આપણી દશા પણ એવી જ છે.

આપણી સુખોની કલ્પના ભ્રાંતિમૂલક છે, આપણી કલ્પનામાં સંગ્રહ અને ભોગ સુખનાં સાધન છે. નિરંતર આત્મચિંતન કરનાર યોગીઓ કહે છે, સુખ ભોગમાં નહિ, ત્યાગમાં છે. એક જીવ જેને સુખનું સાધન માને છે, તે બીજા માટે દુઃખપ્રદ બની શકે છે. ભિન્ન ભિન્ન વ્યક્તિઓની વાત જવા દઇએ તો એક જ વ્યક્તિને એક વસ્તુ જે એક સમયે આનંદપ્રદ લાગે છે તે કયારેક બીજા સમયે દુઃખદાયક લાગે છે. એક ખાદ્ય પદાર્થ નિરોગી અવસ્થામાં રુચિકર લાગે તે જ માંદગી વખતે અપ્રિય લાગે છે. પુત્રપ્રાપ્તિ સુખ મનાય છે પણ એ પુત્ર અવિનીત થાય તો દુઃખદ મનાય છે. આમ ઘણા ઉદાહરણોથી કહી શકાય કે, સુખ-દુઃખ બહારથી મળતી વસ્તુ નથી, પણ વ્યક્તિની માન્યતા અને વિચારો પર આધાર રાખે છે.

જેલયાત્રા નિંદનીય અને ભયપ્રદ સ્થાન મનાય છે, પણ આઝાદીની લડત વખતે કાનૂન, ભંગ કરી રાષ્ટ્રીય કાર્યકર્તાઓ જેલમાં જતા હતા ત્યારે એમનું માન વધી જતું હતું. જેલના દુઃખોને તેઓ હસતે મોઢે સહન કરી લેતા. યોગીઓ પણ કષ્ટોને આનંદથી ભોગવે છે. એને માટે દુઃખની લાગણી નથી અનુભવતા કે બેચેન થતા નથી.

હવે એ જોઇએ કે સુખ કોને કહે છે? દુઃખનું મૂળ કારણ શું છે? મહાન પુરુષોએ દુઃખના અભાવને સુખ માન્યું છે. એટલે કે, દુઃખના કારણને સમજી એનો 'અભાવ' કરી દેવો જરૂરી છે. આગમ-ગ્રંથો બતાવે છે કે દુઃખ મમત્વભાવથી થાય છે. જ્યાં મમત્વભાવ નથી ત્યાં દુઃખની અસર નથી થતી. વિશ્વમાં દરેક ક્ષણે અનન્ત જીવો જન્મે છે અને મરે છે. પરંતુ આપણને એનાથી કોઇ હર્ષ કે વિષાદની લાગણી નથી થતી. જ્યારે આપણા ઘરમાં બાળકના જન્મથી આનંદ અને કોઇ સ્વજનના મૃત્યુથી શોકની લાગણી અનુભવીએ છીએ. એનું કારણ સ્પષ્ટ છે કે, જેનાં પ્રતિ આપણે મમત્વભાવ કર્યો કે 'આ મારું છે,' એના સંયોગ-વિયોગથી સુખ-દુઃખના ભાવ ઉત્પન્ન થવાના જ. આપણે આપણી નજર સામે જ બીજા કોઇની એક વસ્તુને નાશ પામતી કે ખરાબ થતી જોઇએ છીએ ત્યારે વિચાર કરીએ છીએ, એમાં આપણને શું? પણ એ જ વસ્તુ આપણી હોય તો નાશ થવા દઇશું? નાશ કરનાર પ્રત્યે દ્વેષભાવ જાગશે જ.

મમત્વબુદ્ધિથી વસ્તુના સત્ય સ્વરૂપનું જ્ઞાન નથી થતું. જે વસ્તુ પ્રત્યે આપણને મોહ હોય, એના સંબંધ અને પરિણામ પર વિચાર કરીએ છીએ તો મમત્વ ઘટવા લાગે છે. જે શરીરને આપણું માનીએ છીએ, એને માટે અનેક પાપકર્મ કરીએ છીએ, એની રક્ષા અને સુંદરતા માટે ઘણો સમય ખર્ચીએ છીએ. પરંતુ એની અંતિમ અવસ્થા તો માંદગી, વૃદ્ધાવસ્થા અને ભસ્મિભૂત રાખનો વિચાર કરીએ તો મમત્વના બંધ ઢીલા પડે છે. એ જ રીતે કુટુંબ, પરિવાર પ્રત્યે જે સ્વાર્થમય સંબંધ છે, એના પરિણામનો વિચાર કરીએ તો, એને માટે કેટલી દોડાદોડ કરીએ છીએ. અન્યાયથી ધનોપાર્જન કરીએ છીએ છતાં કયાંક કસર રહી ગઈ તો કુટુંબમાં શત્રુભાવ આવી જાય છે, મૃત્યુ વખતે નથા કોઇનો સાથ મળતો. જે ધન, માલ મિલ્કત વગેરે મમત્વ વશ થઇ, અનેક પાપ કરી મેળવ્યાં છે તે અહીં જ પડી રહેશે. આત્મા એકલો આવ્યો અને એકલો જ જવાનો. કર્મ એને પોતાને જ ભોગવવાં પડે છે. દુઃખ, શોક કે કષ્ટમા કોઇ સહભાગી નથી થઇ શકતું. આ બધાં પરિણામો પર વિચાર કરવાથી વૈરાગ્યભાવ જાગે છે, મમત્વભાવ શમે છે.

ખરો આનંદ આત્મરમણામાં છે. કસ્તુરીમૃગની જેમ બહારની દોડાદોડ ઓછી થશે ત્યારે અજ્ઞાન અને દુઃખનાં કારણરૂપ મમત્વને છોડી દેવાથી સહજરીતે પરમાનંદની પ્રાપ્તિ થશે.

મમતાથી જીવ તૃષ્ણા, વાસના, કામના, આસક્તિ, ઇચ્છા અને લોભમાં રાચે છે. 'હું' અને 'મારું' છૂટશે ત્યારે આ બધા ભ્રમ પણ છૂટી જશે.

ચાહ ગઇ, ચિંતા ગઇ; મનવા બેપરવાહ,
જાહ આહ અરુ દાહ હૈ, છોડો મમતા ચાહ.

---

* ખલાસી *

'તજી દે, છોડી દે, તળડુબત નૌકા નવ બચે,
ખલાસીને તો હા! ખતમ થવું'તું ને ખતમ થ્યો.
ડુબે નૈયા, જીવે? નવ કદિ, ખલાસી નવિ જીવે.
અમે, સિંધુછોરુ, મરણજળમાં થાય મીનનું?
તજું નૈયા મૈયા? નવ કદિ બને લાલ જલના!
ભલી નૈયા મૈયા, જલમહીં અમારી અમરતા!

–ચંપકલાલ સંઘવી

ડાબેથી જમણે ; 'પ્રેમળ જ્યોતિ'ના કન્વીનર શ્રીમતી નીરુબહેન શાહ, શ્રી મંગસૂલીકર, શ્રી શીરાલી, કેપ્ટન શ્રી દેસાઈ સમારંભના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, મંત્રીશ્રી કે. પી. શાહ, બે મશીનના દાતા પી સી. એન. શંઘવી, અને 'પ્રેમળ જ્યોતિ'ના બીજા

★ કન્વીનર શ્રીમતી કમલબહેન પીસપાટી. ★

પ્રેમળ જ્યોતિદ્વારા ત્રણ અંધજનોને Super-Weld સીલીંગ મશીનોનું પ્રદાન :-

'પ્રેમળ જ્યોતિ' તથા બ્યૂરો ઓફ સેલ્ફ એમ્પલોયમેન્ટ ઓફ N. A. B. નાં સંયુક્ત ઉપક્રમે તા. ૫-૯-૮૨ ને રવિવારનાં રોજ સવારે ૧૦॥ વાગે નેબનાં કર્વીની કેપ્ટન હોલમાં એક કાર્યક્રમ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનાં પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે નેબના સેક્રેટરી જનરલ કેપ્ટન દેસાઇ તથા શ્રી સી. એન. સંઘવી પધાર્યા હતાં. જ્યારે ત્રીજા અતિથિ વિશેષ શ્રી શૈલેષ કોઠારી સંજોગવશાત્ આવી શકયાં ન હતાં. આ ઉપરાંત નેબના સેક્રેટરી શ્રી શીરાલી, મશીનોની ઉત્પાદક કંપની તરફથી શ્રી કામઠ પ્રેમળ જ્યોતિની કાર્યકર બહેનો-ભાઇઓ તથા અંધ શાળાનાં અનેક વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.

શરૂઆતમાં આ મશીનથી પ્લાસ્ટીકની બેગોનું સીલીંગ કેવી રીતે થાય છે તે પ્રમુખને તથા ઉપસ્થિત ભાઈ બહેનોને બતાવવામાં આવ્યું હતું તથા જે ત્રણ અંધ ભાઇ બહેનોને આ મશીનો આપવાનાં હતાં તેમની ઓળખ કરાવવામાં આવી હતી. સભાની શરૂઆતમાં પ્રેમળ જ્યોતિનાં કન્વીનર શ્રી નિરુબહેન શાહે પ્રાર્થના કરી હતી. શ્રી કે. પી. શાહે ત્યાર બાદ 'પ્રેમળ જ્યોતિ'નાં કાર્યનો ટૂંકો ખ્યાલ આપ્યો હતો. અતિથિવિશેષ શ્રી સી. એન. સંઘવીએ આવા ઊમદા કાર્યમાં પોતે ફાળો આપી શકયા તે માટે સંતોષ વ્યકત કર્યો હતો તથા ભવિષ્યમાં પ્રેમળ જ્યોતિનાં કાર્યકરોને જ્યારે પણ કાંઇ કામ પડે તો પોતાને યાદ કરવા જણાવ્યું હતું. કેપ્ટન દેસાઇએ પણ NABની સમગ્ર ભૂમિકા સમજાવી હતી તેમજ જે અંધજનોને મશીન આપવામાં આવે છે તેમને માટે ઓર્ડરો લાવી આપવાની મદદ કરવા પણ જરૂર પડશે એમ જણાવ્યું હતું. ત્યારબાદ શ્રી શીરાલી તેમ જ શ્રી કામઠે પણ પ્રસંગોચિત પ્રવચન કર્યાં હતા. પ્રમુખસ્થાનેથી શ્રી ચીમનભાઇએ બોલતાં જણાવ્યું હતું કે :

"શ્રી વિજય મરચન્ટના સમગ્ર કુટુંબીજનો તથા તેમના કાર્યપ્રદેશ સાથે મારે બહુ જૂનો સંબંધ છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઇતિહાસમાં વ્યાખ્યાનમાળાઓ, વાચનાલય-પુસ્તકાલય વિગેરે જ્ઞાનની પ્રવૃત્તિઓ ઉપરાન્ત માનવતા અને કરુણાની પ્રવૃત્તિઓનું ઉત્તમ પ્રકરણ 'પ્રેમળ જ્યોતિ' દ્વારા લખાઇ રહ્યું છે, તેનો મને સવિશેષ આનંદ છે અને હું આ પ્રસંગે શ્રીમતી નીરૂબહેન, શ્રીમતી કમલબહેન તથા અન્ય કાર્યકર બહેનોને હૃદયપૂર્વકના આશિર્વાદ આપું છું.

ત્યારબાદ ત્રણે અંધજનોએ પ્રમુખશ્રીને તથા અતિથિવિશેષોને ફૂલહાર અર્પણ કર્યાં હતાં.

સભાનું સંચાલન શ્રી મંગસુલીકરે કર્યું હતું તથા છેલ્લે તેમણે આભારવિધિ કર્યા બાદ ઠંડા પીણાંને ન્યાય આપી સૌ વિખરાયા હતાં.

સંકલન : સુબોધભાઇ એમ. શાહ

ગાંધીજીનું પ્રકટ ચિંતન

['સત્યના પ્રયોગો' 'ગાંધીજીનું નવજીવન' 'વ્યાપક ધર્મ' ભાવના' 'ધર્મ મંથન', 'ગાંધીજીનો અક્ષરદેહ' વગેરે પુસ્તકોમાં સચવાયેલા ગાંધીજીના વિચારવારસાનું સંકલન કરીને પ્રસાદી-રૂપ થોડાં વિચારો અત્રે આપ્યા છે.]

'મારી પ્રતિજ્ઞા એ માતાની સમક્ષ કરેલો એક કરાર હતો. દુનિયામાં ઘણા ઝઘડા કેવળ કરારના અર્થથી ઉત્પન્ન થાય છે. ગમે તેટલી સ્પષ્ટ ભાષામાં કરારનામું લખો તો પણ ભાષાશાસ્ત્રી કાગનો વાઘ કરી આપશે. આમાં સત્યાસત્યનો ભેદ નથી રહેતો. સ્વાર્થ સહુને આંધળાભીંત કરી મૂકે છે. રાજાથી માંડી રંક કરારોના પોતાને ઠીક લાગે તેવા અર્થ કરીને દુનિયાને, પોતાને અને પ્રભુને છેતરે છે. સુવર્ણ ન્યાય તો એ છે કે સામા પક્ષે આપણા બોલનો જે અર્થ માન્યો એ જ ખરો ગણાય; આપણા મનમાં હોય તે ખોટો અથવા અધૂરો અને એવો જ બીજો સુવર્ણ ન્યાય એ છે કે, જ્યાં બે અર્થ સંભવિત હોય ત્યાં નબળો પક્ષ જે અર્થ કરે તે ખરો માનવો જોઇએ.'

* * *

'જો મારે ફરી જન્મવાનું હોય તો મારો જન્મ અસ્પૃશ્ય તરીકે થવો જોઇએ, કે જેથી હું તેમનાં દુઃખો અને યાતનાઓમાં સહભાગી બની શકું અને મારી જાતને તે દયાજનક પરિસ્થિતિમાંથી મુક્ત કરવા માટે પુરુષાર્થ કરી શકું. આથી હું પ્રાર્થના કરું છું કે મારે ફરી જન્મવાનું હોય તો બ્રાહ્મણ, વૈશ્ય, શૂદ્ર તરીકે નહિ, પરંતુ અતિ શૂદ્ર તરીકે મારે જન્મવું જોઇએ.'

* * *

'ઉપવાસ દરમિયાન વિષય રોકવાની ને સ્વાદને જીતવાની સતત ભાવના હોય તો તેનું શુભ ફળ આવે. હેતુ વિના, મન વિના થયેલાં શારીરિક ઉપવાસનું સ્વતંત્ર પરિણામ વિષય રોકવામાં નીપજશે એમ માનવું કેવળ ભૂલભરેલું છે.'

* * *

'જેઓ રેંટિયા વડે જેમ તેમ સૂતર કાંતી, ખાદી પહેરી–પહેરાવી સ્વદેશી ધર્મનું પૂર્ણ પાલન થયું માની બેસે છે, તેઓ મહા મોહમાં ડૂબેલાં છે. ખાદી એ સામાજિક સ્વદેશીનું પ્રથમ પગથિયું છે. એ સ્વદેશી ધર્મની પરિસીમા નથી. એવા ખાદીધારી જોયા છે, જેઓ બીજું બધું પરદેશી વસાવી રહ્યા છે. તેઓ સ્વદેશીનું પાલન નથી કરતા. ભલે સ્વદેશી વસ્તુ મોંઘી ને ઊતરતી હોય, તેને સુધારવાનો પ્રયત્ન વ્રતધારી કરશે. કાયર થઇને સ્વદેશી ખરાબ છે તેથી પરદેશી વાપરવા નહિ મંડી જાય. જે વસ્તુ સ્વદેશમાં ન બને અથવા મહાકષ્ટથી જ બની શકે તે પરદેશના દ્વેષને લીધે પોતાના દેશમાં બનાવવા બેસી જાય તેમાં સ્વદેશી ધર્મ પાળનાર પરદેશીનો કદી દ્વેષ કરશે જ નહિ. પૂર્ણ સ્વદેશીમાં કોઇનો દ્વેષ નથી. એ સાંકડો ધર્મ નથી; એ પ્રેમમાંથી–અહિંસામાંથી ઉત્પન્ન થયેલો સુંદર ધર્મ છે.'

* * *

'મારે મન બેઠાના જીવની કિંમત મનુષ્યના જીવના કરતાં ઓછી નથી. મનુષ્યદેહને નિભાવવા હું બેઠાનો દેહ લેવા તૈયાર ન થાઉં. જેમ વધારે અપંગ જીવ તેમ તેને મનુષ્યના ઘાતકીપણાથી બચવા મનુષ્યના આશ્રયનો વધારે અધિકાર છે એમ હું માનું છું. પણ તેવી યોગ્યતા વિના મનુષ્ય આશ્રય આપવા પણ અસમર્થ છે.

* * *

'અત્યારે તો ધર્મના નામે આપણે અધર્મ આચરીએ છીએ, સત્યને નામે પાખંડ પોષીએ છીએ, અને જ્ઞાની હોવાનો ડોળ કરીને અનેક પ્રકારની પૂજા ચોરી લઇ પોતે અધોગતિ પામીએ છીએ અને બીજાને સાથે ઘસડીએ છીએ. એવે સમયે કોઇને પણ ગુરુ કરવાની ચોખ્ખી ના પાડવાનો જ ધર્મ પ્રાપ્ત થાય છે. સાચો ગુરુ ન મળે તેથી માટીનું પૂતળું બેસાડીને તેને ગુરુ બનાવવામાં બેવડું પાપ છે. પણ સાચો ગુરુ ન મળે ત્યાં લગી 'નેતિ' 'નેતિ' કહેવામાં પુણ્ય છે, એટલું જ નહિ પણ તેથી કોઇક દહાડો સાચો ગુરુ મળવાનો પ્રસંગ પણ આવે.'

* * *

'ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ, પણ સત્યનો જય થાઓ. અલ્પાત્માને માપવાને સારુ સત્યનો ગજ કદી ટૂંકો ન બનો..'

* * *

'હું 'મહાત્મા' ગણાઉં તેથી મારું વચન સાચું જ એમ માની કોઇ ન વર્તે. 'મહાત્મા' કોણ તે આપણે જાણતા નથી. સારો માર્ગ એ છે કે 'મહાત્મા'ના વચનને પણ બુદ્ધિની કસોટીએ ચડાવવું ને તેમાં કસ ન ઊતરે તો તે વચનનો ત્યાગ કરવો.'

* * *

'આ માર્ગ (સત્યનો) જો કે ખાંડાની ધારે ચાલવા જેવો છે છતાં મને તે સહેલમાં સહેલો લાગ્યો છે...સત્યની શોધનાં સાધનો જેટલાં કઠિન છે તેટલાં જ સહેલાં છે. એ અભિમાનીને અશક્ય લાગે અને એક નિર્દોષ બાળકને તદ્દન સંભવિત લાગે. સત્યના શોધકને રજકણથી પણ નીચે રહેવું પડે છે. જગત આખું રજકણને કચડે છે, પણ સત્યનો પૂજારી તો રજકણ સુદ્ધાં તેને કચડી શકે એવો અલ્પ ન બને ત્યાં સુધી તેને સ્વતંત્ર સત્યની ઝાંખી પણ દુર્લભ છે.'

* * *

'જે દયાધર્મને પોતાના જીવનમાં પ્રધાનપદ આપે છે, જેણે બ્રહ્મચર્યનું પાલન કરીને પોતાની ઇંદ્રિયો પર કાબૂ મેળવ્યો છે, જેણે નથી પોતાના હાથ પગ મેલા કર્યા કે નથી પોતાના મનને મેલું કર્યું, જેણે અસ્તેય વ્રતને પાળ્યું છે, જેણે અનેક પ્રકારના લોચા ભેગા કરીને પરિગ્રહ નથી કર્યો તે જ કહી શકે કે મારા અંતરનો આ અવાજ છે.'

* * *

'સાચામાં સાચી વસ્તુઓ પણ સાપેક્ષ અથવા બીજાઓના પ્રમાણમાં જ સાચી હોય છે. સંપૂર્ણ અને શુદ્ધ સત્ય તો કેવળ ઈશ્વરને વિષે જ હોઇ શકે. મારે સારુ મેં જે અવાજ સાંભળ્યો તે મારી પોતાની હસ્તી કરતાં પણ મને વધારે સાચો લાગ્યો છે.'

* * *

'વ્યક્તિઓના ખાનગી જીવનની જાહેર પ્રવૃત્તિઓ પર અસર થતી નથી એમ મેં કદી પણ માન્યું નથી. આમ માણ ખાનગી જીવન અનીતિમય હોય અને હું અસરકારક પ્રજાસેવક બની શકું એમ હું માનતો નથી. જાહેર અને ખાનગી આચરણ વચ્ચે મેળ ન હોવાને કારણે દુનિયામાં ઘણી આફતો પેદા થાય છે એમ હું માનું છું.'

* * *

'શુધ્ધ થવું એટલે મનથી, વચનથી ને કાયાથી નિર્વિકાર થવું. રાગદ્વેષાદિ રહિત થવું. એ નિર્વિકારતાને પહોંચવાને પ્રતિક્ષણ મથતા છતાં પહોંચ્યો નથી. તેથી લોકોની સ્તુતિ મને ભોળવી શકતી નથી. એ સ્તુતિ ઘણી વેળા ડંખે છે. મનના વિકારોને જીતવા એ જગતને શસ્ત્રયુદ્ધથી જીતવા કરતાં મને કઠિન લાગે છે.'

* * *

'હિન્દુ ધર્મની પ્રધાન વસ્તુ નિરાળી જ છે: તે ગોરક્ષા. ગોરક્ષા એ મનુષ્યના આખા વિકાસક્રમમાં મને સૌથી અલૌકિક વસ્તુરૂપે ભાસી છે. ગાયનો અર્થ હું માણસની નીચેની આખી મૂંગી દુનિયા એવો કરું છું. ગાયને બહાને એ તત્ત્વ દ્વારા માણસને આખી ચેતન સૃષ્ટિ જોડે આત્મીયતાનો અનુભવ કરાવવાનો એમાં પ્રયત્ન છે. આવો દેવભાવ ગાયને જ કેમ આપવામાં આવ્યો હશે એ પણ મને તો સ્પષ્ટ છે. ગાય જ હિન્દુસ્તાનમાં માણસનો સાચો સાથી–સૌથી મોટો આધાર–છે–.'

* * *

'મારા પ્રયોગોમાં તો આધ્યાત્મિક એટલે નૈતિક; ધર્મ એટલે નીતિ; આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ... વિજ્ઞાન શાસ્ત્રી જેમ પોતાના પ્રયોગો અતિશય નિયમસર, વિચારપૂર્વક અને ઝીણવટથી કરે છે, છતાં તેમાંથી નિપજાવેલાં પરિણામોને તે છેવટનાં ગણાવતો નથી, અથવા તો એ એના સાચાં જ પરિણામ છે એ વિષે પણ સાશંક નહીં તો તટસ્થ રહે છે, તેવો જ મારા પ્રયોગોને વિષે દાવો છે. મેં ખૂબ આત્મ–નિરીક્ષણ કર્યું છે, એકેએક ભાવને તપાસ્યો છે, તેનું પૃથક્કરણ કર્યું છે. પણ તેમાંથી નીપજેલાં પરિણામ એ જ સૌને સારુ છેવટનાં જ છે, એ ખરાં છે અથવા એ જ ખરાં છે એવો દાવો હું કોઇ દિવસ કરવા ઇચ્છતો નથી.'

* * *

'અસ્પૃશ્યતાની ઉત્પત્તિ કોઇ કળી શકે તેમ નથી. મેં અનુમાનો જ કર્યાં છે તે ખોટાં હોય કે ખરાં, પણ અસ્પૃશ્યતા અધર્મ છે એમ તો આખેઆખે જોઇ શકે એમ છે. માત્ર ઘણા કાળનો અભ્યાસ જેમ આપણને આત્મા ઓળખવા નથી દેતો તે જ રીતે ઘણા કાળનો અભ્યાસ આપણને અસ્પૃશ્યતામાં રહેલો અધર્મ પણ જોવા નથી દેતો. કોઇને પણ પેટે ચલાવવા, નોખા રાખવા, ગામ બહાર કાઢવા, તે મરે કે જીવે તેની દરકાર ન રાખવી. તેને એંઠું ભોજન દેવું એ બધું ધર્મ હોય જ નહીં.'

'અનેકાન્ત' વિશે

કીર્તિભાઇ માણેકલાલ

તંત્રીશ્રી,

પ્રબુદ્ધ જીવન

આપના ૧૬ જુલાઈ ૮૨ના અંકમાં 'ભગવાન મહાવીરની અનેકાંત–દૃષ્ટિ' ના મથાળા નીચે શ્રી ગુલાબ દેઢિયા અનુવાદિત ડૉ. નિજામઉદ્દીનનો લેખ વાંચી નીચેની બાબતો પર આપનું ધ્યાન ખેંચવાની રજા લઉં છું:

(૧) બીજા પેરાના અંતે લખ્યું છે: 'મધ્યસ્થભાવ, સમતા અથવા સર્વધર્મસમભાવ અનેકાંતવાદ છે.

અનેકાંત કદાપી સર્વધર્મ પ્રતિ સમભાવ એટલે કે સરખાપણાનો ભાવ રાખવાનું કહેતો નથી. ભિન્ન ભિન્ન મત, પંથ, સંપ્રદાયાદિ પ્રતિ સહિષ્ણુતા રાખવી તેવો ઉપદેશ હોઇ શકે, પરંતુ અનેકાંત દર્શન પર રચાયેલ ધર્મને એકાંતવાદ પર રચાયેલા ધર્મોની સમાન ગણવો તેને મધ્યસ્થભાવ ન કહેવાય. ગોળ અને ખોળ, કાચ અને મણિમાં ભેદ ન જોવાની માફક અનેકાંત અને એકાંતવાદી ધર્મોમાં અભેદ જોવો અર્થાત્ બેઉ પ્રતિ સમભાવ રાખવો તે સ્યાદ્વાદ નથી. અનેકાંત અને એકાંતને પ્રકાશ અને અંધકારની જેમ પરસ્પર અત્યંત વિરોધ છે. વિધિનિષેધો કે બાહ્ય આચારની કેટલીક સમાનતાને જોઇને સર્વધર્મો સરખા છે યા એકરૂપ છે તેમ સ્યાદ્વાદી કદાપી કહેતો નથી. સર્વ ધર્મોમાં આચારો કે વિધિનિષેધોની જેમ કેટલીક સમાનતા દેખાય છે તેમ અસમાનતાપણા પારવિનાની છે. એટલું જ નહિ, એકાંતવાદી અને અનેકાંતવાદી દર્શનોમાં જીવાજીવાદિક તત્ત્વવિષયક વિવેચનો વચ્ચે પણ અંતર છે. આમ છે તો પછી સર્વધર્મ પ્રતિ સમભાવ અર્થાત સમાનતાનો ભાવ કેમ ઘટે? સહાનુભૂતિ સહિષ્ણુતાનો ભાવ રાખવો તે બીજી વાત છે અને સમભાવ રાખવો એટલે કે બધા જ ધર્મો બધી રીતે સમાન અને સરખા છે એવો ભાવ રાખવો તે જુદી વાત છે. સર્વધર્મોમાં ભેદ ન જોવો અને સર્વ ધર્મો સારા છે, એકસરખા છે તેને શ્રી જિનદર્શનમાં અનાભિગ્રાહિક મિથ્યાત્વ કહ્યું છે. અનેકાંત સમ્યગ્વાદ છે, મિથ્યાત્ત્વવાદ નથી. સ્યાદ્વાદી અનેકાંતદર્શનનો સર્વધર્મ સમન્વયવાદ કે સર્વધર્મ તુલનાવાદ જુદો જ છે. તે સત્યને સત્યરૂપે અને અસત્યને અસત્યરૂપે ઓળખી અસત્યનો પરિહાર અને સત્યનો સ્વીકાર કરવામાં રહેલો છે. અસત્યનો ખોટો પક્ષ ન કરવો અને સત્યનો ખોટો દ્વેષ ન કરવો તે સાચી મધ્યસ્થતા છે. સત્ય અને અસત્યમાં કંઈ ભેદ જ ન માનવો અર્થાત બેઉ પ્રતિ સમભાવ રાખવો તે મધ્યસ્થતા નહિ પરંતુ મૂઢતા છે.

સમતા અને અનેકાંતવાદ એક નથી. સમતા આચારતત્ત્વ છે. અનેકાંતવાદ વિચાર તત્ત્વ છે. ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ મનને સમતોલ રાખવું તે સમતા છે.

(૨) ચોથા પેરામાં અનેકાંતનો શબ્દાર્થ કર્યો તે બરોબર છે, પરંતુ અનેકાંતના લક્ષ્યાર્થમાં એક મૌલિક ભેદ છે તે ઘણા વિદ્વાનોની દૃષ્ટિ બહાર રહી જાય છે. 'વસ્તુ અનેક–ધર્માત્મક છે' તે માન્યતા માત્રથી જૈન દર્શન અનેકાંતવાદી નથી. સાંખ્યદર્શન પ્રકૃતિને સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ ત્રણેની

"પ્રજ્ઞા ભવનનો વધારો"

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

[અભ્યાસ વર્તુળ]

૩૮૫, સરદાર વ.પા.રોડ, પ્રાર્થના સમાજ, મુંબઈ, ૪૦૦૦૦૪

મિત્રો,

લગભગ ૧૯૭૭માં કરોડરા આવ્યા તે અરસામાં યાપણા સંઘ તરફથી "અભ્યાસ વર્તુળ"- Study circle-નામની એક પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી હતી. શરૂમાં યાપણે સભ્યો નોંધવાનું રાખેલું તથા ફીઝ ફી પણ રાખેલી, પરંતુ ફીઝ સમય જાદ આપણે શ્રી "અભ્યાસ વર્તુળ" સંઘના નામે સભ્યો તથા 'પ્રજ્ઞા ભવન'નાં ખાસ્રો માટે ખુલ્લુ મૂકવું પડ્યું.

પાંચ વરસના ગાળામાં આપણે ઉપર ત્રિરંગી યોજી હતી, જેમાં અધ્યાત્મ, સ્વાસ્થ્ય, પ્રવાસ, સાહિત્ય, રાજકારણ, અર્થ-કારણ, સર્વોદય ઇત્યાદિ વિષયોની આવશ્ય લેતાં પ્રથમનો માટે, મુ.શ્રી ચમનલાલ ચકુભાઈ શાહ, શ્રી ઇશ્વરભાઈ દવે, ડૉ. સુરેશ દલાલ, શ્રી વાડીલાલ ડગલી, શ્રી ચુનીલાલજી મડીયા, શ્રી મનુભાઈ મહેતા, ડૉ. ચી.મ.કોમ. ભણગારા, પ્રો. જયકુલરાવજી તથા છેલ્લે શ્રી નારાયણ દેસાઈ જેવાં વક્તાઓને આમંત્રવા હતા.

શરૂઆતમાં આ પ્રવચનો માટેનાં કાર્ડ છપાવીને જુદાં સભ્યોને પોસ્ટ કરતાં હતાં, પણ પછીથી છપાઈ-પોસ્ટેજનો ખર્ચ વધવા લાગ્યો એટલે અલગ કાર્ડ છપાવીને મોકલવાને બદલે માત્ર 'પ્રજ્ઞા ભવન'માં કાર્યક્રમની જાહેરાત કરવા ઉપરાંત સ્થાનિક વર્તમાનપત્રોમાં- જાહેરાત આપીને સંતોષ માનવા માંડ્યો. તોપણ પ્રવચનો પણ દરેક મહિનાનાં જાણે એની ચોક્કસ વારમાં જ યોજવાનો પ્રયત્ન કરી કીધો, કે જેથી સુધીમાં 'પ્રજ્ઞા ભવન' પણ જુદાંને બરાબર ગયું હોય. પરંતુ રમણીક ટપાલની ગલાપરાની અનિયમિતતા, પ્રજ્ઞા ભવન છપાઈનો પ્રગટ થવામાં થતા અનિવાર્ય મુશ્કેલીઓ ઉપરાંત ટપાલનાં દરમાં ઘણા વધારો લાવીને મરણો સંઘના જુદાં પડ્યો, સભ્યો, લાઈફ-મેમ્બરોનો આમંત્રણ મોકલવાનું એ શક્ય રહ્યું નહિ.

આ સંજોગોના કારણે અભ્યાસવર્તુળમાં રસ ધરાવનારાં અને નિયમિત લાજરા આપનારાં મિત્રોનું એક જુદું મેઇલીંગ લીસ્ટ બનાવવાનું જરૂરી થયું છે. આ સાથે એક બાનાકું ફીર્મ છપાવીને મોકલ્યું છે. તેમાં નામ-સરનામું - ફોન નંબર વગેરે કાળજી પાછું મોકલી આપવા વિનંતી છે, જેથી અભ્યાસ-વર્તુળમાં કાર્યક્રમોના દરેક જાહેરાત આપને પોસ્ટ કરી શકાય.

સંઘના સભ્યો ન હોય એવાં મિત્રોને પણ પોતાનાં નામ મોકલી આપવાનો અનુરોધ કરવામાં આવે છે. આપનાં સૂચનો પણ આવકાર્ય છે.

એક Book Lovers' meet નામનું ઇનિશિએટિવ પણ ઊભું કરવા વિચારી શકાય. ઘણા વખત ઉપર ઓનલાઇનનાં એક પુસ્તક ના સમજ આપવા તથા તેના પર ચર્ચા કરવા આપણે શારદાબેન દેશમુખને બોલાવ્યા હતાં. તેવી જ રીતે દેશનાં કે પરદેશનાં લેખકોનાં કે કવિઓનાં ખૂબ વખણાયેલાં પુસ્તકો વિષે અધિકારી વ્યક્તિને પ્રવચન તથા પ્રશ્ન-ચર્ચા માટે આમંત્રી શકાય. જો મિત્રોને આમાં રસ હોય તેઓ પણ પોતાનાં નામ મોકલો.

લી.
સુબોધભાઈ ઓ. શાહ
મંત્રીશ્રી, અભ્યાસવર્તુળ.

આગામી કાર્યક્રમો

તા: ૩૦-૬-૮૨ : કક્ષા ૮ — વિષય

શ્રી શૈલેષભાઈ મણિયાર — કૈલાસ-દર્શન (સ્લાઇડ-શો)

ગુરુવાર તા: ૭-૧૦-૮૨ — શ્રી. અશ્વિનભાઈ મંજરિયા

શુક્રવાર તા. ૮-૧૦-૮૨ — " "

શનિવાર તા. ૯-૧૦-૮૨ — " "

દરરોજ સાંજે ૬ કલાકે - શનિવારે ૫-૩૦ કલાકે

વિષય: "શ્રી અરવિંદનું પૂર્ણ દર્શન"
ત્રણ પેટા વિષયો લઈ પક્ષ કરવામાં આવશે.

સ્થળ: પરમાનંદ મંજરિયા સભાગૃહ
૩જો, સરદાર વા. પ. રોડ
માટુંગા સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦ ૦૧૯

મંત્રીશ્રી, અભ્યાસ વર્તુળ,

અભ્યાસ વર્તુળના ઉપરોક્ત કાર્યક્રમો વાંચ્યા. પ્રવચનોમાં હું રસ ધરાવું છું - ઓડિટોરિયમ લાયકમાં મારું નામ નોંધી લેશો.

નામ:
સરનામું
ફોન નંબર

સામ્યાવસ્થારૂપ માને છે. વૈશેષિક દર્શન પણ પૃથ્વીમાં ગન્ધ પ્રમુખ અનેક ગુણ માને છે. આ જ પ્રમાણે અન્ય દર્શનકારો પણ પ્રત્યેક વસ્તુમાં અનેક ધર્મોનો સદ્‌ભાવ સ્વીકારે છે. આથી 'વસ્તુને અનેક ધર્માત્મક માને તે અનેકાંતવાદ' એમ કહીએ તો ઉપરોક્ત સર્વ દર્શનો અનેકાંતવાદી ઠરે, પરંતુ તે સર્વ એકાંતવાદી જ છે. પરંતુ અનેકાંતમાં 'અનેક'નો અર્થ 'એકથી અધિક' અને 'અંત'નો અર્થ 'ધર્મ' થાય છે. તેથી અનેકાન્તનો અર્થ અનેક ધર્માત્મક વસ્તુ છે. પરંતુ અત્રે ધર્મથી પરસ્પર પ્રતિપક્ષી બે ધર્મયુગલ લેવાના છે. જેમકે અસ્તિત્વ-નાસ્તિત્વ-નિત્યત્વ-અનિત્યત્વ, એકત્વ-અનેકત્વ ઇત્યાદિ પ્રતિપક્ષી ધર્મો છે, પરંતુ તે સર્વ એક જ વસ્તુમાં વિવક્ષાભેદે પ્રાપ્ત થાય છે. એક જ પદાર્થમાં નવ ભેદે (વિવક્ષાભેદે) પરસ્પર વિરોધી ધર્મોનો સદ્‌ભાવ માત્ર જૈનદર્શન જ માને છે. તેથી માત્ર જૈન દર્શન જ અનેકાંતવાદી છે. અન્યદર્શનો એકાંતવાદી છે, કારણકે કોઇ માત્ર નિત્યવાદી છે, તો કોઇ માત્ર અનિત્યવાદી છે. વળી કોઇ 'એક' અર્થાત્ અદ્વૈતવાદી છે, તો કોઇક 'અનેક' યાને દ્વૈતવાદી છે. આ રીતે પરસ્પર વિપક્ષી ધર્મો એક જ પદાર્થમાં ન સ્વીકારનાર સર્વ દર્શનો એકાંતવાદી છે.

(૩) આ લેખમાં અનેકાંત સિદ્ધાંતના અમુક દૃષ્ટાન્તો આપ્યાં છે તે અનેકાંત તત્ત્વનું યથાર્થ પ્રતિપાદન નથી કરતા. એક જ વ્યક્તિમાં પિતાપણું, પુત્રપણું પતિપણું, કાકાપણું અને ભાણાપણું રહે છે તે અનેકાન્ત સિદ્ધાંતનો અત્યંત સ્થૂલ દાખલો છે. જે જે ધર્મોપિતૃત્વાદિ એક જ વ્યક્તિમાં ઘટાવ્યા છે તે સર્વ ભિન્ન ભિન્ન વ્યક્તિની અપેક્ષાએ ઘટે છે અને જણાવેલ સર્વ ધર્મો વિપક્ષી ધર્મોના યુગલરૂપ નથી. એવી જ રીતે અગ્નિમાં બાળવાની તેમજ ગરમી આપવાની શક્તિ છે તે પણ અનેકાંતનો અત્યંત સ્થૂલ દાખલો છે. એક વસ્તુમાં વિપક્ષી યાને કે વિરોધી ધર્મો કોઇ એક જ વક્તાની ભિન્ન ભિન્ન દૃષ્ટિએ ઘટે છે તે અનેકાંતવાદનું હાર્દ છે.

જેમકે 'આત્મા અમર છે' અને 'નામ તેનો નાશ છે.' આ બેઉ લોકપ્રચલિત કહેવતો અનેકાંતનું આબાદ પ્રતિબિંબ પાડે છે. પ્રથમ દૃષ્ટાંતમાં આત્માને નિત્ય કહ્યો જ્યારે બીજા દૃષ્ટાંતમાં નામ માત્ર નાશવંત હોઇ આત્મા પણ કોઇ વસ્તુનું નામ હોવાથી તે પણ નાશવંત યાને કે અનિત્ય ઠર્યો. આ બેઉ વિરોધી જણાતી કહેવતોમાં આપણને કંઇ જ અજુગતુ નથી લાગતું તે જ દર્શાવે છે કે આપણો વ્યવહાર પણ કેટલો બધો અનેકાંતમય છે. બીજો દાખલો લઇએ.

'પાંચે આંગળી સરખી નથી' અને 'કોઇ પણ આંગળી કાપો લોહી તો લાલ જ નીકળશે' આ બેઉ કહેવતો પણ આંગળીઓમાં સદૃશતા એટલે કે સરખાપણું તેમ જ વિસદૃશતા એટલે કે અસરખાપણું એમ બે વિરોધી ધર્મોનો આરોપ કરે છે, છતાં પણ બેઉનો વ્યવહારમાં યથાર્થપણે ઉપયોગ જોવામાં આવે છે. 'પાંચે આંગળીઓ સરખી નથી' તે આંગળીઓમાં વિસદૃશતાનું પ્રતિપાદન કરે છે અને બધી જ આંગળીમાંથી લોહી એકસરખું લાલ જ નીકળે છે તે કહેવત બધી જ આંગળીઓની સદૃશતાનું વર્ણન કરે છે. આમ આંગળીઓમાં વિસદૃશતા તેમજ સદૃશતા એમ બે વિરોધીધર્મોનો સદ્‌ભાવ એક જ પદાર્થમાં વ્યવહારમાં પણ આપણે સ્વીકારીએ છીએ.

આ તો અનેકાંતને વ્યાવહારિક દૃષ્ટાંતો થકી દર્શાવવા પૂરતું જ છે. અનેકાંતનું તાત્ત્વિક સ્વરૂપ પાંચ અસ્તિકાયના સ્વરૂપના વિજ્ઞાનના અભ્યાસ વિના સમજવું અઘરું છે.

અનેકાંતમય બુદ્ધિથી વસ્તુસ્વરૂપ તો યથાર્થ નિર્ણય થાય છે. સ્યાદ્‌વાદથી વસ્તુસ્વરૂપનું યથાર્થ વિધાન કરાય છે. એક જ વસ્તુમાં પરસ્પરવિરોધી જણાતા ધર્મોને નયવાદથી ઘટાવી શકાય છે અને અસ્તિ-નાસ્તિ, નિત્ય અનિત્ય ભેદાભેદ આદિ ધર્મોની સાતે ભંગથી (સપ્તભંગીથી) વસ્તુનું સર્વાંગી દર્શન થઇ શકે છે.

બીજું, કોઇની અપેક્ષાએ વસ્તુ ઉપર છે અને અન્ય કોઇની અપેક્ષાએ વસ્તુ નીચે છે તે પણ અનેકાંતનું સાચું દૃષ્ટાંત નથી. વસ્તુમાં નાના-મોટાપણું, ઉપર-નીચે, આગળ-પાછળ ઇત્યાદિ પરસ્પર સાપેક્ષ ધર્મોને એકાંતદર્શનો પણ સ્વીકારે છે. તેથી આ પણ અનેકાંતનું દૃષ્ટાંત નથી.

અનેકાંતનો ઉદ્‌ભવ માત્ર ઉદારતાની ભાવનામાંથી નથી ઉત્પન્ન થયો. અર્થાત્ અનેકાંત એટલે માત્ર ઉદારતા એ પણ બરાબર નથી, હા, અનેકાંતદૃષ્ટિ ઉદારતાની પોષક બને છે. અનેકાન્ત સિદ્ધાંતના મૂળમાં વસ્તુનું દ્વૈત સ્વરૂપ છે. એક દૃષ્ટિથી તે નિત્ય છે અને બીજી દૃષ્ટિથી તે પરિણામી કહેતાં અનિત્ય છે. આમ, વસ્તુમાં પરસ્પરવિરોધી ધર્મોનું દર્શન એ અનેકાન્તનું હાર્દ છે.

હવે યુદ્ધ અવકાશમાં પણ લડાશે !

-વિજયગુપ્ત મૌર્ય

યુદ્ધના સાધનો અને શસ્ત્રો હવે અવકાશમાં પહોંચી ગયા છે અથવા ગોઠવાઈ ગયા છે. માણસની 'પ્રગતિ' તો જુઓ. એક જમાનામાં (પત્થર યુગમાં) તેની પાસે લડવા માટે ઢોંસા-પાટુ અને પત્થર તથા ડાળી સિવાય બીજાં કોઇ શસ્ત્ર કે અસ્ત્ર ન હતાં. એક જમાનામાં તે માત્ર ધરતી પર લડી જાણતો હતો. પછી નૌકાઓમાં બેસીને પાણી પર લડતાં શીખ્યો. હજારો વર્ષો પછી આ સદીના આરંભમાં તે લડવા માટે આકાશમાં ગયો અને સબમરીન બનાવીને લડવા માટે દરિયાના પેટાળમાં ગયો. હવે તે લડવા માટે અવકાશમાં જઈ રહેલ છે.

અમેરિકાએ ફરીથી અને ફરીથી વાપરી શકાય તેવું ટૂંકી પાંખોવાળા વિમાન જેવું સ્પેઇસ શટલ પહેલી વખત અવકાશમાં ચડાવ્યું ત્યારે વિજ્ઞાન અને ટેકનોલોજીની આ હરણફાળ માટે તેને વધાવી લેવામાં આવ્યું. પરંતુ રશિયાએ ચેતવણી આપી કે યુદ્ધને અવકાશમાં લઇ જવાની દિશામાં આ હરણફાળ છે. અમેરિકાએ પણ કબૂલ કર્યું કે સ્પેઇસ શટલની પ્રવૃત્તિનો કેટલોક ભાગ લશ્કરી પ્રયોગો માટે વપરાશે.

સ્પેઇસ શટલના ચાર પ્રયોગો પૈકી ચોથા પ્રયોગની સફળતાને આવકારતાં પ્રમુખ રેગને અમેરિકાના આ પુરૂષાર્થને ભવ્ય શબ્દોમાં બિરદાવ્યો. પરંતુ આ ચોથું ઉડ્યન યુધ્ધને અવકાશમાં લઇ જવા માટે હતું, અને રેગને 'સંરક્ષણ પ્રક્રિયા' અવકાશ સુધી વિસ્તારવા અમેરિકાના સંરક્ષણખાતાને સૂચના આપી.

'સંરક્ષણ પ્રક્રિયા' જેવા નિર્દોષ શબ્દોમાં ઘણી ભિન્નામણી આબતો છૂપાએલી છે. તે ખાનગી રાખવામાં આવેલ છે છતાં એ જાણીતી વાત છે કે અમેરિકા અવકાશમાં રશિયાના લશ્કરી ઉપગ્રહોનો નાશ કેમ કરવો તેના પ્રયોગો કરી રહેલ છે. અવકાશ એક એવું ક્ષેત્ર હતું કે જ્યાં શસ્ત્ર-સ્પર્ધા નહોતી,

પહોંચી. અત્યાર સુધી ત્યાં બન્ને પક્ષોના અમાનવ જાસૂસી ઉપગ્રહો જ હતા. આવી રહેલા આક્રમણની તત્ક્ષણ ચેતવણી આપે એવી જોગવાઈ અવકાશમાં બન્ને પક્ષોએ કરી છે. અમેરિકા હવે પોતાની જોગવાઇને વધુ સંગીન બનાવી રહેલ છે.

સ્પેઇસ શટલ 'કોલંબીઆ'માં એક અતિ લાંબો યાંત્રિક હાથ છે તેના વડે કોલંબીઆ લશ્કરી ઉપગ્રહો સહિત કેટલાક ઉપગ્રહો અવકાશમાં તરતાં કરશે. રેગને અવકાશમાં 'વધુ કાયમી હાજરી'ની હિમાયત કરી છે. આ ઉલ્લેખ અવકાશમાં લશ્કરી હાજરી વિષે છે. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાએ અવકાશને યુદ્ધના સાધનોથી અને યુદ્ધની પ્રવૃત્તિથી મુક્ત રાખવા ઠરાવો કર્યા છે પણ એમ તો તેણે હિંદી મહાસાગરને પણ શાંતિનો વિસ્તાર બનાવવાનો ઠરાવ કર્યો છે તેને પણ ઠોકર મારવામાં આવી છે.

એમાંથી કોઇ પણ અવકાશમાં પાછળ રહી જવા નથી માગતા. રશિયાએ પણ લેસર કિરણો છોડવા ઉપગ્રહો બનાવ્યાં છે, જે અમેરિકાના ઉપગ્રહોને ફૂંકી દઈ શકે.

બન્ને દેશો નવા નવા ઉપગ્રહો ચડાવ્યા કરે છે. કેટલાંક ઉપગ્રહોની જાહેરાત કરવામાં નથી આવતી, કારણ કે તે ખાનગી લશ્કરી હેતુથી ચડાવવામાં આવે છે. પરંતુ ઉપગ્રહ ચડે તે હકીકત સામા પક્ષથી ખાનગી નથી રહેતી. બન્ને પક્ષોએ અત્યારસુધીમાં હજારો ઉપગ્રહો ચડાવ્યા છે. રશિયાએ કોસ્મોસના નિર્દોષ નામે ચડાવેલા ઉપગ્રહોની સંખ્યા ૧૪૫૦ જેટલી થઇ છે, પરંતુ આ બધા કોસ્મોસ નિર્દોષ એટલે બિન-લશ્કરી નથી. ઘણા જાસૂસી ઉપગ્રહો છે. ગયા એપ્રિલની બીજી તારીખે આર્જેન્ટિનાએ બ્રિટનના ફોકલેન્ડ ટાપુ ઉપર ચડાઇ કરી તે ચડાઇની તૈયારીઓ અમેરિકા અને રશિયાના અમાનવ જાસૂસી ઉપગ્રહોએ જોઇ જ હશે. બે દિવસ અગાઉ રશિયાએ નંબર ૧૩૪૫ અને નંબર ૧૩૪૬ નામના બે વધુ જાસૂસી ઉપગ્રહો ચડાવ્યા હતા. તે પછી બીજા છ ચડાવ્યા અને એવી રીતે ચડાવ્યા કે તેઓ દક્ષિણ આટલાંટિક પરથી પસાર થાય અને આર્જેન્ટિના ફોકલેન્ડ અને બ્રિટિશ કાફલાની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરી શકે. બે ઉપગ્રહોને બ્રિટન આર્જેન્ટિના વગેરેના સંદેશા આંતરી લેવા માટે ચડાવવામાં આવ્યા હતા. બે ઉપગ્રહો રડારથી સજ્જ હતા. કેટલાંક ઉપગ્રહો દક્ષિણ આટલાંટિક પર થતી પ્રવૃત્તિના ફોટોગ્રાફ લઇને જ્યારે તેઓ રશિયા પરથી પસાર થાય ત્યારે ત્યાં નિશ્ચિત સ્થળે ફોટોગ્રાફ ઉતારી દે એવી સગવડો હતી.

ફોટોગ્રાફ, વિમાની છત્રી વડે ઉતારવામાં આવતા હતા. રશિયન અને અમેરિકન ઉપગ્રહ વચ્ચે એક તફાવત એ છે કે અમેરિકન ઉપગ્રહોનું આયુષ્ય મહિના કે વર્ષોનું હોય છે અને તેઓ જાસૂસી ઉપરાંત બીજા કામ પણ કરે છે, ત્યારે રશિયન ઉપગ્રહોનું આયુષ્ય ટૂંકું હોય છે. અમેરિકાએ દક્ષિણ આટલાંટિક ઉપર ઘૂમી રહેલ બે પ્રકારના ઉપગ્રહો ફરતા રાખ્યા છે. તેથી ફોકલેન્ડમાં શું થવાનું હતું અને શું થયું તે બધાની અમેરિકાને જાણ હતી. આર્જેન્ટિનાએ અમેરિકા ઉપર આરોપ મુક્યો છે કે આર્જેન્ટિનાની કુઝર જે તેણે અમેરિકા પાસેથી ખરીદી હતી તે ક્યાં છે તેની જાણ અમેરિકાએ બ્રિટનને કરી હતી, તેથી બ્રિટને તેનો લાભ લઇને આ કુઝરને ફૂંકી દીધી અને સેંકડો નાવિકોની જાનહાનિ થઈ. અમેરિકા આ આરોપનો ઇન્કાર કરે છે.

રશિયન જાસૂસી ઉપગ્રહોની આવરદા ટૂંકી હોવાનું કારણ એ છે કે તેઓ વધુ સારા ફોટોગ્રાફ લઇ શકે તે માટે નીચી સપાટીએ ઉડતા હોવાથી તેઓ વાતાવરણના ઉપલા ભાગ સાથે ઘસાઇને વહેલા નાશ પામે છે. અમેરિકાએ દક્ષિણ આટલાંટિક પર ચાંપતી નજર રાખવા માટે ૧૭૦ થી ૧૦૦ માઇલ સુધીની ઊંચાઇએ ઉપગ્રહો ફરતા રાખ્યા છે. તેઓ ત્યાંથી જે જુએ તેના ચિત્રો મોકલે છે અને સાંકેતિક ભાષામાં હકીકત મોકલે છે.

બ્રિટને આર્જેન્ટિનાની કુઝર ફૂંકી દીધી તેમાં અમેરિકાએ બ્રિટનને દોરવણી નહોતી આપી એમ માનવું મુશ્કેલ છે. કારણકે અમેરિકન જાસૂસી ઉપગ્રહો જે માહિતી અને ચિત્રો આપે છે તે બ્રિટનને પણ આપવામાં આવે છે એ વાત તો અમેરિકન અખબારો પણ સ્વીકારે છે. તે પછી કુઝર 'જનરલ બેલ્ગ્રાનો' ક્યાં હતી તે બ્રિટનથી ખાનગી રાખવા અમેરિકાને કોઇ કારણ ન હતું.

અવકાશમાં બન્ને પક્ષોના કેવા શસ્ત્રો ગોઠવાઇ ગયા છે તે કહેવું મુશ્કેલ છે. લેસર કિરણોથી સજ્જ હોય એવા ઉપગ્રહો વડે સામાપક્ષના જાસૂસી ઉપગ્રહોનો નાશ કરી નાંખવો એ બહુ ગંભીર બાબત છે, કારણકે જાસૂસી ઉપગ્રહો નાશ પામ્યા પછી સામો પક્ષ અણુશસ્ત્રો વડે સર્વાંગી આક્રમણ કરનાર હોય તો જાસૂસી ઉપગ્રહ ગુમાવી બેસનારને તેની જાણ ન થાય. સ્પેઇશ શટલ કોલંબીઆના ચોથા ઉડ્યન દરમિયાન તે રશિયાના તજી દેવાયેલા અને પૃથ્વીની આસપાસ ભ્રમણ કક્ષામાં ફરતાં રોકેટથી થોડાક કીલોમીટર દૂરથી જ 'કોલંબીઆ' નીકળ્યું હતું તે કંઈ અકસ્માત નહિ હોય. દુશ્મનના ઉપગ્રહ પાસે તેને ફૂંકી દેવા માટે તેની નજીક જવાનો તે સફળ પ્રયોગ હશે.

જેમ ભ્રમણકક્ષામાં ઉપગ્રહો અને અવકાશયાનો ફરે છે અને તેમને પૃથ્વી ઉપર ધારેલી જગ્યાએ ઉતારી શકાય છે તેમ પૃથ્વીની આસપાસ ભ્રમણકક્ષામાં અણુશસ્ત્રોને પણ ફરતા જોઇ શકાય અને યુદ્ધના સમયે ધારેલી જગ્યાએ દુશ્મન ઉપર ઝીંકી શકાય. ભવિષ્યનું યુધ્ધ અવકાશમાં પણ ફેલાશે તે ભય હસી-કાઢવા જેવો નથી.

સંઘના દાતાઓને નમ્ર વિજ્ઞપ્તિ

★

સંઘની વિવિધલક્ષી પ્રવૃત્તિઓ માટે દર વર્ષે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘને ભેટો મળે છે. તેમાં આગલા વર્ષે જેમણે ભેટો મોકલી છે, તેમાંથી ઘણા સભ્યોએ આ વર્ષે ભેટની રકમો લખાવી નથી. યાદી જોતાં આ વાત ધ્યાન પર આવી છે.

જેમણે પોતાનો ફાળો નોંધાવ્યો ન હોય તેમને વિનંતિ કરવામાં આવે છે કે પોતાની યોગ્ય રકમ સત્વર કાર્યાલય પર મોકલી તેમનો પ્રેમળ સહકાર આપે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

ઇતિહાસ વિશે....

તંત્રીશ્રી, 'પ્રબુદ્ધ જીવન'

પ્ર. જી. (૧૬-૮-૮૨)માં યશવંત દોશીનો ઇતિહાસ ઉપરનો લેખ ખૂબ ગમ્યો.

સમાજની દરેક વ્યક્તિમાં તેનાં માબાપ, જાતિ અને સમાજના ઇતિહાસ મુજબ્બ સારાનરસા ગુણો-Characteristics અને behavioural patterns આવે છે. વ્યક્તિના ઇતિહાસમાં સમાજનો ઇતિહાસ અંતર્ગત-inherently રહેલો જ છે. વ્યક્તિ પોતાના આગવા ગુણો- individual traits વડે તેમને modify કરી પોતાનો ઇતિહાસ સર્જે છે અને એમ ઘણી વ્યક્તિઓથી સમાજનો નવો ઇતિહાસ સર્જાય છે. વ્યક્તિ સમાજનું એક ઘટક હોવાથી બંને વચ્ચે સતત interaction રહે છે અને ઓછાવત્તા અંશે એકબીજાથી પ્રભાવિત થાય છે. ઘણીવાર વ્યક્તિગત ઇતિહાસ મુખ્ય બનાવોને વળાંક આપવામાં અગત્યનો ભાગ ભજવે છે. દા. ત. નેલ્સન અને નેપોલિયન વચ્ચેનું યુદ્ધ તો ઇટનના ક્રીડાંગણમાં જ જીતાયેલું કહેવાય છે.

આથી સમાજના ઇતિહાસને વધુ મહત્વનો કહેવો એ કરતાં બંને ઇતિહાસો એકબીજાથી મહાન છે એમ કહેવું વધુ ઉચિત લાગે છે. વ્યક્તિગત ઇતિહાસ સૂક્ષ્મ (microscopic) અથવા intensive અને specific દૃષ્ટિ આપે છે. સમાજનો કે રાષ્ટ્રનો ઇતિહાસ એવી ઘણી બધી દૃષ્ટિઓનો વિશાળ (extensive) ફલક પર સમન્વય કરી cohesion આપવાનું કામ કરે છે. આ રીતે ઇતિહાસ સર્વભેદી અને સર્વવ્યાપી છે.

સૈકાઓથી દુનિયાને ખૂણે ખૂણે વહેંચાયેલા યહુદીઓએ પોતાનાં ધર્મ, ભાષા, સંસ્કાર અને રીત-રિવાજો સાચવવા ભવ્ય પુરૂષાર્થ કર્યો. બે હજાર વર્ષ પૂર્વે ગુમાવેલી પોતાની ભૂમિ પર હક માગ્યો. ઇ સ. ૧૯૪૮ માં State of Israel જાહેર કર્યું. એને સાચવવા ચારે બાજુ પથરાયેલાં આરબ રાજ્યો સાથે વિજળી યુદ્ધો કર્યાં, એટલું જ નહિ, જુદા જુદા ethnic backgroundમાંથી આવતા યહુદીઓએ હિબ્રુને રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારી અને ખભેખભા મિલાવી આરબોનો સામનો કર્યો. સૈકાઓથી પથરાળ અને વંધ્યા જમીનમાં Settlements સ્થાપી, કાળી મજુરી કરી હરિયાળી ભૂમિ બનાવી (વધુ માહિતિ માટે 'O Jerusalam' અને 'Exodus' નામનાં best seller પુસ્તકો ઉલ્લેખનીય છે.) આપણા દેશમાં ઈઝરાયલ કરતાં વધુ વિવિધતા અને વધુ લોકો છે. આપણી મુશ્કેલીઓ વધુ મહાન છે, છતાં તેમના ભૂત અને વર્તમાન કાળમાંથી ઘણું શીખી શકીએ.

વર્તમાન ઇતિહાસ સર્જતા Policy makers વિવિધ દેશોના ભવિષ્યના વર્તારા (extrapolations) બનાવે છે. કોઇપણ દેશના આવતાં દસ, પચ્ચીસ કે પચ્ચાસ વર્ષના આર્થિક, લશ્કરી, સામાજિક, રાજકીય વગેરે વર્તારા તેનો ભવિષ્યનો Speculative ઇતિહાસ જ છે, જે પ્રાયે ખરો હોય છે તે હકીકતો ઉપર રચાયેલો હોય. આ દૃષ્ટિએ જોતાં વર્તમાન ઇતિહાસ ભૂત અને ભવિષ્યના ઇતિહાસને આધારે રચાય છે એ વિચિત્ર લાક્ષણિકતા પ્રાયે ખરી લાગે છે. ઇતિહાસની આ ઉપયોગિતા છે.

મારા દાદાજી અને ઇતિહાસકાર સ્વ. પ્રો. કે. હિ. કામદારના પુસ્તક 'સ્વાધ્યાય' ભાગ ૧ (૧૯૩૯) માં શ્રી રામ-નારાયણ વિ. પાઠકે લખેલા ઉપોદ્‌ઘાતમાંથી નીચેનાં વાક્યો ઉતારું છું :

ખરા ઇતિહાસકારનો તેમનો આદર્શ ઘણો ઊંચો છે. તેઓ કહે છે : 'ઇતિહાસકાર પુરાણવિદ્ નથી. તે ચારણભાટ નથી. તે પ્રજાઓનો અને રાજવંશોનો ખુશામતખોર અખબાર-નવીસ નથી. ઇતિહાસકાર સંસ્કૃતિનો સળંગ ખ્યાલ આપતો અભ્યાસી છે. ને સંસ્કૃતિનાં વિવિધ મૂલોને સંગ્રથિત કરી તેને એક વાટિકા તરીકે ઓળખાવનાર મહાપુરુષ છે. તે વર્તમાન સંસ્કૃતિનું સમર્થન કરનાર મુખ્ય પુરુષ છે. તે ત્રણેય કાળોને સમગ્રતા અર્પનાર સમર્થ દૃષ્ટા છે. તેથી તે માનવબળનો પ્રેરક છે. તે યુગનો સર્જક છે. આટલે અંશે તે સાહિત્યના જ્યોતિને અખંડ રાખનાર સંસ્કૃતિના મંદિરનો પૂજારી છે.' ઇતિહાસકાર શા માટે દૃષ્ટા કહેવાય છે, શા માટે સાહિત્યકાર કહેવાય છે તે ઉપરથી સ્ફુટ થશે.

'સ્વાધ્યાય' પુસ્તક વાંચી તથા ઉપરના અવતરણ પર વધુ વિચાર કર્યા બાદ મને, 'સમૂળી ક્રાન્તિ' માં વ્યક્ત કરેલો મત વધુ આત્યન્તિક લાગે છે. શ્રી મશરૂવાળા જેવા વિવેકબુદ્ધિયુક્ત, સત્યશોધક અને પ્રામાણિક ચિંતકે આ માટે કયા કારણો રજૂ કર્યાં છે એ જણાવવાની મુ. દોશીસાહેબને વિનંતી છે.

– સંજય કામદાર

લોકમિત્ર : નવી સંસ્થાનો ઉદ્‌ભવ

સંકલન : શાન્તિલાલ ટી. શેઠ

મુંબઇના થોડાં વિચારક નાગરિકોના મનમાં એવી સ્ફુરણા થઇ કે સમગ્ર પ્રજાના જીવનને લુણો લાગ્યો છે-ચારે બાજુ અંધકાર વ્યાપી રહ્યો હોય એવું જીવન આજનો નાગરિક જીવી રહ્યો છે. લાચાર પ્રેક્ષક બનીને આ જોઇ રહેવું તે જાગૃત નાગરિક માટે શરમરૂપ ગણાય. એક જમાનામાં શિષ્ટ બળોને સ્વાધીનતા માટે લડવું પડ્યું હતું, તેવો જ પડકાર આજે સમાજના શિષ્ટ બળોને-જીવનનાં મૂલ્યો માટે આપવાનો છે. તેના માટે 'લોકમિત્ર' નામની સંસ્થા સ્થાપવાની પ્રક્રિયાના અનુસંધાનમાં તા. ૧૮-૯-૮૨ ના રોજ ક્રેન્ચબ્રિઝ પર આવેલ 'જ્યેવાટ્રસ્કી લોજ'માં 'જાગૃત નાગરિક' એ વિષય ઉપર એક જાહેર સભા રાખવામાં આવી હતી અને તેના મુખ્ય મહેમાન-વક્તા હતા, આદરણીય શ્રીયુત ચીમનલાલ ચકુભાઇ શાહ.

પ્રાર્થના બાદ શ્રી સુબોધભાઇ શાહે સૌને આવકાર આપ્યો હતો. કાર્યની ભૂમિકા સમજાવતાં તેમણે કહ્યું કે અત્યારે તો આપણે કોડિયું પ્રગટાવીને નાના વિસ્તારનો અંધકાર દૂર કરી શકીશું તો પણ સંતોષ થશે.

આ સંસ્થા સ્થાપવાનો જેમને પ્રથમ વિચાર આવ્યો અને જેના તેઓ પ્રણેતા છે તે ડો. અમૂલ શાહે કહ્યું કે આપણે સૌ વિચારકો છીએ. ઘણું બધું સમાજમાં અજુગતું બનતું હોય છે, પરંતુ એક વ્યક્તિ, વિચાર સિવાય બીજું કાંઇ કરી શકતી નથી. તેનું પરિણામ લાવવા માટે આવા સંગઠનની જરૂર છે. આજે છૂટીછવાઇ વ્યક્તિઓનો વિરોધ ઝીલાતો નથી. આવું સંગઠન ઊભું કરીને આપણે તેનો ભાવ વધારી

શકીએ તો ઘણા સારાં કામો આપણે કરી શકીએ. આજે દરેક ક્ષેત્રે પરિસ્થિતિ ખરાબ છે. હર પળે આપણને અચંબો લાગતો હોય છે.

આ કારણે, જ્ઞાતિ, ભાષા, ધર્મ બધાથી પર એવું સંગઠન કરવાનો વિચાર ઉદ્‌ભવ્યો. સભ્યો માટે વાર્ષિક લવાજમ રૂા. ૨૫૧ રાખેલ છે, જેથી થોડી આર્થિક સગવડ રહે. પરંતુ લોકો ફક્ત પૈસા આપીને સભ્ય બને તે પૂરતું નથી, દરેક સભ્યે સમય આપવાની પણ તૈયારી દાખવવી જોઇશે. જેમ જૈન વ્યક્તિઓ જૈનોના આચાર પામે છે, તેમ-જાગૃત નાગરિક એટલો સંકલ્પ કરે નિર્ણય કરે, કે આટલા કામો તો હું નહિ જ કરું, જેવાં કે, કરચોરી, કાળાબજાર, અધર્મ-વિગેરે. આવું કંઇક થઇ શકે તો માણસ, માણસ તરીકે જીવી શકે.

શ્રી ચીમનલાલ જે. શાહ : લોકમિત્ર, એક નમ્ર પ્રયાસ-પ્રવાસ પગલું છે. હું તાજેતરમાં અમેરિકા જઇ આવ્યો. ત્યાં લોકોની જાગૃતિ અદ્‌ભૂત છે. અન્યાય સામે સંગઠિત થઇને ચોકકસ પ્રકારનો શાન્ત પ્રતીકાર થાય અને તેવું પરિણામ અવશ્ય આવે જ છે. લોકમિત્ર થવા માટે, તેના સભ્યે પોતે ભોગ આપવા તત્પર રહેવું પડશે. ટૂંકામાં, આપણે કોઇને નડવું નહિ, એટલો નિર્ણય કરીએ તો પણ લોકોની મોટી સેવા થશે.

શ્રી ચીમનભાઇ પટેલ : માણસ એકલો ફરિયાદ કરવા જશે તો કોઇ સાંભળવાનું નથી. એટલે જ આવી સંસ્થાની જરૂર છે. આમાં કોઇને પ્રસિદ્ધિ કે પૈસા જોઇતા નથી. આપણે માનવ ધર્મ સમજવાનો છે. હું તો માનું છું કે ધર્મો વધ્યા તેમ માણસ બગડયો. આ સંસ્થામાં યુવાન વર્ગે ખાસ જોડાવું જોઇએ.

શ્રી વિપિન પરીખ : આજે સવાર સોહામણી નથી રહી, કડવી બની ગઇ છે. સવાર તો ખુશનુમા હોવી જોઇએ. આમ તો જીવન ચાલતું લાગે, પણ ખરેખર જીવન ચાલતું નથી. આજે, પ્રજાની ઉઘાડે છોગે લૂંટ ચાલી રહી છે. આ ભારે કરુણાજનક છે. આગળના નેતાઓ મોટા મહારથીઓ હતા. એવા નેતાના આજે દર્શન થતા નથી; એટલું જ નહિ, પરંતુ સાચા માણસો પણ કયાંય દેખાતા નથી. સમય એવો આવી રહ્યો છે કે આપણે આપણા ઘરમાં પણ સલામત રહેવાના નથી. આવી વિષમ પરિસ્થિતિ હોવા છતાં બધા જ કિનારા પર બેસીને જોયા કરે છે. સંગઠનની આજે તાતી જરૂર છે. એક હજાર સાચા નાગરિકો સંગઠિત થઇને અવાજ કરે તો તેમનો અવાજ કોઇને પણ સાંભળવો પડે જ. આપણી પાસે ગાંધીજીનો દાખલો છે. તેમના જેવા સાચા માણસ સામે કોઇ બોટું કામ કરી શકતું નહોતું.

ત્યારબાદ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે દીપ પ્રગટાવ્યો ડો. અમુલ શાહે તેમને ચંદનહાર પહેરાવ્યો. તેમણે કહ્યું કે તમારા પરિપત્રમાં જે ઉદ્દેશો પ્રગટ કર્યા છે તેનો અલ્પાંશે પણ અમલ થાય તો ઘણી સફળતા મળી રહે. આજની પરિસ્થિતિ એવી છે કે, વિચારકોને દુઃખ થાય. મારગ મળે નહિ, નિરાશા પણ સાંપડે.

દુઃખનો સહન કરવાનો નકારાત્મક વિચાર પરંપરાથી ચાલ્યો આવે છે. કર્મને ભોગવવાની પણ તેમાં વાત હોય છે.

ગાંધીજીએ કહ્યું કે 'અન્યાય મૂંગે મોઢે સહન ન કરાય, તેનો પ્રતીકાર થવો જ જોઇએ.' તેમણે અહિંસક પ્રતીકારનો નવો માર્ગ બતાવ્યો.

આજે જો કોઇ મોટામાં મોટી કટોકટી હોય તો તે નેતૃત્વની છે.

તમે બેગા મળીને આ વિચાર કર્યો તે સારો છે. પરંતુ આપણે કેટલાં અસરકારક બની શકીએ છીએ તેના પર મોટો આધાર છે.

આજની પરિસ્થતિમાં ગાંધીજીનું નામ લેવું તે તેમને અન્યાય કરવા જેવું છે. આજે તેમને ભૂલી જઇએ તે જ સારું છે-તેમને અન્યાય તો ન થાય !

તમારા આ આયોજનના પ્રાણ છે ડો. અમૂલ શાહ. તેમની શકિત પ્રમાણે તેઓ કામ કરશે. આવા સારા કામમાં જોડાનારની સંખ્યા મોટે ભાગે વધારે હોય છે, પરંતુ કામ કરનારા કાર્યકરો બહુ જ ઓછા મળતા હોય છે.

વિચાર કરતા ખિન્નતા અનુભવાય છે કે આજે જાગૃત નાગરિક કયાં છે ? આજે તો પાયામાંથી વિચાર કરવાની પરિસ્થિતિ ઉભી થઇ છે.

વર્તમાનપત્રો કે પ્રેસોને પણ સૌનો સ્વાર્થ છે. એ કારણે સાચી વાત લખી શકાતી નથી.

આવી વિષમતા હોવા છતાં આપણે પ્રગતિ પણ ઘણી કરી છે. પરંતુ આજનો મહા પ્રશ્ન કોઇ હોય તો તે પોપ્યુલેશનને લગતો છે.

આજનો સમાજ જ એવો છે કે માણસ ધારે તો પણ નીતિમય જીવન જીવી શકે તેમ નથી. એટલે માણસ સાધુ થઇ જાય એવી આપણી કોઇ અપેક્ષા નથી, પરંતુ અમુક મર્યાદા બાંધીને જીવે તો પણ ઘણું છે.

તમારી આ સંસ્થા ફૂલે ફાલે અને પ્રગતિ કરે એવી મારી અંતરની શુભેચ્છા છે.

અંતમાં શ્રી વિપિન પરીખે આભારવિધિ કરી હતી.

સંપર્ક માટેનું સ્થળ : ડો. અમુલ શાહ, દાર-ઉલ-મૂલ્ક, પંડિતા રમાબાઇ રોડ, મુંબઇ-૦૦ ૦૦૭. ફોન : ૮૨૮૦૭૩.

સાભાર સ્વીકાર

(૧) **સુધા ? ના, મારો સુધીર ! અને બીજી વાર્તાઓ :** લે. યજ્ઞેશ હ. શુકલ. પ્ર. એન. એમ. ત્રિપાઠી મું. ૨ કિ. રૂા. ૧૧-૫૦.

(૨) **પૂર્ણતા, મગ્નતા સ્થિરતા**-શ્લોક રચયિતા પ. પૂ. મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ ગુજરાતી વિવેચક પૂ. મુનિરાજ શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ પ્ર. નવજીવન ગ્રંથમાળા, ગારીઆધાર પાલીતાણા સૌરાષ્ટ્ર કિ દરેક પુસ્તિકાના ૪૦ પૈસા.

(૩) **સંતો મેરે, પ્રેમઘટા ઝુક આઇ :** લે કાન્તિલાલ કાલાણી પ્ર. સુમન પ્રકાશન, ૮૬, ડામર ગલી મુંબઇ-૯. કિ. રૂા. ૧૧.

(૪) **પર્યુષણ-પરાગ :** લે. ગણિવર્ય શ્રી મહાબલવિજયજી પ્ર. દર્ભાવતી પ્રકાશન, C/o. શાહ હસમુખલાલ મણિલાલ, શેઠ શેરી, શ્રીમાળી વાગા ડભોઇ જિ. વડોદરા કિ. રૂા. ૩-૫૦.

આનંદશંકર ધ્રુવ : પ્રબોધકાળના પ્રસ્થાનો

કૃષ્ણવીર દીક્ષિત

[ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં ડૉ. જયન્ત પાઠકે આપેલાં વ્યાખ્યાનો પૈકી પ્રથમ વ્યાખ્યાન]

લબ્ધપ્રતિષ્ઠ કવિ અને એક સમર્થ વિવેચક ડૉ. જયન્ત પાઠકે સોમવાર તા. ૬-૯-'૮૨ થી ૧૦-૯-'૮૨ એ પાંચ દિવસ રોજ સાંજે મુંબઇ યુનિવર્સિટી કલબ હાઉસના સભા ખંડમાં, મુંબઇ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. રમણલાલ ચી. શાહના અધ્યક્ષપદે 'આચાર્ય આનંદ શંકર ધ્રુવ' એ વિષે યુનિવર્સિટી આયોજિત ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં પાંચ વ્યાખ્યાનો આપ્યાં હતાં. તેમાંનાં પ્રથમ વ્યાખ્યાનનો સાર અહીં રજુ કરવામાં આવે છે.

આરંભમાં ડૉ. રમણલાલ શાહે આ વ્યાખ્યાનોના આયોજનની ભૂમિકા ઉપર પ્રકાશ પાડી વક્તાની પ્રતિભાનો તેમની કવિતા તથા વિવેચન વિષયક સિદ્ધિઓ સંદર્ભે પરિચય આપ્યો હતો.

પ્રથમ વ્યાખ્યાનનો વિષય હતો 'પ્રબોધકાળનાં પ્રસ્થાનો' ડૉ. જયંત પાઠકે પ્રથમ ઠક્કર વસનજી વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાનો આપવા માટે પોતાને નિમંત્રવા બદલ મુંબઈ યુનિવર્સિટીનો તેમજ વ્યાખ્યાન-માળાના યોજકોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. પોતાના પ્રથમ વ્યાખ્યાન 'પ્રબોધ કાળનાં પ્રસ્થાનો' એ નામાભિધાનમાં રહેલા અર્થની સ્પષ્ટતા કર્યા પછી ડૉ. જયંત પાઠકે કહ્યું :

'સાહિત્યમાં આપણે નર્મદથી આરંભાતા સમયને અર્વાચીન કાળ તરીકે ઓળખીએ છીએ. આ અરસો જેમ સાહિત્યમાં નૂતનતાનો છે તેમ દેશના, દેશની પ્રજાના સમગ્ર જીવનના ઉત્થાનનો છે. આ ઉત્થાન કાળમાં દેશ તેમ, ગુજરાતમાં સમાજ, ધર્મ શિક્ષણ, સાહિત્ય એમ સર્વ ક્ષેત્રે પરિવર્તનનો ઉત્સાહ દેખાય છે. નવા વિચારો, નવું જ્ઞાન, નવાં કાર્ય સાધનો દ્વારા પ્રજાના આગેવાનો ઉત્કર્ષની નવી દિશાઓ ઉઘાડવા મથે છે.

ડૉ. જયંતભાઇએ વધુમાં કહ્યું : પ્રબોધ કાળમાં પ્રજા જીવનને જાગ્રતિ, ઉત્સાહ અને ઉત્કર્ષક પ્રવૃત્તિઓમાં પ્રેરનાર બળો તરીકે મુખ્યત્વે અંગ્રેજી શાસન, પશ્ચિમની કેળવણી અને ખ્રિસ્તી મિશનરીઓની ધર્મક્ષેત્રની પ્રવૃત્તિઓને ગણાવી શકાય. રાજ, શિક્ષણ અને ધર્મ વિશે પ્રજાનો શિક્ષિત અને જાગૃત વર્ગ નવેસરથી વિચારતો થયો, એને જીવનના નવનિર્માણની આવશ્યકતા સમજાઇ અને તે માટેના ઉપાયો વિચારવાની પ્રેરણા મળી.

સંસાર સુધારો

ડૉ. જયંતભાઇએ પછી 'સંસાર સુધારા'ની પ્રવૃત્તિનો આરંભ ધર્મ અને સમાજના ક્ષેત્રમાં સુધારણા કરવાની પ્રવૃત્તિથી થયો એમ કહીને 'માનવધર્મ સભા' જેવી સંસ્થાએ ધર્મને નામે ધર્મના સ્વાંગમાં પ્રવર્તતાં અનિષ્ટોને ઉઘાડાં પાડવામાં કેવો ભાગ ભજવ્યો, મિશનરીઓની ખ્રિસ્તીધર્મ પ્રતિ શિક્ષિતોને આકર્ષવાની ધર્માન્તરની પ્રવૃત્તિઓએ ધર્મવિષયમાં સમાજના અગ્રણી વિચારકોમાં કેવી જાગૃતિ પ્રેરી, કવિ નર્મદના જીવનના પૂર્વકાળમાં અને ઉત્તરકાળમાં સુધારા પરત્વેની વિચારણામાં કેવા પરિવર્તન આવ્યા વગેરેનો નિર્દેશ કરીને કહ્યું : ધર્મ વિચારણાનો નર્મદનો ઊહાપોહ પ્રબોધકાળની ધર્મ શોધનની પ્રવૃત્તિનું આરંભબિંદુ ગણી શકાય. 'સુધારાનું ઇતિહાસરૂપ વિવેચન' જેવા નિબંધમાં નવલરામે સુધારાવાળાઓની પ્રવૃત્તિનું જે વિશ્લેષણ કર્યું તેમાં એમણે પરોક્ષ રીતે સુધારાવાળાઓની આક્રમક પ્રવૃત્તિઓથી નિષ્પન્ન સુપરિણામનું પણ જે સૂચન કર્યું છે તથા એકંદરે આપણી સંસ્કૃતિ અને ધર્મનું જતન કરવાનું દૃષ્ટ-અનિષ્ટ તત્ત્વોને વિવેકથી ઓળખીને તેના પુરસ્કાર તિરસ્કાર કરવાના દાખવેલા તેમના વલણની નોંધ લીધી અને કહ્યું કે તેનાથી ધર્મ શોધનની પ્રક્રિયાને સાત્ત્વિક બળ મળી રહ્યું.

ઇતર બળો

માનવ ધર્મ સભાની કામગીરી પર પ્રકાશ પાડ્યા પછી વક્તાએ મિશનરીઓની આક્રમક ધર્માન્તર પ્રવૃત્તિએ આપણા શિક્ષિત વર્ગને હિન્દુ ધર્મનું શોધન નવસંસ્કરણ કરવા પ્રેર્યા તથા ધર્મવિષયમાં ખંડનાત્મક સુધારા પ્રવૃત્તિએ રચનાત્મક અને રક્ષાત્મક કરવા પ્રેરી તે સર્વ કહીને બંગાળના રાજા રામ મોહન સાથે કરેલી સમાજ સુધારણા પ્રવૃત્તિનો, બ્રહ્મસમાજ અને પ્રાર્થના સમાજ તથા સ્વામી દયાનંદ સરસ્વતી સ્થાપિત આર્ય સમાજ તેમ વળી મેડમ બ્લાવાટસ્કીએ સ્થાપેલી થિયોસોફિકલ સોસાયટી આ સર્વ સંસ્થાઓએ ધર્મ ક્ષેત્રે કરેલી સુધારણા પ્રવૃત્તિનો ખ્યાલ આપી કહ્યું : 'આ સઘળી સંસ્થાઓએ કાર્ય તો કર્યું પણ તેમનું આવું ધર્મ રક્ષણનું, ધર્મ શોધનનું ને ધર્મ સમન્વયનું કાર્ય પ્રજાની ધર્મ જિજ્ઞાસાને, પ્રજાની ધર્મ તૃષાને પરિતૃપ્ત કરવામાં સફળ નહીં બન્યું હોય કદાચ. પણ એથી ધર્મ વિષયમાં જે જાગૃતિ આવી તેણે આપણા અનેક વિદ્વાનો અને વિચારકોને ધર્મમંથનની પ્રેરણા આપી છે અને ધર્મતત્ત્વ પરત્વે જાગ્રત રાખ્યા છે. સંસ્થાઓ ઉપરાંત રામકૃષ્ણ પરમ હંસ, સ્વામી વિવેકાનંદ, શ્રીમન્નૃસિંહાચાર્ય, ગોકુલજી ઝાલા તથા શ્રી નથુરામ શર્મા આ સહુએ પોતાના જીવન અને કાર્યથી આપણા ધર્મને પોષણ આપ્યું તે હકીકતની વક્તાએ નોંધ લીધી તેમ રમણભાઇ અને નરસિંહરાવ તથા મણિશંકર અને મણિલાલ જેવા સમર્થ સાહિત્યકારો અને વિચારકોએ સતત ધર્મચિંતન કરતા રહી, વેદ ઉપનિષદ અને દર્શનોની અટપટી સંકુલ વિચારધારાઓને ઉકેલવા મથતા રહી આપણા ધર્મપ્રવાહને કેવો નર્યો નીતર્યો રાખ્યો તે કહ્યું. રમણભાઇ તથા કાન્ત અને આનંદશંકર – આ ત્રણે સમર્થ વિચારકો અને સારસ્વતોએ ધર્મ વિષયક કરેલી વિચારણાને પ્રબોધકાળના આપણા સાંસ્કૃતિક ઇતિહાસના એક ઉજ્જવળ પ્રકરણ તરીકે બિરદાવી.

શિક્ષણ ક્ષેત્ર

શિક્ષણક્ષેત્રે અંગ્રેજોએ આ દેશમાં આવીને કરેલા પુરુષાર્થને પ્રજાકીય વિકાસની દૃષ્ટિએ મહત્ત્વની ઐતિહાસિક ઘટના તરીકે બિરદાવી વક્તાએ અંગ્રેજીદ્વારા શાળાઓ તથા યુનિવર્સિટીઓની થયેલી સ્થાપના હિંદુસ્તાનને કેવી ઉપકારક નીવડી તે કહીને કહ્યું: 'ગઇ સદીનો ત્રીજો દાયકો શિક્ષણના ઇતિહાસમાં એક મહત્ત્વનો' કાળખંડ છે. આ કાળખંડ દરમ્યાન વિલ્બર ફોર્સ, સંસ્કૃત અંગ્રેજ વિદ્વાન શ્રી વિલ્સન રાજા રામમોહનરાય, મુંબઇ નેટિવ એજ્યુ-કેશન સોસાયટીના મંત્રી શ્રી નાવિંસ તથા રણછોડદાસ ગિરધરદાસ વગેરેએ શિક્ષણક્ષેત્રે કરેલા મહત્ત્વના પ્રદાનની વિગતે નોંધ લીધી. ૧૮૫૭માં દેશમાં મુંબઇ યુનિવર્સિટી સહિત ત્રણ યુનિવર્સિટીઓ

સ્થપાઇ, તથા મુંબઇના ગવર્નર સર જે માલ્કમ અને ગુજરાતીમાં વ્યાકરણ તથા શબ્દ સંગ્રહ એમ બે પુસ્તકો છપાવનાર ડો. ડમ્ફ, નવું વ્યાકરણ તૈયાર કરાવનાર ફ્રાબ્સ અને ફલાકસન તથા સામાન્ય જ્ઞાન માટે સંસાર વહેવારની પોથી જેવું પ્રકાશન થયું તે સર્વ વાત વિસ્તારથી કર્યા બાદ વકતાએ ૧૯૧૬માં ઇન્દુલાલ યાજ્ઞિકના પ્રયાસથી અમદાવાદમાં સહુ પ્રથમ કેળવણી પરિષદનું અધિવેશન ભરાયું તેની અને તેની ફળશ્રુતિ વિશે વાત કર્યા પછી પ્રબોધકાળમાં શિક્ષણક્ષેત્રે થયેલી વિચારણામાં નવલરામ, નંદશંકર, મહીપતરામ મણિલાલ અને ફાન્ત આ સહુએ તથા કવિ નર્મદે અને કવિ દલપતરામે કરેલા પ્રદાનની વિગતે વાત કહી. નવલરામના શાળાપત્રનો શિક્ષણક્ષેત્રે તેમણે બજાવેલી કામગીરી સંદર્ભે ડો. જયંતે મહિમા કર્યો. તેમની પારદર્શી અને દૂરદર્શી દૃષ્ટિની કેળવણી વિચારણાનું માહાત્મ્ય સમજાવ્યું નવલરામે તેમના સ્વભાષાભિમાન, દેશહિત અને ભાવિ પ્રજાના સંસ્કાર ઘડતર પરત્વેની તેમની ચિંતા સંદર્ભે કરેલા પ્રદાનને બિરદાવ્યા પછી ડો. જયંતભાઇએ કેળવણી ક્ષેત્રે 'શિક્ષણનાં ઇતિહાસ' જેવા ગ્રંથ દ્વારા ફાન્તે શિક્ષણ ક્ષેત્રે બજાવેલી સેવાનું ગૌરવ કર્યું. મણિલાલે 'સુદર્શન' અને 'પ્રિયંવદા' દ્વારા શિક્ષણના તત્ત્વ અને પદ્ધતિની જે આલોચના કરી તેનો મહિમા કર્યો. તેમની મનુષ્યની કેળવણી સર્વાંગી હોવી ઘટે એવી હિમાયતનો ખાસ નિર્દેશ કર્યો. કવિ નર્મદ અને કવિ દલપતરામના કવિતા વિચારની તુલનાત્મક દૃષ્ટિએ છણાવટ કરી વિચારણામાં વિદ્વત્તા, શાસ્ત્રીયતા અને સમતોલતાને લક્ષમાં નવલરામને આપણા પ્રથમ સાહિત્ય વિવેચક તરીકે ઓળખાવી નવલરામની નમ્રતા અને સત્યનિષ્ઠાયુકત વિવેચના પ્રવૃત્તિની વિગતે વાત કરી. રસ વિષયક તેમણે કરેલી વિચારણાનો અર્થ રજૂ કર્યો. નાટક વિશેની તેમની દૃષ્ટિનો નિર્દેશ કર્યો તથા નવલરામના કવિતા વિચારનો પણ સંક્ષેપમાં ખ્યાલ આપ્યો.

પોતાનાં પ્રથમ વ્યાખ્યાનનું સમાપન કરતાં ડો. જયન્તે કહ્યું : મણીલાલ, રમણભાઇ, નરસિંહરાવ, બળવંતરાય, ન્હાનાલાલ આદિની સાહિત્ય વિચારણા વધારે પરિપકવ અને પરિષ્કૃત બનીને ચાલી છે. અંગ્રેજી, સંસ્કૃત, સાહિત્ય અને તત્વજ્ઞાનના આ અભ્યાસીઓ ધર્મ, કેળવણી અને સાહિત્યનાવિચારવિમર્શના સંદર્ભમાં આનંદશંકરના આ વિષયોની વિચારણામાં તેમના વિચારોનું સમર્થન કે ખંડન થતું જોવામાં આવે છે.

જૈન વિદ્વત સંગોષ્ઠી

ડો. રમણલાલ ચી. શાહ

ભારતીય જ્ઞાનપીઠ દિલ્હી અને શ્રી આચાર્ય શાંતિ સાગર સ્મારક, મુંબઇ એ બે સંસ્થાઓના સંયુકત ઉપક્રમે મુંબઇમાં ખોરીવલી, નેશનલ પાર્ક પાસે આવેલા દિગંબર તીર્થધામ 'તીનમૂર્તિ'–પોદનપુરમાં આચાર્યશ્રી વિમલસાગરજી મહારાજના સાનિધ્યમાં અને સાહૂ શ્રેયાંસપ્રસાદ જૈનની અધ્યક્ષતામાં ૭ અને ૮ સપ્ટેમ્બરના રોજ 'જૈન વિદ્યાના વિવિધ ક્ષેત્રો' એ વિષય પર જૈન વિદ્વત્ સંગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું.

મારા મિત્ર શ્રી બસંતલાલ નરસિંહપુરાએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે મને ખાસ આગ્રહ કર્યો હતો એટલે તારીખ ૮મી સપ્ટેમ્બરે મેં મારા મિત્ર શ્રી ગુલાબચંદ શાહની સાથે તેમાં હાજરી આપી હતી.

ભારતીય જ્ઞાનપીઠ જેવી સમૃદ્ધ સંસ્થાના ઉપક્રમે કાર્યક્રમનું આયોજન થયું હોય એટલે તેમાં ઘણા બધા વિદ્વાનોને બોલાવી શકાય એ સ્વાભાવિક છે. દિગંબર સમાજમાં અખિલ ભારતીય ધોરણે અને આટલા મોટા પાયા ઉપર આ પ્રકારની વિદ્વત્ સંગોષ્ઠીનું આયોજન કદાચ પ્રથમ વાર જ થયું હશે. આ કાર્યક્રમમાં મુંબઈ, દિલ્હી, ઇંદોર, ઉદયપુર, જયપુર, ઉજ્જૈન, સાગર, વારાણસી, જબલપુર, કોલ્હાપુર વગેરે સ્થળોએથી પચીસથી અધિક વિદ્વાનો પધાર્યા હતા. ભારતીય જ્ઞાનપીઠના નિર્દેશક શ્રી લક્ષ્મીચન્દ્ર જૈન અને 'તીર્થંકર'ના સંપાદક શ્રી નેમિચન્દ્ર જૈને આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ સંગોષ્ઠીની વિશેષતા એ હતી કે, તેમાં ભાગ લેનાર વિદ્વાનો આપણી પ્રાચીન પરંપરાના પંડિતો અને શાસ્ત્રીઓ હતા, તેમજ કોલેજો અને યુનિવર્સિટીમાં અધ્યાપન કાર્ય કરતા અધ્યાપકો પણ હતા. ડો. પ્રેમસુમન જૈન, ડો. કમલચંદ સોગાની, પંડિત કૈલાસચંદ્ર શાસ્ત્રી, પંડિત નાથુલાલજી શાસ્ત્રી, ડો. વિલાસ સંગવે, ડો. હુકમચંદજી ભારિલ્લ, શ્રી નીરજ જૈન, શ્રીમતી કમલ બૈદ્ય વગેરે ખ્યાતનામ વિદ્વાનોની ઉપસ્થિતિથી સભા ગૌરવવંતી બની હતી. વળી, પરમપૂજ્ય આચાર્યશ્રી વિમલસાગરજી મહારાજ, મુનિશ્રી ભરતસાગરજી મહારાજ, ક્ષુલ્લક શ્રી સન્મતિ સાગરજી મહારાજ વગેરે દિગંબર સાધુઓ તથા પૂજ્ય શ્રી સ્યાદ્મતિજી વગેરે આર્યિકાઓની ઉપસ્થિતિને લીધે વાતાવરણ અત્યંત પવિત્ર બન્યું હતું.

આ સંગોષ્ઠીના આયોજનમાં સમયમર્યાદા પહેલેથી રખાઈ હતી. પ્રતિનિધિ વિદ્વાનોએ પોતાના નિબંધો અગાઉથી મોકલી આપવાના હતા અને દરેકને પોતાનું વકતવ્ય રજૂ કરવા માટે દશથી વીસ મિનિટ આપવાનું વિચારાયું હતું. આ વ્યવસ્થાને લીધે બે દિવસમાં ઘણા વિદ્વાનોનો લાભ સંગોષ્ઠીને મળ્યો.

આમ છતાં શ્રોતાઓના પક્ષે આ આયોજનથી સર્વથા સંતોષ થયો એમ ન કહી શકાય કેમ કે, કેટલાક વિદ્વાનો માટે પોતાનું વકતવ્ય દશ-પંદર મિનિટમાં પૂરું કરવાનું સરળ નહોતું.

જૈન ધર્મ, જૈન ઇતિહાસ અને પુરાતત્ત્વ, જૈન મંત્ર શાસ્ત્ર, જૈન તત્વજ્ઞાન વગેરે વિવિધ વિષયો પર અભ્યાસયુકત નિબંધો આ સંગોષ્ઠીમાં વંચાયા અને સૌને વિભિન્ન વિષયો પર કેટલીક વિશેષ જાણકારી પ્રાપ્ત થઇ.

આ બધા નિબંધો પુસ્તક રૂપે પ્રગટ થાય એવી અપેક્ષા સાથે જૈન વિદ્વત્ સંગોષ્ઠીનું આયોજન પ્રતિ વર્ષ વધુ સુયોજિત રીતે થતું રહે એવી આપણે આશા રાખીએ.

* ભૂલ સુધાર *

ગતાંકમાં પાના ૯૬ ઉપર 'સંઘ સમાચાર'માં પુસ્તકાલય સમિતિમાં ચોથું નામ શ્રી પ્રવિણચન્દ્ર કે. શાહ છપાયું છે તેને બદલે શ્રી પ્રવિણચન્દ્ર મંગળદાસ શાહ એમ વાંચવું.–તંત્રી.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ધી રટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૧૨

મુંબઈ ૧૬-૧૦-૮૨ ઓક્ટોબર, ૧૯૮૨, શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ : પરદેશ માટે શિલિંગ ૧૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

મારી કસોટી

★ ચીમનલાલ ચકુભાઇ શાહ

દુઃખમાં અથવા સંકટમાં માણસની પરીક્ષા થાય છે, ખાસ કરી તેની શ્રદ્ધાની અને તેના ધૈર્યની. સદ્‌ભાગ્યે અત્યાર સુધી જિંદગીમાં મને એવું દુઃખ નથી પડ્યું કે જેનો ફાળજે ઘા વાગે. પણ હવે ૨૩ વર્ષ પછી ગંભીર માંદગી આવી છે, તેમાં મારી કસોટી થશે એમ લાગે છે. સત્તર દિવસથી હોસ્પિટલમાં છું. નિષ્ણાત ડૉક્ટરો, શાન્તિલાલ મહેતા, શિરીષ ભણસાલી, કૈલાશવાળા, આર. જે. શાહ, આર. એચ. મહેતા, ડૉ. સાંગાણી વગેરેએ પૂરી તપાસ કરી અને એ નિર્ણય પર આવ્યા છે કે ઓપરેશન કરવું પડશે. પેટમાં કંઈ ગાંઠ છે, તેનો ઓપરેશન સિવાય બીજો ઉપાય નથી. મારી ૮૧ વર્ષની ઉંમર અને નબળી શારીરિક સ્થિતિ જોતાં મને સંકોચ હતો, પણ છેવટ ઓપરેશન માટે મેં સંમતિ આપી છે.

આવતી કાલે ગુરુવાર તા. ૭મી ઓક્ટોબરે સવારે ૮ વાગે ઓપરેશન થશે. મનમાં લેશ પણ ચિન્તા કે ભય નથી. સંપૂર્ણ શાન્તિથી અને પ્રસન્ન ચિત્તે ઓપરેશન કરાવીશ. ઈશ્વરની ઇચ્છા હશે એમ થશે. ડૉક્ટરોને ખાત્રી છે કે કોઈ જોખમ નથી. હોસ્પિટલ-જૈન ક્લિનિક-એક રીતે મારી પોતાની હોસ્પિટલ છે, જ્યાં સંપૂર્ણ કાળજી અને સારવાર થાય છે. આથી વિશેષ કોઈ અપેક્ષા ન હોય.

જે અનુભવ આટલાં વર્ષોથી થતો આવ્યો છે તે અનુભવ આ માંદગી દરમ્યાન ઘણો વ્યાપક રીતે અને સુખદ અનુભવ થયો. હજારો લોકોનો પ્રેમ, સદ્‌ભાવ, શુભેચ્છાઓ છે અને એ જ મારા જીવનની મોટી મૂડી છે.

આવા પ્રસંગે મન અંતર્મુખ થાય એ સ્વાભાવિક છે. દીર્ઘકાળના જીવન ઉપર દૃષ્ટિપાત કરું છું, ત્યારે જોઉં છું કે ઘણી ભૂલો થઇ છે, સ્ખલનો થયા છે; કેટલાક ગંભીર પણ. છતાં એનો કોઈ બોજો કે ભાર મારા મન ઉપર નથી. આરસ ઉપરથી પાણી સરી જાય એમ એ બધું સરી ગયું છે અને જીવનવિકાસ અવિરતપણે ચાલુ રહ્યો છે.

"વિત્યાં વર્ષો ને લોપ સ્મરણથી,
સ્ખલન થયા તે સર્વ
મારે આજ થકી નવું પર્વ.

એ જ ભાવ સદા મનમાં રહ્યો છે.

એમ કહેવાય છે કે દર્દીને પ્રબળ જિજીવિષા હોય તો દર્દ છતાં, જીવન ટકી રહે. મારામાં એવી જિજીવિષા નથી. જૈન ધર્મમાં કહ્યું છે કે જીવવાની ઇચ્છા ન કરવી, મરવાની ઇચ્છા પણ ન કરવી; કર્મબંધ પ્રમાણે આયુષ્ય રહે.

તાત્ત્વિક દૃષ્ટિએ વિચારું છું તો દેહ અને આત્મા ભિન્ન છે એવી પ્રતીતિ છે. મૃત્યુ એનું મોટું પ્રમાણ છે. આ દેહમાંથી ચેતન ઊડી જાય એટલે દેહને બાળી નાખવાનો જ રહે. ચેતનના સ્વરૂપનું અને ગતિનું જ્ઞાન નથી. પણ એ ચેતન અમર અને અવિનાશી છે. શ્રીમદ રાજચન્દ્રે કહ્યું છે તેમ 'ચેતન પામે નાશ તો કર્મ ભલે તપાસ.' ચેતન, ચેતનમાં જ ભલે-વિશ્વચૈતન્યમાં-અને એ જ એનું અંતિમ ધ્યેય અને લક્ષ્ય છે. એ જ મોક્ષ છે. આ જીવનું, આત્મા તરીકે જુદું, અસ્તિત્વ કાયમ રહે એને હું મોક્ષ નથી માનતો. પણ મહાસાગરમાં નદી વિલીન થઇ જાય તેમ વિશ્વચૈતન્યનો આ અંશ, બ્રહ્માંડમાં વિલસી રહેલા ચૈતન્યમહાસાગરમાં વિલીન થઈ જાય એ જ એનો મોક્ષ છે, તેમ થવા માટે ચૈતન્ય શુદ્ધ થવું જોઇએ અને એ શુદ્ધ કરવું એ જીવનની સાધના છે. આટલું અલ્પમતિથી સમજ્યો છું.

જીવનના રહસ્યનો તાગ પામી શકાતો નથી અને અન્તે ગીતામાં કહ્યું છે તે સ્વીકારવું એ જ માર્ગ છે.

"ઈશ્વરઃ સર્વ ભૂતાનામ, હૃદ્દેશે અર્જુન તિષ્ઠતિ
ભ્રામયન સર્વભૂતાનિ, યંત્રારૂઢાનિ માયયા
'વસીને સર્વ ભૂતોનાં હૃદયે પરમેશ્વર,
માયાથી ફેરવે સહુને, જાણે યંત્ર પરે ધર્યા.

હવે એમ લાગે છે કે સારું થશે તો ઠીક છે અને કંઈ વિપરીત થાય તો પણ લેશ ચિન્તા કે ભય નથી, મારી પ્રાર્થના સદા રહી છે :

'પ્રેમળજ્યોતિ તારો દાખવી, મુજ જીવન પંથ ઉજાળ,
આજ લગી રહ્યો ગર્વમાં હું ને માગી મદદ ન લગાર,
આપબળે મારગ જોઇને ચાલવા, હામ ધરી મૂઢ બાળ,
હવે માયુ તુજ આધાર.
તારા પ્રભાવે નિભાવ્યો મને પ્રભુ, આજ લગી પ્રેમભેર,
નિશ્ચે મને તે સ્થિર પગલેથી ચલવી પહોંચાડશે ઘેર,
દાખવી પ્રેમળ જ્યોતિની સેર.'

બાર વર્ષથી 'પ્રબુદ્ધ જીવન'ના હજારો વાચકો સાથે ગાઢ આત્મીયતાનો સંબંધ થયો છે. મારા જીવનનો એ પરમ આનંદ છે. ઈશ્વરની ઇચ્છા હશે તો એ સંબંધ ફરીથી ચાલુ રહેશે અને ત્યાં સુધી સહુને પ્રેમપૂર્વક પ્રણામ કરું છું.

બુધવાર તા. ૬-૧૦-૧૯૮૨, રાત્રે ૯-૩૦ વાગે.

તા. ક.

પૂ. ચીમનભાઇના આ લખાણ પછી બીજે દિવસે સવારે તેમનું ઓપરેશન સુખરૂપ પતી ગયું છે. નબળાઈ ઘણી છે, પરંતુ ક્રમશઃ તેઓ તંદુરસ્તી પ્રાપ્ત કરીને આપણા વચ્ચે જલ્દી આવી જાય એવી ઈશ્વરને આપણા સૌની પ્રાર્થના.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ અને સંઘનો પરિવાર.

કાયકષ્ટ વિશે

□ મહેશ જે. મહેતા

તા. ૧૬ ઓગષ્ટનો 'પ્રબુદ્ધ જીવન'નો અંક મારા જોવામાં આવ્યો અને તેમાં 'શ્રીમદ્ રાજચંદ્ર' શીર્ષકવાળો શ્રી ચીમનલાલ ચકુભાઇનો અગ્રલેખ વાંચ્યો અને આનંદ અનુભવ્યો. તેમાં એમણે પહેલા પેરેગ્રાફમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના વિચારોનો ઉલ્લેખ કર્યો છે તે વિશે મારા વિચારો રજુ કરું છું.

૧. પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ એકાન્ત જ્ઞાનવાદી બની ક્રિયાકાંડનો વિરોધ કરનારા હતા અને એક તરફ ઢળી ગયા હતાં એવું ન હતું એ વાતની પ્રતીતિ તેમની દરેક હિન્દી-ગુજરાતી કૃતિઓ અને તેમનું જીવન જોતાં અવશ્ય થાય છે. તેમના સંસ્કૃતન પ્રાકૃત ગ્રંથોની વાતો પણ જે જે સાભળવામાં આવી છે એ પણ એ જ વાતની પ્રતીતિ કરાવે છે કે તેઓ જેટલો ઝોક જ્ઞાન તરફ આપે છે તેટલો જ ઝોક ક્રિયા તરફ આપે છે. તેઓશ્રીએ જેટલા અંશે શુષ્ક અને મિથ્યાહેતુક ક્રિયાઓનું ખંડન કર્યું છે તેટલા અંશે શુષ્ક અને મિથ્યાહેતુક જ્ઞાનનું પણ ખંડન કર્યું જ છે. તેઓશ્રીએ જ્ઞાન-નિરપેક્ષ ક્રિયાને નિરર્થક ગણાવી છે અને તે જ રીતે ક્રિયા-નિરપેક્ષ જ્ઞાનને પણ નિરર્થક ગણાવ્યું છે. આ વસ્તુ તેમની હિન્દી ગુજરાતી ભાષાની કૃતિઓ તરફ નજર કરવાથી સ્પષ્ટ તરી આવે છે.

(૨) પૂજ્ય મુનિ શ્રી કીર્તિયશવિજયજીનો જે લેખ પુસ્તકમાંથી પ્રગટ કરવામાં આવ્યો તે 'સન્માર્ગ દર્શન' શ્રી સીમંધર સ્વામિની ૩૫૦ ગાથાના સ્તવનની પહેલી ઢાળના ૧૫ થી ૧૬ ગાથાનું વિવેચન પ્રબુદ્ધજીવનના અંકમાં લેવામાં આવ્યું છે તો એ જ ઢાળની આગળપાછળની ગાથાઓ અને તેના વિવેચન ઉપર દ્રષ્ટિપાત કરવામાં આવે તો પણ એ વાત જોવા મળે છે કે પૂજ્ય ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ કે વિવેચનકાર મુનિશ્રીએ એકલી ક્રિયા કે કાયકષ્ટનો વિરોધ નથી કર્યો પરન્તુ શુષ્ક અને મિથ્યાહેતુક જ્ઞાનનો પણ એટલો જ વિરોધ કર્યો છે અને એકાંશ્રી વિરોધ કરીને જ અટકી ગયા નથી પરન્તુ સરસ અને સમ્યગ્હેતુક જ્ઞાન તથા ક્રિયા અને કષ્ટભોગને એટલું જ મહત્વ આપ્યું છે. આ અંગે પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજની નીચેની કડીઓ તથા 'સન્માર્ગદર્શન' માંથી તેના વિવેચનને જોવામાં આવે તો પણ એ વાત તરી આવ્યા વિના નહિ રહે.

ક્રિયા ઉથાપી કરીજી, છાંડી તેણે લાજ
નવિ જાણે તે ઉપજેજી, કારણ વિણ નવી કાજ-
નિશ્ચયનય અવલંબતાજી, નવિ જાણે તસ મર્મ
છોડે જે વ્યવહારનેજી, લોપે તે જિન ધર્મ
નિશ્ચલ યવિ પામી શકેજી નવિ પળે વ્યવહાર
ક્રિયા બિના જ્ઞાન ન કબહુ, ક્રિયા જ્ઞાન બિનુ નાંહી
ક્રિયા જ્ઞાન દોઉં મિલત રહતું હે, જ્યોં જલરસ જલમાંહિં-

જ્ઞાનસારમાં પણ પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે ક્રિયાનુ મહત્ત્વ બતાવતાં જણાવ્યું છે કે

ક્રિયાવિરહિતં હન્ત, જ્ઞાનમાત્રમનર્થકમ્ ।
ગતિં વિના પથજ્ઞોઽપિ, નાઽડપ્નોતિ પુરમિપ્સિતમ્ ॥

આ બધું જોતાં એ સ્પષ્ટ જણાય છે કે તેઓશ્રીએ તથા વિવેચનકારશ્રીએ ક્રિયાનો કે કષ્ટભોગનો નિષેધ નથી કર્યો, પરન્તુ જ્ઞાન અને જ્ઞાનીની ઉપેક્ષાપૂર્વકની ક્રિયાને તથા કષ્ટભોગને અહિતકર જણાવ્યાં છે. આ વાતને તેઓશ્રીએ 'સન્માર્ગ દર્શન' પુસ્તકમાં પેજ ૬ થી ૩૩ સુધીમાં બહુ જ સારી રીતે સમજાવી છે.

વળી પ્રસ્તુત લેખમાં પણ 'માત્ર કષ્ટમાં ધર્મ નથી' એ શિર્ષક દ્વારા એમ નથી સમજાતું કે 'કષ્ટમાં ધર્મ નથી' એવું નથી. પરન્તુ જ્ઞાન અને જ્ઞાનીની ઉપેક્ષાપૂર્વકના કષ્ટમાં ધર્મ નથી. આ વાતમાં અયથાર્થતા જેવું કે એકપક્ષતા જેવું શું કહી શકાય તેમ છે? આમાં કષ્ટભોગનો નિષેધ કે વિરોધ કર્યા આવ્યો? વળી નીચેનું વાક્ય પણ એ વાત સ્પષ્ટ કરે છે કે 'વિવેક વિનાનો કષ્ટભોગ માત્ર જનમનનું રંજન કરી શકે છે, પરન્તુ આત્મરંજન તો ન જ કરી શકે' આ દ્વારા શું એ નક્કી નથી થતું કે 'વિવેકવાળો કષ્ટભોગ આત્મરંજન કરી શકે છે?' તેમ જ તે લેખમાં છેલ્લે છેલ્લે જે લખવામાં આવ્યું છે કે 'જે કષ્ટભોગ વિવેકપૂર્વકનો હોય, જેમાં આશય શુદ્ધિ ભળેલી હોય, જે આજ્ઞાને અનુસરતો હોય, અને એ જ કારણે અનુબંધ શુદ્ધ હોય તે કષ્ટભોગ આત્મકલ્યાણકર બની શકે છે.'

તો આ પેટા દ્વારા શું સુવિશુદ્ધ કષ્ટભોગની પુષ્ટિ નથી થતી?

(૩) આ સ્તવન વિગેરેની કડીઓમાં કરાયેલાં વિધાનો પૂ. ઉ. શ્રી યશોવિજયજી મહારાજે પોતાને માટે નથી કર્યાં, પરન્તુ અજ્ઞાનમાં અટવાતાં આત્માઓને સન્માર્ગનું દર્શન કરાવવા ઉપદેશરૂપે જ કર્યાં છે. આથી એમ પણ ન જ કહી શકાય કે 'આનંદઘનજી અને યશોવિજયજીની કોટિએ પહોંચ્યા હોય તેવી વ્યક્તિ માટે જ એ કથન સત્ય છે.'

જે વ્યક્તિએ આનંદઘનજી અને ઉ. યશોવિજયજીની કોટિએ પહોંચવું હોય તેવા દરેક સાધક – આરાધક આત્માને માટે પણ એ વિધાનો સમજવા, વિચારવા અને આચરવા અત્યન્ત અનિવાર્ય બની જાય છે. જો આ વાતને સ્વીકારવામાં ન આવે તો શ્રીમદ્ની નીચેની કડી માટે પણ વિચારણા ઉભી થઇ જશે :

બાહ્ય ક્રિયામાં રાચતા અંતભેદ ન કાંઇ.
જ્ઞાનમાર્ગ નિષેધતાં તેહ ક્રિયા જડ આંઇ

જો આ પદોને માટે એમ માનવામાં આવે કે તે ક્રિયા માત્રનો નિષેધ કરનાર નથી પણ જડ ક્રિયાનો નિષેધ કરનાર છે તો 'માત્ર કષ્ટમાં ધર્મ નથી' એ વાતને પણ એજ અર્થમાં સ્વીકારવી જોઇએ એવું નિષ્પક્ષપાતપૂર્વક વિચારતાં મને જણાય છે.

ડો. રમણલાલ ચી. શાહને અભિનંદન

સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળા તથા વિદ્યાસત્રના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહની–'ફ્રાન્સ ગુજરાતી સભા'ના પ્રમુખ તરીકે વરણી થઇ છે–તે માટે તેમને હાર્દિક અભિનંદન.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

આંખની સંભાળ માટેનો અમૂલ્ય ઇલાજ

શ્રી ચન્દ્રકાન્ત શાહ, ઘાટકોપરમાં, આંખ માટેનું ઉપચાર કેન્દ્ર ચલાવે છે. તેઓની સારવારથી ચશ્માના નંબર ઉતરી જાય છે અને મોતીયો પણ ઓગળી જાય છે.

'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે તા. ૨૩-૧૦-૮૨ શનિવારના રોજ સાંજના ૫-૩૦ વાગે, પરમાનંદ કાપડિયા સભાગૃહમાં ઉપરના વિષય ઉપર તેમનું જાહેર પ્રવચન રાખવામાં આવેલ છે. જિજ્ઞાસુઓને સમયસર પધારવા અમારું પ્રેમભર્યું નિમંત્રણ છે.

—નીરુબહેન શાહ –કન્વીનર, પ્રેમળ જ્યોતિ.

સત્યનું પરિણામ—નિરપેક્ષ પ્રકાશન યોગ્ય છે?

* યશવંત દોશી

થોડા વખત પહેલાં ફૉકલેન્ડ ટાપુઓમાં બ્રિટન અને આર્જેન્ટિના વચ્ચે યુદ્ધ થયું ત્યારે બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કૉર્પોરેશન (બી. બી. સી.) સમાચારમાં ઘણી ચમકી. બી. બી. સી. ના સ્વતંત્ર મિજાજ વિષે સમાચાર અને લેખોની ઝડી વરસી. બ્રિટનનાં વડાં પ્રધાન શ્રીમતી થેચર યુધ્ધ અંગેનાં કેટલાંક પ્રસારણોની વિરુધ્ધ હતાં, પણ બી.બી.સી.એ એમને મચક આપી નહિ અને સંપૂર્ણ સત્ય રજુ કરવાનું અને બેઉ પક્ષની ટીકાને પ્રસારિત કરવાનું પોતાનું વલણ પકડી રાખ્યું. એ વાત જગતભરમાં જાહેર કરવામાં આવી અને બી. બી. સી. ની પ્રતિષ્ઠા વધી. એક દેશ તરીકે આ બાબતમાં બ્રિટનની પ્રતિષ્ઠા પણ વધી. બ્રિટન જેવા દેશમાં જ સરકાર પાસેથી નાણાં મેળવતી એક સ્વતંત્ર કૉર્પોરેશન ખરેખર સ્વતંત્ર રહી શકે એવું દુનિયાના લોકોને લાગ્યું. દુશ્મન દેશના લોકો પણ સાચી હકીકત જાણવા માટે બી. બી. સી. ના સમાચાર સાંભળે એવી બીજા વિશ્વયુદ્ધના વખતથી ચાલી આવતી બી. બી. સી. ની પ્રતિષ્ઠા ઉત્તરોત્તર વધતી ગઈ છે અને ફૉકલેન્ડના યુદ્ધ દરમિયાન એમાં ઘણી વૃદ્ધિ થઇ છે.

ફૉકલેન્ડના યુદ્ધ દરમિયાન બી. બી. સી. નાં પ્રસારણો વિષે કેટલીક ઊલટીસૂલટી ટીકાઓ પ્રગટ થઇ છે. સરકારને બી. બી. સી. નું વલણ નહોતું ગમતું અને પ્રધાનો એની વિરુદ્ધમાં નિવેદનો કરતા હતા એવું પણ કહેવાયું છે, તો તાજેતરમાં બી. બી. સી.ના સાપ્તાહિક 'લિસનર'માંથી 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'એ પ્રગટ કરેલા એક લેખમાં શ્રી ડગ્લસ મગરિજે લખ્યું છે કે 'ફૉકલેન્ડની સમગ્ર કામગીરી દરમિયાન વિદેશખાતા તરફથી કોઇ પણ પ્રકારે સંપાદકના કામમાં દરમિયાનગીરી કરવાનો પ્રયત્ન નહોતો થયો. પણ ઉપરની હકીકતની યથાર્થતા નક્કી કરવાનો આ લેખનો આશય નથી.

બી. બી. સી.ની કે જગતના કોઇ પણ સમાચાર માધ્યમની સ્વતંત્રતા આવકાર્ય છે એ વિષે બેમત નથી. પણ સ્વતંત્રતા છે તેથી જ એમને માથે ઘણી મોટી જવાબદારી પણ છે. બી. બી. સી. એ ફૉકલેન્ડના યુદ્ધ વખતે બ્રિટિશ સરકારને ન ગમે એવી કેટલીક હકીકતો પ્રસારિત કરી તે હિંમતનાં તો જગતે વખાણ કર્યાં, પણ સવાલ એ છે કે દેશને ખરેખર નુકસાનકારક હોય એવી હકીકતો પણ પ્રગટ કરવામાં આવે તો એ વાજબી ગણાય? અમુક સમાચાર હકીકતો એટલે કે સત્ય ઉપર આધારિત છે. બી. બી. સી. સત્ય રજુ કરવાનો પોતાનો ધર્મ સમજે છે પણ એ સત્ય દેશને સ્પષ્ટ રીતે નુકસાન કરે એવું હોય તો પણ રજુ કરવાનો એનો ધર્મ ખરો? આ ચર્ચા કરવાની જરૂર એટલા માટે છે કે બી. બી. સી.ની હિંમતની પ્રશંસા કરતાં કરતાં આપણે કોઇક ખોટા નિર્ણય પર ન પહોંચી જઇએ.

આપણે વિચારવાનો પ્રશ્ન એ છે કે માનવસમાજના વ્યવહારમાં પરિણામનિરપેક્ષ સત્યનો આગ્રહ રખાય ખરો? સાદી ભાષામાં કહીએ તો અમુક હકીકત સત્ય છે એટલે પછી એ જાહેર કરવાથી આપણા નજીકના માનવબંધુઓને, આપણા દેશને કે આખા જગતને નુકસાન થતું હોય તો પણ એ સત્ય જાહેર કરી જ દેવું જોઇએ?

એક નાનકડી વાત વચમાં કરી લઉં. સમાજના વ્યવહારમાં કેટલીક વાતો ખાનગી રખાય, કોઇને કહી ન દેવાય એ વાતનું ઘણું મહત્ત્વ સ્વીકારાયું છે. પેટમાં વાત રાખવી એ એક સજ્જનનું લક્ષણ ગણાયું છે. જેના પેટમાં વાત ન રહે એને ખાનગી વાત ન કરવી એવું વ્યવહારડાહ્યા માણસોએ કહ્યું છે.

પણ અહીં આપણે વર્તમાનપત્ર, સમાચારસંસ્થા, રેડિયો ટેલિવિઝન વગેરે સમાચારમાધ્યમોની વાત કરીએ છીએ. આ માધ્યમોએ સત્ય રજુ કરવાનું પોતાનું સૌથી પહેલું કામ છે એમ માન્યું છે અને સૌએ એ સ્વીકાર્યું છે. આ સત્ય પરિણામની પરવા કર્યા સિવાય, તત્ક્ષણ, નિર્ભેળ રીતે, સંપૂર્ણપણે, હંમેશાં પ્રગટ કરવું જોઇએ એવો આગ્રહ વાજબી છે?

સત્ય તત્કાળ, પૂરેપૂરું પ્રગટ કરી દેવાથી કદી નુકસાન નથી જ થતું એવું તો કોઇ રોમાન્ટિક ખ્યાલ ધરાવનારી વ્યક્તિ જ માની શકે. વ્યવહારમાં આપણે ડગલે ને પગલે અમુક વાત અકાળે બહાર પડી જવાનાં માઠાં પરિણામ જોતા હોઇએ છીએ. એટલે નુકસાન થાય જ નહિ એમ કહેવું તો યથાર્થ નથી. પરિણામે એવું માનનારી વ્યક્તિ માટે ખરું વલણ એ જ હોઇ શકે કે કોઇને લાભ થાય કે નુકશાન એ જોવાનું આપણું કામ નથી. સત્ય એટલે સત્ય. એ એવું મોટું મૂલ્ય છે કે પરિણામની પરવા કર્યા સિવાય એને વળગી જ રહેવું જોઇએ. આવી રીતે પરિણામની પરવા કર્યા સિવાય, પરિણામનિરપેક્ષ રીતે, સત્ય પ્રગટ કરવાનો આગ્રહ વાજબી છે કે કેમ એ આ લેખનો વિષય છે. પરિણામનિરપેક્ષ પ્રકાશન એ કદાચ ટેકનીકલ શબ્દ બની ગયો. સાદી ભાષામાં એને વિવેકહીન પ્રકાશન કહી શકાય—સારાં કે ખોટા પરિણામ અંગે વિવેક રાખ્યા વિના કરી નાખેલું પ્રકાશન.

સત્યના પરમ આગ્રહી ગાંધીજી આ બાબતમાં કેવું વલણ ધરાવતા એનું એક જાહેર દૃષ્ટાંત આપણી પાસે છે. ૧૯૪૪ માં મુંબઇમાં ગાંધીજી અને મહમદઅલી ઝીણા વચ્ચે દેશની ભાવિ રાજકીય વ્યવસ્થા અંગે વાટાઘાટો ચાલતી હતી ત્યારે 'જન્મભૂમિ'ના તંત્રી સ્વ. અમૃતલાલ શેઠે છાની રીતે એ વાટાઘાટોને લગતા કાગળો મેળવીને તે અંગેની હકીકતો બહાર પાડી દીધેલી. ગાંધીજી આને લીધે અમૃતલાલ શેઠ પર બહુ જ નારાજ થયેલા. ગાંધીજીનો મત એવો હતો કે વાટાઘાટો ચાલતી હોય ત્યારે એની વાતો અકાળે બહાર પાડી દેવાથી રાષ્ટ્રને નુકસાન થાય છે. અમૃતલાલ શેઠનો મત એવો જણાતો હતો કે રાષ્ટ્રના લાભ-નુકસાન સાથે પત્રકારને કંઇ લેવાદેવા નથી. એમની દૃષ્ટિએ પત્રકારની ફરજ ગમે તેમ કરીને હકીકતો મેળવવાની અને પરિણામની પરવા કર્યા વગર એ પ્રગટ કરવાની છે. આટલાં વર્ષે ગાંધીજીના કે અમૃતલાલ શેઠના ચોકકસ શબ્દો યાદ નથી પણ બન્નેના વલણ અંગેની મારી છાપ મેં અહીં આપી છે. આમાં પણ મુદ્દો આ જ ઉભો થાય છે. પરિણામનિરપેક્ષ સત્ય આવકારપાત્ર ખરું? કે સત્યના પ્રકાશનમાં દેશ કે દુનિયા ઉપર થનારા સારાં કે ખોટા પરિણામનો વિચાર કરી માણસે કંઇક વિવેક વાપરવો જોઇએ?

સત્યનો પ્રશ્ન યુદ્ધના સમયમાં તો વધુ કપરો બની જાય છે. અંગ્રેજીમાં એક કહેવત બહુ પ્રચલિત છે: યુધ્ધમાં સૌથી પહેલી હત્યા સત્યની થાય છે. યુધ્ધ દરમિયાન પોતાની અને સામા પક્ષની તાકાત વિષે, પોતાની અને સામાની ખુવારી વિષે, બન્નેની વ્યૂહરચના અને ચાલ વિષે દરેક પક્ષકાર પોતાના પક્ષને લાભદાયક હોય એવો ભ્રમ ઊભો કરવા પ્રયત્ન કરે છે. યુધ્ધ લડવામાં આવા ભ્રમ જરૂરી હોય છે અને એ ભ્રમ ભાંગે તો મોટું નુકસાન પણ થાય છે.

નેપોલિયન વિષે એક દૃષ્ટાંત ઘણી વાર અપાય છે. એક નાનકડી ટેકરીને મથાળે પોતાના શ્વેત અશ્વને અઢેલીને નેપોલિયન નક્ષિકરો ઊભો હતો. થોડાક અંગ્રેજ સૈનિકો સામેના રસ્તેથી ટેકરી તરફ આવતા દેખાયા. નેપોલિયન જરાયે ડર્યા વિના હતો તેવો બેફિકર ઊભો રહ્યો. એ જોઇને અંગ્રેજ સિપાઇઓને લાગ્યું કે ટેકરીની સામી બાજુએ નેપોલિયનનું સૈન્ય હોવું જોઇએ. એટલે અંગ્રેજ સિપાઇઓ ઘોડા પાછા વાળીને ભાગી ગયા. હકીકતમાં નેપોલિયન એકલો જ સૈન્યથી દૂર આવી ગયો હતો. પણ ભ્રમ ભાંગ્યો નહિ ને એ બચી ગયો. ઘડીભર માનો કે કોઇ ફ્રેન્ચ પત્રકાર એટલામાં હોત તો નેપોલિયન એકલો ઊભો છે એવું જાહેર કરી દેવાનો એનો ધર્મ ખરો?

જરાક આગળ ચાલીએ. એક બ્રિટિશ નૌકાકાફલો ફોકલેન્ડ ભણી જઈ રહ્યો છે. બ્રિટિશ સત્તાવાળાઓએ એવો ભ્રમ ઊભો કર્યો છે કે કાફલો અમુક તાકાતવાળો છે. હકીકતમાં કાફલો ઘણો નાનો છે. બી. બી. સી. ને ખબર પડી ગઇ કે કાફલો નાનો છે. એણે એ હકીકત એ જ ક્ષણે પ્રસારિત કરી જ દેવી જોઇએ?

હજી આગળ જઇએ. એક દેશના લશ્કરી સત્તાવાળાઓ બીજા દેશ પર કોઇક કારણે વેર વાળવા અણુબોંબ નાખવા તલપી રહ્યા છે. પણ એમને વહેમ છે કે એ બીજા દેશ પાસે પણ અણુબોંબ છે. આથી તેઓ ગમે તેટલી ઇચ્છા હોવા છતાં એ દેશ પર અણુબોંબ ફેંકતા અટકયા છે. પણ એ દેશના પોતાના કોઈ ખબરપત્રીને ખબર પડી ગઈ કે એના દેશ પાસે અણુબોંબ નથી. આ હકીકત તરત જ જાહેર કરી દેવાની એની ફરજ ખરી?

ઉપરનાં બધાં દૃષ્ટાંતોમાં મુદ્દો એટલો જ છે કે પરિણામની પરવા કર્યા વગર સત્ય જાહેર કરી દેવું એ સમાચારના માધ્યમ માટે વાજબી ગણાય?

થોડાક જુદી જાતનાં દૃષ્ટાંતો. એક પ્રખર ગાંધીવાદી નેતા જૈનોની વ્યાખ્યાનમાળાઓમાં દૃષ્ટાંત આપતા કે એક શિકારી હરણની પાછળ પડયો હોય, આપણે હરણને જતું જોયું હોય અને શિકારી આપણને પૂછે તો શું કરવું? સત્ય બોલીને હિંસા થવા દેવી કે અસત્ય બોલીને હરણની હિંસા થતી અટકાવવી? પેલા નેતા એમ કહેતા કે આપણે કહેવું કે હું જાણું છું પણ તને નહિ કહું, અથવા એમ કહેવું કે હરણ આ રસ્તે ગયું છે પણ તું એ રસ્તે નહિ જઇ શકે. પહેલાં મને મારીને જ તું હરણની પાછળ જઇ શકીશ. સંભવ છે કે આ બન્ને રીતે હરણ કદાચ નહિ બચે. શિકારીને ખોટે માર્ગે ચડાવીને હરણને વધુ ચોકકસપણે બચાવી શકાય.

એથી વધુ ખરાબ દાખલો. જાપાનનો ચીન ઉપરનો આક્રમણ વખતે અને ભારતનાં વિભાજન વખતે આવા દાખલા જાણવામાં આવતા. લઘુમતી કન્યાઓના એક છાત્રાલયની કન્યાઓ ભાગે તે પહેલાં બહુમતી તોફાની ટોળું પહોંચ્યું. છોકરીઓ એકાદ ઓરડામાં ભરાઇ બેઠી છે. બહુમતી કોમનો ચોકીદાર એમને બચાવવા ઇચ્છે છે. એણે શું કરવું? છોકરીઓ તો જતી રહી એમ કહેવું કે સાચી વાત કહી દેવી? એ સત્ય કહેવા સાથે પોતે લડતો લડતો ખપી જાય એમ પણ બની શકે. પણ એમાં છોકરીઓ બચી જાય એવો તો કોઇ અવકાશ જ નથી. સત્યને ખાતર પોતે શહીદ થઇ શકે. પણ એ એનો આશય ખરો?

એક માણસને હૃદયરોગનો હુમલો આવેલો છે અને તે ઇસ્પીતાલમાં છે. એનો એકનો એક દીકરો અકસ્માતમાં મરણ પામ્યો છે એવા ખબર આવ્યા. આ ખબર દર્દીને તે જ ક્ષણે કહેવા જોઇએ એવું ખરું? સત્ય એનાથી અમુક વખત ગુપ્ત રાખવામાં કોઈ દોષ ખરો?

સામુદાયિક જીવનમાં અમુક હકીકતો ખુલ્લી કરવાથી નુકસાન છે એવું કાયદો તો માને છે. તેથી એ વર્તમાનપત્રોને ઘણી હકીકતો છાપવાની મનાઇ કરે છે. કોમી હુલ્લડોની ખુવારીમાં કોમવાર આંકડા ન છાપવા, બાળ ગુનેગારોનાં નામ ન છાપવાં, બળાત્કારના કિસ્સાઓના ખટલામાં સ્ત્રીનું નામ ન છાપવું એવા એવા નિયમો થતા હોય છે. વર્તમાનપત્રો આવું બધું નામઠામ સાથે ન છાપી શકે તો સત્યનો ખરેખર દ્રોહ થાય?

સત્યનું પ્રકાશન કરવામાં મુખ્યત્વે ત્રણ પ્રશ્ન હોય છે: સત્ય ગમે તે ભોગે પ્રગટ કરવું જ જોઇએ? બીજું, સત્ય પૂરેપૂરું કહી દેવું જોઇએ? અને ત્રીજું, સત્ય આજે અને અત્યારે જ કહી દેવું જોઇએ?

જે સત્ય આપણે પ્રગટ કરવા ઇચ્છતા હોઇએ છીએ તે બધી બાજુથી બધી દૃષ્ટિએ જોયેલું સત્ય ભાગ્યે જ હોય છે. આખરે તો આપણે આપણી વિવિધ ઇન્દ્રિયો દ્વારા સત્યને જે રીતે સમજ્યા હોઇએ તે જ રજુ કરી શકીએ. વ્યવહારમાં આ સિવાય બીજું કંઇ શકય પણ નથી. આપણે એ વિચારવું પડે છે કે સત્યનું આપણું દર્શન અધુરું ન હોય? સત્ય સમજવાનાં આપણાં સાધન અધૂરાં કે ખોટાં ન હોય? સત્યને આપણે આપણી ઇચ્છા પ્રમાણે સમજ્યા હોઇએ એમ ન બને? સત્ય આપણું સ્વાર્થપ્રેરિત દર્શન ન હોય? અથવા સત્ય આપણો પ્રામાણિક ભ્રમ ન હોય? સત્યને આપણે એક ખૂણેથી જોયું પણ બીજે ખૂણેથી જોનારને તે જુદું દેખાય એવો પૂરેપૂરો સંભવ છે. અલબત્ત આમાં આપણો કશો ઉપાય નથી. પણ આપણા ખંડદર્શનને સત્ય માનીને તેને તત્ક્ષણ અને પરિણામની પરવા સિવાય પ્રગટ કરવાનો આગ્રહ રાખવો કેટલે અંશે યોગ્ય છે?

જયારે એક વર્તમાનપત્ર કે સમાચારનું અન્ય માધ્યમ અમુક બનાવ કે હકીકત તરત પ્રગટ કરવાનો આગ્રહ રાખે છે, ત્યારે એ હંમેશાં સત્ય માટેનો જ આગ્રહ હોય છે એવું કહી શકાય તેમ નથી. વર્તમાનપત્રો અને અન્ય માધ્યમોને સત્ય કરતાંય પોતાની ઇમેજની, પોતાની હોંશિયારીની, બીજાઓ ન મેળવ્યા તે સમાચાર પોતે મેળવ્યા તેવા દાવાની વધુ ચિંતા હોય છે. વર્તમાનપત્રની પરિભાષામાં કહીએ તો પત્રકારને સત્ય કરતાં

'સારી કોપી' ની વધુ ફિકર હોય છે. એટલે કે પોતાનું લખાણ રસપ્રદ બને, વાચનક્ષમ બને તે તેની સૌથી પ્રબળ ઇચ્છા હોય છે. એટલે ઘણીવાર સત્યનો આગ્રહ એક બહાનું હોય છે. વર્તમાનપત્ર પોતે ખોટું પડે ત્યારે સત્યને જે રીતે રજુ કરે છે તે ઉપરથી સત્ય પ્રત્યેની તેમની ઓછી નિષ્ઠા દેખાઈ આવે છે. ગાંધીજીની જેમ પોતાનું કહેલું સંપૂર્ણ પાછું ખેંચી લેવું કે હિમાલય જેવડી ભૂલ કબૂલ કરવી તેમાં કોઇ પત્રકાર માનતો નથી.

છેલ્લે એક પ્રશ્ન એ થાય છે કે સત્ય આખરે માનવહિતનું સાધન છે કે માનવહિતથી પર એવું કોઇ મૂલ્ય છે? જો એને માનવહિતથી પર એવું ઉચ્ચતર મૂલ્ય ગણીએ તો એનું બુધ્ધિગમ્ય કારણ હોવું જોઇએ. માનવસંસ્કૃતિની દૃષ્ટિએ વિચારીએ તો માનવહિત પોતે જ સર્વોચ્ચ મૂલ્ય ગણાય નહિ? સત્યનો અંતે વિજય થાય છે એટલા માટે સત્યને માનવહિત કરતાં વધારે ઊંચું મૂલ્ય ગણીએ તો તે સાચું નહિ લેખાય, કારણ કે સત્યનો હંમેશાં જય થાય જ છે એવું આપણે જોતા નથી. એક માણસના ખૂન માટે બીજાને ફાંસી મળે અને પહેલો માણસ પછીથી જીવતો નીકળે એવા દાખલા બન્યા છે. 'ઘરમીને ઘેર ઘાડ' એ આપણી પ્રચલિત કહેવત છે. સુખદુઃખ કોને કયારે મળે છે તે આપણે જાણતા નથી. એટલે સત્યનો છેવટે વિજય થશે જ એ વાક્ય સારું છે. પણ હકીકત હંમેશાં એવી નથી હોતી. એટલે આપણો પેલો પ્રશ્ન ઊભો જ રહે છે કે સત્ય એ માનવહિતથી પર એવું કોઇ મૂલ્ય છે?

'સમાજને નવો આકાર આપવાનો સમય પાકી ગયો છે'

અમૃતલાલ ગોપાણી

વર્તમાનમાં સર્વત્ર અજંપાનું વાતાવરણ છે. નવનિર્માણ પહેલાં હંમેશાં આવું બનતું આવ્યું છે એટલે કદાચ એમ હોય. જૂની ઇમારત ભાંગીને ભુક્કો થઇ જાય પછી જ એના ઉપર નવું ચણતર થાય. તો જ એ ટકાઉ નીવડે.

વ્યક્તિવાદે અને જડવાદે જગત આખ્ખાને ભરડો લીધો છે. વિજ્ઞાને અને યંત્રવાદે હેરત પમાડે એવી સિધ્ધિઓ પ્રાપ્ત કરી છે છતાં જીવનની સમસ્યાઓ જટિલ બની છે. આમાં બેમત નથી. પશ્ચિમે હામ ઘણી ભીડી પણ એણે પણ હવે પોતાની નાકામયાબી કબૂલવા માંડી છે. કારણકે હેતુશુદ્ધિ વિના બધું નકકામું.

જ્યાંસુધી સમન્વયની વૃત્તિ કામમાં લાવવામાં ન આવે ત્યાંસુધી આમ જ બનવાનું. આત્મનિષ્ઠ જીવનના ઇચ્છુકે પ્રકૃતિ તરફ ઉદાસીન નબનવું જોઇએ. એવીજ રીતે આ જીવનમાં જ બધું માણી લેવાનો અભરખો રાખનારે આધ્યાત્મિક જીવન માટે દુર્લક્ષ્ય સેવવું ન જોઇએ. મતલબ કે બન્ને વચ્ચે સુમેળ સ્થાપવો જોઇએ. બળવત્તર વસ્તુ બુધ્ધિ નથી પણ હૃદય છે. ભૂતકાળની તમામ વિભૂતિઓએ જ્ઞાન અને ચેતનાનો પાન આ સ્ત્રોતમાંથીજ કરેલા છે. આ શાશ્વત હકીકત ઉપર વૈયકિતક અને સામૂહિક જીવનના મંડાણ મંડાવા જોઇએ.

આધ્યાત્મિક વિચારસરણીના કેન્દ્રમાં આત્મૌપમ્યની ભાવના–મૈત્રીભાવના રહેલી છે, કારણકે આત્મતત્ત્વની દૃષ્ટિએ સર્વ જીવો એકસરખા છે. આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપી છે. કર્મના આવરણોને લઇને ભેદ પ્રતીત થાય છે–મન અને તન તો કરણો હોઇ સંપૂર્ણ આધ્યાત્મિક શકિતના વિકાસમાં સાધનરૂપે જ ઉપયોગમાં લેવા જેવા છે. એટલે એને મજબૂત બનાવવા એ કર્તવ્ય બની જાય છે. સદ્‌વિચાર, સદ્‌વાણી અને સદ્‌વર્તન દ્વારા જ એ બની શકે. જેવું ખાતર એવો પાક. માલ વિનાના વિચારોના ખાતરથી પાક નમાલો જ ઉતરે. ક્રોધાદિથી મનનું દૂષણ વધે છે અને દૂષિત મન શરીરનું પણ એવું જ નિર્માણ કરે છે.

સ્વરૂપના અનુસંધાન ઉપરથી નજર ખસે એટલે અવિદ્યાજન્ય દરેક નાની–મોટી આપત્તિ ઉભી થાય છે. આ અવિદ્યાના નિવારણ કે નાશ માટે ભગીરથ પુરુષાર્થની અગત્ય છે. જૈનાગમો કહે છે કે આત્માનો ઉદ્ધાર આત્મા વડે જ કરવો–અસાધારણ પુરુષાર્થ વડે જ પ્રારબ્ધને મહાત કરવાનું છે. ભગવાને આત્મામાં અનંત વીર્ય કહ્યું છે એનો અર્થ આ જ છે. મારું ભાગ્ય મોળું છે; મને જ્યારે અને ત્યારે અંતરાય નડ્યા જ કરે છે એવું માનીને, કહીને લમણે હાથ દઇ બેસી રહેનાર કશું જ સિદ્ધ કરી શકતો નથી. તેમજ, અદ્‌ભૂત પરાક્રમ ધરાવનારે અભિમાનમાંથી બચી જવા જાગરૂક રહેવું જોઇએ. અન્યથા ઉલમાંથી ચૂલમાં પડવા જેવું થશે. ટુકામાં 'યોગ : કર્મસુ કૌશલમ્' એ ગીતાવાકયનો અર્થ જૈનાગમોના સંદર્ભમાં એ છે કે રાગ–દ્વેષ વિના કર્તવ્ય કર્મ કર્યે જવા જેથી સંવર થાય. જો આનો અત્યંત વિશાળ અર્થ કરવો હોય તો એ થાય કે આત્મસ્વરૂપને નજર સમક્ષ રાખી પ્રવૃત્તિ કરવી. દાર્શનિક પરિભાષામાં કહેવું હોય તો એમ કહી શકાય કે નિશ્ચય નયને ધ્યાનમાં રાખી વ્યવહારને આદરવો, આચરવો–આને 'વ્યવહારશુદ્ધિ' પણ કહેવાય છે. આવી વ્યવહારશુદ્ધિ ચારિત્ર્યનું ઘડતર નિરંતર કર્યે જાય તો તેની પરાકાષ્ઠારૂપે મોક્ષપ્રાપ્તિ જે આપણો સૌનો અંતિમ ધ્યેય છે એ ઉદ્‌ભવે.

આત્મનિષ્ઠા પૂરેપૂરી કેળવી, આત્માના સચ્ચિદાનંદ સ્વરૂપનો વ્યકિતએ પોતાના જ જીવનમાં નહિ પરંતુ સમાજના દરેક પ્રદેશ અને ક્ષેત્રમાં એનો આવિર્ભાવ કરવો જોઇએ. વ્યકિતનો આ યુગધર્મ છે. પોતાના પૂરતું જ વ્યકિતએ સીમિત રહેવાનું નથી. વ્યકિતએ પોતાની સિદ્ધિનું સમાજમાં સમાજના લાભાર્થે વિતરણ કરવું જોઇએ. વ્યકિતએ સ્વાર્થી ન બનવું જોઇએ. પૂર્વની અને પશ્ચિમની વિચારસરણીમાં આ સંબંધે મૌલિક ભેદ છે. પૂર્વ સમાજલક્ષી છે. પશ્ચિમ વ્યકિતલક્ષી છે. વ્યકિતલક્ષી વિચારસરણી સદ્‌ગુણોના વિકાસ માટે કે સદાચારની પુષ્ટિ માટે કામ ન લાગે.

કટોકટીભર્યા વર્તમાન યુગમાં વ્યકિતએ, વિજ્ઞાને કરેલા આવિષ્કારોથી અંજાઇ જવું ન જોઇએ. એ આવિષ્કારો પાશેરામાં પહેલી પુણી જેવા છે. સત્ય અનંત છે. એને છેડો નથી. આમ માની દરેક આવિષ્કારની સાચી મૂલવણી કરી પોતાની પરિમિત શકિતનો અને પરમાત્માના અનંત સામર્થ્યનો સ્વીકાર કરવો એ પણ વ્યકિતનો આજનો યુગધર્મ છે. મૃત્યુને જીતવાના વૈજ્ઞાનિકોના દાવા કેવળ ડંફાસ છે. પરિવર્તનશીલ પ્રકૃતિની અનંતતાને પેલે પાર જવાની કોઇ વૈજ્ઞાનિકની શકિત નથી એમ માની વ્યકિતએ પ્રકૃતિમાતાને બે હાથ જોડી નમન કરવું એમાંજ વ્યકિતનું શ્રેય છે. યુગના આ ઇતકાદાને અવગણી વૈજ્ઞાનિકે

હિંસાનું તાંડવ જ સર્જ્યું છે.

વ્યવહારનો સંપૂર્ણ ત્યાગ વ્યક્તિ માટે શક્ય નથી. એમ ઇચ્છવું એ પણ નકામું છે. વ્યવહાર એવી રીતે કરવો જોઇએ કે જેથી ચિત્તશુદ્ધિ હાંસલ થાય. અલબત્ત, વ્યવહારને કેવળ કર્તવ્યનિષ્ઠાનું સ્વરૂપ આપવાથી વ્યવહાર પણ સચવાય છે અને મનને નિર્લેપ રાખી શકાય છે. પલાયનવાદમાં નિરાકરણ શોધવું એ ખતરનાક છે. અર્થાત કર્મને છોડવાં નહીં પણ કર્મની આસક્તિને છોડવી. વ્યક્તિનો આ યુગધર્મ છે.

પોતાની અશક્તિને છાવરવા ખોટી દલીલબાજીનો વ્યક્તિએ આશરો ન લેવો જોઇએ. 'હું આ પ્રમાણે ન કરું તો સમાજને શું ગેરલાભ થઇ જવાનો છે? બીજા કરનારાઓ ઘણા પડ્યા છે'–આ પ્રમાણે મન મનાવી વ્યક્તિએ પોતાના યુગધર્મમાંથી છટકી જવું ન જોઇએ. જે કાંઈ સારું કરવાનું છે તે પોતાની ચિત્તશુદ્ધિ માટે કરવાનું છે એમ માની વ્યક્તિએ પોતાના યુગધર્મને સાચવી લેવો જોઇએ

કોઇ એમ કહે કે આ બધા ક્રિયાકાંડો નકામા છે. બીજાઓ કહે કે એકાંતમાં સાધના કર્યા કરવી એ છેતરપીંડી છે–બન્ને ખોટા છે–બન્ને એકાંતો છે. સમન્વયમાં સાર્થક્ય રહેલું છે–ધર્મમાં વિકૃતિઓ પેસી જાય જ છે. એ સમયની તાસીર છે. એ કોઇ રોકી શકે એમ નથી. માટે આ ક્ષણે વ્યક્તિનો એ યુગધર્મ બની જાય છે કે એ બન્ને એકાંતોમાંથી સાચા હાર્દને વિવેકબુદ્ધિથી તારવી એનું આચરણ કરવું. પરંતુ બન્ને ખોટા છે એમ કહી કાંઇ જ ન કરવું એ તો કેવળ આત્મપ્રતારણા છે.

વર્તમાનમાં adjust ('એડજસ્ટ') શબ્દનો ઉપયોગ થતો વારંવાર સાંભળવામાં આવે છે, કારણ કે ઝઘડા ખૂબ વધી ગયા છે અને મતભેદે વિકરાળ સ્વરૂપ પકડ્યું છે. એમાંથી ભડકો થતાં વાર લાગતી નથી અને ભડકો તો નાશને જ ઉત્પન્ન કરનારો છે ને? પરંતુ 'એડજસ્ટ'નો અર્થ શરણાગતિ નહીં. પોતાની નકકી કરેલી નકકર માન્યતાઓ અને સિદ્ધાંતોમાં સેળભેળ કરવી એવો એનો અર્થ નથી. તો તો પછી સિદ્ધાંતનિષ્ઠા જેવું રહ્યું જ કયાં? પોતાના અને પરના વિચારો સાથે સંઘર્ષમાં ઉતર્યા વિના જીવન જીવી શકાય છે અને એ 'સમદૃષ્ટિ' દ્વારા શક્ય છે. હરિભદ્રસૂરિએ બરાબર કહ્યું છે, 'પક્ષપાતો ન મે વીરે...' સમદૃષ્ટિ, સામ્યભાવ, સમતા વર્તમાન સમયની માંગ છે.

સંધરાવૃત્તિએ, કાળા બજારે, 'ઇન્સ્ટન્ટ' પૈસાદાર બની જવાની વૃત્તિએ માનવનમ્રતાનો કબજો લીધો છે. પૈસાની કશી કિંમત નથી રહી એવું વાતાવરણ જામ્યું છે. પરસેવો પાડ્યા વિનાનો પૈસો ખૂબ અનર્થકારી નિવડ્યો છે. માનવને ભોગ ભોગવવાનો ચસકો લાગ્યો છે. અનાયાસે મળેલું દ્રવ્ય ખાવા, પીવામાં અને મોજમજા માણવામાં મોટે ભાગે વપરાય છે. એનાથી ખરીદવામાં આવતા આનંદ-પ્રમોદ સરવાળે ભારે પડી જાય છે. ઉચ્ચ વિચારણા અને સાદગીભર્યું જીવન એના સપાટામાં આવી ગયાં છે. અલ્પ સમયના અખતરાથી આપણને એના ખોટાપણાનો હવે સાક્ષાત્કાર થઇ રહ્યો છે. એટલે ચાલુ સમયના સંદર્ભમાં માનવીએ શ્રમનું સન્માન કરવું જ પડશે. અનીતિમત્તા અને દૂષણોને ખાળવાનો સમય પાકી ગયો છે. પૈસો નહિ પણ પૈસાના મોહને જતો કરવો પડશે. પરંતુ આવી વિચારણા કરનારે અને વાતો કરનારે સૌથી પહેલાં એને આચરી બતાવવો પડશે, આચરણ જ પ્રત્યયજનક છે. મોટી મોટી વાતો કરીને બેસી રહેવાના દિવસો ગયા. વર્તમાન જમાનાની આ પણ એક માંગ છે કે માનવે આચરણ ઉપર જ તમામ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. ઉપદેશનો યુગ વહી ગયો છે અને આચરણનો જમાનો આવ્યો છે. ઇતબારની ફરીને પ્રાણપ્રતિષ્ઠા કરવા માટે આમ કરવું જરૂરી છે.

નૂતન સંસ્કૃતિથી માણસની આંખ થોડાજ વખતમાં ઉઘડી ગઈ. હિંસાથી બધાને નુકસાન છે એ સમજાઈ ગયું છે. વેરથી વેર શમતું નથી એ અનુભવાયું. નહિ તો શસ્ત્રમાં માનવાવાળા નિઃશસ્ત્રીકરણ માટે દોડાદોડ ન કરે. પૈસો પરમેશ્વર નથી એ હકીકત મગજમાં હવે ઉતરી ગઈ છે. કોના માટે, શા માટે આ બધું? એની શંકાઓ થવા લાગી છે. વ્યક્તિવાદ અને ભૌતિકવાદમાં તરબોળ પ્રજા નવા મૂલ્યો શોધવા મંડી પડી છે.

પૈસો નહિ પણ પૈસાના મોહને જતો કરવો પડશે એવું જે આગળ કહ્યું તેનો અર્થ એ છે કે પૈસો બીજા માટે છે અર્થાત્ ટ્રસ્ટીશીપ (વાલીપણા) ની ભાવનાને વિકસાવવી પડશે. વ્યાપારનું ખેડાણ અને વિજ્ઞાનનો વિકાસ પોતે ખરાબ નથી પરંતુ આપણે એનો ઉપયોગ કેમ કરીએ છીએ એના ઉપર બધો આધાર છે. એટલે પલટાયેલા આજના યુગમાં વ્યક્તિએ એનું આચરણ આ બન્નેના સંબંધમાં બદલવું પડશે. ભોગવીને થાકી ગયા એટલું જ નહિ પણ વિનાશ નોતર્યો. માટે હવે ત્યાગીને આનંદ લેવાનો છે. અને ભોગવવા કરતાં તજવામાં-દેવામાં-જે આનંદ છે તે તો જેણે દઇ જાણ્યું છે એજ જાણે છે. દાનમાં બધું લુંટાવી દઇને પાઇ વિનાનો પુરુષ ન્યાલ થઇ ગયો છે. ભૂતકાળના દાખલાની આ બાબતમાં ખોટ નથી.

આજના ભીષણ યુગને ધરમૂળથી બદલવાની તાતી જરૂરત છે અને એટલા માટે વ્યક્તિએ પોતે પોતાની આચારસંહિતા કેવી ઘડી કાઢવી જોઇએ એનું કાંઇક આલેખન પ્રસ્તુત લેખમાં કર્યું છે.

સાભાર સ્વીકાર

(૧) **દારયાની વેળ :** લે. પલ્લબકં અનુ. કાંતિલાલ શાહ.

(૨) **વિજ્ઞાનબાળુ :** લે. એચ. જી. વેલ્સ અનુ. રમણલાલ સોની.

(૩) **ગગનરાજ :** લે. જૂલેવર્ન અનુ. મૂળશંકર મો. ભટ્ટ.

(૪) **નાનસેન :** લે. મૂળશંકર મો. ભટ્ટ.

(૫) **એંશી દિવસમાં પૃથ્વી પ્રદક્ષિણા:** લે જુલેવર્ન અનુ. મૂળશંકર મો. ભટ્ટ.

ક્રમાક ૧ થી ૫ સુધીના પાંચ પુસ્તકના સેટની કિં. રૂા. ૫૦.

(૬) **ભાગવત કથાઓ :** લે. નાનાભાઇ ભટ્ટ કિંમત રૂા. ૧૬-૦૦.

(૭) **હિન્દુ ધર્મની આખ્યાયિકાઓ :** ભા. ૧ : લે. નાનાભાઇ ભટ્ટ : કિંમત રૂા. ૧૨-૦૦.

(૮) **હિન્દુ ધર્મની આખ્યાયિકાઓ :** ભા. ૨ : લે. નાનાભાઇ ભટ્ટ : કિંમત રૂા. ૧૨-૦૦ દરેક પુસ્તકોનું પ્રાપ્તિ સ્થાનઃ સંસ્કાર સાહિત્ય મંદિર : પો.બો. નં. ૩૪ ભાવનગર (ગુજરાત).

(૯) **પ્રા. અમૃતલાલ ગોપાણી જીવન અને કાર્ય : લે :** સુરેશ અ. ઉપાધ્યાય વિના મૂલ્ય પ્રાપ્તિ સ્થાન : ભારતીય વિદ્યા ભવન, કુલપતિ ક. મા. મુનશી માર્ગ, ચોપાટી, મુંબઇ-૪૦૦૦૦૭.

આનંદશંકરનો ધર્મ વિચાર !

* કૃષ્ણવીર દીક્ષિત

[બીજું વ્યાખ્યાન]

ડૉ. જયન્ત પાઠકના બીજા દિવસના વ્યાખ્યાનનો વિષય હતો : 'આનન્દશંકરનો ધર્મવિચાર'

તેમણે 'મારું ઉત્તમ તો ધર્મવિષયક લખાણોમાં છે' એવા ખુદ આનંદશંકરના જ ઉદ્‌ગારથી પોતાના બીજા વ્યાખ્યાનનો આરંભ કરતાં કહ્યું હતું : 'આપણાં ધર્મ, દર્શન, સંસ્કૃતિને સામાન્ય પ્રજા હૃદયમાં જો આપણા સંતો, ભક્તો અને કવિઓએ જીવંત રાખ્યાં છે તો વિચારશીલ પ્રજાના ચિત્તમાં તેમને જીવંત રાખવાનું કાર્ય આપણા વિદ્વાનો દ્વારા થયું છે. આવા વિદ્વાનોમાં આનંદશંકર શિખરસ્થાને છે. ધર્મવિચારણામાં તટસ્થતા, અભિનિવેશ સમભાવ, વિદ્વત્તા, વ્યુત્પન્નતા, બહુશ્રુતતા ને સમન્વયલક્ષિતામાં તેમ તેની નિરૂપણ શૈલીના પ્રૌઢિ પ્રસાદ રમણીયતા આદિ સાહિત્ય ગુણોમાં આનંદશંકર અનન્ય ગણાય એવા છે. મારો એવો ખ્યાલ છે કે આપણે ત્યાં આનંદશંકર પછી સાહિત્ય અને ધર્મનું સાહિત્યકાર અને ધર્મચિંતકનું સાહચર્ય ક્રમશ : ઘટતું ચાલ્યું છે. ને ઉભય વિષયમાં એક સરખી હૃદયવૃત્તિ અને સજ્જતા ધરાવતી વ્યક્તિઓ ઓછી થતી ગઇ છે.

આનંદશંકરની ધર્મવિષયક વિચારણાના બે વિભાગો પડે. એકમાં એમની હિન્દુધર્મ અને અન્ય ધર્મોની સામાન્ય વિચારણા આવે ને બીજામાં એમને જેમાં ઊંડી શ્રદ્ધા છે ને જે એમને સત્ય સમજાયો છે તે અદ્વૈત વેદાન્તનો પુરસ્કાર અને પ્રતિપાદના કરતી વિચારણાનો સમાવેશ થાય. આ બંનેમાં એમણે જે કાર્ય કર્યું છે તે સમન્વિત રીતે ધર્મનું મહત્ત્વ અને ધર્મનો મહિમા સ્થાપે છે એટલું જ નહિ, એમાં રહેલી તટસ્થતા, સમભાવ, તર્કપૂતતા ને સમન્વય-વૃત્તિ જેવા ગુણોને લીધે એ ધર્મવૃત્તિવાળા સૌને વ્યાપક ધર્મ-ભાવનામાં પ્રેરે છે. આ રીતે જોતાં આનંદશંકરનો ધર્મ-વિચાર કેવળ ધર્મપરિચય કે ધર્મપ્રતિપાદન ન રહેતાં ધર્મ-શોધનનું પ્રબળ સાધન પણ બની રહે છે.

એક જ્ઞાન તરફ

આનંદશંકરની ધર્મવિચારણા જેમ નિબંધના માધ્યમ દ્વારા ચાલી છે તેમ સાથોસાથ 'નીતિશિક્ષણ' 'હિન્દુધર્મની બાળપોથી, 'ધર્મવર્ણન' અને 'હિન્દુવેદધર્મ' જેવા ગ્રંથોમાં પણ પ્રગટ થઇ છે. આ ગ્રન્થોમાં તેમણે હિંદુ ધર્મનાં તત્ત્વો સમજાવ્યાં છે, હિન્દુધર્મની વ્યાપક વ્યાખ્યા બાંધી છે. ધર્મવિચારણામાં બુધ્ધિની અનિવાર્યતા ને મહત્ત્વ ઉપર ભાર મૂક્યો છે. બૌદ્ધ અને જૈન ધર્મને હિન્દુ ધર્મની શાખારૂપ ગણ્યા છે ને વેદથી માંડીને આપણા બધા મહત્ત્વના ધર્મગ્રંથો, પુરાણો, કાવ્યો, નીતિવાર્તાઓ, આદિનો પરિચય કરાવ્યો છે. ધર્મનો સુગમ અને વ્યાપક અર્થ સમજાવતાં તેઓ કહે છે કે ધર્મ એટલે ઉત્તમ આચાર-વિચાર, જે વડે વિશ્વનું ધારણ થઇ રહ્યું છે. ધર્મવિચારણામાં આનંદશંકરનો ઓક જ્ઞાન તરફ રહ્યો છે.

'જ્ઞાનસુધા' અને 'સુદર્શન' જેવાં સામયિકોમાં ધર્મ-વિષયક થતા વાદવિવાદ અને ઉગ્ર વાગ્યુદ્ધો ખેલાયાં તે પછી 'વસંત' દ્વારા આનંદશંકરે અધી સદી સુધી નિબંધો, વ્યાખ્યાનો અને વાર્તિકો દ્વારા ધર્મભાવ અને ધર્મચિંતના દ્વારા આપણા સાહિત્યને સમૃદ્ધ કર્યું. આનંદશંકરે ધર્મને તેની વિશાલતામાં, વ્યાપકતામાં એની બધી શાખા-પ્રશાખાઓમાં, દર્શનો, પુરાણો, તથા કવિતા આદિનું અવલોકન પરિશીલન કરીને વ્યવહાર તેમ વિચારની ભૂમિકાએ સમજાવ્યો છે અને નીતિ, ધર્મ તથા તત્ત્વજ્ઞાન જેવાં તેનાં અંગોની ઊંડી મીમાંસા કરી છે.

નીતિ, ધર્મ અને તત્ત્વજ્ઞાન

વક્તાએ તે પછી નીતિ, ધર્મ, અને તત્ત્વજ્ઞાન એમ ક્રમશઃ પ્રત્યેકને લઇને આનંદશંકરનું તદ્‌ તદ્‌ વિષયક દૃષ્ટિબિન્દુ સમજાવ્યું હતું.

આનન્દશંકરની વેદાન્ત પ્રતિષ્ઠિત ધર્મભાવના અને નીતિ વચ્ચે પહેલી નજરે વિરોધ દેખાય છે. એક દલીલ એવી છે કે જગત મિથ્યા હોય તો પછી આપણે અને આપણા સારામાઠાં કર્મો બધુંયે મિથ્યા છે. સારું અને ખોટું પેલા મિથ્યાત્વમાં જ પ્રવર્તતું હોય તો તેની ઇષ્ટતા અનિષ્ટતા પણ મિથ્યા જ ગણાય. બીજી દલીલ એ છે કે માણસ માણસ વચ્ચે દ્વૈતભાવ ન હોય, ભેદ ન હોય, અભેદ હોય તો એમની વચ્ચેના લૌકિક વ્યવહારો જ અશક્ય બની જાય. પછી પ્રેમ, મૈત્રી, દયા જેવી ઉદાત્ત લાગણીઓને તેમાંથી ઉત્પન્ન થતા વ્યવહારોનું કશું મૂલ્ય કે પ્રયોજન જ ન રહે. આ દલીલોમાં રહેલા દોષોનું આનંદશંકરે શાંકર વેદાન્તના 'બ્રહ્મસત્ય જગન્મિથ્યા' એ સૂત્રને ઊંડી અને વિશાળ બુદ્ધિથી સમજાવી નિવારણ કર્યું છે. તેઓ કહે છે: 'પાપપુણ્યાદિ નીતિ વ્યવસ્થાનો માયાવાદથી વિઘાત થાય છે એ કહેવું તદ્દન ભૂલભરેલું છે. અને એ ભૂલ 'બ્રહ્મ સત્યં જગન્મિથ્યા' એ શ્લોકાર્ધના પૂર્વ ખંડની અવગણના કરવાથી થાય છે. માયાવાદ જગતનો માત્ર નિષેધ કરીને અટકતો નથી. પણ વિશેષમાં બ્રહ્મનું અદ્વિતીય અસ્તિત્વ પ્રતિપાદન કરે છે. 'બ્રહ્મ સત્યમ્' એટલું ઉમેરતાં નીતિનો વિઘાત ન થતાં સ્વરૂપાન્તર થાય છે—અર્થાત્‌ નીતિ લૌકિક વ્યવસ્થા મટી અલૌકિક વ્યવહાર બને છે. માયાવાદથી નીતિનું વ્યાવહારિકત્વ ટળે છે ને તેને પારમાર્થિકત્વ મળે છે. નીતિ, સદાચાર એ તો પેલા બ્રહ્મભાવની સાધ્યપ્રાપ્તિનું સાધન છે. નીતિ દ્વારા જો અભેદનો અનુભવ કરવાનો ન હોત તો એવી નીતિ કેવળ વ્યાવહારિક રહેત, વંધ્ય રહેત. માણસ માણસ વચ્ચે કોઇ આંતરસંબંધ ન હોત. એકાત્મતા કે અભેદ ન હોત તો તેમની વચ્ચેનો સારોનરસો કોઇ વ્યવહાર જ શક્ય ન હોત.

પરમાત્મા અને જગતના સંબંધ પરત્વે આનન્દશંકર ત્રણ સિદ્ધાન્તો શક્ય માને છે. (૧) જગત અને પરમાત્મા એ ભિન્ન અને ઉભય સત્ય પદાર્થો છે. (૨) બ્રહ્મ જગતથી પર પરમાત્મા એવો પદાર્થ જ નથી. (૩) પરમાત્માથી અતિરિક્ત કાંઇ છે જ નહિ. આમાંથી પહેલા સિદ્ધાન્ત સંબંધમાં નીતિ-વ્યવસ્થાનો વિચાર કરતાં આચાર્યશ્રી કહે છે કે જગત અને પરમાત્મા બંને ને સત્ય માનતાં ઐહિક નીતિવ્યવસ્થાનો પરલોક સાથે સંબંધ બાંધતાં મુશ્કેલી અનુભવાય છે. કદાચ એમ કહેવામાં આવે કે ઇશ્વરની આજ્ઞા છે કે જગતમાં રહી સદાચાર પાળવો. પણ જગત અને ઇશ્વરનો ભેદ માનનારને જગતનો વ્યવહાર ત્યજીને ઇશ્વરને મેળવવાની ઇચ્છા

ધવાની. એમ થતાં ઐહિક નીતિવ્યવસ્થાનું મહત્ત્વ ઘટવાનું. આની સામે અદ્વૈતવાદીને તો જગત પણ બ્રહ્મરૂપ જ હોઈ આ જગતમાં ને આ જગતના વ્યવહારો મારફત જ બ્રહ્મનો અનુભવ કરવાનો છે. આ રીતે એને તો સાંસારિક નીતિ-વ્યવસ્થા બ્રહ્મભાવથી પ્રકાશિત થાય છે, પવિત્ર થાય છે અન્ય પ્રદેશથી એનો લોપ થતો નથી.'

નીતિ અને સદાચાર

નીતિ કે સદાચાર સામાન્યતઃ કર્મનાં અંગ છે. જગતમાં કર્મની આવશ્યકતા બધા જ ધર્મોપદેશકોએ ઓછેવત્તે અંશે સ્વીકારી છે. શંકરાચાર્ય કર્મનો સ્વીકાર કરે છે પણ તેને જ્ઞાનથી નીચે દરજ્જે મૂકે છે. કર્મથી ચિત્તસત્ત્વની શુદ્ધિ થાય છે અને શુદ્ધ ચિત્તમાં જ્ઞાનનો પ્રકાશ જાગે છે આમાં જેટલે અંશે ચિત્તનું શુદ્ધીકરણ અપેક્ષાયું છે તેટલે અંશે કર્મનું મહત્ત્વ સ્વીકારાયું છે ને એમ નીતિનું પણ જ્ઞાન પૂર્વે નીતિ-પરાયણતા જ્ઞાન માટેનું સાધન બની રહે છે પણ પછી જ્ઞાનની સંપૂર્ણ અવસ્થામાં નીતિ જ્ઞાનીના લક્ષણરૂપ બની રહે છે. આનન્દશંકર કહે છે: 'ત્યારે શું શંકર વેદાંત પ્રમાણે જેણે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે એને નીતિના નિયમોનું બંધન રહેતું નથી ? નથી જ રહેતું-બન્ધન નથી રહેતું. નહિ કે નીતિના નિયમો જ નથી રહેતા. અજ્ઞાની મનુષ્યો જે નિયમો શ્રમ કરીને પાળે છે એ જ નિયમો એમનામાં સ્વભાવસિદ્ધ થઈ રહે છે.

જ્ઞાનની બે ભૂમિકાઓ

વેદાન્ત અનુસાર આનન્દશંકર જ્ઞાનની બે ભૂમિકાઓ ગણાવે છે. પરોક્ષ જ્ઞાન અને અપરોક્ષ જ્ઞાન. પરોક્ષ જ્ઞાનને તેઓ સર્વથા તર્ક દલીલ અર્થાત્ મગજના વ્યાપારરૂપ માનતા નથી પણ એમાં 'મગજના વ્યાપારનું પ્રાધાન્ય' જુએ છે એને પણ સદ્વર્તનને ઉપકારક ગણે છે. તેઓ કહે છે: ખરી રીતે જોતાં પરોક્ષ જ્ઞાન તે કાચું જ્ઞાન છે અને અપરોક્ષ જ્ઞાન તે પાકું જ્ઞાન...કારણ-કે અપરોક્ષ જ્ઞાન પરોક્ષ જ્ઞાનની પરિપક્વાવસ્થા છે, પરોક્ષ જ્ઞાન આત્મામાં ઠરીને, પોતાને અનુરૂપ વર્તન સુસ્પિષ્ટ રીતે ઉપજાવી આજ સુધી જે સદ્વર્તન શુભ વાસનાને લીધે એક ટેવ માફક ઊપજી આવતું હતું એ જ સદ્વર્તનને હવે સમજણવાળું કરી સમસ્ત આત્માને પોતાના તેજથી રંગે છે, પરિપક્વ કરે છે. એનો આંતરરસ પ્રકટ કરી આપે છે. અપરોક્ષ જ્ઞાનમાં સદ્વર્તન એક સ્વાભાવિક ધર્મ તરીકે એની મેળે જ સમાઈ જાય છે.

ધર્મભાવને આનન્દશંકર મનુષ્યના સ્વભાવસિદ્ધ અને મનુષ્ય માટે આવશ્યક ગણે છે. આપણા ધર્મને 'બ્રાહ્મ ધર્મ' એવું નામ આપીને તેઓ એમાં ભક્તિ, કર્મ અને જ્ઞાન એમ ત્રણ અંગોનો સમાવેશ કરે છે અને ત્રણેની મર્યાદાઓ બતાવી તેમનાથી મનુષ્ય હૃદયની પ્રકાશની, કર્તવ્યભાવનાની અને આત્મબલની આકાંક્ષાઓ પૂરી પડે ત્યારે ધર્મનું પ્રયોજન સિદ્ધ થયું માને છે. તેઓ કહે છે: 'જ્યારે જ્ઞાન મેળવી તદનુસાર ક્રિયા કરી એ જ્ઞાન અને ક્રિયા બંનેમાં આનંદ અનુભવાય ત્યારે ધર્મનું પ્રયોજન સિદ્ધ થયું ગણાય.

આપણે જેને વેદધર્મ તરીકે ઓળખીએ છીએ તેમાં ભક્તિ, કર્મ અને જ્ઞાનનું પ્રવર્તન રહેલું દેખાય છે. ભક્તિ, ક્રિયા અને જ્ઞાનમાં આનંદશંકરનો ઝોક અને પક્ષપાત જ્ઞાન ભણી છે ને એટલે જ શાંકર મત કે અદ્વૈત સિદ્ધાન્ત એમને સ્વીકાર્ય બન્યો છે.

ધર્મવિચારની વિશિષ્ટતા

આનંદશંકરના ધર્મવિચારની વિશિષ્ટતા એ છે કે કોઈ દર્શન, સિદ્ધાન્ત, સંપ્રદાય કે પંથનો અનાદર કર્યા વગર તેઓ તેમાં રહેલાં ઇષ્ટ તત્ત્વોને તારવે છે ને એક વ્યાપક ધર્મભાવનામાં બધાંનો સમન્વયપૂર્વક સમાવેશ કરે છે. કોઈપણ ધર્મ કે દર્શનનું બધું સ્વીકારી લેવાની અનિષ્ટ ઉદારતા એમનામાં નથી. તેથી એક તરફ એમની વિચારણામાં ધર્મઝનૂન કે મિશનરીની પ્રચાર-ધગશનો અભાવ વરતાય છે તો બીજી તરફ બુદ્ધિપૂત શુદ્ધ ધર્મતત્ત્વના નિરૂપણનાં દર્શન થાય છે. તેઓ આપણા સનાતન હિંદુધર્મને પુરસ્કારે છે પણ પરંપરાગત તર્કરહિત કર્મકાંડનો, વેવલી ભક્તિનો જે યોગ જેવી ક્રિયાને ધર્મનું ઇષ્ટ ને અનિવાર્ય અંગ ન માનીને એમને નિર્દે છે. તેઓ કર્મકાંડના રહસ્ય પ્રાણવિનિમય એટલે કે યોગરૂપે માનવા કરતાં જ્ઞાનરૂપે સમજવું ઉચિત ધારે છે. કારણ મનુષ્યનો ખરો હેતુ જ્ઞાનથી સધાય છે એ શંકરાચાર્યનો સિદ્ધાન્ત પરમ સત્ય લાગે છે.

વર્ણવ્યવસ્થા ને આશ્રમવ્યવસ્થા

વર્ણવ્યવસ્થા અને આશ્રમવ્યવસ્થાનું બૌદ્ધિક દૃષ્ટિએ મૂલ્યાંકન કરતાં આનંદશંકર કહે છે: 'વર્ણવ્યવસ્થા વધારે તો સમાજવ્યવસ્થાનું અંગ છે. તો આશ્રમવ્યવસ્થાને તેઓ જીવનમાં સાધવાના પુરુષાર્થના સંબંધમાં આર્યોની સૂક્ષ્મ અને વ્યવહારુ દૃષ્ટિના નમૂનારૂપ ગણતા લાગે છે.

ધર્મ અર્થ, કામ અને મોક્ષ એ ચાર કે ધર્મ અને મોક્ષને જોગા ગણીએ તો ત્રણ પુરુષાર્થોમાં ધર્મને મનુષ્યજીવનનો પ્રધાન ઉદ્દેશ અને પરમ અર્થ ગણાવીને આનંદશંકર એને અગ્રસ્થાને મૂકે છે ને અર્થ અને કામને ધર્મ સાથે જોડવાની આવશ્યકતા ભાર મૂકીને દર્શાવે છે. મોક્ષને તેઓ ધર્મમાંથી જ વિકસતા ધર્મના અંગરૂપ ને એટલે એક જ ગણે છે. ધર્મનું સેવન પૂર્વાવસ્થામાં જ થવું જોઈએ એવો આગ્રહ પણ એઓ રાખે છે. તેઓ જન્મને કારણે જ જે બ્રાહ્મણ ગણાય એવો છે તેને ગુરુ ગણવાનું યોગ્ય ન લેખતાં બ્રાહ્મણત્વની પૂજ્યને યથાર્થ સમજે છે ઇતિહાસ અને પુરાણનાં તાત્પર્યને તેઓ વેદના પ્રકાશમાં સમજવાની હિમાયત કરે છે.

આનંદશંકર પોતાને સાચા હિન્દુ તરીકે સમજતા પણ પોતે કોઈ સંપ્રદાયના હોવાનું સ્વીકારતા નથી. હિન્દુ ધર્મમાં ઓત-પ્રોત છતાં તેઓ બીજા ધર્મોનો અનાદર તો નથી જ કરતા. ઊલટું અન્ય ધર્મો દ્વારા આપણા ધર્મની પરીક્ષા થાય એમ ઇચ્છે છે.

જીવ અને બ્રહ્મ ઉભય મૂલત: એક અખંડ ચૈતન્ય છે એવો અનુભવ તે બ્રહ્માનુભવ એમ માનતા આનંદશંકર આવા અનુભવ માટે શંકરાચાર્યની જેમ સંન્યાસ પ્રબોધ છે અને સાચો સંન્યાસ એટલે એમને મને અંતરમાંથી અહં ગ્રંથિનો વિલય, અને અહં ગ્રંથિનો વિલય એટલે જીવનમુક્તિ. જ્ઞાનની દૃષ્ટિ તે જ મુક્તિ છે, કર્મ અને ભક્તિ એ માત્ર ચિત્તશુદ્ધિ માટેનાં સાધન જ છે બાકી તત્ત્વ સાક્ષાત્કારમાં અંતિમ સાધન તો જ્ઞાન જ છે. આ જ્ઞાન એટલે અનુભવ. આવો અનુભવ પ્રાપ્ત કરવાનો અધિકાર તેને જ છે જેનામાં નિત્યનિત્ય વસ્તુવિવેક, વૈરાગ્ય, શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, સમાધાન અને બુભુક્ષા-એ છ સાધનોની પ્રાપ્તિ અને મોક્ષની ઇચ્છા આટલાં વાનાં હોય. પોતાના બીજા વ્યાખ્યાનનું સમાપન કરતાં ડો. જયન્ત પાઠકે કહ્યું: 'આપણાં ભક્તિ, કર્મ અને જ્ઞાન સર્વમાં અવિદ્યા કે અજ્ઞાનનો જોગ હોવાનો સંભવ રહેલો છે તેથી પૂર્ણ સત્ય કે પરમ સત્યનું દર્શન આપણે માટે દુર્લભ છે. આ પરિસ્થિતિ એક બાજુ સાચા ધર્મવિચારકને ઉદારતા અને ખુલ્લું મન રાખવાની ફરજ બોધે છે તો બીજી બાજુ સાચી ધર્મભાવનાવાળાને ધર્મતત્ત્વ વિષયમાં પ્રામાણિક શંકા અથવા શાસ્વત શોધવૃત્તિ-જિજ્ઞાસા રાખવાનું સૂચવે છે. આવી પ્રામાણિક શંકા કે શાસ્વત જિજ્ઞાસા તે નાસ્તિકતા નથી પણ એ સાચા આસ્તિકનું સ્વભાવલક્ષણ છે એવી મારી સમજ છે.

卐 પચ્ચક્ખાણ 卐

❖ ડૉ. રમણલાલ ચી. શાહ

'પચ્ચક્ખાણ' એ જૈન પારિભાષિક શબ્દ છે. સંસ્કૃત 'પ્રત્યાખ્યાન' શબ્દ ઉપરથી આ પ્રાકૃત શબ્દ આવેલો છે.

પ્રત્યાખ્યાન શબ્દ વિશિષ્ટ રીતે યોજાયેલો છે. એમાં 'પ્રતિ' અને 'આ' એ છે એ ઉપસર્ગો અને 'ખ્યા' ધાતુ છે અને તેને 'અન' પ્રત્યય લાગેલો છે. 'પ્રતિ' એટલે પ્રતિકૂળ, અર્થાત્ આત્માને જે પ્રતિકૂળ હોય તેવી અવિરતિરૂપ પ્રવૃત્તિ. 'આ' એટલે મર્યાદા. અને 'ખ્યા' એટલે કથન કરવું. આમ પ્રત્યાખ્યાન એટલે આત્માને પ્રતિકૂળ એવી અવિરતિરૂપ પ્રવૃત્તિઓને મર્યાદામાં બાંધવારૂપ કથન ગુરુસાક્ષીએ કરવું તે. એટલા માટે परिहरणीय वस्तु प्रति आख्यानम् इति प्रत्याख्यानम्' એવી વ્યાખ્યા પ્રત્યાખ્યાનની આપવામાં આવે છે.

પચ્ચક્ખાણ એટલે એક પ્રકારની સ્વેચ્છાએ લીધેલી પ્રતિજ્ઞા. મનુષ્યના ચિત્તમાં અનેક પ્રકારના સાચાખોટા વિચારો ઊઠે છે અને અનેક પ્રકારની શુભાશુભ અભિલાષાઓ જન્મે છે. બધા જ મનુષ્યો જો પોતાના ચિત્તમાં ઊઠતાં બધા જ વિચારોને તરત અભિવ્યક્ત કરે અને પોતાના ચિત્તમાં ઊઠતી બધી જ અભિલાષાઓને પૂર્ણ કરવા પુરુષાર્થ આદરે તો સંઘર્ષ અને કલહ એટલો બધો વધી જાય કે મનુષ્યજીવન ટકી જ ન શકે. માણસના ચિત્તમાં જાગતી કેટલીક ઇચ્છાઓ એવી ગાંડીઘેલી હોય છે કે તે બીજા આગળ વ્યક્ત કરવા જેવી હોતી નથી. કેટલાંક દુષ્ટ વિચારોને માણસ પોતાની મેળે અંકુશમાં રાખે છે, કારણ કે એ વ્યક્ત કરવાથી વ્યવહારમાં કેવાં અનિષ્ટ પરિણામ આવશે તે એ જાણે છે.

મનુષ્યમાં સાધારણ સમજશક્તિ અને વિવેકશક્તિ રહેલી હોય છે. એવી કેટલીક અનિષ્ટ ઇચ્છાઓનો તે તરત નિરોધ કરે છે. મનુષ્યનું જીવન સ્વેચ્છાએ જો સંયમમાં રહેતું હોય તો નિયમો કરવાની બહુ જરૂર ન પડે. પરંતુ અજ્ઞાન, કષાય, પ્રમાદ વગેરેને કારણે કેટલીક ન કરવા યોગ્ય પ્રવૃત્તિઓ માણસ કરે છે. કયારેક કરતી વખતે અને કર્યા પછી પણ માણસ તેમાં રાચે છે. તો કયારેક તેવી પ્રવૃત્તિઓ કરતી વખતે કે કર્યા પછી તેને તે માટે ખેદ થાય છે અને તેવી પ્રવૃત્તિ ફરી ન કરવાનો એ સંકલ્પ કરે છે અથવા એ પ્રતિજ્ઞા લે છે.

ન કરવા યોગ્ય પ્રવૃત્તિ ન કરવાની પ્રતિજ્ઞા એટલે પચ્ચક્ખાણ. પચ્ચક્ખાણ એટલે આત્માને અનિષ્ટ કરનાર અથવા આત્માને અહિત કરનાર કાર્યનો મન, વચન અને કાયાથી નિષેધ કરવો. એટલા માટે પચ્ચક્ખાણ કરનારે મન અને ઇન્દ્રિયોને કબજામાં રાખવાની આવશ્યકતા છે. જે તેમ કરી શકે છે તે જ પચ્ચક્ખાણ લેવાને યોગ્ય બને છે.

જીવનમાં પચ્ચક્ખાણની આવશ્યકતા શી? એવો પ્રશ્ન કોઇકને થાય. માનવચિત્ત એટલું બધું ચંચલ છે કે કયારે તે અશુભ અને અનિષ્ટ વિચારો અને પ્રવૃત્તિઓમાં રાચશે તે કહી શકાય નહિ. માણસે જો કોઇકની સાક્ષીએ પ્રતિજ્ઞા લીધી હોય તો તેવી પ્રવૃત્તિ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થતાં તે અચાનક થંભી જાય છે. પચ્ચક્ખાણ ચિત્તને દૃઢ બનાવવામાં સહાયરૂપ બને છે. પચ્ચક્ખાણ એ એક પ્રકારની વાડ, પાળ અથવા કિલ્લો છે કે જેના વડે અંદર રહેલું ચિત્ત સુરક્ષિત બની જાય છે. જેમ ગાય, ભેંસ, ઘોડો વગેરે ઢોર ખેતરમાં ઘૂસી જઇને નુકસાન ન કરે તે માટે ખેતરને વાડ કરવામાં આવે છે; જેમ પાણી વહી ન જાય અથવા ગંદુ પાણી અંદર આવી ન જાય એટલા માટે પાળ કરવામાં આવે છે, તેવી રીતે પચ્ચક્ખાણથી મન અને ઇન્દ્રિયોને વશ રાખવાની દૃઢતા આવે છે. જેમ ઘરમાં ચોર, કૂતરું વગેરે પેસી ન જાય તે માટે ઘરનું બારણું બંધ રાખવામાં આવે છે, તેવી રીતે આપણા ચિત્તમાં પાપરૂપી ચોર કે કૂતરું ઘૂસી ન જાય તે માટે પચ્ચક્ખાણરૂપી બારણું આપણે બંધ રાખીએ છીએ. માણસ ઘોડા ઉપર સવારી કરે અને તેના હાથમાં જો ઘોડાની લગામ ન હોય તો ઘોડો અંકુશરહિત બની ફાવે તેમ દોડે અને કદાચ પોતાના ઉપર બેઠેલાં સવારને પણ ફગાવી દે. પરંતુ જો લગામ હાથમાં હોય તો ઘોડાને આવશ્યક નિયંત્રણમાં રાખી શકાય. તેવી રીતે ચિત્તરૂપી ઘોડાને નિયંત્રણમાં રાખવાને માટે પચ્ચક્ખાણરૂપી લગામની આવશ્યકતા છે. આપણા જીવનને ધર્મરૂપી રાજમાર્ગ ઉપર રાખવાને માટે અને ઇતર પ્રલોભનોમાંથી બચાવવાને માટે પચ્ચક્ખાણ એ ઉત્તમ ઉપાય છે. શાસ્ત્રકારો એટલા માટે કહે છે કે પચ્ચક્ખાણ વિના સુગતિ નથી

ગૌતમસ્વામીએ ભગવાન મહાવીરને પ્રશ્ન કર્યો હતો: 'હે ભગવાન! પચ્ચક્ખાણનું ફળ શું?' ભગવાને કહ્યું, 'હે ગૌતમ! પચ્ચક્ખાણનું ફળ સંયમ છે.'

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે પ્રત્યાખ્યાનથી આશ્રવદ્વારો એટલે કે પાપનાં દ્વારો બંધ થાય છે અને ઇચ્છાનિરોધ જન્મે છે. નવાં કર્મ બંધાતાં અટકાવવાં તેને 'સંવર' કહે છે. પચ્ચક્ખાણ, એટલા માટે, સંવરરૂપ ધર્મ ગણાય છે.

જૈનધર્મમાં આરાધક માટે રોજ રોજ કરવા યોગ્ય એવાં છ આવશ્યક કર્તવ્યો ગણાવવામાં આવ્યાં છે: (૧) સામાયિક (૨) ચઉવીસત્થો (ચોવીસ તીર્થંકરની સ્તુતિ) (૩) વંદન (૪) પ્રતિક્રમણ (૫) કાઉસગ્ગ અને (૬) પચ્ચક્ખાણ. આમાં પચ્ચક્ખાણને પણ રોજની અવશ્ય કરવા યોગ્ય ક્રિયા તરીકે ગણાવવામાં આવ્યું છે.

જીવન હંમેશાં સંયમમાં રહે, કુમાર્ગમાંથી પાછું વળે, પાપાચરણથી અટકે અને સદાચારી બને એટલા માટે મનુષ્યે કેટલીક વસ્તુઓનો ત્યાગ કરવારૂપ નિયમો ગ્રહણ કરવા જોઇએ. આરંભમાં માણસ પોતાની શક્તિ અને મર્યાદાને લક્ષમાં રાખીને એવા નિયમો ગ્રહણ કરે કે જેનું પાલન ઘણું જ સરળ હોય અર્થાત્ તેનું પાલન કષ્ટવિના સ્વયમેવ થઇ જ જાય. જેમ જેમ સમય જતો જાય, વધુ અને વધુ મહાવરો અથવા અભ્યાસ થતો જાય તેમ તેમ માણસ તેવા નિયમોનો સંક્ષેપ કરતો જાય અને શક્તિ વધતાં વધુ કઠિન નિયમો પણ ગ્રહણ કરવા લાગે. આ દૃષ્ટિએ જૈન ધર્મમાં પ્રત્યેક કક્ષાની નાનીમોટી તમામ વ્યક્તિઓની શક્તિ અને મર્યાદાને અનુલક્ષીને ત્યાગ કરવારૂપ પચ્ચક્ખાણના એટલા બધા પ્રકારો દર્શાવ્યા છે કે માણસને જો પચ્ચક્ખાણ લેવાની રુચિ હોય તો પોતાની પ્રકૃતિ અનુસાર તેવા પ્રકારના પચ્ચક્ખાણની પસંદગી કરવાની અનુકૂળતા તેને અવશ્ય મળી રહે.

આહારના ચાર પ્રકાર છે: અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ. વળી દિવસના પણ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીના સમયમાં વિભાજન કરી નિશ્ચિત સમય માટે નિશ્ચિત આહારનો ત્યાગ કરવારૂપ પચ્ચક્ખાણ રોજેરોજ લેવાનું જૈનોમાં સુપ્રચલિત છે. આહારની જેમ ધનસંપત્તિ તથા ચીજવસ્તુઓના પરિગ્રહની મર્યાદા તથા ગમનાગમન માટે દિશા, અંતર તથા વાહનોની મર્યાદા પણ કેટલાંક લોકો રોજેરોજ કરતા હોય છે. હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ વગેરે કેટલાક મોટા પાપમાંથી બચવા માટે તથા ક્રોધ, માન, માયા, લોભ, નિંદા, ચાડી વગેરે દૂષણોનો યથાશક્તિ ત્યાગ કરવા માટે આરાધકો વિવિધ પ્રકારના પચ્ચક્ખાણ શક્તિ અનુસાર નિશ્ચિત સમય માટે સ્વીકારતા હોય છે. કેટલીક બાબતોમાં તો કેટલીક વસ્તુના ત્યાગના પચ્ચક્ખાણ યાવદ્જીવન માણસો લેતા હોય છે.

પચ્ચક્ખાણ શક્ય તેટલી શુદ્ધ રીતે લેવા અને તેનું પાલન કરવા પ્રયત્ન કરવો જોઇએ. કેટલાંક માણસો આવેગમાં આવી જઇ, ક્રોધાવશ બની કોઇક વસ્તુનો ત્યાગ કરવાની તરત પ્રતિજ્ઞા જાહેર કરી દે છે. કયારેક અભિમાનથી, કયારેક લુચ્ચાઇથી, કયારેક કપટ કરવાના આશયથી, ક્યારેક લોભલાલચને વશ થઇ માણસ પચ્ચક્ખાણ લે છે. કયારેક દુઃખ અને કલેશને કારણે, કયારેક રાગ અને દ્વેષને કારણે, તો કયારેક વેરભાવ અને વટને કારણે માણસ પચ્ચક્ખાણ લે છે. આવા પચ્ચક્ખાણ શુદ્ધ નથી. ભાવશુદ્ધિ એ પચ્ચક્ખાણની પ્રથમ આવશ્યકતા છે. પરાણે, ક્રોધકના કહેવાથી, મનવગર, ન છૂટકે માણસ પચ્ચક્ખાણ લે તો તેમાં ભાવશુદ્ધિ રહેતી નથી. અને તેથી તેવા પચ્ચક્ખાણનું ઝાઝું ફળ મળતું નથી. દ્રવ્ય અને ભાવ ઉભય દૃષ્ટિએ પચ્ચક્ખાણ શુદ્ધ હોવું જોઇએ. પચ્ચક્ખાણ ત્રણે પ્રકારનાં શલ્ય-મિથ્યાત્વશલ્ય, માયા શલ્ય અને નિયાણશલ્ય-થી રહિત હોવું જોઇએ.

પચ્ચક્ખાણ માટે શાસ્ત્રકારોએ વિવિધ પ્રકારની શુદ્ધિ દર્શાવી છે. ભાવની દૃષ્ટિએ પચ્ચક્ખાણમાં છ પ્રકારની શુદ્ધિ હોવી જોઇએ :

(૧) સ્પર્શિત (વિધિપૂર્વક ઉચિત કાળે લેવું.) (૨) પાલિત (વારંવાર સંભારીને સારી રીતે પાલન કરવું.) (૩) શોધિત (શુદ્ધ રીતે કરવું) (૪) તીરિત (સમયમર્યાદા પૂરી થાય તેથી પણ થોડાં અધિક કાળ માટે કરવું) (૫) કીર્તિત (સારી રીતે પૂરું થયા પછી ફરીથી તેને સંભારવું) અને (૬) આરાધિત (પહેલી પાંચે શુદ્ધિ સાથે સંપૂર્ણ રીતે આનંદ અને ઉલ્લાસપૂર્વક પાર પાડવું) વળી, (૧) શ્રદ્ધાશુદ્ધિ (૨) જ્ઞાનશુદ્ધિ (૩) વિનયશુદ્ધિ (૪) અનુભાષણ શુદ્ધિ (૫) અનુપાલન શુદ્ધિ અને (૬) ભાવશુદ્ધિ એમ છ પ્રકારની શુદ્ધિ પણ પચ્ચક્ખાણની ગણાવવામાં આવે છે.

મનુષ્યના મનનાં વ્યાપારોનું અને એની બાહ્ય ક્રિયાનું કેટલું ઝીણવટપૂર્વક, સૂક્ષ્મ અવલોકન પૂર્વાચાર્યોએ કર્યું છે તે પચ્ચક્ખાણની વિવિધ પ્રકારની શુદ્ધિ ઉપર જે ભાર મૂકવામાં આવ્યો છે તે પરથી જોઇ શકાય છે.

(પચ્ચક્ખાણના પ્રકારો વિશે હવે પછીના અંકમાં)

ગુજરાતના મહાપુરુષ સ્વ. બબલભાઇ મહેતા

શાન્તિલાલ ટી. શેઠ

સ્વ. બબલભાઈ મહેતાના અવસાનને એક વર્ષ પુરું થયું. તા. ૨૮-૨૯ સપ્ટેમ્બરના રોજ થામણા ગામમાં 'ગુજરાત સર્વોદય સંમેલન' બોલાવવામાં આવ્યું હતું. ત્યારે સમગ્ર ગુજરાતમાંથી સર્વોદય કાર્યકરો તેમજ ગાંધીવિચાર ધરાવતા કાર્યકરોની ઉપસ્થિતિનો પણ લાભ મળે એ આશયથી સ્વ. બબલભાઇ મહેતાનું પુસ્તક 'મારી જીવનયાત્રા' નું પ્રકાશન તેમની પ્રથમ પુણ્યતિથિ તા. ૨૭-૯-૮૨ના દિવસે રાખવામાં આવ્યું હતું. એ પ્રસંગે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહેવાની મને તક મળી હતી.

માત્ર પાંચ હજારની વસ્તી ધરાવતા થામણા ગામમાં જાણે 'ગાંધી મેળો' ભરાયો હોય એવું દૃશ્ય બહું થયું હતું. સમગ્ર ગુજરાતના ખાદીધારી અગ્રણી કાર્યકરોના સમૂહની ઉપસ્થિતિના કારણે ગ્રામજનોનો ઉત્સાહ સમાતો નહોતો. સમગ્ર દૃશ્ય આઝાદીના આંદોલનના દિવસોની સ્મૃતિ તાજી કરાવતું હતું. આ પ્રસંગે અગ્રણીઓમાં હાજર હતા, શ્રી વિમલા તાઇ, શ્રી પ્રભુદાસભાઇ પટવારી, શ્રી બાબુભાઇ પટેલ, શ્રી મનુભાઇ પંચોળી (દર્શક) શ્રી નારાયણ દેસાઇ, શ્રી યશવંત શુકલ, શ્રી ચુનીભાઇ વૈદ્ય તથા બીજા અનેક મહાનુભાવો તેમ જ કાર્યકરો.

પ્રાર્થના બાદ, પુસ્તકની પ્રકાશનવિધિ કરવામાં આવી ત્યારે, પ્રકાશક શ્રી મગનભાઇ જે. પટેલનું સન્માન કરવામાં આવ્યું અને પૂજ્ય રવિશંકર દાદાએ મોકલેલ ખાદીની શાલ, શ્રી વિમલાતાઇ દ્વારા તેમને ઓઢાડવામાં આવી. ત્યારબાદ સ્વ. બબલભાઇના જીવનદર્શન અંગે પ્રવચનો થયા. એની છાપ એવી પડી અને મનોમન પ્રશ્ન થયો કે સ્વ. બબલભાઇ શું ખરેખર મનુષ્ય હશે કે દેવ ? તેમના કાર્યોની વિગતો સાંભળતાં સાનંદાશ્ચર્ય થાય અને પ્રશ્ન ઉદ્ભવે કે શું આવા નાના ક્ષેત્રમાં એક બીજા ગાંધી થઇ ગયા ? અને આપણે એનાથી સાવ અજ્ઞાત રહ્યા ? તેના સાચા દર્શન માટે તેમના પુસ્તકો અવશ્ય વાંચવા જોઇએ. જો કે તેમનું કાર્યક્ષેત્ર સીમિત હતું. છેલ્લા ૪૫ વર્ષથી તેમણે 'થામણા' ગામને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું હતું. પોતાના જીવનદ્વારા સર્વોદયની કલ્પના તેમણે ચરિતાર્થ કરી બતાવી. ગુજરાતના ગામડે ગામડે, ગામડાંના ઘેર ઘેર, ઘરની વ્યક્તિએ વ્યક્તિના દિલમાં તેમણે ઊંડું સ્થાન જમાવ્યું હતું. વિવિધ વક્તાઓના વક્તવ્યો દ્વારા આવું દર્શન થયું અને 'થામણા' ગામના દર્શનથી જ તેની પ્રતીતિ પણ થતી હતી. ત્યાંના માણસો જ નહિ પરંતુ રસ્તાઓ અને દીવાલોમાં પણ જાણે બબલભાઇનાં દર્શન થાય.

ગાંધીજી પણ સામાન્ય માણસમાંથી મહાત્મા બન્યા હતા, એવી જ રીતે બબલભાઇએ પોતાના જીવનદ્વારા આવો બીજો દાખલો પૂરો પાડયો. ઘણા બધા વક્તાઓએ તેમના વક્તવ્યો-દ્વારા સ્વ. બબલભાઇનું તાદૃશ જીવનદર્શન કરાવ્યું, તેમાંના એક શ્રી વિમલા ઠકારે બોલતા કહ્યું કે, 'આજે જેમ પૂજ્ય રવિશંકર દાદા છે, તેવા આધુનિક યુગના થોડાક તપસ્વીઓમાંના બબલભાઇ એક હતા. તેઓ ઋજુતાની મૂર્તિનો અવતાર હતા, તેમની બાર વર્ષની નાની ઉમરે ગ્રંથો વાંચીને જીવનનું તારતમ્ય કાઢયું અને તેમાંથી જે જે જાણ્યું તે પ્રમાણે જીવવાનો સતત પ્રયત્ન કર્યો અને એ રીતે આચરી બતાવ્યું, જીવી બતાવ્યું, તેમણે પંડિત બનવાનો પ્રયત્ન ન કર્યો! સ્નેહ અને મૈત્રી મારફત તેમણે અન્યોમાં સંસ્કારોનું સિંચન કર્યું. જેમ વરસાદના ખુંદા ગણી શકાતા નથી, તેમ આવા તપસ્વીઓના સેવાકાર્યની ગણતરી થઇ શકતી નથી. તેમના જીવનદ્વારા અસંખ્ય માનવીઓના જીવનમાં સંસ્કારસિંચન થતું હોય છે. એટલે, તેમના કાર્યને અનુસરવું એ જ તેમના માટે મોટામાં મોટી અંજલિ ગણાશે એમ તેમણે કહ્યું.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ધી સ્ટેટસ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. :-37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૪ અંક : ૧૩

પ્રબુદ્ધ જીવન

મુંબઇ ૧-૧૧-૮૨ નવેમ્બર, ૧૯૮૨, સોમવાર
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ : પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

હૉસ્પિટલના બિછાનેથી

❖ ચીમનલાલ ચકુભાઇ શાહ

ગુરુવાર ૭ મી ઑક્ટોબરના રોજ સવારના મારું ઑપરેશન થયું. પેટની પેટીને પેન્ડોરાની બૉક્સ કહે છે, બહારથી ગમે એટલી તપાસ કરી હોય તો પણ એ ખોલે ત્યારે શું નીકળે તે કોઇ નિશ્ચિત કહી શકે નહિ. મારું પેટ ખોલ્યું ત્યારે માલુમ પડ્યું કે હોજરીમાંથી પાયલોરસમાં અન્ન જાય છે ત્યાં રુકાવટ છે. પાયલોરસમાંથી ડીયોડીમમાં જાય છે, જે નાના આંતરડાનું મુખદ્વાર છે. ડૉક્ટરો માટે બે વિકલ્પ હતા. પાયલોરસ અને ડીયોડેમ કાઢી નાંખવા તેમજ હોજરી અને નાના આંતરડાનું સીધું જોડાણ કરવું. અથવા એ બન્નેને એક બાજુ રાખી હોજરી અને નાના આંતરડાનું સાધું જોડાણ કરવું. ડૉ. શાન્તિભાઇ મહેતા, જેમણે ઑપરેશન કર્યું, તેમણે બીજો માર્ગ લીધો. તેને બાયપાસ સર્જરી કહે છે.

પહેલાં છ દિવસ અતોલ પિડા રહી, નસ મારફત ગ્લુકોઝ ઉપર રાખ્યો. મોઢેથી કાંઇ લેવાતું નહોતું. બીજે દિવસે રાત્રે ઉંધનું ઇંજેક્શન આપ્યું. એની ધણી વિપરીત અસર થઇ. આખી રાત ચકકર અને માનસિક ભ્રમણાઓ રહી. ત્રીજે દિવસે સખત કફ થયો અને હાડકાપાંસળાં ખોખરા થઇ ગયા. ચોથો દિવસ પ્રમાણમાં ઠીક હતો. ત્યાર પછીના બે દિવસ બહુ ઝાડા થયા. સાતમે દિવસે મોઢેથી પ્રવાહી આપવા પ્રયત્ન કર્યો, પણ લેશમાત્ર રુચિ ન હતી. સાધારણ રીતે સાતમે આઠમે દિવસે ઘાના ટાંકા તોડે છે, પણ મારી શારીરિક નિર્બળતા લક્ષ્યમાં લઇ દસમે દિવસે અડધા ટાંકા તોડ્યા અને બાકીના ચૌદમે દિવસે તોડ્યા અને ઘરે જવાની રજા આપી. પણ, ઘા રૂઝાવાની કુદરતી મારી શક્તિ એટલી ક્ષીણ હતી તેની પૂરી કલ્પના ન હતી. થોડા સમયમાં પિડા ઉપડી અને ઘા તૂટતો હોય તેમ લાગ્યું. તાત્કાલિક ઑપરેશન માટે મને લઇ ગયા. ડૉક્ટરો આવી પહોંચ્યા અને ફરીથી પેટ ખોલીને નાયલોનના ખૂબ મજબૂત ટાંકા લીધા. લગભગ બીજું ઑપરેશન થઇ ગયું. એની પિડા આજે સાત દિવસથી બહુ ભારે છે. હજી બીજા દસ દિવસ આવા કાઢવા પડશે.

સરજરીમાં ધણી પ્રગતિ થઇ છે, અને ઘા રૂઝાવવાના ધણા સાધનો પર્યાપ્ત છે, છતાં, જીવતા દેહ ઉપર કાપો મૂકવાનો છે. અને ખાસ કરીને પેટનું હોય ત્યારે ઉંમરલાયક અને નબળી સ્થિતિના માણસે ઑપરેશન કરાવતાં ખૂબ વિચાર કરવો. માનસિક શાન્તિ અને સ્વસ્થતા સારા પ્રમાણમાં છે. કોઇ આડાઅવળા વિચાર મનમાં આવવા દેતો નથી. મનની સ્થિરતા ગમે તેટલી હોય તો પણ મન, દેહને કેટલું પરવશ છે એનો અનુભવ થાય છે.

ઉત્કૃષ્ટકોટિની સારવાર થાય છે. ડૉક્ટરો, નર્સો, અને મારાં સંતાનો-ખાસ કરીને મારો નાનો દીકરો સુધીર-ખડે પગે હાજર છે. બહારગામથી અને સ્થાનિક મિત્રો તેમ જ શુભેચ્છકોએ પ્રેમની વર્ષા વરસાવી છે, એ મોટું આશ્વાસન છે.

મનને શાન્ત અને સ્થિર રાખવું તેમ જ ખોટા વિચારો ન આવવા દેવા-એ સંજોગોમાં સમય કેમ પસાર કરવો એ મોટો પ્રશ્ન છે. મારામાં એટલો ભક્તિભાવ નથી કે નિરંતર ભક્તિમાં રહું. છતાં, વખતોવખત સાચા હૃદયથી, પ્રભુનામસ્મરણ, નવકારમંત્રનો જપ, ચત્તારી મંગલમ,' વિગેરેનું રટણ કરું છું, પણ એ યાંત્રિક બની જાય ત્યારે રોકી દઉં છું. ભક્તામર, આત્મસિદ્ધિ, અપૂર્વ અવસર અને શ્રીમદ્‌ના બીજા પદોનું રટણ કરું છું, પણ, એ પણ યાંત્રિક બને ત્યારે બંધ કરું છું.

મારા કરતાં પણ વધારે ગંભીર હાલતમાં હોય એવા અને પુરી સારવારના અભાવે પિડાતા સેંકડો-હજારો દરદીઓ છે. મારા વિષે આટલું એમ સમજીને લખાવું છું કે મિત્રો અને શુભેચ્છકો મારી તબિયતની સ્થિતિ જાણવા ઇચ્છે છે.

પાંચ અઠવાડિયાથી હૉસ્પિટલના બિછાને પડ્યો છું, ઘણું ચિન્તન-મનન થયું છે. જીવન વિષેની મારી મુખ્ય માન્યતાઓ વધારે દૃઢ થઇ છે. એવી પ્રતિતિ થઇ છે કે માણસનો અંતિમ આશ્રય ઇશ્વર સિવાય બીજો કોઇ નથી. એની દયા અસીમ છે, પણ એ પ્રાપ્ત કરવી સહેલી નથી. પૂરી કસોટી કરે, અગ્નિપરીક્ષા કરે, એવી અગ્નિપરીક્ષા મારી થઇ રહી છે. ભગવાનની દયા હશે તો તેમાંથી પાર ઉતરીશ, અન્યથા મનને લેશ પણ વ્યથા નથી. સૌને પ્રેમપૂર્વક મારા પ્રણામ કરું છું.

(૨૫-૧૦-૮૨ બપોરે ૪ વાગે.)

પંડિત બેચરદાસ દોશી વિશેષાંક

તાજેતરમાં પંડિત બેચરદાસ જીવરાજ દોશીનું અવસાન થયું એથી વિદ્વદ જગતને મોટી ખોટ પડી. તેના અનુસંધાનમાં 'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧-૧૨-૮૨નો અંક વિશેષાંક તરીકે પ્રગટ કરવો એવો નિર્ણય કરવામાં આવ્યો છે.

વિદ્વદ્‌વર્યોને આથી વિનંતિ છે કે પંડિત બેચરદાસ દોશી વિષે લખાણ શક્ય તેટલું જલ્દી સંઘના કાર્યાલય પર મોકલી આપે.

તંત્રી, "પ્રબુદ્ધ જીવન"

જર્મની : ઇતિહાસ પાનું બદલે છે

વાડીલાલ ડગલી

શ્રી હેલ્મટ સ્મિટની સમાજવાદી સરકારનું ઑક્ટોબરની ૧લીએ પતન થયું અને પશ્ચિમ જર્મનીમાં રાજકીય સ્થિરતાના એક યુગ ઉપર પડદો પડી ગયો. પશ્ચિમ જર્મનીના ક્રિશ્ચિયન ડેમોક્રેટિક પક્ષના નેતા ડો. હેલ્મટ કોલ પશ્ચિમ જર્મનીના વડા પ્રધાનનો હોદ્દો મેળવવા માટે એક દાયકાથી રાહ જોતા હતા. ફ્રી ડેમોક્રેટસ પક્ષે પોતાના સંયુક્ત સરકારના સાથી સોશ્યલ ડેમોક્રેટિક (સમાજવાદી) પક્ષને છોડી દીધો ત્યારે ડો. કોલને તક મળી ગઈ. સંયુક્ત સરકારના પતનથી બે શક્યતાઓ ઉભી થતી હતી. કાં તો ક્રિશ્ચિયન ડેમોક્રેટિક પક્ષ અને ફ્રી ડેમોક્રેટિક પક્ષની સંયુક્ત સરકાર રચાય અથવા દેશમાં સામાન્ય ચૂંટણી થાય.

હકીકતમાં આ બે પક્ષોની સંયુક્ત સરકાર જ રચાઇ, પણ તેને લીધે જર્મન રાજકીય જીવનમાં અભૂતપૂર્વ રાજકીય કટોકટી સર્જાઈ છે. સામાન્ય રીતે પશ્ચિમ જર્મનીમાં સરકાર ચૂંટણીઓ પછી જ બદલાય છે. આ વખતે પહેલી જ વાર એવું બન્યું કે સંયુક્ત સરકારના એક ભાગીદારના સામુદાયિક પક્ષપલટા પછી અવિશ્વાસની દરખાસ્ત દ્વારા સરકાર બદલાઇ. આને લીધે સત્તા ગુમાવનારા સોશ્યલ ડેમોક્રેટોમાં જ નહિ પણ ફ્રી ડેમોક્રેટોની એક મોટી સંખ્યામાં પણ સન્નાટો છવાઇ ગયો છે.

પશ્ચિમ જર્મનીના હેસ રાજ્ય ખાતેની પ્રાંતિક ચૂંટણીમાં ફ્રી ડેમોક્રેટોને પાંચ ટકાથી પણ ઓછા મત મળ્યા છે જેને લીધે તેઓ રાજ્યની વિધાનસભામાં બેસવા માટે ગેરલાયક ઠર્યા છે. ફ્રી ડેમોક્રેટિક પક્ષે પોતાને દગો દીધો છે એવું જર્મન મતદારને લાગ્યું છે અને તેની કટુતાનો આ પુરાવો છે. સરકાર બદલાવાના સમયને ટાંકણે જ થયેલી ચૂંટણીમાં જે રાજકારણીઓને લોકોએ ફેંકી દીધા હોય તેઓને નવી સરકારમાં જોડાવાની છૂટ ન હોવી જોઇએ એમ જર્મન પ્રજા કહે છે. અલબત્ત સરકારમાં જોડાવાનું તેમનું પગલું બંધારણીય હતું તેની ના પાડી શકાય તેમ નથી. પણ એમને માટે પ્રામાણિક રસ્તો તો એ હતો કે વડા પ્રધાન શ્રી સ્મિટે માગણી કરી છે તેમ તેમણે મતદારો પાસે જઇને તેમનો ચુકાદો માગવો જોઇતો હતો. રસપ્રદ વાત એ છે કે શ્રી સ્મિટે જ નહિ પણ ડો. કોલના સાથી પ્રખર રૂઢિચુસ્ત નેતા ફ્રાન્ઝ જોસેફ સ્ટ્રોસે પણ આવી માગણી કરી છે.

ફ્રી ડેમોક્રેટિક પક્ષના અધ્યક્ષના એક નિકટનાં સાથીદાર શ્રીમતી હેમ બુચરે બળવો કર્યો અને તેમના સાથી ડો. કોલની તરફેણમાં મત આપ્યો નહોતો. અવિશ્વાસની દરખાસ્તની ચર્ચામાં ભાગ લેતાં એમણે આ યાદગાર વાક્યો કહેલાં : 'હેલ્મટ સ્મિટ મતદારોની સંમતિ વિના સત્તાભ્રષ્ટ થયા. હેલ્મટ કોલ મતદારોની સંમતિ વિના વડા પ્રધાનપદે આવ્યા. બન્ને બનાવો બંધારણીય છે, પણ તેથી બંધારણની પવિત્રતાને ડાઘ લાગ્યો છે.' શ્રી સ્મિટે પણ એજ મુદ્દો રજુ કરી કહ્યું હતું કે અવિશ્વાસની દરખાસ્ત કાયદેસર તો હતી, પણ તેમાં 'આંતરિક, નૈતિક વાજબીપણું નહોતું.'

ફ્રી ડેમોક્રેટો સંયુક્ત સરકારમાંથી કેમ નીકળી ગયા ? તેમને સમાજવાદીઓ સાથે અંદાજપત્રની ખાધ, સામાજિક સલામતીનો ખર્ચ અને ખાનગી ક્ષેત્રને મૂડીરોકાણ માટેનું ઉત્તેજન વગેરે અંગે મતભેદો હતા. ફ્રી ડેમોક્રેટો ખાનગી ક્ષેત્રની તરફેણમાં છે. પણ નવી સંયુક્ત સરકારે પ્રારંભમાં જે કાર્યક્રમ હાથ ધર્યો છે તે મધ્યમમાર્ગી સોશ્યલ ડેમોક્રેટોના કાર્યક્રમ કરતાં બહુ જુદો નથી. સોશ્યલ ડેમોક્રેટોએ આ કાર્યક્રમ એવી આર્થિક પરિસ્થિતિમાં રજુ કરેલો, જ્યારે પશ્ચિમ જર્મનીમાં બેકારીનો આંક ૨૦ લાખની અસહ્ય સંખ્યાને વટાવી ગયેલો. નવી સંયુક્ત સરકારમાં કાઉન્ટ ઑટો લેમ્બ્સડૉર્ફને આર્થિક ખાતું સંભાળવાનું જ ફરી સોંપવામાં આવ્યું છે. જ્યારે અવિશ્વાસની દરખાસ્તની ચર્ચામાં ફ્રી ડેમોક્રેટિક સભ્યોએ સોશ્યલ ડેમોક્રેટિક પક્ષની આર્થિક નીતિ ઉપર પ્રહારો કર્યા ત્યારે સોશ્યલ ડેમોક્રેટિક પક્ષના અધ્યક્ષ શ્રી વિલી બ્રાન્ટે અસરકારક રીતે પૂછ્યું કે એ સમાજવાદી સરકારની આર્થિક નીતિ જો એટલી આફતજનક હતી તો નવી સંયુક્ત સરકાર કાઉન્ટ ઑટો લેમ્બ્સડૉર્ફને આર્થિક પ્રધાન તરીકે ફરી શા માટે રાખે છે ?

નવા વડા પ્રધાન ડો. હેલ્મટ કોલને રૂઢિચુસ્તોમાં ડાબેરી ગણાવી શકાય. તેમને કામદાર સંઘોમાં નહિ જોડાયેલા ગરીબ લોકોની ચિંતા છે તેઓ સાવચેત રાજકારણી છે, જે સાધારણ રીતે હોડીને હચમચાવી મૂકવાનો વિચાર ન કરે.

ડો. કોલે વચન આપ્યું છે તેમ આવતા વર્ષના માર્ચમાં તેઓ ચૂંટણીઓ કરે તે સારું છે, કારણ કે સત્તાસ્થાનની લગામમાંથી છૂટા થઇ ગયેલા કેટલાક ડાબેરી સમાજવાદીઓ શેરીઓમાં સંઘર્ષ આદરે અને ત્યાં તેમને જર્મનીમાં ઊભા થયેલા એક 'ગ્રીન્સ' નામે ઓળખાતા નવા સંગઠનનો ટેકો મળે એવો સંભવ છે. આ ગ્રીન્સને કેટલાંક રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણીઓમાં પાંચ ટકા કરતાં વધારે મત મળ્યા છે. તેઓ અણુવિરોધી છે. તેમને વિકાસ ખાતર વિકાસ જોઇતો નથી. તેઓ પર્યાવરણને ક્ષુબ્ધ કરવાના પ્રયત્નોની વિરુધ્ધ છે. હેમ્બર્ગની વિધાનસભાની ચૂંટણીમાં એમને રાજકીય વિજય મળ્યો તેને પરિણામે એક અણુવીજળીનું કારખાનું બંધ કરી દેવામાં આવ્યું છે. હેસમાં એક હવાઇમથકનું વિસ્તૃતીકરણ મુલતવી રાખવામાં આવ્યું છે. પશ્ચિમ જર્મનીમાં સોશ્યલ ડેમોક્રેટિક પક્ષ અને ક્રિશ્ચિયન ડેમોક્રેટિક પક્ષ એ બેની વચ્ચે સમતુલા જાળવનારા પક્ષ તરીકે ફ્રી ડેમોક્રેટસનું સ્થાન આ ગ્રીન્સે લીધું છે. ફ્રી ડેમોક્રેટસનું ઘટતું જોર અને ગ્રીન્સની વધતી લોકપ્રિયતાને પરિણામે જર્મનીના રાજકારણમાં અનિશ્ચિતતાનું તત્ત્વ દાખલ થયું છે. એ તદ્દન સંભવિત છે કે ક્રિશ્ચિયન ડેમોક્રેટિક પક્ષ જે રીતે સત્તા ઉપર આવે તેને લીધે પશ્ચિમ જર્મનીની ભાવિ સંયુક્ત સરકારો સોશ્યલ ડેમોક્રેટો અને ગ્રીન્સની બનેલી હોય. ગ્રીન્સ પશ્ચિમ જર્મનીના ભ્રમનિરસન પામેલા યુવાનોના એક મોટા વિભાગનું પ્રતિનિધિત્વ કરે છે.

ત્રણ ક્ષેત્રોમાં ડો. કોલના નેતૃત્વ નીચેની સરકારની નીતિ કદાચ બદલાય. પહેલું અમેરિકા અને એટલાન્ટિક જોડાણ. ડો. કોલ અતિશય અમેરિકા-તરફી છે. શ્રી સ્મિટ પશ્ચિમી દેશો અને રશિયા વચ્ચે સમતુલા રાખતા હતા. પણ ડો. કોલ માને છે કે પશ્ચિમ જર્મનીનું ભાવિ અમેરિકાની સાથે જ છે. જૂન માસમાં અમેરિકાના પ્રમુખ રેગનની પશ્ચિમ જર્મનીની મુલાકાત વખતે ડાબેરીઓ જ્યારે રેગનવિરોધી રેલીઓ યોજતા હતા ત્યારે ડો. કોલે બોન અને મ્યુનિકમાં રેગનતરફી રેલીઓ સફળતાપૂર્વક યોજી હતી એ કેવળ અકસ્માત નથી.

બીજું ક્ષેત્ર સમાજવાદી રાજ્યોનાં જુથનું છે. અહીંયા ડો. કોલ રશિયા સાથે કડક થાય એવો સંભવ છે. તેઓ કદાચ સમાજવાદી વડા પ્રધાન વિલી બ્રાન્ટે શરૂ કરેલી પૂર્વ સાથે સમાધાનની નીતિનો ત્યાગ કરે. આ નીતિ સાદી ભાષામાં કહીએ તો રશિયા સાથે સાવચેતીપૂર્વક સંવાદ ચલાવવાની હતી. સ્મિટે આ સંવાદ ચાલુ રાખ્યો, પણ ડો. કોલ તો અમેરિકાની સંમતિ મળે તો જ એ ચાલુ રાખે.

ત્રીજું ક્ષેત્ર વિકસતા દેશો પ્રત્યેની પશ્ચિમ જર્મનીની

(અનુસંધાન પાનું = ૧૩૩)

તપ : એક વિવેચન

ડૉ. ઉમેદમલ મુનોત ● અનુ : ગુલાબ દેઢિયા

તપ, જીવનને સૌમ્ય, સાત્ત્વિક અને સર્વાંગપુર્ણ બનાવવાની દિવ્ય સાધના છે. તપ એક એવી સમાધિ છે જેના પરથી આધ્યાત્મિક પરિપૂર્ણતાની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. અંતમાં માનવ જન્મ, જરા અને મૃત્યુના ચક્રમાંથી મુકત થઇ પરમાત્મપદ એટલે કે મોક્ષને પ્રાપ્ત કરે છે.

પ્રત્યેક ધર્મપરંપરામાં તપનું સ્થાન

ભારતની પ્રત્યેક ધર્મપરંપરામાં ઓછેવત્તે અંશે તપનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. વૈદિક પરંપરામાં કહ્યું છે : 'તપ મૃત્યુ ઉપર વિજય મેળવવાનો મહામંત્ર છે.' વૈદિક પરંપરામાં તો ઇશ્વરને પણ સૃષ્ટિ નિર્માણ કરતાં પહેલાં તપ કરવાનું હોય છે. બીજા તો શું, સ્વયં બ્રહ્મા પણ તપથી પ્રતિષ્ઠિત છે. હજારો ઋષિ-મુનિઓ એવા છે, જેઓ કઠોર તપસાધના માટે ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. બૌદ્ધ ધર્મમાં પણ તપનો મહિમા છે. તપને તો વગર પાણીનું સ્નાન કહ્યું છે. 'સમાધિ મગ્ગો' વગેરે ગ્રન્થો આજે પણ તપશ્ચર્યાની સાક્ષી પૂરે છે. ખ્રિસ્તી અને યહૂદી ધર્મોમાં પણ ઉપવાસ અને અન્ય તપ-સાધના પર ભાર મૂકવામાં આવ્યો છે. મુસ્લિમ સંપ્રદાયમાં રમજાન વગેરેના દિવસોમાં તપ કરવાનું અનિવાર્ય વિધાન કરવામાં આવેલ છે. જૈન પરંપરા તો તપસાધના માટે પ્રાચીન કાળથી સુપ્રસિદ્ધ છે. ભગવાન મહાવીરને જૈન આગમોમાં 'શ્રમણ' વિશેષણથી ઓળખવામાં આવ્યા છે. શ્રમણ શબ્દ 'શ્રમુ તપસિ ખેદે ચ' ધાતુમાંથી નિષ્પન્ન થયો છે. એનો અર્થ થાય છે-તપ કરનાર સાધક. પ્રસ્તુત ઉલ્લેખોથી સ્પષ્ટ થાય છે કે ભારત અને ભારત બહારની સર્વ ધર્મ પરંપરામાં તપનું મહત્ત્વ બતાવવામાં આવ્યું છે.

આન્તરંગ તપનું શ્રેષ્ઠત્વ

જૈન પરંપરાએ તપના સંબંધમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અપનાવ્યો છે. ભગવાન મહાવીરે તપની સમીક્ષા કરતાં બે ભેદ પાડયા છે-બહિરંગ તપ અને અન્તરંગ તપ. નવકારસી, પોરસી, ઉપવાસ, અઠ્ઠાઈ, પક્ષ, એક માસ કે છ મહિના સુધીના નિરાહાર ઉપવાસ એ બહિરંગ તપ છે. ભૂખ હોય તેનાથી ઓછું ખાવું એ પણ બહિરંગ તપ છે. અસ્વાદ વ્રતના રૂપમાં દૂધ, ઘી, મિષ્ટાન્ન વગેરે રસનો ત્યાગ કરવો, ઠંડી-ગરમી સહન કરવી, નિર્જન વનમાં એકાન્ત વાસ કરવો વગેરે બાહ્ય તપ છે.

બાહ્ય તપ તો અંતરંગ તપ માટે વાતાવરણ નિર્માણ કરે છે. કલ્પના કરો-એક માણસ તરસ્યો છે. તે બાલદી લે છે, દોરડું લે છે, કૂવા પાસે જાય છે, પાણી સીંચે છે. આ બધા તરસ દૂર કરવાના ઉપાય છે, પણ એટલું જ કરવાથી તરસ નહિ છીપે, તરસ તો પાણી પીવાથી બુઝાશે. બાહ્ય તપ જળ પ્રાપ્તિ જેવો પ્રયત્ન છે, અંતરંગ તપ જળ પીવા જેવું છે. એટલે કે અંતરંગ તપ જ મુકિતનો મુખ્ય હેતુ છે. જો બાહ્ય તપ બહાર જ રહી જાય, અંતરંગ ચેતનામાં આત્મ-ભાવની દિવ્ય જ્યોતિ ન પ્રગટે, વાસનાઓ અને આસકિતઓમાંથી મુકિત ન મળે તો તે તપ ન બનતાં માત્ર દેહદંડ બની રહે છે. ધર્મસાધનાનું લક્ષ્ય દેહદમન નથી, વાસનાઓનું દમન છે, શરીરને હેતુહીન કષ્ટ આપવું એ હિંસા છે, પરિતાપ છે, સંતાપ છે. પરિતાપ ભગવાન મહાવીરની ધર્મ દેશનામાં બાલ તપ છે. કર્મ નિર્જરાનો હેતુ નથી, કર્મ બંધનો હેતુ છે. બાલ તપનો અર્થ છે-અજ્ઞાન તપ, અને અજ્ઞાન પોતે જ મોટું પાપ છે.

પ્રાચીન યુગમાં પણ અનેક ધર્મપરંપરાઓ બાહ્ય તપ ઉપર વિશેષ ભાર આપતી હતી. જૈનોના ઔપપાતિક સૂત્ર અને વૈદિક પરંપરાના પુરાણ વગેરે ગ્રંથોમાં અનેક કઠોર તપસ્વી સાધકોનાં વર્ણન મળે છે. કોઇ માત્ર સૂકું ઘાસ, પાંદડાં ખાતા હતા, બીજું કાંઈ નહિ. કોઇ પથ્થર પર સૂઇ રહેતા. કોઇ દિવસ-રાત ઊભા જ રહેતા. કોઇ શિયાળામાં પણ આકંઠ ઠંડા પાણીમાં ઊભા રહેતા. ભગવાન પાર્શ્વનાથે જેને બોધ આપ્યો તે કમઠ આ કોટિનો તપસ્વી હતો. કોઇ પોતાનું મોં સીવી નાખતા, કોઇ પોતાની આંખો ફોડી નાખતા. આ સાધનાઓમાં ઘણી વાર વિવેકનો અભાવ જોવા મળે છે. સાધના દેહ સામે નથી, વિકારો સામે છે, અંદરના દોષ સામે છે. પુરાણોમાં દુર્વાસા જેવા તપસ્વીઓનું વર્ણન છે, જૈન આગમોમાં એવા તપસ્વીઓની વાત આવે છે, જે તેજોલેશ્યાની સિદ્ધિથી બીજાને બાળતા હતા. જો કોઇ વ્યકિત એક માસભર તપ કરે પણ જો એના જીવનમાં ક્ષમા અને શાંતિનો અભાવ હોય તો તે તપ નિરર્થક છે.

આજે ઘણા લાંબા તપ કયારેક તેજસ્વિતા ગુમાવી બેસે છે. તેનો સમત્વ યોગથી સંબંધ તૂટી જાય તો માત્ર હઠયોગ બની રહે. આજે એવું જોવા મળે છે કે, તપ પછી ભોજન વગેરે મળવામાં થોડું મોડું થાય તો તપસ્વી ક્રોધ કરે છે. તપોત્સવની પત્રિકા ન છપાય કે દર્શનાર્થીઓની ભીડ ન જામે તો પણ ઓછું આવે છે. ભગવાન મહાવીરે કહ્યું છે-જો તપ આ લોકની કોઈ ઇચ્છા માટે કરવામાં આવે, સ્વર્ગ વગેરે પરલોકની લાલસા માટે કરવામાં આવે, તો તે તપ નથી. તપ માત્ર કર્મ-નિર્જરા માટે, બંધન-મુકિત માટે, સ્વ સ્વરૂપ ઉપલબ્ધિ માટે જ કરવું જોઇએ.

જૈન પરંપરામાં તપની પરિભાષા છે-ઇચ્છાનો નિરોધ. મનુષ્ય ભોજનની ઇચ્છા કરે છે. ભૂખ લાગતાં ભોજન યાદ આવે જ છે. અને ભૂખ લાગે ત્યારે ભોજન કરે એમાં પાપ નથી. ઘર, દવા, કપડાં આ બધી વસ્તુઓ જીવનની જરૂરિયાતો છે. એ બધા વગર કયાં સુધી ચાલે ? પાપ વિવેકપૂર્વક જરૂરિયાતની પૂર્તિ કરવામાં નથી, આસકિતમાં છે, ઇચ્છામાં છે. જરૂરિયાત અને આસકિતમાં ભેદ છે.

મનુષ્ય ભોજનનો દાસ ન બની જાય, ભૂખ લાગતાં સમય-કસમયનો, ઉચિત-અનુચિતનો, ન્યાય-અન્યાયનો, ભક્ષ્ય-અભક્ષ્યનો વિવેક ન ભૂલી જાય એ માટે તપ દ્વારા ક્ષુધા-નિગ્રહનો અભ્યાસ કરવામાં આવે છે. ભૂખ ન હોય પણ મનુષ્ય સ્વાદ માટે ખાઇ લે છે, જરૂરતથી વધુ ખાઇ લે છે, બીજાઓ માટે કંઇ ન બચે એટલું ખાઇ લે છે. આ આસકિતની રીત છે. ઉપવાસનું તપ આના પર વિજય મેળવવા માટે છે. ભોજન છોડી દેવું બાહ્ય તપ છે, ભોજનની ઇચ્છા અને આસકિત છોડી દેવી અંતરંગ તપ છે. બાહરથી ઉપવાસ ચાલુ હોય પણ મનમાં ભોજનની ઇચ્છા ચાલતી હોય, કલાકો ગણીને સમય પસાર કરે એ તપ નથી. કોઈના દબાણથી, કોઇ પ્રકારની શરમથી, કે અન્ય કોઇ પ્રલોભન માટે કરવામાં આવેલ તપ એ તપ નથી.

તપના મૂળમાં આચરણની સ્વચ્છતા, આંતરિક શુદ્ધિ અને નિષ્કામ ભાવના હોવાં જોઇએ. આ ત્રણેનો સમન્વય થાય તે સર્વશ્રેષ્ઠ તપ છે. ('શ્રી અમર ભારતી'માંથી સાભાર)

આનન્દશંકરનો શિક્ષણવિચાર

કૃષ્ણવીર દીક્ષિત

[ત્રીજું વ્યાખ્યાન]

તા. ૮-૯-૮૨ ને રોજ ડૉ. જયન્ત પાઠકે ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળાનું ત્રીજું વ્યાખ્યાન આપ્યું હતું. વિષય હતો 'આનન્દશંકરનો શિક્ષણવિચાર.'

વક્તાએ આનન્દશંકરની કેળવણી વિષયક વિચારણાનો ખ્યાલ તેમના જ એક વિધાનના અવતરણથી આપવો શરૂ કર્યો હતો. તે વિધાન આ પ્રમાણે છે: 'હું વ્યાવહારિક જીવનને કેળવણીનો ઉદ્દેશ માનતો નથી, પણ કેળવણીની એક ભૂમિકા માનું છું. જીવનને વધારે જ્ઞાની, વધારે ઊંચું, ખરી સમૃદ્ધિથી વધારે સમૃદ્ધ કરવું એ જ કેળવણીનો ઉદ્દેશ છે. કેળવણીનો આ 'આઇડીઆલિસ્ટિક' અને 'રિપરિચ્યુઅલ કન્સેપ્શન' ઉચ્ચ આધ્યાત્મિક ભાવના ભૂલી જવાથી કેળવણી જમીનમાં રગદોળાય છે, રાણી મટી દાસી થાય છે.'

વક્તાએ વધુમાં કહ્યું હતું: 'આનંદશંકર એજ્યુકેશનના પર્યાયરૂપે મોટે ભાગે 'કેળવણી' શબ્દનો પ્રયોગ કરે છે એ મને સૂચક ને કેળવણીની એમની વિભાવનાનું દ્યોતક સમજાય છે. શિક્ષણ શબ્દમાં શીખવવું, ભણાવવું એવો અર્થ રહેલો છે. એમાં કશુંક બીજાને બહારથી આપવાનો ખ્યાલ છે, જ્યારે કેળવણીમાં બીજામાં જે છે તેને જ પોષવાનો, સંવર્ધવાનો, સંસ્કારવાનો એટલે કે યોગ્ય દિશામાં વાળવાનો, વિકસાવવાનો અર્થ રહેલો છે. આનંદશંકરને મતે કેળવણીની પ્રક્રિયા એક સળંગ અખંડ અને નિરંતર એટલે કે જીવનભર ચલાવવાની પ્રવૃત્તિ છે. કેળવણી જીવન માટે નહિ, પણ જીવન કેળવણી માટે છે. કેળવણી જીવનનું સાધ્ય છે. એ પ્રાપ્ત થાય છે ત્યારે જ જીવન એના ખરા અર્થમાં સિદ્ધ થાય છે. કેળવણી વ્યાપક અર્થમાં જીવનનાં સર્વ ક્ષેત્રોમાં પ્રવર્તી તેને આલોકિત ને ઉન્નત કરનારી વસ્તુ છે.

પોતાના જમાનાની કેળવણી

આનંદશંકર પોતાના જમાનાની કેળવણીનો ખ્યાલ આપતાં ગૌરવપૂર્વક તેની સામગ્રીનો ને તેના પ્રભાવનો ઉલ્લેખ કરે છે એમાં સર્વાંગી કેળવણીનો ખ્યાલ ઓતપ્રોત રહેલો દેખાય છે.

'ફ્રેન્ચ રેવોલ્યુશન'નો બોધપાઠ આનન્દશંકરને મતે એ છે કે ઉચ્છેદક પ્રવૃત્તિ દુષ્ટ છે તેમ સ્થિત વસ્તુને વળગી રહેવાની વૃત્તિ પણ અનિષ્ટ છે. વખતસર દેશકાળને સમજીને સુધારો કરવો એ જરૂરનું છે. કાવ્યમાલા દ્વારા સંસ્કૃત સાહિત્યની, ગોલ્ડન ટ્રેઝરી દ્વારા અંગ્રેજી સાહિત્યની ને 'કુસુમમાલા' દ્વારા ગુજરાતી સાહિત્યની રસસમૃદ્ધિએ વિદ્યાર્થીના હૃદયને રમણીયતાનો બોધ કરાવીને સંસ્કાર્યું. 'સરસ્વતીચન્દ્ર', 'પ્રિયંવદા' અને 'સુદર્શન' જેવાં સામયિકોએ પણ કેળવણી નિમિત્તે શું સિદ્ધ કરી બતાવ્યું તે કહી આનંદશંકર જીવન-ઘડતરના સંદર્ભમાં જ્ઞાન અને ક્રિયા બન્ને ક્ષેત્રમાં તેના પ્રભાવક પ્રવર્તનની આવશ્યકતાનું કેવું મહત્ત્વ દર્શાવે છે તે વક્તાએ જણાવ્યું: દુર્ગારામ ને નવલરામ, મહીપતરામ ને નંદશંકર, મણિલાલ ને આનન્દશંકર આ સૌએ કેળવણીનું ક્ષેત્ર વ્યવસાય તરીકે સ્વીકારેલું તેથી તેમની વિચારણામાં તેનો વ્યાવહારિક અને વૈચારિક બન્ને પાસાંનો સમાવેશ થાય છે ને એમના વિચાર પ્રત્યક્ષ અનુભવમાંથી પ્રગટેલા હોઈ વધારે ઉપયોગી તેમ શ્રદ્ધેય લાગે એવા થયા છે. કેળવણી વિષયક આજની પરિસ્થિતિનો નિર્દેશ કરીને વક્તાએ કહ્યું: 'આ પરિસ્થિતિમાં આનંદશંકર જેવાની કેળવણી વિષયક વિચારણા તટસ્થ, મૌલિક, ઊંડી, વ્યાવહારિક દૃષ્ટિની અવગણના કર્યા વગર તેની સાથે તત્ત્વદૃષ્ટિનો મેળ સાધનારી હોઈ વધારે ધ્યાન પાત્ર, વિચારણીય ને આવકાર્ય સમજાય છે.

અંગ્રેજી શાસને દેશીઓને કેળવણી આપવાનું ઠરાવ્યું ને તે સંબંધમાં શાળાઓ તથા યુનિવર્સિટીઓ સ્થાપી તેનો દેશના ઉત્કર્ષના સંદર્ભમાં ઐતિહાસિક ઘટના તરીકે મહિમા કરતાં કહ્યું: 'આપણી શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર ક્ષેત્રની પ્રવૃત્તિ અને પ્રગતિનું શ્રેય અંગ્રેજોએ કરેલી કેળવણીની વ્યવસ્થા અને રચેલા તંત્રને છે.'

વક્તાએ તે પછી પ્રબોધયુગના આરંભકાળમાં નવલરામની કેળવણી વિચારણાનું વ્યવહારલક્ષિતા, તત્ત્વવિચાર, ઊંડાણ અને ઝીણવટ આ સર્વ દૃષ્ટિએ મહત્ત્વ દર્શાવી આનંદશંકરમાં તેનું અનુસંધાન થતું હોવાનું જણાવ્યું અને કહ્યું: 'એમની શુદ્ધ, વિદ્વત્તા, તથા જ્ઞાનની વ્યાપકતાને લીધે એ વધારે પરિસ્કૃત અને પરિપક્વ બનેલી જણાય છે.'

આનંદશંકરની કેળવણી વિભાવના

આનંદશંકરની કેળવણી વિચારણામાં કેટલાંક પાયાનાં ગૃહીતો રહેલાં છે, જે છેવટ સુધી એમના વિચારનું પ્રેરક ચાલક બળ બનીને તેને દૃઢતા અર્પે છે. કેળવણીની પ્રક્રિયા એ સળંગ એક જ પ્રક્રિયા હોઈ એનો ઉદ્દેશ માણસને સંસ્કારવાનો, એને વિશાળ, ઉદાર તત્ત્વોથી સમૃદ્ધ કરવાનો એટલે કે બ્રાહ્મણ બનાવવાનો હોય, એનો પાયો ધર્મમાં, સંસ્કારમાં હોય. આ એમનું કેળવણીના ઉદ્દેશ પરત્વે કેળવણી વિશેનું સ્થિર દૃષ્ટિ બિન્દુ ને વલણ છે. આવું નિરીક્ષણ કરીએ ત્યારે એ વાત ધ્યાનમાં રાખવાની છે કે આનન્દશંકરને ગૃહીતો છે, ગ્રહો કે પૂર્વગ્રહો નથી, તેઓ ખુલ્લા મનના છે ને વકીલની બુદ્ધિથી નહિ પણ ન્યાયાધીશના ધર્મથી પ્રશ્નને તપાસે છે ને પરીક્ષણ નિરીક્ષણને અંતે ચુકાદો આપે છે. આને લીધે ગાંધીજીની વિદ્યાપીઠ હોય કે બનારસ હિન્દુ યુનિવર્સિટી હોય આર્ય સમાજીઓનું ગુરુકુલ હોય, ટાગોરની વિશ્વભારતી હોય કે કર્વેની સ્ત્રી કેળવણીની વિદ્યાપીઠ હોય. આ સંસ્થાઓની ખામીઓ અને ઊણપો એમની નજરે પડે છે ને તેમના નિવારણના ઉપાયો પણ એમને જડે છે, જે તેઓ કર્તવ્ય બુદ્ધિથી બતાવે છે. હોપ વાચનમાળા 'લાંબો સમય નિશાળોમાં ચાલ્યા પછી તેમાં સુધારાવધારા કરવાનો પ્રસ્તાવ આવ્યો ત્યારે આનંદશંકરે એની અશુદ્ધિઓ ને અપૂર્ણતાઓ પ્રત્યે ધ્યાન દોર્યું ને તે સુધારી લેવા તેમ પૂરી દેવા માટે સૂચનો કર્યાં: પાઠના ક્રમમાં, ભાષામાં, જોડણીમાં રહેલી ખામીઓ સુધારવાના સૂચન સાથે એમણે ધર્મ, સ્વદેશાભિમાન ને સ્વદેશભક્તિ વિશેના પાઠો, પરાક્રમ, ઉત્સાહ જેવા સદ્‌ગુણોના દૃષ્ટાન્તરૂપ જીવન ચરિત્રો, સહૃદયતા કેળવે એવાં કાવ્યો પાઠમાલામાં ઉમેરવાનો આગ્રહ કર્યો. આ સૂચનો એમની કેળવણી પ્રત્યેની દૃષ્ટિ અને કલ્પનાનાં દ્યોતક છે. શિક્ષણ સત્યનિષ્ઠ અને સૌન્દર્ય નિષ્ઠ હોવું જોઈએ

એવી એમની ભાવનાનું પ્રતિબિંબ એમના આગ્રહમાં પડેલું જોવા મળે છે. આરંભની કેળવણીની ખામીઓ દર્શાવતાં તેઓ કહે છે: શાળાઓએ શિક્ષણની વિશેષ જવાબદારીઓ સ્વીકારવી જોઇએ. કેળવણીનાં સાધનો તરીકે શાળા અને પુસ્તકો અપૂરતાં છે. એની સાથે કેળવણીનું વાતાવરણ ઉત્પન્ન કરવા અન્ય પ્રવૃત્તિઓ અને સાધનો પ્રયોજવાં જોઇએ. શિક્ષણમાં બુદ્ધિનું મહત્ત્વ સ્વીકારાય તે ઠીક છે, પણ પૂરતું નથી. બુદ્ધિ પાછળ નીતિ, ધર્મ, આદિ તત્ત્વોનું મહત્ત્વ સ્વીકારવું જોઇએ. તે જ પ્રમાણે ટ્રેનિંગ કૉલેજમાં અપાતા શિક્ષણની ખામીઓ પ્રત્યે પણ આનંદશંકર ધ્યાન ખેંચે છે.

શિક્ષણના માધ્યમ અંગેની વિચારણા

શિક્ષણના માધ્યમના પ્રશ્ન સંબંધી આનંદશંકરની વિચારણાને પ્રકાશિત કરતાં ડૉ. જયન્ત પાઠકે કહ્યું: 'પોતાના અગાઉના વિચારોમાં આવેલા પરિવર્તનની જાહેરાત કરી આનંદશંકર ભારપૂર્વક કહે છે: 'પાઠયપુસ્તકો અંગ્રેજી રહેવાં જોઇએ અને વિદ્યાર્થીઓના ઉપયોગ માટેની લાયબ્રેરિઓ વિવિધ વિષયો ઉપર અંગ્રેજી પુસ્તકોથી ભરપૂર રહેવી જોઇએ, પરતુ પ્રોફેસરોના ભાષણો દેશી ભાષામાં થવાં જોઇએ.' ગુજરાતીમાં શીખવવાથી અંગ્રેજી નબળું પડશે એવી દલીલના સંદર્ભમાં આનંદશંકર પૂછે છે: 'અંગ્રેજીનું સારું જ્ઞાન એ જ આપણી કેળવણીની ભાવના? હું મેટ્રિક પછી અંગ્રેજીને ઐચ્છિક વિષય તરીકે રાખવાનું જ સૂચવું છું.'

ધાર્મિક કેળવણી અંગેનો અભિગમ

આનંદશંકર 'ધર્મ' શબ્દને રિલિજ્યનના અર્થનો નહિ પણ 'કલ્ચર'ના અર્થનો વાચક ગણે છે ને તેથી કેળવણીમાં તેને અવશ્ય સ્થાન હોવું જોઇએ એવો મત ધરાવે છે ધર્મ એ આનંદશંકરને મતે મનુષ્યનું નાક નહિ બલકે એ એનું રુધિર, પ્રાણ, આત્મા છે એમ તેઓ માને છે. ધાર્મિક શિક્ષણની તેઓ હિમાયત કરે છે. પણ ધાર્મિક શિક્ષણ છોકરાંને માબાપે ઘરમાં જ આપવું જોઇએ. તેઓ માને છે કે બાળકો ધર્મ સમજે એટલું જ પૂરતું નથી, એમનામાં ધર્મભાવના જાગે, તેઓ સંસ્કારી થાય ને ધર્મને પાયામાં રાખી જીવન વ્યવહારમાં પ્રવૃત્ત થાય તે જોવાની એમની અભિલાષા છે. ધર્મરહિત જીવન ગાળવા કરતાં માણસ 'સમાજ' કે 'થિયોસોફી' તરફ વળે તે વલણ ઘણે દરજ્જે સારું છે એમ કહ્યા પછી પણ આનંદશંકર કહે છે: થિયોસોફી એ ધર્મ નથી, પણ ધર્મનું ફકત એક દૃષ્ટિબિન્દુ છે અને 'સમાજ'નો ધર્મ તે જીવન નિભાવે એવો પૌષ્ટિક ખોરાક નથી પણ માત્ર કંઠ ભીનો કરે એવું પાતળું પાણી છે.'

આનંદશંકરનો ધર્મશિક્ષણ પ્રતિનો અભિગમ અને અનુરોધ બે મહત્ત્વની બાબતો ઉપર ભાર મૂકે છે. એક તો એ કે ધર્મની કેળવણી આવશ્યક છે પણ સંપ્રદાયો, પંથો આદિ દ્વારા સાંકડી ધર્મભાવનાનો બાળકના ચિત્તમાં સંચાર થાય તે ઇષ્ટ નથી ને બીજી તે ધર્મનું શિક્ષણ ભણેલા વર્ગ દ્વારા અપાય તો જ તેમાં બુદ્ધિ, જ્ઞાન, વિવેક આદિ તત્ત્વોનો સમાદર થાય ને ધર્મ માત્ર સંકુચિત કે અંધભાવવાળો ન થતાં આનંદશંકરને ઇષ્ટ એવો બુદ્ધિપૂત ઉદાર ને તત્ત્વનિષ્ઠ બને.

યુનિવર્સિટીની વિભાવના

શિક્ષણક્ષેત્રે યુનિવર્સિટીની સ્થાપના, ગુજરાતી કેળવણી મંડળની સ્થાપના; કેળવણી અંગે મળતાં અધિવેશનો વગેરે પ્રવૃત્તિનો નિર્દેશ કરી પ્રદેશ યુનિવર્સિટીની વિભાવનામાં કેળવણીમાં વિશાળતા સાધે એવું એનું લક્ષ્ય હોવું ઘટે એમ કહીને આનંદશંકર કહે છે: 'કેવળ ગુજરાતી દ્વારા જ્ઞાન આપવા લેવાની વાત નિરર્થક છે. એટલે અંગ્રેજીને જ્ઞાન સંપાદનનું વાહન કર્યા વિના છૂટકો જ નથી. વળી તેઓ કહે છે: 'યુનિવર્સિટી માત્ર પ્રાન્તિક ભેદને અને પ્રાદેશિક જરૂરિયાતોને પોષનારી કે પૂરી કરનારી ન બને એ એક ઇન્ટીગ્રેટિંગ બળ બને તે ખાસ જરૂરનું છે. એમ કહીને યુનિવર્સિટી જ્ઞાનમાં મનુષ્યમાત્રની એકતા સાધવાનું એનું લક્ષ્ય ન ચૂકે તે જોવાનો પોતાનો આગ્રહ પણ દર્શાવે છે. કેળવણીના વાહન અંગે અનુસ્નાતક શિક્ષણ માટે તો અંગ્રેજી જ માધ્યમ રહે ને પ્રોફેસરોની પસંદગીમાં માતૃભાષાનું નિયંત્રણ ન રહેવું જોઇએ એવું એમનું સૂચન છે. આનંદશંકર ફરી ફરીને ભારપૂર્વક પ્રદેશ યુનિવર્સિટી સંકુચિત ભાવનાની પોષક ન બની રહેવી જોઇએ એમ કહીને યુનિવર્સિટીનો આદર્શ સંશ્લેષક બળ બની રહેવાનો જ હોવો જોઇએ. યુનિવર્સિટી પ્રાદેશિક હોય તો યે તેમાં સમસ્ત હિન્દની બલકે સમસ્ત પૃથ્વીની મનુષ્ય સંસ્કૃતિ સ્થાન પામે એમ તેઓ ઇચ્છે છે અને કહે છે. જગતનાં મહાન સાહિત્ય, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, ભૌતિકવિદ્યા આદિમાં યુનિવર્સિટીએ સત્યના જે ધવલગિરિઓ આક્રાન્ત કરવાના છે, તેમાં પ્રાન્તિક ભેદને આવકાશ નથી.

આનંદશંકરનું વલણ એકંદરે વિદ્યમાન યુનિવર્સિટીઓ દ્વારા જ તેમાં પરિસ્થિતિ અનુસાર અનુકૂળ પરિવર્તન કરીને ઉદ્દેશોત્કર્ષ સાધવાનું જણાય છે, ગુરુકુલ, વિશ્વભારતી, રાષ્ટ્રીય વિદ્યાપીઠ બનારસ હિન્દુ યુનિવર્સિટીની ઊણપો પ્રત્યે આનંદશંકર સભાન છે અને તે તેઓ દર્શાવી તેનું નિવારણ કઇ રીતે શકય છે તે પણ વિચારે છે. ગાંધીજીના કેળવણીના પ્રયોગો એમને યથાર્થ લાગતાં ગાંધીજી પ્રેરિત શિક્ષણપ્રવૃત્તિને સમજવવાનો પોતાનો ધર્મ સમજે છે. આનંદશંકરના કેળવણીના આદર્શોના કેન્દ્રમાં મુક્તિની ભાવના રહેલી છે. વિદ્યાપીઠમાં ઔદ્યોગિક શિક્ષણ અપાય તે સામે તેમનો વિરોધ નથી. પણ ઔદ્યોગિક શિક્ષણને કારણે બુદ્ધિની કેળવણી સંકોચાય નહિ તેની તકેદારી રાખવાનું તેઓ સૂચવે જ છે. ઔદ્યોગિક શિક્ષણથી આજીવિકા રળવા ઇચ્છનાર વિદ્યાર્થી માટે વિદ્યાપીઠની કેળવણીની જરૂર તેઓ સ્વીકારતા નથી તે જ પ્રમાણે ગામડામાં સેવા માટે મહાવિદ્યાલયની કેળવણીની જરૂર તેઓ સ્વીકારતા નથી.

સ્ત્રી કેળવણી

સ્ત્રી કેળવણીની હિમાયત કરતાં આનંદશંકર પ્રો. કર્વેએ સ્થાપેલી સ્ત્રીશિક્ષણની સંસ્થા એસ. એન. ડી. ટી યુનિવર્સિટીના દીક્ષાના સમારંભમાં વ્યાખ્યાન કરતાં આનંદશંકર સ્ત્રી કેળવણી માટે અલગ સંસ્થાની આવશ્યકતાનો સ્વીકાર કરવા સાથે કેટલાક માર્ગદર્શક સૂચનો કરે છે. છોકરાઓ માટે જ હોય તેવા કેટલાક વિષયો કાઢી નાખવાની, જે સ્ત્રીઓને વિશેષ ઉપયોગી હોય એવા વિષયો દાખલ કરવાની તેઓ ભલામણ પણ કરે છે. વિશ્વભાષા તરીકે અંગ્રેજીનું મહત્ત્વ સ્વીકારી તેને ફરજિયાત વિષયોમાં સ્થાન આપવાનું કહે છે તેમજ સ્ત્રીઓ વિજ્ઞાન સાહિત્ય, રાજકારણ, આદિમાં નિષ્ણાત થાય તેટલું જ નહિ પણ ગૃહજીવનને આનંદમય કરે એવી કેળવણી પામે એવી ભાવના વ્યકત કરે છે.

શિક્ષિતજન કોને કહેવો?

શિક્ષિતજન કોને કહેવો એવો પ્રશ્ન કરી તેના ઉત્તરમાં તેઓ કહે છે: 'સુશિક્ષિત જન એટલે બ્રાહ્મણ. બ્રાહ્મણ કોણ? બ્રાહ્મણ એટલે બૃહત્ યાને દિનપ્રતિદિન વૃદ્ધિ પામતા મોટા વિશાળ મનનો માણસ. બ્રાહ્મણથી ઊલટો શબ્દ બૃહદારણ્યક ઉપનિષદમાં 'કૃપણ' કહ્યો છે. કૃપણ એટલે દયા ખાવા જેવો, સાંકડો. બ્રાહ્મણમાં પ્રજ્ઞા અને શીલ બંને જોઇએ. પ્રજ્ઞામાં નવા અર્થના વૈશ્યોની જરૂર તો છે જ. પણ બ્રાહ્મણોની જરૂર પણ થોડી નથી'

મોટી તપશ્ચર્યા

* ડૉ. રમણલાલ ચી. શાહ

જૈન સમાજમાં એકસોથી વધુ ઉપવાસ કરવાના પ્રસંગો છેલ્લાં બે વર્ષમાં ચાર-પાંચ ઊજવાઇ ગયા. થોડા વખત પહેલાં મલાડમાં શ્રીમતી રજવંતીબહેને ૧૦૮ ઉપવાસ કર્યા હતા. ત્યાર પછી હમણાં રવિવાર તા. ૧૭ મી ઓક્ટોબરે નાસિક રોડ ખાતે પાલનપુરનિવાસી શ્રીમતી ચંદ્રિકાબહેન કોઠારીના ૧૦૮ ઉપવાસની પૂર્ણાહુતિ અને પારણાનો પ્રસંગ ઉજવાયો. પ. પૂ. આનંદઋષિના સમુદાયનાં પૂ. માણેકકુંવરજી મહાસતી, પૂ. મુક્તિપ્રભાજી મહાસતી પૂ. દિવ્યપ્રભાજી, મહાસતી વગેરે મહાસતીઓ તથા પ. પૂ. કનૈયાલાલજી (કમલ) મહારાજ, પૂ. રમેશમુનિજી, પૂ. વિનયમુનિજી વગેરે સાધુભગવંતોની નિશ્રામાં અને શ્રી કાંતિલાલ વેકરીવાલાના અધ્યક્ષપણા હેઠળ નાસિક રોડના જૈન સંઘ તરફથી આ પ્રસંગ ઉલ્લાસપૂર્વક ઉજવાયો. આ પ્રસંગે ત્યાં જૈનભુવન અને આયંબિલભુવનના ભૂમિપૂજનની વિધિ પણ થઇ અને તે બધા માટે લગભગ ચાર લાખ રૂપિયાની ઉછામણી પણ થઇ. આ પ્રસંગે મુંબઈના વાલકેશ્વર, કાંદાવાડી, ઘાટકોપર વગેરે સંઘના તથા પાલનપુરનાં ઘણા માણસો એકત્ર થયા હતા. તે બધા માટે રહેવા તથા જમવાની અને જવાઆવવાની સારી વ્યવસ્થા થઇ હતી.

તપશ્ચર્યામાં ઉપવાસનું મહત્ત્વ દુનિયાના બીજા ધર્મો કરતાં જૈન ધર્મમાં વિશેષ રહ્યું છે. ઉપવાસ વગેરે બાહ્ય તપશ્ચર્યા ઇન્દ્રિયો અને વાસનાઓ ઉપરના સંયમને માટે જરૂરી તો છે જ, પરંતુ તપશ્ચર્યા કર્મક્ષય માટે પણ અનિવાર્ય છે, અને સંપૂર્ણ કર્મક્ષય વિના મુક્તિ નથી એમ જૈન ધર્મ માને છે.

માણસ આહાર વગર કેટલો સમય જીવી શકે? આહાર વગર પાંચ સાત દિવસમાં પણ માણસ મૃત્યુ પામ્યાના દાખલા બનતા હોય છે. પંદર દિવસ કે એક મહિના સુધી આહાર વગર, ફક્ત પાણી વડે શરીરને ટકાવી રાખવું એ મુશ્કેલ છે. વારંવાર અભ્યાસ દ્વારા માણસ શરીરને મહિનાથી વધુ સમય પણ ટકાવી શકે છે, પરંતુ તેમાં પણ જૈન ધર્મની માન્યતા અનુસાર ભગવાન મહાવીર સ્વામી પછીના આ સમયમાં માણસ વધુમાં વધુ છ મહિના આહાર વગર જીવી શકે છે. ભગવાન મહાવીરે પોતે છ મહિનાના ઉપવાસ કર્યા હતા. ત્યાર પછી અકબર બાદશાહના સમયમાં ચંપાબાઇ નામની શ્રાવિકાએ છ મહિનાના ઉપવાસ કર્યાની વાત નોંધાયેલી છે. જો કે સામાન્ય રીતે સાડા ત્રણ કે ચાર મહિનાથી વધુ ઉપવાસ જવલ્લે જ થાય છે. ભગવાન ઋષભદેવના સમયમાં શરીરબળ એવું હતું કે સળંગ એક વર્ષ સુધી ઉપવાસ થઇ શકતા. ભગવાન અજિતનાથથી ભગવાન પાર્શ્વનાથના સમય સુધીમાં શરીરબળ એવું હતું કે વધુમાં વધુ આઠ મહિનાના ઉપવાસ થઇ શકતા. ત્યાર પછી શરીરનું સંઘયણબળ ક્ષીણ થતાં વધુમાં વધુ છ મહિનાના ઉપવાસ શક્ય છે.

સળંગ વધુ ઉપવાસ કરવા માટે તપશ્ચર્યાના વિષયમાં રુચિ, અભ્યાસ અને મનની દૃઢતાની અપેક્ષા રહે છે. ક્રમે ક્રમે શરીરનું બંધારણ એવું બને છે કે જેથી હવા અને પાણીમાંથી માણસનું શરીર પોતાનું પોષણ મેળવી લે છે. અલબત્ત તે પણ ક્રમે ક્રમે તો ઘટતું જાય છે જ, એટલે ૧૦૦થી વધુ ઉપવાસ કરવા એ ઘણી જ કઠિન વાત છે. લાખો મનુષ્યોમાં કોઇક જ તે સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. આવી વીરલ તપશ્ચર્યા માટે રુચિ થવી અને તે ટકી રહેવી તે પણ ઘણી વીરલ ઘટના કહેવાય. શરીર પાસે તેવું કામ લેવા માટે મનનો એવો ઉચ્ચતમ યોગ કાર્ય કરે છે.

બાહ્ય તપશ્ચર્યામાં પણ મનના શુભ ભાવોનો યોગ થાય તો તે વધુ લાભકારક બને છે અને તપશ્ચર્યા કેવળ દેહદમન બનતી અટકી જાય છે.

શ્રી ચંદ્રિકાબહેન કોઠારીએ ૧૦૮ ઉપવાસની આવી મોટી તપશ્ચર્યા કરી તે માટે તેઓ આપણા સૌનાં ધન્યવાદને પાત્ર છે!

* કોસમોસ-ઘઉં અને પાઇપ લાઇન *

★ મનુભાઇ મહેતા

રશિયાએ ચઢાવેલા કોસમોસનો, ભાઇ વિજયગુપ્ત મૌર્યે આપેલો આંકડો જરા જૂનો થઇ ગયો છે. અવકાશયુગની રજતજયન્તી ઉજવવા રશિયાએ ૪ થી ઓક્ટોબર ૧૯૮૨ ના રોજ જે ઉપગ્રહ ચઢાવ્યો હતો તેનો આંકડો હતો ૧૪૪૮! અલબત્ત, જે દિવસે આ ઉપગ્રહ ચઢાવવામાં આવ્યો તે દિવસે તો એની જાહેરાત જ કરવામાં આવી નહોતી. એ જાહેરાત બીજે દિવસે થઇ હતી.

ભાઇ વિજયગુપ્ત મૌર્યે જણાવ્યા પ્રમાણે રશિયા અને અમેરિકા અન્ને અવકાશથી યુધ્ધ ખેલવાની તૈયારીમાં પડ્યાં છે, છતાં અમેરિકાની વર્લ્ડવોચ ઇન્સ્ટિટયુટ નામની જે એક બિનસરકારી સંસ્થા છે તેના એક સર્વેક્ષણમાં જણાવવામાં આવ્યું છે કે રશિયાને હંમેશા અમેરિકાના અનાજની જરૂર પડવાની છે. હમણાં તો છેલ્લાં ચાર વર્ષથી રશિયાની ફસલ ખૂબજ નબળી જવાથી રશિયાને અઢીથી ત્રણ કરોડ ટન અનાજની જરૂર છે, અને તેથી એણે અમેરિકા પાસેથી મોટા પાયા પર અનાજ ખરીદ્યું છે. એટલે જે દેશને કારણે રશિયન નાગરિકોના જમવાના ટેબલ પર રોટી પહોંચે છે તે દેશને જ આણ, યુદ્ધમાં નહિ કરવાની ચેષ્ટા રશિયા કરશે નહિ. આજે વીસ વીસ હજાર ટન ઘઉં ભરીને રોજના-હા રોજના બે જહાજો રશિયા તરફ રવાના થાય છે અને અમેરિકાના ખેડૂતોને તડાકો પડ્યો છે. રશિયાએ તો હમણાં જ અમેરિકા પાસેથી બીજા ૧૬ લાખ ટન ઘઉં અને ફ્રાંસ પાસેથી ૮ લાખ ટન ઘઉં ખરીદવાનો સોદો કર્યો છે. વર્લ્ડ વોચ ઇન્સ્ટિટયુટે તો એવો પણ આગ્રહ કર્યો છે કે રશિયાનો કુદરતી ગેસ પશ્ચિમ યુરોપને આપવા માટે બંધાનારી પાઇપ લાઇન અંગે અમેરિકી હુન્નર વાપરવા પર રેગને જે પ્રતિબંધ મૂક્યો છે તે પણ ઊઠાવી લેવો જોઇએ જેથી ગેસના વેચાણમાંથી રશિયાને ઘઉંની ખરીદી માટે જોઇતાં નાણાં મળી રહે! આજના રાજકારણ અને અર્થકારણની ગલીઓ કેવી અટપટી છે!

સાભાર સ્વીકાર

Bury your worry લે. પ્રિયદર્શન. અનુ : સ્વામી સ્વરૂપાનંદ. પ્રકા : શ્રી દિવ્ય કલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ. સંઘની પોળ, મહેસાણા (ઉ. ગુજરાત) કિ. રૂા. ૧૨.

ગુજરાત સર્વોદય સંમેલન—થામણા

શાન્તિલાલ ટી. શેઠ

તા. ૨૮ અને ૨૯ સપ્ટેમ્બરના બે દિવસો માટે ઉમરેઠ નજીક આવેલ થામણા ગામમાં 'ગુજરાત સર્વોદય સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સંમેલનમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના એક પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહેવાની મને તક મળી હતી.

ગુજરાતના દરેક જિલ્લાઓના સર્વોદય કાર્યકરો તેમજ ગાંધી વિચારસરણીવાળા મહાનુભાવો ત્યાં ઉપસ્થિત હતા. આશરે પાંચસોથી છસો કાર્યકરોની ઉપસ્થિતિ થઇ હતી. પાંચ હજારની વસ્તી ધરાવતા થામણા ગામે, આટલી મોટી સંખ્યામાં પધારેલા મહેમાનોની સરભરા ખૂબ જ સુંદર રીતે કરી હતી. કોઇને પણ કોઇપણ જાતની અગવડ ન પડે તેવી સરસ તૈયારીઓ સ્થાનિક અને બહાર કાર્યકર્તાઓએ ઉજાગરા વેઠીને કરી હતી.

આ સંમેલનના અધ્યક્ષસ્થાને હતાં વિદુષીબહેન વિમલા તાઈ.

વિમલાબહેનનો પરિચય આપતા કહેવામાં આવ્યું કે, તેઓ દેશના મા-ભગિનિ-મિત્ર છે. દાદા ધર્માધિકારીએ એક જગ્યાએ એમ કહ્યું છે કે 'વિમલા મારી મા છે. તેમણે વાત્સલ્યથી સૌને નવડાવ્યા છે-તેમનામાં ભાવુકત છે તેમ જ જ્ઞાનનો તેઓ ભંડાર છે. પ્રભુના પરમ ભકત છે – અલમસ્ત તેમનું જીવન છે. જયપ્રકાશજીને કોઇએ કહ્યું કે તમારે સંતાન નથી તો કોઈને ખોળે લ્યોને, તેમણે તરત જ કહ્યું કે વિમલાને અમે ખોળે લીધેલી છે. આજે પણ જયપ્રકાશજીનો ખાલીપો અમુક અંશે વિમલાબહેન પૂરી રહ્યા છે. એ દૃષ્ટિએ આપણા મોટા પરિવારના તેઓ સાચે જ વાત્સલ્યમયી મા-ભગિનિ છે.

સંમેલનની શરૂઆતમાં શ્રી વિમલાબહેને કહ્યું, 'ગુજરાતના ગાંધીજનોના સ્નેહસંમેલનમાં જોડાવાનું ભાગ્ય મને મળ્યું તેથી હું ખૂબ જ પ્રસન્નતા અનુભવું છું. દરેક ક્ષેત્રમાં કામ કરનારા કાર્યકર્તાઓ અરસપરસમાં સૌને પ્રતિબિંબિત કરે એ આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ છે.'

'ચર્ચાસભા અને ભાષણોનું મહત્ત્વ તો છે જ, પરંતુ સ્નેહ-સહકારની ભાવના પારસ્પરિક રહે એનું મહત્ત્વ વધારે છે. આજનો વિષય છે, 'વર્તમાન પરિસ્થિતિ અંગે ગાંધીજનોની ભૂમિકા'. એ વિષે બોલતાં વિમલાતાઇએ કહ્યું, 'આજે દુનિયાની જે પરિસ્થિતિ છે તેનાથી કોઈ રાષ્ટ્ર અલિપ્ત રહી શકતું નથી. સમગ્ર વિશ્વમાં જે બનાવો બની રહ્યા છે તેને કારણે સમગ્ર માનવસમાજ સંતપ્ત છે. પરસ્પરના ભયથી ચિન્તાગ્રસ્ત છે, જેમણે વિજ્ઞાનમાં સિદ્ધિ મેળવી છે એવા મહારાષ્ટ્રોમાં એકબીજાનો ભરોસો કરવાની હિંમત રહી નથી. અંતરકલહમાં વિશ્વ ડૂબી રહ્યું છે. આનું કારણ છે, માનવમનની વિચ્છિન્નતા. અધ્યાત્મ અને વિજ્ઞાનનો વિકાસ થતો રહ્યો. આવા વિકાસની સાથે, માણસના હૃદયનો જેટલો વિકાસ થવો જોઇતો હતો તેટલો થયો નથી. માનવમન, અંધશ્રદ્ધા-પરંપરાથી ઘેરાયેલું રહ્યું છે. માટે, આજે જરૂર છે પ્રબળ શ્રદ્ધા-શકિતની. આપણે શું ખોઇ રહ્યા છીએ તેનું પણ આપણને ભાન નથી. જે જીવનનું પરમ સત્ય છે એવી 'શ્રદ્ધા-શકિત' પણ આપણે ખોઇ બેઠા છીએ.

'આપણી વચ્ચે ગાંધીજી જેવી વિભૂતિ થઈ ગઇ. તે તો વિશ્વમાનવ હતા—ફકત ભારતીય નહોતા. અન્યાયનો સામનો કરવા માટે તેમણે આફ્રિકામાં સત્યાગ્રહ કર્યો. તેઓનો જીવન-મંત્ર હતો કે અસત્ય અને હિંસાથી સ્વરાજ્ય મળે તો તે મારે નથી જોઇતું. આપણી કોઇ વ્યાખ્યામાં બેસી શકે એવી વ્યકિત ગાંધીજી નહોતા—તેઓ એક અજબ વ્યકિત હતાં.'

'હજારો વર્ષની ઋષિપરંપરાની તેઓ એક કડી હતા. જીવનની અને મનુષ્યની સમગ્રતા તેમણે જોઇ. મનુષ્યશકિત અને પશુશકિતનો યોગ્ય રીતે ઉપયોગ કરવાની વાત તેમણે કરી. શોષણમુકત સમાજ માટે તેમણે પ્રયત્ન કર્યો. તેમણે કહ્યું, ક્રોધ, દ્વેષ, ઇર્ષ્યા, હિંસાથી મનુષ્ય પોતાની જાતને નીચી પાડે છે—એટલે સમાજપરિવર્તનનું કામ તેમણે પ્રેમપૂર્વક, સંઘર્ષને બદલે સહયોગદ્વારા કર્યું. સામુદાયિક પ્રાર્થનાને તેમણે ભારતવ્યાપી બનાવી.

'ભારતની વર્તમાન પરિસ્થિતિમાં મોટો ખતરો આજે એકતાને લગતો છે. એકતા દ્વારા રાજ્યશકિતને અને સત્તાને તેની મર્યાદાનું ભાન કરાવી દેવું જોઇએ. જનતા તેમજ સત્તાધારીઓનો આ મોટો પ્રશ્ન આપણી સામે આવીને ઊભો છે. અંદરોઅંદરના વેરઝેરને કારણે ગામડાંઓ પણ આજે તૂટી રહ્યાં છે, ત્યાં વિષમય વાતાવરણ પ્રસરી રહ્યું છે. આજે શિબોપાસના કરનારા કાર્યકરોની ખાસ આવશ્યકતા છે. કારણ, સત્તાનો વ્યાપ વધી રહ્યો છે. નાગરિકોનો અધિકાર ક્ષીણ બની રહ્યો છે. નાગરિકોની સ્વાધીનતા પર ખતરો આવી રહ્યો છે ત્યારે ગંભીરપણે વિચારવાનું આવશ્યક બને છે. ગાંધીજીના સમયમાં દેશ ગુલામ હતો. સત્તાધારીઓ ઘણા મજબૂત હતા. પ્રજા નબળી હતી. આમ છતાં ગાંધીજીએ પ્રજાનો સાથ લઇ સ્વરાજ્ય પ્રાપ્ત કર્યું. રાજ્યશકિત કરતા જનતાની શકિત મોટી છે. તેનું તેમણે દર્શન કરાવ્યું. બધાએ મળીને પ્રજાને ઘડી અને પરિણામ આવ્યું. હવે આજે જનતાએ અને કાર્યકરોએ જાગૃત થવાનો સમય પાકી ગયો છે.'

અન્ય વકતાઓના વકતવ્યોનો પણ એવો સૂર હતો કે, આજે નેતાગીરી ઢીલી પડી છે-પરસ્પરમાં જબરો અવિશ્વાસ છે, કઇ નેતાગીરી નીચે કામ કરવું એવા વિચારમાં આજનો કાર્યકર મૂંઝવણ અનુભવી રહ્યો છે. માણસ બદલવાથી કંઈ થવાનું નથી—માળખું બદલવું પડશે—માનસ બદલવાની તાતી જરૂર છે. આજે કોઇપણ સંશોધનનો વિષય હોય—મંથનનો વિષય હોય—તો તે દરેકે પોતાની જાતને તપાસવી—તે છે. આજના સંદર્ભમાં ગાય બચાવો—બેલ બચાવો—ગૌવંશ બચાવો—કાર્યકર્મને સફળ બનાવી શકાએ તો પણ તે મોટું કામ થશે.

આજના સમાજમાં એક નવી આકાંક્ષા—અસ્મિતા ઊભી થઇ છે, ને તે એ છે કે સૌને તરત ન્યાય જોઇએ છે. કચડાયેલો વર્ગ આજે ઉપર આવવા મથી રહ્યો છે. તેને તરત ન્યાય જોઇએ છે ન્યાય તેને નહિ મળે તો તમોને (કાર્યકરોને) બાજુએ ખસેડીને તે આગળ વધશે. પછાત વર્ગો—હરિજનો-દલિતોને હજારો વર્ષથી અન્યાય થયો છે, તેઓ હવે સમસમી રહ્યા છે. તેમની અનેક માંગણીઓનો હવે ઢેર રચાયો છે. તેને તમારા સમાન થવું છે-તેમનામાં ઉપર આવવા માટેની તીવ્ર અભિલાષા જાગી છે. એથી એમની વાણીમાં કડવાશ આવી

છે–અધીરાઈ વ્યક્ત થઈ રહી છે. તેમને ન્યાય આપવામાં આપણે મોળા અને મોડા છીએ. તેઓ તેમનો અધિકાર માગી રહ્યા છે. તેઓ કહે છે, આઝાદીને ૩૫ વર્ષ થયા, હજુ અમો પશુ જેવું જીવન જીવી રહ્યા છીએ–ક્યાં સુધી રાહ જોઇએ? જે તીવ્રતા ગાંધીજીને દેખાતી હતી તે આપણને નથી દેખાતી. ગ્રામદાન–ભૂદાન થયાં છતાં નીચલા વર્ગની પરિસ્થિતિ બહુ સુધરી નથી. જો પરિણામ ન આવતું હોય તો આ બધું શું કામનું?

ગામડાનું જે શોષણ ચાલી રહ્યું છે તે માટે બધા જ ક્ષેત્રના કાર્યકર્તાઓએ એક થઇ જબ્બર આંદોલન કરવું જોઇએ.

આજની ચૂંટણીપ્રથા ભૂસભરેલી છે. પ્રજા સંગઠિત નથી. નેતાઓ–કાર્યકરો સંગઠિત નથી, તેનો લાભ શાસનને મળે છે અને તેની દેખાતી બહુમતિની કારણે શાસન પ્રજાની વાત સાંભળવા તૈયાર નથી. છેલ્લે, ચાર રાજ્યોની ચૂંટણીમાં તેમના ૬૭ ટકા ઉમેદવારો હારી ગયેલ. તેમની સભાઓ સ્વયં રીતે થતી નથી. તેમની પકડ હવે ઢીલી પડી છે. પરંતુ આપણે સંગઠિત નથી એક પ્રશ્ન એવો પણ ઉદ્ભવે છે કે ધન્દિરા પછી કોણ? એનો જવાબ મળતો નથી. માટે ગામડાં અને શહેરની પ્રજામાં જાગૃતિ લાવવી જરૂરી છે. ગૌવધ બંધીના કાયદા દરેક રાજ્યોમાં કરાવવા જોઇએ. લોકો સહકાર આપવા લાખોની સંખ્યામાં તૈયાર છે, તેમનો સાથ લઇને સત્યાગ્રહ આદરવો જોઇએ.

એક વક્તાએ કહયું કે, દસ વર્ષ સુધી આપણે અંદરોઅંદરની તલવારોને મ્યાન કરીએ. આપણા દેશની એવી પ્રથા છે કે, વિરોધી બાજુમાં રહી જાય, પણ ઘરના માણસને પહેલો મારવો. ગાંધીજીએ કહ્યું છે કે, પ્રથમ પોતાની જાતને સુધારો, પછી સમાજને સુધારવા જાય. વિરોધપક્ષો એકમાંથી બે અને બે માંથી ત્રણ થાય છે પરંતુ ત્રણમાંથી એક થતો નથી. માટે પહેલા બધા ભેગા થઇ જાવ.–શાસનને દોષ આપવાથી કોઈ અર્થ સરવાનો નથી–મોટો દોષ છે આપણો પોતાનો.

આપણે ધર્મને વધારે પ્રાધાન્ય આપ્યું છે. ધર્મ કરતાં નાગરિકોને ઊંચું સ્થાન આપવું જોઇએ. સંપત્તિની મોટી અસમાનતા છે તે દૂર કરવી જોઇએ. ત્યાં એકથી દસનો સિદ્ધાંત અપનાવવા આગ્રહી રહેવું જોઇએ. ગાંધીવિચારવાળા સહુએ નજીક આવવું જોઇએ. અને સંગઠન માટે પ્રયત્નશીલ રહેવું જોઇએ.

આ ઉપરાન્ત–થામણા સંમેલનમાં અલગ અલગ જિલ્લાઓના કાર્યકરોની અલગ અલગ ગોષ્ઠિસભાઓ પણ થઇ, તેમાં સૂક્ષ્મ રીતે વિચારવિમર્શ થયો. આચાર્યકુલની બેઠક પણ થઇ. અનેકવિધ વિચારો વ્યક્ત કરવામાં આવ્યા. દુષ્કાળની પરિસ્થિતિની અને ગૌવંશની બેફામ રીતે કતલ થઈ રહી છે તેનો મજબુત વિરોધ કરવા માટે મોટું સંગઠન કરવાની અને ગુજરાતમાંથી ગૌવંશની નિકાસ ન થાય તે માટે સરહદ પર સત્યાગ્રહ કરવાની વિચારણા થઇ અને તેમાં કાર્યકરોની સંમતિ મળી. તેને હવે વ્યવસ્થિત સ્વરૂપ આપવામાં આવશે અને કાર્ય શરૂ થશે

આ રીતે થામણામાં ગુજરાતના કાર્યકરોની જાગૃતિના–સજ્જતાના દર્શન થયાં તેનું નક્કર પરિણામ આવે એવી શ્રદ્ધા રાખીએ.

'જૈન' (સાપ્તાહિક)ના તંત્રી શ્રી ગુલાબચંદ દેવચંદ શેઠ

પન્નાલાલ આર. શાહ

ગત માસના બીજા સપ્તાહમાં 'જૈન' સાપ્તાહિકનાં તંત્રી શ્રી ગુલાબચંદ દેવચંદ શેઠનું અવસાન થયું.

એમના પિતાશ્રી દેવચંદભાઈએ શ્રી ભગુભાઇ કારભારી પાસેથી 'જૈન' પત્ર સંભાળ્યું. આ વાતને લગભગ સાડા સાત દાયકા થયા. એમના વારસદાર તરીકે પાંચ દાયકાથી વધુ સમય સુધી શ્રી ગુલાબચંદભાઇએ એનું તંત્રીપદ સંભાળ્યું. વ્યાપારિક સૂઝથી એમણે એ પત્રને જૈન ધર્મ અને સમાજનું ઉપયોગી સમાચાર–પત્ર બનાવ્યું. સુંદર વસ્ત્રો અને અલંકારોથી સજ્જ એવું અભિવ્યક્તિનું ભાષાકીય પોત એમની પાસે ન હતું, પરંતુ સજ્જનને આવતા અનર્ગળ વિચારો અને ધીર દૃષ્ટિ એમની પાસે હતી. એનું યોગ્ય અવતરણ એમના પત્રમાં થાય એ માટે વિચારશીલ લેખકોને એમણે આવકાર્યા. 'સામાજિક વાસ્તવિકતા'ના આ મરમીએ ધર્મ અને સમાજમાં ધરતીકંપ ન થાય એની સતત કાળજી રાખી છે અને પરિવર્તન પામતા સમયના પ્રવાહમાં વાસ્તવિકતાની તૂટતી દીવાલની એમણે મમતાપૂર્વક મરામત કરી છે. સમાચાર–પત્રમાં પણ એમણે દિશાસૂચન થાય એવા અગ્રલેખો અને ધર્મ તેમજ સમાજના સળગતા પ્રશ્નોની 'સામયિક સ્ફૂરણ' વિભાગમાં થતી છણાવટ તાજગીપૂર્ણ હતી. આ માટે એમને સ્વ. ભીમજી હરજીવન, 'સુશીલ' 'જયભિખ્ખુ' અને શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ આદિ લેખકોનો સથવારો મળ્યો. ભગવાન મહાવીર જન્મ કલ્યાણક, પર્યુષણ અને દીપોત્સવી નિમિત્તે વિશેષાંકો બહાર પાડવાની પ્રણાલિકા સતત જાળવીને જૈન ધર્મના મૂળભૂત તત્ત્વોની દૃષ્ટિપૂર્ણ વિચારણા થાય એવી સામગ્રી પણ આપી. પં. સુખલાલજી અને અન્ય વિદ્વાનોના ધર્મ, રાષ્ટ્ર અને સમાજજીવન અંગેના લેખોને સૌ પ્રથમ આ સાપ્તાહિકના વિશેષાંકોમાં સમાવીને ઉત્તમ વિશેષાંકો આપ્યા.

મારા પિતાશ્રી-કાકાનું મોસાળ એમને ત્યાં. કૌટુંબિક સંબંધોના કારણે ત્રણેક દાયકાથી મારો એમની સાથે સંબંધ રહ્યો છે. એમાંય ઇ. સ. ૧૮૯૩માં ચિકાગોમાં મળેલી વિશ્વ ધર્મ પરિષદમાં શ્રી વીરચંદ રાઘવજી ગાંધી જૈન ધર્મના પ્રતિનિધિ હતા. એમની જન્મશતાબ્દી નિમિત્તે વિશેષાંક તૈયાર કરવામાં વધુ નિકટ આવ્યો અને સંબંધો વધુ ગાઢ બન્યા. પત્રકારત્વની આગવી સૂઝ અને દૃષ્ટિ એમના પુત્રો–શ્રી વિનુભાઇ અને મહેન્દ્રભાઇને વારસામાં મળી છે.

મૃત્યુની વાત સાંભળીએ અને મનમાં શોક સભા ભરાય. તેઓ તો બારીબારણાં વાસીને જિંદગીની પેલે પારના પ્રદેશના પ્રવાસે ગયા, અને જૈન પત્રકારજગતને ખોટ પડી. અંગત રીતે મેં એક પ્રેમાળ મુરબ્બી ગુમાવ્યા છે. શાસનદેવ એમના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

મુ. શ્રી. ચીમનભાઇનું સ્વાસ્થ્ય

*

મુ ચીમનલાલ ચકુભાઇ શાહની તબિયત, ઓપરેશન પછી સુધરતી રહી છે. અલબત્ત, શક્તિ આવતા થોડો સમય લાગશે. આપણે સૌ પ્રાર્થના કરીએ, તેઓ જલ્દી સારા થઇ જાય. –મંત્રી

નીતિનું છે. જરા વિચિત્ર લાગે એવું છે પણ ત્રીજા વિશ્વની માંગણીઓ પ્રત્યે સમાજવાદી રશિયા કરતાં ડૉ. કોલ વધારે કૂણું વલણ રાખે એમ જણાય છે. જાન્યુઆરી ૨૧, ૧૯૭૬ના 'ફોબર્સ'માં ડૉ. કોલે 'જર્મનીના વિકલ્પો' (ઓલ્ટરનેટિવ્ઝ ઇન જર્મની) નામનો એક લેખ લખેલો. તેમાં તેમણે ત્રીજા વિશ્વ વિષે અને તેમાંય ખાસ કરીને ભારત વિષે પોતાના વિચારો દર્શાવેલા. તેમણે કહેલું :

'ભારત આપણી સાથે વેપારમાં એક અગત્યનું ભાગીદાર બનવું જોઇએ. કેટલીયે ઔદ્યોગિક પેદાશો આપણા દેશ કરતાં ભારતમાં ઓછે ખર્ચે ઉત્પન્ન થઇ શકે છે. આપણે ભારત જેવા દેશને જર્મનીમાં બજાર મેળવવામાં મદદ કરવી જોઇએ. બન્ને દેશો માટે સહાય કરતાં વેપાર વધુ લાભદાયક છે.'

પંડિત બેચરદાસ દોશી

* ડૉ. રમણલાલ ચી. શાહ

પંડિત બેચરદાસ દોશીનું અગિયારમી ઓક્ટોબરે ૯૩ વર્ષની ઉંમરે અમદાવાદમાં અવસાન થયું. એમના અવસાનથી ગાંધી યુગના કાકા કાલેલકર, પંડિત સુખલાલજી, મુનિ જિનવિજયજી વગેરેની હરોળના એક તેજસ્વી બહુશ્રુત પંડિત-વર્યની આપણને ખોટ પડી છે.

પંડિત બેચરદાસ ૯૩ વર્ષની ઉંમરે પણ સ્વસ્થ અને સક્રિય જીવન જીવતા હતા. છેલ્લા બે મહિનામાં એમના હાથના લખેલા બે પત્ર મારા પર આવ્યા હતા. પૂ. પંડિતજીને કાને બહેરાશ આવી ગઈ હતી. એક આંખે તેમને દેખાતું લગભગ બંધ થયું હતું; તેમ છતાં છેલ્લી ઘડી સુધી તેમણે પોતાનો સમય વાચન-લેખન અને જિજ્ઞાસુઓને માર્ગદર્શન આપવાના કાર્યમાં પસાર કર્યો હતો.

પૂ. પંડિતજી સાથે મારે કોઇ ગાઢ સંબંધ થયો નહોતો, કેમ કે સંજોગવશાત્ મારે એમને માત્ર બે-ચાર વખત જ મળવાનું થયું હતું. અમારી વચ્ચે પત્રવ્યવહાર ચાલતો. તેઓ 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતા મારા લેખો વાંચતા અને ઉપયોગી સૂચનો લખતા. છેલ્લે એમને હું મળ્યો હતો અમદાવાદમાં, જૈન તત્ત્વજ્ઞાન પરિષદમાં એમનું બહુમાન થયું તે પ્રસંગે. ત્યાર પછી થોડા સમયે તેમનો પત્ર મારા પર આવ્યો હતો, અને તેમાં તેમણે ગોશાલકના આજીવક સંપ્રદાય વિશે અંગ્રેજીમાં પ્રગટ થયેલા ડૉ. બાસમના પુસ્તક અંગે લખ્યું હતું. તેમણે મને આ પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કરી આપવા માટે કહ્યું હતું. મેં તેમને લખ્યું હતું કે બીજાં કેટલાંક કામોમાં રોકાયેલો હોવાથી અનુવાદનું આ કામ હું તરત હાથમાં લઇ શકું તેમ નથી. છ મહિના પછી એ કરી શકાશે. તે પછી તેમનો બીજો પત્ર આવ્યો. ગઇ ૧૪ મી સપ્ટેમ્બરે. તેમાં તેમણે લખ્યું હતું : 'ડૉ. બાસમનું આજીવકોને લગતું પુસ્તક વાંચી જશો. આપુંય વાંચશો અને મને તેનો સંપૂર્ણ આશય જણાવશો તો મને ઘણી ખુશી થશે અને તમારો ઋણી થઇશ. અંગ્રેજી ન ભણ્યો તેનું મને આવા પ્રસંગે દુઃખ થાય છે. અત્યારે મારી ઉંમર ૯૩ જેટલી છે, એટલે હું નવું શીખી શકું તેમ નથી. જૈન આગમોમાં અને કલ્પસૂત્રની ટીકામાં ગોશાલક વિશે જે કંઇક લખેલું છે તે મને વિશ્વસનીય જણાતું નથી. તેથી ખરી વાત જાણવા અને જાહેર કરવા તથા ગોશાલકની ખોટી નિંદાથી આપણે બચીએ તો સારું, એવા વિચારથી આ પુસ્તકનો આશય જાણવા વિશેષ ઉત્સુકતા થયેલ છે.'

પૂ. પંડિતજીની આટલી ઉંમરે પણ જ્ઞાનપિપાસા કેટલી ઉત્કટ હતી તે આ પત્ર પરથી જોઇ શકાશે. વળી તેમની સત્યશોધક દૃષ્ટિ કેટલી સતેજ હતી તેની પણ પ્રતીતિ થશે.

પૂ. પંડિતજીના કેટલાક વિચારો બહુ જ ક્રાંતિકારી હતા. તેમણે જૈન આગમોનો બહુ ઊંડાણથી અભ્યાસ કર્યો હતો. અલબત્ત, આગમ સાહિત્ય જે સ્વરૂપે આપણને પ્રાપ્ત થાય છે તે સર્વાંશે સંપૂર્ણ છે, એમ કહી શકાય નહીં. સમયના પ્રવાહમાં કેટલું ય લુપ્ત થઇ ગયું છે, એટલે મતમતાંતરને પૂરો અવકાશ રહે છે. સત્ય શોધનની બાબતમાં પંડિતજીની દૃષ્ટિ કેવી નીડર હતી તે સંઘબહાર થવાનું જોખમ વહોરીને પણ તેમણે વ્યક્ત કરેલા વિચારો પરથી જોઇ શકાય છે. આવા વિચારો વ્યક્ત કરવાને પરિણામે તેમને સામાજિક દૃષ્ટિએ અગાઉ કેટલુંક સહન કરવાનું આવ્યું, પરંતુ તેને માટે તેમણે કયારેય અફસોસ વ્યક્ત કર્યો નથી.

પંડિતજી, ગાંધીજીના નિકટના સંપર્કમાં આવ્યા હતા, અને તેમના રંગે પૂરા રંગાયા હતા. સ્વાતંત્ર્ય માટેની લડતમાં તેમણે ભાગ લીધો હતો. તેઓ આજીવન ખાદીધારી રહ્યા હતા. જેલવાસ પણ ભોગવ્યો હતો. ગાંધીજીની જેમ અન્યાયનો અહિંસક પ્રતિકાર કરવામાં તેઓ માનતા હતા. સત્યના આગ્રહી હતા. સાદાઇને તેમણે જીવનમાં અપનાવી હતી. સ્વભાવે તેઓ પરગજુ હતા. તેઓ વિનમ્ર અને નિર્દંભ હતા બીજાને હંમેશાં સાચી સલાહ આપતા. આંગણે આવેલાને ઉમળકાભેર આવકારતા. તેમનું કૌટુંબિક જીવન પાછલાં વર્ષોમાં કંઇક વ્યથિત હતું; પરંતુ તેઓ અંદરથી પૂરા સ્વસ્થ, શાંત અને સજાગ હતા.

ગઇ પેઢીના બે મહાન જૈનાચાર્યો તે પૂ. વિજયનેમિસૂરિ અને કાશીવાળા પૂ. શ્રી વિજયધર્મસૂરિ, બંને બહુવાના અને બંને ગુરુભાઇ. પરંતુ દ્રવ્યના વિષયમાં બંને વચ્ચે મતભેદ હતો. વિજયધર્મસૂરિ ક્રિયાકાંડ કરતાં જ્ઞાનની આરાધનાને વિશેષ મહત્ત્વ આપતા. બીજા પંડિતો ઉપરાંત એમની પાસે કાશીમાં અભ્યાસ કરનાર તે આપણા બે પ્રખર પંડિતો—પંડિત સુખલાલજી અને પંડિત બેચરદાસજી. પોતાના વિદ્યાગુરુની જેમ તેઓ બંને પણ ધર્મના ક્ષેત્રે પ્રવેશેલી ક્રિયાજડતાના કટ્ટર વિરોધી હતા. આ બંને પંડિતો સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના, તેમ જ જૈન દર્શન અને અન્ય દર્શનોના પ્રકાન્ડ અભ્યાસી હતા. બંને ગાંધીજી સાથે રહેલા અને એમની પ્રત્યક્ષ અસર નીચે આવેલા. ગાંધીજી સાથે કેટલાક જૈન સાધુ ભગવંતો પાસે તેઓ પણ ગયેલા અને ચર્ચામાં ભાગ પણ લીધેલો. આ બંને પંડિતોનો શાસ્ત્રાભ્યાસ એટલો ઊંડો હતો કે કેટલીક દુર્બોધ જણાતી બાબતો વિશે તેમની પાસે જવાથી સ્પષ્ટ માર્ગદર્શન મળતું. પૂ. સ્વ. મુનિશ્રી પુણ્યવિજયજીએ પણ આ બે પંડિતો પાસે જઇને અભ્યાસ કર્યો હતો. જીવનનાં ઘણાં વર્ષો સુધી આ બંને પંડિતો જૈન મુનિઓને માર્ગદર્શન આપતા રહ્યા હતા. એટલે એમણે જૈન સંઘને આપેલી સેવાનું મૂલ્ય ઓછું નથી.

પૂ. પંડિત બેચરદાસે 'ભગવતીસૂત્ર,' 'મહાવીરવાણી' ઇત્યાદિ ૪૫ થી વધુ ગ્રંથોનું લેખન-સંશોધન-સંપાદન કર્યું. ભાષા અને વ્યાકરણ એ એમના પ્રિય વિષયો હતા. એમણે મુંબઇ યુનિવર્સિટી તરફથી 'ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ' એ વિષય ઉપર આપેલાં ઠક્કર વસનજી વ્યાખ્યાનો આજે પણ એટલાં જ આધારભૂત ગણાય છે. તેમણે કેટલાક જૈન આગમ ગ્રંથોનું કરેલું સંશોધન-સંપાદન, અર્થવિવરણ ઘણું મૂલ્યવાન છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી પ્રગટ થતી આગમ ગ્રંથોની શ્રેણીને પૂ. પંડિતજીનું પણ બહુમૂલ્ય યોગદાન પ્રાપ્ત થયું છે.

પૂ. પંડિતજીના અવસાનથી શાસ્ત્રાભ્યાસના ક્ષેત્રે આપણે કંઇક દીન બન્યા છીએ તેમાં કોઇ સંશય નથી. મારા જેવાને માટે તો માર્ગદર્શન માટેનું એક મહત્ત્વનું સ્થાન ઓછું થયું છે.

સદ્‌ગતના આત્માને શાંતિ હો !

સારસ્વતોમાં સૂર્ય પંડિત બેચરદાસ

* મુનિ વાત્સલ્યદીપ

જૂઈના ફૂલ જેવું સ્મિત ધરાવતા પંડિત પ્રવર શ્રી બેચરદાસ જીવરાજ દોશી એક જીવંત વિદ્યાતીર્થ હતા. એ તીર્થને સ્પર્શવાનું એક પાવન પળે બન્યું અને બીજી જ ક્ષણે વર્ષો જૂનો પરિચય હોય તેમ એઓએ મને આવકાર્યો. એ આવકારમાં નવું હેત હતું. એમણે મને કહ્યું :

'ભણવા આવો મારે ત્યાં.'

મેં એ સ્વીકાર્યું, પણ તેનો સુયોગ જલદી ન જાગ્યો, એકાદ વર્ષ પછી ભણવા જવાનું થયું. ત્યારે મેં જોયું, પંડિતજી જીવનપટના રોમેરોમે વિદ્યા જીવતા હતા અને અણુએ અણુએ વહાલ. અભ્યાસ કરાવવાની અને કરવાની બન્ને ઉત્કંઠા એમને સતત રહેતી. જે કોઇ એમના પરિચયમાં આવે, એ પિપાસુ હોય તો એ જ્ઞાન પામીને જાય. એમની છાયામાં બેસીને કોઇ અધ્યયન કરવા મથે તો પંડિતજી દ્વારા વિદ્યાની સંપદા તો પામે જ, જીવનહૂંફ, પણ. પોતાની જાતનું ઉદાહરણ પણ આપે: 'હું નાનો હતો ત્યારે ભણવામાં દત્તચિત્ત રહેતો અને એટલે જ મને થોડું આવડયું, જુઓને!' અને આટલું કહ્યા પછી ભોળું ભોળું હસે. એ હાસ્યને નિરખવું તે પણ લહાવો હતો. પંડિતજીને પોતાને અભ્યાસાર્થે ઘણો પરિશ્રમ કરવો પડેલો. માતાનો અખૂટ પ્રેમ, આર્થિક સ્થિતિ નબળી-ઘણાં કારણો નડતાં પરંતુ એ તમામ કારણો નડ્યાં પછી પણ આટલો અભ્યાસ થઇ શક્યો તે માટે ગુરુજનોની કૃપા અને માતાના આશીર્વાદ નિમિત્તભૂત માનતા. માતૃઋણ સ્વીકારતાં તેઓ ઘણી વખત કહે: 'સંવત ૧૯૬૨-૬૩માં હું કાશી ગયેલો અને ત્યાં પહોંચ્યા પછી છએક મહિનામાં શીતળાની બિમારી થઇ. તે સાંભળીને મારી બા એ જમાનામાં એકલા શોધતાં શોધતાં છેક બનારસ આવી પહોંચ્યા. કેવો અદ્‌ભૂત એ માતૃપ્રેમ!'

તેઓ સંપૂર્ણ સરસ્વતી ઉપાસક હતા. હું ભણવા જતો તે દિવસોમાં અમદાવાદથી પૂ. ગુરુવર્યો સાથે મારે હરસોલ પ્રતિષ્ઠા નિમિત્તે જવાનું થયું. મેં વિનંતી કરી કે 'અમે થોડા દિવસ જઇએ?' તો કહે: 'પાઠનું શું?' મેં કહ્યું : 'થોડાક દિવસ પાઠ અધૂરો રહેશે, મને માફ કરો.' અને બીજી જ પળે તેઓ અકળાઇ ઊઠ્યા : 'ભણનાર સાધુને આ બધી પ્રવૃત્તિ શી?'

ક્રિયા કરતાં જ્ઞાન તરફ તેમનો ઝોક વિશેષ રહેતો. મુનિઓ માટે તેઓ કહેતા : 'સાધુઓ જીવનનો સમય અધ્યયન કરવાને બદલે બાહ્ય પ્રવૃત્તિઓમાં વિશેષ ગાળે છે. સમગ્ર જીવન ભગવાનને ચરણે અર્પિત કર્યા પછી આ ક્રમ શોભે?' પોતાના પરિચયમાં આવનાર મુનિઓને તેઓ અચૂક ટોકતા. રાષ્ટ્રપ્રેમ, તેઓ વિદ્યાર્થી હતા ત્યારથી જ એમના જીવનમાં વણાઇ ગયેલો. ગાંધીજીની એમના પર વિશેષ અસર હતી. દેશનાં બાળકો અક્ષરજ્ઞાનથી પણ વંચિત રહે છે તે માટે તેઓ સરકારની ખોટી શિક્ષણપ્રથાને જવાબદાર માનતા.

વિક્રમ સંવત ૧૯૪૬માં માગસરવદી અમાસનો તેમનો જન્મ. પલ્લીપુરના વતની. પિતાનું નામ જીવરાજ લાધાભાઇ દોશી. માતાનું નામ ઓતમબાઇ. જન્મ અમાસનો પણ એમની જીવનકળા પૂર્ણિમાની જેમ ખીલી ઊઠી.

પંડિતજી આગમવિશારદ હતા. સંશોધન-સંપાદન સતત કરતાં રહેતા. એમનો વ્યાકરણપ્રેમ અનન્ય હતો.. છેલ્લે 'શ્રી સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન'ની લઘુવૃત્તિનો એમણે કરેલો ગુજરાતી અનુવાદ વ્યાકરણના વિદ્યાર્થીઓ માટે ઉપકારક સાધન છે. ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ વિશે એઓએ જે વ્યાખ્યાનો કરેલાં એ આજે પણ સીમાસ્તંભ છે. પ્રાકૃત ભાષા માટે તો તેઓ કહેતા કે મને એ તો બહુ સહજ થઇ પડી. વિદ્યાક્ષેત્રના પ્રવેશની આરંભે એમણે અનુવાદનું કાર્ય 'ભગવતી સૂત્ર' જેવા વિરાટ ગ્રંથથી ઉપાડ્યું તે પણ સૂચક છે. 'મહાવીરવાણી'નું એમણે કરેલું સંકલન અને અનુવાદ જૈનો માટેનો સારગ્રંથ છે. બૌદ્ધધર્મ વિશે પણ તેઓએ ઘણું રચ્યું છે. એમણે અનેક ગ્રંથો રચ્યા. ભારતીય ધર્મદર્શન અને એમાંય ખાસ કરીને જૈન અને બૌદ્ધ ધર્મદર્શનનાં તેઓ વિશિષ્ટ પંડિત હતા. અનેક ધર્મોના અભ્યાસ પછી દૃષ્ટિની ઉદારતા આપોઆપ આવી ગયેલી. સહન કરવા કરતાં સાચું કહેવું તેમને વિશેષ ગમતું. સત્યને ખાતર તેઓ વેઠી શકતા. ગાંધીજીની ગાઢ છાયાને કારણે પણ આમ હોય. અવસ્થા છતાં એમની સ્મૃત્તિ અને કાર્યો કરવાની અમાપ શક્તિ આશ્ચર્યજનક હતાં. નિયમિત જીવન અને કર્તવ્યનિષ્ઠાને વરેલા પંડિતજી નમ્રતાથી પણ ભર્યા ભર્યા હતા. પોતે પ્રખર વિદ્વાન હોવા છતાં ય અન્ય કોઇની પાસે થોડી પણ ક્ષમતા જુએ તો હૃદયથી આવકારે. કાશીમાં આચાર્યશ્રી વિજયધર્મસૂરિજી મહારાજની નિશ્રામાં એમને અભ્યાસ કરવાનો જે મોકો મળેલો તે પણ બહુ સંભારે. અમે વિનંતી કરતાં કે આપ તે સમયની સંસ્મરણ કથા લખો કે જેથી ભવિષ્યમાં વિદ્યાર્થીઓને ઉપયોગી થઇ પડે. તેઓ ના પાડ્યા કરે. આમાં મુખ્ય કારણ તો એમની નમ્રતા જ. કિંતુ છેવટે અનેકોના અતિશય આગ્રહ પછી એમ કહેતાં કે લખીશ. એ લખાઇ હોય તો કેવું સારું!

ભગવાન મહાવીરનો જીવપ્રેમ અને મહાત્મા ગાંધીનો જીવનપ્રેમ એમનામાં વણાઇ ગયેલો. એ પ્રેમાળ હતા, આગ્રહી પણ. એમનો અનુગ્રહ પ્રાપ્ત થવો તે જીવનસૌભાગ્ય બની રહેતું, અને એ કોઇને પણ સહજ રીતે પ્રાપ્ત થઇ શકતું.

પંડિતજીના સુપુત્ર શ્રી પ્રબોધ પંડિતનું અણધાર્યું અવસાન થયું ત્યારે અમે મળવા ગયા. અમને કહે :

'એ તો કાળનો ધર્મ છે, આવન-જાવન ચાલ્યા કરવાનો. એમાં શોક કે આનંદ શા? મને એટલો સંતોષ છે કે મારો પુત્ર એના ક્ષેત્રનો અસાધારણ વિદ્વાન હતો.'

આમાં શબ્દોનો ફરક હોઇ શકે કદાચ, અર્થનો નહીં. પંડિતજીની વાત એમની જ્ઞાનપરિણતિની દ્યોતક નથી? કેવો વિશિષ્ટ ઉઘાડ છે એ! ઉપાધ્યાયશ્રી યશોવિજયજી જ્ઞાનસ્ય ફલં વિર્યય : કહે છે તે આ જ નહીં હોય?

પંડિતોની લુપ્ત થઇ જતી પરંપરામાં પંડિત બેચરદાસજીનું તા. ૧૧-૧૦-૮૨ ના રોજ થયેલું અવસાન એક ન પુરાય તેવો અવકાશ ખડો કરે છે.

તેઓ નખશિખ અધ્યાપક હતા. અને પૂર્ણ પંડિત. હવે કોઇના નામની આગળ પંડિત શબ્દ વાપરવો હશે તો તે પહેલાં આવી પ્રખર વિદ્વતા શોધવી પડશે!

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ધી રટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૪ અંક : ૧૩

પ્રબુદ્ધ જીવન

મુંબઇ ૧૬-૧૧-૮૨ નવેમ્બર, ૧૯૮૨, મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૨૦: પરદેશ માટે શિલિંગ ૧૦

મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

માનવ સંબંધો

ચીમનલાલ ચકુભાઇ શાહ

પહેલા મારા વિષે બે શબ્દો કહી લઉં. ચાલીસ દિવસ હૉસ્પિટલમાં રહ્યા પછી, રવિવાર ૩૧ મી ઑક્ટોબરે મને ઘરે લાવ્યા, ત્યારે ટાંકા તોડ્યા નહોતા. ડૉક્ટરોને લાગ્યું કે હવે વાતાવરણ બદલાવવાની જરૂર છે. ત્યાર પછી અઠવાડિયે ટાંકા તોડ્યા અને તપીળી દૃષ્ટિએ હવે ઘા રૂઝાયો છે. અનહદ નબળાઇ છે, દેહ ક્ષીણ થઇ ગયો છે. પ્રવાહી થોડું લઉં છું, પણ જરાય રુચિ થતી નથી. મારો વ્યાધિ ગંભીર છે. ડૉક્ટરોએ મારાથી કાંઇ છુપાવ્યું નથી. પણ, ડૉક્ટરોના મત મુજબ કોઇ તાત્કાલિક ભય નથી. એ અનુભવું છું કે દેહની પીડા પાસે રાય અને રંક બધાય પામર છે.

તપીળી વિદ્યા ઘણી આગળ વધી છે. છતાં એની મર્યાદા સ્પષ્ટ જોઇ શકું છું. આ અનિત્ય દેહ, જે એક દિવસ પડવાનો છે, તેને કોઇ રોકી શકે નહિ. સમતાભાવે વેઠવું એ જ ઉપાય છે. પણ, કહીયે તેટલું કરવું સહેલું નથી. અતિ નમ્રતાથી કહી શકું કે કોઈ આર્તધ્યાન કે રૌદ્રધ્યાન નથી.

બિછાને પડ્યા પડ્યા ઘણું ચિન્તન-મનન ચાલે છે. માનવજીવનનો સમગ્રપણે વિચાર કરું છું ત્યારે લાગે છે કે માનવજીવન એટલે અનેકવિધ સંબંધો અને અનેકવિધ પ્રવૃત્તિઓ. અત્યારે માનવીય સંબંધો વિષે થોડું લખાવવું છે. એ સંબંધો સ્વાર્થના હોય છે અને પરમાર્થના પણ હોય છે. કેટલાંક સંબંધો જન્મગત છે. જેવાં કે, કૌટુંબિક, જ્ઞાતિવિષયક વગેરે, બીજા સંબંધો માણસ પોતે રચે છે. વ્યાવસાયિક, સામાજિક, રાજકીય-એવા અનેક પ્રકારના સંબંધોથી માણસ વીંટળાયેલો છે. સ્વાર્થના સંબંધો પલટાતા રહે છે, પરમાર્થિક સંબંધો સ્થાયી રહે છે. સત્પુરુષો બધો સ્વાર્થ-ત્યજીને પરાર્થે જીવન સમર્પણ કરે છે. સામાન્ય માણસ સ્વાર્થ-પરમાર્થ ઓછાવત્તા પ્રમાણમાં સાથે રાખે છે. ઘણા માણસો પોતાના સ્વાર્થે બીજાનું અહિત કરતા હોય છે. આ બધો સંઘર્ષ-એ સંસાર છે.

ભારતીય વિચારધારામાં એક વિચારપ્રવાહ એવો છે કે બધાય સંબંધો મિથ્યા છે-જૂઠા છે. કોઇ કોઇનું સગું નથી. એકલા આવ્યા છીએ અને એકલા જવાનું છે. સદ્‌ભાગ્યે માણસને આ ઉપદેશની બહુ અસર થતી નથી. કોઇ પ્રસંગને અનુલક્ષીને ક્ષણિક વૈરાગ્ય આવે. એ વાત ખરી છે કે આ બધા સંબંધો અનિત્ય છે. એટલે કે એક દિવસ એનો અંત આવવાનો છે-પણ, તે કારણે આવા સંબંધો જૂઠા અથવા મિથ્યા નથી, એ જ માનવજીવન છે. એનો અર્થ એટલો જ છે કે એમાં આસક્તિ ન કેળવે. પણ માણસના જીવનની કૃતાર્થતા માત્ર માનવ સાથે જ નહિ પણ સમસ્ત પ્રાણીસૃષ્ટિ સાથે તાદાત્મ્ય સાધવામાં છે. જે માણસ ખોટા વિચારોથી અથવા સ્વાર્થથી સંકુચિત મન રાખી, આવી જંજાળથી દૂર રહેવું એમ માને છે એનું જીવન ઝાડના સુક્કા ઠૂંઠા જેવું છે. અલબત્ત, સ્વાર્થના સંબંધો કેટલીયે વખત દુઃખમય નીવડે છે. પરમાર્થના સંબંધો પણ કષ્ટમય હોય છે, એટલે કે પારમાર્થિક કાર્યો કરવામાં પણ કષ્ટ વેઠવું પડે છે, પણ એ કષ્ટ જ જીવનનો આનંદ છે. માણસ, પોતાના સંબંધો કેમ, કેટલા વિસ્તારી શકશે તે એની શક્તિ અને પરિસ્થિતિ પર આધાર રાખે છે.

ભારતીય વિચારધારાના એક પ્રવાહનો મેં જે ઉપર ઉલ્લેખ કર્યો છે એને પરિણામે એવી કેટલીક ભાવના કેળવાય છે કે જેને એકાકી ભાવના, અનિત્ય ભાવના, અશરણ ભાવના – કહેવામાં આવે છે. આ બધી ભાવના એકાંગી છે. આવી વિચારધારા સાથે એ પણ કહેવામાં આવે છે કે પ્રાણીમાત્ર સાથે મારો મૈત્રીભાવ હો. એ મૈત્રીભાવ માત્ર શબ્દોમાં જ રહેવો ન જોઇએ. પ્રેમ, કરુણા, દયા, મૈત્રી-આ બધા સક્રિયપણે જીવનમાં ઉતરવા જોઇએ. વિરલ વ્યક્તિઓની વાત જુદી છે, પણ સામાન્ય માણસ જેટલા વિશાળ સમુદાય સાથે પોતાનું આત્મૌપમ્ય સાધી શકે એમાં એના જીવનનો આનંદ છે. માણસ જેટલો પ્રેમ આપે છે એના કરતા અનેકગણો પ્રેમ તેને મળે છે, એ કુદરતનો નિયમ છે. એ ખરું છે કે આ સંસાર દુઃખથી ભરપૂર છે. એમાંનું ઘણું દુઃખ માણસે પોતે પેદા કરેલું હોય છે, પોતાની પ્રકૃતિ અથવા સ્વાર્થથી. મેં ઘણી વખત કહ્યું છે કે આ જીવનના રહસ્યનો તાગ પામી શકાતો નથી, પણ એ અનુભવસિદ્ધ હકીકત છે કે, સક્રિય પ્રેમ અને કરુણા સિવાય જીવનમાં બીજો આનંદ નથી. જ્યાં આપણાથી કંઇ ન થઇ શકે ત્યાં પણ આપણું અંતર દ્રવે અને થઇ શકે એટલું, કંઇક કરવાની ભાવના રહે. પણ મોટી વાતો છોડી દઇએ તો પણ આપણી આસપાસ, દૃષ્ટિ ખુલ્લી હોય તો એટલું બધું કરવાનું છે કે, જે થાય છે એ ઓછું પડે છે.

મેં આ લખાવ્યું છે એમાં કાંઇ નવું નથી, પણ જીવનના અંત સમયે, આ જીવનનો વિચાર કરું છું, એનો સાર છૂટાછવાયા વિચારોરૂપે અહિં લખાવ્યો છે.

(તા. ૧૦-૧૧-૮૨ સાંજના પાંચ વાગે)

★ ચાર સાક્ષરવર્ય ★

● રમણલાલ ચી. શાહ

પંડિત ખેચરદાસ દોશીના અવસાનના સમાચારને હજુ થોડા દિવસ થયા ત્યાં આપણા બીજા એક સમર્થ સાક્ષર શ્રી રસિકલાલ છોટાલાલ પરીખના અવસાનના સમાચાર આવ્યા. પંડિત ખેચરદાસનું અવસાન ૯૩ વર્ષની વયે થયું. શ્રી રસિકલાલ પરીખનું અવસાન ૮૫ વર્ષની વયે થયું, સુદીર્ઘ આયુષ્ય બંનેએ ભોગવ્યું. પરંતુ ગમે તે ઉંમરે માણસ વિદેહ થાય તો પણ તેની ખોટ તો અવશ્ય વરતાય. આ બંને સાક્ષરોના અવસાનથી જાણે બહુશ્રુત પંડિતોની એક સમર્થ પેઢીએ વિદાય લીધી એમ લાગે.

છેલ્લાં ચાર-પાંચ વર્ષના ગાળામાં પંડિત સુખલાલજી, મુનિ જિનવિજયજી, પંડિત ખેચરદાસ દોશી અને શ્રી રસિકલાલ પરીખ-એ ચાર સમર્થ જૈન સાક્ષરવર્ય આપણે ગુમાવ્યા. કાવ્યાલંકાર અને નાટક, વ્યાકરણ અને ન્યાય, ઇતિહાસ અને પુરાતત્વ, ધર્મ અને દર્શનશાસ્ત્ર ઇત્યાદિ વિષયોના પાંડિત્ય સહિત આ ચારે સાક્ષરોનું જૈન દર્શન અને સાહિત્યના સંશોધન, સંપાદન, વિવેચન અને મૌલિક અર્થઘટનના ક્ષેત્રે અર્પણ ઘણું મોટું રહ્યું છે એ સૌએ અને વિશેષતઃ જૈન સમાજે અવશ્ય ગૌરવ લેવા જેવી વાત છે

આ ચારે પંડિતોને આઠ દાયકાથી અધિક એવું સુદીર્ઘ આયુષ્ય સાંપડયું. એનો લાભ એમના સ્વાધ્યાય અને પાંડિત્યને મળ્યો અને એમના દ્વારા અનેક વિદ્યાર્થીઓને અને જિજ્ઞાસુઓને સાંપડયો. એ ચારેના જીવનનો મહત્ત્વનો સમય અમદાવાદમાં પસાર થયો. એમણે બધાએ ગાંધીજીની ગુજરાત વિદ્યાપીઠમાં ઠીક ઠીક સમય કામ કર્યું. તેઓ ગાંધીજીની પ્રત્યક્ષ અસર નીચે આવ્યા. એમણે જીવનમાં ખાદી સહિત સાદાઈ અપનાવી. એમનો વિદ્યાવ્યાસંગ નિર્વ્યાજ રહ્યો. ઋદ્ધિસ્પૃહ જડતા તેમણે છોડી, પરંતુ આપણાં પ્રાચીન મૂલ્યો તરફ એમનો આદર એટલો જ રહ્યો. તેઓ ઉદારમતના, સત્યનિષ્ઠ અને સત્ત્વશીલ સાક્ષરો હતા. હરિભદ્રસૂરિ, હેમચન્દ્રાચાર્ય, ઉપાધ્યાય યશોવિજયજી જેવા ધુરંધર મહાપુરુષોની જેમ તેઓ પણ જૈન દર્શન ઉપરાંત ષડ્દર્શન અને બૌદ્ધ દર્શનના પણ ઊંડા અભ્યાસી હતા. તેઓ આપણી પ્રાચીન શાસ્ત્રીય પરંપરાને અનુસરી સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષાના સાચા પંડિત બન્યા હતા. તેમનું પોતાનું અધ્યયન ઘણું વિશાળ હતું. માત્ર આજીવિકા પ્રાપ્ત કરવાના આશયથી તેમણે અધ્યયન કર્યું નહોતું. તેમણે કર્યું જ લખ્યું ન હોત તોપણ તેમણે પ્રાપ્ત કરેલા જ્ઞાનરાશિથી પણ તેઓ સૌના આદરપાત્ર રહ્યા હોત. તેમની અતિ ગહન અને વ્યાપક જાણકારીને કારણે તેમની પાસે જનાર જિજ્ઞાસુઓ પ્રભાવિત થયા વિના રહેતા નહિ. આ પંડિતો એટલે જાણે જીવંત જ્ઞાનકોશ.

સાક્ષરોનો આવો સમુદાય ફરી આપણને જોવા કયારે મળશે એવો પ્રશ્ન થાય. દિનપ્રતિદિન જીવનની તરાહ બદલાતી જાય છે. જીવનની જરૂરિયાતો વધતી જાય છે. વ્યાવસાયિક અને વ્યાવહારિક જીવન વ્યસ્ત અને સંકુલ બનતું જાય છે. મોટાં શહેરોમાં અધ્યયન માટે સમયની અલ્પતા રહ્યા કરે છે. જે જમાનામાં આ ચારે સાક્ષરોએ વિદ્યાભ્યાસ કર્યો ત્યારે જીવન સાદું અને સરળ હતું. અધ્યયન-અધ્યાપનના ક્ષેત્રે કામ કરવાની ધગશ હતી. સમયની ખેંચ નહોતી. વાતાવરણ શાંત, પ્રેરક અને પ્રોત્સાહક હતું. ઇતર પ્રલોભનો ઓછાં હતાં. પંડિત સુખલાલજી અને પંડિત ખેચરદાસે તો વિપરીત આર્થિક સંજોગો અને સાધનસામગ્રીની અગવડ વેઠીને આવું સંગીન કાર્ય કર્યું. પંડિત સુખલાલજી તો ચક્ષુહીન દશામાં આ સિદ્ધિ મેળવીને પ્રજ્ઞાચક્ષુ બન્યા.

વર્તમાન સમયમાં હસ્તપ્રતો, મુદ્રિત ગ્રંથો, પ્રાધ્યાપકો, ટ્રસ્ટના ગ્રંથાલયો ઇત્યાદિની ઘણી સગવડો વધી છે. પરંતુ ઓછી આજીવિકા સાથે માત્ર વિદ્યાપ્રીતિથી કામ કરનાર આવા વિદ્વાનો જલદી નહિ સાંપડે. અધ્યયનની નવી નવી શાખાઓ ઘણી વધી છે અને કેટલીક શાખાઓમાં સારા પગાર સાથે સિદ્ધિ-પ્રસિદ્ધિની પુષ્કળ તક સાંપડે છે. તેજસ્વી માણસો એ તરફ આકર્ષાય એ સહજ છે એટલે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ ઇત્યાદિ ભાષાઓ અને વ્યાકરણ, ન્યાય, કાવ્યાલંકાર, ધર્મ, દર્શન, ઇતિહાસ, પુરાતત્ત્વ ઇત્યાદિ વિષયોના અધ્યયન તરફ મેધાવી વ્યક્તિઓને આકર્ષવી હશે તો તેવી વિદ્યાસંસ્થાઓમાં આર્થિક અને સામાજિક દૃષ્ટિએ ગૌરવભર્યું સ્થાન સમાજે ઉભું કરવું પડશે. આવું સ્થાન માટે અપેક્ષા કરતાં ચડિયાતું પાત્ર પસંદ કરવાની તક સાંપડે એટલી બધી સ્પર્ધા જ્યારે થશે ત્યારે ફરી પાછી પ્રાચીન વિષયોના પંડિતોની પરંપરા અખંડિત ચાલશે.

ગુજરાત વિદ્યાપીઠ, ગુજરાત વિદ્યાસભા, ભારતીય વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી ઇત્યાદિ જે જે વિદ્યાસંસ્થાઓમાં આપણા આ ચાર મહાન સાક્ષરવર્યોએ પોતાની સેવા આપી છે તે તે સંસ્થાઓમાં તેમનું યોગ્ય સ્મારક થવું જોઇએ જેથી ભવિષ્યની પ્રજાને માટે તે પ્રેરણારૂપ બની રહે. પૂ. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ એક વખત મને કહ્યું હતું કે ગુજરાત યુનિવર્સિટીનું પ્રાંગણ તો ત્યારે જ શોભશે જ્યારે ત્યાં દાખલ થતાં વિદ્યાર્થીઓને પ્રેરણારૂપ એવી પંડિત સુખલાલજીની પ્રતિમાનાં રોજ દર્શન થશે.

ગુજરાત-સૌરાષ્ટ્ર વાવાઝોડા-રાહત ફંડ

★

ગુજરાત-સૌરાષ્ટ્રમાં, તાજેતરમાં થયેલા વાવાઝોડા અને વરસાદના કારણે લગભગ ૪૦૦ માનવીઓના મૃત્યુ થયા છે. અસંખ્ય ઘરો ધરાશાયી થયા છે. પશુઓની પણ મોટા પ્રમાણમાં જીવહાની થઇ છે. જમીન તેમજ ખેતીવાડીને પણ મોટું નુકસાન થયું છે-અસંખ્ય માણસો ઘરબાર વિનાના થયા છે. એ નિરાધાર બનેલા આપણા ભાંડુઓને મદદ કરવી તે આપણી પવિત્ર ફરજ બની રહે છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘે 'ગુજરાત-સૌરાષ્ટ્ર વાવાઝોડા રાહત ફંડ' શરૂ કર્યું છે. સંઘના સભ્યો, આજીવન સભ્યો, પેટ્રન મેમ્બરો તેમજ સંઘના શુભેચ્છકોને પોતાનો યોગ્ય ફાળો સંઘના કાર્યાલય પર સત્વર મોકલી આપવા માટે નમ્ર વિનંતિ કરવામાં આવે છે.

રાહત ફંડમાં આપવામાં આવેલું દાન આવકવેરા ધારાની ૮૦ જી. કલમ હેઠળ કરમુક્ત રહેશે. સંઘ દ્વારા એકઠી થયેલી રકમ ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્રને મોકલવામાં આવશે. ચેક "Bombay Jain Yuvak Sangh"ના નામનો મોકલવો.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

મહારાષ્ટ્ર સરકારના સૂચિત પબ્લીક ટ્રસ્ટ બિલની રૂપરેખા

● વકીલ કેસરીચંદ નેમચંદ શાહ

૧. મહારાષ્ટ્ર રાજ્યમાં નોંધાયેલા પબ્લીક ટ્રસ્ટો પર સરકારી હસ્તક્ષેપનો નવો ભય ઉભો થયો છે; એ માટે મહારાષ્ટ્ર સરકારે મહારાષ્ટ્ર શાસન રાજપત્રમાં તા. ૧૩ સપ્ટેમ્બર ૧૯૮૨ ના પાટ' પાંચમાં બીલ-ખરડો પાન ૨૬૩ થી ૨૮૦ ઉપર પ્રસિધ્ધ કર્યો છે. આ બીલ-ખરડો કરવાનું કારણ જણાવેલુ છે કે પંઢરપુર મંદિર અને સિધ્ધિવિનાયક ગણપતિ મંદિરના ટ્રસ્ટના વહીવટમાં ફેરફાર કરવા જતાં પડેલી કાનૂની મુશ્કેલીઓનો બોધપાઠ લઇ રાજ્યમાં નોંધાયેલા કોઇપણ પબ્લીક ટ્રસ્ટનો વહીવટ પોતાના હસ્તક લઇ શકાય અથવા તો નવી ટ્રસ્ટી સમિતિ રચી તેને સોંપા શકાય તેવી વ્યાપક સત્તા મેળવવા કરતો ખરડો મહારાષ્ટ્ર સરકારે ઘડયો છે.

૨ : ખરડામાં મહારાષ્ટ્ર પબ્લીક ટ્રસ્ટસ કોમન ગુડ ફંડની સ્થાપના અંગે નવી જોગવાઇ સુચવાઇ છે.

૩ : આ ખરડામાં ૨૭ કલમો છે; જે તમામ કલમો પબ્લીક ટ્રસ્ટોના વહીવટમાં ભારે દખલગીરીરૂપ, ને બિનજરૂરી હસ્તક્ષેપ કરી વહીવટ સરકાર હસ્તક લેવાનો ઇરાદો છે. ઉપર પેરા-૧માં જણાવેલા બન્ને મંદિરોના ઓથા નીચે મહારાષ્ટ્રના તમામ નોંધાયેલા ટ્રસ્ટોના વહીવટ માટે કાયદો કરવાનું જણાવ્યું છે. તે ખરેખર બિનજરૂરી છે. તેમજ અધારણની કલમો ૨૫-૨૬-૨૯મા બક્ષેલા મૂળભૂત હકકોનો ભંગ થાય છે. ધાર્મિક સ્વતંત્રતા છીનવી લેવામાં આવે છે. જે તે ધર્મના શાસ્ત્રીય સિધ્ધાંતનું છડેચોક ખૂન થાય છે. આવો કાળો કાયદો કરવા મહારાષ્ટ્ર સરકારને કોઇપણ હકક કે અધિકાર નથી અને જો ખરડા કાયદાનું સ્વરૂપ લેશે તો તેના ન્યાયાલયમા પડકાર કરવા માટે જાહેર જનતામાં પ્રચાર કરી ટ્રસ્ટોએ જાગૃત થવાની જરૂર છે.

૪ : ખરડામાં કાયદાનું નામ 'મહારાષ્ટ્ર પબ્લીક ટ્રસ્ટો (મેનેજમેન્ટ એકવીઝીશન અને કામન ગુડ ફંડ) એકટ, ૧૯૮૨' આપવામા આવ્યું છે.

૫ : પ્રકરણ બે કલમ ૩ માં પબ્લીક ટ્રસ્ટોનો વહીવટ, એડમીનીસ્ટ્રેટર-વહીવટદાર-નીમી કામચલાઉ (ત્રણ વર્ષ સુધી) હસ્તગત કરવાની સત્તા આપવામાં આવી છ. કોઇપણ ટ્રસ્ટમાં હિત ધરાવનાર વ્યસમની ફરિયાદ ઉપરથી, અગર રાજ્ય સરકાર આપમેળે, કોઇપણ જાહેર ટ્રસ્ટનો વહીવટ હસ્તગત કરી શકશે :-

૬ : રાજ્ય સરકારને જાહેર ટ્રસ્ટ માટે, એડમીનીસ્ટ્રેટર નીમવા માટે જે બાબતોની ખાતરી થયેલી હોવી જોઇએ તે નીચે પ્રમાણે છે :-

(૧) ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ પોતાની ફરજો બજાવવામાં નિષ્કાળજી કરી હોય અગર.

(૨) ટ્રસ્ટની બાબતમાં ટ્રસ્ટનો ભંગ કર્યો હોય અગર

(૩) ટ્રસ્ટના નાણા અગર મિલકતો ઉચાપત કરી હોય અગર

(૪) જે વ્યકિતઓ ટ્રસ્ટની મિલકતની મુલાકાત લેવા અને તેનો ઉપયોગ કરવા હકકદાર હોય તેઓને પૂરતી સગવડો અને સવિધાઓ પૂરી પાડવામાં ટ્રસ્ટીઓ નિષ્ફળ નીવડયા હોય અગર

(૫) ટ્રસ્ટીઓએ ટ્રસ્ટના હેતુ વિરૂધ્ધ વહીવટ કર્યો હોય અગર

(૬) ટ્રસ્ટીઓએ ટ્રસ્ટના હિતને નુકશાન થાય એવું કૃત્ય કર્યું હોય

ઉપરના કારણો જે જે દર્શાવ્યાં છે તે કારણો મુજબ ફરિયાદ કરી ટ્રસ્ટીને દૂર કરવાની જોગવાઇ ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટની કલમો ૪૧ ડી તથા ૫૦ મુજબની રપષ્ટપણે છે; તેમ છતાં વહીવટ હસ્તગત કરવાના કારણો બાલીશ ને તકલાદી છે; આ તો જાણે રોગ નાનો, સામાન્ય દવાથી મટી શકે તેવો છે છતાં તેનો જલદ ઉપાય ખરડામાં બતાવ્યો છે જે જાહેર હિત વિરૂદ્ધ છે. કોઇપણ માણસને સામાન્ય બુધ્ધિમાં આવો જલદ, ભયાનક ઉપાય ગળે ઉતરે તેવો નથી. પબ્લીક ટ્રસ્ટોનો વહીવટ હસ્તગત કરવામાં જે ખરડો બહાર પાડયો છે તે ખરેખર ખતરનાક છે. તે ઉપરાંત ધાર્મિક સ્વતંત્રતા ઉપર તરાપ મારનારો છે. દાખલા તરીકે જૈન ધર્મના શાસ્ત્રીય સિધ્ધાંત મુજબ જૈનોનું દેવદ્રવ્ય જિનમૂર્તિ કે જિન મંદિર સિવાય બીજામાં કોઇ કાળે ઉપયોગ થાય નહિ. સુપ્રિમ કોર્ટે એ સિધ્ધાંત ગ્રાહય રાખ્યો છે છતાં જૈનેતર એડમીની સ્ટ્રેટર એ સિધ્ધાંત વિરૂદ્ધ વર્તન કરે તો ધર્મ પર મોટું આક્રમણ થયું ગણાય ને જૈનોની ધાર્મિક લાગણી દુભાય માટે વહીવટ હસ્તગત કરવાની જોગવાઇ ભયરૂપ છે, બિનજરૂરી છે ને ખતરનાક છે. વધુમાં દાખલા તરીકે કોઇ એક ટ્રસ્ટી નાની રકમ અગર મિલકત ઉચાપત કરે તો શું તમામ વહીવટ સરકાર હસ્તગત કરે-એ કયા ધરનો ન્યાય છે? વધુમાં વધુ જો ઉચાપત કે ટ્રસ્ટનો ભંગ થયાનું સાબિત થાય તો તેને દૂર કરી શકાય, પણ તે માટે બાકીના તમામ ટ્રસ્ટીઓને શિક્ષા કરી વહીવટ સરકાર હસ્તક કરવામાં કયો ન્યાય થયો કહેવાય? ન્યાય નહિ પણ કેવળ આપખુદ સત્તા જ કહેવાય. કોઇ ખાસ કારણસર વ્યકિતઓને પુરતી સગવડ અને સુવિધાઓ ઓછીવત્તી અપાય તો તેવા મામુલી કારણ બતાવી ટ્રસ્ટીઓ પાસેથી વહીવટ છીનવી લેવાય એ કેવળ પોકળ કારણ છે. ટ્રસ્ટીએ કોઇ વખત હેતુ વિરૂદ્ધ અગર હિતને નુકશાન થાય તેવું કૃત્ય કર્યું હોય તો તે ટ્રસ્ટીને જવાબદાર ગણી તેની સામે કાયદા મુજબ પગલાં લઇ શકાય છે પણ આખુ ટ્રસ્ટીમંડળ બરખાસ્ત કરી ટ્રસ્ટનો વહીવટ હસ્તગત કરવો એ કેવળ ઘોર અન્યાયનું પગલું કહેવાય. ઉપરનાં છ કારણો માટે પગલાં લેવા માટે ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટમાં જોગવાઇ છે તેમ છતાં કાયદો અભરાઇએ મૂકી આપખુદસત્તાથી વહીવટ હસ્તગત કરવો એ પગલું ઘણું જ બેહુદુ અને બિનજરૂરી છે. આ તો ચીભડાના ચોરને ફાંસીની સજા આપવા જેવું રાજ્ય સરકારનું કૃત્ય કહેવાય !

૭ : ટ્રસ્ટનો વહીવટ હસ્તગત કરવાના આદેશ સામે અપીલ કરી શકાશે. બૃહદ મુંબઇમાં સીટી સીવીલ કોર્ટને અને અન્યત્ર ડીસ્ટ્રીકટ કોર્ટને અપીલ કરવાની રહેશે, ને તેનો ચુકાદો અંતિમ ગણાશે. તેની સામે કોઇપણ અદાલતે કે અન્ય સત્તાધિકારી સમક્ષ ધા નાખી શકાશે નહિ. આથી ન્યાયાલયમાં જવાના બારણા બંધ કરી દીધા છે. સરકારને ન્યાયાલયનો બહુ ભય લાગે છે.

૮ : જો ટ્રસ્ટીઓ ટ્રસ્ટનો વહીવટ હુકમ મુજબ સોંપે નહિ

તો તેની સામે અદાલતમાં કામ ચલાવી એક વર્ષ સુધી કેદની અથવા રૂપિયા એક હજાર સુધીનો દંડ અગર બન્ને સજા થઇ શકશે એવી બીલમાં જોગવાઇ છે.

૯ : વિશેષમાં ખરડામાં ખાસ જણાવ્યું છે કે–ગમે તે રીતરિવાજ કે ટ્રસ્ટના દસ્તાવેજમાં ગમે તે જોગવાઇ હોય તો પણ રાજ્ય સરકાર ટ્રસ્ટનો વહીવટ હસ્તગત કરી શકશે. અન્ય કોઇપણ કાયદામાં ગમે તે જોગવાઇ હોય, કોઇપણ અદાલત, ચેરિટી કમીશનર, ટ્રીબ્યુનલ કે અન્ય સત્તાધિકારીનો ગમે તે ચુકાદો, ડીક્રી કે ઓર્ડર કે ગમે તે યોજના હોય અથવા ટ્રસ્ટ અંગેની કાર્યવાહી ચાલુ હોય તો પણ રાજ્ય સરકાર ટ્રસ્ટનો વહીવટ હસ્તગત કરી શકશે. એ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે ટ્રસ્ટનો દસ્તાવેજ અગર કોર્ટના જજમેન્ટને રદબાતલ ગણી વહીવટ લેવાની આપખુદ સત્તા રાજ્ય સરકાર ભોગવશે. આ તો ઘોર અન્યાય છે ને કેવળ એક તરફી સત્તા ધારણ કરવાની ખરડામાં જોગવાઇ છે.

૧૦ : આ ખરડો ત્રણ ભાગમાં વહેંચાઇ જાય છે. પહેલો ભાગ ઉપરના પેરા–૫ થી ૯ સુધીનો કામચલાઉ (ત્રણ વર્ષ સુધી) એડમીનીસ્ટ્રેટર નીમી વહીવટ હસ્તગત કરવાના સરકારના ઇરાદાની જોગવાઇ છે. હવે બીજો ભાગ કાયમ માટે ટ્રસ્ટ કમીટી નીમી વહીવટ સરકાર હસ્તક લેવાની જોગવાઇ છે જે નીચે મુજબ છે :

૧૧ : કલમ ૫ મુજબ–પબ્લીક ટ્રસ્ટમાં હિત ધરાવનાર કોઇપણ વ્યક્તિની લેખિત ફરિયાદ ઉપરથી અગર રાજ્ય સરકાર નીચેના સંજોગોમાં જાહેરનામુ બહાર પાડીને નીચે દર્શાવેલ તમામ દાવા, હકક કે વિશેષ અધિકાર નાબૂદ કરી શકશે અને ટ્રસ્ટનું ભંડોળ તથા મિલકતો ટ્રસ્ટ કમીટીના નામે કરી શકાશે. આવી ટ્રસ્ટ કમીટી સરકાર નીમશે તેમાં એક ચેરમેન, એક ટ્રેઝરર, અને બીજા સભાસદો જેમની સંખ્યા ઓછામાં ઓછી ત્રણ ને વધુમાં વધુ નવની રહેશે; તે ઉપરાંત રોજબરોજના વહીવટ માટે એક એકઝીકયુટીવ ઓફિસર–એકસ ઓફીશીયો સેક્રેટરી, ટ્રસ્ટ કમીટીનો નીમાશે, જેનો પગાર વિગેરે ટ્રસ્ટ ફંડમાંથી આપવાનો રહેશે. જાહેરનામુ બહાર પાડતા પહેલાં અસરકર્તા ટ્રસ્ટીઓને કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ સાંભળવા જોઇએ.

૧૨ : જાહેરનામુ બહાર પાડવા માટેના નીચેના કારણો જણાવેલા છે :–

(૧) જાહેર ટ્રસ્ટના વહીવટ બાબતમાં ચોકકસ સેવાઓ આપવા બાબતમાં અપંણ થતી રકમમાંથી થતી આવક કે તેમાં હિસ્સો મેળવવા બાબતમાં કે અપાતી સેવાઓ પેટે રકમ ચૂકવવા બાબતમાં કોઇ વ્યકિત વંશપરંપરાગત કે અન્ય હકક યા વિશેષઅધિકારો અંગે દાવો કરતી હોય કે તે ભોગવતી હોય અગર–સ્થાપિત હકકો છીનવી લેવાનો ઇરાદો છે.

(૨) ટ્રસ્ટની મિલકતની મુલાકાત લેતા ભાડૂતો કે અન્ય વ્યકિતઓનું શોષણ થતું હોય તેમની હેરાનગતી કે સતામણી થતી હોય અથવા તેમને જરૂરી સગવડ કે સવલતો ન આપી હોય.

આ કારણ બિલકુલ વ્યાજબી નથી. કેટલીકવાર તોફાની તત્વો આવે ને ગમે તેવી અણછાજતી વર્તણુક કરે, ટ્રસ્ટીઓ સાથે દ્વેષબુધ્ધિથી અગર સામાજિક વેરવૃત્તિથી કોઇ મુલાકાતી અગર ભકત ગેરવ્યાજબી વર્તણુક કરે તો તેને સવલતો આપવી બંધ કરવી પડે છે. સામાન્ય રીતે ટ્રસ્ટોનો લાભ બધા મુલાકાતીઓને કે ભકતોને આપવામાં આવે છે, કેટલીકવાર ધર્મશાળામાં મુલાકાતીઓ જુગાર રમે છે, અનૈતિક વર્તણુક કરે તો તેને કાઢી મુકવામાં આવે છે. આવી બાબતોના પુરાવાઓ મળે નહિ, માટે શીક્ષાત્મક પગલાં ટ્રસ્ટીને લેવાં પડે તો તેવા સંજોગોમાં તોફાની તત્વો કહે કે અમારૂં શોષણ થાય છે, હેરાનગતી થાય છે, સતામણી થાય છે, સગવડો મળતી નથી–આવા આક્ષેપો કરે તો તેના ઉપાયો કે ઇલાજો બીજા કાયદામાં ઘણા છે; પણ એક જ કલમના ઘોદે ટ્રસ્ટીઓ પાસેથી વહીવટ લઇ લેવો એ કયાંનો ન્યાય છે ?

(૩) ટ્રસ્ટનો ગેરવહીવટ થતો હોય

આ કારણ પણ ટ્રસ્ટીઓ પાસેથી વહીવટ લેવા માટેનું પૂરતું કારણ નથી. જો ગેરવહીવટ જણાય તો ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટની કલમ ૩૯–૪૦ મુજબ તપાસ થઇ શકે છે, કલમ ૪૦–ડી મુજબ ટ્રસ્ટીને દૂર કરી શકાય છે અગર કલમ ૫૦ મુજબ દાવો કરી ટ્રસ્ટીઓ દૂર કરી નવા ટ્રસ્ટીઓની નિમણુક કોર્ટ કરી શકે છે. આ બધી જોગવાઇઓ કાયદામાં છે છતાં તેનો અમલ નહિ કરતા વહીવટ લઇ લેવો એ કેવળ આપખુદ પગલું જ ગણાય.

(૪) ટ્રસ્ટને મોટી આવક, ભંડોળ કે મિલકતો હોય પરંતુ વધારાના ભંડોળ (સરપ્લસ ફંડ) નો ઉપયોગ ગમે તે કારણસર જાહેર જનતાના લાભ માટે પૂરતા પ્રમાણમાં ન થતો હોય કે ન થઇ શકે તેમ હોય.

આ કારણ પણ વ્યાજબી નથી, કારણકે ટ્રસ્ટના જે હેતુ માટેનું ફંડ તેનો જે વધારો હોય તેવા જ હેતુ માટે ચાલતી બીજી સંસ્થાઓને મદદ થઇ શકે છે, પરંતુ જાહેર જનતાના લાભ માટેની પ્રવૃત્તિમાં કોઇ કાળે વપરાય નહિ જો હેતુ વિરૂધ્ધ એવી રીતે વાપરવામાં આવે તો ટ્રસ્ટનો ભંગ કર્યો ગણાય. વળી 'જાહેર જનતાના લાભ માટે' એ શબ્દો સુગર કોટેડ પોઇઝન છે. જાહેર જનતાના લાભ માટે જે જે પ્રવૃત્તિઓ કરવી હોય તે માટે જુદા ટ્રસ્ટોની રચના કરવી જોઇએ, પણ ધાર્મિક હેતુના religions purpose માટેના નાણાં તે હેતુ સિવાય બીજા કોઇપણ કામમાં વાપરી શકાય નહિ એવું સ્પષ્ટ ને દીવા જેવું સત્ય છે.

(૫) એવી પરિસ્થિતિ ઉભી થઇ હોય કે જેમાં ટ્રસ્ટીઓએ પોતાનું કર્તવ્ય અદા કરવાનું બંધ કર્યું હોય કે તેમ કરવાનો ઇન્કાર કરતા હોય અથવા ગમે તે કારણસર (જેમાં લાંબા સમયથી ચાલતા મુકદ્દમા–લીટીજેશનનો સમાવેશ થાય છે). ટ્રસ્ટીઓ પોતાનું કર્તવ્ય કરવા અસમર્થ હોય અથવા તેમ કરતા તેમને અટકાવવામાં આવ્યા હોય જેથી ટ્રસ્ટનું 'કાર્ય' સ્થગિત થઇ ગયું હોય કે સ્થગિત થાય તેમ હોય અથવા તે કારણે ટ્રસ્ટની પ્રવૃત્તિઓ સારી એવી મંદ પડી જાય તેમ હોય તો રાજ્ય સરકાર, ઉપર મુજબ આદેશ આપી શકશે. કોઇ ટ્રસ્ટ પોતાના હકકો માટે વર્ષો સુધી લડતું હોય તે કારણે વહીવટ ટ્રસ્ટ કમીટીને સોંપવાનો હુકમ કેવળ અન્યાય ભરેલો જ કહેવાય.

(૧૩) એ પ્રમાણેના જાહેરનામા સામે વાંધાઓ રજુ કરી શકશે. જાહેરનામુ કુદરતી ન્યાયના વિરૂદ્ધ છે. આવા વાંધા અંગે

વિચાર કર્યા પછી રાજ્ય સરકારને યોગ્ય લાગે તો આગળ પર જણાવ્યા મુજબનો આદેશ આપી શકશે; પછી ભલે અન્ય કાયદામાં ગમે તે જોગવાઈ હોય, રીતરિવાજ કે રૂઢિ ગમે તે હોય, ટ્રસ્ટના દસ્તાવેજમાં ગમે તે જોગવાઈ હોય અથવા અદાલત, ચેરિટી કમીશનર, ટ્રીબ્યુનલ કે અન્ય સત્તાધિકારી ગમે તે ચુકાદો, ડીક્રી કે અન્ય આદેશ જાહેરનામામાં નિર્દેશ કરવામાં આવે તે તારીખથી ઉપર જણાવેલા તમામ હકક, દાવા તથા વિશેષાધિકાર નાબૂદ થશે અને તે રાજ્ય સરકારને પ્રાપ્ત થયેલા ગણાશે. આવા હકક, દાવા કે વિશેષાધિકાર અને ટ્રસ્ટના ભંડોળ તથા મિલકતની માલિકી રાજ્ય સરકારે નિર્દેશેલ ટ્રસ્ટ કમીટીની બની રહેશે. આ રીતે લેવાયેલા પગલા પબ્લીક પરપઝ માટે લેવાયેલા ગણાશે. રાજ્ય સરકારના હુકમ મુજબ જો ટ્રસ્ટીઓ વર્તે નહિં તો એક વર્ષ સુધીની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અગર બન્ને સજા થઇ શકશે.

૧૪ : ખરડામાં ટ્રસ્ટી કમીટીઓની નિમણુક, તેમની કાર્યવાહી વિગેરે બાબતો અંગે વિસ્તૃત જોગવાઇ સૂચવવામાં આવી છે. ટ્રસ્ટ કમીટીના મંત્રી તરીકે એકઝીકયુટીવ ઓફિસ, એકસ ઓફીશીયોની નિમણુક રાજ્ય સરકાર કરશે ને તે મુખ્ય વહીવટકર્તા ગણાશે ને કમીટીના ઓફિસરો, નોકરો તેના તાબા નીચે રહેશે. આ કાયદાની જોગવાઇ મુજબ ટ્રસ્ટ કમીટીના નિર્ણયોનો અમલ કરવાની તમામ સત્તા એકઝીકયુટીવ ઓફિસરની રહેશે તથા તેના તાબામાં ટ્રસ્ટનો તમામ રેકર્ડ, ફંડો, મિલકતો વિગેરે રહેશે.

૧૫ : દરેક પબ્લીક ટ્રસ્ટનું જુદું ટ્રસ્ટ ફંડ દરેક ટ્રસ્ટ કમીટી જુદું રાખશે ને ટ્રસ્ટના સંચાલન તથા વહીવટ માટે ખર્ચ કરવામાં આવશે. આ ટ્રસ્ટ ફંડમાંથી ટ્રસ્ટ કમીટીના ચેરમેન, ટ્રેઝરર, સભાસદો તથા એકઝીકયુટીવ ઓફિસરનો પગાર, માનનીય વેતન, ભથ્થા ભાડા વિગેરે તમામ ખર્ચ કરવામાં આવશે. આ જોગવાઇથી ટ્રસ્ટો પર વધારાના ખર્ચનો બોજો પડશે. આ ટ્રસ્ટ ફંડનો ઉપયોગ ત્રણ રીતે કરી શકાશે.

૧) ટ્રસ્ટના હેતુઓ માટે, ટ્રસ્ટની સ્થાવર જંગમ મિલકતોના રક્ષણ માટે તથા તેની પ્રગતિ માટે વપરાશે.

૨) ટ્રસ્ટ ફંડનો જે વધારો (સરપ્લસ) રહે તે મહારાષ્ટ્ર પબ્લીક ટ્રસ્ટ કોમન ગુડ ફંડની જે નવીન રચના આ ખરડામાં કરવામાં આવી છે તેમાં ફાળો આપી શકશે.

૩) રાજ્ય સરકારની અગાઉથી મંજૂરી મેળવી, શૈક્ષણિક સંસ્થાઓ, દવાખાનાઓમાં, અનાથાશ્રમોમાં, શારીરિક ખોડ-ખાંપણવાળી વ્યકિતઓને અથવા ધાર્મિક અગર ધર્માદા હેતુઓ માટે અથવા જાહેર જનતાના-લાભાર્થે સંસ્થાઓને અગર બસમોને નાણાકીય મદદ આપી શકશે. ઉપર મુજબના (૨) તથા (૩) ના ઉપયોગ સામે સખત વાંધો છે, કારણકે જે હેતુ માટેનું ફંડ હોય ને જો તેમાં વધારો હોય તો તેવા જ હેતુમાં બીજી સંસ્થાઓને મદદ કરી વાપરી શકાય, પરંતુ હેતુનું બાળખું કે કલેવર બદલી શકાય નહિ. જો તેમ કરવામાં આવે તો ટ્રસ્ટના હેતુનું ખૂન ગણાય ને ટ્રસ્ટનો ભંગ કર્યો કહેવાય. સને ૧૯૬૫માં સુપ્રિમકોર્ટે ઠરાવ્યું છે કે હેતુનું બાળખુ કે કલેવર બદલાય નહિં છતાં તે વિરુદ્ધ જે જોગવાઇઓ ખરડામાં કરવામાં આવી છે તે કરવા રાજ્ય સરકારને કંઇપણ હકક કે અધિકાર નથી. સુપ્રિમ કોર્ટનું જજમેન્ટ પણ સરકાર માનવા તૈયાર નથી તેથી સરકારને આવી જોગવાઇઓ કરવાનો કોઇપણ હકક કે અધિકાર નથી.

૧૬ : ઉપરના પેરા ૧૨ના પેરા (૧) માં જણાવ્યા મુજબની રાજ્ય સરકારે નીમેલા અધિકારી (ઓથોરાઇઝડ ઓફિસર) નકકી કરે તેટલી રકમ બદલા પેટે ચૂકવાશે ને તેથી જે નારાજ થાય અને વાંધા હોય તો તે સામે રાજ્ય સરકારને ૬૦ દિવસમાં અરજી થઈ શકશે, ને રાજ્ય સરકાર લવાદને સોંપશે.

૧૭ : ખરડામાં રાજ્ય સરકાર સાર્વજનિક ક્ષેત્ર ભંડોળ (મહારાષ્ટ્ર પબ્લીક ટ્રસ્ટસ કોમન ગુડ ફંડ)ની નવીન સ્થાપના કરશે. આ ભંડોળમાં તે નીચેની રકમો મરજિયાત ફાળા તરીકે જમા થશે.

(૧) જાહેર ટ્રસ્ટોને પોતાના ફાજલ પડેલા (સરપ્લસ) નાણામાંથી મરજિયાતપણે આપેલો ફાળો.

(૨) અન્ય વ્યકિતઓ તરફથી દાન.

(૩) રાજ્ય સરકાર કે અન્ય સ્થાનિક સરકારો તરફથી દાન અથવા

૪ વ્યકિતઓના અન્ય સમૂહો (ઇનકોરપોરેટેડ હોય કે નહિ તેમણે) આપેલો મરજિયાત ફાળો.

રાજ્ય સરકાર નકકી કરે તે ટ્રસ્ટ કમિટી આ ભંડોળની માલીકી ધરાવશે અને તેનો વહીવટ કરશે. કયા હેતુસર ફાળાની રકમ વાપરવાની રહેશે તે દર્શાવ્યા વિના ફાળો આપી શકાશે. ચોકકસ હેતુ માટે ફાળાની રકમ વાપરવાની શરત રાખવી હોય અને આવો હેતુ જણાવેલ હેતુથી અસંગત ન હોય તો ફાળાની ઓછામાં ઓછી રકમ રૂપિયા પાંચ હજાર હોવી જોઇએ.

(૧૮) આ ભંડોળની રકમ, રાજ્ય સરકારના આદેશને પાત્ર રહીને, ટ્રસ્ટ કમીટી નીચેના કોઇપણ હેતુ માટે વાપરી શકશે :-

(૧) જેમને નાણાકીય સહાયની જરૂર હોય તેવા જાહેર ટ્રસ્ટોને ગ્રાન્ટ કે લોન આપવી અથવા

(૨) કોઇપણ જાહેર ટ્રસ્ટો કે તેમના મકાનની મરામત કરવી કે તેમનો જીર્ણોધ્ધાર કરવા અથવા

(૩) અન્ય ઐતિહાસીક કે પ્રાચીન કામને લગતા સ્મારકોની જાળવણી કે તેમનું રંગરોગાન કરવું અને મુલાકાતીઓ તથા ભકતોને સવલતો તથા સુવિધાઓ પુરી પાડવી અથવા

(૪) બિનસાંપ્રદાયિક શિક્ષણ આપવા માટે શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવી કે ચલાવવી અથવા

(૫) ધર્માદા હોસ્પિતાલો અને દવાખાનાઓ સ્થાપવા અને

(૬) રાજ્ય સરકાર નકકી કરે તેવા અન્ય કોઇપણ સખાવતી હેતુ માટે ઉપરોકત ભંડોળના નાણાં વાપરી શકાશે.

૧૯ : નવીન બીલ રાજ્ય સરકારને પબ્લીક ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પાસેથી વહીવટ લેવાની વિશાળ ને વ્યાપક સત્તાઓ આપે છે. આવી સત્તા વહીવટ લઇ લેવાની એડમીનીસ્ટ્રેટર નીમી અગર ટ્રસ્ટ કમીટી નીમી-સત્તા રાજ્ય સરકારને નથી. ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટની ૪૪ મી કલમ-ચેરીટી કમીશનર પબ્લીક ટ્રસ્ટનો ટ્રસ્ટી થઇ શકે છે-એ કલમ સુપ્રિમકોર્ટે, બંધારણ વિરુદ્ધ હોઇ રદબાતલ ઠરાવી છે, તે કેસ શ્રી રતીલાલ પાનાચંદ ગાંધી વિ. સ્ટેટ ઓફ બોમ્બે પર બોમ્બે લો. રિપોર્ટ ૧૧૮૪-એ. આઇ. આર. ૧૯૫૪ સુપ્રિમ કોર્ટ, ૩૮૮ છે. આ કેસના આધારે તે કલમ રદ કરી છે. આ પ્રમાણે કાયદાનું ઘોરણ હોવા છતાં બંધારણ વિરુદ્ધ જઇ, બંધારણની કલમો અભરાઇએ મૂકી, બંધારણમાં આપેલા મૂળભૂત અધિકારો તથા ધાર્મિક સ્વતંત્રતાની અવગણના કરી જે રીતે બીલ પ્રસિદ્ધ થયું છે તે મુજબનો કાયદો કરવા મહારાષ્ટ્ર સરકારને અધિકાર નથી તેમ છતાં કાયદો કરશે તો તેનો ન્યાયાલયમાં પડકાર કરવામાં આવશે.

૨૦ : રાજ્ય સરકાર, ગમે તેટલા ઠરાવો કે વિરોધ કરશે તો પણ તે ગણવાની નથી ને આવો બેહુદો કાયદો કરવા કૃતનિશ્ચયી છે એવું હું માનું છું. સરકારને જો સદ્‌બુધ્ધિ સૂઝે તો બીલ રદ કરે જો કાયદો જ કરે. તો જાહેરમત કેળવી પબ્લીક ટ્રસ્ટોના ટ્રસ્ટીઓ એકમત થઇ સરકાર સામે પડકાર ફેંકવો જ જોઇએ.

સાર્વજનિક ટ્રસ્ટ અંગેનો સૂચિત ખરડો

પન્નાલાલ આર. શાહ

મહારાષ્ટ્ર સરકારે તા. ૮-૯-૧૯૮૨ના રોજ સાર્વજનિક ટ્રસ્ટના સૂચિત ખરડા અંગે એક જાહેરનામું બહાર પાડ્યું છે. મહારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલશ્રીએ બંધારણની કલમ ૨૦૭(૩) અનુસાર સૂચિત ખરડા અંગે મહારાષ્ટ્ર રાજ્યની ધારાસભાને તા. ૧૩-૯-૧૯૮૨ના રોજ ભલામણ કરી છે. હવે પછી ધારાસભા મળે ત્યારે આ ખરડા અંગે વિચારણા કરવામાં આવશે અને ધારાસભા આ ખરડાને બહાલી આપે તો તે કાયદાના સ્વરૂપે અમલમાં આવશે.

ખરડાના હેતુ અને ન્યાયની ભૂમિકા :

મહારાષ્ટ્ર રાજ્યના કાયદા અને ન્યાય ખાતાને લગતી બાબતોના પ્રધાન શ્રી શીવાજીરાવ પાટીલે આ ખરડાના હેતુ અને ન્યાયની ભૂમિકા સમજાવી છે. તદનુસાર બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ નો હેતુ સાર્વજનિક ધર્માદા અને સખાવતી ટ્રસ્ટોના સારાં વહીવટ અને નિયંત્રણનો (Regulating) છે. આ કાયદા અનુસાર ચેરિટી કમીશ્નરને અપાયેલી સત્તા દેખરેખ પૂરતી (Supervisory Powers) મર્યાદિત છે અને યોગ્ય કિસ્સાઓમાં ટ્રસ્ટીઓની નિમણુક, અને હકાલપટ્ટી અને નવા ટ્રસ્ટીઓના હાથમાં વહીવટ અને મિલકત સોંપવાની સત્તા છે. પરંતુ કાયદાનું માળખું અને સ્વરૂપ નિયંત્રણના રૂપમાં હોવાથી કોઇ વ્યકિતના હકક (rights & Privileges)ની નાબૂદી અને આવા ટ્રસ્ટોનો વહીવટ સંભાળવાની સત્તા એમાં નથી. પંઢરપુરના મંદિર સંબંધમાં એના ગેરવહીવટ અંગે સરકારને ફરિયાદ મળી ત્યારે પૂજારીના વારસાગત અધિકારની નાબૂદી માટે પંઢરપુર ટેમ્પલ્સ એક્ટ, ૧૯૭૩ પસાર કરવામાં આવ્યો. આ જ રીતે શ્રી સિધ્ધિ વિનાયક ગણપતિ મંદિર, પ્રભાદેવી, મુંબઇના સંબંધમાં વિશાળ ફંડ હતું અને સતત Litigation ના કારણે ટ્રસ્ટની વધતી જતી આવકનો સંપૂર્ણ ઉપયોગ થતો ન હતો. એટલે 'શ્રી સિધ્ધિ વિનાયક ગણપતિ ટેમ્પલ (પ્રભાદેવી) એક્ટ, ૧૯૮૦, અમલમાં આવ્યો અને ભકતોને વધુ સગવડતા આપવાની તેમજ વધારાના ફંડ (Surplus Fund) માંથી વિશાળ અર્થમાં જાહેર જનતાના કલ્યાણની પ્રવૃત્તિઓ (Welfare activities) હાથ ધરવા સરકારને સત્તા આપવામાં આવી. ત્યારથી જુદા જુદા સાર્વજનિક ટ્રસ્ટ અંગે ચોકકસ ટ્રસ્ટો સરકાર હસ્તક લઇ લેવા અંગે સરકારને ફરિયાદો મળી છે, અગર સરકાર સમક્ષ રજૂઆત થઈ છે. આવી માગણી અને રજૂઆત ભવિષ્યમાં વધે એટલે એ અંગે, બધા ટ્રસ્ટોને એકસરખીરીતે લાગુ પડે એવો ધારો ઘડવાનું સરકારને આવશ્યક લાગ્યું; જુદા જુદા ટ્રસ્ટો અંગે વખતોવખત જુદો કાયદો ઘડવાની આથી જરૂર ન રહે. આમ છતાં ગૂંચવણભર્યા (Complicated) અને ખાસ સંજોગોમાં (Special cases) જુદો ધારો ઘડવો પડે તે અલગ બાબત છે.

ખરડાના હેતુ અંગે ખરડાના આમુખમાં જણાવ્યું છે કે, વધુ સારાં વહીવટ અને સંચાલન માટે સાર્વજનિક ટ્રસ્ટની વ્યવસ્થા કામચલાઉ ધોરણે હાથ પર લેવા, જાહેર હિતમાં સરકાર દ્વારા રચાયેલી ટ્રસ્ટી સમિતિ ટ્રસ્ટને હસ્તગત (acquire) કરી શકે અને ટ્રસ્ટી સમિતિના હાથમાં એવા ટ્રસ્ટને સોંપવા કે સ્થાપિત કરવા, જરૂરિયાતવાળા અન્ય ટ્રસ્ટને મદદ કરવા, સામાન્ય જનતાના કલ્યાણ અંગેની પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટ ફંડનો ઉપયોગ કરવા અથવા બીજા સાર્વજનિક હેતુઓ અને એ હેતુઓ સાથે સંકળાયેલી આનુષંગિક બાબતો માટે 'મહારાષ્ટ્ર પબ્લીક ટ્રસ્ટસ કોમન ગ્રુપ ફંડ'ની રચના કરવા માટે આ સૂચિત ખરડો રજૂ કરવામાં આવ્યો છે. આ ખરડો અમલમાં આવે ત્યારે 'ધી મહારાષ્ટ્ર પબ્લીક ટ્રસ્ટસ (મેનેજમેન્ટ, એકવીઝીશન અને કોમન ગ્રુપ ફંડ) એકટ, ૧૯૮૨' તરીકે ઓળખાશે.

કામચલાઉ ધોરણે પબ્લીક ટ્રસ્ટનો વહીવટ કયારે સંભાળી શકાય?

સૂચિત ખરડાની કલમ ૩ (૧) અનુસાર સાર્વજનિક ટ્રસ્ટમાં હિત ધરાવતી વ્યકિત તરફથી લેખિત ફરિયાદ મળે અગર સરકારને એમ લાગે કે ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ એમની ફરજ અદા કરવાની બાબત ધ્યાન આપ્યું નથી (have neglected to perform their duties) અથવા ટ્રસ્ટની બાબતમાં ટ્રસ્ટની જોગવાઇઓનો ભંગ કર્યો હોય (breach of Trust in respect of Trusts) અથવા ટ્રસ્ટના ફંડ અગર મિલકતનો ગેરવહીવટ થયો હોય (Misappropriated the Funds or Property) અથવા ટ્રસ્ટની મિલકતનો ઉપયોગ કરવાનો અધિકાર ધરાવતી વ્યકિતઓને પૂરતી સગવડતા કે સુવિધા પૂરી પાડવામાં ટ્રસ્ટીઓ નિષ્ફળ નીવડે (Failed to provide adequate Facilities or amenities to the persons entitled to visit and use the Trust Property), અથવા ટ્રસ્ટના હેતુઓને હાનિ કરે એ રીતે ટ્રસ્ટીઓ ટ્રસ્ટનો વહીવટ કરે (Managing the Trust in any manner detrimental to the interest of the Trust) અથવા ટ્રસ્ટના હેતુઓની વિરુદ્ધ કોઇ પણ પગલાં ભર્યાં હોય ((have committed any acts, which are prejudicial to the interest of the Trust) તો ટ્રસ્ટીઓની હકાલપટ્ટી (removal) કરી શકશે અને ગેઝેટેડ ઓફિસરની ટ્રસ્ટના વહીવટકર્તા તરીકે નિમણુક કરી શકશે. રાજ્ય સરકારના દિશાસૂચન અને એની સત્તાને આધીન (direction and Control of state government) ટ્રસ્ટ, તેનું ફંડ, મિલકત અને વહીવટ તેની હકૂમત હેઠળ આવશે. અલબત્ત, આવા પગલાં સામે કારણોની રજૂઆત માટે ટ્રસ્ટીઓને વ્યાજબી તક આપવામાં આવશે. આ હુકમ હેઠળ વધુમાં વધુ બે વર્ષ સુધી વહીવટ હસ્તગત કરવામાં આવશે, અને એવા બીજા હુકમ હેઠળ એ સમયમર્યાદામાં કાપ મૂકાય અગર એવી સમયમર્યાદા વધારી પણ શકાય. પરંતુ મૂળ હુકમ અને સમયમર્યાદા વધારવાના હુકમ સહિત આવી સમયમર્યાદા ત્રણ વર્ષથી વધુ નહિ હોય.

કલમ-૪ (૨) અનુસાર બધા ટ્રસ્ટીઓ કે કોઇપણ ટ્રસ્ટી અગર ટ્રસ્ટ સાથે સંકળાયેલ વ્યકિત વહીવટ, રેકોર્ડઝ, ટ્રસ્ટનું ભંડોળ અને મિલકત, આવા હુકમ અનુસાર, સોંપવાની ના પાડે

અગર સોંપવામાં નિષ્ફળ નીવડે તો એક વર્ષ સુધી જેલની સજા અથવા રૂ. ૧,૦૦૦ સુધીનો દંડ અથવા બન્ને લાગુ પડશે.

કલમ-૨ (૬) અનુસાર રાજ્ય સરકારના આવા હુકમ સામે, હુકમની તારીખથી ૬૦ દિવસમાં બૃહદ મુંબઇમાં દિવાની અદાલતમાં અને રાજ્યના બીજા વિસ્તારમાં જિલ્લા કક્ષાની અદાલતમાં ટ્રસ્ટના ટ્રસ્ટીઓ કે ટ્રસ્ટમાં હિત ધરાવતી અન્ય વ્યક્તિ અપીલ કરી શકશે અને આ બાબતમાં અદાલતનો ચૂકાદો આખરી ગણાશે.

હુકક-દાવા અને પ્રીવીલેજ કયારે નાબૂદ કરાય અને ટ્રસ્ટ ક્યારે હસ્તગત કરાય ?

કલમ-૫ (૧) અનુસાર ટ્રસ્ટની બાબતમાં હિત ધરાવતી વ્યક્તિ તરફથી લેખિત ફરિયાદ આવે અથવા સરકારને એમ લાગે કે–

(અ) સાર્વજનિક ટ્રસ્ટની કાર્યવાહી અને વહીવટમાં કોઇ વ્યક્તિએ વારસાગત અગર બીજા હકક અને પ્રીવીલેજ હોવાનો દાવો કર્યો હોય, અથવા દેવસ્થાનોમાં ધરાતી ભેટની આવકમાં એનો હિસ્સો હોવાનો દાવો હોય (બ) ભકતો અથવા બીજી વ્યક્તિઓનું શોષણ થતું હોય, એમની હેરાનગતિ કરવામાં આવતી હોય અથવા આવશ્યક સગવડ કે સુવિધા પૂરી પાડવામાં આવતી ન હોય (ક) ટ્રસ્ટમાં ગેરવહીવટ હોય (ડ) ટ્રસ્ટની આવક, ફંડ અને મિલકત વિશાળ હોય અને વધારાના ફંડનો, (Surplus Fund) એક યા બીજા કારણસર, સામાન્ય જનતાના કલ્યાણની પ્રવૃત્તિઓ માટે પૂરતો ઉપયોગ ન થઇ શકતો હોય, એવી પરિસ્થિતિ ઊભી થઈ હોય કે ટ્રસ્ટીઓ એમની ફરજ અદા કરવાનો ઇન્કાર કરે અથવા ફરજ અદા કરવાનું બંધ કરે અથવા કોઇપણ કારણસર એમની ફરજ અદા ન કરી શકે અથવા ટ્રસ્ટ સ્થગિત થવાની સંભાવના હોય તો સરકાર જાહેરનામું બહાર પાડી અથવા બીજી રીતે આવા હકક, દાવા અને પ્રીવીલેજ નાબૂદ કરવાનો એનો ઇરાદો જાહેર કરશે અને ટ્રસ્ટનું ભંડોળ અને મિલકત ટ્રસ્ટી કમીટીના નામે ફેરબદલી અને સ્થાપિત કરી શકશે.

કલમ ૫ (૩) અનુસાર આવા હકક દાવાની નાબૂદી જાહેર હેતુ (Public purpose) માટે કરેલી ગણાશે.

'મહારાષ્ટ્ર પબ્લીક ટ્રસ્ટસ કોમન ગુડ ફંડ' અને તેનો ઉપયોગ

કલમ ૨૩ (૧) અનુસાર રાજ્ય સરકાર 'મહારાષ્ટ્ર પબ્લીક ટ્રસ્ટસ કોમન ગુડ ફંડ' ઊભું કરશે અને એની જાળવણી કરશે. આવું ફંડ (અ) સાર્વજનિક ટ્રસ્ટસના વધારાના ફંડ (Surplus Fund) (બ) વ્યક્તિઓ (ક) રાજ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને (ડ) કાયદા હેઠળ રચાયેલાં કે ન રચાયેલાં મંડળો કે વ્યક્તિઓના સમૂહ તરફથી મળતાં સ્વૈચ્છિક ફાળા (Voluntary Contribution)થી ભેગું થશે.

કલમ ૨૩ (૪) અનુસાર વખતોવખત સરકાર દ્વારા સૂચવવામાં આવે તેને આધીન ટ્રસ્ટી કમીટી આ ફંડનો ઉપયોગ નીચે પ્રમાણે કરશે.

(અ) આર્થિક મદદની જરૂર હોય એવા સાર્વજનિક ટ્રસ્ટોને ગ્રાન્ટ કે લોન આપવામાં;

(બ) સાર્વજનિક ટ્રસ્ટના મકાનોની મરામત અને નિભાવ માટે તેમજ પેઇન્ટીંગ્સ અને બીજા ઐતિહાસિક અને પુરાતત્ત્વને લગતાં Monumentsની જાળવણી અને તે અંગેના મુલાકાતીઓ અને ભકતોને સગવડતા અને સુવિધા પૂરી પાડવા;

(ક) શૈક્ષણિક સંસ્થાઓ.ની સ્થાપના અને નિભાવ;

(ડ) ધર્માદા હોસ્પિટલ્સ અને દવાખાનાની સ્થાપના અને

(ઇ) સરકાર દ્વારા માન્ય બીજા સખાવતી હેતુ માટે;
આ ફંડનો ઉપયોગ ટ્રસ્ટી કમીટી કરશે.

પબ્લીક ટ્રસ્ટ એકટ અને સૂચિત ખરડો

બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ, ૧૯૫૦ની કાયદેસરતાને પડકાર

બી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ, ૧૯૫૦ ખરડારૂપે રજુ થયો ત્યારે જૈન સમાજમાંથી એનો તીવ્ર વિરોધ થયો. એનું કારણ, ટ્રસ્ટ એકટની કલમ ૫૫ માં સાધપ્રસ (Cypres) નો સિદ્ધાંત લાગુ પાડવાની જોગવાઇ હતી. આ કલમ અનુસાર ચેરિટી કમીશ્નરનો એવો અભિપ્રાય થાય કે (૧) ટ્રસ્ટ જે ઉદ્દેશથી અસ્તિત્વમાં આવ્યું તે મૂળ ઉદ્દેશ માર્યો જાય છે; (૨) સાર્વજનિક ટ્રસ્ટની આવક કે વધારાની પુરાંત (Surplus Balance) ઉપયોગમાં લેવાતી નથી કે ઉપયોગમાં લેવાની સંભાવના નથી; (૩) સાર્વજનિક ટ્રસ્ટના મૂળભૂત હેતુનો અમલ, અલ્પાંશે કે સર્વાંશે, જાહેર હિતમાં (Public Interest) નથી, સલાહભર્યો નથી, શકય નથી, વ્યવહારુ નથી, ઇચ્છનીય નથી, જરૂરી નથી અથવા ઉચિત નથી [It is not expedient, practicable, desirable, necessary or proper to carry out wholly or partially] અને (૪) કલમ ૧૦ થી ૧૩ માં જણાવેલ કોઇપણ સંજોગોમાં અથવા કલમ-૫૪ મુજબ 'ધર્માદા' રકમોના ઉપયોગ અંગે અદાલતનું માર્ગદર્શન મેળવવું જરૂરી છે. આ ચાર સંજોગોમાં ચેરિટી કમીશ્નર નિયત સમય સુધીમાં ન્યાયાલયનું માર્ગદર્શન મેળવવા લેખિત નોટીસ આપી શકે. કલમ-૫૬ અનુસાર જુદા જુદા પક્ષકારોને સાંભળીને સાર્વજનિક ટ્રસ્ટના મૂળભૂત હેતુને અમલમાં મૂકવાનું જેટલાં અંશે શકય, વ્યવહારુ અથવા જાહેર હિતમાં ઇચ્છનીય અને જરૂરી હશે તેટલા પ્રમાણમાં તે હેતુઓ અમલમાં મૂકવા ભલામણ કરશે. પરંતુ અદાલતને એમ લાગે કે આવા હેતુઓનો અમલ અલ્પાંશે કે સર્વાંશે શકય નથી. વ્યવહારુ નથી અથવા તો જાહેર હિતમાં એનો અમલ ઇચ્છનીય કે જરૂરી નથી તો સાધપ્રસ (Cypres)ના સિધ્ધાંત અનુસાર, સાર્વજનિક ટ્રસ્ટની આવક, મિલકત કે તે બન્નેનો ચોકકસ કે પૂરો ભાગ બીજા સખાવતી કે ધાર્મિક હેતુ માટે વાપરવાનો હુકમ કરશે આ જોગવાઇ આજે ય કાયદામાં છે. પરંતુ મૂળ ખરડામાં એવી જોગવાઇ હતી કે 'જે હેતુઓ માટે સાર્વજનિક ટ્રસ્ટ અસ્તિત્વમાં આવ્યું હોય તે હેતુઓ ઉપરાંત અથવા તો, તે હેતુઓના બદલે જાહેર હિતમાં બીજા હેતુઓ માટે ટ્રસ્ટની મિલકત કે આવક વાપરવાની જરૂરિયાત ઊભી થઇ છે એવો ચેરિટી કમીશ્નરનો અભિપ્રાય થાય તો ઉપર મુજબ નોટીસ આપી શકે. આ અંગે વિરોધ થતાં ખરડાની મૂળ જોગવાઇ પડતી મૂકવામાં

આવી અને ઉપરોક્ત ચાર સંજોગોમાં ચેરિટી કમીશ્નર નોટીસ આપી શકે એવી જોગવાઇ સાથે ખરડો પસાર થયો.

જૈન સમાજના વિરોધની ભૂમિકા

જૈન ધર્મમાં દેવદ્રવ્યનો ઉપયોગ જિન મંદિરોના નિર્માણ, નિભાવ અને જીર્ણોદ્ધાર સિવાય બીજી કોઇ ધાર્મિક પ્રવૃત્તિઓમાં વાપરી ન જ શકાય. બીજા ધાર્મિક હેતુ માટે પણ વાપરી ન શકાય એટલે અન્ય સામાજિક હેતુ કે જાહેર હિત માટે તો કયાંથી વાપરી શકાય? ઉપરોક્ત જોગવાઇથી શાસ્ત્રોક્તિત સિદ્ધાંતનો લોપ થાય એટલે એનો વ્યાપક વિરોધ થયો, તો સ્વ. પરમાનંદભાઇ કાપડિયા જેવાને આ જોગવાઇથી દેવદ્રવ્યના સામાજિક ઉપયોગની નાનકડી બારી ખૂલતી દેખાઇ. અલબત્ત, એમની સ્પષ્ટ માન્યતા હતી કે કાયદાથી આવું પરિવર્તન સહેલું અને શકય નથી. એ માટે તો સમાજમાં વૈચારિક પરિવર્તન લાવવું જોઇએ એવી નોંધ એમણે એ વખતના 'પ્રબુદ્ધ જૈન' ના અંકોમાં કરી છે.

સર્વોચ્ચ અદાલતનો ચુકાદો

આ ધારાની કાયદેસરતાને પ્રથમ મુંબઇની વડી અદાલતમાં અને તેના ચુકાદા પર સર્વોચ્ચ અદાલતમાં પડકારવામાં આવી. સર્વોચ્ચ અદાલતે આ ધારાની કાયદેસરતાને યોગ્ય ઠરાવી, પરંતુ (૧) ટ્રસ્ટના હેતુ અમલી બની શકે તેમ ન હોય અને (૨) હેતુનો અમલ કરવા છતાંય નાણાનો વધારો રહેતો હોય તો તે નાણા એના જ સખાવતી હેતુ માટે અન્યત્ર વાપરી શકાય, પરંતુ બીજા હેતુઓ માટે વાપરી શકાય નહિ એવો ચૂકાદો શ્રી રતિલાલ પાનાચંદ ગાંધી વિરુધ્ધ મુંબઇ રાજ્ય (એ. આઇ. આર. ૧૯૫૪. એસ. સી. ૩૮૮) અંગેના મુકદ્દમામાં તા. ૧૮-૩-૧૯૫૪ના રોજ આપ્યો. આ ચૂકાદો ધર્માદા ટ્રસ્ટો પૂરતો મર્યાદિત હતો. પરિણામે દેવદ્રવ્યનો અન્ય હેતુ માટે ઉપયોગ કરવાની ફરજ પડે એવી સ્થિતિ રહી નહિ. ભારતના બંધારણની કલમ ૨૫, ૨૬ અને ૨૯માં મૂળભૂત હકકો આપવામાં આવ્યા છે, તેમાં ધાર્મિક સ્વાતંત્ર્યનો સમાવેશ થાય છે તેને અનુલક્ષીને સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપ્યો.

આ બધી વિગતો આજે યાદ કરવાનું કારણ છે. હાલના સૂચિત ખરડા હેઠળ 'મહારાષ્ટ્ર પબ્લીક ટ્રસ્ટસ કોમન ગુડ ફંડ'ની રચના, તેના હેતુઓ અને તેમાં 'સ્વૈચ્છિક ફાળા'ની જોગવાઇ છે. ધર્માદા ટ્રસ્ટની મિલકત, આવક, વધારાની પુરાંત કે ભંડોળ (Surplus Balance or Fund)નો આ રીતનો ઉપયોગ દેવદ્રવ્યના ઉપયોગની મૂળભૂત ભાવનાનો લોપ કરનારી છે. કામચલાઉ ધોરણે કે વારસાગત અધિકારની નાબૂદી સહિત અન્ય કારણોસર કાયમી ધોરણે ટ્રસ્ટનો વહીવટ સંભાળી લેવાય કે ટ્રસ્ટનો કબજો લેવાય ત્યારે નીમાયેલ એડમીનીસ્ટ્રેટર કે ટ્રસ્ટી કમીટી 'મહારાષ્ટ્ર પબ્લીક ટ્રસ્ટસ ગુડ ફંડ'માં સદરહુ ટ્રસ્ટમાંથી સ્વૈચ્છિક ફાળો આપે ત્યારે આ સિદ્ધાંત કયાંથી જળવાય? સર્વોચ્ચ અદાલતના ચુકાદાને લક્ષમાં રાખી સૂચિત ખરડામાં 'સ્વૈચ્છિક ફાળા'ની જોગવાઇ કરવામાં આવી છે, જેથી અદાલતમાં પડકારવાની શકયતા ન રહે અને પડકાર થાય તો જોગવાઇઓ વિરુદ્ધ કાયદાની સ્થિતિનો લાભ અરજદારને ન મળે.

સૂચિત ખરડો અને બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ

કામચલાઉ ધોરણે ટ્રસ્ટનો વહીવટ હસ્તગત કરવાના કારણોમાં ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તેમની ફરજ અદા કરવામાં કાળજી ન રાખે, ટ્રસ્ટના હેતુ વિરુદ્ધ વહીવટ કરે, ટ્રસ્ટના હિતને નુકસાન થાય એવું કામ કરે, ટ્રસ્ટના નાણા અગર મિલકતની ઉચાપત કરે, ટ્રસ્ટની બાબતમાં ટ્રસ્ટનો, ભંગ કરે (Breach of Trust) વગેરે મુખ્ય છે. આ બાબતમાં ટ્રસ્ટમાં હિત ધરાવતી વ્યકિત તરફથી લેખિત ફરિયાદ મળે તો અગર રાજ્ય સરકાર પોતાની મેળે વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી ટ્રસ્ટનો વહીવટ હસ્તગત કરે,

બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ, ૧૯૫૦ની કલમ ૪૧ (એ) મુજબ ટ્રસ્ટનો યોગ્ય વહીવટ થાય (properly administered) ટ્રસ્ટની આવક યોગ્ય રીતે પૂરેપૂરી હિસાબમાં લેવાય અને ટ્રસ્ટના હેતુ અંગે અને હેતુ માટે ફાળવાય અને ઉપયોગમાં લેવાય એની પ્રતીતિ માટે ચેરિટી કમીશ્નર ટ્રસ્ટને દિશાસૂચન (direction) કરી શકે છે. કલમ ૪૧ (બી) હેઠળ તપાસ (Inquiry) કરી શકે છે અને સૂચિત ખરડામાં જણાવેલાં કારણોસર કલમ ૪૧ (ડી) હેઠળ જવાબદાર ટ્રસ્ટીઓની હકાલપટ્ટી (removal) અને તેમને પદભ્રષ્ટ (dismissal) કરી શકે છે. કલમ-૫૦ હેઠળ અદાલતમાં દાવો કરી ટ્રસ્ટીને હઠાવી શકાય છે.

વધુમાં ટ્રસ્ટીઓ ચૈકી એક ટ્રસ્ટી ઉપર જણાવ્યા પ્રમાણે વર્તન કરે તો પણ ઉપરોક્ત કલમો અનુસાર ચેરિટી કમીશ્નર, લેખિત ફરિયાદ પરથી કે પોતે આપમેળે પગલાં લઇ શકે છે અને ટ્રસ્ટીઓ સંયુકત અને અંગત રીતે (Jointly and severally) જવાબદાર હોવાથી, આવા કારણોની ફરિયાદ ન કરનાર ટ્રસ્ટીઓ પણ જવાબદાર છે એમ ગણી પગલાં લઇ શકે છે. આમ એક ટ્રસ્ટીના કૃત્ય ખાતર સમગ્ર ટ્રસ્ટી મંડળને બરખાસ્ત કરવાની અને ટ્રસ્ટનો વહીવટ કામચલાઉ ધોરણે હસ્તગત કરવાની જોગવાઇ કરતી સૂચિત ખરડાની કલમથી વિશેષ શો હેતુ પાર પડશે તે સમજી શકાય એવું નથી. વળી આવી જોગવાઇ કુદરતી ન્યાય (Law of Natural Justice)ની વિરુધ્ધ છે. મહારાષ્ટ્ર સરકારના કાયદા અને ન્યાયખાતાને લગતી બાબતોના મંત્રીશ્રી શીવાજીરાવ પાટીલે કહ્યું છે તેમ બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ, ૧૯૫૦ 'નિયંત્રણના સ્વરૂપનો' છે, તો પણ સૂચિત ખરડામાં દર્શાવેલાં સંજોગોમાં વર્તમાન કાયદાની જોગવાઇઓ કેમ પૂરતી નથી કે કાયદો કયા સંજોગોમાં અને કેટલે અંશે નિષ્ફળ નીવડયો છે તે તેઓશ્રી દર્શાવી શકયા નથી.

કાયમી ધોરણે ટ્રસ્ટનો કબજો લેવાનું 'પગલું' બિનજરૂરી

સૂચિત ખરડામાં ટ્રસ્ટના વહીવટ બાબતમાં ચોકકસ સેવાઓ અંગે, અપંણ થતી રકમમાંથી થતી આવક કે તેમાં હિસ્સો મેળવવા બાબત કોઇ વ્યકિત વંશપરંપરાગત કે અન્ય હકક યા વિશેષાધિકારો અંગે દાવો કરે કે ભોગવતી હોય-સરકારનો આવા સ્થાપિત હકકો નાબૂદ કરવાનો કે છીનવી લેવાનો ઇરાદો છે.

ટ્રસ્ટની મુલાકાત લેતાં ભકતો કે વ્યકિતઓનું શોષણ થાય, તેમની હેરાનગતિ કે સતામણી થાય, તેમને જરૂરી સગવડ કે સુવિધા ન અપાય, ટ્રસ્ટમાં ગેરવહીવટ થાય, ટ્રસ્ટની મોટી આવક, ભંડોળ કે મિલકતો હોય અને વધારાના ભંડોળ (Surplus Fund) નો ઉપયોગ, ગમે તે કારણસર, જાહેર હિતમાં પૂરતા પ્રમાણમાં ન થતો હોય કે ન થઇ શકે તેમ હોય અથવા એવી પરિસ્થિતિ ઊભી થાય કે જેથી ટ્રસ્ટીઓએ તેમની ફરજો અદા કરવાનું બંધ કર્યું હોય કે બંધ કરે, અથવા તેમ

કરવાનો ઇન્કાર કરે અથવા ગમે તે કારણસર ટ્રસ્ટીઓ પોતાની ફરજ બજાવવા અસમર્થ હોય અથવા તેમ કરતાં તેમને અટકાવવામાં આવે, જેથી ટ્રસ્ટનું કાર્ય સ્થગિત થાય તો સરકાર જાહેરનામું બહાર પાડી આવા ટ્રસ્ટનો કબ્જો ટ્રસ્ટી કમીટીને કાયમી ધોરણે સોંપી શકે છે. ઉપર જણાવેલાં બધા સંજોગોમાં બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ કલમ ૪૧ (એ), (બી) અને (ડી) કે કલમ-૫૦ હેઠળ પગલાં લઇ શકે છે. કલમ-૪૭ હેઠળ ચેરિટી કમીશ્નર ટ્રસ્ટના ટ્રસ્ટીઓને હઠાવી શકે છે અને તેની જગ્યાએ નવા ટ્રસ્ટીની નિમણુંક કરી શકે છે. આમ છતાં ટ્રસ્ટનું સ્વતંત્ર અસ્તિત્વ ટકી રહે છે, જ્યારે સૂચિત ખરડા હેઠળ ટ્રસ્ટનો કબ્જો લેવાના પગલાંને 'જાહેર હિત'માં આવશ્યક ગણી, ટ્રસ્ટના સ્વતંત્ર અસ્તિત્વ પર તરાપ મારવામાં આવી છે. આપણે ત્યાં ઉદાર ભાવનાની, દાનના ચોકકસ ઉપયોગ અને વ્યવસ્થા કે વહીવટની ઉજ્જવળ પરંપરા છે. આવી જોગવાઇઓથી સૂચિત ખરડો કાયદો બનશે ત્યારે ચોકકસ હેતુથી અસ્તિત્વમાં આવતાં નવા ટ્રસ્ટોની રચના કોણ કરશે અને અસ્તિત્વમાં હોય તેવા ટ્રસ્ટોને દાન કોણ આપશે? સ્થાપિત હકકો નાબૂદ જરૂર કરી શકાય, યોગ્ય વહીવટની ખાત્રી અને તેની વખતોવખત તપાસ કરવાની અને છતાં ગેરવહીવટ થાય તો, તત્કાલ કાયદામાં પગલાં લેવાની પૂરી જોગવાઇ છે. આમ છતાં ટ્રસ્ટનો સીધો કબ્જો લેવાની જોગવાઈ રોગ માટેના ઉપાય-ગૂમડાં માટે સીધી વાઢકાપ કરવા જેવો જલદ ઉપાય છે.

અત્યાર સુધી વધારાની પુરાંત કે આવક (Surplus Balance or Income) અંગે ટ્રસ્ટ એક્ટ અને આવક વેરા ધારા હેઠળ જોગવાઇઓ છે. પરંતુ સૂચિત ખરડામાં ટ્રસ્ટના વધારાના ભંડોળ (Surplus Fund) ને અનુલક્ષીને તેનો પૂરતો ઉપયોગ ન થાય કે થઇ શકે તેમ ન હોય તો ટ્રસ્ટી કમીટી નીમવાની અને ટ્રસ્ટનો કબ્જો લેવાની જોગવાઇ છે. આજનું વધારાનું ભંડોળ દિન-પ્રતિદિન વધતાં જતાં ખર્ચ સામે આવતી કાલે એ ભંડોળ પૂરતું ન પણ હોય.

આપણે ત્યાં ધાર્મિક અને સખાવતી હેતુના નાણાની, વ્યવસ્થાની અને પ્રામાણિક વહીવટની ઉજ્જવળ પરંપરા અને પ્રણાલિકા છે. પલટાયેલાં સંજોગોમાં પણ એ ભાંગી પડી નથી, એટલું જ નહિ પરંતુ લોકશાહી અને લોકજાગૃતિને કારણે ઊલટું એવી પરંપરા મજબૂત બની છે. કલ્યાણકારી રાજ્યે (welfare state) હાથ ધરવાયોગ્ય પણ સાધનોના અભાવે સરકાર હાથ ન ધરી શકી હોય તેવી કેટલીય લોકહિતની પ્રવૃત્તિઓ આવી ઉજ્જવળ પરંપરા અને લોકોની ઉદાર ભાવનાને કારણે સામાજિક કક્ષાએ હાથ ધરવાનું શકય બન્યું છે. જ્યારે કેન્દ્ર કે રાજ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં વહીવટી તંત્રના ભ્રષ્ટાચાર અને Red Tapism ના કારણે વહીવટી માળખા પરથી લોકોનો વિશ્વાસ ઝડપથી ઘટી રહ્યો છે ત્યારે વહીવટી તંત્રના હાથમાં ટ્રસ્ટોનું સુકાન સોંપવાનું સૂચિત ખરડાનું 'જાહેર હિત'ના નામે જલદ પગલું કોઈ પણ સંજોગોમાં આવશ્યક અને આવકાર્ય નથી. ટ્રસ્ટના ટ્રસ્ટીઓ કે અન્ય રીતે સંકળાએલ વ્યકિતઓ ટ્રસ્ટ અંગેના કાર્યને શુભ કે પુણ્યકાર્ય સમજી સમય અને શકિતનો તન, મન અને ધનથી ભોગ, નિઃસ્વાર્થ-ભાવે આપે છે. આવી અતિ ઉપયોગી કડીનો લોપ કરીને રાજ્ય સરકાર શું સિદ્ધ કરવા માંગે છે તે સમજવું મુશ્કેલ છે.

શ્રી અરવિંદના જીવનદર્શનની કેસેટો

★

પ્રા. અશ્વિનભાઇ કાપડિયાએ તા. ૭/૮/૯ ઓકટોબરના રોજ શ્રી અરવિંદના જીવનદર્શન વિષે, ત્રણ વ્યાખ્યાનો આપ્યા, તેની ત્રણ કેસેટો બની છે તે રૂા.૬૦માં આપવામાં આવશે. સંઘના કાર્યાલયનો સંપર્ક સાધો.

ફોન : ૩૫૦૨૬૬ મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

ટ્રસ્ટ એકટ અંગેનો સૂચિત ખરડો : ભ્રષ્ટાચારનો પોષક

અનુપચંદ શાહ, વિધાનસભ્ય, મહારાષ્ટ્ર રાજ્ય

બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ, ૧૯૫૦ અનુસાર ટ્રસ્ટોના નિયમન અને વહીવટ અંગેની જોગવાઇઓ પૂરતી છે. રાજ્ય વિધાનસભાના ગત સત્રમાં રજૂ થયેલાં ખરડા અનુસાર ટ્રસ્ટને હસ્તગત કરવાની વ્યાપક સત્તા સરકારને આપે છે. આ અંગે રાજ્યભરમાં વિરોધનો વંટોળ જાગ્યો છે. સર્વત્ર એ અંગે ચર્ચાવિચારણા થાય છે. નિષ્ણાતો એ અંગેના મંતવ્યો રજુ કરે છે. એવી વિચારણા અલબત્ત ઉપયોગી છે, પરંતુ એથી ધાર્યો હેતુ સરશે નહિ. આ માટે રાજ્યના વિધાનસભ્યોને આ સૂચિત ખરડાના ઉધાર પાસાંઓનો ખ્યાલ આપવો જોઇએ. તેઓને સૂચિત ખરડાની બિનઉપયોગિતાની ખાત્રી કરાવી, ખરડો કેવી રીતે અટકાવી શકાય તેની ચર્ચા કરી, એ ખરડાના વિરોધનું નેતૃત્વ એમને સોંપવું જોઇએ.

હાલના કાયદા અનુસાર ચેરિટી કમીશ્નરને વ્યાપક સત્તા છે અને કોઇપણ ટ્રસ્ટ સામેની ફરિયાદ ન્યાયી લાગે તો તે અંગે પૂરતા પગલાં, હાલના કાયદાની જોગવાઇઓ મુજબ, લઇ શકે છે. આમ છતાં કાયદામાં કયાંય ત્રુટિ હોય કે છટકબારી દેખાતી હોય તો કાયદામાં ફેરફાર કરી, તેવી ત્રુટિ સરકારે દૂર કરવી જોઇએ. આ સંદર્ભમાં અગ્રણી ટ્રસ્ટોના ટ્રસ્ટીઓએ રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવી જોઇએ.

ટ્રસ્ટો બાબતમાં વારંવાર ખરડો ન લાવવો પડે એ માટે આ સૂચિત ખરડો લાવવાની સરકારશ્રીની દલીલ અનુચિત છે. હકીકતમાં સિદ્ધિ વિનાયક મંદિર અને પંઢરપુર ટ્રસ્ટની બાબતમાં સરકારે કર્યું તેમ વારંવાર ખરડો લાવવો પડે તો તેમ કરતાં સરકારે અચકાવું જોઇએ નહિ. એટલા માટે કે તમામ ટ્રસ્ટોને તેની યોગ્યતા અને સ્થિતિ પ્રમાણે ન્યાય મળે. આમ ન થાય તો નવા ખરડા પ્રમાણે ટ્રસ્ટમાં હિત ધરાવતી વ્યકિતના નામે તોફાની તત્ત્વો દ્વારા ફરિયાદ થાય તો ટ્રસ્ટના વહીવટમાં ચંચુપાત કરી, વહીવટી તંત્ર માટે નાણાં કઢાવવાનો માર્ગ મોકળો થશે. ભ્રષ્ટાચાર માટે આ રીતે એક નવી કેડી ખુલશે અને ખરડાનો હેતુ બર નહિ આવે. એટલે ધર્માદા ટ્રસ્ટોના ટ્રસ્ટીઓએ નવા ખરડાના ગેરલાભો અને ટ્રસ્ટોના હિતોને એથી કયાં આંચ આવશે તેની રજૂઆત સરકારશ્રી સમક્ષ કરવી અત્યંત જરૂરી છે.

(90)

10

卐 પંથ નહિ, દેશ ખતરામાં છે 卐

અકાલીઓ, પંજાબમાં ૧૯૭૭ થી ૧૯૭૯ દરમિયાન સત્તા ઉપર હતા ત્યારે તેમણે આનંદપુર સાહિબના ઠરાવના અમલની માગણી કરી ન હતી. કેન્દ્રમાં જનતા પક્ષ સાથે તેઓ સત્તામાં હિસ્સેદાર હતા. શિરોમણી અકાલી દળની કારોબારી સમિતિએ ૧૯૭૨માં કાર્યક્રમ ઘડવા એક પેટાસમિતિ નીમી હતી. તેના અહેવાલને ૧૯૭૩ની ૧૭મી ઓક્ટોબરે કારોબારી સમિતિએ શ્રી આનંદપુરા સાહિબ ખાતે એક સર્વાનુમત ઠરાવ દ્વારા મંજૂરી આપી અને અકાલી દળની સામેની સભાએ અમૃતસરમાં ૧૯૭૭ ની ૨૮મી ઓગસ્ટે અને–અખિલ ભારત અકાલી પરિષદે ૧૯૭૮ ની ૨૮મી ઓક્ટોબરે બહાલી આપી હતી. અકાલી દળ ૧૯૭૭માં સંસદની અને વિધાનસભાની ચૂંટણીઓ આનંદપુર ઠરાવને આધારે લડયું હતું, પરંતુ સત્તા ઉપર હોવાથી તેઓ ખુશ હતા. ૧૯૮૦માં કેન્દ્રમાં શ્રીમતી ગાંધી સત્તા ઉપર આવ્યા અને પંજાબમાં અકાલીઓએ સત્તા ગુમાવી તે પછી અકાલીઓએ તોફાનો શરૂ કર્યા.

રાજ્યસભામાં શુક્રવારે ગૃહપ્રધાન પ્રકાશચન્દ્ર સેઠીએ કહ્યું છે કે કેન્દ્રે અકાલીઓની ધાર્મિક માગણીઓ સ્વીકારી છે, પરંતુ (આનંદપુર ઠરાવનું ફોડ પાડીને નામ લીધા વિના) દેશની એકતાને પડકારે એવી કોઇ માગણી સ્વીકારશે નહિ. ખુશવંતસિંહે પણ સ્વીકાર્યું છે કે આનંદપુર ઠરાવનો મુસદ્દો અકાલીઓએ બદલવો પડશે. આનંદપુર ઠરાવ માન્ય રાખવામાં આવે તો પંજાબને કાશ્મીર કરતાં પણ વધારે ખાસ દરજ્જો મળે (કાશ્મીરને બંધારણની ૩૭૦ મી કલમે વિશિષ્ટ દરજ્જો બક્ષેલો છે.) એક તબક્કે શ્રીમતી ગાંધી, અકાલીઓને (મીર કાસીમે કાશ્મીરમાં કર્યું હતું તેમ) પંજાબ સરકારમાં સહભાગી બનાવવા તૈયાર હતાં, પણ અકાલીઓએ અક્કડ વલણ દાખવી તેથી આસામની જેમ આંદોલનને સમયની કરવત વડે વહેરી નાખવાનું તેમણે નક્કી કર્યું છે.

અકાલીઓ, ભાકરા–નંગલ મેનેજમેન્ટ બોર્ડ, કેન્દ્ર પાસેથી આંચકી લઇ પંજાબ સરકારને સોંપવા માગે છે. આ બંધનું પાણી અન્ય રાજ્યોને મળે તે અકાલીઓને રુચતું નથી. અમૃતસરના સુવર્ણમંદિરની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં સીગારેટ, દારૂ તથા માંસમચ્છી વેચવાની મનાઇ છે, પણ અકાલીઓ આખા શહેર માટે આવી માગણી કરે છે. પવિત્ર ગ્રંથમાંથી ગુરુબાની પ્રસારિત કરવા તેઓ સુવર્ણમંદિરમાં ટ્રાન્સમીટર ગોઠવવા માગે છે (નવી દિલ્હીને આ હરગિજ સ્વીકાર્ય નથી.) અકાલીઓ જે અખિલ ભારતીય ગુરુદ્વારા કાયદો માગે છે તેનો ઉદ્દેશ દેશની તમામ ગુરુદ્વારાઓ ઉપર અકાલીઓની રાજકીય પકડ જમાવવાનો છે (ગુરુદ્વારાઓમાં વાર્ષિક બે અબજ રૂપિયા ભાવિકોદ્વારા આવે છે.) ફ્લાઇંગ મેલનું નામકરણ, 'ગોલ્ડન ટેમ્પલ એક્સપ્રેસ' કરવું એવી અકાલીઓની માગણી છે. સરકારે ૧૯૮૦માં બહાર પાડેલા હુકમ મુજબ દરેક રાજ્યના લોકોની સૈન્યભરતી વસતિના પ્રમાણમાં થશે. પંજાબને હવે દોઢ ટકો પ્રતિનિધિત્વ મળશે, જ્યારે હાલ સૈન્યમાં શીખો ૧૫ ટકાથી વધારે છે. અકાલીઓ, સૈન્યની વર્તમાન ટકાવારીમાં જૈસેથે રાખવા માગે છે. ચંડીગઢ તેમને ખપે છે, પણ તેઓ ફઝીલકા અને એબોહાર હરિયાણાને સોંપવા રાજી નથી. અકાલીઓ, ડેલ હાઉસી (ગુરદાસપુર જિલ્લો), પિંજોર, કાલકા, અંબાલા, ઉના તાલુકો, ગુહલા તાલુકો (કરનાળ જિલ્લો), રાટિયા તાલુકો (હિસ્સાર જિલ્લો), તોહાના અને સિરસા તાલુકો હરિયાણા પાસેથી અને રાજસ્થાનના ગંગાનગર જિલ્લાના છ તાલુકા માગે છે. આનંદપુર ઠરાવની ૩૫ માગણીઓનો કેન્દ્રે એકઝાટકે અસ્વીકાર કર્યો છે.

પંજાબમાં, ૧૯૪૭ના ભાગલાની યાદ આપે એવી રીતે હિંદુઓ અને શીખો વચ્ચે તંગદિલી જાગી છે. હિંદુ તંત્રીની હત્યા, નિરંકારી બાબાનું ખૂન, વિમાનોનાં અપહરણો, ખાલીસ્તાનના પાસપોર્ટ, હત્યામાં સંડોવાયેલા કહેવાતા જરનૈલસિંહ ભિંદરાણવાલે દ્વારા સુવર્ણમંદિરમાં ઉસ્કેરણી, સાઠીના સંત ફતેહસિંહ અને માસ્તર તારાસિંહ લગાવતા એવા સ્વતંત્ર રાજ્યના નારા : શીખો અન્યાયના બહાને બેકાબૂ બની રહ્યા છે. પંજાબમાં ૪૮ ટકા હિંદુઓ છે. શ્રીમતી ગાંધી શીખોની માગણીઓ કબૂલ કરે તો કાશ્મીર અને દિલ્હીની આગામી ચૂંટણીઓમાં કોંગી હિંદુ મતો ગુમાવે. અકાલીઓ ધર્મને નામે ખૂનામરકી કરી રહ્યા છે ત્યારે કેન્દ્રે લાલ આંખ કરવી જોઇએ.

(તા. ૬–૧૧–૮૨ ના જન્મભુમિ–પ્રવાસીનો અગ્રલેખ–સાભાર)

સાભાર સ્વીકાર

નચિકેતા : (કઠોપનિષદનો સ્વાધ્યાય) લે. ડૉ. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા પ્રકા: રાજેન્દ્ર લાલભાઈ ઘિયા, એ ૧, પૂર્ણિમા પાર્ક સોસાયટી, સરખેજ રોડ, અમદાવાદ–૭. કિ. રૂા. ૧૦.

ચમત્કારોનું વિજ્ઞાન : લે. ભોગીલાલ ગાંધી પ્રકા: વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ જયુપીટર એપાર્ટમેન્ટ્સ, વડોદરા–૫ કિ રૂા. ૨૭.

તાર–ફોન 2513 વર્ધા

ગ્રામવિદ્યા મંદિર
પો. પવનાર, 442111 (વર્ધા)

શ્રી ચિમનભાઈ
જે. શાહ
બાબા (વિનોબા) કી
૨૪.૧૦.૧૯૮૨ } શુભ કામના
રામ હરિ

મુરબ્બી શ્રી ચીમનભાઇની નરમ તબિયતને અનુલક્ષીને પૂજ્ય વિનોબાજીએ આશિર્વાદ મોકલ્યા છે જે ઉપર પ્રગટ કરવામાં આવેલ છે.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ધી સ્ટેટસ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૪ અંક : ૧૫

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧-૧૨-૮૨ ડિસેમ્બર, ૧૯૮૨, બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૨૦: પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

★ સ્વર્ગસ્થ ચીમનલાલ ચકુભાઈ શાહ ★

Death never takes the wise man by surprise;
He is always ready to go. —Jean De La Fontaine

When I am dead, my dearest,
Sing no sad Songs for me. —Christina Rosseiti

न संतसंति मरणंते सीलमंता बहुस्सुा ।

-ઉત્તરાધ્યયન સૂત્ર-૫/૨૯

આપણને આગળ વધેલા એક તેજસ્વી વિદ્યાર્થી, ભારતના સ્વાતંત્ર્યસંગ્રામના એક સેનાની, ભારતના બંધારણના ઘડનારાઓમાંના એક, ભારતની લોકસભાના સભ્ય, જૈન સમાજના મૂર્ધન્ય નેતા, એક નામાંકિત સોલિસિટર, અનેક સામાજિક, શૈક્ષણિક, સાંસ્કારિક અને ધાર્મિક સંસ્થાઓના સૂત્રધાર, ગુજરાતી સાહિત્ય પરિષદના વર્ષો સુધી મંત્રી, પીઢ પત્રકાર, પ્રજ્ઞાશીલ તત્ત્વચિંતક, સમર્થ વકતા, પ્રતિભાસંપન્ન લેખક, આપણા રાષ્ટ્ર-સ્થવિરોમાંના એક શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહનું શનિવાર, તા. ૨૭ મી નવેમ્બર ૧૯૮૨ના રોજ સવારે ૧૧-૧૫ વાગે ૮૧ વર્ષની વયે દેહાવસાન થયું છે. જીવલેણ કેન્સરના વ્યાધિની જાણ થઇ ત્યારથી જીવનની અંતિમ ક્ષણ સુધીના લગભગ બે મહિનાના સમયમાં પણ એમણે પૂર્વવત્ જે નિર્ભયતા, સ્વસ્થતા, પ્રસન્નતા, સમતા, શાંતિ વગેરે દાખવ્યાં છે તેના પ્રત્યક્ષ સાક્ષી ઘણાં બધાં છે. એમની પાસે જેમ જીવન જીવવાની કલા હતી તેમ મૃત્યુને પરમ સખા માનીને ભેટવાની કલા પણ હતી. હૉસ્પિટલમાં દાખલ થયા પછી આવી ગંભીર માંદગીમાં પણ એમણે 'પ્રબુદ્ધ જીવન'ના છેલ્લા ત્રણ લેખ લખાવ્યા તે એમના ચિત્તની અસાધારણ સ્વસ્થતાનાં અને કર્તવ્યનિષ્ઠાનાં દ્યોતક છે.

પોતાના અવસાન નિમિત્તે કોઇએ શોક દાખવવો નહિ એવું એમણે વખતોવખત કહ્યા કર્યું હતું. અલબત્ત, આવી મહાન વિભૂતિની વિદાયથી જેમ સૌને તેમ અમારા શ્રી મુંબઇ જૈન યુવક સંઘને તેમજ 'પ્રબુદ્ધ જીવન'ને ન પૂરી શકાય એવી મોટી ખોટ પડી છે.

જીવનની અંતિમ ક્ષણ સુધી સતત જાગૃત રહી પંડિત મરણ પામનાર સદ્‌ગતના આત્માને પરમ શાંતિ હો!

-રમણલાલ ચી. શાહ —સહતંત્રી

વિશ્વચેતનામાં લીન વિનોબા

● નેમચંદ એમ. ગાલા

આ જન્મનો અંત તે આગળના જન્મની શરૂઆત છે. એટલે મરણનું સ્મરણ રાખી જીવનનો વ્યવહાર કરવાનો વિનોબાજીએ ખ્યાલ આપ્યો છે. એમણે કહ્યું છે : 'જીવનનો છેવટનો સાર મધુર નીવડે, એ અંતિમ ઘડી રૂડી નીવડે તેટલા માટે આખા જીવનની મહેનત હોવી જોઇએ. હંમેશા પાપ કરતાં રહેવા છતાં છેવટે રામનું નામ અચૂક મોઢે આવીને ઊભું રહેશે એવા ભ્રમમાં ન રહેવું. સાવધાની રાખીએ તો છેવટની ક્ષણે જીવનના તેમજ મરણના સ્વામી થઇશું.' વિનોબાજીએ છેલ્લે કહ્યું છે કે છેવટના શ્વાસોશ્વાસ સુધી હાથ પગ વડે સેવા ચાલુ છે. ભાવનાની પૂણિંમા સોળે કળાએ ખીલી છે. હૃદયાકાશમાં જરા જેટલી આસકિત નથી. બુધ્ધિ પૂરેપૂરી સતેજ છે. એવી રીતે મરણ આવી મળે તો તે પરમાત્મામાં ભળી ગયો જાણવો. આવો પરમ મંગળ અંત આવે તે સારુ જાગતા રહીને રાત ને દિવસ ઝૂઝતા રહેવું જોઇએ. ક્ષણભર પણ અશુદ્ધ સંસ્કારની છાપ મન પર પડવા ન દેવી જોઇએ અને એવું બળ મળે તે માટે પરમેશ્વરની પ્રાર્થના કરતાં રહેવું જોઇએ. નામસ્મરણ તત્ત્વનું રટણ ફરી ફરીને કરવું જોઇએ.

વિનોબાજીના આવા ચિંતનને અનુરૂપ એમને મૃત્યુ પ્રાપ્ત થયું હશે એ વિષે કોઈ શક નથી. ગીતા વિષે ઘણું લખાયું છે, પરંતુ વિનોબાજી તો ગીતા જીવી ગયા. જ્ઞાનયોગ, કર્મયોગ અને ભકિતયોગનો અદ્‌ભૂત સમન્વય એમના જીવનમાં દેખાય છે. સૌથી અદ્‌ભૂત વાત તો એ છે કે જૈન દર્શનની રૂએ અન્ન-જળનો ત્યાગ કરી પ્રાયોપવેશનની પ્રણાલિકા અનુસાર વિનોબાજી દેહમુકત થયા.

બાબાની પ્રેરણાથી સમણસુત્તમ્ ગ્રંથની રચના થઇ. એમણે પોતે કહ્યું છે કે એક મહાન કાર્ય થયું, જે હજાર-પંદરસો વર્ષમાં નહોતું થયું. એનું નિમિત્ત બાબા બન્યા, પરંતુ એમાં ય એમણે ભગવાન મહાવીરની કૃપા જોઇ. એમણે કહ્યું : 'હું કબૂલ કરું છું કે મારા પર ગીતાની ઘેરી અસર છે. એ ગીતાને છોડીને ભગવાન મહાવીરથી વધુ કોઇની પણ અસર મારા ચિત્ત પર નથી. એનું કારણ એ છે કે મહાવીરે જે આજ્ઞા આપી છે તે બાબાને સંપૂર્ણ માન્ય છે. દરેકે સત્યાગ્રહી બનવું જોઇએ એ ભગવાન મહાવીરની જે શીખ છે તેની ગીતા પછી બાબા પર અસર છે. ગીતા પછી કહ્યું, પરંતુ જ્યારે જોઉં છું ત્યારે મને બેઉમાં ફરક નથી દેખાતો.

દૈવયોગે ભગવાન મહાવીરના મહાપરિનિર્વાણ દિન-દીપોત્સવીના અવસરે જ બાબા સમાધિસ્થ થયા. એ માત્ર યોગાનુયોગ નથી. પરંતુ એમણે પોતાના યોગના સામર્થ્ય થકી જ દીવાળીનો દિવસ પસંદ કર્યો હોય એવું લાગ્યા વિના રહેતું નથી. એમાં પણ કુદરતનો કોઈ સંકેત હશે !

બાબાનું પૂરું જીવન યજ્ઞમય હતું, આલોકમય હતું. ગાંધીજીએ તેમને પહેલાં સત્યાગ્રહીનો દરજ્જો આપ્યો હતો. ગાંધીજી કહેતા કે બીજા બધા આશ્રમમાં કાંઇક મેળવવા આવતા, જ્યારે વિનોબાજી તો કાંઇક આપવા આવતા.

સર્વોદય અને ભૂદાન યજ્ઞ એ ગાંધીજીની વિચારધારાને આગળ વધારનારી પ્રવૃત્તિઓ રહી. સમગ્ર સૃષ્ટિમાં ભૂદાન જેવી અભિનવ પ્રવૃત્તિ થઈ નથી. વિદેશીઓ આકર્ષિત થાય એવી પ્રવૃત્તિ છે. વર્ષો પહેલાં 'Readers' Digest' માં એક લેખ પ્રગટ થયો : 'The Man, who gave away lands.' વિનોબાજીએ હજારો માઇલોનો પગપાળા પ્રવાસ ખેડ્યો...વિનોબાજી શિક્ષણશાસ્ત્રી હતા, પ્રાજ્ઞ પુરુષ હતા તેઓને પંદર ભાષાઓનું જ્ઞાન હતું. એમણે તમામ દર્શનોનો ઊંડો અને વ્યાપક અભ્યાસ-અધ્યયન કર્યું. આ યુગના તેઓ મહાન આચાર્ય હતા. ખાસ કરીને શિક્ષણક્ષેત્રે કામ કરતાં શિક્ષકો, અધ્યાપકો, આચાર્યોને તેમણે આહ્વાન કર્યું કે તમે સૌ આચાર્યકુળના નેજા હેઠળ સંગઠિત થાઓ.

વિનોબાજી નિર્ગ્રંથ અવસ્થાએ પહોંચેલાં સત્પુરુષ હતા. બાળક જેવા સહજ-સરળ હતા. ઉમંગથી હસતા, નાચતા અને કૂદતા. એમના હસ્તાક્ષરમાં કોઇ દિવસ પોતાનું નામ ન લખતા, પણ 'રામ હરિ' જ લખતા, તેમજ પ્રથમ પુરુષ એકવચનમાં પણ કોઇ દિવસ વાત કરતા નહિ.

ગઈ તા. ૧૧મી સપ્ટેમ્બરે એમના ૮૭મા જન્મદિને મને એમને છેલ્લી વાર મળવાનો સુયોગ પ્રાપ્ત થયો...મન ભરાઇ ગયું. ધરાઇ ગયું. બાબાના દર્શન એ પણ એક લ્હાવો હતો. કંચનવર્ણી કાયા વિષે આપણે સાહિત્યમાં વાંચીએ છીએ, પણ પ્રત્યક્ષ એટલે બાબાનો દેહ જ જોઈ લ્યો. સોના જેવી ઝગારા મારતી ઓજસ્વી કાયા. સ્પર્શ કરીએ તો હાથ સરી જાય એવી લીસ્સી અને મુલાયમ ત્વચા...દીપ્તિમાન મુખાકૃતિ અને સદાય હસતો ચહેરો...! જીવનનો મર્મ પામી ચૂકેલો માનવી કેવો હોય તેની કલ્પના બાબાને જોયા પછી જ આવે.

બાબાના અણુએ અણુમાં પ્રભુ સ્મરણ. રોમેરોમમાં 'રામ હરિ'...હરેક શ્વાસમાં ભગવત્તા...અને એ જ સહજ પરમ અવસ્થામાં વિનોબાજીએ દેહ છોડ્યો..વિશ્વચેતનામાં લીન થઇ ગયા, પણ વિનોબા જીવંત છે અને રહેશે. આવા મહર્ષિ જેવા સત્પુરુષ ભારતવર્ષને સાંપડયા એ આપણા સૌનું સૌભાગ્ય છે. આઇન્સ્ટાઇન આજે હયાત નથી. આજે હયાત હોત તો ગાંધીજી વિષે તેમણે કહ્યું હતું તેમ વિનોબા વિષે કહેત કે ભાવિ પેઢીને વિશ્વાસ નહીં આવે કે હાડચામનો આવો મનુષ્ય સાચે જ પૃથ્વી પર વિહરતો હતો.

છેલ્લા થોડા સમયથી એમણે જીવનલીલા સંકેલવા માંડી હતી...ખોરાક ઓછો કરી નાખ્યો હતો...અને એક રીતે કહિયે તો સમયસર એમણે પાર્થિવ દેહ છોડી દીધો. મૃત્યુનો આવકાર્યું...વીરોચિત મૃત્યુને વર્યાં.

આવા પૂણ્ય યોગીને કોટિ કોટિ વંદન !

ચતુર્થ જૈન સાહિત્ય સમારોહ

★

શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમના સંયુકત ઉપક્રમે ચતુર્થ જૈન સાહિત્ય સમારોહનું આયોજન સોનગઢ (સૌરાષ્ટ્ર) ખાતે તા. ૩૧ મી ડિસેમ્બર, ૧૯૮૨ અને તા. ૧ અને ૨ જી જાન્યુઆરી, ૧૯૮૩ના રોજ કરવામાં આવ્યું છે. આ સમારોહમાં જૈન સાહિત્ય, તત્ત્વજ્ઞાન, કલા, ઇતિહાસ અને પત્રકારત્વ અંગે વિશદ છણાવટ થશે અને અભ્યાસ-લેખો રજુ થશે તેમ જ ભારતભરમાંથી સોએક જેટલાં જૈન સાહિત્યકારો અને વિદ્વાનો પધારશે.

ગાંધીજી અને સુભાષ બોઝ

❖ પ્રો. ચી. ના. પટેલ

'પ્રબુદ્ધ જીવન' ના ૧-૧૦-૧૯૮૨ ના અંકમાં તંત્રીશ્રીએ ગાંધીજીની અહિંસા વિશે નીચે પ્રમાણે લખ્યું છે :

'સુભાષ બોઝ ગાંધીજીની મરજી વિરુદ્ધ કોંગ્રેસના પ્રમુખ થયા, ગાંધીજીનો નિર્ણય હતો કે એ પદેથી એમને હટાવવા જોઇએ અને અહિંસક માર્ગે, એટલે કે કોંગ્રેસના બધા આગેવાનોના સંપૂર્ણ સહકારથી બોઝને રાજીનામું આપવાની ફરજ પડી !' આ વિશે ખુલાસો કરવાનું જરૂરી જણાય છે.

ઉપરનું વિધાન 'ગાંધીજીનો સાધનશુદ્ધિ માટે આટલો આગ્રહ હોવા છતાં તેઓ સંપૂર્ણપણે રાગદ્વેષરહિત રહી શકયા હતા ?' એ પ્રશ્નના ઉત્તરરૂપે કરવામાં આવ્યું છે. એટલે એનો એવો અર્થ થાય કે સુભાષ બોઝ બીજી વાર કોંગ્રેસના પ્રમુખ થાય (પહેલી વાર ૧૯૩૮ માં હરિપુરાની કોંગ્રેસમાં તેઓ પ્રમુખ બન્યા તેમાં ગાંધીજીની પૂરી સંમતિ હતી. કદાચ એ એમનું જ સૂચન હતું.) એ ગાંધીજીને સુભાષ પ્રત્યેના તેમના વ્યક્તિગત અણગમાને કારણે કબૂલ નહોતું. આ માત્ર અનુમાન છે. એ પ્રસંગના ગાંધીજીનાં જાહેર લખાણોમાં કે સુભાષ બોઝ સાથેના એમના પત્રવ્યવહારમાં એવો કોઇ અણગમો દેખાતો નથી. ગાંધીજી ક્રોધને વશ થતા, પણ કોઇ વ્યક્તિ પ્રત્યે એમને દ્વેષ હોઇ શકે એમ એમનાં લખાણોનાં ૯૦ ગ્રંથોની સામગ્રીમાં મને પોતાને કયાંય લાગ્યું નથી. બીજા વાચકોને કદાચ લાગે. એ દૃષ્ટિભેદની વાત થઇ. મારા ને એવા વાચકના અભિપ્રાયમાંથી કોનો સાચો એ સંપૂર્ણ તર્કશુદ્ધ પૂરાવો આપી કહી શકાય નહિ.

ગાંધીજી ને સુભાષ વચ્ચેના રાજકીય મતભેદો એવા મૂળભૂત હતા કે ગાંધીજીને સુભાષ માટે વ્યક્તિગત ગમે તેટલો સદ્‌ભાવ હોય તેઓ સુભાષના રાજકીય કાર્યક્રમમાં સહકાર આપી શકે એમ હતું જ નહિ. એ મતભેદો સુભાષ ને ગાંધીજીનાં પોતાનાં વિધાનો ઉપરથી સ્પષ્ટ થશે જશે. (અનુવાદમાં મૂળની અર્થ-છાયાને પૂરો ન્યાય ન આપી શકું એ ભયે અવતરણો મૂળ અંગ્રેજીમાં જ આપ્યાં છે.)

સુભાષે ૧૯૩૪ માં The Indian Struggle નામનું પુસ્તક લખ્યું હતું, તેમાં તેઓ ગાંધીજીની રાજકીય શૈલીની ટીકા કરતાં કહે છે.

"...Political issues would no longer be considered in the cold light of reason, but would be unnecessarily mixed up with ethical issues". એમની કલ્પનાના cold light of season ને અનુસરતી નીતિ કેવી હોય તે જુઓ. બીજી ગોળમેજી પરિષદમાં, તેઓ કહે છે, "If...the Mahatma had spoken in the language of Stalin, or Duce Mussolini or Hitler John Bull would have understood and would have bowed his head in respect". તેઓ માને છે કે તે સમયે નવા સ્થપાયેલા કોંગ્રેસ સમાજવાદી પક્ષને કારણે ગાંધીજીનો પ્રભાવ ઓસરી જશે અને એક નવા પક્ષનો ઉદય થશે. એ પક્ષ "Will not stand for a democracy in the mid-victorian sense of the term, but will believe in government by a strong party bound together by a military discipline as the only means of holding India together and preventing chaos". અને તેઓ માનતા કે " the next phase in wored history will produce a synthesis between communism and fascism". બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સુભાષ છૂપી રીતે ભારત છોડી જર્મની ગયા અને ભારતને સ્વતંત્ર કરવા તેમણે હિટલરની મદદ મેળવવા પ્રયત્ન કર્યો. તે માટે તેમણે જર્મન સરકારને લખ્યું : "I am convinced more than ever before that the Tripartite Powers". (એટલે કે જર્મની, ઇટાલી ને જાપાન)-and India have a common destiny'. આ મંતવ્યોમાં વ્યક્ત થતી રાજકીય દૃષ્ટિ અને ગાંધીજીની વિચારસરણી વચ્ચે ઉત્તર ને દક્ષિણ ધ્રુવ જેટલું અંતર છે એ સ્વયંસ્પષ્ટ છે. સુભાષની દૃષ્ટિ યોગ્ય હોય કે ન હોય, ગાંધીજી એમને સહકાર આપે એવી અપેક્ષા કેમ રાખી શકાય ?

અને છતાં ગાંધીજીએ સુભાષને પહેલીવાર પ્રમુખ બનાવવામાં સંમતિ આપી હતી કે પોતે જ સૂચન કર્યું હતું. તેમને કદાચ આશા હશે કે ૧૯૩૭ માં નવા બંધારણ અનુસાર પ્રજાકીય પ્રધાનમંડળો રચાયાં તે પછી દેશના વાતાવરણમાં જે પરિવર્તન આવ્યું હતું તે જોઇ સુભાષના વિચારો બદલાયા હશે અને તેમને લોકશાહી + સત્યાગ્રહી રાજકારણની અસરકારકતા વિશે શ્રદ્ધા બેઠી હશે. પરંતુ સુભાષ સાથે એક વર્ષ કામ કર્યા પછી તેમને લાગ્યું કે તેમની આશા ખોટી હતી. એટલે સુભાષ બીજી વાર ચૂંટાયા તેમાં ગાંધીજીએ પોતાની, એટલે કે પોતાની રાજકીય નીતિની હાર માની. ચૂંટણીના પરિણામ વિશે 'હરિજન'માં લખતા તેઓ કહે છે : "I am nothing if I do not represent definite principles and policy. Therefore, it is plain to me that the delegates do not approve of the principles and policy for which I stand".

ઊભી થયેલી પરિસ્થિતિમાં પોતે શું કરવું તેનો ગાંધીજીએ વિચાર કર્યો. તા. ૨૬મી સપ્ટેમ્બરે મળેલી મહાસમિતિની બેઠકમાં ડાબેરી પક્ષો કારોબારી સમિતિના એક ઠરાવના વિરોધમાં સભા છોડી ચાલ્યા ગયા હતા. તે પ્રસંગે તેમણે કોંગ્રેસના બહુમતી પક્ષને સલાહ આપી હતી કે "If, after a friendly discussion with the obstructionstet,...it is found that they believe it to be their duty to continue obstruction, it would conduce to the good of the country to hand over the reins to the minority and themselves follow the existing Congress programme without using Congress name". સુભાષની જીતથી એ નીતિ પોતાને અમલમાં મૂકવાની તક મળી એમ માની તેમણે લખ્યું :

"I rejoice in this defeat ..Subhash Babu, instead of being President on the sufferance of those whom he calls rightists, is now President elected in a contested election. This enables him to choose a homogeneous cabinet and enforce his Programme without let or hindrance. After all, Subhash Babu is not an enemy of his country. He has suffered for it. In his opinion his is the most forward and boldest policy and Programme. The minority

can only wish it all success. If they cannot keep pace with it, they must come out of the Congress... The minority may not obstruct on any account. They must abstain when they cannot Co-operate ". They " may come out, not in a spirit of ill will, but with the deliberate purpose of rendering more effective service ".

ત્રિપુરા કૉંગ્રેસ પછી ગાંધીજી આ જ નીતિને વળગી રહ્યા. એ અધિવેશનમાં કૉંગ્રેસે બહુમતીથી ઠરાવ કર્યો હતો કે સુભાષે નવી કારોબારી સમિતિના સભ્યોની નિમણૂક ગાંધીજીની ઇચ્છા પ્રમાણે કરવી. સુભાષને એ ઠરાવ માન્ય નહોતો, પણ તેઓ તેનો અમલ કરવા તૈયાર હતા. એટલે તેમણે ગાંધીજીને સમિતિના સભ્યોનાં નામ સૂચવવા લખ્યું. ગાંધીજીએ ઉત્તરમાં લખ્યું કે " ...Where there are differences on fundamentals, ... a composite Committee would be harmful. Assuming, therefore, that your policy has the backing of the majority of the A. I. C. C., you should have a working Committee Composed purely of those who believe in your policy...So far as the Gandhi-ites are concerned, they will not obstruct you. They will help you where they can, they will abstain where they cannot ". બે દિવસ પછી વળી લખ્યું. " The views you express seem to me to be so diametrically opposed to those of the others and my own that I do not see any possibility of bridging them...you should at once form your own Cabinet fully representing your views, formulate your Programme definitely and put it before the forthcoming A. I. C. C. If the Committee accepts the Programme...you should be enabled to prosecute it unhampered by the minority. If, on the other hand, your Programme is not accepted you should resign and let the Committee choose its President ". 'સુભાષબાબુએ મહાસમિતિ સમક્ષ પોતાનો કાર્યક્રમ મૂક્યા વિના રાજીનામું આપવાનું પસંદ કર્યું'.

આ ઉપરથી જોઇ શકાશે કે ગાંધીજીએ સુભાષબાબુ પ્રત્યે અણગમાથી પ્રેરાઇ તેમને પ્રમુખપદેથી હટાવ્યા એમ માનવામાં ગાંધીજીને અન્યાય થાય છે.

આનંદશંકરનો સાહિત્યવિચાર અને 'વસંતધર્મી'નું વિદ્યામધુ

[વ્યાખ્યાન ચોથું અને પાંચમું]

કૃષ્ણવીર દીક્ષિત

ડૉ. જયન્ત પાઠકે મુંબઇ યુનિવર્સિટી આયોજિત ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાન શ્રેણીમાં આચાર્યથી આનન્દશંકર ધ્રુવ વિશે આપેલાં પાંચ વ્યાખ્યાનોમાંનાં ત્રણનો સંક્ષેપ આ અગાઉ 'પ્રબુદ્ધ જીવન'માં પ્રસિદ્ધ થઇ ચૂક્યો છે. આજે ચોથું અને પાંચમું એ બે વ્યાખ્યાનો સંક્ષેપમાં રજૂ કરવામાં આવે છે.

આનંદશંકરનો સાહિત્યવિચાર

ડૉ. જયન્ત પાઠકે વ્યાખ્યાનનો આરંભ કરતાં કહ્યું કે : "નર્મદથી આરંભાયેલી આપણી સાહિત્યવિચારણામાં કવિતા વિચાર અગ્રસ્થાને રહ્યો છે. નર્મદ, નવલરામ મણિલાલ રમણભાઇ નરસિંહરાવ તેમ પ્લેટો એરિસ્ટોટલ ને લૉન્જાઇનસ, ભરત આનન્દવર્ધન અને જગન્નાથ સૌ કાવ્યને લક્ષીને જ સાહિત્યની વિચારણા કરે છે. 'કાવ્ય વિશે જે કંઈ જાણવા જેવું છે તેના એંશી ટકા આનન્દશંકરના 'કાવ્યતત્ત્વ વિચાર'ના પૂર્વાર્ધમાંથી મળી રહેશે" એવું સુન્દરમ્‌નું કથન વિશાળતામાં સકલ કાવ્યતત્ત્વ વિચાર પરત્વે પણ સાચું ઠરે એવું છે. બાકીના વીસ ટકામાં સાહિત્યકલાનાં વિવિધ સ્વરૂપો અને પ્રકારો પરત્વે જે વિશેષતા પ્રવર્તે છે તેના પ્રશ્નોની વિચારણાનો સમાવેશ થાય છે.

આનંદશંકરનો ૧૯૦૨માં લખાયેલો નિબંધ 'કવિતા' એક રીતે એમના સકલ કાવ્યવિચાર પ્રાસાદના પ્રવેશદ્વાર જેવો છે. એમાં કાવ્યવિશેની એમની ભાવના વિભાવના એની અખિલાઇમાં વ્યક્ત થાય છે. કવિતાની વિચારણાના આરંભ માટે તેઓ ભવભૂતિની પ્રાર્થનાની એક પંક્તિનું આલંબન લે છે–"વિન્દેમ્ દેવતાં વાચમમૃતામાત્મનઃ કલામ્" તે મને સૂચક લાગે છે. આ પ્રાર્થનાશ્લોકાર્ધ કવિતા અને સત્યનો સંબંધ બતાવવાનો અવસર આપતો હોઇ અનુકૂળ સમજાય છે. આનંદશંકર એમના કવિતાવિચારમાં અહીં સંગીન ભૂમિકા ઉપર રહ્યા છે ને કવિતાવિષયમાં એકંદરે સત્ય દર્શન પામી શક્યા છે.

આનંદશંકર અને પ્લેટો

કવિતાકલાના ઉદ્‌ભવ અને સ્વરૂપ સંબંધમાં આનંદશંકર પ્લેટોના 'આઇડિયા' કે 'આઇડીયઅલ'ના સિદ્ધાન્તનું સમર્થન કરે છે પણ તેના કાર્ય અને પરિણામ સંબંધમાં એમનો મત પ્લેટોથી જુદો ને ઉલટો રહ્યો સમજાય છે. આનંદશંકર પ્લેટોની જ તાત્ત્વિક ભૂમિકા સ્વીકારીને જે કારણે પ્લેટો કવિતાને મિથ્યા ને વર્જ્ય ગણે છે તે જ કારણે તેને આવકાર્ય અને અનિવાર્ય ગણે છે. પ્લેટો કવિતાને સત્યથી વેગળી જતી હોવાથી અસત્યરૂપ બનેલી ગણે છે. જ્યારે આનંદશંકર તેને આ પ્રતિબિંબરૂપ જગતમાં પ્રવર્તતી પણ મૂળ બિંબની એટલે કે સત્યની ઝાંખી કરાવતી હોઇ સત્યદર્શનનું એક સાધન ગણે છે. એટલું જ નહિ કવિના જગતને જ સત્ય જગત ને આપણા વ્યવહારુ જગતને ખોટું જગત ગણે છે. તેઓ કહે છે : "પ્લેટોએ કવિઓ ઉપર કરેલો આક્ષેપ ખોટો છે અને એનો પ્રધાન સિદ્ધાન્ત કે 'આઇડિયા' એ જ ખરો પદાર્થ છે અને આ સ્થૂલ જગત તો 'આઇડિયા'ની માત્ર છાયા છે એ જ ખરો સિદ્ધાન્ત છે અને એ જ કાવ્યના તત્ત્વને લાગુ પડે છે. કવિ ક્રાન્તદર્શી છે એમ આનંદશંકર કહે છે ત્યાં ક્રાન્તદર્શી એટલે જગતથી પર, અલૌકિક જગતને જોનાર એવો કહે છે. આનન્દશંકર શંકરવેદાન્તના 'બ્રહ્મસત્યં જગત્મિથ્યા'ના તત્ત્વવિચારનું કવિતાના સંદર્ભમાં શોધન કરે છે ને એમ કહીને કવિતાના મિથ્યાપણાનો પરિહાર કરે છે.

અત્રે ડૉ. જયન્ત પાઠકે એક વિચારણીય મુદ્દો રજૂ કર્યો હતો તે એ કે 'આપણું જગત્ ખોટું' છે એ વેદાન્ત દૃષ્ટિએ

ખરું હશે પણ કવિના જગતની રચના આપણા એટલે કે બ્રહ્માના જગતનો આધાર લઈને થાય છે ને જે જીવનને આપણી કવિતાની ઉદ્‌ભવભૂમિ કહીએ છીએ તે જીવન આ બ્રહ્માની સૃષ્ટિમાં જ પ્રવર્તે છે એટલે ભાવનાસૃષ્ટિને સત્ય ગણીએ ત્યાં સુધી તો બરાબર છે પણ વસ્તુજગતને ખોટું કહીએ ત્યારે કવિતાના સંદર્ભમાં તત્ત્વજ્ઞાનને કવિતા ઉપર લાદવાનો દોષ થાય છે એવું હું માનું છું. તત્ત્વદર્શનમાં તો બ્રહ્મસત્ય જગત્ સત્ય'નો સિદ્ધાંત પણ આવે છે.

કવિતા : આત્માની કલા

આનંદશંકર કવિતાને આત્માની કલા કહે છે તે તેના ભાવનારૂપ અને નિર્મિતિરૂપ બન્ને પરત્વે એમ સમજાય છે. અન્યથા એમની કાવ્યવિચારણામાં ઉત્તમ રચનાઓનો ઉદાહરણ તરીકે ઉપયોગ ન હોય. આચાર્યશ્રી આત્માના ધર્મોમાં કવિતાના ધર્મો જુએ છે. આત્માના ધર્મો તે ચૈતન્ય વ્યાપન અને અનેકમાં એકતા. કવિતામાં ચૈતન્યનો સ્પંદ હોય જે આપણી સમગ્ર સંવિત્ને સ્પર્શે ને તેને જાગ્રત કરે ને આત્મામાં તેની અપરોક્ષ અનુભૂતિ કરાવે. કવિપ્રતિભાથી પ્રાણિત વાણી જીવંત્ અને આત્મામાં ઊંડે સુધી પહોંચનારી હોય છે. એમાં રહેલું ચેતનતત્ત્વ આંતરબાહ્ય વિશ્વને વ્યાપી લે છે.

આદર્શ કવિતાની વિભાવના

કવિતા સ્વયં ચૈતન્યનો આવિષ્કાર છે તે ચૈતન્યને ગતિ છે, લય છે, તેથી કવિતા પણ ગતિશીલ અને લયાન્વિત હોય. આ ગતિ અને લય તે વ્યાપનના અંતર્ગત ગુણો છે. આનંદશંકર કવિતા વ્યાપનશીલ હોવી જોઈએ એમ કહે છે તેમાં આ ગુણોના જ પ્રવર્તનનો સ્વીકાર રહેલો સમજાય છે. આનંદશંકરને મન આદર્શ કવિતા તે છે જે આખા મનુષ્યને, મનુષ્યરૂપ સકલ સત્તાને સંતોષે-તૃપ્ત કરે એ કેવળ બુદ્ધિને કે લાગણીને અથવા બંનેને સંતોષે એટલું જ પર્યાપ્ત નથી, એણે મનુષ્યમાં રહેલા નીતિ અને ધાર્મિકતાના અંશોને પણ પરિશોપોષવા જોઈએ. બુદ્ધિ અને લાગણી તો કવિતામાં હોવાં જોઈએ. એ વગર તો કદાચ કાવ્યનો પ્રાદુર્ભાવ જ અશક્ય પણ આદર્શ કવિતામાં એ ઉપરાંત કૃતિ અને ધાર્મિકતા પણ અપેક્ષિત છે. મોટા આયોજન-પ્રયોજનવાળી કવિતાના સંબંધમાં કૃતિનો અને ધાર્મિકતાનો મુદ્દો વધારે પ્રસ્તુત અને મહત્ત્વનો બને છે. આનંદશંકર આ બેની ચર્ચામાં મોટે ભાગે નાટક અને દીર્ઘ કાવ્યોને ઉદાહરણ તરીકે ખપમાં લે છે એ વસ્તુસૂચક છે. 'કૃતિ'ને જ્યાં તેઓ 'મોરલ'ના અર્થને બદલે ક્રિયા કે ગતિના અર્થમાં પ્રયોજે છે ત્યાં તો એમને માટે નાટક, મહાકાવ્ય કે દીર્ઘકાવ્યનો સંદર્ભ જ અનિવાર્ય બની રહે છે. કાવ્યમાં આનંદશંકર જ્યારે 'કૃતિ' એટલે કે 'નીતિ'ની જિકર કરે છે ત્યારે, વ્યવહાર-જગતમાં તેનો જે અર્થ કરવામાં આવે છે તે નહીં પણ મનુષ્ય માત્રના અંતરાત્મામાં સદ્ અસદ્‌ની શ્લીલ અશ્લીલની, સુન્દર અસુન્દરની, શુભ અશુભની જે સ્થિર અને નિત્ય ભાવનાઓ રહેલી છે તેનો સૂક્ષ્મ વિવેક કરનારી સ્વાભાવિક વૃત્તિ, આવું માનીએ તો જ આનન્દશંકરને ન્યાય થાય ને કવિન્યાયના એમના ખ્યાલને સયુક્તિક ગણાવી શકાય. કવિતાએ પ્રગટ રીતે નીતિનો બોધ આપવાનો નથી એવું એમણે ભાર દઈને કહ્યું છે. જે ભાવનાઓ મનુષ્યે અંતરાત્માના વિકાસ અને ઉત્કર્ષ માટે ઇષ્ટ ને આવશ્યક ગણી છે તે ભાવનાઓનો સાહિત્યમાં ઉત્કર્ષ ને વિજય થતો બતાવવો જોઈએ એવું એમનું મંતવ્ય છે 'કૃતિ'નો જ્યાં ક્રિયા અર્થ કરે છે ત્યાં તેઓ કલાની અનવદ્યતાનો 'આર્ટિસ્ટિક પરફેક્શન'નો આગ્રહપૂર્વક ઉલ્લેખ કરતા લાગે છે.

કાવ્યમાં ધાર્મિકતા

કાવ્યમાં અપેક્ષિત ધાર્મિકતા સંબંધી આનંદશંકરની વિચારણામાં એમની ધર્મપ્રીતિ અને સાહિત્યપ્રીતિ વચ્ચે સમન્વય, સંવાદ, સ્થાપવાનો પ્રયાસ સતત પ્રતીત થાય છે. ધાર્મિકતા શબ્દ અહીં 'રિલીજીયસ' કરતાં વધારે તો 'રિપરિચ્યુઅલ'ના અર્થમાં પ્રયોજાયો સમજાય છે. કવિતા આત્માની કલા ને આત્મા ને પરમાત્માનું અદ્વૈત બંનેનો અભેદ એટલે જેમ આત્મામાં તેમ કવિતામાં પણ એ પરમતત્ત્વનો અણસાર મળવો જોઈએ. પરમતત્ત્વનું દર્શન થવું જોઈએ. આદર્શ કવિતાએ આ વિશ્વને વ્યાપીને જે દશાંગુલ વધે છે તેની ઝાંખી કરાવવી જોઈએ. આનન્દશંકર આ વિચારનું વિસ્તારથી વિવરણ કરે છે ને કવિતાને નીતિ, ધર્મ, અધ્યાત્મ સાથે કશો સમ્બન્ધ નથી એવી અધૂરી માન્યતાનું ખંડન કરે છે. કવિતાનો ગર્ભ જીવન હોય, કવિતા ચૈતન્યનું સ્ફુરણ હોય તો વિશ્વનો સ્થૂલ-સૂક્ષ્મ કોઈપણ પદાર્થ એનાથી અસ્પૃષ્ટ કેવી રીતે રહી શકે? કવિ ક્રાન્તદર્શી છે એમ કહેવામાં પણ આનંદશંકરને કવિ અને કવિતાનો આ જ ધર્મ કે ગુણ અપેક્ષિત છે. તેઓ અસંદિગ્ધ વચનોમાં કહે છે : 'કવિતાના સામાન્ય સ્વરૂપમાં જે ધાર્મિકતાની અપેક્ષા છે તે વિશ્વની પાર રહેલા તત્ત્વનું સૂચન માત્ર કલા અને કવિતા દ્વારા ચાતુરીથી દર્શન કરાવવામાં રહેલી છે.

'એકમાં અનેકતા' કે 'અનેકતામાં એકતા'ના કવિતા ધર્મની સમજૂતીમાં આનંદશંકર ભાવનારૂપ કવિતા કરતાં રચનારૂપ કાવ્ય ઉપર વધારે નજર રાખતા જણાય છે.

કવિતાને વાગ્દેવીરૂપ કહેવામાં આનંદશંકર તેની દિવ્યતા ઉપર ભાર મૂકે છે. કવિની વાણી પ્રતિભાપ્રેરિત વાણી છે. એનો શબ્દ બ્રહ્મરૂપ છે. એ શબ્દબ્રહ્મમાં જાગ્રત થનાર કવિ ક્રાન્તદર્શી 'પારદર્શી' કહેવાયો છે.

કાવ્યનું પ્રયોજન

કાવ્યના પ્રયોજન અંગેની આનંદશંકરની વિચારણામાં મમ્મટાદિની કાવ્યમીમાંસાનો બહોળો ઉપયોગ થયો છે એમ કહીને વક્તાએ કહ્યું હતું કે આનંદશંકર ઉપદેશના મુદ્દાને માધુર્ય, સૌન્દર્ય અને આનંદની અનુભૂતિમાં સમાવી લે છે ને આવી અનુભૂતિ જ કાવ્યનું પ્રયોજન ને સહાધ્યનો ધર્મ એમ સ્થાપે છે.

વક્તાએ પંડિતયુગની કાવ્યવિચારણાનો, અને તેમાં કોણે કોણે મહત્ત્વનું અર્પણ કર્યું છે તથા સાહિત્યમાં રંગરાગી આત્મલક્ષી વલણના પુરસ્કર્તાઓ અને બીજી બાજુ શૈષ્ઠવલક્ષી પરલક્ષી દીર્ઘરચનાઓના પુરસ્કર્તાઓ જેમાં આનંદ-શંકર, ઠાકોર વગેરેનો સમાવેશ થાય છે તેમની વિચાર-ધારાનો ખ્યાલ આપ્યા પછી કહ્યું હતું કે આનંદ-શંકરની વિવેચનવિચારણામાં મુખ્યત્વે ત્રણ મુદ્દાનો સમાવેશ થાય છે. રોમેન્ટિક અને ક્લાસિકલ કલા, આત્મલક્ષી

અને પરલક્ષી કવિતા તથા ઊર્મિકવિતા અને વીર કવિતા. કલા એ ક્લાસિકલ અને રોમેન્ટિક અંશોમાં આનંદશંકર માત્ર શૈલીભેદ જ જોતા નથી પણ તાત્ત્વિક ભેદ જુએ છે. આનંદશંકરની વિચારણાનો નિષ્કર્ષ તારવતાં વક્તાએ કહ્યું હતું કે આનંદશંકરને મતે સંસ્કારી સંયમ અને જીવનનો ઉલ્લાસ બન્નેની જેમાં સમતા હોય તે કાવ્ય ઉત્તમ.

'લિરિક' અને એપિક'

લિરિક વિશેની નર્મદ, નવલરામ, નરસિંહરાવ તથા રમણભાઇ આદિની વિચારણા તપાસ્યા પછી આનંદશંકરના વિચારનો સાર તારવતાં કહ્યું હતું કે આનંદશંકર કાવ્યને માત્ર ઊર્મિનો નહિ પણ અખિલ આત્માનો આવિષ્કાર લેખે છે અને ઊર્મિને જ કાવ્યમાં સર્વ કાંઇ ગણુતા વિચારને સાંકડા સિદ્ધાન્ત ગણી ઉવેખે છે. કવિતાને આત્માની અમર કલા કહીને આનંદશંકર તેમાં બુદ્ધિ, જ્ઞાન, વિશાળજીવનનું દર્શન, વસ્તુજગત્ ઊપરાંત આદર્શ કે પર જગતનું દર્શન આવશ્યક ગણે છે ને આ સર્વ તત્ત્વો બિનગંત મોટા, સ્થાપત્યનાં વ્યાપ અને પરિમાણ ધરાવતી રચનામાં સારી રીતે ઊતરવાં શક્ય તેથી ઊર્મિ કવિતાને મુકાબલે વીર કવિતા (એપિક પોયેટ્રી) અને નાટયકવિતાને ઊંચી કવિતા માને છે... આનન્દશંકરે રમણભાઇના વૃત્તિમય ભાવાભાસની કરેલી વિચારણા તપાસીને વક્તાએ ઉભયના મિલનબિન્દુનો નિર્દેશ કરતાં કહ્યું હતું 'એક યુક્તિ તરીકે, કૃત્રિમ રીતે પ્રકૃતિમાં માનવભાવારોપણ કરવાથી કાવ્યના સત્યને હાનિ થાય છે, થાય જ એ વિચારમાં બંને સંમત જણાય છે. આનંદશંકર માને છે કે વસ્તુજગતનું સત્ય તે જ અને તે જ માત્ર કવિજગતનું સત્ય નથી. કવિનું જગત્ આપણા વ્યવહાર જગતથી વિશાળ અને વધારે વ્યવસ્થા-સંવાદવાળું છે. વ્યક્તિમાં અને વિશ્વમાં તેનાં સર્વ સચરાચર પદાર્થોમાં એક જ ચૈતન્ય તત્ત્વ વિલસતું હોઇ તેમની વચ્ચે સૂક્ષ્મ સંબંધ છે. આવો સૂક્ષ્મ સંબંધ કવિઓ સંવેદનશીલ અને ક્રાન્તદર્શી હોવાને કારણે વધારે અનુભવી શકે છે ને કાવ્યમાં તેને મૂર્ત કરી શકે છે. આનંદશંકરે નરસિંહરાવ, ખબરદાર, ગોવર્ધનરામ તથા મુનશી આદિની કૃતિઓની કરેલી વિવેચનાની આનંદશંકરીય વિલક્ષણતાઓ તપાસ્યા પછી છેલ્લે તારવ્યું હતું કે આનંદશંકરના સાહિત્યવિચારને આંગ્લ વિવેચક મેથ્યુઆર્નલ્ડના સાહિત્ય-વિચારમાંથી સમર્થન અને પુષ્ટિ સાંપડે છે. 'લિટરેચર એટ ધોટમ ઇઝ ક્રિટિસિઝમ ઓફ લાઇફ' એ વિચારને તેઓ સંમતિ આપે છે. કવિને ધર્મગુરુને સ્થાને ને કવિતાને ધર્મને સ્થાને સ્થાપવાના આર્નલ્ડના વિચારમાં એમને શ્રદ્ધા છે.'

વસંતધર્મીનું વિધામધુ

પાંચમા અને છેલ્લા વ્યાખ્યાનનો આરંભ વક્તાએ શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના ગોવર્ધનરામ, મણિલાલ અને આનંદશંકરની વિચારણાવિષયક તુલનાત્મક અને આનંદશંકરની સમન્વય દૃષ્ટિનો મહિમા કરતા વિધાનથી કર્યો હતો. ને તે પછી તેમણે કહ્યું હતું : "વસન્ત'નો આરંભ કરતાં પ્રથમ અંકમાં આનંદશંકર એનો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં લખે છે : કે :' સત્યસ્વરૂપ વિચાર (એબ્સોલ્યુટ થોટ) અને સત્યસ્વરૂપ સંસ્થાઓનું અવલોકન કરવું અને ધર્મને એમના મધ્યબિન્દુએ રાખવો એ 'વસન્ત'નો મુખ્ય ઉદ્દેશ ઠરે છે.' આ સત્યસ્વરૂપ વિચાર અને સત્યસ્વરૂપ સંસ્થાઓ એટલે ગુજરાતમાં વિવિધ જીવનક્ષેત્રોમાં પ્રવર્તતી પ્રબોધકાલીન વિચારધારાઓ ને તેમને અભિવ્યક્ત કરતી વિવિધ સંસ્થાઓ. આચાર્યશ્રીએ પોતાના જ્યેષ્ઠ વિદ્યાબન્ધુની ધર્મભાવના અને વેદાન્ત વિચારને પુરસ્કારવા પ્રવર્તાવેલા 'સુદર્શન' અને 'વસન્ત' ચલાવ્યાં પણ ધર્મ, કેળવણી સુધારો, સાહિત્ય આદિમાં જ્યાં જ્યાં મણિલાલથી જુદા પડવાનું થયું ત્યાં એમણે પૂર્વસૂરિ પ્રત્યેના પૂરા આદર સાથે તેમ કર્યું. પરિણામ આ સર્વ વિષયની વિચારણામાં પ્રગતિ સધાઇ. વિવાદને સ્થાને સમાધાન ને વિસંવાદને સ્થાને સમન્વયની સ્થાપના થઇ.

રસદીપ્ત નિબંધકાર

આનંદશંકરનું થિયોસોફી પ્રત્યેનું આકર્ષણ, અને પછી તેનો ત્યાગ, આનંદશંકરની ભક્તિ પ્રત્યેની પ્રીતિ; જ્ઞાન અને ભક્તિને નોખાં ગણીને, જ્ઞાનને ભક્તિ કરતાં ચઢિયાતું ગણવા છતાં બંનેના સમન્વયનો પુરસ્કાર તથા જ્ઞાન, ભક્તિ અને કર્મનો જીવનમાં સમન્વય સાધવાની તેમની વલણ વગેરે વિશે વિસ્તારથી કહ્યું હતું. એ વિષ્ણુપ્રસાદે આનન્દશંકરને 'મધુદર્શી' સમન્વયકાર' તરીકે ઓળખાવવા છતાં આનન્દશંકરે સળંગ, કલમબદ્ધ સર્વગ્રાહી સર્જનાત્મક વિચારગ્રન્થ આપ્યો નથી તેને ગુજરાતની કમનસીબી ગણાવી છે તેનો નિર્દેશ કરીને વક્તાએ શિક્ષણક્ષેત્રના એક મહાન વિચારક તરીકે આનંદશંકરનો આદર કર્યો હતો. કેળવણીક્ષેત્રે પણ તેમની સમન્વયદૃષ્ટિ કેવી હતી તેનો ખ્યાલ આપતાં વક્તાએ આનંદશંકરનું એક મહત્ત્વનું વિધાન અવતાર્યું હતું : તે આ પ્રમાણે છે.

'શિક્ષણ પોતે જ એક મૂલ્ય છે. જીવનમૂલ્ય છે. શિક્ષણ એટલે આત્મવિકાસ, આત્મવિસ્તાર, શિક્ષિત માણસ એટલે પૂરો માણસ, આખો માણસ, બ્રાહ્મણ-નિત્યવિકાસ સાધતો ઉદાર ને ઉમદા માણસ'-આનંદશંકરને તેમના નિબંધો સંદર્ભે સર્જકતાના ગુણથી ચમત્કૃત ને રસદીપ્ત એવા નિબંધકાર તરીકે બિરદાવ તેમની શૈલીના ઊંડી ને અંખેરાળગે એવા પ્રાસાદિકતાના ગુણનો ઉલ્લેખ કરીને વક્તાએ વ્યાખ્યાનનું સમાપન કરતાં કહ્યું હતું : આનંદશંકર એટલે સ્વસ્થ, પ્રસન્ન, સુયચિત ને પ્રાસાદિક નિબંધોના સર્જક ને તેથી માત્ર વિવેચક-વિચારક તરીકે નહીં પણ સર્જકની હેસિયતમાં પણ સંમાન્ય સાહિત્યકાર. એમનાં લખાણોના સર્જકતાના અંશોનું અનુસંધાન અનુસરણ રામનારાયણ શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ને શ્રી ઉમાશંકર જોશી જેવા સારસ્વતોના નિબંધ સર્જનમાં જોવા મળે.

★ ખાસ અંક ★

★

સ્વ. પંડિત બેચરદાસજી અંગેનો ખાસ અંક ૧ લી ડિસેમ્બરે પ્રગટ કરવાનું વિચાર્યું હતું. પરંતુ અનિવાર્ય સંજોગોને કારણે તે હવે પછી પ્રગટ કરવામાં આવશે.

-સહતંત્રી, "પ્રબુદ્ધ જીવન"

એક ચિંતનીય પ્રશ્ન વિષે

❖ અંબુભાઇ શાહ

પ્રબુદ્ધ જીવનના તા. ૧૬-૯-૮૨ના અંકમાં શ્રી યશવંતભાઈ દોશીએ ગાંધીજી, સ્થૂલિભદ્ર અને થાણેસિંગના દાખલાઓ ટાંકી છેલ્લે એમને પોતાને વિવાદાસ્પદ જણાતો પ્રશ્ન રજૂ કર્યો છે કે, 'પ્રલોભનોથી દૂર રહેવું કે પ્રલોભનોની વચ્ચે જઈને લડવું ?'

પ્રશ્ન ખરેખર ચિંતનીય છે.

(૧) થાણેસિંગની જેમ પ્રલોભનથી દૂર રહેવાની દુન્યવી વહેવારુ ડહાપણની વાત વધુ વાજબી ગણવી ? કે,

(૨) સ્થૂલિભદ્ર અને ગાંધીજી જેવા લોકોત્તર પુરુષ કે વ્યક્તિવિશેષનો માત્ર જુદો માનવો, અને પ્રલોભનો વચ્ચે જઈને લડવું ?

આ બે વલણોમાં કયું સાચું એવી મુંઝવણ રજૂ કરી ગાંધીજીનો મત એમણે ટાંક્યો છે કે, 'ગાંધીજીનો પોતાનો આગ્રહ સાધારણ રીતે એવો હતો કે, એ (ગાંધીજી) જે કરી શકે તે બધા માણસો કરી શકે.

આ વિષે થોડું વધુ ચિંતન અહીં કરીએ.

ગાંધીજીનો મત એવો હોય કે, પોતે જે કરી શકે તે બધા જ કરી શકે, તો એનો અર્થ એમ સમજવો જોઈએ કે, બધા જ માણસોમાં રહેલી આત્મશક્તિમાં એવું કરવાની ક્ષમતા છે જ. પણ એવું તો જ કરી શકે, જો એ આત્મશક્તિને કેળવે, પ્રગટાવે.

શ્રીમદ્ રાજચંદ્રે પણ કહ્યું જ છે.

'સકળ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય !

સિદ્ધ થવાની ક્ષમતા દરેક જીવમાં છે. પણ એનો અર્થ એ નથી કે બધા જીવો આજે સિદ્ધ થઈ ગયા છે. સિદ્ધિ મેળવવા પુરુષાર્થ કરવો જ પડે.

બે વલણોમાં કયું સાચું ? એનો જવાબ આ કે તે એમ આપવો તે એકાંતિક ગણાશે. એક જવાબ હોઈ પણ ન શકે. માણસના મનમાં પડેલી વૃત્તિઓની કક્ષા પ્રમાણે વલણ નક્કી થઈ શકે.

દરેક માણસમાં સારી-ખરાબ બન્ને વૃત્તિઓ પડેલી હોય છે. એના પ્રમાણમાં જુદા જુદા પ્રકારો ગણાવી શકાય.

૧ ખરાબ વૃત્તિઓને દૂર કરવી. સારી વૃત્તિઓને જગાડવી, સક્રિય કરવી. આવો પુરુષાર્થ જાગૃતપણે સતત કેટલીક વ્યક્તિઓ કરતી રહે છે.

૨ ખરાબ-વિકારી-વૃત્તિને પોષવા માટે નિમિત્ત મળે-ન મળે-તો યે આક્રમણ કરીને પણ પોષવા માટેનો રસ્તો કેટલીક વ્યક્તિઓ લેતી હોય છે. લૂંટ, ધાડ, સ્ત્રીનું અપહરણ, બળાત્કાર વગેરે વહેવાર આક્રમણ છે.

૩ તો આક્રમણ નથી તેવાં જુગાર-વેશ્યાગમન જેવાં અપ્રતિષ્ઠિત વહેવારોનો આશ્રય પણ માણસ લેતો હોય છે. એમાં પણ વૃત્તિ તો વિકારને પોષવાની જ હોય છે સમાજે આક્રમણને સર્વાંશે વર્જ્ય ગણીને એને ગુનો ગણ્યો છે. આવી આક્રમક વૃત્તિથી સમાજને સુરક્ષિત રાખવા એવા ગુનેગારને જેલમાં પૂરીને સમાજથી દૂર રાખવામાં આવે છે. અને સલામતીની લાગણી અનુભવે છે.

ત્રીજા પ્રકારના વહેવારમાં આક્રમણ નથી, પણ એવો વહેવાર સ્વસ્થ સમાજ માટે હાનિકારક હોઈ સમાજમાં એની પ્રતિષ્ઠા નથી. અને તેમ છતાં પ્રતિષ્ઠાને ભોગે પણ કેટલીક વ્યક્તિઓએ રસ્તે પોતાના લોભ-કામની વાસનાને પોષતી હોય છે.

આ સિવાય એક ચોથો પ્રકાર છે. સર્વસામાન્ય બહુજન સમાજની કક્ષાનો. અંદર વિકાર તો પડ્યો છે. નિમિત્ત નથી. તો સુષુપ્ત પડ્યો જ છે. પણ 'ધન વરસે, વન પાંગરે'ની જેમ જેવું નિમિત્ત મળ્યું કે પ્રલોભનને વશ બની જાય છે. એટલે વહેવાર સલામત રસ્તો દુન્યવી ડહાપણનો એ છે કે નિમિત્ત જ ન આપવું અથવા નિમિત્તથી દૂર રહેવું.

શ્રી રવિશંકર મહારાજ કહેતા હોય છે કે, રૂપ અને પૈસાનું ખુલ્લું પ્રદર્શન ન કરવું જોઈએ.

વિકારી વૃત્તિ મનમાં જાગે ખરી, પણ આક્રમણ કરવાની કે પ્રતિષ્ઠાને ભોગે સામે ચાલીને પ્રલોભનના મોઢામાં જઈને જાતનો શિકાર થવા દેવાની હદે. તે જવા દેતી નથી. આમ નિમિત્ત ન મળે તો માણસમાં પડેલી કુવૃત્તિ મનમાં જાગે તો યે એને બહાર વ્યક્ત ન થવા દેવા જેટલી મર્યાદા રહેતી હોય છે. કહ્યું છે ને કે,

'મન જાયે તો જાને દે, મત જાને દે શરીર,
બીગર છોડી કામડી કયું લગેગા તીર.

તીર ન છૂટે ત્યાં સુધી નિશાનને વાગે નહિ, ની જેમ મનના ભાવ જાગે તેમ છતાં સમાજમાં આબરૂ જવાના ભયે, શરીરની ઇન્દ્રિયોને પરાણે કાબુમાં રાખીને છૂટો દોર આપવાનું માણસ ટાળતો હોય છે. આમ સામાજિક-નૈતિક શેહ-શરમ સમાજની સલામતીમાં એક મહત્વનું યોગદાન આપે છે. અને વ્યક્તિ પણ ભલે સ્થૂળ રીતે, સલામત રહી શકે છે.

પરંતુ કોઇક ક્ષણ એવી આવે કે પ્રલોભન જાણે આમંત્રણ આપતું સામે જ ઊભું હોય. અને ત્યારે પેલી મનમાં પડેલી વિકારીવૃત્તિ જોર કરી જાય. કોઇ જોનાર નથી, જોતું નથી એની ખાત્રી થતાં, શરીરને વશ રાખવા જેટલો સંયમ રાખી શકાય નહિ. અને પરવશ સામે પડેલા પ્રલોભનને વશ બની જવાય.

આવા પ્રલોભનનું નિમિત્ત સહજ આવી મળ્યું હોય. અથવા કસોટી કરવા કોઇએ યોજનાપૂર્વક ગોઠવ્યું હોય. એ સવાલ અહીં પ્રસ્તુત નથી. નિમિત્ત મળતાં, એનામાં લોભાવા-મોહાવાની માનવ સહજ નબળાઇને વશ બની જવા જેટલી પામરતા માણસમાં રહેલી છે. માટે તો નિમિત્તથી દૂર રહેવાની-ભાગવાની વાતને વહેવારુ ડહાપણ માન્યું અને એમાં જાતની અને સમાજની સલામતી માની.

પણ અહીં પ્રશ્નનો અંત આવે છે ? આ સલામતી ટકાઉ કાયમી-ગણાય ? નિમિત્તોથી ભાગીભાગીને માણસ ક્યાં ભરાઇ બેસવાનો ? નિમિત્ત ન જ મળે એવી દુનની જગા ક્યાં શોધવી ? અને દુર કરવા જેવું શું છે ?

આમ પ્રશ્નાર્થ તો ઉભા જ રહે છે.

પેલા ઋષ્યશૃંગ મુનિનો દાખલો છે જ ને ?

પુત્રને જન્મથી જ જંગલમાં ઉછેર્યો. નારીજાતિનું રૂપ તો શું, નામસ્મરણ કાને પડવા દીધું નહિ. યુવાનવય સુધી નારી શું એની કલ્પના પણ ન આવી. આવા ઋષિપુત્રને એક જ વખતના નારી કંઠે ગવાતા ગીતનું કાને શ્રવણ થવું અને પછી એ ગીતના સૂરેસૂરે એની પાસે જઈ એ નારીનું રૂપ જોવું. બસ, માત્ર એક જ વખતનું આ કંઠ અને રૂપનું માધુર્ય, પ્રલોભન એને પરવશ બનાવે છે. વરસોની સાધના તજી, ઋષિપિતાની આજ્ઞા લેવા રોકાયા વિના આશ્રમ છોડીને પેલી સ્ત્રીની પાછળ પાછળ એ ચાલી નીકળે છે.

આમ માત્ર એકલા નિમિત્તને દૂર રાખવાથી પણ પ્રશ્નનું પૂર્ણવિરામ મુકાઇ જતું નથી. મૂળમાં તો પેલી કામ-લોભની પડેલી મનની વૃત્તિ છે. વાસના છે. માનવ સમાજની પ્રગતિ અને વિકાસ માટે માણસમાં રહેલી આ વાસનાવૃત્તિનું નિરાકરણ કરવું એ જ સાચો અને કાયમી ઉપાય છે. અને વ્યક્તિની તેમજ સમાજની સાચી અને કાયમી સલામતી પણ એમાં જ છે.

વૃત્તિનું આવું નિરાકરણ નિમિત્તને દૂર રાખવાથી કે તેનાથી ભાગવાથી ન આવે. સહેજે મળ્યું હોય કે સામે ચાલીને મેળવ્યું હોય પણ, નિમિત્ત સામે હોવા છતાં કામ-લોભ જેવા કષાયોની વૃતિ જાગે જ નહિ એવી વાસના-મુક્તિ કે વાસનાક્ષય કરવાના પ્રયોગો થતા રહેવા જોઇએ. ભૌતિકવિજ્ઞાન ક્ષેત્રે પ્રયોગો કે સંશોધન થાય છે તેમ મનો-વિજ્ઞાન અને આત્મવિજ્ઞાનને ક્ષેત્રે પણ સંશોધન-પ્રયોગ થવા જોઇએ.

ભલે ગુરુની આજ્ઞાથી, પણ સ્થૂલિભદ્રનો એ એક પ્રયોગ જ હતો. એમાં એ અગ્નિશુદ્ધ પાર ઉતર્યા. વ્યક્તિગત પોતે તો કસોટીમાં ઉત્તિર્ણ થયા જ, સાથે કોશાના ગણિકાજીવનનું પણ સંપૂર્ણ પરિવર્તન થયું. આમ સામાજિક દૃષ્ટિએ એનું મોટું મહત્વ ગણાય.

યશવંતભાઇ કહે છે, 'કયા તરીકે આ ભવ્ય ગણાય, પણ બોધક પ્રસંગ તરીકે એનું મહત્વ કેટલું ?'

તો યશવંતભાઇએ જ તાજો ગાંધીજીનો દાખલો આપ્યો છે. એ કથા નથી હકીકત છે. અને સ્થૂલિભદ્રના પ્રયોગથી પણ આગળ જાય એવું એ તાજું ઉદાહરણ છે. કોઇના કહેવાથી નહિ, સ્વયં અને યજ્ઞકાર્ય સમજીને એમણે આ પ્રયોગ કહો તો પ્રયોગ દ્વારા જાતને કસોટીએ ચડાવી હતી. સંજોગોવશાત્ એ પડતો મૂકાયો. સમાજને એનું પરિણામ જાણવા ન મળ્યું અને એક અધિકારી પુરુષના અનુભવથી જગત વંચિત રહ્યું એ ખરું પણ અધિકારી પુરુષો-પાત્રો-આવી કસોટીમાં પોતાની જાતને મૂકે એ માનવજાતની પ્રગતિ માટે ઉપકારક જ ગણવું જોઇએ. અલબત્ત એમાં જોખમ ઓછું નથી. કોઇક એ જોખમ ઉઠાવીને જાતને તાપણીમાં મૂકે તો એ વલણ બોટું છે એમ માનવું એ બરાબર નથી લાગતું.

પ્રયોગમાં નિષ્ફળતા મળે એમ પણ બને. તો નિષ્ફળતાના અનુભવનો બોધ બીજા પ્રયોગકારોને કર્યા, કેવી, સાવધાની રાખવી, એનો પદાર્થપાઠ પૂરો પાડશે. અને સફળ થશે તો, સાચા પુરુ માટે પ્રેરક ષઆગદશાથી'ઓનેનર્ભને કશેમ.

અનુકરણ થવાનો અને એનો દાખલો લઇ-દઇ-દંભ પોષા-વાનો યે સંભવ ઓછો નથી જ. સામાન્ય રીતે તો 'ગુરુ કરે તેમ નહીં, પણ ગુરુ કહે તેમ' કરવું એમ સંતોએ-શાસ્ત્રોએ કહ્યું જ છે. છતાં કુવૃત્તિને પોષવા માટે જે અનુકરણ કરશે, તેનો દંભ વહેલોમોડો ખુલ્લો પડશે જ. કહ્યું છે ને કે,

મોતી ઐરણમાં ઓરાય, માથે ઘણ કેરા ઘાવ,
ફૂટે ફટકીયા કહેવાય, સાચાની ખરે ખબર્યું થાય.

આમ કસોટી વિના તો સાચા ખોટાની ખબરે ય કેમ પડે ?

નિષ્ફળતાના ડરથી પ્રયોગ કરવાનું માંડી વાળ્યું હોત તો માનવજાતનો આજનો વિકાસ જ ન થયો હોત.

અહીં સવાલ થઇ શકે કે, પ્રયોગનો અધિકાર કોનો ?

આનો ન્યાય બીજા ન કરી શકે. કસોટીમાં મૂકનાર પોતે જ એનો વિવેક કરીને જાતનો ન્યાયાધીશ બની શકે.

આમ સરવાળે, કયું વલણ સાચું એમ પ્રશ્નાર્થ મૂકી મુદ્દાને વિવાદાસ્પદ ગણવાને બદલે દરેકની પોતપોતાની મર્યાદા-કક્ષા પ્રમાણે પોતપોતાના સ્થાને કયું વલણ વાજબી તે વિચારાય તો મુંઝવણ અનુભવવી ન પડે એમ લાગે છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ : ગુજરાત-સૌરાષ્ટ્ર વાવાઝોડા રાહત ફંડ

★

ગુજરાત-સૌરાષ્ટ્રમાં, તાજેતરમાં થયેલા વાવાઝોડા અને વરસાદના કારણે લગભગ ૪૦૦ માનવીઓના મૃત્યુ થયા છે. અસંખ્ય ઘરો ધરાશાયી થયા છે. પશુઓની પણ મોટા પ્રમા-ણમાં જીવહાની થઇ છે. જમીન તેમજ ખેતીવાડીને પણ મોટું નુકસાન થયું છે-અસંખ્ય માણસો ઘરબાર વિનાના થયા છે. એ નિરાધાર બનેલા આપણા ભાઇઓને મદદ કરવી તે આપણી પવિત્ર ફરજ બની રહે છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘે 'ગુજરાત-સૌરાષ્ટ્ર વાવાઝોડા રાહત ફંડ' શરૂ કર્યું છે. સંઘના સભ્યો, આજીવન સભ્યો, પેટ્રન મેમ્બરો તેમજ સંઘના શુભેચ્છકોને પોતાનો યોગ્ય ફાળો સંઘના કાર્યાલય પર સત્વર મોકલી આપવા માટે નમ્ર વિનંતિ કરવામાં આવે છે.

રાહત ફંડમાં આપવામાં આવેલું દાન આવકવેરા ધારાની ૮૦ જી. કલમ હેઠળ કરમુક્ત રહેશે. સંઘ દ્વારા એકઠી થયેલી રકમ ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્રને મોકલવામાં આવશે. ચેક "Bombay, Jain Yuvak Sangh"ના નામનો મોકલવો.

ઉપરની અપિલના અનુસંધાનમાં નીચે પ્રમાણેની રકમો પ્રાપ્ત થઇ છે, તેનો સાભાર સ્વીકાર કરીએ છીએ.

૧૦૦૧ સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ
૧૦૦૧ શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી
૫૦૧ શ્રી ચીમનલાલ જે. શાહ
૫૦૧ મે. સી. કે. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ
હા. શ્રી પ્રવિણભાઇ કે. શાહ
૫૦૧ શ્રી વાડીલાલ જેઠાલાલ શાહ
૫૦૧ શ્રીમતી ચંપાબહેન લક્ષ્મીચંદ વોરા
૫૦૦ શ્રી રમેશભાઇ નાણાવટી
૨૫૧ શ્રી હેમેન્દ્ર શાન્તિલાલ દેવજી નન્દુ
૨૫૧ મે. વીશા પ્રિન્ટરી
હા. શ્રી. દામજી વેલજી શાહ
૨૫૧ શ્રી કે. પી. શાહ
૨૫૧ શ્રી દેવચંદ આર. ગાલા
૧૦૧ શ્રી પ્રવિણભાઇ મંગળદાસ શાહ

રૂા. ૫૬૧૧

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ-મંત્રીઓ

નિર્દોષ પશુઓની કતલ

• પૂ. સંત શ્રી પ્રમુખસ્વામીજી

અહિંસા એ પરમ ધર્મ કહેલો છે. દરેકના જીવનમાં અહિંસા હોવી જોઇએ. ધર્મના પાયામાં સત્ય, અહિંસા, દયા ને બ્રહ્મચર્ય આ ચાર વાતો મુખ્યપણે ઉપદેશાઇ છે. એનું જેટલું રક્ષણ કરીશું તેટલું આપણું રક્ષણ થવાનું છે. 'ધર્મો રક્ષતિ રક્ષિત:' રક્ષાયેલો ધર્મ જ આપણું રક્ષણ કરે છે. આ ચાર પાયાની વાતોને જીવનમાં વણી લેવાની છે.

ભારતની મોટી કમનસીબી એ છે કે આજે બિનસાંપ્રદાયિકતાનો સિદ્ધાંત સ્વીકારી હિંસા વહોરીને સત્ય, અહિંસા, દયા ને બ્રહ્મચર્ય સમન્વિત માનવધર્મને આપણે પંગુ બનાવી દીધો છે. આપણા દેશનેતાઓ કે બીજા અધિકારીઓ હિંસાની બાબતમાં હાથ ઊંચા કરી નાખે છે. એમ કે–'આમાં અમારાથી કંઈ થઇ શકે નહિ અમે બિનસાંપ્રદાયિક છીએ, જેને જે કરવું હોય તે કરે.' ખરું જોતાં આપણો હિંદુ ધર્મ આની ના પાડે છે કે અહીં તો અહિંસાને જ મહત્ત્વ અપાયું છે. સત્ય દયા ને બ્રહ્મચર્યનું સંરક્ષણ અહિંસાથી થાય છે.

શ્રીજી મહારાજે અહિંસા ઉપર ખૂબ ભાર આપ્યો છે. એમના સમયમાં થતી હિંસાને અટકાવવા તેમને ઘણું સહન કરવું પડેલું. યજ્ઞોમાં પશુ કપાવાં જ જોઇએ એવી કુમાન્યતા સમાજમાં ઘર કરી ગયેલી. યજ્ઞકર્તાઓએ યજ્ઞહિંસા વેદમાન્ય ને શાસ્ત્રોક્ત છે, એવું ઠસાવી દીધેલું. પશુઓનું સર્જન યજ્ઞ માટે જ છે, એવું બ્રાહ્મણો પ્રતિપાદન કરતા. શ્રીજી મહારાજે ઠેર ઠેર અહિંસામય યજ્ઞો શરુ કર્યા.

કચ્છમાં ભૂજના દિવાન જગજીવન બ્રાહ્મણ હતા. એણે મોટો હિંસામય યજ્ઞ શરુ કર્યો. હજારો પશુઓ હોમ માટે ત્યાં એકત્રિત કર્યાં. આમંત્રણ મળવાથી શ્રીજીમહારાજ પણ ત્યાં પંહોચ્યા. શાસ્ત્રાર્થ કરી પંડિતોને સમજાવ્યું કે: 'આપણો આ ધર્મ નથી. તેમાંય બ્રાહ્મણ તો બહુ દયાળુ કહેવાય. એના જીવનમાં આ કતલના વિચારની ગંધ પણ ન સંભવે. તમે નિર્દોષ પશુઓને મારી હોમ કરશો તે કિરતાર સાંખી નહિ લે.' બહુ સમજાવટને અંતે કચ્છના રાજાના હૃદયમાં આ વાત ઉતરી. એણે બધાં પશુઓને છોડી મૂકાવ્યાં. શ્રીજીઇચ્છાથી વિપ્રોમાં તડ પડી નેષ્ટમાંહિ માંહી એ માંસભક્ષીઓનું નિધન થયું. ભગવાન સ્વામિનારાયણે આમ ઠેર ઠેર અહિંસાનું પ્રતિપાદન કરેલું છે.

'આજે કતલખાનાં કરવામાં કોઇ પાપ નથી' એવું સમાજને ઠસાવવામાં આવે છે. પૈસા માટે જ આ બધું થાય છે. એક કમભાગ્ય છે કે માણસ આ અધર્મના ધન પાછળ દોટ દઇ કતલખાનાં ઊભાં કરે છે. આપણા લોહીમાં આ સંસ્કાર ન હોવા જોઇએ. મનમાં પણ એવો વિચાર ન આવવો જોઇએ કે મારે કતલખાનું કરવું છે અથવા એને પ્રોત્સાહન આપવું છે. નિર્દોષ પશુઓની હત્યા કરી, પૈસા મેળવી કદી ભારત સુખી નહિ બને. એના કરતાં બહેતર છે કે આપણું અસ્તિત્વ ન હોય.

આપણે બીજી ઘણી શુભ પ્રવૃત્તિઓથી જીવન જીવી શકીએ. ભગવાને સુવિધાઓ આપી છે. છતાં આજનો માનવ આવા કુત્સિત વિચારોમાં ને અકાર્યમાં જીવનને બરબાદ કરે છે. કતલ માટે સરકાર તરફથી લાઇસન્સ ને સુવિધાઓ મળતી હોય તો એ ભારતનું મોટું કમનસીબ છે. 'યથા રાજા તથા પ્રજા' જેવું રાજકર્તાઓ, દેશના સૂત્રધારો કરશે તેમ પ્રજા અનુસરશે. કૂવામાં છે તેવું હવાડામાં આવે જ. આજે વ્યક્તિએ જ સૂત્રધારોને જાગૃતિ આપવી પડશે.

આપણા દેશનેતાઓ હિંદુસ્તાનના કહેવાય, હિંદુ સંસ્કૃતિના હિમાયતી કહેવાય, ને એમનો ધર્મ પણ હિંદુ છતાં એમનામાં આવી ભાવના કેમ? ગાંધીજી આપણા રાષ્ટ્રપિતા કહેવાય એમના જ સિદ્ધાંતોનો આજે હ્રાસ થઈ રહ્યો છે. એમને આ બધું જોઇને શું શાંતિ મળતી હશે? રાષ્ટ્રપિતા તો બિચારા કોઈ જીવને દુ:ખ થાય નહિ એ રીતે વર્ત્યા છે. એમણે અહિંસાની રીતે જ પોતાનું કાર્ય કર્યું છે ને બધાને એ રીતે સમજાવ્યું છે. એના થકી આપણને રાજ મળ્યું, એના રાજ ઉપર બેસી રાજકર્તાઓ જો આવું ચલાવતાં હોય તો ખરેખર મોટી કમનસીબી છે.

વિનોબાજી જેવા સંત પુરુષ અહિંસાનો આગ્રહ રાખી કાર્ય કરતા હોય ને એમની વાત આપણા મગજમાં ન આવે એ જ બતાવે છે કે આજે હિંસાનું કેટલું પ્રમાણ વધી ગયું છે!

આપણો ધર્મ કેટલીયે રીતથી નષ્ટ થઈ રહ્યો છે. ખબર ન પડે ને આપણો ધર્મ જાય છે. વૈન કેન પ્રકારેણ આજે પૈસા જોઇએ છે. માંસાહાર વેચીને આવેલો પૈસો બુદ્ધિ બગાડશે જ. એ હિંસાવાળી થશે.. કદી નહિ સુધરે. આહાર એવા ઓડકાર કહેવાય છે. કર્મ તેવા વિચારો આવે જ. એ આજે પ્રત્યક્ષ દેખાય છે. આપણા ઘણા રાજ્યોમાં દારુની છૂટ થઇ ગઇ છે. આજે ગુજરાતમાં બંધી છે .પરંતુ તેની ય છૂટ કરવાના વિચારો રાજકર્તાઓમાં પેઠા છે. તેઓ ય પાછા કહેવાય ગાંધીવાદી! ને દારુબંધીને છૂટી કરવાની વાત કરે! વળી અન્ય રાજ્યોમાં પશુઓ મોકલી કતલખાનાંને જો પ્રોત્સાહન અપાતું હોય તો એ મોટી કમનસીબી જ નહિ તો બીજું શું?

આજે વિનોબા ભાવે ને બીજી સંસ્થાઓ ગોવધબંધી માટે જોર શોરથી કાર્ય કરી રહ્યા છે. આપણે પ્રાર્થના કરીએ કે એમનામાં આ બળ ને શક્તિ વધતાં રહે. કતલનું કાર્ય બંધ થઇ જાય. જો કે કર્તાહર્તા ભગવાન છે, મારવા જીવાડવા એમનું કાર્ય છે, છતાં આપણે નિરાંત લઇ બેસવાનું નથી. એમણે જે કંઇ ઉપાડયું છે તે ભગવાન પ્રેરિત જ કાર્ય છે. જનતાએ પણ નિરાશ થવાની જરૂર નથી કે રાજસત્તા પાસે આપણું શાણપણ કેટલું? મંડી જ પડો. ગાંધીજીએ કહેલું કે દોઢસો વરસના પાયા એમ ને એમ ગયા છે. એ સાચું છે.

આજના વાતાવરણમાં આપણો સાચો પરિશ્રમ હશે તો ભગવાન જરૂર ભળશે. દારુ, ચોરી, માંસાહાર ને વ્યભિચાર વગેરેનાં દૂષણો જો સમાજમાં પેસશે તો દેશને સારો, સુખી ને સમૃદ્ધ કરવો છે તે કયાંથી થશે? સમાજ ભૂંડો તો દેશ ભૂંડો ને સમાજ સારો તો દેશ પણ સારો. વ્યક્તિ બગડેલી હશે તો સમાજ નહિ સુધરે. વ્યક્તિમાં જ હિંસાના, વ્યસનોના વિચારો

હશે. એને પ્રોત્સાહક વાત થતી હશે તો કોઇ દિવસ શાંતિ નહિ સ્થપાય.

ભગવાન સ્વામિનારાયણે એક એક વ્યક્તિનું જીવન ઘડયું. એમણે પાંચસો વિરક્ત સંતો તૈયાર કર્યા ને સૌને ગામડે ગામડે ઘૂમતા કર્યા. આવી વ્યક્તિગત સુધારણાથી સમાજ સુધર્યો. આજે પણ એમના રાહે સ્વામિનારાયણીય સંતો આદિવાસી જેવા વિસ્તારોમાં આ કાર્ય કરી રહ્યા છે. ધર્મપરિવર્તન કરતાં જીવન પરિવર્તન કરો. સમાજને મજબૂત બનાવવા વ્યક્તિએ જ સુધરવું પડશે.

આજે નિર્દોષ પશુઓની હિંસા થઇ રહી છે ત્યારે સૌએ સમજવું ઘટે કે ગમે તેમ તો યે એ ઢોર છે. એના થકી આપણે ઘણો લાભ મેળવ્યો છે. હવે વૃદ્ધ થાય પછી કંઇ તેનો ત્યાગ કરવાનો ? એને આપણે પાલવવાનું જ છે. આખા જીવન દરમ્યાન એનો લાભ લઇ ઘરડું થતાં કસાઇને વેચવું એ માનવતા નથી. પ્રભુએ જે રીતે એને આવરદા આપી હોય તે રીતે સુખદુઃખ વેઠીને પણ આપણા આંગણે જ તેનો દેહ પડે એ રીતે માવજત કરવી જ રહી. આજે ઘરડા પશુને કતલખાને મોકલવાનો વિચાર આવે છે. કાલે એવો પણ વિચાર આવશે કે મા-બાપ વૃદ્ધ થયાં છે તેને પણ કતલખાને મોકલી દો. આવા દુષ્ટ વિચારો આવતાં વાર નહિ લાગે. કારણ કે આજનું વાતાવરણ જોતાં અધમગતિના વિચારો સાહજિક થઇ પડયા છે ! જેના થકી જન્મ થયો, જેણે મોટા કર્યા, જેનાથી જીવન કલ્લોલતું થયું તે માબાપને જ શું વૃદ્ધાવસ્થામાં ન પાલવી શકો ? એમની સેવા ન કરી શકો ? તમારી સેવા એમણે કેટલી બધી કરી છે ! પેટે પાટા બાંધીને, સુખદુઃખ વેઠીને જેણે આપણને ઉછેર્યા, ભણાવ્યા-ગણાવ્યા ને તેમની જ સેવા ન કરી શકીએ તે કેવી બુદ્ધિ !

જેનો લાભ આપણે જીવન પર્યંત લીધો છે તેનો પણ વિચાર કરવો. પછી એ ભલે ગમે તે પ્રાણી હોય, ભગવાને એને જે આયુષ્ય આપ્યું છે, તે આપણે ત્યાં જ પુરું થાય એવું ઇચ્છવું જોઇએ. પશુ વધારાના છે. માટે નાખો કતલખાને એવો વિચાર સુધ્ધાં આવવો ન જોઇએ.

ગાયોથી ને તેના બળદોથી આપણે આજ સુધી કેટલો લાભ લેતા આવ્યા છીએ ! વાછરડાં, ગાય બળદ-આખો ગોવંશ માનવજીવનને કેટલો લાભદાયી નીવડયો છે ? એને કતલખાનામાં આપીને માણસ સુખી થવાની લાલસા રાખે છે. પણ એ સુખી નહિ થાય. જેનો આજ સુધી લાભ લીધો હોય તેને નીરણપૂળો કરીને આયુષ્યપર્યંત સાચવવામાં જ ખરી માનવતા છે. આપણાથી તેની સારવાર થાય તેટલી કરવી પછી આવરદા પૂરી થયે તે જવાનું જ. પણ એ કતલખાનામાં જાય ને કમોતે મરે તેના-નિર્દોષ જીવના-નિઃસાસા માનવજીવનને વેરાન કરી મૂકે છે. પશુને વેચી મળતો પૈસો એ પૈસો નથી, નર્યું પાપ છે. વ્યક્તિની, સમાજની દેશની કે આખા વિશ્વની આકૃતોમાં આવું ઘોર પાપ કારણભૂત બને છે. આ પ્રકારનો કમાઉ વિચાર દેશ, સમાજ કે વ્યક્તિ માટે ખતરારૂપ છે.

આજે આપણે સૌએ ગોવંશવૃદ્ધિના ભદ્રવિચારમાં ભળવાનું છે. જેને ત્યાં જે ઢોર જેટલી વયનું છે તેને તે સાચવે. શા માટે ન સાચવે ? જેનાથી અનેક લાભ લીધા છે તેને સાચવવું જ જોઇએ એ માનવ માત્રની ફરજ છે. મા-બાપને પાલવવાં, કુટુંબને પોષવું, બાળકોને સારા સંસ્કાર આપવા, પશુઓની માવજત કરવી એ આપણી ફરજો છે, હિંદુધર્મની શીખ છે.

આપણે ત્યાં વિદેશી વિચારોનું આક્રમણ વધતું જાય છે. ત્યાં મોટા જીવલેણ ભાવિ યુધ્ધોની સામગ્રી તૈયાર થઇ રહી છે. તેનું કારણ એ લોકોનું માનસ જ એવું હિંસાત્મક રહેતું આવ્યું છે. ત્યાંના બાળમાનસમાં જ લડાયક સંસ્કારોને પોષક અદ્યતન વિચારોની વણઝાર વહે છે. પળમાં સર્વનાશ કરવાના વિચારોની પાછળ માંસાહાર એક પ્રબળ કારણ છે.

હિંદુસ્તાનમાં રહેનાર આપણે સૌ સંસ્કૃતિરક્ષક હિંદુ છીએ. આપણા લોહીમાં, નસેનસમાં સત્ય, અહિંસા, દયા ને બ્રહ્મચર્ય નિરંતર વહેવાં જોઇએ.

પરમાનંદ કાપડિયા પારિતોષિક

૧૯૮૦-૮૧ ના વર્ષ માટેનું પારિતોષિક શ્રી વત્સલ વસાણીને તેમની કૃતિ 'જાગીને જોઉં તો'-માટે પુરસ્કૃત કરવામાં આવ્યું છે.

તેઓ છેલ્લા સાતેક વર્ષથી સ્વતંત્ર ચિકિત્સક તરીકે આયુર્વેદિક-તબીબી સેવાઓમાં વ્યસ્ત છે. કટાર લેખક તરીકે પૂર્વે-સંદેશ અને હાલ 'ગુજરાત સમાચાર'ના વાચક વર્ગમાં નોંધપાત્ર લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. અંતરના ઝરણાં,' 'જાગીને જોઉં તો' ઊંઘમાં 'અટપટા ભોગ ભાસે.' જેવી દાર્શનિક પૃષ્ઠભૂ ધરાવતી કટારો લખ્યા પછી, હાલ, ગુજરાત સમાચારમાં 'અંતર વરસે અનરાધાર' નામની કટાર લખી રહ્યા છે.

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા પારિતોષિક સૂચિ

વર્ષ	લેખક	ગ્રંથ
૧૯૭૪-૭૫	અમૃતલાલ યાજ્ઞિક	આત્મગંગોત્રીના પુનિત જળ'
૧૯૭૬-૭૭	ઉમાશંકર જોશી	'કેળવણીનો ક્રાંતિયો'
૧૯૭૮ ૭૯	ડો. જયેન્દ્ર શાસ્ત્રી	'શિક્ષણ દર્શન પરિભાષા કોશ'
૧૯૮૦-૮૧	વત્સલ વસાણી	'જાગીને જોઉં તો'

સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મૃતિ વિશેષાંક

'પ્રબુધ્ધ જીવન'ના તંત્રી અને સંઘના પ્રમુખ ચીમનલાલ ચકુભાઇ શાહનો શનિવાર, તા. ૨૦-૧૧-૧૯૮૨ના રોજ દેહવિલય થયો. 'પ્રબુધ્ધ જીવન'નો તા. ૧૬-૧૨-૧૯૮૨ નો અંક 'સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મૃતિ વિશેષાંક તરીકે પ્રગટ થશે. એમની બહુમુખી પ્રતિભા, ધર્મ-અધ્યાત્મ, સમાજ અને રાષ્ટ્રીયસ્તરે એમના પ્રદાનને આવરી લેતાં લેખો આ વિશેષાંકમાં પ્રગટ કરવામાં આવશે.

આ વિશેષાંકને લક્ષમાં રાખી 'પ્રબુધ્ધ જીવન' ના તા. ૧૬-૧૨-૧૯૮૨ અને તા. ૧-૧-૧૯૮૩ ના અંકો સંયુકત અંક તરીકે પ્રગટ થશે, એટલે કે તા. ૧-૧-૧૯૮૩ નો અંક પ્રગટ થશે નહિ.

રમણલાલ ચી. શાહ : મંત્રી.

માલક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ધી રટેસ્ટ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ ૪૦૦ ૦૦૧.

Regd. No. MH/BY/South 54
Licence No. 37

વર્ષ : ૪૪ અંક : ૧૬-૧૭

પ્રબુદ્ધ જીવન

તા. ૧૬-૧૨-૧૯૮૨ અને તા. ૧-૧-૧૯૮૩
વાર્ષિક લવાજમ : રૂ. ૨૦-૦૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂ. ૫-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મૃતિ અંક

જન્મ :
તા. ૧૧-૩-૧૯૦૨

દેહવિલય :
તા. ૨૦-૧૧-૧૯૮૨

☆ મરણભય ☆

મરણભય વિષે લખું છું ત્યારે આત્મા, કર્મ, અમરત્વ, મોક્ષ વગેરેનો વિચાર નથી કરતો. આત્મા છે કે નહિ, હોય તો અમર છે કે નહિ, પૂર્વભવ, પુનર્જન્મ આ બધી વસ્તુ હોય કે ન હોય, કોઈપણ સંજોગોમાં મરણભયનું કારણ નથી એમ મને લાગે છે. આ દેહના અંત સાથે બધાનો અંત આવે છે અને આગળ પાછળ કાંઈ જ નથી એમ માનીએ તો પણ મરણભયનું કારણ નથી. અંત આવી ગયો, છૂટી ગયા, દુઃખ કે ચિંતાને કાંઈ અવકાશ નથી. આત્મા છે અને અમર છે અને પુનર્જન્મ છે એમ માનીએ તો પણ મરણભયનું કારણ નથી. આ દેહ છોડી કયાં જવાના છીએ તે કાંઈ જાણતા નથી. આથી સારી દશામાં કેમ જવાનું ન હોય ? આ જિંદગીમાં એવું કર્મ કર્યું નથી કે તેનું પરિણામ દુઃખરૂપ આવશે એવો ભય હોય. સારી દશા પ્રાપ્ત કરવાના ઈરાદે પણ કાંઈ કર્યું નથી. સહજપણે માણસ તરીકે પ્રાપ્ત કર્તવ્ય કર્યું છે તેનો સંતોષ છે. દેહ યોગથી નીપજે, દેહ વિયોગે નાશ એ સ્થિતિ હોય તો પણ દુઃખ નથી. પુનર્જન્મ હોય તો પણ ભય નથી. અજ્ઞાનથી ભય ઊભો કરવાની જરૂર નથી. એટલું જ્ઞાન નથી કે નિશ્ચિતપણે એમ કહી શકું કે હવે પછી સદ્‌ગતિ છે. જે હોય તે, આ ભવે કાંઈ એવું કર્યું નથી કે ચિન્તા કે ઉદ્વેગ થાય.

મારી પ્રાર્થના છે કે મારો આ ભાવ અંત સુધી ટકી રહે.

— ચીમનલાલ ચકુભાઈ શાહ

સ્વ. ચીમનભાઈની ધર્મભાવના

□ શ્રી મોરારજીભાઈ દેસાઈ

ચીમનભાઈએ જીવી તો જાણ્યું જ. એમણે મરી પણ જાણ્યું. જીવવાનો આનંદ સહુ કોઈને હોય, મરવાનો આનંદ કોઈને ન હોય. પણ ચીમનભાઈને મન જીવવાના કે મરવાના આનંદમાં કોઈ ફરક નહોતો. મૃત્યુ આવવું હોવાનું જાણ્યા છતાં અંતિમ ક્ષણોમાં તેમના મનમાં ધર્મનો વિચાર રહ્યો હતો. જીવનભર ધર્મનો વિચાર કર્યો હોય તો જ મૃત્યુકાળે માણસનું મન ધર્મમય રહે. માણસ સાચીરીતે જીવન જીવ્યો કે નહીં તેની કસોટી તેના મરણ સમયે થાય છે. ચીમનભાઇ એ કસોટીમાંથી પાર ઊતર્યા હતા. મરણ આવી રહ્યું હતું ત્યારે પણ ચીમનભાઈએ સ્વસ્થતા ખોયા વગર લેખનકાર્ય ચાલુ રાખ્યું હતું.

ચીમનભાઈને પહેલી વાર હું ક્યાં અને કયારે મળ્યો તે બહુ યાદ નથી. પરંતુ ઈ. સ. ૧૯૫૨ થી અમારો પરિચય ગાઢ થયો. લોકસભાની પહેલી ચૂંટણી ઈ. સ. ૧૯૫૨ માં થઈ. ચીમનભાઈ સુરેન્દ્રનગર વિસ્તારમાંથી ચૂંટણીમાં ઊભા હતા. તેઓ ચૂંટાઈ આવ્યા. એમના મતવિસ્તારમાં ચૂંટણી પ્રચાર માટે હું ગયો હતો. તે વખતે એમનો મને વિશેષ અંગત પરિચય થયો. ત્યાર બાદ અમે પ્રસંગોપાત મળતા હતા. અમારી વચ્ચેની ચર્ચાઓ સદ્‌ભાવભરી હતી. એમને મારા પ્રત્યે ઘણો સદ્‌ભાવ હતો.

સૉલિસિટર તરીકે ચીમનભાઈ આરંભમાં બીજાથી કદાચ બહુ જુદા ન હતા. પરંતુ પછીથી એમનામાં ધાર્મિક ભાવના ઉત્તરોત્તર વધતી ગઈ. તેની અસર એમના સૉલિસિટર તરીકેના વ્યવસાયમાં પણ વરતાતી હતી. સૉલિસિટર છતાં ઝઘડાઓ શમાવવાનો અને સમાધાન કરાવવાનો તેઓ આગ્રહ રાખતા. આ રીતે એમણે પોતાની તેજસ્વી બુદ્ધિનો સદુપયોગ કર્યો.

ધર્મ અંગે અમારા વિચારો લગભગ સરખા હતા. અમારી વચ્ચે રાજકીય બાબતો કરતાં ધાર્મિક વિષયોની વધુ વિચારણા થતી. નિઃસ્વાર્થપણે બીજાની સેવા કરવી એ જ ધર્મ છે. છતાં ધર્મનું આચરણ સહેલું નથી. આજે ધર્મના નામે ઝઘડા વધી ગયા છે. દુનિયામાં ધર્મને નામે જેટલાં યુદ્ધો થયાં છે એટલાં બીજાં કશા માટે થયાં નથી. ધર્મનું ક્ષેત્ર જ એવું છે એમ નથી, મનુષ્યનો સ્વભાવ એવો છે, તેથી ઝગડા થયા કરે છે. છેવટે અધર્મ ચાલતો નથી. સત્યમેવ જયતે બધા બોલે છે, પણ પાલન કેટલા કરે છે? જ્યાં સુધી કસોટી નથી થતી, ત્યાં સુધી બધા ધર્મની વાતો કરે છે. પણ કસોટી થતાં કેટલા ઓછા લોકો એમાં પાર ઊતરે છે?

માત્ર ક્રિયાકાંડ એ ધર્મ નથી. સાધન ભલે ગણાય. ધર્મમાં તો અભય, અહિંસા, સત્ય અને નમ્રતાઃ એ ચાર અવશ્ય હોવાં જ જોઈએ. એ ચારમાંથી એક ન હોય તો બાકીના ત્રણ અધૂરાં છે. એ ચારે પરસ્પર સંકળાયેલાં છે. ધર્મને સતત આચરણમાં મૂકવો જોઈએ એ ચીમનભાઈની અતૂટ શ્રદ્ધા હતી. એમનાં વાણી અને વર્તનમાં ફરક નહોતો. એમનામાં આંતરનિરીક્ષણ સતત ચાલતું રહેતું હતું. એટલે જ ઉત્તરોત્તર એમની પ્રગતિ થઈ. આ રીતે અમારા વિચારોમાં સામ્યતા હતી. એમાં મુખ્ય કડી હતી ધર્મની. એટલે જ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેઓ મને આગ્રહપૂર્વક બોલાવતા.

માણસના વ્યક્તિત્વનાં આધ્યાત્મિક, સામાજિક અને રાજકીય : આ ત્રણે ય પાસાં તેમણે ખીલવ્યાં હતાં. તેઓ સાચા સાધક હતા. તેમનામાં કરુણા હતી. પોતાના જીવનની સુવાસ મૂકી સેવાનો તથા ઉમદા વિચારોનો વારસો તેઓ આપણને આપતા ગયા છે. આટલી બધી સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા, એ તેમની સુવાસની પ્રતીતિ કરાવે છે. તેમનામાં પ્રબળ સેવા ભાવના હતી. માનવ રાહતનાં કાર્યો, ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર વગેરે દ્વારા કર્યા એ નાનીસૂની વાત નથી. કર્તવ્યપાલનમાં તેઓ ચુસ્ત હતા. તેમનામાં પરિસ્થિતિ અનુસાર સમાધાન વૃત્તિ પણ હતી.

એમના જીવનમાં ઉત્તરોત્તર ધર્મની અસર આવી હતી તે એમના છેલ્લા લેખો બતાવે છે. ધર્મને આચરણમાં મૂકવો જોઈએ એમ તેઓ દૃઢપણે માનતા. એમને એમાં કેટલી આસ્થા હતી તે એમની છેવટની ઘડી સુધીની સ્વસ્થતા પરથી પણ જોઈ શકાય છે.

સ્વ. ચીમનભાઈનો અંતકાળ

□ ડૉ. રમણલાલ ચી. શાહ

સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહનો અંતકાળ એક બહુશ્રુત તત્ત્વચિન્તકને શોભે તેવો હતો. પોતે હૉસ્પિટલમાં દાખલ થયા, ઑપરેશન કરાવ્યું. ઘરે પાછા આવ્યા અને દેહ છોડ્યો ત્યાં સુધીના લગભગ પચાસ દિવસના ગાળાના એમના જીવનકાળને વારંવાર નજીકથી નિહાળવાનું બન્યું અને તેનો પ્રભાવ ચિત્તમાં સુદૃઢ અને અંકિત થયો. શ્રી ચીમનભાઈ સાચા અર્થમાં તત્ત્વચિંતક છે, તેની પ્રતીતિ એમના આ અંતકાળમાં વિશેષપણે થઈ.

છેલ્લાં કેટલાંક વર્ષોથી શ્રી ચીમનભાઈ જાહેર સભાઓમાં, ખાસ કરીને, એમના જન્મદિનની ઉજવણીના પ્રસંગે, વખતોવખત એમ કહેતા : 'મને મૃત્યુનો ભય નથી. આ પળે મૃત્યુ આવે તો પણ હું તે માટે સજ્જ છું.' પોતે ઉચ્ચારેલું આ કથન એમણે પોતાના અંતકાળમાં ચરિતાર્થ કરી બતાવ્યું.

છેલ્લાં દોઢેક વર્ષથી પૂ. ચીમનભાઈની પડોશમાં રહેવાને કારણે મારે વારંવાર સાંજના સમયે એમને મળવાનું થતું. હું મળું ત્યારે જડ અને ચેતન તત્ત્વ, જીવ અને આત્મા, વિશ્વનું સ્વરૂપ અને વ્યવસ્થા વિશે ઘણી વાર ચર્ચા ચાલતી. છેલ્લા દિવસોમાં તેઓ શ્રીમદ્ રાજચંદ્રનો મોટો ગ્રંથ નિયમિત વાંચતા. દેહ અને આત્માની ભિન્નતા અને દેહની અનિત્યતા વિશેનાં શ્રીમદ્ રાજચંદ્રનાં ઘણાં માર્મિક વચનો તેઓ મને વંચાવતા અને એ બધા વિશે પોતે કંઈક લખવા ઇચ્છે છે એમ વારંવાર કહેતા. એમાંના એકાદ વિષય પર એમણે એક લેખ લખીને 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ પણ કર્યો હતો.

ચીમનભાઈનું આરોગ્ય ઠેઠ બાલ્યકાળથી બહુ સુખરૂપ રહ્યું ન હતું. તેમને પેટની તકલીફ વારંવાર થતી હતી. એને કારણે પોતાના જાહેર જીવનમાં હરવા-ફરવાની દૃષ્ટિએ એમણે કેટલીક મર્યાદાઓ સ્વીકારી લીધી હતી. તેઓ પ્રકૃતિએ એટલા સ્વસ્થ અને શાંત હતા કે તેમને હૃદયરોગનો હુમલો થાય એવો સંભવ ન હતો. તેમનું ચિત્તતંત્ર પણ અત્યંત સૂક્ષ્મ આંદોલન ઝીલી-સમજી શકે તેવું સ્વચ્છ, શાંત, નિર્મળ અને સુકુમાર હતું. એટલે ચિત્તાવેગને કારણે થતા કોઈ રોગનો તેમને ભય નહોતો. તેઓ કોઈ વખત કહેતા, 'હું જઈશ તો પેટની બિમારીને કારણે જઈશ.'

૧૯૮૨ ના ૧૧ મી માર્ચના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તેમની ૮૧ મી વર્ષગાંઠ સંઘના પરમાનંદ કાપડિયા હૉલમાં ઊજવવામાં આવી હતી. તે દિવસે સાંજે કાર્યક્રમ પછી સાથે ઘરે પાછા ફરતાં એમણે મને કહ્યું, 'હું બહારથી જેટલો સ્વસ્થ દેખાઉં છું તેટલો અંદરથી સ્વસ્થ નથી. આઈ ફીલ અ લમ્પ ઇન માય સ્ટમક. હું હવે બહુ લાંબું જીવવાનો નથી. મારો અંતકાળ નજીક આવી રહ્યો છે.'

[અનુસંધાન : મુખપૃષ્ઠ-૩]

એમના જેવી વ્યક્તિ સ્વસ્થતાપૂર્વક પોતાના વિશે આવી વાત કરે તો તે માનવી રહી, પરંતુ તેઓ સવારથી સાંજ સુધી ઘરે અને ઑફિસે જે રીતે કામ કરતા તે જોતાં તથા બોલવામાં, લખવામાં, વિચારવામાં, યાદ રાખવામાં, ટકોર ચાલવામાં તેઓ જે સ્ફૂર્તિ દાખવતા તે જોતાં તેમની શક્તિ ક્ષીણ થતી જાય છે તેવું જરાપણ લાગે નહીં.

છેલ્લાં કેટલાંક વર્ષોથી તેઓ મુંબઈ બહાર બહુ ઓછું જતા, પરંતુ મુંબઈમાં અનેક સભાઓમાં તેઓ સમયસર પહોંચી જતા અને પોતાનું સચોટ વક્તવ્ય રજૂ કરતા. તેમની સ્મરણશક્તિ તીવ્ર હતી અને અનેક વ્યક્તિઓ વિશે, ગ્રંથો વિશે, સૉલિસિટર તરીકેના પોતાના વ્યવસાયની બાબતો વિશે ઘણી બધી વાતો સ્મૃતિને આધારે તરત કહી શકતા. તેઓ પોતાનાં રોકાણો માટે કોઈ નોંધ રાખતા નહીં; પરંતુ ચાર-છ મહિના સુધીનાં પોતાનાં રોકાણોની તારીખો તેમને સહજ રીતે યાદ રહેતી. એવું ક્યારેય સાંભળ્યું નથી કે ચીમનભાઈએ સ્મૃતિ-દોષને કારણે એક જ દિવસે અને સમયે બે રોકાણો સ્વીકારી લીધાં હોય, અથવા કોઈ સ્થળે જવાનું ભૂલી ગયા હોય. જીવનના અંતિમ સમય સુધી એમની સ્મૃતિશક્તિને કશી જ અસર પહોંચી નહોતી.

તા. ૧૮મી સપ્ટેમ્બરના રોજ તેઓ લોકમિત્ર નામની સંસ્થાના ઉદ્ઘાટન પ્રસંગે ગયા હતા. એ દિવસે એમણે ત્યાં લગભગ એક કલાક પ્રવચન કર્યું હતું. એમની વાગ્ધારા અસ્ખલિત હતી. એ દિવસે રાત્રે હું એમને ઘરે મળવા ગયો હતો, પરંતુ તેઓ રોજની જેમ સોફા પર બેસી વાંચતા નહોતા, પથારીમાં સૂઈ ગયા હતા. મેં પૂછ્યું તો કહ્યું, 'પેટમાં બહુ જ દુખે છે. કશું ખવાયું નથી. ઊલટી થાય એવું થયા કરે છે. ડૉક્ટરને બોલાવ્યા છે. સાંજના કાર્યક્રમમાં મનની પૂરી સ્વસ્થતાથી બોલ્યો, પરંતુ આખો વખત પેટમાં સતત દુખ્યા કરતું હતું.'

એ દિવસ સુધી ચીમનભાઈ સવારથી સાંજ સુધી પોતાના નિયતક્રમ પ્રમાણે ઘરે અને ઑફિસે પુષ્કળ કામ કરતા રહ્યા હતા.

ડૉક્ટરે આવી સલાહ આપી હૉસ્પિટલમાં જઈને નિદાન કરાવવાની. બે દિવસ પછી હૉસ્પિટલમાં તેઓ દાખલ થયા. ચીમનભાઈ ઘરનાં સ્વજનોને કેટલાક સમય પહેલાંથી કહેતા રહ્યા હતા: 'મને હમણાં હમણાં પેટમાં વારંવાર જે દુખાવો થયા કરે છે તે કૅન્સરનો જ હોવો જોઈએ, અને આ કૅન્સરને કારણે થોડા સમયમાં મારું જીવન પૂરું થશે.' આવું કહેતી વખતે એમના ચહેરા ઉપર કે એમની વાણીમાં ચિન્તા કે ગભરાટનો જરા સરખો પણ અંશ જણાતો નહીં.

નિદાન માટે તેઓ જૈન ક્લિનિકમાં દાખલ થયા અને ત્યાર પછી પેટનું ઑપરેશન થયું ત્યાં સુધીના દિવસો દરમિયાન તેઓ સવારથી સાંજ સુધી હૉસ્પિટલમાં તેમની ખબર જોવા આવનાર અનેક લોકોને મળતા, વાતો કરતા અને પોતાની જીવનલીલા હવે પૂરી થવામાં છે એવાં ગર્ભિત સૂચનો પણ કરતા. હૉસ્પિટલમાં પણ ક્યારેક તેઓ ખાટલા પર સૂવાને બદલે બહાર લૉબીમાં સોફા પર બેઠા હોય અને બધાની સાથે હસીને વાતો કરતા હોય. એક વખત તો મેં કહ્યું પણ ખરું, 'કાકા, અત્યારે તમે પોતે કોઈ દરદી જેવા લાગતા નથી, પરંતુ જાણે કોઈ દરદીની ખબર જોવા આવ્યા હો એવા લાગો છો.'

ઑપરેશન થયું ત્યાર પછી તેમના જીવનનો એક નવો તબક્કો ચાલુ થયો. કૅન્સરની ગાંઠ છે અને તે ઘણી પ્રસરી ગઈ છે એ પ્રકારનું નિદાન થયા પછી અને બાયપાસ સર્જરી થયા પછી ચીમનભાઈને અસહ્ય પીડા થવા લાગી. ક્યારેક એમને રાહત મળે તે માટે વેનનાં ઇન્જેક્શન પણ અપાયાં. તેઓ ઘણુંખરું પથારીમાં સૂતા હોય અને ઊંઘતા હોય અથવા અર્ધજાગૃત દશામાં હોય. હવે એકસાથે વધારે સમય બેસવાની કે વાત કરવાની એમની શક્તિ ઘટતી જવા લાગી. જે બોલે તેમાં પણ વાક્ય પૂરું થતાં ઠીક ઠીક વાર લાગતી. એવે સમયે પણ એમણે 'પ્રબુદ્ધ જીવન' માટે લેખ લખાવ્યો. આ દિવસો દરમિયાન એમનું ધર્મચિંતન સવિશેષપણે ચાલ્યું. ધર્મ પ્રત્યે તેઓ પૂરી આસ્થાવાળા હતા. પરંતુ તેઓ બુદ્ધિશાળી હતા તેથી તર્કસંગત વાત સ્વીકારવાનું તેમને વધારે ગમતું. પરંતુ હવે તેઓ કંઈ વિશેષ ભાવાર્દ્ર બન્યા હતા. આ વિશ્વનાં તમામ ગૂઢ રહસ્યોનો તાગ મેળવવાનું ગજું મનુષ્યની બુદ્ધિમાં નથી, અને એથી પરમ તત્ત્વ પ્રત્યેની શરણાગતિનો ભાવ જ મહત્ત્વનો છે, એ વાત ઉપર તેઓ ભાર મૂકવા લાગ્યા હતા. તેઓ જુદાં જુદાં ધર્મસ્તોત્રોનું રટણ કરતા હતા, પરંતુ તે યંત્રવત્ બની જાય ત્યારે બંધ કરી દેતા હતા.

ઑપરેશન પછી ચીમનભાઈ માત્ર પ્રવાહી ખોરાક જ લઈ શકતા અને તે પણ અલ્પ પ્રમાણમાં. પરિણામે તેમનું શરીર દિવસે દિવસે ક્ષીણ થવા લાગ્યું. ચહેરો પણ કરમાવા લાગ્યો. તેમને ઘરે લાવવામાં આવ્યા, જેથી વાતાવરણ થોડું બદલાય. તેમને કૅન્સર છે એવી ડૉક્ટરોએ જાણ કરી દીધી હતી અને ચીમનભાઈ પણ મળવા આવનારાઓને પૂરી સ્વસ્થતાપૂર્વક કહેતા હતા, 'મને કૅન્સર છે. આ હવે મારા અંતિમ દિવસો છે.'

દિવાળીને દિવસે સાંજે અશક્તિ ઘણી હોવા છતાં બહારના રૂમમાં આવીને સોફા પર તેઓ બેઠા હતા. 'પ્રબુદ્ધ જીવન'નો છેલ્લો અંક વાંચતા હતા. હું તેમને મળવા ગયો ત્યારે એમને બહાર બેઠેલા જોઈને ઘણો હર્ષ થયો અને એમ થયું કે આ રીતે જો તબિયત સુધરતી જાય તો બે-ચાર મહિના કશો જ વાંધો નહીં આવે. એ દિવસે તેઓ વધારે સારી રીતે બોલી શકતા હતા. અલબત્ત, તેઓ વાત કરતાં કરતાં ઘડી ઘડી ભાવાર્દ્ર બની જતા હતા. આંખમાં આંસુ આવી જતાં હતાં. એમણે કહ્યું, 'જેમ જેમ મૃત્યુ પાસે આવે છે તેમ તેમ આ સંસાર અસાર છે, બધું જ મિથ્યા છે એવો ભાસ દૃઢ થતો જાય છે. આમ છતાં મનુષ્ય સંસારમાં આટલો બધો આસક્ત કેમ રહ્યા કરે છે એ એક મોટી કોયડો છે!'

દિવાળીને દિવસે રાત્રે એમને લોહીની ઊલટી થઈ. ડૉક્ટરોની દૃષ્ટિએ આ નિશાની બહુ સારી ન ગણાય. એટલે કે જીવનનો અંત ધાર્યા કરતાં હવે ઘણી ઝડપથી પાસે આવી રહ્યો છે. કૅન્સર પેટમાં વધારે પ્રસરતું જતું હતું. બીજા દિવસથી એમની માંદગી ઘણી વધી ગઈ. પ્રવાહી આહાર પણ ઘટવા લાગ્યો, જાતે ઊભા-બેસવાની શક્તિ ક્ષીણ થઈ ગઈ. ધર્મશ્રવણ માટેની ઉત્સુકતા વધવા લાગી. બાજુના ઉપાશ્રયમાંથી પૂ. ધર્મશીલાશ્રીજી મહાસતી અન્ય મહાસતીજી સાથે સવાર-સાંજ આવીને સ્તોત્રો ઇત્યાદિ સંભળાવવા લાગ્યાં. ચીમનભાઈ પણ મહાસતીજીની સાથે તે સ્તોત્રો બોલવા લાગ્યા. યંત્રવત્ થાય તો પણ રટણ કરવાનું હવે તેમને રુચવા લાગ્યું. વળી, 'હે અરિહંત ભગવાન, હું તમારે શરણે છું' એવું રટણ પણ તેઓ વારંવાર કરવા લાગ્યા.

કારતક સુદ ચોથની રાત્રે હું તેમની પાસે ઊભો હતો. હાથ-પગ પોતાની મેળે ઊંચાનીચા કરી શકે એટલી શક્તિ પણ હવે તેમના શરીરમાં રહી ન હતી. આંખો સહેજ ખોલતા, પરંતુ નિહાળવાની શક્તિ ઘણી ઓછી થઈ ગઈ હતી. હજી તેઓ સાંભળી શકતા હતા અને કંઈ પૂછીએ તો થોડી વારે ધીમે ધીમે ઉત્તર આપતા હતા.

તેમણે મને કહ્યું: 'ભગવાન વિશેની વિચારણા દરેક ધર્મમાં જુદી જુદી કોટિની છે.' 'કોટિ' શબ્દ મને બરાબર સમજાયો નહીં તો એમણે જોરથી સ્પષ્ટ ઉચ્ચાર કરીને ત્રણ વખત કહ્યો. એ ઉચ્ચારણની શક્તિ પરથી જ, તેઓ વિકલેન્દ્રિય બન્યા હોવા છતાં, અંદરથી કેટલા જાગૃત અને સ્વસ્થ હતા તેની પ્રતીતિ થઈ હતી. અલબત્ત એમની અવસ્થા જોતાં એમ લાગતું હતું કે હવે તેઓ એકાદ-બે દિવસથી વધારે ખેંચી શકશે નહીં.

બીજે દિવસે સવારે હું તેમની પાસે ગયો ત્યારે તેઓ મોં આખું ખોલીને જે રીતે લાંબા શ્વાસ લઈ રહ્યા હતા તે જોતાં એમની અંતિમ પળ પાસે આવી રહી છે એમ લાગ્યું. પૂ. મહાસતીજી શ્રી ધર્મશીલાએ 'સહજાનંદી શુદ્ધ સ્વરૂપી અવિનાશી હું આત્મા છું' એ પદનું રટણ ચાલુ કર્યું હતું. પૂ. મહાસતીજીએ એમને કહ્યું, 'ચીમનભાઈ! તમને બધાં પચ્ચખાણ સાથે સંથારો લેવડાવું?' એ વખતે ચીમનભાઈએ સંમતિ દર્શાવી અને પોતાની મેળે બે હાથ ઊંચા જોડ્યા અને પથારીમાં

[અનુસંધાન : પૃષ્ઠ-4]

નીડર વિચારકનું નેતૃત્વ

□ ડૉ. ઉમાશંકર જોશી

'પ્રસ્થાન'માં, લગભગ ૧૯૩૫ આસપાસ, એક તરુણ સૉલિસિટરના ઐતિહાસિક નવલકથા ઉપર લેખો આવતા હતા. એક વાર ગિરગામ રોડ ઉપર ચાલતો જતો હતો અને એક મકાન ઉપરથી મિત્ર ધીવાલાએ તાળી પાડીને મને બોલાવ્યો. એસ. એન. ડી. ટી. કૉલેજમાં દિવસનો થોડોક વખત એ સમાજશાસ્ત્ર ભણાવવા જતા. એમણે અંગ્રેજીના અધ્યાપક ઉમેદભાઈ મણિયારની અને થોડોક સમય માનસશાસ્ત્ર ભણાવવા જતા એક સૉલિસિટરની ઓળખાણ કરાવી. આ બીજા સજ્જનની પહેલી ખાસિયત તો એ કે સૉલિસિટર અને બાટલૂન નહીં! (ધોતિયું, ધોળો લાંબો કોટ અને ધોળી ટોપી એમની ગૌર, પાતળી, ઊંચી દેહયષ્ટિને સારાં શોભતાં.) બીજી ખાસિયત, સામાન્ય રીતે કાયદાબાજી અંગે જોડાયેલી કોઈ વસ્તુ ચહેરા પર કે અદામાં ન મળે. મળે સામેથી હસતું મોં અને નરમાઈ. હા, આંખમાં બુદ્ધિની ચમક છૂપી ન રહેતી અને એનો પહેલી પાંચ મિનિટમાં જ પૂરો પ્રભાવ છાઈ રહેતો. ત્રીજી ખાસિયત, બોલતાં સહેજ જીભ અટકે તે. (હું માનતો નથી કે એટલા માટે એમણે કોર્ટમાં કેસ લડવાને બદલે સૉલિસિટરની કામગીરી પસંદ કરી. ઘણીવાર એમને જાહેરમાં બોલતા સાંભળ્યા છે, જીભે જરીકે દગો દીધો નથી.)

સૉલિસિટર ચીમનલાલ ચકુભાઈ શાહ સાથે સહેજે આત્મીય સંબંધ થઈ ગયો. એ ઘનિષ્ઠ બન્યો અમદાવાદમાં ગાંધીજીને પ્રમુખપદે સાહિત્ય પરિષદ મળી ત્યારે. પરિષદના પ્રમુખ ગાંધીજી બને અને બલવંતરાય આદિ ઝંખતા હતા તે 'પરિષદ મુક્તિ' સિદ્ધ ન થાય એ ઠીક નહીં. અમે ઘણા બધા એ માટે પ્રયત્ન કરતા હતા. ગાંધીજીએ મુલાકાતનો સમય આપ્યો. શ્રી હંસાબેન મહેતા, સ્નેહરશ્મિ, સુંદરમ્, રામપ્રસાદ શુકલ, ચીમનલાલ ચકુભાઈ અને હું મુલાકાતે ગયા. પરિણામ એ આવ્યું કે બંધારણને નવું રૂપ આપવા પરિસ્થિતિ સમજી જઈને, મુનશી જ ઠરાવ મૂકવા આગળ આવ્યા. ગાંધીજી તો ગાંધીજી. એમણે કહ્યું, ઠરાવ પ્રમુખસ્થાનેથી મૂકાશે. નાની એક સમિતિ ગાંધીજીને પ્રમુખપદે નિમાઈ, તેમાં સંસ્થા તરફથી મુનશી અને ફેરવિચાર માગનારાઓમાંથી સ્નેહરશ્મિ, ચીમનલાલભાઈ અને હું સભ્યો તરીકે હતા. જૂન ૧૯૩૭માં ગાંધીજીએ વર્ધામાં એક આખો દિવસ આ કામ માટે ફાજલ રાખ્યો. મુનશીજી સીધા, હિમાલયમાં ક્યાંક આરામ માટે ગયેલા ત્યાંથી, વર્ધા આવે અને અમે મુંબઈથી જઈએ એમ ઠર્યું. અમે ત્રણ ઊપડ્યા પણ ગાડીમાંથી સવારે જાગ્યા ત્યાં ઇચલકરંજી આગળ ગાડી અટકી ગયેલી જોઈ, તાજા આવેલા વરસાદે કરેલા ધોવાણના કારણે અમે પાછા ફર્યા. સમિતિ કદી મળી નહીં. પછીના વરસે સમિતિએ કાંઈ કામ કર્યું નથી કહી શ્રી મુનશીએ તે વિખેરી નાખી.

દેશના પ્રાંતોમાં લોકપ્રિય સરકારો સ્થપાઈ. મુનશીજી મુંબઈમાં ગૃહપ્રધાન થયા. ચીમનલાલભાઈ પણ સરકારને કાયદાની મદદ આપવામાં રોકાયા એવું સ્મરણ છે. પરિષદ અંગે મુનશીજીની નજીક એ સર્યા. પરિષદના મંત્રી બન્યા. પણ ૧૯૪૩માં 'હિંદ છોડો'ની લડત ચાલતી હતી ત્યારે વડોદરાના સાહિત્ય પરિષદ સંમેલનમાં અમે પરિષદના એક માજી પ્રમુખ ગાંધીજી અને અન્ય સાહિત્યકારો જેલમાં હતા તે અંગે ઠરાવ લાવ્યા, ત્યારે શ્રી મુનશીએ ભાવનગરના દીવાન અનંતરાય પટ્ટણી જેવાઓને ખ્યાલમાં રાખી કહ્યું કે કેટલાકને ઠરાવ ગમશે નહીં. તે વખતે તેમની સાથે મંચ પર બેઠેલા શ્રી ચીમનલાલભાઈએ ઊભા થઈને દૃઢપણે કહ્યું કે આ ઠરાવ પસાર નહીં થાય તો અહીં કેટલા બધાને નહીં ગમે તે વિચારવું જોઈએ. ઠરાવ પસાર થયો, ગૌરવપૂર્વક, એનો યશ ચીમનલાલભાઈને હતો.

ચીમનલાલભાઈની સૉલિસિટર તરીકેની કામગીરી તો તેજસ્વી હતી જ. એમની મેધા એવી કામદુધા જેવી હતી કે એઓ બંધારણ સભાના સભ્ય તરીકે નિમાયા, અને પહેલી પાર્લામેન્ટના સભ્ય તરીકે ગયા. સંસદ-સભ્યોની પ્રથમ પહેલી કામગીરીમાં ચીમનલાલભાઈનો ફાળો ઝળહળતો હતો. બીજીવાર એમને, મને એવું લાગ્યાં કર્યું છે કે, આપણી નેતાગીરીએ ટાળ્યા. બહુ તેજ ન ખપે, અને બીજી બાજુ એ પણ છે કે તેજસ્વી બૌદ્ધિકોને રાજકારણમાં અનિવાર્યપણે જરૂરી એવી ભૂમિકા (બેઇઝ) ઘણુંખરું ન મળે.

સામાજિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ખાસ કરીને પરમાનંદભાઈ કાપડિયાના સાથમાં, તેઓ કરતા. પરમાનંદભાઈના મૃત્યુ પછી 'પ્રબુદ્ધ જીવન'નો ભાર એમને શિરે આવ્યો. ઉચ્ચ વૈચારિક ભૂમિકાએથી લખાતી એમની નોંધો ગુજરાતીભાષી સમાજનો અભિપ્રાય ઘડવામાં કીમતી ફાળો આપવા લાગી. કટોકટી વખતે એની ઉપર શગ ચઢી.

એક વખત ડૉ. રમણલાલ શાહને ત્યાં હું ઊતરેલો અને અમે જમવામાં બેઠા ત્યારે શ્રીમતી ઇન્દિરા ગાંધી તરફી વલણ ધરાવતા હતા. કજિયા ખાતર કજિયો કરવો એવું વલણ ન ધારણ કરવા અંગે તેઓ સાવધ રહેનારા હશે, પણ પાયાના સિદ્ધાંતની વાત આવે ત્યાં જરીકે માંડવાળ કે ઢીલાશ એમને ન ચાલે. એમણે મને પોતે કઈ ક્ષણે વિચારથી બદલાયા તેની વાત કરી. અખબારી સ્વાતંત્ર્ય પર તરાપ આવી અને તેઓ ચોંક્યા. એક લેખ શાસક તરફી લખેલો તે રદ કર્યો અને નિર્ભયપણે સરમુખત્યારશાહી વલણની સામે ઊભા. (મારી સ્મૃતિમાં ૧૯૪૩ની પરિષદની એમની સેવા ચમકી ગઈ.)

કટોકટીમાં ચીમનલાલભાઈ દેશને પડખે અડીખમ ઊભા. પ્રમુખીય પદ્ધતિ અને એવા વિષયો પર અંગ્રેજીમાં એમણે મુંબઈમાં વ્યાખ્યાનમાળા યોજેલી. તેઓ, વ્યાખ્યાતાઓ સમેત પકડાયા નહીં તે જ નવાઈ હતી.

જનતા શાસન દરમિયાન પણ શાસકોને ચાનક આપવા એ સતત પ્રયત્નશીલ રહ્યા અને તે પછીના ઇન્દિરાજીના શાસન દરમિયાન પણ. દુનિયાના મોટા બનાવો અંગે પણ તેઓ ઊંડાણ અને સમજદારીથી ચર્ચાઓ કરતા. છેલ્લે છેલ્લે તેઓ એમના સહૃદય ધર્મચિંતનથી સૌના દિલમાં વસ્યા હતા. એમનાં લખાણો થોડાંક ગ્રંથસ્થ થયાં છે, પણ હજી ઘણાં, ખાસ તો કાયદા અને બંધારણવિષયક પ્રશ્નોની ચર્ચાનાં અને એમના ઊંડા રસના વિષય ધર્મનાં, લખાણો વેળાસર ગ્રંથસ્થ કરવાની એમના તમામ ચાહકોની ફરજ છે. તે તેઓ અદા કરશે જ એવી આશા રાખીએ. આવા નીડર વિચારકોના નેતૃત્વની સમાજને કદી ખોટ ન પડો!

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪ ફોન : ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી રટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧.

પ્રબુદ્ધ જીવન

વર્ષ ૪૪ અંક ૧૬–૧૭
તા. ૧૬–૧૨–૧૯૮૨ અને તા. ૧–૧–૧૯૮૩
રજી. નં. MH/By/South/54
વાર્ષિક લવાજમ રૂ. ૨૦–૦૦

સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ
સ્મૃતિઅંક
Licence No. 37
છૂટક નકલ રૂ. ૫–૦૦

તંત્રી : ડૉ. રમણલાલ ચી. શાહ

ક્રમની કેડીએ

ક્રમાંક	વિષય	લેખક	પૃષ્ઠ
૧	સ્વ. ચીમનભાઇની ધર્મભાવના	શ્રી મોરારજીભાઇ દેસાઈ	મુખપૃષ્ઠ – ૨
૨	સ્વ. ચીમનભાઇનો અંતકાળ	ડૉ. રમણલાલ ચી. શાહ	મુખપૃષ્ઠ – ૨
૩	નીડર વિચારકનું નેતૃત્વ	ડૉ. ઉમાશંકર જોશી	મુખપૃષ્ઠ – ૪
૪	સ્વ. ચીમનભાઇને અનેક સંસ્થાઓની ભવ્ય અંજલિ	શ્રી કૃષ્ણ વીર દીક્ષિત	૧૫૫
૫	વિવેક પુરુષ....સ્વ. ચીમનભાઈ	શ્રી મનુભાઇ પંચોળી, 'દર્શક'	૧૫૯
૬	દૃષ્ટિપૂત વિચારક–માર્ગદર્શક	શ્રી અમૃતલાલ યાજ્ઞિક	૧૬૦
૭	મહાજન ચીમનલાલ ચકુભાઇ શાહ	શ્રી ઇશ્વર પેટલીકર	૧૬૧
૮	અનુભૂતિનું પરોઢ	શ્રી હરીન્દ્ર દવે	૧૬૨
૯	વિરાટ વ્યક્તિત્વ–વિશાલ કૃતિત્વ	પૂ. મહાસતીશ્રી ધર્મશીલાજી	૧૬૩
૧૦	ચીમનલાલ ચકુભાઇ શાહ : થોડું અંગત સ્મરણ	શ્રી ગુલાબદાસ બ્રોકર	૧૬૩
૧૧	સ્વસ્થતાની મૂર્તિ	ફાધર વાલેસ	૧૬૫
૧૨	ક્રિયાશીલ અને સત્યનિષ્ઠ વ્યક્તિત્વ	શ્રી એચ. એમ. પટેલ	૧૬૬
૧૩	સ્વ. ચીમનલાલ શાહ–સ્મરણાંજલિ	શ્રી શાંતિલાલ હ. શાહ	૧૬૬
૧૪	મોટા સી. સી.	શ્રી ચંદ્રવદન ચી. મહેતા	૧૬૭
૧૫	સ્વસ્થ અને વિચારમય જીવન	શ્રી મોહનલાલ મહેતા, 'સોપાન'	૧૬૮
૧૬	જાણે મોભારો તૂટ્યો	ડૉ. ગુણવંત શાહ	૧૬૯
૧૭	ચીમનભાઇ આખરે ગયા જ !	શ્રી યશવંત શુકલ	૧૬૯
૧૮	વિદ્યા અને સેવાનિષ્ઠ ચીમનભાઈ	પં. દલસુખભાઈ માલવણિયા	૧૭૦
૧૯	મહામાનવનો પાર્થિવ દેહત્યાગ	શ્રી કેશવલાલ કા. શાસ્ત્રી	૧૭૦
૨૦	આંતરમાર્ગના પ્રવાસી	શ્રી વાડીલાલ ડગલી	૧૭૧
૨૧	રાંક બનેલું જાહેર જીવન	પ્રા. પુરુષોત્તમ માવળંકર	૧૭૩
૨૨	અજાતશત્રુ શ્રી ચીમનભાઇ	શ્રીમતી પૂર્ણિમા પકવાસા	૧૭૪
૨૩	સૌંદર્ય ને સત્યલક્ષી જીવન–પ્રતિભા	શ્રી ગુણવંત ભટ્ટ	૧૭૫
૨૪	મહામાનવનો દેહ વિલય	શ્રી ગણપતલાલ મ. ઝવેરી	૧૭૫
૨૫	અનુભવને સંક્રાંત કરવાની મથામણ	શ્રી યશવંત દોશી	૧૭૬
૨૬	જય જીવનનો, મૃત્યુનો નહીં	શ્રીમતી મૃણાલિની દેસાઇ	૧૭૭
૨૭	સંસ્કારપોષક ચીમનભાઇ	શ્રી દુર્લભજી ખેતાણી	૧૭૮
૨૮	ભારતના ભામાશા	શ્રી રતિભાઇ ગોંધિયા	૧૭૯
૨૯	જીવનના આઠ દાયકા જેણે ઉજાળ્યા	શ્રી રામુ પંડિત	૧૮૧
૩૦	પ્રતિભાશાળી મહાજન અને તત્ત્વચિંતક	શ્રી જયંતીલાલ આર. શાહ	૧૮૨
૩૧	ચીમનલાલ ચકુભાઇ	ડૉ. રમણલાલ ચી. શાહ	૧૮૩
૩૨	વ્યક્તિ મટીને બનું વિશ્વ માનવી	ડૉ. હરીશ વ્યાસ	૧૮૭
૩૩	યુવાનોના આધારસ્તંભ	ન્યાયમૂર્તિ ચંદ્રશેખર ધર્માધિકારી	૧૮૮
૩૪	શાહ કાકા : એક એપોલોનિયન સ્ટ્રકચર	ડૉ. યશવંત ત્રિવેદી	૧૮૯
૩૫	પ્રભાવક ચિંતક સ્વ. ચીમનભાઇ	ડૉ. હસમુખ દોશી	૧૯૦
૩૬	જીવનભર વિચારને માંજતા રહ્યા	શ્રી નવલભાઇ શાહ	૧૯૦

૩૭	સમાજને સાથે લઇને ચાલનાર એક સ્વતંત્ર વિચારક	શ્રી ચીમનલાલ જે. શાહ	૧૯૧
૩૮	લોકકલ્યાણની શુભનિષ્ઠાથી સભર એવા સ્વ. ચીમનભાઇ	શ્રી તુલસીદાસ વિશ્રામ	૧૯૨
૩૯	અસ્વસ્થ દેહે સ્વસ્થ જીવન	ડૉ. કાંતિલાલ એમ. સાંઘાણી	૧૯૩
૪૦	સર્વતોમુખી પ્રતિભા	શ્રી કંચનલાલ તલસાણીયા	૧૯૫
૪૧	વૈચારિક દૃષ્ટિએ સતત અપ્રમત્ત	શ્રી પન્નાલાલ આર. શાહ	૧૯૬
૪૨	ઇન્દ્રધનુષ અંબરમાં વિલીન થઇ ગયું.	શ્રી ચંદનમલ 'ચાંદ'	૧૯૭
૪૩	અમરાં મરે ન કોઇ દિ'	શ્રી શાંતિલાલ ટી. શેઠ	૧૯૮
૪૪	લોકશાહીના સંત્રી ચીમનભાઇ	ડૉ. ઉષાબહેન મહેતા	૧૯૯
૪૫	મંગલમૂર્તિ ચીમનભાઇ	શ્રી સુબોધભાઇ એમ. શાહ	૨૦૨
૪૬	સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ : એક વિચાર પુરુષ	શ્રી કૃષ્ણ વીર દીક્ષિત	૨૦૩
૪૭	સ્વ. ચીમનલાલ ચકુભાઇને (કાવ્ય)	શ્રી ચંપકલાલ સંઘવી	૨૦૪
૪૮	પત્રોમાંથી તારણ :		
	(૧) **Rare Combination of Total Honesty and Unusual Ability.**	Shri Nani Palkhiwala	૨૦૫
	(૨) **Tower of Strength**	Shri JashwantThakker	૨૦૫
	(૩) **Lively Interest in Social work**	Justic M. H. Kania	૨૦૫
	(૪) પ્રજાજીવનને ઉજાળવાનો સાધુ પુરૂષાર્થ	શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી	૨૦૫
	(૫) મૃત્યુને કલગી	શ્રી ઝીણાભાઈ દેસાઇ, 'સ્નેહરશ્મિ'	૨૦૫
	(૬) કુશાગ્રબુદ્ધિ અને કાર્યનિષ્ઠાનો સુમેળ	ન્યાયમૂર્તિ શ્રીમતી સુજાતા મનોહર	૨૦૬
	(૭) સાધક અને શુર પુરુષની સ્વસ્થતા	શ્રી જયમલ પરમાર	૨૦૬
	(૮) વ્યક્તિમાં રહેલાં આંતરતત્ત્વની ઓળખ	શ્રી હરજીવન થાનકી	૨૦૬
	(૯) 'પ્રબુદ્ધ જીવન' દ્વારા લોકશિક્ષણનું કામ	શ્રી સૂર્યકાન્ત પરીખ	૨૦૬

* સંઘ સમાચાર *

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કારોબારી સમિતિની તા. ૭-૧૨-૧૯૮૨ ના રોજ મળેલ સભામાં સંઘના પ્રમુખ, 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી, તેમજ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય તથા પુસ્તકાલયના એક ટ્રસ્ટી તરીકે ડૉ. રમણલાલ ચી. શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

બુધવાર, તા. ૧૫-૧૨-૧૯૮૨ ના રોજ મળેલી સંઘની કારોબારી સમિતિમાં નીચે મુજબ નિર્ણયો લેવામાં આવ્યા.

(૧) સંઘના ઉપક્રમે છેલ્લા ચૌદ વર્ષોથી યોજાતી વસંત વ્યાખ્યાનમાળા સાથે સંઘના પ્રમુખ સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહનું નામ જોડવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો. હવેથી આ વ્યાખ્યાનમાળા 'ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળા (Chimanlal Chakubhai Shah Memorial Spring Leture Series)' તરીકે ઓળખાશે.

(૨) સંઘના પ્રમુખ સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહના પુસ્તક 'અવગાહન' બાદ 'પ્રબુદ્ધ જીવન' માં પ્રગટ થયેલાં એમના લેખોનું પુસ્તકરૂપે પ્રકાશન બને તેટલું જલ્દી સંઘે હાથ ધરવું એમ ઠરાવવામાં આવ્યું.

(૩) સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહની સ્મૃતિમાં એમની અભિરુચિ પ્રમાણેની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય એ માટે ઓછામાં ઓછા રૂપિયા ત્રણ લાખનો 'સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક નિધિ' કરવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો. આ અંગેની વધુ વિગતો અન્યત્ર આપી છે.

(૪) કારોબારી સમિતિમાં નીચે મુજબ સભ્યોની પૂરવણી કરવામાં આવી.

(૧) ડૉ. ધનવંત ટી. શાહ (૨) શ્રી જોરમલ મંગળજી મહેતા (૩) શ્રી શૈલેશ હીંમતલાલ ઝોઝારી (૪) શ્રી અરવિંદ મોહનલાલ ચોકસી

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત

વિદ્યા સત્ર

વિષય :	વ્યાખ્યાતા :
કવિતા અને ધર્મસંવેદન	ડૉ. ભોળાભાઇ પટેલ
દિવસ	**વિષય**
સોમવાર તા. ૧૦-૧-૮૩	કબીર અને મીરાં
મંગળવાર તા. ૧૧-૧-૮૩	રવીન્દ્રનાથ અને રિલ્કે
બુધવાર તા. ૧૨-૧-૮૩	ઉમાશંકર અને સુંદરમ્

સ્થળ : તાતા ઓડિટોરિયમ, એમ્બે હાઉસ, બુલ્સ સ્ટ્રીટ, કોટ, મુંબઇ-૧.

સમય : દરરોજ સાંજના ૬-૦ કલાકે

પ્રમુખસ્થાને ડૉ. સુરેશ દલાલ બિરાજશે.

સૌને સમયસર ઉપસ્થિત રહેવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ.

સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક નિધિ

ધર્મ-અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, સમાજ, રાજકારણ, કેળવણી, સાહિત્ય અને સંસ્કૃતિ-એમ વિવિધ ક્ષેત્રે બહુ-મૂલ્ય, નિઃસ્વાર્થ અને સુદીર્ઘ સેવા આપનાર, શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહની ચિરંજીવ સ્મૃતિ રહે એ રીતે એમની અભિરુચિ પ્રમાણેની વિવિધ પ્રવૃત્તિઓ વ્યાપકપણે હાથ ધરી શકાય એ હેતુથી ઓછામાં ઓછા રૂપિયા ત્રણ લાખનો સ્મારક નિધિ સંચય કરવાનો બુધવાર, તા. ૧૫-૧૨-૧૯૮૨ના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ સર્વાનુમતે નિર્ણય કર્યો છે.

આ સ્મારક નિધિનો ઉપયોગ માનવસેવા, ધર્મ-અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, કેળવણી, પુસ્તક પ્રકાશન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે કરવામાં આવશે.

આ નિધિની શરૂઆત સંઘની કાર્યવાહક સમિતિના સભ્યોથી જ કરવામાં આવી અને કાર્યવાહક સમિતિના સભ્યો તરફથી અત્યાર સુધીમાં આશરે રૂ. ૫૦,૦૦૦/- જેટલી માતબર રકમ નોંધાઇ ચૂકી છે. સ્વ. ચીમનભાઇના સુપુત્રો શ્રી બચ્ચુભાઇ અને શ્રી સુધીરભાઇએ ચીમનલાલ ચકુભાઇ ટ્રસ્ટ દ્વારા રૂા. ૨૧,૦૦૦/- આ નિધિમાં આપવાની ઉદારતા દાખવી છે.

સંઘના પેટ્રનો, આજીવન સભ્યો, શુભેચ્છકો, સભ્યો, 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો અને સ્વ. ચીમનભાઇના ચાહકોને સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક નિધિમાં એમનું આર્થિક પ્રદાન સત્વરે સંઘના કાર્યાલયમાં નોંધાવવા વિનંતી છે.

ચેક મોકલો તો 'શ્રી મુંબઇ જૈન યુવક સંઘ'ના નામનો મોકલશો. સ્મારક નિધિમાં આપેલી રકમ આવક વેરા ધારાની કલમ ૮૦ (જી) હેઠળ કરમુક્ત ગણાશે.

આપ સૌના ઊર્મિભર્યા અને પ્રેમાળ સહકારથી અત્યાર સુધીમાં રૂ. સવા લાખનો આંક વટાવી ચૂક્યા છીએ. નિધિ અંગેની ટહેલનો ઉમળકાભર્યો, સાનુકૂળ પ્રત્યુત્તર મળી રહ્યો છે. આપ સૌની મમતા એ જ અમારી મૂડી છે. અમને શ્રદ્ધા અને વિશ્વાસ છે કે આપ સૌની મમતાથી અમે રૂ. ત્રણ લાખનો લક્ષ્યાંક વટાવી જઇશું, એટલું જ નહિ પરંતુ એથી પણ વિશેષ રકમ આ નિધિમાં નોંધાઇ જશે. જેમણે હજુ રકમ ન લખાવી હોય તેમણે તુરત જ રકમ લખાવી દેવા વિનંતી.

સ્વ. ચીમનભાઇ પ્રત્યેના ઋણને અદા કરવાનો આ પહેલો અને છેલ્લો અવસર છે. સ્મારક નિધિની ઝોળી છલકાવી દેવા વિનંતી. આપના પ્રેમાળ અને ઉમળકાભર્યા સહકારની અપેક્ષા સાથે,

લિ. ભવદીય,

ડૉ. રમણલાલ ચી. શાહ, પ્રમુખ
રસિકલાલ મોહનલાલ ઝવેરી, ઉપપ્રમુખ
પ્રવીણચંદ્ર કે. શાહ, કોષાધ્યક્ષ.
ચીમનલાલ જે. શાહ, મંત્રી
કે. પી. શાહ, મંત્રી
પન્નાલાલ ૨. શાહ, સહાયક મંત્રી.

સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક નિધિમાં તા. ૫-૧-૮૩ સુધીમાં લખાયેલી રકમો

સૌના પ્રેમાળ સહકારથી રૂા. સવા લાખનો આંક અમે વટાવી ચૂક્યા છીએ.

૨૧,૦૦૦ ચીમનલાલ ચકુભાઇ ટ્રસ્ટ
૧૧,૦૦૦ શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ
૭,૦૦૦ સ્વ. હીંમતલાલ ડાહ્યાભાઇ ઠાકારીના સ્મરણાર્થે
હ. શ્રી શૈલેશભાઇ ઠાકારી.
૫,૦૦૦ શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી
૫,૦૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૫,૦૦૦ શ્રી એ. જે. શાહ
૫,૦૦૦ મે. સેવંતીલાલ કાંતિલાલની કું.,
હ. શ્રી જયંતીલાલ પી. શાહ
૫,૦૦૦ શ્રી જોરમલ મંગળજી મહેતા
૫,૦૦૦ મે. પી. ડી. ઠાકારીની કું.
૫૦૦૦ શ્રી તારાચંદ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી નવનીત પ્રકાશન
૨,૫૦૧ શ્રી ટોકરશી કે. શાહ
૨૫૦૧ એક સદ્‌ગૃહસ્થ
૨,૫૦૧ શ્રી સી. એન. સંઘવી
૨૦૦૦ શ્રીમતી દેવકાબહેન નાનજી
હા. શ્રી પોપટલાલ મેઘજી શાહ
૧૫૦૧ શ્રી જયન્તિલાલ ફત્તેહચંદ શાહ
૧,૫૦૧ ડૉ. રમણલાલ ચી. શાહ અને
પ્રા. તારાબેન ૨. શાહ
૧,૫૦૧ ચીમનલાલ જે. શાહ
૧,૫૦૧ શ્રી કે. પી. શાહ
૧,૫૦૧ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ
૧,૫૦૧ શ્રી ગણપતલાલ મગનલાલ ઝવેરી
૧,૫૦૧ શ્રી દામજીભાઇ વેલજી શાહ
૧,૫૦૧ શ્રી સુબોધભાઇ એમ. શાહ અને
શ્રીમતી નીરુબહેન એસ. શાહ
૧,૫૦૧ શ્રી પન્નાલાલભાઇ છેડા
૧,૫૦૧ શ્રી જયસુખલાલ આર. વોરા
હા. રમાબહેન
૧,૫૦૧ શ્રી તારાબહેન સી. ઝવેરી ચેરિટેબલ ટ્રસ્ટ
૧,૦૦૧ મે. પ્રકાશ શાહ એન્ડ એસોસીએટસ
૧,૦૦૧ શ્રીમતી રમિતાબહેન ડી. શાહ
૧,૦૦૧ શ્રી મહીપતરાય જાદવજી શાહ
૧,૦૦૧ શ્રી દેવચંદ રવજી ગાલા

૧,૦૦૧ મે. ત્રિશલા ઇલેક્ટ્રોનીક્સ
૧,૦૦૧ શ્રી મણિલાલ લક્ષ્મીચંદ વોરા
૧,૦૦૧ મે. સી. એન. વોરા ચેરિટેબલ ટ્રસ્ટ
હા. શ્રી પન્નાલાલ આર. શાહ
૧,૦૦૧ શ્રી વીસનજી નરસી વોરા
૧,૦૦૧ શ્રી રાયચંદ લલ્લુભાઇ સંઘવી ફેમીલી ટ્રસ્ટ
હા. શ્રી મનુભાઇ
૧૦૦૦ મે લલ્લુભાઇ અમીચંદ લિ.
૧૦૦૦ શ્રી કે. એમ. દિવાનજી
૧૦૦૦ શ્રી ઇન્દુમતીબેન મુન્સીફ
૧,૦૦૦ શ્રીમતી ચંપાબેન લક્ષ્મીચંદ વોરા
૧,૦૦૦ શ્રીમતી હીરાબેન મનસુખલાલ શાહ
૧,૦૦૦ શ્રી કંચનલાલ એલ. તલસાણીયા
૧,૦૦૦ શ્રી હરેન્દ્રકુમાર મહાનંદકુમાર પન્નાલાલ
૧,૦૦૦ શ્રી ટ્રુથફૂલ ચેરિટેબલ ટ્રસ્ટ મદુરાઇ
૭૫૧ શ્રી વર્ધમાન પી. તુરખીયા
૫૫૧ શ્રી ભગવાનદાસ મોરારજી
૫૦૧ શ્રી હિન્દ ઓપ્ટીકલ કું.
૫૦૧ શ્રી હરકીશન એન. ખજુરિયા
૫૦૧ મે. મણીલાલ ભભૂતચંદ એન્ડ સન્સ
૫૦૧ મે. લીલાધર પી. શાહ એન્ડ કું.
૫૦૦ શ્રી શાન્તિલાલ હરજીવનદાસ શાહ
૫૦૦ શ્રી હરખચંદ ભવાનજી શાહ
૫૦૧ શ્રી મહાસુખલાલ કે. કામદાર
૫૦૧ મે. ખીમજી એમ. ભુજપુરીયાની કું.
૫૦૧ શ્રી શાંતિલાલ દેવજી નંદુ
૫૦૧ શ્રી સુખલાલ એમ. મહેતા
૫૦૧ શ્રી અમર જરીવાલા
૫૦૧ શ્રી વાડીલાલ જેઠાલાલ શાહ
૫૦૧ મે. સૌરાષ્ટ્ર માર્કેટીંગ કોર્પોરેશન, રાજકોટ,
૫૦૧ મે. શાહ એન્ડ સંઘવી.
૨૫૧ શ્રી પુરૂષોત્તમ માવળંકર
૨૫૧ શ્રી મોહનભાઇ કોઠારી
૨૫૧ શ્રી ખુશાલદાસ સોજપાર ગડા
૨૫૧ મે. કે. હંસરાજ એન્ડ કું.
૨૫૧ શ્રી આર. જે. કાપડિયા
૨૫૧ મે. સેન. હાર્વિક
૨૦૧ શ્રી કુમુદબેન શનીભાઇ શેઠ
૧૦૧ શ્રી રામજી કરશન ગાલા

૧,૩૨,૧૪૬

સ્વ. ચીમનભાઇનો અંતકાળ

(મુખપૃષ્ઠ-૩ પરથી ચાલુ)

બેઠો થઈ ગયા. આટલી બધી તાકાત એમના શરીરમાં અચાનક ક્યાંથી આવી ગઇ એ નવાઇ પમાડે તેવું દૃશ્ય હતું. મહાસતીજીએ સંથારો ઉચ્ચાર્યો તે પછી ચીમનભાઇના ચહેરા પર નિર્દોષ હાસ્ય અને અસાધારણ તેજ પથરાઇ ગયું. આ એક ચમત્કૃતિ ભરેલી ઘટના બની ગઇ. મનુષ્યને ધર્મના તત્ત્વમાં શ્રદ્ધા પ્રેરે એવી એ ઘટના હતી. ત્યાર પછી થોડી વારે તેમણે પોતાનો દેહ છોડ્યો.

અવસાન પછી ચીમનભાઇના શરીરમાં ધીમે ધીમે તેજ વધવા લાગ્યું. હવે એમની આંખો પોતાની મેળે ખુલ્લી રહેવા લાગી. ડોક્ટરના બંધ કરવા છતાં તે બંધ રહેતી નહોતી. એમના ચહેરા ઉપર સ્વસ્થતા અને શાંતિ પથરાયેલાં દેખાતાં હતાં.

ચીમનભાઇના લૌકિક જીવનનો આ રીતે અંત આવ્યો. એક મહાન વિભૂતિની જીવનલીલા આ રીતે પૂર્ણ થઇ.

છેલ્લી માંદગી દરમિયાન ચીમનભાઇની ધર્મતત્ત્વની ખોજ વિશેષપણે ચાલી. પોતાને જે અનુભવો થતા ગયા તે તેમણે 'પ્રબુદ્ધ જીવન'ના છેલ્લા ત્રણ અંકોમાં પ્રગટ કર્યા. પરંતુ એમાં જેટલું લખાયું તેટલું જ તેમને કહેવાનું હતું એમ ન કહી શકાય. છેલ્લા પાંચ-સાત દિવસમાં એમને જે અનુભૂતિ થયા કરી તેને તેઓ શબ્દમાં વ્યક્ત ન કરી શકયા, પરંતુ તેઓ જો કંઇ લખાવી શકયા હોત તો એક વિશેષ અનુભૂતિનો પ્રકાશ આપણને સાંપડત.

મૃત્યુના સંદર્ભમાં પ્રજ્ઞાશીલ મનુષ્યની જીવનદૃષ્ટિ ઉત્તરોત્તર કેવી પરિમાર્જિત થતી જાય છે તેનું નિદર્શન સ્વ. ચીમનભાઇનો અંતકાળ બની રહે છે.

'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે બે વાર્તાલાપ

(૧)

વ્યાખ્યાતા : ડૉ. પી. એન. ભણસાલી
વિષય : દાંતની સંભાળ
સમય : શનિવાર, તા. ૧૫-૧-૧૯૮૩ સાંજના ૬ વાગે.

(૨)

વ્યાખ્યાતા : ડૉ. રામુ પંડિત
વિષય : "સ્ટીલ કેલર કામદાર-રૉબર્ટ"
[આવી રહેલા યુગના એંધાણ]
સમય : શુક્રવાર તા. ૩૧-૧-૮૩ : સાંજના ૬ વાગે

બન્ને વાર્તાલાપોનું સ્થળ :

પરમાનંદ કાપડિયા સભાગૃહ,
૩૮૫, સરદાર વી. પી. રોડ, ટોપીવાળા મેન્શન,
બીજે માળે, મુંબઇ-૪૦૦ ૦૦૪ ફોન : ૩૫૦૨૯૬
સૌને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતિ છે.

લિ.
નીરુબેન એસ. શાહ કન્વીનર, પ્રેમળ જ્યોતિ,

પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ

બુધવાર, તા. ૧૫-૧૨-૧૯૮૨ ના રોજ પરમાનંદ કાપડિયા સ્મારક નિધિના ટ્રસ્ટીઓની મળેલ સભામાં સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહના અવસાનથી ખાલી પડેલી ટ્રસ્ટી તરીકેની જગ્યાએ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી. હાલમાં શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી, શ્રી એ. જે. શાહ, શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી અને ડૉ. રમણલાલ ચી. શાહ ટ્રસ્ટીઓ તરીકે સેવા અર્પે છે.

આભાર અને ક્ષમાયાચના

સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મૃતિ અંક માટે ખૂબ જ ટૂંકા સમયમાં વિદ્વાન લેખકો અને સ્વ. ચીમનભાઇના નીકટના સાથી અગ્રણીઓ તરફથી સમયસર લેખો મળ્યા છે. એથી આ સ્મૃતિ અંક આધારભૂત અને સમૃદ્ધ બન્યો છે. એ માટે સૌ લેખકોના અમે આભારી છીએ. કેટલાંક લેખો સમયાભાવે આ સ્મૃતિ અંકમાં સમાવી શકયા નથી તે માટે અમે દિલગીર છીએ.

રમણલાલ ચી. શાહ
તંત્રી, પ્રબુદ્ધ જીવન

સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહના ભાતીગળ જીવનની યાદગાર તસવીરો

સ્મૃતિના સથવારે



બેઠેલાં–વચલી હરોળમાં (ડાબેથી) પુત્રવધૂ શ્રીમતી રજનીબેન, માતુશ્રી રંભાબેન, પત્નીશ્રી અજવાળીબેન, સ્વ. ચીમનભાઈ તથા સુપુત્ર મનસુખભાઈ (બચ્ચુભાઈ) તથા સુપુત્ર સુધીરભાઈ

યુવાનવયે

શ્રી ચીમનભાઈ

કોમનવેલ્થ પાર્લામેન્ટરી કોન્ફરન્સમાં ન્યુઝીલેન્ડ જતાં

અમૃત મહોત્સવ નિમિત્તે સન્માન

ગહન ચિંતનની એક લાક્ષણિક મુદ્રા હવે ક્યાં જોવા મળશે ?



સંઘના કાર્યાલયમાં :
ડાબી બાજુથી–શ્રીમતી પ્રભાવતીબેન નારાયણ, લોકનાયક શ્રી જયપ્રકાશ નારાયણ અને શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી સાથે



૮૦ મા જન્મદિને અભિવાદન સમારોહ.
ડાબી બાજુથી ડૉ. સુરેશ દલાલ,
શ્રી હરીન્દ્ર દવે અને
શ્રી તુલસીદાસ વિશ્રામ.



પરમાનંદ કાપડિયા હૉલના
ઉદ્‌ઘાટન પ્રસંગે
ડાબી બાજુથી–સ્વ. ચીમનભાઈ
પૂ. કાકાસાહેબ કાલેલકર અને
સ્વ. પરમાનંદભાઈ



શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના
નવા મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે
(ડાબેથી) સ્વ. ચીમનભાઈ,
શ્રી કનૈયાલાલ મુનશી અને
શ્રી શાંતિલાલ હ. શાહ

વસંત વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતા એ વખતના વિદેશ
પ્રધાન શ્રી અટલબિહારી બાજપેયીનું અભિવાદન કરતાં



'યુગદૃષ્ટા નહેરુ'નું આલ્બમ
રાષ્ટ્રપતિ સર્વપલ્લી ડૉ. રાધાકૃષ્ણનને અર્પણ કરતાં



વસંત વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતા ન્યાયમૂર્તિ શ્રી મહમદઅલી કરીમભાઈ ચાગલાનું
અભિવાદન કરતાં



વિદ્યાસત્રમાં : ડાબી બાજુથી ડૉ. રમણલાલ ચી. શાહ અને
ડૉ. સુરેશ જોશી સાથે

સ્વતંત્ર ભારતના પ્રથમ વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ
અને શ્રી બાબુભાઈ ચિનાઈ સાથે



સૌરાષ્ટ્રના એ વખતના મુખ્ય પ્રધાન અને કૉંગ્રેસ પ્રમુખ શ્રી ઢેબરભાઈ અને ગુજરાત રાજ્યના એ વખતના મુખ્ય પ્રધાન અને સૌરાષ્ટ્ર ટ્રસ્ટના હાલના ચેરમેન શ્રી ઘનશ્યામભાઈ ઓઝા સાથે.



કવિશ્રી ઉમાશંકર જોષી સાથે

પ્રજાસત્તાક ભારતનાં વડા પ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીને 'યુગદ્રષ્ટા નહેરુ'નું આલ્બમ અર્પણ કરતા



ઋતંભરા વિશ્વવિદ્યાલયના ઉપક્રમે યોજાયેલા ભક્તિ સંગીતના 'સૂરગંગા' કાર્યક્રમમાં ભારતના એ વખતના વડા પ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈ અને શ્રીમતી પૂર્ણિમાબેન પકવાસા સાથે.

અંતિમ દર્શન



પુષ્પાંજલિ અર્પણ કરતાં શ્રી મોરારજીભાઈ દેસાઈ અને સંઘના મંત્રીશ્રી ચીમનલાલ જે. શાહ